પ્રથમ સંસ્કરણ

રસીલી વ્રજ યાત્રા

दधिविक्र्यार्थं यान्त्यस्ताः कृष्ण-कृष्णेति चाब्रुवन् ।
कृष्णे हि प्रेमसंसक्ता भ्रमंत्यः कुंजमंडले ।।

પ્રેમના પાગલોનો સમુદાય એ જ વ્રજ છે. ગોપી દહીંની મટુકી લઈને કુંજોમાં જઈ રહી છે, વનોમાં દહીં કોણ ખરીદશે? આ પ્રેમની મસ્તી, પ્રેમની લગની, જે મોટા–મોટા યોગીઓ જ્ઞાનીઓ પણ નથી જાણી શકતા. ગોપી, ગોપાલને તાકી રહી છે. દહીંનુ નામ જ ભૂલી ગઈ, ''દહીં લો–દહીં લો''ની જગ્યાએ કહી રહી છે ''કૃષ્ણ લો–કૃષ્ણ લો''. એ પણ ભૂલી ગઈ કે આ કયું ગામ છે, આ બરસાના છે!!! કે સંકેત!!! કે નંદ ગ્રામ છે!!! કંઈ ખબર નથી. બસ માથે મટુકી છે. એને શું આનંદ મળી રહ્યો છે, એ તો આપણે શું જાણી શકીએ, ત્યાં તો પ્રેમ છે. **''अनन्यः सर्वत्र श्री कृष्णैकदृष्टि''** એ ભાવથી યાત્રા કરવી એ જ **રસીલી વ્રજ યાત્રા** છે.

વ્રજ બાલિકા મુરલિકા શર્મા
શ્રી માન મંદિર સેવા સંસ્થાન,
બરસાના, મથુરા

''અનંત અપાર વ્રજ રસ સાગર
એક પુસ્તક રૂપે''





રસીલી વ્રજ યાત્રા

લેખિકા

વ્રજ બાલિકા મુરલિકા શર્મા



પ્રકાશક

શ્રી માન મંદિર સેવા સંસ્થાન

ગહ્વર વન, બરસાના, મથુરા

ઉત્તર પ્રદેશ ૨૮૧ ૪૦૫

ભારત

રસીલી વ્રજયાત્રા
ગુજરાતી અનુવાદ

પ્રથમ સંસ્કરણ
પ્રકાશન તિથિ
ગુરૂ પૂર્ણિમા, વિક્રમ સંવત ૨૦૭૭ અષાઢ સુદ પૂર્ણિમા,
૨૪ જુલાઈ, ૨૦૨૧

લેખિકા : વ્રજ બાલિકા મુરલિકા શર્મા
અનુવાદક : ડૉ. સ્વાતિ પ્રેમ

સર્વાધિકાર સુરક્ષિત ૨૦૨૧ - શ્રી માન મંદિર સેવા સંસ્થાન
Copyright© 2021 – Shri Maan Mandir Sewa Sansthan
http://www.maanmandir.org
http://www.brajdhamseva.org
ms@maanmandir.org

ભારતમાં મુદ્રિત

ISBN : 978-81-928073-0-0



પુસ્તક વિશે

વ્રજ રસના અતલ-તલમાં નિત્ય સ્થિત, રસ સ્થળ શ્રી બરસાનાના પરમ વિરક્ત સંત અનંત શ્રીયુત્ શ્રીશ્રી રમેશ બાબાજી મહારાજના મુખથી મુખરિત શબ્દો જ અહીં પુસ્તક રૂપે આકાર પામ્યા છે.

આવા ઉદાર વ્યક્તિત્વના સંરક્ષણમાં પાછલા ૨૫ વર્ષોથી ચાલી રહેલી ''શ્રી રાધારાણી વ્રજ યાત્રા''ની રજત જયંતિના અવસરે ''રાધા અષ્ટમીના પાવન પર્વ પર વિમોચિત, વ્રજ રસ જિજ્ઞાસુઓ માટે ઉદાર વિચારોથી સંયુક્ત આ વ્રજ દિગ્દર્શિકા ''રસીલી વ્રજ યાત્રા'' અનુપમ છે.

અનુવાદકનો પરિચય

ડૉ. સ્વાતિ પ્રેમ

જન્મ તા. ૮ ઑગષ્ટ
જન્મ સ્થળ : ઉત્તરપ્રદેશ
શૈક્ષણિક લાયકાત : એમ.એ., પીએચ.ડી. (હિંદી)

વડોદરાની ખ્યાતનામ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી સ્નાતક અને પીએચ.ડી. થયેલ ડૉ. સ્વાતિ હિંદી તેમજ ગુજરાતી ભાષા સાહિત્યનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓ વડોદરા ખાતે રહી છેલ્લાં ૧૦ વર્ષથી અનુવાદક તરીકે કાર્ય કરી રહ્યાં છે.



આશીર્વાદાત્મક સંમતિ

શ્રીધામ બરસાનાની પરમ પુનીત રમણીય સ્થળી ગહવર વનમાં જન્મેલી, વ્રજ બાલિકા મુરલિકા દ્વારા લિપિબદ્ધ આ ગ્રંથ ''રસીલી વ્રજયાત્રા'' અભૂતપૂર્વ છે પરંતુ અનંતને શબ્દોમાં કઈ રીતે વ્યક્ત કરી શકાય? મહાકવિ નંદદાસજીનું પણ આ જ કથન છે–

''નન્દદાસ ચાતક કી ચોંચ પુટ સબ ઘન કૈસે સમાત''

સ્વયં મહાકવિ નંદદાસજી અનંત સૌંદર્ય અને ભગવદ્ રસનું વર્ણન ન કરી શક્યા, અંતે હારીને બોલ્યા કે એક બપૈયો તેની ચાંચમાં બધું ઘન કેવી રીતે સમાવી શકે. તેવી જ રીતે આ ગ્રંથ વ્રજના વૈભવનો દિગ્દર્શક અવશ્ય હોઈ શકે, પરંતુ ધામના સંપૂર્ણ મહિમાનો આમાં સમાવેશ કરવો સંભવ નથી.

હૈ કાહૂ કે ઢોટા શ્યામ સલોનો ગાત ।।
આઈ હૌં દેખ ખિરક મુખ ઠાડો ન કછુ કહન કી બાત ।
કમલ ફિરાવત નયન નચાવત મો તન મુરિ મુસ્કાત ।।
નખ શિખ રૂપ છવિ કવિ પૈ વરની ન જાત ।
'નન્દદાસ' ચાતક કી ચોંચ પુટ સબ ઘન કૈસે સમાત ।।

કૃતજ્ઞતા પ્રકાશન

આમ તો સર્વથા નિરપેક્ષ ભક્તો પ્રશંસા પ્રત્યે એટલા જ વિરક્ત હોય છે, જેટલા યશ લોલુપો અપયશ પ્રત્યે.

પ્રભવો હ્યાત્મનઃ સ્તોત્રં જુગુપ્સન્ત્યપિ વિશ્રુતાઃ ।
હ્રીમન્તઃ પરમોદારાઃ પૌરુષં વા વિગર્હિતમ્ ।।

(ભા. ૦૪/૧૫/૨૫)

પરંતુ શિષ્ટાચારની દૃષ્ટિએ કૃતજ્ઞતા પ્રકાશન આવશ્યક છે.

ગુણાયનં શીલધનં કૃતજ્ઞં વૃદ્ધાશ્રયં સંવૃણતેઽનુ સમ્પદઃ ।
પ્રસીદતાં બ્રહ્મકુલં ગવાં ચ જનાર્દનઃ સાનુચરશ્ચ મહ્યમ ।।

(ભા. ૦૪/૨૧/૪૪)

સર્વપ્રથમ કૃતજ્ઞતા તો મારી, મારા પિતૃતુલ્ય(તાઉજી) કથા પ્રવક્તા- ડૉ. રામજી લાલ શાસ્ત્રીજી પ્રત્યે છે જેઓએ મને ભૌતિક શિક્ષા જેને કાકભુશુંડિજીએ ખરીનું દૂધ કહ્યું છે-

કહુ ખગેસ અસ કવન અભાગી। ખરી સેવ સુરધેનુહિ ત્યાગી ।।

(રા.ચ.મા.ઉ.કા. ૧૧૦/૭)

ખરીના દુગ્ધપાનથી બચાવીને શ્રી રાધામાન વિહારી લાલના ચરણોમાં-શરણમાં પહુંચાડી, જેથી મને આધ્યાત્મિક જીવન પ્રાપ્ત થયું. એ પ્રયાસમાં માતૃવત્ પોષણ કરનારી મારી બંને પિતૃશ્વસા લક્ષ્મીદેવી અને કિશોરીદેવીનું યોગદાન પણ અવિસ્મરણીય છે, સદાકાળ હું તેમની ઋણી રહીશ. સ્વયંને વ્રજબાલિકા તરીકે ઓળખાવું છું કારણ કે હું એક અનાથ, અસહાય બાલિકા માત્ર છું. શ્રીજીની કૃપા થકી જ વ્રજમાં જન્મ લેવાને કારણે વ્રજબાલિકા બની છું.

ભગવદ્ લીલાઓના સાક્ષી એવા વ્રજ ભૂ-ભાગ જેના અનુસંધાનમાં કૃષ્ણાવતારથી લઈ આજ સુધી કેટલાય પ્રયાસો થયા છે પરંતુ સ્પષ્ટ દૃષ્ટિકોણ પ્રસ્તુત નથી થઈ શક્યો. આવા દુરુહ કાર્યમાં એક અસહાય અબળા, અલ્પજ્ઞાન બાલિકાની શું વિસાત કે તે સંપૂર્ણ વ્રજ ક્ષેત્ર પરિધિને પોતાની લેખનીનો વિષય બનાવી શકે? પરંતુ ગુરુદેવ અને શ્રીજીની અસીમ અનુકંપા જેને પ્રાપ્ત થઈ જાય તો એને માટે અસંભવ શું? ભગવદ્ કૃપા અને પ્રેરણાના ફળસ્વરૂપે એવો સંયોગ ઘડાયો કે શ્રી માનમંદિરના નિરપેક્ષ સંત જેઓએ વ્રજ અને બૃહદ વ્રજના ગામડે-ગામડે જઈને અથાક્ પ્રયાસ કર્યો અને વ્રજની વાસ્તવિકતાને ઓળખી. રસીલી વ્રજ યાત્રા પૂર્વ ખંડ અને બૃહદ વ્રજ યાત્રા પરિચાયક રસીલી વ્રજ યાત્રાના ઉત્તર ખંડમાં અપૂર્વ સહયોગ પ્રદાન કરી વ્રજવાસીઓ અને વ્રજપ્રેમી જનોનું સર્વાધિક હિત શેમાં છે, જો એ સ્વનામધન્ય સંતોની ચર્ચા અહીં ન કરવામાં આવે તો સંભવતઃ આ શોધપૂર્ણ વ્રજ સાહિત્ય અપૂર્ણ જેવું જ રહેશે. ગ્રંથની પૂર્ણતા હેતુ એ સ્વનામધન્ય સંતોની ચર્ચા પરમ આવશ્યક છે.

અંતર્વસ્તુ

અંતર્વસ્તુ i
ચિત્રતાલિકા.....ix
પ્રાક્કથન ૧
વ્રજના વનોનું સંરક્ષણ.....૨
વ્રજમાં વૃક્ષારોપણ ૩
વ્રજના સરોવરોનું રક્ષણ ૩
વ્રજના દિવ્ય પર્વતોની રક્ષા.....૪
ગૌમાતાની રક્ષા ૫
યમુના મહારાણીની રક્ષાનો પ્રયત્ન ૬
હરિનામ પ્રચાર-પ્રસાર ૭
શ્રી રાધારાણી વ્રજયાત્રા ૮
અધ્યાય-૧ .....૧૦
પ્રસ્તાવના.....૧૦
કૃપાશક્તિ.....૧૨
યાત્રા નિયમ ૧૨
ભગવદ્ પ્રીતિ.....૧૩
શ્રી રમેશ બાબાજી મહારાજ ૧૪
અધ્યાય-૨ .....૩૦
ધામોપાસના ૩૦
ધામીથી ધામ શ્રેષ્ઠ ૩૧
ધામ મહિમા ૩૨
રજ મહિમા ૪૦
શ્રી આદ્ય શંકરાચાર્ય ૪૦
શ્રીમદ્ વલ્લભાચાર્ય ૪૧
વિદુરજીની વ્રજયાત્રા ૪૨
યાત્રાના આંતરબાહ્ય નિયમો.....૪૩
યાત્રા કેવી રીતે કરશો? ૪૩
પદ્મપુરાણાનુસાર.....૪૬
યાત્રા નિઃશુલ્ક શા માટે? ૪૯
ધામ નિષ્ઠ કોણ? ૫૧
ધામવાસથી ધામોપરાધનો નાશ ૫૧
અધ્યાય-૩ .....૫૭
બરસાના.....૫૭
ભાનુગઢ.....૬૨
વૃષભાનુવન ૬૩
શ્રી લાડલીજીનું પ્રાકટ્ય ૬૪
શ્રીશ્રી નારાયણ ભટ્ટજીની ઉદ્ભટ પ્રતિભા ..૬૪
પ્રાકટ્ય વિધિ ૬૫
ભટ્ટજીની ગુરુ પરંપરા.....૬૭
રંગીલી ગલી ૬૮
મયૂર કુટી ૭૯
શ્રી ગહવર વન.....૮૦
વ્રજભક્તિ વિલાસ મતાનુસાર.....૮૬
સાંકરી ખોરની દાનલીલા.....૮૯
'ગર્ગસંહિતા' વૃંદાવન ખંડ અધ્યાય ૧૩.....૯૨
વિહાર કુંડ ૯૬
દોહની કુંડ ૯૭
માનગઢ ૯૭
વિલાસગઢ ૧૦૦
દાનગઢ ૧૦૦
પીરીપોખર ૧૦૨
વૃષભાનુ સરોવર.....૧૦૪
કીર્તિ સરોવર ૧૦૫
રાબડ વન ૧૦૬
પાડર વન ૧૦૬
પ્રેમ સરોવર.....૧૦૭
શ્રી સંકેત ૧૧૧
સંકેત દેવી ૧૧૫
સૂર્ય કુંડ ૧૧૬
શ્રી ગહવર વનના કેટલાક પુષ્પો.....૧૧૬
સુમન શ્રી કિશોરી અલીજી.....૧૧૬
સુમન શ્રી ગુલાબ સખી.....૧૧૬
પં. શ્રી હરિશ્ચંદ્રજી મહારાજ.....૧૧૭
શ્રી મૌનીજી મહારાજ ૧૧૯
શ્રી પ્રિયાશરણજી મહારાજ.....૧૧૯
અધ્યાય-૪ .....૧૪૦
વિવાહ લીલા ૧૪૦
બરસાનામાં વિવાહ.....૧૪૧
નંદદાસજીની વાણીમાં ૧૪૧
શ્રીકૃષ્ણદાસજીની વાણીમાં.....૧૪૧
નંદગ્રામમાં વિવાહ.....૧૪૨
સંકેત વટમાં વિવાહ ૧૪૩
ભાંડીરવનમાં વિવાહ ૧૪૪
વૃંદાવનમાં વિવાહ ૧૪૬

અધ્યાય-૫ ..... ૧૪૯
અષ્ટ સખીઓ ૧૪૯
લલિતાજી ૧૪૯
ઊંચુ ગામ ૧૫૦
આદિપુરાણે ૧૫૦
નારદ પઞ્ચરાત્રે ૧૫૦
બ્રહ્મવૈવર્ત્તે રાધાખંડે ૧૫૦
લૈંગે ૧૫૧
વાયુપુરાણે ૧૫૧
વિશાખાજી ૧૫૨
આદિવાહારે ૧૫૨
ભવિષ્યોત્તરે ૧૫૩
બૃહદ્ગૌતમીયે ૧૫૩
ભવિષ્યે ૧૫૩
માત્સ્યે ૧૫૩
આદિ વાહાર પુરાણાનુસાર ૧૫૪
ભવિષ્યોત્તર પુરાણાનુસાર ૧૫૪
બૃહદ્ગૌતમીયે તંત્રાનુસાર ૧૫૪
મત્સ્ય પુરાણાનુસાર ૧૫૪
ઇન્દુલેખાજી ૧૫૭
અથેન્દુલેખાનિવાસસ્થાનવર્ણનમ્ ૧૫૭
ગૌતમીયે ૧૫૭
વિષ્ણુરહસ્યે ૧૫૭
ગૌતમીય તંત્ર ૧૫૮
વિષ્ણુ રહસ્ય ૧૫૮
ચમ્પકલતાજી ૧૫૮
અથ ચમ્પકલતાસ્થાનવર્ણનમ્ ૧૫૮
સારદાયામ્ ૧૫૮
બૃહન્નારદીયે ૧૫૯
બ્રાહ્મે ૧૫૯
ગૌતમીયે ૧૫૯
બૃહન્નારદીય પુરાણાનુસાર ૧૫૯
ગૌતમીયે ૧૬૦
શ્રી ધ્રુવદાસજી ૧૬૧
નારાયણ ભટ્ટજીની
રાસાનુકરણ પ્રિયતા ૧૬૪
ચિત્રલેખાજી ૧૬૬
અથ ચિત્રલેખાસ્થાનવર્ણનમ્ ૧૬૬
વિષ્ણુયામલે ૧૬૬
પાદ્મે ૧૬૬
ગૌતમીયે ૧૬૬
ગૌતમીયે તંત્રાનુસાર તેમની
૮ સખીઓના નામ ૧૬૭
તુંગદેવીજી ૧૬૭
અથાસાં તુંગદેવ્યાદીનાં
નિવાસસ્થાનવર્ણનમ્ ૧૬૭
સમ્મોહનતંત્રે ૧૬૭
બ્રહ્માંડે ૧૬૮
સમ્મોહનતંત્રાનુસાર ૧૬૮
બ્રહ્માંડ પુરાણાનુસાર ૧૬૮
રંગદેવીજી ૧૬૯
અથ રંગદેવ્યાઃ સ્થાનવર્ણનમ્ ૧૬૯
વિષ્ણુપુરાણે ૧૬૯
દેવીપુરાણે ૧૬૯
વિષ્ણુ પુરાણાનુસાર ૧૬૯
દેવી પુરાણાનુસાર ૧૭૦
સુદેવીજી ૧૭૧
અથ સુદેવીનિવાસસ્થાનવર્ણનમ્ ૧૭૧
પાદ્મે ૧૭૧
નારદપઞ્ચરાત્રે ૧૭૧
પદ્મપુરાણ અનુસાર ૧૭૧
નારદ પંચરાત્ર અનુસાર ૧૭૨
અધ્યાય-૬ ..... ૧૮૩
ચન્દ્રાવલી ૧૮૩
વિષ્ણુરહસ્યે ૧૮૩
બ્રહ્માંડે ૧૮૩
વિષ્ણુરહસ્યાનુસાર ૧૮૪
અધ્યાય-૭ ..... ૧૮૬
વ્રજાંગનાઓના વિવિધ જૂથો ૧૮૬
મૈથિલી ગોપકન્યાઓ ૧૮૯
કૌશલ પ્રાંતની દેવીઓ ૧૯૦
અયોધ્યાવાસિની દેવીઓ ૧૯૧
દંડકારણ્યના ઋષિ ૧૯૪
યજ્ઞ સીતાઓ ૧૯૫
પંચવટીની ભીલડીઓ ૧૯૭
જાલંધરી દેવીઓ ૧૯૮
દેવાંગનાઓ ૧૯૯
ઔષધિઓ ૧૯૯
પૃથુ અવતારની નારીઓ ૨૦૦
સ્વર્ગની અપ્સરાઓ ૨૦૦
સુતલ લોકની કન્યાઓ ૨૦૦
નાગકન્યાઓ ૨૦૧
શ્રુતિરૂપા ગોપીઓ ૨૦૧
અધ્યાય-૮ ..... ૨૦૩
હાથિયા ગ્રામ ૨૦૩
બ્રહ્મવૈવર્તાનુસાર ૨૦૩

વ્રજભક્તિ વિલાસાનુસાર.....૨૦૪
દેવશીર્ષ.....૨૦૪
મુનિશીર્ષ.....૨૦૪
અધ્યાય-૯.....૨૦૫
ખાયરા.....૨૦૫
શ્રી લોકનાથ ગોસ્વામી.....૨૦૯
શ્રી ભૂગર્ભ ગોસ્વામી.....૨૧૦
અધ્યાય-૧૦.....૨૧૨
લોધૌલી.....૨૧૨
શ્રી પિપાસા (પિસાયા) વન.....૨૧૨
રસિકોની વાણીમાં પિપાસા વન.....૨૧૩
ભદાવલ.....૨૧૪
અધ્યાય-૧૧.....૨૧૭
નંદગ્રામ.....૨૧૭
નંદગ્રામનો ઇતિહાસ.....૨૨૪
આનંદ ઘન બાબા.....૨૨૭
ગોચારણ લીલા.....૨૨૮
શ્રી લલિતા કુંડ.....૨૩૩
શ્રી દોમિલ વન.....૨૩૩
પૂર્ણમાસીજી.....૨૩૪
ઉદ્ધવ કયાર.....૨૩૫
બ્રહ્મવૈવર્તાનુસાર.....૨૩૭
યશોદા કુંડ.....૨૩૮
કાજલ કુંડ.....૨૩૯
માઁટ.....૨૩૯
ખૂંટા.....૨૩૯
મધુસૂદન કુંડ.....૨૩૯
ચરણ પહાડી.....૨૪૦
પનિહારી કુંડ.....૨૪૧
વૃંદા દેવી.....૨૪૨
શ્રી પાવન સરોવર.....૨૪૪
સનાતનજીની ભજનસ્થળી.....૨૪૫
શ્રી વલ્લભાચાર્યજીની બેઠક.....૨૪૬
ફુલવારી કુંડ.....૨૪૬
ક્ષુણ્ણહાર કુંડ.....૨૫૦
મોતી કુંડ.....૨૫૦
ગર્ગસંહિતાનુસાર.....૨૫૦
છાશ કુંડ.....૨૫૨
મોર કુંડ.....૨૫૨
કૃષ્ણ કુંડ.....૨૫૩
મોહન કુંડ.....૨૫૩
આસેશ્વર.....૨૫૪
ટેર કદંબ વન.....૨૫૪
નંદગ્રામના ૫૬ કુંડ.....૨૫૭
ઉપસંહાર.....૨૫૮
અધ્યાય-૧૨.....૨૬૯
બિજવારી.....૨૬૯
અધ્યાય-૧૩.....૨૭૨
શ્રી જાવ વટ.....૨૭૨
વ્રજ જન કથા.....૨૭૭
ગર્ગસંહિતાનુસાર.....૨૭૭
ગર્ગસંહિતાનુસાર કંસનો દિગ્વિજય.૨૭૯
અધ્યાય-૧૪.....૨૮૩
ધમસીંગા.....૨૮૩
શ્રી ગિડોહ.....૨૮૩
મહરાના.....૨૮૬
સાંચોલી.....૨૮૮
અધ્યાય-૧૫.....૨૯૦
શ્રી કોકિલા વન.....૨૯૦
ગર્ગસંહિતાનુસાર.....૨૯૦
વ્રજભક્તિ વિલાસાનુસાર.....૨૯૧
કૃષ્ણભક્ત શનિદેવ.....૨૯૨
બ્રહ્મવૈવર્ત પુરાણાનુસાર.....૨૯૨
અધ્યાય-૧૬.....૨૯૬
બઠૈન.....૨૯૬
બઠૈનનો હોરંગો (હોળી).....૨૯૭
અધ્યાય-૧૭.....૩૦૨
પાંડવ ગંગા.....૩૦૨
કામર.....૩૦૨
શુક કુંડ-વ્યાસ કુંડ.....૩૦૩
શ્રી શુક રહસ્ય.....૩૦૫
સામરહસ્યોપનિષદાનુસાર.....૩૦૫
ભ્રમર રહસ્ય.....૩૦૬
સામરહસ્યોપનિષદાનુસાર.....૩૦૬
અધ્યાય-૧૮.....૩૧૦
શ્રી કોટવન.....૩૧૦
અધ્યાય-૧૯.....૩૧૨
દધિ ગ્રામ.....૩૧૨
અધ્યાય-૨૦.....૩૧૬
શ્રી રાસોલી.....૩૨૬
અધ્યાય-૨૧.....૩૨૦
શ્રી હતાના.....૩૨૦
અધ્યાય-૨૨.....૩૨૨
ચમેલી વન.....૩૨૨
અધ્યાય-૨૩.....૩૨૪
નંદનવન.....૩૨૪

અધ્યાય-૨૪.....૩૨૬
શેષશાયી.....૩૨૬
લઘુશેષશયન વન.....૩૩૧
અધ્યાય-૨૫.....૩૩૩
સુપાનો ૩૩૩
કોસી ૩૩૫
ગર્ગસંહિતાનુસાર ૩૩૫
ખરોંટ ૩૩૭
ફાલેન ૩૩૭
અધ્યાય-૨૬.....૩૪૧
પૈગાંવ ૩૪૧
અન્ય લીલા.....૩૪૨
અધ્યાય-૨૭.....૩૪૫
ઉઝાની ૩૪૫
શ્રી શેરગઢ.....૩૪૫
બ્રહ્મપુરાણાનુસાર ૩૪૬
ભવિષ્ય પુરાણાનુસાર ૩૪૬
અધ્યાય-૨૮.....૩૪૮
ઐંચાદાઉજી (ઓબે).....૩૪૮
અધ્યાય-૨૯.....૩૫૧
વિહાર વન.....૩૫૧
અધ્યાય-૩૦.....૩૫૪
કાસરોટ ૩૫૪
ગાંગરોલ.....૩૫૪
ચીરઘાટ ૩૫૭
અધ્યાય-૩૧.....૩૫૭
તપોવન ૩૬૦
અધ્યાય-૩૨.....૩૬૨
નંદઘાટ ૩૬૨
અધ્યાય-૩૩.....૩૬૭
ઉમરારો ૩૬૭
બસઈ ૩૬૭
છાતા ૩૬૭
રનવારી ૩૬૮
અધ્યાય૩૪ .....૩૬૯
નરી સેમરી.....૩૬૯
તારા વન ૩૭૦
ચૌમુંહા ૩૭૦
અધ્યાય-૩૫.....૩૭૧
પસોલી ૩૭૧
અધ્યાય-૩૬.....૩૭૪
આઝઈ ૩૭૪
જૈંત ૩૭૪
છટીંકરા ૩૭૪
ગરુડ ગોવિંદ ૩૭૪
સુનરખ ૩૭૫
અધ્યાય-૩૭.....૩૮૦
સેઈ ૩૮૦
અધ્યાય-૩૮.....૩૮૫
દેવી આટસ.....૩૮૫
વરાહર ૩૮૫
આટસ ૩૮૬
માંટ ૩૮૬
છાંહરી ૩૮૬
અધ્યાય-૩૯.....૩૮૮
શ્રી ભાંડીર વન ૩૮૮
અધ્યાય-૪૦.....૩૯૩
ભદ્રવન ૩૯૩
વ્રજભક્તિવિલાસાનુસાર ૩૯૩
પાત્રવન ૩૯૪
બેલવન ૩૯૬
અધ્યાય-૩૧.....૩૯૯
શ્રી માનસરોવર ૩૯૯
માનલીલા.....૪૦૨
હોળી લીલા.....૪૦૪
પાની ગ્રામ.....૪૦૭
અધ્યાય-૪૨.....૪૦૯
શ્રી વૃંદાવન ૪૦૯
વૃંદાવન નામ શાથી? ૪૧૧
કારણ-૧ .....૪૧૧
કારણ-૨ .....૪૧૧
કારણ-૩ .....૪૧૧
કારણ-૪ .....૪૧૨
કાલિય મર્દન લીલા ૪૧૪
કેશી લીલા.....૪૧૯
વ્યોમાસુર ઉદ્ધાર.....૪૧૯
ગર્ગસંહિતાનુસાર.....૪૨૦
વૃંદાવનના ઠાકુર.....૪૨૦
બાકેબિહારીલાલજી (સ્વામી હરિદાસજી) ૪૨૧
રાધાવલ્લભલાલજી ૪૨૪
શ્રી હિત હરિવંશજી.....૪૨૫
રાધારમણજી (શ્રી ગોપાલ ભટ્ટજી) .૪૨૮
રાધારમણજીની વિચિત્ર વિશેષતા.૪૩૦
ગોપીનાથજી ૪૩૦
મદનમોહનજી ૪૩૩

અતિ સંક્ષિપ્ત એક અંશ ૪૩૩
ગોવિંદદેવજી ૪૩૬
રાધાદામોદરજી (જીવ ગોસ્વામી)૪૩૮
અધ્યાય-૪૩.....૪૫૦
ભતરોડ ૪૫૦
અધ્યાય-૪૪.....૪૫૩
અક્રૂર ઘાટ ૪૫૩
લોહવન ૪૫૪
લોહજંઘ ઋષિ.....૪૫૫
તારાપુર ૪૫૬
નંદી-બંદી.....૪૫૬
અધ્યાય-૪૫.....૪૬૦
શ્રી દાઉજી ૪૬૦
ગોપક્રીડાના ચતુર નાયક-'દાઉજી'...૪૬૨
બાળલીલાના બાળકો (કાન્હા-બલરામ) .૪૬૩
મહાન પરાક્રમી-બલરામજી ૪૬૫
વ્રજના રાજા- દાઉ દાદા ૪૬૭
દાઉજીના હોરંગાનો ઇતિહાસ.....૪૬૮
હોળી વિવાહોત્સવ ૪૬૮
ગારી ગાન (ફટાણાં).....૪૭૧
પ્રેમની ઓળખ ૪૭૩
પ્રેમમાં માન ૪૭૪
માન, પ્રણય, રાગ અને અનુરાગ.....૪૭૬
ભાવ અને મહાભાવ ૪૭૮
પ્રેમ, સંબંધ અને વિવાહ ૪૭૯
કૃષ્ણ વિવાહ ૪૭૯
દાઉજીના વિવાહ ૪૮૦
વ્રજભક્તિ વિલાસાનુસાર
(માત્સ્ય પુરાણ).....૪૮૧
બ્રહ્મવૈવર્તાનુસાર.....૪૮૨
રેવતી રહસ્ય ૪૮૪
અધ્યાય-૪૬.....૪૮૯
ઋણમોચન.....૪૮૯
ચિંતાહરણ.....૪૮૯
બ્રહ્માંડ ઘાટ ૪૯૭
અધ્યાય-૪૭.....૫૦૧
મહાવન ૫૦૧
અલીખાનજી.....૫૦૨
ગોકુળ ૫૦૭
અધ્યાય-૪૮.....૫૧૫
રમણ રેતી ૫૧૫
અધ્યાય-૪૯.....૫૧૯
રાવલ ૫૧૯
અધ્યાય-૫૦.....૫૨૪
વ્રજરજધાની શ્રી મથુરાપુરી.....૫૨૪
ભારત.....૫૨૪
મથુરા ૫૨૪
પદ્મપુરાણાનુસાર ૫૨૪
વિષ્ણુપુરાણાનુસાર.....૫૨૬
હરિવંશપુરાણાનુસાર ૫૨૬
ગર્ગસંહિતાનુસાર.....૫૨૭
મથુરાપુરીનું વૈશિષ્ટ્ય.....૫૨૯
શ્રીકૃષ્ણ જન્મભૂમિ.....૫૨૯
મથુરાના વનો.....૫૩૨
કેશવદેવજી ૫૩૨
મથુરામંડળના રક્ષક ૫૩૩
શ્રી ભૂતેશ્વરજી ૫૩૩
પોતરા કુંડ.....૫૩૩
વિશ્રામ ઘાટ.....૫૩૩
સમીપના તીર્થો.....૫૩૪
મથુરાના દ્વારિકાધીશ ૫૩૪
શ્રી યમુનાજૂ ૫૩૬
ગતાશ્રમ તીર્થ ૫૩૭
મથુરાની ટેકરીઓ ૫૩૭
મથુરાના કુંડ.....૫૩૮
મથુરાના સ્થળો.....૫૩૮
મથુરાના ઘાટ.....૫૩૮
મથુરાના તીર્થ અને મંદિરો ૫૩૮
તીર્થો ૫૩૮
મંદિરો ૫૩૯
ઉપસંહાર.....૫૪૧
અધ્યાય-૫૧.....૫૪૫
સતોહા ૫૪૫
મધુવન ૫૪૫
અધ્યાય-૫૨.....૫૪૯
તાલવન ૫૪૯
ગર્ગસંહિતાનુસાર ૫૪૯
બ્રહ્મવૈવર્તપુરાણાનુસાર ૫૫૦
અધ્યાય-૫૩.....૫૫૩
કુમુદ વન.....૫૫૩
ગર્ગસંહિતાનુસાર ૫૫૪
કપિલ ઋષિ.....૫૫૫
અધ્યાય-૫૪.....૫૫૭
શ્રી યમુનાવતો ૫૫૭
શ્રી કુંભનદાસજી.....૫૫૭
શ્રી ચતુર્ભુજદાસ.....૫૬૨

અધ્યાય-૫૫.....૫૬૮
માધુરી કુંડ.....૫૬૮
અધ્યાય-૫૬.....૫૭૦
ગણેશરા.....૫૭૦
અધ્યાય-૫૭.....૫૭૨
ખેચરી.....૫૭૨
રાલ.....૫૭૨
અધ્યાય-૫૮.....૫૭૪
સાઁખ.....૫૭૪
વત્સવન.....૫૭૭
અધ્યાય-૫૯.....૫૭૮
નીમ ગ્રામ.....૫૭૮
શ્રી નિમ્બાર્કાચાર્ય.....૫૭૮
નિમ્બ-ગ્રામના દર્શનીયસ્થળો.....૫૮૧
અધ્યાય-૬૦.....૫૮૪
શકરવા ગ્રામ.....૫૮૪
શ્રી સાઁખી.....૫૮૪
શંખચૂડ.....૫૮૪
ગર્ગસંહિતાનુસાર.....૫૮૫
અધ્યાય-૬૧.....૫૮૯
સહાર.....૫૮૯
હાહા વન.....૫૯૦
અધ્યાય-૬૨.....૫૯૧
ભરના ખુર્દ.....૫૯૧
પાલી.....૫૯૨
સિયાનો.....૫૯૨
અધ્યાય-૬૩.....૫૯૫
કુંજેરા (નવા ગ્રામ).....૫૯૫
પલસોં.....૫૯૫
સીહ.....૫૯૬
કોનઈ ગ્રામ.....૫૯૬
સિવાર.....૫૯૬
અધ્યાય-૬૪.....૫૯૮
ગોવર્દ્ધન.....૫૯૮
શ્રીગિરિરાજ ગોવર્દ્ધનની ઉત્પત્તિ.....૫૯૯
ગર્ગસંહિતાનુસાર.....૫૯૯
આદિવારાહ પુરાણાનુસાર.....૬૦૧
શ્રી ગોવર્ધન મહિમા.....૬૦૧
ગર્ગ સંહિતા.....૬૦૧
આદિવારાહ પુરાણ.....૬૦૩
શ્રી માનસીગંગા.....૬૦૩
પ્રથમ મત.....૬૦૫
દ્વિતીય મત.....૬૦૫
અષાઢ પૂર્ણિમા.....૬૦૬
શ્રી નંદદાસજી.....૬૦૭
રૂપમંજરી.....૬૦૮
આપનું એક વ્યસન.....૬૧૦
નજીકના દર્શનીય સ્થળો.....૬૧૪
શ્રી ગિરિરાજ લીલાઓ.....૬૧૪
શ્રી દાન ઘાટી લીલા.....૬૧૬
મહાપુરુષોની વાણીમાં દાન ઘાટીની લીલા.....૬૧૬
શ્રી હરિરાયજી.....૬૧૬
શ્રી ગોવિંદ સ્વામી.....૬૨૨
શ્રી કૃષ્ણદાસજી.....૬૨૨
શ્રી નાગરીદાસજી.....૬૨૩
શ્રી નંદદાસજી.....૬૨૩
શ્રી આસકરણજી.....૬૨૪
શ્રી માધવદાસજી.....૬૨૪
શ્રી કુંભનદાસજી.....૬૨૪
શ્રી નારાયણસ્વામીજી.....૬૨૫
જાણ્યા-અજાણ્યા વૃક્ષો.....૬૨૬
પ્રથમ કથા.....૬૨૫
દ્વિતીય કથા.....૬૨૬
ગુલાલ કુંડ.....૬૨૭
બિલ્છૂ કુંડ.....૬૨૭
શ્રી કૃષ્ણદાસજી.....૬૨૮
શ્રી હરિદેવજી.....૬૩૦
બ્રહ્મકુંડ.....૬૩૫
મનસા દેવી.....૬૩૫
શ્રી ચક્રેશ્વર.....૬૩૫
મુખારવિંદ.....૬૩૭
ઇન્દ્ર ધ્વજવેદી.....૬૩૭
આન્યૌર ગ્રામ.....૬૩૭
શ્રીનાથજીનું પ્રાકટ્ય સ્થળ.....૬૩૮
બાબાશ્રીનો એક નિષ્પક્ષ મત.....૬૪૦
દણ્ડોતી લીલા.....૬૪૧
શ્રૃંગાર મંડળ.....૬૪૧
ગર્ગસંહિતાનુસાર 'રાસ કાળ'.....૬૪૧
ગોવિંદ કુંડ.....૬૪૨
પ્રથમ કથા.....૬૪૩
દ્વિતીય કથા.....૬૪૫
રસખાનજીની વ્રજ રતિ.....૬૪૬
પૂંછરી.....૬૪૮
ગર્ગસંહિતાનુસાર.....૬૪૮
વ્રજવાસીઓની વાણીમાં

આપનો પરિચય ૬૪૯
અપ્સરા કુંડ અને નવલ કુંડ ૬૪૯
સુરભિ કુંડ ૬૪૯
શ્રી પરમાનંદદાસજી ૬૫૦
દાઉજી મંદિર.....૬૫૧
ઐરાવત કુંડ.....૬૫૧
રુદ્ર કુંડ ૬૫૨
પ્રથમ લીલા.....૬૫૨
ગર્ગસંહિતાનુસાર ૬૫૩
દ્વિતીય લીલા ૬૫૪
શ્રી ગિરિરાજ લીલા ૬૫૫
મહારાજ વૃષભાનુની દહીં વલોણી
બદરૌલા ૬૫૮
બ્રહ્મવૈવર્તાનુસાર.....૬૬૫
પ્રથમ દિવસ.....૬૬૮
દ્વિતીય દિવસ.....૬૬૯
તૃતીય દિવસ ૬૬૯
ચતુર્થ દિવસ.....૬૬૯
પંચમ દિવસ.....૬૬૯
ષષ્ઠ દિવસ ૬૬૯
સપ્તમ દિવસ.....૬૬૯
સૂરજ કુંડ ૬૭૧
સખીથરા ૬૭૧
વ્રજભક્તિ વિલાસાનુસાર ૬૭૨
શ્રી કુસુમ સરોવર ૬૭૨
એકાંતિક સાધના.....૬૭૩
શ્રી ઉદ્ધવ કુંડ ૬૭૬
શ્રી રાધા કુંડ.....૬૮૧
ગ્રામ મુખરાઈ ૬૮૫
રત્નસિંહાસન ૬૮૬
શ્યામ કુટી ૬૮૬
શ્રી ગ્વાલ પોખરા.....૬૮૭
શ્રી પ્રિયાશરણજી-સમાધિ સ્થળ ૬૯૧
પાપમોચન કુંડ, ઋણમોચન કુંડ.....૬૯૩
પૈંઠા ગ્રામ ૬૯૪
એક અન્ય લીલા.....૬૯૪
નારદ વન ૬૯૫
બૃહદ્નારદીય પુરાણાનુસાર ૬૯૬
શ્રી ચન્દ્ર સરોવર.....૬૯૭
ગર્ગસંહિતાનુસાર ૬૯૮
સૂરદાસજી ૭૦૨
સૂરદાજીની વિગ્રહ-સંવરણ લીલા.....૭૦૫
ચોગાન પટ્ટી.....૭૦૭
શ્રી છીતસ્વામી.....૭૦૮
અધ્યાય-૬૫.....૭૩૫
શ્યામઢાક ૭૩૫
અધ્યાય-૬૬.....૭૩૭
સોંકરાઈ ૭૩૭
સામઈ ખેરા.....૭૩૭
ડીગ ૭૩૮
સ્કંદ પુરાણાનુસાર ૭૩૮
નયન સરોવર ૭૩૯
અધ્યાય-૬૭.....૭૪૧
ગાંઠોલી ૭૪૧
જન્હુ વન (જનૂથર) ૭૪૧
અધ્યાય-૬૮.....૭૪૩
ટોડ કો ઘનો ૭૪૩
પરમદરા (પરમાનંદ વન).....૭૪૩
જડખોરની ગુફાઓ (સેઊ).....૭૪૫
અધ્યાય-૬૯.....૭૪૭
સૌગંધિની શિલા.....૭૪૭
ગુહાના (ગોદૃષ્ટિવન) ૭૪૮
ખોહ ૭૪૮
અધ્યાય-૭૦.....૭૫૧
બૂઢે બદ્રી.....૭૫૧
આદિ બદ્રી.....૭૫૧
પદ્મપુરાણોક્ત મહાત્મ્યાનુસાર ૭૫૨
તપ્ત કુંડ.....૭૬૫
અધ્યાય-૭૧.....૭૭૪
શ્રી કેદારનાથ ૭૭૪
ભગવાન શિવની પ્રીતિ યુગલ સરકારમાં..૭૭૮
રુદ્ર વન ૭૮૧
અધ્યાય-૭૨.....૭૮૬
કામ્યવન (કામાં).....૭૮૬
ચરણ પહાડી.....૭૮૯
સેતુબંધ.....૭૯૦
વિહ્વળ કુંડ.....૭૯૦
કામસરોવર ૭૯૧
વૃંદાદેવી.....૭૯૧
શ્રી કુંડ ૭૯૧
બ્રહ્મવૈવર્તાનુસાર રાજા સુયજ્ઞની
રાધા-આરાધના ૭૯૨
લુકલુક કુંડ.....૭૯૪
સ્ખલિની લીલા.....૭૯૫
ભોજન થાળી ૭૯૬
કામેશ્વર મહાદેવ ૭૯૭

બ્રહ્મવૈવર્તાનુસાર.....૭૯૭
સહસ્ત્ર તીર્થ સરોવર.....૮૦૧
ભારદ્વાજજી.....૮૦૨
અધ્યાય-૭૩.....૮૧૨
મુક્તિ વન.....૮૧૨
તિલક વન.....૮૧૨
નન્દેરો.....૮૧૩
ઇન્દ્રોલી.....૮૧૪
કનવારા.....૮૧૪
કદંબખંડી.....૮૧૫
યાત્રા સમાપન.....૮૧૬
અધ્યાય-૭૪.....૮૨૦
પરસ્પર સંકીર્ણતાથી ધામ પર આઘાત...૮૨૦
વૃંદાવનનું વાસ્તવિક સ્વરૂપ.....૮૨૦
સંકીર્ણતાને કારણે થયો વૃંદાવનના પર્વતોનો નાશ.....૮૨૫
શ્રી વ્યાસજીની વાણીમાં વૃંદાવન.....૮૨૫
શ્રીધર સ્વામીજીની વાણીમાં વૃંદાવન...૮૨૮
શ્રી પ્રબોધાનંદજીની વાણીમાં વૃંદાવન..૮૨૮
શ્રી હિતાચાર્યજીની વાણીમાં વૃંદાવન.૮૩૧
શ્રી હરિદાસજીની વાણીમાં વૃંદાવન..૮૩૧
દિવ્યાતિદિવ્ય શ્રી વૃંદાવન.....૮૩૧
સુદૃઢ ભવમાં ફસાયેલ સંકીર્ણ બુદ્ધિ.....૮૩૪
કળિયુગનો પ્રભાવ.....૮૩૫
ધનનો ધર્મ પર પ્રભાવ.....૮૩૬
કલિકાળના આધુનિક રસિકો.....૮૩૭
બરસાના વૃંદાવનથી અલગ નથી.....૮૩૮
સાધુતાનું વાસ્તવિક સ્વરૂપ.....૮૩૯
અધ્યાય-૭૫.....૮૪૦
વ્રજરક્ષા અને ગૌ-રક્ષાથી જ થશે દેશ અને વિશ્વની રક્ષા.....૮૪૦
તમામ સમસ્યાઓનું નિદાન ગૌ-સેવાથી.....૮૪૪
બ્રિટિશ સામ્રાજ્યની કૂટનીતિ.....૮૫૨
માતાજી ગૌશાળા.....૮૫૩
ઉત્તિષ્ઠિ ભારત.....૮૫૫
અધ્યાય-૭૬.....૮૫૬
મહત્ સમર્હણ.....૮૫૬
પ્રહ્લાદની ત્રિલોક વિજય પ્રત્યે સમત્વની શિક્ષા.....૮૫૬
મનુની ધ્રુવ પ્રત્યે સમત્વની શિક્ષા....૮૫૭
શ્રી કપિલદેવની સમત્વની શિક્ષા.....૮૫૭
પૃથુ પ્રત્યે પ્રભુના વચનો.....૮૫૮
જય-વિજય પ્રત્યે સનકાદિકના વચનો....૮૫૮
વિધિના વચનો.....૮૬૦
રાજર્ષિ ચિત્રકેતુ દ્વારા શેષ-સ્તવનમાં સમત્વની શિક્ષા.....૮૬૦
શ્રી હિત દ્વારા સમત્વની શિક્ષા.....૮૬૧
શ્રી હિત શિક્ષાનો સાર.....૮૬૨
શ્રી સ્વામીજી (હરિદાસ) દ્વારા સમત્વની શિક્ષા.....૮૬૩
વ્રજલીલા અને નિકુંજ લીલામાં ભેદ-મહાપરાધ.....૮૬૩
પુજ્યાચાર્યોનો મત.....૮૬૩
ઉપસંહાર.....૮૬૫
પરિશિષ્ટ.....૮૬૬
સાંકેતિક નામો.....૮૬૬
અનુક્રમણિકા.....૮૬૯

ચિત્ર તાલિકા

શ્રી રમેશ બાબા મહારાજ ૧૩
શ્રી મૌની બાબા મહારાજ ૨૩
શ્રી પ્રિયા શરણ મહારાજ ૨૪
પંડિત શ્રી રામકૃષ્ણ બાબા મહારાજ ૨૫
શ્રી રાધારાણી વ્રજયાત્રા રસીલી તથા સંપૂર્ણ રૂપે નિઃશુલ્ક છે ૨૬
શ્રી રાધારાણી વ્રજ યાત્રામાં બાબાશ્રી દ્વારા પ્રદત્ત સતત સત્સંગ ૨૭
શ્રીમાતાજી ગૌશાળા-જ્યાં કોઈ પણ પ્રકારની ગાયને લાવવા પર રોક-ટોક નથી ૨૮
વત્સલાને વાત્સલ્ય આપતાં બાબા મહારાજ ૨૯
ભાનુગઢ - શ્રીજીમંદિર ૧૨૧
બરસાના - લઠ્ઠમાર હોળી અને રંગીલી હોળી ૧૨૨
ભાનુગઢ - શ્રી બ્રહ્માજી, શ્રીજી ચરણ ચિહ્નો અને શ્રી કામધેનુ સ્તવન ૧૨૩
ભાનુગઢ - શ્રી નાગરીદાસ સમાધિ સ્થળ અને શ્રીજી પ્રાકટ્ય સ્થળ ૧૨૪
જયપુર મંદિર અને દાનગઢ ૧૨૫
મોર કુટી અને સાંકરી ખોર ૧૨૬
બરસાના - રંગીલી હોળી સમાજ ૧૨૭
શ્રીકૃષ્ણજીની છતરી અને શ્રી રાધારાણીજીની છતરી ૧૨૮
શ્રી ઠાકુરજીની હથેળી અને લાઠીના દંડુકાનું ચિહ્ન અને વિલાસગઢ ૧૨૮
શ્રી ઠાકુરજીની હથેળી અને લાઠીના દંડુકાનું ચિહ્ન અને વિલાસગઢ ૧૨૯
શ્રી માનગઢ ૧૩૦
શ્રી માનગઢ - માનેંગિત વન ૧૩૧
શ્રી ગહવર વન અને શ્રી રાધા સરોવર ૧૩૨
ગહવર વન - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક અને શંખ શિલા ૧૩૩
બરસાના - શ્રી વૃષભાનુ કુંડ અને શ્રી કીર્તિ કુંડ ૧૩૪
બરસાના - શ્રી બ્રજેશ્વર મહાદેવ અને પીરી પોખર (પ્રિયા કુંડ) ૧૩૫
બરસાના - પ્રેમ સરોવર અને શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક ૧૩૬
સંકેત - શ્રી ગોપાલ ભટ્ટ ગોસ્વામી ભજન કુટી, શ્રી સંકેત બિહારી અને શ્રી સંકેતેશ્વરી દેવી ૧૩૭
સંકેત - શ્રી રાધા-રમણ મંદિર અને ગહવર વન સ્થિત - પં. હરિશ્ચંદ્રજી મહારાજની કુટિયા ૧૩૮
સંકેત - વિહ્વળ કુંડ અને કૃષ્ણ કુંડ ૧૩૯
સંકેત - વિવાહ વેદી અને ઝૂલો ૧૪૮
ચિકસૌલી - વિહાર (માહેશ્વરી) કુંડ અને દોહિની કુંડ ૧૭૩
ઊંચા ગ્રામ - ખિસલની શિલા, શ્રી લલિતા સખી મંદિર અને શ્રી દાઉજી મંદિર ૧૭૪
ઊંચા ગ્રામ - દૂધ કટોરા, દહીં કટોરા સખી ગિરિ અને સમાધિ સ્થળ શ્રી નારાયણ ભટ્ટજી ૧૭૫
ઊંચા ગ્રામ - સખી કૂપ અને ત્રિવેણી કૂપ ૧૭૬
ઊંચા ગ્રામ - દેહ કુંડ અને કરહલા - શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી અને વિઠ્ઠલનાથજીની બેઠક ૧૭૭
કરહલા - મુકુટ લીલા અને શ્રી રાસમંડળ ૧૭૮
કરહલા - કંકણ (લલિતા) કુંડ અને વજનાભજીની સમાધિ ૧૭૯
સુનહરા - શ્રી સુદેવી સખીજીનું મંદિર અને આંજનોખ - અંજન શિલા ૧૮૦
આંજનોખ - શ્રી કિશોરી કુંડ અને ડભારા - નૌબારી ચૌબારી, સૂર્ય કુંડ ૧૮૧
ડભારા - શ્યામ શિલા અને રત્ન કુંડ ૧૮૨
રિઠોરા - રાધા વિનોદ બિહારી મંદિર અને ચંદ્રાવલી સખી મંદિર ૧૮૫
ખાયરા - શ્રી લોકનાથ ગોસ્વામી ભજન કુટી અને શ્રી માધવ કુંડ ૨૧૧
લોધૌલી - ગિરીશ કુંડ અને પિસાયા - અશ્વત્થામાની ઝાડી, અશ્વત્થામા મંદિર ૨૧૫
પિસાયા - રાસમંડળ અને મંદાકિની કુંડ ૨૧૬
નંદીશ્વર પર્વત, પાવન સરોવર અને શ્રી નંદીશ્વર મહાદેવ ૨૫૯
શ્રી નંદ ભવન મંદિર ૨૬૦
નંદગ્રામ - ચરણ પહાડી અને દિવ્ય ચિહ્નો ૨૬૧

નંદગ્રામ- ટેર કદંબ અને ટેર કદંબ કુંડ.....૨૬૨
નંદગ્રામ - શ્રી રૂપ ગોસ્વામી ભજન કુટી, શ્રી રૂપ ગોસ્વામી ચિત્ર અને શ્રી સનાતન ગોસ્વામી ભજન કુટી.....૨૬૩
નંદગ્રામ - વૃંદા કુંડ અને વૃંદા દેવી.....૨૬૪
નંદગ્રામ - આશ્વેશ્વર મહાદેવ અને કુંડ.....૨૬૫
નંદગ્રામ - મોતીકુંડ અને મયૂર કુંડ.....૨૬૬
નંદગ્રામ - હાઉ બિલાઉ અને યશોદા કુંડ.....૨૬૭
શ્રી નંદ બેઠક અને યશોદાજીનો માંટ અને ગાય બાંધવાનો ખૂંટો.....૨૬૮
શ્રી જીવ વટ મંદિર એ કિશોરી કુંડ.....૨૮૨
ગિડોહ - ગેંદોખર કુંડ, નંદ ગ્રામ અને ગિડોહની વચ્ચે - ફુલવારી કુંડ.....૨૮૯
કોકિલા વન - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યની બેઠક.....૨૯૪
કોકિલા વન બિહારી અને પનિહારી કુંડ.....૨૯૫
બૅઠન - શ્રી દાઉજી મંદિર.....૨૯૮
છોટી બૅઠન - ચરણગંગા.....૨૯૯
છોટી બૅઠન - ચરણ પહાડી (ચરણ ચિન્હ).....૩૦૦
છોટી બૅઠન લક્ષ્મી નારાયણ મંદિર અને બૅઠન કલાં - બલભદ્ર કુંડ.....૩૦૧
પાંડવ ગુફા અને પાંડવ ગંગા.....૩૦૭
કામર - મોહનજી મંદિર અને મોહન કુંડ.....૩૦૮
કામર - શુક કુંડ, વ્યાસ કુંડ અને દુર્વાસા કુંડ.....૩૦૯
કોટવન - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજી અને શ્રીનાથજી બૈઠક તથા શીતળા કુંડ.....૩૧૧
દધિગ્રામ - દધિ કુંડ અને દધિહારી દેવી.....૩૧૪
દધિગ્રામ - શ્રી વ્રજભૂષણ મંદિર.....૩૧૫
રાસોલી કુંડ.....૩૧૮
રાસોલી - રાસમંડળ અને શ્રીનાથજીની બેઠક.....૩૧૯
ચમેલી વન અને કુંડ.....૩૨૩
નંદ યશોદા મંદિર અને નંદનવન.....૩૨૫
શેષશાયી - ક્ષીરસાગર કુંડ અને લક્ષ્મીનારાયણ મંદિર.....૩૩૨
કોસી - ગોમતી ગંગા અને રત્નાકર કુંડ.....૩૩૮
કોસી - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક અને ફાલેન-પ્રહ્લાદ લીલા.....૩૩૯
ફાલેન - નરસિંહ મંદિર અને પ્રહ્લાદ કુંડ.....૩૪૦
પૈગાંવ - નાગાજી મંદિર, નાગાજીના કેશની ગૂંચ છોડતા ઠાકુરજી અને શ્રીજી તથા ગોપાલ કુંડ.....૩૪૪
શેરગઢ - બલભદ્ર કુંડ.....૩૪૭
ઐંચા દાઉજી- યમુનાજી અને દાઉજી મંદિર.....૩૫૦
વિહાર વન - રાસમંડળ અને વારૂણી કુંડ.....૩૫૩
કાસરોટ - અક્ષયવટ અને ગાંગરોલ કુંડ.....૩૫૬
ચીર ઘાટ અને તપોવન (લક્ષ્મીજીએ અહીં તપ કર્યું હતું).....૩૬૧
નંદઘાટ - નંદ યશોદા અને શ્રી જીવ ગોસ્વામીજીની પ્રાચીન ભજન કુટી.....૩૬૬
ચૌમુંહા - શ્રી બ્રહ્માજી મંદિર અને ચંદ્ર સરોવર, પસોલી - મનસા કુંડ.....૩૭૩
છટીકરા - શ્રી ગરુડ ગોવિંદ મંદિર અને ગરુડ ગોવિંદ કુંડ.....૩૭૭
સુનરખ - સૌભરિ ઋષિ આશ્રમ અને સૌભરિ ઋષિ.....૩૭૮
જૈત - નાગપોખર અને કાલિયા નાગ.....૩૭૯
શ્રી રાધારાણી વ્રજયાત્રા યમુના નદી પગપાળા પાર કરતા.....૩૮૨
સેઈ - જ્ઞાનકુંડ અને શ્રી બ્રહ્મા કુંડ.....૩૮૩
સેઈ - રાસમંડળ અને બ્રહ્મા બાવડી (વાવ).....૩૮૪
દેવી આટસ - મનસા કુંડ / સીતાકુંડ અને શ્રી બલરામજી.....૩૮૭
શ્રી ભાંડીર વન - બંસીવટ મહારાસ સ્થળ, મત્સ્ય (વેણુ) કૂપ અને ભાંડીર વટ.....૩૯૨
બેલવન - શ્રી લક્ષ્મીજી મંદિર અને શ્રી યમુનાજી.....૩૯૮
માન સરોવર - માન લીલા.....૪૦૮
કેશી ઘાટ વૃંદાવન - શ્રી યમુનાજી પૂજન.....૪૪૦
શ્રી રાધા વલ્લભ લાલજી.....૪૪૧
શ્રી મદનમોહન મંદિર ને શ્રી સનાતન ગોસ્વામી સમાધિ.....૪૪૨
શ્રી ગોવિંદદેવજી મંદિર અને શ્રી રંગજી મંદિર.....૪૪૩
શ્રી રાધા ગોપીનાથજી.....૪૪૪
શ્રી કૃષ્ણ-બલરામ મંદિર (ISKCON) અને શ્રી બાકેબિહારી મંદિર.....૪૪૫
શ્રી ગોપેશ્વર મહાદેવ અને સેવાકુંજ.....૪૪૬
શ્રી રાધારમણ મંદિર અને કાલીદહ.....૪૪૭

ટટિયા સ્થાન અને બંસીવટ ૪૪૮
ઇમલી તલા અને નિધિવન ૪૪૯
શ્રી ભતરોડ મંદિર ૪૫૨
શ્રી અક્રૂરજી મંદિર અને શ્રી અક્રૂર ઘાટ ૪૫૮
નંદી બંદી આનંદી અને આનંદ કુંડ ૪૫૯
દાઉજી - ક્ષીરસાગર કુંડ અને બલદેવજી મંદિરમાં રાધારાણી વ્રજયાત્રા ૪૮૭
દાઉજીનો હોરંગા અને હોરંગા સમાજ ૪૮૮
ઋણમોચન ઘાટ અને ચિંતાહરણ ઘાટ ૪૯૯
શ્રી ચિંતાહરણ મહાદેવ અને શ્રી બ્રહ્માંડ ઘાટ ૫૦૦
ગોકુળ - ઠકુરાની ઘાટ અને શ્રી ગોવિંદ સ્વામીની ટેકરી ૫૧૨
ગોકુળ મહાવન - ચોર્યાસી સ્તંભ નંદભવન અને નંદકૂપ ૫૧૩
ગોકુળ મહાવન - પૂતના ખાર અને દામોદર લીલા સ્થળ (ઊખલ બંધન) ૫૧૪
ગોપ તલૈયા, શ્રી રાધારમણ વિહારી મંદિર અને રમણ રેતી ૫૧૭
રમણ રેતી - શ્રી રસખાનજીની સમાધિ અને પ્રાચીન ઐતિહાસિક ટેકરી ૫૧૮
રાવલ - શ્રી રાધારાણી મંદિર ૫૨૩
મથુરા - શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિર ૫૪૨
મથુરા - શ્રી દ્વારિકાધીશ મંદિર અને વિશ્રામ ઘાટ ૫૪૩
મથુરા - શ્રી ભૂતેશ્વર મહાદેવ, કંકાલી દેવી (યોગમાયા) મંદિર ૫૪૪
સતોહા - શ્રી શાંતનુ કુંડ અને કૃષ્ણ કુંડ, મધુવન ૫૪૮
તાલ વન - વેત્ર (વૈતરણી) ગંગા અને દાઉજી મંદિર ૫૫૨
કુમુદ વન - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક, શ્રી કપિલ ભગવાન મંદિર અને ગંગા સાગર (પદ્મ) કુંડ ૫૫૬
કુંભનદાસજી કૂપ, બેઠક અને શ્રીનાથજીની ચરણ ચોકી ૫૬૭
રાલ - વિહારવન કુંડ અને વિહારવન ૫૭૩
નીમ ગ્રામ - શ્રી નિમ્બાર્કાચાર્ય સ્થળ ૫૮૨
નીમ ગ્રામ - શ્રી નિમ્બાર્કાચાર્યજી અને શ્રી સુદર્શન કુંડ ૫૮૩
શ્રી સાંખી રાસમંડળ અને સરોવર ૫૮૮
ભરના ખુર્દ - સૂર્ય મંદિર ૫૯૩
ભરના ખુર્દ - સૂર્ય કુંડ અને શ્રીજી ચંદ્રિકા ૫૯૪
કુંજેરા - દાઉજીનું પ્રાચીન મંદિર અને છતરી ૫૯૭
કુસુમ સરોવર અને આન્યૌર ગોવિંદ કુંડ ૭૧૦
આન્યૌર - શ્રી કુંભનદાસજીની સમાધિ અને સંકર્ષણ કુંડ ૭૧૧
પૂંછરી - અપ્સરા કુંડ અને નવલ કુંડ ૭૧૨
શ્રી પૂંછરી કા લૌઠા અને શ્રી છીતસ્વામીજીની સમાધિ ૭૧૩
જતીપુરા - ઇન્દ્ર પૂજા માનભંગ ૭૧૪
જતીપુરા - લુક-લુક દાઉજી અને ઐરાવતના પગના ચિહ્નો ૭૧૫
જતીપુરા - સુરભિ કુંડ અને શ્રી પરમાનંદદાસજીની સમાધિ ૭૧૬
જતીપુરા - ઐરાવત કુંડ અને હરજી કુંડ ૭૧૭
ચરણ શિલા અને ૧૪ છડી શિલા (ગર્ગસંહિતા પ્રમાણ) ૭૧૮
મુકુટ શિલા અને શ્રી મુખારવિંદ ૭૧૯
જતીપુરા - દંડવતી શિલા અને શ્રીનાથજી મંદિર ૭૨૦
જતીપુરા - શ્રીનાથજી મંદિર અને મહાપ્રભુજીની બેઠક ૭૨૧
બિલ્છૂ કુંડ અને શ્રી ચક્રેશ્વર મહાદેવ ૭૨૨
માનસી ગંગા અને શ્રી સનાતન ગોસ્વામી ભજન કુટી ૭૨૩
શ્રી ઉદ્ધવ કુંડ અને શ્રી રાધા કુંડ ૭૨૪
શ્રી શ્યામ કુંડ અને લલિતા કુંડ ૭૨૫
શ્રી રાધા કુંડ - શ્રી રઘુનાથદાસ ગોસ્વામી ભજન કુટી ૭૨૬
અને શ્રી વિશ્વનાથ ચક્રવર્તી ભજન કુટી ૭૨૬
શ્રી કૃષ્ણદાસ કવિરાજ ગોસ્વામી ભજન કુટી અને શ્રી ચૈતન્ય મહાપ્રભુજીની બેઠક ૭૨૭
શ્યામ કુટી, શ્રી પ્રિયાશરણદાસ બાબાજી સમાધિ અને પારસોલી - સૂરદાસજી બેઠક ૭૨૮
નારદ કુંડ અને ગ્વાલ પોખરા ૭૨૯
રત્નકુંડ અને શ્રી ગોવર્ધન પર્વત ૭૩૦
પારસોલી- શ્રી ચંદ્ર સરોવર, મહાપ્રભુજી, ગિરિરાજજી અને ગુંસાઈજીની બેઠક ૭૩૧
પૈંઠા - નારાયણ સરોવર, ઐંઠા કદંબ અને પારસોલી - સૂરદાસજીની સમાધિ ૭૩૨
મુખરાઈ - મુખરા સરોવર અને બાજની શિલા ૭૩૩

મુખરાઈ - રાધા, કીર્તિ અને ચરખુલા નૃત્ય ૭૩૪
શ્યામ ઢાક - શ્યામ કુંડ, શ્રી વલ્લભાચાર્ય બેઠક અને શ્રીનાથજી બેઠક ૭૩૬
ગાંઠોલી - ગુલાલ કુંડ અને ગુલાલ લીલા.....૭૪૨
સેઊ - સૌગંધિની શિલા અને જડખોરની ગુફાઓ.....૭૫૦
બૂઢે બદ્રી અને અલકનંદા કુંડ.....૭૬૬
આદિ બદ્રી મંદિર અને તપ્ત કુંડ ૭૬૭
નર અને નારાયણ પર્વત અને મૈનાક, દ્રોણાચલ તથા કનકાચલ પર્વત ૭૬૮
ત્રિકૂટ પર્વત અને વિંધ્યાચળ પર્વત ૭૬૯
આદિ બદ્રી - ગંધમાદન પર્વત અને ધવલગિરી પર્વત.....૭૭૦
પાપ નાશિની ગંગા, ગંગોત્રી અને યમુનોત્રી તથા માલતી વન.....૭૭૧
માલતી વન - યોગમાયા મંદિર અને હરિદ્વાર હર કી પૌડી.....૭૭૨
દેવ સરોવર અને ગજગ્રાહ શિલા ૭૭૩
ઇન્દ્રની આંખો, ક્ષીરસાગર કુંડ અને શ્રી કુંડ.....૭૭૮
શ્રી કેદારનાથ, શેષનાગ અને ગરુડ શિલા ૭૮૨
કેદારનાથની ગુફા અને નંદીજી ૭૮૩
કેદારનાથ મંદિરનો રસ્તો અને ગૌરી કુંડ ૭૮૪
કેદારનાથ - વ્રજલીલા ચિત્રણમાં શેષનાગ મુખ.....૭૮૫
કામેશ્વર મહાદેવ અને શ્રી વિમલકુંડ ૮૦૪
ઇન્દ્રની આંખો, ક્ષીરસાગર કુંડ અને શ્રી કુંડ.....૮૦૫
શ્રી લંકા અને સેતુબંધ.....૮૦૬
અશોક વાટિકા અને ચરણ પહાડી (કૃષ્ણ પદચિહ્ન).....૮૦૭
ભોજન થાળી, દહીં કટોરા અને દૂધ કટોરા.....૮૦૮
ચોર્યાસી સ્તંભ અને ફિસલની શિલા.....૮૦૯
વ્યોમાસુરની ગુફા અને હિડિંબા તથા ભીમનું મંદિર.....૮૧૦
ગયા કુંડ અને લુક-લુક કુંડ.....૮૧૧
કદંબ ખંડી અને શ્રી નાગાજીની સમાધિ.....૮૧૮
શ્રી નાગાજીની છાડી અને પાછોલ કુંડ.....૮૧૯



૬૦,૦૦૦ અસહાય, વિકલાંગ, ગો વંશની રક્ષા તથા નિઃસ્વાર્થ સેવા માટે ભારતની વિશાળતમ ગૌશાળા ''શ્રી માતાજી ગૌશાળા''ના સંસ્થાપક વ્રજની દિવ્યતમ વિભૂતિ એવા પરમ પૂજ્ય શ્રી શ્રી રમેશ બાબાજી મહારાજને ભારત સરકારે ''પદ્મશ્રી'' પ્રદાન કરી સ્વયંને ગૌરવાન્વિત અનુભવ કર્યા. તેઓ એક એવું લોકોત્તર વ્યક્તિત્વ છે જેમની શોભા ઉપાધિઓથી નહીં, બલ્કે ઉપાધિઓની શોભા તેમનાથી છે.



પ્રાક્કથન

વ્રજભૂમિ ભારતીય જન માનસના આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે, કેમ કે ભારતની સંસ્કૃતિનો આ મૂળ આધાર છે. ભગવાન શ્રીકૃષ્ણાવતરણ ક્ષેત્ર અને લીલાસ્થળી હોવાથી કરોડો આસ્થા પણ આની સાથે જોડાયેલી છે, તેથી જ તો ભારતવર્ષના જ નહીં પરંતુ સમગ્ર સંસારના શ્રદ્ધાળુ અહીં આવે છે, દર્શન કરે છે અને આ પવિત્ર ભૂમિની પરિક્રમા કરે છે.

પરિક્રમા તો જગત-પિતા બ્રહ્માએ પણ ગૌવત્સ અને ગ્વાલ-બાલ હરણના પાપમાંથી નિવૃત્તિ માટે કરી હતી અને તેઓ નિષ્પાપ થયા.

વ્રજરજનું સેવન આજના મોટામાં મોટા પાપાત્માઓને પણ નિર્મળ બનાવવાવાળું છે. આવો મહિમા કોઈ અન્ય પુણ્ય કાર્યોમાં નથી, તેથી જ તો મોટા-મોટા સંત-મહંત, રાજા-મહારાજા પોતાના કુળ, વૈભવ, ધનધાન્ય છોડીને અહીંની રજનો આશરો લે છે, પરંતુ કાળક્રમથી લુપ્તપ્રાયઃ થતા થતા વ્રજનું સ્વરુપ યથાસમય મહાત્માઓને ઉદ્વેલિત કરતું રહ્યું છે.

ચૈતન્ય મહાપ્રભુ, વજ્રનાભજી, નારાયણ ભટ્ટજી વગેરેએ વ્રજને પ્રકટ કર્યું, બચાવ્યું પરંતુ કલિકાલ જાણે કે બધું જ ગળી જશે. મોટી-મોટી અટ્ટાલિકાઓ, આધુનિક સુખ-સુવિધાઓ તથા આપણી મહત્ત્વાકાંક્ષાઓએ સ્વરુપને વધુ વિકૃત કરી દીધું છે, છતાં પણ સનાતન નામવાળી અહીંની સંસ્કૃતિ પોતાના નામથી ભ્રષ્ટ કઈ રીતે થઈ શકે.

ભગવાન મહાપુરુષોના રૂપે અવતરિત થઈને જીવોના કલ્યાણાર્થ એને સદા જીવિત રાખે છે. એવા જ પરમ પુરુષ વિરક્ત સંત શ્રદ્ધેય શ્રી રમેશ બાબાજી જેઓ પ્રયાગની પાવનભૂમિમાં અવતરિત થઈને બાલ્યકાલથી જ વ્રજારાધનનું સ્વપ્ન જોતાં રહીને વૈરાગ્ય ગ્રહણ કરી શ્રીધામ બરસાનાના બ્રહ્માચલ પર્વત પર માનિની શ્રીરાધાના તત્કાલીન ખંડેર ભવન 'શ્રી માન મંદિર'માં રહ્યા.

તે સમયે આ સ્થળ ચોર-ડાકુઓનો અડ્ડો હતું, પરંતુ મહાપુરુષ પોતાની પાવન સન્નિધિ વડે જગમાનવને તો પવિત્ર કરે જ છે, સાથે જ ક્ષેત્રના ભૌમ સ્વરુપને પણ સજાવે-સંવારે છે. એવું જ કર્યું શ્રી રમેશ બાબાજીએ. લુપ્તપ્રાયઃ થઈ રહેલા વ્રજના સ્વરુપને તેઓએ છેલ્લા ૬૦ વર્ષોના અથાક પ્રયાસો વડે બચાવ્યું.

શ્રી રમેશ બાબાજીના વિવિધ પ્રયાસોનો ઉલ્લેખ **''રસીલી વ્રજયાત્રા''** (જે વ્રજબાલિકા મુરલિકાજીની અદ્‌ભુત રચના છે)માં વ્રજ ભક્તોના સ્વાન્તઃ સુખાર્થે આવશ્યક સમજીને હું ઉદ્ધૃત કરી રહ્યો છું.

વ્રજના વનોનું સંરક્ષણ

વન, ઉપવન, પ્રતિવન, અધિવનોથી આવૃત્ત આ વ્રજભૂમિ ઘણી રમણીય હતી. ભગવાને પોતાની લીલાઓ કોઈ ભવનોમાંથી નથી કરી પરંતુ આ વન જ તેઓની લીલાઓના કેન્દ્ર હતાં.

ધીમે-ધીમે તમામ વન નષ્ટ થઈ ગયા, માત્ર થોડા જ વન બચ્યા હતાં, તેને પણ ભૂ-માફિયાઓની કુદ્રષ્ટિ લાગેલી હતી.

આવા વનોમાં શ્રી કિશોરજીના પોતાના કરકમલો દ્વારા લગાવેલ ગહવરવન પણ સમાપ્તિના કગાર પર હતું પરંતુ 'શ્રી માન મંદિર સેવા સંસ્થાન'ના વિતરાગી સંત શ્રી રમેશ બાબાજીએ ૪૦ વર્ષના સંઘર્ષ બાદ બચાવ્યું.

નિરંતર સ્થાનિક લોકોના ભારે વિરોધ છતાં પણ નિષ્ઠાથી પ્રયત્નશીલ બાબાએ મારા પિતા શ્રીપ્રકાશજી જેઓ તત્કાલીન ગ્રામપ્રધાન હતા અને બાબાના ભક્ત હતા, જેઓ દ્વારા પ્રસ્તાવ કરાવીને આરક્ષિત વન કરાવ્યું અને આજે એ કરકારી વિભાગ (વન વિભાગ)ના આધિપત્યમાં હોવા છતાં પણ માન મંદિર દ્વારા પોષિત છે અને ઘણી રમણીયતાને પ્રાપ્ત થઈ રહ્યું છે.

આનું સંરક્ષણ કંઈ સહેજમાં નથી થયું. નિરંતર ૪૬ વર્ષો સુધી લોકોનો વિરોધ સહેવો પડ્યો અને અંતે શ્રીજીએ જ આની રક્ષા કરાવી. આવી જ રીતે અનેક વન રક્ષિત થયા. પાંડવ ગંગા (બૈઠન), નૌબારી-ચૌબારી (ડભારા), દર્શન વન, કલાવટા (કામ્ય વન) વગેરે અનેક સ્થળોમાં સઘન વૃક્ષારોપણ કરવામાં આવ્યું.





વ્રજના સરોવરોનું સંરક્ષણ

રાધા-કૃષ્ણની લીલાઓના સાક્ષી અનેક સરોવર પણ રહ્યા જેમાં તેઓ સ્નાન કરતા. વ્રજમાં કેટલાક કુંડ હતા તે તો કલ્પનાતીત છે. એકલા નંદગ્રામમાં જ પદ્ કુંડ હતા. કામ્યવનમાં ૮૪ કુંડ હતા. ધીમે-ધીમે કુંડ પણ લોકોની વાસનાઓનો શિકાર થતા ગયા.

'શ્રી માન મંદિર' દ્વારા વ્રજના અનેક કુંડોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. ગામ ડભારામાં તો કુંડના સ્થળને શોધીને એની જમીન ખેડૂત પાસેથી વેચાતી લેવાઈ. પછી ત્યાં 'રતી કુંડ'નું પુનઃનિર્માણ થયું.

નીચેના કુંડો અને સરોવરોનો જીર્ણોદ્ધાર 'શ્રી માન મંદિર' દ્વારા થયો.

૧. રત્નકુંડ (ડભારા)
૨. ગામ ધમારીનો કુંડ
૩. વિહવળ કુંડ (સકેત)
૪. ગોમતી ગંગા (કોસીકલા)
૫. કૃષ્ણકુંડ (નંદગામ)
૬. લલિતા કુંડ (કમઈ)
૭. બિછુવા કુંડ (બિછોર)
૮. લોહરવારી કુંડ
૯. ગયા કુંડ (કામ્યવન)
૧૦. નયન સરોવર (સેઊ)
૧૧. લાલ કુંડ (દુદાવલી)
૧૨. બિછુઆ કુંડ (જતીપુરા)
૧૩. ગોપાલ કુંડ (ડીગ)
૧૪. મેંહદલા કુંડ (હતાના)
૧૫. રુદ્ર કુંડ (જતીપુરા)

વ્રજના દિવ્ય પર્વતોની રક્ષા

વ્રજમાં આમ તો ત્રિદેવ, પર્વતોના રૂપે બિરાજમાન છે. ગોવર્ધનમાં ગિરિરાજજી સ્વયં વિષ્ણુ ભગવાન વસ્યા છે. નંદગામમાં શંકરજી નંદીશ્વર પર્વત તથા બરસાનામાં બ્રહ્માજી બ્રહ્મ્યાચલ પર્વત. આ ઉપરાંત અષ્ટકુટ, આદિબદ્રી, સખી ગિરિ, રંકુ પર્વત વગેરે અનેક પર્વતોના રૂપે દેવગણો અવતરિત છે.

આ પર્વતો પર ખાણ માફિયાઓની એવી કુદ્રષ્ટિ થઈ કે અત્યાધુનિક મશીનો તેમજ વિસ્ફોટકો વડે આને નષ્ટ કરવા લાગ્યા. 'શ્રી માન મંદિર' દ્વારા આ બધાનો વિરોધ થયો, પરંતુ ધનાઢ્ય અને મદાંધ માફિયાઓએ વ્રજલીલાના સાક્ષી અને કેંદ્ર આ પર્વતોના ધાર્મિક અને ઐતિહાસિક મહત્વને નહીં સમજીને સરકારી તંત્ર સાથે મળી જઈને ધનના બળે નષ્ટ કરવાનો પ્રયત્ન પૂરી શક્તિ સાથે કર્યો. ઈશ્વરીય શક્તિ પર આજ સુધી કોણ જીતી શક્યું છે? સખીગિરિ પર્વત પર વ્રજરક્ષક સંત શ્રી રમેશ બાબા મહારાજે અનશન પ્રારંભ કરી વ્રજના દિવ્ય પર્વતોની રક્ષાનો સંકલ્પ લીધો.

જો કે પચાસ વર્ષ પહેલા પણ ઉત્તરપ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી સંપૂર્ણાનંદને મળીને વ્રજના ખનનને બંધ કરાવ્યું હતું. પરંતુ વર્તમાન સંઘર્ષે સમગ્ર વ્રજને જ નહીં, પણ રાજ્ય સરકારો સુદ્ધાંને ઝકઝોળી નાંખી હતી. અંતે ૫૨૩૨ હેક્ટર ભૂ-ભાગને આરક્ષિત વનક્ષેત્ર ઘોષિત કરાવીને વ્રજરક્ષાનું મહત્વપૂર્ણ કાર્ય સંપન્ન કર્યું.



આમાં ઘણાં ભક્તોએ પોતાની જિંદગી જોખમમાં નાંખીને મોટી-મોટી મુશ્કેલીઓનો સામનો કર્યો કેમકે વ્રજલીલા સ્થળીઓ તેઓને પ્રાણથી પણ અધિક પ્રિય હતી. એનું સંરક્ષણ કોઈ આરાધનાથી ઓછું નથી.



ગૌમાતાની રક્ષા

વ્રજારાધ્ય શ્રી કૃષ્ણને ગાયો પ્રત્યે જે પ્રેમ હતો તેવો કોઈ પ્રત્યે ન હતો. એ જ કારણ હતું કે તેઓએ ગિરિરાજ પૂજા કરાવી. ગૌપાલન અને ગૌચારણ ઉઘાડા પગે કર્યું. ગોપાલના વ્રજમાં આજે ગાયોની દુર્દશાથી કોઈ અનભિજ્ઞ નથી.

જેને ભારતવાસી માઁ કહે છે એ જ માઁ આજે ઘરોની બહાર દર-દરની ઠોકર ખાતી ભટકી રહી છે અથવા માંસાહારીઓ દ્વારા દર્દનાક મૃત્યુને પ્રાપ્ત થઈને અસ્તિત્વને ખોઈ રહી છે.

સંત હૃદય નવનીતવત્ હોય છે. આ કારણે 'શ્રી માન મંદિર'ના મહારાજશ્રીએ ગૌરક્ષાનું વિશેષ અભિયાન ૨૦૦૭માં પ્રારંભ કરી એક ગૌશાળાની સ્થાપના ''માતાજી ગૌવંશ સંસ્થાન''ના રૂપે કરી, જેમાં વ્રજની અનાથ ગાયો તો પળાય જ છે, એ ઉપરાંત બહારથી પણ ગાયો અહીં આવતી રહેતી હોય છે.

એક માત્ર આ એવી ગૌશાળા છે જ્યાં ગાયો આવે છે તો મનાઈ નથી કરાતી. ૫-૬ વર્ષોમાં જ આજે ઉત્તરપ્રદેશની સૌથી મોટી ગૌશાળા અહીં બની ગઈ, જેમાં લગભગ ૫૫,૦૦૦ ગૌવંશ માતૃવત પળાઈ રહ્યું છે.

ગોમય, મૂત્રના વિવિધ ઉત્પાદનો દ્વારા વ્રજવાસીઓને ધન-સંપન્ન બનાવવા, નિરોગી બનાવવા, અન્ય લાભ અપાવવા એ પણ ઉક્ત સંસ્થાનો સંકલ્પ છે, જેના પર કાર્ય પ્રારંભ થઈ રહ્યું છે. વ્રજવાસી, વ્રજભૂમિ, ભગવાન સૌ એક સ્વરૂપ છે. ત્રણેની સેવા લક્ષિત છે.



યમુના મહારાણીની રક્ષાનો પ્રયાસ

યમુનાજી વિના વ્રજની મહારાણી (શ્રીરાધા)એ પણ ધરાતલ પર આવવાનું સ્વીકાર્યું ન હતું. એવી પતિત પાવન યમુના મહારાણી આજે વ્રજમાં જ નથી. આ વાત વ્રજમાં અજાણી નથી. આના ઉપર પણ 'શ્રી માનમંદિર' દ્વારા શોધ કાર્ય કરવામાં આવ્યું.



પ્રયાગથી દિલ્હી સુધી પદયાત્રા કરીને જનચેતના જાગૃતિ કરવામાં આવી. હથિની કુંડ (હરિયાણા)માં યમુનાજીને રોકી લેવામાં આવ્યા છે. ૧૪૦ કિ.મી. સુધી એક ટીપું પણ યમુનાજળ યમુના તળ પર નથી રહેતું.

વ્રજમાં દિલ્હીનું મળ-મૂત્ર જ આવે છે.

ક્યારેક યમુનાના નિર્મળ જળથી સમગ્ર વ્રજ પોષિત હતું. પરંતુ આજે એ જળ વિષરૂપ થઈ ગયું છે.

'શ્રી માન મંદિર' દ્વારા યમુનાજીને લાવવાનો મોટો પ્રયત્ન થયો. લાખો વ્રજવાસીઓ, ભક્તો, શ્રદ્ધાળુઓ દ્વારા દિલ્હી સુધી પદયાત્રા થઈ, પરંતુ સરકારી આશ્વાસનોએ સંકલ્પ પૂર્ણરૂપે પૂર્ણ થવા ન દીધો. પણ બાબાશ્રીનો સંકલ્પ ભવિષ્યમાં અવશ્ય પૂર્ણ થઈ જશે એવો વિશ્વાસ છે. કેમકે, આજ સુધી એમનો કોઈ સંકલ્પ અધૂરો નથી રહ્યો. ભગવદ્ લીલાઓનું પ્રમુખ કેન્દ્ર યમુના મહારાણી છે.



હરિનામ પ્રચાર પ્રસાર

સાચો વ્રજવાસી એ જ છે જેઓ સતત શ્રીકૃષ્ણ સ્મરણ ચિંતન કરે છે. વ્રજ ગોપીઓના પ્રત્યેક કાર્યમાં શ્રીકૃષ્ણ જ લક્ષ્ય હોય છે.

આવા વ્રજમાં આજે આધુનિક પરિવેશે પુરાતન સ્વરુપને બિલકુલ મિટાવી દીધું છે. આને જોઈને દયાદ્રવિત પૂજ્ય શ્રી રમેશ બાબાજીએ ગામેગામ ભગવન્નામની અલખ જગાડવાનું બીડું ઉઠાવ્યું.

વ્રજ અને દેશના લગભગ ૩૨,૦૦૦ ગામોમાં ભગવન્નામ પ્રભાતફેરીઓ પ્રારંભ કરાઈ. આનાથી ઘેર-ઘેર ચેતના ફેલાઈ અને કૃષ્ણ-કિર્તન થવા લાગ્યું.

શ્રી રાધારાણી વ્રજયાત્રા

વ્રજસેવાના કાર્યોમાં બાબાજીની 'શ્રી રાધારાણી વ્રજયાત્રા' પણ પોતાનામાં અલૌકિક છે. બાબાને એ ગમતું નહોતું કે ધનના અભાવે કોઈ ભાવુક ભક્ત વ્રજયાત્રાથી વંચિત રહે, એટલા માટે તેઓએ સન ૧૯૮૮થી પૂર્ણરૂપે નિઃશુલ્ક વાર્ષિકી વ્રજયાત્રા પ્રારંભ કરી જેમાં આ સમયે લગભગ ૨૦,૦૦૦ વ્રજયાત્રીઓ સામેલ થઈને પોતાના ભાગ્યને વખાણે છે.



યાત્રીઓના ભોજન, આવાસ અને ઉપચાર વગેરેની તમામ સેવાઓ 'શ્રી માન મંદિર' દ્વારા જ કરવામાં આવે છે. સતત હરિનામ સંકિર્તનથી યાત્રાની પ્રત્યેક ક્ષણ રસ અને પ્રેમની અનુભૂતિ કરાવ્યે રાખે છે. વ્રજના દુર્ગમ સ્થળોના મહિમાનો ઉલ્લેખ બાબા મહારાજ દ્વારા પ્રતિદિન નૃત્ય-આરાધના બાદ કરવામાં આવે છે.

આજ યાત્રા છે કે જેણે ન જાણે કેટલાયને રાધા માધવના અનન્ય ઉપાસક બનાવી સાંસારિક મોહમાયાથી સદા-સદાને માટે દૂર કરી દીધા છે.

''રસીલી વ્રજયાત્રા''ની લેખિકા બાલ વિદુષી મુરલિકાજી પણ આ યાત્રાથી સંસ્કારવતી થઈને પૂજ્યશ્રી બાબા મહારાજની અનુકમ્પાથી દેશની વિદુષી ભાગવત પ્રવક્તા બન્યા.

વ્રજયાત્રામાં સુશ્રી મુરલિકાજીનું અદ્‌ભૂત યોગદાન ચાલતું આવેલું છે. ભાગવત કથાઓ વડે પ્રાપ્ત દૈવી દ્રવ્યનો વિના સ્પર્શ કર્યા વિના જ નિઃસ્પૃહ ભાવથી સર્વ સમર્પણ વ્રજસેવામાં થઈ જાય છે.



એટલું જ નહીં, જે પરિવારમાં તે ઉછરીને મોટા થયાં છે, તે પણ ઘણો અલૌકિક છે જ્યાં રોજેરોજ હજારો વૈષ્ણવ-સંત-ભક્ત પ્રસાદ પામે છે.

આમ 'શ્રી માન મંદિર' દ્વારા વ્રજની જે સેવા થઈ રહી છે એનાથી ભગવદ્ ભક્તિ, વ્રજ ભક્તિ, વૈષ્ણવ ભક્તિની પ્રેરણા સૌને મળી શકે એ આશયે મારા વિચારો રજૂ કર્યા છે.

રાધાકાન્ત શાસ્ત્રી
શ્રી માન મંદિર સેવા સંસ્થાન
ગહવરવન, બરસાના, જિલ્લો મથુરા
ઉત્તરપ્રદેશ-૨૮૧ ૪૦૫, ભારતવર્ષ

અધ્યાય-૧

પ્રસ્તાવના

શ્રી વન્દૌ ચરણ કમલ હરિ રાઈ।

શ્રેષ્ઠ-જ્યેષ્ઠ-પ્રેષ્ઠ, આધ્યાત્મોદ્‌બોધક ગુરુજનોના પ્રેમોદ્યાનમાં તેઓના સ્નેહજળ વડે સિંચિત સુમન ક્યારેય તેઓના ઋણનો પરિશોધ કરી શકે છે? બિલકુલ નહીં. નત મસ્તક થઈને નમન અવશ્ય કરી શકે છે. બસ આ જ એનું પૌરુષ છે (આ જ એનું બળ છે). સર્વદા-પ્રવહમાન-કૃપા રૂપી પવન ક્યારેક એનો સ્પર્શ કરી લે છે તો બોલવામાં પણ તે સક્ષમ થઈ જાય છે.

જાકિ કૃપા પંગુ ગિરિ લંઘે અન્ધે કો સબ કછુ દરસાઈ ।।
બહિરો સુને મૂક પુનિ બોલે રંક ચલે સિર છત્ર ધરાઈ ।
‘સૂરદાસ’ સ્વામી કરુણામય બાર બાર વન્દૌ તેહિ પાઈ ।।

કૃપા શક્તિ આગળ જડ પણ જડ નથી રહેતું.

યોઽન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાંપ્રસુપ્તાં
સઞ્જીવયત્યખિલશક્તિધરઃ સ્વધામ્ના ।
અન્યાંશ્ચ હસ્તચરણશ્રવણત્વગાદીન્
પ્રાણાન્નમો ભગવતે પુરુષાય તુભ્યમ્ ।।
(ભા.૪/૯/૬)

પૂજ્ય ગુરુદેવની કૃપાએ કેટલાયને પુષ્ટ કર્યા. જુઓ સન ૧૯૮૮ થી ચાલી રહેલી ‘શ્રી રાધા રાની વ્રજ યાત્રા’ વ્રજ-દેશ જિજ્ઞાસુઓ માટે વરદાન સ્વરૂપ બની ગઈ. વ્રજની ગરિમા મહિમાથી અનભિજ્ઞ જિજ્ઞાસુઓની અભિષ્ટ બની ગઈ. દરેક સ્થળે ગુરુદેવ દ્વારા માહાત્મ્ય બોધ તો થઈ જ જાય છે તે ઉપરાંત રસિક અને પ્રેમિલ હૃદય યાત્રા સંબંધી પુસ્તક માટે બરાબર આગ્રહ કરવા લાગ્યા. દરેક વખતે ‘‘આગળની યાત્રામાં ઉપલબ્ધ થઈ જશે’’ કહીને યાત્રિકોને ખાલી હાથે વળાવી દેવાતા. ગ્રન્થ પ્રકાશનનું કાર્યક્ષેત્ર વિશાળ અને દુરુહ હતું પરંતુ ગુરુકૃપા અને શક્તિએ દુર્ગમને પણ સુગમ કરી દીધું અને ભાવનાશીલ ભાવુક ભક્તોના ભગવત પરક ભાવોનું ભરણ કરતા-કરતા આ યાત્રા સંબંધી લીલા-સ્થળ બોધક ગ્રન્થ પ્રદાન કરીને સમયોચિત ઉપકાર કર્યો. ગુરુકૃપા શકિતએ જ લેખનનું આ દુર્ગમ કાર્ય કર્યું છે. તેથી એ કહેવામાં સંકોચ નથી કે ‘‘રસીલી વ્રજ યાત્રા’’ ગ્રંથ સ્વ-સ્વ ગત અને સ્વ-સ્વ સાંપ્રદાયિક સંકીર્ણ બુદ્ધિના આગ્રહથી સર્વથા શૂન્ય છે. અસ્મિતા-યુક્ત માન્યતા-મુક્ત હોવાથી સર્વવિધ સત્યના પ્રકાશનનો જ આમાં પ્રયાસ છે. જો કે સર્વસાધારણ આનાથી અવગત થાય કે અસ્મિતા અને પૂર્વાગ્રાહી પ્રજ્ઞા એ આજે લીલા સ્થળ માહાત્મ્યને ભ્રામક બનાવી દીધું.

યુગલની અલૌકિક લીલાઓ માત્ર કલ્પના બનીને રહી ગઈ જન-મનમાં. સંપ્રદાયોના એક જ ઇતિવૃત્તોમાં ધ્રુવીય અંતરાલ આવી ગયું. મૂળ લીલાઓને વિવાદાત્મક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જેમકે- રાધાકૃષ્ણ વિવાહ પ્રામાણિક નથી, રાધા જન્મ બરસાનામાં નથી થયો, જાવ વટ સ્વકીયા સ્થળ નથી, વગેરે. આવા-આવા સમસ્ત ભ્રામક વિવાદોના નિરસન નિમિત્તે ગ્રંથમાં પ્રામાણિક વાતોનો જ ઉલ્લેખ છે. **''હરિ અનન્ત હરિકથા અનન્તા.''** અનંતની અનન્તાનન્ત લીલાઓના વર્ણનમાં અનંત શબ્દ ક્યાંથી લાવ્યા? લીલાઓને શબ્દ પરિધિમાં બાંધવું પણ સંભવ નથી, તેથી ગ્રંથના શબ્દ અને અક્ષર સસીમ સંભવ છે, પરંતુ વર્ણિત લીલા નિઃસીમ યુગલ તત્વમાં અવસ્થિત કરી દેવાવાળી ચોક્કસ છે.

'શ્રી રાધા રાની વ્રજ યાત્રા'ના જનક (વ્રજ વિભૂતિ શ્રી શ્રી રમેશ બાબાજી મહારાજ) પૂજ્ય ગુરુદેવ દ્વારા વ્રજની લુપ્ત નિગૂઢ લીલા સ્થળીઓનું પ્રાગટ્ય થયું, જેના વિશે બીજું તો ઠીક પણ વ્રજવાસી પણ અનભિજ્ઞ હતા. એવા એ નિર્જન લીલા-સ્થાનોના અન્વેષણનો કઠિન પ્રયાસ પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવ દ્વારા જ થયો. જેમ કે રાસોલી (જેનું વર્ણન જીવ ગોસ્વામીજીએ ભાગવત ૧૦/૨૯/૩ની ટીકામાં કર્યું છે), બહરૌલા ટીલા (સૂરસાગરમાં કથા વર્ણિત છે), સૌગન્ધિની શિલા, વિન્ધ્યાચલ ગિરિ, ગન્ધમાદન ગિરિ,... વધુ કહેવું જરૂરી નથી. કેમકે આ બધી લીલા-સ્થળીઓની પ્રામાણિક કથા 'રસીલી વ્રજ-યાત્રા'માં આપવામાં આવી રહી છે.

વ્રજયાત્રાના ઇતિહાસ પર ઘેરાયેલા અનેકાનેક મતભેદ, સાંપ્રદાયિક સંકીર્ણતાના ધુમાડાને હટાવીને નિર્ધૂમ યથાર્થનો સાક્ષાત્કાર કરાવવાની દૃષ્ટિથી સર્વવિધ પ્રભાવો પ્રમાણેની કસોટી પાર કરીને આ પરિશુદ્ધ ગ્રંથ જિજ્ઞાસુ અધ્યેતાગણો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેથી તેઓ સ્થાન-સંબંધી સમસ્ત લીલાઓમાં નિર્બાધ પ્રવેશાધિકાર પ્રાપ્ત કરી લે.

જો કે ગ્રન્થ ભગવત્ પરક હોવાથી સર્વરૂપેણ આસ્વાદ્ય છે. ભગવત્પ્રેમરસથી ભરપૂર હોવાથી આનું નામ 'રસીલી વ્રજયાત્રા' હોવું નૈસર્ગિક જ છે. છતાં પણ એક કલમ હલાવવાની, કાગળ કાળો કરવાનું કામ એક માનવનું જ છે, તેથી પુસ્તકમાં ત્રુટિઓનું હોવું એ આપણી જ્ઞાનશૂન્ય પ્રજ્ઞાનો દોષ છે.

તેથી પાઠક વૈષ્ણવોને વિનય છે કે-

''હમારે પ્રભુ અવગુણ ચિત્ત ન ધરો''

(સૂ.વિ.પ.)

અથવા

''કૃપા સિન્ધુ અપરાધ અપરિમિત, છમૌ સૂર તે સબ બિગરી''

(સૂ.વિ.પ.)

વસ્તુ પૂજ્ય બાબાની તો સમર્પણની વિડમ્બના કેમ? છતાં પણ એકાકાંક્ષા છે-

''નાથ સકો તો મોહિ ઉબારયૌ''

(સૂ.વિ.પ.)

કૃપાશક્તિ

આપના હાથમાં આ પુસ્તક છે અને આપ એને વાંચી રહ્યા છો તથા યાત્રા પણ કરી રહ્યા છો તો એ સત્ય છે કે આપના પુણ્યનો ઉદય થયો છે. ગુરુજનોની મહત્ કૃપાનુસાર જ આવું સંભવ થાય છે એમાં સંદેહ ના કરો. જીવના સંચિત પ્રારબ્ધ અને વર્તમાન ના પાપ કર્મોના પહાડ એને આ માર્ગ પર જવામાં આત્યંતિક બાધા પહોંચાડે છે.

યાત્રાના નિયમો

જિજ્ઞાસુ ભક્ત યાત્રા કેવી રીતે કરે? પ્રતિપાદિત નિયમોનું સંયમથી પાલન કરે.

(૧) ભગવાન ભક્તોની સરળતા અને ભોળાપણ પર રીઝે છે. સાંસારિક ચતુરાઈને ઘર પર છોડીને આવો અને આ ભાવથી યાત્રા કરો કે પ્રભુ આપણા પર રીઝી જાય.

(૨) પ્રત્યેક યાત્રીમાં કૃષ્ણ હોવાનો ભાવ રાખો.

(૩) સુખ સુવિધાઓને છોડીને યાત્રા કરો. કાર કે બસ દ્વારા યાત્રા કરવી, યાત્રા નથી પરંતુ એક રજોગુણી દેશાટન છે. પગપાળા તથા થઈ શકે તો ખુલ્લા પગે યાત્રા કરો. વ્રજ ભૂમિના કાંકરા, પથ્થર અને કાંટા પણ આપના પગમાં ભોંકાય તો એવી લક્ષ કોટિ આનંદની પ્રાપ્તિ ક્યાંય સંભવ નથી. આ એ જ વ્રજભૂમિ છે જ્યાં રાધા-માધવ અને સખા ખુલ્લા પગે રમતા હતા અને ગોચરણ માટે જતા હતા.

(૪) આ ધામ ચિન્મય છે અને આપણા પ્રાકૃત ચક્ષુઓથી એનું નિત્ય સ્વરૂપ નથી દેખાતું. આસ-પાસ ફેલાયેલી ગંદકીથી વિચલિત ન થાવ તથા ધામમાં સાફ-સફાઈ રાખો અને પોતે ગંદકીનું કારણ ન બનો.

(૫) કટુ શબ્દ ન બોલો. ક્રોધ ન કરો. યાત્રીઓ સાથે ધક્કા-મુક્કી ન કરો.

(૬) લીલાસ્થળો પર જતા પહેલા આ ગ્રંથના લીલા સંબંધિત અધ્યાયને વાંચો તથા લીલાચિંતન કરો.

(૭) યાત્રામાં ૨૪ કલાક ભગવન્નામ કિર્તન થાય છે. યાત્રા કરવા આવ્યા છો તો વ્યર્થ વાતો ના કરો અને નિરન્તર નામમાં રૂચિ, આસ્થા અને ભાવ રાખો.

(૮) અધ્યાય 'ધામોપાસના' અનુસાર યાત્રામાં ત્રણ વાર સન્નાનનો નિયમ છે. પવિત્ર કુંડોમાં યથાશક્તિ સ્નાન કરો. જો સમયાભાવના કારણે એવું ના થઈ શકે તો વ્રજની રજમાં આળોટો. આ આચાર્યોની આજ્ઞા છે. ઉત્તમ એ છે કે એ વ્રજરજમાં આળોટો જ્યાં ભક્તોએ નૃત્ય કર્યું હોય.

(૯) સ્ત્રીઓનો માસિકધર્મ યાત્રામાં વ્યવધાન નથી. વ્રજની રજમાં આળોટો અને ભગવન્નામમાં નિરંતર મગ્ન રહો. ભગવન્નામ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર,

મ્લેચ્છ, શ્વપચ, ચંડાળ અને નીચમાં નીચ પ્રાણીને પણ સુલભ છે તથા એમાં કોઈ રોક-ટોક નથી.

(૧૦) આ ગ્રંથમાં વ્રજની લીલાસ્થળીઓ, મંદિરો, કુંડો, પર્વતો અને ઋષિસ્થળોના પ્રાર્થના, આચમન અને દર્શન મંત્રોનો ઉલ્લેખ છે. આ બધા જાગૃત મંત્ર છે અને એનો ચમત્કાર પ્રત્યક્ષ ગોચર છે.

મહીભાનુસુતાયૈવ કીર્તિહાયૈ નમો નમઃ ।
સર્વદા ગોકુલે વૃદ્ધિં પ્રયચ્છ મમ કાંક્ષિતાં ।।

(વ્ર.ભ.વિ.)

પૂજ્ય બાબા મહારાજ બરસાનામાં આ મંત્ર બોલાવે છે અને એનો ચમત્કાર એ છે કે આજે માતાજી ગૌશાળામાં ૫૫,૦૦૦ ગાયો છે. તેથી શ્રદ્ધાપૂર્વક ભાવનાઓથી સંયુક્ત થઈને આ મંત્રોનું આહ્વાન ગ્રંથાનુસાર જે-તે લીલાસ્થળોએ પહોંચીને કરો.

(૧૧) ઉપરોક્ત બાહ્ય નિયમોનું ઔચિત્ય ત્યારે જ છે કે જ્યારે અંતર્નિયમોનું પાલન પણ થઈ રહ્યું હોય. જેમ કે જીવ ત્રણ વાર સ્નાન તો કરે છે પરંતુ નેત્રોથી વિષયોને પણ ગ્રહણ કરે છે. આ મિથ્યા આચરણથી બચો. આપણે પ્રભુને ધોખો ના આપી શકીએ.

(૧૨) વ્રજ યાત્રા એક મહાયજ્ઞ છે જેમાં ભગવન્નામની બહુલતા છે. આ નામથી જન્મ-જન્માંતરોના પાપ કપાય છે. એ અન્તને પ્રાપ્ત કરવા માટે એક જીવ શું સાધના કરી શકે છે? જીવ ભગવન્નામ લઈ શકે એ માત્ર મહાપુરુષોની મહતી કૃપાથી જ પ્રાપ્ત થાય છે. તેથી આ યાત્રાનો સંપૂર્ણ આનંદ લો અને સુજ્ઞ પાઠકગણ દત્તચિત્ત થઈને આ ગ્રંથને વાંચે અને અધિકાધિક લીલા લાભ પ્રાપ્ત કરે.

ભગવત્ પ્રીતિ

ય ઇદં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ ।
ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્ય સંશયઃ ।।

(ગીતા ૫-૬૮)

ન ચ તસ્માન્મનુષ્યેષુ કશ્ચિન્મે પ્રિયકૃત્તમઃ ।
ભવિતા ન ચમે તસ્માદન્યઃ પ્રિયતરો ભૂવિ ।।

(ગીતા ૧૮-૬૯)

ભગવાન પ્રસન્ન થાય છે જ્યારે જીવ આ માર્ગ પર ચાલે છે. પરંતુ ભગવાન એ જીવથી અતિ પ્રસન્ન થાય છે જ્યારે તે અન્ય જીવોને પણ અગ્રસારિત કરે છે.

વ્રજ પ્રેમી અને વ્રજ યાત્રીઓની ચિરકાળની માંગ ગ્રંથ રૂપે પરિપૂર્ણ થઈ. તેથી અપરિસીમ આનંદાનુભવ થયો.

શ્રી રમેશ બાબાજી મહારાજ

ગુણ-ગરિમાગાર, કરૂણા-પારાવાર, યુગલલબ્ધ-સાકાર આ વિભૂતિ વિશેષ ગુરૂપ્રવર પૂજ્ય બાબાશ્રીના વિલક્ષણ વિભા-વૈભવનું વર્ણનનો આદ્યન્ત ક્યાંથી થાય એ વિચાર કરીને મંદ મતિની ગતિ વિભક્તિ થઈ જાય છે.

વિધિ હરિ હર કવિ કોવિદ બાની। કહત સાધુ મહિમા સકુચાની ।।
સો મો સન કહિ જાત ન કૈસે । સાક બનિકે મનિગુન ગન જૈસે ।।

(રા.બા.કા. દોહા ૩૬)

પુનરપિ

જો સુખ હોત ગોપાલહિ ગાયે।
સો સુખ હોત ન જપ તપ કીન્હે કોટિક તીરથ ન્હાયે।।

(સૂ.વિ.પ.)

અથવા

રસસાગર ગોવિન્દ નામ હૈ રસના જો તૂ ગાયે।
તો જડ જીવ જનક કી તેરી બિગડી હૂ બન જાયે।।
જનમ-જનમ કી જાયે મલિનતા ઉજ્જવલતા આ જાયે।।

(બાબાશ્રી રચિત-બ્ર.ભા.મા. થી સંગ્રહિત)

કથનનો આશય આ પવિત્ર ચરિત્રના લેખનથી નિજ કર અને ગિરા પવિત્ર કરવાનું સ્વસુખ અને જનહિતનો જ પ્રયાસ છે. અધ્યેતાગણ અવગત થાય એ વાતથી કે આ લેખ માત્ર સાંકેતિક પરિચય જ આપી શકશે અશેષ શ્રદ્ધાસ્પદ (બાબાશ્રી)ના વિષયે. સર્વગુણસમન્વિત આ દિવ્ય વિભૂતિનું પ્રકર્ષ આર્ષ જીવનચરિત્ર કંઈ લેખન-કથનનો વિષય છે?

''કરની કરૂણાસિન્ધુ કી મુખ કહત ન આવૈ''

(સૂ.વિ.પ.)

મલિન અન્તસ્માં સિદ્ધસંતોના વાસ્તવિક વૃત્તને યથાર્થ રૂપથી સમજવાની ક્ષમતા જ ક્યાં, પછી લેખનની વાત તો ઘણી જ દૂર છે. છતાં પણ આ લોક-લોકાન્તરોત્તર વિભૂતિના ચરિતામૃતની શ્રવણાભિલાષા એ અસંખ્યોના મનને નિકેતન કરી લીધા. જેથી સાર્વભૌમ મહત્-વૃત્તને શબ્દબદ્ધ કરવાની ધૃષ્ટતા કરી.

તીર્થરાજ પ્રયાગને જેમણે જન્મભૂમિ બનવાનું સૌભાગ્ય દાન આપ્યું, માતા-પિતાના એકમાત્ર પુત્ર હોવાથી તેઓના વિશેષ વાત્સલ્યભાજન રહ્યા. ઈશ્વરીય યોજના જ મૂળ વહેતી રહી આપના અવતરણમાં. દીર્ઘકાળ સુધી અવતરિત દિવ્ય દમ્પતિ સ્વનામધન્ય શ્રી બલદેવપ્રસાદ શુક્લ (શુક્લ ભગવાન જેમને લોકો કહેતા હતા) અને શ્રીમતિ હેમેશ્વરી દેવીને સંતાનસુખ અપ્રાપ્ય રહ્યું. સંતાન પ્રાપ્તિની ઇચ્છાથી કોલકત્તાની નજીક તારકેશ્વરમાં જઈને આર્ત પોકાર કરી. પરિણામતઃ સન ૧૯૩૦ પોષ માસની સપ્તમીએ રાત્રે ૯.૨૭ વાગે કન્યારત્ન શ્રી તારકેશ્વરી (દીદીજી) નું અવતરણ થયું. અનન્તર દમ્પતિને પુત્ર કામનાએ વ્યથિત કર્યું. પુત્રપ્રાપ્તિની ઇચ્છાથી કઠિન યાત્રા કરીને રામેશ્વર પહોંચ્યા. ત્યાં જલાન્ન ત્યાગ કરીને શિવારાધનમાં તલ્લીન થઈ ગયા. પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો. આશુતોષ છે રામેશ્વર પ્રભુ. એ તીવ્રારાધનથી પ્રસન્ન થઈ ત્રીજી રાત્રિએ માતાજીને સર્વજગન્નિવાસાવાસ થવાનું વરદાન આપ્યું. શિવારાધનથી સન ૧૯૩૮ પોષ માસ કૃષ્ણપક્ષની સપ્તમી તિથિએ અભિજિત મુહૂર્ત મધ્યાન્હ ૧૨ વાગે અદ્‌ભૂત બાળકનું કપાળ જોતાં જ પિતા (વિશ્વના પ્રખ્યાત અને પ્રકાંડ જ્યોતિષાચાર્ય)એ કહી દીધું-

''આ બાળક ગૃહસ્થી ગ્રહણ ના કરી નૈષ્ઠિક બ્રહ્મચારી જ રહેશે. એને પ્રાદુર્ભાવ જીવ-જગતના નિસ્તાર-નિમિત્ત જ થયો છે.''

એ જ થયું- ગુરૂ-શિષ્ય પરિપાટીનું નિર્વાહન કરતા-કરતા શિક્ષાધ્યયન માટે તો ગયા, પરંતુ ખૂબ જ ટૂંકા સમયમાં અધ્યયન સમાપન પણ થઈ ગયું.

'અલ્પકાલ વિદ્યા બહુ પાયી.'

ગુરુજનોને ગુરુ બનવાનો શ્રેય જ આપવાનો હતો પોતાના અધ્યયનથી. સર્વક્ષેત્ર કુળ આ પ્રતિભાએ પોતાના ગાયન-વાદન આદિ લલિત કળાઓથી વિસ્મયાન્વિત કરી દીધા મોટા-મોટા સંગીતમાર્તન્ડોને. પ્રયાગરાજને પણ સ્વલ્પકાળ જ આ સાનિધ્ય સુલભ થઈ શક્યું. **'તીર્થ કુર્વન્તિ તીર્થાનિ'** એવા અચિન્ત શક્તિ સમ્પન્ન અસામાન્ય પુરુષનું અવતરણોદ્દેશ્યની પૂર્તિ હેતુ બે વાર ભાગ્ય જન્મભૂમિ છોડીને વ્રજદેશ તરફ. પરંતુ માઁ ની પકડ અધિક મજબૂત હોવાથી સફળ ન થઈ શક્યા. હવે આ ત્રીજો પ્રયાસ હતો. ઇન્દ્રિયાતીત સ્તર પર એક એવી પ્રક્રિયા સક્રિય થઈ કે તૃણતોડનવાત્ એક ઝાટકામાં સર્વત્યાગ કરી પુનઃ ગતિ અવિરામ થઈ ગઈ વ્રજની તરફ.

ચિત્રકૂટના નિર્જન અરણ્યોમાં પ્રાણ-પરવાહનો પરિત્યાગ કરી પરિભ્રમણ કર્યું. સૂર્યવંશમણી પ્રભુ શ્રીરામનું આ વનવાસ સ્થળ પૂજ્યપાદનું પણ વનવાસ સ્થળ રહ્યું. **'સ રક્ષિતા રક્ષતિ યોહિ ગર્ભે'** આ ભાવનાથી નિર્ભીક ફરો એ હિંસક જીવોના આતંક સંભાવિત ભયાનક વનોમાં.

આરાધ્યના દર્શન માટે તૃષાન્વિત નયન, ઉપાસ્યને પામવા માટે લાલસાન્વિત હૃદય હવે વારંવાર પાદ-પદમોને શ્રીધામ વરસાવવા માટે ઢકેલવા લાગ્યું, બસ પહોંચી

ગયા બરસાના. માર્ગમાં અંતસને ઝકઝોરવાવાળી અનેકાનેક વિલક્ષણ સ્થિતિનો સામનો કર્યો. માર્ગનું અસાધારણ ઘટના સંઘટિત વૃત્ત જોકે અત્યધિક રોચક, પ્રેરક અને પુષ્કળ છે. છતાં પણ આ દિવ્ય જીવનની ચર્ચા સ્વતંત્રરૂપે જુદા ગ્રન્થ નિર્માણમાં જ સંભવ છે. તેથી અહીં તો સંક્ષિપ્ત ચર્ચા જ છે. બરસાનામાં આવીને તન-મન-નયન આધ્યાત્મિક માર્ગદર્શકના અન્વેષણમાં તત્પર થઈ ગયા. શ્રીજીએ સહયોગ કર્યો અને નિરંતર રાધારસસુધા સિન્ધુમાં અવસ્થિત, રાધાના પરિધાનમાં સુરક્ષિત, ગૌરવર્ણાની સુભ્રોઽજ્વલ કાન્તિથી આલોકિત- અલંકૃત યુગલ સૌખ્યમાં આલોકિત, જુદા-જુદા પુરાણનિગમાગમના જ્ઞાતા, મહાવાણી જેવા નિગૂઢાત્મક ગ્રન્થના પ્રાકટ્યકર્તા ''અનન્તશ્રી સમ્પન્ન શ્રી શ્રી પ્રિયાશરણજી મહારાજ'' પાસેથી શિષ્યત્વ સ્વીકાર કર્યું.

વ્રજમાં ભામિનીનું જન્મસ્થાન બરસાના, બરસાનામાં ભામિનીના નિજ હાથે નિર્મિત ગહવર વાટિકા **'બીસ કોસ વૃન્દાવિપિન પુર વૃષભાનુ ઉદાર, તામેં ગહવર વાટિકા જામેં નિત્ય વિહાર'** અને એ ગહવરવનમાં પણ મહાસદાશયા માનિનીનું મન-ભાવન માન-સ્થાન શ્રી માનમંદિર જ માનદ (બાબાશ્રી)ને મનોનુકૂલ લાગ્યું. માનગઢ, બ્રહ્માચલ પર્વતના ચાર શિખરોમાંનું એક મહાન શિખર છે. એ સમયે તો આ બીહડ સ્થાન દિવસે પણ પોતાની વિકરાળતાને કારણે કોઈને મંદિર પ્રાંગણમાં ન આવવા દેતું. મંદિરનું આંતરિક મૂળ સ્થાન ચોરોને ચોરીનો માલ છુપાવવા માટે હતું. ચૌરાગ્રગણ્યની ઉપાસનામાં આ વિભૂતિને વળી ચોરોનો શું ભય?

ભયને ભગાડીને ભાવના કરી- **''તસ્કરાણાં પતયે નમઃ''**- ચોરોના સરદારને પ્રણામ છે, પાપ-પંકના ચોરને પણ અને રકમ-બેંકના ચોરને પણ. બ્રજવાસી ચોર પણ પૂજ્ય છે અમારા. આ ભાવનાથી ભાવિત થઈ દોહાર્દણો (દ્રોહને યોગ્ય)ને પણ ક્યારેય દ્રોહદ્રષ્ટિથી ન જોયું, અદ્રેષ્ટાનું જીવંત સ્વરૂપ જે ઠરેલું. પછી તો ધીમે-ધીમે વિભૂતિની વિદ્યમતાએ સ્થળને જાગ્રત કરી દીધું. અધ્યાત્મની દિવ્ય સુવાસથી પરિવ્યાપ્ત કરી દીધું.

જગ-હિત-નિરત દિવ્ય જીવને અસંખ્યને આત્મોન્નતિના પથ પર આરૂઢ કરી દીધા અને કરી રહ્યા છે. શ્રીમંત ચૈતન્યદેવ પછીથી કલિમલદલનાર્થ નામામૃતની નદીઓ વહેવડાવવાવાળા એકમાત્ર વિભૂતિના સતત પ્રયાસોથી આજે ૩૨ હજાર ગામોમાં પ્રભાતફેરીના માધ્યમથી નામ નિનાદિત થઈ રહ્યું છે. વ્રજના કૃષ્ણ લીલા સંબંધિત દિવ્ય વન, સરોવર, પર્વતોને સુરક્ષિત કરવાની સાથે-સાથે સહસ્ત્રો વૃક્ષ લગાવીને સુસજ્જિત પણ કર્યા. વધારે જૂની વાત નથી. આપને સ્મરણ કરાવીએ સન ૨૦૦૯માં હું 'રાધારાની વ્રજયાત્રા' દરમ્યાન વ્રજયાત્રીઓની સાથે પોતે જ બેસી ગયો આમરણ અનશન પર, એ સંકલ્પ સાથે કે જ્યાં સુધી વ્રજ પર્વતો પર થઈ રહેલ ખનન દ્વારા આઘાતને સરકાર રોકી નહીં દે, મોઢામાં પાણી પણ નહીં જાય. સમસ્ત વ્રજયાત્રી પણ નિષ્ઠાપૂર્વક અનશન લઈને હરિનામ સંકીર્તન કરવા લાગ્યા અને એ સમયે જે ઉદ્દામ ગતિથી નૃત્ય-ગાન થયું, નામ પ્રત્યે આ અટૂટ આસ્થાનું જ પરિણામ હતું કે ૧૨ કલાક પછી વિજયપત્ર આવી ગયો.

દિવ્ય વિભૂતિના અપૂર્વ તેજથી સામ્રાજ્ય સત્તા પણ નત્ થઈ ગઈ. ગૌવંશના રક્ષાર્થે ગત છ વર્ષ પૂર્વે માતાજીએ ગૌશાળાનું બીજારોપણ કરેલું. જોતજોતામાં આજે એ વટબીજે વિશાળ તરૂનું રૂપ લઈ લીધું, જેના આતપત્ર (છાયા)માં આજે ૫૫,૦૦૦ ગાયોનું માતૃવત પાલન થઈ રહ્યું છે. સંગ્રહ-પરિગ્રહથી સર્વથા દૂર રહેનાર આ મહાપુરુષની ભગવન્નામ જ એકમાત્ર સરસ સમ્પત્તિ છે.

યહી કરુણા કરના કરુણામયી મમ અંત હોય બરસાને મેં।
પાવન ગહરવન કુઞ્જ નિકટ રજ મેં રજ હોય મિલૂઁ બ્રજ મેં ।।

(બાબા શ્રી દ્વારા રચિત- બ્ર.ભા.મા. થી સંગ્રહિત)

પરમ વિરક્ત રહેવા છતાં પણ મોટા-મોટા કાર્ય સંપાદિત કર્યા, આ વ્રજ સંસ્કૃતિના એકમાત્ર સંરક્ષક, પ્રવર્તક અને ઉદ્ધારકે છેલ્લા પાંસઠ વર્ષોથી વ્રજમાં ક્ષેત્ર સંન્યાસ (વ્રજની બહાર ન જવાનું પ્રણ) લીધો અને આ સુદૃઢ ભાવનાથી વિરાજી રહ્યા છે. વ્રજ, વ્રજેશ અને વ્રજવાસી જ આપનું સર્વસ્વ છે. અસંખ્ય આપના સાન્નિધ્ય-સૌભાગ્યથી સુરભિત થયા. આપના વિષયે જેઓના વિશેષ અનુભવ છે, વિલક્ષણ અનુભૂતિઓ છે, વિવિધ વિચાર છે, વિપુલ ભાવ સામ્રાજ્ય છે, વિશદ અનુશીલન છે, આ લોકોત્તર વ્યક્તિત્વએ વિમુગ્ધ કરી દીધા છે વિવેકીઓના હૃદય. વસ્તુતઃ કૃષ્ણકૃપાલબ્ધપુમાન્ને જ ગમ્ય હોઈ શકે આ વ્યક્તિત્વ. રસોદધિના જે અતળ-તળમાં આપનો સહજ પ્રવેશ છે, એ અતિશયોક્તિ નથી કે રસ જ્ઞાતાઓનાં હૃદય પણ એ તળથી અસ્પૃષ્ટ જ રહી ગયા.

આપની આંતરિક સ્થિતિ શું છે, આ બહારની સહજતા, સરળતાને જોતાં સર્વથા અગમ્ય છે. આપના અન્તરંગ લીલાનંદ, સુગુપ્ત ભાવોત્થાન, યુગલ મિલનનું સૌખ્ય, આ ગહન ભાવ-દશાઓના અનુમાન આપના સૃજિત સાહિત્યના વાંચનથી જ સંભવ છે. આપની અનુપમ કૃતિઓ- **શ્રી રસિયા રાસેશ્વરી, સ્વરવંશી કે શબ્દ નૂપુર કે, બ્રજભાવમાલિકા, ભક્તદ્વય** ચરિત્ર વગેરે હૃદયદ્રાવી ભાવોથી ભાવિત કૃતિઓ છે.

આપના ત્રૈકાલિક સત્સંગ અનવરત ચાલ્યા જ કરે છે. સાધક-સાધુ-સિદ્ધ બધા માટે સંબલ છે આપના ત્રૈકાલિક રસાર્દ્રવચન. દૈન્યની સુરભિથી સુવાસિત સદ્‌ભૂત અસમોર્ધ્વ રસનો પ્રોક્ષ્વલ પુંજ છે આ દિવ્ય રહેણી, જે અનેકાનેક પાવન અધ્યાત્માસ્વાદના લોભી મધુપોના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ. સેંકડોએ છોડી દીધાં ઘર-દ્વાર અને અદ્યાવધિ શરણાગત છે. આવું મહિમાન્વિત-સૌરભાન્વિત વૃત્ત વિસ્મયાન્વિત કરી દેનાર સ્વાભાવિક છે.

રસ-સિદ્ધ-સંતોની પરંપરા આ વ્રજભૂમિ પર ક્યારેય વિચ્છિન્ન ના થઈ શકી. શ્રીજીની આ ગહવર વાટિકા જે ક્યારેય પુષ્પવિહીન નથી થતી. ઠંડી હોય કે ગરમી, પાનખર હોય કે વર્ષા, એકાદ પુષ્પ તો આરાધ્યની આરાધના હેતુ પ્રસ્ફુટિત જ રહે છે.


આજે પણ આ અજરામર, સુન્દરતમ, શુચિત્તમ, મહત્તમ, પુષ્પ (બાબાશ્રી)નું જગ સ્વસ્તિવાચન કરી રહ્યું છે. આપના અપરિસીમ ઉપકારો બદલ અમારા અનવરત વંદન, અનુક્ષણ પ્રણતિ પણ ઓછાં છે.

પ્રાર્થના છે અવતરિત પ્રીતિ-પ્રતિમા વિભૂતિથી કે નિજ પાદામ્બુજોને અનુગમન કરવાની શક્તિ અમને સૌને પ્રદાન કરો.

આપની પ્રેમ પ્રદાયિકા, પરમ પુનીતા પદ-રજ-કણિકાને પુનઃ પુનઃ પ્રણામ છે.

કૃપા ઇચ્છુક ભિક્ષુક





શ્રી રમેશ બાબા મહારાજ

વ્રજ સંસ્કૃતિના એક માત્ર સંરક્ષક, પ્રવર્તક, ઉદ્ધારક, ઉચ્ચ કોટિના ગાયક, સંગીત, નૃત્ય, સંસ્કૃતના ગૂઢ જ્ઞાતા અને શ્રીજીના પરમ કૃપાપાત્ર શ્રી રમેશ બાબાજી વિભિન્ન વૈષ્ણવ સંપ્રદાયોના ભક્તિ રહસ્યોનું સરળ ભાષામાં વિવેચન, મહાપુરૂષોના પદો અને ભક્તોના ચરિત્રોના ગાયન ત્રૈકાલિક સત્સંગ દ્વારા પ્રતિદિન વિતેલા ૬૫ વર્ષોથી જનમાનસને સુલભતાપૂર્વક ઉપલબ્ધ કરાવતા આવ્યા છે. બાબાશ્રીની અંતરંગ સ્થિતિનું અનુમાન એમના દ્વારા પદોની રચનાઓમાં તથા ગાયનથી ઉદ્‌બોધિત થાય છે. બાબાશ્રીએ ગાયેલા પદોને સાંભળવા માત્રથી જ અનેક જીવોમાં આમૂલ પરિવર્તન થતું જોવાયું છે. જે જીવનપર્યંત સાધનાઓ દ્વારા પણ સંભવ નથી. મહાપુરૂષોમના સત્સંગનો પ્રભાવ જ આવો છે.

...વ્રજગોપી વલ્લભ નન્દનવન તુચ્છ છાશ માટે નાચી રહ્યા છે કેમકે ગોપીઓનો એવો પ્રેમભાવ જ છે એટલા માટે તો પરમાનંદદાસજીએ **'ગોપીઓને પ્રેમની ધ્વજા'** કહી.

''ગોપીભિઃ સ્તોભિતોડનૃત્યદ્''- હવે કોઈ આમાં તર્ક કરે કે એમ જ છાસ આપી દેતી, કેમ નચાવ્યા, કેમ લાલચ આપી? આ 'કેમ'નો ઉત્તર નથી. આ લીલા વૈચિત્રી છે. પ્રેમમાં આવું જ બધું થાય છે. પ્રેમ સુમાનંદ નથી. બ્રહ્માનંદને સુમાનંદ બતાવ્યા; પ્રેમ જાગ્રત આનંદ છે. પ્રેમ હસે છે, બોલે છે, લીલા કરે છે....

... નારદજી ગયા એક વાર વ્રજમાં- તો એક કુંજમાં જોયું કે એક ગોપી બેસીને ધ્યાન કરી રહી છે, તો ઘણું આશ્ચર્ય થયું કે ગોપી કેમ ધ્યાન લગાવી રહી છે? ધ્યાન આદિનું ફળ તો પ્રભુ છે, એ મળી જાય તો મોટું આશ્ચર્ય થાય કે આને ધ્યાન આદિ કરવું, આંખ બંધ કરવાની શું જરૂર છે?

થોડી વારમાં ઊઠી તો નારદજીએ પૂછી લીધું કે ''દેવી! આપ ધ્યાન કેમ કરો છો? આપને તો સાક્ષાત કૃષ્ણ પ્રાપ્તિ છે.''

ગોપી બોલી-''નારદજી! મેં સાંભળ્યું હતું કે નિર્વિકલ્પ સમાધિ હોય છે એમાં કંઈ પણ સ્ફૂરણા નથી થતી તો વિચાર કરું છે કે નિર્વિકલ્પ સમાધિ લાગી જાય.''

નારદજી બોલ્યા- ''કેમ?''

ગોપી બોલી- ''કૃષ્ણને ભૂલાવવા માટે, એને હૃદયમાંથી કાઢવા માટે, આ હૃદયમાંથી હટતા નથી.''

(કોણ સમજી શકે છે ગોપીઓનો આ પ્રચ્છન્ન પ્રેમ). યોગી કૃષ્ણને સ્મરણ કરવા માટે પ્રયત્ન કરે છે અને આ ગોપી કૃષ્ણને ભૂલવાનો પ્રયત્ન કરી રહી છે. આ શું છે? પ્રેમની લીલા છે.

प्रत्याहृत्य मुनिः क्षणं विषयतो यस्मिन्मतो धित्सते
बालासौ विषयेषु धित्सति ततः प्रथ्याहरन्ती मनः।
यस्य स्फूर्तिंलवाय हन्त हृदये योगी समुत्कण्ठे
मुग्धेयं वत पश्य तस्य हृदयान्निष्क्रान्तिमाकाङ्क्षति ।।

(શ્રીવિદગ્ધ માધવ, દ્વિતીય અંક-૬૩)

चित्त सुखेन भवतापहृत गृहेषु यन्निर्विशत्युतकरावापि गृह्यकृत्य ।
पादौ पदं न चलतस्तव पादमूलादु याम कथं व्रजमथो करवाम किंवा ।।

(ભા. ૧૦/૨૯/૩૪)

રાસ માં કહે છે શ્રીકૃષ્ણ- ''તમે જાઓ ઘરે''.

ગોપીઓ બોલી- ''કેવી રીતે જઈએ? તમામ ઇન્દ્રિયો ચિત્તને આધીન કામ કરે છે, ચિત્ત તો તમારી પાસે છે. હાથ તમે જકડી દીધા છે અમારા, જે અમારા ઘરનું કામ કરતા હતા, અમારા પગ ઊઠી નથી રહ્યા, અમે જઈએ કેવી રીતે?''

આ પ્રેમની સ્થિતિ છે, પ્રેમે જડતા ઉત્પન્ન કરી દીધી. જવા ઇચ્છે છે, પણ જઈ નથી શકતી. શ્રીકૃષ્ણ કહી રહ્યા છે- ''જાઓ'' પરંતુ નથી જઈ શકતી કેમકે પ્રેમે જકડી દીધા છે. પ્રેમ બળવાન છે ત્યારે જ તો કૃષ્ણને નચાવે છે. પ્રેમ બળવાન છે જે બ્રહ્મને બાંધી દે છે. શ્રીકૃષ્ણ કહી રહ્યા છે- જાઓ, બોલી-અમે જવા પણ ચાહીએ છીએ, તમારી વાત માનવા પણ ચાહીએ છીએ પણ અમારા પગ નથી ચાલતા.

વિસૃજતિ હૃદયં ન યસ્ય સાક્ષાદ્ધરિરવજ્ઞાભિહિતોઽપ્યધૌઘનાશઃ।
પ્રણમશનયા ધૃતાઙ્ઘ્રિપદ્મઃ સ ભવતિ ભાગવતપ્રધાન ઉત્કઃ ।।

(ભા. ૧૧/૦૨/૫૫)

પ્રણય (પ્રેમ)ની રસ્સીથી ભગવાનના હાથ-પગ બંને બંધાઈ જાય છે. એટલો બળવાન છે પ્રેમ અને એ શ્રીકૃષ્ણની સ્વરૂપાશક્તિ શ્રી રાધિકારાનીનું જ સ્વરૂપ છે. એટલે તો શ્રીજીને આધીન રહે છે શ્રીકૃષ્ણ. પ્રેમ એટલો બળવાન છે કે ગોપીઓને તો છોડી દો, દુર્વાસાજીને ભગવાને કહ્યું દુર્વાસાજી, લોકો કહે છે ભગવાન સ્વતંત્ર છે (ઈશ્વર કોઈને આધીન નથી); એવું નથી-

અહં ભક્ત પરાધીનો હ્યસ્વતન્ત્ર ઈવ દ્વિજ।
સાધુભિર્ગ્રસ્તહૃદયો ભક્તૈર્ભક્ત જનપ્રિયઃ ।।

(ભા. ૦૯/૦૪/૬૩)

મારાથી વધારે પરાધીન તો કોઈ નહીં હોય, હું પરાધીન છું ભક્તોનો, સ્વતંત્ર નથી હું. મારૂં હૃદય પણ ભક્તોએ કાબુમાં કરી લીધું છે. પછી ગોપીજનોના પ્રેમની તો વાત જ શું છે? (ગોપીઓ પ્રેમની સીમા છે) એટલા માટે- ગોપીભિઃ સ્તોભિતોઽનૃત્યદ્- ગોપીઓ નાની-નાની વસ્તુઓ (છાશ વગેરે)ની લાલચ આપીને શ્રીકૃષ્ણને નચાવે છે, છાશ કોઈ મૂલ્યવાન વસ્તુ છે!

ગોપીભિઃ સ્તોભિતોઽનૃત્યદ્ ભગવાન બાલવત્ કચિત્।
ઉદ્ગાયતિ ક્વચિન્મુગ્ધસ્તદ્વશો દારુયન્ત્રવત્ ।।

(ભા. ૧૦/૧૧/૦૭)

ગોપીઓ કૃષ્ણને નચાવવા માટે ચકઈ-ચકવા વગેરે નાના-નાના રમકડાંનું લાલચ આપે છે-

નન્દ કે તોય ખિલૌના લૈ દૂંગી, મેરે અંગના મેં મુરલી બજાય।

આ 'સ્તોભિતો' શબ્દનો અર્થ છે, (ગોપી શ્રીકૃષ્ણને) લાલચ આપી રહી છે. શ્રીકૃષ્ણ નાચે છે, બંશી વગાડે છે; રમકડાં જ્યારે લેવા આવે છે તો (ગોપી) હાથ ઉપર કરી લે છે કે હમણાં રમકડાં નહીં આપું, હજી નાચ.

મૈં દૂંગી તોય માખન-મિશ્રી લાલા, મેરે સંગ-સંગ ઠુમકે લગાય ।।
મૈં દધિ બેચન જાઉં વૃન્દાવન, મોહિ મિલિયો કદમ્બ કી છાઁય ।
ચન્દ્ર સખી ભજ બાલ કૃષ્ણ છવિ, મૈં તેરી બલિ જાઉં।।

સ્તોભિતો-લાલચ આપી રહી છે. પૂર્ણકામ, આપ્તકામ, સત્યકામ, આત્મારામમાં આ **'પ્રેમાશક્તિ'** ક્ષુધા ઉત્પન્ન કરી દે છે ભક્તોની પ્રેમ ભાવનાઓનું આસ્વાદન કરવા માટે...[1]

---

1 શ્રી રમેશ બાબાજીએ ઉપરોક્ત સંદર્ભિત સત્સંગ તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૦૭ના રોજ સાંજની સભામાં વલ્લભ સંપ્રદાયમાં અષ્ટછાપના મહાકવિ શ્રી પરમાનંદદાસજી દ્વારા રચિત 'નન્દ કે તોય ખિલૌના લૈ દૂંગી'ની વ્યાખ્યા સ્વરૂપ પ્રદાન કર્યું. માત્ર વાંચીને સત્સંગનો રસ પ્રાપ્ત થવો સંભવ નથી. તેથી આ રસને પ્રાપ્ત કરવા ઉપરોક્ત વ્યાખ્યા સ્વયં બાબાશ્રીની વાણીમાં http://www.maanmandir.org/wp-content/uploads/rsn-27-09-2007.mp3 સાંભળો.

બાબાશ્રી મહારાજનો વિતેલા કેટલાય વર્ષોનો સત્સંગ આપ http://www.maanmandir.org પર સાંભળી શકો છો. સત્સંગ દ્વારા આપના જીવનના બચેલા વર્ષોનો સદુપયોગ ભગવદ્ પ્રાપ્તિ માટે કરી શકો છો. સત્સંગ આત્મસાત થવો એ ભગવદ્ કૃપા વિના સંભવ નથી. અનંત જન્મોના સંચિત પાપ સત્સંગ સાંભળવામાં બાધા ઉત્પન્ન કરતા હોય છે પરંતુ મહાપુરુષોની વાણીનો એક જ શબ્દ અનંત પાપોને નિર્મૂળ કરવામાં સમર્થ છે, બસ આવશ્યકતા છે શ્રદ્ધા અને નિષ્ઠાની.

કોણ જાણે બાબા દ્વારા કહેવાયેલ કોઈ પંક્તિ આપના જીવનની ધારા જ બદલી નાખે. નહીં તો જીવનભર માત્ર ઘંટી વગાડવાથી કે મિથ્યા સાધનો અને સાધનોના અહંકારમાં (મૈં આટલો જાપ કર્યો કે આટલા પાઠ કર્યા) પ્રાણીની વિચારધારામાં લેશમાત્ર પણ પરિવર્તન નથી થતું અને મનુષ્યમાં કામ, ક્રોધ અને લોભનો પ્રકોપ નિરંતર જળવાયેલો રહે છે.


બાબાશ્રીના શબ્દોમાં - 'કોઈ પંડિત બને છે, કોઈ જ્ઞાની બને છે, કોઈએ જીવનમાં બહુ મોટું નામ કમાઈ લીધું છે, પરંતુ જઈ ક્યાં રહ્યો છે- અનંત અંધકાર તરફ.'' પ્રાણી સન્માર્ગ પર પ્રદત્ત થઈને પણ આ અભિમાન કરી બેસે છે કે અમે સાધુ છીએ અથવા વિરક્ત છીએ કે અજ્ઞાનવશ સેવાને ક્રિયા સમજીને એક કોલ્હાના બળદની માફક જીવન પર્યંત લાગ્યો જ રહે છે.

મહાપુરુષો આપણને એ જ્ઞાન કરાવે છે કે એવા કોઈ ક્રિયા નહીં પણ ભાવ છે તથા ભક્તને ભાવસિદ્ધિના માર્ગ પર અસગ્રસર કરે છે. તિલક ધારણ કરીને, કંઠી પહેરવાથી, કર્ણમંત્ર પ્રાપ્ત કરવાથી, વેશ બદલવા પર પણ જો ભાવમાં પરિવર્તન ના થયું તથા કામ, ક્રોધ, લોભાદિ અનર્થોનો નાશ ના થાય તો આપણે માત્ર 'વેશના સાધુ' થયા અને આ કળિયુગમાં આ સર્વત્ર દર્શિત છે.

હિમાલયની કંદરાઓમાં અને જંગલોમાં એ મહાપુરુષોને શોધવાની જરૂરત નથી, બસ જરૂરત છે તો માત્ર આ જ્ઞાનને પ્રાપ્ત કરવાની- જે બાબાશ્રી દ્વારા સત્સંગના માધ્યમથી સુલભતાપૂર્વક ઉપલબ્ધ છે. થોડીક કોશિશ કરીને તો જુઓ- અને જ્યારે આપ થોડાક સમય બાદ પોતાના અતીતમાં ડોકીયું કરશો ત્યારે એ અહેસાસ થશે- ''અરે! મારૂં જીવન કયા અંધકાર તરફ જઈ રહ્યું હતું.''

સમય-સમયે ભગવાન્ પોતાના પરિકરોને, નિરપેક્ષ સંતોના રૂપમાં આ ધરા પર પ્રાણીઓમાં ભક્તિ-સંચાર માટે મોકલે છે. ''બાબાશ્રીના સત્સંગનો રસ લૂંટી શકો તો લૂંટી લો!'' બહુ જ સહજ અને સરળ માર્ગ છે પરંતુ વગર કૃપાએ સંભવ નથી. એ નિરપેક્ષ સંતોની પાસે જાઓ જે આ કૃપાને મફતમાં લૂટાવે છે.






શ્રી મૌની બાબા મહારાજ

શ્રી મૌની બાબા મહારાજના શરીરમાંથી પ્રત્યક્ષ અગ્નિ પ્રગટ થયો. લતાઓ-પતાઓના પડેલા પત્તાઓને ઘોળીને પી જતા હતા અને જીવન પર્યંત ગહવર વનમાં અનન્ય ભાજન કર્યું. અતિ વિલક્ષણ ઉચ્ચ કોટિના અસંગ્રહી મહાત્મા શ્રી મૌનીજી મહારાજ આ ગહવરવનના એક દુર્લભ પુષ્પ હતા.



શ્રી પ્રિયાશરણ બાબા મહારાજ

વિભિન્ન વૈષ્ણવ સંપ્રદાયો, જુદા-જુદા પુરાણનિગમાગમના જાણકાર, યુગ્મ યુગલ રસતત્વનો વિસ્તૃત, અગોચર, અસમોર્ધ્વ રસમય નિગૂઢાત્મક ગ્રન્થ શ્રી મહાવાણીનું વિવેચન કરવાવાળા અને પ્રાકટ્યકર્તા અનન્ત શ્રી સમ્પન્ન 'શ્રી શ્રી પ્રિયાશરણ મહારાજ' પાસેથી શ્રી રમેશબાબા મહારાજે શિષ્યત્વ ગ્રહણ કર્યું. એમની વાઙ્મય પ્રતિભા એટલી અસાધારણ હતી કે જ્યારે તેઓ ગહનતમ રસયુત વિષયો પર બોલવા લાગતા તો મોટા-મોટા એકાંત સાધનરત વિદ્વજ્જન પોતાની કુટિરોને ત્યાગીને કર્ણોને શ્રવણાનન્દ આપવા બાધ્ય થઈ જતા.



પંડિત શ્રી રામકૃષ્ણ બાબા મહારાજ

ગૌડેશ્વર સંપ્રદાયના મહાન સૂર્ય પં. બાબા શ્રી રામકૃષ્ણદાસજી મહારાજના પ્રધાન સાધકોમાં શ્રી રમેશબાબા મહારાજના પૂજ્ય ગુરુ શ્રી પ્રિયાશરણદાસજી મહારાજ હતા. સન ૧૯૨૯માંગાંધીજી અને લોહપુરુષ વલ્લભભાઈ પટેલ, મહાપુરુષ પં. બાબાની પાસે આવેલા. એ સમયે પૂજ્ય શ્રી પ્રિયાશરણજી મહારાજા પણ એમના નજીક જ બેઠા હતા. ગાંધીજીનો પ્રશ્ન હતો, (પં. બાબાને) ''૧૮૫૭ પહેલાથી પ્રારંભ ભારત સ્વતંત્રતાનું આંદોલન ચાલી રહ્યું છે. હજી સુધી અનવરત પ્રયાસ પછી પણ સફળતા કેમ નથી દેખાઈ દેતી?'' પં. બાબાનો જવાબ- ''વિના નામ સંકીર્તનથી સિધ્ધિ સંભવ નથી.'' માત્ર મુખથી નિઃસૃત કથન આત્મસ્થ થઈ ગયું ગાંધીજીને. વ્રજથી પ્રત્યાગમન કરતાં જ ''રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ'' કીર્તનારંભ કર્યું અને ૧૯૪૭માં સ્વતંત્રતા આંદોલનની સફળતા સર્વ સમક્ષ થઈ ગઈ.




શ્રી રાધારાણી વ્રજયાત્રા રસીલી તથા સંપૂર્ણ રુપે નિઃશુલ્ક છે



શ્રી રાધારાણી વ્રજ યાત્રામાં બાબાશ્રી દ્વારા પ્રદત્ત સતત સત્સંગ



શ્રીમાતાજી ગૌશાળા-જ્યાં કોઈ પણ પ્રકારની ગાયને લાવવા પર રોક-ટોક નથી



વત્સલાને વાત્સલ્ય આપતાં બાબા મહારાજ

અધ્યાય-૨

ધામોપાસના

બ્રહ્મરજનો અપભ્રંશ જ વ્રજ રજ છે તેથી ''રજ મેં રજ હોય મિલૂઁ બ્રજ મેં'' આકાંક્ષાની પૂર્તિ હેતુ અનેકાનેક ધામના વિજ્ઞવર્યોએ અહીં આજન્મ નિષ્ઠા સહિત વાસ કર્યો.

વ્રજ કી રજ મેં ધૂર બનૂં મૈં, ઐસી કૃપા કરો મહારાજ॥
ધૂર બનું હરિ ચરનન પાગૂં ઉડ ઉડ કે અંગન મેં લાગૂં
બાર બાર યે હી મૈં માઁગૂ મૈ પૈ બિહરૈ શ્યામ રાધિકા સબ દુખ જાવૈ ભાજ ॥
કોમલ ચરન રાધિકા પ્યારી ઉર ધરિ સેવૈં છૈલ બિહારી
ઐસો રસ ચરનન મેં ભારી વાકૂઁ પાઊં બનૂં ધન્ય વૃન્દાવન રસ સરતાજ ॥
રજ મેં ખેલૈં રંગ મચાવૈં રજ મે હિલમિલ રાસ રચાવૈં
રજ મેં ફૂલન સેજ બિછાવૈ રજ મેં કરૈં વિલાસ જુગલ મિલ જાનૈં રસિક સમાજ॥
વ્રજ કી ધૂર શ્યામ કો પ્યારી ખાઈ બાલકૃષ્ણ મુખ ડારી
ધમકાવૈ જસુદા મહતારી માખન દૂધ દહી તજ રોવૈ રજ ખાવન કે કાજ॥

(રસિયા રાસેશ્વરી)

ભગવનનું નામ, રૂપ, લીલા, ગુણ, જન, ધામ, ધામી બધા એક જ છે. ભગવાનનો અવતાર થાય છે તો બધાનો અવતાર થાય છે. ધામનો પણ, એમના જનોનો પણ જેમકે-'ગર્ગસંહિતા', ગોલોક ખંડ અનુસાર બ્રહ્મા, શિવાદીએ ગોલોક પર જઈને અવતારની પ્રાર્થના કરી.

કરુણાર્દ્ર શ્રી કૃષ્ણએ એ જ ક્ષણે સ્વીકૃતિ પણ પ્રદાન કરી દીધી. પરંતુ ગમનોદ્યત શ્રીકૃષ્ણને જઈને અનલ્પ દયા વર્ષિણી શ્રી રાધા અવાચ્છિત વિયોગની આશંકાથી મૂર્છિત થઈ ગયા કેમકે આ વિયોગ એમના માટે સર્વથા અસહ્ય હતો.

શ્રીજીને વ્યાકુળ જોઈને શ્રીકૃષ્ણ બોલ્યા- ''અદ્રભ્રસુદયે! તમે પણ સાથે જ પ્રસ્થાન કરો.'' ત્યારે શ્રીજીએ કહ્યું-

यत्र वृन्दावनं नास्ति यत्र नो यमुना नदी।
यत्र गोवर्धनो नास्ति तत्र मे न मनः सुखम् ।

(ગ.સં.ગો.ખં. ૩/૩૨)

''જ્યાં શ્રી વૃંદાવન નથી, જ્યાં તપન-તનયા યમુના નથી, જ્યાં શ્રી ગિરિરાજ ગોવર્ધન નથી, ત્યાં મારૂં મન કોઈ પણ પ્રકારે સ્વસ્થ-પ્રસન્ન નહીં રહે.'' વ્રજ એમનું નિજ-નિકેતન છે, જે એમને નિજ પ્રાણ તુલ્ય પ્રિય છે. તેથી શ્યામ-સ્વામિનીએ સ્પષ્ટ મના કરી દીધી, તેથી શ્રીજીના પ્રસન્નતાર્થ ૮૪ કોસની સંપૂર્ણ વસુધા શ્રી ગિરિરાજજી, શ્રી યમુનાજીને પ્રભુએ ધરા પર મોકલ્યા.

વેદનાગક્રોશભૂમિ સ્વધામ્નઃ શ્રી હરિઃ સ્વયમ્ ।
ગોવર્ધનં ચ યમુનાં પ્રેષયામાસ ભૂપરિ ।।

(ગ.સં.ગો.ખં. ૩/૩૩)

આ રીતે ધરા પર ધામીના પહેલા ધામનું અવતરણ થયું. ધામની સાથે-સાથે નન્દ-યશોદા, વૃષભાનુ-કીર્તિ, સખા-સમુદાય, સમસ્ત પરિકરનો અવતાર થયો. આ ચર્ચા 'ગર્ગસંહિતા'માં બે વાર થઈ છે. પ્રથમ તો ગોલોક ખંડ અધ્યાય-૩ માં પુનઃ વૃન્દાવન ખંડ અધ્યાય-૨ માં.

ધામીથી ધામ શ્રેષ્ઠ

જે રીતે પ્રેમિલ અને ભાવુક સમાજ નામી કરતા નામને શ્રેષ્ઠ કહે છે-

''કહઉં નામુ બડ રામ તેં નિજ વિચાર અનુસાર''

(રા.ચરિ.બા.કા.-૨૩)

અથવા- પ્રભુના જનોને પ્રભુથી શ્રેષ્ઠ માને છે. સ્વયં ભગવદ્વાક્ય છે- **'મદ્ભક્ત પૂજાભ્યધિકા'** (ભા.૧૧/૧૯/૨૧) એ જ પ્રકારે સાચા ભાવુક ધામને ધામીથી શ્રેષ્ઠ માને છે.

'વિપિનરાજ સીમા કે બાહર હરિહૂ કો ન નિહારે'

(શ્રી ભટ્ટજી)

વૃન્દારણ્યં ત્યજેતિ પ્રવદતિ યદિ કોઽપ્યસ્ય જીહ્વા છિનદ્મિ ।
શ્રી મદ્વૃન્દાવન્માં યહિ નયતિ બલાત્તત કોઽપિતં હન્મ્યવશ્યમ્ ।।
કામં વેશ્યામુપેયાં નખલુ પરિણયાયાન્વતો યામિકામં ।
ચૌર્યં કુર્યા ધનાર્થં ન તુ ચલતિ પદં હન્ત વૃન્દાવનાન્મે ।।

(શતક૨/૧૫)

જો કોઈ વૃન્દાવન ત્યાગની ચર્ચા પણ કરશે તો એની જીભ કાપી લઈશ. બળથી વૃન્દાવનની બહાર લઈ જશે તો એને સમાપ્ત કરી દઈશ. ભોગેચ્છા થશે તો ભલે વેશ્યાનો સંગ કરી લઈશ, પરંતુ વિવાહ માટે અન્યત્ર નહીં જાઉં. ધન માટે ચોરી પણ કરી લઈશ, પરંતુ વૃંદાવનની બહાર એક પગ પણ નહીં જઉં.

સ્વયં શ્રી ભગવાનનું કથન છે-

''પઞ્ચયોજનમેવાસ્તિ વનં મે દેહરુપકં''

(બૃ.ગૌ.તં)

ધામ સાક્ષાત્ ભગવદ્રુપ છે. ભાગવતકારનું પણ આ જ કથન છે-

''હરેર્નિવાસાત્મગુણૈ રમાક્રીડમભૂન્નૃપ''

(ભા. ૧૦/૫/૧૮)

આ વ્રજમંડળ ૩ વિશેષ કારણોથી રમાનું આક્રીડ સ્થળ બન્યું.

૧. હરેર્નિવાસ- ભગવાનનો નિત્ય નિવાસ હોવાથી.

૨. આત્મ- ભગવાનનું શરીર હોવાથી.

૩. ગુણ- એમના જ સમાન ગુણવાન હોવાથી

અને ભક્તિદેવીએ તો અહીં સુધી કહી દીધું-

વૃન્દાવનં પુનઃ પ્રાપ્ય નવીનેવ સુરુપિણી ।
જાતાહં યુવતી સમ્યકપ્રેષ્ઠરુપા તુ સામ્પ્રતમ્ ।।

(ભા.મા. ૧/૫૦)

કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત જઈને વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થઈ, હું જ્યારે વૃન્દાવન પહોંચી ત્યારથી પુનઃ પરમ સુંદરી-સુરુપવતી-નવયુવતી થઈ ગઈ છું.''

વૃન્દાવનસ્ય સંયોગાત્પુનસ્ત્વં તરુણી નવા।
ધન્યં વૃન્દાવનં તેન ભક્તિર્નૃત્યતિ યત્ર ચ ।।

(ભા.મા. ૧/૬૧)

આ જ વાતને નારદજી કહે છે કે આ વૃન્દાવન ધામ ધન્ય છે, જેના સંયોગથી ભક્તિ નવીન તરુણાવસ્થાને પ્રાપ્ત થઈ નૃત્ય કરી રહી છે.

ધામ મહિમા

મહાવાણીમાં ધામ મહિમા-

યહી હૈ ભૂલિ ભરમો ન કોઈઉ ભૂલિ ભરમે તે ભવ ભટક મરિ હૌ।
લાડિલી લાલ કે નિત્ય સુખસાર બિન કૌન વિધિ વાર તે પાર પરિહૌ ।।
એક અનન્ય કી ટેક ઉરમેં ધરૌ, પરિહરૌ ભર્મ જ્યૌ ફૂલ ફરિ હૌ ।
શ્રી હરિપ્રિયા કે પરમપદ પાસ હી, આશુ અનિવાસ હી વાસ કરિહૌ ।।

(મહાવાણી-૨૯૫)

છીત સ્વામીજીએ પણ આ જ વ્રજભૂમિની યાચના કરી છે-

અહો વિધના તો પૈ અઁચરા પસારિ માઁગૌ, જનમુ-જનમુ દીજૈ યાહી બ્રજ બસિ લૌ ।
અહીર કી જાતિ, સમીપ નંદ ઘર ધરી ધી શ્યામ હેરિ હેરિ સઁસિવૌ ।।
'છીત સ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, સરદ રૈનિ રસ-રાસ કૈ, બિલસિવૌ ।।

ગોવિંદ સ્વામીની વ્રજનિષ્ઠા-

કહા કરોં વૈકુંઠહિ જાય ।
જહાં નહીં વંશીવટ યમુના ગિરિગોવર્ધન નન્દ કી ગાય।।
જહાં નહીં યહ કુંજ લતા દુમ મંદ સુગન્ધ બહત નહિ વાય ।
કોકિલ હંસ મોર નહિં કૂજત, તાકો બસિલો કાહિ સુહાય ।।
જહાં નહીં વંશી ધુનિ બાજત કૃષ્ણ ન પુરવત અધર લગાય ।
પ્રેમ પુલક રોમાંચ ન ઉપજત, કાનવચ ક્રમ આવત નહીં ધાય ।।
જહાં નહીં, યહ ભુલિ વૃન્દાવન, બાબા નન્દ યશોમતિ માય ।
'ગોવિન્દ' પ્રભુ તજિ નન્દ સુવન કો, બ્રજ તજિ વહાઁ મેરી બસૈ બલાય ।।
''જયતિ તેઽધિકં જન્મના વ્રજઃ શ્રયત ઇન્દિરા શશ્વદત્રહિ''

(ભા. ૧૦/૩૧/૧)

તેથી જ તો ઇંદિરા પણ શાશ્વતનો આશ્રય લઈ બેઠી છે.

બ્રહ્માજી પર પ્રસન્ન થઈ પ્રભુએ પોતાનું નિગૂઢ રહસ્ય સ્પષ્ટ કર્યું-

શ્રી ભગવાનુવાચ -
યાવાનહં યથાભાવો યદ્રુપગુણકર્મકઃ ।
તથૈવ તત્વવિજ્ઞાનમસ્તુ તે મદનુગ્રહાત્ ।।

(ભા. ૨/૯/૩૧)

યાવાનહં- જેટલો હું છું, 'હું' થી તાત્પર્ય મારૂં ધામ અને મારા પરિકર. યથાભાવ- નિત્ય સત્તા ભગવાનનું રૂપ, ગુણ અને લીલાઓ આ બધું પણ સ્વયં ભગવાન છે. **માતા કુન્તીએ કહ્યું- ''ભગવલ્લીલા ગાવાથી અતિશીઘ્ર ભગવદ્ પ્રાપ્તિ થઈ જાય છે''** અને આ લીલાની નિષ્પત્તિ ધામ અને પરિકર વિના અશક્ય છે. તેવી કારુણ્ય-કલ્લોલિની-રાસોત્સવોલ્લાસિની શ્રી રાધાની અમિત કૃપા-દયાથી જ ધામનું ધરા પર અવતરણ થયું. જે સમયે વારાહ પ્રભુના દન્તાગ્ર પર પૃથ્વી સ્થિર હતી, પૃથ્વીએ પ્રશ્ન કર્યો- ''પ્રભુ! સંપૂર્ણ સંસાર પ્રલય જળથી ભરાયેલો છે. તેથી આપ મને ક્યાં સ્થાપિત કરશો? પ્રભુએ કહ્યું- ''જ્યાં વૃક્ષો દેખાશે, ત્યાં તમારી સ્થાપના થશે.'' કિન્તુ પ્રભો! મારા વિના વૃક્ષો ક્યાં હશે? હું જ તો તેમનું એકમાત્ર આશ્રયસ્થાન છું.''

''શું કોઈ બીજી પણ ધરતી છે?'' પૃથ્વીએ પૂછ્યું, ત્યાં સુધી થોડીક વૃક્ષાવલી દેખાઈ. ''આ કયું સ્થાન છે પ્રભો!'' સવિસ્મિત પૃથ્વીએ પૂછ્યું-

માથુરં મંડલં દિવ્યં દૃશ્યતૈડગ્રે નિતંબિનિ।
માથુરં મંડલં દિવ્યં પ્રલયેડપિ ન સંહૃતમ્ ।।

(ગ.સં. ૧/૫૩)

શ્રી ભગવાન બોલ્યા- ''આ બધું વ્રજ મંડલ છે. જે ગોલોકથી સંયુક્ત છે. પ્રલયમાં પણ આનો સંહાર નથી થતો.''

ફણિ પર રવિ તર નહિ વિરાટ મહઁ નહિં સન્ધ્યા નહિ પ્રાત।
માયાકાલ રહિત નિત નૂતન કબહુઁ નાહિં નસાત ।।

(વ્યાસજી)

આ ધામ માયાતીત, કાલાતીત છે. આના આશ્રયથી મનુષ્ય પણ કાલાતીત થઈ જાય છે. સદા સુલભ હોવાથી વૈકુંઠથી પણ શ્રેષ્ઠ છે-

''અહો મધુપુરી રમ્યા વૈકુંઠાચ્ચગરીયસી''

(વા.પુ.)

આ ધામ માટે ભગવાન પોતાનું નિત્યધામ વૈકુંઠ પણ ત્યાગી દે છે-

હરિરપિ નિજલોકં સર્વથાતો વિહાય ।
પ્રવિશતિ હૃદિ તેષાં ભક્તિસૂત્રોપનધ્વઃ ।।

(ભા.મા. ૩/૭૩)

વૈકુંઠ અપ્રાપ્ય છે પરંતુ આ અવિરતધામ, આ પુરીઓ અપ્રાપ્ય નથી. આ સદા-સર્વદા સુલભ છે. જે રીતે ભગવાન જન-કલ્યાણાર્થ અવતાર ગ્રહણ કરે છે-

સોઈ જસ ગાઈ ભગત ભવ તરહીં।
કૃપાસિંધુ જનહિત તનુ ધરહીં ।।

(રા.બા.કા.૧૨)

એ જ રીતે ધામ પાપાત્માઓ પર પણ દયા કરે છે-

યે ક્રૂરા અપિ પાપિનો ન ચ સતાં સમ્ભાષ્ય દૃષ્યાશ્ચ યે ।
સર્વાન્વે સ્તુતયા નિરીક્ષ્ય પરમ સ્વારાધ્ય બુદ્ધિર્મમ ।।

(રા.સુ.નિ. ૨૬૪)

આવા પરમોદાર ધામના અચિન્તય મહાત્મ્યને સમજી શકવું ભગવદ્કૃપૈકગમ્ય છે. વ્રજમાં જે પણ જીવ છે એમના ક્રોધ, દ્વેષ જ્યારે સહન કરી લેવાય છે તો તરત ધામ વાસ મળી જાય છે. આ ધામ જ નિત્ય ધામની પ્રાપ્તિ કરાવે છે. અહીંના નિવાસ માત્રથી અપ્રાપ્ય નિત્યધામ સહજ પ્રાપ્ત થઈ જાય છે.

ભગવદ્વાક્ય-

જન્મભૂમિ મમ પુરી સુહાવનિ । ઉત્તર દિસિ બહ સરજૂ પાવનિ ।
જા મજ્જન તે બિનહિ પ્રયાસા। મમ સમિપ નર પાવહિં બાસા ।।

(રા.ઉ.કાં. ૪)

જીવો પર ધામ મહારાજની કૃપાથી નિત્ય ધામ અને નિત્ય લીલા પ્રાપ્તિ સહજ છે-

ય એષોઽન્તરાદિત્યે હિરણ્મયઃ પુરુષો દૃશ્યતે ।
હિરણ્યશ્મશ્રુર્હિરણ્યકેશ આ પ્રણખાત્સર્વ એવ સુવર્ણઃ ।।

(છા.ઉપ. ૧/૬/૬)

સુવર્ણમય એ પુરુષ જેના વાળ ઇત્યાદિ બધું જ ચિન્મય છે. નખ-શિખ સુધી દિવ્યત્વથી ભરેલા છે. જે રીતે સૂર્યલોકનો ધામી સૂર્ય દૃષ્ટિગોચર થાય છે, તે જ રીતે અહીં ધામમાં ધામીનું ચિન્મય સ્વરૂપ દિવ્ય દૃષ્ટિગોચર થાય છે.

સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ

યો વેદ નિહિતં ગુહાયાં પરમે વ્યોમન્ ।
સોઽશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતેતિ ।।

(તૈતી. ઉપ. ૨/૧/૨)

પરમે વ્યોમન્ અર્થાત્ ધામ, ધામમાં ધામના અધિદેવનું રૂપ સગુણ સાકાર થાય છે. ધામમાં જીવ બ્રહ્મની સાથે દિવ્ય સૌગન્ધ્ય, સૌશબ્દ્ય, સૌસ્પર્શ્ય આદિનો ઉપભોગ કરે છે. આવા ધામની મહિમા દુષ્પ્રવેશ છે-

યદ્રાધા-પદ-કિંકરીકૃતહૃદાં સમ્યગ્ભવેન્દો ચરં ધ્યેયં
નૈવ કદાપિ યદ્દદિ બિના તસ્યાઃ કૃપા-સ્પર્શતઃ ।
યત્પ્રેમામૃતસિન્ધુસાર૨સદં પાપકૈભાજામપિ
તદ્દન્દાવન દુષ્પ્રવેશ્યમહિમાશ્ચર્યં હૃદિ સ્ફૂર્જતુ ।।

(રા.સુ.નિ. ૨૬૫)

ધામવાસ કદાપિ નિષ્ફળ જતો નથી. કલ્પોના અન્તરાલ ઉપરાંત પણ આના ફળની પ્રાપ્તિ થાય છે, જેમકે કાકભુશુંડિજીને થઈ. દુર્ભિક્ષના કારણે એક વાર તેઓ ઉજ્જૈન ચાલ્યા ગયા. ત્યાં શૈવોપાસના કરવા લાગ્યા. સાથે જ વિષ્ણુદ્રોહ પણ કરવા લાગ્યા. ગુરુએ સમજાવ્યા પણ, વિપરિત મતિ હોવાના કારણે ગુરુમાં જ અભાવ ઉત્પન્ન થઈ ગયો. અનન્યતાની ઓટમાં સંકીર્ણતાનું પોષણ અને ગુરુદ્રોહ કરવા લાગ્યા. એક સમયે ગુરુને પ્રણામ ન કર્યા. ગુરુનો પરમોદાર હૃદયે ધ્યાન પણ ન આપ્યું. પરંતુ શશાંકશેખર શમ્ભુ આ અરરાધ પૂર્ણ સંકીર્ણતાને સહી ના શક્યા અને શાપ આપી દીધો, ''જા! તામસી યોનિમાં ચાલ્યો જા, એક હજાર વાર અને જન્મ-મરણને પ્રાપ્ત કર.'' શાપથી કોમળ હૃદય ગુરુને સંતાપ થયો અને તેઓએ રુદ્રાષ્ટક દ્વારા શિવસ્તુતિ કરી, સાથે જ પ્રાર્થના કરી- ''હે શમ્ભો! આ બિચારો જીવ છે, આપ એના પર કૃપા કરો, જેથી આપનો શાપ એના માટે વર બની જાય.'' ગુરુની સાધુતા પર પ્રસન્ન થઈને શમ્ભુએ કહ્યું-

''આ સહસ્ર વાર જન્મ-મૃત્યુ તો નિશ્ચિત પામશે, પરંતુ એના દુઃસહ કષ્ટથી ઉન્મુક્ત થઈ જશે. એ સિવાય કોઈપણ જન્મમાં એનું જ્ઞાન નષ્ટ નહીં થાય.''

રઘુપતિ પુરીં જન્મ તક ભયઉ ।
પુનિ તૈં મમ સેવાઁ મન દયઉ ।।

(રા.ઉ.કા. ૧૦૯)

કાકભુશુંડિને શિવવચન- ''હે શુદ્ર! કેટલાંક કારણોથી તને આ વિશેષ કૃપાની પ્રાપ્તિ થઈ છે-પ્રથમ તો તારો જન્મ ધામમાં, શ્રી રાઘવેન્દ્ર સરકારની પુરીમાં થયો, બીજું તે તારૂં મન મારામાં સંજોયું. ધામની કૃપા અને મારી કૃપાથી તારા હૃદયમાં રામભક્તિનો ઉદય થશે.'' શાપના સહસ્ર વર્ષ થવામાં જ હતા. ચરમ શરીરમાં લોમેશજીના શાપથી કાગડો બની ગયા. પરંતુ શાપનો કોઈ પ્રતિકાર ન કર્યો. ત્યારે સપ્રસન્ન ઋષિએ રામમંત્ર આપીને અનેક દુર્લભ વર આપ્યા. રામભક્તિનું વર, ઇચ્છામૃત્યુનું વર, જ્ઞાન-વૈરાગ્યથી નિધાન થવાનું વર, જ્યાં પણ રહેશો, એક યોજન સુધી માયા દૂર દેશમાં રહેશે, વગર શ્રમે ભગવચ્ચરિત્રનું સમ્યક જ્ઞાન. તો આ તમામ દુર્લભ વરોનું મુખ્ય કારણ ધામવાસ હતું. કાકભુશુંડિ કહે છે- ''હજી પણ જ્યારે-જ્યારે અવધપુરી (અવતરિત) ધામમાં પ્રભુ લીલા કરે છે, હું પહોંચીને દર્શનાનન્દ પ્રાપ્ત કરું છું.''

જબ જબ અવધપુરી રઘુ બીરા । ધરહિં ભગત હિત મનુજ સરીરા ।।
તબ તબ જાઈ રામપુર રહઉં। સિસુલીલા બિલોકિ સુખ લહઉં ।।

(રા.ઉ.કા. ૧૧૪)

આ તો રામોપાસનાની ચર્ચા હતી. કૃષ્ણોપાસનામાં પણ આપણે જોઈએ છીએ- 'ગર્ગસંહિતા' ગિરિરાજ ખંડમાં વિજય બ્રાહ્મણની ચર્ચા થઈ. એક રાક્ષસ કે જે પૂર્વજન્મમાં ધનાઢ્ય વૈશ્ય હતો. કેટલાય કલ્પો સુધી કષ્ટ ભોગવ્યા બાદ **ગિરિરાજજીની એક શિલા સ્પર્શથી એને ભગવદ્ધામની પ્રાપ્તિ થઈ ગઈ.** (આ કથા આગળ ગિરિરાજીમાં સવિસ્તૃત આપેલી છે) કથનાશય છે કે ધામવાસ અમોઘ છે, એ ક્યારેય વ્યર્થ નથી જતો. ધામવાસનું ફળ અવશ્ય મળે છે. આ અનેક કલ્પો પછી પણ પોતાનો પ્રભાવ દેખાડે છે. શ્રીઠાકુરજીનો અવતાર કૃપાપરવશ થાય છે-

અનુગ્રહાય ભૂતાનાં માનુષં દેહમાસ્થિતઃ ।
ભજતે તાદૃશીઃ ક્રીડા યાઃ શ્રુત્વા તત્પરો ભવેત્ ।।

(ભા. ૧૦/૩૩/૩૭)

અહીં 'તાદૃશી ક્રીડા' થી તાત્પર્ય છે, પ્રભુ એવી લીલા કરે છે જેનાથી જીવ તત્પરતાને પ્રાપ્ત થઈ જાય. આ રાસલીલા એમની અનુગ્રહ લીલા છે. પ્રભુ ભક્તો માટે નાચે છે, ચોરી કરે છે, દધિદાન લે છે, છેડછાડ કરે છે, ભક્તોની ચાકરી કરે છે. ઉત્તરાના ઘૃણિત ગર્ભમાં પ્રવેશ કરે છે, માધવદાસ જેવા ભક્તોની સંગ્રહણીમાં મળ-મૂત્ર પણ ધુએ છે, ભીલડીના એંઠા બોરને ખાય છે, ગ્વાલોનું એંઠુ પણ ખાય છે-

''ગ્વાલન કર તે કૌર છુડાવત
હા-હા કરકે માંગ લેત હૈ કહત મોહિ અતિ ભાવત''

(સૂરદાસજી)

આ બધી અનુગ્રહ લીલાઓ છે. ધામવતાર એમની કૃપા લીલાનો પૂરક છે. ધામનો અવતાર પ્રભુની ઇચ્છાપૂર્તિ હેતુ હોય છે-

''ચારિ ખાનિ જગ જીવ અપારા।
અવધ તજેં તનુ નહિં સંસારા ।।''

(રા.બા.કા. ૩૫)

અને પ્રભુની ઇચ્છા છે કે જીવ વિના શ્રમે, વિના વિલંબે મારી સમીપ આવી જાય.

ધ્રુવસ્તુતિ અંતર્ગત પ્રભુને અનુગ્રહ કાતર કહેવામાં આવ્યા છે-

સત્યાડડશિષોહિ ભવવંસ્તવ પાદપદમ
માસીસ્તથાનુભજતઃ પુરૂષાર્થમૂર્તેઃ।
અપ્યેવમર્ય ભગવાન્ પરિપાતિ દીનાન્
વાશ્રેવ વત્સકમનુંગ્રહ કાતરોડસ્માન્ ।।

(ભા. ૪/૯/૧૭)

અહીં પ્રભુને વાશ્રા કહેવાયા છે, વાશ્રા (અલબ્યાઈ ગાય) પોતાના સદ્યોત્પન્ન વત્સની ગર્ભમાંથી આવેલી ગંદગીઓને પણ રુચિપૂર્વક ચાટે છે અને એને શુભ્ર બનાવી દે છે. એને એ ગંદકીઓને ચાટવામાં પણ આનંદાનુભૂતિ થાય છે.

આ જ રીતે ધામજીવના અક્ષમ્ય અપરાધોને ચાટી જાય છે. આ ધામે જગતજનની શ્રી સીતાજીના નિંદક નર-નારીઓના અક્ષમ્ય પાપસમૂહોને નષ્ટ કરી એમને શોકરહિત કરીને ગોદમાં રાખ્યા-

પ્રનવઉં પુર નર-નારિ બહોરી ।
મમતા જિન્હ પર પ્રભુહિ ન થોરી ।।
સિય નિંદક અધ ઓધ નસાએ।
લોક બિસોક બનાઈ બસાએ ।।

(રા.બા.કા. ૧૬)

બ્રહ્માજીના પણ ગ્વાલ-બાલ અને વત્સ-હરણના પાપને ધામની પરિક્રમાએ જ નષ્ટ કર્યા હતા. ત્રિઃપરિક્રમ્ય-બ્રહ્માજીએ વ્રજની ત્રણ પરિક્રમા કરી. (ભા. ૧૦/૧૪/૪૧)

''બ્રજ પરિક્રમા કરહુ દેહ કો પાપ નસાવહુ''

(સૂરદાસજી)

ધામીથી અધિક અનુગ્રહ વાત્સલ્યપૂર્ણ છે આ ધામ. તેથી જ તો પ્રભુ શ્રીરામે કહ્યું-

જદ્યપિ સબ વૈકુંઠ બખાના।
બેદ પુરાન બિદિત જગુ જાના ।।
અવધપુરી સમ પ્રિય નહિં સોઉ।
યહ પ્રસંગ જાનઈ કોઉ કોઉ ।।

(રા.ઉ.કા. ૪)

પુનઃ પુનઃ આને 'વૈકુંઠાચ્યપરાત્પરં' કહ્યું પરંતુ આની આ અદ્‌ભૂત મહિમા અતર્કય બુદ્ધિથી જ ગમ્ય છે. અસત્ તર્કધામ મહિમા જ્ઞાનનો અવરોધક છે-

ઋષિ વિદન્તિ મુનયઃ પ્રશન્તાત્મેન્દ્રિયાશયાઃ ।
યહા તદેવાસત્તર્કૈસ્તિરોધીયેત વિપ્લુતમ।।

(ભા. ૨/૬/૪૦)

તેથી જ તો કહ્યું-**'યહ પ્રસંગ જાનઈ કોઉ-કોઉ।'** સાત્વિક શ્રદ્ધાવાન જ નિસ્તર્ક વિશ્વાસ કરે છે. પ્રત્યેક કલ્પમાં નિત્ય ધામનું ધરા પર જ્યારે અવતરણ થાય છે તો તે પુરી રૂપ થઈ જાય છે. જેમકે સાકેત અવધપુરી થઈ ગયું-

રામ ધામદા પુરી સુહાવનિ।
લેકિ સમસ્ત બિદિત અતિ પાવનિ ।।

(રા.બા.કા. ૩૫)

ગોલોક મધુપુરી થઈ ગયું-

''અહો મધુપુરી ધન્યા વૈકુંઠાચ્ચ ગરીયસી''

(વા.પુ.)

પુરીની કૃપાથી, પુરીના આશ્રયથી જીવ ભગવદ્‌પ્રિયતા પ્રાપ્ત કરી લે છે.

શ્રી રામ વાક્ય-

અતિ પ્રિય મોહિ ઈહાઁ કે બાસી।
મમ ધામદા પુરી સુખ રાસી ।।

(રા.ઉ.કા. ૪)

આ પુરીઓ નિત્ય ધામદા છે. ધામનો અવતાર કેવળ પાપીઓ પર અનુગ્રહ કરવા માટે થાય છે. અહીંની પુનિત નદીઓના દર્શન, સ્પર્શ, સ્નાન અને જલ-પાન જ પાપોનો મૂળોચ્છેદ કરી દે છે-

દરસ પરસ મજ્જન અરુ પાના।
હરઈ પાપ કહ બેદ પુરાના ।।

ભગવતી સરસ્વતી પણ આ મહિમાનું સ્વલ્પ જેવું વર્ણન નથી કરી શકતી. પછી અન્ય દેવ-દેવોની તો વાત જ શું?

નદી પુનીત અમિત મહિમા અતિ।
કહિ ન સકઈ સારદા બિમલ મતિ ।।

(રા.બા.કા. ૩૫)

કદા વા ખેલન્તૌ વ્રજનગરવીથીષું હૃદયં ।
હરન્તૌ શ્રીરાધાવ્રજપતિકુમારૌ સુકૃતિનઃ ।।
અકસ્માત્કૌમારે પ્રકટનવકૈશોરવિભવૌ ।
પ્રપશયન્ પૂર્ણઃ સ્યાં રહસિ પરિહાસાદિનિરતૌ ।।

(રા.સુ.નિ. ૬૫)

પરમ પાતકીઓને પણ પ્રેમામૃત-સાર-સિન્ધુ પ્રદાન કરનારા ધામનો મોટો જ દુર્ગમ મહિમા છે. આ પુરીઓના પ્રભવથી પૃથ્વીની કીર્તિ કૌમુદી ચતુર્દિકમાં પ્રસારિત થઈ રહી છે.

વૃન્દાવન સખી ભુવો વિતનોતિ કીર્તિ યદેવકીસુતપદામ્બુજલબ્ધલક્ષ્મિ।
ગોવિન્દવેણુ મનુમત્તમયૂરનૃત્ય પ્રેક્ષ્યાદિઆન્વપરતાન્યસમસ્ત સત્યમ્ ।।

(ભા. ૧૦/૨૧/૧૦)

પુરીઓમાં લીલાનો વિકાસ થાય છે. આમાં દુષ્ટ પાપી લોકો પણ પ્રવેશ કરે છે અને એમનું કલ્યાણ થાય છે. પુરીના શ્રદ્ધા સહિત સેવનથી નિશ્ચિત નિત્ય ધામની પ્રાપ્તિ થાય છે.

સબ વિધિ પુરી મનોહર જાની। સકલ સિધ્ધિપ્રદ મંગલ ખાની ।।

(રા.બા.કાં. ૩૫)

પૃથ્વી પર ધામનું પુરી રૂપમાં અવતાર એક નિશ્ચિત સ્થાન પર થાય છે. જે સમયે શ્રી ભરતજી રામ રાજ્યાભિષેક માટે અનેકાનેક તીર્થ અને સમુદ્રોના જળ લઈને ચિત્રકૂટ પહોંચ્યા તો પ્રભુએ અભિષેક સ્વીકાર ન કર્યો.

પ્રશ્ન એ થયો કે હવે તીર્થ જળને રાખવું ક્યાં? ત્યારે ત્યાં અત્રિ મુનિએ કહ્યું-

અત્રિ હેઉ તબ ભત સન સૈલ સમીપ સુકૂપ।
રાખિઅ તીરથ તોય તહઁ પાવન અમિઅ અનૂપ ।।

(રા.અયો.કાં. ૩૦૧)

''આ ગિરિની સમીપ એક સુંદર કૂપ છે, એમાં આ અમૃતતુલ્ય તીર્થજળને સ્થાપિત કરી દો.'' એ જ કૂપ ''ભરતકૂપ'' નામથી પ્રસિદ્ધ થયો-

તાત અનાદિ સિધ્ધ થલ એહૂ। લોપેઉ કાલ બિદિત નહિં કેહૂ।।

(રા.અયો.કાં. ૩૧૦)

આ અનાદિ સિદ્ધ સ્થાન છે. કાળપ્રભવથી આ લુપ્ત થઈ ગયો હતો એટલે એને કોઈ જાણતું નહોતું. અર્થાત્ આ પુરિઓ અથવા લીલા ભૂમિઓ લુપ્ત પણ થઈ જાય છે. પૃથ્વી પર હોવાથી ત્યારે તેમને સિદ્ધ મહઙ્કન પ્રકટ કરે છે, એ જ પ્રકારે વ્રજ ભૂમિ કે જે ઘણી વાર લુપ્ત થઈ, જેને સમય-સમય પર મહાપુરુષોએ, આચાર્યોએ પ્રકટ કરી, જે અનાદિ સિદ્ધ સ્થળ છે, એને બીજા કોઈપણ સ્થાન પર રાખી ન શકાય. જેવી રીતે ભરતજીએ આ તીર્થજળ અન્ય સ્થળે સ્થાપિત ન કરીને ભરતકૂપમાં જ સ્થાપિત કર્યું.

૨જ મહિમા

શ્રીઆદ્ય શંકરાચાર્ય

શંકરાવતાર આદ્ય શંકરાચાર્યજીએ જે સમયે ભારતભૂમિમાં ભક્તિની પુનીત મંદાકિની પ્રવાહિત કરી, જેનાથી જન-જનનું માનસ પંકજથી આપ્લાવિત થઈ ગયું. આપના કૃષ્ણ ભક્તિ પ્રચાર-પ્રસાર વિશે ભક્તમાળના પ્રણયનકર્તા શ્રી નાભાજી મહારાજ કહે છે- **''કલિયુગ ધર્મ પાલક પ્રગટ આચારજ શંકર સુભટ''** અને ભક્તમાળના પ્રસિદ્ધ ટીકાકાર શ્રીપ્રિયા દાસનું કથન છે- **''વિમુખ સમૂહ લૈકે કિયે સનમુખ સ્યામ અતિ અભિરામ લીલા જગ વિસતારી હૈ।''**

આપે સુદિવ્ય પ્રભાવથી ભગવદ્ વિમુખોને હરિભક્ત (વૈષ્ણવ) બનાવી દીધા. નાસ્તિકવાદનું ખંડન કરીને કૃષ્ણલીલાનો વિસ્તાર કર્યો. આપના દ્વારા રચિત **''ભજ ગોવિંદં ભજ ગોવિંદં''** (ચર્પટ પંજરિકા) મોહમુદ્ગરમાં તો આદ્ય શંકરાચાર્યજીએ વ્રજરાજ શ્રીકૃષ્ણની ભક્તિનું પ્રતિપાદન કરતા કૃષ્ણભક્તિની શિક્ષા પર વિશેષ પ્રકાશ પાડ્યો છે અને ''પ્રબોધ સુધાકર'' નામના ગ્રંથમાં તો આપે સ્પષ્ટરૂપે પરતત્વના રૂપમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણની જ મહિમાનું નિરૂપણ કર્યું છે-

યદ્યપિ સાકારોપ્યં તથૈકદેશી વિભાતિ યદુનાથઃ।
સર્વગતઃ સર્વાત્મા તથાપ્યં સચ્ચિદાનંદઃ ।।

(પ્રબોધ સુધાકર)

ભારત ભ્રમણ કરતાં જ્યારે આપ શિષ્યો સહિત વ્રજભૂમિ સમીપે આવ્યા ત્યારે એક વિલક્ષણ નિયમોલંઘન આપે કર્યું. યાત્રાકાળમાં જ્યાં પણ આચાર્યપાદ બિરાજતા, આસન ગ્રહણ કર્યા પછી પૂર્વ સેવક શિષ્યો દ્વારા તેટલી ભૂમિનો ભાગ ખોદવામાં આવતો, લીંપવામાં આવતો, જળથી સિંચવામાં આવતો, રજશુદ્ધિની દ્રષ્ટિએ પરંતુ જ્યારે વ્રજદેશ તરફ આગળ વધ્યા તો આદ્યાચાર્યએ ભૂમિ-ખનનનો નિષેધ ફરમાવ્યો. શિષ્ય સમાજ વિસ્મયાન્વિત હતો, ગુરૂદેવને શું થઈ ગયું છે? ચાલો, ભૂમિ-ખનન નહીં તો ભૂમિ-માર્જન તો કરીએ. પરિમાર્જિત ભૂમિ પર વિરાજિત થઈ ગયા. વ્રજની થોડા વધુ નિકટ પહોંચ્યા તો ભૂમિમાર્જન પણ નિષેધ કરી દીધું, જલસિંચિત ભૂમિ ઉપર બેસી જતા. વ્રજની પાવન અવનિમાં જ્યારે પ્રવેશ થયો તો રસમય બ્રહ્મના નવીન ફેણથી

હૃદયપટલ ફેનિલ થઈ ઉઠ્યું- ''હવે જળસિંચનની પણ આવશ્યકતા નથી'' કહીને ચારે બાજુ વ્રજ-રજથી લોટપોટ થવા લાગ્યા.

શિષ્યવૃંદ- ''ગુરૂદેવ! આપ આ શું કરી રહ્યા છો?'' શિષ્યો દ્વારા પૂછવામાં આવતાં કૃષ્ણ ભાવભાવિત યતિની વાણી મુખર થઈ ઉઠી અને ઉત્તર રૂપે અત્યંત સુંદર ગોવિંદાષ્ટક ગાયું-

''गोष्ठप्राङ्गणरिङ्गणलोलमनायासं परमायासम्''

(ગોવિંદાષ્ટકમ્)

''અરે, બ્રહ્મચરણકંજની કિંજલકણિકાથી અભિષિક્ત આ શુચિત વ્રજરજ સુરેન્દ્રાભિલષિત છે.'' (દેવતાઓ પણ જેની કામના કરે છે.)

શ્રીમદ્ વલ્લભાચાર્ય

ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં પુષ્ટિ સિદ્ધાંતાચાર્ય ''શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુજી''એ પણ આ જ મત સુસ્પષ્ટ પ્રગટ કર્યો.

એક વખત આચાર્યપાદ વ્રજમાં પધાર્યા, સાથે ભગવદીય પ્રભુદાસ જલોટા હતા. શ્રી ગોવર્ધનમાં આવીને ગોપાલલાલ ને સ્થળભોગ લગાવ્યો અને પ્રભુદાસજીને આજ્ઞા કરી- ''આ પ્રસાદ આપ લઈ લો.'' પ્રભુદાસજી બોલ્યા- ''જૈ જૈ! મૈં સ્નાન નથી કર્યું.'' સાંભળીને આચાર્યપાદ સસ્મિત મુખે બોલ્યા-

वृक्षे वृक्षे वेणुधारी पत्रे पत्रे चतुर्भुजः ।
यत्र वृन्दावन तत्र लक्ष्यालक्ष्यकथा कुतः ।।
जलादपि रजः पुण्यंरजसोऽपि जलं वरम् ।
यत्र वृन्दावनं तत्र स्नात्वास्नात्वाकथा कुतः ।।

(ચોર્યાસી વૈષ્ણવની વાર્તા)

વ્રજસ્વરૂપની ઝાંખી કરાવતા કહ્યું -''પ્રભુદાસ! જુઓ અહીં વૃક્ષે-વૃક્ષે વેણુધારી વિરાજમાન છે અને પ્રત્યેક પર્ણ પર ચતુર્ભુજ (ઐશ્વર્યમય દર્શન) વૃંદાવનમાં ગ્રાહ્ય-ત્યાજ્ય જ નિષિદ્ધ છે. જળથી રજ શ્રેષ્ઠ છે અને રજથી શ્રેષ્ઠ જળ! તેથી અહીં સ્નાન-અસ્નાન અવિચારણીય છે, લો આ પ્રભુપ્રસાદ ગ્રહણ કરો.'' આચાર્યપાદે સ્નાન કર્યા વિના જ પ્રભુદાસ જલોટાને પ્રસાદ ગ્રહણ કરવાની આજ્ઞા કરી-

तावद्द्वयुग्ममनुकृष्य सरीसृपन्तौ घोषप्रघोषरुचिरं व्रजकर्दमेषु ।
तन्नादहृष्टमनसावनुसृत्य लोकं मुग्धप्रभीतवदुपेयतुरन्ति मात्रोः ।।

(ભા. ૧૦/૮/૨૨)

આ રજમાં પરબ્રહ્મ મૈયા દ્વારા સ્નાન કરાવ્યાથી પણ જો લ્હાવો મળતો હોય તો અન્ય કર્મકાંડનો વિચાર કરવાની ક્યાં જરૂર જ છે?

વિદુરજીની વ્રજયાત્રા

પુરેષ્વિતિમથુરાદિનગરેષુ પરમેશ્વરક્રીડાસ્થાનત્વાત્ ગોકુલનિકટ વૃન્દાવનાદ્યુપવનાનિઅદ્રિર્ગોવર્ધનાદિઃ કુંજા મિલતાગૃહાઃસર્વાણ્યેતાનિ ભગવત્સંબંધાત્પુણ્યજનકાન્યપિ ભક્તિજનકાનિઅપંકતોયેષ્વિતિ કૃષ્ણજલક્રીડાદિયોગ્યેપુસરિતાંસરસ્સુકાલીયાદિહ્રદેષુપર્યટને નિમિત્તમનંતમૂર્તેરાસાદિક્રીડનચિન્હૈઃ સમ્યગલંકૃતેષુજલસ્થલપ્રધાનેશ્વે -કાકીચરતિસ્મેત્યર્થઃ

(ભા. ૩/૧/૧૮, સુબોધિની)

આનંદકંદ પરમાનંદ બ્રજેન્દ્રનંદનની નિત્ય લીલાભૂમિના મથુરાદિનગર, વૃંદાવનાદિ પુણ્યોપવન, ગોવર્ધનાદિ પર્વત, ગહવરાદિ કુંજ (જે શ્રીજી-ઠાકુરજીની મિલનસ્થળી છે) શ્રીકૃષ્ણના યમુનાદિ જલક્રીડાસ્થળના સેવનથી પુણ્યોપલબ્ધિની સાથે ભગવદભક્તિ પણ પ્રાપ્ત થાય છે. અન્ય તીર્થ પુણ્યપ્રદાયક છે પરંતુ વ્રજધામ ઠાકુરજી સાથે નિત્યસંબદ્ધ હોવાને કારણે પુણ્યજનક તો છે જ, ભક્તિજનક પણ છે. આ બધાં વ્રજતીર્થોમાં વિદુરજીએ ભ્રમણ કર્યું. અનનંતર, અપંકતોય જ્યાં સુંદર જળ છે-

તન્મઞ્જુઘોષાલિમૃગદ્વિજાકુલં મહન્મનઃપ્રખ્યપયઃસરસ્વતા।
વાતેન જુષ્ટં શતપત્રગન્ધિના નિરીક્ષ્ય રન્તું ભગવાન્ મનો દધે ।।

(ભા. ૧૦/૧૫/૩)

જેમ મહાત્માઓનું મન નિર્મળ હોય છે, તે જ પ્રમાણે બધાં સરોવરોનું જળ પણ નિર્મળ છે, જેને નિહાળી પ્રભુ પ્રસન્ન થઈ રહ્યા છે.

કાલિય હ્રદાદિ આ બધાં ઠાકુરજીની જળક્રીડા યોગ્ય સ્થાનો છે. ઠાકુરજીની રાસાદિ ક્રીડાઓથી અલંકૃત ચરણચિહ્ન પહાડી પર છે.

''શ્રીનિકેતૈસ્તત્પદકૈર્વિસ્મર્તું નૈવ શન્કુમઃ''

(ભા.૧૦/૪૭/૫૦)

વ્રજના કણ-કણ શ્રીકૃષ્ણ ચરણોથી ચિન્હિત છે, આ બધાં સ્થળો પર કુરૂશ્રેષ્ઠ વિદુરજીએ રમણ કર્યું.

તીર્થના બે પ્રકારો બતાવ્યા-

૧. જળ પ્રધાન
૨. સ્થળ પ્રધાન

જળ પ્રધાન- યમુનાજી.... વગેરે. સ્થળ પ્રધાનઃ વૃંદાવન, બરસાના... વગેરે.

સર્વત્ર વિદુરજીએ અંતર્બાહ્ય નિયમ ગ્રહણ કરી તેમનું પાલન કરી એકાકી અટન (ભ્રમણ) કર્યું.

યાત્રાના આંતર્બાહ્ય નિયમોઃ

કૃષ્ણપ્રાપ્ત્યભાવાદ્વિરહેણતત્પ્રાપ્ત્ય એવ વ્રતાનિ કૃતવાન્ અત્રૈવંક્રમઃ અન્વેષણાર્થપ્રથમંપર્યટનં તર્તો તર્વર્હિર્નિયમાઃતતોડપિવ્રતાનિ તત્રમધ્યેએકાંતેધ્યાનાદ્યર્થમુપવેશનાદિરુપાસ્થિતિર્યસ્યેતિ.... વાત્રિકાલસ્નાનભૂશ યનાભ્યંગવર્જનાદયસ્ત્રયોગુણાદોષત્રયનિવારકાઃનન્વવેકંરણેવન્ધુભિઃ કથંન વદ્ધસ્તત્રાહ અલક્ષિતઃસ્વૈરિતિતત્રહેતુરવધૂતવેષઃ કૃત્રિમવેષધારીવ્રતાનિ ચત્વારિએકાદશ્યાદ્યુપવાસઃ સર્વભૂતદયા-યથાલાભસંતોષઃ સર્વેંદ્રિયોપશમશ્ચેતિ એતાનિભગવત્તોષહેતુભૂતાનિ

(ભા.૩/૧/૧૯.સુબો.)

યાત્રા કેવી રીતે કરશો?

અનન્ય બનીને યાત્રા કરો.

અનન્યનો અર્થ- **''અનન્યઃ સર્વત્ર શ્રીકૃષ્ણૈકદ્રષ્ટિ''**

દોષ દ્રષ્ટિથી તટસ્થ થઈ સર્વત્ર કૃષ્ણૈકદ્રષ્ટિ રાખો. અંતઃકરણને નિર્મળ કરનારા વ્રતોનો આધાર લો.

શ્રી ઠાકુરજી માટે વિરહભાવને હૃદયમાં સ્થપિત કરી અન્વેષણના નિમિત્ત કૃષ્ણદર્શનની લાલસાથી પર્યટન કરવું. કૃષ્ણપ્રાપ્તિ જ એકમાત્ર લક્ષ્ય ધારણ કરી ક્યારેક ગોકુલ ગમન કરવું, ક્યારેક બરસાના તો ક્યારેક અન્ય તીર્થોમાં. ક્યારેક એકાંત સ્થાનમાં ધ્યાન કરવું, ધ્યાનનો અર્થ- ભગવદ સેવા, સ્મરણ, કીર્તન, જપ, પાઠ આદિનું આચરણ. એક વાર મેધ્ય (પવિત્ર) ભોજન કરવું. ત્રૈકાલિક સ્નાન કરવું, ભૂ-શયન કરવું.

અભ્યંગ-શરીરના શ્રૃંગાર, તેલ લગાવવું, માલિશ કરવી વગેરે વર્જ્ય છે. અહીં ત્રણેય ગુણ, ત્રણેય દોષોના નિવારક છે.

૧. ત્રૈકાલિક સ્નાનથી અપવિત્રતાની નિવૃત્તિ.

૨. મેધ્યાહારથી પ્રમાદ (આળસ)ની નિવૃત્તિ.

૩. શ્રૃંગાર ન કરવાથી દેહાધ્યાસની નિવૃત્તિ.

૪. તીર્થાટન માટે ઉપયુક્ત અવધૂત વેષ ધારણ કરવો.

પ્રભુને જેનાથી સંતોષ પ્રાપ્ત થાય, એવા ૪ વ્રતોનું પાલન કરવું-

૧. એકાદશી ઉપવાસ તથા અન્ય વૈષ્ણવ વ્રતો.

૨. સર્વભૂતદયા - પ્રાણીમાત્ર પર દયા.

૩. યથાલાભ સંતોષ.

૪. સર્વેન્દ્રિય સંયમ.

આ તમામ વ્રતો ભગવત તોષના હેતુભુત છે. તેથી આ વ્રતોનું આચરણ કરવું.

યાત્રામાં સત્સંગ, ઉપાસના (નામસંકીર્તન) અત્યંત આવશ્યક છે. દરેક નિયમ, દરેક કર્મ પ્રભુના નિમિત્ત જ સત્કર્મ કે સદ્ધર્મ બને છે.

નારદ ઉવાચ-

ઈદં હિ પુંસસ્તપસઃ શ્રુતસ્ય વા સ્વિષ્ટસ્ય સૂક્તસ્ય ચ બુદ્ધિદત્તયોઃ।
અવિચ્યુતોડર્થઃ કવિભિર્નિરુપિતો યદુત્તમશ્લોકગુણાનુવર્ણનમ્ ।।

(ભા. ૧/૫/૨૨)

શ્રી બ્રહ્મોવાચ-

પુંસામતો વિવિધકર્મભિરધ્વરાદ્યૈર્દાનેન ચોગ્રતપસા વ્રતચર્યયા ચ।
આરાધનં ભગવતસ્તવ સત્ક્રિયાર્થો ધર્મોડર્પિતઃ કર્હિચિદ્ધિયતે ન યત્ર ।।

(ભા. ૩/૯/૧૩)

''પ્રભુને અર્પિત કરેલું પ્રત્યેક કર્મ અવિનાશી બને છે, જે ક્યારેય નષ્ટ નથી થતું અને આ જ અવિચ્યુત ધર્મ છે. યજ્ઞ, દાન, ઉત્કટ તપ, વ્રતાદિ તમામ સાધનોનું સૌથી મોટું ફળ પ્રભુની પ્રસન્નતા છે કારણકે પ્રભુના પ્રસન્ન થવા પર કાંઈ પણ અસાધ્ય નથી રહેતું. પ્રભુને અર્પણ કર્યા વિના ક્ષેમની પ્રાપ્તિ નથી થતી.''

શુક ઉવાચ-

સોડમૃતસ્યાભયસ્યેશો મર્ત્યમન્નં યદત્યગાત્।
મહિમૈષ તતો બ્રહ્મન્ પુરુષસ્ય દુરત્યયઃ ।।

(ભા. ૨/૬/૧૭)

''તપ, દાનાદિ પણ કલ્યાણકારક સિદ્ધ નથી થતા, જો તે ભગવદર્પિત ન હોય તો.''

કૃષ્ણ ઉવાચ-

યત્કરોષિ તદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ।।

(ગીતા ૯/૨૭)

આથી જે કંઈ પણ કરવામાં આવે -યજ્ઞ, દાન, તપાદિ વિશાળ કર્મ, ભોજન કરવું, ચાલવું-ફરવું વગેરે જેવા લઘુ અને સામાન્ય કર્મો પણ ભગવદર્પિત હોવા જોઈએ. આ જ પ્રમાણે યાત્રા, સંકીર્તન, અર્ચનાદિ દરેક આત્યંતિક ક્ષેમ બનીને જીવને નિર્ભયતાની પ્રાપ્તિ કરાવે છે. સમર્પણ પણ પ્રભુની સમક્ષતામાં થાય છે. તે ભોગાર્પણ હોય કે

કર્માર્પણ, યાત્રામાં પણ અધિદૈવની સમક્ષ અનુભૂતિ હોય, સાસંગોપાસના હોય, તો યાત્રા રસમય બને છે.

પ્રભુની સાસંગ-ઉપાસના થાય, હમેશાં પ્રભુનું સાન્નિધ્ય રહે, તેનો શું ઉપાય છે? પ્રત્યક્ષાનુભૂતિ તો દરેકને નથી થઈ રહી પરંતુ એ સંભવ છે કારણકે નામનું અધિદૈવ નામી થાય છે અને તે જ યજ્ઞાધિકારી બનાવે છે.

''નામના શ્રવણ માત્રથી અધિદૈવની સમક્ષતા પ્રાપ્ત થઈ જાય છે.'' નામીની સમસ્ત શક્તિ નામમાં નિહિત છે આથી નામની પ્રાપ્તિને અધિદૈવની પ્રાપ્તિ સમજો. આથી સમસ્ત મતોની સફળતા ''નામ સંકીર્તન''માં માની છે-

મન્ત્રતસ્તન્ત્રતશ્છિદ્રં દેશકાલાર્હવસ્તુતઃ।
સર્વં કરોતિ નિશ્છિદ્રં નામસંકીર્તનં તવ ।।

(ભા. ૮/૨૩/૧૬)

મન્ત્રતસ્તન્ત્ર... અન્ય પણ પ્રકાશસ્તંભ જાજરમાન ઉદાહરણ છે- ''શ્રી માનમંદિર'' થી ''શ્રીરાધારાણી વ્રજ યાત્રા''. ગુરૂમુખથી શ્રવણ કર્યા મુજબ, આજથી ૭૦ વર્ષ પહેલાં વ્રજ યાત્રાઓની જે બહુલતા હતી, રસમયતા હતી, તે આજે નથી રહી. પદયાત્રાઓ મટીને કાર-યાત્રા રહી ગઈ. આનું કારણ શારીરિક દુર્બળતા જ નહીં પરંતુ ભાવનાઓની ક્ષીણતા પણ છે. પ્રાચીન યાત્રાઓમાં પહેલા પ્રત્યેક વૈષ્ણવ ''શ્રી કૃષ્ણં શરણં મમ'' નો જાપ કે કીર્તન કરતાં, જે આજે નથી રહ્યું. ઈષ્ટનું સાન્નિધ્ય ન હોવાથી, સાસંગારાધના ન થવાથી રસમયતાનો પણ લોપ થયો છે.

પૂજ્ય શ્રી બાબા મહારાજ જણાવે છે, આજથી ૭૦ વર્ષ પહેલાં સ્વામી શ્રી હરિનામદાસજી મહારાજ (રમણરેતી વાળા) ની યાત્રામાં કેટલાંક કઠોર નિયમો હતા. અખંડ હરિનામ સંકીર્તન ચાલતું, તેથી તમામ સાધુ અને યાત્રીઓ માટે બે-બે કલાક કીર્તનનો નિયમ હતો. આજે મોટા ભાગની યાત્રાઓમાં આ નિયમની અવહેલનાથી ક્ષીણતા આવી ગઈ. અલ્પવયસ્ક ''શ્રીરાધારાણી યાત્રા'' માત્ર ૨૯ વર્ષ જુની છે, પરંતુ રસાળતાની સાથે-સાથે સર્વપ્રવૃદ્ધ થઈ ગઈ છે કારણકે અહીં યાત્રીઓને નામ સાથે જોડી રાખવામાં આવે છે. શ્રીમન્મહાપ્રભુ ચૈતન્યદેવે પણ ભગવન્નામ સાન્નિધ્યને જ ઈષ્ટ સાન્નિધ્ય ગણાવ્યું-

નામ્નામકારિ બહુધા નિજસર્વશક્તિસ્તત્રાર્પિતા
નિયમિતઃ સ્મરણે ન કાલઃ
એતાદૃશી તવ કૃપા ભગવન્મનાપિ
દુર્દૈવમીદૃશમિહાજનિ નાનુરાગઃ ।।

(શિક્ષાષ્ટક-૨)

હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે।
હરે રામ હરે રામ રામ રામ હરે હરે ।।

આ મહામંત્રના અધિદૈવ પણ શ્રી યુગલ સરકાર છે-

सर्वचेतोहरः कृष्णस्तस्य चित्तं हरत्यसौ ।
वैदग्धीसारविस्तारैरतो राधा हरा मता ।।

(શ્રી જીવ ગોસ્વામી કૃત મહામંત્ર વ્યાખ્યા)

પોતાના લોકોત્તર સૌંદર્યથી, દરેકના ચિત્તનું હરણ કરનારી, શ્રી હરિના ચિત્તને પણ જે પોતાના ચાતુર્યથી હરી લે છે, તે હરા છે. 'હરા' નામ હોવાના અન્ય પણ અનેક કારણો છે, કેટલાક અહીં ઉદધૃત છે- શ્રીકૃષ્ણ દ્વારા હરણ થવાથી, શ્રીકૃષ્ણને હરિ-હરિ પોકારવાથી, શ્રીજી દ્વારા મુરલિકાનું હરણ થવાથી, ભક્તોના કષ્ટ હરણ કરવાથી અને શ્રીકૃષ્ણના ધૈર્યનું હરણ કરવાને કારણે પણ તેમને 'હરા' કહેવામાં આવે છે. 'હરા'નું સંબોધન જ હરે છે. રાધા નામના શ્રવણમાત્રથી જેમના અંતસનું અનુરાગાર્ણવ અનંત, અપરિસીમ ઊર્મિઓથી ઉદ્વેલિત થઈ, સંતુલન ખોઈ બેસતું, એવા શ્રી ચૈતન્યદેવ આ જ કારણે રાધા ને 'હરે' કહીને મનને સંતુલિત કરતા.

પદ્મપુરાણાનુસાર

શિવજીએ સ્વયં નારદજીને કહ્યું છે- ''દેવર્ષિ! પરાત્પર બ્રહ્મ શ્રીકૃષ્ણએ જ મને 'શ્રીયુગલમંત્ર'નો ઉપદેશ આપ્યો છે. એક વખતે કમલાપતિ શ્રી નારાયણ ભગવાને પ્રસન્ન થઈ મને વરદાન માંગવા કહ્યું, ત્યારે મેં મારું વાંછિત વરદાન માંગી લીધું, મેં ભગવાન શ્રીકૃષ્ણના દર્શન પ્રાપ્ત થાય. તેઓએ મને વૃંદાવન જવાની આજ્ઞા કરી. ત્યાં પહોંચતાં, ચતુષ્ટ સહચરી સમુદાયથી સમાવૃત યુગલ-રસરાજના દુર્લભ દર્શન પ્રાપ્ત થયા. તેઓના નીલ-પીત વદનાંબુજોની મિશ્રિત દ્યુતિ એક દિવ્ય હરિતાભ જ્યોતિનું સૃજન કરી રહી હતી. પ્રસન્ન વદને શ્રીહરિએ એક ગોપનીય રહસ્ય ખોલ્યું. તેઓ બોલ્યા- ''હે રૂદ્ર! જો આપ મને વશમાં કરવા માગો છો તો મારી પ્રાણેશ્વરીનો આશ્રય લો અને યુગલ મંત્રોચ્ચાર કરતાં-કરતાં સદા મારા આ ધામમાં વાસ કરો'' ત્યાં સુધીમાં દયા-ધામ પ્રભુ મારા જમણા કાનમાં યુગલમંત્રનો ઉપદેશ આપી અંતર્હિત થઈ ગયા.

राधे कृष्ण राधे कृष्ण कृष्ण कृष्ण राधे राधे ।
राधे श्याम राधे श्याम श्याम श्याम राधे राधे ।।

(પદ્મપુરાણ)

(રુદ્રને કૃષ્ણ પ્રદત્ત યુગલમંત્ર) યુગલોપાસના વિના સિદ્ધિ સંભવ નથી. આદિ કાળથી મૂળ અંશી શ્રી કૃષ્ણની ઉપાસના ચાલી આવતી રહેલી છે. ત્યાં સુધી કે દ્વાદશાક્ષર થી જ મનુ-શતરૂપાને રામની પ્રાપ્તિ થઈ-

દ્વાદસ અચ્છર મન્ત્ર પુનિ જપહિં સહિત અનુરાગ ।
વાસુદેવ પદ પંકરૂહ દંપતિ મન અતિ લાગ ।।

(રા.ભા.કાં. ૧૪૩)

જોકે આ વિષય પર ઘણી ખેંચતાણ થઈ છે પરંતુ એ નિર્વિવાદ સત્ય છે કે દ્વાદશાક્ષર મંત્ર-

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
ૐ	ન	મો	ભ	ગ	વ	તે	વા	સુ	દે	વા	ય

દ્વાદશ એટલે કે સ્વયં જેમાં ૧૨ અક્ષર છે, વસુદેવ નંદન વાસુદેવ જ આ મંત્રના ઇષ્ટ છે.

લીલાદ્રષ્ટિથી તેઓ વસુદેવ પુત્ર છે, શંકરજીનું તો કથન છે-

સત્ત્વં વિશુદ્ધં વસુદેવશબ્દિતં યદીયતે તત્ર પુમાનવપાવૃત્તઃ ।
સત્ત્વે ચ તસ્મિન્ ભગવાન્ વાસુદેવો હ્યધોક્ષજો મે નમસા વિધીયતે ।।

(ભા.૪/૩/૨૩)

વિશુદ્ધ સત્ત્વને વાસુદેવ કહેવામાં આવે છે, સત્-રજથી આગળ વિશુદ્ધ સત્ત્વ ચિન્મય છે. માયાવાદી સત્ત્વગુણને વિશુદ્ધ માને છે, પરંતુ વાસ્તવમાં જે સત્ત્વથી પણ પર છે, માયાતીત છે તે વિશુદ્ધ સત્ત્વ છે. સત્, રજ, તમ આ ત્રણે ગુણોમાં માયા છે, પરંતુ જ્યાં માયાનો પણ પ્રવેશ નથી, તે જ વિશુદ્ધ સત્ત્વ છે-

પ્રવર્તતે યત્ર રજસ્તમસ્તયોઃ સત્ત્વં ચ મિશ્રં ન ચ કાલવિક્રમઃ ।
ન યત્ર માયા કિમુતાપરે હરેરનુવ્રતા યત્ર સુરાસુરાર્ચિતાઃ ।।

(ભા. ૨/૯/૧૦)

વિશુદ્ધ સત્વ જ વાસુદેવ છે, જે તે માયાતીત, કાલાતીત ધામમાં નિવાસ કરે છે. **ચિદાનંદમય દેહ તુમ્હારી.** દ્વાદશાક્ષર શ્રીકૃષ્ણપરક મંત્રથી મનુને શ્રી સીતા રામજીની પ્રાપ્તિ થઈ. પ્રભુને વરદાનથી મનુ-શતરૂપા જ રાજા દશરથ અને કૌશલ્યા બન્યા ત્યારે શ્રી રાઘવેંદ્ર પ્રભુ પુત્ર રૂપે અવતરિત થયા.

શ્રી નારદજીએ ધ્રુવને કૃષ્ણોપાસના કરવા કહ્યું-

तत्तात गच्छ भद्रं ते यमुनायास्तटं शुचि ।
पुण्यं मधुवनं यत्र सांनिध्यं नित्यदा हरेः ।।

(ભા. ૪/૮/૪૨)

''ધ્રુવ! તું ગંગા તટે ભજન ના કરીશ, વ્રજમાં ચાલ્યો જા જેથી ઉપાસના ત્વરિત સિદ્ધ થશે અને તારું કલ્યાણ થશે.'' અહીં બિઠુરમાં ગંગા ભલે છે, પરંતુ ધામ નથી, જ્યાં ધામવતાર હોય ત્યાં જ ધામીની પ્રાપ્તિ અતિશીઘ્ર થાય છે. ધામ આ ચર્મચક્ષુઓથી તો પ્રાકૃત જ પ્રતીત થાય છે, પરંતુ તે પ્રાકૃત નથી. તેની અંદર એક એવી ગુઘ્ય શક્તિ છે જે અત્યંત શીઘ્રતાથી સિદ્ધ કરી દે છે. ધામમાં ધામી જેટલો સમીપ હોય છે તેટલો અન્યત્ર નહીં, તેથી જ તો વ્રજમાં પ્રતિ વર્ષ કરોડો લોકો આવે છે, કારણ અહીં નારદજી કહી રહ્યા છે- **''सांनिध्यं नित्यदा हरेः''** આ વાત કૃષ્ણાવતારથી ઘણી પૂર્વેની છે.

દ્વાપર તો શું, ત્રેતા યુગ પણ એ સમયે નહોતો, આથી કૃષ્ણોપાસના આદ્યોપાસના છે. નારદજી કહે છે- ધામમાં નિત્ય સાન્નિધ્ય છે શ્રીહરિનું. ધામમાં પ્રભુની નિત્યતા જણાવ્યા બાદ, નારદજીએ કૃષ્ણલીલાની પણ નિત્યતા જણાવી-

ईत्युक्तस्तं परिक्रम्य प्रणम्य च नृपार्भकः ।
ययौ मधुवनं पुण्यं हरेश्चरणचर्चितम् ।।

(ભા. ૪//૬૨)

નારદજી કહી રહ્યા છે- ''આ એ જ મધુવન છે, જ્યાં પ્રભુએ લીલાઓ કરી, જે લીલાઓ તેમની સંપન્ન થઈ ચુકી છે, તેનું ધ્યાન કરવું, આ સ્થાન કૃષ્ણ ચિન્હોથી અંકિત છે. અહીં બધી લીલાઓ થઈ ચુકી છે.''

स्वेच्छावतारचरितैरचिन्त्यनिजमायया ।
करिष्यत्युत्तमश्लोकस्तद्ध्यायेद्धृदयङ्गमम् ।।

(ભા. ૪//૫૭)

પૂર્વ શ્લોકમાં જે લીલાઓ થઈ ચુકી છે, તેના માટે કહેવામાં આવ્યું છે. હવે અહીં આ શ્લોકમાં ભાવી લીલાઓનું ધ્યાન કરવા કહ્યું. નારદજી બોલ્યા- ''ધ્રુવ! મધુવન પહોંચીને તું આગળ થનારી કૃષ્ણલીલાનું ધ્યાન ધરજે, તેનાથી મન જલ્દી પ્રભુમય થઈ જશે.'' નિત્યધામમાં આ તમામ લીલાઓ નિત્યરૂપે થયા કરે છે, વૈકુંઠથી શ્રેષ્ઠ લીલા અવતરિત ધામમાં થાય છે. ધ્રુવજી એ પણ કૃષ્ણપરક દ્વાદક્ષાસર મંત્ર દ્વારા અલ્પકાળમાં જ પ્રભુપ્રાપ્તિ કરી લીધી.

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।
ईन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे ।।

(ભા. ૧/૩/૨૮)

ઇચ્છામય નરબેષ સઁવારે ।
હોઇહઉઁ પ્રગટ નિકેત તુમ્હારેં ।।
અંસન્હ સહિત દેહ ધરિ તાતા ।
કરિહઉઁ ચરિત ભગત સુખદાતા ।

(રા.બા.કાં. ૧૫૨)

દરેકના મૂળભૂત અંશી તો શ્રીકૃષ્ણ જ છે. તે અચ્યુતની ઉપાસનાથી તમામ દેવો એ જ પ્રકારે આરાધિત થઈ જાય છે જેવી રીતે મૂળ સીંચવાથી વૃક્ષનું સિંચન થઈ જાય છે-

યથા તરોર્મૂલનિષેચનેન તૃપ્યન્તિ તત્સ્કન્ધભુજોપશાખાઃ।
પ્રાણોપહારાચ્ચ યથેન્દ્રિયાણાં તથૈવ સર્વાર્હણમચ્યુતેજ્યા ।।

(ભા. ૪/૩૧/૧૪)

'યથા તરોર્મૂલ' અંશીની પૂજાથી સમસ્ત અંશ તૃપ્ત અને પૂજિત થઈ જાય છે આથી કૃષ્ણોપાસના પરમ આવશ્યક છે.

સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।
પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ।।

(ગીતા ૩/૩૩)

જ્યાં સુધી નીચ પ્રકૃતિ નહીં બદલાય, ત્યાં સુધી નિગ્રહ નિષ્ફળ જ રહેશે. સાસંગ ભજનથી પ્રકૃતિ પરિવર્તન થાય છે.

આસુરી, રાક્ષસી અને મોહિની આ ત્રણેય નિકૃષ્ટ પ્રકૃતિથી ઉન્મુક્ત થઈ મનુષ્ય દૈવી પ્રકૃતિવાન બની જાય છે-

મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।
ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ।।

(ગીતા. ૯/૧૩)

સાસંગતા જાળવી રાખવા માટે જ 'શ્રી રાધારાણી વ્રજ યાત્રા'માં આવા 'ધ્વનિ વિસ્તારક યંત્ર' (સાઉંડ સિસ્ટમ) લગાવવામાં આવે છે, જેનાથી સુદૂર સુધી કીર્તન ધ્વનિ પહોંચે અને પ્રત્યેક યાત્રી સાસંગોપાસના કરતાં-કરતાં પોતાની યાત્રા સફળ બનાવે. સાસંગતાથી જ સરસતા આવે છે.

યાત્રા નિઃશુલ્ક શા માટે ?

દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ધનઞ્જય ।
બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ।।

(ગીતાઃ ૨/૪૯)

નિષ્કામ કર્મથી સકામ કર્મ નિશ્ચિત જ અત્યંત નીચ છે. ફળાકાંક્ષી કૃપણ મનુષ્યનું મુખદર્શન પણ મહાપાપ છે. કામના ત્યાગવાળો જીવ જ સ્થિતપ્રજ્ઞ છે. કામના મનને ચંચળ બનાવે છે . કામના ત્યાગથી કર્મ શક્તિસંપન્ન થઈ જાય છે. આજથી ૭૦ વર્ષ પૂર્વે યાત્રાઓમાં પહેલા ૩૦-૩૦ હજાર યાત્રીગણો પગપાળા ચાલતા હતા, જેથી કૂપો જળવિહીન થઈ જતા હતા પરંતુ કામનાના પ્રવેશથી, પારસ્પરિક વિઘટન અને રાજસ વધવાથી હવે એ વાત નથી રહી. શ્રીકૃપાળુજી મહારાજને ત્યાં પણ ક્યારેક અખંડ હરિનામ ચાલતું, એ કીર્તન પ્રેમે જ વિવશ કર્યા ગુરૂદેવને બરસાનામાં મુકામ કરવા માટે. અનેકોને વ્રજવાસ મળ્યો આ કીર્તન પ્રેમથી. 'શ્રી રાધારાણી વ્રજયાત્રા' પૂર્ણતઃ નિઃશુલ્ક છે, સતત્ ભગવન્નામની સાસંગતા હોવાને કારણે તે લોકોત્તર સ્તર સુધી પહોંચી ગઈ.

બ્રહ્મજ્ઞાની મોક્ષાર્થીઓનું કાર્ય ફળાકાંક્ષાનો ત્યાગ કરી ભગવન્નામથી આરંભ થાય છે-

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ।।

(ગીતા. ૧૭/૨૩)

ૐ, તત્, સત્ ભગવન્નામ દ્વારા જ યજ્ઞ, તપાદિ સમસ્ત કર્મોનો શુભારંભ થવો જોઈએ. સાંસારિકોનું કાર્ય ભગવન્નામ વિના શરૂ થાય છે, બ્રહ્મચારીઓનું નહીં. પ્રશ્ન એ છે કે કે ૐ, તત્, સત્ આ ત્રણ નામો જ કેમ કહ્યાં, અન્ય કેશવ, ગોવિંદ આદિ નામોનો નિર્દેશ કેમ ન કર્યો?

શ્રી બ્રહ્મોવાચ-

यस्यावतारगुणकर्मविडम्बनानि नामानि येऽसुविगमे विवशा गृणन्ति ।
ते नैकजन्मशमलं सहसैव हित्वा संयान्त्यपावृतमृतं तमजं प्रपद्ये ।।

(ભા. ૩/૯/૧૫)

ના-ના, તમામ નામોનું નિર્દેશન કર્યું છે. જ્યારે નામી ભેદરહિત છે તો નામ-નામમાં વળી ભેદ કેવો? **અવતાર સંબંધી-** નંદનંદન, દેવકીનંદન... વગેરે। **ગુણ સંબંધી-** દીનબંધુ, ભક્તવત્સલ.. વગેરે. લીલા સંબંધી- માખનચોર, ગિરિધારી.. વગેરે। પ્રાણોત્સર્ગ વખતે, જે આમાંથી કોઈપણ નામનું ઉચ્ચારણ કરે છે, તે અનેકાનેક જન્મોથી સંચિત અઘરાશિ છોડીને અવિલંબ અપાવૃત સત્યને પ્રાપ્ત કરી લે છે.

ધામનિષ્ઠ કોણ?

સાંપ્રદાયિક-સંકીર્ણતા વિહીન પુરૂષ જ સાચો ધામનિષ્ઠ છે.

મહત્ જનોના શાપાનુગ્રહથી ધામ પ્રાપ્તિ-

કસ્યાનુભાવોડસ્ય ન દેવ વિદ્મહે તવાઙ્ઘ્રિરેણુસ્પર્શાધિકારઃ ।
યદ્વાઞ્છયા શ્રીર્લલનાડચરત્તપો વિહાય કામાન્ સુચિરં ધૃતવ્રતા ।।

(ભા. ૧૦/૧૬/૩૬)

જે ચરણરજ કમલાને દુષ્પ્રાપ્ય છે, તે કાલીય નાગને કેવી રીતે પ્રાપ્ત થઈ ગઈ?

આનું મૂળ કારણ છે ધામની કૃપા. ગરૂડ દ્વારા ઘાયલ થઈને કાલીય, ભાઈ શેષજીના કથનાનુસાર દીર્ઘકાળ સુધી વૃંદાવનધામ યમુનાજીમાં રહ્યા, એ ધામવાસના પરિણામ સ્વરૂપે જ દુર્લભ વસ્તુ શ્રીકૃષ્ણ ચરણરજની પ્રાપ્તિ થઈ. ગરૂડના ક્રોધાનુગ્રહથી ધામ અને ધામના અનુગ્રહથી ધામીની પ્રાપ્તિ થઈ. તેથી રાજા બલિએ કહ્યું કે સૌથી શ્લાધ્યતમ વસ્તુ દંડ જ છે.

પુંસા શ્લાઘ્યતમં મન્યે દણ્ડમર્હત્તમાર્પિતમ્ ।
યં ન માતા પિતા ભ્રાતા સુહૃદશ્ચાદિશન્તિ હિ ।।

(ભા. ૦૮/૨૨/૦૪)

ધામવાસથી ધામાપરાધનો નાશ

કરિ મન વૃંન્દાવન સોં હેત ।
નિસિ દિન છિન છાયા જિનિ છાઁડહિ રસિકન કૌ રખ ખેત ।।
જહઁ શ્રીરાધા મોહન વિહરત કરિ કુંજનિ સંકેત ।
પુલિન રાસ રસ રંજિત દેખત મન મથ હોત અચેત ।।
વૃન્દાવન તજિ જે સુખ ચાહત તેઈ રાચ્છસ પ્રેત ।
‘વ્યાસ’ દાસ કે ઉર મેં બૈઠ્યૌ મોહન કહિ-કહિ દેત ।।

ઘણી વાર લોકો એમ કહી દે છે કે ધામમાં ન જાઓ, ધામમાં અધિક સમય ન રહો, નહીં તો ધામાપરાધ કરશો.

શ્રીભગવાનુવાચ- પાર્થ, સૃષ્ટિમાં એવું કોઈ કર્મ છે જ નહીં જેમાં દોષ ન હોય, સેવા કરો તો તેમાં પણ ૩૨ પ્રકારના સેવાપરાધ છે તો શું સેવાપરાધના ભયથી સેવા કરવાનું જ બંધ કરી દેશો?

સહજં કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત્ ।
સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાવૃતાઃ ।।

(ગીતા ૧૮/૪૮)

નામ લેશો તો નામમાં પણ ૧૦ પ્રકારના નામાપરાધ છે તો શું નામ લેવાનું જ બંધ કરી દેશો? ભક્તાપરાધના ભયથી શું ભક્ત સેવા કરવાનું જ છોડી દેશો? જો એમ હોય તો વસ્ત્ર ગંદા થવાના ભયથી વસ્ત્ર પહેરવાનું પણ છોડી દો. ભગવદાજ્ઞા તો એ છે કે સદોષ કર્મનો પણ ત્યાગ અનુચિત છે.

પ્રયાસ કરો કે ધામાપરાધ ન થાય પરંતુ તેને કારણે ધામવાસ કદાપિ ન છોડો. જો ધામમાં રહેતાં કોઈ પાપ થઈ પણ જાય તો ધામ જ તમામ અપરાધોનું ઉન્મૂલન કરી દેશે. બ્રહ્માજીના ગૌવત્સ અને ગ્વાલબાલોનો ચોરીનો અપરાધ ધામે નષ્ટ કર્યો, જે ઇંદ્રના અપરાધથી પણ મોટો હતો કારણકે ઇંદ્ર દ્વારા પ્રલયકાલીન મેઘો વડે વર્ષા કરાવવાથી તમામ વ્રજવાસીઓ, ગૌ અને ગૌવત્સોને ગિરિરાજજીની નીચે એક સ્થાન પર આવવાથી કૃષ્ણમિલન પ્રાપ્ત થયું પરંતુ બ્રહ્માજીએ ગ્વાલબાલો ને ગૌવત્સોનું હરણ કરીને વિયોગ કરાવ્યો તેથી **બ્રહ્માજીનો અપરાધ વધુ મોટો હતો જે ધામ પરિક્રમાથી સહજરૂપે નષ્ટ થયો.** સિય નિંદકોનો અપરાધ ધામે નષ્ટ કર્યો। ધામનો અવતાર જ અમ સમા મહાપાતકીઓના ઉદ્ધારાર્થે થયો છે. જે લોકો એમ કહે છે કે વ્રજમાં અધિક સમય ન રોકાવું જોઈએ તો તેઓ સૌ આચાર્યની વિરુદ્ધ વાતો કહે છે-

વૃન્દાવન તજિ જે સુખ ચાહત તેઈ રાચ્છસ પ્રેત ।
'વ્યાસ' કે ઉર મેં બૈઠ્યો મોહન કહિ-કહિ દેત ।।

(વ્યાસ વાણી)

મહાપ્રભુ શ્રી ચૈતન્ય દેવે રૂપ-સનાતનાદિ ષડ્-ગોસ્વામી ગણોને સ્વયં વ્રજમાં મોકલ્યા અને ત્યાંના સ્થળોનો ઉદ્ધાર કર્યો, કરાવ્યો. તમામ આચાર્ય, ગોસ્વામી ગણો આવીને અહીં રહ્યા.

સંસાર સ્વાદ સુખ બાંત જ્યૌં દુહું 'રૂપ-સનાતન' ત્યાગિ દિયૌ ।
ગૌડદેશ બંગાલ હુતે સબ હી અધિકારી ।
હય ગય ભવન ભણ્ડાર વિભૌ ભૂ-ભુજ ઉનહારી ।
યહ સુખ અનિત્ય બિચારિ બાસ વૃન્દાવન કીન્હૌ ।
યથા લાભ સન્તોષ કુઞ્જ કરવા મન દીન્હૌ ।
બ્રજભૂમિ રહસ્ય રાધાકૃષ્ણ ભક્ત તોષ ઉદ્ધાર કિયૌ ।

(ભક્તમાલ છપ્પય-૮૯)

''વૃન્દાવન બ્રજભૂમિ જાનત ન કોઊ પ્રાય દઈ દરસાય જૈસી શુક મુખ ગાઈ હૈ''

(ભક્તમાલ કવિત્ત-૩૫૮)

વ્રજના મણિ-મુક્તામય કણ-કણનું શ્રી શુકદેવજીએ ગૂઢ ગાન કર્યું, તત્ સમસ્ત રૂપ-સનાતન આદિ આચાર્યોએ પ્રકટ કર્યું, સ્વયં મહાપ્રભુજીએ શ્રી રાધાકુંડને પ્રકટ કર્યા, વ્રજમાં એવા કેટલાંય સ્થળ છે જેમકે ભાંડીર કૂપ (મત્સ્ય કૂપ) - અહીં સ્નાનથી પ્રભુના ૧૪ અવતારોની લીલાનું ફળ મળે છે. ઊંચા ગામમાં વ્રજવાસીઓને ત્રિવેણી કૂપમાં ૩ ધારાઓ બતાવી શ્રી નારાયણ ભટ્ટજીએ. ધામ કાલાતીત છે, તે હકીકત નિર્વિવાદ છે. ભગવદ ઇચ્છાથી ધામનો આવિર્ભાવ-તિરોભાવ થતો રહે છે. આ અચિંત્ય ભાવોને અસત્તર્કથી નહીં સમજી શકાય.

વ્રજનું પ્રત્યેક ગ્રામ, પ્રત્યેક શેરી શ્રીકૃષ્ણ લીલાથી અંકિત છે. અહીં ઘર-ઘરમાં શ્રીકૃષ્ણની બાલ-લીલા થઈ છે. સૂરદાસજીએ કહ્યું-

પ્રથમ કરી હરિ માખન ચોરી ।
ગ્વાલિનિ મન ઇચ્છા કરિ પૂરન આપુ ભજે બ્રજ ખોરી ।
મન મેં યહૈ બિચાર કરત હરિ બ્રજ ઘર-ઘર સબ જાઊં।
ગોકુલ જલન લિયૌ સુખ-કારન સબકૈં માખન ખાઊં।।
બાલરૂપ જસુમતિ મોહિ જાનૈ ગોપિનિ મિલિ સુખ ભોગ ।
'સૂરદાસ' પ્રભુ કહત પ્રેમ સૌં યે મેરે બ્રજ લોગ ।।

આ પદ બોધ કરાવે છે, શ્રીકૃષ્ણએ પ્રતિજ્ઞા કરી છે કે વ્રજનું કોઈપણ ગ્રામ, કોઈપણ ઘર, મારી લીલાથી વંચિત નહીં રહે. 'બ્રજ પ્રેમાનંદ સાગર'માં તથા અન્ય રસવેદી જનોએ વ્રજના તમામ ચરાચર પ્રાણીઓને પૂજ્ય તથા લીલાના સહાયક દર્શાવીને અદ્‌ભૂત લીલા અંકિત કરી છે.

સ્વામી શ્રી હરિદાસજી-

મન લગાય પ્રીતિ કીજૈ કર કરવા સોં બ્રજ વીથિન દીજે સોહની।
ગો ગો સુતન સોં મૃગી મૃગ સુત્તન સોં તન નેક ન જોહિની ।
'શ્રીહરિદાસ' કે સ્વામી સ્યામા કુંજ વિહારી સોં ચિત જ્યોં સિર પર દોહિની ।

અથવા-

''નવ નિકુંજ સુખ પુંજ મહલ મેં સુબસ બસો યહ ગાઁવરો''

(કેલિમાલ-૪૪)

કોણ જાણે કયા ગ્રામની કઈ શેરીમાં આ યુગલ રસરાજ પ્રાપ્ત થઈ જાય-

कदा वा खेलन्तौ व्रजनगरविथीषु हृदयं
हरन्तौ श्रीराधाव्रजपतिकुमारौ सुकृतिनः ।
अकस्मात्कौमारे प्रकटनवकिशोर-विभवौ
प्रपश्यन्पूर्णः स्यां रहसि परिहासादि निरतौ ।।

(રા.સુ.નિ.૬૫)

વ્રજના કણ-કણ લીલાવિહારીની લીલાઓથી ચિહ્નિત છે તેથી કોઈ એમ ન સમજે કે પુસ્તકનું કલેવર વધાર્યું છે. અનંતની એક બૂંદ પણ તો અનંત જ હોય છે-

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।।

(ઈશા. ૩)

પૂર્ણમાંથી પૂર્ણને નિષ્કાસિત કરવામાં આવે તો પણ પૂર્ણ જ શેષ રહે છે. વ્રજભાવના પણ એમ જ કહે છે-

सद्योगीन्द्रसुद-श्यसान्द्ररसदानन्दैकसन्मूर्तयः
सर्वेप्यद्भुतसन्महिम्नि मधुरे वृन्दावने संगता ।
ये क्रूरा अपि पापिनो न च सतां सम्भाष्यद्रश्याश्च ये ।
सर्वान्वस्तुतया निरीक्ष्य परम स्वाराध्यबुद्धिर्मम ।।

(રા.સુ.નિ. ૨૬૪)

રસકુલ્યાકારનું કથન છે-

यद्वा व्युत्क्रमेण मनोभावस्थापनबलकरणापत्तः ।
आद्येषु स्वत एव भावोत्पत्तेराराध्यता
द्वितीयेषु लौकिकभावदेहादिदर्शनाद्भावनाबले स्वाराध्यता
तृतीयेषु बहिः प्रयान्तमपि भावं बहुसिद्धान्तबलेन
स्थापनात् परमस्वाराध्यतेति ।

ત્રણ પ્રકારની શ્રદ્ધાઓનું બળ બતાવ્યું-

૧. મનોબળ
૨. ભાવના બળ
૩. સ્થાપના બળ

શ્રી ઠાકુરજી અને તેમના લીલા પરિકર માટે મનમાં જે અનાયાસ આરાધ્ય-ભાવ છે તે **'મનોબળ'** છે.

વ્રજસેવીઓનો વ્રજભાવ અને કઠિન શારીરિકચર્યાને જોઈને તેમના પ્રત્યે આરાધ્ય-ભાવ થવો તે **'ભાવના બળ'** છે.'

જ્યાં મન અને ભાવની ગતિ નથી ત્યાં સ્થાપના બળ સ્થાપિત કરવું પડશે. જે અત્યંત ક્રૂર અને પાપી છે, જોવા-બોલવા યોગ્ય પણ નથી, તેઓમાં સિદ્ધાંતના બળે પરમસ્વારાધ્ય બુદ્ધિ કરવી, તે જ 'સ્થાપના બળ' છે. લીલા પરિકર-વર્ગ કેવળ આરાધ્ય છે, વ્રજસેવી તેથી વધુ સ્વારાધ્ય છે. અતિશય ક્રૂર અને પાપીજન તો આરાધ્ય, સ્વારાધ્યથી પણ શ્રેષ્ઠ પરમ સ્વારાધ્ય છે. સ્થાપના બળ જ વ્રજભાવ છે, તે જ ધામાપરાધથી બચાવી શકે છે.

શ્રી વ્યાસજીનું સ્થાપના-બળ-

નીચ ચાંડાળ સુદ્ધાંની તેઓ વંદના કરે છે-

વૃન્દાવન કે શ્વપચ કી જૂઠન ખાઈએ માંગ ।
વ્યાસ મિઠાઈ વિપ્ર કી તામે લાગો આગ ।।

શ્રી અભયરામજીનું સ્થાપના-બળ-

ધન ધન વૃન્દાવન કે બામન ।
'અભયરામ' યે હૂ બડભાગી બામન હૈ કિ રાવન ।।

અથવા

''ધન-ધન વૃન્દાવન કે ગદહા પ્યારે''

અથવા

ધન-ધન નન્દગાંવ કે શ્વાન
ભોર સાંઝ સુન ઈષ્ટ આરતી નિત્ય નિકાસત ભૌં-ભૌં તાન ।

દર્શન, સંભાષણને અયોગ્ય વ્રજના અત્યંત ક્રૂર, પાપી જીવો યોગીન્દ્રો-મુનીન્દ્રોથી પણ ધન્ય છે, રસમૂર્તિ છે-

વૃન્દારણ્યે વરં સ્યાં કૃમિરપિ પરતો નો ચિદાનન્દદેહો
રઙ્કોઽપિ સ્યામતુલ્યઃ પરમિહ ન પરત્રાદ્ભુતાનન્તભૂતિઃ ।
શુન્યોઽપિ સ્યામિહ શ્રીહરિભજન લવેનાતિતુચ્છાર્થમાત્રે
લુબ્ધો નાન્યત્ર ગોપીજનરમણપદામ્ભોજદીક્ષાસુખેઽપિ ।।

(શતક. ૨/૧)

શ્રી વૃંદાવનધામમાં કૃમિ પણ બની જાઉં તો અતિ ઉત્તમ છે પરંતુ અન્યત્ર દિવ્ય દેહ પણ નથી ઇચ્છતો. અહીં અતુલ્ય દારિદ્રમય જીવન પણ ઉત્તમ છે પરંતુ અન્યત્ર દિવ્ય વિભૂતિઓની પણ ઇચ્છા નથી. **''વૃન્દાવન મેં મંજુલ મરિબો''** અહીં ભજનશૂન્ય થઈને ઘોર વૈષેયિક જીવન પણ ઉત્તમ છે.

પરંતુ ગોપીજનવલ્લભનું ચરણ-શરણ છોડીને અન્યત્ર ગમન કરવા નથી ઇચ્છતો-

શ્રી રાધે રાની મોહિ અપની કર લીજૈ।
ઔર કછુ મોહિ ભાવત નાહિં, શ્રી વૃન્દાવન રજ દીજૈ ।
ખગ મૃગ પશુ પંછી યા વન કે, ચરણ શરણ રખ લીજૈ ।
‘વ્યાસ’ સ્વામિની કી છવિ નિરખત, મહલ ટહલની દીજૈ ।

હે રાધાયા રતિગૃહશુકાઃ ! હે મૃગા! હે મયૂરા!
ભૂયોભૂયઃ પ્રણતિભિરહં પ્રાર્થયે વોઽનુકમ્પામ્ ।।

(રા.સુ.નિ. ૨૬૨)

શ્રીજીના રતિ-ગૃહ વ્રજના નિવાસી મૃગ, મયૂર, શુક, પિકને વારંવાર નમન કરી તેઓની અનુગ્રહ વર્ષા ઇચ્છીએ છીએ. આ લઘુ-પુસ્તિકામાં અનંતનું બિંદુ પણ આવી શકેલ નથી છતાં મુખ્ય લીલાસ્થળીઓની નિકટવર્તી ગ્રામટિકાઓનો પણ ઉલ્લેખ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે, જે અતિ સંક્ષિપ્ત છે. તેથી નીર-ક્ષીર વિવેકી અધ્યેતાગણ ક્ષમા કરશો.







અધ્યાય-૩

બરસાના

બરસાનાના કેટલાય નામ છે, જેમકે રસની વર્ષા થવાને કારણે **'બરસાના'**, શ્રેષ્ઠ પર્વત શિખા હોવાને કારણે **'વરસાનુ'**, વૃષભાનુની રાજધાની હોવાને કારણે **'વૃષભાનુપુર'** અને ઉત્તુંગ શિખર હોવાને કારણે **'વૃહત્સાનુ'**.

જોકે વૃંદાવનમાં જ બરસાના છે પરંતુ શ્રીજીના સ્થાયી નિવાસને કારણે અહીંથી જ સંપૂર્ણ વૃંદાવન રસમય બને છે. માત્ર પ્રણામ કરવાથી જ જે ચિંતિત વસ્તુઓનું દાન કરનારી, વ્રજદેવીઓની શિરસ્થ ચૂડામણિ, વૃષભાનુ વંશની કુલમણિ, નિખિલ રસામૃત મૂર્તિ શ્રીકૃષ્ણની વિરહશામિની શાંતિમણિ, નિકુંજ ભવનની શોભામણિ છે; એવાં શ્રીજી અમો સર્વના હૃદયની અમૂલ્યમણિ જે બરસાનામાં નિવાસ કરે છે, એ વૃષભાનુપુરની દિશાને પ્રણામ હજો-

''तस्या नमोऽस्तु वृषभानुहभुवो दिशेऽपि''

(રા.સુ.નિ.૧)

જોકે પંચયોજન અર્થાત્ ૨૦ કોસ (૬૦ કિ.મી.) વૃંદાવન બધું રસમય છે પરંતુ એ સંપૂર્ણ વૃંદાવનમાં વ્યાસજીને શ્રીકૃષ્ણ ન મળ્યાં પરંતુ બરસાનારૂપી વૃંદાવનમાં મળી ગયા-

लागी रट राधा-राधा नाम ।
ढूँढि फिरी वृन्दावन सबरो नन्द ठिठोना श्याम ।।
कै मोहन कै खोर साँकरी कै मोहन नंदगाँव ।
'व्यास दास' की जीवन राधे धनि बरसानो गांव ।।

(વ્યાસજી)

चिंतामणिः प्रणमतां ब्रजनागरीणां चूडामणिः कुलमणिर्वृषभानुनाम्नः ।
सा श्यामकामवरशान्तिमणिर्निकुञ्जभूषामणिर्हृदयसम्पुटसन्मणिर्नः ।।

(રા.સુ.નિ. ૨૬)

અહીં વસવાટની કામના શિવજી અને શેષજી પણ કરે છે-

बरसाना के वास को आस करें शिव शेष ।
ह्यां की महिमा को कहे जहाँ कृष्ण धरे सखि वेष ।।

સંપૂર્ણ વ્રજ વૃંદાવનનું રત્ન, વૃષભાનુ ભવન બરસાનામાં જ રહે છે, જેના પ્રલોભનમાં 'સચ્ચિદાનંદ બ્રહ્મ' ચોર બનીને બરસાના આવે છે-

વ્રજ મેં રતન રાધિકા ગૌરી ।
હર લીની વૃષભાનુ ભવન તે નંદસુવન કી ચોરી ।।

(કૃષ્ણદાસજી)

બરસાનામાં શ્રીકૃષ્ણ છદ્મથી સખી વેષ ધારણ કરીને ચોરી કરવા આવે છે. બરસાનાનું આ ગૌરવ શાથી છે?

સુભગ ગોરી કે ગોરે પાંય ।
ધનિ વૃષભાનુ ધન્ય બરસાનો ધનિ રાધા કી માય ।
જહાઁ પ્રગટી નટનાગરિ ખેલત પતિ સોં રતિ પછતાય ।।
જાકે પરસ સરસ વૃન્દાવન બરસત રસનિ અઘાય ।
તાકે શરણ રહત કાકો ડર કહત 'વ્યાસ' સમુઝાય ।।

(વ્યાસજી)

હિત હરિવંશજીએ બરસાના આવવાની આજ્ઞા કરી છે-

''ચલો વૃષભાનુ ગોપ કે દ્વાર''

અથવા

દેખિ સખિ રાધા પ્રિય કેલિ ।।
યે દોઉ ખોર ખિરક ગિરિ ગહવર ।
વિહરત કુઁવરકિ કંઠ ભુજ મેલિ ।।

ખોર (સાંકરી), ગિરિ (બ્રહ્માચલ), ખિરક (વૃષભાનુ ખેરા), વન (ગહવર વન) - આ ચારેય માત્ર બરસાનામાં જ છે. ગહવર વન અને ખોર સાઁકરીની લીલા 'સ્વામી હરિદાસજી' એ પણ ગાઈ છે-

''હમારો દાન મારયો ઇન''

અથવા

પ્યારી જૂ આગૈં ચલિ આગૈં ચલિ આગૈં ચલિ ।
ગહવર વન ભીતર જહાઁ બોલે કોઇલ રી ।।
અતિ હી વિચત્રિ ફૂલ પત્રન કી સેજ્યા રચી ।
રુચિર સઁવારી તહાઁ તૂબ સોઇલ રી ।।
છિન-છિન પલ-પલ તેરઐ કહાની તુવ મગ જોઇલ રી ।
'શ્રીહરિદાસ' કે સ્વામી સ્યામ કહત છબીલૌ કામ રસ ભોઇલ રી ।।

મોરકુટીની મોર લીલા પણ 'સ્વામીજી'એ ગાઈ છે. મહાવાણીજી માં પણ-

''ગહવર નિકુંજ કુંજ કે આગે અદ્ભુત ઠૌર''

આ જ કારણ છે કે બ્રહ્માજીને રસપ્રાપ્તિ માટે બરસાનામાં જ પર્વત બનવાનો આદેશ પ્રભુએ આપ્યો હતો.

અથ વૃષભાનુપુરોત્પત્તિ માહાત્મ્ય વર્ણનં વારાહે પાદ્મે ચઃ-

પુરાકૃતયુગસ્યાન્તે બ્રહ્મણા પ્રાર્થિતો હરિઃ ।
મમોપરિ સદા ત્વંહિ રાસક્રીડાં કરિષ્યસિ ।।
સર્વાભિર્બ્રજગોપીભિઃ પ્રાવૃટ્કાલે કૃતાર્થકૃત ।

અર્થાત્- સતયુગના અંતમાં જ બ્રહ્માજીએ શ્રીકૃષ્ણ સમક્ષ પ્રાર્થના કરી કે આપ ગોપીઓ સહિત મારા ઉપર વિહાર કરો.

પ્રભુએ કહ્યું- ''આપ બરસાના જઈને પર્વત બની જાઓ, ત્યાં જ આપને લીલાદર્શન થશે.'' આથી બ્રહ્માજી બરસાનામાં પર્વત બન્યા. એક કથા આવે છે, બરસાનાના પર્વતોના વિષયમાં કે જ્યારે ત્રિદેવો સતી અનુસુયાની પરીક્ષા લેવા ગયા હતા તો ત્યાં સતીએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશને શ્રાપ આપ્યો કે તમોએ ઘણો અમર્યાદિત વ્યવહાર કર્યો છે, આથી જાઓ, પર્વત થઈ જાઓ તેથી ત્રણેય દેવો પર્વત બની ગયા અને તેમનું નામ ત્રિકૂ પડ્યું.

શ્રી ભગવાનુવાચ-

ततो ब्रह्मन् ब्रजं गत्वा वृषभानुपुरङ्गतः ।
पर्वतो भवसि त्वं हिमम क्रीडां च पश्यसि ।
यस्माद्धु ब्रह्मा पर्वतोऽभूद्ध वृषभानुपुरे स्थितः ।

(બ્ર.ભ.વિ.)

સૂર્યવંશી મહારાજ દિલીપ થઈ ગયા, જે ઘણા મોટા ગૌભક્ત હતા. રાધારાણી સૂર્યવંશી હતા અને રામજી પણ સૂર્યવંશી હતા. તેમની પરંપરા આ પ્રમાણે છે. મહારાજ દિલીપ સુધી તો એક જ વંશ આવે છે. દિલીપે ગૌભક્તિ કરી કારણકે તેમને કામધેનુ ગાયનો શ્રાપ હતો. તેઓ એકવાર જ્યારે સ્વર્ગમાં ગયા તો ઉતાવળમાં કામધેનુ ગાયને પ્રણામ કરવાનું ભૂલી ગયા, કામધેનુએ શ્રાપ આપ્યો કે તું પુત્રની ઇચ્છાથી જઈ તો રહ્યો છે પરંતુ તને પુત્ર થશે નહીં. આ શ્રાપ તે સમયે દિલીપ સાંભળી ન શક્યા કારણકે આકાશમાં ઇન્દ્રનો ઐરાવત હાથી ક્રીડા કરી રહ્યો હતો. દીર્ઘકાળ સુધી પ્રયત્ન કરવા છતાં જ્યારે તેમને પુત્રપ્રાપ્તિ ન થઈ તો તેઓ ગુરૂ વશિષ્ઠની પાસે ગયા. તેઓએ ધ્યાન ધરીને જણાવ્યું કે રાજન! તમને તો શ્રાપ લાગ્યો છે, તમને ક્યારેય પુત્ર પ્રાપ્તિ નહીં થાય કારણકે આ કામધેનુનો અમોઘ શ્રાપ છે. વશિષ્ઠજીએ કહ્યું- ''આપ ગૌસેવા કરો, કામધેનુની પુત્રી નંદિની આપણી પાસે છે, તે પણ કામધેનુ જ છે, એકમાત્ર તે જ આ શ્રાપને નષ્ટ કરી શકે છે'', ત્યારે દિલીપે અદ્ભુત ગૌસેવા કરી.

તેઓની પરીક્ષા પણ લેવામાં આવી, પરીક્ષામાં સિંહે આક્રમણ કર્યું અને દિલીપે પોતાનું શરીર સિંહને સોંપી દીધું. સિંહે કહ્યું- ''હું પાર્વતી દ્વારા નિયુક્ત સિંહ છું, શા માટે આપ આ સાધારણ ગાય માટે પોતાનું શરીર નષ્ટ કરી રહ્યા છો? જીવિત રહેશો તો અનેક પ્રકારનું તપ વગેરે કરી શકશો.''

આસ્વાદવદ્ભિઃ કવલૈસ્તૃણાનાં કણ્ડૂયનૈર્દંશનિવારણૈશ્ચ ।
અવ્યાહતૈઃ સ્વૈરગતૈઃ સ તસ્યાઃ સમ્રાટ સમારાધનતત્પરોડભૂત્ ।।
સ્થિતઃ સ્થિતામુચ્ચલિતઃ પ્રયાતાં નિદ્રુષીમાસનબન્ધધીરઃ ।
જલાભિલાષી જલમાદદાનાં છાયેવ તાં ભૂપતિરન્વગચ્છત્ ।।

(રઘુ. ૨/૫)

દિલીપે કહ્યું- ''આ શરીરને જીવિત રાખવાનો કોઈ લાભ નથી, જો આપણે ગાયને ન બચાવી શકીએ, તેના કરતાં તો મરી જવું સારું છે. મનુષ્યએ ત્યાં સુધી જ જીવવું જોઈએ, જ્યાં સુધી તેનામાં મશાલની જેમ પ્રકાશ છે. જો પ્રકાશ ન રહે તો જીવવાનો કોઈ અર્થ નથી, તેનાથી ઉત્તમ છે મરવું.'' સિંહે કહ્યું- ''તૈયાર થઈ જાઓ મરવા માટે'', દિલીપ તૈયાર થઈ ગયા. સિંહ આકાશમાં ઊપર ઉછળ્યો, તેઓ માથું નીચું કરીને બેસી ગયા, હલ્યા પણ નહીં કે સિંહ મારા ઉપર પ્રહાર કરશે. ત્યારે શું જુએ છે કે એક ફૂલોની માળા આકાશથી તેમના ઉપર આવીને પડી. તેઓએ સામે જોયું તો ગાય સ્મિત કરી રહી હતી. બોલી- ''હું તમારી પરીક્ષા લેતી હતી, જેમાં તમે ઉત્તીર્ણ થયા છો. જાઓ, મારી માતાનો શ્રાપ નષ્ટ થઈ ગયો. હવે તમોને એક પ્રતાપી પુત્ર થશે, જેનું નામ રઘુ હશે.'' આ ગૌસેવાને જોઈ રાજા દિલીપના પુત્રોમાં સૌથી નાના ધર્મ નામના જે પુત્ર હતા, તેઓએ કહ્યું કે અમોને રાજપાટ ન જોઈએ. અમોને કાંઈ જ નથી જોઈતું. અમે તો ફક્ત ગાયની સેવા કરીશું. એ જ વંશમાં આગળ જઈ અભયકર્ણ થયા. શત્રુઘ્નજી જ્યારે વ્રજમાં આવ્યા તો અભયકર્ણને સાથે લઈ આવ્યા કારણ કે તેઓ પણ મોટા ગૌભક્ત હતા. શત્રુઘ્નજી જાણતા હતા કે આ ભૂમિ ગાયને લાયક છે.

વાલ્મીકિ રામાયણમાં એક પ્રસંગ આવે છે કે જ્યારે સીતાજી વનવાસના સમયે યમુનાજીને પાર કરી રહ્યા હતા, તે સમયે સીતાજીએ યમુનાજીની વંદના કરી. તેઓએ જોઈ લીધું કે આ યમુના વ્રજથી આવી રહી છે. અહીં શ્લોક છે-

કાલિન્દીમધ્યમાયાતા સીતા ત્વેનામવન્દત ।
સ્વસ્તિ દેવિ તરામિ ત્વાં પારયેન્મે પતિર્વ્રતમ્ ।।
યક્ષ્યે ત્વાં ગોસહસ્ત્રેણ સુરાઘટશતેન ચ ।
સ્વસ્તિ પ્રત્યાગતે રામે પુરીમિક્ષ્વાકુપાલિતામ્ ।।

(વા.રા.અયો.કા. ૫૫।૧૯.૨૦)

સીતાજીએ કહ્યું- ''હે માઁ! હું તારી હજારો ગાયોની સેવા કરીશ.'' સીતાજી પણ વ્રજભક્ત હતાં.

જ્યારે અભયકર્ણજી અહીં આવ્યા તો ઘણા પ્રસન્ન થયા અને ગૌસેવા કરવા લાગી ગયા. આથી રઘુવંશનો આ એક અલગ વંશ આવે છે, આમના જ વંશમાં રશંગજી થયા,

જેઓએ બરસાના વસાવ્યું છે અને તેમના જ વંશમાં રાધારાણીનું પ્રાકટ્ય થયું. આ બરસાનાનો ઇતિહાસ છે. રશંગજીના વંશમાં જ રાજા વૃષભાનુ અને રાધારાણી થયા છે. તેઓ સૂર્યવંશી હતા અને શ્રીકૃષ્ણ ચંદ્રવંશી હતા.

મહારાણી કીર્તિજી ધન્ય છે, જેમને ત્યાં રાધારાણી જન્મ્યાં. મહારાણી કીર્તિ માનવી કન્યા નહોતા, તેઓનો અવતાર થયો છે. ક્યારેક પોતાના પૂર્વ જન્મથી પહેલાં તેઓ ત્રણ પિતૃશ્વરોની દિવ્ય કન્યાઓ હતી. આ કથા શિવપુરાણ (પાર્વતી ખંડ, અધ્યાય-૨)માં આવે છે. જ્યારે તેઓ શ્વેતદીપ ગયા તો ત્યાં સનકાદિ આવ્યા. તેઓએ ઉભા થઈ સમ્માન ન આપ્યું તો તેઓએ શ્રાપ દીધો કે તું માનવી થઈ જા. ભગવાને કહ્યું કે આ વરદાન છે, શ્રાપ નથી. તમોને નિત્ય શક્તિને જન્મ આપવાનો અવસર મળશે. આ ત્રણે કન્યાઓમાં જે સીતાજીની માતા બન્યા- 'સુનૈના', એક પાર્વતીજીની માતા બન્યા- 'મૈના' અને એક રાધિકાજીના માતા બન્યા- 'કલાવતી'। આ કલાવતીના રૂપમાં પ્રગટ થયા, જે મહારાજ સુચન્દ્રની સ્ત્રી બન્યા. બંનેએ કઠોર તપ કર્યું. તેમની તપસ્યાથી પ્રસન્ન થઈ બ્રહ્માજી પ્રકટ થયા અને વરદાન માગવા કહ્યું. આમ મહારાજ સુચન્દ્રજીને મોક્ષનું વરદાન પ્રાપ્ત થયું. કલાવતીજી બોલ્યા કે- બ્રહ્મા, હું તમોને શ્રાપ દઈશ. મારા રહેતાં તમે આમને મોક્ષ કેમ આપ્યો? બ્રહ્માજી ગભરાઈ ગયા કારણકે આ મહાસતી હતા. તેઓ બોલ્યા ઠીક છે, તેઓ કેટલાક દિવસો સુધી અહીં ઉપર રહેશે પછી તમને ગોલોકેશ્વરીની માતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે, ત્યારબાદ તમારી સાથે જ ધામમાં જશે. એ જ મહારાજ સુચન્દ્ર અને એ જ કલાવતી અહીં ફરીથી પ્રગટ થયા. કલાવતી, કીર્તિ બન્યા અને તેમની કૂખે શ્રી રાધારાણી ભાદરવા સુદ અષ્ટમીના દિને પ્રગટ થયા.

અહીં શ્રી નંદનંદન શ્રી રાધિકા પર મોહિત થઈ નિત્ય વાસ કરે છે-

परं नित्यं राधापदकमलमूले ब्रजपुरे ।
तदित्थं वीथीषु भ्रमति स महालम्पट मणिः ।।

(રા.સુ.નિ. ૨૩૨)

સોઈ તૌ બચન મોસૌં માનિ તૈં મેરૌ લાલ મોહ્યૌ રી સાઁવરૌ ।
નવ નિકુંજ સુખ પુંજ મહલ મેં સુબસ બસૌ યહ ગાઁવરૌ ।।
નવ-નવ લાડ લડાઈ લાડિલી નહિં નહિં ઈહ બ્રજ જાઁવરૌ ।
'શ્રીહરિદાસ' કે સ્વામી સ્યામા કુઞ્જબિહારી પૈ વારૌંગી માલતી ભાઁવરૌ ।।

(કેલિમાલ-૪૪)

બરસાના ગ્રામ બ્રહ્માચલ પર્વતની નીચે છે. બ્રહ્માચલ પર્વત જે બ્રહ્માજીનું જ અંગ છે. તેઓના મુખરૂપ ચાર શિખરો પર ચાર ગઢ છેઃ (૧) માનગઢ (૨) દાનગઢ (૩) વિલાસગઢ (૪) ભાનુગઢ. જેના પર ક્રમશઃ વૃષભાનુ ભવન (ભાનુગઢ), દાનલીલા (દાનગઢ), ઝૂલન લીલા અને વિલાસ લીલા (વિલાસ ગઢ) અને માન લીલા (માનગઢ) થયાં છે. સિંહપૌર પર બ્રહ્માજીનો વિગ્રહ પણ છે જેને ભક્તગણો પ્રણામ કરીને પર્વત પર ચારેય ગઢોના દર્શન કરે છે.

ततो राधा कृष्ण दर्शन प्रार्थना मन्त्रः-

नमः प्रियायै राधायै ब्रह्मणो वरदायिने ।
सर्वेष्टफलरम्याय राधाकृष्णायमूर्तये ।।

(ब्र.भ.वि.)

અર્થાત્-રાધારાણી પ્રિયાજીને નમસ્કાર છે અને બ્રહ્માને વરદાન આપનારા શ્રીકૃષ્ણને નમસ્કાર છે. અહીં શ્રીરાધાકૃષ્ણના દર્શનથી તમામ ઇષ્ટફળ પ્રાપ્ત થઈ જાય છે.

બ્રહ્માજી, શ્રીજીના ચરણોની રજને પામવા અહીં પર્વત બન્યા. ભાગવતમાં આવે છે-

तद् भूरिभाग्यमिह जन्म किमप्यटव्यां
यद् गोकुलेऽपि कतमाङ्घ्रिरजोऽभिषेकम्।
यज्जीवितं तु निखिलं भगवान् मुकुन्द-
स्त्वद्यापि यत्पदरजः श्रुतिमृग्यमेव ।।

(भा. १०/१४/३४)

બ્રહ્માજી ઇચ્છતા હતા કે કોઈપણ નિવાસીની ચરણરજ મળી જાય. એમની રજ, જેમનું જીવન જ ભગવાન છે. શ્રુતિઓ આજ સુધી જે ચરણોની રજને શોધી રહી છે, એ જ રજ બ્રહ્માજીને શ્રીકૃષ્ણની કૃપાથી મળી.

ततो वृषभानुपुर दर्शन प्रार्थना मंत्रः-

महीभानुसुतायैव कीर्तिदायै नमो नमः ।
सर्वदा गोकुले वृद्धिं प्रयच्छ मम कांक्षितां ।।

(ब्र.भ.वि.)

અર્થાત્- વૃષભાનુ તથા કીર્તિજીને નમસ્કાર છે. સદા ગોકુળ (વ્રજ)માં મારી આકાંક્ષાઓ પૂર્ણ કરો.

આ ગ્રામ ચારે તરફ વનકુંજોથી ઘેરાયેલું છે. પ્રેમવન, માનેંગિતવન, મયૂરવન, ગહવરવન, વગેરે. આથી જ શ્રી લાડલીજીને સખીઓ પ્રાર્થના કરે છે કે નંદલાલ વ્રજમાં બરસાના છોડીને ક્યાંય જતા નથી, આપ તેમના પર પ્રેમ વર્ષા કરો.

ભાનુગઢ

ભાનુગઢ પર મહારાજ વૃષભાનુજીનો મહેલ બન્યો, જ્યાં શ્રીરાધાનું પ્રાકટ્, બાલ, પૌગણ્ડ અને કૈશોર વગેરે લીલાઓ થાય છે.

यत्प्राकटुरस्ति कृपया वृषभानुगेहे ।
स्यात्किंकरी भवितुमेव ममाभिलाषः ।।

(रा.सु.नि. ४०)

તથા તત્રૈવ-

સા કાચિદ્ વૃષભાનુવેસ્મનિ સખીમાલાસુ બાલાવલી ।
મૌલિઃ ખેલતિ વિશ્વમોહનમહાસારૂપ્યમાચિન્વતી ।।

(રા.સુ.નિ. ૨૨૫)

તથા

નન્દિગ્રામે વૃહત્સાનૌ કાર્યા રાજ્યસ્થિતિસ્ત્વયા ।।

(ભા.મા.સ્ક.પુ.૧/૩૮)

વૃષભાનુપુરશતકમાંથી-

જયત્યશેષાદ્ભુતમાધુરી સા, પુરી વૃષાકૂસ્કરરાજકસ્ય ।
યન્નામ શ્રૃણ્વન્નનુનંદસૂનુ વૃજત્યવસ્થાં જડિમાભિધાનામ્ ।।

(વૃ.પુ.શ.)

અર્થાત્- સંપૂર્ણ માધુરીવાળી, વૃષભાનુપુરી વિજયને પ્રાપ્ત થઈ રહી છે, જેનું નામ સાંભળીને જ 'શ્રીકૃષ્ણ' પ્રેમમૂર્છાને પ્રાપ્ત થઈ જાય છે.

વૃષભાનુ ભવન

યત્રાસ્તિ શ્રી મદ્વૃષભાનુ મન્દિરં પ્રભાસહસ્રામલ ચંદ્ર સુંદરમ્ ।
યજ્જ્યોત્સ્ન્યા રાજિતનંદમંદિરે ચિક્રીડબાલ્યે નનુ નંદનંદનઃ ।।

(વૃ.પુ.શ.)

અર્થાત્- ''જ્યાં શ્રી વૃષભાનુ મંદિર છે, જેની પ્રભા હજારો નિર્મળ ચંદ્રમાઓથી પણ નિર્મળ છે અને જેની પ્રભાથી જ નંદભવન પણ શોભિત થાય છે, જ્યાં બાલકૃષ્ણ રમે છે. ભાવ એ છે કે બાળકૃષ્ણને શ્રીરાધા વિરહ ન વ્યાપે. આથી ભાનુભવનની ગૌર કિરણો નંદગ્રામમાં જઈને નંદભવન પર છવાઈ જાય છે. આ રીતે તેમને સતત રાધામિલન પ્રાપ્ત થતું રહે છે.''

જો કે વર્તમાન મંદિર પાંચમું મંદિર છે. આ પૂર્વના ચાર મંદિરો સમીપમાં જ જોડાયેલા છે. દરેકનો ઇતિહાસ નાનકડી પુસ્તકમાં આપી શકાય તેમ નથી. સ્થળ એ જ છે, મંદિરમાં પરિવર્તન થતું રહે છે.

અહીં સૌથી પહેલા રાધારાણીએ કહ્યું હતું, શ્યામ સુંદરને-

તતો રાધા પ્રિયં કૃષ્ણં વાક્યમૂચે કૃતાર્થકૃત્ ।
મમ પિતૃપુરે ત્વં હિ મયા સહ પ્રતિષ્ઠતુ ।।

(બ્ર.ભ.વિ.)

આ શ્લોકથી જ બરસાનાની મહિમાનો ખ્યાલ આવે છે. શ્રીજી શ્યામ સુંદરને કહે છે કે મારા પિતાના ગ્રામનું નામ 'વૃષભાનુપુર' (બરસાના) છે, જ્યાં રસવર્ષા થતી રહે છે. આજે પણ અહીં રસ વરસી રહ્યો છે, આવી છટા વ્રજમાં ક્યાંય નથી.

શ્રીજી બોલ્યા- ''મારા પિતાના આ ગ્રામમાં તમે મારી સાથે અહીં રહ્યા કરો. આથી બ્રહ્માજી પણ કૃતાર્થ થઈ જશે અને મારી પણ પ્રીતિ વધશે.'' આથી અહીં શ્રીજીના મંદિરમાં ઠાકુરજી પણ રહે છે. ભલે ચૂંદડી ઓઢાડવામાં આવે છે, સખી વેષમાં રહે છે જેથી કોઈ ઓળખી ન જાય. મહાત્મા લોકો કહે છે કે આવું સંસારમાં ક્યાંય નથી, જ્યાં કૃષ્ણ સખી વેષમાં રહે છે. આવું માત્ર બરસાનામાં જ છે, કે જ્યાં પૂર્ણ પુરૂષોત્તમ પુરૂષ સખી બન્યા.

અતિ સરસ્યૌ બરસાનો જૂ। રાજત રમણીક રવાનોં જૂ ।।
જહાઁ મનિમય મન્દિર સોહૈ જૂ । ઉપમા કો રવિ-શશિ કો હૈ જૂ ।।
નિત હોત કુલાહલ ભારી જૂ । મન મુદિત સકલ નર-નારી જૂ ।।
વૃષભાનુ ગોપ જહાઁ રાજૈ જૂ ।

શ્રી લાડલીજીનું પ્રાકટ્યઃ

વર્તમાનકાળમાં વિરાજમાન શ્રી લાડલીજીનો વિગ્રહ સંવત ૧૬૨૬માં અષાઢ શુક્લએ નારાયણ ભટ્ટજી દ્વારા પ્રસ્થાપિત છે. એ વખતે ભટ્ટજી દ્વારા અનેક વિગ્રહોનું પ્રાકટ્ય થયું. સંપૂર્ણ વ્રજભક્ત પૂજ્ય શ્રી નારાયણ ભટ્ટ ગોસ્વામીજીના સાહિત્ય દ્વારા વ્રજ સ્વરૂપને સંમુખ લાવવા બદલ તેઓના આ પ્રણયન શ્રમ માટે સદા-સર્વદા ઋણી જ રહીશું.

શ્રી શ્રી નારાયણ ભટ્ટજીની ઉદ્ભટ પ્રતિભા

વ્રજાઘાચાર્ય શ્રી શ્રી નારાયણ ભટ્ટ ગોસ્વામીજી જ એ મહાપુરૂષ છે, જેઓએ વ્રજ ધરાના લુપ્ત-ગુપ્ત સ્વરૂપને જન-સાધારણ સમક્ષ નેત્રોન્મુખ કર્યું. દક્ષિણ દેશમાં મદુરાપત્તન સ્થાનમાં ભૃગુવંશી, શ્રીવત્સગોત્રીય, ઋગ્વેદી, ભૈરવ નામના મહાન વિદ્વાન તૈલંગ વિપ્રનો પ્રવાસ હતો. તેઓ મધ્વ મતાવલંબી વૈષ્ણવ મોટા કૃષ્ણ ભક્ત હતા. તેમના પુત્ર હતા શ્રીરંગનાથ. ભક્ત રંગનાથજીનું ચરિત્ર ભવિષ્યેત્તર પુરાણમાં પણ ઉલ્લિખિત છે. રંગનાથજીને ભટ્ટ ભાસ્કર નામે પુત્ર થયો.

ભટ્ટ ભાસ્કરને બે પુત્ર રત્ન થયા-

૧. ગોપાલ ૨. નારાયણ. આ જ નારાયણ ભટ્ટ ગોસ્વામી જે જનમાનસના વ્રજ માર્ગદર્શક છે. તેઓ સામાન્ય વિભૂતિ નથી, સ્વયં કૃષ્ણ પાર્ષદ નારદાવતાર છે. શ્રીરાધારાણીની પ્રિય સખી શ્રીરંગદેવીજી ના આવેશ છે. અસામાન્ય હતા તેથી જ તો

'શ્રીબ્રજભક્તિવિલાસ' જેવા અસામાન્ય ગ્રંથની રચના કરી, તેનું અધ્યયન માત્ર પર્યાપ્ત છે આપના વ્યક્તિત્વ જ્ઞાન હેતુ.

સંવત ૧૫૮૮ વૈશાખ શુક્લ પક્ષ નરસિંહ જયંતિ દિવાભાગને પાવન કરી આપના જન્મએ. બાર વરસની ઉંમરમાં પિતૃવ્ય શંકર ભટ્ટજી પાસે પાંડિત્યની શિક્ષા પૂર્ણ કરી. સંવત ૧૬૦૨માં વ્રજાગમન અને ગુરૂ બ્રહ્મચારીજી પાસે રહી તેમની પાસેથી સંપ્રદાય રહસ્યની શિક્ષા પ્રાપ્ત કરી. વ્રજ તીર્થોનો ઉદ્ધાર કરીને સંવત ૧૬૦૯માં 'શ્રીબ્રજભક્તિવિલાસ' જેવા અનુપમ ગ્રંથની રચના કરી. સંવત ૧૬૧૨માં 'બ્રજોત્સવ ચંદ્રિકા' ગ્રંથના જનક બન્યા. સંવત ૧૬૨૬માં અષાઢ શુક્લ બીજે કિશોરી શ્રીરાધાનું પ્રાકટ્ય આપશ્રી દ્વારા થયું. સંવત લગભગ ૧૭૦૦ વામન જયંતીના અવસરે આપે ધામપ્રવેશ કર્યો.

શ્રી નાભાજીના શબ્દોમાં-

બ્રજભૂમિ ઉપાસક ભટ્ટ સો રચિ પચિ હરિ એકૈ કિયૌ ।।
ગોપ્ય સ્થળ મથુરા મણ્ડલ જિસે વારાહ બખાને ।
તે કિય નારાયણ પ્રગટ પ્રસિદ્ધ પૃથ્વી મેં જાને ।।
ભક્તિસુધા કૌ સિન્ધુ સધા સતસંગ સમાજન ।
પરમ રસજ્ઞ અનન્ય કૃષ્ણલીલા કૌ ભાજન ।।
જ્ઞાન સ્મારત પચ્છ કૌં નાહિન કોઉ ખણ્ડન બિયૌ ।
બ્રજભૂમિ ઉપાસક ભટ્ટ સો રચિ પચિ હરિ એકૈ કિયૌ ।।

અર્થાત્- બ્રહ્માની સૃષ્ટિથી બહાર અત્યંત શ્રમથી બનાવ્યું છે બનવારીએ આ વ્યક્તિત્વને. વારાહ પુરાણમાં વારાહ પ્રભુ તથા ભૂ-દેવીના સંવાદમાં ઉલ્લેખિત તત્ સમસ્ત લીલાસ્થળીઓનું પ્રાકટ્ય કર્યું શ્રી નારાયણ ભટ્ટજીએ.

પ્રાકટ્ય વિધિ

લીલાભૂમિમાં આરાધનાપૂર્વક નિવાસ કરવાથી સ્વયં લીલાવિહારી જ આવીને ત્રણેય તીર્થો (વિગ્રહ, સર, વન)નો સાક્ષાત્કાર કરાવતા, ત્યારે ભટ્ટજી એ સ્થળ પર નિર્મળ બાળકો દ્વારા તે લીલાનો અભિનય કરાવતા. એક સમયે મહા મહિનાના અવસરે કેટલાય યાત્રીગણો ત્રિવેણી સ્નાન કરવા જઈ રહ્યા હતા ત્યારે તેઓને જોઈ ભટ્ટજીએ તુરંત જ કહ્યું-

ભટ્ટજી-''આપ સૌ વ્રજ ત્રિવેણી ત્યાગીને અન્યત્ર શા માટે જઈ રહ્યા છો?''

''વ્રજમાં ભલા ત્રિવેણી ક્યાંથી!!'' યાત્રીઓએ ચકિત થઈને પૂછ્યું.

ભટ્ટજી - ''શ્રી ઊંચા ગ્રામમાં''.

શ્રી ભટ્ટજી બધા યાત્રીઓને ઊંચા ગ્રામે લાવ્યા અને ભૂમિ ખનન કરી ત્રિવેણીની ત્રણેય ધારાઓના દર્શન કરાવ્યા.

ત્રિવેણી - ''ભટ્ટજી! શ્રીહરિએ આહ્વાન કરી રાધા-શ્યામ કુંડમાં જ્યારથી મને વાસ આપ્યો, ત્યારબાદ હું વ્રજ છોડીને પરત ગઈ જ નહીં. ત્યારથી મારો પ્રવાસ વ્રજમાત્ર બની ગયો છે.''

એક વાર તો એવી વ્રજમહિમા ગાઈ ભટ્ટજીએ કે સ્વયં પ્રયાગરાજને પણ નત્ કરી દીધા.

એક વાર ગોદાવરીમાં સ્નાન કરતી વખતે યુગલે પોતાના દર્શન આપ્યાં અને નિર્દેશ કર્યો.

યુગલ સરકાર- ''ભટ્ટજી! અતિ શીઘ્ર વ્રજ પ્રસ્થાન કરી હવે આપ અમારી લીલાસ્થળીઓને પ્રકાશિત કરો (લાડિલેય નામનો વિગ્રહ આપતાં) આ લો મારું બાળસ્વરૂપ, આ તમને વ્રજ લીલા રહસ્યોનો બોધ કરાવશે.''

યુગલ આજ્ઞાથી આપે તરત જ વ્રજ તરફ પ્રયાણ કર્યું. શ્રી ગોવર્ધન પહોંચતાં-પહોંચતા અઢી વર્ષ લાગી ગયા. તે સમયે સનાતન ગોસ્વામીના શ્રી મદનમોહનજી અહીં જ હતાં. સનાતનજી અને કૃષ્ણદાસજી બ્રહ્મચારી સેવાયત હતા. રાજભોગના દર્શન કરી હજી શયન જ કર્યું હતું કે ભટ્ટજી પહોંચી ગયા મંદિરમાં, આપના પહોંચતા જ દ્વાર આપોઆપ ખુલી ગયું. શ્રીપ્રભુએ મસ્તક પર હાથ મૂકીને તેઓને યુગલમંત્રનો ઉપદેશ કર્યો અને શ્રી રાધિકારાણીએ પ્રેમલક્ષણા ભક્તિ પ્રદાન કરી. આ વાર્તા દરમ્યાન વચ્ચે શ્રી સનાતનજી અને શ્રી કૃષ્ણદાસજી બ્રહ્મચારીની નિદ્રા તૂટી તો જેયું કે ભક્ત-ભગવાનનું પ્રત્યક્ષ મિલન થઈ રહ્યું છે. પ્રભુએ આદેશ કર્યો શ્રીકૃષ્ણદાસજી ને કે આપ નારાયણ ભટ્ટજીને સંપ્રદાય-સિદ્ધાંતોપદેશ આપો ત્યારે શ્રીકૃષ્ણદાસજી દ્વારા આપને સંપ્રદાય-સિદ્ધાંતોપદેશ પ્રાપ્ત થયો. લીલાસ્થળોના પ્રકટીકરણમાં વ્રજવાસીઓનો પણ સહયોગ પ્રાપ્ત થવા લાગ્યો. દિલ્લીશ્વર બાદશાહ અકબરે પણ આપની ભજન-સેવાથી પ્રભાવિત થઈ તેમના ખજાનચી (ટોડરમલ)ને સેવા અર્થે મોકલ્યા.

ટોડરમલ- ''મહાભાગ! કોઈ સેવા બતાવો!''

નારાયણ ભટ્ટજી- ''જો સેવાની વિશેષ ઇચ્છા હોય તો વ્રજના જે-જે તીર્થોનું પ્રાકટ્ય થઈ ચુક્યું છે તેમને સ્વરૂપાનુરૂપ સુસજ્જિત, સુરક્ષિત કરો.'' આદેશાનુસાર ટોડરમલે તે તીર્થ સ્થળોમાં સુંદર નિર્માણ કાર્ય કરાવ્યું.

શ્રી બરસાના ગ્રામમાં ''શ્રીરાધારાણી'' અને ઊંચા ગ્રામમાં ''શ્રી દાઉજી'' આપના પ્રકટિત વિગ્રહોમાં સૌથી પ્રસિદ્ધ અને પ્રપૂજ્ય છે. આ બંને સેવ્ય વિગ્રહોની સેવા-પૂજા આપ સ્વયં કરતા હતા.

ત્યારબાદ પિતાના આગ્રહથી આપે વિવાહ કરીને શ્રી દામોદર નામના પુત્રને જન્મ આપ્યો. તત્કાલીન વૈષ્ણવ સમાજે આપને વ્રજાચાર્ય પદ પર અભિષિક્ત કર્યા. વ્રજમાં સ્થાન-સ્થાન પર રાસાદિ લીલાનુકરણ પણ આપે ખુબ કરાવ્યું. બાર વર્ષો સુધી શ્રીરાધાકુંડ પર વાસ કર્યો, ત્યારબાદ શેષ જીવન ઊંચા ગ્રામમાં વ્યતીત કર્યું.

ભટ્ટજી દ્વારા પ્રકટિત પ્રધાન તીર્થ-

ગોવર્ધનમાં માનસી ગંગા.... (બ્રજ ભક્તિ વિલાસમાં જુઓ પૃ.-૨)

ભટ્ટજીની કૃતિઓ-

૧. બ્રજભક્તિ વિલાસ

૨. બ્રજ દીપિકા

૩. બ્રજોત્સવ ચન્દ્રિકા

૪. બ્રજ મહોદધિ

૫. બ્રજોત્સવ હ્લાદિની

૬. બૃહદ્ બ્રજ ગુણોત્સવ[૧]

૭. બ્રજ પ્રકાશ

આ સાત ગ્રન્થો રાધાકુંડમાં મદનમોહન પ્રભુ અને ગુરૂ શ્રીકૃષ્ણદાસજી બ્રહ્મચારીના સાનિધ્યમાં જ લખ્યા. ઊંચા ગ્રામમાં રહેવા દરમ્યાન ૫૨ (બાવન) ગ્રંથોનું નિર્માણ કર્યું. સંકેત વટમાં સ્વયં શ્રીરાધા રમણલાલે ભાગવત પર ટીકા કરવાની આજ્ઞા આપી ત્યારે- 'રસિકાહ્લાદિની' ટીકાનું નિર્માણ થયું. ભટ્ટજી દ્વારા રચિત 'પ્રેમાંકુર નાટક' ગ્રંથમાં દાન, માન, મગરોકની, નોક-ઝોક, ભંડાફોડ, નિકુંજ રચના, નિકુંજ ભેદ અને ચિકસોલી બરસાનામાં તેરસના દિવસે જે મટુકી ફોડ લીલા (બૂઢી લીલા) થાય છે તે પણ આ જ ગ્રંથ પર આધારિત છે. હાલમાં 'પ્રેમાંકુર નાટક' તથા 'બૃહદ્ બ્રજ ગુણોત્સવ' આ બંને દિવ્ય ગ્રંથો અનુપલબ્ધ છે. ભટ્ટજી દ્વારા પ્રકટિત પ્રધાન વિગ્રહ બરસાનામાં શ્રી લાડલીજી, ઊંચા ગ્રામમાં શ્રી દાઊજી, ખાયરામાં શ્રી ગોપીનાથજી, સંકેતમાં સંકેતદેવી અને રાધારમણજી, શેષશાયીમાં પૌઢાનાથ, દાઊજીમાં બલદેવજી, પૈઠામાં ચતુર્ભુજજી, મથુરામાં મહાવિદ્યા, દીર્ઘ વિષ્ણુ, મહાવિષ્ણુ અને વારાહ ભગવાન, આદિબદ્રીજી, કામેશ્વર મહાદેવ વગેરે. આપના નિત્ય સંગી શ્રી લાડિલેય પ્રભુ વર્તમાનમાં અલવર રિયાસતના નીમરાના નામના સ્થાન પર વિરાજમાન છે જેમની જેવા ભટ્ટજી પરિવારની પારિવારિક શિષ્ય પરંપરા દ્વારા ચાલે છે.

ભટ્ટજીની ગુરૂ પરંપરા

શ્રીમન્ ચૈતન્યદેવના પાર્ષદ શ્રી ગદાધર પંડિત, તેઓના શિષ્ય શ્રીકૃષ્ણદાસ બ્રહ્મચારીજી અને બ્રહ્મચારીજીના જ શિષ્ય છે શ્રી નારાયણ ભટ્ટ ગોસ્વામી.

(૧ ખેદ છે, અથક પ્રયાસો બાદ પણ ૨૬૦૦૦ શ્લોકરત્નોવાળી આ રત્નમંજૂષા 'બૃહદ બ્રજ ગુણોત્સવ' ઉપલબ્ધ ન થઈ શકી. વ્રજની સમસ્ત ગ્રામટિકાઓનો ઇતિહાસ સમાવતો આ ગ્રંથ નિશ્ચિત જ અસમોર્ધ્વ છે. વૈષ્ણવ જગત પર પરમ ઉપકાર કરવા માટે જો કોઈ મહાભાગી એકવાર પણ આ ગ્રંથનું દર્શન કરાવી દે તો સંસ્થા દ્વારા ઉચિત પુરસ્કારની ઘોષણા કરવામાં આવેલ છે. સાથે જ એ પરમ ઉદાર વ્યક્તિનું નામ રત્ન-જટિત લેખમાં પ્રકાશિત થઈને અમર થઈ જશે. ભગવદપ્રિયતાની પ્રાપ્તિમાં તો સંદેહ જ ક્યાંથી?)

ભક્તમાળ ટીકાકાર પ્રિયાદાસજી કહે છે-

ગોસાંઈ સનાતન જૂ મદનમોહન રૂપ માથે પધરાય કહી સેવા નીકી કીજિયે,
જાનૌ કૃષ્ણદાસ બ્રહ્મચારી અધિકારી ભયે ભટ્ટ જી નારાયણ જૂ શિષ્ય કિયે રીઝિયે।

યુગલ સરકારની ઉપાસના જ આપના સંપ્રદાયમાં પ્રધાન છે. વ્રજના લુપ્ત-ગુપ્ત લીલાસ્થળોના પ્રકાશનરૂપી ઉપકાર બદલ સમસ્ત વૈષ્ણવ સમૂહ સદૈવ આભારી રહેશે. વિશેષ જાણકારી માટે નારાયણ ભટ્ટ ચરિતામૃત જુઓ.

રંગીલી ગલી

શ્રીરાધાકૃષ્ણ વિવાહ લીલા ઘણા સ્થાનો પર ગાવામાં આવેલ છે. (પદ્મ પુરાણ ઉત્તરખંડમાં) દન્તવક્ત્રનો વધ કરીને શ્રીકૃષ્ણ વ્રજમાં આવે છે અને બધાં વ્રજવાસીઓને મળે છે. શ્રીમદ ભાગવતમાં પણ શ્રી દ્વારિકાથી વ્રજમાં આવવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

યથા-

''यर्ह्यम्बुजाक्षापससार भो भवान् कुरून् मधून् वाथ सुहृदिदृक्षया''

(ભા. ૧/૧૧/૯)

આના આધારે શ્રી જીવગોસ્વામીજીએ ગોપાલ ચમ્પૂ (ઉત્તર)માં 'રાધાકૃષ્ણ વિવાહ' ગાયું છે. હરિવિલાસલીલા તંત્ર, આદિપુરાણ અને બ્રહ્મવૈવર્ત પુરાણમાં પણ વિવાહ લીલાનું ગાન છે. વિવાહ બાદ હોળી રમવા શ્રીકૃષ્ણ બરસાના આવે છે, ત્યારબાદ નંદલાલનું સ્વાંગ દળ બરસાના આવે છે, જેમાં સ્વાંગમાં બ્રહ્મા, રૂદ્ર, સનકાદિ, શુકદેવજી, નારદ પ્રભૃતિ ભાગ લે છે. જેમાં કામદેવ 'કામિની' બને છે અને લલિતાજી વૃષભાનુ સાથે તેમનો વિવાહ રચાવે છે. રાણી કીર્તિને પણ નેગ-ન્યોચ્છાવરની પ્રાપ્તિ થાય છે.

આ સ્વાંગની જાનનું થોડું વર્ણન જુઓ

साँचे स्वाँगनि साजि सबै समूह सुहायौ ।
चारि बदन कौ स्वाँग चतुर चतुरानन ल्यायौ ।।
गूमत आयौ ईन्द्र स्वाँग उन्मत्त जनायौ ।
देखि नंद के लाल गाल धरि जंत्र बजायौ ।।
सनकादिक चारयौनि सज्यौ सन्यास सुहायौ ।
तथा व्यास कौ पूत धूत शुकदेव बनायौ ।।
महादेव पटतार देत यह पट जु मचायौ ।
हरी कौ ह्वै बावरौ सु नारद नाचत आयौ ।।
व्रज वीथिनु के बीचि कीच में लोट लुटायौ ।
माया ने पूतना ह्वै लै नारद दुलरायौ ।।
काम कामिनी बन्यौ सबनि कौ चित्त चुरायौ ।

ગઠિજોરા વૃષભાનુ જાન સોં જાઇ કરાયૌ ।।
લલિતા જોરી ગાંઠિ ભાન કેં બ્યાહ રચાયૌ ।
પીત પિછોરી તાંનિ રંગીલૌ મંડપ છાયૌ ।।
નવલ આઁમ કે મૌર કૌ મૌરી મૌર બનાયૌ ।
નગ ન્યૌછાવર કીનેં કીરતિ કલશ ધરાયૌ ।।
મન કી ભાઁવરિ દીની ચિત કૌ ચૌક પુરાયૌ ।
હોરી કી અઠવારી કરિ દૂલહ દુલરાયૌ ।।
નીકી બની બરાત બરાતિનિ રંગ બઢાયૌ ।
હોરી કી ગારિન કૌ શાષા ચારિ પઢાયૌ ।।

(શ્રં.ર.સા.૧૧૭)

'રસિક નરહરિયાજી'નું આ પદ દર વર્ષે શ્રીજીના મંદિરમાં પાડે લીલાના દિવસે ગાવામાં આવે છે. બ્રહ્મા, શિવા વગેરેની પણ લીલામાં સહભાગિતા સર્વત્ર ભગવદ ઇચ્છાથી થાય છે. આ કોઈ આશ્ચર્યની વાત નથી. જેવી રીતે રાધા-કૃષ્ણ જન્મ પર શિવાદિનું દર્શનાર્થે આગમન, એ જ પ્રમાણે સર્વત્ર સમજવું જોઈએ-

સવનશસ્તદુપધાર્ય સુરેશાઃ શક્રશર્વપરમેષ્ઠિપુરોગાઃ ।
કવય આનતકન્ધરચિતાઃ કશ્મલં યયુરનિશ્ચિતતત્ત્વાઃ ।।

(ભા.૧૦/૩૫/૧૫)

આમાં ઇન્દ્ર, શિવ, બ્રહ્માની સાથે 'પુરોગાઃ'ના અર્થમાં તેમની ટોળી પણ આવી છે. ઇન્દ્રની સાથે અન્ય અપ્સરા, ગંધર્વ વગેરે, શ્રી શિવની સાથે દુર્ગાષ ગણેશ, સ્કંદ વગેરે, બ્રહ્માની સાથે સરસ્વતી તથા અન્ય. સનકાદિક પણ કૃષ્ણકૃપાથી વ્રજલીલા દર્શનાર્થે આવે છે, દેવગણો પણ વેષ બદલીને આવે છે.

દેવા ગોપાલરૂપિણઃ (ભા. ૧૦/૧૮/૧૧) તથા (ભા. ૧૦/૩૩/૦૪, ૧૯, ૨૪) પણ દ્રષ્ટવ્ય છે.

આ જ પ્રકારે રામવિવાહમાં પણ બાલકાંડમાં ૩૧૮મા દોહામાં પણ રમા, પાર્વતી વગેરે **'કપટ નારી બર બેષ બનાઈ'** અને ૩૧૯માં દોહા **'બ્રહ્માદિ સુરબર બિપ્ર બેષ બનાઈ'** ૩૧૭માં પણ **'લહકૌરિ ગૌરિ સિખાવ રામહિ સીય સમ સારદ કહૈં'** ।

આ રસવર્ષાથી લોભિત થઈ દેવગણો અહીં આવે છે, તેથી જ તો નામ બરસાના છે. ત્યારબાદ બીજા દિવસે નવમીના દિને લઠ્ઠમાર હોળી થાય છે. જેમાં બરસાનાની ગોપીઓ, નંદગ્રામના ગ્વાલો પર લઠ્ઠથી પ્રહાર કરે છે અને તેઓ રોકે છે. રસિકોએ શ્રીકૃષ્ણની ગૌરવપૂર્ણ હારનું વર્ણન કરી અત્યંત શાન સાથે તેઓના ભાગવાનું પણ વર્ણન કરેલ છે.

'માધવદાસજી'ની પ્રસિદ્ધ ધમાર-

હો-હો બોલત ડોલત મોહન ખેલત હોરી ।
બંસ લિયે ગોપી હાથ ભરે રંગ ભાજન ફોરી ।
માર પરી મુરી આય ટિકે બ્રજરાજ કી પૌરી ।।

અહીં લકુમારમાં વાંસ કે લકુની પરંપરા શાથી રાખવામાં આવી? તેના ઘણાં કારણો છે. જેમકે- નાયકની અધિક ચપળતાને રોકવા માટે લાકડી જ કામ લાગે છે અને ગોપીજનોના લકુ પ્રહારને ગ્વાલ બાળો ઢાલ દ્વારા રોકે છે, રસમય હાસ-પરિહાસ કરતાં-કરતાં।

શ્રી વિઠ્ઠલદાસજીની પ્રસિદ્ધ ધમાર-

બ્રજ મેં હોરી રંગ બઢ્યૌ હો ।
તબ નન્દનન્દન ફગુઆ દેન મિસ પ્યારી સન્મુખ આય ।।
મૃગમદ કેસર ઔર અરગજા ભીજે ઉર લપટાય ।
તબ સકુચી ગોપી સબ કનક લકુટ લૈ હાથ ।।
પકરન ધાઈ છબીલે લાલ કો ખસત ઝીને પટભાત ।
ભાગે સકલ સખા સંગ કે તબ મોહન લીને ઘેર ।।
અછન ઉઠા ગયી લે પિય કો ફિર ચિતવત મુખ ફેર ।

આજ કારણ 'ગોવર્ધનેશજી'ની પ્રસિદ્ધ ધમારમાં પણ જુઓ-

હોં ખેલૂંગી હોરી મેં આઁખિન ભરયો ન ગુલાલ ।
ઈત હલધર નન્દનન્દન દોઉ ગ્વાલન મેં કિયો શોર ।
રતન જટિત પિચકારી ભરિ લીનોં કેશર નીર ।।
તાક-તાક યુવતી ગણ ઊપર છિરક કિયો હિયો સિર ।
તબ પ્યારી સખિયન લૈ ધાઈ બસન લીને હાથ ।।
સુરંગ ગુલાલ ઉડાય દૂહૂઁ દિશિ ધાય ગહે બ્રજનાથ ।

આ પ્રસંગમાં નાયકની હાર જ રસવૃદ્ધિનું કારણ બને છે. આ પણ લકુનું એક મુખ્ય કારણ છે. શ્રીકૃષ્ણ, શ્રીજી માટે હાર બનાવીને લઈ જાય છે. હારના બદલામાં પરાજયનો હાર આપીને તેઓ તેમનું ગૌરવ વધારે છે.

શ્રી શ્યામદાસજીની પ્રસિદ્ધ ધમાર જુઓ-

ખેલો હોરી ફાગ સબે મિલિ ઝૂમક ગાવો ।।
સંગ સખા ખેલન ચલે વૃષભાન ગોપ કી પૌરી ।
શ્રવન સુનત સબ ગોપિકા ગઈહૈં કુંવરી પેં દૌરી ।।
મોહન રાધા કારનેં ગુહિ લીનોં નોસર હાર ।
હાર દેત દરસન ભયો સબ ગ્વાલન કિયો જુહાર ।।
રાધા લલિતા સોં કહ્યો નેક હાર હાથ તેં લેહુ ।

ચંદ્રભગા સોં યોં કહ્યો નેંક ઈનહીં બેઠન દેહુ ।।
બહોત ભાંતિ બીરા દિયે કીનો બહોત સન્માન ।
રાધા મુખ નિરખત હરિ માનો મધુપ કરત મધુપાન ।।
મોહન કર પિચકાઈ લીયે બંસ લીયે બ્રજનારી ।
જીતી રાધા ગોપિકા સબ ગ્વાલન માનીહાર ।।

આ જ હોળી દશમીના દિવસે નંદગ્રામમાં પણ થાય છે, જેમાં નંદગ્રામની રંગીલીમાં જ દર્શાવવામાં આવશે.

એક નાનકડો પ્રસંગ બતાવીએ છીએ. જ્યારે ગ્વાલબાલો નંદગ્રામથી પીલી પોખર આવે છે અને અંદરોઅંદર કહે છે–

''બરસાને ચલો ખેલે હોરી બરસાને''

ચાલો બરસાના, શા માટે? કારણકે ત્યાં લાલા, રાધારાણી સાથે નિવાસ કરે છે.

જ્યારે બરસાના પહોંચી જાય છે તો રાધારાણીને કહે છે કે હે રાધે! દર્શન આપો.

''દરસન દે નિકસ અટા મેં તે...''

રાધારાણીને પ્રાર્થના કરી તો શ્રીજી મહેલની બહાર આવીને ઊભી રહી ગઈ. નીચે નંદલાલ ઉભા છે. હવે રાધારાણી મહેલમાં કેવી રીતે ઉભા છે અને કેવી રીતે દર્શન આપી રહ્યા છે તે છબિ જુઓ. શ્યામસુંદરની પિચકારીનો રંગ જ્યારે ઉપર મહેલ સુધી ન પહોંચ્યો તો પ્રેમનો પ્રહાર કરી રહ્યા છે, ઉપર પ્રીતિ મોકલી રહ્યા છે.

બરસાનામાં રંગીલી હોળી ૫૦૦૦ વર્ષથી પણ વધુ જુની છે અને તેનું પ્રમાણ 'ગર્ગસંહિતા'માં છે. વ્રજમાં નવ ઉપનંદ હતા, જે તમામ ગુણોથી યુક્ત ધનવાન-શીલવાન હતા. તેઓના ઘરોમાં દેવોના વરદાનથી ગોપકન્યાઓ ઉત્પન્ન થઈ. તેઓ બધી જ રાધારાણીની સખીઓ, અનુચરી હતી. એક વાર વસંત ઋતુ આવી, સૌએ હોળીનો ઉત્સવ પ્રારંભ કરવા વિચાર્યું પરંતુ હોળીનો ઉત્સવ પ્રારંભ કેવી રીતે કરવો, શ્રીજી તો 'માન લીલા'માં છે. તમામ સખીઓ શ્રીજી પાસે જાય છે અને કહે છે કે હે રાધારાણી! હે ચન્દ્રવદની! હે મધુમાન કરનારી માનિની! અમારી વાત સાંભળો, આ હોળીનો ઉત્સવ છે. આ ઉત્સવને મનાવવા માટે તમારા કુળમાં વ્રજના ભૂષણ નીલમણિ નંદલાલ પધાર્યા છે. શ્યામસુંદરની આવી શોભા છે–

''શ્રીયૌવનોન્મદ વિઘૂર્ણિત... સ્વપદારૂણાને''

(ગ.સં.મા.ખં.૧૨/૮)

''હે રાધે! યૌવનની શોભાથી વ્રજરાજના નેત્રો મદથી ઝૂમી રહ્યા છે. ઘુંઘરાળી, કાળી-કાળી લટો તેમના ગોળ-ગોળ ગાલો પર લટકી રહી છે અને તેમની લટોની, તેમના કેશોની જે છટા છે, તેનું તો વર્ણન જ થઈ શકે તેમ નથી. પીળો જામો ઘેરદાર છે અને પગમાં નૂપુર છમ-છમ વાગી રહ્યા છે. બરસાના તરફથી આવી રહ્યા છે. યશોદાજીએ ધારણ કરાવેલો મુકુટ સૂર્ય સમાન પ્રકાશમાન થઈ રહ્યો છે. કુંડળ તો એવા ચમકી રહ્યા છે જાણે વિજળી ચમકી રહી હોય. તેમના ગળામાં વનમાળા એવી લાગે છે

જાણે વાદળ વિજળીની સાથે આવી ગયા હોય. તેમનું આખું શરીર લાલ રંગે રંગાયેલું છે અને તેમના હાથમાં પિચકારી છે. હે રાધે! એ તમારી પ્રતિક્ષા કરી રહ્યા છે.'' આ હોળીને નંદદાસજીએ આ પ્રમાણે ગાઈ છે. રાધારાણીને સખીઓ કહે છે કે હે રાધે! આજના દિવસે શું માન માંગવું? માન છોડીને ચાલો, હોળીના મેદાનમાં-

''અરી ચલ નવલ કિશોરી ગોરી ભોરી હોરી ખેલન જાંહિ''

(શ્રૃ.ર.સા.)

કેવી સુંદર ચાંદની રાત છે! આવા સમયે આપને ઘરમાં બેસવું સારૂં લાગે છે? હે રાધે! ત્યાં દરેક ગામના ગોપી-ગોવાળોના ટોળાં જોડાઈ રહ્યાં છે.

પેલી તરફ શ્યામસુંદર આવ્યા અને તેઓએ જોયું કે કોટિ-કોટિ ગોપીઓ છે પરંતુ તેમની આંખો જેને શોધી રહી હતી, તે રાધારાણી ત્યાં નથી. શ્યામસુંદ્રે ચારે તરફ જોયું પરંતુ શ્રીજી નહોતા, તેથી નેત્રો નીચા કરીને ઉદાસ થઈ ગયા. કરોડો ગોપીઓ છે પણ રાધારાણી નથી.

શ્યામસુંદરે વિશાખાજીને આંખોથી પૂછ્યું કે 'શ્રીજી' ક્યાં છે?

વિશાખાએ કહ્યું- ''શ્રીજી નથી આવી'', સંકેતથી જણાવ્યું કે હમણાં જ જાઓ, તો વિશાખાજીએ જઈને શ્રીજીને કહ્યું- ''હવે આપ મોડું ન કરો. બરસાનામાં શ્યામસુંદર બની-ઠનીને આવ્યા છે. હવે આપ ચાલો.'' શ્રીજીએ સ્મિત રેલાવ્યું તો વિશાખાજી સમજી ગયા કે લાડલીજી માની ગયા છે. વિશાખાજીએ તેમને હાથ પકડીને ઊભા કર્યા કે હવે તો ચાલો અને શ્રીજીનો શ્રૃંગાર કર્યો. શ્રીજી જ્યારે ચાલ્યા તો એવી રીતે ચાલી રહ્યા છે કે તેમની કમરમાં લચક આવી ગઈ હોય.

નંદદાસજી કહે છે કે જેમ કોઈ માછલીને ફસાવવા માટે પાણીમાં કાંટો નાખે છે ત્યારે કાંટાની નીચે લોટની ગોળી લગાવે છે અને માછલી તેમાં ફસાઈ જાય છે, તેવી જ રીતે શ્રીજીની એક ઘુંઘરાળી લટ જે લટકી, એ તો કાંટો હતો, લટ મોતીમાં ફસાઈ તો મોતી લોટની ગોળી હતો અને માછલી ફસાઈ ગઈ. માછલી એટલે શું? શ્યામસુંદરનું મન!

ચારેબાજુ સખીઓ અને વચ્ચે શ્રીજી આવી રહ્યાં છે તો એવું લાગે છે કે ચારેબાજુ કુમુદિનીઓ ખીલી ઉઠી છે, એક ચંદ્ર જઈ રહ્યો છે, આ ગૌર ચંદ્ર રાધારાણી છે. આ ચંદ્ર આજે પગપાળા જઈ રહ્યો છે. ત્યાં હવે ખેલ શરૂ થયો, પહેલા તો ગુલાલથી થયો. ગુલાલના ખેલની વચ્ચે શ્યામસુંદરે શ્રીજીને કપટથી પિચકારી મારી દીધી તો શ્રીજી રિસાઈ ગયા કે ગુલાલનો ખેલ થઈ રહ્યો હતો, જ્યારે તમે હારવા લાગ્યા તો બેઈમાની કેમ કરી?

થયું એવું કે શ્રીજી રિસાઈ ગયા અને ખેલ બંધ પડ્યો. આ તો ગરબડ થઈ ગઈ. બધો જ રસ ચાલ્યો ગયો. લલિતાજી પાસે ફરિયાદ ગઈ કે આનો નિર્ણય શું હશે? તો

લલિતાજીએ કહ્યું કે આપ જે ચાહો તે દંડ આમને દઈ દો. તેઓએ બેઈમાની તો કરી જ છે. બોલ્યાં કે શું દંડ આપવો જોઈએ? હવે દંડ શું થયો તે પણ સાંભળો.

ગુલાલનો ખેલ તો ઘણો થયો. ગુલાલના ખેલમાં જ્યારે શ્યામસુંદર હારવા લાગ્યા તો તેમણે સૌની દૃષ્ટિ બચાવીને બેઈમાની કરી અને શ્રીજીને પિચકારી મારી દીધી. શ્રીજી ઘણી ચતુર છે, તે જાણે છે કે જો આ હારશે તો કોઈને કોઈ બેઈમાની જરૂર કરશે. તેથી જેવી એમણે પિચકારી મારી, શ્રીજીએ ઘણી ચતુરતાથી પાછા વળીને તેની ધારને ડાબા હાથથી રોકી દીધી. શ્યામસુંદરે મારી તો હતી એમ વિચારીને કે ઉપરથી નીચે સુધી રંગથી તરબતર કરી દઈશું પરંતુ શ્રીજી પણ મહાખેલાડી છે. આખી ધારને પોતાના હાથથી રોકી લીધી છતાં પણ કેટલાક છાંટા તેમના ગૌર કપોલો પર લાગી ગયા તો એટલા સુંદર લાગી રહ્યા હતાં આપને અમે શું ઉપમા આપીએ? જેમ જમરૂખ પર લાલ-લાલ છાંટા જ્યારે પડે છે તો ઘણાં સુંદર લાગે છે. તે એટલાં સુંદર દેખાયા કે શ્યામસુંદરનો હોળીનો ખેલ રોકીને શ્રીજી પાસે આવીને એ છાંટણાઓને જોવા લાગી ગયા.

એટલી સુંદર છટા હતી તેમની કે ખેલ બંધ થઈ ગયો. શ્યામસુંદર સમજી ગયા કે શ્રીજી જરૂર રિસાણાં છે. બોલ્યા કે ચાલો ફરીથી રમીએ. જ્યારે શ્યામસુંદર વિનંતી કરે છે તો શ્રીજી બોલ્યા કે- જાઓ, તમે બેઈમાન છો. બધી સખીઓ ભેગી થઈ ગઈ અને ફરિયાદ ફરી લલિતાજી પાસે ગઈ. લલિતાજીએ કહ્યું કે- અમે તેઓને એ દંડ આપીએ છીએ કે તેમની આંખોમાં કાજળ લગાવી દેવામાં આવે. હોળીમાં આ સૌથી મોટો દંડ છે. હોળીનું કાજળ સામાન્ય નથી હોતું. તે અત્યંત ઘાટું પોતવામાં આવે છે. બોલ્યાં- ''મંજુર છે બંનેને?'' આ બદલો રસભર્યો છે.

શ્રીજીએ બંને હાથોની આંગળીઓમાં કાજળ લીધું. એક આંગળીથી નહીં, બંને આંગળીઓથી કાજળ લીધું. એક હાથે તેમનો હાથ પકડી લીધે જેથી તેઓ કોઈ ગરબડ ન કરે અને બીજા હાથથી કાજળ લઈ, તેમની આંખો નિહાળી રહી છે. શ્યામસુંદર પણ જોઈ રહ્યા છે કે જલ્દીથી કાજળ લગાવે. જેવા તેઓ કાજળનો હાથ નજીક લાવે છે કે તેઓ ગાલ હટાવી દે છે. ઝગડો વધી ગયો, ખેંચતાણમાં શ્રીજીએ પોતાની ડાબી ભુજાથી તેમને એવા કસી લીધા કે તેમની ગરદન હલી ન શકી અને કાજળ લગાવી દીધું.

આ લીલા તે જ દિવસે બરસાનામાં થઈ. તેના અંતમાં લખે છે કે શ્રીકૃષ્ણને શ્રીરાધારાણીના હાથે જ્યારે કાજળ લાગી ગયું તો તેઓ પોતાનો પટકો (ફાળિયું) રાધારાણીને ભેટ આપીને પોતાના ઘરે ચાલ્યા ગયા. જે હારી જાય, તે પટકો ભેટમાં આપે છે. આ 'ગર્ગસંહિતા'ની હોળીની લીલા સંભળાવી.

જ્યારે બરસાનાવાળી નંદગ્રામમાં હોળી રમવા જાય છે ત્યારે ગોપીઓ કહે છે-

દરસન દૈ મોર મુકટ વારે દરસન દૈ ।
ચંદા-સૂરજ તેરો ધ્યાન ધરત હૈં, ધ્યાન ધરે નૌ લખ તારે ।
ગલ બૈજન્તી માલા સોહગૈ, કાનન મેં કુંડલ વારે ।

રંગીલી હોળી વિશે લખાયું છે કે જ્યારે શ્રીકૃષ્ણ બરસાનામાં હોળી રમવા આવે છે, ત્યારે તે પૂરા મદમાં હોય છે.

શું આ યૌવનનો મદ છે?

બોલ્યા- ''નહીં, નહીં, આ જુવાનીનો મદ નથી, કંઈક બીજી જ વાત છે.'' યૌવન છવાયું છે રાધારાણી પર અને ગર્વ થઈ રહ્યો છે શ્રીકૃષ્ણને?

''લાડલો ગોરી કે ગુણ ગરબીલો''

આ વિચિત્ર રસ છે. શ્રીકૃષ્ણ પોતાના મદભર્યા નેત્રો ઘુમાવી રહ્યા છે. તેમના ગાલો પર લટ છવાઈ રહી છે. એમની એવી શોભા છે, જાણે કોઈ નવી ચુંદડી લઈ લહેરાતી ચાલી આવી રહી છે. આ અદા છે. આ અદાથી એ પોતાના જામાને નચાવતા ચાલી આવી રહ્યા છે. ચરણોમાંથી નુપૂરનો છમ છમ અવાજ આવી રહ્યો છે. આ રીતે શ્રીકૃષ્ણ મુકુટ પહેરીને, બરસાનામાં હોળી રમવા આવ્યા છે-

કાન્હા ધરે રે મુકુટ ખેલૈં હોરી ।
ઉતતે આયે કુંવર કન્હૈયા ઇતતે રાધા ગોરી ।।
ફેંટ ગુલાલ હાથ પિચકારી, મારત ભર-ભર ઝોરી ।
'રસિક ગોવિન્દ' અભિરામ શ્યામધન જુગ જીવૌ યહ જોરી ।।

એક અન્ય સુંદર પદ છે, જેમાં શ્રીકૃષ્ણની જાન નંદગ્રામથી બરસાનામાં હોળી રમવા જઈ રહી છે. નંદગ્રામથી જ્યારે શ્યામસુંદર જાનમાં ચાલી રહ્યા છે તો શ્રીકૃષ્ણની સાથે-સાથે દેવગણો પણ હોળીનો સ્વાંગ ધરીને નીકળી પડ્યા. તેમાં બ્રહ્માજી આવ્યા છે, મહાદેવજી આવ્યા છે, શુકદેવજી આવ્યા છે, સનકાદિક પણ આવ્યા છે.

આ હોરી ઉત્સવ પરમ્પરા આજ સુધી બરસાનામાં ચાલી આવી રહી છે. જે બરસાનામાં પાડેલીલાથી પ્રારંભ થાય છે. અષ્ટમીના દિવસે નંદગ્રામથી પાડેજી હોળીનું નિમંત્રણ લઈને આવે છે-

નન્દગાઁવ કૌ પાઁડે બ્રજ બરસાને આયૌ ।
ભરિ હોરી કે બીચ સજન સમધ્યાને ધાયૌ ।
પાઁડે જૂ કે પાયનિ કોં હઁસિ શીશ નવાયૌ ।
અતિ ઉદાર વૃષભાનુ રાય સન્માન કરાયૌ ।
પાઁય ધુવાય અન્હવાઈ પ્રથમ ભોજન કરવાયૌ ।
ભાનુ ભવન ભઈ ભીર ફાગ કૌ ખેલ મચાયૌ ।।
સમધ્યાને કી ગારી સુનત શ્રવણ સુખ પાયૌ ।
ધાઈ આઈ ઔર સખી જિનિ સોંધો નાયૌ ।।
શીશી સર તે ઢોરી ફુલેલ અંગ ઝલકાયૌ ।
હનુમાન કી પ્રતિમા માનૌ તેલ ચડાયૌ ।।
કાજર સોં મુખ માઢ્યૌ વન્દન બિન્દુ બનાયૌ ।

કારે કર સહિ ચુવત મનૌં ચપરા ચપકાયૌ ।।
ગજ ગામિનિ ગૌછનિ મેં તકિ તુકમા લપટાયૌ ।
દેહ ધરેં માનોં ફાગુન બ્રજ મેં ખેલન આયૌ ।।
માથે તેં મોહની મઠા કૌ મા ઢુરાયૌ ।
માનોં કાચે દૂધશ્યામ ગિરવરહિ ન્હવાયૌ ।।
લિયૌ લુગાઈનિ ઘેરિ નરેં નાના કે આયૌ ।
તબ શ્રી રાધા રાધા કહિ અપની બોલ સુનાયૌ ।।
ચંચલ ચન્દ્ર મુખીનિ ચહું ધાં તેં જૂ દબાયૌ ।
અહો ભાનુ કી કુઁવરી શરણ હૌં તેરી આયૌ ।।
કોમલ બાની સુનત ગરૌ રાધા ભરિ આયૌ ।
બાબા જૂ કૌ દગલ લલી જૂ લૈ પહિરાયૌ ।।
કીરતિ પાઁય લાગિ લાગિ તાતૌ પય પ્યાયૌ ।
મન વાંછિત નિધિ દીની તન તેં તાપ નસાયૌ ।।

(શ્રૃ.ર.સા.)

તે દિવસે બરસાનામાં ગોપીઓએ પાંડેજીને ઘેરી લીધા અને ન જાણે કેટલાય રંગના માટલાઓ તેમના ઉપર નાખ્યા. પાંડેજી બિચારા બૂમો પાડવા લાગ્યા અને શ્રીરાધારાણીને પોકાર્યા... ''શ્રી રાધે ડ ડ ડ હે રાધે! બચાવો... આ બરસાનાની ગોપીઓથી.'' શ્રીજીને કરૂણા આવી અને જઈને પાંડેજીને ગોપીઓથી છોડાવ્યા. તેમને ઘરે લઈ આવ્યા અને બાબાનો ડગલો (ગરમ ઝભ્ભો) પહેરવા આપ્યો. કીર્તિ માતાએ તેમને ગરમ દૂધ પીવડાવ્યું અને પાંડેજી રાધારાણીની જય-જયકાર કરતા નંદગ્રામ ચાલ્યા જાય છે અને આગલા દિવસે 'નવમી'એ ઠાકુરજીની હોળીની જાન બરસાના આવે છે. સ્વાંગમાં બધા દેવતાઓ આવ્યા. જેમ રામાયણમાં લખવામાં આવેલ છે કે સીતા-રામના વિવાહમાં પાર્વતીજી સામાન્ય નારીનું રૂપ ધરીને આવ્યા અને રામજીને વિવાહની રીતો શીખવાડી કે આ રસમ આમ કરો અને પેલી રસમ તેમ કરો. સરસ્વતીજી સીતાજીનો પક્ષ લઈ તેમને વિવાહની રસમોના દાવપેચ શીખવાડે છે જેથી તેઓ હારી ન જાય.

'હોળીની જાનમાં બધા દેવતા ભાગ લેવા આવી ગયા છે-

સાઁચે સ્વાઁગનિ સાજિ સબૈ સમૂહ સુહાયૌ ।।
ચારિ બદન કો સ્વાઁગ ચતુર ચતુરાનન લ્યાયૌ ।
ઘૂમત આયૌ ઈન્દ્ર સ્વાઁગ ઉન્મત જનાયૌ ।।
દેખિ નન્દ કે લાલ ગાલ ધરિ જંત્ર બજાયૌ ।
સનકાદિક ચારયૌનિ સજ્યૌ સન્યાસ સુહાયૌ ।।
તથા વ્યાસ દેવ કૌ પૂત ધૂત શુકદેવ બનાયૌ ।
મહાદેવ પટતાર દેત યહ પટ જુ મચાયૌ ।।

(શ્રૃ.ર.સા.)

સહુથી આગળ બ્રહ્માજી, ચાર મુખ મલકાવતા આવી રહ્યા છે. વ્રજવાસી પૂછી રહ્યા છે, કે આ કોણ છે ચાર મુખવાળું? તેમના ચારેય મુખ મલકી રહ્યા છે. વ્રજવાસી હસી રહ્યા છે કે આને ક્યાંથી પકડી લાવ્યા? ચાર મુખની કોઈ સુંદરતા નથી હોતી. અને વાત પણ સાચી છે કે ચાર મુખવાળા સાથે કોઈ બિચારી કેવી રીતે પ્રેમ કરી શકે? મુસીબત થઈ જશે, કયા મુખ સાથે તે વાત કરશે? પૂર્વ વાળા સાથે કે ઉત્તર વાળા સાથે. બ્રહ્માજીની પાછળ ઈન્દ્ર આવી રહ્યા છે. ઈન્દ્રએ પાગલનું રૂપ લીધું છે અને ગાલને યંત્ર બનાવીને અવાજો કાઢી રહ્યા છે. આ જોઈને વ્રજવાસીઓ હસી રહ્યા છે, આ ઠાકુરજીની જાન છે! ૧૬ વર્ષના શુકદેવજી સૌથી સુંદર છે અને જાનમાં સૌથી આગળ ઉઘાડા ચાલી રહ્યા છે. મહાદેવજી જાનમાં ડમરૂ વગાડતા ચાલી રહ્યા છે. નારદજી પાગલોની જેમ, વ્રજની રજમાં આળોટતા આવી રહ્યા છે.

ઠાકુરજીની જાનમાં માયાએ પણ આવીને પૂતનાનું રૂપ લઈ લીધું. એ પૂતનાએ તો સુંદર રૂપ ધર્યું હતું પરંતુ આ માયારૂપી પૂતનાએ અત્યંત વિશાળ રૂપ ધરીને નારદજીને ગોદમાં લઈ લીધા અને નારદજીને પ્રેમ કરી રહી છે. અરે! કૃષ્ણ જ્યારે નાના હતા, માત્ર ૬ દિવસના ત્યારે પૂતનાએ નાનું અને સુંદર રૂપ ધર્યું હતું અને હવે જ્યારે નારદજી આટલા લાંબા છે, ત્યારે અહીં પૂતનાએ એટલું જ મોટું વિશાળ રૂપ ધરીને નારદજીને સ્તનપાન કરાવવા લાગી, આવી હતી ઠાકુરજીની હોળીની જાન.

એક અન્ય પણ હોળીની લીલા છે, જેમાં વસંતપંચમીના દિને શ્રીકૃષ્ણ જોગી બનીને બરસાનામાં સૌને દર્શન આપવા આવે છે.

''વાઘમ્બર ઓઢે સાઁવરો''

શ્રીકૃષ્ણ વાઘાંબર ઓઢીને એકલા આવ્યા છે અને અંગે અત્યંત સુંદર નીલા રંગની ભભૂતિ ચોળી છે. બરસાનામાં આવીને તેમણે શંખ વગાડ્યો, બધી સખીઓ શંખનો અવાજ સાંભળીને રાધારાણીને આગળ કરીને ચાલ્યા કે કિશોરીજી, કોઈ આવ્યું છે, શંખ વગાડી રહ્યું છે. લોકો કહે છે કે કોઈ મોટા મહાત્મા છે, ચાલો જઈને જોઈએ.

બધી સખીઓ કિશોરીજી સાથે ત્યાં આવી. જોગીરાજે જ્યારે જોયું કે શ્રીજી સખીઓ સાથે આવી રહી છે તો એમણે વિચાર્યું કે ચાલો, આસન જમાવી લઈએ કારણકે ઢોંગ વિના કામ ન ચાલે. શ્યામસુંદરે જોયું કે શ્રીજી આવી રહ્યાં છે, સારા-સારા યજમાન આવી રહ્યા છે, તો પહેલા આસન જમાવ્યું, પછી નેત્રો બંધ કરી લીધા.

શ્રીજી- ''ઘણો સુંદર જોગી છે, સાથે કમંડળ પણ છે.''

૧ સખી - ''જુઓ તો ખરા, નીચે મૃગછાલા અને ઉપર વાઘાંબર.''

૨ સખી - ''એની ભ્રુકુટી પણ ઘણી ધારદાર છે.''

૩ સખી- ''ચાલો પૂછીએ તો ખરા, ક્યાંથી આવ્યો છે, કોણ છે?''

(બધી પાસે પહોંચે છે અને એક સાથે)

''બાબા પ્રણામ!! બાબા દંડવત્!!''

૧ સખી - ''મહારાજ! આપ ક્યાંથી પધાર્યા છો?''

૨ સખી - અને ''આપ હવે ક્યાં જશો?''

(જોગીરાજ મૌન રહ્યા, કાંઈ ન બોલ્યા)

(બધી સખીઓ અંદરોઅંદર) એક સખી ''મહાત્મા તો ઘણા પહોંચેલા લાગે છે.''

૩ સખી - ''જુઓ તો, સમાધિમાં કેવા ડૂબ્યા છે.''

(એક વાર પુનઃપ્રયાસ)

''જોગીરાજજી! મહારાજજી! ક્યાંથી આવ્યા છો?''

(ધીરે-ધીરે નેત્રો ખોલતાં) ''દક્ષિણ દિશાથી આવ્યા છીએ અમે.''

''ઓહ! તો આ ગિરિરાજજી તરફથી આવ્યા છે, અહીંથી ગિરિરાજ દક્ષિણ દિશામાં છે.''

(કિશોરીજી હસતાં-હસતાં થોડો વ્યંગ કરે છે) ''જોગીરાજજી! બાબાજી બન્યા છો તો વનમાં રહો, અને જો વનમાં ન રહેવું હતું તો બાબાજી કેમ બન્યા? તપસ્વીઓના વેષને શીદ લજવી રહ્યા છો? શંખ વગાડતા, બરસાનાની શેરીઓમાં ભટકી રહ્યા છો, ઘરે-ઘરે ભટકવું તપસ્વીઓનું કામ તો નથી.''

''આખરે તો અમારી રાધા ૬૪ કળાઓની જ્ઞાતા છે.'' બધી ગોપીઓ એક સાથે હસતા-હસતા બોલી.

રાધાજી બોલ્યા- ''જોગી તો ભભૂતિ, રાખ વગેરે લગાવે છે અને આપ આ સુંદર સુગંધિત ચંદન લગાવીને ફરી રહ્યા છો, જોગીનો શ્રૃંગાર સાથે શું સંબંધ?''

(શ્રીજી સખીઓને) શ્રીજી- ''અરે! આનું કોમળ અંગ જોઈને તો મારું મન કહે છે કે ક્યાંક ભગવતી પાર્વતી તો જોગીરૂપ ધારણ કરીને નથી આવી ગયા? બીજી વાત એ પણ છે કે જોગીઓની મુદ્રા તો અત્યંત શાંત હોય છે પરંતુ આ તો જરાક આપણા પાયલની ઝંકાર પણ સાંભળી લે તો આપણી સામે જુએ છે. ઘણો ચંચળ અને ચતુર છે, આપણને જોઈને તેણે પોતાના નેત્રો બંધ કરી લીધા.''

બધી સખીઓ- ''હા હા રાધે. આપ ઠીક કહી રહ્યા છો, આ જોગી નથી, ભોગી છે.'' શ્રીજીએ બધી પોલ ખોલી દીધી.

જોગીરાજ વિચારી રહ્યા છે કે હવે અહીં રોકાવામાં મજા નથી, જેટલા રોકાઈશું તેટલું અપમાન થશે. ક્રોધ પણ નથી કરી શકતા, પછી કહેશે કે સાધુ થઈને ક્રોધ કરે છે, સાધુ લોકો તો દયા કરે, જોગીરાજે કહ્યું કે તમે લોકો હસી રહ્યા છો, કાંઈ વાંધો નહીં. અમે તો દયા કરીએ છીએ. લો આ પ્રસાદ લઈ લો. ભભૂતીનો પ્રસાદ આપ્યો એમને અને ત્યાંથી ચાલી નીકળ્યા, પણ જેટલી પણ સહચરીઓ હતી તેઓનું ચિત્ત શ્રીકૃષ્ણે ચોરી લીધું હતું અને હવે, બધી દર્શનની ઇચ્છાથી ભટકવા લાગી.

આ લીલાને 'ગર્ગ સંહિતા'ના માધુર્ય ખંડ, અધ્યાય ૧૧માં એ રીતે લખવામાં આવેલ છે કે શ્રીકૃષ્ણ જોગી બનીને આવે છે, સહચરી સખીઓ પૂછે છે ''આપ કોણ છો?''

શ્રીકૃષ્ણ બોલ્યા, ''હું સિદ્ધ જોગી છું. મારું નામ સિદ્ધ જોગી છે.''

સખીઓ પૂછે છે, ''ક્યાં રહો છો આપ?''

શ્રીકૃષ્ણ બોલ્યા, ''માન સરોવર - હિમાલયમાં.''

સખીઓ પૂછે છે, ''મહારાજ, આપના માટે કાંઈ ભોજન વગેરે લઈ આવીએ?''

શ્રીકૃષ્ણ બોલ્યા, ''નહીં, અમે તો કાંઈ જ નથી ખાતા. ખાધા-પીધા વિના જ રહીએ છીએ.''

સખીઓ પૂછે છે, ''જો આટલી તપસ્યા કરો છો, તો કાંઈ રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરી છે?''

શ્રીકૃષ્ણ બોલ્યા, ''અમને દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત છે.''

એક સખી બોલી, ''તેનાથી શું થાય છે?''

શ્રીકૃષ્ણ બોલ્યા, ''અમને ત્રણેય કાળની ખબર છે.'' આ સાંભળીને બધી સખીઓ એકઠી થઈ ગઈ.

બીજી સખી બોલી, ''મહારાજ આ કોઈ મંત્ર-તંત્ર પણ જાણો છો?''

શ્રીકૃષ્ણ બોલ્યા, ''ઉચ્ચાટન, મોહિની, મારણ, મન વશીકરણ, બધું જ જાણું છું.''

ત્રીજી બોલી, ''અચ્છા મહારાજ, અમારા મનમાં શું છે, આપ સિદ્ધ હો તો બતાવો.''

શ્રીકૃષ્ણએ આંખો બંધ કરી લીધી અને બોલ્યા કે ''કાનમાં કહેવા જેવી વાત છે. બધે ન કહી શકાય, તમે આવો તો કાનમાં કહી દઉં, ગુપ્ત વાત છે.''

ઝટ સખીઓ બોલી કે આ તો ખરેખર યોગી છે કારણ કે અમે લોકો કૃષ્ણના પ્રેમમાં ફસાયેલ છીએ તે સૌની સામે અહીં ન જણાવી શકાય. બોલી ''ચાલો માની લઈએ, આપ સિદ્ધ છો. પરંતુ એક વાત તો જણાવો, શું તમે કોઈને બોલાવી શકો છો?''

બોલ્યા- ''હા, જેને કહો તેને બોલાવી દઉં, મનુષ્ય દેવી, દેવતા, જે કહો તેને બોલાવી દઉં.''

સખીઓ બોલી- ''અચ્છા, જે અમારા મનમાં છે તેને આપ જાણો છો, જો આપ, એને જ બોલાવી દો તો માનીએ કે આપ સિદ્ધ યોગી છો.''

જોગીરાજ બોલ્યા- ''કામ તો કઠિન છે, પરંતુ આપ આંખો બંદ કરો તો હું તેને બોલાવી દઉં.'' બધી સખીઓએ આંખો બંધ કરી લીધી. જોગીરાજ બોલ્યા, ''જ્યારે હું તાળી વગાડું ત્યારે તમારે આંખો ખોલવાની.'' બધીએ કહ્યું, ''ઠીક છે.'' જ્યારે તેઓએ તાળી વગાડી, તો બધી સખીઓએ આંખો ખોલી, જોયું, સામે શ્રીકૃષ્ણ ઉભા છે.

મયૂર કુટીઃ

તતો મયૂર કુટી દર્શન પ્રાર્થના મંત્રઃ

કિરીટિને નમસ્તુભ્યાં મયૂરપ્રિયબલ્લમ ।
સુરમ્યાયૈ મહાકુટ્યૈ શિખણ્ડિપદવેશ્મને ।।

(આ.વા.)

અર્થાત્- ''મયૂરોને પ્યારી અતિ રમણીય મયૂર કુટી અને મોર મુકુટધારી આપને પણ નમસ્કાર છે. દાનગઢની ટોચથી આગળ જ મયૂર કુટી છે.

અહીં ઘણી પ્રકારની લીલાઓ થઈ છે. એક તો એ છે કે મોર કુટીમાં બંને શ્રીરાધા-કૃષ્ણ એ મયૂર બનીને નૃત્ય કર્યું હતું અને બીજી લીલા- અહીં માનિનીને રીઝવવા માટે શ્રીકૃષ્ણએ મયૂર રૂપ ધારણ કર્યું હતું. અદ્‌ભુત મયૂરથી આકર્ષિત થઈને, શ્રીરાધા કહેવા લાગી, ''અરે મયૂર! આવું નૃત્યુ તો મારા વ્હાલા જ કરે છે.'' આ સાંભળીને મયૂર રૂપ છોડીને શ્રીકૃષ્ણ બોલ્યા, ''હું જ તો તારો પ્યારો છું.'' બસ બંને હસી પડ્યા અને પછી બંનેએ જ મયુર નૃત્ય કર્યું.

એક લીલા એ પણ છે કે ગહવરવનના મોર પણ અહીં આવે છે તો કોઈકને શ્રીજી કહે છે કે આ મારો મોર છે અને કોઈકને ઠાકુરજી કહે છે કે તે મારો મોર છે. બંનેમાં હોડ લાગી જાય છે કે કોનો મોર સારું નાચશે? શ્રીજી પોતાના મોરને નચાવે છે અને ઠાકુરજી તેમના મોરને નચાવે છે. આ રીતે મોર કુટી પણ ઘણીય મયૂર લીલાઓ થઈ છે.

તતો મયૂરકુટી સ્થલે રાસ મંડલ પ્રાર્થના મંત્રઃ

નમઃ સખી સમેતાય રાધાકૃષ્ણાયતે નમઃ ।
વિમલોત્સવદેવાય બ્રજમંગલહેતવે ।।

(બ્ર.ભ.વિ.)

અર્થાત્- ''સમસ્ત સખી ગણો સહિત યુગલ રાધા-કૃષ્ણને નમસ્કાર છે.''

અહીં મયૂર સંબંધી અન્ય લીલાઓ પણ થઈ છે, જે મનને આનંદ પ્રદાન કરનારી છે-

''જહાઁ મોર કાછ બાઁધે નૃત્ય કરત''

(કેલિમાલ ૧૪)

''હોડ પરી મોરનિ અરુ સ્યામહિં''

(કેલમાલ ૮૨)

''નાચત મોરનિ સંગ સ્યામ મુદિત સ્યામાહિ રિઝાવત''

(કેલિમાલ ૯૬)

શ્રી ગહવરવન

મયૂર કુટી અને માન મંદિરની વચ્ચેનો ભાગ ગહવર વન છે, જે યુગલ સરકારનું નિત્ય વિહારસ્થળ છે.

ततो गहवरवन प्रार्थना मंत्रः

गहवराख्याय रम्याय कृष्णलीलाविधायिने ।
गोपीरमणसौख्याय वनाय च नमो नमः ॥

(वृहन्नारदीये)

''સુરમ્ય ગહવર વન'', શ્રીકૃષ્ણનું લીલા સ્થાન, ગોપીઓ સહિત રમણ કરનાર શ્રીકૃષ્ણને આનંદ પ્રદાન કરવા માટે જ જે વિરાજમાન છે, આપને પ્રણામ છે.

ततो श्री गहवरवन प्रणाम मंत्रः

यत्र गहवरकं नाम वनं द्वन्द्वमनोहरम् ।
नित्यकेलि विलासेन निर्मितं राधया स्वयम् ॥

(वृषभानुपुरशतक)

અર્થાત્- ''જે બરસાનામાં ગહવર વન છે, જેને શ્રીરાધાએ સ્વંય પોતાના નિત્ય કેલિ-વિલાસો માટે બનાવ્યું છે.'' આથી આ સ્થળ નિત્ય વિહારનું માનવામાં આવેલ છે.

''નિત્ય વિહાર''નું તાત્પર્ય- ''જ્યાં એક ક્ષણ માટે પણ વિયોગ નથી.'' સ્વકીયા અને પરકીયા બંનેથી આ ભિન્ન ઉપાસના પદ્ધતિ છે. સ્વકીયામાં પિતૃગૃહ ગમનથી વિયોગનો અનુભવ થાય છે અને પરકીયામાં તો સંયોગનો અવસર જ માંડ મળે છે અને તે પણ અનેક અડચણો બાદ. અહીં અડચણોને પ્રેમની કસોટી અથવા પ્રેમની તીવ્રતાના માપદંડ માનવામાં આવે છે. સ્વકીયા વાળા શ્રીરાધાના માયાવી અને કલ્પિત પતિના નામથી જ અરૂચિ ધરાવે છે. તેઓ પરકીયત્વનો કિંચિત માત્ર સંસ્કાર પણ પોતાની અનન્યતામાં સ્વીકાર નથી કરતા, આથી શ્રી ગહવર વનમાં રસિકોએ વિયોગશૂન્ય મિલનની ઉપાસના સ્વાનુભવથી જ લખી છે. જેમાં યુગલ એટલું સુકુમાર છે કે એક ક્ષણનો પણ વિયોગ અસહ્ય છે પરંતુ વિયોગ વિના સંયોગ પુષ્ટ ન થઈ શકે, એ પણ એક સત્ય છે. આથી અહીં અતિ સૂક્ષ્મ વિરહ પણ ગાવામાં આવેલ છે. આ વિરહ, મિલનની અવસ્થામાં પણ નિરંતર પિપાસા વધારતો રહે છે.

આ જ પ્રેમની વિચિત્રતા છે.

योगे वियुक्तवन्मानि ललितैकाश्रयं स्वयम् ।
करुणाशक्तिसम्पूर्णं गौरं नीलं च गह्वरे ॥

(वृ.पु.श.)

વિયોજ્યતે વિયુક્તં વા ન કદાપિ વિયોક્ષ્યતે ।
ક્ષણાર્દ્ધસત્કોટિયુગં યુગલં તત્ર ગહ્વરે ।।

(વૃ.પુ.શ)

અર્થાત્- ''જે ગહ્વર વનમાં, કોટિ-કોટિ યુગ પણ, અડધી ક્ષણ સમાન, નિત્ય સંયોગમાં, પ્રેમ પિપાસામાં વ્યતીત થઈ જાય છે. જેમ કે- શ્રીમદ્ રાધાસુધાનિધિ, જે શ્રીરાધાની અનેક લીલાઓનો સાગર છે, જેમાં તેમની વિવિધ છબિઓ સ્વકીયા-પરકીયાની પ્રસ્તુત કરવામાં આવેલ છે. જોકે સાંપ્રદાયિક આગ્રહથી સંપૂર્ણ ગ્રંથ ''શ્રીરાધા સુધા નિધિ''ને પોતાની પદ્ધતિમાં સીમિત કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે પરંતુ સંતજન દરેક પદ્ધતિઓનું સમ્માન કરીને પોતાના આસ્વાદનમાં લાગી જાય છે. ખંડનની ખેંચતાણ, શુદ્ધ નિરસ કલુષિત લોકો જ કરતા હોય છે.

અહીં પણ ગહ્વર વનની મિલન પદ્ધતિની છબિનું વર્ણન આવે છે. **(રા.સુ.નિ.-૨૫૩)** અર્થાત્- વિયોગ તો દૂર, વિયોગાભાસથી જ કોટિ-કોટિ પ્રલયાગ્નિની જ્વાળાઓનો યુગલને બહાર અને અંદર અનુભવ થવા લાગે છે. એવો ગાઢ પ્રેમ છે. જ્યાં અતિ સૂક્ષ્મ વિરહની કલ્પના પણ આટલી તીવ્રતમ પિપાસા જગાડતી રહે છે. આથી અંકમાં સ્થિત, મિલિત અવસ્થામાં વિરહાનુભૂતિ થવા લાગી જાય છે **(રા.સુ.નિ.-૧૪૬, ૧૨૬)**. આથી વૃંદારણ્યથી તાત્પર્ય, પંચ યોજનાત્મક વૃંદાવનથી છે, જેમાં શ્રી ગહ્વર વન પણ આવે છે, આ વિષયને વૃંદાવનમાં સંક્ષેપમાં જણાવવામાં આવશે. બંને પક્ષના ટીકાકારો **(રા.સુ.નિ.-૭૮)** ઈશિતા, ઈશાનિ, શચિ વગેરેની વ્યાખ્યામાં લક્ષ્મી, પાર્વતી, ઇન્દ્રાણી આદિને ગ્રહણ કરેલ છે, ક્યાં આ સૌને ''શ્રીજી''ના અંશ અને ક્યાંક તેમનાથી સ્વતંત્ર સ્વામિનીના રૂપમાં અર્થ કરવામાં આવેલ છે. આ પ્રકારે શ્રી રાધિકાથી આ સૌ સંબદ્ધા હોય છે. ભલે અંશ રૂપથી કે આધીન રૂપથી, અંશ-અંશિનીમાં કોઈ ભેદ નથી. જ્યારે આપણે આમને રાધિકાંશ રૂપમાં માન્યતા આપીએ છીએ તો પછી રાધા લીલામાં તેમના વિભિન્ન સ્વરૂપોથી જ દ્વેષ શાને છે? જ્યારે શ્રીમદ્ભાગવતમાં પ્રગટપણે એ કહેવામાં આવેલ છે. **સર્વાઃ શરત્ કાવ્યકથારસાશ્રયાઃ (ભા.૧૦/૩૩/૨૬)** અર્થાત્ ''યુગલ સરકારે બધા જ રસોનું આસ્વાદન કર્યું. ત્યાં સ્વકીયા (પોતાની વિવાહિતા) અથવા પરકીયા (બીજાની વિવાહિતા) કે નિત્યદામ્પત્ય (નિત્યવધૂ) રસ હોય.''

બરસાનાના વન-ઉપવનના સરોવરોમાં નિઃશંક ભાવથી શ્રીજી ક્રીડા કરે છે. વનની ભીતર શ્રીરાધા સરોવર, તેમની બાળ અને શ્રૃંગાર લીલાનું એક સ્થળ છે-

તતો શ્રી રાધાસરસ્નાનાચમન મંત્રઃ-

દેવકૃતાર્થરુપાયૈ શ્રી રાધાસરસે નમઃ ।
ત્રૈલોક્યપદમોક્ષાય રમ્યતીર્થાય તે નમઃ ।।

(બ્ર.ભ.વિ.)

જે સરોવર પર યાત્રા સંકલ્પ લે છે, તેનું નામ 'રાધા સરોવર' અથવા 'રાધાસર' છે. અહીં શ્રીરાધા રાણી પોતાની સખીઓ સાથે જલક્રીડા કરતી હતી, જેથી તેનું નામ 'રાધા સરોવર' થઈ ગયું. આ સરોવરના પ્રાર્થનામંત્રનો ભાવ છે કે ''મોટા-મોટા દેવતા પણ રાધા સરોવર આવવાથી કૃતાર્થ થઈ જાય છે. આ ત્રિલોકીને પણ મુક્ત કરવાની શક્તિ ધરાવે છે. આવા રમણીય તીર્થને અમો નમસ્કાર કરીએ છીએ.''

તતો શ્રી રાસ મણ્ડલ પ્રાર્થના મંત્રઃ

વિલાસરાસક્રીડાય કૃષ્ણાય રમણાય ચ ।
દર્શવર્ષ સ્વરૂપાય નમો ભાનુપુરે હરે ।।

(બ્ર.ભ.વિ.)

અર્થાત્- ''રાસ વિલાસ ક્રીડા માટે દસ વર્ષીય, વૃષભાનુપુરમાં વિરાજમાન ''શ્રીકૃષ્ણ''ને પ્રણામ છે.''

બાળ અને શ્રૃંગાર લીલાઓ-

શ્રીરાધા અતિ મિઠ બોલની, પુર ઉપવન બન ખેલન ડોલનિ ।
કબહૂઁ સખિન સંગ લૈ ભીર ખેલન જાંઇ સરોવર તીર ।।
અતિ સુન્દર જુ મૃત્તિકા લાઇ સુહથ કિલૌના રચતી બનાઈ ।
સદન બનાવૈં ન્યારે ન્યારે, તિન મેં ધરૈં ખિલૌના પ્યારે ।।
ગ્રહ કે સબ કારજ કરૈં ખેલ મગન કૌતિક વિસ્તરૈં ।
સબ કૌં સબ જુ બાંઈનૌં દેંહિં સબ પૈ તેં સબ સાદર લેંહિ ।।
ટોલનિ ટોલનિ મંગલ ગાવૈં કુંવરિહિં નાના ખેલ ખિલાવૈં ।
કબહુઁ ઝૂલહિ ગહિ-ગહિ તરવર કબહૂઁ કેલિ કરૈં જલ સરવર ।।
કબહુ લૈ જુ મીન ગતિ તરૈં જલ મેં મહા કુલાહલ કરૈં ।
કબહુ જલ મુખ પર લૈ સીંચૈ કબહૂઁ પાછેં રહિ દૃગ મીચૈં ।।
કબહુ તોરિ જુ કમલ બગેલૈં તકિ તકિ તન મારૈં યૌં ખેલૈં ।
બુડકી લૈં જલ હીં જલધાવૈં ભરૈં ચુહુંટિયાં અંક લગાવૈં ।।
પુનિ જલ પૈઠૈં ઉછરે ઐસેં મીન કરત કૌતૂહલ જૈસેં ।
તન અંગોછિ પહિરૈં જુ નિચોલ મિલૈં જુ અપને અપને ટોલ ।।

(બ્ર.પ્રે.સા. નવમ લહરી)

અથવા-

કબહૂઁ રાધા ચમ્પક બરની ।
ગહવર ઝૂલૈં કૌતિક કરની ।।

(બ્ર.પ્રે.સા. દશમ લહરી, ચૌ. ૭૨)

શ્રી ગહવર વનની લીલાઓનું ગાન બધા રસિકોએ કરેલ છે. જેમકે-

''પ્યારી જુ આગૈં ચલિ આગે ચલિ ગહવર વન ભીતર''

(કેલિમાલ ૪૬)

દેખિ સકી રાધા પિય કેલિ ।
યે દોઉ ખોરિ ખિરક ગિરિ ગહવર
વિહરત કુંવર કંઠ ભુજ મેલિ ।।

(હિત ચતુરાસી ૪૯)

ભૂલિ પરી ગહવર વન મેં જહાઁ સખી ન કોઉ સાથ ।
સોહિલો સુખ ગહર ગહવર ભરયૌ ભાવ અનન્ત ।

(મહાવાણી સહેલી, ઉત્સાહ સુખ ૪૧/૬૪ તથા સોહિલો ૩૯માં)

સદા વૃંદાવન સબકી આદિ ।
ગિરિ ગહવર વીથી રત રન મેં કાલિન્દી સલિલાદિ ।।

(વ્યા. વાણી વૃં.મ.પદ સં. ૪૨)

એક દિવસ રાધિકા રાણી ગહવરવનમાં રમી રહ્યા હતાં અને શ્રીકૃષ્ણ તેમને શોધતાં-શોધતાં નંદગ્રામથી નીકળ્યા.

જ્યારે તેઓ અહીં પહોંચે છે તો લલિતાજી કહે છે ''હે નંદલાલ! આપ અહીં ક્યાંથી?''

શ્યામ સુંદર કહે છે- ''લલિતાજી! હું શ્રી રાધારાણીના દર્શન માટે આવ્યો છું.'' લલિતાજી કહે છે- ''હમણાં તો આપને દર્શન નહીં થાય કારણ કે કિશોરીજી હજી મહેલથી નીકળ્યા નથી.'' ખરેખર તે નીકળી ચુક્યા હતા. આ છે લાડલીજીની સખીઓ, જે વાંકા ઠાકુર સાથે વંકાઈથી જ વાત કરે છે.

રસિકોએ આમ લખ્યું છે-

હમ હૈં રાધે જૂ કે બલ અભિમાની
ટેરે રહે મોહન રસિયા સૌં બોલત અટપટ બાણી ।

(ભારતેન્દુ હરિશ્ચંદ્ર)

લલિતાજી બોલ્યા કે કિશોરીજી તો હમણાં નથી આવવાના, ત્યારે શ્યામસુંદર કહે છે- ''તમે લોકોએ મારું નામ ચોર રાખ્યું છે, ચોરની સામે ચોરી ન ચાલે અને લલિતાજી આપને એવું લાગે છે કે મને તમારી ચોરી નથી સમજાતી?''

લલિતાજી પૂછે છે- ''મારી ચોરી શું છે?''

શ્રીકૃષ્ણ બોલ્યા- **''દેખ સખી, રાધા જૂ! આવત!''** (એટલે કે -''અરે, લાડલીજી તો આવી રહી છે!'')

લલિતાજી બોલ્યા- ''તમને કેમ ખબર પડી?''

કૃષ્ણ બોલ્યા- ''કિશોરીજી જ્યારે આવે છે ત્યારે તેમના શરીરની મહેક ચારે તરફ ફેલાઈ જાય છે. આ સુગંધ દર્શાવે છે કે તેઓ આવી રહી છે. તમે છુપાવી ન શકો 'રાધિકા રાણી' ને. અરે! ચંદ્રમાને શું કોઈ હાથથી ઢાંકી શકે છે? મને તમારી બધી ચોરી ખબર પડી ગઈ છે.'' ત્યાં કહેવામાં આવેલ છે કે શ્રીજી રમતા આવી રહ્યા છે તેમની સખીઓની સાથે. આ ગહવરવનની એ જ કુંજો છે, એ જ લતાઓ છે, એ જ સ્વરૂપ છે. ગહવરવનમાં રાધા રાણી જ્યારે કુંજોથી વિહરતા આવી રહ્યા છે તો તેમના દામનને સ્પર્શતી હવા શ્રીજીના અંગની સુગંધ લઈને જ્યાં શ્રીકૃષ્ણ છે, ત્યાં પહોંચે છે. શ્રીજીના અંગની સુગંધ પામીને શ્રીકૃષ્ણ ધન્ય થઈ જાય છે. કિશોરીજીના આંગની સુવાસ પામીને જ શ્રીકૃષ્ણ ધન્ય થઈ જાય છે? ''ધન્ય જ નહીં, ધન્ય-ધન્ય થઈ જાય છે. ધન્ય-ધન્ય જ નહીં, અતિ ધન્ય થઈ જાય છે શ્રીકૃષ્ણ. શ્રીકૃષ્ણ અતિથી પણ વધુ અધિક ધન્ય એટલે કે કૃતાર્થ ધન્ય થઈ જાય છે.'' (રા.સુ.નિ. ૧) તાત્પર્ય કે ''સર્વ કાંઈ મળી ગયું, પૂર્ણ બ્રહ્મની પ્રાપ્તિ થઈ ગઈ. જે પૂર્ણ બ્રહ્મ છે, તે બરસાનામાં જઈને જ પૂર્ણ થાય છે.''

આ ગહવરવન અત્યંત મહત્વપૂર્ણ વન છે કારણ કે આવું સૌભાગ્ય વ્રજના અન્ય વનને નથી સાંપડ્યું, જે ગહવરવનને પ્રાપ્ત થયું છે, આ વનને રાધારાણીએ પોતાના હાથોથી સજાવ્યું છે અને તેમાં બંને ''રાધા-કૃષ્ણ'' નિત્ય લીલાઓ કરે છે.

શ્રી ગહવરવનમાં જ ''શ્રી વલ્લભાચાર્યજી'ની બેઠક અને શંખ શિલા સ્થળ છે. અહીં ગ્વાલબાળોએ ગોપાલજીને શંખ જોવાની ઇચ્છા પ્રગટ કરી, ગોપાલજીએ શંખ બતાવ્યો અને વગાડીને આ શિલા પર મૂકી દીધો, જેનાથી આ શિલા જ શંખાકાર થઈ ગઈ અને માખણ ખાઈને અહીં હાથ લૂછ્યા હતાં, તેથી આ શિલા ચીકણી થઈ ગઈ.

'આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજી'ની ૧૦૮ બેઠકજીમાંથી એક બેઠક ગહવરવનમાં છે, જ્યાં આપશ્રીએ ૧૦૮ ભાગવત પાઠ કર્યા.

જે સમયે આપ ગહવર વનમાં પધાર્યા ત્યારે વિચિત્ર દ્રશ્ય જોવામાં આવ્યું. એક અજગર, જેને લાખો કીડીઓ ખાઈ રહી છે, શિષ્યો દ્વારા પૂછવામાં આવતાં કે આ કોણ છે? શા કારણથી તેની આ દુર્ગતિ થઈ છે? આચાર્ય ચરણે બતાવ્યું કે જે ધર્માનુયાયી સંત મહંત દૈવી દ્રવ્યનો દુરૂપયોગ કરે છે, પોતાની વાસનાઓની પૂર્તિમાં તેનો ઉપયોગ કરે છે, તેઓની આવી દુર્ગતિ થાય છે. **''હરહિ શિષ્ય ધન શોક ન હરહી, તે ગુરૂ ઘોર નરક મેં પરહી''.** આ અજગર પણ એક મહંત હતા, જેમણે ભગવત્સેવાના ધનનો પોતાની વાસનાઓમાં વ્યય કર્યો, તેથી તેઓની આ સ્થિતિ થઈ છે અને જે કીડીઓ તેમને ખાઈ રહી છે તે તેમના શિષ્યો હતા. દરેકે આ વિષયમાં અત્યંત સાવધાન રહેવાની આવશ્યકતા છે. પરદ્રવ્ય હરણ, પરદ્રવ્ય પર દ્રષ્ટિ, આ બધાં જઘન્ય પાપ છે. ૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં એક ઘણો સુંદર પ્રસંગ જોવા મળે છે-

શ્રી ગુંસાઈ વિઠ્ઠલનાથજીના પરમ કૃપાપાત્ર શિષ્ય હતા, શ્યામદાસજી. એકવાર એક લાલદાસ નામના બ્રાહ્મણ, ગુંસાઈજી પાસે આવ્યા અને બોલ્યા- ''મહારાજ! હું શું કરૂં? મારું ચિત્ત સ્થિર નથી રહેતું.''

ગુંસાઈજી- ''આપ એક વર્ષ સુધી શ્યામદાસની સેવા અને સત્સંગ કરો.''

બસ, લાલદાસજીએ શ્યામદાસની સેવા-સત્સંગ કરવાનું આરંભ કરી દીધું. એક દિવસ શ્યામદાસજી બોલ્યા- ''મારે પરદેશ જવું છે.''

લાલદાસજી બોલ્યા- ''હું પણ સાથે આવીશ, આપની સેવા કરીશ.''

યાત્રા આરંભ થઈ, રસ્તામાં એક ગામ આવ્યું, ત્યાં એક વૈષ્ણવના ઘરે ૫૦૦ લોકોનો વિશાળ ભંડારો હતો. આ બંને પણ ત્યાં પહોંચ્યા અને પતરાળામાં પ્રસાદ લેવા બેઠા તો શ્યામદાસજીને ત્યાં પતરાળામાં સેંકડો કીડા દેખાયા, માનો તેમને પ્રભુની પ્રેરણા થઈ- ''શ્યામદાસ, તમે આનો સ્વીકાર ન કરશો. આ દ્રવ્ય કન્યા વિક્રયનું છે. તેથી મેં પણ તેનો અંગીકાર નથી કર્યો.'' બસ, શ્યામદાસજી તો ત્યાંથી ઉઠીને ચાલવા લાગ્યા બીજા ગામ તરફ, પરંતુ લાલદાસજી ન ઉઠ્યા અને વિચાર કર્યો, અરે! ''શ્યામદાસ સારા વૈષ્ણવ નથી, આટલા લોકો ભોજન માટે કહી રહ્યા છે તો શું જાય છે ભોજન કરવામાં'' આટલા લોકોની વાત ન માનું તો અપરાધ લાગશે, લાલદાસ ત્યાં જ બેસી ગયા અને ભોજન કર્યું, પરંતુ તે દિવસથી શ્યામદાસજીએ લાલદાસ સાથે વાત કરવાનું છોડી દીધું, લાલદાસ સેવા તો કરતો રહ્યો એક વર્ષ સુધી પરંતુ શ્યામદાસે વાત ન કરી. એક વર્ષ બાદ લાલદાસજીએ ગુંસાઈજીને વિનંતી કરી- ''જૈ જૈ! આ શ્યામદાસે ૫૦૦ વૈષ્ણવોની વાત ન માની, મહાપ્રસાદ ન લીધો, હવે આપ જ બતાવો, ઉચિત શું હતું? લેવું કે ન લેવું!'' ગુંસાઈજી બોલ્યા- ''લાલદાસ! તેં મારી આજ્ઞાનું પણ ઉલ્લંઘન કર્યું અને શ્યામદાસજીની આજ્ઞાનું પણ. અરે! મેં કહ્યું હતું એક વર્ષ સુધી શ્યામદાસજીનો સત્સંગ કરો, તેમની સેવા કરો. તેં બંનેની આજ્ઞાઓ ટાળી દીધી, તેં જે ૫૦૦ વૈષ્ણવોના કહેવાથી પ્રસાદ ગ્રહણ કર્યો, તે દૂષિત દ્રવ્ય, કન્યા વિક્રયનું હતું. આથી તે ઠાકુરજીના ભોગને યોગ્ય ન હતું. હવે તો તારે એક વર્ષના બદલે બે વર્ષ સુધી શ્યામદાસજીની સેવા કરવી પડશે, ત્યારે ઠાકુરજી પ્રસન્ન થશે.'' દૂષિત દ્રવ્ય સ્વીકારવાનું આ પરિણામ છે. આથી, હંમેશા સાવધાન રહો, પરદ્રવ્ય અને દૂષિત દ્રવ્યથી, આ એક અત્યંત મહત્વપૂર્ણ વિષય છે. સર્વત્ર આ વિષયનું સ્પષ્ટીકરણ થયેલ છે, ન કેવળ વાર્તામાં, ભક્તમાળમાં પણ જુઓ-

માનસકાર ગોસ્વામી શ્રી તુલસીદાસજી-

આપના જીવનમાં એક અત્યંત રહસ્યમયી ઘટના જોવા મળે છે. એક વખત આપ કામદગિરિની પરિક્રમા કરી, લક્ષ્મણ પહાડી પર જઈ રહ્યા હતા, ત્યારે અચાનક આપને એક શ્વેતવર્ણ સાપ દેખાયો. ''સંત દરસ તે પાતક ટરઈ'' આપની પોતાની વાત ચરિતાર્થ થઈ, આપની દ્રષ્ટિ પડવાથી જ તેના સર્વ મલિન કર્મો નષ્ટ થઈ ગયા અને અત્યંત દીન બનીને તેણે આપને પ્રાર્થના કરી- ''હે મહામુનિ! આપ આપના પવિત્ર કરથી મારો સ્પર્શ કરીને મને પાવન કરો.'' જેવો કર સ્પર્શ પ્રાપ્ત થયો કે ત્યાં સર્પના સ્થાને એક મહાત્મા દેખાયા.

ગુંસાઈજીએ પૂછ્યું, ''મહારાજ આપનું નામ?''

(હાથ જોડતાં) મહાત્મા- ''યોગશ્રીમુની, મને કહેતા હતા.''

ગુંસાઈજી- ''તો, આપ સર્પ યોનિમાં શાથી?''

મહાત્મા- ''સંત-ભગવાનની સેવા માટે મળેલ સંપત્તિનો મેં દુરૂપયોગ કર્યો. બસ, તેના જ ફળસ્વરૂપે નિકૃષ્ટ યોનિને પ્રાપ્ત થયો.'' દ્રવ્યનો સમુચિત ઉપયોગ ન કરવો એ જ નર્ક પ્રવેશ છે-

''પરધન નવ ઝાલે હાથ રે''

(નરસિંહ મહેતાજી)

ભાગવત અનુસાર તો, આવા દ્રવ્યથી અસંતુષ્ટ હૃદયીજનોની સ્થિતિને શ્વાન સમાન કહેવામાં આવી છે. જુઓ-

सदा सन्तुष्टमनसः सर्वाः सुखमया दिशः ।
शर्कराकण्टकादिभ्यो यतोपानत्पदः शिवम् ।।
सन्तुष्टः केन वा राजन्न वर्तेतापि वारिणा ।
औपस्थ्यजैह्व्यकार्पण्याद् गृहपालायते जनः ।।

(ભા. ૭/૧૫/૧૭, ૧૮)

અને જો સંતોષ હૃદયમાં આવી જાય તો આપોઆપ તેજ, યશ, શ્રી નો વિકાસ થશે-

पुंसोऽयं संसृतेर्हेतुरसन्तोषोऽर्थकामयोः ।
यदृच्छयोपपन्नेन सन्तोषो मुक्तये स्मृतः ।।
यदृच्छालाभतुष्टस्य तेजो विप्रस्य वर्धते ।
तत् प्रशाम्यत्यसन्तोषादम्भसेवाशुशुक्षणिः ।।

(ભા. ૮/૧૯/૨૫,૨૬)

અસંતોષથી તેજરૂપી સંપત્તિનો હ્રાસ થાય છે. આ જ રીતે ભક્તમાળ ચતુર્થ ખંડમાં ભક્ત શ્રી માધવદાસજીનું વૃત્તાંત પણ આ વિષય પર પ્રકાશ પાડે છે. આથી અત્યંત સાવધાન રહેવાની જરૂર છે. આ એક અત્યધિક વિચારણીય બિંદુ છે. આથી કેટલુંક વિસ્તૃતિકરણ થયું.

સ્વયં શ્રી ભગવાન કહે છે-

प्रतिग्रहं मन्यमानस्तपस्तेजोयशोनुदम् ।
अन्याभ्यामेव जीवेत शिलैर्वा दोषदृक् तयोः ।।

(ભા. ૧૧/૧૭/૪૧)

વ્રજભક્તિવિલાસ મતાનુસાર

બરસાનામાં બ્રહ્મા અને વિષ્ણુ બે પર્વત છે. વિષ્ણુ પર્વત વિલાસ ગઢમાં છે, શેષ બ્રહ્મા પર્વત છે. બંનેની મધ્યમાં એક સાંકડી ગલી છે, જ્યાં દધિ દાન લીલા સંપન્ન થાય છે-

ખોર સાંકરી મેં આજ છિપ કે બિહારી લાલ
તરુ પૈ બિરાજે દાન હેતુ ચિત્ત દીનો હૈ ।
ગ્વાલ બાલ સંગ કે હૂ ઈત ઉત ઘાટિન મેં
છિપે હરિચંદ છલ જિયે અતિ કીનો હૈ ।
તાહિ સમય ગોપિન કી વિલોકી કૂદી ધાય
સબ ઊધમ મચાયો દૂધ દહિ ઘૃત છીનો હૈ ।
દહિ જો ગિરાયો સો તો ફેર હૂ જમાય લૈહૈં
મન કહા પૈહૈં દાન હેતુ જોન લીનો હૈ ।

અથવા–

ઘેર લઈ આય નંદરાય કે કુમર કાન્હ
મારત મધુર મુસ્કાઈ નેહ કાઁકરી ।
મુરિ મુખ આંચર દૈ રસિક રસીલી રાધે
ઠાઢી છવિ ધામ હેરે ચિતવન બાંકુરી ।
રોકે રાહ ઠાઢો મનમોહન મુકુંદ પ્યારો
ઝમકિ ઝરોખન તે દેખે સખી ઝાંકુરી ।
નૈનન કી કોર ચિતચોર બરજાત જાત
સાંકરી ગલી મેં પ્યારી હાઁ કરી ન નાકરી ।

સાંકરી (સંકીર્ણ) અને ખોર (ગલી) . બધા આચાર્યોએ અહીંની લીલા વર્ણવી છે–

યે દોઉ ખોરિ ખિરક ગિરિ ગહ્વર
વિહરત કુંવર કંઠ ભુજ મેલિ ।

(હિત ચતુરાસી. ૪૯)

અષ્ટછાપમાં પરમાનંદજીએ પણ સાંકરી ખોર (સાંકડી ગલી)ની લીલા વર્ણવી છે–

''આવત હી માઈ સાંકરી ખોરિ''

(પરમાનન્દ સાગર ૨૭૩)

દાન દૈ રી નવલ કિશોરી ।
માંગત લાલ લાડિલો નાગર
પ્રગટ ભઈ દિન-દિન ચોરી ।।

(હિત ચતુરાસી ૫૧)

મહાવાણી સોહિલોથી–

''સોહિલી રંગ ભરી રસીલી સુખદ સાંકરી ખોરિ''

(મહાવાણી સોહિલો)

હમારો દાન મારયૌ ઇનિ ।
રાતિન બેચિ બેચિ જાત ।।
ઘેરૌ સકા જાન જ્યૌં ન પાવૈં છિયૌ જિનિ ।।
દેખૌ હરિ કે ઉજ ઉઠાઈવે કી રાત બિરાતિ
બહૂ બેટી કાહૂ કી નિકસતિ હૈ પુનિ ।
‘શ્રીહરિદાસ’ કેસ વામી કી પ્રકૃતિ ન ફિરી છિયા છાઁડૌ કિનિ ।।

(કેલિમાલ ૬૨)

સાંકડી ગલી એક એવી ગલી છે, જ્યાંથી માત્ર એક-એક ગોપી જ પસાર થઈ શકે છે અને એવા સમયે શ્યામસુંદર તેમની પાસેથી દાન લે છે. સાંરી ખોર પર સામૂહિક દાન થાય છે. શ્યામસુંદરની સાથે ગ્વાલબાળો પણ આવે છે.

ક્યારેક તેઓ મહી લૂટે છે, ક્યારેક મહી માંગે છે તો ક્યારેક તેના માટે પ્રાર્થના કરે છે.

તતો શ્રી સાંકરી પ્રાર્થના મંત્રઃ

દધિભાજનશીર્ષાસ્તાઃ ગોપિકાઃ કૃષ્ણરુન્ધિતાઃ ।
તાસાં ગમાગમૌ સ્થાનૌ તાભ્યાં નિત્યં નમશ્ચરેત્ ।।

(બ્ર.ભ.વિ.)

આ મંત્રનો ભાવ છે કે ‘ગોપીઓ માથે મહીની મટુકી લઈને ચાલતી આવી રહી છે અને શ્રીકૃષ્ણએ તેમને રોકી રાખી છે. આ સ્થાનને નિત્ય પ્રણામ કરવું જોઈએ, જ્યાંથી ગોપીઓ આવ-જા કરે છે.

અહીં જે રાધા રાણીનો પહાડ છે તે ગોરો છે, સામે વાળો પહાડ શ્યામસુંદરનો છે અને તેની કેટલીક શીલાઓ કાળી છે. કાળાના બેસવાથી પહાડ કાળો થઈ ગયો અને ગોરીના બેસવાથી ગોરો થઈ ગયો. પહેલા રાધારાણીની છતરી છે, પછી શ્યામસુંદરની છતરી છે અને નીચે મનસુખાની છતરી છે. આ દાનલીલા સ્થળી છે. અહીં નંદગ્રામથી શ્રીકૃષ્ણ અને તેમના સખા મહી દાન માગવા આવ્યા તો સખીઓએ પકડીને તેમની ચોટી બાંધી દીધી. શ્યામસુંદરની ચોટલી ઉપર અને મનસુખાની ચોટલી નીચે બાંધી દીધી.

મનસુખા બૂમો પાડે છે કે ઓ કનૈયા!ડડડ, આ બરસાનાની સખીઓએ મારી ચોટલી બાંધી દીધી છે. જલ્દીથી આવીને મને છોડાવ ભાઈ... તો શ્યામસુંદર કહે છે કે અરે! હું કેવી રીતે છોડાવું? મારી પણ ચોટલી તો બાંધેલી છે. સખીઓ બંનેની સાથે બધાની ચોટલી બાંધી દે છે અને કહે છે કે ચોટલી એમ જ નહીં ખૂલે. રાધારાણીની શરણમાં જાઓ તો જ તમારી ચોટલી ખુલશે. બધા શ્રીજીની શરણમાં જાય છે અને પ્રાર્થના કરે છે ત્યારે શ્રીજીની આજ્ઞાથી બધાની ચોટલી ખુલે છે. શ્રીજી કહે છે કે તેમની ચોટલીઓ ખોલી દો, શ્યામસુંદરને આટલું કષ્ટ શાને આપો છો? ગોપીઓ બોલી કે તે ચોટલી બાંધવાને લાયક જ છે.

આ લીલા અહીં રાધાષ્ટમીના ત્રણ દિવસ બાદ એકાદશીના દિવસે થાય છે અને મટકીફોડ લીલા તેરસના દિવસે. તે દિવસે અહીં શ્યામસુંદર મટુકી ફોડે છે અને નંદગ્રામના સૌ ગ્વાલબાળો આવે છે. શ્રીજી અને સખીઓ મટુકી લઈને ચાલે છે તો શ્યામસુંદર કહે છે કે તમે મહી લઈને ક્યાં જઈ રહ્યા છો? સખીઓ કહે છે કે શું મહી તમારા બાપનું છે? તમે તો એવી રીતે પૂછો છો જાણે તે નંદબાબાનું મહી હોય, મહી તો અમારું છે. ત્યાંથી શ્યામસુંદર વાતો કરતા કરતા ચિકસૌલી તરફ આવે છે અને અહીં છતરી પાસે મહીની મટુકી ફોડી નાખે છે. જ્યાં મટુકી પડી હતી, તે જગ્યા આજે પણ ચીકણી છે અને સૌને માટે દર્શનીય છે.

અહીં વચ્ચે (સાંકરી ખોરમાં) ઠાકુરજીની હથેળી અને લાઠીના ચિહ્નો પણ છે. આ બધાં ૫૦૦૦ વર્ષ જુનાં ચિહ્નો છે. આ સાંકરી ગલી દાન માટે પૂરા વ્રજમાં સૌથી વધુ પ્રસિદ્ધ છે. આમ તો શ્યામસુંદર દરેક જગ્યાએ દાન લેતા હતા પરંતુ દાનની ૩-૪ સ્થળીઓ જ પ્રસિદ્ધ છે. બરસાનામાં સાંકરી ખોર, ગોવર્ધનમાં દાન ઘાટી અને વૃંદાવનમાં બંશી વટ, આ સૌમાં સૌથી પ્રસિદ્ધ સાંકરી ખોર છે કારણ કે એક તો અહીં ચિહ્નો મળે છે અને બીજું અહી આજે પણ મટુકી લીલા ચાલુ છે. રાધાષ્ટમીના ૫ દિવસ બાદ ભાદરવા સુદ તેરસના દિવસે નંદગ્રામના ગોંસાઈ બરસાનામાં આવે છે, અહીં આવીને બેસે છે, તે દિવસે પદગાન થાય છે.

'બરસાનો અસલ સસુરાલ હમારો ન્યારો નાતો' મતલબ બરસાના તો અમારું અસલી સાસરીયું છે. આજ સુધી નંદગ્રામ અને બરસાના વચ્ચે સંબંધ ચાલ્યો આવે છે જે ધુળેટીના દિવસે જોવા મળે છે. સાસરીયામાં હોળી રમવા નંદલાલ આવે છે અને ગોપીઓ લાઠી મારે છે. તેઓ લાઠીના વારને ઢાલથી રોકે છે અને બરસાનાવાળાની ગાળો ખાય છે. અહીં મંદિરમાં દર વર્ષે નંદગ્રામના ગોંસાઈ આવે છે અને બરસાનાની નારીઓ બધાંને ગાળો આપે છે. આ સાંભળીને બધાં નંદગ્રામવાસીઓ 'વાહ વાહ વાહ' કહે છે.

આનો મતલબ એ કે હજી ગાળો આપો. એવી અહીંની પ્રેમલીલા છે. બરસાનાની લાઠીઓ ખુશી-ખુશી ખાય છે, ઉછળી-ઉછળીને.. 'હજી, હજી..' એવું બોલે છે. બરસાનાની ગાળો અને બરસાનાના મારથી નંદગ્રામ વાળા પ્રસન્ન થાય છે. આવો સંબંધ છે બરસાના અને નંદગ્રામનો.

સાંકરી ખોરની દાનલીલા

આને મનોયોગથી વાંચવા અને સાંભળવાથી લીલાના દર્શન થશે. સાંકરી ખોરમાં ગોપીઓ જઈ રહી છે. મહીની મટુકી છે માથા પર, ત્યાં શ્રીકૃષ્ણ મળ્યા. કૃષ્ણને મળ્યા બાદ તે કૃષ્ણરૂપથી મોહિત થઈ જાય છે અને પાછી વળીને કહે છે કે પેલો નીલકમલ શો, ચંદ્રમા જેવા મુખવાળો ક્યાં ગયો? પોતાની સખીને કહે છે કે હું સાંકરી ખોરમાં ગઈ હતી-

સખી હોં જો ગયી દહી બેચન બ્રજ મેં, ઉલટી આપ બિકાઈ ।
બિન ગ્રથ મોલ લઈ નંદનંદન, સરબસ લિખ દૈ આઈ રી ।।
શ્યામલ વરણ કમલ દલ લોચન, પીતામ્બર કટિ ફેંટ રી ।
જબતે આવત સાંકરી ખોરી ભઈ હૈ અચાન ભેંટ રી ।।
કૌન કી હૈ કૌન કુલબધૂ મધુર હંસ બોલે રી ।
સકુચ રહી મોહિ ઉતર ન આવત બલકર ઘૂંઘટ ખોલે રી ।।
સાસ નનદ ઉપચાર પચિ હારી કાહૂ મરમ ન પાયો રી ।
કર ગહિ બૈદ ઠડો રહે મોહિ ચિંતા રોગ બતાયો રી ।।
જા દિન તે મૈં સુરત સમ્ભારી ગૃહ અંગના વિષ લાગૈ રી ।
ચિતવત ચલત સોવત ઔર જાગત, યહ ધ્યાન મેરે આગે રી ।।
નીલમણિ મુક્તાહલ દેહૂં જો મોહિ શ્યામ મિલાયે રી ।
કહૈ 'માધો' ચિંતા ક્યોં બિસરૈ બિન ચિંતામણી પાયે રી ।।

તો એક પૂછે છે કે શું તું વેચાઈ ગઈ? તને કોણે ખરીદી? કેટલામાં ખરીદી? બોલી, 'મને નંદનંદનને ખરીદી લીધી. મફતમાં ખરીદી લીધી. મારી રજીસ્ટ્રી પણ થઈ ગઈ છે. મેં બધું લખીને આપી દીધું કે મારું તન, મન, ધન સૌ તારું જ છે. હું સદાને માટે તારી થઈ ગઈ છું. હું ત્યાં ગઈ તો શામળો, નીલવર્ણ કોઈ ત્યાં ઉભો હતો. નીલકમલ સમાન તેના નેત્રો હતા, પીતામ્બર કેડે બાંધેલું હતું. હું જ્યારે આવી રહી હતી ત્યારે અચાનક મારી સામે આવી ગયો. હું ઘૂંઘટમાં શરમાઈ રહી હતી અને તેણે આવીને મારો ઘૂંઘટ ખોલી નાખ્યો, મને પૂછ્યું કે તું કોની કુળવધુ છે? કયા ગામની બેટી છે? તે મારું નામ-સરનામું પૂછવા લાગી ગયો.''

આ એ જ વ્રજ છે,
અહીં ચાલતાં-ચાલતાં અચાનક કૃષ્ણ સામે આવી જાય છે,
તેથી જ તો લોકો વ્રજમાં આવે છે.
આ એ જ વ્રજ છે,
લોકો ભગવાનને શોધે છે અને ભગવાન અહીં સ્વયં શોધી રહ્યા છે અને
ગોપીઓનું નામ-સરનામું પૂછી રહ્યા છે.
આ એ જ વ્રજ છે,
ગોપી બોલી નથી રહી લજ્જાને કારણે અને
શ્યામ તેનો ઘૂંઘટ ખોલી રહ્યા છે.

ગોપી આગળ કહે છે કે જે દિવસેથી મેં તેને જોયો છે, મને મારો સંસાર ઝેર જેવો લાગે છે. ક્યાં જાઉં, શું કરું? બસ એક જ વાત દિવસ-રાત મારી સામે આવ્યા કરે છે. સૂતાં-જાગતાં, તેની જ છબિ રહે છે મારી નજરો સામે.

કઈ વાત? કોની છબિ?

ગોપાલની.

ઘરમાં મારી સાસુ, નણંદ કહે છે કે અમારી વહુને શું થઈ ગયું છે ?

વૈદ્યને બોલાવી જાણ્યું કે મને શું રોગ છે? વૈદ્યે નાડી જોઈને કહ્યું, ''બધું ઠીક છે, કોઈ રોગ નથી. ફક્ત એક જ રોગ છે- ચિંતા!'' જો કોઈ મને શ્યામ દેખાડી દે તો હું તેને નીલમણિ આપીશ. જે મને શ્યામ સાથે મેળવી આપે, મને મારા પ્યારા સાથે મેળવી આપે, તેને હું બધું જ આપી દઈશ.

સાંકરી ખોરની એક ઘણી મધુર લીલા છે.

એક દિવસ રાધારાણી પોતાના વૃષભાનુ ભવનમાં બેઠા હતાં. શ્રી લલિતાજી અને શ્રી વિશાખાજી જઈને બોલ્યા, ''હે લાડલી! આપ જેનું ચિંતન કરો છો, તે નંદનંદન નિત્ય, અહીં વૃષભાનુપુરમાં આવે છે. તેઓ ઘણાં જ સુંદર છે!''

શ્રી રાધારાણી બોલ્યાં- ''તમને કેવી રીતે ખબર કે હું કોનું ચિંતન કરું છું?'' પ્રેમ તો છુપાવવામાં આવે છે.

લલિતાજી અને વિશાખાજી બોલ્યા- ''અમને ખબર છે કે તમે કોનું ચિંતન કરો છો.'' શ્રીજી બોલ્યા- ''બતાવો, હું કોનું ચિંતન કરું છું?''

જુઓ!.. કહીને તેઓએ એક અત્યંત સુંદર ચિત્ર બનાવ્યું શ્રીકૃષ્ણનું. ચિત્ર જોઈને શ્રી લાડલીજી પ્રસન્ન થઈ ગયા અને પછી બોલ્યા કે તમે તો મારી સખીઓ જ છો. તમને શું કહું?

ચિત્ર લઈને તે પોતાના ભવનમાં આડે પડખે થાય છે અને ચિત્રને જોતાં-જોતાં તેમને ઉંઘ આવી જાય છે. સ્વપ્નમાં તેમને યમુનાનો સુંદર કિનારો દેખાયો. ત્યાં ભાંડીરવનની પાસે શ્રીકૃષ્ણ આવ્યા અને નૃત્ય કરવા લાગી ગયા. તે સમયે શ્રી લલીતાજી આવે છે અને કહે છે કે તમારી બારી ખોલીને જુઓ. સાંકડી ગલીમાં શ્રીકૃષ્ણ જઈ રહ્યા છે. શ્રીકૃષ્ણ, નિત્ય બરસાનામાં આવે છે.

એક બરસાનાવાળી કહે છે કે આ કોણ આવે છે નીલવર્ણી અદ્‌ભુત યુવક, નવ કિશોર અવસ્થા વાળો, વાંસળી વગાડતો નીકળી જાય છે-

આવત પ્રાત બજાવત બૈરવી મોર પકા પટ પીત સંવારો ।
મૈં સુન આલી રી છુહરી બરસાને ગૈલન માંહિ નિહારો ।।
નાચત ગાયન તાનન મેં બિકાય ગઈ રી સખિ જુ ઉધારો ।
કાકો હૈ ઢોટા કહ ઘર હૈ ઔર કૌન સો નામ હૈ બાંસુરી વારો ।।

શ્રીકૃષ્ણ આવી રહ્યા છે. ક્યારેક વાંસળી વગાડતા-વગાડતા નાચવા લાગી જાય છે. તેથી તેઓને શ્રીમદ્‌ભાગવતમાં નટવર કહેવામાં આવ્યા છે. નટવર એને કહે છે જે સદાય નાચતો રહે છે. સખી આ કેવી વિવશતા છે કે હું એ રૂપમાં તલ્લીન થઈ ગઈ અને મળ્યું કંઈ જ નહીં. ક્યાં રહે છે? કેટલો પ્યારો છે! કોનો પુત્ર છે? આ વાંસળીવાળાનું કોઈ નામ છે?

વૃષભાનુ ભવનની બારીમાંથી શ્રીજી નિહાળે છે તો સાંકડી ગલીમાં શ્રીકૃષ્ણ પોતાની છતરીની નીચે ઊભા દેખાય છે. તેમને જોતાં જ શ્રીજીને પ્રેમ મૂર્છા આવી જાય છે. થોડીવાર પછી જ્યારે સાવધાન થાય છે તો લલિતાજીને કહે છે કે તેં આ શું બતાવી દીધું? હવે હું મારા જીવને કેવી રીતે ધારણ કરું?

લલીતાજી શ્રીકૃષ્ણની પાસે જાય છે અને તેમને શ્રીજી પાસે આવવાનો આગ્રહ કરે છે.

યા રાધિકાયામ મયિ કેશવે મનાગભેદં ન પશ્યન્તિ હિ દુગ્ધશૌવલ્યવત્ ।
ત એવ મે બ્રહ્મપદં પ્રયાન્તિ તદ્ધયહૈતુકસ્ફુર્જિતભક્તિ લક્ષણાઃ ।।

(ગ.સં.વૃ. ખ. ૧૫/૩૨)

ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે હે લલિતે! ભાંડીરવનમાં, જે શ્રીજી પ્રત્યે પ્રેમ ઉદ્‌ભવ થયો હતો, તે અદ્‌ભુત પ્રેમ હતો. મારામાં અને શ્રીજીમાં કોઈ ભેદ નથી. જેમ દૂધ અને દૂધની સફેદીમાં કોઈ ભેદ નથી હોતો. જે બંનેને એક સમજે છે, તેઓ જ રસિક છે. નાની એવી ભિન્નતા આવવાથી પણ તેઓ નારકીય થઈ જાય છે.

આ જ વાત શંકરજીએ 'સંમોહન તંત્ર'માં કહી-

ગૌર તેજો બિના યસ્તુ શ્યામં તેજઃ સમર્ચયેત્ ।
જપેદ્ વ ધ્યાયતે વાપિ સ ભવેત્ પાતકી શિવે ।।

''હે પાર્વતી! જે રાધારાણી વગર શ્યામની અર્ચના કરે છે, તે તો પાતકી (પાપી) છે.''

શ્રીકૃષ્ણ બોલ્યા- ''હું આવીશ!'' તેમની વાત સાંભળીને લલિતાજી આવે છે અને ચંદ્રાનના (ચંદ્ર જેવા મુખવાળા શ્રી રાધાજી) સખીને પૂછે છે કે કોઈ એવો ઉપાય બતાવો, જેથી શ્રીકૃષ્ણ તરત વશમાં થઈ જાય.

'ગર્ગ સંહિતા' વૃંદાવન ખંડ અધ્યાય ૧૩

ચંદ્રાનના કહે છે કે મેં ગર્ગ ઋષિ પાસે તુલસી પૂજાનો મહિમા સાંભળ્યો હતો. રાધારાણી અહીં તુલસીની આરાધના કરે છે અને ગર્ગજીને બોલાવીને આસો સુદ

પૂર્ણિમાથી કારતક સુદ પૂર્ણિમા સુધી વ્રત અનુષ્ઠાન કરે છે. તુલસીજી પ્રગટ થાય છે, શ્રી રાધારાણીને પોતાની ભુજાઓમાં લપેટી લે છે અને કહે છે કે,

હે રાધે! અત્યંત શીઘ્ર, શ્રીકૃષ્ણ સાથે તારું મિલન થશે.

તે જ સમયે શ્રીકૃષ્ણ એક વિચિત્ર ગોપી બનીને આવે છે. અદ્‌ભુત ગોપી! એવી સુંદરતા જેનું વર્ણન ન થઈ શકે. ગર્ગ ઋષિએ તેમની સુંદરતાનું વર્ણન કર્યું છે કે આંગળીઓમાં વીંટીઓ, નથ અને સુંદર વેણીથી સજ્જ શ્રીકૃષ્ણ બરસાનામાં આવે છે અને વૃષભાનુ ભવનમાં પહોંચે છે. ચાર દીવાલો છે એ ભવનમાં અને દરેક પર પહેરો છે. એ પહેરામાં નારીરૂપ ધરીને પહોંચી જાય છે.

તો ત્યાં શું જુએ છે કે અત્યંત સુંદર ભવન છે અને સખીઓ અદ્‌ભુત વીણા, મૃદંગ વગેરે શ્રી રાધારાણીને સંભળાવી રહી છે, તેમને રિઝવી રહી છે. દિવ્ય પુષ્પો છે, લતાઓ છે, પક્ષીઓ છે; જે શ્રીરાધા નામનું ઉચ્ચારણ કરી રહ્યા છે. રાધારાણી તે સમયે વિહાર કરી રહ્યા હતાં. શ્રીરાધારાણીએ જોયું કે એક અત્યંત સુંદર ગોપી આવી છે. તે ગોપીને જોઈને મોહિત થઈ જાય છે અને તેને પોતાની પાસે બેસાડી લે છે. રાધારાણી ગોપીને આલિંગનમાં લે છે અને કહે છે કે અરે! તું વ્રજમાં ક્યારે આવી? મેં આવી સુંદરી આજ સુધી વ્રજમાં નથી જોઈ. તું જ્યાં રહે છે તે ગામ ધન્ય છે. તું મારી પાસે નિત્ય આવ્યા કર. તારી આકૃતિ તો શ્રીકૃષ્ણને મળતી આવે છે.

શ્રીજી ઓળખી નથી શકતાં, કેવી વિચિત્ર લીલા છે. શ્રીજી બોલ્યા- ''કોણ જાણે કેમ, મારો મોહ તારામાં વધી રહ્યો છે? તું મારી પાસે જ બેસી જા.''

તે ગોપી જ્યારે રાધારાણી પાસે બેસી તો બોલી કે મારો નિવાસ ઉત્તર તરફ છે (ઉત્તરમાં નંદગ્રામ છે) અને હે રાધે! મારું નામ છે 'ગોપ દેવી'. હે રાધે! મેં તારા રૂપની ઘણી પ્રશંસા સાંભળી છે કે તું અત્યંત સુંદર છે. તેથી તને જોવા હું આવી ગઈ. તારું આ વૃષભાનુ ભવન અત્યંત સુંદર છે જે લવંગ લતા-વલ્લરીઓની સુવાસથી યુક્ત છે. ત્યારબાદ બંનેએ કંદુક ક્રીડા શરૂ કરી, રમતાં-રમતાં સાંજ પડી ગઈ.

સાંજ પડતાં ગોપદેવી કહે છે કે હવેં હું જઈશ અને સવારે ફરી આવીશ. જેવું જ્યાનું નામ લીધું કે રાધારાણીના નેત્રો સજળ થઈ ઉઠ્યાં, બોલી- ''અરે સુંદરી! તું શા માટે જાય છે?'' પરંતુ ગોપદેવી એવું કહીને ચાલી જાય છે કે કાલે સવારે ફરી આવીશ. રાતભર શ્રીજી પ્રતિક્ષા કરતી રહી.

આ બાજુ નંદનંદન પણ રાતભર વ્યાકુળ રહ્યા. સવારે ફરી તે ગોપદેવીનું રૂપ ધરીને આવે છે તો શ્રી રાધારાણી ઘણાં જ પ્રેમથી તેમને મળે છે.

રાધારાણી બોલ્યાં કે હે ગોપદેવી! તું આજે ઉદાસ દેખાઈ રહી છે. શું કષ્ટ છે? ગોપદેવી બોલી કે હા રાધારાણી, હું ખૂબ કષ્ટમાં છું અને એ કષ્ટને દૂર કરનારું આ દુનિયામાં કોઈ નથી. રાધારાણી બોલ્યા કે ના ગોપદેવી, તું મને જણાવ, આ બ્રહ્માંડમાં જો તને કોઈ પણ કષ્ટ આપી રહ્યું હશે તો હું મારી શક્તિથી તેને દંડ કરીશ. ગોપદેવીએ

કહ્યું કે રાધે! તું મને સતાવનારને દંડ ન આપી શકે. રાધારાણી બોલ્યા- ''શા માટે નહીં?'' ગોપદેવી- ''મને ખબર છે, તું તેને દંડ ન કરી શકે.'' શ્રીજી બોલ્યા, ''બતાવ તો ખરી એ કોણ છે?'' ગોપદેવી- ''ઠીક છે, તો સાંભળ-

હું એક દિવસ સાંકડી ગલીથી આવી રહી હતી. એક નંદનો છોકરો છે. એની ઓળખ બતાવું છું. એના એક હાથમાં વાંસળી અને બીજામાં લાકડી રહે છે. અચાનક તેણે મારું કાંડુ પકડી લીધું અને મને કહ્યું કે હું અહીંનો રાજા છું. તું મને દહીંનું દાન આપ. મેં કહ્યું કે લંપટ, હટી જા મારી સામેથી. હું દાન નહીં આપું. આટલું કહેતાં એ લંપટે મારી મટુકી ઉતારી લીધી અને મારા દેખતાં-દેખતાં જ એ મટુકી ફોડી નાખી, બધું દહીં પી ગયો, મારી ચુંદડી ઉતારી લીધી અને પછી હસતો-હસતો આગળ વધી ગયો.''

અહીં ગોપદેવીએ કૃષ્ણની ઘણી નિંદા કરી કે તે જાતિનો ગોવાળ છે, કાળો છે, ન રંગ છે, ન રૂપ છે, ન ધનવાન છે, ન વીર છે. હે રાધે! તું શા માટે મારાથી છુપાવે છે? તેં એવા પુરૂષને પ્રેમ કર્યો છે. આ ઠીક નથી કર્યું. જો તું કલ્યાણ ઇચ્છતી હોય તો એ ધૂતારા, એ નિર્મોહીને પોતાના મનમાંથી કાઢી નાખ.''

આટલું સાંભળ્યા પછી શ્રીરાધારાણી બોલી, ''અરે ગોપદેવી, તારું નામ ગોપદેવી કોણે પાડ્યું? તું જાણતી નથી, બ્રહ્મા, શિવ પણ શ્રીકૃષ્ણની આરાધના કરે છે.''

અહીં શ્રીકૃષ્ણની ભગવદતાનું રાધારાણીએ અત્યંત સુંદર વર્ણન કર્યું છે.

રાધારાણી બોલ્યા કે જેટલા પણ અવતાર છે - દત્તાત્રેયજી, શુકદેવજી, કપિલ ભગવાન, આસુરિ વગેરે સૌ ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરે છે અને તું તેમને કાળીયો ગોવાળ કહે છે? તેમના સમાન પવિત્ર કોણ હોઈ શકે છે? ગોરજની ગંગામાં નિત્ય ન્હાય છે, તેનાથી પવિત્ર કોઈ હોઈ શકે છે? શું ગો(ગાય)થી અધિક પવિત્ર કરનારી કોઈ વસ્તુ છે આ સંસારમાં?

રાધારાણી ઘણા મોટા ગૌભક્ત છે. એટલે સુધી કે શ્રીકૃષ્ણએ વૃષભાસુરનો વધ કર્યો ત્યારે રાધારાણી અને બધી ગોપીઓએ કહ્યું હતું કે શ્રીકૃષ્ણ! અમે તમારો સ્પર્શ નહીં કરીએ. તમને ગૌહત્યાનું પાતક લાગ્યું છે, અમે તમને સ્પર્શી નહીં શકીએ. આવી ગૌભક્ત છે રાધારાણી!

આગળ રાધારાણી ગોપદેવીને કહે છે કે તું એમની બુરાઈ કરી રહી છે? તેઓ નિત્ય ગાયોનું નામ જપે છે. દિવસ-રાત ગાયોનું દર્શન કરે છે. મારી જાણકારીમાં જેટલી પણ જાતિઓ છે તેમાં સૌથી મોટી ગોપ જાતિ છે. કારણ? કારણકે તેઓ ગાયની સેવા કરે છે. આથી ગોપ વંશથી શ્રેષ્ઠ કોઈ ન હોઈ શકે. ગોપદેવી, તું શ્યામને કાળીયો કહે છે, તો બતાવ મને એ શ્યામથી વધુ સુંદર અન્ય કોઈ વસ્તુ છે? સ્વયં ભગવાન નીલકંઠ શિવ પણ તેમની પાછળ દિન-રાત દોડતા રહે છે. રાધારાણી બોલ્યા કે એ જટાજૂટધારી, હળાહળ વિષને પણ પીવાવાળા શક્તિધારી, સર્પોના આભૂષણ ધારણ કરનાર, એ

કાળીયાને માટે વ્રજમાં દોડતા રહે છે. તું એમને કાળીયો કહે છે? આખું બ્રહ્માંડ જે લક્ષ્મી માટે તરસે છે, એ લક્ષ્મીજી સ્વયં તેમના ચરણોમાં જવા માટે તપસ્યા કરે છે. તું એમને નિર્ધન કહે છે? નિર્ધન ગોવાળ કહે છે? જેમના ચરણો માટે લક્ષ્મી તરસી રહી છે, તું કહે છે કે તેમનામાં ન બળ છે અને ન તેજ છે. બતાવ? બકાસુર, અરિષ્ટાસુર, અઘાસુર, પૂતના વગેરેનો વધ અને કાલીય નાગને નાથનારો શું નિર્બળ હોઈ શકે? કોટિ-કોટિ બ્રહ્માંડોના એક માત્ર સૃષ્ટા અને એમને તું બળહીન કહે છે? સૌ જેની આરાધના કરે છે, તું એમને નિર્દય કહે છે? તે પોતાના ભક્તોની પાછળ-પાછળ ફરે છે અને કહે છે કે ભક્તોના ચરણની રજ મળી જાય અને તું તેમને નિર્દય કહે છે?

જ્યારે આવી વાતો સાંભળી તો ગોપદેવી બોલી, ''રાધે! તારો અનુભવ અલગ છે અને મારો અનુભવ અલગ છે. ઠીક છે કાલીય નાગને નાથ્યો હશે એણે પરંતુ એવી કઈ સુશીલતા હતી કે હું એકલી જઈ રહી હતી અને મુજ એકલીનું એણે કાંડુ પકડી લીધું. શું આવો કોઈ ગુણ હોઈ શકે છે?''

ગોપેદવીની વાત સાંભળીને રાધારાણી બોલી કે તું આટલી સુંદર હોવા છતાં તેમના પ્રેમને ન સમજી શકી? કેટલી અભાગણી છે તું. તારું સૌભાગ્ય હતું, પણ હે અભાગણી તેં એને અનુચિત સમજી લીધું. તારાથી વધુ અભાગણ આ સંસારમાં કોઈ નહીં હોય.''

ગોપદેવી બોલી- ''તો હું શું કરત? મારું સૌભાગ્ય સમજીને શું મારું શીલ ભંગ થવા દેત?'' શ્રીરાધારાણી બોલ્યા- ''અરે! બધા શીલોનો સાર, બધા ધર્મોનો સાર તો શ્રીકૃષ્ણ જ છે. તું એને શીલભંગ સમજે છે?''

વાત વધી ગઈ તો ગોપદેવી બોલી કે જો તારા બોલાવવાથી શ્રીકૃષ્ણ અહીં આવી જાય છે તો હું માની લઈશ કે તારો પ્રેમ સાચો છે અને એ નિર્દય નથી અને જો ન આવે તો? રાધારાણી બોલી કે જો હું બોલાવું છું અને જો ન આવે તો મારું બધું ધન, વૈભવ, શરીર તારું.

શરત લાગી ગઈ પ્રેમની. ત્યારબાદ શ્રીજી બેસી જાય છે, આસન લગાવીને અને મનમાં શ્રીકૃષ્ણનું આહ્વાન કરવા માંડે છે. ઘણા પ્રેમથી બોલાવે છે. શ્રીકૃષ્ણનું એક-એક નામ લઈને પોકારે છે-

શ્યામેતિ સુંદરવરેતિ મનોહરેતિ
કંદર્પકોટિલલલિતેતિ સુનાગરેતિ ।
સોત્કંઠમલ્લિ ગુણતી મુહુરાકુલાક્ષી
સા રાધિકા મયિ કદા નુ ભવેત્પ્રસન્ના ।।

(રા.સુ.નિ. ૩૭)

''આ શ્લોકનો અર્થ પૂજ્ય શ્રી બાબાજી મહારાજે મને એક વાર પંડિત હરિશ્ચંદ્રજી ના શબ્દોમાં સમજાવ્યો હતો.

પહેલા તો રાધારાણીએ 'શ્યામ' કહ્યું અને ત્યારબાદ તરત બોલ્યા 'સુંદર' જેથી ક્યાંક કોઈ એવું ન સમજી લે કે શ્યામ તો કાળો હોય છે, તેથી તેમણે બાજી સંભાળી લીધી. ફરી વિચાર્યું કે સુંદર તો ઘણા હોય છે પરંતુ શોક્યને શોક્યની સુંદરતા પણ બુરી લાગે છે. જો ચિત્ત ન ચોરે, મન ન લૂટે તો સુંદરતા શું કામની તેથી તેઓએ તરત કહ્યું કે મન હરી લે છે, મન તો ગોદમાં રમતુ બાળક પણ હરી લે છે. બોલ્યા, ''મન હરવાનો પ્રકાર બીજો છે, અત્યંત ચતુર છે.'' પછી વિચાર્યું સુંદર હોય, પણ ચતુર ન હોય તો શું કામનું? પ્રેમમાં ચતુરતા તો જોઈએ, નહીં તો ભાવ આપ સમજી નહીં શકો. શ્રીજી બોલ્યા, ''ભાવ સમજનારા છે.''

આ રીતે શ્રીકૃષ્ણનું આહ્વાન કરી રહી હતી. ગોપદેવી જે બેઠી હતી તેનું શરીર કાંપવા લાગ્યું. જેવું પ્રેમનું આકર્ષણ વધ્યું તો શ્રીકૃષ્ણ સમજી ગયા કે હવે મારું આ રૂપ છૂટી જશે. પ્રેમમાં અદ્‌ભુત શક્તિ હોય છે. શ્રીકૃષ્ણના શરીરમાં રોમાંચ ઉત્પન્ન થવા લાગ્યો અને બોલ્યા કે હવે હું પોતાને સંભાળી નહીં શકું.

તેઓએ જોયું કે રાધારાણીના નેત્રો સજળ હતાં અને મુખથી શ્રીકૃષ્ણનું નામ લઈ રહી હતી. તરત શ્રીકૃષ્ણ રૂપ બદલીને 'શ્રી રાધે રાધે' કહેતા આવ્યા. રાધારાણીએ જોયું કે શ્રીકૃષ્ણ ઉભા છે. શ્યામસુંદરે કહ્યું કે લાડલીજી! આપે મને બોલાવ્યો, તેથી હું આવી ગયો, આપ આજ્ઞા કરો, શ્રીજી ચારે તરફ જોવા લાગી.

શ્રીકૃષ્ણ બોલ્યા, ''આપ કોને શોધી રહ્યા છો? હું તો સામે ઉભો છું.'' બોલી, ''હું તમને નહીં એ ગોપદેવીને શોધી રહી છું. ક્યાં ગઈ?'' શ્રીકૃષ્ણ બોલ્યા, ''કોણ હતી, મેં એને જતા જોઈ, જ્યારે હું આવી રહ્યો હતો.'' રાધારાણીએ બધી વાત જણાવી તો શ્રીકૃષ્ણ બોલ્યા, આપ અત્યંત ભોળા છો. આવી નાગણોને પોતાના મહેલમાં ન આવવા દો.

આ લીલા (ચોટીબંધન લીલા), આ ગલીમાં પ્રત્યેક વર્ષ ભાદરવા સુદ એકાદશીના દિવસે થાય છે તથા દધિદાન લીલા તેરસના દિવસે થાય છે.

વિહાર કુંડ

વિહાર કુંડ અથવા માહેશ્વરી સરોવર એક જ છે.

ततो माहेश्वरीसरोवर स्नानाचमन प्रार्थनामंत्रः

स्वर्णाभजलरम्याय पार्वती सरसे नमः ।
रुद्रहेलासमुद्भूत तीर्थराज वरप्रदे ।।
कोशार्द्ध परिमाणेन प्रदक्षिणामथाकरोत् ।।

(ब्र.भ.वि.)

સ્વર્ણિમ જળયુક્ત, રુદ્ર હેલાથી ઉત્પન્ન, વરદાયક, મનમોહક હે પાર્વતી સરોવર! તીર્થરાજ આપને પ્રણામ છે. અર્ધ કોસ પ્રમાણથી આ વનની પ્રદક્ષિણા કરવી જોઈએ.

માહેશ્વરીસરોવર ને 'પાર્વતીજીનું સરોવર' કહેવામાં આવ્યું છે. બધી મહાશક્તિઓ ઉમા, રમા, સરસ્વતી વગેરે બરસાનામાં આવે છે. આથી રાધાકૃપા કટાક્ષમાં-

अनन्त कोटि विष्णुलोक नम्र पद्म जार्चिते ।
हिमाद्रिजा पुलोमजा विरंचिजा वरप्रदे ।

અર્થાત્- લક્ષ્મી, પાર્વતી, ઇન્દ્રાણી, સરસ્વતી વગેરે પણ શ્રીરાધિકા રાણીની આરાધના કરે છે. આ સૌની ઈષ્ટ છે 'શ્રીરાધા રાણી'.

દોહની કુંડ

દોહની કુંડ પ્રાર્થના મંત્રઃ

रक्तनीलसिताधूम्रापीतागोदोहनमद ।
वृषभानुकृतस्तीर्थ नमस्तुभ्यं प्रसीद में ।।

(ब्र.भ.वि.)

દોહની કુંડ, મહારાજ વૃષભાનુની લાખો ગાયોને રહેવાનું સ્થાન છે. અહીં ગો-દોહન થતું હતું; અર્થાત્ વૃષભાનુ બાબાએ લાલ, સફેદ, કાળી અને પીળી ગાયોનું દોહન કરીને, આ સ્થળને તીર્થ બનાવી દીધું છે. હે દોહની કુંડ! આપને નમસ્કાર છે. આપ મુઝ પર પ્રસન્ન થઈને કૃપા કરો.

માનગઢ

બેઠકજીથી પશ્ચિમ ચોટી પર માનગઢ છે. માનગઢમાં રૂઠેલા રાધારાણીને શ્યામસુંદરે રિઝવ્યા હતા, જેનાથી આ સ્થળનું નામ 'માનગઢ' પડ્યું છે. 'માન' એટલે રૂસવું. શ્રીકૃષ્ણએ મનાવવાના ઘણા ઉપાય કર્યા. ક્યારેક તેમના ચરણોમાં મસ્તક મૂક્યું, ક્યારેક તેમનો પંખો ઝુલાવ્યો, ક્યારેક અરીસો બતાવ્યો તો ત્યારેક વિનંતી કરી, પરંતુ જ્યારે રાધારાણી ન માન્યા ત્યારે શ્યામસુંદર સખીઓનો સહારો લે છે. આ માન કોઈ લડાઈ કે ક્રોધના કારણે નથી, આ માન તો પ્રેમની એક લીલા છે.

રાધારાણી શ્યામસુંદરની ખુશી માટે માની જાય છે. માનમંદિરમાં 'શ્રીમાનબિહારીલાલજી'ના દર્શન છે.

ततो मानमंदिर दर्शन प्रार्थनामंत्रः

देवगन्धर्वरम्याय राधामानविधायिने ।
मानमंदिरसंज्ञाय नमस्ते रत्नभूमये ।।

(બ્ર.ભ.વિ.)

અર્થાત્- દેવ-ગંધર્વોથી રમણીય, આ દિવ્ય રત્નમય ધરા પર માનિનીએ માન કર્યું, તેથી આ સ્થાન 'શ્રીમાનમંદિર' નામ થી પ્રખ્યાત થયું, તેને પ્રણામ છે.

નિત્ય વિહાર માં 'સંભ્રમમાન' રસિકોએ સ્વીકાર્યું છે, જે દીર્ઘ માન નથી હોતું-

मानगढ चढत सखी कत आजु ।
'व्यास' बचन सुनि कुंवरि निवाज्यो
स्याम लयौ सिर ताजु ।।

(વ્યા.વા.પદ ૧૬૪)

શ્રી પ્રિયાજી, શ્રીકૃષ્ણના વક્ષસ્થળમાં પોતાનું પ્રતિબિંબ જોઈને માન કરે છે કારણ કે તે જ માનનું કારણ છે, પરંતુ કૃપામયીનું માન ક્ષણિક જ હતું.

'पिय के हिय तैं तू टरति री''

જો થોડા વધુ સમય સુધી માન રહે તો 'માનગઢ'માં માન ઘણી રીતે ભંગ થાય છે.

(૧) શ્રીકૃષ્ણ સ્વયં વિનય અને સેવાથી રિઝાવી લે છે-

सब निसि ढोवा करति किसोरहि बोर मानगढ टूट्यौ ।।
'व्यास' स्वामिनी मिली बांह दै पुनि लचि लालन लूट्यौ ।।

(વ્યા.વા.પદ. ૧૫૬)

પુનઃ કેલિમાલ-

''ભૂલૈં ભૂલૈં હૂઁ માન ન કરિ રી પ્યારી''

(કેલિમાલ ૧૦)

આ પ્રકારે પદ સંખ્યા ૨૨, ૨૫, ૩૯, ૫૭, ૫૯, ૭૬, ૭૮, ૭૯, ૮૦ વગેરે પદો પણ છે.

(૨)છદ્મથી વીણાવાદિની વગેરેના રૂપમાં પ્રિયાજીને પ્રસન્ન કરીને છદ્મ ખોલવું-

રસિકગુપાલ વૃંદાવન મહિયાઁ ખેલત ફાગ સુહાઈ ।
સુરંગ ચૂનરી ઓઢિ વરો તિય કૌ ભેષ બનાઈ ।
ગયે જહાઁ બૈઠી શ્રી શ્યામા મુરલી મધુર બજાઈ ।
રીઝી રીઝિ બચન કહિ મીઠે નિપ નિકટ બૈઠાઈ ।
પૂછતૌ બહુત કૃપા કરિ સ્યામા કહૌ કહાઁ તે આઈ ।
નંદગાંવ સુખ ઠાંવ તહાં કે કહિયત કુંવર કન્હાઈ ।।
સુનત હી નામ પીઠિ હંસી દીની ચીન્હી હરિ લંગરાઈ ।
પકરી બાઁહ લઈ ઉર અન્તર ચાચરિ ''મૈંન'' મચાઈ ।।

(શ્રૃ.ર.સા.શ્રી મૈન પ્રભુજી મહારાજ)

'વિદગ્ધ માધવ'માં નિકુંજ વિદ્યા નું છદ્મ અને 'સૈમરી'માં શ્યામલી સખીનું છદ્મ તથા 'કિન્નરી'નું નું છદ્મ, જેમાં રત્નમાલા પુરસ્કારને સ્થાને 'માનરત્ન' માગીને ભંગ કરવું.

(૩) છદ્મ થી સખીરૂપ ધરીને સમજાવે છે-

અજહૂઁ માઈ ટેવ ન મિટતિ માન કી ।
જાનતિ પિય કી પીર ન માનતિ સોંહ બાબા વૃષભાનુ કી ।

(વ્યા.વા.પદ ૧૪૨)

(૪) અન્ય સખીઓની મદદથી-

આવત જાત હૌં હાર પરી રી ।
જ્યોં જ્યોં પ્યારો કર પઠવત ત્યોં ત્યોં તૂ ગઢ માન ચઢી રી ।
તિહારે બીચ પરે સોઈ બાબરી હૌં ચૌગાન કી ગેંદ ભઈ રીં ।
'ગોવિંદ' પ્રભુ કો વેગ મિલ ભામિની સુભગ યામિની જાત બહી રી ।

(ગોવિન્દ સ્વામી)

ગોવિંદજીનું પદ છે. એમાં એવું લખ્યું છે કે રાધા રાણીનું માન શિખરની નીચેથી પ્રારંભ થયું અને જેમ-જેમ શ્યામસુંદર મનાવતા ગયા તેમ-તેમ શ્રીજી ઉપર ચઢતા ગયા. જ્યારે શ્રીજી ઉપર ચઢી આવ્યા તો શ્યામસુંદરે સખીઓનો સહારો લીધો. તેઓએ વિશાખાજી અને લલિતાજીને કહ્યું કે જાવ, રાધારાણીને મનાવો, મારું તો સામર્થ્ય નથી. હું તો થાકી ગયો. શ્રી લલિતાજી અને અન્ય સખીઓ જ્યારે અહીં આવે છે અને શ્રીજીને

કહે છે કે આપ આપનું માન તોડી દો, તો શ્રીજી ના પાડી દે છે. સખી ઠાકુરજી પાસે નીચે આવે છે તો ઠાકુરજી ફરી ઉપર મોકલી દે છે, ફરી નીચે આવે છે તો ફરી ઉપર મોકલી દે છે. છેવટે સખી બોલી કે હે રાધે! આ પર્વત પર મેં અનેક વાર ચઢ-ઉતર કરી, હું તો થાકી ગઈ. આપનું માન તૂટવાનું નામ નથી લેતું. હું કેટલુંક ચઢ-ઉતર કરું? અહીંથી આપ ભગાવી દો છો અને પેલી બાજુ એ વારે-વારે પ્રાર્થના કરે છે કે જાવ-જાવ. સખી કહે છે કે હે રાધે! હું ચોગાનના દડાની માફક ભટકી રહી છું. (ક્રિકેટમાં તો એક માણસ દડાને ફટકારે છે, પરંતુ ચોગાનમાં દરેક જણ દડાને ફટકારે છે) એવી જ રીતે આપ બંને મને મારી રહ્યા છો. જલ્દીથી શ્યામસુંદરને મળી લો. આ રાત વીતી રહી છે. શ્રીજી કહે છે-

દૌરી-દૌરી આવત મોહિ કો મનાવત હોં કહા દામન મોલ લઈ રી ।
અંચરા પસાર કે મોહિ કૂં ખિજાવત હોં કહા તેરે બાબા કી ચેરી ભઈ રી ।
જા રી જા સખી ભવન અપને સૌ બાતન કી એક કહી રી ।
‘નંદદાસ’ પ્રભુ વે હી ક્યોં ન આવત ઉનકે પાંયન કહા મેંહદી દઈ રી ।।

(નન્દદાસજી)

એ જ પ્રમાણે-

‘‘તૂ રિસ છાંડિ રી રાધે રાધે’’

(કેલિમાલ ૧૭)

તથા ૧૩,૧૪,૧૬,૧૮,૪૩,૪૫,૬૯ વગેરે અને શ્રી ચતુરાસીજીમાં ૧૬, ૩૭, ૩૮, ૩૬, ૪૦, ૪૫, ૭૪, ૭૫, ૮૩ વગેરે પદો પણ છે.

વિલાસગઢ

સાંકરી ખોરની ઉપર ‘વિલાસગઢ’ છે.

ततो विलासगढ स्थले प्रार्थनामंत्रः

विलासरूपिणे तुभ्यं नमः कृष्णाय ते नमः ।
सखीवर्गसुकामाय क्रीडाविमलदर्शिने ।।

(ब्र.भ.वि.)

સખીસમુદાયને સુખ પમાડવા, વિમલ ક્રીડા કરનારા, ક્રીડા વિલાસરૂપી શ્રીકૃષ્ણને નમસ્કાર છે.

વિલાસ નામથી જ ખ્યાલ આવે છે કે અહીં વિલાસ લીલા થઈ છે. અહીં શ્રીજીને સખીઓએ રાજા બનાવીને છત્ર ધરાવ્યું. લલિતાજી મંત્રી અને વિશાખાજી ચામર ઢોળનારી બન્યા. રાજાની કચેરીમાં કોઈક ચોરને લાવવામાં આવ્યો. જેને શ્રીજીએ કૃપા

કરીને છોડી દીધો. કોઈ ભેટ લાવે છે, કોઈ દૂત બને છે, કોઈ ગાયક, કોઈ છડીદાર, કોઈ ચારણ વગેરે બનીને શ્રી રાધિકા મહારાજની આરાધનામાં લીન છે.

બ્રજપ્રેમાનંદ સાગર ૧૮મી લહરી, ૬૮ થી ૭૩ સુધી વિલાસ અને ઝૂલન લીલાનું વર્ણન છે. અહીં શ્રી રાધારાણીનું સખીઓ સાથે ઝૂલો રમવાનું સ્થાન પણ છે. પર્વત પર જ બે સ્તંભ છે, જેમાં ઝૂલો લગાવવામાં આવે છે અને ઝૂલન લીલા પણ થાય છે-

કબહૂં ગઢ વિલાસ સુખ રાચૈં ।
ગિરિ કી સિખર હિંડોરૌ રચૈં ।।

(બ્ર.પ્રે.સા. ૧૦ લહરી ચૌ.૭૩)

દાનગઢ

બરસાનામાં દાન લીલા બે સ્થળે થાય છે સાંકરી ખોર અને વિલાસગઢથી વિપરીત દિશામાં દાનગઢ છે 'રતિદાન સ્થળ'. રતિદાન અને છદ્મ દાનલીલાની સ્થળી છે. રતિ એટલે પ્રેમ દાન. શ્રી ઠાકુરજી, રાધારાણી પાસે પ્રેમ દાન એટલે કે રતિદાન માગે છે. કેવી રીતે માગે છે? તેઓના ચરણોમાં પ્રાર્થના કરીને.

તતો દાનમંદિર સ્થલે પ્રાર્થના મંત્રઃ-

દાનવેષધરાયૈવ દધ્યુપાસ્યાભિલાષિણે ।
રાધાનિર્ભત્સિતાયૈવ કૃષ્ણાય સતતં નમઃ ।।

(બ્ર.ભ.વિ.)

અર્થ- શ્રીરાધારાણી દ્વારા પ્રતાડિત, દધિ, દુગ્ધના ઇચ્છુક દાનવિહારીને પ્રણામ.

એક પદ છે કે રાધારાણીના ચરણોનો સ્પર્શ કરીને, તેઓ દાન માગે છે. ઠાકુરજી કહી રહ્યા છે કે હે રાધે! આપ તો મોટા દાની છો, મહાદાની છો. બરસાનામાં જે પણ આવ્યું, તે ખાલી હાથે નથી ગયું. રાધારાણીને આ પદમાં મહાદાની કહેવામાં આવ્યા છે. મહાદાની એટલે ઘણા મોટા દાની. તેનાથી ઉપર કોઈ દાતા નથી હોતા. જેના પર શ્રીરાધા રાણી પ્રસન્ન થઈ જાય છે અને રાસ-રસ અને વિલાસ-રસ પ્રદાન કરે છે, જે ઠાકુરજી પણ નથી આપી શકતા. ઠાકુરજી તો સ્વયં શ્રીરાધારાણી પાસે રાસ રસ અને વિલાસ રસ માગે છે. ઠાકુરજી કહે છે કે હે મહાદાની રાધા! આપ મારા ઉપર કૃપા કરો-

મહાદાની વૃ,ભાનુ કિસોરી તુવ કૃપાવલોકન દાન દૈ રી ।
તૃષિત લોચનિ ચકોર મેરે તુમ બદન ઇંદુ કિરનિ પાન દૈ રી ।।
સબ વિધિ સુઘર સુજાન સુન્દરી સુનિ લૈ વિનતી કાન દૈ રી ।
'ગોવિન્દ' પ્રભુ પિય ચરન પરસિ કહ્યૌ જાચક કો તુવ માન દૈ રી ।।

હે રાધે! મારા નયન તરસ્યા છે તેથી પહેલું દાન શું છે? આપ આપનો આ ઘુંઘટ હટાવી દો જેથી મને દર્શન થઈ શકે. આપ તો ઘણા ચતુર છો. મારી વિનંતી આપ જ સમજી શકો છો. આટલું કહીને ઠાકુરજી નીચે ચરણોમાં પડી ગયા અને બોલ્યા- ''મારું માન રાખો આપ. સૌની સામે હું આપના ચરણોમાં છું. હવે આપ! આપનું માન તોડીને મને રસદાન આપો.'' આ દાનગઢની લીલા છે.

દાનલીલામાં ગોપીઓ શ્રીકૃષ્ણને કહે છે કે આપ દાન લો છો? છેડતી કરો છો? પરાયી વસ્તુને ગ્રહણ કરવી એ પાપ છે. આપે ઘણા પાપ કર્યા છે, તેથી આપ કાળા થઈ ગયા છો. આ પાપથી કેવી રીતે છૂટશો નંદલાલ?

'લાલા યાહિ તે કારે ભયે'

''અરે કનૈયા! આ પાપના બોજથી કેવી રીતે છૂટશો? અમે તમને ન ક્યારેય ભજન કરતાં સાંભળ્યા, ન તીર્થસ્નાન કરતા, તો આપનું આ ચોરી-છિનાળાનું પાપ કેમ ધોવાશે?'' શ્યામસુંદર બોલ્યા ''અરે! મારા જેવો ધર્માત્મા તો કોઈ હોઈ જ ન શકે. ગોપીઓ! ગૌરજ ગંગાથી મોટું પણ કોઈ તીર્થ છે શું?'' સ્વયં શ્રીકૃષ્ણએ કહ્યું છે 'બ્રહ્મવૈવર્ત પુરાણ' માં કે સમસ્ત દેવતાઓ ગાયના અંગમાં નિવાસ કરે છે, દરેક તીર્થો ગાયના પગની ખરીમાં છે અને લક્ષ્મીજી ગોબરમાં છે. ગૌરજથી જે તિલક કરી લે છે, તેનું સમસ્ત તીર્થોનું સ્નાન થઈ જાય છે. શ્યામસુંદર બોલ્યા, ''હું નિરંતર ગોમાતાનું નામ જપું છું. એ કાળી! ઓ ધોળી! મારાથી વધુ પવિત્ર કોણ હોઈ શકે?''

શ્રીજી બોલ્યા, ''પણ આ આખું વ્રજ તો મારા પિતા વૃષભાનુજીનું છે. તમને બરસાનામાં અમે વસાવ્યા છે અને હવે તમને વસાવવાનો દંડ ભોગવી રહ્યા છે. તમે તો લુંટારા છો.

જો કોઈ ચોરને વસાવશે તો તે તેના જ ઘરમાં ચોરી કરશે. મારા પિતાએ તમને વસાવ્યા અને તમે તો મારા જ ઘરમાં ચોરી કરવા લાગ્યા.

પહેલા વ્રજની પાઘડી વૃષભાનુ વંશમાં હતી પરંતુ મહીભાનજીએ પોતાની ઇચ્છા અને પ્રેમથી એ પાઘડી તમારા પિતાને આપી દીધી, નહીં તો આ આખું વ્રજ વૃષભાનુજીનું હતું. મારા પિતાએ તમારા પિતાને પાઘડી આપી એનું જ ફળ અમે ભોગવી રહ્યા છીએ. વ્રજની રક્ષા અમે કરી અને તમે અહીં આરામથી મોજ કરી રહ્યા છો?'' સાચી વાત તો સ્વીકારવી જ પડશે. શ્યામસુંદર બોલ્યા, ''હા, આ આખું જે વ્રજ છે, તમારા પિતાજીનું છે પરંતુ એક વાત સાંભળો, હે રાધે! આખો દેશ તો વૃષભાનુજીની લાડલી કન્યાનો છે એટલે કે તમારો છે. તમે તેમના એટલા લાડકા છો કે જ્યારે મારી સાથે તમારો સંબંધ જોડાયો ત્યારે તેમણે આ બધું અમને દહેજમાં આપી દીધું.''

દાનગઢની પાસે જયપુર મંદિર છે. આગળ શ્રીજી અને જયપુર મંદિરની વચ્ચે શ્રીજીના વર્તમાન વિગ્રહનું પ્રાકટ્ય સ્થળ છે અને ભાનુગઢ પર શ્રીજીનું મંદિર છે, જ્યાં બ્રહ્માજી દ્વારપાળ બનીને, લીલા આસ્વાદન કર્યા કરે છે. ત્યાં જ શ્રીજીના વર્તમાન

વિગ્રહના નાના-નાના પદચિહ્નો છે. શ્રીજીની કામધેનુ ગાયના આંચળ પણ છે. ત્યાં જ સિંહપૌર પર બ્રહ્માજીનો વિગ્રહ પણ છે.

પીરીપોખર

બરસાનામાં પીરી પોખર, જેને પ્રિયાકુંડ પણ કહે છે. પીલાંના વૃક્ષોની અધિકતાને કારણે પણ આ સ્થળને 'પીરી પોખર' કહેવામાં આવે છે. 'ભક્તિ રત્નાકર' અનુસાર શ્રીજી અહીં પીલાં તોડતા હતાં-

એઈ પિલુ ખોર એથા પીલૂ ફલ છલે ।
સખી સહ રાઈ કાનૂ કીડા કુતુહલે ।।

(ભ.ર.)

આને પ્રિયાકુંડ પણ કહે છે. નંદનંદન સાતે વિવાહના પીળા હાથ ધોવાથી 'પીલી પોખર' નામ પડ્યું અથવા સ્વામિનીના સ્નાન-ઉબટનને કારણે આ જળ સોનેરી કાંતિથી રંજિત થઈ ગયું, જેને કારણે તેને 'પીરી કી' પણ કહેવાય છે.

જ્યારે નંદગ્રામના ગ્વાલબાળો હોરી રમવા આવે છે તો આ જ તળાવ પર પડાવ નાખીને, પાઘડી કસીને ઢાલ લઈને આગળ વધે છે, જ્યાં આગળ તેમનું સ્વાગત થાય છે, જેને 'મુંહમિડી' કહે છે, જે દરેક વર્ષે થાય છે.

શ્રીજીના વિવાહની ઘણી લીલાઓ પુરાણોમાં વર્ણિત છે. ઘણા લોકો પૂછે છે કે રાધાકૃષ્ણનો વિવાહ થયો હતો કે નહીં. ભાગવતમાં સંકેત છે. તેમાં ફક્ત શ્રીરાધારાણી માટે જ 'વધૂ' શબ્દનો પ્રયોગ થયો છે. જેમ ત્રણ વાર મહારાસમાં રાધારાણી માટે 'વધૂ' શબ્દનો પ્રયોગ થયો છે. 'રાસપંચાધ્યાયી'ના ૩૦માં અધ્યાયમાં ૨૬, ૩૨, ૩૯ શ્લોકોમાં રાધારાણી માટે 'વધૂ' શબ્દ આવે છે.

તૈસ્તૈઃ પદૈસ્તત્પદવીમન્વિચ્છન્ત્યોડગ્રતોડબલાઃ ।
વધ્વાઃ પદૈઃ સુપૃક્તાનિ વિલોક્યાર્તાઃ સમબ્રુવન્ ।।

(ભા. ૧૦/૩૦/૨૬)

ઈમાન્યધિકમગ્નાનિ પદાનિ વહતો વધૂમ્ ।
ગોપ્યઃ પશ્યત કૃષ્ણસ્ય ભારાક્રાન્તસ્ય કામિનઃ ।।

(ભા. ૧૦/૩૦/૩૨)

એવમુક્તઃ પ્રિયામાહ સ્કન્ધ આરુહ્યતામિતિ ।
તતશ્ચાન્તર્દધે કૃષ્ણાઃ સા વધૂરન્વતપ્યત ।।

(ભા. ૧૦/૩૦/૩૯)

અન્ય ગ્રંથોમાં પણ વિવાહ લીલા ગાવામાં આવેલ છે જેનું પ્રસ્તુત પુસ્કતમાં અધ્યાય ૫માં સપ્રમાણ વર્ણન કરવામાં આવેલ છે.

આમ તો પીલીપોખરને લોકો 'પ્રિયાકુંડ' પણ કહે છે કારણ કે અહીં શ્રીજી આવે છે અને સખીઓ સાથે જલકેલિ (જળક્રીડા) કરે છે.

પીલીપોખરનો સૌથી મોટો વાર્ષિક ઉત્સવ એ છે, જ્યારે નંદગ્રામના લોકો ધૂળેટીના દિવસે હોળી રમવા આવે છે, તો તેઓ સૌપ્રથમ આ કુંડ પર આવીને રોકાય છે.

અહી પીરીપોખર પર બાળ રાધિકાની બાળલીલા શ્રી નારદજી જોવા આવ્યા હતા. આવીને શ્રીજી અને સખીઓને વીણા સંભળાવીને રાજી કર્યા. સૌની પરિક્રમા કરીને તેઓએ ભિક્ષા માગી. ઉદાર બાલિકા શ્રી રાધિકાજીએ તેમના હાથમાં જે મેવા હતા, બધા આપી દીધા હતા. આ ઉદારતાથી પ્રેમમગ્ન નારદજી, બાલિકા શ્રી રાધિકાજી સમક્ષ ચરણરજ પ્રાપ્તિના ભાવથી રડતાં, પૃથ્વી પર આળોટવા લાગ્યા. બાલિકા શ્રીજી ડરીને પાછળ જોતાં, સૌ સખીઓ સાથે ગામમાં ભાગી ગયા જેમ હરણીઓનું ટોળું ભાગી જાય છે. કીર્તિ માએ પૂછ્યું તો રાધિકાજી બોલ્યા કે એક ભિક્ષા માગનારા, રડતા-નાચતા વીણાધારીને મેં બધો મેવો અને મીઠાઈઓ આપી દીધી. તેની મોટી-મોટી આંખો, એક ટક જોવાથી અમે ડરી ગયા. કીર્તિજી બોલ્યા- ''બેટી! એ વીણાવાળા મહા કૃપાળુ સંત છે, તારા જન્મ વખતે તેઓ જ તારા માટે ઘોડિયું બનાવી ગયા હતા ત્યારથી લઈ આજસુધી તું નથી ડરી કારણકે તેઓ તારા મસ્તક પર હાથ પણ ફેરવી ગયા હતા'' આટલું કહી મા કીર્તિ, રાધાજીને ગોદમાં બેસાડી લાડુ ખવડાવવા લાગ્યા.

(બ્ર.પ્રે.સા. લહરી ૧૮ ચૌ.૪૯-૬૩)

વૃષભાનુ સરોવર

વૃષભાનુ કુંડ, અહીં મહારાજ વૃષભાનુજી નિત્ય સ્નાનોપરાંત, બ્રજેશ્વર મહાદેવની ઉપાસના હેતુ જતા હતા, તેને ભાનોખર પણ કહે છે.

ततो वृषभानु कुंड स्थले प्रार्थना मंत्रः

निर्धूतकिल्विषायैव गोपराजकृताय ते ।
वृषभानुमहाराजकृताय सरसे नमः ।।

(બ્ર.ભ.વિ.)

ભાનુ સરોવર, જે વૃષભાનુજીનું સરોવર છે. તેને પ્રણામ કરવાથી અને તેમાં સ્નાન કરવાથી કાયિક, વાચિક અને માનસિક પાપો નષ્ટ થઈ જાય છે. આ સરોવર વૃષભાનુ મહારાજ દ્વારા નિર્મિત છે. આવા સરોવરને અમો પ્રણામ કરીએ છીએ.

શ્રી બ્રજ પ્રેમાનંદ સાગર-

કબહું ભાન સરોવર તટ મેં ઝૂલૈં ફૂલૈં સખી સંઘટ મેં ।
શ્રી રાધા અતિ મિઠ બોલની પુર ઉપવન બન ખેલન ડોલનિ ।
કબહું સખિન સંગ લૈ ભીર ખેલન જાંઈ સરોવર તીર ।

અહીંની સ્નાન લીલા 'સ્વામી હરિદાસ'જીએ ગાઈ છે. શ્રી નંદલાલ, લલિતાજીને જાણીબૂઝીને શ્રીરાધાનો પરિચય પૂછે છે. શ્રી લલિતાજી ઉત્તરમાં નંદલાલના ગામને 'ગાંડાઓનું ગામ' જણાવે છે.

આની સામે નંદલાલ સરોવરમાં ડુબકી મારીને ચોંકાવી દે છે-

કહૌ યહ કાકી બેટી કહા ધોં કુંવરિ કૌ નાંઉ ।
તુમ સબ રહૌ રી હોં હી ઊતર દૈહોં
ચલ કિનિ જાહુ ઢોટા બાઈ બાવરૌ હૈ ગાંઉ ।।
સબ સખિ મિલિ છિરકા ખેલન જુ લાગી
તૌલૌં તુમ રહૌ રી જૌલૌં હૌં ન્હાઁઉ ।
'શ્રીહરિદાસ' કે સ્વામી સ્યામા કુંજબિહારી
લૈ બુડકી ગરેં લાગિ ચૌંકિ પરી કહાઁ હૌં જાઁઉ ।।

(કેલિમાલ ૮૩)

શ્રીજી વૃષભાનુ સરોવરમાં સ્નાન કરવા જાય છે અને બીજી બાજુથી નંદલાલ આવે છે. પોતાના પિતાના સરોવરમાં તો શ્રીજી ન્હાઈ જ શકે છે. નંદલાલ એ તો સમજી ગયા કે આ વૃષભાનુજીની દીકરી છે, પરંતુ સખીઓને પૂછે છે કે અરે! આ કોની દીકરી છે? એમનું નામ શું છે? એ ઘણા ઠાઠમાઠથી ચાલી આવે છે. આ સાંભળીને લલિતાજી આગળ વધ્યા અને સખીઓને કહ્યું કે તમે આનો જવાબ ન આપશો. હું જ જવાબ આપીશ. આમનો ઇલાજ તો લલિતાજીને જ ખબર છે. લલિતાજી શ્યામસુંદરને બોલ્યા કે નંદગ્રામમાં તો પાગલો રહે છે. અરે, પાછા વળી જાવ તમારા ગામ. હવે શ્યામસુંદર ચુપ થઈ ગયા. આ તો ઘણું વાંકુ બોલી. હવે શું બોલે બિચારા, એક જ પ્રશ્નનો આટલો ગડબડ જવાબ મળી ગયો. હવે બીજો પ્રશ્ન પૂછવાની તેમની હિંમત જ ન રહી. બધી સખીઓ ફરીથી રમવા લાગી ગઈ.

હવે જુઓ રાધારાણીની કૃપા અને પ્રેમ. તેમને લાગ્યું કે શ્યામસુંદર સાથે આ લોકોએ ઘણો અન્યાય કર્યો છે. એ તો શિષ્ટાચારમાં પૂછી રહ્યા હતા કે કોની દીકરી છે અને આ લોકો જવાબ આપે છે કે પાછા વળી જાવ, એ પાગલ ગામમાં, તો એ ઠીક નથી. જ્યારે બધી સખીઓ રમવા લાગી ત્યારે શ્રીજી બોલ્યા કે તમે લોકો રમો, હું પેલી બાજુ ન્હાઉં છું.

શ્રીજી અલગ ચાલ્યા ગયા, જેથી શ્યામસુંદરને પણ મળવાનો અવસર મળી જાય, જે આટલા દૂરથી આવ્યા છે. આ સખીઓ તો વાંકોડી છે. વાંકા ઠાકુરને વાંકો જવાબ આપ્યા. પરંતુ શ્રીજી તો દયાળુ છે, અત્યંત પ્રેમમયી છે. શ્રીજીએ જેવી જળક્રીડા માટે

પાણીમાં ડુબકી લીધી, ત્યારે જ શ્યામસુંદર પાણીની અંદર આવી તેમને ગળે મળ્યા, શ્રીજી ચોંકી ગયા. આ ઘણી સુંદર લીલા છે.

આ સરોવરની સમીપે 'કીર્તિ સરોવર' છે.

કીર્તિ સરોવર

ततो कीर्तिदा सरोवर स्थले प्रार्थना मंत्रः

कीर्तिश्च यत्र गोपीभिः सह स्नानं समाचरेत् ।
सौभाग्यसुतदान्यादिसुकमाप्नोति मानवः ।।
यतो कीर्तिसरःख्यातं सकलेष्टप्रदायकं ।

(ब्र.भ.वि.)

કીર્તિદેવી જ્યાં ગોપીઓ સાથે નિત્ય સ્નાન કરતા હતાં, તે 'કીર્તિદા સરોવર' છે. સૌભાગ્ય, પુત્ર, ધનાદિ સુખ અને સમસ્ત મનોરથ આપનારું છે.

ततो कीर्तिसर स्नानाचमनप्रार्थना मंत्रः-

नमः कीर्ति महाभागे सर्वेषां गोव्रजौकषां ।
सर्वसौभाग्यदे तीर्थे सुकीर्तिसरसे नमः ।।

(ब्र.भ.वि.)

હે મહાભાગ્યશાળી કીર્તિ! વૃષભાનુ ગોપ અને સમસ્ત વ્રજવાસીઓને સમસ્ત સૌભાગ્ય પ્રદાન કરનાર! હે કીર્તિ સરોવર! આપને નમસ્કાર છે.

આનાથી આગળ **'બ્રજેશ્વર મહાદેવ'**, જે વ્રજવાસીઓના મંગલાર્થ મહારૂદ્ર રૂપ છે.

બ્રજેશ્વર બાબાને પ્રણામ કરો, જેમનો કોઈ અંત નથી. કહેવાય છે કે એક વખત કેટલાક વ્રજવાસીઓએ આ શિવલિંગને અહીંથી હટાવીને કોઈ અન્ય સ્થાને ખસેડવા ઇચ્છ્યું, તો જેમ-જેમ તેઓ ખોદકામ કરતા ગયા, તેમ તેમ તેઓ વધુ ઊંડાણમાં જતા ગયા. લોકો તેમની ઊંડાઈનો તાગ ન પામી શક્યા અને અંતે લોકોએ મહાદેવની ક્ષમાયાચના કરીને તેમને અહીં જ વિરાજમાન રહેવા દીધા.

ततो ब्रजेश्वराख्यमहारूद्रप्रार्थना मंत्रः-

ब्रजेश्वराय ते तुभ्यं महारुद्राय ते नमः ।
ब्रजौकसां शीवार्थाय नमस्ते शिव रूपिणे ।।

(ब्र.भ.वि. गौरी तन्त्र)

મંત્રનો અર્થ છે કે જે મહાદેવનું નામ બ્રજેશ્વર છે અને જે વ્રજવાસીઓના કલ્યાણને માટે અહીં સદા વિરાજમાન છે અને જેમનું નામ શિવ છે, એવા શિવરૂપી વ્રજેશ્વરને અમો

પ્રણામ કરીએ છીએ. તે અતિ પ્રાચીન છે, વૃષભાનુજીના સમયથી છે. મહારાજ વૃષભાનુજી, વૃષભાનુ સરોવરમાં સ્નાન કરી, નિત્ય તેમની પૂજા કરતા હતા.

રાબડ વન

શેષ મહેશ ગણેશ દિનેશ સુરેશહું જાહિ નિરંતર ધ્યાવૈ ।
જાહિ અનાદિ અનન્ત અખંડ અછેદ અભેદ સુવેદ બતાવૈં ।।
નારદ સે શુક વ્યાસ રટેં પચિહારિ તઊ પાર ન પાવૈ ।
તાહિ અહીર કી છોહરિયાઁ છછિયા ભર છાછ પૈ નાચ નચાવૈ ।।

અહીં શ્રીકૃષ્ણએ છાશ-રબડી ખાધી હતી. તેથી આ સ્થાનનું નામ 'રાબડ વન' પડ્યું અને તેનાથી આગળ 'પાડરવન' છે.

પાડરવન

''સાંઝી લીલા મેં પુષ્પ ચયન સ્થલ''

અહીં પાડરના પુષ્પ ઘણાં થતા હતા. જ્યારે સખીઓ અને શ્રીજી અહીં ફૂલો માટે આવતા ત્યારે ઠાકુરજી સખીનો વેષ ધરીને તેમને મળતા હતા. આ પાડરવન સાંઝી લીલાસ્થળ છે. સાંઝી લીલા વ્રજમાં ઘણી મશહુર છે. આજે પણ વ્રજની કન્યાઓ પિતૃપક્ષમાં સાંઝી બનાવે છે અને સાંઝી દેવીની પૂજા કરે છે. તે સમયે શ્રીજી પણ સાંઝી બનાવતા હતા. ઠાકુરજી વેષ બદલીને, સાંઝી પૂજવા માટે પંડિતાણી બનીને આવતા હતા અને સાંઝી પુજાવતા હતા.

''ફુલવા બીને રાધા પ્યારી ભોરી રંગ રંગીલી ચાલ''

(રસિયા રાસેશ્વરી)

પાડરખંડી (પાડરવન)ની લીલા-

એક દિવસ શ્યામ સુંદર પાડરખંડીમાં આવીને ગીત ગાઈ રહ્યા હતા. તેટલામાં, શ્યામસુંદરના ગીતને સાંભળીને, ઘણાં બધા મોર આવી ગયા. જ્યારે મોર ટહુક્યા, તો વાદળાં પણ આવી ગયા કે અમે શા માટે બાકી રહીએ? આ વ્રજની વિચિત્ર લીલા છે અને તે જ વખતે ઝીણી-ઝીણી વર્ષા પણ થવા લાગી. ઠાકુરજીનું પિતાંબર પલળી ગયું અને એ પલળેલું પિતાંબર ઠાકુરજીના શરીર સાથે ચોંટી રહ્યું છે. એટલું જ નહીં સખીઓ બોલી- ''અરે! કનૈયો પલળી ગયો, પિતાંબર પણ પલળી ગયું, પણ આ વેરણ મોરલી નથી પલળતી, નિરંતર વાગી રહી છે.

જુઓ તો ખરા! પાણીમાં મસ્ત થઈને કેવી જોરથી ગાઈ રહી છે.'' આખો ગોપી સમુદાય આ લીલા નિહાળીને આનંદમગ્ન થઈ રહ્યો છે.

કબહૂઁ પાડર ખંડી જહાઁ ।
રચૈં હિંડોરૌ ઇહિ વિધિ તહાઁ ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૧૦ ચૌ. ૭૧)

શ્રી હિત હરિવંશ મહાપ્રભુ કૃત સાંઝી ઉત્સવ (પદ ૬)

કુંવરિ લૌડૈતી ખેલહીં સબ સખિયનિ લિએ સંગ હો ।
પાડર સખી લખી સખિયની મેં કરિ પાડર કી માલા ।
પાડર કે પાયનિ તર લોટતિ પંચવાન કી વાલા ।

આ જ પાડર વનની અંદર એક રાસમંડળ પણ છે.

પ્રેમ સરોવર

સૌથી અલગ પ્રેમપથ પાવન-

પ્રેમ સરોવર પ્રેમ કી ભરી રહત દિન રૈન ।
જહઁ જહઁ પ્યારી પગ ધરત શ્યામ ધરત દોઉ નૈન ।।

સ્થળનું નામ જ લીલા વિશેષની અનુભુતિ કરાવે છે. પ્રીતિ વરિષ્ઠા શ્રીજી અને પ્રેમ પિપાસુ નંદકુંવરનું આ જ એ પ્રથમ મિલન-સ્થળ છે જ્યાંથી પ્રેમ-નિર્યાસનો શુભારંભ થયો. સ્વસુખવાસનાગંધશૂન્ય દિવ્ય ત્યાગની પૃષ્ઠભૂમિ પર નિર્મિત આ યુગલનો પવિત્ર પ્રેમ-પથ છે. રસવેત્તા શ્રી ધ્રુવદાસજીએ વૈદગ્ધ્યપૂર્ણ વર્ણન કર્યું છે, અહીંની રાસ-લીલાનું. તેમના કથનાનુસાર અહીં યુગલનું પહેલું મિલન થયું છે. એક દિવસ નંદનંદને સાંભળ્યું કે વૃષભાનુ વંશ મણિ અનિન્દિત સુંદરી શ્રીરાધા અહીં સખી-સહચરીઓ સાથે નિત્ય રમવા આવે છે. આ બાજુ કાન્તિમતી કીર્તિકુમારીએ પણ સાંભળી રાખ્યું હતું કે નંદગ્રામમાં કોઈ નંદલાલ છે, જેના સૌંદર્ય વિધિ-ઇન્દ્ર-કામનો પણ મદ-મર્દન કરનારું છે. ભાનુપુરથી શ્રીજી સખીઓ સહિત સંતાકૂકડી રમતાં પ્રેમવનમાં આવી ગયા. સંયોગવશ નંદપુરથી નંદકુલચંદ્રનું આગમન પણ ત્યાં થયું. કલ્પ-પાદપની ઘટાદાર હારમાળાએ પહેલાથી જ ઝુકી-ઝુકીને કુંજ,નિકુંજ, નિભૃત નિકુંજનું નિર્માણ કરી દીધું હતું. નંદકુંવર શ્રીજીની દર્શનેચ્છાથી એક સઘન નિકુંજમાં જઈ છુપાઈને બેસી ગયા. આ બાજુ સંતાકૂકડી આરંભ થઈ ગઈ. સંતાકૂકડીની ક્રિયાનો નિયમ જ કંઈક એવો છે કે એક ચોર બને છે, બીજો તેની આંખો બંધ કરી દે છે, બાકી સૌ ભાગીને અહીં-તહીં છુપાઈ જાય છે. તાળી વગાડવા પર ચોરની આંખો ખુલે છે. ચક્ષુ મોચન થયે તે બધાને શોધે છે. જે પકડાઈ જાય, તે પછી ચોર બને છે. તમાલ-તરૂના

વૃક્ષો ત્રિભંગી ગતિથી ઊભા શ્યામેશના વિશાળ કમળની પાંદડી જેવા ખંજન લોચન ચોર બનીને વારંવાર ષોડશી કિશોરીને શોધી રહ્યા હતા. શોધતાં-શોધતા એક જગ્યાએ દૃષ્ટિ કેન્દ્રિત થઈ ગઈ. દામિની લાડલીની પાંપણો સાથે લક્ષ્યાની પાંપણો ભટકાઈ.

પંકજનયનીને જોતાં જ વેણુ-વિહારી અચેત થઈને પડી ગયા ધરા પર. નખશિખ શૃંગાર અસ્ત-વ્યસ્ત થઈ ગયો-

वेणुः करान्निपतितः स्खलितं शिखण्डं भ्रष्टं च पीतवसनं व्रजराजसूनोः ।
यस्याः कटाक्षशरपातविमूर्च्छितस्य तां राधिकां परिचरामि कदा रसेन ।।

(રા.સુ.નિ. ૩૮)

વેણુ હાથમાંથી પડી ગઈ, મોરપીંછ પણ સરકી ગયું, પીતાંબર પરિધાન પણ ખુલી ગયું. પ્રિયતમની આ અવસ્થા પ્રિયાજૂનું અપ્રતિમ સૌંદર્ય જોઈને ઘણીવાર થઈ જાય છે. ક્યારેક-ક્યારેક તો મૂર્ચ્છાવસ્થા એટલા દીર્ઘકાળ સુધી આવી જતી હોય છે કે ગ્વાલબાળો આવીને સચેત કરે છે- ''કનૈયા! કનૈયા! જો ગાય ઘણી દૂર ચાલી ગઈ છે, સૂર્ય પણ અસ્તાચળ તરફ આગળ વધી રહ્યો છે. અમે તને ઉઠાડતાં થાકી ગયા છે. જલ્દી ઉઠ... મૈયા વાટ જોતી હશે, તારી આ કેવી વિચિત્ર દશા થઈ ગઈ છે, ક્યારેય ભૂમિ પર આળોટે છે, નેત્રોમાંથી અવિરત અશ્રુધારા વહી રહી છે.. ઉઠ.. ઉઠ... એવે વખતે બધી સહચરીઓએ તાળીઓ વગાડી. ઉદાર ચૂડામણિ શ્રીજી શ્યામસુંદરને એવી જ અવસ્થામાં છોડીને ચાલી ગઈ અને સહચરીઓની સાથે વૃષભાનુપુર આવી ગઈ પરંતુ વૃષભાનુપુરમાં ઉદાસીના ઘનઘોર વાદળો શ્રીજીના મુખને ઘેરી વળ્યા.

''રાધા! કોઈ વસ્તુ ખોવાઈ ગઈ છે શું?'' સખીઓએ પૂછ્યું.

શ્રીજીએ કહ્યું- 'ના, ના.'

સખીઓ-''તો થયું છે શું?''

શ્રીજી- ''કંઈ નહીં'' (ધવલ સ્નેહને અન્તઃસ્થળમાં તિરોહિત કરી લીધો)

બે દિવસ બાદ ફરી પ્રાણોપમ લલિતાજીએ પૂછ્યું- ''રાધા! બતાવો તો ખરા હૃદયની ભાવોર્મિઓ''

શ્રીજી- ''પ્રિય લલિતે! તે દિવસે જ્યારે પ્રેમવનમાં આંખમિચૌલી રમી રહી હતી ત્યારે હું સંતાવા માટે કુસુમિત કુંજમાં ગઈ, ત્યાં મેં એક નીલી નિધી જોઈ. અનંત, અપરિસીમ, સૌંદર્ય-સુધાનિધિ કોટિ-કોટિ મન્મથ પણ તેના નવ નીલ-નીરદવર્ણ લાવણ્ય પર નિર્મન્છિત કરી દેવામાં આવે તો ઓછાં છે. તેના હાથમાં મુરલી હતી, મને જોઈને તેના હાથમાંથી તે પણ પડી ગઈ. એ શ્યામ કલેવરે પરિધાન કરેલ પીતાંબર પણ ખસકી ગયું. એ અત્યંત આકર્ષક મૂર્તિ મારા ચિત્તમાં અંકિત થઈ ગઈ છે.

એ નીલમયંકની મૂર્છા પણ ન વળી ત્યાં તો તમે બધાંએ તાળીઓ વગાડી દીધી અને આપણે સૌ બરસાના આવી ગયા. કોણ જાણે ક્યારે એ હોશમાં આવ્યો હશે.

'એની કોઈ ઓળખ છે?' લલિતાજીએ પૂછ્યું. શ્રીજી- 'હા, મસ્તક પર મયુર કિરીટ, કાનોમાં કુંડળ, હાથમાં મોરલી અને વર્ણ મેઘ સમાન શ્યામ છે.'' લલિતા- ''તૂ ચિંતા ન કર, હું ઓળખી ગઈ એ કોણ છે?''

રાધા- 'કોણ છે એ મનમોહન?'

લલિતા- 'મારી રાધા, એ નંદલાલ છે. જો, હું હમણાં જ એને બોલાવી લાવું.' લલિતાજી સીધા નંદ-પ્રાસાદમાં ગઈ. મૈયા યશોદાએ સુંદર આવભગત કરી.

મૈયા- 'અરી લલિતા, આજ કેમ આવવું થયું?''

લલિતા- 'મૈયા! તારા મનોરથને પૂર્ણ કરવા.'

મૈયા- 'મારો મનોરથ?'

લલિતા- 'હા મૈયા, મને બધી ખબર છે. હવે બસ તમે લાલાને મારી સાથે મોકલી આપો.'

મૈયા- ''લઈ જા, કનૈયા ઓ કનૈયા...''

કૃષ્ણ- 'હા મૈયા'

મૈયા- 'લલિતા આવી છે તને બોલાવવા, તેની સાથે જા.''

શ્રીકૃષ્ણ તો જવા માટે તૈયાર જ બેઠા હતા. લલિતાજી શ્રીકૃષ્ણને લઈ લલિતા કુંડ આવી અને બોલી- ''જુઓ કૃષ્ણ આજે તમારા મનોરથની સિદ્ધિ, રાધાના મનોરથની સિદ્ધિ અને અમારા કાર્યની પણ સિદ્ધિ થશે. યાદ છે, તે દિવસે જ્યારે પ્રેમવનમાં તમે અચેત થઈ ભૂમિ પર પડી ગયા હતા?'

કૃષ્ણ- 'હા લલિતાજી, મને યાદ છે અને જ્યારે મારી મૂર્છા વળી ત્યારે ત્યાં કોઈ ન હતું. હું પણ તે દિવસથી વ્યાકુળ છું શ્રીજીને મળવા માટે.'

લલિતા- 'પરંતુ તમે એમ જ બરસાના ન જઈ શકો કારણ કે બરસાનામાં સૌને પ્રવેશ નથી. તે માટે તમારે સખીવેશ ધારણ કરવો પડશે.'

બરસાને કે વાસ કી આસ કરેં શિવ શેષ ।
યહાઁ કી મહિમા કો કહે જહાઁ શ્યામ ધરે સખી વેષ ।।

ત્યારે લલિતાજીએ લલિતાકુંડ પર શ્રીકૃષ્ણનો સખીવેશ બનાવ્યો, લહેંગો પહેરાવી ચૂંદડી ઓઢાડી. તેથી પણ આ સ્થળનું નામ લલિતાકુંડ છે. ગોપીવેષમાં શ્રીકૃષ્ણને લલિતાજી પોતાની સાથે બરસાના લઈ આવી. બહાર પરસાળમાં ૯ ભાનુ અને તેમની પત્નીઓ બેઠી છે. લલિતાજીએ કહ્યું- ''કૃષ્ણ! હવે ઘૂંઘટ ઓઢી લો.'' શ્રીકૃષ્ણએ ઘૂંઘટ ઓઢી લીધો. લલતિાજી સાથે આવેલી નવી નવેલી નારને જોઈ સૌએ પૂછ્યું- ''અરે લલિતા, આ કૃશોદરી કોણ છે?''

લલિતાજી- ''આ ઉપનંદની કન્યા છે. સાંકરી ખોરમાં મને મળી ગઈ તો મેં કહ્યું કે સાંજ ઢળી ગઈ છે, રાત થવામાં છે, આજે તુ અહીં બરસાનામાં જ રોકાઈ જા.'' સાંભળીને સૌ ગોપવધુઓ પ્રસન્ન થઈ ગઈ.

ભાનુ પત્ની- ''હા, એ સારું કર્યું, લઈ આવી. જા અંદર લઈ જા. સારી ખાતિરદારી કરો.''

અંદર વૃષભાનુ ભવનમાં જ્યારે શ્રીજી સમક્ષ કૃષ્ણને લઈ આવ્યા ત્યારે ત્યાં વિભૂમાંગભંગિમનિધિમધુરા (શ્રૃંગાર રસનો વિશેષ ભાવ) શશિવદની શ્રીજી તેમને દેખાયા તો યુગલ રસરાજ પારસ્પરિક પ્રેમ-સુખદાનની અદમ્ય લાલસાથી સુદૃઢ બંધનમાં કેદ થઈ ગયા-

ન આદિ ન અંત વિહાર કરેં દોઉ લાલ પ્રિયા મેં ભઈ ન ચિન્હારી ।
નયી નયી ભાઁતિ નયી નયી કાંતિ નયી અબલા નવ નેહ બિહારી ।
રહે મુખ ચાહ દિએ ચિત આહ પરે રસ પ્રીત જો ગ્રંથિ મહારી ।
રહે ઈક પાસ કરેં મૃદુ હાસ સુનો ધ્રુવ પ્રેમ અકથ કથારી ।

તતો પ્રેમસરોવર પ્રાર્થના મંત્રઃ-

પ્રેમલુપ્તાય રમ્યાય પરમોક્ષસ્વરૂપિણે ।
કદમ્બકુસુમાકીર્ણ પ્રેમાહ્વયનમોડસ્તુ તે ।।

પ્રેમપૂર્ણ પરમમોક્ષ રૂપી કદંબ ફૂલોથી વ્યાપ્ત રમણીક પ્રેમ વનને નમસ્કાર છે.

તતો પ્રેમસરોવર સ્નાનાચમન પ્રાર્થના મંત્રઃ-

લલિતાપ્રેમસંભૂતે પ્રેમાખ્યસરસે નમઃ ।
પ્રેમપ્રદાય તીર્થાય કૌટિલ્યપદનાશક ।।

લલિતા પ્રેમથી ઉત્પન્ન, પ્રેમદાતા, કુટિલ ગતિઓના નાશક, પ્રેમસરોવરને નમસ્કાર છે.

અહીં ગોસ્વામી વિઠ્ઠલનાથજીની બેઠક છે.

અંકસ્થિતેડપિ દયિતે કિમપિ પ્રલાપં, હા મોહનેતિ મધુરં વિદધત્યકસ્માત્ ।।
શ્યામાનુરાગમદવિહ્વલમોહનાંગી શ્યામામણિર્જયતિ કાપિ નિકુઞ્જસીમ્નિ ।।

(રા.સુ.નિ. ૦૪૬)

'માધુરીદાસજી' અનુસાર શ્રીકૃષ્ણના અંકમાં સ્થિત શ્રીજીને પ્રેમવૈચિત્રીમાં વિરહનો ભ્રમ થયો. તે અશ્રુજળથી સરોવર બન્યું. તેમને અચેત જોઈ શ્રીકૃષ્ણ પણ અચેત થયા. બંનેને અચેત જોઈ સહચરીઓ પણ અચેત થઈ ગઈ ત્યારે વૃંદાજીની પ્રેરણાથી સઘળી સારિકાઓ, શુક રાધા-રાધા રટવા લાગ્યા. ત્યારે સૌ પુનઃ સચેત થયા અને નૌકાવિહાર પણ કર્યું. બરસાનાથી નંદગ્રામના રસ્તામાં એક મીલના અંતરે પ્રેમ સરોવર વિરાજમાન છે. કુંડનો આકાર નૌકા જેવો છે, જે ચારે બાજુથી હરિયાળા કદંબ વૃક્ષોથી સુસજ્જિત છે.

શ્રી સંકેત

સાંઝી માટે ફુલડાં વીણવા ગોપીઓ સાથે શ્રીજી એકવાર પ્રેમ સરોવર આવ્યાં-

''પહુઁચી પ્રેમ સરોવર તીર કુસુમ બહત પૈ ભવઁરનિ ભીર''

(બ્ર.પ્રે.સા.લહરી ચો.૯)

આ બાજુ નંદભવનથી મૈયા યશોદા પણ સંકેત દેવીના પૂજન માટે સંકેત આવ્યા, ત્યાં જ પ્રેમ સરોવર પર કેલિ ચતુરા શ્રીરાધારાણીએ સખીઓ સહિત યશોદા મૈયાને જોયા. મૈયાની પણ સહજ દૃષ્ટિ જ્યારે પરમ કૃશોદરી કિશોરીઓ પર પડી તો અનાયાસ જ પરિચય પૂછવા મન ઉતાવળું થયું. પરસ્પર પરિચય દાન થયું, ત્યારબાદ મૈયાએ કહ્યું- ''રાધા! આજે તો સંકેત દેવીએ પૂજા પહેલાં જ પૂજાનો પૂર્ણ લાભ પ્રદાન કરી દીધો.'' રાધા- ''એ કેવી રીતે મૈયા?''

યશોદા- ''મને તારા દર્શન થયા.'' મૈયાએ સંકેત દેવીના પૂજનનું સંપૂર્ણ ફળ રાધારાણીના દર્શનને માન્યું અને મનોમન સંકેત દેવીને પ્રણામ કર્યા, એટલું કહેતાં કે સંકેત દેવી જ સાચા દેવી છે, જેણે પૂજન વિના જ મારી અભિલાષા પૂર્ણ કરી દીધી. યશોદા મૈયાએ રાધાને પોતાના અંકમાં લઈ ચુમીઓ ભરી. મૈયાનું વાત્સલ્ય અવિરામ ઉભરાવા લાગ્યું, શિવ વિચારના વિશાળ સાગરમાં ડૂબી ગયા અને બોલ્યા- ''રાધા! હું તારા જન્મ અવસરે આવી હતી, ત્યારબાદ આજે તને જોવાનું ભાગ્ય પ્રાપ્ત થયું. લલિતા! કીર્તિ જીજીને કહેજે કે નંદગ્રામ વાળા તમારી સમક્ષ તો નથી પણ યશોદાને જે વચન આપ્યું તે અવશ્ય યાદ રાખે, તે વચનના પાલનનો અવસર પણ અતિ શીઘ્ર આવી રહ્યો છે અને ભૂલી ન જશો, કીર્તીજીને ચરણસ્પર્શ અવશ્ય કહેજો.''

નામ હિતા તો માઇ કૌ સુનિ અતિ લડિ વૃષભાન ।
કહિયો પા લાગન જુ મમ દૈ કે બહુ સનમાન ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૧૨ ચૌ. ૪૨)

આજે અષ્ટસખી સેવિતા કિશોરીનો ભાનુમંદિર પહોંચતા-પહોંચતા ઘણી વાર લાગી ગઈ. મૈયા કીર્તિજીએ શ્રીજીને પૂછ્યું- ''લાલી! આજે શું ઘણી દૂર ચાલી ગઈ હતી કે પાછા આવતાં આટલી વાર લાગી?'' રાધા- ''મૈયા! આજે સખીઓ સાથે હું પ્રેમ સરોવર ગઈ હતી, ત્યાં યશોદા મૈયા સંકેત દેવીના પૂજન માટે આવ્યા હતા, તે મળી ગયા.'' (અત્યંત પ્રસન્ન થઈને) કીર્તિ- ''યશોદાજીએ શું કહ્યું?' રાધા- ''એ લલિતા જણાવશે.''

સખી-

હમ બન ગઈ ફૂલનિ તોરન હેત ।
મહરિ જુ આઈ પૂજિબૈ દેવી વટ સંકેત ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૧૨ ચૌ. ૬૯)

''મૈયા યશોદાજી અમને સૌને મળીને ઘણા પ્રસન્ન થયા. રાધાને નંદગ્રામ આવવા કહ્યું અને હા, તમને ચરણસ્પર્શ કહ્યા છે, સાથે જ એમ પણ કહ્યું છે કે કીર્તિ જીજીને કહેજો કે તેઓ આપેલું વચન યાદ રાખે.''

આઈ ચતુરા નારિ ઇક હમ સોં ગઈ બતરાય ।
ભેદ ભાવ ઉન મહરિકો સબહી દિયો જતાઇ ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૧૨ ચૌ. ૭૧)

વચન કિયે જે પરસ્પર હમ તુમ ખિલે સુ ચિત ।
રાની તે સુધિ કીજિયો હૌં સુધિ કરત જુ નિત્ત ।।

(બ્ર.પ્રે.સા.લહરી ૧૨ ચૌ. ૭૮)

વચન આ પ્રમાણે છે- એક વાર કીર્તિજી અને યશોદાજી બંને ગર્ભવતી હતા. શ્રી યમુનાજી તટ પર બંનેનું મિલન થયું. પરસ્પર ગાઢ પ્રેમ તો હતો જ, બંનેએ એકબીજાને વચન આપ્યું કે જો આપણને પુત્ર-પુત્રી થાય તો બંનેની સગાઈ કરીશું. યશોદા- ''કીર્તિજી! જો આપને ત્યાં પુત્રી થઈ અને અમારે ત્યાં પુત્ર થશે તો હું મારા પુત્રના વિવાહ આપની કન્યા સાથે જ કરાવીશ.'' કીર્તિ-'' યશોદાજી! જો મારે પુત્રી થઈ અને આપને પુત્ર તો આપણે ચોક્કસ એમ જ કરીશું.'' આ વચનને યાદ કરીને શ્રી કીર્તિજી તો આનંદવિહ્વળ થઈ ગયા. લાલી રાધાને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું, અત્યંત સ્વાદિષ્ટ પદાર્થો ખવડાવ્યા. વ્રજ પ્રેમાનંદ સાગર અનુસાર પણ સંકેત વટમાં જ શ્રીકૃષ્ણને રાધારાણીના પ્રથમ દર્શન થયા. એક દિવસ વત્સપાલ સમક્ષ ગોપાલ બનવાની હઠ કરી બેઠા નંદસુત. તેની પાછળનું મૂળ કારણ રાધાદર્શન હતું. (બ્ર.પ્રે.સા. ૧૦ લહરી. ચૌપાઈ ૧૪૨) પહેલા તો નંદમંદિરમાંથી મિઠાઈ ચોરીને સખાઓને લાંચરૂપે ખવડાવી અને પછી બોલ્યા- ''આ મિષ્ટાન્ન મેં એમ ને એમ નથી ખવડાવ્યું, હવે તમે બધાએ ભેગા મળીને બાબાને ગોચારણ વિશે કહેવું પડશે.'' સખાઓ બોલ્યા- ''કનૈયા! તુ ચિંતા ન કર, આજે તો આપણે સૌ વચ્છપાલથી ગોપાલ બનીને જ રહીશું.'' સંયોગવશ તે કારતક સુદ અષ્ટમી હતી, એટલી શુભ કે ગર્ગજીએ પોથી ખોલતાં જ કહી દીધું, 'આજનું મુહૂર્ત પરમ મંગલકારી છે ગોચારણ માટે.'' હવે તો આજ્ઞા મળતાં જ નંદનંદન હજારો સખાઓ સાથે પ્રથમ ગોપાષ્ટમીએ જ ગાયોને લઈ બરસાના તરફ કૂચ કરી ગયા. સંકેત પહોંચીને ગોપાલલાલ ફૂલો વીણતી ઉજ્જ્વલ વિલાસીની રાધાના નીલાંચલ પર તન-મન-નયન વારી બેઠા-

વિરમેં ગ્વાલ જુ વટ સંકેત તરવર સરવર જહાઁ છબિ દેત ।
બીનતિ કુંવરિ સખિનુ સંગ ફૂલ ચમકૈં તિન તન સુરંગ દુકૂલ ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ ચૌ. ૩૫)

ગૌર તેજ મધુરૌ મહા અંગ અંગ પરમ અનૂપ ।
તાહિ દેખિ વિકથિત ભયૌ ઢોટા ગોકુલ ભૂપ ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ દોહા-૪૦)

સખાઓની દૃષ્ટિથી સ્વયંને બચાવતા પ્રેમ વનના સરોવર પરે આવી ગયા. આ કથાનકનો કેટલોક અંશ ધ્રુવદાસજીની 'બયાલીસ લીલા' સાથે મળતો આવે છે. પ્રેમ વન, પ્રેમ સરોવર અને સંકેત વટ આ પરસ્પર અત્યંત નિકટવર્તી સ્થાન છે.

(બ્ર.પ્રે.સા.૨૧/૩૫, ૩૬/૨, ૩૯/૪)

મૃદુહાસિનીનું ગૌર તેજ ગોકુલેશના નેત્રોમાં જાણે વિદ્યુતલહરી પ્રસરાવી ગયું, નટવત્ ચક્કર કાપવા લાગ્યા-

ભૂખ લગી કૈ પ્યાસ તુહિ ભૈયા મુખ તે બોલિ।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ ચૌ. ૪૨)

સુબાહુ- ''કનૈયા! આજે તાલ-પખાવજ વિના જ તું કેમ નાચી રહ્યો છે. ક્યાં તને ભૂખ તો નથી લાગી?''

બિનુ હી તાલ પખાવજ નચૈ તોતે કોઊ સ્વાંગ ન બચૈં ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૧૨ ચૌ. ૪૭)

સખા ૨- ''ગોચારણના પહેલા જ દિવસે આ શું કૌતુક કરી રહ્યો છે?''

સખા ૩- ''નંદગ્રામમાં તારી ચોરીનો કોલાહલ અને અહીં વનમાં ચોરી-બરજોરી આ કેવો સ્વાંગ છે?''

સખા ૪- ''કનૈયા, બોલ તો ખરો કે તને થયું છે શું?''

કૃષ્ણ- ''ના, ના, હું નહીં બતાવું. એ કહેવા જેવી વાત નથી. તમે મૈયા-બાબાને કહી દેશો.''

સખા- ''ના બતાવીશ, અમને બધી ખબર છે'

રૂપરસિયા! તું જેને ચાહે છે તે તો બરસાના ચાલી ગઈ, હવે તારે હાથ કંઈ નહીં આવે.''

રૂપ સવાદી લોચન મહા ઐસે હાથ લગૈગો કહા ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ ચૌ. ૫૨)

કૃષ્ણ- ''ભાઈ સુબાહુ! એ જ્યાં ગઈ છે ત્યાં મને લઈને ચાલ, મારૂં હૃદય હવે ધીરજ ધરવામાં અસમર્થ છે.''

સુબાહુ- ''કનૈયા, તું એવો કેવો રૂપ લટ્ટુ થઈ ગયો છે, મોં-માથા વિનાની વાત ન કર.''

પ્રથમ હી રૂપ બૌંહની ભઈ। નિરખિ વન વૈભવ વહ નઈ।

(બ્ર.પ્રે.સા.લહરી ૨૨ ચૌ. ૫૬)

કૃષ્ણ- ''આજે ગોચારણના પ્રથમ દિવસે જ શુભ શુકન થયું, જાણે સંપૂર્ણ વનની સુંદરતાનો અપૂર્વ વૈભવ આ રૂપે (શ્રીજીના રૂપમાં) જોવા મળ્યો. આથી ખબર પડે છે કે આપણા ગોચારણ પાછળ અનેક મંગળ હેતુઓ હશે.''

ભાઈ! એ રૂપ સંપત્તિની ધની, મંદ-હાસ્ય-યુત સ્વર્ણ કમલ-મુખવાળીના નામ-ઠામ, ઠેકાણું શોધો, તેનું રૂપ જોઈ મારું હૈયું આહત થઈ ગયું છે.''

રે ભંગરૈલા! નંદ કે મો સિખ સુનતુ ન કૌન ।
બોલત નિપટ કરાહિ કૈં કહા હ્વાઁ વરષે બાઁન ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ દોહા ૪૨)

સખા- ''અરે ભંગડ નંદના! તને ક્યાં તીર વાગ્યું કે તું આમ કણસી રહ્યો છે?''

કૃષ્ણ- ''ભાઈ! તું આટલું કઠોર ન બોલ, કોઈ એવા દેવતાનું નામ બતાવ જેને પૂજવાથી ભાનુગૃહમાં મારાં લગ્ન થઈ જાય.''

(સખાઓ સાંભળીને હસી પડ્યા અને બોલ્યા)

પાઁવન સર મેં ન્હાઈ કૈ બન્દનિ કરિ ગિરિરાજ ।
મોહન હ્વૈ હૈં બેગિ હીં તો મન વાંછિત કાજ ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ ચૌ. ૬૯)

સખા- ''કનૈયા એક જ ઉપાય છે, પાવન સરોવરમાં સ્નાન કરીને ગિરિરાજ બાબાની પૂજા કર, બસ સૌ મનોરથો પૂર્ણ થઈ જશે અને જેના નયનબાણોથી તું વિંધાઈ ગયો છે તે વૃષભાનુનંદિની રાધા છે. બરસાના જેની રાજધાની છે. સારું થયું કે તું તેની સામે ન પડ્યો, નહીં તો તારી પ્રતિષ્ઠા નષ્ટ થઈ જાત કે જુઓ વૃષભાનુદુલારીના નયનબાણથી નંદદુલારો છલની થઈ ગયો.''

મનસુખ-''તું ચિંતા ન કર કનૈયા, તારી મૈયા તારો વિવાહ કરાવવા માટે ગિરિરાજપૂજા, સંકેત દેવી અને નારાયણની આરાધના કરે છે.''

મન કે મરમી સખા ને કહૈ કૃષ્ણ સોં બૈંન ।
તદ્યપિ ફેરિ સકે ન મન રૂપ ઉરઝિ ગએ નૈન ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ દોહા ૭૯)

ભાઁન કુંવરિ હૂ પ્રથમ હી દેખે નન્દ કુમાર ।
ઉદૈ ભયો અનુરાગ ઉર પૂરવલી જુ ચિન્હાર ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ દોહા ૮૦)

બાઁની કહા લગ વરનિયે ગાઢ પ્રેમ હિયે લાગ ।
વૃન્દાવન હિત રૂપ કહ્યૌ પ્રથમ ઉભૈ અનુરાગ ।।

(બ્ર.પ્રે.સા. લહરી ૨૨ દોહા ૮૧)

આમ ચાચા વૃંદાવનદાસજીએ સંકેતમાં યુગલના પ્રેમના પ્રથમ ઉદયની લીલા ગાઈ છે. મૈયા યશોદાજીએ પણ જન્મોપરાંત શ્રીજીના પ્રથમ દર્શન સંકેતમાં કર્યા છે અને યશોદાનંદને પણ કિશોરીજીના પ્રથમ દર્શન અહીં જ કર્યા.

સંકેત દેવી

ततो संकेतसंस्थानं गोपिकाकृष्णसंगमम् ।।
यत्र संस्थापयेद्देवीं संकेतप्रियकारिणीम् ।
मथुरमंडले संस्था देवकीनिर्मितेश्वरीम् ।।

(માર્કણ્ડેય પુરાણ)

સંકેત નામનું સ્થાન ગોપિકા અને શ્રીકૃષ્ણના મિલનનું સ્થળ છે. અહીં સંકેતના માધ્યમથી પ્રિયકાર્ય કરનારી દેવી સ્થાપિત છે. મથુરામંડળમાં સ્થિત આ સ્થાનમાં યશોદાજી દ્વારા આ દેવી વિગ્રહ નિર્મિત છે. આ શ્લોકમાં દેવકી નામ યશોદાજી માટે પ્રયુક્ત થયું છે.

શ્રીમતસનાતનગોસ્વામિકૃતબૃહત્તોષણી માં શ્રીમદ્ભાગવત ૧૦/૨૧/૧૦ ટીકાનુસાર- દ્વે નામ્મની નન્દભાર્য્યાયા યશોદા દેવકીત્યપિ। અતઃ સખ્યમભૂત્તસ્યા દેવક્યા શોરિજાયયા।। યશોદાજીના બે નામ છે- દેવકી અને યશોદા.

ततो संकेतेश्वरी प्रार्थनामंत्रः-

दम्पत्योः प्रीतिदे नित्यं चिरजात वियोगिनि ।
नमस्ते वरदे देवि संकेत फलदायिनी ।।

(માર્કણ્ડેય પુરાણ)

इति मन्त्रं चतुर्भिः पठन् चतुर्नमस्कारं कुर्यात् ।
चिरं स्त्रीपुंसयोर्वैरो यत्र मुक्तो भविष्यति ।।
इत्येकादशमाख्यातः देवता तीर्थ संज्ञकाः ।
स्वकुण्डे देवकी स्थाप्याः कृष्णक्रीडार्थहेतवे ।।

(માર્કણ્ડેય પુરાણ)

હે દંપતિ (રાધા-માધવ) પ્રત્યેક પ્રેમ પ્રદાન કરનારી, હે ચિરજાત વિયોગિની (વિશેષ યોગ આપવાવાળી), સંકેતરૂપી ફળપ્રદાયિની હે દેવી! આપને નમસ્કાર છે. આ મંત્રનો ચાર વાર પાઠ કરી ૪ વાર નમન કરવું. દીર્ઘકાળનો સ્ત્રી-પુરૂષનો દ્વેષ અહીં નષ્ટ થઈ જાય છે. તે દેવી એકાદર્શ તીર્થ દેવતા રૂપે વર્ણિત કરવામાં આવી છે, જે પોતાના કુંડમાં શ્રીકૃષ્ણને ક્રીડાસુખ દેનારી અને યશોદાજી દ્વારા સ્થાપિત છે.

સૂર્યકુંડ

વ્રજમાં સૂર્યકુંડ ઘણી જગ્યાએ છે, પરંતુ સૌ સૂર્યકુંડોમાં અંતર છે. સૂર્યકુંડ અહીં એટલા માટે છે કે સૂર્ય રાધારાણીના વંશના આદિપુરૂષ છે. એક કથા એવી પણ આવે છે

કે સૂર્ય રાધારાણીના દર્શન માટે આવ્યા હતા અને એક કારણ એ પણ દર્શાવેલ છે કે સૂર્ય ગૌભક્ત પર ખૂબ પ્રસન્ન રહેતા હતા.

શ્રી ગહરવનના કેટલાક સુમનો

શ્રી કિશોરીજીના કરસરોજથી નિર્મિત, પોષિત, પલ્લવિત, સુસક્ષિત વાટિકા શ્રી ગહવર વનના કેટલાક સુમન જે શ્રીકૃષ્ણરૂપી ભ્રમથી સ્પૃષ્ટ, ચુંબિત અને આસ્વાદિત છે.

સુમન શ્રી કિશોરી અલી જી

લાડલીજી દ્વારા અધિકાધિક સ્નેહ પ્રાપ્ત કરી, આ પુષ્પએ આજીવન આ ધરા ન છોડી. સંયોગથી આપની અર્ધાંગિનીનું નામ પણ કિશોરી હતું, કિશોરીજીના ધામગમનોપરાંત વિરહાવસ્થાથી વ્યાકુળ થઈ, હા કિશોરી! પ્રાણપ્રિય કિશોરી! પોકારવામાં આવતા સાક્ષાત શ્રી કિશોરીજીની કૃપા અને દર્શન પ્રાપ્ત કર્યા.

સુમન શ્રી ગુલાબ સખી

આપને તો શ્રી પ્રિયાજીએ પહેલા જ નામ પ્રદાન કરી દીધું. આપ શ્રીજીની વાટિકાના ગુલાબ સુમન છો. યવન જાતિમાં જન્મ લઈ, આપે આપની આરાધ્યા શ્રીજીની એકાભક્તિ સુવાસ સર્વત્ર પ્રસરાવી. આપની પુત્રીનું નામ પણ રાધા હતું, જે નંદગ્રામની વધૂ બની. એકવાર ગ્રીષ્મના દિવસોમાં આપ પુત્રીને મળવા નીકળ્યા, તો માર્ગમાં તરસથી વ્યાકુળ થઈ ઉઠ્યા, જંગલની વચ્ચે પાણી ક્યાંથી મળે? ત્યારે સ્વયં શ્રીજી (ગુલાબ સખીની પુત્રી રાધાનો રૂપ-વેશ ધારણ કરી) પોતાના આ પુષ્પને જળથી સિંચિત કરવા આવી.

''બાબા! લો જળ પી લો.''

''પુત્રી રાધા, રાધા તું અહીં ક્યાંથી આવી? તને કેવી રીતે ખબર પડી કે હું જળ વિના વ્યાકુળ છું?''

જે વાટિકા શ્રીજીના કરસંપુટોથી જ બની, પોષિત થઈ, વૃદ્ધિ પામી હોય તો શું શ્રીજી પોતાની એ વાટિકાના એક પણ પુષ્પને જળ વિનાના વૃક્ષની જેમ પડવા માટે વિવશ થવા દે? ક્યારેય નહીં. તે તો દયાર્દ્રા છે, તેથી એવું સંભવ નહોતું. પુત્રી રાધાના ઘરે પહોંચીને જાણવા મળ્યું કે તે પુત્રી રાધા નહીં, બલ્કે આરાધ્યા રાધાજી હતા. શ્રીજીની સીડીઓનું પોતાની દાઢીથી માર્જન કરવું, પ્રતિદિન સારંગીની મધુર ધ્વનિ શ્રીજીને સંભળાવવી, બસ આ જ એમનું દૈનિક કાર્ય હતું. શરીરાન્ત બાદ પણ વ્રજવાસીઓએ આપને તેમની દૈનિક સેવાઓમાં સંલગ્ન જોયા અર્થાત્ નિત્ય લીલામાં આપને પોતાની સેવા માટે શ્રીજીએ સ્વીકારી લીધા.

પં. શ્રી હરિશ્ચંદ્રજી મહારાજ

આપ સૌ આ ગહવર વાટિકાના વિકસિત પુષ્પ હતા. આપની ભક્તિની સુગંધ આજે પણ અમર છે, જે જન-સમુદાય માટે પરમ કલ્યાણકારી છે.

પં. હરિશ્ચંદ્રજી મહારાજ ગહવર વન નિવાસી પુષ્ટિમાર્ગીય મહાપુરૂષ હતા. આપનું ઉત્કટ વૈરાગ્યમય એકાંતિક જીવન શ્રીજીની અનન્ય નિષ્ઠાથી યુક્ત હતું. આ આખી રાત વિપ્રલંભ (વિયોગ)ની ભાવનામાં જાગતા રહેતા. ક્યારેય રાત્રે ઉંઘ્યા નહીં. **''ડાસત હી ગઈ બીત નિસા કબહૂઁ ન નાથ નીંદ ભર સોયો''**। તુલસીદાસજીની વિનયપત્રિકાની આ પંક્તિ જ આપનું જીવન હતી. જે એક વખત પણ ન ચેનથી ઊંઘી શકે તે જ યથાર્થ પ્રેમી છે આ સ્થિતિ પં. હરિશ્ચંદ્ર મહારાજજીના જીવનમાં દૃષ્ટિગોચર થઈ. એકવાર આપની પાસે કાશીથી એક બહુ મોટા વિદ્વાન આવ્યા. પં. હરિશ્ચંદ્રજીએ કહ્યું કે કંઈક કૃષ્ણકથા સંભળાવો. તે બોલવા લાગ્યા કે ઉદ્ધવજીથી આમ થયું, ગોપીઓએ આમ કહ્યું, તેમ કહ્યું, ઘણી વાર બોલતા રહ્યા પરંતુ પંડિતજી કંઈ ન બોલ્યા. કાશીથી આવેલ મહારાજ બોલ્યા- ''પંડિતજી! આપ તો કંઈ બોલ્યા જ નહીં, કે મેં આ વૃતાંત કેવું સંભળાવ્યું.''

પંડિતજી બોલ્યા કે મારી સમજમાં તો એક જ વાત આવે છે કે ગોપીઓ પણ કંઈ બોલી નહોતી, વસ્તુતઃ તેઓ જે કાંઈ બોલી તે બોલવું નહીં પરંતુ પ્રેમાલાપ હતો.

ભ્રમર ગીતમાં આવે છે કે ગોપીઓ શું કહી રહી છે સ્વયં તેમને જ ખબર નથી. ગૌડેશ્વર સંપ્રદાયાચાર્યોનું પણ આ જ કથન છે- ભાવ, પ્રેમ, માન, પ્રણય, રાગ-અનુરાગ, મહાભાવ, મોહનાખ્ય, માદનાખ્ય ભાવ અને ચિત્રજલ્પ, સંજલ્પ, દિવ્યોન્માદ વગેરે પ્રેમની અવસ્થાઓમાં સ્વયં નિકળ્યા છે. ત્યાં શ્રીકૃષ્ણ પ્રત્યે અસૂયા (દોષ દ્રષ્ટિ) છે, શ્રીકૃષ્ણ પ્રત્યે ઈર્ષ્યા છે, ઉપહાસ છે, વ્યંગ્ય પણ છે. કહે છે-

ગોપ્યુવાચ-

મધુપ કિતવબન્ધો મા સ્પૃશાઙ્ઘ્રિં સપત્ન્યાઃકુચવિલુલિતમાલાકુઙ્કુમશ્મશ્રુભિર્નઃ।
વહતુ મધુપસ્તિસ્તન્માનિનીનાં પ્રસાદં યદુસદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદૃક્ ।।

(ભા. ૧૦/૪૭/૧૨)

ભ્રમર! તૂં એ ધૂર્તનો ભાઈ છે.

કૃષ્ણને કિતવ કહે છે. આ તેમનું સહજ બોલવું છે, જાણીજોઈને કંઈ કહેવામાં નથી આવ્યું.

અમારા પગને ના અડકીશ, નિર્લક્ષ્ય! અમારી શોક્ય કુબ્જા આદિના વક્ષસ્થળ પર જે માળા છે અને એ માળા જ્યારે વક્ષસ્થળને ટકરાય છે ત્યારે સ્તનો પર લાગેલ કુમકુમ તેના પર ચોંટી જાય છે. તૂં એ માળા પર બેસે છે તો તારી મૂછ પર એ કુમકુમ લાગી જાય છે અને એ જ કુમકુમ લગાવીને તું ચરણ અડકવા આવ્યો છે.

ચલ જા, ભાગી જા.

તારો સ્વામી પણ નિર્લજ્જ છે જે યદુવંશીઓની સભામાં જાય છે અને એ માનિનીઓના વક્ષસ્થળ પર જે કુમકુમ છે તેનાથી લપેટાયેલી માળાને ધારણ કરે છે. આ પરિહાસની વાત છે કે જેવો તારો સ્વામી નિર્લજ્જ છે એવો જ તું પણ છે. ચાલ્યો જા. કૃષ્ણ પ્રત્યે અસૂયા, દોષદૃષ્ટિ, વ્યંગ્ય વગેરે શું નથી તેમનું?

ગોપીઓ દિવ્યોન્માદ અવસ્થામાં બોલી રહી હતી. ઉદ્ધવજીએ જે જોયું તેનો પ્રભાવ હતો, જે સાંભળ્યું તેનો પ્રભાવ ન હતો. પ્રેમરંગે રંગાયેલી મત્ત હતી તેઓ. જેમ કોઈ વારુણી પી લે તો તેને હોશ નથી રહેતો...

પ્રેમીઓની સ્થિતિ-

ન જાને કૌન સી ધૂન મેં તેરા દીવાના આતા હૈ ।
ઉડાતા ખાક સર પે ઝૂમતા મસ્તાના આતા હૈ ।।
સુરાહી કહકહા ઉઠી પ્યાલા મુસ્કુરાતા હૈ ।
હજારોં ઉંગલિયાઁ ઉઠતી તેરા દીવાના જાતા હૈ।।

પ્રેમીઓની મસ્તી અલગ જ હોય છે-

મેરી જંજીરે પા સે આવાજ આતી હૈ ।
હટો દીવાના આતા હૈ હટો દીવાના આતા હૈ ।।

તો પં. હરિશ્ચંદ્રજીએ કહ્યું કે ગોપીઓએ જે કહ્યું તે, ઉદ્ધવજીએ જોયું તે પ્રેમની મસ્તી... તેમને હોશ નથી કે કેવી પડી છે કંઈ ખબર નથી, ન દેહનું ભાન ન વસ્ત્રોનું. પ્રેમની મસ્તીમાં આવું જ થાય છે.

આ ગહવર વનમાં આજે પણ સૌ મહાપુરુષોની ભક્તિની મહેક સાક્ષાત્ દર્શનીય છે.

શ્રી મૌનીજી મહારાજ

શ્રી મૌનીજી મહારાજના શરીરથી પ્રત્યક્ષ અગ્નિ પ્રકટ થઈ. લતાઓના નીચે પડેલા પર્ણોનું ઘોળ બનાવી પી જતા અને જીવનપર્યંત અહીં ગહવરવનમાં અનન્ય ભજન કર્યું. અતિ વિલક્ષણ ઉચ્ચ કોટિના અસંગ્રહી મહાત્મા શ્રી મૌનીજી મહારાજ આ ગહવર વનના એક દુર્લભ પુષ્પ હતા.

શ્રી પ્રિયાશરણજી મહારાજ

પ્રેમ સરોવરની પાવન ધરાને પાવન કરી પૂજ્ય ગુરૂદેવ શ્રી રમેશબાબાજી મહારાજના પરમ ગુરૂ, શ્રીજીના અનન્ય ભક્ત શ્રી શ્રી પ્રિયાશરણ મહારાજ, જેઓએ પોતાના સો વર્ષથી વધુ આયુષ્યનો મહત્તમ ભાગ, અહીં શ્રીજીના ભજન-ધ્યાનમાં સંપૂર્ણ કર્યો.

બરસાનો હમારી રજધાની રે ।
મહારાજ વૃષભાનુ નૃપતિ જહાં કીરતિદા શુભ રાની રે ।
ગોપી ગોપઓપ સૌં રાજત બોલત મધુરી વાની રે ।
રસિક મુકુટ મણિ કુંવરિ રાધિકા વેદ પુરાન બખાની રે ।
ખોર સાંકરી મોહન ઢૂંક્યૌ દાન કેલિરત ઠાની રે ।
ગહવર ગિરિ વન વીથિન વિહરત ગઢ વિલાસ સુખ દાની રે ।
દૂધ દહી માખન રસ ઘર-ઘર રસના રહતિ લુભાની રે ।
પાન કરન કૌ અમૃત સર પર ભાનોખરિ કો પાની રે ।
સદા સર્વદા પર્વત ઊપર સોભિત શ્રી ઠકુરાની રે ।
અષ્ટસિદ્ધિ નવનિધિ કર જોરૈં કમલા નિરખિ લજાની રે ।
દિયે લેત નહીં ચારિ પદારથ જાચત જન અભિમાની રે ।
'નાગરિદાસ' વાસ દૃઢ કીનૌં ભાગમતી જગજાની રે ।।







ભાનુગઢ - શ્રીજીમંદિર



બરસાના - લઠ્ઠમાર હોળી અને રંગીલી હોળી



ભાનુગઢ - શ્રી બ્રહ્માજી, શ્રીજી ચરણ ચિહ્નો અને શ્રી કામધેનુ સ્તવન



ભાનુગઢ - શ્રી નાગરીદાસ સમાધિ સ્થળ અને શ્રીજી પ્રાકટ્ય સ્થળ



જયપુર મંદિર અને દાનગઢ



મોર કુટી અને સાંકરી ખોર



બરસાના - રંગીલી હોળી સમાજ



શ્રીકૃષ્ણજીની છતરી અને શ્રી રાધારાણીજીની છતરી



શ્રી ઠાકુરજીની હથેળી અને લાઠીના દંડુકાનું ચિહ્ન અને વિલાસગઢ



શ્રી માનગઢ



શ્રી માનગઢ - માનેંગિત વન



શ્રી ગહ્વર વન અને શ્રી રાધા સરોવર



ગહવર વન - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક અને શંખ શિલા

એક અજગર, જેને લાખો કીડીઓ ખાઈ રહી છે, શિષ્યો દ્વારા પૂછવામાં આવતા કે આ કોણ છે? કયા કારણે તેની આ દુર્ગતિ થઈ છે? શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીએ બતાવ્યું કે જે ધર્માનુયાયી સંત મહંત દૈવી દ્રવ્યનો દુરૂપયોગ કરે છે, પોતાની વાસનાઓની પૂર્તિમાં તે લગાવે છે, તેમની આવી દુર્ગતિ થાય છે. આ અજગર પણ એક મહંત હતા, જેમણે ભગવદ સેવાના ધનને પોતાની વાસનાઓમાં વ્યય કર્યું, તેને કારણે તેમની આ સ્થિતિ થઈ છે અને કીડીઓ જે તેમને ખાઈ રહી છે તે તેમના શિષ્યો હતા.



બરસાના - શ્રી વૃષભાનુ કુંડ અને શ્રી કીર્તિ કુંડ




બરસાના - શ્રી બ્રજેશ્વર મહાદેવ અને પીરી પોખર (પ્રિયા કુંડ)



બરસાના - પ્રેમ સરોવર અને શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક



સકેત - શ્રી ગોપાલ ભટ્ટ ગોસ્વામી ભજન કુટી, શ્રી સકેત બિહારી અને શ્રી સકેતેશ્વરી દેવી





સકેત - શ્રી રાધા-રમણ મંદિર અને ગહવર વન સ્થિત - પં. હરિશ્ચંદ્રજી મહારાજની કુટિયા
અત્યંત ખેદની બાબત છે કે સકેતના શ્રી રાધા-રમણજીની અષ્ટ ધાતુની મૂર્તિ ચોરાઈ ગઈ છે.



સંકેત - વિહ્વળ કુંડ અને કૃષ્ણ કુંડ

અધ્યાય-૪

વિવાહ લીલા

શૃંગાર રસ પક્ષની સૌથી પ્રધાન લીલા છે - પ્રિયા પ્રિયતમની વિવાહ લીલા. આ લોકમાં તો ઘણા લોકો રાધાકૃષ્ણના વિવાહથી સર્વથા અનભિજ્ઞ છે અને તેથી જ કેટલાય આડાઅવળા પ્રશ્નો પણ પૂછી બેસતા હોય છે- ''શું રાધાકૃષ્ણના વિવાહ થયા હતા?'' ઘણા એવા મિથ્યા ભ્રમમાં છે કે વિવાહ થયો જ નહોતો.

તેથી સમસ્ત મિથ્યા ભ્રમના નિવારણ માટે આ પુસ્તકમાં વિવિધ પુષ્ટ પ્રમાણ અંતરંગ ક્રીડારસાસક્ત રસિકાચાર્યોની વાણી દ્વારા રસમયી-વિવાહ લીલાનું વર્ણન કરવામાં આવેલ છે, જે વક્તા, શ્રોતા, અધ્યેતાને દિવ્ય રસ-સિંધુમાં ઉન્મજ્જિત-નિમજ્જિત કરી દે છે.

આમ તો રાધા-માધવની પ્રત્યેક લીલા રસનું પૂંજીભૂત સ્વરૂપ છે, છતાં ઘણાંય રસાચાર્યોએ રસમયી એવી આ વિવાહ-લીલાના નાયક વરરાજા શ્રીકૃષ્ણ અને સુકન્યા રૂપે શ્રી રાધિકાજીને જ પોતાના આરાધ્ય સ્વીકાર કરેલ છે જેમકે- શ્રી રાધાવલ્લભ સંપ્રદાયના પ્રવર્તક શ્રી શ્રી હિત હરિવંશજી મહાપ્રભુ, આપે તો નિત્ય-નવનવાયમાન શૃંગાર રસ પક્ષ માટે પોતાના સંપ્રદાયમાં લાડલી-લાલની આરાધના નિત્ય વર-કન્યાના રૂપે જ પ્રતિષ્ઠિત કરી છે-

'ખેલત રાસ દુલહિનિ-દૂલહ'

(હિત ચતુરાશી ૬૨)

એ જ આપના આરાધ્ય છે.

नंद और वृषभानु घर सजन सगारत रीति ।
श्री हरिवंश जू मन खंची ईहि नाते दृढ प्रीति ।।

અનંતાનંત લીલા ગતિવિધિઓમાં શ્રી હિત મહાપ્રભુને તો વૈવાહિક-રસ-પદ્ધતિ જ રૂચિકર છે. એક વાર નહીં, એક સ્થાન પર નહીં, અનેકો વાર અને વિવિધ સ્થાનો પર રાધા-માધવની વિવાહ-લીલા રસવેદીજનોએ ગાઈ છે.

યુગલની વિવાહ લીલા મુખ્ય રૂપે પાંચ સ્થાનો પર થઈ છે.

૧. બરસાના, ૨. નંદગ્રામ, ૩. સંકેત, ૪. ભાંડીર વન, ૫. વૃંદાવન

બરસાનામાં વિવાહ

આદિપુરાણ અનુસાર, શ્રી ભૃંગાધિપ ઉવાચ-

किमहं वर्णये भाग्यं राधायाः परमाद्भुतम ।
ब्रह्मादयोपि बिदुः परमानन्दमंदिरम् ।
ततो विवाहमकोद् वृषभानुर्गुणोदयः ।
वैशाखेसितपक्षे तु तृतीया चाक्षयाह्वया ।।
रोहिणीस्वर्क्षसंयुक्ता जयालग्नशुभावहा ।
पारिवर्हादिकं दत्त्वा वस्त्रमन्नसमृद्धिमत् ।

(આ.પુ. ૧૨/૧૦,૧૧,૧૨)

શ્રીજીના અતુલ્ય સૌભાગ્યની મહિમા શું વર્ણવવી? તેમના એ પરમાનંદ મંદિર સ્વરૂપ ભાગ્યના વિશે સ્વયં બ્રહ્માદિ દેવતા પણ જ્ઞાનશૂન્ય છે. વૈશાખ માસના અજવાળીયાની અક્ષયતૃતીયાના દિવસે, રોહિણી નક્ષત્રમાં શુચિતમ મુહૂર્ત અને શુભ લગ્નમાં બ્રજેશ્વર શ્રી વૃષભાનુએ ઉત્તમોત્તમ અન્ન-વસ્ત્રાદિ આપીને પોતાની દુહિતાનું પાણિગ્રહણ કરાવ્યું.

''દિન દૂલહ નંદનંદન દુલહિન રાધિકા''

(ચાચા વૃંદાવનદાસજી)

નંદગ્રામ અને બરસાનાની વિવાહ લીલાનું ચાચા વૃંદાવનદાસજીએ રાધા પ્રધાનગ્રંથ 'લાડસાગર વ બ્રજપ્રેમાનંદ'માં અત્યંત સરસ અને વિસ્તારપૂર્વક ગાયન કર્યું છે.

પુસ્તક કલેવરના વિશાળ થઈ જવાનો ભય છે, તેથી પાંચમા વિવાહસ્થળની અતિ સંક્ષિપ્ત ચર્ચા કરવામાં આવી રહી છે. નંદગ્રામથી બરસાનામાં જાનૈયાઓથી સજ્જ શામળા વરરાજાના આગમન પર બરસાનાની ગોપીઓની પૂરી ટોળીની ટોળીઓ નીકળી પડી, પોતાની પ્રાણોપમ રાધાના વરરાજાને જોવા માટે.

નંદદાસજીની વાણીમાં

'અરિ ચલ દૂલહ દેખન''

(આ પદ નંદગ્રામમાં જુઓ)

શ્રીકૃષ્ણદાસજીની વાણીમાં

ભાંવરિ ભવન ભાનુ કૈં સજની હોત હૈ આજ દેખૌ કીજૈ ।
જોરી ગૌર શ્યામ હૈ સજની નિરખિ-નિરખિ નૈનનિ સુખ લીજૈ ।

ભાનુ સદનના પરિસરમાં આ વિવાહ વેદજ્ઞ બ્રાહ્મણોના મંત્રઘોષ, વ્રજલલનાઓ દ્વારા વૈવાહિક-કર્ણપ્રિય ફટાણાની મધુર ધ્વનિ, જાનૈયા ગ્વાલબાળોના હાસ-પરિહાસ સાથે અત્યંત પ્રેમાળ લાગે છે-

રસ રસકનિ હિત વિસ્તરન પ્રગટે સાંવલ ગૌર ।
યા રસબિનુ દૂજૌ કહાં હૌ રસિકનિ કો ઠૌર ।।

(ચાચા વૃંદાવનદાસજી)

નંદગ્રામમાં વિવાહ

''બરસાને નન્દગાઁવ કો નાતો સજન અનાદિ''

(ચાચા વૃંદાવનદાસજી)

નંદગ્રામ પણ પાંચ વિવાહસ્થળો પૈકી એક છે. આ કોઈ કલ્પિત વાત નથી પરંતુ પ્રામાણિક હોવાથી અકાટ્ય છે.

અષ્ટછાપના મહાકવિ પરમ ભગવદીય શ્રી પરમાનંદજીના શબ્દોમાં-

માંગે સવાસનિ બાર રુકાઈ ।
ઝગરત અરત કરત કૌતૂહલ ચિરજીવૌ મેરૌ વીર કન્હાઈ ।।
ચિરજીવૌ વૃષભાનુ નન્દની રૂપ સીલ ગુણ સાગર ભાઈ ।
નિરખિ-૨ મુખ જીજૈ સજની યહી નેગ પડ સમ્પત્ત પાઈ ।।
દીની ઘૌર ઘૂમરી પિયર અરુ તાકૌ તીયર પહિરાઈ ।
ફિર સબહિન કો મહરિ જસોમતિ મેવા મોદક ગોદ ભરાઈ ।।
આરતિ કરિ લિયે રતન ચૌક મેં બૈઠારે સુંદર સુખદાઈ ।
'પરમાનંદ' આનંદ નંદ કૈ ભાગ બડે ઘર નૌ નિધિ આઈ ।।

શ્રી સૂરદાસજીના શબ્દોમાં-

લલિત લાલ કૌ સેહરૌ જગમગિ રહ્યૌ હૈ રી માઈ ।
હરષિ-૨ ગોપી ગાવહીં ચહ સુખ દેખૌ આઈ ।।
અલકૈં ઝલકૈં વદન પર મરવટ ખૌર બનાઈ ।
સોભા સીંવ ઉલંઘિકૈં ઉમગી હૈ સુન્દરતાઈ ।।
કુમકુમ બેંદી ભાલ પર શશિ સમ ઉદિત સુહાઈ ।
બાગૌ બીરા અતિ બન્યૌ છવિ સૌં ચતુરાઈ છાઈ ।।

વરરાજા નંદકિશોરના તડિત્ને તિરસ્કૃત કરનાર સ્મિતવિભૂષિત મુખારવિંદનું સૌંદર્યાદ્ભુત વર્ણન કરનારું આ પદ અત્યંત અદ્ભુત અને અતુલનીય છે.

સંકેત વટમાં વિવાહ

બરસાના નંદગ્રામના ઠીક મધ્યમાં સંકેત વન છે. અહીં બ્રહ્માજીએ વિધિપૂર્વક યુગલનો વિવાહ કરાવ્યો હતો. આજે પણ સંકેતમાં બ્રહ્માજી દ્વારા રચવામાં આવેલી વિવાહ-વેદી દર્શનીય છે. આ વિવાહમાં પણ ગ્વાલબાળો જાનૈયા બનીને આવ્યા છે. બ્રહ્માજી દ્વારા વેદ-મંત્રોચ્ચારણ વખતે ગઠબંધન અને પરિક્રમા કરતા વિવાહ થયો છે. તેના આધારે આજે પણ અહીંના વ્રજવાસીઓ ગાય છે-

દુલ્હન પ્યારી રાધારાની જાકો દુલહ નંદકુમાર ।।
નંદગાંવ હરિ ગાય ચરાઈ
જહાઁ શ્રી રાધા ખેલન આઈ
ગોદ ભરી ભઈ શ્યામ સગાઈ
સંકેતવટ મેં ભયો બ્યાહુલો નંદગાંવ સુસરાર ।।

શ્રી ભટ્ટ દેવાચાર્યજીની વાણીમાં-

રંગ રંગીલે ગાત કે સંગ બરાતી ગ્વાલ ।
દૂલહ રૂપ અનુપ હૈ નિત બિહરત નંદલાલ ।।

લષે આલી નિત બિહરત નંદલાલ ।
રંગ રંગીલે અંગ-અંગ કોમલ, સંગ બરાતી ગ્વાલ ।।
દૂલહ શ્રીબ્રજરાજ લાડિલૌ દુલહિન રાધા બાલ ।
જૈ શ્રી ભટ્ટ બલ્લબી જુગલ કે ગાવત ગીત રસાલ ।।

અથવા-

સંઝા ગોરજ ઉડનિ મેં છબિ પાવત ગોપાલ ।
શ્રીભટ્ટ માનૌં બ્યાહિ કૈં ઘર આયે નંદલાલ ।।

ગોપાલ લાલ દૂલહ ગ્વાલ બરાતી ।
ગૌવન આગે સખી જૂથ મેં રાધા દુલહિન લાલ ગવાતી ।।
દુંદુભિ દૂધ દુહન કી બાજી રાજી (સબ) ગોપ સજાતી ।
આરતિ પલક નેહ-જલ મોતી શ્રી ભટ્ટ રૂપ પિવાતી ।।

ભાંડીરવનમાં વિવાહ

અહીંનો વિવાહ પ્રસંગ (ગર્ગસંહિતા ગોલોક ખંડ અધ્યાય ૧૬) તથા (બ્રહ્મવૈવર્તપુરાણ કૃષ્ણ જન્મ ખંડ અધ્યાય ૧૫) બંનેમાં પ્રાપ્ત થાય છે. બંને ગ્રંથોમાં આ પ્રકરણ સમાન જ છે.

એક વખત શ્રી નંદબાબા પોતાના લાડલા લાલને બાથમાં તેડીને ભાંડીરવનમાં ગૌ-ચારણ માટે ગયા. લીલાવિહારની ઇચ્છાથી અચાનક ત્યાં સનસન...સન..સનન કરતા અત્યંત વેગથી વાયુ વહેવા લાગ્યો. આ ઝંઝાવાતે નંદજીને હચમચાવી નાખ્યા. બાબાને ભય ઉત્પન્ન થયો. તરૂઓ ટૂટીને નીચે પડવા લાગ્યા. ચારેતરફ ધૂળભર્યો અંધકાર છવાઈ ગયો. થોડી જ વારમાં આકાશ કાળા-ડિંબાગ મેહુલા વાદળોથી છવાઈ ગયું. સંપૂર્ણ વનપ્રાંતમાં ઘોર નીલિમા છવાઈ ગઈ. નંદલાલ પણ ભયનો અભિનય કરતા રડતાં-રડતાં બાબાના ગળે જોરથી બાઝી પડ્યા.

તેમની ભયલીલા પણ મનોહારિણી અને આસ્વાદનીય હોય છે-

એવં દાષ્ટર્યાન્યુશતિ કુરુતે મેહનાદીનિ વાસ્તૌ
સ્તેયૌપાયૈર્વિરચિતકૃતિઃ સુપ્રતીકો યથાઽઽસ્તે।
ઇત્તં સ્ત્રીભિઃ સભયનયનશ્રીમુખાલોકિનીભિર્વ્યાખ્યાતાર્થા
પ્રહસિતમુખી ન હ્યુપાલબ્ધુમૈચ્છત્ ।।

(ભા. ૧૦/૮/૩૧)

માતા કુંતી પણ તેમના ભયની શોભાને નિહાળે છે-

ગોપ્યાદદે ત્વયિ કૃતાગસિ દામ તાવદ્
યા તે દશાશ્રુકલિલાઞ્જનસમ્ભ્રમાક્ષમ્ ।
વક્ત નિનીય ભયવાનયા સ્થિતસ્ય
સા માં વિમોહયતિ ભીરપિ યદ્બિભેતિ ।।

(ભા. ૧/૮/૩૧)

આ રસમયી આસ્વાદ્ય ભયલીલાનું ગોપાંગનાઓએ પણ અનુકરણ કર્યું-

બદ્ધાન્યયા સ્રજા કાચિત્તન્વી તત્ર ઉલૂખલે ।
ભીતાસુદક પિદાયાસ્યં ભેજે ભીતિવિડમ્બનમ્ ।।

(ભા. ૧૦/૩૦/૨૩)

બાબા વિચારી જ રહ્યા હતા કે કેવી રીતે કૃષ્ણને તરત ઘરે પહોંચાડું, ત્યાં સુધીમાં તો કરોડો સૂર્ય સમાન દિવ્ય-દ્યુતિવાળી ખંજન-ગર્વ-ગંજનકારિણી નીલાંબરી રાધાજી પ્રકટ થઈ ગયા. શ્રીજીના અપાર તેજને જોઈને નંદજીએ તો નત થઈને તેમને નમન કર્યા અને હાથ જોડીને કહ્યું- ''હે રાધે! ગર્ગજી દ્વારા મને આપ બંનેના વિષે સમ્યક જ્ઞાન થઈ ગયું છે. પૂર્ણ પુરૂષોત્તમ આ શ્રીકૃષ્ણ જ તમારા પ્રાણવલ્લભ છે અને તમે તેના પ્રાણવલ્લભ

છો. લીલા સિદ્ધિની દ્રષ્ટિએ તેઓ ભયભીત થઈ ગયા છે, હવે આપ કોઈપણ રીતે તેમને ભવન સુધી પહોંચાડો.'' સાથે જ નંદજીએ યુગલના ચરણાર્વિંદોમાં સુદૃઢ ભક્તિ અને સંતોનો પ્રેમ પ્રાપ્ત થવાનું વરદાન માગ્યું. વરદાન આપ્યા બાદ શ્રીજીએ નંદજીની બાથમાંથી નંદલાલને પોતાની ગોદમાં લઈ લીધા. નંદજીના ત્યાંથી ગયા બાદ શ્રીજી ભાંડીર-ઉપવનમાં આવ્યા. ત્યાં દિવ્ય ભૂ દેવીનો આવિર્ભાવ થયો. વૃંદાવન, યમુના, ગિરિ-ગોવર્ધન દિવ્ય સઙ્કાથી સઙ્કિત થઈ ગયા. તરત શ્રીકૃષ્ણ પણ કિશોર રૂપ ધારણ કરીને રાધાજી સમક્ષ ઉભા થઈ ગયા. તે સમયે બંનેના દિવ્યદેહો આભૂષણોને સુશોભિત કરી રહ્યા હતા. લાલજીએ શ્રીજીની હથેળી પોતાની હથેળીમાં લઈને વિવાહ-મંડપમાં પ્રવેશ કર્યો. પ્રભુની ઇચ્છાનુસાર સત્યલોકથી બ્રહ્માજી આવ્યા. સ્તવન કર્યું અન બોલ્યા- ''આપ બંને નિત્ય દંપતિ હોવા છતાં પણ પ્રેમ-રસ નિર્યાસ અને ભક્તાનુગ્રહાર્થ જ આ લીલા કરી રહ્યા છો. હવે આપની આજ્ઞાનુસાર હું લોકવ્યવહાર કાજે લોકરીતિથી વૈવાહિક-વિધિ સંપન્ન કરાવીશ.''

ત્યારબાદ બ્રહ્માજીએ શ્રી રાધા-માધવને અગ્નિની સંમુખ બેસાડીને વૈદિક વિધાનપૂર્વક પાણિગ્રહણ સંપન્ન કરાવ્યું. ત્યારબાદ અગ્નિની ૭ પ્રદક્ષિણાઓ કરાવી-

સ વાહયમાસ હરિ ચ રાધિકાં પ્રદક્ષિણં સપ્તહિરણ્યરેતસઃ ।
તતશ્ચ તૌ તં પ્રણમય્ય વેદવિત્તૌ પાઠયામાસ ચ સપ્તમન્ત્રકમ્ ।।

(ગ.સં.ગો.ખ. ૧૬/૩૧)

યુગલ સરકારને પ્રણામ કરીને તેમને ૭ વૈદિક મંત્રો ઉચ્ચારાવ્યા-

કૌતુકં કારયામાસ સપ્તધા ચ પ્રદક્ષિણામ્ ।
પુનઃ પ્રદક્ષિણાં રાધાં કારયિત્વા હુતાશનમ્ ।।

(બ્ર.વૈ.પુ. કૃ.જ.ખં. ૧૫/૧૨૫-૧૨૬)

૭ અગ્નિપ્રદક્ષિણા (ભાઁવરિ) બાદ બ્રહ્માજી શ્રીકૃષ્ણના વક્ષ પર શ્રીજીનો હસ્ત મૂકાવ્યો અને શ્રીકૃષ્ણનો હસ્ત શ્રીજીના પૃષ્ઠપ્રદેશમાં સ્થાપિત કરીને તેમની પાસે ઉચ્ચ સ્વરે મંત્રોચ્ચારણ કરાવ્યું. ત્યારબાદ શ્રીજીના કરકમળો દ્વારા પારિજાત પુષ્પોના કેસરથી બનેલ એક હાથ જેટલી લાંબી માળા શ્રીકૃષ્ણના કંઠમાં ધારણ કરાવી. એ જ રીતે શ્રીકૃષ્ણ દ્વારા શ્રીજીને માળા ધારણ કરાવીને બ્રહ્માજીએ યુગલ સરકાર પાસે અગ્નિદેવને પ્રણામ કરાવ્યા. ત્યારબાદ જેમ એક પિતા પોતાની કન્યાને સુયોગ્ય વરના હાથમાં સોંપે છે, તે જ રીતે બ્રહ્માજીએ પિતૃ-કર્તવ્યનું પાલન કરતાં કન્યાદાન કર્યું.

શ્રીજીનો હાથ શ્રીકૃષ્ણના હાથમાં સોંપી દીધો. દેવગણો નિરંતર પુષ્પવર્ષા કરવા લાગ્યા. દેવાંગનાઓ નૃત્ય અને ગંધર્વો, વિદ્યાધર માંગલિક-ગાન કરવા લાગ્યા. વારંવાર રાધાવર શ્રીકૃષ્ણચંદ્રની જયધ્વનિ થવા લાગી. મૃદંગ, વીણા, વેણુ, નગારા, દુંદુભિ વગેરે અનેકાનેક વાદ્યો વાગવા લાગ્યા. દક્ષિણા સ્વરૂપે બ્રહ્માજીએ શ્રીજી-ઠાકુરજીના યુગલ ચરણકમળોમાં ભક્તિની યાચના કરી. આમ ભાંડીરવનમાં શ્રીરાધા-કૃષ્ણનો વિવાહ સંપન્ન થયો.

વૃંદાવનમાં વિવાહઃ

વૃંદાવનમાં વંશીવટ પર વિવાહ થયો છે. માનસર પર હોળી ક્રીડા બાદ સખીઓ શ્રીજી અને ઠાકુરજીને લઈને વંશીવટ આવે છે અને અહીં નીલાંબર-પીતાંબરનું ગઠબંધન કરીને વિવાહ રચાવે છે-

નીલાંબર પીતાંબર સોં ગંઠિ જોરિ કેં ।
દુલહુલ દુલહિનિ નિરખિ તરુનિ તૃણ તોરિ કેં ।
મૌર બનાયૌ સીસ આમ કે મૌર કૌ ।
બ્યાહ રચ્યૌ બંશીવટ મંગલ ઠૌર કૌ ।
ગીત પુનીત સુનીત સુ કોકિલ ગાવહીં ।
ઠૌરનિ ઠૌરનિ ભૌંર સુભેરિ બજાવહીં ।
શ્રી બ્રજનારિ ધમારનિ ગારિનિ ગાવહીં ।
ઠૌરનિ ઠૌરનિ કૌકિલ ફાગ મનાવહીં ।
હૌં બલિહારી જાઉં બિહારિનિ નામ કે ।
નિત્ય વિહાર કૌ હાર કંઠ ઘનશ્યામ કે ।

(શ્રૃ.ર.સા. પૃષ્ઠ સં. ૧૩૦)

શ્રી જીવ ગોસ્વામીપાદજી પણ સ્વરચિત 'ગોપાલ ચમ્પૂ' માં વિવાહ લીલાનું ગાન આ પ્રમાણે કરે છે-

યદપિ ચ કનકવિલાસા રાધા કૃષ્ણશ્ચ જિષ્ણુનીલાભઃ ।
તદપિ ચ વૈદૂર્યાભં તદ્યુગમૈક્ષિ વ્યતિદ્યુતિભિઃ ।।
એવં તયોઃ સા પરભાગલક્ષ્મી ર્વિષ્કમ્ભિતાન્ સર્વજનાનકાર્ષીત્ ।
વૈવાહિકં કાર્યમનન્તરાર્હં યથા ન તે કર્તુમથાડક્ષમન્ત ।।
ગુરોરથાજ્ઞામનુગમ્ય દમ્પતી માન્યાનુબદ્ધાઞ્જલતામિથઃ સ્થિતી ।
પ્રદક્ષિણીકર્તુમમૂ હુતાશનં સમુત્થિતૌ સર્વતનૂરુહૈઃ સહ ।।
પ્રદક્ષિણાકર્તુમમ્ હુતાશનં પ્રદક્ષિણં ચક્રતુરત્ર દમ્પતી ।
તતસ્તદાવેશવશેન નિર્મમુઃ સર્વસ્ય નેત્રાણ્યપિ તં પ્રદક્ષિણમ્ ।।

(ગોપાલચમ્પૂ (ઉત્તર) પૂર્ણ ૩૫/૬૩-૬૬)

શ્રીજીની કાંતિ સ્વર્ણિમ છે અને શ્યામસુંદરની કાંતિ નીલમણિ સમાન છે. દર્પણ સમાન બંનેનો વર્ણ હોવાથી પરસ્પર પ્રતિબિંબિત થવાથી વૈદુર્યમણિ સમાન દપ-દપ કરે છે. વિવાહ અવસરે આ અપરિસીમ સૌંદર્યએ સૌને સ્તંભિત કરી દીધા, જેનાથી આગળનો વૈવાહિક કાર્યક્રમ જ રોકાઈ ગયો.


ગુરૂજનોની આજ્ઞાથી વર-વધૂ વસ્ત્રાંચલના ગઠબંધનથી ગ્રથિત થઈ અગ્નિ ફરતે પરિક્રમા કરવા લાગ્યા. બંનેના ગાત્રો રોમાંચિત થઈ ઉઠ્યા. તે સમયે ઉપસ્થિત ભાગ્યશાળીજનોને યુગલ-દર્શનથી આત્મ-વિસ્મરણ થઈ ગયું. સૌના નેત્રો યુગલ છબિની સાથે-સાથે પરિક્રમાનું પરિભ્રમણ કરવા લાગ્યા.

'શ્રીહરિ વિલાસ લીલામૃત તંત્ર'નામના ગ્રંથમાં પણ યુગલ સરકારના વિવાહનું વિસ્તૃત વિવેચન થયેલ છે-

अथतत्र शुभेकाले विप्रानाहूय सत्तमान् ।
वृषभानुर्महाभागः पप्रच्छोद्वाहवासरम् ।।

(હરિ વિલાસ લીલામૃત તંત્ર)

ભાગ્યાધીશ ભાનુબાબાએ જ્ઞાન-વિજ્ઞાન સંપન્ન વિપ્રોનું શુભ સમયમાં આહવાન કરીને તેમને વિવાહ યોગ્ય શુભ દિવસ વિશે પૂછ્યું. દરેક રસિકાચાર્યોએ પોત-પોતાના રસાનુકૂળ પોતાની વાણીઓમાં વિવિધ પ્રકારે વિવાહ વર્ણન કર્યું છે.





સંકેત - વિવાહ વેદી અને ઝૂલો

અધ્યાય-૫

અષ્ટસખીઓ

અષ્ટ સખીઓના નામ છેઃ (૧) રંગદેવીજી (૨) સુદેવીજી (૩) લલિતાજી (૪) વિશાખાજી (૫) ચમ્પકલતાજી (૬) ચિત્રલેખાજી (૭) તુંગદેવીજી (૮) ઇન્દુલેખાજી

શ્રી રઙ્ગાદિ સુદેવિકા ચ લલિતા વૈશાખિકા ચમ્પિકા ।
ચિત્રાતુઙ્ગસખીન્દુલેખિકપરા ચાષ્ટૌ પ્રધાન પ્રિયાઃ ।।

(શ્રી નિમ્બાર્કાચાર્ય)

લલિતાજી

ઉન્નત અટાવલંબિની કિશોરી સહચરી શ્રી લલિતાજી શ્રી રાધા-માધવની વિવિધ લીલાઓમાં પરમ સહયોગિની છે. ઊંચા ગ્રામમાં પોતાની માતા શારદા તથા પિતા મહાભાનુથી, શ્રીરાધા જન્મના બે દિવસ પૂર્વે અવતરિત થયા. અહીં સખીગિરિ પર્વત છે, જેના પર સૂર્ય, ચંદ્ર, ખીર કટોરો, દહીં કટોરો, પુષ્કરણી, રાસમંડળ વગેરે કૃષ્ણકાલીન ચિહ્નો છે. પર્વતની પાસે જ તત્કાલીન સખીકૂપ છે, જેનું પાણી સખીઓએ શ્રીકૃષ્ણને પીવડાવ્યું હતું. તેનીજ પાસે, જ્યાં શ્રીકૃષ્ણ લપસતા હતા, ખિસલની શીલા છે જે આજે પણ સૌના ચિત્તાકર્ષનું કેન્દ્ર બનેલી છે. અહીં લલિતા સખી વિવાહસ્થળી છે જ્યાં શ્રીકૃષ્ણ સાથે શ્રી લલિતાજીનો વિવાહ થયો હતો. શ્રીલ નારાયણ ભટ્ટજીનું કથન છે કે અહીં સૌ સખીઓ સાથે શ્રીકૃષ્ણનો વિવાહ સંપન્ન થયો હતો. વિવાહોપરાંત મહેંદી લાગેલા ચરણોથી જ્યારે તેઓ ચાલ્યા ત્યારે તેમના પદ વિન્યાસથી બધી શિલાઓ મહેંદીથી રંગાઈ ગઈ. આજે પણ ભગવાનની એ લીલાનો આભાસ કરાવનારી એ બધી શિલાઓ મહેંદીથી રંગાયેલી છે. આગળ લલિત અટા (અટોર પર્વત) છે જ્યાં લલિતાજી શ્રીકૃષ્ણ સાથે રમતા હતા. લલિતા અટાની નીચે જ દેહકુંડ છે. અહીં રાધા-માધવે દેહદાન કર્યું હતું. અહીં દાનની પ્રથા છે. અહીં કંઈક ને કંઈક અવશ્ય દાન કરવું જોઈએ અને દાન પણ એવું કે જે અવિનાશી હોય. નામ દાન સર્વશ્રેષ્ઠ દાન છે, અહીં પોતાના અવગુણોનો ત્યાગ કરવો જોઈએ. નિષિદ્ધ અભક્ષ્ય વસ્તુઓ બીડી, તમાકુ, શરાબ વગેરેનું વ્યસન છોડવું જોઈએ. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, માત્સર્ય જેવા સૂક્ષ્મ વિકારોનો ત્યાગ કરવો જોઈએ.

ઊંચુ ગ્રામઃ

ગોપ નામ મહાભાનુઃ સારદી નામા ગોપિની ।
ઉચ્ચગ્રામં પ્રવાસ્તવ્યૌ દમ્પતી પર્વતોપરિ ।।
તયોઃ કન્યા ભવિષ્યતિ લલિતા નામ વિશ્રુતા ।
મનોહરા ચ ગૌરાંગા કૃષ્ણચિન્હેન લાઞ્છિતા ।।
તસ્ય ગ્રામસ્ય પશ્ચિમભાગતઃ સખીગિરિ નામ પર્વતોઽસ્તિ ।
તસ્યોપરિ ચૈકા પુષ્કરિણી સ્થિતા ।।

આદિપુરાણેઃ

ભાદ્રસ્ય શુક્લષષ્ઠી તુ વિશાખા ઋક્ષસંયુતા ।
પરવિદ્ધા સદા કાર્ય્યા પૂર્વબિદ્ધા ન કર્હિચિત્ ।
સૂર્યોદયાત્સમારભ્યૈકાદશ ઘટિકાઃ ગતાઃ ।।

તત્સમયે લલિતાજન્મોત્સવં સમકુર્વ્વત । શ્રી લલિતાયા અભિષેકંપદ્ધત્યોક્તેન વિધિના કાર્ય્યમ્। શ્રીલલિતાયા અભિષેકસ્ય શ્રીરાધાભિષેકાભ્દેદદઃ, ભિન્નત્વેન પ્રકારેણ પૃથક્ મન્ત્રૈસ્તુ કુર્ય્યાત્। તત્રૈવ પર્વતસ્યાધઃ પશ્ચિમતઃ ખિશિલિની સિલા સ્થિતા । તત્ર ગોપાલૈઃ સહ શ્રીકૃષ્ણઃ સમ્ભ્યાગતઃ ।

નારદ પઞ્ચરાત્રે

ભાદ્રસ્ય શુક્લપક્ષસ્ય દ્વાદશી શ્રવણાન્વિતા ।
વ્યતીતા ઘટિકા ષટ્ ચ સુર્ય્યોદયપ્રવર્ત્તિતા ।।
તત્રે લલિતા તત્ર આગતા સખીભિઃ સમમ્ ।
અષ્ટાભિઃ સખિભિઃ સાર્દ્ધં સુમનાદિભિઃ સંયુતા ।।

બ્રહ્મવૈવર્ત્તે રાધાખંડે

સુમના સુષુપા કાંચી દીપિકા ચ પ્રદીપિકા ।
નાગરી પ્રવલા ગૌણી લલિતાયા ઉપાસખી ।।
ભાષાયાં લોકા અન્યનામાનિ વદન્તિ ઇત્યપવાદઃ ।।

લૈંગે

તત્રક્રીડા કૃતાસ્તાભિઃ શિલાયાં સ્ખલનં કૃતમ્ ।
તતશ્ચ લલિતાપાણિં ગૃહીત્વા ગોકુલેશ્વરઃ ।।
પુષ્પૈશ્ચ મણ્ડનં કૃત્વા સર્વદેવે સમાગતે ।
વિધિન્મન્ત્રયુક્તેન લલિતાં ચ વિવાહયેત્ ।।

તતશ્ચવાસપર્વતસ્ય પશ્ચિમભાગે સર્વે કૃષ્ણાદયઃ ગોપાલાઃ સમભ્યાગતા, અષ્ટાભિરૂપસખીભિઃ સાર્દ્ધં લલિતા ત્વાગતા। તત્ર સર્વે સર્વાશ્ચ ક્રીડાશ્રમેણ શ્રમિતાઃ સંજાતાઃ। તત્સમયે તસ્મિન સ્થાને જલક્રીડાં કૃતવન્તઃ, સ્નપનં કુર્વાણાઃ તસ્માદ્દેહકુંડાભિધાનકુણ્ડં ભવતિ। તત્રૈવ સુવર્ણદાનં કુર્વાણઃ શ્રીકૃષ્ણઃ ગોપાલૈઃ સાર્દ્ધંસ્વગૃહમબ્રજત્, ઉપસખીભિઃ સાર્દ્ધં ઉચ્ચગ્રામે શ્રીમહાભાનોર્વાશોકનામગોપસ્ય ગૃહે લલિતા ગતા। તત્ર સારઘગ્રે સખીભિઃ વિવાહવાર્ત્તા કથિતા। તતઃ મહાભાન્વશોકનામ ગોપઃ નન્દમાહૂય સર્વાં વિવાહસામગ્રીં નિવેદ્ય સિંહાસનોપરિ શ્રીકૃષ્ણં તદ્દક્ષિણભાગે કન્યાં લલિતાં નિવેશ્ય સર્વરત્નાદિભિરતોષયત્ । શ્રીલલિતાયાઃ નિવેશનં તુ શ્રીકૃષ્ણસ્ય દક્ષિણ ભાગે ।

વાયુપુરાણે

લલિતા લલિતાવાણી રાધાયાડત્યન્તવલ્લભા ।
મુખ્યા સખી સમાખ્યાતા સર્વદા સાર્દ્ધગામિની ।।
ઇત્યાદૌ શ્રીલલિતાસ્થાનવર્ણનમ્ ।

મહાભાનુ નામના ગોપ જેમને કેટલાક લોકો અશોક પણ કહે છે અને તેમની પત્ની શારદી; તેઓ ઊંચા ગ્રામમાં પર્વતની ઉપર રહેતા હતા.

તેમની કન્યા લલિતા નામથી પ્રસિદ્ધ થશે, જે અત્યંત મનોહર, ગૌરાંગી અને કૃષ્ણચિત્તથી યુક્ત હશે.

તે ગ્રામના પશ્ચિમ ભાગે સખીગિરિ નામનો પર્વત છે, તેના ઉપર એક પુષ્કરણી પોખર (તળાવ) છે.

ભાદરવા સુદ છઠ તિથિએ વિશાખા નક્ષત્રથી યુક્ત પરવિદ્ધા ગ્રહણ કરવી જોઈએ, પૂર્વવિદ્ધા નહીં.

સૂર્યોદયથી લઈ ૧૧ ઘડી વ્યતીત થઈ, ત્યારે લલિતાજીનો જન્મોત્સવ થયો.

લલિતાજીના અભિષેકની પદ્ધતિ ગ્રંથમાં જણાવેલ વિધિથી કરવી જોઈએ. શ્રી લલિતાજીનો અભિષેક શ્રી રાધાજીના અભિષેકથી ભિન્ન છે. તેથી ભિન્ન પ્રકારે પૃથક મંત્રોથી કરવો જોઈએ.

ત્યાં પર્વતની નીચે પૃષ્ઠ ભાગમાં ખિસલની શિલા છે, જ્યાં ગ્વાલબાળો સાથે શ્રીકૃષ્ણ આવ્યા.

ભાદરવા સુદ બારસ તિથિએ શ્રવણ નક્ષત્રમાં સૂર્યોદય કાળથી ૬ ઘડી વ્યતીત થયેથી લલિતાજી પોતાની સુમના વગેરે ૮ સખીઓ સાથે ત્યાં આવ્યા.

લલિતાજીની ૮ સખીઓના નામ સુમના, સુષુપા, કાંચી, દીપિકા, પ્રદીપિકા, નાગરી, પ્રવલા, ગૌણી. લોકભાષામાં તેમના અન્ય નામો પણ કહેવામાં આવ્યા છે.

ત્યાં ખિસલની શિલા પર લલિતાજીએ તે સખીઓ સાથે ક્રીડા કરી. ત્યારબાદ નંદનંદને લલિતાજીનું પાણિગ્રહણ કર્યું. પુષ્પોનો શ્રૃંગાર કરી સૌ દેવતાઓ ઉપસ્થિત થઈ ગયા. વિધિવત મંત્રોચ્ચારપૂર્વક લલિતાજી સાથે વિવાહ કર્યો.

તદોપરાંત પર્વતના પશ્ચિમભાગમાં કૃષ્ણ તથા ગ્વાલબાળો આવી ગયા. પોતાની અષ્ટસખીઓ સાથે લલિતાજી પણ ત્યાં આવ્યા. અહીં સૌ ક્રીડાના શ્રમથી થાકી ગયા, તે જ સમયે તે સ્થાન પર જળક્રીડા કરી, સ્નાન કર્યું જેથી દેહકુંડની વ્યુત્પત્તિ થઈ. ત્યાં જ સ્વર્ણદાન કરતાં શ્રીકૃષ્ણ ગ્વાલબાળો સાથે પોતાના ઘરે આવી ગયા. લલિતાજી પોતાની ઉપસખીઓ સાથે ઊંચા ગ્રામમાં પોતાને ઘેર આવ્યા. ત્યાં શારદી મૈયા સમક્ષ સખીઓએ વિવાહની વાત કરી. ત્યારે મહાભાનુ અથવા અશોક નામના ગોપે નંદબાબાને બોલાવીને વિવાહની સામગ્રી ભેટ ધરી અને સિંહાસન પર શ્રીકૃષ્ણને અને તેમના દક્ષિણ ભાગમાં લલિતાજીને બેસાડીને અનેક રત્નો ભેટ આપ્યા. શ્રી લલિતાજીની વાણી શ્રીજીને અત્યંત પ્રિય છે. તેઓ સદા શ્રીજીની સાથે રહે એ અને તેમની મુખ્ય સખી કહેવાય છે.

વિશાખાજી

શ્રી અંજન વન (આઁજનૌંખ)

અથ કનિષ્ઠાસખીવિશાખાનિવાસસ્થાનં વર્ણયે

આદિવારાહે

અંજપુરે સમાખ્યાતે સુભાનુર્ગોપઃ સંસ્થિતઃ ।
દેવદાનીતિ વિખ્યાતા ગોપિની નિમિષસુતા ।।
તયોઃ સુતા સમુત્પન્ના વિશાખા નામ વિશ્રુતા ।
ગુણ-રૂપવતી કૃષ્ણસર્વલક્ષણલક્ષિતા ।।

ભવિષ્યોત્તરે

ભાદ્રે માસિ સિતે પક્ષે નવમી સંયુતાષ્ટમી ।
પૂર્વાષાઢયુતા ગ્રાહ્યા પૂર્વવિદ્ધા તુ કારયેત્ ।
પરવિદ્ધા સદા ત્યાજ્યા વિશાખાજન્મસંજ્ઞકા ।।
કદાચિત્સમયે કૃષ્ણ ગોચારણમિષેણ ચ ।
રાધાપ્રીતિકરીં કૃષ્ણાં ગોધૂમોપમસંસ્થિતામ્ ।
પાણિં ગૃહીત્વા હસ્તેન ગર્જપુરમુપાગતઃ ।।

બૃહદ્ગૌતમીયે

લલિતા તત્ર આયાતા અષ્ટાભિઃ સખિભિઃ સહ।
લલિતાં ચ વિશાખાં ચ દૃષ્ટ્વા પ્રેમ પરં યયૌ ।।

તત્રૈવ લલિતા સ્વકીયં મન્દિરં વિશ્વકર્માણમાજ્ઞાય કારયિત્વા તત્ર ચમરં કૃત્વા સ્થિતા। તત્ક્ષણે પ્રેમ પરં ગતો હરિઃ પ્રેમનિવર્ત્તિતઃ સન્ ।

ભવિષ્યે

ગોધૂલિસમયે પ્રાપ્તે વિશાખાકરમગ્રહીત્ ।
હરિસ્તુ સખિભિઃ સાર્દ્ધં જલક્રીડાં ચકાર હ।
પ્રેમકુંડં સમાખ્યાતં તસ્માત્પ્રેમનિબર્ત્તનાત્ ।
દદૌ કૃષ્ણસ્તુ મંદિરં લલિતાયૈ મનોહરમ્ ।।
વિશાખાયાઃ સ્થાનં શ્રીકૃષ્ણસ્ય દક્ષિણભાગતઃ।
‘‘વિશાખા સ્વગૃહં ગતા અષ્ઠાભિઃ સખિભિઃ સહ’’।

માત્સ્યે

મંગલા સુમુખી પદ્મા સુપદ્મા સુમનોહરા।
સુપત્રા બહુપત્રા ચ પદ્મલેખેતિ તાઃ સ્મૃતાઃ।।

ઇતિ વિશાખાયા ઉપસખ્યઃ, ભાષાયં અન્યનામાનિ વદન્તિ ।
ઇત્યાદૌ વિશાખાયાઃ સ્થાનવર્ણનમ્ ।।

કનિષ્ઠા (દ્વિતીયા) સખી વિશાખાજીના નિવાસસ્થાનનું વર્ણન કરવામાં આવી રહ્યું છે.

આદિવરાહપુરાણાનુસાર

(૧) અંજપુર નામના ગામમાં (વર્તમાન નામ આંજનોખ) સુભાનુ નામના ગોપ પોતાની ભાર્યા નિમિષ-નંદિની દેવદાની સાથે રહેતા હતા. તે દંપતિનને કૃષ્ણના તમામ લક્ષણોથી યુક્ત ગુણવતી, રૂપવતી વિશાખા નામની કન્યા ઉત્પન્ન થઈ.

ભવિષ્યોત્તર પુરાણાનુસાર

(૨) ભાદરવા સુદ આઠમથી યુક્ત નવમી એટલે કે પૂર્વ વિદ્ધા અને પૂર્વાષાઢા નક્ષત્ર ગ્રહણ કરવું જોઈએ. વિશાખાજીના જન્મોત્સવમાં પરવિદ્ધા તિથિ ત્યાજ્ય છે. કોઈક સમયે શ્રીકૃષ્ણ ગોધૂલી વેળાએ વિશાખાજીના કરકમળને પોતાના કરકમળમાં ગ્રહણ કરીને ગર્જપુર એટલે કે ગાજીપુરમાં આવ્યા.

બૃહદ્ગૌતમીયે તંત્રાનુસાર

(૩) લલિતાજી ત્યાં પોતાની આઠ સખીઓ સાથે આવ્યા. લલિતા અને વિશાખાને જોઈને પ્રેમવિવશ શ્રીકૃષ્ણ ત્યાં ગયા, ત્યાં લલિતાજીએ વિશ્વકર્માને આજ્ઞા કરીને પોતાના મંદિરનું નિર્માણ કરાવ્યું અને ત્યાં ચામર ધારણ કરીને સ્થિત થયા.

(૪) તે સમયે પ્રેમ વિવશ શ્રીકૃષ્ણએ પ્રેમનું નિર્વહન કરતાં ગોધૂલી વેળાએ વિશાખાજીનું પાણિગ્રહણ કર્યું અને સખીઓની સાથે જળક્રીડા કરી. પ્રેમમયી લીલા કરવાને કારણે આ સ્થળનું નામ પ્રેમકુંડ (પ્રેમસરોવર) પડ્યું. શ્રીકૃષ્ણએ એ મનોહર મંદિર લલિતાજીને પ્રદાન કર્યું. વિશાખાજીનું સ્થાન શ્રીકૃષ્ણના દક્ષિણ ભાગમાં છે. શ્રી વિશાખાજીએ પોતાની સખીઓ સાથે પોતાના ઘર તરફ પ્રસ્થાન કર્યું.

મત્સ્યપુરાણાનુસાર

(૫) વિશાખાજીની આઠ સખીઓ- મંગલા, સુમુખી, પદ્મા, સુપદ્મા, સુમનોહરા, સુપત્રા, બહુપત્રા, પદ્મલેખા- આ વિશાખાજીની ઉપસખીઓ છે, જેમના લોકભાષામાં અન્ય નામો પણ બોલવામાં આવે છે.

મહાસખી શ્રી વિશાખાજીનું આ ગ્રામ છે. અલગ-અલગ ગામમાં ગોપીઓના અલગ-અલગ જૂથ રહેતા હતા કારણકે કૃષ્ણાવતાર સમયે પૂર્વાવતારોમાં વરદાનો પ્રાપ્ત કરેલ સમસ્ત

ગોપીઓ મહારાસ હેતુ વ્રજમાં આવી. તેમનામાં વેદની ઋચાઓ પણ આવી. આ શ્રુતિ રૂપા ગોપીઓએ શ્વેતદ્વીપમાં જઈને અદ્ભુત તપ કર્યું અને પ્રભુના પ્રસન્ન થવા પર તેમના આ રસરૂપ વિગ્રહના દર્શન પ્રાપ્ત કરવાનું વરદાન પ્રાપ્ત કર્યું, ત્યારે પ્રભુએ આદેશ આપ્યો કે તમે સૌ વૃંદાવનમાં જન્મ લો, વ્રજવાસી બનો ત્યારે જ આ રસ સુલભ થશે.

નાયં સુખાપો ભગવાન દેહિનાં ગોપિકાસુતઃ।
જ્ઞાનિનાં ચાત્મભૂતાનાં યથા ભક્તિમતામિહ ।।

(ભા. ૧૦/૯/૨૧)

રસ સ્વરૂપ શ્રીકૃષ્ણ તો વ્રજવાસીઓ માટે સુલભ છે, તપસ્વી, જ્ઞાની, કર્મકાંડીને નહીં. વ્રજરાજ, રાસ-રસ પ્રાપ્તિ માટે એ શ્રુતિ સ્વરૂપા ગોપીઓએ વિસ્તૃત વૃંદાવનમાં જન્મ લીધો. જનમાનસની એવી માન્યતા છે કે રાસ યમુનાના કિનારે અને વૃંદાવનમાં વંશીતટમાં જ થયો હતો, ખરેખર એવું નથી. વ્રજના વન-વનમાં, ઘર-ઘરમાં, આંગણામાં રાસ થતો હતો, તેનું પ્રમાણ માત્ર શાસ્ત્રો જ નહીં બલ્કે વ્રજના પુરાતન પરંપરાના લોકગીતોમાં વ્યક્ત ભાવ પણ એ જ છે. યથા-

નંદ કે તોય ખિલૌના લૈ દૂંગી મેરે આંગના મેં વંશી બજાય
ભલા રે મેરે આંગના મેં રાસ રચાય।

આમ ઘરે-ઘરે રાસ થતો હતો.

એકવાર અંજનવનની ગોપીઓને રાહ જોતાં-જોતાં મધ્યરાત્રિ થઈ ગઈ, શ્યામસુંદર અત્યંત વિલંબથી રાસ માટે આવ્યા. શ્યામસુંદરને જોતાં જ એકે તેમના હાથને પોતાની હથેળીમાં મૂક્યો, બીજીએ વક્ષ પર ઝૂલતી વનમાળને સજ્જિત કરી.

ત્રીજી તો પૂછી જ બેઠી

''આજે આગમનમાં આટલો વિલંબ કેમ થયો?''

શ્યામસુંદર બોલ્યા! ''આજે ભાંડીરવનમાં મારા ગુરૂ શ્રી દુર્વાસાજી પધાર્યા હતા, તેમનું પૂજન-અર્ચન કરવામાં વિલંબ થઈ ગયો.'' ગોપસુંદરીઓ બોલી- ''આપના ગુરૂવર? અમે પણ આપના ગુરૂદેવના દર્શન કરવા માગીએ છીએ, તેઓને ભોજન કરાવવા માગીએ છીએ.'' શ્રીકૃષ્ણ બોલ્યા- ''મારા ગુરૂજી તો દુર્વાહારી છે, માત્ર દૂબ (ઘાસ)નો રસ જ પીએ છે પરંતુ તમે દૂષિત કામથી પર નિશ્ચલ, નિર્દોષ પ્રેમયુક્ત છો, આખુ જગ તમારી અમલ પ્રીતિની મહિમાને જાણે છે, બની શકે કે તમારું ભોજન ગુરૂદેવી ગ્રહણ કરી લે.'' ગોપીઓએ કહ્યું- ''શ્યામસુંદર, પરંતુ અમે કેવી રીતે જઈએ? શ્રાવણ માસની આ યમુના બંને કાંઠા તોડીને વહી રહી છે.'' શ્રીકૃષ્ણ બોલ્યા- ''તમે યમુનાજીને કહેજો- જો કૃષ્ણ બાલબ્રહ્મચારી હોય તો અમોને માર્ગ આપી તો, તમને માર્ગ મળી જશે.'' એવું જ થયું, મધ્યરાત્રિએ તે ગ્રામ્યાઓએ જ્યારે આમ કહ્યું- ''યમુને! જો શ્રીકૃષ્ણ બાલબ્રહ્મચારી હોય તો અમોને માર્ગ આપો.'' ઝટ યમુનાજીએ માર્ગ આપ્યો અને તે સૌ પેલે પાર ચાલી ગઈ. દુર્વાસાજીની પાસે પહોંચીને ગોપીઓએ પ્રાર્થના કરી- ''મહારાજ! અમે આપના દર્શન કરવા અને ભોગ ધરાવવા આવ્યા

છીએ.'' દુર્વાસાજીએ કહ્યું- ''હું તો કૃતકૃત્ય, પરમ હંસ, સદા સંતુષ્ટ રહેનારો છું. ભોજનની કોઈ આવશ્યકતા તો નથી, જો આપની એટલી જ ઇચ્છા હોય તો પોતાના હાથે સ્વયં મારા મુખમાં નાખી દો.'' ગોપીઓ એક-એક કોળિયો ઋષિના મુખમાં નાખવા લાગી. ઋષિએ એવું વિશાળ મુખ કર્યું કે ગોપીઓ ખોબો ભરી-ભરીને ખવડાવવા લાગી અને થોડીવારમાં તો બધી ખાદ્ય સામગ્રીઓ સમાપ્ત થઈ ગઈ. અંતે ગોપીઓએ કહ્યું- ''મહારાજ! હવે અમે કેવી રીતે જઈએ?'' દુર્વાસા- ''જેવા આવ્યા હતા તેવા જ ચાલ્યા જાઓ.'' ગોપીઓ- તે સમયે તો 'જો કૃષ્ણ બાલબ્રહ્મચારી હોય તો માર્ગ આપો' એવું કહેવાથી અમોને યમુનાએ માર્ગ આપ્યો હતો. દુર્વાસા- ''ઠીક છે, હવે એવું કહેજો કે જો દુર્વાસા પવનાહારી હોય, તેમણે કંઈ જ ન ખાધું હોય તો યમુના માર્ગ આપે.'' ગોપીઓએ વિચાર કર્યો, આ કેવી વિટંબણા? હજારો થાળ ચટ કરી ગયા અને પોતાને પવનાહારી કહે છે. હશે, જેવા શિષ્ય (કૃષ્ણ) છે, એવા જ ગુરૂ. યમુના કિનારે પહોંચીને સૌ ગ્રામ્યાઓએ કહ્યું- ''હે યમુને! જો દુર્વાસાજીએ ક્યારેય અન્ન-જળ ગ્રહણ ન કર્યું હોય તો અમોને માર્ગ આપો.'' ઝટ યમુનાજીએ માર્ગ આપી દીધો, તેઓ પાર ઉતરી ગઈ. શ્રીકૃષ્ણની પાસે પહોંચીને બોલી- ''અમને તો તમે અને તમારા ગુરૂ બંને જ મિથ્યાવાદી લાગો છો. તમે પોતાને બાલબ્રહ્મચારી કહ્યું અને દિવસ-રાત તો અમારી સાથે નાચતા રહો છો, બ્રહ્મચારી પુરુષ તો સ્ત્રીનું દર્શન પણ નથી કરતો અને તમારા ગુરૂ સ્વયંને પવનાહારી કહે છે, અમારા દ્વારા લવાયેલા હજારો થાળનું ભોજન તો ખાઈ ગયા તો શું આ મિથ્યાવાદ નથી?'' શ્રીકૃષ્ણ બોલ્યા- ''હે ગોપીઓ! વસ્તુતઃ જ્યારે મનુષ્યમાં અહં નથી હોતો ત્યારે તેના દ્વારા કરવામાં આવેલ કર્મ અકર્મ બની જાય છે, તેના માટે નિષિદ્ધ કર્મ પણ બંધક સિદ્ધ નથી થતું.'' ગીતાના બીજનો અહીં જ આરંભ થઈ ગયો હતો. કુરુક્ષેત્ર, મહાભારત કાળમાં તો તેનો વિસ્તાર થયો છે.

यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ।।

(ગીતા. ૪/૧૯)

શ્રી અંજન વનમાં કજરોટી શિલા છે, એકવાર શ્રીજી કાજળ લગાવવાનું ભૂલી ગયા તો વિશાખાજીએ કજરોટી શિલા પ્રકટ કરી, જેના પર આંગળી ઘસીને શ્રીજીએ પોતાના નયનોમાં કાજળ લગાવ્યું, આજે પણ આ લીલા દર્શનીય છે, જેના પર આંગળી ઘસીને કાજળ ગલાવી શકાય છે.

ततो अंजनपुरवन प्रार्थना मंत्रः

देवगंधर्वलोकानां रम्यवैहाररूपिणे ।
वैचित्रमूर्त्तये तुभ्यमंजनपुःवनाह्वय ।।

(કૂર્મ્મ પુરાણ)

હે દેવતા, ગંધર્વ, મનુષ્યના રમણીય વિહાર અવનિ! વિચિત્ર મૂર્તિ સ્વરૂપ, હે અંજન વન! આપને નમસ્કાર છે.

તતો કિશોરીકુંડસ્નાનાચમન પ્રાર્થના મંત્રઃ-

કિશોરીસ્નાનરમ્યાય પીતરક્તજલાપ્લુતઃ ।
તીર્થરાજ નમસ્તુભ્યં કૃષ્ણક્રીડાવિધાયિને ।।

(કૂર્મ્મ પુરાણ)

કિશોરીજીના સ્નાનથી રમણીક, પીળા, લાલ જળથી પરિપૂર્ણ કિશોરીકુંડ! શ્રીકૃષ્ણ ક્રીડા વિધાન કરનારા તીર્થરાજ આપને નમસ્કાર છે.

તતો કૃષ્ણાન્વિત કિશોરીદર્શન પ્રાર્થના મંત્રઃ

યશોદાનનંદકૃષ્ણાય પ્રિયાયૈ સતતં નમઃ ।
કિશોરરૂપિણૈ તુભ્યં વલ્લભાયૈ નમોઽસ્તુ તે ।।

(કૂર્મ્મ પુરાણ)

હે યશોદાજીને આનંદ પ્રદાન કરનાર, કિશોર સ્વરૂપ શ્રી પ્રિયા પ્રિયતમજી, આપ બંનેને વારંવાર પ્રણામ છે.

ઇંદુલેખાજી

અથેન્દુલેખાનિવાસસ્થાનવર્ણનમ્

ગૌતમીયે

રંકપુરે સમાખ્યાતે દક્ષિણસ્યાં દિશિ સ્થિતે ।
રણધીરોઽવસત્તત્ર ગોપરાજો મહાવરઃ ।
સુમુખી નામ સા પત્ની તસ્ય ગોપી બભૂવ હ ।
તયોશ્ચ કન્યકા જાતા ઇન્દુલેખા મનોરમા ।
ભાદ્રસ્ય શુક્લપક્ષસ્ય એકાદશી શુભા તિથિઃ ।
દશમીવેધસંયુક્તા મુહૂર્ત્તાભિજિતાયુતા ।
પૂર્વવિદ્ધા સદા કાર્ય્યા પરવિદ્ધા ન કર્હિચિત્ ।
સૂર્ય્યોદયાત્સમારભ્ય ઘટિકાઃ ષોડશાઃ ગતાઃ ।
તત્ક્ષણે ઇન્દુલેખાયાઃ જન્મોત્સવમકુર્વત ।।

વિષ્ણુરહસ્યે

અસ્યાઃ સખ્ય સમાખ્યાતાઃ કાઞ્ચનેન સમન્વિતાઃ ।
સુલેખા પદ્મવદના વિચિત્રા કામકુન્તલા ।
સુગન્ધા નાગકેશી ચ કટિસૈંદ્રી સુલતિકા ।
લેખાયાસ્તા ઉપાસખ્ય અષ્ટૌ ચ કથિતાઃ શુભાઃ ।

ઇન્દુલેખાયાઃ સ્થાનં શ્રીકૃષ્ણસ્ય વામભાગે
શ્રીરાધાયાઃ નિકટોપવેશનમ્ ઇત્યાદાવિન્દુલેખાયાઃ સ્થાનવર્ણનમ્-

ગૌતમીય તંત્ર

દક્ષિણ દિશામાં સ્થિત રંકપુર (રાંકોલી) ગામમાં રણધીર નામના શ્રેષ્ઠ ગોપ રહેતા હતા. તેમની પત્નીનું નામ સુમુખી હતું. આ દંપતિને ઈન્દુલેખા નામની મનોહરા કન્યા ઉત્પન્ન થઈ.

ભાદરવા માસની અજવાળીયાની વિદ્ધા એકાદશી તિથિ હતી. અહીં હમેશા પૂર્વવિદ્ધા જ ગ્રહણ કરવી જોઈએ, પરવિદ્ધા નહીં. સૂર્યોદય કાળથી સોળ ઘડી (૬ કલાક ૨૪ મિનિટ) વ્યતીત થવા પર અભિજિત મુહૂર્તમાં ઇંદુલેખાજીનો જન્મ થયો.

વિષ્ણુ રહસ્ય

તેમની સ્વર્ણાભૂષણોથી આભૂતિ સખીઓના નામ છે- સુલેખા, પદ્મવદના, વિચિત્રા, કામકુન્તલા, સુગન્ધા, નાગકેશી, કટિસૈન્દ્રી, સુલતિકા। ઇંદુલેખાજીની અ બધી શુભ લક્ષણોથી યુક્ત આઠ ઉપસખીઓ કહેવામાં આવી છે. ઇંદુલેખાજીનું સ્થાન શ્રીકૃષ્ણના વામભાગમાં છે. તેઓ શ્રીજીની નિકટ બિરાજે છે.

ચંપકલતાજી

અથ ચમ્પકલતાસ્થાનવર્ણનમ્

સારદાયામ્

કર્હપુરેડતિવિખ્યાતસ્તત્ર ગોપોડવસત્તદા ।
મનુભૂપસમાખ્યાતો કરહપૂર્વિભૂષિતઃ ।
સુકંઠી નામા સા ગોપી ભાર્ય્યા તસ્યાભવત્તદા ।
તયોઃ કન્યા સમુદ્ભુતા કૃષ્ણલક્ષણસંયુતા ।
ચમ્પકલતા આખ્યાતા તૃતીયાસખિતાં ગતા ।।

બૃહન્નારદીયે

ભાદ્રે માસિ સિતે પક્ષે સપ્તમી ચાષ્ટમીયુતા ।
અનુરાધાયુતા ચાપિ શુભયોગસમન્વિતા ।।

બ્રાહ્મે

સૂર્યોદયાત્સમારભ્ય ગતાઃ નાડ્યશ્ચતુર્દશ ।
તત્ક્ષણે તુ સખીજન્મચમ્પકા જાયતે ધ્રુવમ્ ।
તત્રાગતો નન્દસૂનુર્ગૃહીત્વા પાણિના કરમ્ ।
રાસક્રીડાકૃતો દેવઃ પરવિદ્ધા ચ સપ્તમી ।
પૂર્વબિદ્ધા સદા ત્યાજ્યા પરવિદ્ધા સુખપ્રદા ।।

ગૌતમીયે

ચમ્પકલતા સખીભિરષ્ટાભઃ સ્વગૃહં ગતા ।
ચમ્પકલતાયાઃ સ્થાનં શ્રીકૃષ્ણસ્ય દક્ષિણે ભાગે ।
સુકેશી પદ્મનયના સુનેત્રા કામદીપિકા ।
પ્રદીપિકા સુકર્ણી ચ રાગસંયુકતવેણિકા ।
નવનીયપ્રિયા ચાષ્ટૌ ચમ્પકાયાઃ ઉપસખ્યઃ ।।
ભાષાયાં અન્યનામાનિ વદન્તિ ।
ઇત્યાદૌ ચમ્પકલતાયાઃ સ્થાનં વર્ણનમ્ ।।

કર્ણપુર (વર્તમાન કરહલા) નામના ગ્રામમાં મનુભૂપ નામના અતિ વિખ્યાત ગોપ રહેતા હતા. તેમની પત્નીનું નામ સુકંઠી હતું. તેમને ત્યાં બધા શુભ લક્ષણોથી યુક્ત તૃતીયા સખી શ્રી ચંપકલતાજી પ્રગટ થયા.

બૃહન્નારદીય પુરાણાનુસાર

ભાદરવા માસની શુક્લપક્ષમાં અનુરાધા નક્ષત્ર શુભ યોગમાં અષ્ટમીથી યુક્ત સપ્તમી તિથિમાં સૂર્યોદય કાળથી ૧૪ ઘડી વ્યતીત થયે તેમનો જન્મોત્સવ થયો. ત્યાં નંદનંદન આવ્યા, પોતાના કરકમળમાં તેમનો હાથ ગ્રહીને રાસ-ક્રીડા કરી. અહીં પૂર્વવિદ્ધાનો પરિત્યાગ કરી સર્વદા પરવિદ્ધા સપ્તમી ગ્રહણ કરવી જોઈએ.

ગૌતમીયે

ચંપકલતા પોતાની ૮ સખીઓની લઈને પોતાને ઘરે ગયા. ચંપકલતાનું સ્થાન શ્રીકૃષ્ણના દક્ષિણ ભાગમાં છે. તેમની ૮ સખીઓના નામ છે-

સુકેશી, પદ્મનના, સુનેત્રા, કામદીપિકા, પ્રદીપિકા, સુકર્ણી, રાગસંયુક્તવેણિકા, નવનીતપ્રિયા.

તતો ચંપકલતા પ્રાર્થના મંત્રઃ

ત્રૈલોક્ય મોહનાયૈવ નમસ્તે કરહાભિધ ।
ગન્ધર્વસુખવાસાય વિશ્વાસુવરપ્રદ ।।

(ભવિષ્યોત્તર પુરાણ)

ગંધર્વોના સુખ નિવાસસ્થળ વિશ્વાવસુના વરદાતા ત્રિલોકીના મોહક 'કરહવન'ને નમસ્કાર છે.

તતો લલિતા સરોવર સ્નાનાચમન મંત્રઃ-

લલિતાસ્નપનોદ્ભુત તીર્થરાજ નમોડસ્તુ તે ।
લલિતાસરસે તુભ્યં સૌભાગ્યવરદાયિને ।।

(ભવિષ્યોત્તર પુરાણ)

લલિતાજીના સ્નાનથી ઉત્પન્ન સૌભાગ્ય વર દેનારા તીર્થરાજ આપને નમસ્કાર છે.

તતો રાસમંડલ મંત્રઃ-

લલિતામહદ્ભુત્સાહ ગોપિકાનૃત્યરૂપિણે ।
કૃષ્ણક્રીડાભિરમ્યાય મંડલાય નમોડસ્તુતે ।।

(ભવિષ્યોતરે પુરાણ)

લલિતાજીના મહાન ઉત્સવરૂપ ગોપિકાઓના નૃત્યરૂપ કૃષ્ણ ક્રીડાથી રમણીય મંડળને નમસ્કાર છે.

તતો કદંબ ખંડ મંત્રઃ-

કૃષ્ણગોપાલરૂપાય ગોપીગોભિરલંકૃતઃ ।
કદંબખંડ ગોષ્ઠાય સૌખ્યાધામ્નૈ નમોડસ્તુતે ।।

(ભવિષ્યોતરે પુરાણ)

ગોપાલકૃષ્ણરૂપ ગોપ-ગોપીઓથી ભૂષિત કદમખંડી ગોષ્ઠી સુખધામરૂપ આપને નમસ્કાર છે.

તતો હિંડોલ પ્રાર્થના મંત્રઃ

રાધાકૃષ્ણહોત્સાહ લલિતોત્સવહેતવે ।
બ્રહ્મણા નિર્મિતાયૈવ હિંડોલાય નમોઽસ્તુ તે ।।

(ભવિષ્યોતરે પુરાણ)

રાધાકૃષ્ણના મહાન ઉત્સાહરૂપ લલિતાજીના ઉત્સવ માટે બ્રહ્માજી દ્વારા નિર્મિત હિંડોલ! આપને નમસ્કાર છે.

તતો વિવાહસ્થળ પ્રાર્થના મંત્રઃ

ભદ્રદેવીસખીરમ્ય વિવાહોત્સવમાંગલ્યૈઃ ।
લલિતાગ્રન્થિદત્તાય નમો વૈવાહરૂપિણે ।।

અહીં ભદ્ર સખીએ લલિતાજી અને કૃષ્ણના વિવાહમાં ગાંઠ જોડી હતી. સૌથી પ્રમુખ જે વાત છે તે એ છે કે અહીં શ્રી ઉદ્ધવ દેવાચાર્યજી, જે શ્રી હરિવ્યાસ દેવાચાર્યજીના શિષ્ય હતા, જેમનું રાસ પ્રાકટ્યમાં યોગદાન રહ્યું છે, તે રાસ અહીં કરહલાથી જ પ્રારંભ થયો હતો. રાસ પ્રાકટ્ય કરીને આપ વંશીવટ વૃંદાવન રહ્યા. પોતાના ઈષ્ટની કૃપા પર ગર્વથી ભરેલા રહેવાને કારણે તેમનું નામ ઘમંડી પણ હતું પરંતુ તે ઘમંડ મિથ્યા અહંકારનું નહોતું, યુગલરસનું હતું. રાસાનુકરણ વિષયમાં આ પદ પ્રસિદ્ધ છે.

શ્રી ધ્રુવદાસજી

ઘમણ્ડી રસ મેં ઘુમડિ રહ્યો વૃંદાવન નિજધામ ।
બંશીવટ તટ વાસ કિયો ગાયો શ્યામા શ્યામ ।।

(બેતાળીસ લીલા ભક્ત નામાવલી)

રાસ બિહારી લાલ દ્રગન તે દૂર ભયો જબ ।
તિમિર ગ્રસિત ભૌ ભાવ નહીં જાને કોઉ તબ ।।

શ્રી સ્વામિ હરિદાસ ખાસ લલિતા વપુ તિનકૌ ।
પ્રકટ કરન ભઈ રાસ મહલ તે આજ્ઞા જિનકૌ ।।
નામ ઘમંડ સનકાદિ સમ્પ્રદા રસમય જિનકી ।
અધિકારી રસ મઈ સમુઝિ નિરમલ બુધિ તિનકી ।।

શ્રી મધુપુરી સમીપ ઘાટ વિશ્રાંત નામ તહઁ ।
શ્રી આચારજ વિષ્ણુ સ્વામિ મત્ત પોષક હૈ જહઁ ।।
કહી ચલૌ તિન પાસ આસ મેરી વે પૂજવે ।
સેવા રીત અલૌકિક પ્રગટી હૈ તિન બ્રજ મેં ।।

તિન ઢિંગ સ્વામી ગએ કુશલ પૂછી બૈઠારે ।
કહો પ્રિયે સખિ કવન હેતુ યહાઁ ચરણ પધારે ।।
તબ સ્વામી હરિદાસ કહ્યો પ્રભુ અન્તરજામી ।
તુમતે કછુ નહિ છિપૌ કહા પૂછત જગસ્વામી ।।

ઐસો કરો ઉપાય રાસ રસ પ્રગટૈ જન મેં ।
જો કછુ ઇચ્છા રહી કહો તુમ આગે મન મેં ।।
કોઈ પર્વ નિમિત રહે તહં વામન રાજા ।
શ્રી ગોસ્વામી કહ્યો લેહુ કછુ ઇન સોં કાજા ।।
પ્રાણાયામ ચઢાય રોકિ દસહૂ ઇન્દ્રિ તબ ।
કછુ દિન પીછે કહ્યૌ સુનૌ મેરે તુમ જન અબ ।।

નભ તે ઉતરત મુકુટ સબૈ વિશ્વાસ દ્રઢાવન ।
સપ્તતાલ વિસ્તરિત જગ મગત અતિ નગવરગન ।।
સબકો દરસન ભયૌ મુકુટ જબ ભૂપર આયો ।
ધૂપ-દીપ નૈવૈદ્ય સબન લૈ તાહિ ચઢાયૌ ।।

સબરે ભૂપન પ્રશ્ન કિયૌ તાહિ છિન પ્રભુ સૌં ।
કિહિ કારણ આગમન ભયો સો કહો કિન હમસોં ।।
રાસ ક્રીડા કરૌ કહી યહ બાત જતાવન ।
નહિ યામેં કછુ દોસ યહી હૈ હમરી કામન ।।

તામ્ર પત્ર મેં મુહર કરૌ સબરે તુમહૂં કિન ।
કૈ કછુશંકા યો કરૌ મેટૂં યાહિ છિન ।।
અપની-અપની મુહર સબી કર ગયે દેસ કૂઁ ।
માનત રૈહૈં સદા મોક્ષદાતા હૈ હમકૂં ।।

સબહી દેખત ગુપ્ત મુકટ મૌ તા હી અરસા ।
જૈ-જૈ નભ ધુનિ ભઈ સુરન કરી પુષ્પન બરસા ।।
તબ સ્વામી હરિદાસ કહી અબ દેર કરત કિત ।
છિન પલ હમકોં કોટિ-કલ્પ સમ બીતત હૈ ઇત ।।

માથુર ભક્તિ પરાયણ તિનકૌં નિકટ બુલાયે ।
પરમ મતો હમ દેઉ અષ્ટ બાલક મન ભાયે ।।

તાહિ છિન તે ગયે ધાયે બાલક લૈ આયે ।
કો કહૈં તિનકી મહિમા જો શ્રી પ્રભુ ને બુલાયે ।।

શ્રી સ્વામી હરિદાસ કિયૌં સિંગાર પ્રિયા કૌ ।
શ્રી આચારજ દેવ કિયો મોહન રસિયા કૌ ।।
પુનિ વૃંદાવન આય રાસ મણ્ડલ નિરમાન્યૌ ।
વેદ પુરાણ શાસ્ત્ર તંત્રન જા રીત બરવાન્યૌ ।।
તા મધિ જુગલ કિસોર થાપિ પુનિ સખિ પધરાઈ ।
આપુન કિયો સમાજ કૃષ્ણ લીલા તબ ગાઈ ।।
મહારાસ તબ કિયો લાલ ભયે અંતરધ્યાના ।
વન-વન ઢૂંઢત ફિરૈ સખી કર-કર ગુન ગાના ।।

મુખિયા સખી જુ સંગ તાહિ પિય છોડ ગયે જબ ।
જો જો જહઁ કી તહાં રહી પાઈ નાંહી તબ ।।
રસિક જનન કે હૃદય ભયો અતિ હી દુઃખ દાવન ।
પ્રથમ ગ્રામ મેં ભયો મક્ષિતા કો યહ પાતન ।।
માથુર અપને પુત્રન કો માંગન જબ આયે ।
તબ ઉનસોં યહ કહ્યૌ નહીં હમકૂં કહૂં પાયે ।।

અતિ ઝગરૌ તિન કિયો તબૈ યહ કરી વારતા ।
તુમ્હરે પુત્રન કો જૂ ભઈ હૈ તદાકારતા ।।
હમકો નિશ્ચૈં હોય કરો સોઈ કૃત્ય ગુસાંઈ ।
તબ ઉનકે સબ પુત્ર લાલ ઢિંગ દિયે દિખાઈ ।।

અપને-અપને ઘરન માથુરન કિયે પલાયન ।
ઘમંડ દેવ સો કહ્યૌ સુનોં ગુરુ ભક્તિ પરાયન ।।
તુમ બ્રજ કે બાસીન માંહિ કીજૈં શિષ શાષા ।
તિન સૌં યહ મારગ જુ ચલાઓ સુની મમ ભાષા ।।

ઐસે આજ્ઞા દઈ ગયે અપને-અપને થલ ।
પુન ઘમંડસ્વામી ગયે ગ્રામ કરહલા માહિ ।
ઉદયકરણ અરુ કેમકરણ દ્વૈ ભ્રાતા દ્વિજવર ।
તિનહીં સોં યહ રાસ પ્રથા ચલી સુનૌ રસિકવર ।।

(રાસ સર્વસ્વ, દ્વિતીય નિધિ, સ્વામી રાધાકૃષ્ણ)

નારાયણ ભટ્ટજીની રાસાનુકરણ પ્રિયતા

ઠૌર ઠૌર રાસ કે વિલાસ લૈ પ્રકટ કિયે ।
જિયેં યોં રસિક જન કોટિ સુખ પાએ હૈં ।।

ભક્તમાળના ટીકાકાર પ્રિયાદાસજીના અનુસાર નારાયણ ભટ્ટજી કેવળ રાસપ્રેમી જ ન હતા પરંતુ રાસના વિલાસને અનેક સ્થળોએ પ્રગટ પણ કરતા હતા, તેથી રસવેદી જનોમાટે કોટિશઃ આનંદના ભાજન બની ગયા હતા.

સંવત ૧૬૫૦-૯૮માં વિદ્યમાન ભક્ત શિરોમણી ધ્રુવદાસજીએ પણ શ્રી નારાયણ ભટ્ટજીની રાસાનુકરણપ્રિયતાનું નિમ્નલિખિત દુહામાં સમર્થન કર્યું છે. તેમણે લખ્યું છે-

ભટ્ટ નારાયણ અતિ સરસ બ્રજ મણ્ડલ સોં હેતુ ।
ઠૌર ઠૌર રચના કરી પ્રકટ કિયૌ સંકેત ।।

અથ નારાયણાચાર્ય શ્રીકૃષ્ણાજ્ઞાપ્રણોદિતઃ ।
બ્રાહ્મણં સુન્દરં બાલં કૃષ્ણવેષંવિધાય ચ ।।
રાધાવેષં તથા ચૈકં ગોપીવેષાંસ્તથાપરાન્ ।
રાસલીલાં સ સર્વત્ર કારયામાસ દીક્ષિતઃ ।।
કુત્રચિત્ ગોપવેષેન ગોવત્સાન્ચારયન્ હરિઃ ।
તથા લીલાં ચ કૃતવાન્ કાલીયદમાદિજામ્ ।।
સાંઝિકા રચનં કાપિ રાધાગોપિભિરેવ ચ ।
અન્યા બહુવિધા લીલાયા યાઃ કૃષ્ણશ્ચકારહ ।।
સર્વ લીલાનુકરણં કારયામાસ નારદઃ ।
યન્નાપુર્દેવતાઃસર્વે મુનયો વા ધૃતવૃતાઃ ।।
તત્પ્રાપુર્મનુજાઃ સર્વે લીલાદર્શનજં સુખમ્ ।
યસ્મિન દિને યદક્ષે વા કૃષ્ણો લીલાં ચકારહ ।।
તસ્મિન દિને સ્થલે તસ્મિન ભટ્ટો ભાસ્કર સંભવઃ ।
કારયામાસ તાં લીલાં વાલૈઃ કૃષ્ણદિવેષિભિઃ ।।
તતઃ પ્રભૃતિ સર્વત્ર વનેષૂપવનેષુ ચ ।
બ્રજે તીર્થેષુ કુઞ્જેષુ રાસલીલા વભૂવહ ।।

ત્યારબાદ આચાર્ય નારાયણજીએ, જેઓ શ્રીકૃષ્ણ આજ્ઞાથી પ્રેરિત હતા, સુંદર બ્રાહ્મણ બાળકને કૃષ્ણ વેષમાં તથા રાધા વેષમાં તથા અન્ય બાળકોને ગોપી વેષમાં સજાવીને સર્વત્ર રાસલીલાઓ કરાવી. ક્યાંક-ક્યાંક ગોપવેષમાં ગો-વત્સોને ચરાવતા કૃષ્ણલીલા કરાવી, તો ક્યાંક કાલીય દમનાદિ તથા સાંઝી લીલાઓની પણ રચના

કરાવી, અને અનેક પ્રકારની જે લીલાઓ કૃષ્ણએ કરી હતી, તે બધી લીલાઓનું અનુકરણ કરાવ્યું કારણકે તેઓ નારદ હતા. જે લીલાઓને વ્રતધારી મુનિ અને દેવતા પ્રાપ્ત ન કરી શક્યા તે લીલાઓના દર્શનનું સુખ સૌ મનુષ્યોએ પ્રાપ્ત કર્યું. જે દિવસે જેવી લીલા શ્રીકૃષ્ણે કરી હતી, તે દિવસે તે જ સ્થળ પર ભટ્ટજીએ એ જ લીલાને કૃષ્ણલીલામાં દક્ષ બાળકો દ્વારા દર્શાવી, ત્યારથી સર્વત્ર વનોમાં તથા ઉપવનોમાં, તીર્થોમાં અને કુંજોમાં રાસલીલા પ્રારંભ થઈ. વલ્લભ કુળની યાત્રાઓમાં પણ કૃષ્ણ લીલા સ્થળીઓ પર રાસલીલા અથવા દાનલીલા વગેરેનું આયોજન થાય છે.

કરહ વન પ્રતિવનોમાં આવે છે. આમ કરહલા રાસનું પ્રાકટ્ય સ્થળ માનવામાં આવે છે. કરહલા નામનું એક કારણ એ પણ છે કે ચન્દ્રાવલીની નાનીનું નામ પણ 'કરાલા' હતું અને આ ગામ તેમનું જન્મસ્થળ હતું. વ્રજમાં શ્રીનાથજીની ઘણા સ્થાનો પર બેઠકો છે, જ્યાં તેઓ શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજી સાથે પધાર્યા હતા : અહીં પણ શ્રીનાથજી અને મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક છે. સાથે ગોસાંઈજી અને ગોકુળનાથજીની પણ બેઠક છે. અહીં કંકણ કુંડ છે. તેથી તેને કંકણપુર પણ કહે છે. અહીં કૃષ્ણને મહારાસનું કંકણ બાંધવામાં આવ્યું હતું. વિવાહનું કંકણ પણ બાંધવામાં આવ્યું હતું. આકાશથી ઉતરેલ મુકુટ જેનાથી ઘમંડ દેવજીએ રાસ પ્રચલિત કર્યો હતો, તે પણ અહીં બેઠકથી આગળ હવેલી (મડોઈ)માં છે, જે વર્ષમાં એક દિવસ બતાવવામાં આવે છે. શ્રી વજ્રનાભજીની સમાધિ પણ અહીં છે, જે પૂર્વકાળમાં જીર્ણ-શીર્ણ અવસ્થામાં હતી, જેનો 'શ્રીમાન વિહારીલાલજી'ની કૃપાથી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો.

ચિત્રલેખાજી

અથ ચિત્રલેખાસ્થાનવર્ણનમ્ ।

વિષ્ણુયામલે

ચિકિત્સપુરમાખ્યાતં વ્રજોદારોડવસત્તદા ।
તસ્ય ભાર્યાત્રયં જાતં ઇન્દી કાઞ્ચી ત્વવન્તિકા ।
જજ્ઞેડવન્તિકાયાઃ કન્યા ચિત્રલેખા મનોહરા ।
ભાદ્રે માસિ સિતે પક્ષે દશણી નવમીયુતા ।
ઉત્તરાષાઢસંયુક્તા પૂર્વવિદ્ધા તુ કારયેત્ ।
સખી ચતુર્થી સંભૂતા ગર્ગાચાર્યેણ ભાષિતા ।
સૂર્યોદયાત્સમારભ્ય ઘટિકાઃ પંચષાઃ ગતાઃ ।
તત્સમયે ચિત્રલેકાજન્મોતવોડભવત્તથા ।
કદાનુ સમયે પ્રાપ્તે સાંકરીખોરિમાગતઃ ।
ચિત્રલેખાં સંજગૃહે ચુમ્બનાલિઙ્ગનાદિભિઃ ।

પાદ્મે

દેવગન્ધર્વ્વગાનં ચ સંજાતં હિ વિવાહતઃ ।
ચિત્રલેખા ડસખીભિશ્ચ ત્વષ્ટાભિઃ સ્વગૃહં ગતા ।।

ગૌતમીયે

રંગવલ્લી સુવલ્લી ચ પદ્મવલ્લી મરીચિકા ।
શિવનીલી સતી સાધ્વી બ્રહ્મવલ્લી ઇતિ સ્મૃતાઃ ।।

ઇતિ ચિત્રલેખાયા ઉપસખ્યઃ, ભાષાયામન્યનામાનિ। ચિત્રલેખાયાઃ શ્રીકૃષ્ણસ્ય દક્ષિણે ભાગે સ્થાનમ્ । ઇત્યાદૌ ચિત્રલેખાયાઃ સ્થાન વર્ણનમ્ ।

ચિકિત્સપુર (વર્તમાનમાં ચિકસૌલી) માં વ્રજોદાર નામના ગોપ રહેતા હતા. તેમની ત્રણ પત્નીઓ હતી- ઇન્દી, કાંચી, અવંતિકા. તેમને ત્યાં અવંતિકાના ઉદરે ચિત્રલેખા નામની મનોહરા કન્યા ઉત્પન્ન થઈ. ભાદરવા માસના શુક્લપક્ષે ઉત્તરાષાઢા નક્ષત્ર નવમીથી યુક્ત દશમી તિથિ હતી, અહીં પૂર્વવિદ્ધા ગ્રહણ કરવી જોઈએ. આમાં

ગર્ગાચાર્યજી દ્વારા ભાષિત ચતુર્થી સખી ચિત્રલેખા પ્રકટ થયા. સૂર્યોદયકાળથી ૫-૬ ઘટી વ્યતીત થયે તેમનો જન્મોત્સવ થયો.

કોઈક સમયે તેઓ સાંકરી ખોરમાં આવ્યા, ત્યાં તેમના વિવાહ સમયે દેવ-ગંધર્વોએ ગાન કર્યું. અનંતર ચિત્રલેખા પોતાની આઠ સખીઓ સાથે ઘરે આવ્યા.

ગૌતમીયે તંત્રાનુસાર તેમની ૮ સખીઓના નામ

રંગવલ્લી, સુવલ્લી, પદવલ્લી, મરીચિકા, શિવનીલી, સતી, સાધ્વી, બ્રહ્મવલ્લી. આ ચિત્રલેખાજીની ઉપસખીઓ છે, લોકભાષામાં તેમના અન્ય નામો પણ છે. ચિત્રલેખાજીનું સ્થાન શ્રીકૃષ્ણના દક્ષિણમાં છે.

અહીની વિચિત્ર લીલા નાગરીદાસજીએ લખી છે. ક્યારેક નંદલાલે લીલા ચણા ચોર્યા હતા. ખેતરવાળીએ ગાળો આપી, પરંતુ પ્રેમવશ સ્વયં ગહવર વનમાં ચણા ફોલીને ખવડાવવા લાગી ગઈ. લીલા નિત્ય છે તેથી મહાત્માઓનો અનુભવ સત્ય હોય છે. શ્રીનાથજીએ પણ ચતુર્ભુજ દાસજી સાથે માખણચોરી કરી હતી.

ચિકસૌલી કે ચના ચુરાયે ।
ગારી દૈ દૌરી રખવારિન ગ્વારિન સહિત ગુપાલ ભજાયે ।।
હરે બૂટ દાબે બગલનિ મેં સ્વાસ ભરે વન ગહ્વર આયે ।
કહત આતુરે બોલ લોલ દૃગ હંસત હંસત સબ બર ન ચઢાયે ।।
હરે ચાવલ, કોઉ હોરા કરિ વન કી લીલા લાલ લુભાયે ।
'નાગરિયા' બૈઠી છકિ હારી છીલ-છીલ નન્દલાલહિ ખ્વાયે ।।

તુંગદેવીજી

અથાસાં તુંગદેવ્યાદીનાં નિવાસસ્થાનવર્ણનમ્

સમ્મોહનતંત્રે

કર્મ ચ પુરી નામ પૂર્વભાગે પુરસ્ય ચ ।
અંગદૌ નામ ગોપશ્ચ તત્રાવાસં કરોતિ યઃ ।
બ્રહ્મકર્ણી પ્રિયા તસ્ય દધિમન્થન તત્પરા ।
તયોશ્ચ કન્યકા જાતા તુંગદેવી મહાપ્રભા ।
ભાદ્રમાસે સિતે પક્ષે પઞ્ચમી ષષ્ટિસંયુતા ।
સ્વાતિનક્ષત્રસંયુક્તાભૌમવારેણ સંયુતા ।
પરવિદ્ધા સદા કાર્ય્યા પૂર્વવિદ્ધાં ન કારયેત્ ।

સૂર્યોદયાત્સમારભ્ય ઘટિકાઃ યાન્તિ દ્વાદશ ।
યત્ક્ષણે તુંગદેવ્યાસ્તુ જન્મોત્સવમકુર્વત ।।

બ્રહ્માડે

અસ્યાઃ સખ્યઃ સમાખ્યાતાઃ બ્રહ્મણા નિર્મ્મિતાઃ સ્વયમ્ ।
વીરેદવી ભદ્રદેવી મનોદેવી મનોત્સવા ।
કામદેવી નૃદેવી ચ સ્નેહદેવી મનોરમા ।
ઇત્યષ્ટૌ કથિતા સખ્યઃ કામદેવેન પૂરિતાઃ ।
તુંગદેવ્યાઃ સ્થાનં શ્રીરાધાયાઃ નિકટે ।
શ્રીકૃષ્ણસ્ય વામભાગે નિવેશનમ્ ઇતિ તુંગદેવ્યાઃ સ્થાનવર્ણનમ્ ।।

સમ્મોહનતંત્રાનુસાર

વૃષભાનુપુરના પૂર્વ ભાગમાં કમઈ નામનું ગામ છે, જ્યાં અંગદ નામના ગોપ અને તેમની પત્ની નામે બ્રહ્મકર્ણી નિવાસ કરતા હતા. આ દંપતિને ત્યાં તુંગદેવી નામની શુભલક્ષણા કન્યા ઉત્પન્ન થઈ. ભાદરવા માસની શુક્લપક્ષ ષષ્ઠીયુક્ત પંચમી તિથિએ સ્વાતિ નક્ષત્ર અને મંગળવાર હતો. અહીં સર્વદા પરવિદ્ધા ગ્રહણ કરવી પૂર્વવિદ્ધા નહીં.

સૂર્યોદયકાળથી ૧૨ ઘટી વ્યતીત થવા પર તુંગદેવીજીનો જન્મોત્સવ થયો.

બ્રહ્માંડ પુરાણાનુસાર

બ્રહ્મા દ્વારા તેમની આઠ સખીઓ જણાવવામાં આવી છે-

વીરદેવી, ભદ્રદેવી, મનોદેવી, મનોત્સવા, કામદેવી, નૃદેવી, સ્નેહદેવી અને મનોરમા, આ આઠ સખીઓ જણાવવામાં આવી છે.

તુંગદેવીજીનું સ્થાન શ્રીજીની નિકટ શ્રીકૃષ્ણના વામભાગમાં છે.

રંગદેવીજી

અથરંગદેવ્યાઃ સ્થાનવર્ણનમ્

વિષ્ણુપુરાણે

ડભારો નામ ગ્રામશ્ચ દક્ષિણયાં દિશિ સ્થિતઃ ।
વીરભાનોઃ સ્થિતિસ્તત્ર સર્વગોપે સુધી વરઃ ।
સૂર્ય્યાવતી ભવત્તસ્ય ભાર્য્યા ચ ગુણવત્યપિ ।
ગુણવત્યાઃ જનિ કન્યા રંગદેવીતિ વિશ્રુતા ।
ભાદ્રે માસિ સિતે પક્ષે ત્રયોદશ્યાં રવેર્યુતા ।
પૂર્વવિદ્ધા સદા ગ્રાહ્યા ધનિષ્ટાર્ક્ષસંયુતા ।
ભૃગુવારેણ સંયુક્તા રંગદેવ્યાશ્ચ જન્મનિ ।
સૂર્ય્યોદયાત્ સમારભ્ય ઘટિકા એકવિંશિતિઃ ।
તત્ક્ષણે રંગદેવ્યાસ્તુ જન્મોત્સવકુર્વ્વત ।।

દેવીપુરાણે

અસ્યાઃ ત્વષ્ટૌ ઉપાસખ્યઃ શ્રીદેવી કમલાસના ।
વલિદેવી મહાદેવી રંજના કલિરંજના ।
કામદેવી કલાકાંતા સર્વસૌન્દર્ય્યગર્વ્વિતાઃ ।
રંગદેવ્યાઃ સ્થાનં શ્રીકૃષ્ણાસ્ય વામભાગે ।
શ્રીરાધાયાઃ નિકટે નિવેશનસ્થાનમ્ ।
ઇત્યાદૌ રંગદેવ્યાઃ સમ્યાઃ સખ્યાઃ સ્થાનવર્ણનમ્ ।।

વિષ્ણુપુરાણાનુસાર

દક્ષિણ દિશામાં ડભારા નામનું ગામ છે. અહીં વીરભાનુ નામના ગોપ રહેતા હતા, તેઓ બુદ્ધિમાન હતા, તેમની પત્નીનું નામ સૂર્યવતી હતું. તે ઘણી ગુણવતી હતી. તેમનાથી રંગદેવી નામની સુંદર કન્યા ઉત્પન્ન થઈ.

ભાદરવા માસની શુકલ પક્ષ ત્રયોદશીની શુભ તિથિ હતી. અહીં પૂર્વ વિદ્ધા ગ્રહણ કરવી જોઈએ. ધનિષ્ઠા નક્ષત્રમાં શુક્રવારે તેમનો જન્મ થયો. સૂર્યોદયકાળથી ૨૧ ઘડી વ્યતીત થવા પર શ્રીરંગદેવીજીનો જન્મોત્સવ થયો.

દેવીપુરાણ અનુસાર

તેમની ૮ ઉપસખીઓના નામ- શ્રીદેવી, કમલાસના, વલિદેવી, મહાદેવી, રંજનાયે કલિરંજના, કામદેવી, કલાકાન્તા. તે બધા જ સૌંદર્યગુણોથી યુક્ત હતા. રંગદેવીનું સ્થાન શ્રીકૃષ્ણના વામભાગમાં છે. તેઓ શ્રીજીની નિકટ બિરાજે છે.

ડભારા નામનું કારણ એ છે કે શ્રીકૃષ્ણએ શ્રીરાધાજીનું અશ્રુપૂર્ણ નેત્રોથી (ડબડબાતી આંખોથી) દર્શન કર્યું.

ડભરારો ગ્રામ એઈ કૃષ્ણેર એ ખાને ।
ભરિલ નયન અશ્રુ રાધિકા દર્શને ।।

(ભક્તિ રત્નાકર)

અહીં નૌબારી ચૌબારી છે, 'બ્રજપ્રેમાનંદ સાગર' અનુસાર શ્રીજી અહીં ઢીંગલા-ઢીંગલી રમતા હતા. 'કબહૂં નૌબારી ચૌબારી', અહીં પાસે જ 'સૂર્યકુંડ' છે, જે સ્વામિનીજી દ્વારા પ્રકટિત છે કારણ કે સૂર્યનું આધિદૈવિક સ્વરૂપ ભાનુ લાડલીજીનું જ છે. વિઠ્ઠલનાથજીએ 'ત્રિભંગી' નામક ગ્રંથમાં લખ્યું છે કે નૌબારી ચૌબારી દેવીઓ હતી, કેટલીક ખંડિત મૂર્તિઓ પણ ત્યાં પડી છે. પાસે જ 'શ્યામ શિલા' છે, જ્યાં બેસવા માટે વિશાળ ખડકોના ખંડ છે જ્યાં શ્રીકૃષ્ણ બલરામ ગૌચારણ કરતાં સમયે બેસતા અને શ્રીકૃષ્ણને અહીં જ ઢીંગલીઓ સાથે રમતી રાધાજી દેખાતા હતા. પાસે જ 'રત્નકુંડ' છે જેની કથા નંદગ્રામના મોતીકુંડ સાથે સંબંધિત છે.

રત્નભૂમિમયે તીર્થે રત્નકુણ્ડસમાહ્વય ।
કૃષ્ણસ્નપનસમ્ભૂત રત્નોદ્ભવ નમોડસ્તુ તે ।।

(બ્ર.ભ.વિ.)

રત્નમયી ભૂમિવાળા તીર્થ, હે રત્નકુંડ નામવાળા, જે કૃષ્ણના સ્નાનથી ઉત્પન્ન, રત્નોથી સંભૂત છે, આપને નમસ્કાર છે.

'રત્નોદ્ભવ'નો અર્થ છે- રત્નોની ઉત્પત્તિનું સ્થાન અથવા જેનાથી રત્નો ઉત્પન્ન થયા.

મુક્તાકુંડથી જ્યારે મોતી આવ્યા, તો વૃષભાનુજી અને કીર્તિજી ચિંતિત થયા કે અમે જે સગાઈમાં મોતી મોકલ્યા હતા, તેનાથી વધુ સુંદર નંદરાયજીએ મોકલ્યા છે, તેમની આ ચિંતાને જોતાં શ્રીજીએ અહીં એ મોતીઓથી રત્નો ઉત્પન્ન કર્યા અને તે ઉત્પન્ન રત્નોથી શ્રીજીનો વિવાહ સંપન્ન થયો. તેથી આનું નામ રત્નકુંડ પડ્યું. રત્નકુંડ અને મુક્તાકુંડની લીલાથી શ્રી રાધાકૃષ્ણ વિવાહ લીલા સ્પષ્ટ થઈ જાય છે. આ પરંપરા આજ સુધી નંદગ્રામ અને બરસાના ચાલી આવે છે.

સુદેવીજી

અથ સુદેવીનિવાસસ્થાનવર્ણનમ્

પાદ્મે

સ્વર્ણપુરે સમાખ્યાતે પશ્ચિમાયાં દિશિ સ્થિતે ।
ગૌરભાનુર્મહાગોપસ્તસ્ય ભાર્યા કલાવતી ।
'સ્વર્ણાચલમિતિ ખ્યાતા પર્વતઃ સંસ્થિતઃ સ્વયમ્ ।
તસ્યોપરિ ગ્રામો બસત્ સંસ્થાનં રાસમણ્ડલે' ।
તયોઃ કન્યા સમુત્પન્ના સુદેવી નામ વિશ્રુતા ।
ભાદ્રે માસિ સિતે પક્ષે ચતુર્થી પઞ્ચમીયુતા ।
પરવિદ્ધા સદા કાર્ય્યા પૂર્વવિદ્ધા ન કર્હિચિત્ ॥
ચિત્રાનક્ષત્રસંયુક્તા શોભનેન સમન્વિતા ।
સોમવારસમાયુક્તા સુદેવીજન્મવાદિની ।
ભાસ્કરોદયભારભ્ય વ્યતીતે તુ ઘટીદ્વયે ।
તત્ક્ષણે સુષ્યુદેવ્યાસ્તુ જન્મોત્સવમકુર્વત ।

નારદપઞ્ચરાત્રે

અસ્યાઃ સુષ્યુદેવ્યા ઉપાસખ્યસ્ત્વષ્ટૌ પ્રકીર્ત્તિતાઃ ।
રતિકીડા વિશાલા ચ અન્તિકા કામલાલિતા ।
નિવરાજી મહાલીલા કોમલાંગીતિવિશ્રુતાઃ ।

અસ્યાઃ સુદેવ્યા સ્થાનં શ્રીકૃષ્ણસ્ય ।
વામ ભાગે શ્રીપ્રિયાયાઃ શ્યામાયાઃ નિકેટ સ્થાનમ્ ।
એતાશ્ચ પટ્ટરાજ્ઞ્યશ્ચ અષ્ટૌ સખ્યશ્ચ તાઃ સ્મૃતાઃ ।

ઇતિ સુદેવીનિવાસસ્થાનવર્ણનમ્ । અથ પટ્ટરાજ્ઞીનાં વર્ણનં સમાપ્તમ્ ।

પદ્મપુરાણ અનુસાર

પશ્ચિમ દિશામાં સ્વર્ણપુર (સોનેરી-સુનહરા) નામનું ગ્રામ છે. ત્યાં ગૌરભાનુ નામના શ્રેષ્ઠ ગોપ પોતાની ભાર્યા કલાવતી સાથે રહે છે. ત્યાં સ્વર્ણાચલ નામનો પર્વત છે. તે પર્વતની ઉપર જ ગ્રામ વસેલું હતું, તેની ઉપર દિવ્ય રાસમંડળ પણ છે.

તે ગૌરભાનુને ત્યાં કલાવતીજીના ગર્ભથી સુદેવી નામની કન્યા ઉત્પન્ન થઈ. ભાદરવા શુક્લપક્ષની પંચમી યુક્ત ચતુર્થી તિથિ હતી. અહીં પરવિદ્ધા ગ્રહણ કરવી જોઓઈએ, પૂર્વવિદ્ધા નહીં. ચિત્રા નક્ષત્રથી યુક્ત સોમવારે સુદેવીજીનો જન્મ થયો. સૂર્યોદય કાળથી બે ઘટી વ્યતીત થવા પર સુદેવીજીનો જન્મોત્સવ થયો.

નારદપંચરાત્ર અનુસાર

તેમની આઠ ઉપસખીઓના નામ-

રતિકીડા, વિશાલા, અંતિકા, કામલાલિતા, નિવરાજી, મહાલીલા, કોમલાંગી।

આ સુદેવીજીનું સ્થાન શ્રીકૃષ્ણના વામ ભાગમાં છે, તેઓ શ્રી પ્રિયાજીની નિકટ બિરાજે છે.

કવિત્ત-


ઊંચે ગાઁવ લલિતા સખી વિસાખા જૂ આજનોક મેં
ચિત્રા જૂ ચિકસૌલી મેં સબ કારજ સમ્હારે હૈં।
ચમ્પકલતા કરહલા મેં પ્રગટ ભઈ રંગદેવી
ડભારા મેં સંગ સુખ સારે મેં ।।
સુનહરા સુદેવી ઈન્દુલેખા જૂ રાકોલી મેં
તુંગવિદ્યા જૂ કમઈ ધામ ધારે હૈં।
કહત કવિ 'દેવ' શ્રી રાધા જૂ કી અષ્ટ સખીં
તિનકે ગાઁવ ધામ નામ ઉચારે હૈં ।।



ચિકસૌલી - વિહાર (માહેશ્વરી) કુંડ અને દોહિની કુંડ



ઊંચા ગ્રામ - ખિસલની શિલા, શ્રી લલિતા સખી મંદિર અને શ્રી દાઉજી મંદિર




ઊંચા ગ્રામ - દૂધ કટોરા, દહીં કટોરા સખી ગિરિ અને સમાધિ સ્થળ શ્રી નારાયણ ભટ્ટજી



ઊંચા ગ્રામ - સખી કૂપ અને ત્રિવેણી કૂપ




ઊંચા ગ્રામ - દેહ કુંડ અને કરહલા - શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી અને વિઠ્ઠલનાથજીની બેઠક





કરહલા - મુકુટ લીલા અને શ્રી રાસમંડળ





કરહલા - કંકણ (લલિતા) કુંડ અને વજનાભજીની સમાધિ



સુનહરા - શ્રી સુદેવી સખીજીનું મંદિર અને આંજનોખ - અંજન શિલા



આંજનોખ - શ્રી કિશોરી કુંડ અને ડભારા - નૌબારી ચૌબારી, સૂર્ય કુંડ



ડભારા - શ્યામ શિલા અને રત્ન કુંડ

'શ્યામ શિલા' એ સ્થળ છે જ્યાં કૃષ્ણ બલરામ ગોચારણ કરતી વખતે બેસતા અને શ્રી કૃષ્ણેને અહીંથી જ ઢીંગલીઓ સાથે રમતી શ્રી રાધા દેખાતી હતી.

અધ્યાય-૬

ચન્દ્રાવલી

રીઠૌરાનું સંસ્કૃત નામ રિન્ઠપુર છે. રિન્ઠપુરનું અપભ્રંશ છે રીઠૌરા. આ **ચંદ્રાવલી સખી**નું ગામ છે. શ્રી નારાયણ ભટ્ટજીએ તેમના ગ્રંથ **બ્રજ ભક્તિ વિલાસ**માં આ વનનું નામ **ચન્દ્રાવલી વન** બતાવ્યું છે અને રિન્ઠપુર તેમાં એક ગામ છે. આ વનને પ્રણામ કરવાનો મંત્ર શૌનકીય તંત્રમાં છે.

અનેક લીલાઓમાં ચંદ્રાવલીજીના અનેક રૂપ પ્રાપ્ત થાય છે. ધમાર હોરી લીલામાં ચન્દ્રાવલી સખીના અનેક પદો મળે છે.

વિષ્ણુરહસ્યે

રિણ્ઠપુરે સમાખ્યાતે ગોપવૃન્દૈઃ સમાવૃતે ।
વાયવ્યકોણેપશ્ચિમોત્તરયોઃ કોણે સ્થિતે ॥
સુર્ય્યભાનુર્મહાગોપસ્તસ્મિન્સુન્યવસત્તદા ।
સુમન્થા નામ ભાર્য્યા ચ તસ્ય ગોપ્યભવત્તદા ॥
ત્રાતિગુર્જરિસમ્ભૂતા સૂર્ય્યભાનુ-વિવાહિતા ।
તસ્યાસ્તુ કન્યા સમ્ભૂતા ચન્દ્રાવલી ઈતિ શ્રુતા ।
વિખ્યાતા નવમી રાજ્ઞી શ્રીકૃષ્ણસ્યાસનાર્દ્ધભાક્ ॥
તસ્મિન્કદાનુસમયે શ્રીકૃષ્ણઃ સમુપાગતઃ ।
ભાદ્રસ્ય શુક્લપક્ષે ચ દ્વિતીયા તૃતીયાયુતા ।
ઉત્તરાફાલ્ગુનીઋક્ષસંયુતા શિવયોગિની ।
રાત્રિર્ગતાશ્ચતુનાડચસ્તત્ક્ષણે જન્મભાવિની ॥
પાણિના કૃષ્ણાવન્દ્ય જલક્રીડાં ચકાર હ ।
અષ્ટાભિઃ સખિભઃ સાર્દ્ધં ગોપાલાલિંગનં કુરુ ॥
શ્રીકૃષ્ણસ્તદ્વચઃ શ્રુત્વા જગૃહે તુ સ્વપાણિના ।
ત્વયાહં તોષિતો દેવિ! યત્ર ત્વં સર્વદા સ્થિતા ।

બ્રહ્માડે

અષ્ટાભિઃ સખિભિઃ સાર્દ્ધં રમ્યા પુષ્કરિણી સ્થિતા ।
પટ્ટરાણી પૃથક્-ત્વેન યત્રાહં પુનરાગતઃ ॥

વિષ્ણુરહસ્યાનુસાર

પશ્ચિમોત્તરના મધ્ય વાયવ્ય કોણમાં, અનેક ગોપવૃંદોથી સમાવૃત રિંઠપુર (રીઠૌરા) નામના ગામમાં સૂર્યભાનુ નામના ગોપ નિવાસ કરે છે. તેમની પત્નીનું નામ સુમંથા છે જે ગુર્જર જાતિની છે. આ દંપતિની કન્યાનું નામ ચંદ્રાવલી છે, જે શ્રીકૃષ્ણની નવમી સખી છે. ભાદરવા માસના શુક્લપક્ષે તૃતીયાથી યુક્ત દ્વિતીયા તિથિ, ઉત્તરફાલ્ગુની નક્ષત્ર શિવયોગમાં ચાર ઘડી રાત્રિ વ્યતિત થવા પર તેમનો જન્મ થયો. ક્યારેક શ્રીકૃષ્ણ અહીં આવ્યા ત્યારે તેઓએ કરકમળથી શ્રીકૃષ્ણનો હાથ ગ્રહીને જળક્રીડા કરી અને પોતાની આઠ સખીઓ સાથે સાપત્ન્ય ભાવથી રહિત થઈને શ્રીકૃષ્ણને આલિંગન કર્યું. તેમના વચન સાંભળીને શ્રીકૃષ્ણે પોતાના કરમકળોથી તેમના કરકમળ ગ્રહણ કરીને કહ્યું- ''હે દેવી! હું આપના પર પ્રસન્ન છું. આપ અહીં સદાય સ્થિત રહો.''

તેમની આઠ સખીઓના નામ છે-

રાગલેખા, કલકેલિ, પાલિકા, મનોરમા, મહોત્સાહા, ઉલ્લાસિકા, પદ્માવતી, વિશાલિકા।

ततो चंद्रावलिवन प्रार्थना मंत्रः-

कृष्णसौख्य महोत्साह गुणरूपकलानिधे ।
चंद्रावलिनिवासाय नमस्ते कृष्णवल्लभ ।।

(शौनकीये)

'હે શ્રીકૃષ્ણપ્રિય ચંદ્રાવલી વન! આપ શ્રીકૃષ્ણને સૌખ્ય અને ઉત્સાહ પ્રદાન કરનારા છો. અનેક ગુણ-રૂપ-કલા નિધિ છે અને ચંદ્રાવલીના નિવાસ સ્થાન છે, આપને પ્રણામ છે.

ततो चंद्रवलिसरः स्नानाचमन प्रार्थनामंत्रः-

पीतरक्तसितस्यामजलक्रीडामनोरमे ।
विमलोत्सवरूपाय चंद्रासरसे नमः ।।

''હે વિશુદ્ધ ઉત્સવ સ્વરૂપ ચંદ્રાવલી સરોવર! આપ જળક્રીડા માટે ઉપયુક્ત પીત્ત, રક્ત, શ્વેત વર્ણના જળથી યુક્ત છો. હે મનોરમ સરોવર! આપને પ્રણામ છે.''



રિઠોરા - રાધા વિનોદ બિહારી મંદિર અને ચંદ્રાવલી સખી મંદિર

અધ્યાય-૭

વ્રજાંગનાઓના વિવિધ જૂથો

गोप्यस्तु श्रुतयो ज्ञेया ऋषिजा गोपकन्यकाः ।
देवकन्याश्च विप्रेन्द्र! न मानुष्यः कथञ्चन ।।

(પ.પુ.)

ગોપીઓના શરીર પ્રાકૃત નહોતા અને તેઓને માનુષી સમજવા જ અપરાધ છે.

तमेव परमात्मानं जारबुद्ध्यापि सङ्गताः ।
जहुर्गुणमयं देहं सद्यः प्रक्षीणबन्धनाः ।।

(ભા. ૧૦/૨૯/૧૧)

જોકે ગોપીઓનો શ્રીકૃષ્ણમાં આસક્તિભાવ હતો પરંતુ વસ્તુશક્તિ ભાવની અપેક્ષા નથી રાખતી. ગોપીઓએ જેમની સાથે પ્રેમચેષ્ટાઓ કરી, તેઓ તો સ્વયં ભગવાન જ હતા. તેથી તેઓએ પાપ-પુણ્યરૂપ કર્મના પરિણામસ્વરૂપ બનેલા ગુણમય શરીરનો ત્યાગ કરીને મહારાસને યોગ્ય એવા દિવ્ય ચિન્મય દેહને પ્રાપ્ત કરી લીધો.

वेदनागकोशभूमिं स्वधाम्नः श्रीहरिः स्वयम् ।
गोवरर्द्धनं च यमुनां प्रेषयामास भूपरि ।।

(ગ.સં.ગો.ખં. ૩/૩૩)

श्रुतरूपा ऋषिरूपा मैथिलाः कोशलास्तथा ।
अयोध्यापुरवासिन्यो यत्र सीतापुलिंदकाः ।।

(ગ.સં.ગો.ખં. ૪/૧૬)

શ્રીકૃષ્ણની સાથે જ ૮૪ કોસ વ્રજભૂમિ અને ગોલોક પરિકર તથા ગોપીઓના વિભિન્ન જૂથ પણ વ્રજભૂમિમાં યુગલ રસની પ્રાપ્તિ માટે આવ્યા, જેમાં શ્રુતિઓ, રામાવતારના પરિકર-જનકપુરની સ્ત્રીઓ, કૌશલ પ્રાંતની સ્ત્રીઓ, અયોધ્યાવાસિની નારીઓ, યજ્ઞસીતાઓ, પંચવટીની ભીલડીઓ, દંડક વનના ઋષિમુનિઓ, જાલંધરનગરની સ્ત્રીઓ, વૈકુંઠની રમા સહચરીઓ, શ્વેતદીપની સખીઓ, ઊર્ધ્વ વૈકુંઠની દેવીઓ, લોકાલોક પર્વતવાસિની દેવીઓ, સામુદ્રી લક્ષ્મીની સખીઓ, યજ્ઞાવતારથી મોહિત દેવાંગનાઓ, ધન્વંતરિ અવતારથી મોહિત ઔષધિઓ, મત્સ્યાવતારથી મોહિત સામુદ્રી કન્યાઓ, પૃથુ મોહિતા બર્હિષ્મતી પુરીની સ્ત્રીઓ, નર-નારાયણ વરથી અપ્સરાગણ, વામનાવતાર મોહિતા સુતલ લોકની સ્ત્રીઓ, શેષ મોહિતા નાગકન્યાઓ વગેરે.

શ્રીધામ વૃંદાવનમાં શ્યામસુંદરે પોતાના મધુર રસાશ્રયી ભક્તો પર વિશેષ અનુગ્રહ કરવા માટે સર્વ લીલા શિરોમણી દિવ્ય મહારાસ ક્રીડા સંપન્ન કરી, જેમાં ગોપીઓના અનેક જૂથ ઉપસ્થિત થયા–

રમાવૈકુણ્ઠવાસિન્યઃ શ્વેતદીપસખીજનાઃ ।
ઊર્ધ્વ વૈકુણ્ઠવાસિન્યસ્તથાઽજિતપદાશ્રિતાઃ ।।
શ્રીલોકાચલવાસિન્યઃ શ્રીસખ્યોપિ સમુદ્રજાઃ ।
તા ગોપ્યોપિ ભવિષ્યન્તિ લક્ષ્મીપતિવરાદ્ધ વ્રજે ।
કાશ્ચિદ્દિવ્યા અદિવ્યાશ્ચ તથા ત્રિગુણવૃત્તયઃ ।
ભૂમિગોપ્યો ભવિષ્યન્તિ પુણ્યૈર્નાનાવિધૈઃ કૃતૈઃ ।।

(ગ.સં.ગો.ખં. ૫/૧,૨,૩)

આ જૂથોમાં વૈકુંઠાધિષ્ઠાત્રી દેવી શ્રી લક્ષ્મીજીની સહચરીઓ, શ્વેતદીપની સખીઓ, ભગવાન અજિત (શ્રી વિષ્ણુ)ના ચરણાશ્રિત થઈ ઊર્ધ્વ વૈકુંઠમાં નિવાસ કરનારી દેવીઓ અને શ્રી લોકાચલ પર્વતવાસિની તથા સમુદ્રથી પ્રકટિત શ્રી લક્ષ્મીજીની સખીઓ, આ સૌ ભગવાનના વરદાનથી વ્રજમાં ગોપીરૂપે પ્રકટ થઈ. પૂર્વકૃત અનેક સુકૃતોના પ્રભાવથી કોઈ દિવ્ય, કોઈ અદિવ્ય અને કોઈ ત્રિગુણ વૃત્તિવાળી દેવીઓ વ્રજમાં ગોપી થઈ–

નીતિવિન્માર્ગદઃશુક્લઃ પતંગો દિવ્યવાહનઃ ।
ગોપેષ્ટશ્ચ વ્રજે રાજન્નાતા ષડ્વૃષભાનવઃ ।।
તેષાં ગૃહેષુ સંજાતા લક્ષ્મીપતિવરાત્પ્રજાઃ ।

(ગંસં.મા.ખં. ૧૧/૨)

ચિન્તયન્ત્યઃ સદા શ્રીમદ્ગોવિન્દચરણામ્બુજમ્ ।
શ્રીકૃષ્ણસ્ય પ્રસાદાર્થં તાભિર્માઘવ્રતં કૃતમ્ ।।
માઘસ્ય શુક્લપંચમ્યાં વસન્તાદૌ હરિઃ સ્વયમ્ ।
તાસાં પ્રેમપરીક્ષાર્થં કૃષ્ણો વૈ તદ્ગૃહાન્ગતઃ ।।

(ગં.સં.મા.ખં. ૧૧/૫.૬)

આ સૌ દેવીઓ બરસાનાના સમીપવર્તી ગામોમાં નીતિવિત્, માર્ગદ, શુક્લ, પતંગ, દિવ્યવાહન તથા ગોપેષ્ઠ વગેરે છ વૃષભાનુઓના ઘરોમાં પ્રગટ થઈ. આ વ્રજાંગનાઓએ શ્રીકૃષ્ણની પ્રીતિ માટે મહા માસ નું વ્રત કર્યું. મહા સુદ પંચમીએ શ્યામસુંદરે યોગીનો છદ્મવેશ ધારણ કરીને તેમના પ્રેમની પરીક્ષા કરી. આ લીલા વિસ્તારપૂર્વક આ ગ્રંથના અધ્યાય–૩માં દર્શાવી છે.

કાશ્ચિદ્દિવ્યા અદિવ્યાશ્ચ તથા ત્રિગુણવૃત્તયઃ ।
ભૂમિગોપ્યો ભવિષ્યન્તિ પુણ્યૈર્નાનાવિધૈઃ કૃતૈઃ ।।

(ગં.સં.ગો.ખં.૫/૩)

वीतिहोत्रोऽग्निभुक्सांबः श्रीकरो गोपतिः श्रुतः ।
ब्रजेशः पावनः शांत उपनन्दा ब्रजेभवाः ।।
तेषां गृहेषु संजाताः कन्यका देवावाक्यतः ।
काश्चिद्दिव्या अदिव्याश्च तथा त्रिगुणवृत्तयः ।।

(ગં.સં.મા.ખં. ૧૨/૨,૪)

અન્ય દિવ્ય, અદિવ્ય, ત્રિગુણવૃત્તિવાળી દેવીઓ પૂર્વના અનેક સુકૃતોના ફળસ્વરૂપે વીતિહોત્ર, અગ્નિભુક, સામ્બ, શ્રીકર, ગોપતિ, શ્રુત, બ્રજેશ, પાવન તથા શાન્ત આદિ ૯ ઉપનંદોના ગૃહોમાં ઉત્પન્ન થઈ. સૌથી ઉત્તમ વાત તો એ છે કે આ સૌ પરમ કૃશોદરી, પરિમલ પ્રસારિણી, અમૃત નિર્ઝરિણી કીર્તિસુતા શ્રીજીની પ્રાણોપમ પ્રિય સખીઓ છે અને આ સૌએ પ્રિયા-પ્રિયતમ સાથે ફાગ-મહોત્સવ ક્રીડા (રંગપંચમી) કરી છે. રંગીલીના રંગબેરંગી ગુલાલથી રંગાયેલી દિશાઓ જ્યારે સુરભિત થઈ રહી હતી ત્યારે વ્રજમાં રંગીલા લાલ બિહારી એક દિવસ આવ્યા, આ સૌ ક્રીડોત્સુકા સખીઓએ શ્રીજીને હોલિકોત્સવની શોભા વધારવા માટે પ્રાર્થના કરી-

''હે રાધે! જેમના લલાટ અને ગાલો પર આકર્ષક વિચિત્ર પત્ર રચના છે, સંપૂર્ણ શ્રી અંગ કેશર નિર્મિત ગુલાલથી લિપ્ત છે, જેમના હાથોમાં કનક પિચારી છે અને નેત્રો ભાનુભવનના દ્વારની બહાર આપના આગમનની પ્રતિક્ષા કરી રહ્યા છે.

હરિચકોર હિત શ્રીમુખ ચન્દ્રે! આપ તો નિત્ય સહજ કૃપા કરવાવાળો સ્વભાવ ધરાવો છો. આપ શીઘ્ર આ સદનથી બહાર આવવાનો શ્રમ કરીને મુગ્ધગંધથી લુબ્ધ હરિ ભ્રમર પર કૃપા વરસાવો.''

વિદ્યુતને પણ લક્ષ્જિત કરનારી આ અનિંદ્ય સુંદરી, જેની હોઠોની લાલી બીમ્બાના ફળ જેવી છે, પિકમાળા જેવી સ્વરની સુસ્વરતા, કુસુમમાળ સમ દેહની સુગંધ છે. કરકમળોમાં ચંદન, અગર, કસ્તુરી, હળદર, કેસરના રંગબેરંગી સુગંધિત શીતળ જળના માટ ભરીને વ્રજકામીનીઓથી ઘેરાઈને પ્રિય પર રંગની છોળો ઉડાડતા બહાર આવ્યા અને બહાર આવતાં-આવતાં તો હોળીનું રંગીન યુદ્ધ છેડાઈ ગયું. રંગબેરંગી વસ્ત્રો અને રંગબેરંગી ગુલાલ. હજારો મુઠ્ઠીઓથી ઉપર ઉછળતું ગુલાલ ગગનને પણ રંગીન બનાવી રહ્યું છે. રંગીલી ગોપીઓએ રંગીલા લાલને ચારે બાજુથી ઘેરી લીધા અને હાથમાં હાથ પરોવીને જ્યારે ઉભી થઈ ગઈ તો કેદી શ્રીકૃષ્ણ આ મજબૂત સાંકળો તોડીને બહાર જઈ જ ના શક્યા, પછી તો કેદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

પહેલા મન ભરીને નીલમુખકમલ અને વિશાળ લલાટ પર ગુલાબી-લાલ-પીળો ગુલાલ લગાવ્યો, પછી ઉપરથી શ્રાવણ-ભાદરવો વરસે તેમ સેંકડો રંગ ભરેલા માટલા ઉલેચવામાં આવ્યા, પછી સ્વયં શ્રીજીએ કમલનયન શ્રીકૃષ્ણને હોળીનું સ્થૂળ કાજળ લગાવ્યું. આટઆટલું થયા પછી પણ નંદકુલ ચંદ્રનું સૌંદર્ય ઓછું નથી થતું કારણ કે તે સ્વયં જ સૌંદર્યાગાર છે. ત્યારબાદ શ્રીકૃષ્ણ ગોપાંગનાઓને ફગવા સ્વરૂપે પોતાનું નવીન પિતાંબર ભેટ આપ્યું.

મૈથિલી ગોપકન્યાઓ

સીતાસ્વયંવર ગત્વા ધનુર્ભંગં ચકાર સઃ ।
ઉવાહ જાનકીં સીતાં રામો રાજીવલોચનઃ ।।

તં દૃષ્ટવા મૈથિલાઃ સર્વાઃ પુરન્ધ્ર્યો મુમુહુર્વિધે ।
રહસ્યૂચુર્મહાત્માનં ભર્તા નો ભવ હે પ્રભો ।।

તામાહ રાઘવેન્દ્રસ્તુ મા શોકં કુરુત સ્ત્રિયઃ ।
દ્વાપરાન્તે કરિષ્યામિ ભવતીનાં મનોરથમ્ ।।

(ગં.સં.ગો.ખં. ૪/૩૬,૩૭,૩૮)

ત્રેતામાં શ્રીરામજીએ મિથિલામાં જઈને ધનુરભંગ કરીને શ્રીજાનકીજીનું પાણિગ્રહણ કર્યું, ત્યારે શ્રી રઘુનાથજીના દિવ્ય સૌંદર્યને જોઈને વિમુગ્ધ થયેલ મિથિલાપુરવાસિનીઓએ ભર્તૃભાવથી શ્રીરામને પ્રાપ્ત કરવાની મનઃકામના પ્રકટ કરી, ત્યારે પ્રભુએ તેમને ગોપી થવાનું વરદાન આપ્યું.

જુબતીં ભવન ઝરોખન્હિ લાગીં ।
નિરખહિં રામ રૂપ અનુરાગીં ।।
વિષ્નુ ચારિ ભુજ બિધિ મુખ ચારી ।
બિકટ બેષ મુખ પંચ પુરપારી ।।
અપર દેઉ અસ કોઉ ન આહી ।
યહ ઝબિ સખી પટતરિઅ જાહી ।।

(રા.ભા.કા. ૨૨૦)

શ્રીરામસ્ય વરાજ્ઞાતા નવનન્દગૃહેષુ યાઃ ।
કમનીયં નન્દસૂનું દૃષ્ટ્વા તા મોહમાસ્થિતાઃ ।।
માર્ગશીર્ષે શુભે માસિ ચક્રુઃ કાત્યાયનીવ્રતમ્ ।
ઉપચારૈઃ ષોડષભિઃ કૃત્વા દેવીં મહીમયીમ્ ।।

(ગં.સં.મા.ખં. ૩/૨,૩)

શ્રીરામચંદ્રજીના વરદાનથી તે જ મૈથિલી દેવીઓ ૯ નંદોના ઘરમાં પ્રગટ થઈ અને માગશર માસમાં યમુના તટ પર (ચીરઘાટ પર) શ્રીકૃષ્ણને ભર્તૃભાવથી પ્રાપ્ત કરવા માટે તેઓએ કાત્યાયની વ્રત કર્યું, જેમાં પ્રતિદિન બ્રહ્મ મુહૂર્તમાં યમુનામાં સ્નાન કરીને ષોડશોપચારથી રેતીથી નિર્મિત મા કાત્યાયનીની પ્રતિમાનું તેઓ અર્ચન કરતી હતી અને પ્રાર્થના કરતી હતી કે કૃષ્ણ અમારા પતિ બને–

કાત્યાયનિ મહામાયે મહાયોગિન્યધીશ્વરિ ।
નન્દગોપસુતં દેવિં પતિં મે કુરુ તે નમઃ ।।

(ભા. ૧૦/૨૨/૪)

એક દિવસ તે વ્રજાંગનાઓ સ્નાનકાળમાં વિવસ્ત્રા થઈને ગળાડૂબ જળમાં અવસ્થિત થઈ પરસ્પર જળક્રીડા કરવા લાગી. તે સમયે શ્યામસુંદર તેમના વસ્ત્રો ચોરીને કદંબની ડાળ પર ચઢી ગયા. આ બાજુ કિનારા પર વસ્ત્રો ન દેખાતાં તે દેવીઓ વિસ્મિત થઈ ગઈ, ત્યારે તેમની દૃષ્ટિ નંદનંદન પર પડી અને તે વસ્ત્ર પાછા મેળવવા યાચના કરવા લાગી.

શ્યામસુન્દર તે દાસ્યઃ કરવામ તવોદિતમ્ ।
દેહિ વાસાંસિ ધર્મજ્ઞ નો ચેદ્ધ રાજ્ઞે બ્રુવામહે ।।

(ભા. ૧૦/૨૨/૧૫)

''હે શ્યામસુંદર! અમે તમારી દાસીઓ છીએ, જે તમે કહેશો તે અમે કરીશું, તમે તો ધર્મજ્ઞ છો, અમને ન સતાવો, અમારા વસ્ત્રો અમને પાછા આપો, નહીં માનો તો અમે નંદબાબાને કહી દઈશું.''

શ્યામસુંદરે કહ્યું- ''જો તમે મારી દાસીઓ છો તો હું જેમ કહું તેમ કરો. જળથી બહાર આવીને પોતપોતાના વસ્ત્રો લઈ લો.'' ઠંડીમાં ઠુંઠવાતા એ દેવીઓએ પોતપોતાના વસ્ત્રો ગ્રહણ કર્યા. શ્યામસુંદરે તેમના પ્રેમાભિપ્રાયને સમજીને શીઘ્ર તેમના મનોરથ પૂર્ણ કરવાનું આશ્વાસન આપ્યું.

કૌશલ પ્રાંતની દેવીઓઃ

માર્ગે ચ કૌસલા નાર્યો રામં દૃષ્ટવાઽતિસુન્દરમ્ ।
મનસા વવ્રિરે તં વૈ પતિં કન્દર્પમોહનમ્ ।।
મનસાઽપિ વરં રામો દદૌ તાભ્યો હ્યશેષવિત્ ।
મનોરથં કરિષ્યામિ વ્રજે ગોપ્યો ભવિષ્યથ ।।

(ગ.સં.ગો.ખં.૪/૪૧,૪૨)

શ્રી જાનકીજીની સાથે રથ પર સવાર થઈને શ્રીરામ જ્યારે મિથીલાથી કૌશલપુર તરફ રવાના થયા, ત્યારે કૌશલ જનપદની સ્ત્રીઓએ શ્રીરામના મંદસ્મિત મુખમંડળની આભા જોઈને, તેમના કંદર્પ કોટિ દિવ્ય શરીરને જોઈ મનમાં ને મનમાં તેમને પતિસ્વરૂપે માની લીધા, ત્યારે સર્વજ્ઞ શ્રીરામજીએ તેમના મનોગત ભાવોને જાણીને તેમને દ્વાપર યુગમાં ગોપી સ્વરૂપે પ્રગટ થવાનું અને તેમના સમસ્ત મનોરથોને પૂર્ણ કરવાનું વરદાન આપ્યું.

કૌશલાનાં ગોપિકાનાં વર્ણનં શ્રૃણુ મૈથિલ ।
સર્વપાપહરં પુણ્યં શ્રીકૃષ્ણચરિતામૃતમ્ ।।
નવોપનન્દગેહેષુ જાતા રામવરાદ્વજે ।
પરિણીતા ગોપજનૈ રત્નભૂષણભૂષિતાઃ ।।
પૂર્ણચન્દ્રપ્રતીકાશા નવયૌવનસંયુતાઃ ।।
ખે વાયૌ ચાગ્નિજલયોર્મહ્યાં જ્યોતિર્દિશાસુ ચ ।
દ્રુમેષુ જનવૃન્દેષુ તાસાં કૃષ્ણો હિ લક્ષ્યતે ।।

(ગ.સં.મા.ખં. ૪/૧,૨,૩,૭)

તેઓ પદ્મિની જાતિની નારીઓ હતી. તેઓ સર્વ સુલક્ષણોથી સંપન્ન હતી. કાળાંતરમાં શ્રીરામજીથી વરપ્રાપ્ત કૌશલપુરવાસિની દેવીઓ ૯ નંદના ઘરોમાં પ્રકટ થઈ. અન્ય ગોપોની સાથે તેમનો પરિણય પણ થઈ ગયો હતો પરંતુ તેમનું ચિત્ત સર્વદા નંદનંદનનમાં અનુરક્ત રહેતું હતું, આથી તેઓએ પરકીયા ભાવથી સુદૃઢ પ્રણય સંબંધ શ્યામસુંદર સાથે સ્થાપિત કર્યો. વ્રજની કેડીઓમાં વિચરણ કરતાં માધવ મંદ-મંદ મુસ્કાન વેરતા સદા-સર્વદા તેઓની સાથે પરિહાસ કરતા હતા. આ પ્રણયિની વ્રજાંગનાઓ જ્યારે મહી વેચવા જતી, ત્યારે 'દહીં લો-દહીં લો' ભૂલીને 'કૃષ્ણ લો- કૃષ્ણ લો' કહેવા લાગી જતી, તેઓ સર્વદા અષ્ટ સાત્વિક ભાવોથી યુક્ત રહેતી હતી. તેઓને સર્વત્ર આકાશ, વાયુ, જળ, અગ્નિ, વૃક્ષ, વન-ઉપવન-વાટિકામાં શ્યામસુંદરની શામળી સલોની આભાનો જ ભાસ થતો હતો-

જિત દેખૌં તિત સ્યામ મયી હૈ ।
સ્યામ કુંજ વન યમુના સ્યામા ।।

પ્રેમ પ્રગાઢ અવસ્થામાં તેઓને જડ-ચેતનનું ભાન ન રહેતું. પ્રેમોન્માદમાં તેઓએ સામાન્ય લોક વ્યવહાર ચિંતા, લજ્જા વગેરેને તિલાંજલી આપી દીધી અને શ્રીકૃષ્ણમાં તેઓએ અવિચલ ભાવથી પ્રેમ કર્યો અને રાસક્રીડામાં શ્રીકૃષ્ણના ખભે પોતાની ભુજા મુકીને પ્રેમથી વિગલિત ચિત્ત થઈ શ્રીકૃષ્ણને પૂર્ણતઃ પોતાના વશમાં કરી લીધા-

કાચિદ્ભ રાસપરિશ્રાન્તા પાર્શ્વસ્થસ્ય ગદાભૃતઃ ।
જગ્રાહ બાહુના સ્કન્ધં શ્લથદ્વલયમલ્લિકા ।।

(ભા. ૧૦/૩૩/૧૧)

તેમની આરાધનાનું વર્ણન તો સ્વયં શેષનાગજી પણ પોતાના સહસ્ત્ર આનનો (મુખો)થી કરી શકવામાં અસમર્થ છે.

અયોધ્યાવાસિની દેવીઓ

આગતં સીતા સાર્દ્ધ સૈનિકૈઃ સહિતં રઘુમ્ ।
આયોધ્યાપુરવાસિન્યઃ શ્રુત્વા દ્રષ્ટું સમાયયુઃ ।।
વીક્ષ્ય તં મોહમાપન્ના મૂર્છિતાઃ પ્રેમવિહ્વલાઃ ।

તેપુસ્તપસ્તાઃ સરયૂતીરે રામધૃતવ્રતાઃ ।।
આકાશવાગભૂત્તાસાં દ્વારાન્તે મનોરથઃ ।
ભવિષ્યતિ ન સન્દેહઃ કાલિંદીતીરજે વને ।।

(ગ.સં.ગો.ખં. ૪/૪૩,૪૪,૪૫)

આગળ જ્યારે શ્રીરામજી અયોધ્યામાં પ્રવિષ્ટ થયા ત્યારે દર્શનની ઉત્કંઠાથી અયોધ્યાવાસિની સ્ત્રીઓ દોડી પડી અને શ્રીરામજીનું દિવ્ય સૌંદર્ય નિહાળીને પ્રેમ વિહ્વળ બનીને મૂર્છિત થઈ ગઈ. તેઓએ શ્રીરામજીમાં અનુરક્ત થઈને શ્રી સરયૂજીના પાવન તટ પર તીવ્ર આરાધના કરી. તપના ફળસ્વરૂપે આકાશવાણી થઈ કે દ્વાપરના અંતમાં યમુના તટે સ્થિત શ્રીધામ વૃંદાવનમાં તમારી સમસ્ત અભિલાષાઓ પૂર્ણ થશે.

મા ખેદં કુરુ રાજેન્દ્ર પુત્ર્યો દેયાસ્ત્વયા ખલુ ।
શ્રીકૃષ્ણા ભવિષ્યાય પરં દાયાદિકૈઃ સહ ।।
તેનૈવ કર્મણા ત્વં વૈ દેવર્ષિપિતૃણામૃણાત્ ।
વિમુક્તો નૃપશાર્દૂલ પરં મોક્ષમવાપ્સ્યસિ ।।

(ગ.સં.મા.ખં. ૫/૧૪,૧૫)

શ્રી નારદજી અયોધ્યાવાસિની ગોપીઓનું વર્ણન કરે છે. સિંધુ દેશમાં ચંપકા નામે પ્રસિદ્ધ નગરી હતી, જ્યાં મોટા ધર્માત્મા અને વિષ્ણુભક્ત એવા રાજા વિમલ રાજ કરતા હતા. તેમની ૬૦૦૦ રાણીઓ હતી, પરંતુ દીર્ઘકાળ સુધી કોઈ સંતતિ લાભ ન થયો, મહારાજ સંતાનહીનતાના દુઃખથી ચિંતિત હતા. એક દિવસ યાજ્ઞવલ્ક્યજીનું આગમન થયું, રાજાએ પોતાની આંતરખિન્નતાને કારણે તેમના ચરણોમાં નિવેદન કર્યું. મહર્ષિએ કહ્યું- ''રાજન! પુત્ર લાભ તો તમારા ભાગ્યમાં નથી, પરંતુ તમને કરોડોની સંખ્યામાં પુત્રીઓ અવશ્ય પ્રાપ્ત થશે.'' રાજાએ કહ્યું- ''મહર્ષિ! પુત્ર લાભ વિના હું પૂર્વજોના ઋણથી કેવી રીતે મુક્ત થઈશ?''

યાજ્ઞવલ્ક્યજીએ કહ્યું- ''રાજન! આપના રાજ્યકાળથી ૧૧૫ વર્ષ વ્યતીત થયે મથુરામાં ચતુર્ભુજધારી, શ્રીવત્સ ચિહ્નથી યુક્ત સાક્ષાત્ શ્રીહરિ પ્રકટ થશે. આપ આપની સમસ્ત કનયાઓ તેમને સમર્પિત કરી દેજો. સમસ્ત ઋણોથી મુક્ત થઈ જશો.-

દેવર્ષિભૂતાપ્તનૃણાં પિતૃણાં ન કિંકરો નાયમૃણી ચ રાજન્ ।
સર્વાત્મના યઃ શરણં શરણ્યં ગતો મુકુન્દં પરિહૃત્ય કર્તમ્ ।।

(ભા. ૧૧/૫/૪૧)

શ્રીકૃષ્ણને જેણે સર્વસ્વ સમર્પિત કરી દીધું, સહજ રીતે તેના સમસ્ત ઋણોનું વિમોચન થઈ જાય છે. આટલું કહીને રાજા દ્વારા પૂજિત થઈને યાજ્ઞવલ્ક્ય પ્રસ્થાન કરી ગયા. કાલાંતરમાં અયોધ્યાપુરવાસિની દેવીઓ શ્રીરામના વરદાનથી રાણીઓના ગર્ભથી પુત્રી રૂપે પ્રગટ થઈ. જ્યારે તે રાજકન્યાઓ વિવાહયોગ્ય થઈ, ત્યારે રાજાએ પોતાના દૂતને આદેશ આપ્યો કે યાજ્ઞવલ્ક્યજી દ્વારા દર્શાવેલ લક્ષણોથી યુક્ત બાળકને મથુરામાં વસુદેવને ત્યાં જઈને જોઈ આવો. દૂતે મથુરામાં આવીને જોયું કે બધા નગરવાસીઓ

કંસથી ભયભીત છે, કોઈ વસુદેવની સંતાન વિશે વાત પણ કરે છે તો કંસ તેને કઠોર દંડ આપે છે.

એક બુદ્ધિમાન સજ્જને દૂતને એકાંતમાં લાવીને વસ્તુસ્થિતિની જાણકારી આપી કે વસુદેવજીના પુત્રોને તો કંસે મારી નાખ્યા. અંતિમ એક કન્યા થઈ હતી, તે પણ આકાશમાં ઉડી ગઈ. દૂતે આવીને સંપૂર્ણ સ્થિતિ મહારાજ વિમલને રજૂ કરી અને કહ્યું- ''મહારાજ! મથુરાથી પાછા આવતા આપના દ્વારા ઉક્ત સમસ્ત લક્ષણોથી યુક્ત એક શામળા બાળકને મેં કાલિંદી તટે જોયો, તેના પર શ્રીવત્સનું ચિહ્ન હતું પરંતુ તે દ્વિભૂજ હતો. આપે વાસુદેવ કુમારને ચતુર્ભુજ દર્શાવ્યો હતો.'' દૂતની વાત સાંભળીને રાજા વિમલ સંશયમાં પડી ગયા, તે જ ક્ષણે દિગ્વિજયના આશયથી મહાભાગવત ભીષ્મજીનું આગમન સિંધુ દેશમાં થયું. મહારાજ વિમલે સમસ્ત ઉપહાર સામગ્રી ભીષ્મજીને ધરાવી અને પોતાનો સંશય તેમની સમક્ષ રજૂ કર્યો. પરમ ભાગવત ભીષ્મજીએ કહ્યું- ''રાજન! મેં વ્યાસજીના મુખે સાંભળ્યું છે કે વસુદેવનંદન જ નંદનંદનના રૂપમાં વૃંદાવનમાં ક્રીડા કરી રહ્યા છે.''

રાત્રિની વેળાએ વસુદેવજી પ્રભુને, આદેશાનુસાર, ગોકુળમાં છોડી આવ્યા હતા. ભીષ્મના વાક્યો સાંભળીને રાજાના સંશયનું સમાધાન થયું. ફરી શ્રીકૃષ્ણ પાસે દૂતને મોકલ્યો, દૂતે આવીને પ્રભુનું સ્તવન કર્યું અને શ્રીકૃષ્ણ પ્રાપ્તિ માટે રાજકુમારીઓના તીવ્ર તપ અને રાજકુમારીઓના પાણિગ્રહણ માટે રાજાની પ્રાર્થના વર્ણવી. તે જ સમયે શ્રીકૃષ્ણ દૂત સહિત ચંપકાપુરી જઈ પહોંચ્યા. રાજા યજ્ઞકાર્યમાં સંલગ્ન હતા. રાજાએ પોતાનું સર્વસ્વ શ્રીકૃષ્ણના ચરણોમાં સમર્પિત કરી દીધું. પ્રભુએ રાજા વિમલને તેની ૬૦૦૦ પત્નીઓ સહિત પોતાનું વૈકુંઠધામ પ્રદાન કર્યું અને રાજકુમારીઓને લઈને વ્રજમંડળમાં આવ્યા. ત્યાં રમણીય કામવન, જે અનેક મંદિરોથી સુશોભિત હતું, એ કૃષ્ણપ્રિયાઓ ત્યાં રહેવા લાગી. જેટલી સંખ્યામાં તે દેવીઓ હતી, તેટલા રૂપ ધરીને શ્યામસુંદર તેઓની સાથે રાસક્રીડાઓ કરી.

रासे विमलपुत्रीणामानन्दजलबिन्दुभिः ।
च्युतैर्विमलकुण्डभूत्तीर्थानां तीर्थमुत्तमम् ।।
दृष्टवा पीत्वा च तं स्नात्वा पूजयित्वा नृपेश्वर ।
छित्त्वा मेरुसमं पापं गोलोकं याति मानवः ।।

(ગ.સં.મા.ખં.-૭/૨૯,૩૦)

એ રાસમંડળમાં એ વિમલકુમારીઓના નેત્રોથી આનંદજનિત અશ્રુબિંદુઓ પડ્યા, જેથી ત્યાં 'વિમલકુંડ' નામનું તીર્થ પ્રકટ થયું. તે કુંડમાં સ્નાન કરવાથી ગોલોકધામની પ્રાપ્તિ થાય છે.

દંડકારણ્યના ઋષિઓ

ગોપાલોપાસકાઃ સર્વે દણ્ડકારણ્યવાસિનઃ ।
ધ્યાયન્તઃ સતતં માં વૈ રાસાર્થ ધ્યાનતત્પરાઃ ।।
અન્યાકૃતિં તે તં વીક્ષ્ય પરં વિસ્મિતમાનસાઃ ।
ધ્યાનાદુત્થાય દદૃશુઃ કોટિકન્દર્પસન્નિભમ્ ।।
ઊચુસ્તે યસ્તુ ગોપાલો વંશીવેત્રે વિના પ્રભુઃ ।
ઇત્થં વિચાર્ય મનસા નેમુશ્ચક્રુઃ સ્તુતિં પરામ્ ।।

(ગ.સં.ગો.ખં.-૪/૪૭, ૪૯,૫૦)

પિતૃ આજ્ઞાથી વનવાસ કાળમાં શ્રીરામજી, શ્રીજાનકીજી અને શ્રી લક્ષ્મણજીની સાથે દંડકારણ્યમાં વિચરણ કરી રહ્યા હતા ત્યારે દંડકારણ્યવાસી મુનિજન, જેમની પ્રભુના ગોપાલ સ્વરૂપમાં નિષ્ઠા હતી, રાસલીલાના નિમિત્ત તેઓ પ્રભુના ધ્યાનમાં અવસ્થિત હતા. શ્રીરામ રૂપમાં પોતાના ગોપાલને આવેલા જોઈને સમસ્ત મુનિજન આશ્ચર્યથી કહી ઉઠ્યા- ''અરે! જુઓ, આજે આપણા ગોપાલજી બંસી અને લાકડી વિના જ પધાર્યા છે.''

આમ મનમાં ને મનમાં જ પ્રણામ કરીને પ્રભુનું સ્તવન કર્યું. પ્રભુએ મનોભીષ્ટ વરદાન માગવા કહ્યું, ત્યારે સૌએ એક સ્વરમાં કહ્યું- ''પ્રભુ! જેવી રીતે જાનકીજી ભર્તૃભાવથી આપનો પ્રેમ પામી, અમે પણ એવું ઇચ્છીએ છીએ.''

યથા હિ લક્ષ્મણો ભ્રાત તથા પ્રાર્થ્યો વરો યદિ ।
અદ્યૈવ સફલો ભાવ્યો ભવદ્ભિર્મત્પ્રસંગતઃ ।।
સીતાપમયેવાક્યેન દુર્ઘટો દુર્લભો વરઃ ।
એકપત્નીવતોડહં વૈ મર્યાદાપુરુષોત્તમઃ ।।
તસ્માત્તુ મદ્વરેણાપિ દ્વાપરાન્તે ભવિષ્યથ ।
મનોરથં કરિષ્યામિ ભવતાં વાઞ્છિતં પરમ્ ।।

(ગ.સં.ગો.ખ.૪/૫૨, ૫૩, ૫૪)

ત્યારે શ્રીરામે કહ્યું- ''જો લક્ષ્મણવત્ ભ્રાતૃપ્રેમ ચાહો તો હમણાં જ પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ જાનકીજી જેવો ભર્તૃપ્રેમ તો દુર્લભ છે, કારણ કે આ સમયે હું એકપત્ની વ્રતધારી અને મર્યાદાપુરૂષોત્તમ છું, તેથી આ મનોરથ નિમિત્તે, આપ સૌ દ્વાપરમાં ગોપીદેહને પ્રાપ્ત કરશો. ત્યાં આપની સમસ્ત વાંછનાઓ મારા દ્વારા પૂર્ણ થશે.''

ત્યારબાદ બંગ દેશમાં મંગલ નામના એક શાસ્ત્રજ્ઞ ગોપ હતા, જે ૯ લાખ ગાયોના સ્વામી હતા. દૈવયોગથી એક વખત તેમનું સઘળું ધન નષ્ટ થઈ ગયું, ગાયો પણ ચોરાઈ ગઈ. તે સમયે રામજીના વરદાનથી દંડકારણ્યના ઋષિઓએ તેમની ૫ સહસ્ત્ર ભાર્યાઓથી કન્યારૂપે જન્મ લીધો. બહુસંખ્ય કન્યાઓને જોઈને મંગલ ગોપ દુઃખમાં

આધિ-વ્યાધિથી ગ્રસ્ત થઈ ગયા. કન્યાઓના વિવાહની ચિંતા તેમને હંમેશા સતાવતી રહેતી, એક દિવસ તેમણે નિશ્ચય કર્યો કે કોઈ ધન-બળ સંપન્ન રાજાને જ હું મારી કન્યાઓ આપીશ. તે સમયે મથુરાથી આવેલ એક ગોપના મુખે તેમણે બ્રજેશ્વરનંદજીના અદ્ભુત વૈભવ વિશે સાંભળ્યું અને પોતાની કમલાંગી કન્યાઓને વ્રજમાં મોકલી આપી. તેઓ નંદગ્રામમાં નંદજીની ગમાણમાં વાસીદું ઉપાડવાનું કામ કરવા લાગી. એક દિવસ નંદવંશમણિ શ્રીકૃષ્ણને જોઈને તેમને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું અને કૃષ્ણપ્રાપ્તિ હેતુ તેઓ રોજ યમુનાજીની સેવા-આરાધના કરવા લાગી. યમુનાજીને પ્રસન્ન કરી તેમની પાસેથી કૃષ્ણને ભર્તૃરૂપે પામવાનું વરદાન મેળવ્યું. શ્રીયમુનાજીની કૃપાથી સૌએ વૃંદાવનમાં કાર્તિકી પૂર્ણિમાની રાત્રિએ રાસમંડળમાં પહોંચીને ત્યાં શ્રીહરિ સાથે રાસવિહાર પ્રાપ્ત કર્યો.

યજ્ઞસીતાઓઃ

શ્રી રઘુનાથજી વનવાસની અવધિ પૂર્ણ કરી રાવણાદિ નિશાચરોનો સંહાર કરીને, શ્રી જાનકીજી સાથે પુષ્પક વિમાનમાં આરૂઢ થઈને શ્રી અયોધ્યામાં પધાર્યા. ત્યાં વિધિવત પ્રભુનો રાજ્યાભિષેક કર્યો. પ્રભુએ રામરાજ્યની સ્થાપના કરી. એકદિવસ પ્રજાવત્સલ શ્રીરામજી ગૂઢ રૂપથી પોતાના પ્રજાજનોની મનઃસ્થિતિ જાણવા માટે વિચરણ કરી રહ્યા હતા. વિચરણ કાળમાં તેઓએ જોયું કે કોઈ રજક (ધોબી) તેમની પત્નીની ભર્ત્સના કરતાં કહી રહ્યો છે-

નાહં બિભર્મિ ત્વાં દુષ્ટામસતીં પરવેશ્મગામ્ ।
સ્ત્રીલોભી બિભૃયાત્ સીતાં રામો નાહં ભજે પુનઃ ।।
ઇતિ લોકાદ્ બહુમુખાદ્ધ દુરારાધ્યાદસંવિદઃ ।
પત્યા ભીતેન સા ત્યક્તા પ્રાપ્તા પ્રાચેતસાશ્રમમ્ ।।

(ભા. ૯/૧૧/૯.૧૦)

આ લોકાપવાદથી ડરીને પ્રજાવત્સલ શ્રી રઘુનાથજીએ પોતાની અર્ધાંગના શ્રી જાનકીજીનો પરિત્યાગ કર્યો. નિર્વાસન કાળમાં શ્રી જાનકીજી મહર્ષિ વાલ્મીકીજીના આશ્રમમાં રહ્યા. આ કાળ દરમ્યાન શ્રી રઘુનાથજીએ એક આદર્શ રાજાની ભૂમિકા નિર્વાહ કરતા વૈદિક ધર્મના રક્ષણ હેતુ યજ્ઞ કાર્યનો શુભારંભ કર્યો પરંતુ યજ્ઞમાં યજમાનનું સપત્નીક હોવું અનિવાર્ય છે-

યદાયદાઽકરોદ્યજ્ઞંરામોરાજીવલોચનઃ ।
તદાતદાસ્વર્ણમયીંસીતાંકૃત્વાવિધાનતઃ ।।

(ગર્ગસંહિતા ગોલોક ખંડ ૪/૬૧)

તેથી મુનિવર વશિષ્ઠજીની શાસ્ત્રોક્તિ અનુસાર સ્વર્ણમયી સીતાનું નિર્માણ કરાવીને યજ્ઞકાર્ય આરંભ કર્યું.

યજ્ઞમંદિરમાં શ્રી જાનકીજીની અનેકો પ્રતિમાઓ થઈ ગઈ. એક દિવસ તે પ્રતિમાઓ ચૈતન્ય થઈને શ્રીરામજીની સેવામાં સમુપસ્થિત થઈ.

ત્યારે શ્રી રઘુનાથજીએ જાનકીજી પ્રત્યેના તેમના અનન્ય અનુરાગનો પરિચય કરાવતાં કહ્યું કે- ''દેવીઓ! 'એકપત્નીવ્રતધરોઽહં' હું એકપત્નીવ્રતધારી હોવાને કારણે આપનું પાણિગ્રહણ નથી કરી શકતો.''

કથંચાસ્માન્નગૃહ્ણાસિભજન્તીર્મૈથિલીઃ સતીઃ ।
અર્ધાઙ્ગીર્યજ્ઞકાલેષુસતતંકાર્યસાધિનીઃ ।।
ધર્મિષ્ઠસ્ત્વંશ્રુતિધરોધર્મવદ્ભાષસેકથમ્ ।
કરંગૃહીત્વાત્યજસિતતઃ પાપમવાપ્સ્યસિ ।।

(ગર્ગસંહિતા ગોલોક ખંડ ૪/૬૪, ૬૫)

ત્યારે તે પ્રેમપરાયણ દેવીઓ બોલી- ''પ્રભુ અમે પણ મૈથિલીસ્વરૂપ છીએ. યજ્ઞકાર્યના સંચાલન નિમિત્તે આપે અમારો અર્ધાંગિનીસ્વરૂપે સ્વીકાર કર્યો, આપ ધર્મિષ્ઠ છો, વેદજ્ઞ છો તો આમ અધર્મપૂર્ણ વાત કેમ કરો છો? જો આપ અમારૂં પાણિગ્રહણ કરી હવે પરિત્યાગ કરો છો તો આપે પાપના ભાગી થવું પડશે.''

શ્રીરામ ઉવાચ-
સમિચીનંવચઃસત્યોયુષ્માભિર્ગદિતંચમે ।
એકપત્નિવૃતોઽહંહિરાજર્ષિઃસીતયૈકયા ।।
તસ્માદ્યૂયંદ્વાપરાન્તેપુણ્યેવૃન્દાવનેવને ।
ભવિષ્યથકરિષ્યામિયુષ્માકંતુમનોરથમ્ ।।

(ગર્ગસંહિતા ગોલોક ખંડ ૪/૬૬, ૬૭)

ત્યારે શ્રીરામજીએ કહ્યું- ''દેવીઓ! આપે સત્ય કહ્યું પરંતુ અત્યારે તો હું એકપત્નીવ્રત છું, તેથી આપ દ્વાપરયુગના અંતમાં વૃંદાવનમાં જઈને ગોપી સ્વરૂપને પ્રાપ્ત કરશો અને ત્યારે આપના મનોરથ પૂર્ણ થશે.'' શ્રી રઘુનાથજીના વાક્યાનુસાર તે યજ્ઞસીતાઓ વ્રજમાં ગોપીદેહને પ્રાપ્ત થઈ.

પંચવટીની ભીલડીઓ

तद्दर्शनस्मररुजः पुलिन्द्यः प्रेमविह्वलाः ।
श्रीमत्पादरजो धृत्वा प्राणांस्त्यक्तुं समुद्यताः ।।
ब्रह्मचारीवपुर्भूत्वा रामस्तत्र समागतः ।
उवाच प्राणसंत्यागं मा कुरुत स्त्रियो वृथा ।।
वृन्दावने द्वापरान्ते भविता वो मनोरथः ।
ईत्युक्तवा ब्रह्मचारी तु तत्रैवान्तरधीयत ।।

(ગ.સં.ગો.ખં.-૪/૫૬,૫૭,૫૮)

દંડકારણ્યવાસી મુનિઓની વાંચના પૂર્ણ કરીને, પ્રભુ આગળ પંચવટી તરફ આગળ વધ્યા અને ત્યાં જ પર્ણશાળા બનાવીને નિવાસ કરવા લાગ્યા. તે સમયે ભીલોની સ્ત્રીઓ, શ્રી રઘુનાથજીની અનુપમ રૂપ માધુરીનું અવલોકન કરી પ્રેમ વિહ્વળ થઈ ગઈ. પ્રભુ સાથે મિલનની ઉત્કટ વાંછા તેમના ચિત્તમાં પ્રાદુર્ભૂત થઈ. ત્યાં સુધી કે શ્રીરામજીની ચરણરજને પોતાના મસ્તક પર ધારણ કરીને પ્રાણત્યાગ કરવા તૈયાર થઈ ગઈ ત્યારે શ્રીરામજી બ્રહ્મચારી દેહ ધારણ કરીને પ્રગટ થયા અને તે પ્રેમવિહ્વળ સ્ત્રીઓને પોતાની અમૃતમયી વાણીથી આશ્વસ્ત કર્યા કે હે દેવીઓ! આપ વ્યર્થ પ્રાણત્યાગ કરવાનું કષ્ટ ન કરો, દ્વાપરાંતે તમારો મનોરથ અવશ્ય પૂર્ણ થશે. આટલું કહીને એ બટુક બ્રહ્મચારી અંતરધ્યાન થઈ ગયો.

કાળાંતરમાં એ જ ભીલડીઓ વિંધ્યાચળના વનાંચલમાં નિવાસ કરનારા ભીલોને ત્યાં ઉત્પન્ન થઈ. વિંધ્યાચલવાસી ભીલ ઉદ્ભટ યોદ્ધા હતા. તેઓ કેવળ રાજદ્રવ્યને લૂંટતા હતા, ગરીબોને કદાપિ નહીં. તેમના પર કોપાયમાન થઈને વિંધ્યાચળ દેશના બળવાન રાજાએ બે અક્ષૌહિણી સેના સાથે તેમના પર આક્રમણ કરી દીધું. ચારે તરફથી તેમને ઘેરી લીધા, ભીષણ સંગ્રામ થયો. ભીલોએ ભયભીત થઈને કંસ પાસે સહાયતા માટે પત્ર લખ્યો, કંસે સહાયતા માટે પ્રલંબાસુરને મોકલ્યો, જેનું વિકરાળ શરીર બે યોજન ઊંચું હતું. તેણે સર્પોની માળા ધારણ કરેલ હતી. ભયંકર સિંહનાદ કરતા અને વૃક્ષોને ઉખાડતા તેણે વિંધ્યનરેશની સેના પર આક્રમણ કરી દીધું. એ પ્રલયંકારી મેઘ સમાન ગર્જના કરતા દુર્દાન્ત દૈત્યથી ભયભીત થઈને વિંધ્યનરેશ સંગ્રામ છોડીને સેના સહિત પલાયન કરી ગયા ત્યારે પ્રલંબાસુર એ ભીલોને લઈને મથુરા આવી ગયો, તે સૌ ભીલો કંસના અનુચર થઈ ગયા. કામ્યવનમાં પર્વતીય ભાગોમાં તેમનો નિવાસ થયો. તેમના જ ઘરોમાં શ્રીરામના દિવ્ય આશીર્વાદ સ્વરૂપે પ્રેમવિહ્વળ ભીલડીઓએ દિવ્ય કન્યાઓ રૂપે જન્મ લીધો, જે લક્ષ્મી સમાન રૂપના અંબાર જેવી હતી. ગોચારણ કાળમાં શ્રીકૃષ્ણની કંદર્પકોટિકમનીય કાંતિનું અવલોકન કરી પ્રેમવિહ્વળ થઈ ગઈ અને તેમના જ ધ્યાનમાં દિવસ-રાત લીન રહેતી હતી. તેમની અનુરાગપૂર્ણ અવસ્થા જાણીને અન્ય વ્રજાંગનાઓ તેમના સૌભાગ્યના વખાણ કરતાં કહે છે-

પૂર્ણાઃ પુલિન્દય ઉરુગાયપદાનુરાગશ્રીકઙ્કુમેન દયિતાસ્તનમણ્ડિતેન ।
તદ્દર્શનસ્મરરુજસ્તૃણરુષિતેન લિમ્પન્ત્ય આનનકુચેષુ જહુસ્તદાધિમ્ ।।

(ભા.૧૦/૨૧/૧૭)

તાશ્ચાસિ રાસે સંપ્રાપ્તાઃ શ્રીકૃષ્ણં પરમેશ્વરમ્ ।
પરિપૂર્ણતમં સાક્ષાદ્ગોલોકાધિપતિં પ્રભુમ્ ।।
શ્રીકૃષ્ણચરણાંભોજરજો દેવૈઃ સુદુર્લભમ્ ।
અહો ભાગ્યં પુલિંદીનાં તાસાં પ્રાપ્તં વિશેષતઃ ।।

(ગ.સં.મા.ખં. ૧૦/૧૩,૧૪)

શ્યામ સુંદરે શરદપૂર્ણિમાની રાસરજનીમાં તેમના સમસ્ત મનોરથો પૂર્ણ કયા અને તે કૃષ્ણાનુરાગિણી દેવીઓ સદા સર્વદાને માટે શ્યામસુંદરને પ્રાપ્ત થઈ ગઈ. શ્રી નારદજી પણ આ પુલિંદ કન્યાઓના સૌભાગ્યના વખાણ કરે છે- ''આ પુલિંદ કન્યાઓનું અહોભાગ્ય જુઓ કે દેવ રમણીઓ દ્વારા પણ વાંછનીય શ્રીકૃષ્ણ ચરણરજની પ્રાપ્તિ આમને વિશેષ રૂપે પ્રાપ્ત થઈ.''

જાલંધરી દેવીઓ

જાલંધરનગરની સ્ત્રીઓએ પણ **'બિનુ ભૂષણ સુશોભિત શુભાંગ'** પર પોતાના તન-મન-નયન ન્યોચ્છાવર કરીને તેમને પતિ રૂપમાં પામવાની ઇચ્છા પ્રગટ કરી ત્યારે આકાશવાણીએ ઉપદેશ કર્યો કે આપ સૌ કમલાપતિ (વિષ્ણુ)ની આરાધના કરો. આપ અતિશીઘ્ર વૃંદાવન વિહારીની પ્રાણપ્રિયા ગોપી બની જશો.

સમનદીના કૂળ પર બે યોજનમાં ફેલાયેલું રંગપત્તન નામનું નગર હતું, જેનો રાજા મહા બળવાન રંગોજિ નામનો ગોપ હતો. તે દર વર્ષે હસ્તિનાપુર નરેશ ધૃતરાષ્ટ્રને વાર્ષિક ૧૦૦ અબજ સુવર્ણમુદ્રાઓ આપતો હતો. એક વાર લોભાંધ ગોપે હસ્તિનાપુર નરેશને વાર્ષિક કર ન આપ્યો, એટલું જ નહીં તેમને મળવા પણ ન આવ્યો. ધૃતરાષ્ટ્રએ તેને બંદી બનાવી લીધો, ઘણા વર્ષો સુધી કેદમાં રાખ્યો પરંતુ એ લોભી ગોપે ધન ન આપ્યું. એક રાત્રે તે લાગ જોઈને કારાગારથી ભાગી છૂટ્યો અને પોતાના નગરે આવી પહોંચ્યો. ધૃતરાષ્ટ્ર દ્વારા મોકલેલી ૩ અક્ષૌહિણી સેના સાથે ઘમાસાણ સંગ્રામ થયો. એકલો ક્યાં સુધી લડે? આપ્તજનોના મર્યા પછી અંતમાં શોકગ્રસ્ત થઈને તેણે ઉગ્રસેન કુમાર મથુરેશ કંસનું શરણું લીધું. કરોડો શક્તિઓ અને દૈત્યોને સાથે લઈને કંસ તેની રક્ષા માટે આવ્યો. વિશાલ કુવલયાપીડ હાથી પર સવાર થઈને કંસે ઘણાયને રોળી નાખ્યા, કેટલાયને ચગદી નાખ્યા, કેટલાયને ઉછાળી-ઉછાળીને અવકાશયાત્રા કરાવી દીધી. તેના ઉદ્ભટ દૈત્ય યોદ્ધાઓએ ઘણા સવારોને , સવારીઓને ધરાશયી કરી નાખ્યા. બાકીની સેના વ્યાકુળ થઈને પલાયન કરી ગઈ. દૈત્યરાજ કંસ વિજયગાન સાથે રંગોજિ ગોપને લઈને મથુરા આવી ગયો. કૌરવ પરાજિત થઈને શોકગ્રસ્ત થયા પરંતુ સમયની

પ્રતિકૂળતા જોતાં તેઓ કંઈ કરી શકે તેમ નહોતા, તેથી શાંત રહ્યા. વ્રજ સીમા પર બર્હિષદ નામનું સુંદર ગામ કંસે રંગોજિ ગોપને આપ્યું અને તે ત્યાં રહેવા લાગ્યો.

પ્રભુના વરદાનથી જાલંધરના અંતઃપુરની સ્ત્રીઓએ આ જ ગોપની પત્નીઓના ગર્ભથી જન્મ ગ્રહણ કર્યો અને ગોપો સાથે તેમનો વિવાહ પણ થઈ ગયો પરંતુ કાંત ભાવ તેમનો શ્રીકૃષ્ણમાં જ હતો. તેથી વૃંદાવનની રમણીય પુણ્યમયી પૃથ્વી પર આ પ્રીતિવરિષ્ઠાઓને રતિસાર-સરસ-કેલિની દુર્લભ પ્રાપ્તિ થઈ.

(ગં.સં.ગો.ખ. અધ્યાય ૫ અને મા.ખ.અધ્યાય ૧૪)

દેવાંગનાઓ

પ્રજાપતિ રૂચિને ત્યાં અવતીર્ણ યજ્ઞપ્રભુને નિહાળીને મોટી-મોટી દેવાંગનાઓ આકર્ષિત થઈ ગઈ, ત્યારબાદ દેવલજીની આજ્ઞાથી હિમાલયમાં કઠોર ભક્તિમય તપ કરીને પ્રભુકૃપાથી વ્રજમાં ગોપી થઈ.

દેવાંગના સ્વરૂપ વ્રજવામાઓનું ચરિત્ર જ વિચિત્ર છે. માલવ દેશના નીતિ સંપન્ન ધર્મજ્ઞ ગોપ હતા દિવસ્પતિ નંદ. એક સમયે તીર્થ ભ્રમણ કરતાં-કરતાં સહજ મથુરાજીમાં ૧ સહસ્ત્ર રાણીઓ સાથે આવ્યા.

વ્રજપતિ નંદને મળવા ગોકુળ પધાર્યા અને વ્રજના અતુલ્ય સૌંદર્ય વૈભવથી પ્રભાવિત થઈને નંદજીના આગ્રહથી ૨ યોજન ભૂમિમાં સહકુટુંબ ગો-ધન સહિત નિવાસ કરવા લાગ્યા. દેવલ મુનિના આદેશાનુસાર સમસ્ત દેવાંગનાઓએ તેમને ત્યાં પુત્રીરૂપે જન્મ લીધો અને ત્યાં કોટિ-કોટિ કંદર્પ દર્પ મોચક દામોદરને ભર્તૃસ્વરૂપે પામવા માટે તેઓએ માસોત્તમ મહા માસ-નું વ્રત કર્યું. ઉષાના આગમન પૂર્વે જ તે યમુના સ્નાન કરી લેતી અને આનંદાભિભૂત થઈને યશોદાનંદનનું ગાયન કરતી. એક દિવસ અનુરાગ સિંધુનો પ્રેમરસ ઉચ્છલિત થયો અને એ લાકડીધારી ગિરધર ગોપાલ તેમની સંમુખ આવી જ ગયા અને બોલ્યા- ''શું જોઈએ છે, માંગો.''

''આપ સદા અમારી આંખોની સામે રહો, બસ! આ જ આકાંક્ષા છે.'' ગોપીઓએ કહ્યું.

આમ દેવાંગના સ્વરૂપ ગોપીઓને નંદસુતની પ્રાપ્તિ થઈ.

(ગ.સં.ગો.ખ. અધ્યાય ૫ અને મા.ખ. અધ્યાય ૧૩)

ઔષધિઓ

પીયૂષ (અમૃત) પ્રકટકર્તા પ્રભુ ધન્વંતરિના સૌંદર્યથી મોહિત થઈને સંપર્ણ ઔષધિઓ ભારતમાં તેમનો જન્મ નિરર્થક માનવા લાગી, પછી સ્ત્રીરૂપે સૌએ એક ચતુર્યુગી તપ કર્યું.

તપના પ્રભાવથી પ્રભુના દર્શન પામી સૌએ તેમને પતિ રૂપમાં પામવાની ઇચ્છા વ્યક્ત કરી. તેમની વાંછા સંપન્ન કરતાં પ્રભુએ કહ્યું- ''દ્વાપરાન્તે આપ સૌ વ્રજમાં લતારાણી બનશો અને આપની મનોકામના સિદ્ધ કરશો.''

(ગ.સં.ગો.ખ. અધ્યાય ૫)

પૃથુ અવતારની નારીઓ

પ્રભુના અંશાવતાર સૌંદર્યસિંધુનો સાર સર્વસ્વ મહારાજ પૃથુના રૂપ પર મોહિત થનારી બર્હિષ્મતીની અનેક નારીઓએ પોતાના અભીષ્ટની પૂર્તિ માટે અત્રિ મુનિનો નિર્દેશ પ્રાપ્ત કરી ગો-રૂપ ધરણીનું દોહન કર્યું, જેમાં દોહન પાત્ર તેમનું સ્વયંનું મન હતું અને દુગ્ધ તેમનો મનોરથ હતો. તે સૌ પણ વ્રજદેવાંગનાઓ બની.

(ગં.સં.ગો.ખ. અધ્યાય ૫ અને મા.ખ. અધ્યાય ૧૪)

સ્વર્ગની અપ્સરાઓ

અનેકો સ્વર્ગથી શ્રેષ્ઠ, સૌંદર્ય વેરતી અપ્સરાઓ, જ્યારે નારાયણ ભગવાનને મોહિત કરવા માટે ગંધમાદન પર્વત પર ગઈ તો પ્રભુના ક્ષણિક દર્શનથી સર્વસ્વ ભૂલી ગઈ અને તેમને પોતાના સ્વામી બનાવવાની તીવ્ર ઇચ્છાથી બેચેન થઈ ગઈ, ત્યારે પ્રભુએ વરદાન આપ્યું કે તમે સૌ વ્રજની ગોપી બનીને જ આ સૌભાગ્ય પ્રાપ્ત કરી શકશો.

(ગ.સં.ગો.ખ. અધ્યાય ૫)

સુતલ લોકની કન્યાઓ

શ્રી વામન ભગવાનના રૂપ પર મોહિત સુતલવાસિની દૈત્ય નારીઓને પણ વ્રજમાં જન્મ પ્રાપ્ત થયો, જેમને મહાન તપસ્વી દુર્વાસા મુનિએ પંચાંગ આપ્યું, જેનું યમુનાર્ચન કરી તેઓએ શ્રીકૃષ્ણને વર રૂપમાં પામીને અને વૃંદાવનની ધરતી પર લીલોતરીના સામ્રાજ્યમાં જ્યારે ચારે તરફ ફેલાયેલી હરિયાળીમાં હારબંધ ફૂલો ઉગી નીકળ્યા. વનવગડામાં યમુના તટના નિકુંજ પ્રાંગણમાં કદંબના છોડ પર પડેલા રેશમી પાંદડાથી બનેલ ઝૂલા પર સવાર થઈને લલિત ત્રિભંગી લાલ (શ્રીકૃષ્ણ) અને ઉજ્જ્વલ વિલાસિની શ્રીરાધાએ આ વ્રજાંગનાઓ સાથે ઝૂલન લીલા કરી. વારંવાર યમુનાના ખળખળ વહેતાં નીરની લાટો ઉછળી-ઉછળીને લીલા વિહારીના ચરણ પ્રક્ષાલન કરી રહી હતી. આમ સુતલ વાસિની દૈત્ય નારીઓએ ગોપીરૂપથી ઝૂલનોત્સવ પ્રાપ્ત કર્યું.

(ગ.સં.ગો.ખ. અધ્યાય ૫ અને મા.ખ. અધ્યાય ૧૫)

નાગકન્યાઓ

નાગ કન્યાઓએ શેષાવતાર પ્રભુ પર મોહિત થઈ તેમને વરરૂપે પામવાની ઇચ્છા ધરાવી. શેષજીના વરદાનથી વ્રજમાં તેઓ દાઉજીના જૂથની ગોપીઓ બની. ગર્ગાચાર્યજી પાસે બલભદ્ર પંચાંગ પ્રાપ્ત કરીને તેને સિદ્ધ કર્યું, જેના પ્રભાવથી તેઓએ ચૈત્ર અને વૈશાખ વસંત ઋતુના આ બે માસ દાઉજી સહિત રવિતનયા (યમુના)ના મુખ પર રસમય કેલિ-રાસ કરતાં વ્યતીત કર્યા.

(ગ.સં.ગો.ખ. અધ્યાય ૫ અને મા.ખ. અધ્યાય ૧૫, બલભદ્ર ખ. અધ્યાય ૯)

શ્રુતી રૂપા ગોપીઓ

એક સમયે શ્રુતિઓએ શ્વેતદ્વીપમાં જઈને ત્યાં પરબ્રહ્મની સ્તુતિ કરી. પ્રભુએ પ્રસન્ન થઈને તેમને વરદાન માંગવા કહ્યું - ત્યારે શ્રુતિઓએ મન વાણીથી અગમ્ય પ્રભુના આનંદરૂપનું દર્શન પામવાની ઇચ્છા પ્રકટ કરી, ત્યારે પ્રભુએ તેમને પોતાના માયાતીત ગોલોકનું દર્શન કરાવ્યું. જ્યાં પાવન વૃંદાવન, શુચિતમ યમુના, કોટિ-કોટિ ગોપિકાઓની વચ્ચે કિશોર-કિશોરી છે. પોતાના દિવ્યાતિદિવ્ય લોકનું દર્શન કરાવીને પ્રભુએ કહ્યું- ''હે શ્રુતિઓ! શું બીજી કોઈ ઇચ્છા છે?'' શ્રુતિઓએ કહ્યું- ''ભગવન્! આપની નિત્ય સેવા સંલગ્ના સદ્ધાગ્યા આ ગોપીઓની જેમ અમે પણ આપનો નિત્ય સંગ પ્રાપ્ત કરવા માગીએ છીએ. આપના કોટિશઃ કંદર્પ દર્પ દમનકર્તા આ રૂપને જોઈને અમારી અંદર કામિની ભાવ ઉત્પન્ન થઈ ગયો છે. અમારા મનોરથોને પૂર્ણ કરી શીઘ્ર તેનું શમન કરો.'' કૃપાનિધાન પ્રભુએ દુર્ઘટ મનોરથ પૂર્ણ કરતા કહ્યું- ''સારસ્વત કાળ વ્યતીત થયે તમે સૌ શ્રુતિઓ વ્રજમાં ગોપી બનશો.''

તે સમયે મથુરા મંડળના અંતર્ગત શ્રી વૃંદાવનમાં મારા રાસ-રસની આપને પ્રાપ્તિ થશે. સખ્ય ભાવથી તમારી મારામાં સર્વોત્કૃષ્ટ સુદૃઢ પ્રીતિ થશે.'' આ વરદાનને અનુરૂપ સમસ્ત શ્રુતિઓ વ્રજમાં ગોપીઓ બની.

આ શ્રુતિ સ્વરૂપા ગોપીઓએ શ્રીકૃષ્ણને વરરૂપે પ્રાપ્ત કરવા માટે વૃંદાવનેશ્વરી વૃંદાદેવીની આરાધના કરી અને ઠાકુરજીએ ગુરૂવર દુર્વાસાજીને પવનાહારી અને સ્વયંને બાલબ્રહ્મચારી સિદ્ધ કરતાં યમુનાજીને માર્ગ બતાવ્યો.

(ગ.સં.મા.ખ. અધ્યાય ૧)



અધ્યાય-૮

હાથિયા ગ્રામ

હાથિયાનું પૌરાણિક નામ કદલીવન છે. જે સમયે ઉદ્ધવજી શ્રીકૃષ્ણનો સંદેશ લઈને વ્રજમાં આવ્યા ત્યારે ગોપાંગનાઓ શ્રીહરિના કુશળ-મંગળ પૂછવા ઉદ્ધવજીને લઈને કદલીવનમાં આવ્યા, જ્યાં વિયોગિની શ્રીરાધા બેઠા હતાં.

गुमं हि प्रष्टु कुशलं सतांपते नीत्वोद्धवं ताः कदलीवनं गताः ।।

(ગ.સં.મથુ.ખં. ૧૫/૧૬)

શ્રીજીની વિયોગાગ્નિથી સંપૂર્ણ કદલીવન ઝુલસી રહ્યું હતું. ત્યાં ઉદ્ધવજીએ શ્રીજીની સ્તુતિ કરી, સાથે જ શ્રીહરિ દ્વારા પ્રેષિત પત્ર આપ્યો, એ કહીને કે આપ શોક ત્યાગી દો, શ્રીહરિનું નિશ્ચિત જ વ્રજાગમન થશે.

બ્રહ્મવૈવર્તાનુસાર

દ્વારિકામાં નંદ-યશોદાને શ્રીકૃષ્ણએ આજ્ઞા આપી કે આપ સૌ વ્રજ પાછા વળી જાવ, ત્યાં મારી પ્રાણેશ્વરી શ્રીરાધા આપને ભક્ત્યાત્મક જ્ઞાનોપદેશ આપશે. આપ તેમનામાં માનવી સમજ ન ધરાવશો. કૃષ્ણની આજ્ઞાથી નંદ-યશોદા વ્રજમાં અહીં આ કદલી વનમાં આવ્યા, જ્યાં શ્રીજીએ તેમને પરમોત્તમ અલૌકિકી ભક્તિનો ઉપદેશ આપ્યો, સાથે જ નારાયણ અનંત, મુકુંદ, મધુસૂદન, કૃષ્ણ, કેશવ, કંસારે, હરે, વૈકુંઠ, વામન આદિ ભગવન્નામોની વ્યુત્પત્તિ અને મહિમાનું શ્રવણ કરાવ્યું, અંતે યશોદાજીની જિજ્ઞાસાથી તેમને પોતાના મધુરાતિમધુર શ્રી રાધા નામનું રહસ્યોદ્ઘાટન પણ કર્યું.

(બ્ર.વૈ.પુ. કૃ.જ.ખ.અ. ૧૧૦)



બ્રજભક્તિ વિલાસાનુસાર

તતો કદલી વન પ્રણામ મંત્રઃ-

શક્રાય દેવદેવાય વૃત્રઘ્ને શર્મદાયિને ।
કદલીવન સંજ્ઞાય નમસ્તે કરિદાયિને ।।

(બ્ર.ભ.વિ.)

હે કદલી વન! આપ દેવોના દેવ, વૃત્રાસુરને હણનાર, ઇન્દ્રની સમસ્ત કામનાઓને પૂર્ણ કરનાર અને હાથી (ઐરાવત) આપનાર છો, આપને નમસ્કાર છે.

દેવશીર્ષ

ગોવર્ધનથી ૩ કિ.મી. પશ્ચિમમાં સકરવા, સકરવાથી ૩ કિ.મી. દોસેરસ (દેવશીર્ષ) છે.

આર એઇ લીલાસ્થલી અતિતેજોમય ।
દેખો 'દેવશીર્ષ' સ્થાન કુણ્ડ સુશોભય ।।
સખાસહ દેખિઆ કૃષ્ણેર ગોચારણ ।
એથા મહાહર્ષે સ્તુતિ કૈલા દેવગણ ।।

(ભ.ર.)

આ દેવશીર્ષ સ્થાન કુંડની શોભા જુઓ, અહીં સખાઓ સાથે ભગવાન શ્રીકૃષ્ણના ગોચારણને જોઈને દેવગણોએ પરમાનંદની સ્તુતિ કરી હતી.

મુનિશીર્ષ

દેવશીર્ષથી ૪ કિ.મી. મુનિશીર્ષ (મુડસેરસ) છે.

દેખો મુનિશીર્ષસ્થાન-કુણ્ડ સમુમાધુરી ।
એથા કૃષ્ણે પાઇલા મુનિગણ તપ કરિ ।।

(ભ.ર.)

આ મધુર મુનિશીર્ષ સ્થાન કુંડ જુઓ, અહીં મુનિઓએ તપ કરીને શ્રીકૃષ્ણને પામ્યા હતા.

અધ્યાય-૯

ખાયરા

ખદિરવન એક મહત્વપૂર્ણ લીલાસ્થળી છે. 'બૃહન્નારદીયપુરાણ'માં નારાયણ ને જ ખદિર વનના આધિદેવતા માનવામાં આવ્યા છે. વિષ્ણુરહસ્યમાં ૮૪ કોસ વ્રજમંડળનું ભાગવત વિગ્રહ રૂપથી વર્ણન છે, જેમાં ખદિરવનને ભગવાનનો ખભો દર્શાવવામાં આવેલ છે-

''ખાદિરં ભદ્રિકં ચૈવ સ્કન્ધૌ દ્વૌ પરિકીર્તિતૌ''

અથ ખદિરવન પ્રદક્ષિણા મંત્રઃ-

ભાદ્રશુક્લચતુર્થ્યાં તુ ગત્વા ખદ્રવનં શુભમ્ ।
પ્રાર્થના કુરુતે યસ્તુ શુચિર્ભૂત્વા સમાશ્રિતઃ ।।

(આદિ વારાહપુરાણ)

હવે ખદિરવનનો પ્રાર્થના મંત્ર કહીએ. આદિવારાહમાં ભાદરવા શુક્લ ચતુર્થીના રોજ ખદિરવનમાં જઈને શુદ્ધભાવથી પ્રાર્થના કરવી. મંત્ર યથા-

તતો ખદિર વન પ્રાર્થના મંત્રઃ-

નમઃ ખદ્રવનાયૈવ નાનારમ્યવિભૂતયે ।
દેવગંધર્વ્વલોકાનાં વરદાય નમોઽસ્તુતે ।।
ઇતિ મન્ત્રં સમ્મુચાર્য્ય નવભિઃ પ્રણતિં ચરેત્ ।
સર્વકામાનવાપ્નોતિ મુક્તિમાપ્નોતિ માનવઃ ।।

આ સાતમું વન પૃથ્વી પર ખદિર વન નામથી વિખ્યાત છે. જે મનુષ્ય અહીં આવે છે તે મારા ધામમાં આવી જાય છે.

હે વિવિધ પ્રકારના મનોહર વિભૂતિ સ્વરૂપ! હે દેવતા, ગંધર્વો, મનુષ્યોને વરદાન આપનાર ખદિર વન આપને નમસ્કાર છે.

આ મંત્રના પાઠપૂર્વક ૯ વાર પ્રણામ કરવાથી મનુષ્ય સમસ્ત કામનાઓ પ્રાપ્ત કરીને મુક્તિનો ભાગી બને છે. ત્યાં માધવકુંડ પણ છે-

હવે માધવકુંડનો પ્રાર્થના મંત્ર બોલીએ-

ततो माधवकुंडस्नानाचमन प्रार्थना मंत्रः-

तीर्थराज नमस्तुभ्यं माधवस्नपनोद्भव ।
त्रिवर्गफलदायैव नमस्ते मोक्षदायिने ।।
ईति द्वादशभिर्मन्त्र मङ्कनाचमननैर्नमन् ।
परमैशं पदं लब्ध्वा विष्णुसायुज्यमाप्नुयात् ।
सपादक्रोशसंख्येन प्रदक्षिणमथाचरेत् ।
ईति खद्रवनस्यापि कुर्य्यात् सांगप्रदक्षिणां ।।
ईति खदिरवन प्रदक्षिणा ।।
समन्तु वनं भूमौ खदिरं लोक विश्रुतम् ।
तत्र गत्वा नरो भद्रे ममलोकं सगच्छति ।।

હે તીર્થરાજ માધવકુંડ! આપને નમસ્કાર છે. આપ માધવ સ્નપનથી ઉત્પન્ન ત્રિવર્ગ ફળપ્રદાયક અને મોક્ષ આપનારા છો.

આ મંત્રના ૧૨ વખત પાઠપૂર્વક મઙ્કન, સ્નાન, નમસ્કાર કરવામાં આવે તો મનુષ્ય પરમ ઐશ્વર્યના લાભ સહિત વિષ્ણુ સાયુજ્યનો પણ ભાગી બને છે. સવા કોસ પ્રમાણથી પ્રદક્ષિણા કરવી.

આદિવારાહ પુરાણમાં અહીંના પ્રમુખ કુંડનું નામ માધવકુંડ બતાવવામાં આવેલ છે. તેનું કારણ માધવના સ્નપન એટલે કે નવડાવવાથી જે કુંડ ઉત્પન્ન થયો. સ્નપન, આ ક્રિયા ણ્યન્તની છે. સંસ્કૃતમાં પ્રેરણાર્થક ધાતુઓમાં ણ્યન્ત ક્રિયા લાગે છે. એટલે કે કોઈએ સ્નાન કરાવ્યું, કોણે કરાવ્યું તેનો ઉત્તર એ જ છે કે વ્રજ ગોપીજનોએ આ સરોવરમાં કૃષ્ણ સાથે જળક્રીડા રમતી વખતે તેમને સ્નાન કરાવ્યું. અર્થાત આ કુંડમાં વ્રજગોપીઓ અને શ્રીકૃષ્ણનો સંગમ થયો હતો. આ શ્રીકૃષ્ણનું ગોચારણનું પણ સ્થાન છે કારણ કે અહીં ખદિરના વૃક્ષ ઘણા હતા, ખદિર કાથાને કહે છે. ખદિર વનને ખાયરા કહેવાની કથા આ પ્રમાણે છે કે જ્યારે શ્રીકૃષ્ણ આ વિશાળ કુંડની પાસે પોતાના વાછરડાંઓને પાણી પાઈ રહ્યા હતા, ત્યારે બકાસુર આવ્યો, જોકે 'ગર્ગસંહિતા'માં આ વધલીલા યમુના તટ પર લખી છે પરંતુ શ્રીમદ્‌ભાગવત અનુસાર આ લીલા આ જ જળાશય પાસે જ થઈ છે. વત્સપાલ બન્યા પાદ શ્રીકૃષ્ણએ ત્રણે અસુરોનો વધ કર્યો. વત્સાસુર, બકાસુર અને અઘાસુર. કોઈ-કોઈ ખદિરવનને ખિરક વન પણ કહે છે. તેમના મતે નંદબાબાના મોટાભાઈ ઉપનંદજીની અહીં ખિરક હતી. આ પરંપરા આજે પણ ચાલતી આવે છે. નંદગ્રામમાં ગોપાષ્ટમીના દિવસે જ્યારે ગૌચારણ કરીને શ્રીકૃષ્ણ પાછા આવે છે તે દિવસે આમ ગાવામાં આવે છે- **''ખાયરે કૌ આવે કુર્તા ટોપી લાવૈ''** આમ પ્રત્યેક વર્ષે ગોસ્વામીઓ ગાય છે. તેનો ભાવ એટલો જ છે કે ખાયરાથી સ્વાદ આવતો હતો.

કૃષ્ણના ગોચારણથી ઉપનંદજીએ પ્રસન્ન થઈને ઘણાંય ઉપહારો મોકલ્યા. શ્રીકૃષ્ણ ગાયો ચરાવતી વખતે ખાયરા થઈને પણ આવતા હતા, પ્રમાણ હેતુ જુઓ 'બ્રજ પ્રેમાનંદ સાગર'માં ૨૬મી લહેરીની આઠમી ચોપાઈ–

''ધમસીંગા જુ ખિદિર વન આવૌ ઈહિ વિધિ ગાઈનુ આજુ ચરાવૌ''

ખદિરવન અને આસપાસના ૯ ઉપનંદોના ક્ષેત્રોમાં ભગવાન શ્રીરામના વરદાનથી કૌશલ પ્રાંતની સ્ત્રીઓ અહીં ગોપીઓ બની.

કૌશલાનાં ગોપિકાનાં વર્ણનં શ્રણુ મૈથિલ ।
સર્વપાપહરં પુણ્યં શ્રીકૃષ્ણ ચરિતામૃતમ્ ।।
નવોપનન્દગેહેષુ જાતા રામવરાદ્વજે ।
પરિણીતા ગોપજનૈ રત્નભૂષણભૂષિતાઃ ।।

(ગ.સં.મા.ખ. ૪/૧.૨)

આ ગોપીઓ ભગવાન રામના વરદાનથી વ્રજમાં આવી હતી. તેમના મોહિત થવાનો પ્રસંગ વર્ણિત છે.

માર્ગે ચ કૌસલા નાર્યો રામં દૃષ્ટવાડતિસુન્દરમ્ ।
મનસા વવ્રિરે તં વૈ પતિં કન્દર્પમોહનમ્ ।।
મનસાડપિ વરં રામો દદૌ તાભ્યો હ્યશેષવિત્ ।
મનોરથં કરિષ્યામિ બ્રજે ગોપ્યો ભવિષ્યથ ।।

(ગ.સં.મા.ખ. ૪/૪૧.૪૨)

આ ગોપીઓનો પ્રસંગ ઉપર આદિવારાહ વર્ણિત માધવકુંડના પ્રસંગમાં બતાવવામાં આવ્યો છે, જેમાં તે સૌએ માધવકુંડમાં સ્નાન કર્યું અને જળકેલિ લીલા કરી.

ખદિર વન શ્રૃંગાર લીલાની પણ ભૂમિ છે, મહારાસની પણ સ્થળી છે. 'ગર્ગ સંહિતા'માં શ્રી વૃંદાવન ખંડ અધ્યાય ૨૧માં શ્રીકૃષ્ણ બધી ગોપીઓને છોડી શ્રીરાધારાણીને સાથે લઈ સંકેત થઈને ખદિર વન આવ્યા હતા–

શ્રી કૃષ્ણકુંતલે નીલે વક્રત્વં રાધિકાડકરોત્ ।
ચિત્રપત્રાવલીઃ કૃષ્ણપૂર્ણેન્દુમુખમણ્ડલે ।।
એવં કૃષ્ણો ભદ્રવનં ખદિરાણાં વનં મહત્ ।
બિલ્વાનાઞ્ચ વનં પશ્યન્કોકિલાખ્યં વનં ગતઃ ।।

(ગ.સં.વૃ.ખં. ૨૧/૧૯)

આ સ્થળને ખાયરાવાસીઓ મધુવન કહે છે અને બકથરાને વ્રજવાસીઓ વરકોટા કહે છે. ગામની પૂર્વમાં આ કુંડ જ બકાસુરનું વધસ્થળ છે. ગૌડેશ્વર સંપ્રદાયના પ્રસિદ્ધ ગ્રંથ 'ભક્તિ રત્નાકર'માં બકથરાને જ બક વધસ્થળ માનવામાં આવ્યું છે–

બકથા ગ્રામ એ જાવટ સન્નિધાને ।
બકાસુરે કૃષ્ણ બધિલેન એઈ ખાને ।

(ભ.ર.)

વત્સાસુર વધ લીલા યમુના તટ પર થઈ છે. (ભાગવત ૧૦/૧૧/૪૧) **'કદાચિત્ યમુનાતીરે...''** ત્યારબાદ બકાસુર વધલીલા જળાશયની પાસે અર્થાત્ કોઈ સરોવરની પાસે થઈ છે. ભાગવત ૧૦/૧૧/૪૬ 'ગત્વા જલાશયાભ્યાશમ્'. એ જ રીતે અઘાસુરનો વધ પણ વૃંદાવનની વચ્ચે થયો છે, જે વૃંદાવન પંચયોજનાત્મક છે-

પંચયોજનમેવાસ્તિ વનં મે દેહરૂપકં ।
કાલિન્દીયમ્ સુષુમ્ણાખ્યાપરમામૃતવાહિની ।।

(બૃ.ગો.તં.)

આ પ્રમાણથી જે ઉપરોક્ત અસુરોનો વધ અને બ્રહ્મમોહલીલા, જેને શ્રીમદ્‌ભાગવતમાં વૃંદાવનમાં ગાવામાં આવેલ છે, તે આખું ક્ષેત્ર પંચયોજનના અંતર્ગત જ આવે છે. જેમ પરખમમાં બ્રહ્માજીએ કૃષ્ણની પરીક્ષા લેવાનું વિચાર્યું, વત્સવનમાં વાછરડાં ચોર્યા, બાલહારાથી બાળકો ચોર્યા, સેઈમાં કૃષ્ણરૂપી બાળકોને જોઈને શું તે આ જ છે, એવો વિચાર કર્યો પછી ચૌમુંહામાં કૃષ્ણની સ્તુતિ કરી. આ આખું વૃંદાવન છે. પસોલી (સર્પસ્થળી)માં અઘાસુરે બધાને મોંનો કોળિયો બનાવ્યા. આ ગાંવ પરખમથી ૫ કિલોમીટર ઉત્તરમાં છે. કૃષ્ણ દ્વારા તેનો વધ થતાં દેવતાઓએ વાદ્ય યંત્રો વગાડ્યાં. (૧૦/૧૨/૩૪) અને જૈંતમાં જયજયકાર કર્યો, જેને બ્રહ્માજીએ બ્રહ્મલોકમાં સાંભળ્યો. (૧૦/૧૨/૩૫) અને આ બધું વૃંદાવનમાં થયું (૧૦/૧૨/૩૬). આ બકાસુર જ્યારે શ્રીકૃષ્ણને ગળી ગયો ત્યારે વ્રજવાસીઓ ચીસો પાડી ઉઠ્યા-

''ખાયો રે- ખાયો રે!'' શ્રીકૃષ્ણએ ગ્વાલબાળોને ભયભીત જોઈને તેના મોંમાં અગ્નિરૂપ ધારણ કરી લીધું, જ્યારે તેનું તાળવું બળવા માંડ્યુ તો તેણે ઓકી નાખ્યું (૧૦/૧૧/૫૦). ત્યારબાદ કૃષ્ણએ તેને ખદેડ્યો તેથી તેને ખદેડ વન પણ કહે છે અને બકથરામાં કૃષ્ણએ તેની ચાંચ પકડીને ચીરી નાખી. બક એટલે બકાસુર થરા અથવા તરા, બકને તરાવ્યો અથવા થરા એટલે કે સદાને માટે સ્થિર કરી દીધો (૧૦/૧૧/૫૧), તેથી બકથરાનું બીજું નામ ચિલ્લી પણ છે.

બકથરા ગ્રામ એ જાવટ સંન્નિધાને ।
બકાસુર કૃષ્ણ બધિલેન એઈ ખાનેં ।

'ચૈતન્ય ચરિતામૃત'માં મહાપ્રભુનું જે પ્રેમોન્માદ અવસ્થામાં ભ્રમણ લખવામાં આવ્યું છે, તે આ બધાં સ્થળોનું છે. જોકે અહીં મુખ્ય-મુખ્ય નામો જ આપવામાં આવ્યા છે. તે મુખ્ય વનોમાં એક ખદિર વન પણ છે.

સબ દિન પ્રેમાવેશે નૃત્યગીત કૈલા ।
તહાં હૈતે મહાપ્રભુ ખદિરવન આઈલા ।

(ચૈ.ચ.મ.લી. ૧૮/૫૭)

શ્રી ચૈતન્ય મહાપ્રભુના આગમનને કારણે જ પ્રસિદ્ધ ગોસ્વામીઓએ અહીં ભજન કર્યું. આ સૌ અવતરિત મહાપુરુષો હતા. બે ગોસ્વામી પાદોની ખાયરા ભજનસ્થળી છે- ૧. શ્રી લોકનાથ સ્વામી, ૨. શ્રી ભૂગર્ભ ગોસ્વામી, તેથી તેમનો સંક્ષિપ્ત પરિચય જાણવો આવશ્યક છે.


શ્રી લોકનાથ ગોસ્વામી

આ વ્રજલીલામાં લીલા મંજરી હતા. પૂર્વ બંગમાં ૧૫૪૦ સંવતમાં આપનો જન્મ થયો. પિતા પદ્મનાભ ચક્રવર્તી, માતા સીતાદેવી. પિતા શ્રી અદ્વૈતાચાર્ય દ્વારા સ્થાપિત અદ્વૈત પરિષદના પ્રારંભિક વિદ્યાર્થી હતા. તે સમયે વિદ્યાલયમાં દરરોજ અધ્યયનના પ્રારંભ અને અંતમાં સંકીર્તન આવશ્યક હતું. તેમની માતા પણ વિદુષી હતી. પિતા પાસે શિક્ષા પ્રાપ્ત કરી તેમને મંત્ર શિષ્ય બનાવીને ગૌરાંગને સોંપી દીધા. તેઓ નિમાઈના પ્રિય સુહૃદ બની ગયા. માતાપિતાના પરલોકગમન બાદ તેઓ વિરક્ત સંન્યાસી બની ગયા. આચાર્ય ચરણ પાસે ગયા, તેઓએ ફરી ગૌરાંગ પાસે મોકલી આપ્યા. એ સમયે નવદ્વીપમાં નિમાઈના કીર્તનની ભાગીરથી વહી રહી હતી. નિમાઈ ૨૪ વર્ષના હતા, તેઓ તેમનાથી ૨ વર્ષ મોટા હતા. ગૌરાંગે તેમને વૃંદાવન જવાની આજ્ઞા આપી અને કહ્યું કે કેટલાક દિવસો બાદ શ્રીરૂપ, સનાતન, ગોપાલ ભટ્ટજી પણ ત્યાં પહોંચી રહ્યા છે. નિમાઈએ કહ્યું- ''હું પણ સંન્યાસ લેનાર છું. આ મહા માસમાં ઘર છોડી દઈશ.'' લોકનાથજી, પંડિત ગદાધર ગોસ્વામીના શિષ્ય ભૂગર્ભજીને સાથે લઈને વૃંદાવન આવ્યા. અહીં રહીને તેઓ દક્ષિણમાં શ્રીરંગમ ગયા કારણકે કાવેરી નદી સ્થિત શ્રી રંગમમાં વેંકટ ભટ્ટના ઘરે ચૈતન્ય ચાર માસ સુધી રહ્યા પરંતુ લોકનાથજી જ્યારે પહોંચ્યા તો તો તેમની મુલાકાત ન થઈ, કારણ કે મહાપ્રભુ ત્યાંથી નીકળી ચૂક્યા હતા. વૃંદાવન ગયા તો ત્યાંનું પણ દર્શન પ્રાપ્ત ન થયું, તેઓએ પ્રયાગ જઈને દર્શનની ઇચ્છા કરી અને દર્શન ન થાય તો પ્રાણત્યાગ કરવાનો પણ વિચાર કર્યો. રાત્રિમાં મહાપ્રભુજીએ સ્વપ્નમાં આદેશ આપ્યો કે વૃંદાવનની સીમાની બહાર ન જશો. હું પ્રયાગથી સીધો નીલાચલ જઈશ અને તમને મારા સમાચાર આપતો રહીશ. તેઓએ આજીવન મહાપ્રભુની આજ્ઞાથી વૃંદાવન વાસ કર્યો. વૃંદાવનની સીમા ન છોડી. ધ્યાન રહે કે વૃંદાવન પંચયોજનાત્મક છે- શ્રી ગિરિરાજજી, શ્રી નંદગ્રામ, શ્રી બરસાના આ બધું વૃંદાવન છે. વ્રજના ૩૩૩ તીર્થોનો ઉદ્ધાર કર્યા બાદ છાતા તાલુકાના ઉમરાવ ગામમાં કિશોરી કુંડ પર એક તમાલ વૃક્ષની નીચે નિવાસ કરવા લાગી ગયા. એક દિવસ તેમના વિરહક્રંદનને સાંભળીને પ્રભુએ કહ્યું-

''મને કિશોરી કુંડથી બહાર કાઢો. હું ચિરકાળથી ભૂખ્યો છું.'' શ્રી વિગ્રહ કાઢીને શ્રી રાધાવિનોદ નામથી ભોગ લગાવીને સ્થાપના કરી. વિરક્ત હતા. ગળાની ઝોળીમાં ઠાકુરને મૂકતા અથવા કોઈ વૃક્ષની બખોલમાં મૂકી દેતા. રસોઈ ભોગ માટે એક શિષ્ય હતો, તે બિમાર હોય તો પોતે ભોગ બનાવતા. એક દિવસ દર્શનાનંદમાં ભોગ લગાવવાનું ભૂલી ગયા, તો પ્રભુ સ્વયં તેમનું સ્વરૂપ ધરીને ભોગ બનાવવા લાગી ગયા. શિષ્યને બે સ્થાન પર ગુરૂદર્શન થતાં, રાધાવિનોદજીના દર્શનમાં ડૂબેલા ગુરૂજીને સચેત કર્યા. તેઓ જ્યારે રસોઈમાં આવ્યા તો લોકનાથરૂપી પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા હતા. સૌએ જોયું રાધાવિનોદજી મંદ-મંદ સ્મિત વેરી રહ્યા હતા. ચૈતન્ય ચરિતામૃત લખવા પૂર્વે કવિરાજ કૃષ્ણદાસ જ્યારે તેમની આજ્ઞા લેવા આવ્યા તો તેઓએ પોતાનો યશ, પોતાનું નામ લખવાનો ઇન્કાર કરી દીધો. સંવત ૧૬૪૫ શ્રાવણ કૃષ્ણ અષ્ટમીના દિને આ જ ખાયરામાં પોતાની જીવન લીલા સંકેલી લીધી. તેમની પુષ્પ સમાધિ વૃંદાવનમાં શ્રીશ્રી રાધા ગોકુલાનંદ મંદિરના પ્રાંગણમાં સ્થિત છે.

શ્રી ભૂગર્ભ ગોસ્વામી

આ વ્રજ લીલામાં પ્રેમમંજરી છે. મુંગેરમાં જન્મ લઈને અધ્યયન કાળમાં જ ગૃહત્યાગ કરી નીલાચલ પહોંચ્યા. ત્યાં ગદાધર પંડિતનો આશ્રય લઈ શ્રીમદ્‌ભાગવત વગેરે શાસ્ત્રોનું અધ્યયન કર્યું. ત્યાં શ્રી ચૈતન્યના નામ-સંકીર્તનમાં ડૂબી ગયા અને જ્યારે લોકનાથ સ્વામી મહાપ્રભુની આજ્ઞાથી વૃંદાવન ચાલ્યા તો ગદાધર પંડિતે પોતાના શિષ્ય ભૂગર્ભજીને તેમની સાથે મોકલી આપ્યા કારણકે તેઓ હિંદીભાષી હતા અને માર્ગના જ્ઞાતા હતા. તેમનું સમ્માન જીવ ગોસ્વામીજી આદિ શ્રીરૂપ-સનાતન સમાન કરતા હતા. તેઓએ જ કવિરાજ કૃષ્ણદાસને ચૈતન્ય લીલા ગાવાની આજ્ઞા કરી; જેથી ચૈતન્ય ચરિતામૃત ગ્રંથની રચના થઈ. આદિ ખંડ પરિચ્છેદ ૬૮ના ૭૨માં ભાગમાં ભૂગર્ભજીની આજ્ઞા લખવામાં આવી છે. એકવાર શ્રી ભૂગર્ભજી ગિરિરાજની પરિક્રમા કરી રહ્યા હતા. પગમાં વાગ્યું, શ્રી ઠાકુરજી એક ભક્તનો વેષ ધરીને પોતાના ખભે બેસાડીને તેમના નિવાસ સ્થાન પર છોડીને અંતર્ધ્યાન થઈ ગયા. જ્યારે ભૂગર્ભજીને જ્ઞાન થયું કે આ તો સ્વયં ભગવાન હતા, તો ઘણા દુઃખી થયા. પ્રભુએ કહ્યું- ''નિત્ય મારી સેવા કરો છો, જો મેં એક દિવસ તમને ખભે બેસાડ્યા તો એમાં દુઃખ પામવા જેવું કંઈ નથી.'' આપે પણ ખાયરામાં ભજન કર્યું. આમ સંપૂર્ણ વ્રજ મહઋષ્ણોની તપોભૂમિ રહી છે.



ખાયરા – શ્રી લોકનાથ ગોસ્વામી ભજન કુટી અને શ્રીમાધવ કુંડ

અધ્યાય-૧૦

લોધૌલી

લોધૌલીનું વાસ્તવિક નામ લોહાંગ વન છે. અહીં લોધાંગ ઋષિએ તપ કર્યું હતું. પાસે જ ગિરીશ કુંડ છે જ્યાં ક્યારેક મહાદેવજી આવ્યા હતા, તેથી તેનું નામ ગિરીશ કુંડ પડ્યું. આ બધી ૫,૦૦૦ વર્ષ જુની લીલાસ્થળીઓ છે, જેનું લોકોને કોઈ જ્ઞાન નથી.

તતો લોહાંગ વન પ્રાર્થના મંત્રઃ-

લોહાંગમુનિસંભૂતઃ તાપસે બ્રહ્મરૂપિણે ।
યમાલોકનનાશાય નમો લોહવનાય તે ।।

લોહાંગ મુનિથી ઉત્પન્ન આપ તાપસ બ્રહ્મરૂપ છો, યમલોક દર્શનનો નાશ કરનાર છો, એવા આપ લોહવનને નમસ્કાર છે.

તતો ગિરીશકુંડ પ્રાર્થના મંત્રઃ-

નમો ગિરીશકુંડાય તીર્થરાજ વરપ્રદ ।
પ્રબંધમોક્ષિણે તુભ્યં સર્વદા શિવદાયિને ।।

હે તીર્થરાજ, વરપ્રદાયક, સર્વદા મોક્ષાર્થીનું કલ્યાણ કરનારા આપને નમસ્કાર છે.

શ્રી પિપાસા (પિસાયા) વન

અહીંનું ઘટાદાર વનસ્થળ ઘણું જ ચમત્કારિક છે. આજે પણ આ વનખંડનું તરૂ, ડાળી કોઈ પોતાના ઘરમાં લઈ આવે તો તે ઘરમાં આગ લાગી જાય છે અથવા અન્ય પ્રકારના અનિષ્ટ થવા લાગે છે.

રસિકોની વાણીમાં પિપાસા વન

એકવાર શ્રીકૃષ્ણને અહીં તરસ લાગી અને આ તૃષા રસવર્ધક, પ્રેમવર્ધક હતી, જેનું વર્ણન શ્રી ચતુર બિહારીજીએ કર્યું છે-

પ્યાય દૈ રી પાની યહ મિસ ગયે વાકે ગેહ ।
સમઝ સોચ ભર લાઈ જલ અચવાવન કો ।।
ઓક ઢીલી કરી કેરિ વાહી કો મુખ ચિતયો તબ ગ્વાલિની મુસકાની ।।
વહ જલ ભર વૈસે હી ડારયો ફેરિ જલ ભર લાઈ હૌં ।
અચવાય ન જાનો બોલી મધુરી સી બાની ।।
‘ચતુર બિહારી’ તુમ પ્યાસે હો તો પાની પિયો ।
નાતર પાઉં ધારિયે રાવરે પ્યાસ તિહારી મૈં જાની ।।

તરસ્યા શ્યામસુંદર પોતાની તૃષા શાંત કરવા માટે એક વ્રજવાસિનીના ઘરે ગયા, તે ચતુર નાર જળથી ભરેલી ઝારી લઈને આવી. શ્યામસુંદર પોતાના હાથ આગળ કરીને જળની યાચના કરવા લાગ્યા. જેવી જળની ધાર તેમના હાથ પર પડી તેમણે પોતાનો ખોબો પહોળો કરી દીધો, તે જળ રેડતી રહી અને આ જળ વહાવતા રહ્યા, નિર્નિમેષ નયનોથી એ ગોરીના રૂપનું પાન કરતા રહ્યા કારણ કે આ તૃષા જળની નહીં રૂપસુધાની હતી.

એ સ્વર્ણિમ કળશનું બધું જળ વહી ગયું, તે બીજો કળશિયો ભરી લાવી, ત્યારે પણ આ જ સ્થિતિ. કેટલાય કળશોનું પાણી સમાપ્ત થઈ ગયું પરંતુ શ્યામસુંદર તો કર-સંપુટને મુખે લગાવી યુગલ નયનોને તેના રૂપ પર ટેકવીને હજી પણ ઉભા હતા, ત્યારે તે ચતુરા બોલી- ‘‘શ્યામસુંદર, હવે હું તમારી તૃષા સમજી ગઈ, તમે જળપિપાસુ નહીં પરંતુ રૂપના તરસ્યા છો.’’

જલ ક્યોં ન પિએ લાલન જો હો પિયા તુમ પ્યાસે ।
ભર લાઈ યામુનોદક શીતલ પીવત ક્યોં અલસાતે ।
જલ કે મિસ તુમ ડોલત ઘર-ઘર નવલ નિત રસમાતે ।
‘ચતુર વિહારી’ પિયા પ્યાસે હો તો પાની પિયો હો જીવન કે માતે ।।

અહીં પ્રભુએ મંદાકિની કુંડમાં આકાશગંગાને વાસ કરાવ્યો.

તતો મંદાકિનીકુંડ પ્રાર્થના મંત્રઃ-

મંદાકિની વિયત્પાત સંભવાય નમોઽસ્તુ તે ।
કૃષ્ણક્રીડાવિહારતૃડ્શાન્તયે મુક્તિદાયિને ।।

(સૌપર્ણ સંહિતાયામ્)

આકાશેથી પડવાથી ઉત્પન્ન, હે મંદાકિની તીર્થરાજ! કૃષ્ણના વિહારની ક્રીડા-પિપાસા શાંત કરનાર મુક્તિદાતા, આપને નમસ્કાર છે.

તતો રાસમંડલ પ્રાર્થના મંત્રઃ-

વિહારસુખરૂપાય મંડલાય નમોઽસ્તુ તે ।
લોકાનન્દપ્રમોદાય ગોપિકાવલ્લભાય ચ ।।

હે વિહારના સુખરૂપ રાસમંડળ, ગોપીવલ્લભ રૂપ, લોકને આનંદ પમાડનાર! આપને નમસ્કાર છે.

ઘટાદાર વનસ્થળની વચ્ચે રાસમંડળ છે, જ્યાં આજે પણ રાધા માધવના નૂપુરોની મધુર ઝંકાર રસિકજનોને સંભળાય છે. વજ્રનાભજીના સમયમાં આ ઘણો જ સઘન વનપ્રદેશ હતો. હજી પણ કેટલાક સમય પૂર્વે તે ઘટાદાર લતા-વલ્લરિયોથી લદાયેલો હતો પરંતુ ધીરે-ધીરે આ વન પણ હ્રાસોન્મુખ છે. પાંડવોના વંશનાશ હેતુ ઉત્તરાના ગર્ભસ્થિત પરીક્ષિત પર બ્રહ્માસ્ત્ર છોડવાના જઘન્ય કર્મને કારણે શ્રીકૃષ્ણથી શાપિત દ્રોણપુત્ર અશ્વત્થામાએ ગલિત કુષ્ઠથી મુક્તિ અર્થે આ પિપાસાવનનું જ શરણું લીધું. આ પતિત પાવની વ્રજ વસુધા ત્રૈલોકપતિ શ્રીકૃષ્ણથી પણ અતિશય કૃપાદાયિની છે, જેના આશ્રયથી તેઓ કષ્ટોન્મુક્ત થઈ ગયા. અહીં આજે પણ અશ્વત્થામાનું મંદિર દર્શનીય છે.

ભદ્રાવલ

રનવારીથી ૨ માઈલ દૂર પશ્ચિમમાં ભદ્રાવલ ગામ છે. અહીં નંદ મહારાજનું ભંડારગૃહ પણ હતું. અહીંના સરોવરમાં સ્નાન કરવાથી સ્નાનાર્થીને વિદ્યાધર લોકના સમસ્ત સુખોનો ભોગ પ્રાપ્ત થાય છે.











પિસાયા - રાસમંડળ અને મંદાકિની કુંડ

અધ્યાય-૧૧

નંદગ્રામ

યત્ સૌભગં ભગવતા ધરણીભૃતાપિ ન પ્રાપ્યતે સુરગિરિઃ સ હિ કો વરાકઃ ।
નંદઃ સ્વયં વસતિ યત્ર સપુત્રદારો નન્દીશ્વરઃ સઃ મંદમંદમુદં દધાતુ ।।

(શ્રી વિશ્વનાથ ચક્રવર્તી પાદ કૃત નન્દીશ્વરાષ્ટક)

શ્રી નંદીશ્વર પર્વત આનંદ આપે છે, જ્યાં શ્રી નંદ અને યશોદા કૃષ્ણની સાથે રહે છે. જે નંદીશ્વરના સૌભાગ્યને ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ધારિત શ્રી ગોવર્ધનજી પણ નથી પામી શકતા કારણકે ગિરિરાજજીને તો માત્ર ૭ દિવસ સુધી જ ધારણ કર્યા અને અહીં નંદગ્રામમાં તો રાત-દિવસ લીલાઓ કરી છે. તેથી જ ગિરિરાજજીથી નંદગ્રામનું મહત્વ અધિક થઈ ગયું છે-

યત્રાહં પર્વતા ભૂયબલકૃષ્ણરસુતે નમઃ ।
નન્દધાતૃસમેતસ્ત્વં મમોપરિ વિરાજતે ।।

(પ.પુ.)

નંદગ્રામમાં શ્રી શિવજીએ જ પર્વત રૂપ ધારણ કર્યું છે અને તેઓએ યશોદા માને પોતાના ઉપર નંદબાબા અને કૃષ્ણની સાથે નિવાસ કરવાની પ્રાર્થના કરી હતી.

નંદગ્રામના સ્થળોની જાણકારી પહેલાં બરસાના-નંદગ્રામનો સંબંધ જાણવો આવશ્યક છે કારણકે જે અભેદ રાધા અને કૃષ્ણમાં છે, તે જ અભેદ નંદગ્રામ અને બરસાનામાં છે-

બસો મેરે નૈનન મેં દોઉ ચંદ ।
ગૌર વરણ વૃષભાનુ નન્દની શ્યામ વરણ નન્દનન્દ ।।

(શ્રી ભટ્ટજી)

બરસાનામાં ગૌર જ્યોતિ છે, નંદગ્રામમાં નીલ જ્યોતિ. ત્યાં બ્રહ્માજી પર્વત બનીને બેઠા છે, અહીં શિવજી. રસિકોએ બંનેનો સંબંધ જ પૃથ્વી પર શ્રેષ્ઠ રસોદય માન્યો છે. રાધાના જન્મ વખતે આ પદ ગાવામાં આવે છે-

શ્રી ગરીબદાસજી કૃત-

મંદર બજૈ શ્રી વૃષભાનુ જૂ કૈ બાજૈ માઈ અન-અન ભાંતિ ।
ઐસો ઘોસ માઈ આજુ કૌ ઐસો જો નિત હોઈ ।।
ધરતી પર માઈ દ્વૈ બડે બરસાનૌ નંદગાંવ ।
બરાસને શ્રી વૃષભાન જૂ નન્દીશ્વર નન્દરાવ ।।

જુગનિ-જુગનિ માઈ દ્વૈ બડે એક જસુદા અરુ નન્દ ।
તિનકૈં શ્રી મોહન પ્રગટિયૌ બ્રજ કૌ પૂરન ચન્દ ।।
જુગનિ-જુગનિ માઈ દ્વૈ બડે એક કીરતિ વૃષભાન ।
તનિકૈં શ્રી રાધા જૂ અવતરી વર ભૈયા પરવાંન ।।
દેવ કુસુમ બરસૈં સબૈ દુન્દુભિ બજૈં અકાસ ।
બ્રજ જુવતીં પૂલી સબૈં બરાસને કે વાસ ।।
ગન ગન્ધર્વ ગાવૈં સબૈ નિર્ત્તક નાચૈ નાંચ ।
તાલ પખાવજ બાજ હીં અપનૈ અપનૈ સાંચ ।।
જૂથ-જૂથ જુવતીં મિલીં તિનમેં બહુત સવાસ ।
હઁસિ-હઁસિ રોપે સાથિયે મન મેં અધિક હુલાસ ।।
બ્રજ જુવતી આઈ સબૈ બૈઠી આઁગન માઁઝ ।
જગમગાત ભૂષણ સબૈ માનોં ફૂલી હૈ સાઁઝ ।
ભાનમતી તબ બોલિ યૌ મેવા રહસિ મંગાઈ ।
ભરિ-ભરિ ઓલિનુ દૈ સબૈ ઉખિલ કોઉ ન જાઇ ।।
એક જૂ કુમ-કુમ છિરકહીં એક જુ બીરી લેતિ ।
એક અરગજા લેપહી એક તંવોરહિ દેતિ ।।
વૃંદ-વૃંદ જુવતીં ચલીં યૌં કહિ દેત અસીસ ।
મોહન જૂ અરુ લાડિલી જીબૌ (માઈ) કોટિ બરીસ ।।
કીરતિ જુ હંસિ યૌં કહ્યો ગરીબ દાસિ પહિચાની ।
નિજ દાસી ઈનકી કરો વ્યાસ વંશ કી જાનિ ।।

(શ્રૃ.ર.સા.પદ ૫૫)

સવૈયા-

જાને ઠગ્યૌ સગરે બ્રજ કૌ તાપૈ રાધે ને ડારી હૈ ઐસી ઠગૌરી ।
પીત પિછોરી ધરી ન ધરી ન કરી સુધિ નેહી કિતૈ કો ગયો રી ।
શેષ ગણેશ સુરેષ અજેશ જુ નારદ શારદ વ્યાસ શુકૌ રી ।
પૌરી ન ઝાંક સકૈ જિહિ કી સુતૌ ઝાંકત શ્રી વૃષભાન કી પૌરી ।।
ઊંચી હી ઠૌરિ સુ ઊંચી હી પૌરી ઔ ઊંચૌ અનુપમ ઊજરો ગેહ રી ।
મોદ કો મેહ રી 'કિશોરી અલી' નિત હી સરસૈ બરસૈ જુ અછેહ રી ।।

વધામણી-

આજ રંગીલી બધાઈ વ્રજ છાય રહી ।
ફૂલ રહી સાખા દ્રુમ બેલી સરસ સુગંધન છાય રહી ।
કુંવરિ કિશોરી ને જનમ લિયૌ હૈ સખી સબ મંગલ ગાય રહી ।
રાધા બાલ કૃષ્ણ હિત તન મન ફૂલે દ્વાર ભીર અપાર રહી ।।

એક વાર પૂજ્ય બાબા પ્રિયાશરણજી મહારાજને કોઈકે પૂછ્યું કે કૃષ્ણલીલાનું હવે તો કોઈ પ્રત્યક્ષ પ્રમાણ નથી. ન કૃષ્ણ છે, ન તેમની બંશી છે, ન ગોપી-ગ્વાલબાળો. તો તેઓએ ઉત્તર આપ્યો. કૃષ્ણ લીલાનું પ્રત્યક્ષ પ્રમાણ વ્રજભૂમિ છે-

રાધાકેલિકલાસુ સાક્ષિણી કદા વૃન્દાવને પાવને
વત્સ્યામિ સ્ફુટમુઞ્ચવલાદ્ભુતરસે પ્રેમૈકમત્તાકૃતિઃ ।।

(રા.સુ.નિ. ૨૬૬)

અહો તેડમી કુઞ્જાસ્તદનુપમરાસસ્થલમિદં
ગિરિદ્રોણી સૈવ સ્ફૂરતિ રતિરંગે પ્રણયિની
ન વીક્ષે શ્રીરાધાં હરહર કુતોપીતિ શતધા
વિદીર્યેન્ત પ્રાણેશ્વરિ મમ કદા હંત હૃદયમ્ ।
ઈહૈવાભૂત્કું જે નવરતિકલામોહનતનો
રહો અત્રૈવાનૃત્યદધિતસહિતા સા રસનિધિઃ
ઈતિ સ્મારંસ્મારં તવ ચરિતપીયૂષલહરીં
કદા સ્યાં શ્રીરાધે ચકિત ઈહ વૃન્દાવનભુવિ।।

(રા.સુ.નિ. ૨૦૯, ૨૧૦)

અથવા-

અહો વિધના તોસૌં અંચરા પસાર માંગૌં ।
જનમ જનમ દીજૌ મોહિ યાહિ બ્રજ બસિબૌ ।।

(છીતસ્વામી)

યાહીનું તાત્પર્ય આ જ વ્રજની ભૂમિ સાથે છે.

અથવા-

''શ્રી હરિવંશ અનત સચુનાહીં બિન યા રજ હી લિએ''

(શ્રી હરિવંશજી)

અથવા-

''બ્રજ વીથિન દીજૈ સોહની''

(શ્રી હરિવંશજી)

અહીંના એક-એક કણ, એક-એક વન, એક-એક ઉપવન, એક-એક લતા, એક-એક વૃક્ષ સૌ યુગલ લીલાથી સંબદ્ધ છે. આ ચિરંતન ઇતિહાસની વ્યાપકતા અહીંના અણુએ અણુમાં લખાયેલી છે-

''વૃક્ષે વૃક્ષે વેણુધારી''

(શ્રી વલ્લભાચાર્ય)

સંપૂર્ણ વ્રજનો ઇતિહાસ કોઈ કેવી રીતે લખી શકે? રાધાકૃષ્ણના વિવાહની પરંપરાનો નિર્વાહ આજ સુધી નંદગ્રામ-બરસાનામાં ચાલ્યો આવે છે.

બરસાનાનો પાંડે હોળીનું આમંત્રણ લઈને આવે છે. ઉત્તરમાં નંદગ્રામનો પાંડે ફાગણ સુદ અષ્ટમીના દિવસે બરસાનામાં સુચના લઈને આવે છે. નવમીના દિવસે વેવાણ યશોદા વેવાણના નિવાસે આવે છે. સાથે શ્રીકૃષ્ણ પણ પોતાની માતાનું ગાળોથી સમ્માન સાંભળે છે અને સ્મિત વેરે છે. આ ગાળ અને પરંપરા દર વર્ષે ચાલતી રહે છે, શું તે પ્રત્યક્ષ પ્રમાણ નથી? મનુષ્યના મૃત્યુની સાથે જ તેના સંબંધો પણ શૂન્યમાં ભળી જાય છે, કોઈ નથી જાણતું કે કોનો કોની સાથે શું સંબંધ હતો પરંતુ અહીં બંને ગામો વચ્ચેનો સંબંધ શાશ્વત છે. શું તે પ્રત્યક્ષ પ્રમાણ નથી? રાધા પછી, આજ સુધી બરસાનાની કોઈ પણ બેટી નંદગ્રામમાં પરણાવવામાં નથી આવતી, છતાં પણ નંદગ્રામના લોકો આમ જ ગાય છે-

બરસાનો તો અસલ સસુરાલ હમારો ન્યારો નાતો ।
કીરત કે કન્યા ભઈ યશોદા કે હૈ ગયો લાલ ।।
ગયો બુલઉવા નન્દ કે નન્દીશ્વર આયો ધાય ।
એક લખ તો ઘોડા દીન્હેં દ્વૈ લખ દીન્હી બ્યાહી ગાય ।।

આજે પણ લાખો લોકો રંગીલી હોળીની પરંપરાને પ્રત્યક્ષ જુએ છે. શું તે પ્રત્યક્ષ પ્રમાણ નથી? એવી પરંપરા શું વ્રજમાં અન્યત્ર છે? જોકે હોળી તો વ્રજમાં સર્વત્ર ઉજવવામાં આવે છે, પરંતુ આવી સંબંધાત્મિકતાની પરંપરા વિશ્વમાં અન્યત્ર ક્યાંય નથી, તેથી બરસાનાની હોળી લાખો શ્રદ્ધાળુ દર્શકોની આસ્વાદ ભૂમિ બને છે.

આજે પણ દર વર્ષે ભાદરવા સુદ ત્રયોદશીએ, નંદગ્રામના ગ્વાલબાળો, સાંકરીખોરમાં આવીને મટુકી ફોડવાની લીલાનો નિર્વાહ કરે છે. તે દિવસે નંદગ્રામ અહીં ઉમટી પડે છે અને તેમનું શ્વસુરગૃહની માફક જ અહીં ચિત્રાજીના ગામ (ચિકસૌલી, રાધા રસ મંદિર)માં સ્વાગત થાય છે. શું આ પ્રત્યક્ષ પ્રમાણ નથી? તેનાથી બે દિવસ પૂર્વે એકાદશીના દિવસે કૃષ્ણ અને તેમના સખાઓની, ગોપીઓ સાંકરી ખોરમાં ચોટલીઓ બાંધી દે છે. તે દિવસે નંદગ્રામનું કોઈ નથી આવતું કારણકે શ્વસુરગૃહમાં માનહાનિ નંદગ્રામવાસીઓને સારી નથી લાગતી. સંબંધનું આથી અધિક પ્રત્યક્ષ પ્રમાણ શું હોઈ શકે?

એવો કોણ કૃષ્ણ ઉપાસક હશે અથવા સંપ્રદાય હશે, જે આ બંનેનો સંબંધ છોડીને રસપાન કરી લે?

વૃન્દારણ્યનિકુઞ્જકેલિલલિતં કાશ્મીરગૌરચ્છવિ ।
શ્રીગોવિન્દ ઇવ વ્રજેન્દ્રગૃહિણીપ્રેમૈકપાત્રં મહઃ ।।

(રા.સુ.નિ. ૬૮)

જે વધુરૂપા ગૌર જ્યોતિ, શ્રી યશોદાજીને ગોવિંદની જેમ જ પ્યારી છે, તે વિજયને પ્રાપ્ત થઈ રહી છે.

પ્રેમાસ્પદાં વ્રજમહીપતિતન્મહિષ્યોર્ગોવિન્દવન્ ।
મનસિ તાં નિદધામિ રાધામ્ ।।

(રા.સુ.નિ. ૨૯)

અર્થાત્- જે કન્યા શ્રી રાધા, નંદ અને યશોદાને કૃષ્ણની માફક જ પ્રેમાસ્પદ છે, તેને ધારણ કરું છું.

શ્રીમદભાગવતમાં પણ શ્રી રાધિકા રાણીને નંદલાલની વધૂના રૂપમાં જ અનેક સ્થાનો પર દર્શાવવામાં આવ્યા છે.

તૈસ્તેઃ પદૈસ્તત્પદવીમન્વિચ્છન્ત્યોડગ્રતોડબલાઃ ।
વદ્ધાઃ પદૈઃ સુપૃક્તાનિ વિલોક્યાર્તાઃ સમબ્રુવન્ ।।

(ભા. ૧૦/૩૦/૨૬)

ઇમાન્યધિકમગ્રાનિ પદાનિ વહતો વધૂમ્ ।
ગોપ્યઃ પશ્યત કૃષ્ણસ્ય ભારાક્રાન્તસ્ય કામિનઃ ।।

(ભા. ૧૦/૩૦/૩૨)

એવમુક્તઃ પ્રિયામાહ સ્કન્ધ આરુહ્યતામિતિ ।
તતશ્ચાન્તર્દધે કૃષ્ણઃ સા વધૂરન્વતપ્યત ।।

(ભા. ૧૦/૩૦/૩૯)

હા નાથ રમણ પ્રેષ્ઠ ક્વાસિ ક્વાસિ મહાભુ ।
દાસ્યાસ્તે કૃપણાયા મે સખે દર્શય સન્નિધિમ્।।

(ભા. ૧૦/૩૦/૪૦)

શ્રી રાધાજીએ પણ કૃષ્ણને આર્યપુત્ર કહીને સંબોધન કર્યું છે, જેવી કે વધુજનોની પરંપરા હોય છે-

અપિ વત મધુપુર્યામાર્યપુત્રોડધુનાડડસ્તે ।
સ્મરતિ સ પિતૃગેહાન્ સૌમ્ય બન્ધૂશ્ચ ગોપાન્ ।।
કચિદપિ સ કથા નઃ કિઙ્કરીણાં ગૃણીતે ।
ભુજમગુરુસુગન્ધં મૂર્ધ્ન્યધાસ્યત્કદા નુ ।।

(ભા. ૧૦/૪૭/૨૧)

શ્રી જીવ ગોસ્વામીજીએ ગોપાલ ચંપૂમાં રાધા કૃષ્ણ વિવાહ ગાયો છે.

તેઓએ પદ્મપુરાણનો આધાર લીધો છે. ત્યાં શ્રીકૃષ્ણ દંતવક્ત્રનો વધ કર્યા બાદ, વ્રજમાં ફરીથી આવે છે અને પુનઃ રસમયી વિવાહ વગેરે લીલાઓ થાય છે. (શ્રી ગોપાલ ચમ્પૂ- ઉત્તર ખંડ) પૂર્ણ ૩૫ શ્લોક ૭૪-૭૭ ''હરિવિલાસ લીલા તંત્ર'' માં પણ વિવાહ વર્ણન છે.

શ્રી સૂરદાસજી-

લલિત લાલ કૌ સેહરૌ જગમગિ રહ્યૌ હૈ રી માઈ ।
જનની ન્યૌછાવર કરૈં બાજે બજત બધાઈ ।
સુર બનિતા જકિ-થકિ રહીં રસ મૂરત હૈ પાઈ ।
ઘનિ જસુમતિ સુત સાઁવરૌ દૂલહ કુઁવર કન્હાઈ ।
રાજ કુઁવરી રાધિકા નવલ દુલહની પાઈ ।।
યહ જસ ગાવૈં સારદા જિનકે ભાગ બડાઈ ।
યહ આનન્દ જિનકૈં હિયૈં 'સૂરદાસ' બલિ જાઈ ।।

નન્દદાસજી-

અરિ ચલ દૂલહ દેખન જાહિ ।
તૈસી યહ બની બની બરાત ચહું દિસિ જગમગ રંગ ચુચાહિ ।।
ગોપ સભા સરવર મેં ફૂલ્યૌ કમલ પ્રમલ ઝપઝાહિ ।
'નન્દદાસ' ગોપિનિ કે દૃગ અલિ લપટનિ કો અકુલાહિ ।।

કૃષ્ણદાસજી -

ભાઁવરિ ભવન ભાનુ કૈ સજની હોત હૈ આજ દેખૌ કીજૈ ।
વેદ વિધિવત વિપ્ર ચહું દિસિ પઢત હૈં સુન શ્રવનનિ સુખ દીજૈ ।
ઝુકી ઝરોકે ભામિનિ ગાવૈં દામિનિ દુતિ વહાઁ વારનૈ કીજૈ ।
ભાઁવરિ લૈ બૈઠે રત્ન સિંહાસન લલિતા આરતી કર મન રીઝૈ ।।

દુલહન શ્રીજીના આગમન પર નંદભવન નિધિઓથી છલકાઈ ઉઠ્યું અને યશોદા મૈયા નેગ ન્યોચ્છાવર વગેરે કરી રહ્યા છે.

પરમાનંદદાસજી-

માંગૈ સવાસનિ બાર રુકાઈ ।
ઝગરત અરત કરત કૌતૂહલ ચિરજીવો મેરો વીર કન્હાઈ ।
ચિર જીવો વૃષભાનુનંદિની રૂપશીલગુણસાગર ભાઈ ।।
'પરમાનંદ' આનંદ નંદ કૈ ભાગ બડે ઘર નૌ નિધિ પાઈ ।।

લાડ સાગર અને બ્રજપ્રેમાનંદ સાગર આ બંને સાગર જ બરસાના-નંદગ્રામના સંબંધ વિશે છે.

જોકે શ્રી રાધામાધવની વિવાહ લીલા 'બ્રહ્મવૈવર્ત્ત' આદિ પુરાણોમાં પણ છે. જેમાં બ્રહ્માજીએ બંનેનો વિવાહ કરાવ્યો છે. તેમનો ઉલ્લેખ અહીં નથી કરવામાં આવી રહ્યો. હા, આદિપુરાણમાં અવશ્ય મથુરાગમનથી પૂર્વે અખાત્રીજના દિવસે વૃષભાનુજીએ જે કન્યાદાન કર્યું, તે બરસાના-નંદગ્રામની જ લીલા છે.

વિવાહ-

ततो विवाहमकरोद वृषाभानुर्गुणोदयः ।
वैशाखे सितपक्षे तु तृतीयसाक्ष्याह्वया ।।
रोहिणीस्वर्क्ष संयुक्ता जयालग्नशुभावहा ।
पारिबर्हादिकं दत्वा वस्त्रमन्नसमृद्धिमत् ।।

(આ.પુ. ૧૨/૨૦,૨૧,૨૨)

વિવાહ લીલા, નિકુંજ ભવનમાં પણ નિત્ય સખીજનો દ્વારા ઉજવાય છે-

वृंदारण्यनवप्रसूननिचयानानीय कुंजान्तरे ।
गूढैः शैशवखेलनैर्बतकदा कार्यो विवाहोत्सवः ।।

(રા.સુ.નિ. ૫૬)

વેદી પુલિન વિરાજહીં મણ્ડપ વેલિ તમાલ ।
નચ્યૌં કિધૌં યહ રચ્યૌ હૈ વ્યાહ બિહારી લાલ ।।
હવૈ પુરોહિત ઋચા ઉચારત
વેલિ તમાલ મંડપ ષચ્યૌ ।

(શ્રી યુગલ શતક શ્રી ભટ્ટજી પદ ૯૯)

કન્ચન મનિ મરકત મનિ પ્રગટી બરસાને નન્દગાઁવ રે ।
વિધિના રચિત ન હોય જૈ શ્રી ભટ્ટ રાધા મોહન નાઁવ રે ।।

(શ્રી યુ.શ., શ્રી ભટ્ટજી પદ ૧૦૦)

શ્રી મહાવાણી-

શ્રી રાધા કૃષ્ણ વિવાહ સુખ સરબસ મંગલ-મૂલ ।
નિત નિત રચત સહેલિયાઁ ભરી પ્રેમ પરફૂલ ।।
દંપતિ સંપતિ સહજ સુખ કુલહિન દૂલહ લાલ ।
તદપિ બ્યાહ વિધિ બિરચહીં બિબિધ બિનોદનિ બાલ ।।

(મહાવાણી ઉત્સાહ સુખ-૧૪૧)

ભાંવરિ મેં મન ભરમાવૌરી સુ વિધોકત વેદ પઢાવૌરી ।
વ્યાહ કી સકલ રસ રીતી નીકી કરત ભઈ ભાઁવતી ભાઁવતી કી ।।

(મહાવાણી ઉત્સાહ સુખ-૧૫૫)

તથા ધ્રુવદાસજી કૃત બેતાલીસ લીલા સભામંડળથી-

ઉપજ્યો રંગ બિનોદ ઇક સખિયનિ કે ઉર ઐન ।
લાલ લડૈતી બ્યાહ કો સુખ દેખે ભરિ નૈન ।।
નિગમ છંદ તબ ઉચ્ચરત ચતુર સખી દ્વૈ ચાર ।
પાછે પિય આગે પ્રિયા ભઆંવરિ વિધિ સૌં દીન ।।

તથા શ્રી સૂરસાગર (વિવાહ લીલા)-

પ્રથમ બ્યાહવિધિ હ્વૈરહ્યો કંકનચાર વિચારિ ।
કી કર જોરિકરૌ બિનતી કૈ છુવૌ શ્રીરાધાજી કે પાંઈ ।।
આપુનકો તુમ બડે કહાવત કાંપન લાગે હૈં દોઉ હાથ ।।
છોરહુ વેગિ કિ આનહુ અપની યશુમતિ માઇ બોલાઈ ।।
દુલહિનિ છોરિ દુલહકો કંકન કી બોલિ બબા વૃષભાન ।

(સૂ.સા. ૫૮)

''બ્રજ કી સબ રીતિ ભઈ બરસાને બ્યાહ''

(સૂ.સા. ૬૦)

''દુલહ દેખોંગી જાઇ ઉતરે સંકેત વટ કેહિ મિસ દેખન પાઉં''

(સૂ.સા. ૬૧)

સ્વામી હરિદાસજી-

''ડોલ ઝૂલત દુલહિની દૂલહુ''

(કેલિમાલ ૪૮)

વિહારિનદેવજી-

દૂલહ દુલહિનિ દિન દુલરાઉં ।
કુમકુમ મુખ માંડો મંડવા-તર નિકુંજ બસાઉં ।।

(રહસ્ય કે પદ ૧૩૬)

હરિવંશજી-

''ખેલત રાસ દુલહિની દૂલહુ''

(હિત ચતુરાશી ૬૨)

નંદગ્રામનો ઇતિહાસ

વૈશ્ય કન્યકા તેં જુ ભયે પરજન્ય ધર્મ આધારા ।
નારદ કૌ ઉપદેશ પાઇ લક્ષ્મીપતિ ભજે ભુવારા ।।
નન્દીશ્વર પુર વાસ કરકત તપ સંતતિ હેત વિચારા ।

ભઈ અકાસ વિમલ વાની સુનિ તન મન રહી ન સંભારા ।।
તાકૈં લાલ પ્રગટ હૈ ઐસો તીન ભુવન ઉજિયારૌ ।।
યહ સુનિ હરષિ ભયો મન મેં જુ મહાવન વાસ વિચારયૌ ।
કેશી કે ડર ડરપિ ગાઁવ સબ જમુના પાર ઉતારયૌ ।।

(શ્રૃં.ર.સા. રૂપલાલજી)

અર્થાત્- દેવમીઢની બે રાણીઓ હતી. ક્ષત્રાણીથી શૂરસેન અને વૈશ્યાની (વૈશ્ય કન્યા)થી પરજન્યજી । શૂરસેનથી વસુદેવજી અને પરજન્યથી નંદજી થયા । પરજન્યજીએ નારદજીના ઉપદેશથી નંદીશ્વરમાં તપ કર્યું, જેનાથી આકાશવાણી થઈ કે તમને પાંચ પુત્રો મોટી રાણીથી થશે, પાછળ કેશીના ડરથી તે મહાવનમાં જઈને વસ્યા, જ્યાં પાંચ પુત્રો થયા, જેમાં મધ્યમ પુત્ર નંદજી હતા. નંદજી, કંસના ભયથી મહાવન છોડીને, પોતાના પિતા પરજન્ય દ્વારા સેવિત નંદીશ્વરમાં ફરી આવ્યા. પરજન્યજીએ નંદગ્રામમાં તપ કર્યું. તડાગ તીર્થને ક્ષુણહાર સરોવર કહે છે.

યત્રાવાપિ સુરારિહા ગિરિધરઃ પૌત્રૌ ગુનૈકાકરઃ ।
ક્ષુણ્ણહારતયા પ્રસિદ્ધમવનૌ તન્મે તડાગં ગતિઃ ।।

(બ્ર.વિ.સ્તવાવલી-૬૦)

જ્યાં દેવ શત્રુ અસુરોને મારનાર, ગુણોનો એકમાત્ર સમૂહ, પૌત્ર રૂપે પ્રાપ્ત કર્યો, દુર્ભાગ્યનાશક પ્રસિદ્ધ ભૂમિ પર તીર્થ-તડાગ મારી ગતિ હો.

ચાચા વૃંદાવનદાસજીએ પરજન્યજીની તપસ્થળી ગોવર્ધન દર્શાવી છે. તે પણ ઠીક છે, કારણકે તપ અનુષ્ઠાન ઘણી જગ્યાએ કરી શકાય છે-

''નૃપ પરજન્યા મહા તપ કીનૌં ગિરિ ગોવર્દ્ધન આઈ।।''

(ચાચા વૃંદાવનદાસ)

અહીં કૃષ્ણના શ્યામ હોવાનું કારણ પણ તેઓએ બતાવ્યું છે. યશોદાની માતા પટુલા તથા પિતા સુમુખ ગોપ હતા. નાના શ્યામ હતા, નાની ગોરી હતી.

''નાના સુમુખ શ્યામ તન હરિ કૌ તાહિ ઉન હરે જાઈ।''

આથી જ બરસાનાવાળા, કૃષ્ણ વિવાહમાં, યશોદાની સાથે નાની પટુલાને પણ લક્ષ્ય બનાવે છે, કારણકે નાના શ્યામ હતા, પછી યશોદા ગોરી કેમ થઈ અથવા નંદ-યશોદા ગોરા હતા, કૃષ્ણ શ્યામ કેમ થયા? આ ફટાણું આજ સુધી બરસાનાના શ્રીજીમંદિરમાં પ્રતિવર્ષ નંદગ્રામવાળાઓને સંભળાવવામાં આવે છે-

ગોરે નન્દ યશોદા મૈયા તુમ કારે કૌન કે જઈયા
તેરી માંય યશોદા રાની કાહૂ કારે સોં રતિ માની ।

આગળ નાના-નાનીને પણ નિશાન બનાવે છે-

''હૈ પટલા તેરી નાની વાકી બાત ન હમસોં છાની''

વગેરે-વગેરે.

નંદગ્રામ નંદબાબાના નામ પર છે. નંદગ્રામમાં નંદીશ્વર પર્વતના રૂપમાં શિવજી બિરાજી રહ્યા છે-

નન્દીશ્વરાય દેવાયાભીરોત્પત્તિહિતાય ચ ।
યશોદા સુખદાયૈવ મહાદેવાય તે નમઃ ।।

(સ્ક. પુ.)

અર્થાત્- નંદીશ્વર રૂપ મહાદેવને નમસ્કાર છે, જે આભીર ગણોનું હિત કરે છે તથા યશોદાને સુખ દેનારા છે. પહેલા મંદિરમાં નંદીશ્વરજી પર જ શ્રીકૃષ્ણ સ્નાનનું જળ પડતું હતું, પછીથી એ વ્યવસ્થામાં પરિવર્તન આવ્યું.

યત્ર નંદોપનંદાસ્તે પ્રતિ નન્દાધિનન્દનાઃ ।
ચક્રુર્વાસં સુખસ્થાનયતો નન્દાભિધાનકમ્ ।।

(આદિ પુરાણ)

અર્થાત્- જ્યાં નંદ આદિએ સુખથી વાસ કર્યો છે, નંદ નામનું ગ્રામ 'નંદગ્રામ' છે.

નન્દભવન પ્રણામ મંત્રઃ

નન્દધાતર્નમસ્તુભ્યં યશોદયૈ નમો નમઃ ।
નમઃ કૃષ્ણાય બાલાય બલભદ્રાય તે નમઃ ।।

(બ્ર.ભ.વિ.)

અર્થાત્- ''શ્રી નંદ, યશોદા, કૃષ્ણ, બલભદ્રને નમસ્કાર છે.

નંદભવનનું વર્ણન પદ્મપુરાણ ઉત્તર ખંડમાં આવ્યું છે, જેને જીવ ગોસ્વામીજીએ ભાગવતની ટીકામાં લખ્યું છે-

તસ્મિંશ્ચ ભવને શ્રેષ્ઠં રમ્યે દીપૈર્વિરાજિતે ।
શ્લક્ષણે વિચિત્રપર્યઙ્કે નાનાપુષ્પવિવાસિતે ।।
તસ્મિન શેતે હરિઃ કૃષ્ણઃ શેષે નારાયણો યથા ।

(ભા.ટી.જીવ ગો. ૧૦/૧૫/૪૫)

અર્થાત્- ''એ શ્રેષ્ઠ, રમણીય, મણિશોભિત નંદભવનમાં વિચિત્ર પ્રશસ્ત પુષ્પશૈયા પર કૃષ્ણ બલરામ શયન કરે છે.

જોકે મંદિરોનું નિર્માણ ક્રમશઃ થતું રહે છે પરંતુ સ્થળ એ જ છે.

લગભગ ૫૫૦ વર્ષો પૂર્વે પણ નંદભવન નંદીશ્વર પર્વત પર હતું પરંતુ ત્યારે તે ભવન ગુફાની અંદર હતું જેવું કે ચૈતન્ય ચરિતામૃત મધ્ય લીલા પરિચ્છેદ ૧૮/૫૧-૫૭ ભાગમાં વર્ણિત છે, જેનું દર્શન શ્રી મહાપ્રભુજીએ જઈને કર્યું અને ત્યાં તેઓએ શ્રીવિગ્રહોનો સ્પર્શ કરીને પ્રેમાવેશમાં નૃત્ય પણ કર્યું. આ વાત લગભગ ૧૫૧૫ ની છે.

તાહાઁ લીલાસ્થલી દેખિ ગેલા નન્દીશ્વર ।
નન્દીશ્વર દેખિ પ્રેમ હઇલા વિહ્વલ ।।
પાવનાદિ સબ કુણ્ડેસ્નાન કરિયા ।
લોકેર પુછિલ પર્વત ઉપરે જાઇયા ।।
કિછુ દેવમૂર્તિ હય પર્વત ઉપરે? ।
લોક કહે, મૂર્તિ હય ગોફાર ભિતરે ।।
દુઇદિકે માતા-પિતા પુષ્ટ કલેવર ।
મધ્યે એક શિશુ હય ત્રિભંગ સુન્દર ।।
શુનિ મહાપ્રભુ મને, આનન્દ પાઇયા ।
તિન મૂર્તિ દેખિલ સેઇ ગોફા ઉઘાડિયા ।
બ્રજેન્દ્ર-બ્રજેશ્વરીર કૈલ ચરણ-વન્દન ।
પ્રેમાવેશે કૃષ્ણેર કૈલ સર્વાંગ-સ્પર્શન ।।
સબ દિન પ્રેમાવેશે નૃત્યગીત કૈલા ।
તાહાઁ હૈતે મહાપ્રભુ ખાદિરબન આઇલા ।।

આનંદ ઘન બાબા

(સમય-૧૨૮૫)

એ સમયે નંદીશ્વર પર્વત પર ત્રણ જ વિગ્રહો હતા, જેની સેવા તથા પૂજા આનંદઘનજી દ્વારા સંવત ૧૨૮૫ થી પ્રારંભ થઈ, જે આજ સુધી સુચારુ રૂપે ચાલી રહી છે.

વર્તમાન મંદિરમાં કૃષ્ણ-બલરામ, નંદ-યશોદા, શ્રીજી અને બે સખાઓનું દર્શન થાય છે.

નંદગ્રામ તો રત્નરૂપ છે. નંદગ્રામની શોભા ત્યારે જ બની જ્યારે શ્રીકૃષ્ણ મહાવન છોડીને અહીં આવ્યા-

તત આરભ્ય નન્દસ્ય વ્રજઃ સર્વસમૃદ્ધિમાન્ ।
હરેર્નિવાસાત્મગુણૈ રમાક્રીડમભૂન્નૃપ ।।

(ભા. ૧૦/૦૫/૧૮)

આ ભૂમિ ત્રણ રીતે વિશેષ લીલાસ્થળી બની-

એક નિવાસ, બીજું સ્વરૂપ અને ત્રીજો ગુણ - અહીં શ્રીકૃષ્ણનો નિત્ય નિવાસ છે. આ તેમનું શરીર પણ છે. જે ગુણ ભગવાનમાં છે, તે તમામ ગુણો ધામમાં છે. જે કોઈ નિષ્ઠાથી ધામની સેવા કરે છે, તેની સેવા શ્રીકૃષ્ણની સેવાથી પણ મોટી હોય છે કારણકે કૃષ્ણ તો દેખાતા નથી, ધામ દેખાય છે.

ભગવાન સ્વયં પણ કહે છે, દ્વારિકા જઈને, કે 'મોહિ બ્રજ બિસરત નાહીં''. આમ તો તેમનો અહીં નિત્ય વાસ છે પરંતુ લીલાદૃષ્ટિથી પ્રકટ-લીલામાં શ્રીકૃષ્ણ પણ વ્રજની યાદમાં આંસુ વહાવે છે.

નંદગ્રામ- બાબા નંદનું નિવાસ સ્થાન છે. ભાગવતમાં નંદબાબાના નિવાસસ્થાન વિશે એટલું જ લખ્યું છે કે તેઓ મહાવનમાં હતા, મહાવનમાં પૂતના, શકટાસુર, શ્રીધર, બકાસુર વગેરે ઘણા આસુરી ઉપદ્રવીઓને કારણે ત્યાંથી નીકળીને નંદગ્રામ આવ્યા. આથી જેઓ કેવળ શ્રીમદભાગવત વાંચે છે તેઓને નંદબાબાના નિવાસ સ્થાન વિશે પૂરી જાણકારી નથી હોતી. તેનાથી ફક્ત એટલું જ જાણવા મળે છે કે નંદબાબા મહાવનથી કૃષ્ણ-બલદેવને લઈને નંદગ્રામમાં વાસ કરવા લાગ્યા.

પૂર્ણ સ્થિતિને જાણવા માટે અન્ય પુરાણોમાં પણ જોવું પડે છે.

આ નંદગ્રામનો ઇતિહાસ છે કે તેમના પ્રાચીન પુરુષ અહીં નંદગ્રામમાં રહેતા હતા પરંતુ કેશીના ડરને કારણે મહાવનમાં ચાલ્યા ગયા અને ફરી પાછા નંદગ્રામમાં આવી ગયા.

'રાધા રાની બ્રજયાત્રા'નો માર્ગ ઉદ્ધવ ક્યારથી નંદબેઠકની તરફ વળે છે. નંદબેઠક - અહીં નંદબાબા નિત્ય આવીને ગૌચારણથી પાછા વળતા કૃષ્ણની રાહ જોતા હતા. અહીં ચિત્રમાં નંદબાબાની ગોદમાં કૃષ્ણ બલરામ બેઠા છે. અહીં નંદકુંડ પણ છે.

ગૌચારણ લીલા

ચાર વર્ષનો અલ્પવયસ્ક વ્રજરાજકુમાર મૈયા પાસે ગૌચારણની હઠ કરી બેઠો. મૈયાએ વાત્સલ્યથી ના પાડી દીધી - ''ના કાન્હા, ગાય તારા દૂધથી ભરેલા પેટમાં શિંગડુ મારી બેસશે તો?'' તે દિવસે તો યશોદાનંદન ચૂપ થઈ ગયો પરંતુ આજે, કુમાર અવસ્થા ૧ થી ૫ વર્ષ) પૂરી થતાં તે મૈયાનો પાલવ પકડીને જીદે ચઢ્યો...

નાનકડો કાનો- ''હવે હું આ નાના-નાના વાછરડાંઓને લઈને વનમાં નહીં જાઉં.''

(મૈયા, કાન્હાના વાંકડીયા કાળા કેશને ઓળતાં)

મૈયા- ''કેમ?''

કાનો- ''હવે હું મોટો થઈ ગયો છું. કપિલા, કામદા, પદ્મગંધા, શ્યામા, અરુણા, શુભ્રવર્ણા, નંદિનીને ચરાવીશ.''

મૈયા- ''તો પછી વાછરડાં કોણ ચરાવશે?''

કાનો- ''દાઉ ભૈયા (બલરામ)''

મૈયા હસી પડી.

એટલામાં કનૈયો દોડીને ખિરક વનમાં પહોંચી ગયો, પાછળ-પાછળ મૈયા, દાઉ ભૈયા, નંદબાબા, તાઉ ઉપનંદ સૌ તેની પાછળ દોડ્યા.

બાલ ગોપાળે ખૂંટે બાંધેલી ગાયોને છોડીને બંધન પોતાના હાથમાં લઈ લીધા, ગાયો નીલવર્ણી કૃષ્ણને ચાટવા લાગી.

આ જોઈને નંદજી તો ઠીક, ઉપનંદ તાઉજીએ પણ કૃષ્ણને ગૌચારણની પરવાનગી આપી દીધી.

પછી તો શું?

કારતક સુદ આઠમને ગુરૂવારના રોજ મહર્ષિ શાંડિલ્ય દ્વારા વ્રજના બધા જ નાના-નાના ગોપ બાળકોના ગૌચારણ સંસ્કાર સંપન્ન થયા.

ततश्च पौगण्डवयःश्रितौ व्रजे बभूवतुस्तौ पशुपालसम्मतौ ।
गाश्चारयन्तौ सखिभिः समं पदैर्वृन्दावनं पुण्यमतीव चक्रतुः ।।

(ભા. ૧૦/૧૫/૧)

બધા ગોવાળો, ગોપાલ સહિત વૃંદાવનના માર્ગે પોતાના પગલાંની છાપ છોડતાં આગળ વધ્યા.

प्रथम गौचारन को दिन आज ।
प्रातकाल उठि जसुदा मैया कीनौं है सब साज ।
विविध भांति बाजे बाजत हैं रहयो घोष सब गाज ।
गावत गीत मनोहर बानी तजि गुरुजन की लाज ।
लरिका सकल संग संकर्षन वेनु बजाय रसाल ।
आगें धेनु चले 'गोविंद' प्रभु नाम भयौ गोपाल ।।

गाय चरावन कौ दिन आयौ ।
फूली फिरत जसोदा अंग-अंग लालन उबटि न्हवायौ ।
भूषन बसन बिबिध पहरायें रोरी तिलक बनायौ ।
विप्र बुलाय वेद ध्वनि कीनी मोतिन चौक पुरायौ ।
देत असीस सकल गोपीजन आनन्द मंगल गायौ ।
लटकत चलत लाडिलौ बन कौं 'कुम्भनदास' जस गायौ ।।

લક્ષાધિક તો ગોધન છે, જેની સેવા નાના-નાના હાથોથી કનૈયો, સખા સમુદાયની સાથે કરે છે. ઝીણી-ઝીણી મધુર ધ્વનિ કરતી ઘંટીઓ તેમના ગળામાં બાંધી દીધી છે. રંગબેરંગી પુષ્પની માળા, મસ્તક પર લાલ કુમકુમ, આમ સમસ્ત ગૌવંશનો ભાગ્યોદય થઈ ગયો.

અજા ગાવો મહિષ્યશ્ચ નિર્વિશન્ત્યો વનાદ્રુ વનમ્ ।
ઈષીકાટવીં નિર્વિવિશુઃ ક્રન્દન્ત્યો દાવતર્ષિતાઃ ।।

(ભા. ૧૦/૧૯/૨)

અહીં અજાનો અર્થ અપ્રસૂતા ગાય (વિયાઈ ન હોય તેવી ગાય એટલે કે વાછરડી) તથા મહિષી શબ્દનો અર્થ પ્રસૂતા ગાય એટલે કે વિયાયેલી ગાય. આ અર્થ આચાર્યો દ્વારા ગ્રહીત છે.

ભગવત્પ્રસાદાચાર્ય વિરચિતા ભક્તમનોરઞ્જની-

''અજા ગાયઃ અપ્રસૂતા ધેનવઃ મહિષ્યો ગાવઃ પ્રશૂતા ધેનવશ્ચ વનાત્ વનં...''

શ્રી બંશીધરજી ની ભાવાર્થદીપિકાપ્રકાશમાં-

''અજા સ્યાદપ્રસૂતા ગૌઃ સુકૃત્સૂતા મહિષ્યપિ। અન્યા ગાવ ઈહ પ્રોક્તા ઈતિ શબ્દાર્થવેદિનઃ''

તેઓ પણ રોજ તેમની સાથે વનમાં જાય છે અને રામઃશ્યામની વિવિધ વિનોદયુક્ત લીલાઓનો આનંદ લે છે.

હવે તો આખો દિવસ ચારે બાજુ ગૌ નામાવલીનું પારાયણ થાય છે.

શ્રીકૃષ્ણ કહે છે-

''પ્યારી ગૌ રજ ગંગા ન્હાત હૌં''
ઔર જપત ગૌઅન કે નામ

(દાન લીલા)

તન્માધવો વેણુમુદીરયન્ વૃતો ગોપૈર્ગૃણદ્ભિઃ સ્વયશો બલાન્વિતઃ ।
પશૂન્ પુરસ્કૃત્ય પશવ્યમાવિશદ વિહર્તુકામઃ કુસુમાકરં વનમ્ ।।

(ભા. ૧૦/૧૫/૨)

વૃંદાવનની ભૂમિ, ખેડ્યા-વાવ્યા વિના, જાતે જ ગાયો માટે ઉપયુક્ત થઈ ગઈ. ચારે બાજુ કોમળ લીલું ઘાસ, ફળ-પુષ્પથી લદાયેલા ઉંચા વૃક્ષો, આગળ-આગળ જગતજનની ગૌ માતા, પાછળ કૃષ્ણ યશ ગાતા સઙ્કિત સખા સમુહ અને મધ્યમાં વાંસળી વગાડતા શ્યામ અને પાછળ ખભે હાથ મૂકી ચાલ્યા આવતા બલરામ-

આગે ગાય પાછે ગાય ઈત ગાય ઉત ગાય
ગોવિન્દ કો ગાયનિ મેં બસર્વો ભાવૈ ।
ગાયન કે સંગ ધાવૈ ગાયનિ મેં સચુ પાવૈ
ગાયનિ કી ખુર રેણુ અંગ લપટાવૈ ।

ગાયન સોં બ્રજ છાયો બૈકુણ્ઠ બિસરાયો
ગાયન કે હેત ગિરિ કર લૈ ઉઠાવૈ ।
'છીત સ્વામી' ગિરિધારી વિક્ટલેશવપુધારી
ગ્વારિયા કૌ ભેષુ ધરૈ ગાયન મેં આવૈ ।।

ગોપાષ્ટમીની પરંપરા, આજે પણ નંદગ્રામમાં, ત્યાંના ગોસ્વામી સમાજ દ્વારા ઘણા જ ભાવપૂર્ણ ઢંગથી નિભાવવામાં આવી રહી છે. કારતક સુદ આઠમના દિવસે, બે બાળકોને કૃષ્ણ-બલરામનું રૂપ ધારણ કરાવીને, નંદગ્રામના દરેક ઘરમાંથી સખાઓની ટોળી જાય છે, ઘર-ઘરમાં કૃષ્ણ-બલરામ અને તેમની સખામંડળીનું સ્વાગત કરવામાં આવે છે અને અનેક પ્રકારના વ્યંજનોનો ભોગ ધરાવવામાં આવે છે. બાળવિનોદભરી કનૈયાની આ લીલા આજે પણ ગોપાષ્ટમીના દિવસે નંદગ્રામના ઘરેઘરમાં સાકાર થતી જોવા મળે છે. અને કેમ ન હોય? નટખટ નંદલાલ પ્રત્યેક નંદગ્રામવાસીની આંખોનો તારો છે. કનૈયાને લઈને મનાવવામાં આવતો દરેક ઉત્સવ, નંદભવન જ નહીં બલ્કે આખા નંદગ્રામમાં ઉજવવામાં આવે છે. શ્રીકૃષ્ણ વનોમાં ગૌચારણ કરીને જ્યારે ટેર કદંબથી ગાયોને એકત્ર કરીને આસેશ્વર તરફ જલહરી થઈને પાછા વળે છે, ત્યારે ગ્વાલબાળો, દિવસભરના થાકેલા શ્યામને હસાવવા માટે ગીત ગાયા કરે છે-

ખાયરે કો આવૈ કુર્તા ટોપી લાવૈ ।
લાલાય દેખન આવૈ કનુઆ દેખન આવૈ ।
આવૈ રી મેરો લટકન લાલ લડુવા ખૂબ ખવાવૈ ।
ગાય ચરાય ઘર આવૈ કાન ખુજાવત આવૈ ।
આવૈ રી મેરો લટકન લાલ બરસાને વારી લાવૈ ।
રાધા પ્યારી લાવૈ ।
આવૈ રી મેરો લટકન લાલ ।
માધો સુન માધો ।
માધો સુન 'ફૂહર' કે બૈન ઊંટ ચઢી મટકાવૈ સૈન ।
કાની દુલ્હન કાજર લાઈ ઔર લાઈ લડુવા ।
સાસ બહુ જબ જેંવન લાગિ નાકૈ લૈ ગયૌ કૌઆ ।।
ચાર લાઈ બાસી કૂસી ચાર લાઈ સદ ।
બડે જેઠ કેં તે ન્યૌતો આયૌ જૈઊંગી તૌ અબ ।।
પીસત સોવૈ પોવત રોવૈ ભડભૂજા મન માન્યૌ ।
લૈ ડલ્લા પીસન કૂઁ બૈઠી મીઠેઈ બિના ચના ચબાનૌ ।।
અંગિયા ઢીલી ખયૌ ઉરાહનૌ ઢીંગર બઢૌ મુટાનૌ ।
જીત લઈ પારોસિન લડકૈ જીતેઈ બિના અબાનૌ ।।
અંગિયા ઢીલી ખયૌ ઉરાહનૌ ખુલો પેટ મસ્તાનો ।

મૈં પોઊં તૂ પીસ નપૂતે મૈં મલૂક તૂ કાનૌ ।।
ધોવતી પહન કે લંહગા બાંધયૌ સાયૌ ધર દિયૌ છાતી પૈ ।
હાથ પૈ લૈ કે ચપ્પલ ચલ દઈ ગઢવાવે કૂં ખાતી પૈ ।।
નન્દ ગાંવ કે સાઁવરે છિટક ચલન દે ગાય ।
કમઈ કરહલા કોન્હઈ ગોધન પક્ષીપાર ।।
ગાઁવ ગોંઈરે બાછરૂ લાવૌ લાલ ચરાઈ ।
બન મૈં બઢિકૈં જાહુ જિનિ જૈ હૈં ગાઈ ચુખાઈ ।।

(બ્ર.પ્રે.સા. ૪/૫૬)

ગૌચારણ બાદ તો જાણે કનૈયાની અત્યંત વ્યસ્ત દિનચર્યા થઈ ગઈ. બસ દિવસ-રાત ગૌસમુદાયને સુખ આપવાની ચેષ્ટામાં જ સંલગ્ન રહે છે.

કવિરાજ કૃષ્ણદાસ કૃત ગોવિન્દલીલામૃતાનુસાર-

એક દિવસ મૈયા યશોદાએ વાત્સલ્યથી કહ્યું-

''લાલ! અમારી પાસે ગૌ-સેવામાં નિપુણ એવા કેટલાય દાસ છે, તેં ઘણા દિવસો ગૌચારણ કર્યું, હવે આ હઠ છોડી દે, માની જા. જો, વનગમન કરતી વખતે તું ન તો છત્ર ધારણ કરે છે, ન તો પગરખાં, અને કાંટા-કાંકરા ભરેલા દુર્ગમ વનોમાં રખડે છે, તેનાથી મારું હૃદય દ્રવિત થઈ જાય છે.'' વાત્સલ્યપૂર્ણા મૈયાને સમજાવતા શ્રીકૃષ્ણએ ઘણી શિક્ષાપ્રદ વાતો કહી-

ગોપાલાનં સ્વધર્મ્મો નસ્તાસ્તુ નિશ્ચત્ર-પાદુકાઃ ।
યથા ગાવસ્તથા ગોપાસ્તર્હિ ધર્મ્મઃ સુનિર્મ્મલઃ ।।
ધર્મ્માદાયુર્યશોવૃદ્ધિધર્મ્મો રક્ષતિ રક્ષિતઃ ।
સ કથં ત્યજ્યતે માતર્ભીષુધર્મ્મઃ સુનિર્મ્મલઃ ।।

(ગો.લીલા સર્ગ ૫/૨૮.૨૯)

''મૈયા! ગોપજાતિનો ધર્મ છે-ગોપાલન અર્થાત્ ગૌ-સેવા. જો આ જગતજનની છત્ર-પાદુકા ધારણ નથી કરતી, તો ભલા હું કેવી રીતે ધારણ કરી શકું? જો તું આ લાખો ગાયોને માત્ર છત્ર-પાદુકાનો પ્રબંધ કરી દે, તો હું પણ ધારણ કરી લઈશ. આ સમયે ખુલ્લા પગે ચાલવું એ જ મારા માટે પરમ ધર્મ છે. ધર્મ પાલનથી આયુ, યશની વૃદ્ધિ થાય છે. જે મનુષ્ય ધર્મની રક્ષા કરે છે, ધર્મ તેની રક્ષા કરે છે. તેથી ભયમુક્ત થવા માટે, ધર્મપાલન જ એકમાત્ર ઉપાય છે, પછી આપણે ધર્મ શા માટે છોડવો?'' પછી તો મૈયા અને બાબા બંનેએ જ ગૌચારણની સાવધાનીઓ વિશે કનૈયાને ઉપદેશ આપ્યો.

ગાઁવ ગોંઈરે વિરમે જહાં । છોટે બડે મિલે સબ તહાં ।।
બ્રજરાની તબ ગ્વાલ બુલાયે । ઠોડી ગહિ ગહિ સબ સમઝાયે ।।
ટાડે જહાઁ જુ નૌ હૂઁ નન્દ । ઈહ ઉત્સાહ ભરે આનન્દ ।।
સ્યાંને ગ્વાલ દિયે બહુ સાથ । તિન્હૈ ગયાહૌ સુત કૌ હાથ ।।

ગોપીઓએ પણ ગોપીગીતમાં શ્રીકૃષ્ણની ગૌભક્તિનું વર્ણન કર્યું-

चलसि यद्रु व्रजाच्चारयन् पशून् नलिनसुन्दरं नाथ ते पदम् ।।
शिलतृणांकुरैः सीदतीति नः कलिलतां मनःकान्त गच्छति ।।

(ભા. ૧૦/૩૧/૧૧)

શ્રી લલિતા કુંડ

ततो ललितकुंड प्रणाम मंत्रः

ललिते स्नपने रम्ये स्वर्गद्वारविधायिने ।
नमः विमलतोयाय तीर्थराज नमोस्तु ते ।।

હે મનોહર!હે લલિતા કર્તક સ્થાપિત સ્થળ! હે સ્વર્ગગતિ પ્રદાયક! હે નિર્મળ જળથી યુક્ત તીર્થરાજ! આપને પ્રણામ છે.

લલિતાકુંડની કથા ધ્રુવદાસજીએ બેતાળીસ લીલામાં વિસ્તારથી લખી છે. પ્રેમ સરોવર અને સંકેત વનમાં રાધારાણી સંતાકૂકડી રમવા આવતી હતી. ધ્રુવદાસજી અનુસાર, પ્રથમ મિલન પ્રેમ સરોવરમાં થયું છે. એક દિવસ શ્રીકૃષ્ણએ સાંભળ્યું કે અહીં વૃષભાનુની રાજકુમારી રમવા આવે છે, અપૂર્વ સુંદરી છે, તો કૃષ્ણ જોવા ચાલ્યા ગયા અને આ તરફ રાધાજીએ પણ સાંભળ્યું હતું કે કોઈ નંદગ્રામમાં કોઈ નંદલાલ છે, અત્યંત સુંદર છે. બંનેએ એકબીજાને પહેલા ક્યારેય જોયા ન હતા. આ પ્રેમની વિચિત્રતા છે-

न आदि न अंत विहार करें दोउ लाल प्रिया में भई न चिन्हारी ।
नयी नयी बांति नयी नयी कांति नयी अबला नव नेह बिहारी ।।
रहे मुख चाह दिअे चित आह परे रस प्रीत जो ग्रथि महारी ।
रहे ईक पास करें मृदु हास सुनो ध्रुव प्रेम अकथ कथारी ।।

અને જ્યારે જોયા એકબીજાને, તો જોતાં જ રહી ગયા. ઠાકુરજી-શ્રીજીનું દરેક સમયે નવું રૂપ છે, જેની આપણે કલ્પના પણ નથી કરી શકતા. નિત્ય નવીન છબિ છે, નવીન રૂપ છે. બંને એકબીજાને જોયા બાદ પણ ઓળખી નથી સકતા. (વિસ્તારથી આ લીલા અધ્યાય ૩ પ્રેમ સરોવરમાં જુઓ.)

શ્રી દોમિલ વન

નામ જ આ સ્થાનની લીલાનું સૂચન કરી રહ્યું છે. દોમિલ- જ્યાં બે મળ્યા, બે કોણ? રાધા-માધવ. આ વન પ્રાંત યુગલ સરકારનું મિલન સ્થળ છે. દોમિલ સિવાય 'દોમન વન' પણ નામ સાંભળવામાં આવે છે, પરંતુ વાત તો એક જ છે, બે મળે અથવા

બે મન મળે. પૂર્ણમાસી ગુફા પાસે આ વનમાં શ્રી હનુમાનજીનું મંદિર અને 'રુનકી-ઝુનકી' નામની બે સખીઓના કુંજ પણ છે, આ બંને સખીઓ અહીં રાધા-માધવનું મિલન કરાવતી હતી, તેથી આ બંને સખીઓના કુંડ પણ અહીં છે. અક્રૂર તીર્થથી એક કોસ દક્ષિણ દિશા તરફ ચાલ્યા બાદ વસ્ત્ર કુંડથી થઈને જતાં જ 'દોમન વન'નું દર્શન થાય છે.

પૂર્ણમાસીજી

નંદગ્રામની બહાર પુરોહિતાણી પુર્ણમાસીજીએ સ્વયં આ સ્થાન પસંદ કર્યું છે, ગ્રામમાં બાળકોનો દેકારો તેમના દૈનિક ભજન-પૂજનમાં બાધક છે તેથી તેમના માટે તો આ સૌથી સુંદર દૂર્વાદલ, ફળ-પુષ્પોથી ભરપૂર એકાંત સ્થાન રહેવા માટે અતિ ઉત્તમ છે. મહર્ષિ શાંડિલ્યની પણ આપ માનેલી બહેન છો. આપ સાંદીપનિજીની મોટી બહેન છો, કાશીથી ગોકુળ આવ્યા કારણેકે આપની સાથે શ્રીકૃષ્ણનો માનીતો સખા મનસુખા છે, જેનું નામ આમ તો મધુમંગલ છે પરંતુ પોતાના હાસ્ય કૌશલથી કૃષ્ણના મનને દરેક પ્રકારે સુખ પહોંચાડવાને કારણે સૌ તેને મનસુખલાલ નામથી જ બોલાવે છે.

મનસુખ તેમનો ઔરસ પુત્ર નથી. એ તો આપના પિતાએ આપનું એક વિપ્રકુમાર સાથે શીઘ્ર કન્યાદાન કરી દીધું હતું, વિધાનવશ તે બ્રાહ્મણકુમાર શીઘ્ર દિવંગત થઈ ગયા હતા, તેથી તેમની પ્રથમ પત્નીનું તે નાનું બાળક છે. કૃષ્ણના પ્રિય સખા છે-મધુમંગલ. જ્યારથી પુરોહિતાણી વ્રજમાં આવી છે ત્યારથી વ્રજનું નાનામાં નાનું કામ પણ તેમની આજ્ઞા અને આશિષ વિના શરૂ નથી થતું. રામ-શ્યામ પણ ગૌચારણ માટે ત્યારે જ જાય છે જ્યારે એકવાર પુરોહિતાણીના ચરણોમાં મસ્તક નમાવી લી છે, અને પછી માતાની પાસે બે ચીજો તો હંમેશા હોય જ છે ૧. વાત્સલ્ય અને ૨. આશીષ. કૃષ્ણ અને દાઉને જોઈને એવું વાત્સલ્ય ઉભરે છે કે પુરોહિતાણીજી વૃદ્ધ છે પરંતુ આશીષ આપવાનું ક્યારેય નથી વિસરતાં અને જ્યારે આશીષ આપવાનું શરૂ કરે છે તો આવનારી ૨૧ પેઢીઓને પણ આશીર્વાદ આપી દે છે. આગળ જતાં શ્રીકૃષ્ણ અને રાધાના વિવાહનો સુયોગ પણ આપે જ કરાવ્યો હતો. વ્રજવાસીઓ માટે તો આપ સર્વેસર્વા છો. આખું વ્રજ ક્ષેત્ર અબાલવૃદ્ધ સૌ આપને જોતાં જ, આપને પ્રણામ કરી આપના આશીર્વાદ લીધા વિના આગળ નથી વધતું. લીલાવિહારી શ્રીકૃષ્ણની બાળલીલા નિહાળવા, તેમાં સહયોગ કરવા, તેમાં આપનું પાત્ર નિભાવવા આપ કાશીથી અહીં આવ્યા અને નંદગ્રામમાં જ પોતાનો અખંડ વાસ કર્યો.

ઉદ્ધવ ક્યાર

શુકદેવ પ્રભુ કહે છે-

ઉવાસ કતિચિન્માસાન્ ગોપીનાં વિનુદન્છુચઃ ।
કૃષ્ણલીલાકથાં ગાયન્ રમયામાસ ગોકુલમ્ ।।

(ભા.૧૦/૪૭/૫૪)

ઉદ્ધવજી મહારાજ કેટલાક માસ સુધી વ્રજમાં રહ્યા, હવે તો ૪ માસ થવા આવ્યા, વસંતનો પણ પ્રારંભ થઈ ગયો હતો, ગ્રીષ્મ ઋતુ સમાપ્ત થઈ ગઈ, પરંતુ મન જ નથી માનતું અહીંથી જવા માટે કારણકે મથુરામાં કદાચ શ્રીકૃષ્ણ દૃષ્ટિપથથી અડધી ક્ષણ માટે પણ આમ-તેમ થઈ જાય, પરંતુ અહીં તો... સૌ ગોપીઓ સાથે નિત્ય ક્રીડા કરી રહ્યા છે. વ્રજગોપીઓ જ્ઞાન-સંપન્ન ઉદ્ધવજીને પોતાના પ્રેષ્ઠની લીલા-સ્થળીઓના દર્શન કરાવે છે, સાથે જ અહીંની લીલાઓ પણ સંભળાવે છે. પહેલા જુઓ સૂરદાસજીના શબ્દોમાં-

ઈહાં હરિ જૂ બહુ ક્રીડા કરી। સો તો ચિતતે જાત ન ટારી ।।
ઈહાં પય પીવત બકી સંહારી । શકટ તૃણાવર્ત ઈહાં હરિ મારી ।।
વત્સાસુર કો ઈહાં નિપાત્યો । બકા અઘા ઈહાઁ હરિ જી ઘાત્યો ।।
હલધર મારયો ધેનુક કો ઈહાઁ । દેખો ઊધો હત્યો પ્રલમ્બ જહાઁ ।।
ઈહાઁ તે બ્રહ્મ હમકો ગયો હરિ । ઔર કિયે હરિ લગી ન પલક ઘરિ ।।
તે સબ રાખે સંપતિ નરહરિ । તબ ઈહાઁ બ્રહ્મા આય અસ્તુતિ કરિ ।।
ઈહાઁ હરિ કાલી ઉર્ગ નિકાસ્યો । લગેઉ જરાવન અનલ સોં નાસ્યો ।।
વસ્ત્ર હમારે હરિ જુ ઈહાં હરિ । કહાઁ લગી ગહિએ જે કૌતુક કરિ ।।
હરિ હલધર ઈહાઁ ભોજન કિયે । બિપ્ર તિયન કો અતિ સુખ દિયે ।।
ઈહઁ ગોવર્ધન કર હરિ ધારયો । મેઘ વારિ તે હમે નિવારયો ।।
શરદ નિશા મેં રાસ રચ્યો ઈહાઁ । સો સુખ હમપૈ બરણ્યો જાત કહાઁ ।।
વૃષભ અસુર કો ઈહાં સંહારયો । ભ્રુમ અરુ કેશી ઈહાઁ પછારયો ।।
ઈહાઁ હરિ ખેલત આંખ મુચાઈ । કહાં લકિ બરનૈં હરિ લીલા ગાઈ ।।
સુનિ-સુનિ ઊધો પ્રેમ મગન ભયો । લોટત ધર પર જ્ઞાન ગરબ ગયો ।।
નિરખત બ્રજ ભૂમિ અતિ સુખ પાવૈ । 'સૂર' પ્રભુ કો પુનિ પુનિ ગાવૈ ।।

ભાગવતકાર પણ કહે છે-

સરિદ્વનગિરિદ્રોણીર્વીક્ષન્ કુસુમિતાન્ દ્રુમાન્ ।
કૃષ્ણં સંસ્મારયન્ રેમે હરિદાસો વ્રજૌકસામ્ ।।

(ભા.૧૦/૪૭/૫૬)

ગોપીઓની સાથે પ્રેમ વિહ્વળ બનીને ક્યારેક યમુના તટે પહોંચે છે, ત્યાંની માટીનો પોતાના અંગ પર લેપ કરે છે, ક્યારેક વન વનાંતરમાં ભટકે છે, તો ક્યારેક ગિરિરાજના ઉચ્ચ શિખર પર ચઢી જાય છે. ક્યારેક શ્રીકૃષ્ણનો સ્પર્શ પામેલ તરૂના કોમળ કિસલયો, પલ્લવો, ફળોની શોભાને નિહાળતાં પોતાને જ ભૂલી જાય છે. આમ કૃષ્ણ લીલાસ્થળીઓને જોઈ, વ્રજ ગોપિકાઓનો પ્રેમ જોઈ, શ્રી ઉદ્ધવનું જ્ઞાન તો જાણે એક ગાગરમાં સમેટાઈ, ગોપીઓની ઉદ્દામ ગતિથી પ્રવાહિત પ્રેમસરિતામાં લજ્જિત થઈ મોં છુપાવી વહી ગયું. વ્રજલીલા ક્યારેય બંધ ન થઈ. કારણકે હરિવંશ પુરાણ અનુસાર વસુદેવનંદન વ્રજમાંથી ગયા, નંદનંદન નહીં, તેથી વ્રજમાં નિત્ય લીલાઓ થતી હતી, જેનું દર્શન ગોપીઓએ ઉદ્ધવજીને કરાવ્યું.

સરિચ્છૈલવનોદ્દેશા ગાવો વેણુરવા ઇમે ।
સંકર્ષણસહાયેન કૃષ્ણેનાચરિતાઃ પ્રભો ।।

(ભા. ૧૦/૪૭/૪૯)

એક પ્રેમ બાવરીએ ઉદ્ધવનો હાથ પકડ્યો અને બોલી- ''આ.. આ જ છે એ નદી જેમાં શ્રીકૃષ્ણ વિહાર કરતા હતા.'' બીજી, બીજી તરફ લઈ જાય છે, કહે છે ''આ જ એ પર્વત છે જેના પર ચઢીને તેઓ વાંસળીની મધુર તાન છેડતા હતા અને ક્યારેક-ક્યારેક તો મધ્યરાત્રિએ જ ન જાણે શું મનમાં આવતું, રાગ આલાપવા લાગતા, જાણે અમોને નામ લઈ-લઈને પોકારી રહ્યા હોય'', એક ઉદ્ધવની ભુજા પકડી, થોડી લજ્જા સાથે એકાંત વનપ્રાંતમાં તેમને લઈ ગઈ અને બોલી- ''અને આ એજ વન છે ઉદ્ધવજી, જ્યાં તેઓ... તેઓ અમારી સાથે રાસલીલા કરતા હતા અને આ જે સામે કૃષ્ણનો સ્પર્શ પામેલ ગાયો ઉભી છે, એ પણ એ જ છે જેમને શ્રીકૃષ્ણની સાથે રોજ આખો દિવસ વિતાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ઉદ્ધવ! એવું ન સમજી બેસશો કે આ લીલાઓ કેવળ થઈ છે, ના ના ના-

પુનઃ પુનઃ સ્મારયન્તિ નન્દગોપસુતં બત ।
શ્રીનિકેતૈસ્તત્પદકૈર્વિસ્મર્તું નૈવ શન્કુમઃ ।।

(ભા. ૧૦/૪૭/૫૦)

એ તો મારી સામે નિત્ય પ્રકટ છે. અમે જો તેમનાથી અલગ થઈ જઈએ, તો અમે જીવી ન શકીએ.'' આ નિત્યલીલાને સૂરદાસજીએ પણ ગાઈ કે વ્રજમાં શ્રીકૃષ્ણ સદાય છે જ. વ્રજલીલા સદાય ચાલતી રહી, ક્યારેય બંધ ન થઈ અને એ નિત્ય લીલાનું દર્શન કર્યા પછી સ્વયં ઉદ્ધવજીએ પણ તેનો સ્વીકાર કર્યો-

મૈં બ્રજવાસિન કી બલિહારી ।
જિનકે સંગ સદા હૈ ક્રીડત શ્રી ગોવર્ધનધારી ।।
કિનહૂ કે ઘર માખન ચોરત કિનહૂં કે સંગ દાની ।
કિનહૂં કે સંગ ધેનુ ચરાવત હરિ કી અકથ કહાની ।।
કિનહૂં કે સંગ યમુના કે તટ બંસી ટેર સુનાવત ।
સૂરદાસ બલિ બલિ ચરનન કી ઇહ સુખ મોહિં નિત ભાવત ।।

તેથી જ તો ઉદ્ધવજીએ ગોપીપદરજની કામના કરી-

આસામહો ચરણરેણુજુષામહં સ્યાં વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિનિર્વિમૃગ્યામ્ ।।

(ભા. ૧૦/૪૭/૬૧)

'આ રજ કણિકા મુજ ઉદ્ધવને કેવી રીતે મળી શકે? આ વિચાર, મનને હચમચાવે છે. મારું પરમ સૌભાગ્ય હશે, જો મને અહીંની પાવન વસુંધરામાં તૃણ, લતા, ગુલ્મ, વૃક્ષ, કાંકરી, પથ્થર કંઈ પણ બનવાનો અવસર મળી જાય અને જ્યારે આ દૂધ-દહીં વેચવા જાય અને હું માર્ગમાં નિશ્ચેષ્ટ પડેલો હોઉં, તો તેઓ પોતાના કોમળ ચરણતલથી મને એક તરફ હડસેલે, બસ આ.. હા... હા....! મારું એક જીવન તો શું, જન્મ-જન્મો ધન્ય થઈ જાય!

તેઓએ દુસ્ત્યજ શ્રૃંખલાઓને છોડી, એ કૃષ્ણ ચરણરજને પ્રાપ્ત કરી લીધી છે, જેને ઋચાઓ પણ આજ સુધી શોધી રહી છે પરંતુ પામી નથી શકી.

વ્રજધરામાં નિત્ય કૃષ્ણ સાંનિધ્ય પ્રાપ્ત થવાને કારણે રોજેરોજ મહામહોત્સવ થાય છે. પ્રતિદિન ગોપીઓ પોતાના ઘર-દ્વાર સ્વચ્છ સુસજ્જિત કરે છે, સ્થળે-સ્થળે કદલી (કેળના) સ્થંભ ઊભા કરે છે, સુંદર-સુંદર નૂતન આકૃતિના ફળ-ફૂળથી તોરણો બનાવીને લટકાવે છે, ઘરની ધ્વજાને સજાવે છે. શા માટે?

''અરે! નાનકડો કૃષ્ણ અત્યારે ગાયો ચરાવવા ગયો છે, આવતો જ હશે.''

બીજી- ''ના ના, એને તો મેં પ્રભાવતીને ત્યાં દૂધ-દહીં ચોરતા જોયો છે.''

ત્રીજી- ''તો તો હું પણ તાજું માખણ કાઢીને સામે જ મૂકી દઉં છું, જો એ અહીં આવે અને એને... એને કંઈ ન મળ્યું, તો હું આ ગોરસનો સ્પર્શ પણ નહીં કરું, એ જ વસ્તુ સફળ છે જે તેના માટે ઉપયુક્ત છે અને તેણે સ્વીકાર કરી હોય.''

ઉદ્ધવ આ નિત્ય લીલામાં સ્થિત ગોપીઓની પ્રેમ પરાકાષ્ઠાને જોઈ ચકિત-વિસ્મિત થઈ જાય છે. આમને શીખવાડું કે તેમની પાસેથી શીખું- બંને સ્થિતિમાં તે પોતાની અસમર્થતા અનુભવે છે.

બ્રહ્મવૈવર્તાનુસાર

૪ મહિનાઓ બાદ, વર્ષાની પ્રથમ ઝડીના દર્શન કરી કૃષ્ણ અર્ધાંગિની શ્રીરાધાએ પાછા જવાનું યાદ કરાવ્યું-

''ઉદ્ધવ! જાઓ, અમારા પ્રાણનાથ, આપના મિત્ર શ્રીકૃષ્ણ રાહ જોઈ રહ્યા હશે, તેમને વધુ કષ્ટ ન આપો.''

કદાચ શ્રી રાધારાણી યાદ ન દેવડાવે, તો ઉદ્ધવ આજીવન મથુરાને યાદ જ ન કરે. સંપૂર્ણ વ્રજ દર્શન કરતાં ઉદ્ધવજીની યત્ર-તત્ર ગોપીઓ સાથે વિશિષ્ટ વાર્તાઓ થઈ છે, તે સ્થળો પ્રસિદ્ધ થયા. જેમકે- વૃંદાવનમાં 'જ્ઞાન ગુદડી', જ્યાં તેમનું જ્ઞાન ક્ષીણ થઈ, કન્થા

(ગોદડી જેવું) થઈ ગયું અને એ જ સ્થળોમાં પ્રસિદ્ધ છે- નંદગ્રામની આ 'ઉદ્ધવ ક્યારી'. કદંબોના પદ્ચોકમાં બનેલ આ ઉદ્ધવ ક્યાર અત્યંત પ્રસિદ્ધ સ્થળ હતું. કાળાંતરમાં કદંબોનો હ્રાસ થયો, પદ્ચોકમાંથી કેટલાક જ બચ્યાં છે, વર્તમાનમાં તો મોટે ભાગે બાવળના તીક્ષ્ણ કાંટા જ સર્વત્ર દેખાઈ રહ્યા છે.

(બ્ર.વૈ.કૃ.જ.ખં.અ.૯૫,૯૬)

યશોદાકુંડ

તતો યશોદાકુંડ પ્રણામ મંત્રઃ

ધનધાન્યસુખં દેહિ તીર્થરાજ નમોઽસ્તુ તે ।
વૈકુંઢપદલાભાય પ્રાર્થયામિ નમસ્તુ તે ।।

અર્થાત્- હે તીર્થરાજ! આ લોકમાં આપ ધન-ધાન્ય સુખ પ્રદાન કરો, પરલોકમાં વૈકુંઠ પદનોલાભ અપાવો. હે ઉભયલોકસાધક! આપને વારંવાર પ્રણામ છે.

યશોદા કુરુતે સ્નાનં નિત્યમેવ દિનં પ્રતિ ।
યતો સંજાયતે કુણ્ડં યશોદા સંજ્ઞકં શુભમ્ ।।

યશોદા કુંડનું નામ યશોદાજીના નામ પર એટલા માટે પડ્યું કે અહીં યશોદાજી પ્રતિદિન સ્નાન કરતા હતાં. જ્યારે યશોદા મૈયા અહીં સ્નાન કરવા પધારતા, ત્યારે બંને ભાઈઓ પણ સખાઓની સાથે અહીં આવતા. અહીં સ્નાન કરવાથી ધન-ધાન્યથી પરિપૂર્ણ થઈ વૈકુંઠ પદની પ્રાપ્તિ થાય છે.

તતો હાઉ પ્રણામ મંત્રઃ

નમઃ કૃષ્ણેક્ષકાસ્તુભ્યં ધર્મકામાર્થ મોક્ષિણઃ ।
પાષાણરૂપિણો દેવાઃ યશોદાશીષસંસ્થિતાઃ ।।

અર્થાત્- કૃષ્ણ દર્શન કરાવનાર, ચારેય પુરુષાર્થ દેનાર, યશોદાના આશીર્વાદથી સ્થિત હે પાષાણરૂપી દેવતાઓ! આપને નમસ્કાર છે. શ્રીકૃષ્ણ યશોદા કુંડ પર માતાની સાથે આવતા અને જ્યારે ઉધમ કરતાં, ત્યારે તેમની ચપળતાને રોકવા માટે મૈયા આ હાઉ-બિલાવની બીક બતાવતી હતી. હાઉનું નામ સાંભળતાં જ બાળ કૃષ્ણ ડરીને માતાના અંકમાં છુપાઈ જતા, હાઉના આ પ્રભાવને કારણે મૈયા પ્રસન્ન રહેતી અને હાઉ-બિલાવ પ્રત્યે વિશેષ સ્નેહ ધરાવતી હતી.

કાજલ કુંડ

અહીંથી આગળ કારેલો વન છે, જેમાં કાજલ કુંડ છે, અહીં ગોપીઓએ શ્રીકૃષ્ણને કાજળ લગાવ્યું હતું.

માઁટ

નંદ બેઠકથી નંદગ્રામ તરફ યશોદાજીના દધિ માટના દર્શન થાય છે.

તતો દર્શન પ્રણામ મંત્ર :

કામસેનીસુતાકાર્યસુમષ્ટિદધિભાજનૌ ।
નમસ્ત્વમૃતરૂપાય દેવાનાં મોક્ષહેતવે ।।

અર્થાત્- યશોદાજીના હે મધુર અને અમૃતરૂપ દધિ ભાજન! આપ દેવોને પણ મુક્તિ આપવાવાળા છો, આપને નમસ્કાર છે.

અહીં બે પાત્રો છે. મોટું દધિ(દહીં)નું અને નાનું ઘૃત (ઘી) અથવા માખણનું. આ પાત્ર યશોદા કુંડની પાસે છે કારણકે શ્રીકૃષ્ણ જ્યારે વત્સપાલ હતા, ત્યારે ગ્રામની પાસે જ વાછરડાં ચરાવતા હતાં. તે સમયે મૈયા યશોદા, માખણ ખવડાવવા માટે અહીં જ દહીં લઈને આવી જતા હતા.

ખૂંટા

આ એ ખૂંટાઓમાંથી એક છે, જેનાથી નંદબાબા પોતાની ગાયોને બાંધતા હતા.

મધુસૂદન કુંડ

'મધુસૂદન' શ્રીકૃષ્ણનું નામ છે. તેમના નામનો આ કુંડ છે. મધુ ને મારનાર 'મધુસૂદન' અથવા 'મધુસૂદન' એટલે શ્રૃંગાર રસનો આસ્વાદક. અહીં સ્નાન કરવાથી આયુવૃદ્ધિ થાય છે.

તતો મધુસૂદન કુંડ પ્રણામ મંત્ર :

કેશવાય નમસ્તુભ્યં પરમાયુવિવર્ધને ।
મધુસૂદન કૃષ્ણાય દેવાનાં હિતકારિણે ।।

હે દેવવૃંદના હિતકારી ! હે દીર્ઘ આયુ પ્રદાન કરનાર મધુસૂદન કુંડ! આપને પ્રણામ છે.

ચરણ પહાડી

શ્રી નંદગ્રામમાં ચરણ પહાડી પર શ્રીકૃષ્ણના ચરણ ચિહ્ન છે. અહીના ચરણ ચિહ્નોનો પ્રસંગ શ્રીમદ્ ભાગવત ગીતામાં બે વખત આવ્યો છે, પહેલો પ્રસંગ અક્રૂરજીના આગમન વખતે છે, બીજો ઉદ્ધવજીના આગમન વખતે.

અક્રૂરજી–

ઇતિ સચ્ચિન્તયન કૃષ્ણં શ્વફલ્કતનયોઽધ્વનિ ।
રથેન ગોકુલં પ્રાપ્તઃ સૂર્યશ્ચાસ્તગિરિ નૃપ ।।

(ભા. ૧૦/૩૮/૨૪,૨૫)

અર્થાત્- માર્ગમાં શ્રીકૃષ્ણ ચિંતન કરતાં, રથ દ્વારા સંધ્યા સમયે અક્રૂરજી ગોકુળ પહોંચ્યા. ગોકુળ શબ્દ આમ તો સમગ્ર વ્રજ માટે પ્રયુક્ત થયો છે, પરંતુ અહીં તેનો ભાવ નંદગ્રામથી છે. ક્યાંક વૃંદાવન, ક્યાંક વ્રજ તો ક્યાંક આખું વ્રજ ગોકુળ નામે લક્ષિત થયેલ છે.

ઇત્થં મઘવતાઽઽજ્ઞાપ્તા મેઘા નિર્મુક્તબન્ધનાઃ ।
નન્દગોકુલમાસારૈઃ પીડયામાસુરોજસા ।।

(ભા. ૧૦/૨૫/૮)

આ જ પ્રમાણે પ્રસંગાનુસાર સમજી લેવું જોઈએ.

પદાનિ તસ્યાખિલલોકપાલકિરીટજુષ્ટામલપાદરેણોઃ ।
દદર્શ ગોષ્ઠે ક્ષિતિકૌતુકાનિ વિલક્ષિતાન્યજયવાંકુશાદ્યૈઃ ।।

(ભા. ૧૦/૩૮/૨૫)

નંદગ્રામ પહોંચીને અક્રૂરજીએ ચરણચિહ્નો જોયાં. અક્રૂરજીએ કમળ, યવ વગેરે ચિહ્નોથી અંકિત લોકપાલ પૂજિત ચરણચિહ્નો જોયા, ત્યારબાદ બીજો પ્રસંગ ઉદ્ધવજીની વ્રજદેવીઓ સાથેની મુલાકાત પર છે.

વ્રજ ગોપીઓ કહે છે- ''ઉદ્ધવજી! શ્રીકૃષ્ણના ચરણ ચિહ્નોથી અંકિત આ વ્રજભૂમિ તેમની મધુર છબિ અમારી સામે પ્રત્યક્ષ કરી દે છે. અમે આ ચિહ્નોને જોઈ તેમને કેવી રીતે ભૂલી શકીએ?''

પુનઃ પુનઃ સ્મારયન્તિ નન્દગોપસુતં બત ।
શ્રી નિકેતૈસ્યત્પદકૈર્વિસ્મૃર્તું નૈવ શકુમઃ ।।

આ બંને પ્રસંગોમાં એ જ વાત સ્પષ્ટ થાય છે કે ભલે અક્રૂરજી હોય, ઉદ્ધવજી હોય, વ્રજવાસી હોય કે પછી ગોપીજન આ બધાં જ સંપૂર્ણ વ્રજભૂમિને શ્રીચરણોથી અંકિત થયેલી જુએ છે કારણ કે તે ચરણ વ્રજભૂમિના રસપોષક અને શ્રી વર્ધક છે. ભાગવત ૧૦/૩૫/૬ માં દૃષ્ટવ્ય છે પરંતુ જે ચિહ્નો તેમણે જોયા, તે આપણે ભૌતિક આંખોથી નથી જોઈ શકતા.

પનિહારી કુંડ

આ સરોવર પ્રત્યે કનૈયાને ખૂબ જ પ્રેમ છે. જ્યાં સુધી પનિહારી કુંડનું પાણી ન આવે ત્યાં સુધી આ નાનો બાળક ભોજન શરૂ ન કરતો. તેનું અમૃતવત સ્વાદુ જળ તેને ખૂબ જ પ્રિય છે, તેથી જ તો મૈયા યશોદા, સ્વયં કનૈયા માટે મોટું માટલું ભરીને આ રુચિકર જળ લઈ આવે છે.

શ્રી કૃષ્ણ જ નહીં, બલ્કે સૌ વ્રજવાસીઓ અહીંનું જ શીતલ જળ પીને આત્માને તૃપ્ત કરે છે, સંધ્યા થતાં જ જુઓ, ગોપીઓના ટોળેટોળાં, કતારબંધ પરસ્પર મજાક કરતાં, કૃષ્ણ-ચર્ચા કરતાં સંભળાય છે.

જલ ભરને કો ગોપી ચલી હૈ ગાગર ઉઠાકર પનઘટ નિકેતી ,
બહતે હુએ જલ ને યહ ગીત ગાયા રાધા રસિક શ્યામ રાધા બિહારી ।

(બાબા દ્વારા રચિત બ્ર.ભા.મા.)

આથી વ્રજવાસીઓ તો તેને પનઘટ કુંડ કહેવું જ હિતાવહ સમજે છે.

ગોપાંગનાઓ અને શ્રીકૃષ્ણના પરસ્પર મિલન માટે આ સ્થાન તેમનું અત્યંત સહાયક છે. ગોપરમણીઓ આવે છે, જીવનાધાર જળ ભરવા, પણ જો એ જીવનાધાર... કૃષ્ણ મળી જાય તો જળને કોણ પૂછે? કહો તો પોતાના પ્રિયતમ સાથે વાત કરવામાં જળ ભરવાનું જ ભૂલી જાય.

ચોંકશો નહીં! પનઘટનો સાચો અર્થ તો કૃષ્ણ મિલનનું પન (પ્રણ) જ છે.

કારણકે એ પ્રેમ બાવરી કહે છે-

''પનઘટ જાન દે રી પન ઘટ જાત હૈ ''

અર્થાત્- મને પનઘટ જવા દે, નહીં તો પ્રેષ્ઠને મળવાની ઉત્સુકતા ઘટી જશે.

નન્દ જૂ કો છૈયા અલબેલૌ મેરી મટકી મેં માર ગયો ડેલો ।।
ગગરી ભરી ચલી મૈં ઉચકે આયો કહૂંતે છૈલો ।
ચૂનર સારી સબરી ભીજી પાની સબરો ફૈલો ।
ચૂનર મેરી લગ્યો નિચોરન કારો મન કો મૈલો ।
કબહું પનઘટ ઔ યમુના તટ વંશી બજાવૈ અકેલો ।
કબહૂં ઘેરૈ ખોર સાંકરી લૈ ગ્વાલન કો મેલો ।

(બાબા દ્વારા રચિત ર.સ.)

અને એક વિશેષ વાત-

ગોપીઓએ વિવાહ પૂર્વ નંદલાલને આ જ મનોહર કુંડના જળથી સ્નાન કરાવ્યું હતું અને તેમનો શ્રૃંગાર પણ કર્યો હતો, તેથી તે પનિહારી કુંડ કે પનઘટ કુંડ તરીકે ઓળખાયો. તે કદંબ વૃક્ષોથી આચ્છાદિત છે. આ કુંડના કિનારે મંદિરમાં શ્રી યુગલ સરકારના દર્શન છે.

વૃન્દા દેવી

વૃંદાદેવી ઘણીય થઈ છે-

૧. રાજા કુશધ્વજની કન્યા તુલસીનું નામ પણ શ્રી વૃંદા છે, જેમના વિવાહ કૃષ્ણાંશ શંખચૂડ સાથે થયા. આ કથા બ્ર.વૈ.પુ. કૃ.જ.ખં.અ. ૧૭માં પ્રાપ્ત થાય છે.
૨. જાલંધરની સ્ત્રી પણ વૃંદા છે.
૩. વૃંદાવનની અધિષ્ઠાત્રી પણ વૃંદા સખી છે.
૪. એક વૃંદા છે મહારાજ કેદારની કન્યા.

સામાન્ય રીતે વિચારતાં એ બુદ્ધિ ભ્રમ થાય છે કે અહીં જે વૃંદાનો નિવાસ છે તે કોણ છે? તેને અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

ચરણ પહાડીથી થોડાં આગળ ઉત્તર દિશામાં સુદૂર દેખાતા ઉચ્ચ તરૂઓની વચ્ચે જે વૃંદાદેવીનું રમણીય મનોરમ સ્થાન છે, તે કેદાર કન્યા વૃંદા છે.

શ્રીકૃષ્ણ જન્મ અધ્યાય ૮૬ બ્રહ્મવૈવર્તપુરાણ અનુસાર સ્વયં શ્રી ઠાકુરજીએ નંદજીની જીજ્ઞાસા જોઈ તેમને અહીં અદ્‌ભુત કથા સંભળાવી હતી. આદિ સૃષ્ટિમાં બ્રહ્મપુત્ર સ્વાયંભુવથી ઉત્તાનપાદ અને તેમનાથી મહારાજ ધ્રુવનો જન્મ થયો, ધ્રુવથી નંદસાવર્ણિ અને તેમના પુત્ર હતા- મહારાજ કેદાર.

તેઓ મોટા ધર્મપરાયણ રાજર્ષિ હતા, પ્રતિદિન બ્રહ્મભોજ અને ગોદાન કરતાં તેમજ ઇન્દ્રિય નિગ્રહ સહિત પ્રત્યેક કર્મ ભગવદર્પિત કરતા. એક દિવસ સ્વયં કમલા (લક્ષ્મીજી), કમલનયની કન્યા રૂપે, તેમના યજ્ઞકુંડથી પ્રકટ થયાં અને શ્રીકૃષ્ણને વરરૂપે

પ્રાપ્ત કરવાના અભીષ્ટ સાથે યમુના કિનારે સ્થિત પુણ્યમય વનમાં તપ કરવાના હેતુથી ચાલ્યા ગયા. જ્યાં તેમણે તપ કર્યું, તેમનું એ તપોવન જ વૃંદાવનની સંજ્ઞાથી શોભિત થયું. દીર્ઘકાળ સુધી કરેલ ઉત્કટ તપથી પ્રસન્ન થઈ બ્રહ્માજીએ વરદાન પણ આપી દીધું- ''હે સુમુખી! કેટલાક સમય બાદ નિશ્ચિત જ તારું અભીષ્ટ સિદ્ધ થશે.'' તદનંતર બ્રહ્માજીએ સાક્ષાત્ ધર્મને તેમની પરીક્ષા લેવા મોકલ્યા.

ધર્મ એક તરૂણ વિપ્રરૂપે ત્યાં આવ્યા અને તપમાં મગ્ન વૃંદાને પ્રશ્ન કર્યો.

ધર્મ- ''હે બાલે! તમારા આ ઉગ્ર તપ પાછળ શું વાસના છે? હું વરદાન આપવામાં સક્ષમ છું, તેથી જણાવ કે શું જોઈએ છે?''

વૃંદા- ''વિપ્ર શ્રેષ્ઠ! નિખિલ ગુણ નિધાન શ્રીકૃષ્ણચંદ્રની અર્ધાંગિની બનવું એ જ મારું સ્વત્વ છે.''

ધર્મ- ''પરંતુ હે કમલનયની! એ પૂર્ણકામ પુરુષોત્તમ ભક્તાનુગ્રહવિગ્રહને પોતાના પતિ રૂપે જોવામાં કેવળ રમા અને શારદા જ સફળ છે, અન્ય કોઈ નહીં. વૈકુંઠાધિપતિની આ બે જ ભાર્યાઓ છે. ૧. રમા ૨. શારદા અને ગોલોકમાં જે ગોપેશ છે, એમની ભાર્યા, એમની પ્રાણારાધ્યા, અભિન્ન હૃદયા, નિત્ય નવીન સૌંદર્યસંપન્ન શ્રીરાધાજી છે.''

શ્રીકૃષ્ણના બે રૂપ છે-

દ્વિભૂજ રૂપથી ગોલોકાધિપતિ અને ચતુર્ભૂજ રૂપે વૈકુંઠાધિપતિ છે.

ઇન્દ્ર, બ્રહ્માની તો ચર્ચા જ છોડો, દ્વિપરાર્ધની બ્રહ્માજીની આયુ, જેમનું માત્ર એક નિમેષ છે, સનકાદિક પણ જીવનપર્યંત એ વિભુની સેવામાં સંલગ્ન રહે છે, સહસ્ત્રમુખી શેષ પણ અબજો-ખર્વ કલ્પો સુધી અનવરત, અહર્નિશ સેવા અને નામ જપ કરે છે પરંતુ તે પ્રભુ એમના માટે પણ અપ્રાપ્ય જ રહી જાય છે. તો-

''હે વૃંદે! એ તમને કઈ રીતે સાધ્ય થશે?''

(વૃંદાના સતીત્વની પરીક્ષા કરવી હતી તેથી ધર્મ બોલ્યા)

ધર્મ- ''જો એ બ્રહ્મ તમારે માટે અપ્રાપ્ય હોય તો તમે મારું જ વરણ કરી લો.''

(આટલું સાંભળતા જ વૃંદા કોપાયમાન થઈ ધર્મને શાપ આપી બેઠાં.)

વૃંદા- ''વ્યભિચારી, અજ્ઞાન પ્રબલ બ્રાહ્મણ! મારો ધર્મ મારો રક્ષક છે. અગમ્યાથી સમાગમનો જે અશ્રોતવ્ય પ્રસ્તાવ તેં મારી સમક્ષ મૂક્યો, તે ઘણો જ જુગુપ્સિત છે.

બ્રાહ્મણ અવધ્ય હોય છે, તેથી હું તને શાપ આપું છું-

''ક્ષયો ભવ! ક્ષયો ભવ! ક્ષયો ભવ!''

(તારો નાશ હજો! તારો નાશ હજો! તારો નાશ હજો!)

ત્રણ વાર આવું બોલીને, જ્યારે ચોથી વાર બોલવા તૈયાર થઈ તો સૂર્યદેવે આવીને રોકી લીધાં અને કહ્યું, -'' દેવી! આ તો સ્વયં ધર્મરાજ છે, પરીક્ષા લેવા આવ્યા હતા,

તેમના નાશથી જગતમાં સનાતન ધર્મરૂપ જીવોનો સર્વનાશ થઈ જશે, તેથી તેમને જીવનદાન આપો.'' વૃંદાએ પ્રભુને તેમના જીવિત થવાની પ્રાર્થના કરી. લક્ષ્મિત નીચી આંખોએ, ધર્મ ભાર્યા મૂર્તિએ પણ આવીને પ્રભુ પાસે પતિ માટે પ્રાણદાનની પ્રાર્થના કરી.

પ્રભુએ વૃંદાને કહ્યું- ''સુંદરી! ૧૦૮ યુગ સુધી તેં કઠોર તપશ્ચર્યા કરી, તને દીર્ઘાયુ પ્રાપ્ત થઈ. હવે તું પોતાની આયુ ધર્મને આપી ગોલોકમાં ચાલી જા.''

વારાહ કલ્પમાં અમારી પ્રાણેશ્વરી શ્રીરાધાની છાયાભૂતા વૃષભાનુ કુમારી તું બનીશ, તે સમયે મારા કલાંશથી સમુદ્ભુત રાયાણ ગોપ સાથે તારું પાણિગ્રહણ થશે.

પાપિષ્ઠ મોહાચ્છન્ન જન તને જ વાસ્તવિક રાધા સમજશે. વાસ્તવિક રાધા તો મારી નિત્યસંગિની છે. તેમની કૃપા વિના તેમના દર્શન દુષ્પ્રાપ્ય છે. તેમની જે છાયા છે, તે જ રાયાણ ગોપની ભાર્યા છે, વાસ્તવિક રાધા નહીં.''

પ્રભુની આ મનોહર વાણી સાંભળીને વૃંદાજીએ ધર્મને પોતાની આયુ દાન કરી દીધી, અનુક્ષણ ધર્મ ઉભા થયા અને વૃંદાજીએ ગોલોક ગમન કર્યું. વૃંદાના અમોઘ શાપ 'ક્ષયો ભવ' જે ત્રણ વાર બોલાયો હતો, તે પણ આ મુજબ ઘટિત થયો-

સતયુગમાં ધર્મ પરિપૂર્ણ હતો, પરંતુ ત્રેતામાં તેના ૩ ચરણ શેષ રહ્યા, દ્વાપરમાં એક વધુ ઓછો થયો, ૨ ચરણ શેષ રહ્યા, કળિયુગના આદિમાં ૧ ચરણ રહી જશે અને અંતમાં આ કલાનું ષોડશાંસ માત્ર રહી જશે.

અહીં શ્રી વૃંદાદેવી, યુગલ સરકારની પ્રકટ લીલાનો આનંદ લેવા, આજે પણ વનદેવીના રૂપે નંદગ્રામમાં વિરાજમાન છે. મંદિરની સામે આપનું એક સુરમ્ય સરોવર પણ છે, જેમાં આપ સ્નાન કરતા હતાં. તે વૃંદાદેવી કુંડ નામથી ખ્યાત છે.

શ્રી પાવન સરોવર

નમઃ પાવનરૂપાય દેવાનાં કલ્મષાપહમ ।
નંદાદિપાવનાયૈવ તીર્થરાજ નમોસ્તુતે ।।

(શ્ર.ભ.વિ.)

હે તીર્થરાજ! આવ દેવોના ક્લેશોને નષ્ટ કરનારા તેમજ નંદાદિ ગોપોને પણ પાવન કરનારા છો, એવા પાવન સ્વરૂપ આપને પ્રણામ છે.

તત્રૈવ સરતો મધ્યે યશોદાકૂપમુત્ખનત ।
યત્ર કૂપં પિબેત્તોયં કૃષ્ણ તુલ્યં સુતોભવેત ।।

(શ્ર.ભ.વિ.)

ત્યાં જ સરોવરની મધ્યે યશોદા કૂપ છે. તે કૂપનું જળ પીવાથી કૃષ્ણતુલ્ય પુત્ર પ્રાપ્ત થાય છે.

કામસેની સુતાકૂપ સુપુત્રફલદાયકઃ ।
નમઃ પાવનતીર્થાય ગોપિકાયૈ નમોસ્તુતે ।।

(શ્ર.ભ.વિ.)

હે સત્પુત્ર ફલ પ્રદાયક! હે કામસેનીની પુત્રીના કૂપ પાવનતીર્થ! આપને અને ગોપીને પ્રણામ છે.

નંદગ્રામના ઉત્તરમાં કામ્યવન કોસી રાજપથ પર ઈંટર કોલેજની પાછળ વ્રજના ૫ સરોવરોમાંથી એક શ્રી પાવન સરોવર છે, જે શ્રી ઠાકુરજીને અત્યંત પ્રિય છે. અહીં શ્યામ સુંદર સખીગણો સાથે જલકેલિ કરતા અને જ્યારે ગોચારણ કરીને પાછા વળતા ત્યારે પોતાની કજરી, બહુલા, કપિલા, કંચન, શ્યામા વગેરે ગાયોને આ વિશાળ સરોવરના સુમધુર નિર્મળ જળથી તૃપ્ત કરતા, સ્વયં પણ ગોપ સખાઓ સાથે જલપાન કરી, તેમાં સ્નાન કરતા. કહેવાય છે કે પોતાની લાડલી શ્રીરાધા માટે બાબા વૃષભાનુએ સરોવરના ઉત્તરી તટે એક સુંદર મહેલનું નિર્માણ કરાવ્યું, જેમાં પોતાની અષ્ટસખીઓ સાથે સમાવૃત થઈ, કિશોરીજી વિવિધ પ્રકારની મનોરમ્ય ક્રીડાઓ કરતી અને નંદલાલ જ્યારે સરોવર પર આવતા ત્યારે અહીંથી સહજ તેમના દર્શન કરી પોતાના ચંચલ-યુગલ નયણોને આનંદ પમાડતા. પાવન સરોવર વિશે એવું કથન છે કે- આ સરોવરની ઉપરથી જો કોઈ પક્ષી પણ ઉડીને જાય તો તેની મુક્તિમાં લેશમાત્ર પણ સંદેહ નથી રહેતો. મુક્તિ પ્રદાતા સમસ્ત તીર્થોનું પોતાની મુક્તિની અભિલાષા સહ અહીં આવાગમન થતું જ રહે છે. 'બ્રજભક્તિ વિલાસ' અનુસાર, આ સરોવરમાં બાબા નંદરાયજી અને મૈયા યશોદાએ આંચર ગાંઠ બાંધીને અહીં સ્નાન કર્યું હતું તથા કૃષ્ણ જન્મોત્સવના અવસરે સવા લાખ ગાયોનું દાન કર્યું હતું, તેથી આ સરોવર દેવોથી પણ અધિક મહિમાવંત થઈ ગયું. તેના જળથી સ્નાન, આચમન કરવાથી સમસ્ત પાપો નષ્ટ થઈ જાય છે.

સનાતનજીની ભજનસ્થળી

શ્રી રૂપજીના અગ્રજ સનાતનજીએ સરોવરના દક્ષિણ-પૂર્વી તટને જ પોતાના ભજન માટે ઉચિત માન્યું. આપની ભજન પદ્ધતિ કઠોર વૈરાગ્યને વરેલી હતી, ભજન આસન પર જ્યારે આપ બેસતાં તો કેટકેટલાય દિવસો સુધી અન્નના દર્શન પણ ન કરતાં. એકવાર એવું જ થઈ ગયું, ગયા ૪-૫ દિવસથી આપની સમાધિ ખુલી ન રહી હતી. અપૂર્વ તપનું અચિંત્ય તેજ આપની અલૌકિક પ્રતિભાને ચારેકોર પ્રસારિત કરી રહ્યું હતું. અન્ન જળ વિના દેહ એકદમ કૃશ થઈ ચૂક્યો હતો ત્યારે સ્વયં કરુણાનિધાન ભગવાન પોતાના બાલ સ્વરૂપે, કમલકરોમાં પયપાત્ર લઈને પહોંચ્યા, સરોવર કિનારે તેમની ભજન કુટીમાં.

હાથથી હલાવી, બાબા.. ઓ બાબા! (બાબાનું ધ્યાનભંગ થયું, નેત્રો ખોલ્યાં)

પ્રભુ- ''લે આ દૂધ પી લે અને ભિક્ષા માંગ્યા કર, અમારા નંદગ્રામની ગોપીઓ પ્રતિદિન તારી પ્રતિક્ષા કરે છે.''

બસ આટલું જ કહેવા આવ્યા હતા એ તો, કહીને ચાલ્યા ગયા.

જેના માટે ભક્તવત્સલ ભગવાને સ્વયં આવવું પડ્યું, એવા સિદ્ધ મહાપુરુષની આ ભજનસ્થળી છે, જ્યાં આજ સુધી ઘણાંય ગૌડીય ભક્તો ભજન કરતા આવ્યા છે. ચૈતન્ય ચરિતામૃતમાં ઉલ્લેખ મળે છે-

શ્રીમન્ ચૈતન્ય દેવનું પણ વ્રજ ભ્રમણ કરતી વખતે કામ્ય વનથી અહીં આગમન થયું, અહીં આવતાં જ પ્રેમ વિહ્વળ થઈ, આ સરોવરમાં સ્નાન કર્યું-

તહાં લીલાસ્થલી દેખિ ગેલા નન્દીશ્વર ।
નન્દીશ્વર દેખિ પ્રેમ હઈલા વિહ્વલ ।।
પાવનાદિ સબ કુંડે સ્નાન કરિયા ।
લોકેર પુછિલ પર્વત ઉપરે જાઈયા ।।

(ચૈ.ચ.મ.લી.પરિ. ૧૮/૫૧,૫૨)

શ્રીવલ્લભાચાર્યજીની બેઠક

સરોવરના પશ્ચિમી ભાગમાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીની બેઠક છે, જ્યાં તેઓ ૬ માસ સુધી બિરાજમાન રહ્યા, ભાગવત પારાયણ કર્યું અને એક મુગલ પર આપની કૃપા થઈ, તેને બે જન્મોમાં બ્રહ્મ સંબંધ દ્વારા ભગવદ્ પ્રાપ્તિ કરાવી.

બેઠકજીની સમીપ એક વૃક્ષ છે- નન્દ છોંકર, જ્યાં પ્રતિવર્ષ દશેરાના દિવસે નંદજી પૂજન કરતા હતા.

ફુલવારી કુંડ

ફુલવારી કુંડનું એક નામ પુષ્પવાટિકા કુંડ પણ છે. અહીંની સરસ લીલાનું ગાન કર્યું છે નંદદાસજીએ પોતાની વ્યંજક, સરસ, પ્રવાહમયી, પ્રાંજલ ભાષામાં-

''એક બાર વૃષભાનુ વંશમણિ કંચન વરની શ્રી રાધા નન્દ પ્રાંગણ ખેલને આઈ ।''

ઇન્દુહાસિનીની સહજ ચપળતા, આભૂષણ વિના પણ શોભતી શુભાંગીને જોઈ મૈયા યશોદાનું મન મોહિત થઈ ગયું. વિચારોના વમળમાં વહી ગયા મૈયા.

'આ અમાનવી મારા કાનાની નિત્ય સંગિની બની જાય તો કેટલું સરસ!''

''હું આજે જ કીર્તિદાને ત્યાં આ પ્રસ્તાવ મોકલીશ.''

અવિલંબ ગ્રામની એક બ્રાહ્મણીને બોલાવવામાં આવી. તેને પોતાના મનની વાત કહીને તરત વ્રજરાજ કિશોર માટે, ભાનુજાનો હાથ માંગવા વૃષભાનુપુર મોકલવામાં આવ્યા.

બ્રાહ્મણી તો આ પ્રસ્તાવથી અત્યંત પ્રસન્ન હતી કારણ કે આ ઇન્દીવરદલશ્યામ માત્ર યશોદાના જ કામણગારા નથી, તે તો સૌના સ્નેહભાજન છે, સૌના સર્વસ્વ છે-

''ન ખલુ ગોપિકાનન્દનોભવાનખિલદેહિનામન્તરાત્મદૃક''

(ભા. ૧૦/૩૧/૪)

તેથી આ પ્રસ્તાવ લઈને જવું બ્રાહ્મણી માટે પોતાનું સ્વત્વ છે. બૃહત્સાનુપુરમાં નંદીશ્વરપુરની બ્રાહ્મણીને જોઈ, સૌએ પોતાના અભ્યાગત સમજીને આગતા-સ્વાગતા કરી.

ભાનુભુવનમાં પહોંચતા જ બ્રાહ્મણીએ કીર્તિદાને ફક્ત યશોદા જ નહીં બલ્કે આખા નંદગ્રામના મનની વાત કહી દીધી-

''નંદપુત્ર માટે આપની ચંદ-વદનીનો હાથ માંગવા આવી છું. હવે આપ અતિ શીઘ્ર શ્યામ સાથે સગાઈ કરાવી, આપની સુસ્નેહીને શ્યામ-સ્વામિની બનાવી દો, તેનાથી બરસાના અને નંદગ્રામના સંબંધોમાં અનંત પ્રેમનો સાગર આંદોલિત થશે.''

આ સાંભળીને કીર્તિદા બોલ્યા-

રાની ઉત્તર દયૌ સુન હૌં નહિં કરૌં સગાઈ
સૂધી રાધે કુંવરિ સ્યામ હૈ અતિ ચરબાઈ ।
નંદ ઢોટા લંગર મહા દધિ માખન કૌ ચોર
કહતિ સુનતિ લજ્જા નહીં કરતિ ઔર હી ઔર ।।
કિ લરિકા અચપલૌં ।।

(નંદદાસકૃત શ્યામ સગાઈ)

''બહેન! યશોદા તો મારા બાલ્યકાળના સખી છે. અમો બંનેમાં અપરિસીમ પ્રેમ છે પરંતુ મારી કન્યા અત્યંત ભોળા સ્વભાવની સરલા છે અને નંદકુમાર તો મહાઉચ્છૃંખલ, રંગે કાળો, ચોરી કરનારો, લંપટ સર્વ દુર્ગુણોવાળો છે, તેથી હું આ સંબંધ કરાવવામાં અસમર્થ છું.''

બ્રાહ્મણીએ આ બધી વાતો મૈયાને કહી.

સાંભળીને મૈયાનું અંતર્મન ઉદાસીથી ભરાઈ ગયું. અંતર્યામીથી ભલા આ વાત કેમ છાની રહે?

મૈયા નેત્રો ઝુકાવી ઉદાસ મુખડાને કર-પલ્લવ પર ટેકવીને ચિંતિત બેઠા હતા ત્યારે અંતર્યામી આવ્યા. મૈયાની ચિબુક હાથથી પકડી ઉપર કરી. ઉદાસીનું કારણ પૂછ્યું.

ત્યારે મૈયા બોલી- ''પુત્ર! તારે કારણે જ ઉદાસ છું. ઘરમાં પ્રચુર ગોરસ હોવા છતાં પણ તું ઘરે-ઘરે ચોરી કરે છે. કાયમ વ્રજગોપીઓ સાથે લડાઈ-તકરાર કરે છે.

મેં આજે રાધા સાથે તારો સંબંધ કરાવવા કીર્તિજીને કહ્યું તો તેઓએ પોતાની લાલી રાધાની સગાઈ તારી સાથે કરવાથી ઈન્કાર કરી દીધો.

આથી આપણું ઘણું મોટું અપમાન થયું.''

સાંભળીને સ્મિતભર્યા મુખે શ્યામસુંદર બોલ્યા- ''મૈયા, તું ચિંતા ન કર.

બાબાની સોગંદ ખાઈને કહું છું- મૈયા કીર્તિ હવે પોતે જ સંબંધ માટે કહેણ મોકલાવશે.'' આવું કહી અહીં ફુલવારી કુંડ પર આવીને બેસી ગયા. શ્રી રાધારાણી જ્યારે અહીં આવ્યા, નટવરને જોયા વેલાની જાળ પાછળથી, માથે મણિયુક્ત મોરપીંછ ઝૂલી રહ્યું છે. મૃદુલ-નીલ-કલેવર પર પીળું પિતાંબર ઝળકી રહ્યું છે. અગાધબોધ સંપન્ન લાખો યોગીઓ-મુનીઓનું મન મોહનાર સૌંદર્યથી ભરપૂર સ્મિત, કર્ણસ્પર્શી વિશાળ નેત્રોની ત્રાંસી નજરો કામણ કરી ગઈ. નીલ ચંદ્રની નીલી ચંચળ કિરણોથી પરિપૂર્ણ થઈ ગયું આ પુષ્પવાટિકા કુંડનું સમસ્ત ક્ષેત્ર.

શ્રેષ્ઠત્મ-સૌંદર્ય-સાર-સર્વસ્વ શ્રીકૃષ્ણને જોઈ ભ્રકુટી-શરથી વિંધાઈ ગઈ સુકુમારી.

સૌંદર્ય સુધાનિધિના નીલ-નીરદ લાવણ્ય પર મૃદુલાનું મન એવું આકૃષ્ટ થયું, જાણે ચુંબક પ્રત્યે લોહપિંડ.

નીલાંચલથી નયનાંચલને ઢાંકી તે સઘન કુંજમાં ચાલી ગઈ અને અદ્‌ભુત સૌંદર્યામૃત-સિંધુના અંગ-સંસ્થાનના સ્મરણથી બંને દીર્ઘ-દૃગોમાંથી અવિરત અશ્રુધારા વહેવા લાગી. સખી-સહચરીઓએ જોયું, તો સાંત્વના આપતા બોલી- ''રાધા! એક યુક્તિથી તું શ્યામને પામી શકે છે. અત્યારે તું અમારી સાથે ઘરે ચાલ. ત્યાં જઈ તું મૂર્છિત થઈ જજે. અમે મૈયાને કહી દઈશું કે રાધાને કાળા નાગે દંશ દીધો છે. અમે વિષ ઉતારનારાને ઓળખીએ છીએ. નંદકુમાર વિષ ઉતારવામાં પ્રવીણ છે. મહાન વિષધર સર્પોનું વિષ પણ ઉતારી દે છે.''

શ્રીજીએ ઘરે આવીને એવું જ કર્યું.

અચેતાવસ્થામાં પોતાની લાડલીને જોઈ મૈયા કીર્તિનું હૃદય કંપી ઉઠ્યું. તેઓ ગભરાઈ ગયા.

મોટા-મોટા ગારૂડીઓ (વિષ ઉતારનારાઓ)ને બોલાવવામાં આવ્યા પરંતુ નિરર્થક.

હવે તો મૈયા લાલીનો હાથ પોતાની હથેળીમાં લઈને વિલાપ કરવા લાગ્યા-

સખી કહતિ સમુઝાઈ કહૌ તૌં ગોકુલ જાઉં
મનમોહન ઘનશ્યામ તુરત બાકૌ લે આઉં ।
વહ ઢોટા અતિ સોહનોં પઠવૈ વાકી માઈ
બડૌ ગારુડી નન્દ કો તુરત ભલી કરિ જાઈ ।।

(નંદદાસ કૃત શ્યામ સગાઈ)

લલિતાજી બોલ્યા- ''મૈયા! એક ઘણો મોટો ગારૂડી છે. આપે ભૂલ કરી, તેને બોલાવ્યો હોત તો અત્યાર સુધી રાધાજી પૂર્ણ સ્વસ્થ થઈ જાત.''

કીર્તિ- ''કોણ છે એ લલિતા- શીઘ્ર બોલાવી લાવ.''

લલિતા- ''મૈયા! એ ગારૂડી નંદકુમાર છે, જેણે કાલીય નાગ જેવા મહાન વિષધરને પણ પોતાના વશમાં કરી લીધો હતો. પરંતુ મૈયા એક વાત છે, રાધા સાથે સંબંધ કરવાની આપે ના પાડી હતી. માનહાનિને કારણે, હવે એનું આવવું એટલું સરળ નથી લાગતું.''

કીર્તિ- ''લલિતા! મારાથી મોટી ચૂક થઈ ગઈ. તું અત્યારે જ જા અને કહી દે કે રાધાના પ્રાણ જો સચેત કરી દીધા તો હું તે જ સમયે સગાઈ કરાવી દઈશ.''

લલિતા- ''ઠીક છે મૈયા, હું જઈને વિનંતી કરીશ. આમ તો નંદકુમાર મારું કહ્યું માને છે.''

(લલિતાજીનો પ્રસન્ન મુદ્રામાં નંદસદનમાં પ્રવેશ)

લલિતા- ''નંદનંદન! નાટ્ય સિદ્ધ થઈ ગયું. હવે શીઘ્ર ચાલો, વાર ન લગાડો.''

(હવે નંદનંદને નાટક ચલાવ્યું)

કૃષ્ણ- ''લલિતા! હું નહીં આવું.''

લલિતા- ''જો અત્યારે આવશો તો સંબંધ થઈ જશે, નહીં તો રહી જાશો એમ જ...''

ભભૂતિની પોટલી લઈને ચાલી નીકળ્યા લલિતાજીની સાથે ગારૂડી નંદકુમાર.

વૃષભાનુ-ભવનમાં પ્રવેશ કર્યો.

હવે તો મૈયા કીર્તિ ઘણાં પ્રસન્ન થયા.

''આવો યશોદાનંદન, બિરાજો.''

શ્રીકૃષ્ણએ શ્રીજીનો ગૌરહસ્ત પોતાની રક્તિમ હથેળીમાં લીધો. બીજા હાથથી નાડી જોવા લાગ્યા.

''ઓહો! ઘણું તીવ્ર વિષ છે, સ્થિતિ પણ અત્યંત ગંભીર છે.

સાવધાન થઈને બધા સાંભળી લો, વિષ તો હું ઉતારી દઈશ, પરંતુ નજીક જે હશે તેના પર વિષ ચડી જશે, તેથી સૌ અહીંથી હટી જાવ. એકાંતમાં જ આ ઉપચાર થઈ શકે છે.''

મૈયા કીર્તિ, સખી-સહચરીઓનો સમૂહ, સૌ ત્યાંથી ચાલ્યા ગયા.

એકાંત જોઈને નંદનંદને શ્રીજીના કાનમાં કહ્યું- ''હે વ્રજનાગરિકુલચૂડામણે! અદભ્રસુદયે! ઉઠો, હું આવી ગયો છું. આપણું નવીન નાટક સાર્થક થઈ ગયું રાધે.''

ઝટ, રાધારાણી બેઠા થઈ ગયા.

ઠાકુરજીએ તાળી પાડીને સૌને બોલાવ્યા.

મૈયા કીર્તિ અત્યંત પ્રસન્ન થયા. વારંવાર નંદનંદનની પ્રશંસા કરવા લાગ્યા.

લલિતાજી હાથમાં કંચનથાળ લઈને બોલ્યા- ''મૈયા! હવે શીઘ્ર આપનું કથન સંપન્ન કરો.''

કીર્તિદા- ''હા લલિતા! તું સત્ય કહે છે. લાવ, ફટાફટ થાળ લાવ. શુભ કર્મમાં વિલંબ શાનો? હું હમણાં જ સગાઈ કરી દઈશ.''

તરત કીર્તિદાએ તિલક લગાવ્યું.

સુનતિ સગાઈ સ્યામ ગ્વાલ સબ અંગનિ ફૂલે
નાચત ગાવત ચલે પ્રેમ રસ મેં અનુકૂલે ।
જસુમતિ રાની ઘર સજ્યૌ મોતિન ચૌક પુરાઈ
બજતિ બધાઈ નન્દ કૈ 'નન્દદાસ' બલિ જાઈ ।।
કિ જોરી સોહની ।।

ક્ષુણ્ણહાર કુંડ

અહીં નંદરાયજીના પિતા પર્જન્યજીએ તપ કર્યું હતું, તે તપના ફળસ્વરૂપે નંદ, ઉપનંદ વગેરે પુત્રો પેદા થયા.

મોતી કુંડ

ગર્ગસંહિતાનુસાર

ગિરિ ગોવર્ધનોદ્ધારણ બાદ કૃષ્ણના પરાક્રમની ચર્ચા વાયુવેગે વ્રજમાં પ્રસરી ગઈ. વ્રજનો ગોપ સમૂહ વ્રજેશ પાસે પહોંચ્યો નંદમંદિરમાં અને કહ્યું- ''મહારાજ! આપના વંશમાં આજથી પૂર્વ કોઈ આવો પરાક્રમી બાળક થયો નથી, જે સાત દિવસ સુધી સતત સપ્ત કોસીય ગિરીને અલ્પાવસ્થામાં ધારણ કરી લે. આપ સ્વયં પણ નાનકડો શિલાખંડ ન ઉઠાવી શકો, તો આપના પુત્રમાં આ બળ ક્યાંથી આવ્યું, વધુમાં આપ પણ ગૌર વર્ણ

છો, મૈયા પણ ગૌરવર્ણ તો મૈયા-બાબાથી વિપરીત, વિલક્ષણ લક્ષણધારી આ શ્યામવર્ણી બાળક અહીં કેવી રીતે આવ્યો? આપ ખરેખર તેના જન્મનું રહસ્ય બતાવી દો, નહીં તો ગોપજાતિમાંથી અમો આપને બહિષ્કૃત કરી દઈશું.

ગોપોના આમ કહેવાથી નંદજીએ બાળકના નામકરણ અવસરે મહર્ષિ ગર્ગ દ્વારા કથિત સઘળી વાતો જણાવી દીધી કે નિશ્ચિત જ આ બાળક અસાધારણ છે, તેના અંશથી જ વિવિધ અવતારોની ઉત્પત્તિ થાય છે, તે પરિપૂર્ણતમ છે, સૌનો અંશી છે. શ્વેત, રક્ત, પીત રંગના દેવ હોવાને કારણે તેનું એક નામ વાસુદેવ પણ છે. વૃષભાનુ કુલોદ્ભવ શ્રી રાધિકા રાણીના એ પતિ છે, તેથી રાધાપતિ પણ તેમનું નામ છે. ભૂલોકનો ભાર ધરવાને જ તે કંસારિ બન્યા છે.

ગર્ગ કથિત વાતો સાંભળીને ગોપ અત્યંત રુષ્ટ થયા અને બોલ્યા- ''નંદ! તમારું આ ચાલ-ચલન અનુચિત છે, તમે પુત્રનું નામકરણ પણ ચુપચાપ કરી લીધું. અરે, અમોને નહીં તો કમસે કમ પોતાના ભાઈભાંડુઓને તો બોલાવ્યા હોત.'' નંદાલયથી બહાર આવી સૌ ગોપભાનુ મંદિર પહોંચ્યા અને વૃષભાનુને કહ્યું- ''ગોપેશ્વર! નંદને ગોપજાતિથી પૃથક્ કરવામાં આવે.'' વૃષભાનુજી- ''પરંતુ, તેમનો દોષ શું છે? તે તો આપણા સૌના પ્રિય છે.'' ગોપ- ''જો આપે તેમનો પરિત્યાગ ન કર્યો તો અમે તમારો પણ પરિત્યાગ કરીશું.'' વૃષભાનુ- ''મારો શું દોષ છે?'' ગોપ- ''આપની કન્યા વિવાહયોગ્ય થઈ ગઈ છે અને આપે હજી સુધી તેના વેવિશાળ નથી કરાવ્યા, તે અપરાધ છે.'' ત્યારે વૃષભાનુજીએ ગોપોને સવિનય સમજાવ્યું. ''જુઓ, ગર્ગજીએ પહેલાં જ ભવિષ્યવાણી કરી દીધી છે. મારી કન્યાનો વિવાહ શ્રીકૃષ્ણ સાથે સુનિશ્ચિત છે. એ તો નિત્ય સિદ્ધ દંપતિ છે, લીલા કરવાને અહીં આવ્યા છે.'' ગોપ બોલ્યા- ''ઓહો! એટલે જ આપનો વૈભવ પણ દિવ્ય છે, નંદજીને પણ ઉત્કૃષ્ટ વૈભવ આપના થકી જ પ્રાપ્ત છે. પરંતુ ગોપેશ્વર, જો ખરેખર કૃષ્ણ ભગવાન છે તો આપ એકવાર એમના વૈભવનું પરીક્ષણ અમારી સામે કરો.''

વૈભવ પરીક્ષણ માટે વૃષભાનુજીએ ઝટ દિવ્ય મોતીઓના ૧ કરોડ હાર લીધા, હારના પ્રત્યેક મોતીનું મૂલ્ય ૧-૧ કરોડ સ્વર્ણમુદ્રાઓનું હતું અને તે હારોને સુંદર યષ્ટિઓથી સજ્જિત કરીને કુશલ વર વરણકારીજનો દ્વારા નંદમંદિર મોકલ્યા. મહારાજ નંદને એ મૌક્તિક-હાર પાત્ર ભેટ કરતાં વર-વરણકર્તાઓ બોલ્યા- ''નંદજી! કર્ણાંત સુદીર્ઘ વિશાળ ભોળાભાળા નયણોવાળી ગોરવર્ણા કિશોરી માટે વૃષભાનુજીએ આપના લાડલા વિશ્વજન-મનમોહનનો હાથ માગ્યો છે. વરની ગોદ ભરવા માટે પહેલા કન્યા પક્ષ તરફથી આ મૌક્તિક રાશિ ગ્રહણ કરો અને આપણી પ્રસિદ્ધ કુલરીતિ અનુસાર કન્યાની ગોદ ભરવા માટે મૌક્તિક રાશિ પ્રદાન કરો.'' નંદજીએ તો આવી મૌક્તિક રાશિ પ્રથમ વાર જ જોઈ હતી, હવે કન્યાની ગોદ ભરાઈ માટે એવી રાશિ ક્યાંથી પ્રાપ્ત કરે. ચિંતિત નંદજીએ યશોદાજીને કહ્યું પરંતુ મૈયાએ તો વિસ્ફારિત નેત્રોથી નિહાળતા કહી

દીધું કે આપણી પાસે એવી રાશિ નથી, પરંતુ હવે શું કરીએ, કંઈક તો કરવું જ પડશે અન્યથા ગોપ જાતિમાં આપણી ઘણી માનહાનિ થશે. ત્યાં સુધી અલક્ષિત ભાવથી શ્રીકૃષ્ણ ત્યાં પહોંચ્યા અને ૧૦૦ હાર લઈને મુક્તાકુંડ પર તેની ખેતી કરી આવ્યા. મુક્તમાળના પરિગમન અવસરે ૧૦૦ માળાઓ ઓછી જોતાં બાબા વધુ ચિંતિત થઈ ગયા, ત્યારે કૃષ્ણ બોલી ઉઠ્યા- ''બાબા! આપ ચિંતા ન કરો, આપણે ગોપ કૃષક છીએ. મેં મોતીઓની વૃદ્ધિ માટે તેમની ખેતી કરી દીધી છે.'' નંદબાબાએ ગુસ્સે થઈને કહ્યું- ''કૃષ્ણ! તું પણ કેવો નાદાન છે, આમ ભલા કોઈ મોતીઓની ખેતી કરતું હશે.'' પરંતુ જ્યારે બાબાએ સેવકોને મોતી શોધીને વણી લાવવાની આજ્ઞા કરી તો સેવકોએ જઈને જોયું- તો ત્યાં મુક્તાફળના સેંકડો વૃક્ષો ઉભા થઈ ગયા હતા, જેના પર તારા સમાન મોતીઓ ચમકી રહ્યા હતા, જે પહેલાના મોતીઓથી પણ વધુ દીપ્તિમાન હતા. નંદબાબા આ જોઈને અત્યંત પ્રસન્ન થયા. હવે તો નંદબાબાએ પ્રસન્ન થઈ કન્યા ગોદ ભરાઈ માટે દિવ્ય મોતીઓ વર-વરણકર્તાઓ સાથે બરસાના મોકલી આપ્યા, જે જોઈને ગોપ સમૂહના સઘળા સંશયો સમૂળ નષ્ટ થઈ ગયા. નંદનંદન દ્વારા જ્યાં મોતીઓની ખેતી કરવામાં આવી, ત્યાં મુક્તા સરોવર પ્રકટ થયું, જે તીર્થરાજ કહેવાય છે. આ સ્થાન પર મુક્તાફળ (મોતી) ના દાનથી એક લાખ મોતીના દાનનું ફળ મળે છે.

(ગ.સં.ગિ.ખં.અ.૬)

છાછ (છાશ) કુંડ

નંદબાબાની નવ લાખ ગાયોની છાશ અહીં એકત્રિત કરવામાં આવતી, જેને રોહિણી મૈયા ગોપીઓમાં વહેંચી દેતા. આ કામા માર્ગ પર ગ્રામ તરફ છે. વર્તમાનમાં તે નામમાત્રનું રહી ગયું છે.

મોર કુંડ

વ્રજ ગોપીઓના આગ્રહથી શ્રીકૃષ્ણએ અહીં મયૂર નૃત્યુ કર્યું હતું. તે કૃષ્ણકુંડની સમીપ, કોસી માર્ગ પર સ્થિત છે.

કૃષ્ણકુંડ

શ્રીકૃષ્ણ કુંડ શ્રીકૃષ્ણની જલકેલિનું પ્રસિદ્ધ સ્થળ છે. પ્રાચીન લીલાસ્થળી, શ્રીકૃષ્ણ કુંડ વિષે શ્રીમદ્ ભાગવતમાં એક પ્રસંગ જોવા મળે છે- ઉદ્ધવજી જ્યારે વ્રજ આવ્યા ત્યારે તેઓ કૃષ્ણકુંડ પર જ સ્નાન કરવા ગયા હતા કારણકે વ્રજ ગોપીઓએ પ્રાતઃકાળે નંદભવનના દ્વાર પર સુવર્ણમય રથ જોઈને અંદરોઅંદર જાણવા ઇચ્છ્યું કે આ રથ કોનો છે ?

ભગવત્યુદિતે સૂર્યે નન્દદ્વારિ બ્રજૌકસઃ।
દૃષ્ટવા રથં શાતકૌમ્ભં કસ્યાયમિતિ ચાબ્રુવન ।।

(ભા. ૧૦/૪૬/૪૭)

આમ ચર્ચા કરતાં તેણીઓ કૃષ્ણકુંડ તરફ ગઈ, જ્યાં ઉદ્ધવ આહ્નિક કર્મ કરી ચૂક્યા હતા, ત્યાંથી જ ઉદ્ધવ ક્યાર તરફ ગોપીઓનું પ્રસ્થાન થાય છે, જ્યાં ઉદ્ધવ-ગોપી સંવાદ થયો અને પ્રસિદ્ધ ભ્રમર ગીત ગાયું. નારાયણ ભટ્ટજીએ 'બ્રજ ભક્તિ વિલાસ'માં લલિતા કુંડની પાસે જ કૃષ્ણકુંડનું વર્ણન કર્યું છે.

કૃષ્ણકુંડના તટ પર ઠાકુર શ્રી નૃત્યગોપાલજીનું મંદિર છે. ગોધૂલિ બેલામાં, ટેર કદંબથી પાછા વળતાં સમયે, ઠાકુરજી ગાયોની ગણતરી પોતાની બાળસુલભ ચેષ્ટા અનુરૂપ કંઠમાંપહેરેલી માળાની મણીઓથી કરતાં અને પ્રત્યેક ગાયનું નામ લઈ ગણના કર્યા બાદ નૃત્ય કરવા લાગી જતા-

મણિધરઃ કચિદાગણયન ગા માલયા દયિતગન્ધતુલસ્યાઃ ।

પ્રણયિનોઽનુચરસ્ય કદાંસે પ્રક્ષિપન ભુજમગાયત યત્ર ।।

(ભા. ૧૦/૩૫/૧૮)

મોહનકુંડ

''તત્પાર્શ્વે મોહન કુંડ''

(બ્ર.ભ.વિ.)

તેઓએ મોહનકુંડની લીલાનું વર્ણન લલિતા કુંડ સાથે પુનઃ કર્યું છે.

લલિતા સ્નપનં કૃત્વા મોહનેક્ષણમિચ્છતિ ।
તતસ્તુ તત્સમીપે તુ સ્નપિતં કૃષ્ણમોક્ષયેત ।।

(બ્ર.ભ.વિ. ૧૬)

તત્રૈવ -

ललिता कुर्यात्कुंडमोहनसंत्रकम ।
यत्र स्त्रायाद्विधानेन कृष्णदर्शनमान्पुयात ।।
साफल्यपदमाप्नोति जगन्मोहनकारकम ।

(બ્ર.ભ.વિ.)

આસેશ્વર

અહીં જ્યારે મહાદેવ નંદ-ભવનમાં લલ્લાના દર્શન કરવા ગયા ત્યારે યશોદા મૈયાએ ન પાડી દીધી કે મારો લાલ તો નાનકડો છે, તમારા દર્શનથી ડરી જશે તો મહાદેવજી અહીં આવી આસન લગાવી બેસી ગયા, એ આશામાં કે મારો નાથ સાંભળશે અને દર્શન દેશે. અહીં આવીને આસ લગાવી બેઠા, તેથી આસેશ્વર કહેવાયા.

મહાદેવના જતાં જ લલ્લાએ જોર-જોરથી રડવાનું શરૂ કરી દીધું. માતાએ બધા ઉપાયો અજમાવ્યા પરંતુ ચુપ ન થયા તો સૌએ કહ્યું કે ત્યાં એક બાબા બેઠા છે. બાબા ઘણા કરામાતી લાગે છે. તેમના માથા પર ચંદ્ર અને જટાઓમાં ગંગા છે. કદાચ એ લાલાને ઠીક કરી શકે ત્યારે યશોદાજીએ તેમને બોલાવડાવ્યા, શિવજી આવ્યા અને શ્યામસુંદર સામે તેઓએ રાધા-યશ ગાયો, શ્યામસુંદર હોંકારો દેતા રહ્યા અને ફરી રાધા-રાધા કહેતાં રડવા લાગ્યા.

માતાએ પૂછ્યું- ''લલ્લા કેમ રડે છે?'' માતા ન સમજી શક્યાં, પરંતુ આ વાતને શિવજી સમજી ગયા કે આ તો મેં જે રાધા નામનો જાદુ માર્યો તેના કારણે રડી રહ્યો છે. યશોદા મૈયાએ કહ્યું- ''જોગી! તું જ કાંઈક કર.'' શિવજી બોલ્યા- ''હા, હું તારા લલ્લાને ચૂપ કરી દઈશ.'' ત્યારે મૈયાએ મહાદેવજીનો હાથ લાલાના મસ્તક પર ફેરવ્યો અને શિવજીએ કિશોરીજીની નામાવલી સંભળાવી, એટલે કૃષ્ણ તરત ચૂપ થઈ ગયા. આ અહીંની લીલા છે. અહીં એક સુંદર સરોવર છે જેને આસેશ્વર સરોવર કહે છે.

ટેર કદમ્બવન

અહીં શ્રીકૃષ્ણ કદંબ પર ચઢી ગાયોને બોલાવતા હતા અને ગાયો દોડતી-દોડતી આવી જતી હતી-

कदंब चढ कान्ह बुलावत गैंया ।
मोहन मुरली को शब्द सुनत ही जहाँ तहाँ ते उठ धैंया ।।
आवो आवो सखा संग के पाई हैं एक ठैंयां ।
'गोविंद' प्रभु बलदाउ सों कहन लागे अब घर कौ बगदैंया ।।

આજે પણ ગોપાષ્ટમીના દિવસે અહીં જ્યારે નંદગ્રામમાં ઠાકુરજી ગોચારણ માટે જાય છે તો આ લીલા થાય છે. આ સ્થાન આજે પણ પ્રાચીન વ્રજના સ્વરૂપને કેટલાક અંશે પ્રકટ કરે છે, સઘન લતા વૃક્ષોની મધ્યે અહીં એક સરોવર પણ છે, જેને વ્રજવાસીગણ ટેર કદંબ કુંડ કહે છે.

તતો ટેર કદંબ વન પ્રાર્થના મન્ત્ર :

ગોપિકા વલ્લાભાયૈવ કૃષ્ણગોપાલરૂપિણે ।
નમસ્તે સુખરૂપાય યશોદા નન્દનાય ચ ।।

અર્થ- ગોપિકાઓના વલ્લભ, કૃષ્ણ ગોપાલ રૂપ છે, એ સુખરૂપ યશોદાનંદનને નમસ્કાર છે.

શ્રી રૂપ ગોસ્વામીજીની આ ભજનસ્થળી રહી, અહીં આપની ભજન કુટી છે. પાવન સરોવર પર આપના અગ્રજ શ્રી સનાતન ગોસ્વામીજીની ભજન સ્થળી રહી, તેથી તેમની ત્યાં કુટી છે. આપ બંને મહાન વૈભવ છોડી વૈરાગ્યમય રીતે વ્રજમાં રહ્યા અને આપના સતત હરિ સ્મરણ-કીર્તનથી ઠાકુર-ઠકુરાની રીઝી ગયા અને આપ બંને પર અદ્‌ભુત કૃપાવૃષ્ટિ કરી. રૂપ ગોસ્વામીજી દ્વારા શ્રી ગોવિંદ દેવ સિદ્ધ અર્ચા વિગ્રહનું પ્રાકટ્ય થયું, જે હાલમાં જયપુરમાં વિરાજમાન છે અને લાખો લોકો તેનું પ્રતિદિન દર્શન કરી પોતાને ધન્ય માને છે, જ્યાં સુધી આ સિદ્ધ ઠાકુર વ્રજમાં રહ્યા, વ્રજના રાજા બનીને રહ્યા.

મીરાજીનું જ્યારે વ્રજમાં આગમન થયું, તે સમયે શ્રી ગોવિંદ દેવ વૃંદાવનમાં જ વિરાજતા હતાં, જેને મીરાજીએ પોતાની ભોળી ભાષામાં ગાયું-

મ્હાને લાગે વૃન્દાવન નીકો ।
ઘર ઘર તુલસી ઠાકુર પૂજા દર્શન ગોવિન્દ જી કો ।।

એ ગોવિંદ દેવના પ્રાકટ્યકર્તા રૂપજી અહીં નંદગ્રામમાં ટેર કદંબ પર અખંડ ભજન કરતા. તેઓએ જે પણ સિદ્ધિ પ્રાપ્ત કરી, અહીં જ કરી. એક વખત આપના અગ્રજ સનાતનજી ટેર કદંબનું દર્શન કરવા અને આપને મળવા આવ્યા. ઘણાં દિવસોના અંતરાલ બાદ આપ બંને એકબીજાને મળ્યા, કુશળક્ષેમ પૂછ્યું, કુશ-આસન પર બેસાડ્યા, પરંતુ રૂપજી અગ્રજને અપલક નેત્રોથી નિહાળી રહ્યા હતા અને મનોમન-

મોટા ભાઈ કેટલા કૃષકાય થઈ ગયા છે.

આ વિચાર તેમને ઘણું કષ્ટ પહોંચાડી રહ્યો હતો. સનાતનજી ક્યારેક ભિક્ષા માગતા, ક્યારેક ન માગતા, દિવસ-રાત ભજનાનંદમાં મગ્ન રહેતા, પરંતુ રૂપજી તેમની દેહ-દુર્બળતાથી ચિંતિત થઈ ગયા હતા.

અચાનક મનમાં અગ્રજની સેવા હેતુ એક સૂક્ષ્મ વાસના થઈ- મોટા ભાઈ આવ્યા છે, કોઈ સારો પદાર્થ ખવડાવવો જોઈએ, ખીર હોત તો ઘણું સારું થાત.

પરંતુ અહીં આ ઘોર અરણ્યમાં દૂધ, ખાંડ, ચોખા ક્યાંથી મળે, તેથી કૃપાસ્વરૂપા શ્રીરાધારાણી એક નાની બાળકીના સ્વરૂપે તરત દુગ્ધ પૂરિત પાત્ર લઈને ત્યાં આવી પહોંચ્યા. રૂપજી હતાં તો ભજન અવસ્થામાં, નેત્રો બંધ હતા, સ્થિર આસન હતું પરંતુ મન અગ્રજના સ્વાગત માટે કલ્પનાઓની યાત્રા કરી રહ્યું હતુ. શ્રીજી પહોંચ્યા, બોલ્યા-

શ્રીજી- ''બાબા.... અરે રૂપ બાબા!''

બાબાએ નેત્રો ન ઉઘાડ્યા, બંધ આંખે જ પૂછી લીધું- ''કોણ છે?''

શ્રીજી- ''બાબા! હું છું.. મૈયાએ આપના માટે દૂધ મોકલ્યું છે.''

રૂપ- ''લાલી, અહીં એક બાજુ મૂકી દે.''

સ્મિત વેરતાં શ્રીજી- ''બાબા! સાથે ચોખા અને સાકર પણ આપી છે, ખીરની ઇચ્છા હોય તો બનાવી લેજો.''

છતાં પણ આપ પોતાના ઇષ્ટને પિછાણી ન શક્યા.

ભજન ભંગના ભયથી નેત્રો ન ખોલ્યા પરંતુ ભજનનું સંપૂર્ણ ફળ તો સમક્ષ સાક્ષાત ઉભું છે.

(પુનઃ શ્રીજી કૃપા કરતાં)

શ્રીજી- ''બાબા! મૈયાએ કહ્યું છે, બાબા ભજનસ્થ હોય તો તું જ ખીર બનાવી આપજે.''

રૂપ- ''સારૂં લાલી! તો બનાવી જા.''

ત્યાં એ પ્રવાહી બનાવતા કેટલો સમય લાગવાનો હતો?

ફટાફટ બનાવીને એક તરફ મૂકી દીધું અને અનુકંપા સ્વરૂપા શ્રીજી ચાલ્યા ગયા.

થોડી જ વારમાં અગ્રજ પોતાના દૈનિક ભજનનો નિયમ પૂર્ણ કરીને આવ્યા, રૂપજી ઉઠ્યા.

રૂપ- ''ભાઈ! આપ આવી ગયા?''

સનાતન- ''હા, હવે હું જવા માગું છું.'' (અચાનક રૂપજીને યાદ આવ્યું, કોઈ બાલિકા ખીર બનાવીને મૂકી ગઈ છે. આજે ઇચ્છા પણ થઈ હતી અગ્રજને ખીર ખવડાવવાની)

રૂપ- ''ભાઈ! પ્રભુને આજે ખીરનો ભોગ લગાવ્યો છે, થોડીક લઈ લો.''

સનાતનજીએ પ્રવાહીનું પાત્ર ઉંચકી મુખ સમીપ કર્યું જ હતું ને બસ એમાં જ પ્રેમની પ્રગાઢતામાં પ્રવિષ્ટ થઈ ગયા, તેમની પ્રેમ મૂર્છા જોઈ રૂપજી બોલ્યા-

રૂપજી- ''ભાઈ, ભાઈ''

સનાતન- ''આ ખીર ક્યાંથી આવી?''

રૂપ- ''ભાઈ! આજે આપને ખીર ખવડાવવાની ઇચ્છા થઈ, એટલામાં એક નાની બાલિકા આવી, એ જ બનાવી ગઈ.''

સનાતનજી સમજી ગયા, સઘળી લીલા.....

સનાતન- ''રૂપ! એ કોઈ ગ્રામીણ બાલિકા ન હતી, બલ્કે સ્વયં વૃષભાનુ નંદિની શ્રીરાધાજી હતી.'' આટલું કહીને સનાતનજી ધ્રુસ્કે-ધ્રુસ્કે રડી પડ્યા.

સનાતન- ''રૂપ! તેં ઘણું અનુચિત કર્યું. આ તુચ્છ શરીર માટે તેં કામના કરી, પોતાના ઇષ્ટને કષ્ટ આપ્યું, આજ દિન બાદ ક્યારેય આવી કામના ન કરતો.''

સાંભળતાં જ રૂપ ગોસ્વામીજી પણ રડી પડ્યા અને ભારે પસ્તાવો કર્યો, ત્યારબાદ બંને ભાઈઓએ પાયસ પ્રસાદને ગ્રહણ કર્યો.

નંદગ્રામના ૫૬ કુંડ

સિંહ પૌર કે નિકટ સરોવર છાછ કુંડ કી છબિ ન્યારી ।
મોતી કુંડ મનોહર દાતા નિકટ કુંડ હૈ ફુલવારી ।।
બિલાસ બટ ઔર સ્યારસ કી બટ કદંબ હૈ કયૌરી રી ।।
કૂંઆ કી કૂકેશ્વર બિરાજે અંગ ભભૂત જટાધારી ।।
વરણોં મહમા કૃષ્ણ કુંડ કી સંતન કે દર્શન ભારી ।।
નૃત્ય ગોપાલ બિરાજે ઠાકુર સુંદર મૂરત હૈ પ્યારી ।।
જલ બિહાર જગમગૈ જગત મેં ટેર કદંબ લીલા ન્યારી ।।
જહાઁ સમાહ હોત બચાયત પારાયન હોત જીવ કી ઉદ્ધારી ।।
આસેશ્વર મહાદેવ બિરાજે ગલે ફૂલ માલા ધારી ।।
બહકૌ જોગ ધ્યાન ઝગરા કી ભંડારા કિયૌ ભારી ।।
લેવવટ મેં સખા મંડલી બૈડે છાક ન્યારી ન્યારી ।।
બૈઠક તો અક્રૂર ભગત કી આય બિરાજે ગિરધારી ।।
બસ્તર કુંડ બને બનવારી પાડર ખંડી હૈ ન્યારી ।।
મોહન કુંડ મદન મોહન કો લલિતા કુંડ લલિતા પ્યારી ।।
જહાઁ ગઢયો હિડૌલૌ અદ્‌ભૂત સુંદર ઝૂલન શ્રી રાધા પ્યારી ।।
સૂરજ કુંડ સરસ અતિસુંદર ગઉઅન કી બૈઠક ન્યારી ।।
ઉદ્ધવ ક્યાર કહા લગિ વરણોં છપ્પન ચૌક છિકે ક્યારી ।।
પૂરનમાસી હૈ પરિપૂરણ દોઉ મિલ રાસ રચ્યૌ ભારી ।।
રૂમકી ઝુમકી કુંડ મનોહર તિનકી મહમા અતિભારી ।।
બૈઠક પૈ ગાય ચરાઈ કુંડ જશોદા છબિ છાઈ ।।
એંમ કેમ કૌ ઔર રાવરી માટ વિલોવે જસુધારી ।
કરેલૌ ઔર બેલન બન પનિહારી કુંડ કી કર ત્યારી ।।
કુંડ રોહની ઔર દોહની ઈનકી મહમા અતિ ભારી ।।

બાદયો કો પૈ બિન્દાદેવી માનો નગર કોટ વારી ।।
ચરણ પહાણી ચરણ પાદિકા કંચન કી બૈઠક ભારી ।।
છપ્પન કુંડ કરી પરિકરમા 'આનન્દધન' કી બલિહારી ।।


ઉપસંહાર

ઉંચે ગિર શિખર મહલ બ્રજરાજ જૂ કો
અતિ હી પુનીત તહાં દગરેં ધુરંધર સે ।
શોભા અતિ પ્યારી સોહત હૈ ઉદ્ધવ કયારી
દેખે વહાઁ અનૂપ રૂપ ચુગૈયાઁ મોર બંદર સે ।
દેખત નહીં પાર તહાં બ્રહ્મા આદિ મહામુનિ
ભૂલે સબ જ્ઞાન ધ્યાન દેવરાજ ઈન્દ્ર સે ।
સમધિન સી જશોદા સમધી નંદરાય જૈસે
દુલ્હન ન રાધિકા સી દૂલ્હા શ્યામ સુંદર સે ।





નંદીશ્વર પર્વત, પાવન સરોવર અને શ્રી નંદીશ્વર મહાદેવ



શ્રી નંદ ભવન મંદિર




નંદગ્રામ - ચરણ પહાડી અને દિવ્ય ચિહ્નો



નંદગ્રામ- ટેર કદંબ અને ટેર કદંબ કુંડ



નંદગ્રામ - શ્રી રૂપ ગોસ્વામી ભજન કુટી, શ્રી રૂપ ગોસ્વામી ચિત્ર અને
શ્રી સનાતન ગોસ્વામી ભજન કુટી



નંદગ્રામ - વૃંદા કુંડ અને વૃંદા દેવી



નંદગ્રામ - આશેશ્વર મહાદેવ અને કુંડ



નંદગ્રામ - મોતીકુંડ અને મયૂર કુંડ



નંદગ્રામ - હાઉ બિલાડો અને યશોદા કુંડ



શ્રી નંદ બેઠક અને યશોદાજીનો માંટ અને ગાય બાંધવાનો ખૂંટો

અધ્યાય-૧૨

બિજવારી

બજવારી, બિજુવારી અને વિદ્યુન્નગર આ ત્રણ નામોથી ઓળખાતું આ સ્થાન ઘણું જ પાવન છે. આમ તો ત્રણે નામોની ૩ ભિન્ન લીલાઓ છે પરંતુ મૂળ રૂપે આ ક્ષેત્ર અક્રૂર લીલાથી સંબંધતિ છે. ૧૧ વર્ષ ૫ માસ ૫ દિવસના નીલમણી શ્યામ અગ્રજ અને અક્રૂરજી સાથે ફાગણ વદ તેરસના દિવસે જ્યારે મથુરા ગમન કરવા લાગ્યા ત્યારે પાછળ-પાછળ લાઠી લઈ નાના ગ્વાળો, ગોરસપૂરિત મટુકી લઈ ગોપીઓ નંદગ્રામથી બિજવારી સુધી આવ્યા.

ભાગવતકાર પણ કહે છે-

ગોપાસ્તમન્વસજજન્ત નન્દાદ્યાઃ શકટૈસ્તતઃ ।
આદાયોપાયનં ભૂરિ કુમ્ભાન ગોરસસમભૃતાન ।।

(ભા. ૧૦/૩૯/૩૩)

વિયોગ વ્યથાથી વિક્ષિપ્ત વ્રજાંગનાઓ પોતાના પ્રાણપ્રિય પ્રિયતમ પાસેથી કંઈક સંદેશ મેળવવાની કામનાથી ત્યાં ઊભી રહી ગઈ. શ્રીકૃષ્ણ 'હું સદા તમારી સમીપ છું', કહી તેમને ધીરજ બંધાવી. અક્રૂરજીએ રથ મથુરા તરફ હંકારી મૂક્યો.

યાવદાલક્ષ્યતે કેતુર્યાવદ રેણૂ રથસ્ય ચ ।
અનુપ્રસ્થાપિતાત્માનો લેખ્યાનીવોપલક્ષિતાઃ ।।

(ભા. ૧૦/૩૯/૩૬)

એ ભોળીભાળી ગોપીઓને જ્યાં સુધી રથની ધ્વજા અને રથચક્રથી ઉડતી ધૂળો દેખાતી રહી, તેઓ ત્યાં જ જડવત્ ઊભી રહી. મન તો મનમોહન સાથે ગમન કરી ગયું, હવે તો મનરહિત ગાત્ર જ ત્યાં શેષ હતું.

તા નિરાશા નિવવૃતુર્ગોવિન્દવિનિવર્તને ।
વિશોકા અહની નિન્યુર્ગાયતન્ત્યઃ પ્રિયચેષ્ટિતમ ।।

(ભા. ૧૦/૩૯/૩૭)

આશા વારંવાર કહી રહી હતી કે ઊભી રહો, કદાચ નીલમણિ વ્રજ સીમાએથી પાછા આવી જશે.

પરંતુ આશાએ નિરાશાનું રૂપ લઈ લીધું તો એ સરલાઓને ઘરે પાછા વળવું પડ્યું.

અહર્નિશ કૃષ્ણલીલા ગાન કરીને તેઓ પોતાની વિરહ-વેદનાને કંઈક અંશે ઓછી કરતી.

મથુરાગમન સમયે શ્રીકૃષ્ણએ સાંત્વના આપી ગોપીઓને પરંતુ અક્રૂરજીએ કોઈ સહાનુભૂતિ પ્રકટ ન કરી. તેમનાં હૃદયમાં ગોપીઓ પ્રત્યે ક્રૂર ભાવ આવી ગયો હતો. વજ હૃદય બનવાને કારણે જ આ સ્થાનનું નામ બજવારી પડ્યું.

શ્રી જીવગોસ્વામીજીએ વૈષ્ણવ તોષિણીમાં આ વજભાવનું આ પ્રકારે વિવેચન કર્યું છે, જેમાં તેઓએ વિષ્ણુપુરાણનું દૃષ્ટાંત આપ્યું છે।

स्त्रीणामेवं रुदन्तीनामुदिते सवितर्यथ ।
अक्रूरश्चोदयामास कृतमैत्रादिको रथम ।।

(ભા. ૧૦/૩૯/૩૨)

एवमुक्तप्रकारेण रुदतीरपि स्त्रियोऽनादृत्येति । अक्रूरस्यापराधोध्वनितः स्वतः सर्वैरेवानुकम्प्यानां तत्रापि तादृशश्रीकृष्णप्रेमणा तथा रुदतीनां ब्रजस्त्रीणां कथमपि सान्त्वनमनपेक्ष्य प्रस्थानात अतस्ताभिरपि तदपराधं मत्वा प्रागुक्तं योऽसावनाश्चास्येति श्री विष्णुपुराणेऽपि 'अक्रूरः क्रूरहृदयः शीघ्रं प्रेरयते हयान । एवमार्त्तासु योषित्सु न घृणा तस्य जायते' ईति अतएव श्री गोकुलमहिज्ञास्तु तदपराधस्य फलमक्रूरस्य वक्ष्माणस्यमन्तकप्रसंगे मन्यन्ते सूर्य उदित अवेति स्नग्राद्यापेक्षया रथं भ्रातृभ्यां ताभ्यामिति शेषः ।

(ભા.ટી.જીવ ગો. ૧૦/૩૯/૩૨)

વજ હૃદય કરવાનો ઘણો મોટો અપરાધ લાગ્યો અક્રૂરજીને, જેને કારણે તેમના મનમાં સ્યમન્તક મણિ માટે લોભબુદ્ધિ સવાર થઈ અને શ્રી ભગવાન સાથે તેઓએ કપટ કર્યું.

બજવારી નામ હોવાનું એક અન્ય કારણ છે જેનો સંબંધ બકાસુર વધની લીલા સાથે છે. બકાસુર વધનું વૃત્તાંત શ્રી 'ગર્ગ સંહિતા'માં વિસ્તારપૂર્વક છે. બકાસુર જ્યારે શ્રીકૃષ્ણને મારવા માટે આવ્યો તો સમસ્ત દેવતાઓ બ્રહ્મા, શિવ, કાલી, ઇન્દ્રાદિ પ્રભુની સહાયતા માટે આવ્યા. સૌએ પોત-પોતાના અમોઘ અસ્ત્રોનો પ્રયોગ કર્યો પરંતુ સૌ નિષ્ફળ થઈ ગયા. એ યુદ્ધમાં સુરેન્દ્રએ અહીં વજનો પ્રયોગ કર્યો, તેથી આ સ્થાનનું નામ બજવારી પડી ગયું.

અક્રૂરજી જ્યારે શ્રીકૃષ્ણને મથુરા લઈ જવા લાગ્યા ત્યારે કેટલીક ગોપીઓ અશ્વની લગામ પકડીને ઊભી રહી ગઈ. કેટલીક રથના પૈડાંને ચિપકી ગઈ. તે જ સમયે શ્રીકૃષ્ણની ઇચ્છા જાણીને યોગમાયાના પ્રભાવથી અહીં આ સ્થાને એક વિદ્યુતપુંજ પડ્યો, તેથી તેને બિજવારી અથવા વિજુઆરીની સંજ્ઞા આપવામાં આવી-

बिजुरि२ पुंज ज्ञान हईल सवार ।
एई हेतु बीजआरी नाम से ईहार ।

(ભ.૨.)

જે સ્થળે વિયોગ થયો છે, તેને વિયોગ કુંડ અથવા બિછોર કુંડ કહે છે, જે ગોપીજનોના વિયોગાશ્રુઓથી બન્યો છે.

આ સ્થળનું ત્રીજું નામ વિદ્યુન્નગર છે. તેનો સંબંધ મહારાસ લીલા સાથે છે. જ્યારે શ્રીકૃષ્ણ શ્રી રાધાને મહારાસથી લઈ ચાલ્યા તો સંકેત વટમાં આવીને વેણી-રચના કરી-

શ્રીકૃષ્ણો રાધયા સાર્દ્ધં સંકેતવટમાવિશત ।
પ્રિયાયાઃ કબરીપુષ્પરચનાં સ ચકાર હ ।।

(ગ.સં.વૃ.ખં. ૨૧/૧૮)

ત્યારબાદ ખદિરવન આવ્યા અને આ સ્થાન પર જ્યારે આવ્યા તો શ્રીજીની કાંતિ વિદ્યુતવત્ પ્રદીપ્ત થઈ ઊઠી, તેથી ખાયરાની સમીપ આ વિદ્યુન્નગર નામથી પ્રસિદ્ધ થયું.





અધ્યાય-૧૩

શ્રી જાવ વટ

નંદગ્રામથી ૩ કિ.મી. પૂર્વ દિશામાં જાવ વટ સ્થિત છે. તે વ્રજના ૧૨ અધિવનોમાંથી એક છે. આ સ્થળ પ્રિયા-પ્રિયતમના ઐક્યને પ્રદર્શિત કરે છે, વસ્તુતઃ તત્વ એક જ છે, બસ રસિકોના રસપોષણ, ભક્તોના ભાવપોષણ, પ્રેમીઓને પ્રેમરસનો નિર્યાસ કરાવવા માટે કૃપા પરવશ તેણે બે સ્વરૂપ ગ્રહણ કરી લીધા ૧. રાધા અને ૨. કૃષ્ણ. કારણકે-

स वै नैव रेमे तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत ।

(બૃહ. ઉપ. ચતુર્થ બ્રાહ્મણ ૧/૩)

પહેલા એકલા આવ્યા હતા, આથી અવતાર લઈને પણ રસમયી લીલાની સિદ્ધિમાં એકાકી રૂપને અસમર્થ જાણી પોતાના વામ પાર્શ્વથી હ્લાદિની શક્તિ આત્મારૂપા શ્રીરાધાને પ્રકટ કર્યા તો એક પરમોપાસ્ય તત્વ હોવા છતાં લીલાર્થ બે થયા-

येयं राधा यश्च कृष्णो रसाब्धिर्देहश्चैकः क्रीडनार्थं द्विधाभूत ।

(રાધા તાપની ઉપનિષદ)

પરંતુ તેનાથી ઐક્ય ભિન્ન કે ન્યૂન ન થયું-

राधाकृष्णयोः एकासनं एका बुद्धिः एकं मनः एकं ज्ञानम ।
एकात्मा एकं पदं एकासृतिः एकं ब्रह्म अत्र द्वयोर्नभेदाः ।।

(રાધોપનિષદ દ્વિતીયः પ્રપાઠકः)

श्री भगवान उवाच -
ये राधिकायां मयि केशवे मनोऽभेदं न पश्यन्ति हि दुग्धशौक्लवत ।
त एव मे ब्रह्मपदं प्रयान्ति तदहैतुकस्फूर्जितभक्तिलक्षमाः ।।
ये राधिकायां मयि केशवे हरौ कुर्वन्ति भेदं कुधियो जना भुवि ।
ते कालसूत्रं प्रपतन्ति दुःखिता रम्भोरु यावत्किल चन्द्रभास्करौ ।।

(ગ.સં.વૃ.ખં. ૧૫/૩૨-૩૩)

સ્વયં ભગવાન કહે છે- ''લલિતે! જે મુજ કેશવ અને મારી પ્રાણેશ્વરી રાધામાં લેશમાત્ર પણ ભેદ દર્શન નથી કરતા, બલ્કે દૂધ અને તેની ધવલતા સમાન અમો બંનેને એક માને છે, મારી કૃપાથી તેમના હૃદયમાં અહેતુકી ભક્તિનો ઉદય થાય છે અને તેઓ સીધા મારા નિત્યધામને પ્રાપ્ત કરે છે. ભેદદર્શીઓને નારકીય યાતનાઓ ભોગવવી પડે છે.''

રાધા કૃષ્ણમાં ભેદ અશક્ય છે-

''દ્વિશ્ચૈકો ન ભવેત ભેદો દુગ્ધધાવલ્લયોર્યથા''

દૂધ અને તેની સફેદીને ભિન્ન કરવું જેમ અસંભવ છે, તે જ પ્રકારે રાધા અને માધવમાં દ્વૈતની કલ્પના પણ મહાપાપોની અતિશયતા છે, જે અકરણીય છે. તે દ્વિદેહ એક પ્રાણ છે અને સર્વત્ર આ ગૂઢતમ દ્વયમાં એક તત્વનું અદ્‌ભુત પરિવેષણ છે. તત્વતઃ એક હોવા છતાં પોતાના અચિન્ત્ય માધુર્યના રસપાનાર્થ, તેઓ સ્વયં શ્રીરાધા સ્વરૂપે પ્રકટ થયા-

રાસે સમ્મૂય ગોલોકે સા દધાવ હરે પુરઃ ।
તેન રાધા સમાખ્યાતા પુરાવિદ્ધિર્દ્ધિજોત્તમ ।।

(બ્ર.વૈ.બ્ર.ખ. ૫/૨૬)

દ્વૈતભાવના ઉન્મૂલન હેતુ-

''આત્માનં દ્વિધા કરોત અર્દ્ધેન સ્ત્રી અર્દ્ધેન પુરુષઃ''

(સુબાલોપનિષદ ૨-૧)

દેહ ભેદ પણ દૂર કરવા માટે, અર્દ્ધ દેહ નિત્યસંગિની શ્રીરાધા અને અર્દ્ધ દેહ નિત્યસંગી શ્રીકૃષ્ણનો થઈ ગયો-

''હરેરર્દ્ધતનૂ રાધા રાધિકાર્દ્ધ તન હરિઃ''

(નારદ પાંચરાત્ર)

સ્વયં શ્રીકૃષ્ણ કહે છે-

''ન કિશ્ચિદાવયોર્ભિન્ન્મેકાઽગ્રં સર્વદૈવ હિ''

(બ્ર.વૈ.કૃ.જ.ખ. ૬/૬૭)

અમારા બંનેમાં કોઈ ભિન્નતા નથી, અમે સદા એક જ છીએ.

અને વ્રજ રસિકોએ તો આ પરતત્વનું ભાવભર્યું વિવેચન કર્યું છે, જે માત્ર શ્રદ્ધૈકગમ્ય છે. શ્રી ઠાકુરજી શ્રી સ્વામિનીજી ને કહે છે-

દેહસ્તેઽહં ત્વમપિ મમાશીતિ તાવત પ્રવાદઃ
પ્રાણસ્તેઽહં ત્વમપિ મમાશીતિ એતત પ્રલાપઃ ।
તેસ્યામહમપિ તત બાધિતં સાધુ રાધે
નો યુક્તં નૌ પ્રણયવિષયે યુષ્મદમસ્મદુ પ્રયોગઃ ।।

(કશ્ચિદ્ રસિક)

કૃષ્ણ- ''હે લાડલી જૂ! આપ મારો દેહ છો, હું આપનો દેહ છું...''

(લાલજીએ વિચાર્યું- પરંતુ, અહીં મન, પ્રાણાદિની ભિન્નતા રહી ગઈ; આ સંશયને દૂર કરતા કહ્યું)

''આપ મારા પ્રાણ છો, હું આપનો પ્રાણ.''

(કદાચ ભેદ અહીં પણ રહી ગયો, તેથી આ પણ ઠીક નથી. આ પ્રલાપનું નિરસન કરતા)

કૃષ્ણ- ''હું આપનો છું, આપ મારા છો.''

અણુમાત્ર ભિન્નતાનુભૂતિ આ વખતે પણ થઈ, તો બોલ્યા- ''આ હું અને તું તો એક ઝગડો જ છે, આપના અને મારા વચ્ચે, હું-તું નો પ્રયોગ જ ન થાય, તે સર્વોત્તમ છે. તેથી-

યઃ કૃષ્ણઃ સાડપિ રાધા યા રાધા કૃષ્ણ એવ સઃ ।

(બ્ર.સં.)

જે કૃષ્ણ છે, તે જ રાધા છે અને જે રાધા છે, તે જ કૃષ્ણ છે.''

શ્યામ ભયે વૃષભાનુ સુતાવશ ઔર નહીં કછુ ભાવૈ હો ।
જો પ્રભુ તિહૂઁ ભુવન કો નાયક સુરમુનિ અંત ન પાવૈ હો ।।
જાકો શિવ ધ્યાવત નિશિ વાસર સહસાનન જેહિ ગાવૈ હો ।
સો હરિ રાધાવદન ચંદ કો નૈન ચકોર ત્રસાવે હો ।।
જાકો દેખિ અનંગ અનાગત નાગરિ છબિ ભરમાવૈ હો ।
'સૂરશ્યામ' શ્યામ શ્યામાવશ એસે જ્યોં સંગ છાઁહ ડુલાવૈ હો ।।

રાધા-કૃષ્ણ એક તત્ત્વ છે, પરંતુ શ્રીજીના અનન્ય વ્રજ રસિકોનું એવું માનવું છે કે આ તત્વમાં જો ભિન્નતા હોય તો પણ, તે એ છે- શ્રી રાધિકા પરદેવતા છે. તેમની આરાધના સ્વયં શ્રીહરિ પણ કરે છે-

''કૃષ્ણેન આરાધ્યતે ઈતિ રાધા''

(રાધોપનિષદ)

અર્થાત્ રાધા તત્વ શ્રીકૃષ્ણથી પણ વધી ગયું. આ જ આ તત્વની ભિન્નતા છે. તૈત્તરીય શ્રુતિમાં પણ એ જ કહેવાયું-

રસો વૈ સઃ રસઁ હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવતિ કોહ્યેવાન્યાત્કઃ પ્રાણ્યાત ।
યદેષ આકાશ આનન્દો ન સ્યાત ।
એષ હ્યેવાનન્દયાતિ ।

(તૈત્તરીયોપનિષદ બ્રહ્માનન્દવલ્લી સપ્તમ અનુવાક-૧)

આસ્વાદ્ય વસ્તુ માત્ર રસ છે, જે સૌને માટે આનંદપ્રદ છે અને એ રસસ્વરૂપ શ્રીકૃષ્ણ જ છે ; પરંતુ તેમને પણ રસ પ્રદાન કરનારી છે, રસસાર સિંધુ શ્રીરાધા-

''રસભોગ પ્રદાનેન રાધા વૃદ્ધિકરીમતા''

(દૈવી ભાગવત)

સ્વામી શ્રી હરિદાસજી મહારાજે પણ કહ્યું-

''બડે ભયે હો બિહારી યાહી છાંહ તે''

આ શ્રી જાવ વટ આ જ ભાવની લીલાનું સ્થળ છે. અહીં શ્રીકૃષ્ણએ રાધારાણીના ચરણોની આરાધના કરી-

રાધા પાદતલાદ્યત્ર જાવકઃ સ્ખલિતોડભવત ।
યસ્માદ્ભાવવટં નામ વિખ્યાતં પૃથિવી તલે ।।

(બ્રહદ્ ગૌતમીય-તંત્ર)

અર્થ- અહીં શ્રીજીના ચરણતલથી જાવક (મહાવર) વિખેરાયું હતું. તેથી આ સ્થળ જાવ વટ નામથી વિખ્યાત થયું. અહીં આરાધક શ્રીકૃષ્ણએ સ્વારાધ્યા શ્રીજીના શ્રી પાદપદ્મોમાં પોતાના કરથી લાલ-અળતો લગાવ્યું.

આ સ્થળની લીલાને રસિકાચાર્ય મહાપ્રભુ હિત હરિવંશજીએ પણ ગાઈ-

કામં તૂલિકયા કરેણ હરિણા યાલક્તકૈરંકિતા
નાનાકેલિવિદગ્ધગોપરમણીવૃન્દે તથા વન્દિતા ।
યા સંગુપ્તયા તથોપનિષદાં હૃદ્યેવ વિદ્યોતતે
સા રાધાચરણદ્વયી મમ ગતિર્લાસ્યૈકલીલામયી ।।

(રા.સુ.નિ. ૨૦૫)

વિભિન્ન કેલિ-વિલાસોમાં વિદગ્ધ ગોપરમણીઓની સ્વામિની મહાશક્તિ શ્રીરાધા રાણીના યુગ્મ ચરણોને પોતાની ગોદમાં લઈ લાલજી મન-નયનને તેમના ચરણોમાં કેન્દ્રીભૂત કરીને, જાવક (મહેંદી) થી અદ્ભૂત ચિત્રકારી કરી રહ્યા છે. ક્ષણભર પણ પલક ઝપકાવતા નથી. અપલક નેત્રોથી શ્રીજીની સેવામાં સંલગ્ન છે-

કર કંજક જાવક દૈ રુચિ સૌં, બિછિયા સજિકે બ્રજમાણિલે કે ।
મખતૂલ ગુહે ઘુંઘરુ પહરાય છલા-છિગુની ચિત ચાડિલિ કે ।।
પગજેબ જરાવ જુલૂસન કી રવિ કી કિરણેં છવિ છાડિલિ કે ।
જગ બન્દત હૈ જિનકો સગરો પગ વન્દત કીરતિ લાડિલિ કે ।।

રસિક મહાપુરુષ ભગવદ રસિકજીએ પણ અહીં લીલાનું ગાન કર્યું-

જાવક યુત યુગ ચરણ લલી કે ।।
મંજુલ મૃદુલ મનોહર સુખ નિધિ સુભગ સિંગાર નિકુંજ ગલી કે ।
અદ્ભૂત અમલ અનૂપ દિવાકર મોહન માનસ કંજ કલી કે ।
સુરતરુ કામધેનુ ચિંતામણિ ભગવદ્ રસિક અનન્ય અલી કે ।।

અને રસિક શિરોમણી શ્રી વ્યાસજીએ તો અહીં શ્રીજીના મહેંદીયુક્ત ચરણોની અનુપમ છબિનું દર્શન કરી તેના પર નંદનંદનને જ ન્યોછાવર કરી દીધા. તેઓ કહે છે-

સુભગ ગોરી કે ગોરે પાંય ।
શ્યામ કામ બસ જિનહિ હાથ ગહિ રાખત કંઠ લગાય ।
કોટિ ચંદ્ર નખમણિ પર વારૌં ગતિ પર હંસ કે રાય ।
નૂપુર ધુનિ પર મુરલી વારૌં જાવક પર બ્રજરાય ।।

શ્રીકૃષ્ણએ શ્રીજીના ચરણોમાં અહીં મહેંદી (જાવક) લગાવી, તેથી આજે પણ આ સ્થાન જાવવટ નામથી વિખ્યાત છે.

ગૌડીય આચાર્યોએ જાવવટને પરકીયા લીલાનું કેન્દ્ર માન્યું છે.

તતો જાવવટ પ્રદક્ષિણા પ્રાર્થના મન્ત્ર :

રાધાજાવકસંભૂત સૌભાગ્યસુખવર્દ્ધન ।
રતિકેલિ સુખાર્થાય નમો જાવવટાય ચ ।।
યત્ર રાધાકરોત્સ્રાનં ચતુષષ્ઠિસખિભિસ્સા ।।
યસ્માદ્ભાબબટે સંસ્થં રાધાકુંણ્ડં મનોહરં ।।
રક્તનીરસમાકાન્તં કિંચતિ પીતસમાકુલં ।।
રતિકેલિસુખં નૃણામતિસૌભાગ્યવર્ધનં ।।

(વૃ.ગૌ.ત.)

શ્રીરાધિકાજીના ચરણજાવકથી ઉત્પન્ન, સૌભાગ્ય સુખ પ્રદાન કરનારા, રતિક્રીડા સુખ વિધાન કરનારા જાવ વટ, આપને પ્રણામ છે.

જ્યાં શ્રી રાધા કુંડ છે, જેમાં શ્રી કિશોરીજી ૬૪ સખીઓને સાથે લઈ સ્નાન કરે છે, જે કેટલાક પીળા તો કેટલાક રક્તજળથી પરિપૂર્ણ છે, જે અતિશય સૌભાગ્ય સુખને વધારનારું અને રતિ કેલિ સુખ હેતુ છે.

તતો કિશોરી કુંડ પ્રાર્થના મંત્ર :

રાધાયૈ સતતં તુભ્યં લલિતાયૈ નમો નમઃ ।
કૃષ્ણેન સહ ક્રીડાયૈ રાધાકુણ્ડાય તે નમઃ ।।

(વૃ.ગૌ.ત.)

અર્થ- હે શ્રીરાધે, હે લલિતે, આપને પ્રણામ છે, હે શ્રીકૃષ્ણ ક્રીડા નિમિત્ત પ્રકટ શ્રીરાધાકુંડ! શ્રીકૃષ્ણ સહિત આપને પ્રણામ છે.

બ્રજ જન કથા

ગોપ્યઃ કામાદ્ભયાત્કંસો...

ભયથી કંસને કૃષ્ણ પ્રાપ્તિ થઈ તે તો સત્ય છે પરંતુ આ ભય તેને પોતાની મૃત્યુનો ન હતો કારણ કે કંસનું પરાક્રમ નિશ્ચિત જ વિસ્મયાન્વિત કરી દેનારું હતું.

ગર્ગ સંહિતાનુસાર

તપસ્થિત આવેશાવતાર પરશુરામજીને જ્યારે જ્યારે એણે સો વખત મહેન્દ્રગિરિ સહિત ઉઠાવી લીધા તો પરશુરામજીએ ક્રોધિત થઈને કહ્યું- ''જો તું એટલો જ શક્તિ સંપન્ન હોય તો આ તીસ લાખ મણ ભારના વૈષ્ણવ પિનાક (ધનુષ) પર પ્રત્યંચા ચઢાવી બતાવ.'' રમત-રમતમાં કંસે પ્રત્યાંચા ચઢાવીને એક વાર, બે વાર નહીં સો વાર તેની પણછને કાન સુધી ખેંચી. આ વિચિત્ર પરાક્રમથી પ્રભાવિત થઈને પરશુરામજીએ એ શિવધનુષ કંસને જ આપી દીધું. હવે તું જ આને રાખ પરંતુ એટલું યાદ રાખજે જે આને તોડશે એ તને નહીં છોડે.

રામાવતારમાં શ્રીરામ અને રાવણનું જે યુદ્ધ થયું હતું તે તો કાંઈ જ નહોતું, રામાવતારના જાંબવાન, દ્વિવિદ વગેરે મહાબળશાળી યોદ્ધાઓના પાદપ્રહારથી રાવણ, મેઘનાદ વગેરે વ્યાકુળ થઈ ગયા હતા.

મારિસિ મેઘનાદ કૈ છાતી । પરા ભૂમિ ઘુર્મિત સુરઘાતી ।।
પુનિ રિસાન ગહિ ચરન ફિરાયો । મહિ પછારિ નિજબલ દેખરાયો ।।

(રા.લં.કા. ૭૪૬)

મેઘનાદના વક્ષ પર ત્રિશૂળનો પ્રહાર કર્યો, જેવો એ પડ્યો કે જાંબવાને ક્રોધિત થઈ તેના પગ પકડીને ફેરવીને પૃથ્વી પર પટકી દીધો ત્યારે આ અતૃપ્ત યોદ્ધાઓને કૃષ્ણાવતારમાં પ્રભુએ તૃપ્ત કર્યા.

સીતા સ્વયંવરમાં જે ધનુષ હતું તે શિવધનુષ હતું 'કહઁ ધનુ કુલિસહુ ચાહી કઠોરા'.

વજ્રથી પણ અધિક કઠોર હતું એ ધનુષ. રાવણ અને બાણાસુરે તો એને સ્પર્શ કરવાનું પણ સાહસ ન કર્યું. ''રાવણ બાણ છુઆ નહીં ચાપા'' અને તે પ્રભુ શ્રીરામના સ્પર્શ માત્રથી તૂટી ગયું.

છુઅતહિં ટૂટ પિનાક પુરાના । મૈં કેહિ હેતુ કરૌં અભિમાના ।।

(રા.બા.કા. ૨૮૩)

અથવા

તેહિ છન રામ મધ્ય ધનુ તોરા । ભરે ભુવન ધુનિ ઘોર કઠોરા ।।

(રા.બા.કા. ૨૬૧)

આ ધનુષ તુટવા છતાં પણ પરશુરામજીને વિશ્વાસ ન થયો કે શ્રીરામ જ સકલલોકેશ્વર છે તેથી બોલ્યા-

રામ રમાપતિ કર ધનુ લેહૂઁ । ખૈંચહુ મિટૈ મોર સંદેહૂ ।
દેત ચાપુ આપુહિ ચલિ ગયઉ । પરસુરામ મન બિસમય ભયઉ ।।

(રા.બા.કા. ૨૮૪)

''હે લક્ષ્મીકાંત! આપ આ વૈષ્ણવ ધનુષ (ભગવાન વિષ્ણુનું ધનુષ) લો અને ખેંચો તો મારો સંદેહભંગ થશે કારણકે આ પિનાકને પ્રભુ સિવાય અન્ય કોઈ જ ઉઠાવી નથી શકતું. આપે શિવધનુષ ભંગ કર્યો એ કાંઈ મોટી વાત નથી. વૈષ્ણવ ધનુષને તાણીને બતાવો.'' ત્યારે એ ધનુષ સ્વયં શ્રીરામજી પાસે ચાલ્યું ગયું જેનાથી પરશુરામજી વિસ્મયાન્વિત થઈ ગયા. શિવધનુષથી પણ વધુ ભારે હતું વૈષ્ણવ ધનુષ જે પરશુરામજી દ્વારા કંસને પ્રાપ્ત થયું અને તેને ભગવાન શ્રીકૃષ્ણએ તોડ્યું. કહેવાનો અર્થ એ છે કે કંસની શક્તિને રાવણાદિ ક્યારેય પામી શક્યા નહોતા અને કંસે વૈષ્ણવ ધનુષને ૧૦૦ વખત ખેંચીને તાણી બતાવ્યું હતું. જોકે રાવણ ઓછો શક્તિશાળી નહોતો. પરમવીર રાવણની ગર્દનને સ્પર્શમાત્ર કરીને ચાલ્યું ગયું હતું વિષ્ણુ ભગવાનનું સહસ્ત્રાર (સુદર્શન ચક્ર). રાવણનું કંઈ પણ બગાડી શક્યું નહોતું સંપૂર્ણ સંસારનું સંહારક સુદર્શન.

મહાકવિ માઘના શબ્દોમાં-

બૃહચ્છલાનિષ્ઠુરકંઠઘટ્ટનાવિકીર્ણલોલાગ્નિકણં સુરદ્વિષઃ ।
જગત્પ્રભોરપ્રસિહિષ્ણુ વૈષ્ણવં ન ચક્રમસ્યાક્રમતાધિકન્ધરં ।।

(શિશુપાલ વધ. ૧.૫૪)

રાવણને તો સહસ્ત્રબાહુએ જ બગલકેદ કરી લીધો હતો, એ સહસ્ત્રબાહુનો સંહાર કર્યો પરશુરામજીએ, એ પરશુરામને પણ પોતાના મહાન પરાક્રમથી પ્રભાવિત કર્યા હતા કંસે.

કંસના પરાક્રમ આગળ ન રાવણ કંઈ હતો ન હિરણ્યકશિપુ. રાવણથી અધિક શક્તિસંપન્ન તો શિશુપાલ જ હતો. મહાકવિ માઘના મહાકાવ્ય શિશુપાલ વધમાં વર્ણિત છે-

સ્વયં વિધાતા સુરદૈત્યરક્ષસામનુગ્રહાવગ્રહયોર્યદૃચ્છયા ।
દશાનનાદીનભિરાદ્ધદૈવતાવિતીર્ણવીર્યાતિશયાન હસત્યસૌ ।।

(શિશુપાલ વધ ૧.૭૧)

શિવથી વરદાન પ્રાપ્ત કરી બળશાળી શિશુપાલ દેવ, દાનવ અને રાક્ષસ સૌ પર શાસન કરતાં અતિશય પરાક્રમી રાવણાદિની શક્તિનો ઉપહાસ કરતો હતો.

હિરણ્યકશિપુ પણ ઓછો પરાક્રમી ન હતો જે પીછો કરતાં-કરતાં વૈકુંઠ સુધી પહોંચી ગયો ત્યારે ત્યાં શ્રીહરિએ તેના હૃદયમાં પ્રવેશ કરવો પડ્યો કે હું જ્યાંજઈશ ત્યાં આ મારો પીછો કરશે.

એવં સ નિશ્ચિત્ય રિપોઃ શરીરમાધાવતો નિર્વિવિશેઽસુરેન્દ્ર ।
શ્વાસાનિલાન્તર્હિતસૂક્ષ્મહસ્તત્પ્રાણરન્ધ્રેણ વિવિગ્નેચેતાઃ ।।

(ભા. ૮/૧૯/૧૦)

ભયથી થરથરતા શ્રીહરિ તેનામાં હૃદયસ્થ તો થઈ ગયા પરંતુ આ મહાવીરના અત્યાચારથી પીડિત દેવતા બ્રહ્મલોક ભાગી આવ્યા અને બ્રહ્માજીની શરણ ગ્રહણ કરી.

તેન તપ્તા દિવં ત્યક્ત્વા બ્રહ્મલોકં યયુઃ સુરાઃ ।
ધાત્રે વિજ્ઞાપયામાસુર્દેવદેવ જગત્પતે ।।

(ભા. ૭/૩/૬)

પરંતુ કંસથી પીડિત દેવોને તો અન્યત્ર શરણું જ ન દેખાયું તેથી તેઓ કંસના જ શરણાગત બન્યા અર્થાત્ દેવોને કંસના અત્યાચારથી મુક્ત કરવામાં વિધિ પણ સમર્થ નહોતા.

કેચિત પ્રાંજલયો દીના ન્યસ્તશસ્ત્રા દિવૌકસઃ ।
મુક્તકચ્છશિખાઃ કેચિદ્ ભીતાઃ સ્મ ઈતિ વાદિનઃ ।।

(ભા. ૧૦/૪/૩૪)

અસ્ત્ર-શસ્ત્ર પૃથ્વી પર ફેંકી દીનતાપૂર્વક રક્ષાની યાચના કરવા લાગતા, કેટલાક શિખા ખોલીને શરણ લેતા તો કેટલાક લંગોટ જ નીચે નાખી દેતા.

કંસનો દિગ્વિજય ''ભાગવત''માં વર્ણિત નથી કારણ કે તે સૂત્ર ગ્રંથ છે પરંતુ 'ગર્ગસંહિતા' વગેરે અન્ય ગ્રંથોમાં તેની ચર્ચા છે.

ગર્ગસંહિતાનુસાર કંસનો દિગ્વિજય

હજાર હાથીઓના બળવાળા જરાસંધના કુવલયાપીડ ગજને પણ જેણે ઊંચકીને સેંકડો યોજન દૂર ફેંકી દીધો, માહિષ્મતી નરેશના પાંચ પુત્રો ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ્ય, તોશલાદિ જેઓ પ્રખ્યાત મલ્લ હતા તેમનું પણ દમન કરી દીધું. દ્વિવિદ વાનરના હાડકાં ખોખરા કરી નાખ્યા, કેશીને પણ જેણે પોતાના વશમાં કરી લીધો. અઘ, અરિષ્ટ, નરક, પ્રલંબ, ભૌમ, ધેનુક, તૃણાવર્ત, બકાદિ અનેક દેવજીત દૈત્યોને પરાજીત કરી પોતાના મિત્ર બનાવી લીધા.

વ્યોમ, બાણ, વત્સ, કાલયવન આદિને પરાસ્ત કરી એણે ફરી દેવોને કબજે કરી લીધા. દેવરાજના અમોઘ પરિઘ (વજ)ની તો ધારો જ તોડી નાખી, ઐરાવતને એક જ મુક્કામાં વ્યાકૂળ કરી દીધો, સૂંઢ પકડીને કેટલાય યોજન દૂર ફેંકી દીધો.

(ગ.સં.ગો.ખ. ૭/૫૩)

દેવોને ભાગવા માટેય સ્થાન ન મળ્યું. શિખા ખોલીને શરણાગત થઈ ગયા.

એવો પરમ વીર પણ શ્રી વૃષભાનુજી મહારાજના તેજપુંજથી ઘર્ષિત થઈ ગયો.

શ્રીજીના પ્રભાવને કારણે.

(ગ.સં.ગો.ખ. ૬/૨,૫)

વ્રજવાસીઓએ સ્વયં કહ્યું- ''રાજન! આપનું કથન સત્ય છે, આ શ્રી રાધા હરિપ્રિયા છે તેમના પ્રભાવને કારણે જ આપનો વૈભવ નંદાદિથી પણ વધુ દેખાય છે. આ રાધાના બળથી જ કંસ પરાભૂત થઈ ગયો. આ બળ, આ વૈભવ, નંદજી પાસે પણ નથી.'' શ્રી રાધારાણીના આ પ્રભાવ વિશે વ્રજજન કથા સત્ય જ છે-

પરાશક્તિનું પરાક્રમ તો જુઓ, કે કેટલાય પ્રયાસો બાદ પણ ક્રૂર કંસનો આતંક કિશોરીજી સુધી ન પહોંચી શક્યો. એક વાર વિચાર કર્યો કે વ્રજ જઈને નંદ-વૃષભાનુને જ સમાપ્ત કરી નાખું. જાવ ગ્રામ સુધી આવ્યો, અહીનાં સ્થાનીય વ્રજવાસીઓનું કથન છે કે કિશોરી વટ પાસે કિશોરીકુંડને પાર કરવા પ્રવેશ કર્યો તેવો જ બની ગયો સ્થૂળકાય સખી. પાસે જ ક્રીડારત કિશોરીજીની પ્રિય સહચરી લલિતાજીએ જ્યારે આ સ્થૂળ નિતંબિનીને જોઈ તો પૂછ્યું-

લલિતાજી- ''અરે જાડી, ક્યાંથી આવી છે?'' શ્રીજીને જોતાં જ કંસ તેમના તેજપૂંજથી પરાભૂત થઈ ગયો-

सर्व सौख्यं भोजनादि दृश्यते सांप्रतं तव ।
कंसोऽपि धर्षितो जातो दृष्टा ते बलमद्भुतम ।।

(ગ.સં.ગિ.ખ. ૬/૫)

લક્ષ્મણનો માર્યો કંસ કંઈ જ બોલી ન શક્યો, સ્ત્રીરૂપ થઈ જવાને કારણે મથુરા પણ ન ભાગી શક્યો, બસ કર જોડીને ઊભો રહી ગયો.

જાડી (કંસ)- ''હું આપની શરણમાં છું શ્રી રાધે, મને ક્ષમા કરો.''

ત્યાં સુધી લલિતાજી બોલી ઉઠી- ''અરે ધમધલ્લી! હાથ જોડવાથી કામ નહીં બને, ચલ છાણા થાપ. અમારા વૃષભાનુ બાબા પાસે લાખો ગાયો છે. ઘણું ગોબર થાય છે, થોડું કામ કરીશ તો શરીરની સ્થૂળતા પણ ઓછી થઈ જશે.''

વ્રજમાં એવી જનશ્રુતિ છે કે ૬ મહિના સુધી કંસ પાસે ગોપીઓએ ખૂબ છાણા થપાવ્યા. એક દિવસે કંસે આજીજી કરતા કહ્યું- ''સ્વામિનીજી! હવે તો દયા કરો.''

લલિતાજી બોલી- ''જા, સરોવરમાં સ્નાન કરીને પાર ચાલી જા અને ફરી ક્યારેય ભૂલથી પણ ન આવતી.'' જેવું સરોવરમાં સ્નાન કર્યું, કંસને પુનઃ પુરુષરૂપ પ્રાપ્ત થયું, પછી તો એવો પલાયન થયો કે પાછળ વળીને જોયું સુદ્ધાં નહીં.

શ્રી રાધારાણીની આ અદ્‌ભુત વૈભવ-શક્તિની ચર્ચા વ્રજવાસીઓએ સ્વયં કરી-

त्वत्समं वैभवं नास्ति नन्दराजगृहे क्वचित ।
कृषीवलो नन्दराजो गोपतिर्दीनिमानसः ।।

(ગ.સં.ગિ.ખ. ૬/૭)

વ્રજવાસીઓએ કહ્યું- ''વૃષભાનુજી! આપની પાસે જે વૈભવ છે, એ તો નંદબાબા પાસે પણ નથી. તો નંદનંદન પાસે તો ક્યાંથી હોય?''

નંદનંદનનું તો એ પરાક્રમ હતું કે પ્રતિદિન કોઈને કોઈ અસુરનું આગમન થતું જ રહેતું અને તેઓ શસ્ત્ર લીધા વિના જ તેને સમાપ્ત કરી દેતા અને શ્રીજીની એવી અદ્‌ભૂત શક્તિ હતી કે બક-અઘાદિ ગોકુળ, મહાવન, વૃંદાવનમાં જ અસુરો આવતાં અને બરસાનાની સીમથી બચીને આવતા કારણકે મનમાં ભય હતો કે જો અમે પણ સખી બની જઈશું તો ગોપીઓ ન જાણે ક્યાં સુધી છાણા થપાવશે-

गोप्यः कामाद्भयात्कंसो द्वेषाच्चैद्यादयो नृपाः ।
सम्बन्धाद्वृष्णयः स्नेहाद्यूयं भक्तया वयं विभो ।।

(ભા. ૭/૧/૩૦)

ભયાત્ કંસોનો અર્થ છે કે કંસને ભયથી જ પરાસિદ્ધિ પ્રાપ્ત થઈ, ભય કેવળ કૃષ્ણથી જ ન હતો બલ્કે ગૌરતેજ તેમની સખીઓથી પણ હતો કારણકે તેનું ધર્ષણ થયું હતું. તેથી જ તે વૃષભાનુજા (શ્રીરાધા)ના અદ્‌ભુત બળને જોઈ ધર્ષિત (પરાભૂત) થયો હતો. ધર્ષિત થવાને કારણે તેનો ભય સો ગણો વધી ગયો હતો.





શ્રી જાવ વટ મંદિર અને કિશોરી કુંડ

અધ્યાય-૧૪

ધમસીંગા

આ ધનિષ્ઠા સખીનું ગ્રામ છે.

શ્રી ગિડોહ

તતો ગાનબન પ્રાર્થના મંત્ર :

ગોપ્યુત્સાહકૃતોદ્ગાન કૃષ્ણેંગિતવિધાયિને ।
સર્વદોત્સવ રુપાય નમો ગાનબનાય તે ।।

(કૂર્મ.પુરાણ)

ગોપીઓના ઉત્સાહ થકી જે ગાવામાં આવ્યા, કૃષ્ણની ક્રીડાઓનું વિધાન કરનારા, સર્વદા ઉત્સવ સ્વરૂપ, હે ગાન વન! આપને નમસ્કાર છે. આ એ સ્થળ છે, જેનું પૌરાણિક નામ શ્રી ગાનવન છે. અહીં ગાન લીલા થઈ હતી. ગોચારણ કાળમાં અહીં ગોપ-ગ્વાળોની કનૈયા સાથે પરસ્પર સંગીત ગોષ્ઠી થતી હતી કારણ કે કનૈયાનો દરેક સખા તેના જેવો જ રંગીલો-છબીલો સંગીત શિક્ષક છે. મોટા-મોટા સંગીત માર્તંડ ગંધર્વોના ગાયન ગુરુ-તુંબુરુ અને તુંબુરાના પણ શ્રી ગુરુ-પ્રલયંકર શંકર અને અન્ય કોઈ પણ સંગીતકાર હોય, સૌને અહીંના નાના-નાના ગોપ પોતાની સંગીતગોષ્ટીમાં છડેચોક પડકાર આપે છે-

''ભૈયા જાકૂ હારવે કૌ શૌક હૈ વો આ જાય''

મોટા-મોટા દેવગણો શ્રી ઠાકુરજી સાથે પોતાની સખ્યરસની લીલામાં ગોવાળિયા બનીને વ્રજમાં આવે છે તેમની લીલાનો લાભ લે છે.

આ ઉલ્લેખ શ્રી શુકદેવજીએ કર્યો છે-

ગોપજાતિપ્રતિચ્છન્નૌ દેવા ગોપાલરુપિણઃ ।
ઈડિરે કૃષ્ણરામૌ ચ નટા ઈવ નટં નૃપ ।।

(ભાગવત ૧૦/૧૮/૧૧)

દેવગણો આવવાનું સામર્થ્ય તો નથી ધરાવતા પરંતુ ગોષ્ઠીકાળમાં ઉપરથી સુમનવર્ષા અવશ્ય કરે છે. દૂરથી જ નાના-નાના ગોવાળોને પ્રણામ કરે છે, તેમની પ્રશંસા કરે છે.

ધન્ય છે આ ધરા, જ્યાં આ નાના-નાના, અત્યંત ચપળ ઉધમી કૃષ્ણ સખા, હજી તો જેમને કાછડી બાંધતા પણ નથી આવડતું અને જ્યારે ગાવા લાગે છે તો મોટા-મોટાની કાછડી ઉતારી દે છે, પ્રણામ છે તેમને અને તેમના સર્વસ્વ, પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિને. એક સમયે તો આ વનમાં આ નાના ગોવાળોએ બ્રહ્માજીને પણ ઠેકાણે પાડી દીધા હતા. બ્રહ્માજીએ જ્યારે ગોવાળો અને વાછરડાં હરી લીધા, તો તે સમયે બ્રહ્મલોકમાં તો તેઓ શાંત જ રહ્યા કે ક્યાંક અમારા ઉધમથી બ્રહ્મલોક પૃથ્વીમાં ન ધસી જાય, પરંતુ વિચારી લીધું કે આ જડબુદ્ધિની અહીં તો નહીં પણ વ્રજમાં અવશ્ય ખબર લઈશું.

જેવા નટખટ બાળકો વ્રજમાં પહોંચ્યા, પહેલા તો કનૈયાને ગળે મળી-મળીને ભેટવા લાગ્યા, પણ અચાનક મનસુખાને યાદ આવ્યું કે, હું તો દાઉજી (બલરામ)થી બે વર્ષ મોટો છું.

બોલ્યો- ''લાલા કનૈયા! મારા પગે પડ...''

ઋષભ- (દાઉથી ૨ દિવસ નાનોના છું પણ કનૈયાથી તો મોટો જ છું.)

''કનૈયા! લાલા મારા પગ દબાવ...''

અને આ ભક્તપ્રેમી ભગવાન સૌની સેવા કરી રહ્યા છે. બ્રહ્માનો મોહ તો દૂર કરવો જ હતો બ્રહ્મએ, તેથી દેખાડી દીધું પોતાનું ઐશ્વર્યમય સ્વરૂપ અને વ્રજનું વાસ્તવિક સ્વ રૂપ... બ્રહ્મા તો જાણે બધી ચોકડી ભૂલી ગયા, જાણે મર્યા બાદ ફરી પ્રાણ આવ્યા હોય. સ્તુતિ કરીને જવામાં જ હતા કે એક ચપળ બાળકે દાઢી પકડી લીધી અને રોબથી પૂછ્યું-

''ક્યાં ભાગે છે?'' હાથથી સંકેત કર્યો, ''અહીં બેસી જા, ધૂળમાં ચૂપ-ચાપ।''.

તોષ- ''અમારી પાસેથી કંઈક શીખીને જા.''

ત્યાં સુધીમાં એક વાંસળી લઈને આવ્યો અને પૂછ્યું- ''ક્યારેય બંસી બજાવી છે?'' બીજો- ''લાલા! એમ પૂછ કે ક્યારેય બંસી જોઈ છે જીવનમાં?''

ત્રીજો- ''પોથી-પાનાંથી ફુરસદ મળે તો બીજી વસ્તુની જાણકારી હોય ને..''

બધાં મળીને- ''અમારો સરદાર હવે વાંસળી વગાડીને બતાવશે, ધ્યાન લગાવીને સાંભળજે.'', ત્યાં સુધીમાં પંચાનન (શિવ) આવી ગયા, એકે ઊભા થઈને તેમનું સ્વાગત કર્યું- ''ભોલે! તૂં અહીં બેસી જા. જો તને કાંઈ ગાતા-વગાડતાં આવડતું હોય તો, તારા તો પાંચ મુખ છે, કંઈક ગાઈ-વગાડી બતાવ, નહીં તો અમારે તો એક-એક જ મોં છે, પણ તમે બધા ચતુરાનન, પંચાન, સહસાનનને હરાવી દઈશું.'' સૌ દેવો શાંત બેઠા છે, ભાઈ વ્રજની સંગીત ગોષ્ટી છે!

અહીં તો શિષ્યત્વ સ્વીકાર કરવામાં જ લાભ છે. નૃત્યોદ્યતા અપ્સરાઓ, વાદ્ય ઉઠાવીને કિન્નર, ગાયન ગાવા તત્પર મુખ ખોલીને ગંધર્વ, સૌ મૂર્તિ સમાન બની ગયા. દેહાનુસંધાન પણ ન રહ્યું. સૌ મૌન ધારણ કરીને બેઠા છે અને ન કેવળ સિદ્ધ, દેવગણો જ બલ્કે દૂર-દૂર ના વન-પશુઓ પણ સમીપ આવીને બેસી જાય છે, એવું લાગે છે જાણે આ ચિત્રલિખિત છે. પક્ષી સમુદાય ઉચ્ચ તરૂઓ પર પંકિતબદ્ધ બેસી જાય છે અને ઘણાં

જ ધ્યાનથી બધું સાંભળે-જુએ છે જાણે તેઓ પણ આ ગોષ્ઠીના શ્રેષ્ઠ સદસ્યો છે અને એ વાત તો સત્ય જ છે કારણ કે આ પક્ષીગણ કોઈ સાધારણ પક્ષીઓ નથી (ભા. ૧૦/૨૧/૧૪) મોટા-મોટા મુનિગણો જ છે જેઓ પોતાની દીર્ઘકાળ પર્યંત કરેલ સાધનાને સફળ કરવા અહીં આવ્યા છે. આ ગોષ્ઠી જોઈને જ તો શુક મુનિએ ભાગવતમાં એક સંપૂર્ણ અધ્યાય વેણુને આપ્યો છે, જે 'વેણુગીત'નામથી જ્ઞાતવ્ય છે અને સૂરદાસજીએ પણ આ લીલા મુખરિત કરી છે.

હરિ કે બરાબર વેણુ કોઉ ન બજાવૈ ।
જગ જીવન બિદિત મુનિન નાચ જો નચાવૈ ।।
ચતુરાનન પંચાનન સહસાનન ધ્યાવૈ ।
ગ્વાલ બાલ લિયે જમુન કચ્છ બછ ચરાવૈ ।।
સુર નર મુનિ અખિલ લોક કોઉ ન પાર પાવૈ ।
તારન તરન અગિનિત ગુન નિગમ નેતિ ગાવૈ ।।
તિન કૌં જસુમતિ આઁગન તાલ દૈ નચાવૈ ।
'સૂરજ' પ્રભુ કૃપા ધામ ભક્ત બસ કહાવૈ ।।

તેથી જ તો બ્રહ્માએ કહ્યું-

અહો ભાગ્યમહો ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ ।
યન્મિત્રં પરમાનન્દં પૂર્ણં બ્રહ્મ સનાતનમ ।।
એષાં તુ ભાગ્યમહિમાચ્યુત તાવદાસ્તા
મેકાદશૈવ હિ વયં બત ભૂરિભાગાઃ ।
એતદ્ધૃષીકચષકૈ રસકૃત પિબામઃ
શર્વાદયોઽયુદજમધ્વમૃતાસવં તે ।।

તદ્ર ભૂરિભાગ્યમિહ જન્મ કિમપ્યટવ્યાં
યદ્ગોકુલેઽપિ કતમાઙ્ઘ્રિરજોઽભિષેકમ ।
યજ્જીવિતં તુ નિખિલં ભગવાન મુકુન્દ-
સ્ત્વદ્યાપિ યત્પદરજઃ શ્રુતિમૃગ્યમેવ ।।

(ભા. ૧૦/૧૪/૩૨,૩૩,૩૪)

તો આવું આ પ્રાણમ્ય સ્થળ છે.

ततो गन्धर्व गण प्रार्थना मंत्र :

शुभारत्यभिरामाय तीर्थराज नमोस्तु ते ।
विश्वासुकृतस्त्रान सुकंठवरदायिने ।।

(કૂ.પુ.)

શુભા રતિથી જે સુંદર છે એવા તીર્થરાજ, વિશ્વાસુ ગંધર્વએ જ્યાં સ્નાન કર્યું, તેને સુંદર કંઠ દેનારા આપને નમસ્કાર છે.

આ બૃહદ વનપ્રાંતમાં પહેલા કેટલાય પાવન સરોવરો હતા જે કાલાંતરમાં લુપ્ત થતા ચાલ્યા, વર્તમાનમાં એક ગંધર્વ કુંડ જ સુરક્ષિત દેખાય છે. વનના ઈશાન કોણમાં ગેંદોખર સ્થાન છે, પૂર્વ દિશામાં ગૌધરવન કુંડ, દક્ષિણ દિશામાં બેલવન કુંડ, નૈઋત્ય કોણમાં વિહારકુંડ દર્શનીય છે.

મહરાના

મહરિનું પીયર છે-મહરાના. પીયરનો વાળંદ પણ આવે તો લાલીની સાસરીમાં વાળંદના સત્કાર માટે દેવપૂજન જેવી તૈયારી થઈ જાય છે. મૈયાની ગોદમાં નંદકુલચંદ આવ્યો તો મોસાળ પક્ષ નંદગ્રામ આવ્યો. નાની પટ્ટુલા અને નાના સુમુખ સમાન જ દરેક નર-નારી પૂજ્ય છે અહીં. મહરાનાના એક વિપ્ર જેઓએ લાલી (યશોદા) ને પણ ખૂબ લાડ લડાવ્યા હતા અને હવે જ્યારે લાલીના લાલાના જન્મની સૂચના મળી તો પોતાના દૌહિત્રનું મુખ જોવા મન ઉતાવળું થઈ ગયું. જુઓ મારી કન્યા કેટલી ભાગ્યોઙ્કવલા છે કે મહરાનાથી આવી તો અહીં પણ મહારાણી બની ગઈ. આ પ્રકારનો મનમાં વિચાર કરવા લાગ્યા. મહરાનાના વિપ્રવર દૌહિત્રને રમાડવા નંદ વ્રજ આવ્યા.

સૂરદાસજીના શબ્દોમાં-

મહરાને તે પીઉ આયો ।
બ્રજ ઘર ઘર બૂઝત નંદરાવર પુત્ર ભયો સુનિકૈ ઉઠિ ધાયો ।
પહુઁચ્યો આઈ નંદ કે દ્વારે યશુમતિ દેખિ આનન્દ બઢાયો ।
પાંય ધોઈ ભીતર બૈઠાયો ભોજન કો નિજ ભવન લિપાયો ।
જો ભાવૈ સો ભોજન કીજૈ વિપ્ર મનહિ અતિ હર્ષ બઢાયો ।
વયસિ બઢી વિધિ ભયો દાહિનો ધનિ યશુમતિ એસો સુત જાયો ।
ધેનુ દુહાઈ દૂધ લૈ આઈ પાડે રુચિ કૈ ખીર ચઢાયો ।

પિયરના વિપ્રને જોઈ મૈયા અતિશય હર્ષિત થઈ. અર્ઘ્ય ધરાવી પાદપ્રક્ષાલન કરી ગોમયથી ઉપલિપ્ત પરિમાર્જિત ભવનમાં વિપ્રને બેસાડ્યા, સુંદર-મધુર ભોજન કરાવ્યું. ભલે મોડા-મોડા પણ વિધિ પૂર્ણ તો થઈ જે મને દિવ્ય દૌહિત્ર આપ્યો, વિપ્રવર મનમાં વિચારવા લાગ્યા. વિપ્રને પાયસ (ખીર) અત્યંત પસંદ છે તેથી આજે મૈયા સ્વયં વાડામાંથી દૂધ દોહી લાવ્યા અને દૂધને અટાવીને સ્વાદિષ્ટ ગુલાબી ખીર બનાવી.

''ધૃત મિષ્ઠાન ખીર મિશ્રિત કરિ પરુષિ કૃષ્ણ હિત ધ્યાન લગાયો''

મૈયાએ પાત્રમાં પાયસ પીરસી, વિપ્ર શ્રેષ્ઠ આંખો બંધ કરી ભગવાન (શ્રીકૃષ્ણ)ને ભોગ લગાવવા લાગ્યા.

''નૈન ઉઘારિ વિપ્ર જો દેખે ખાત કન્હૈયા દેખન પાયો''

વિપ્રને ક્યાં જાણ હતી કે તેમનો દૌહિત્ર જ સ્વયં ભગવાન છે તેથી આહ્વાન થતાં જ નંદલાલ ઘુંટણિયે ચાલતા ત્યાં પહોંચી ગયા અને ખીર ખાવા લાગી ગયા. વિપ્રે બૂમ પાડી- ''અરે યશોદા! જો તો તારા નટખટ દીકરાએ બધુ એંઠુ કરી દીધું.''

મૈયા દોડતા આવ્યા- ''આપ ચિંતા ન કરો, હું અત્યારે જ બીજું દૂધ મંગાવીને ખીર બનાવી દઉં છું.'' ફરી ખીર બનાવી. ભોગ વેળાએ ફરી નંદલાલે તેને એંઠી કરી દીધી, વારંવારના આ કૃત્યથી વિપ્રવર ખિજવાઈ ઉઠ્યા.

દેખો આઈ યશોદા સુતકૃત સિદ્ધ પાખ ઈહિ આઈ જુઠાયો ।
મહરિ વિનય દોઉ કર જોરે ધૃત મિષ્ઠાન પય બહુત મઁગાયો ।
'સૂર શ્યામ' કત કરત અચગરી બાર-બાર બ્રાહ્મણહિ ખિઝાયો ।।

પાડે નહીં ભોગ લગાવન પાવૈ ।
કરિ-કરિ પાક જબૈ અર્પત હૈ તબહિ તબહિ છૈ આવૈ ।
ઈચ્છા કરિ મૈં બ્રાહ્મણ ન્યોત્યૌં તૂ ગોપાલ ખિઝાવૈ ।
વહ અપને ઠાકુરહિં જેંવાવત તૂ એસે ઉઠિ ધાવૈ ।।

નટખટ નંદનંદને મૈયાના ના પાડવા છતાં કેટલીય વાર ભોગને એંઠો કરી નાખ્યો.

મૈયા- ''લાલા! તું વારે-વારે ભોગને કેમ એંઠો કરે છે? હવે આ બાજુ ન આવતો, વિપ્ર દેવ તેમના ઈષ્ટને ભોગ લગાવી રહ્યા છે.''

લાલો-''મૈયા! તૂ મને કેમ દોષ આપે છે? આ વિપ્ર વારે-વારે મારું ધ્યાન લગાવી મને નામ દઈને બોલાવે છે. હવે તું જ કહે, મારા વિપ્ર નાના બોલાવે અને હું પાસે પણ ન જાઉં?''

જનની દોષ દેહુ જનિ મોકો કરિ વિધાન બહુ ધ્યાવૈ ।
નૈન મૂઁદિ કર જોરિ નામ લૈ બારહિ બાર બુલાવૈ ।।
કહ અન્તર ક્યોં હોઈ ભક્ત કો જો મેરે મન ભાવૈ ।
'સૂરદાસ' બલિ હૌં તાકી જો જન્મ પાઈ યશ ગાવૈ ।।

સાંચોલી :

તતો શિક્ષાવન પ્રાર્થના મંત્ર :

ગોપીસીક્ષાપ્રસાદાય વાસુદેવવરપ્રદ ।
નમઃ શીક્ષાવનાયૈવ સૌબુદ્ધિવરદાયિને ।।

(અગસ્ત્ય સંહિતાયાં)

સાંચોલીને શિક્ષા વન પણ કહે છે. ગોપીઓની શિક્ષાથી નિર્મળ, વાસુદેવને વર પ્રદાન કરનાર, સદબુદ્ધિ આપનાર,આપને નમસ્કાર છે.

ઈતિ મંત્રં ત્રિભિરુત્તવા નમસ્કારં સમાચરેત ।
સુબુદ્ધિર્વદ્ધતે નિત્યં મંત્રવિદ્યાવિશારદઃ ।।

આપને પ્રણામ કરનાર, મત્ર વિદ્યામાં વિશારદ થઈ જાય છે.

તતો કામસરઃ સ્નાનાચમન મંત્ર :

ગોપિકાકામપૂર્ણાય કામાખ્યસરસે નમઃ ।
દેવગાન્ધર્વલોકાનાં કલાકામાર્થદાયિને ।।

(અગસ્ત્ય સંહિતાયાં બ્ર.ભ.વિ.)

ગોપીઓની કામનાઓ પૂર્ણ કરનાર, દેવ-ગંધર્વ આદિ સૌને કળા, કામ અને અર્થ દેનારા કામ નામી સરોવર આપને નમસ્કાર છે.







ગિડોહ - ગેંદોખર કુંડ, નંદ ગ્રામ અને ગિડોહની વચ્ચે - ફુલવારી કુંડ

અધ્યાય-૧૫

શ્રી કોકિલા વન

વ્રજના ૧૩૭ વનોમાં મુખ્ય ૧૨ વનોમાંથી આપ એક છો.

ततो कोकिलाबन प्रार्थना मंत्र :

देवर्षिकिन्नराकीर्ण कोकिलानिर्मिताय च ।
बनायाल्हादपूर्णाय नमस्ते सुस्वरप्रद ।।

(नारदपञ्चरात्रे)

કોકિલા સમાન સુમધુર સ્વર પ્રદાન કરનારા દેવર્ષિ, કિન્નર આદિ મહાન જનોથી યુક્ત પરમ આહ્લાદથી પૂર્ણ કોકિલા દ્વારા બનાવવામાં આવેલ શ્રી કોકિલાવનને પ્રણામ છે.

ગૌડીય ગ્રંથ શ્રીભક્તિ રત્નાકર અનુસાર આ વનની ઉપસ્થિતિ યાવટથી પશ્ચિમમાં લગભગ ૩ કિ.મી. દૂર છે.

જાવટેર પશ્ચિમે એ વન મનોહર ।
લક્ષ-લક્ષ કોકિલે કૂહરે નિરન્તર ।।

(ભ.ર.)

ગર્ગસંહિતાનુસારઃ

વાસંતી રાસ સમયે વ્રજવધૂટીઓએ કોટિ-કોટિ કોકિલાઓથી કૂજિત આ કોકિલાવનમાં ગોપીગીત ગાઈ પોતાના પ્રાણવલ્લભ વ્રજેન્દ્રનંદનને પ્રસન્ન કર્યા અને અહીં શ્રી કોકિલાવિહારી સાથે તેમનું મિલન થયું.

વૈશાખ માસની પાંચમી તિથિએ આરંભ થયેલા આ રસમય રાસના મધ્યમાં જ જ્યારે રાસબિહારી અંતર્ધ્યાન થઈ ગયા તો વન-વનાંતરમાં ભ્રમણ કરતી ગોપીઓ શ્રીકૃષ્ણને શોધવા લાગી. હરણીઓની જેમ ચારે તરફ દૂર-દૂર સુધી જુએ છે, પછી ક્યારેય વૃક્ષોને, લતાઓને, પૃથ્વીને, શ્રી યમુનાને પ્રાણનાથનો માર્ગ પૂછે છે કારણકે શ્રી નંદદાસજીનું કથન છે-

''કો જડ કો ચેતન ન જાનત વિરહી જન''

આ જ વિરહાવસ્થા છે, જેમાં જડ-ચેતનનો ભેદ પણ વિસ્મૃત થઈ જાય છે. ક્યાં છે કૃષ્ણ! માધવ.. ગોવિંદ... પ્રાણનાથ... જલ્દીથી આપ અમારા દૃષ્ટિપથ પર આવો, બસ આ જ ધ્વનિ ચારેબાજુ અને ફરી-ફરીને સંભળાય છે. હાય! તેમને શ્રીકૃષ્ણ વિના ચંદ્ર પણ સૂર્યવત્ તાપયુક્ત પ્રતીત થઈ રહ્યો છે. આ ચમેલી, મોગરા, જૂઈના સુગંધિત શીતળ પુષ્પોથી આચ્છાદિત વન અસિપત્રવન સમાન, પાવન પવન બાણની જેમ ભોંકાઈ રહ્યું છે.

सौदासराजमहिषीविरहादतीय जातं सहस्त्रगुणितं नलपट्टाराज्ञाः ।
तस्मात्तु कोटिगुणितं जनकात्मजायास्तरस्मादनन्तमतिदुःखमलं हरे नः ।।

(ગ.સં.વૃ.ખં.૨૨/૯)

જે સમયે રાજા સૌદાસ વશિષ્ઠજીના શ્રાપથી બ્રહ્મરાક્ષસ બની ગયો હતો, તે સમયે રાણી મદયંતીને અપાર દુઃખ થયું, તેનાથી પણ હજારગણું અધિક રાજા નળની રાણી દમયંતીને થયું અને તેનાથી પણ કોટિગણું અધિક શ્રીરામ ભાર્યા માતા જાનકીજીને થયું અને તેનાથી પણ અનંતગણું અધિક દુઃખ હે નાથ! અમ વ્રજ ગોપીકાઓને છે.

જે વિરહ કલ્પનાથી પણ પર હોય તેને કલમથી લખવાનો પ્રયાસ નાદાની જ કહેવાશે.

અનંત-અગાધ-અપરિમિત, અનિર્વચનીય, અકલ્પનીય વિરહની આ સ્થિતિએ જ ગોપીઓ સમક્ષ રાસેશ્વર પ્રભુને અતિશીઘ્ર મોકલી દીધાં.

ગોપીગીતનું ઉચ્ચગાન આ પાવન સ્થળ 'કોકિલાવન'માં થયું, જેના ફળસ્વરૂપ ગોપવધુઓને શ્રીકૃષ્ણરૂપી સિદ્ધિ સિદ્ધ થઈ.

બ્રજભક્તિ વિલાસાનુસાર

અહીં આ બૃહદ વનમાં રત્નાકર સરોવર અને રાસમંડળ છે.

ततो रत्नाकरस्नानाचमन प्रार्थना मंत्रः

सख्याः क्षीरसमुद्भूत रत्नाकरसरोवरे ।
नाना प्रकाररत्नामुद्भबे वरदे नमः ।।

અનેક પ્રકારના રત્નાદિને ઉત્પન્ન કરનાર વરદાતા, સખીઓ દ્વારા દૂધથી બનાવવામાં આવેલ હે રત્નાકર સરોવર! આપને પ્રણામ છે.

ततो रासमंडल प्रार्थना मंत्रः

रासक्रीडाप्रदीप्ताय गोपीरमणसुंदर ।
नमः सुखमनोरम्यस्थलाय सिद्धिरुपिणे ।।

અર્થ- હે રાસક્રીડાથી ઉદ્ભાસિત, મનને ઉલ્લસિત કરનારા, ગોપીઓની રમસય લીલાઓથી શોભાયમાન, સિદ્ધિસ્વરૂપ રાસસ્થળ! આપને પ્રણામ છે.

શ્રી મહાપ્રભુજીની બેઠક પણ અહીં સૌ વૈષ્ણવો માટે દર્શનીય છે. **વાર્તાજી-** એક વૈષ્ણવ વ્રજમાં ભિક્ષાર્થ ભ્રમણ કરી રહ્યા હતા, આટો માગતા અને તેનાથી જ પોતાની ભૂખ સંતોષી લેતા. એક દિવસ કોકિલાવનમાં આવ્યા, અહીં રસોઈ બનાવી, પ્રભુને ભોગ ધરાવ્યો, સ્વયં ખાધું. તે દિવસે ફૂલડોલ ઉત્સવ હતો, આપ ભૂલી ગયા. રસોઈ બનાવ્યા બાદ જ્યારે યાદ આવ્યું તો મનમાં ઘણો પશ્ચાતાપ થયો. હવે જલ્દીથી એક મજબૂત કુંજ પર લતા બાંધીને પ્રભુને ઝુલાવ્યા અને દાલબાટીનો ભોગ ધરાવ્યો, એ દિવસે ત્રણેય વખત પ્રભુને આ જ દાલબાટીનો ભોગ ધરાવ્યો, પ્રભુ પામીને ઘણા સંતુષ્ટ થયા અને શ્રી ગુંસાઈજીને કહ્યું- ''જૈ જૈ! આજે તો ઘણો સુંદર ભોગ પામ્યો.''

ગુંસાઈજી- ''જૈ જૈ! કેવો ભોગ?''

શ્રીનાથજી- ''દાલબાટીનો.''

ગુંસાઈજી- ''જૈ જૈ! એ ક્યાંથી આવ્યો?''

શ્રીનાથજી- ''એક વૈષ્ણવે અહીં જ કોકિલાવનમાં ડોલના ઉત્સવમાં ધરાવ્યો.''

શ્રીનાથજીને ઘણી પ્રસન્નતા થઈ, એક દિવસ તેઓ ગુસાંઈજીને પ્રણામ કરવા આવ્યા, ગુસાંઈજી અત્યંત પ્રસન્નતાથી બોલ્યા- ''આવો! આવો! આપનો ભોગ પામીને અમારા લાલ ઘણા પ્રસન્ન થયા.''

વૈષ્ણવ વિનમ્રતાથી બોલ્યા- ''જૈ જૈ! આ તો બધું આપની કૃપાનું ફળ છે કે લાલજીની આટલી કૃપાવર્ષા અમ પર થઈ, બાકી ભલા અમારી શી વિસાત?'' આ વાર્તા આ જ પાવનભૂમિની છે.

એક અન્ય મુખ્ય ગાથા-

કૃષ્ણ ભક્ત શનિદેવ

કોકિલાવનમાં વિહારીના સમીપ જ એક શ્રેષ્ઠ ભક્ત વિરાજમાન છે- શ્રી શનિદેવ મહારાજ. દર શનિવારે અહીં લાખોની સંખ્યામાં ભક્તજન પહોંચીને આજે પણ દર્શનલાભ પ્રાપ્ત કરે છે. આપનું દર્શન કૃષ્ણ ભક્તિપ્રદ છે. રામ ભક્તિમાં જેમ સૌથી અગ્રગણ્ય છે 'શ્રી હનુમાનજી', એ જ પ્રમાણે કૃષ્ણભક્તિમાં સૌથી મૂર્ધન્ય છે- શ્રી શનિદેવ. આપના પિતા સૂર્ય વ માતા છાયા છે.

બ્રહ્મવૈવર્ત પુરાણાનુસાર

આપ સદા કૃષ્ણ ચિંતનમાં મગ્ન રહેતા હતા, ક્યારેય દૃષ્ટિ ઉઠાવીને કોઈની તરફ ન જોવું તે આપનો નિયમ હતો. એક સમયે ભગવતી જગદંબાએ પુત્ર ગણેશને જન્મ આપ્યો, તે અવસરે મોટા-મોટા દેવો વધાઈ આપવા પહોંચ્યા અને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી.

સમસ્ત દેવગણ પોત-પોતાના સ્થાન પર બિરાજેલા હતા. સૂર્યપુત્ર શનૈશ્ચર પણ ત્યાં શંકરનંદનના દર્શન કરવા પહોંચ્યા, માતા પાર્વતી અને અન્ય દેવોને આપે નતમસ્તક થઈ પ્રણામ કર્યા, માતાને કુશળ-મંગળ પૂછ્યા, સમુચિત ઉત્તર પણ આપ્યો. માએ કહ્યું- ''શનિ! તું મારા બાળક સામું જોતો કેમ નથી? જ્યારથી આવ્યો છે ત્યારથી નત મસ્તક ધારણ કર્યું છે.''

શનિ- ''હે શંકરવલ્લભે! મારી દૃષ્ટિ મંગળકારી નથી.''

પાર્વતી- ''એવું શા માટે કહે છે પ્રિય શનિ. એનું કારણ?''

શનિ- ''બાલ્યકાળથી હું કૃષ્ણભક્ત હતો, કૃષ્ણ સિવાય હું ન તો કોઈને જોવા માગતો હતો, ન કોઈની સાથે બોલવા માગતો હતો, ન અન્ય કંઈ કરવા ઇચ્છતો હતો... ભોગોથી એકદમ વિરક્ત. પિતાએ ચિત્રરથની સુયોગ્ય કન્યા સાથે મારા વિવાહ કરાવી દીધા, તે અત્યંત તેજસ્વિની કન્યા હતી, પરંતુ દરેક પત્ની પતિ સાથે સમાગમની ઇચ્છા તો રાખતી જ હોય છે, મારી એ પ્રત્યે બિલકુલ પણ સહમતિ ન જોતાં તેણે મને શાપિત કરી દીધો કે આપ મારી સમક્ષ નથી જોતાં તેથી હવે જેની પણ તરફ આપ જોશો, તત્ક્ષણ એ નષ્ટ થઈ જશે. બસ... ત્યારથી હું સ્વયં ક્યારેય મસ્તક ઉચ્ચ નથી કરતો.'' (પાર્વતી શનિની વાતો સાંભળીને હસવા લાગ્યા, બોલ્યા)

પાર્વતી- ''પરંતુ તારે મારા પુત્ર સામું તો જોવું જ પડશે.''

શનિ- ''પરંતુ હું નથી ઇચ્છતો કે બાળકનું અનિષ્ટ થાય.''

પાર્વતી- ''જે કંઈ હોય, બસ મારી આજ્ઞાનું પાલન કર.'' ધીરે-ધીરે મસ્તક ઊપર કર્યું. જેવી દૃષ્ટિ બાળક ઊપર પડી કે બીજી જ ક્ષણે બાળકનું મસ્તક એની જાતે ઉખડીને ગોલોકમાં ચાલ્યું ગયું, જગદંબાની ગોદ રક્તથી લથબથ, પુત્રનું માત્ર ધડ પડ્યું છે. જોર-જોરથી વિલાપ કરવા લાગી, ત્યારે દયાળુ શ્રીહરિ મહારાજ એક ગજરાજનું મસ્તક લાવ્યા અને ધડ સાથે જોડી દીધું. બસ બાળક જીવિત થઈ ગયું અને એજ બાળક સૌ દેવોમાં પૂજ્ય ગજાનન થયા. પાર્વતીજીએ શનેશ્વરને શાપ આપી દીધો- ''જા, તું અંગહીન થઈ જાય.'' પરંતુ છતાં પણ એ તો પ્રસન્ન હતા, કોઈ પ્રતિકાર ન કર્યો, આ જ છે કૃષ્ણ ભક્તની ઓળખ. આથી શનિદેવથી શ્રેષ્ઠ કૃષ્ણભક્ત કોઈ નથી. તેમના દર્શનથી સૌથી મોટા લાભ કૃષ્ણભક્તિની પ્રાપ્તિ થાય છે અને એ જ ઉદ્દેશ્ય સાથે તેમના દર્શન કરવા જોઈએ. તેમના પ્રત્યે કેવળ એક ગ્રહની બુદ્ધિ રાખવી વિવેક નથી. કૃષ્ણ ભક્ત હોવાને કારણે જ આપ વ્રજમાં આટલા પૂજ્ય થયા. જોકે આજે લોકોની માનસિક સ્થિતિ કાંઈક બદલાઈ ગઈ છે, તેઓ આપને કેવળ એક ગ્રહના રૂપમાં જુએ છે. કારણકે આપના વાસ્તવિક સ્વરૂપ (કૃષ્ણભક્ત)થી તેઓ પરિચિત નથી.

(બ્ર.વૈ.ગ.ખં. ૧૨)



કોકિલા વન - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યની બેઠક





કોકિલા વન બિહારી અને પનિહારી કુંડ

અધ્યાય-૧૬

બઠૈન

શ્રીકૃષ્ણનું બેઠક સ્થળ જ બઠૈન છે. કોકિલાવનથી ૪ કિ.મી. ઉત્તરપૂર્વ દિશામાં આ ગ્રામ સ્થિત છે. જંગલમાં સમવયસ્ક ગોવાળો સાથે ઉછળતા-કૂદતા જ્યારે થાક લાગતો ત્યારે કનૈયો સૌની સાથે આ જ સ્થળે આવીને બેસતો અને થાક ઉતારતો. કૃષ્ણનું સરાહનીય સાહસ તો ગોવાળો વચ્ચે, રોજેરોજની ચર્ચાનો વિષય બની ચૂક્યું છે જ પરંતુ આજે તો દાદા દાઉએ પણ કમાલ કરી દેખાડી, અત્યંત સશક્ત ધેનુકને, એવો પછાડ્યો જાણે કોઈ નાના વાછરડાને પાડી નાખ્યું હોય, પછી તો પૂછવું જ શું, નાના ગોવાળો દાઉ દાદાની જયજયકાર કરવા લાગ્યા.

દાઉ- ''કૃષ્ણ! તેં જોયું નહીં કેટલો બળશાળી અસુર હતો એ?''

કૃષ્ણ- ''દાદા! હતો તો એ ગધેડો જ ને.''

(ખરેખર ગધેડાને મારનારની એટલી વાહ-વાહ નથી જ થતી.)

(દાઉ દાદા ગુસ્સે થઈ ગયા.)

દાદા- ''કૃષ્ણ! તૂં તારી બધી ગાયો અલગ કરી લે, આજથી હું તારી સાથે ગાયો નહીં ચરાવું. મારી ગાયો અલગ.. તારી અલગ..'' (ફટાફટ ચંચળ મનસુખાએ ગાયોનું વિભાજન પણ કરી નાખ્યું, ભલા શુભ કાર્યમાં વિલંબ શાનો?)

દાદા દાઉ પણ આજે બાળહઠ કરી રહ્યા છે, કૃષ્ણને ખિજવતાં ચિઢવતાં બોલ્યા-

દાઉ- ''કનુવા! મૈયા યશોદા સાથે હું જ તને હાટ પરથી ખરીદી લાવ્યો હતો.''

(સૌ સખાઓ એક સાથે હસી પડ્યા)

દાઉઃ ''જો.. હું કેવો ગોરો છું. મૈયા-બાબા પણ ગોરા રંગના છે અને તૂ'', સૌ સખાઓ એક સાથે બોલી ઉઠ્યા- ''કાળીયો છે.''

નાનકડા કૃષ્ણએ તો દાદાની ફરિયાદ મૈયાને કરી દીધી- ''મૈયા દાઉ બહુત ખિજાયો...'' બંને ભાઈઓ પરસ્પર ઝગડી રિસાઈને અલગ-અલગ બેસી ગયા.

બાળ કૃષ્ણ જે જગ્યાએ બેઠા હતા એ સ્થાન **લઘુ વિશ્રામ** સ્થળી અર્થાત **છોટી બઠૈન** છે.

દાદા દાઊ જ્યાં બેઠા હતા, તે સ્થાન **બૃહદ વિશ્રામસ્થળી** અર્થાત **બડી બઠૈન** છે.

(શ્રીમદ્ ભાગવત અનુસાર બલરામજીએ ધેનુકાસુરનો વધ કર્યો હતો.)

બંને બેઠકોમાં લગભગ અડધા કિ.મી.નું અંતર છે, છોટી બઠૈનમાં રાધા-કૃષ્ણ મંદિર, કુંતલ કુંડ અને બડી બઠૈનમાં શ્રી બલરામજીનું મંદિર તથા બલભદ્ર કુંડ દર્શનીય છે.

બઠૈનની લીલાને પરમાનંદદાસજીએ સુંદર રીતે વર્ણવી છે-

ચલૌ રી સખી નન્દગાઁવ જાય બસિયે ।
ખિરક ખેલત બ્રજચંદ સો હંસિયે ।
બસે બઠૈન સબે સુખ માઈ એક કઠિન દુઃખ દૂર કન્હાઈ ।
માખન ચોર દૂર દૂર દેખૂં જીવન જન્મ સુફલ કર લેખૂં ।
જલચર લોચન છિન-છિન પ્યાસા કઠિન પ્રીતિ પરમાનંદ દાસા ।

શ્રી સનાતન ગોસ્વામીજીએ આ બેઠક અર્થાત્ બઠૈન ગ્રામમાં કેટલાક દિવસો ભજન કર્યું હતું.

બઠૈન કા હોરંગા (બઠૈનની હોળી)

વ્રજની પ્રાચીન હોળીઓમાં બઠૈનની હોળી પ્રસિદ્ધ છે જે જાવ અને બઠૈનના ગોપ-ગોપીઓમાં પરસ્પર રમવામાં આવે છે. દાઊજી મંદિરમાં ઢોલ, ડફલી, નગારાના ગડગડાટ વચ્ચે એક અલૌકિક દૃશ્ય જોવા મળે છે. હોળી પશ્ચાત તૃતીયાના દિવસે જાવના ઘેરૈયાઓ બઠૈનમાં આવે છે અને બઠૈનની ગોપીઓ તેમને લાઠીઓથી મારે છે. તેઓ બાવળના કાંટાળા દંડાઓથી પોતાને બચાવે છે. હોળીના જય-પરાજયનું કેન્દ્ર એક ધ્વજા હોય છે, જ્યાં પહોંચવા માટે બઠૈનની ગોપીઓ લાઠી-દંડાથી પ્રહાર કરે છે જેથી કાંટાળી દીવાલને તોડીને લક્ષ્ય સુધી પહોંચી શકાય.





બઠૈન - શ્રી દાઉજી મંદિર



છોટી બટૈન - ચરણગંગા



છોટી બઠૈન - ચરણ પહાડી (ચરણ ચિન્હ)





છોટી બઠૈન લક્ષ્મી નારાયણ મંદિર અને બઠૈન કલાં - બલભદ્ર કુંડ

અધ્યાય-૧૭

પાંડવ ગંગા

વનવાસ કાળમાં વ્રજમાં પણ પાંડવોએ નિવાસ કર્યો અને તેની કામ્યવનમાં ઘણી નિશાનીઓ પણ પ્રાપ્ત થાય છે. પર્વતખંડની નીચે ભીમભાર્યા હિડિંબાનું મંદિર છે. જ્યારે તેઓ વ્રજમાં રહ્યા તો સ્વભાવાનુસાર વ્રજમાં ભ્રમણ કર્યું હશે, જ્યાં-જ્યાં ભ્રમણ કર્યું તે સ્થળોમાં પાંડવ ગંગા પણ છે, આ એક મોટું દિવ્ય સ્થળ છે જે નષ્ટ-ભ્રષ્ટ થઈ ચૂક્યું હતું, 'શ્રીરાધા માનવિહારી લાલ' દ્વારા તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો, સઘન વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું, ફળસ્વરૂપે આજે આ સ્થાન વ્રજના અત્યંત મનોહર સ્થળોમાંથી એક બની ચૂક્યું છે.

કામર

શ્રી રાધિકા મિલનોત્કંઠાથી કામાર્થ શ્રીકૃષ્ણ એક વાર અત્યંત ભાવવિહ્વળ થઈ પોતાની મોરલીથી શ્રીરાધા-શ્રીરાધાની મધુર ધ્વનિથી કિશોરીજીનું આહ્વાન કરવા લાગ્યા, ફળસ્વરૂપે પોતાની સહચરીઓ સાથે શ્રીરાધાજી ત્યાં પહોંચ્યા, એ જ સ્થળ આજે 'કામર' કહેવાય છે. ત્યાં એક અન્ય લીલા પણ ઘટિત થાય છે, ત્યાં શ્રીકૃષ્ણની કાળી કામળીની ચોરી થઈ જાય છે, જેને સૂરદાસજીએ પોતાના પદમાં ગાયું છે-

મૈયા મેરી કામર ચોર લઈ ।
મૈં બન જાત ચરાવત ગૈયાઁ સૂની દેખ લઈ ।
એક કહે કાન્હા તેરી કામર જમુના જાત બહી ।
એક કહૈ કાન્હા તેરી કામર સુરભિ ખાય લઈ ।
એક કહૈ નાચો મેરે આગે લૈ દઉં ઔર નઈ ।
'સૂરદાસ' જસુમતિ કે આગે અંસુવન ધાર બહી ।।

તતો કામરુબન પ્રાર્થના મંત્ર (કૌમાર્યે) :
ગન્ધર્વાપ્સરસાલ્હાદ દેવર્ષિસુખવર્દ્ધિને । **કામરૂ સુખધાગ્રે ચ નમસ્તે રમ્યભૂમયે ।।**

ગંધર્વ અપ્સરાઓના આનંદસ્વરૂપ દેવર્ષિઓનું સુખ વધારનારા કામરૂ નામના સુખધામ વન, રમણીય ભૂમિ! આપને નમસ્કાર છે.

તતો વિશ્વેશ્વરકુંડસ્નાન પ્રાર્થના મંત્રઃ

વિશ્વેશ્વરહરિસ્નાન તીર્થસંજ્ઞાય તે નમઃ ।
ત્રૈલોક્યવરદાયૈવાખંડસૌખ્યપ્રદાયિને ।।

વિશ્વેશ્વર હરિના સ્નાનથી ઉત્પન્ન ત્રિલોકીને વરદાન આપનારા અખંડ સુખ પમાડનારા તીર્થરૂપ! આપને નમસ્કાર છે.

અહીં ગોપીકુંડ, હરિકુંડ, મોહનકુંડ, મોહનજી મંદિર, દુર્વાસા મંદિર તથા દુર્વાસાજીની ઝાડી પણ દર્શનીય છે.

શુક કુંડ-વ્યાસ કુંડ :

જ્યારે પરબ્રહ્મ નરાવતાર લે છે, તો ચિરકાળથી પ્રતીક્ષિત સમસ્ત સુરગણ, ઋષિ-મહર્ષિ-બ્રહ્મર્ષિગણ પોતાનું સૌભાગ્ય સ્વયં ગાવા લાગે છે અને અવસર મળતાં જ તેની લલિત લીલાઓનો લાભ લેવા તેની સમીપ આવવા માંડે છે. ભલે પછી તેની તે વ્રજલીલા હોય, મથુરા લીલા હોય અથવા દ્વારિકા લીલા હોય.

હવે જુઓ, વ્રજમાં જેવું કૃષ્ણાગમન થયું તેના પહેલા જ શાંડિલ્ય મુનિ વ્રજમાં આસન લગાવીને બેસી ગયા હતા, કોણ જાણે કઈ ક્ષણે લીલા પુરુષોત્તમ આવી જાય અને જ્યારે મધ્યરાત્રિએ તે આવ્યા તો તેમના આગમન પર ખૂબ જ આનંદપૂર્વક, ધામધૂમથી તેમનો જન્મોત્સવ ઉજવ્યો. આ ઉત્સવમાં ગગનથી મગન થઈને સૌ દેવો પણ પહોંચી ગયા વ્રજ ધરા પર.

જ્યારે-જ્યારે લીલાવિહારી ધરા પર આવે છે, બિચારા દેવગણો વધુમાં વધુ તેમની સમીપ આવવાની ચેષ્ટામાં રત રહે છે, નંદોત્સવ પર તો આખું સ્વર્ગલોક ખાલી થઈ ગયું, સૌ દેવો નીચે ઉતરી આવ્યા.

ઋષિ સમાજ ને પણ જુઓ વ્રજ લીલામાં-

ગોપજાતિપ્રતિચ્છન્નૌ દેવા ગોપાલરુપિણાઃ ।
ઈડિરે કૃષ્ણરામૌ ચ નટા ઈવ નટં નૃપ ।।

(ભા. ૧૦/૧૮/૧૧)

ગોપવેશ ધારણ કરી અથવા ક્યાંક-ક્યાં તેમની લીલામાં પ્રવેશ પામવા પક્ષી યોનિ પણ સ્વીકાર કરી લે છે.

પ્રાયો બતામ્બ વિહગા મુનયો વનેઽસ્મિન
કૃષ્ણેક્ષિતં તદુદિતં કલવેણુગીતમ ।

આરુહ્ય યે દ્રુમભુજાન રુચિરપ્રવાલાન
શ્રૃણ્વન્ત્યમીલિતદૃશો વિગતાન્યવાચઃ ।।

(ભા. ૧૦/૨૧/૧૪)

દ્વારિકા લીલામાં જુઓ, તો ક્યારેક પિંડારક ક્ષેત્રમાં આવ્યા છે-

કર્માણિ પુણ્યનિવહાનિ સુમઙ્ગલાનિ
ગાયઙ્ગતકલિમલાપહરાણિ કૃત્વા ।
કાલાત્મના નિવસતા યદુદેવગેહે
પિણ્ડારકં સમગમન મુનયો નિસૃષ્ટાઃ ।।

(ભા. ૧૧/૧/૧૧)

વિશ્વામિત્રોઽસિતઃ કણ્વો દુર્વાસા ભૃગુરઙ્ગિરાઃ ।
કશ્યપો વામદેવોઽત્રિર્વસિષ્ઠો નારદાદયઃ ।।

(ભા. ૧૧/૧/૧૨)

ક્યારેક મિથિલા યાત્રાના અવસરે આવ્યા છે-

નારદો વામદેવોઽત્રિઃ કૃષ્ણો રામોઽસિતોઽરુણિઃ ।
અહં બૃહસ્પતિઃ કણ્વો મૈત્રેયશ્ચ્યવનાદયઃ ।।

(ભા. ૧૦/૮૬/૧૮)

અને વ્રજલીલામાં તો, ઠેકઠેકાણે સૌએ પોતાનું આવાસોચિત સ્થાન પસંદ કરી લીધું. જેમકે-

૧. માડવ ગ્રામમાં માર્કંડેયજી
૨. લોધૌલી ગ્રામમાં લૌધાંગ ઋષિ
૩. ગાંગરોલમાં ગર્ગાચાર્યજી
૪. બામનારી ગ્રામમાં દુર્વાસાજી

અને કામેર ગ્રામમાં પણ દુર્વાસાજીનો નિવાસ રહ્યો. કામેરની પાસે જ શ્રી શુકકુંડ અને વ્યાસકુંડ દર્શનીય છે, જ્યાં વ્યાસજી અને શુકદેવજી જેવા આત્મારામ મુનિઓ પણ નિર્ગુણ બ્રહ્મની ઉપાસના છોડી, શ્રીકૃષ્ણ લીલાઓનો આનંદ લેવા પહોંચ્યા.

આ નાનકડા કાન્હાના ગુણો જ એવા છે કે યોગીના યોગ, જ્ઞાનીનું જ્ઞાન, કર્મકાંડીના કર્મકાંડ ભુલાવી દે છે-

આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।
કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થમ્ભૂતગુણો હરિઃ ।।

(ભા. ૧/૭/૧૦)

આથી વ્રજમાં ઠેકઠેકાણે મહર્ષિઓના આવાસ રહ્યા, સુમધુર કૃષ્ણ લીલાનો આનંદ લેવા માટે.

શ્રી શુક રહસ્ય

એક વેળા માનલીલા સહકારી ભ્રમરે શ્રીજીના સ્થાનની મંદાર નિકુંજમાં એક દિવ્ય શુકને આસન્ન જોયા, શુકે પણ અલિને જોઈ તેના પર કિશોરીનો અનવરત સ્નેહ જોઈને કહ્યું-

સામરહસ્યોપનિષદાનુસાર

''તેન શુકેન ભ્રમરચાતુર્યે નિરીક્ષ્ય તસ્યા નિકુઞ્જદેવ્યાઃ કૃપાં નિરીક્ષ્ય અત્યાશ્ચર્યે પ્રપેદે''

અત્યાશ્ચર્યચકિત થઈને પૂછ્યું- **અલે ત્વં કઃ?** ભ્રમર! તું કોણ છે? અલિ બોલ્યો- **અહો શુક ત્વં પૂર્વં કોડસિ?** શુક તમે પૂર્વમાં શું હતા, તમારું અતીત શું હતું?

શુક ઉવાચ- **અહં પૂર્વે બ્રાહ્મણોડસ્મિ।** શુકે કહ્યું- હું પહેલા બ્રાહ્મણ હતો, નિરંતર શ્રીકૃષ્ણ ભજન જ મારું પ્રિય સાધન હતું. એકસ્મિન વાસરેડસ્મિ બ્રહ્મલોકં ગતઃ।

એક દિવસ હું ભગવદ્ધામ ગયો, જ્યાં અનન્ય રસમાર્ગી ભક્ત વૃંદોનો દર્શનલાભ થયો, તેમની જ કૃપાથી અહીં મને એકાંતિક નિકુંજ લીલાનો પણ અનુભવ થયો.

તત્રારિષ્ટે શ્રીરાધોકૃષ્ણપુષ્કરિણ્યુદ્ભવાં મૃત્તિકાં ભક્ષયતા તત્ર નિરન્તરક્રીડાસ્થલં મયા શ્રૃતં પૂર્વમ । અસ્યા મૃત્તિકાયાઃ માહાત્મ્યં મહાલીલાયાઃ પ્રાપ્તેઃ કારણમ ।

અહીં યુગલ સરકાર શ્રીરાધાકૃષ્ણની પુષ્કરિણી (પોખરા)થી મેં મૃદાભક્ષણ કર્યું (વ્રજની માટી ખાધી) જેનાથી મને દિવ્ય દંપતિના શ્રુત દિવ્ય ક્રીડા સ્થળનો અનુભવ થયો. એ માટીનો જ પ્રભાવ-પ્રતાપ હતો જે મારા મહાલીલામાં પ્રવેશ પ્રાપ્તિનું મુખ્ય કારણ બન્યો અર્થાત્ વ્રજરજથી જ નિત્ય લીલાનુભૂતિ થઈ મને. એટલું જ નહીં, મારા સંમુખ અલૌકિક મહારાસ લીલા પ્રકટ થઈ, જેના સાક્ષાત્કારનો અલભ્ય લાભ મને મળ્યો. આ લીલાથી શ્રી પ્રભુએ એ બતાવ્યું કે-

અસ્ય સ્થાનસ્ય મૃત્તિકા મયા અનુભૂતા । તેનેદં સ્થાનં પ્રાપ્તમ । ઈદં શરીરં તયા મૃત્તિકયા પુષ્ટં સાધનસિદ્ધં જાતમ ।

ગોસ્વામીજીના શબ્દોમાં-

જા મજ્જન તે બિનહિ પ્રયાસા । મમ સમીપ નર પાવહિ વાસા ।।

મારી પ્રકટ વ્રજ ભૂમિ નિત્ય ધામ પ્રદાન કરનારી છે, એ વિશ્વાસથી જ અહીં વાસ કરવો જોઈએ.

ભ્રમર રહસ્ય

શું આપ જાણો છો આ અલિ કોણ છે ?

સામરહસ્યોપનિષદાનુસાર

એક વાર લીલા શુકે પૂછ્યું- અહો ભ્રમર! ત્વં કથય યદિ રુચિઃ સ્યાત્ ?

અલિએ કહ્યું- શુક! હું પૂર્વ માં જાતિનો કાયસ્થ હતો, સ્વરૂપથી વૈષ્ણવ હતો.

પ્રેમાધિક્યમાં હું સતત રસાનુભવ કરી રહ્યો હતો, પ્રેમપથ વિશે મેં સાંભળી રાખ્યું હતું.

''તેષાં સાધૂનાં સઙ્ગે મયાનુભૂતઃ''- સાધુઓનો સંગ પ્રાપ્ત થયો.

તત્કથાદ્વારેણ મમ હૃદિ પ્રવિષ્ટો રસઃ । અહં રસલીલાયં પ્રપન્નોઽભવમ્ ।

કથા દ્વારા હૃદયમાં રસ પ્રવિષ્ટ થયો અને રાસલીલાની પ્રાપ્તિ થઈ ગઈ.

''ભક્તૈસ્સહ વ્રજલોકે પ્રાપ્તોઽહં''

ભક્ત સમૂહ સહિત વ્રજલોકમાં આવી ગયો. ભક્તો સાથે મનસા, વાચા કેટલો સમય વિતી ગયો ભાવાભિભૂત થતાં, ખબર જ ન રહી. ભાવ સિદ્ધ થતાં જ મારો ધર્મ સિદ્ધ થઈ ગયો. સિદ્ધ ધર્મની સાથે આ શરીર પણ સાધન સિદ્ધ થઈ ગયું. યુગલ રસ-રાજથી મનોભીપ્સિત ભ્રમર રૂપ મને પ્રાપ્ત થયું, એટલું જ નહીં બલ્કે માન્ય સ્થાન પણ પ્રાપ્ત થયું. ત્યારથી ભ્રમર રૂપે હું નિકુંજ દેવીનો પાવન યશ ગાતો રહું છું-

''ભ્રમરરુપેણ તસ્યા નિકુઞ્જદેવ્યા યશઃ સઙ્ગયામિ''






પાંડવ ગુફા અને પાંડવ ગંગા



કામર - મોહનજી મંદિર અને મોહન કુંડ



કામર - શુક કુંડ, વ્યાસ કુંડ અને દુર્વાસા કુંડ

અધ્યાય-૧૮

શ્રી કોટવન

કોસી તથા હોડલની વચ્ચે દિલ્હી-મથુરા રાજમાર્ગની પાસે જ કોટવન છે. આ ઠાકુરજીની ગોચારણ ભૂમિ છે. એક વખત તેઓ વાંસળી વગાડી પોતાની ગાયોને બોલાવી રહ્યા હતા, તે જ વખતે મૈયા યશોદા ત્યાં પહોંચી, ભવનથી વન સુધી જતાં મૈયાના મુખ પર પરસેવાના કણો બાઝી ગયા, થાક ઉતારવા માટે દયાળુ ઠાકુરે મૈયાને કહ્યું- ''મૈયા! આ શીતલ કુંડમાં સ્નાન કરો'', જ્યાં તેઓએ સ્નાન કર્યું, તે જ આ શીતલા કુંડ છે.

ત્યારબાદ મૈયાએ રાસદર્શનની ઇચ્છા વ્યક્ત કરી, ઠાકુરજીએ વિચાર કર્યો, મૈયાની સામે શ્રૃંગાર રસની અદ્‌ભુત રાસલીલા ગોપીઓ કેવી રીતે નિષ્પન્ન કરી શકશે?

કોટનો અર્થ છે- કિલ્લો. એટલે કોટની આડસમાંથી યશોદાજીને અહીં રાસબિહારીએ રાસલીલાના દર્શન કરાવ્યા, જેથી ગોપીઓને પણ સંકોચ ન થયો અને યશોદાની ઇચ્છા પણ પૂર્ણ થઈ. તેથી આ સ્થળનું નામ કોટવન પડ્યું. વ્રજ પરિક્રમા કરતાં શ્રીમન્ ચૈતન્ય દેવ પણ અહીં આવ્યા અને અહીંથી શેષશાયી ગ્રામ ગયા હતા, તેથી આપની અહીં બેઠક છે.

એ કોટર વન કોટવન સબે કય ।
એથા સખા સહ કૃષ્ણ સૂખે વિલસય ।।

(ભ.ર.)

શીતલા કુંડ સિવાય અહીં સૂર્યકુંડ, શ્રીનાથજીની બેઠક, શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીની બેઠક છે.





કોટવન - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજી અને શ્રીનાથજી બૈઠક તથા શીતળા કુંડ

અધ્યાય-૧૯

દધિ ગ્રામ

दधिविक्रयार्थं यान्त्स्ताः कृष्ण-कृष्णेति चाब्रुवन ।
कृष्णे हि प्रेमसंसक्ता भ्रमंत्यः कुंजमंडले ।।

(ગ.સં.મા.ખં. ૪/૬)

કૌશલ પ્રાંતની સ્ત્રીઓ જે શ્રીરામના વરદાનથી વ્રજમાં ગોપી સ્વરૂપે ઉત્પન્ન થઈ, પરકીયા ભાવથી શ્રીકૃષ્ણ પ્રત્યે જેમનો સુદૃઢ સ્નેહ હતો. વ્રજ વાટિકામાં શ્રીકૃષ્ણ સાદ તેમની સાથે હાસ-પરિહાસ કરતા રહેતા. તે વ્રજાંગનાઓ જ્યારે દધિ વિક્રય માટે જતી હતી, ત્યારે 'દહીં લો- દહીં લો' કહેવાનું ભૂલીને 'કૃષ્ણ લો- કૃષ્ણ લો' કહેવા માંડતી હતી. શ્યામસુંદર પ્રત્યે અનુરક્ત થઈ તેઓ કુંજમંડળમાં ભટકતી રહેતી, સર્વત્ર તેમને કૃષ્ણ જ દેખાઈ દેતા. પ્રેમના સંપૂર્ણ લક્ષણો તેમનામાં વિદ્યમાન હતા. આ લીલાનું ચિત્રણ નિમ્નલિખિત પદમાં જુઓ. શીશ પર દધિની મટુકી લઈને કોઈ પ્રેમ બાવરી ગોપી શું કહી રહી છે, અરે માઈ! કોઈ ગોપાલને લઈ લો અથવા આ પંક્તિનો બીજો અર્થ છે- ''અરે માઈ! ગોપાલ, આ દધિને લઈ લે.'' આ પ્રેમોન્માદમાં ફરી રહી છે-

કોઈ માઈ લૈહોં રી ગોપાલહિ ।
દધિ કો નામ શ્યામ સુન્દર રસ બિસર ગયો બ્રજ બાલહિ ।
મટકી શીશ ફિરત બ્રજ વીથિનિ બોલત બચન રસાલહિ ।
ઉફનત તક ચહુઁ દિશિ ચૂવત ચિત્ત લાગ્યો નંદલાલહિ ।
હઁસતિ રિસાતિ બુલાવતિ બરજતિ દેખહુ ઉલ્ટી ચાલહિ ।
'સૂરશ્યામ' બિન ઔર ન ભાવૈ યા બિરહિની બેહાલહિ ।


''પ્રેમના પાગલોનો એક સમુદાય એ જ વ્રજ છે.'' ગોપી મહીની મટુકી લઈ કુંજમાં જઈ રહી છે, વનમાં કોણ મહી ખરીદશે? આ પ્રેમની મસ્તી, પ્રેમની લગન, જે મોટા-મોટા યોગી-જ્ઞાનીઓ ન જાણી શક્યા. ગોપી, ગોપાલના નામની ટહેલ નાખી રહી હતી. મહીનું નામ ભૂલી ગઈ, દહીં લો-દહીં લોની જગ્યાએ કહી રહી છે ''ગોપાલ લો-ગોપાલ લો.'' એ પણ ભૂલી ગઈ કે આ કયું ગ્રામ છે, આ બરસાના છે, કે સકેત, કે નંદગ્રામ છે, કાંઈ ખબર નથી. ફક્ત મટુકી શીશ પર છે. અને કયો આનંદ પ્રાપ્ત થઈ રહ્યો છે, આપણે એને સમજી નથી શકતા, ત્યાં તો પ્રેમ છે. અમે લોકો જ્યારે યાત્રા કરતા-

કરતા વ્રજના વનોમાં ફરતાં ગોપાલના નામની ટહેલ નાખીએ છીએ, એ નકલમાં પણ એટલો આનંદ આવતો કે હજી પણ યાદ આવે છે- તો અસલી પ્રેમ સમક્ષ હોય તો એના નામની ટહેલ નાખવામાં કેટલો આનંદ આવતો હશે! આને જ પ્રેમ કહે છે. જે વાત ન કહેવી જોઈતી હતી, એ વાત કહેતી જઈ રહી છે, પોતાના પ્રેમનો ભેદ ખોલતી જઈ રહી છે. ગોપી કહે છે- ''શ્યામ, તમે તે દિવસે પનઘટ પર આવ્યા હતા, પછી ક્યાં ચાલ્યા ગયા?'' પોતે જ આખો ભેદ ખોલી રહી છે. જે રસિક વાતો ન કરવી જોઈએ તે જ કરતી જઈ રહી છે. આને કહે છે પ્રેમ વૈચિત્રી- પ્રેમમાં સર્વ કાંઈ ભૂલી જવું. મટુકીમાં માખણનો લોંદો લઈને ચાલી હતી કે કનૈયો મળશે તો તેને ખવડાવીશ. માખણ જ્યાં સુધી છાશમાં રહે છે, ત્યાં સુધી નરમ રહે છે, તેના બહાર કઠણ થઈ જાય છે. મટુકીમાં દહીં અને છાશ પણ હતી પરંતુ પ્રેમમાં તેને ધ્યાન જ ન રહ્યું. મટુકી થોડી ત્રાંસી થઈ ગઈ છે અને છાશ ઢોળાવા લાગી, તેની સુંદર ચુંદડી અને વસ્ત્ર પર સફેદ ધાર વહી રહી છે પરંતુ ગોપીને કંઈ જ ખ્યાલ નથી કે શું થઈ રહ્યું છે? આને જ પ્રેમ કહે છે. પ્રેમમાં એક દશા હોય છે પ્રેમ વૈચિત્રી- આ એક એવી દશા છે કે કૃષ્ણ નથી, વિરહ છે છતાં પણ મિલન કરાવી દે છે અને કૃષ્ણ પાસે હોય તો વિરહ કરાવી દે છે. તેના ઘણાંય નામ છે, તેને ભ્રમાભા પણ કહે છે. એટલે કે પ્રેમીની પાસે પ્રતિક્ષણ શ્રીકૃષ્ણ ભાવનાઓમાં રહે છે. પોતાનામાં જ ખોવાયેલી રહે છે, ક્યારેક હસે છે, કહે છે-

''શ્યામ, તમે આવી ગયા... તો ક્યારેક નારાજ થાય છે કે તમે આટલા મોડા આવ્યા, હું ક્યારની મટુકી લઈને તમને શોધી રહી હતી. ક્યારેક કહે છે, પાસે આવે, ક્યારેક કહે છે, ના. દૂર જાઓ, મને કલંક લાગશે, તમે મોટા બદમાશ છો, નટખટ છો, અમને ના છેડો.'' સૂરદાસજી કહે છે તેને કૃષ્ણ વિના કંઈ જ ગમતું નથી, આને જ પ્રેમ સમાધિ કહે છે, પોતાને અને સંસારને ભૂલી ચૂકી છે. આખો સંસાર તેના માટે કૃષ્ણમય છે.

અહીં દધિકુંડ છે, વ્રજભૂષણજીનું મંદિર છે, વૃક્ષમાં મુકુટનું ચિહ્ન છે, દધિહારી દેવીના દર્શન છે.





દધિગ્રામ - દધિ કુંડ અને દધિહારી દેવી





દધિગ્રામ - શ્રી વ્રજભૂષણ મંદિર

અધ્યાય-૨૦

શ્રી રાસોલી

રાસક્રીડાપ્રદીપ્તાય ગોપીરમણ સુંદર ।
નમઃ સુખઃ મનોરમ્ય સ્થલાય સિદ્ધિ રૂપિણે ।।

(શ્ર.ભ.વિ.)

ચરણ પહાડી અને કોટવનની મધ્ય આ 'રાસોલી' એટલે કે શ્રીરાસમંડળ રાસ સ્થળ છે. જ્યાં અનંતાનંદ ગોપી સમુદાય સાથે રાસેશ્વર ભગવાને શારદીય રાસલીલા સંપન્ન કરી. વ્રજના અધિકાંશ વનોના લુપ્ત થવા છતાં અહીંની આર્યભૂમિ સઘન લતા-વલ્લરીઓથી આચ્છાદિત હોવાને કારણે કૃષ્ણકાલીન વ્રજનો અનુભવ કરાવે છે. સંપૂર્ણ વ્રજમાં આ એક જ એવું વન અવશેષ રહી ગયું છે, જે હજી વ્રજનાશીઓની ચુંગાલથી સુરક્ષિત છે, આમ તો ચુંગાલમાં આવી જ રહ્યું હતું, પરંતુ 'શ્રી રાધામાનબિહારી લાલજી'ની કૃપાથી તે સુરક્ષિત રહ્યું.

રાધોપનિષત્માં ૨૪ વનોના વર્ણનમાં રાસવન આવ્યું છે-

અથાનન્તરં ભદ્રલોહભાણ્ડીરમહાતાલખદિરવકુલકુમુદકામ્યમધુવૃન્દાવનાનિ દ્વાદશવનાનિ કાલિન્દ્યાઃ પશ્ચિમે સપ્તવનાનિ પૂર્વસ્મિન પશ્ચવનાનિ ઉત્તરસ્મિન ગુહ્યાનિ સન્તિ।

મથુરાવનમધુવનમહાવનખદિરવનભાણ્ડીરવનનન્દીશ્વરવનનન્દવનાનન્દવન ખાણ્ડવનપલાશવનશોકવનકેતકવનદ્રુમવનગન્ધમાદનવનશેષશાયીવનશ્યામાયુ વનભુજ્યુવનદધિવનવૃષભાનુવનસંકેતવનદીપવનરાસવનક્રીડાવનોત્સુકવનાન્યે તાનિચતુર્વિંશતિવનાનિ નિત્યસ્થલાનિનાનાલીલયાધિષ્ઠાય કૃષ્ણઃ ક્રીડતિ ।

(રાધોપનિષત્ તૃતીયઃ પ્રપાઠકઃ)

શ્રીમદ્ જીવગોસ્વામીજી કૃત 'વૈષ્ણવ તોષિણી' ટીકાનુસાર અહીં આ જ સ્થળ પર રાસલીલા થઈ છે.

જીવ ગોસ્વામીજીએ લખ્યું છે-

ततश्च तं दृष्टा भावविशेषाविर्भावेन वनमागत्य तश्च तद्रश्मिभीरक्षितं दृष्टा तत्र च यमुनातीरभागमद्यापि रासौलीति प्रसिद्धं श्रीवजस्थापितं ग्रामचत्वरमागत्य चाकर्षणवेणुना किमपि गीतमगायदिति ।

(ભા.ટીકા.જીવ ગો. ૧૦/૨૯/૩)

વ્રજાંગનાઓના કર્ણપટલ પર એ કામ કલીં જેવો પહોંચ્યો કે સૌ દોડી પડી રાસસ્થળ તરફ, શરદ ઋતુની એ સંધ્યા, કદાચ સૃષ્ટિમાં પ્રથમ જ વાર એટલા ઉલ્લાસ સાથે પોતાની સૌ સહયોગી સહેલીઓ સાથે આવી હશે. રાત્રિકાળ થવામાં છે, પણ સંધ્યા જવાનું નામ લે, તો એ પ્રભુસેવા કરે ને, પરંતુ સંધ્યા તો જાણે આજે ન જવાની હઠ કરી બેઠી છે. ચંદ્રએ વિચાર્યું હું શા માટે મારું સૌભાગ્ય જતું કરું? તે સંધ્યાકાળે જ ઉદિત થઈ ગયા, આ.. હા.. હા..! ધન્ય છે આ રાત્રિ અને સંધ્યાનો સંગમ બંનેમાંથી એક પણ પરાભૂત નથી થતું. ચંદ્રએ પોતાની સેવા આરંભ કરવામાં વિલંબ ન કર્યો, પોતાની દુગ્ધોજ્જ્વલ સફેદ કિરણો સંપૂર્ણ ધરતી પર આચ્છાદિત કરી દીધી, રાસબિહારી આવ્યા આ જ રાસમંડળ પર જે હાલ રાસોલી નામથી ઓળખાય છે અને અહીં આવીને વાંસળીથી અલૌકિક સ્વર-સૌષ્ઠવ પ્રકટ કર્યું એટલે કે વેણુનાદ કર્યો, જો કે એવી વાયકા પ્રસિદ્ધ છે કે વૃંદાવન બંશીવટમાં જ બંસીનાદ થયો છે, પરંતુ આ પણ એટલું જ સત્ય છે કારણકે જીવ ગોસ્વામીજીનું માનવું છે કે રાસનો પ્રારંભ આ સ્થળેથી વેણુનાદ દ્વારા થયો છે, પ્રાચીન વ્રજમાં કલિન્દ-નંદિની (યમુના) અહીંથી જ વહેતી હતી. આ કાલિન્દીના કૂળનું વન પ્રાંત હતું, પરંતુ આજે તો યુગપ્રભાવથી યમુનાજી વ્રજથી જ દૂર ચાલ્યા ગયા.

અનન્તર ગોપીઓના સહસ્ત્રો-સહસ્ત્રો જૂથો આવ્યા છે, અહીં આ મહારાસ લીલામાં ભાગ લેવા. શ્રી વજનાભજી મહારાજ દ્વારા પ્રસ્થાપિત આ લીલા સ્થળ આજે પણ એટલું જ સઘન છે, અહીં શ્રીનાથજીની બેઠક અને રાસકુંડ પણ છે. એવા મહારાસ સ્થળ રાસોલીને વારંવાર પ્રણામ કરીએ છીએ.

શ્રી રાસ વિહારી લાલ કી જય ।





રાસોલી કુંડ



રાસોલી - રાસમંડળ અને શ્રીનાથજીની બેઠક

અધ્યાય-૨૧

શ્રી હતાના

બધા પર વિજય મેળવવાને કારણે કામ દુર્મદ થઈ ગયો હતો, એ દર્પિત કંદર્પનું અહીં જ દલન કર્યું રાસેશ્વરે. મોટા વિશ્વાસ સાથે આવ્યો હતો બિચારો શ્રી કૃષ્ણને પરાભૂત કરવા, પરંતુ એ સમયે રાસેશ્વરનું એ રૂપ અનુપમ હતું.

ભાગવતકાર કહે છે- ''સાક્ષાત્ મન્મથમન્મથઃ'

તાસામાવિરમૂચ્છૌરિઃ સ્મયમાનમુખામ્બુજઃ ।
પીતામ્બરધરઃ સ્રગ્વી સાક્ષાન્મન્મથમન્મથઃ ।।

(ભા. ૧૦/૩૨/૨)

આ તો મન્મથના મૂળ અધિદેવ કામનું પણ મનો-મંથન કરે છે.

ખોટી જગ્યાએ આવી ગયો બિચારો, તેની સાથે રહેનારી મેનકા, પુંજકસ્થળી, રંભા...વગેરે તો જો કૃષ્ણરમણીઓની સામે આવી જાય તો અભાગી લાગે છે. એક-એક રમણી કોઈ ચંદ્રાવલી છે, કોઈ શતચંદ્રાનના છે અને વળી રાસ-રાસેશ્વરી શ્રી રાધારાણીના એક રોમછિદ્ર પર જો સમસ્ત લોકોની મહાશક્તિઓનો છંટકાવ કરવામાં આવે તો પણ ન્યૂન હશે.

રસિકોએ કહ્યું-

રાધિકા સમ નાગરિ નવીન કો પ્રવીન સખી ।
રુપ ગુન સુહાગ ભાગ આગરી ન નારિ ।।
વરુન નાગલોક ભૂમિ દેવલોક કી કુમારિ ।
પ્યારી જૂ કે રોમ ઉપર ડારૌ સબ વારિ ।।
આનન્દકન્દ નન્દનન્દન જાકે રસરંગ રચ્યૌ ।
અંગ વર સુધંગ નાચતિ માનતુ હૈ અતિ હારી ।।
તાકે બલ ગર્વભરે રસિક 'વ્યાસ' સે ન ડરે ।
લોક વેદ કર્મ ધર્મ છાંડિ મુકુતિ ચારિ ।।

દ્વારિકાધીશ શ્રીકૃષ્ણની પટ્ટમહિષીઓ જો, એ કામની તરફ દૃષ્ટિ કરી દે તો તે તેમાં જ સંલગ્ન થઈ જાય, તો ભાઈ આ તો ગોપાંગનાઓ છે, તેમની સાથે થઈ રહેલી રસમયી રાસલીલાના મધ્યમાં હત થયો, એટલે હતાના નામ પડ્યું.

સ એષ નરલોકેઽસ્મિન્નવતીર્ણઃ સ્વમાયયા ।
રેમે સ્ત્રીરત્નકૂટસ્થો ભગવાન પ્રાકૃતો યથા ।।

(ભા. ૧/૧૧/૩૫)

સ્વયં પરબ્રહ્મ પરમેશ્વર મૃત્યુલોક પર અવતરિત થઈ સહસ્ત્રો રમણીઓની વચ્ચે સામાન્ય માનવની જેમ આચરણ કરી રહ્યા છે.

આ દિવ્ય લીલાને જોઈ રતિ પતિનું હતાહત થવું સ્વાભાવિક છે. ધ્યાન રહે, લૌકિક મર્ત્ય શ્રૃંગાર રસની બુદ્ધિથી આ ગ્રાહ્ય નથી.



અધ્યાય-૨૨

ચમેલી વન

ભાગવતાનુસાર- આ એ જ વન છે, રાસની વચ્ચે શ્રીકૃષ્ણના અદૃશ્ય થઈ જવા પર વિરહિણી ગોપીઓ તેમને શોધતાં-શોધતાં વન-વનાંતરમાં ભ્રમણ કરવા લાગી. માલતી વનમાં ગઈ, મલ્લિકા વનમાં ગઈ, ત્યારબાદ 'જાતી વન'માં. જાતીનો અર્થ છે-ચમેલી એટલે કે અહીં ચમેલી વનમાં આવી. આ વન-પ્રાંત ગોપીઓનું અન્વેષણ સ્થળ છે. ચમેલીના સુંદર સુવાસિત પુષ્પોથી વ્યામ જોઈ ગોપીઓ જાણી ગઈ, અવશ્ય નવ ઘન સુંદર શ્રીકૃષ્ણનો સ્પર્શાનંદ તેમને પ્રાપ્ત થયો છે, અન્યથા આટલો રોમાંચ, પ્રફુલ્લતા ન હોત-

માલત્યદર્શિ વઃ કચચ્ચિન્મલ્લિકે જાતિ યૂથિકે ।
પ્રીતિં વો જનયન્ યાતઃ કરસ્પર્શેન માધવઃ ।।

(ભા. ૧૦/૩૦/૮)

તેથી વારંવાર વિરહાર્દ્ર સ્વરથી એક જ પ્રશ્ન સૌને કરે છે-

''અમારા પ્રાણનાથ.... પ્રાણવલ્લભ... ક્યાં છે અમારા પ્રિયતમ?''

નવેલિ હે ચમેલિ તૂ પ્રફુલ્લ હૈ દુમાન મેં
બિના પિયા મિલે અલી ન ફૂલ હો હિયાન મેં
બતા કહાઁ કન્હાઈ રી હમેં ન ચૈન પ્રાણ મેં
પુકારતી હરિ હરિ હરી હરી લતાન મેં ।

(પંડિત હરિશ્ચંદ્રજી)





ચમેલી વન અને કુંડ

અધ્યાય-૨૩

નંદનવન

અહીં વ્રજવાસીઓની ઇચ્છાનુસાર શ્રીકૃષ્ણએ તેમને સ્વર્ગના નંદનવનના દર્શન કરાવ્યા અને અહીં જ નંદનંદન સરોવર પણ છે.

ततो नन्दनवन प्रार्थना मंत्र :

परिचर्यान्वित देवेशनिर्मिताय वनाय ते ।
नन्दनाय नमस्तुभ्यं नन्दनाख्यबनोपम ।।

સેવાથી યુક્ત, દેવરાજ ઇંદ્ર દ્વારા નિર્મિત નંદનવન! આપને નમસ્કાર છે.

ततो नन्दनन्दन कुंण्ड स्नानाचमन प्रार्थना मंत्र :

कृष्णाभिषेकरम्याय तीर्थराज नमोऽस्तु ते ।
नन्दनन्दनकुंडाय गोपानां वरदायिने ।।

હે તીર્થરાજ, કૃષ્ણના અભિષેકથી રમણીક, ગ્વાલ બાળોને વરદાન આપનારા, નંદનંદન કુંડ! આપને નમસ્કાર છે.





નંદ યશોદા મંદિર અને નંદનવન

અધ્યાય-૨૪

શેષષાયી

કલિપાવનાવતાર મહાપ્રભુ શ્રી ચૈતન્ય, શ્રી ગોપાલજીના દર્શન કર્યા બાદ કામ્યવન અને શ્રી નંદગ્રામ પ્રેમાવેશમાં આવ્યા, ત્યાંના સરોવરો અને શ્રી નંદીશ્વરના દર્શન કરી, ગુફાની અંદર સ્થિત દેવ મૂર્તિઓના દર્શન કરી, શ્રીમન્મહાપ્રભુ એ જ આત્મવિસ્મૃત પ્રેમાવસ્થામાં બરસાના ધામમાં પણ આવ્યા છે. બરસાના ધામના અપ્રકટિત હોવાને કારણે આ આગમનનો ઉલ્લેખ નથી કર્યો. તે સમયે શ્રી મદનમોહનજી, શ્રી ગોવિંદદેવજી વગેરે સૌ અર્ચા વિગ્રહ અપ્રકટિત હતા. તેથી કોઈનો નામોલ્લેખ નથી પરંતુ તેનાથી એમ તો ન જ કહી શકાય કે મહાપ્રભુ વૃંદાવનમાં આવ્યા જ નહોતા અથવા બરસાનામાં આવ્યા જ નહોતા. બરસાના આવ્યા વિના યુગલમિલિત આ ગૌરાંગ વિવાહની યાત્રા કેમ સંભવ થઈ શકે? નંદગ્રામથી ખાયરા જતી વખતે મધ્યમાં બરસાના આવવું નિશ્ચિત છે, બરસાના આવ્યા વિના હવાઈ જહાજથી તો ખાયરા નહીં જ ગયા હોય, તેથી બરસાનામાં આગમન સુસ્પષ્ટ છે, જેઓ આમ નથી માનતા તેઓ દુરાગ્રહી છે. શ્રીમન્ મહાપ્રભુના દીર્ઘકાળ બાદ શ્રી નારાયણ ભટ્ટજી થયા છે, જેમના દ્વારા શ્રી લાડલીજીનો અર્ચા વિગ્રહ ત્યાં પ્રતિષ્ઠિત થયો. ત્યારબાદ તો સૌએ શ્રીધામ બરસાનાથી જ યાત્રાને સંપૂર્ણ માની અને તેનો સુસ્પષ્ટ ઉલ્લેખ પણ કર્યો. આ રજ બ્રહ્મા, શિવ અને લક્ષ્મીજીને પણ દુર્લભ છે, અન્ય કોઈને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે?

નેમં વિરિઞ્ચો ન ભવો ન શ્રીરપ્યઙ્ગસંશ્રયા ।
પ્રસાદં લેભિરે ગોપી યત્તત પ્રાપ વિમુક્તિદાત્ ।।

(ભા. ૧૦/૯/૨૦)

જે કોઈ વ્રજ ભાવથી ભાવિત હશે, તેને જ તે પ્રાપ્ત થઈ જશે. આ વ્રજ ઉપાસનાની વિલક્ષણતા છે-

નાયં સુખાપો ભગવાન દેહિનાં ગોપિકાસુતઃ ।
જ્ઞાનિનાં ચાત્મભૂતાનાં યથા ભક્તિમતામિહ ।।

(ભા. ૧૦/૯/૨૧)

ભલે ગમે તેવા જ્ઞાની હોય, ભલે આત્મભૂત બ્રહ્મા-શિવાદી હોય, તેઓને પણ દુર્લભ છે. માત્ર વ્રજભાવથી પરિપૂર્ણ ભક્તિથી જ પ્રાપ્ય છે. ઐશ્વર્ય ભાવના ભાવિતને આ ગોપિકાસુત પ્રાપ્ત નથી. યશોદાને જ્યારે ઐશ્વર્ય ભાવ થયો તો ગોપાલજીએ તેને તિરોહિત કરી વાત્સલ્ય રતિમાં બદલી નાખ્યો.

ઈત્થં વિદિતતત્વાયાં ગોપિકાયાં સ ઈશ્વરઃ ।
વૈષ્ણવી વ્યતનોન્માયાં પુત્રસ્નેહમયી વિભુઃ ।।

(ભા. ૧૦/૮/૪૩)

સિવ બિરંચિ કહુઁ મોહઈ કો હૈ બપુરા આન ।
અસ જિયઁ જાનિ ભજહિ મુનિ માયા પતિ ભગવાન ।।

(રા.ઉ.કાં. ૬૨ખ)

નાહં ન યૂયં યદતાં ગતિં વિદુર્ન વામદેવઃ કિમુતાપરે સુરાઃ ।
તન્માયયા મોહિતબુદ્ધયસ્ત્વિદં વિનિર્મિતં ચાત્મસમં વિચક્ષ્મહે ।।

(ભા. ૨/૬/૩૬)

ઋષે વિદન્તિ મુનયઃ પ્રશાન્તાત્મેન્દ્રિયાશયાઃ ।
યદા તદેવાસત્તર્કૈ સ્તિરોધીયેત વિપ્લુતમ ।।

(ભા. ૨/૬/૪૦)

બ્રહ્મા, શિવ આદિને દુર્લભ વસ્તુ પણ સંશય રહિત ભાવુકને શ્રદ્ધાના બળે પ્રાપ્ત છે. જ્યારે હૃદયમાં સંશય કે અસત્ તર્ક આવે છે, ત્યારે તે દુર્લભ થઈ જાય છે. પ્રહલાદજીએ પણ અસુર બાળકોને એમ જ કહ્યું–

ભવતામપિ ભૂયાન્મે યદિ શ્રદ્દધતે વચઃ ।
વૈશારદી ધીઃ શ્રદ્ધાતઃ સ્ત્રીબાલાનાં ચ મે યથા ।।

(ભા. ૭/૭/૧૭)

તેથી જ સૌ આચાર્યો બરસાના, નંદગ્રામ તરફ દોડે છે–

''ચલો વૃષભાનુ ગોપ કે દ્વાર'' (શ્રી હિત હરિવંશ જી) અથવા સ્વામી હરિદાસજી– **''પ્યારી જૂ આગે ચલ ગહવર વન ભીતર''** અથવા **''હમારો દાન મારયો ઇન.''** મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક ગહવરવન (બરસાના)માં તેથી જ છે. ષડ્ ગોસ્વામીઓએ પણ નંદગ્રામ બરસાનામાં જ ભજન કર્યું, સંકેતમાં ગોપાલ ભટ્ટજી, નંદગ્રામ પાવન સરોવર પર સનાતન ગોસ્વામી, ટેર કદંબ પર રૂપ ગોસ્વામી, ભૂગર્ભ ગોસ્વામી અને લોક નાથ ગોસ્વામી ખાયરામાં અને નાગરીદાસજી, નેહી નાગરીદાસજી, કૃષ્ણગઢના રાજા નાગરીદાસજી આ સૌ બરસાનામાં થયા છે. મહાપ્રભુ ચૈતન્ય પણ કામાથી નંદગ્રામ જતી વખતે માર્ગસ્થ હોવાથી બરસાના થઈને જ ગયા હશે કારણ કે તે સમયે હેલિકોપ્ટર કે વિમાનની કલ્પના ન કરી શકાય. **''યે દોઉ ખોર, ખિરક, ગિરિ, ગહવર''** એ ચારેય બરસાનામાં જ છે.

બરસાના પછી ખદિરવન થઈ વ્રજની પ્રસિદ્ધ લીલાસ્થળી શેષશાયી (વ્રજવાસીઓના પૌઢાનાથ) પહોંચ્યા. આ સ્થળીને જોતાં જ તેમના મુખથી ગોપીગીતનો આ શ્લોક નિકળ્યો, જે રાધા ભાવ ભાવિત છે–

યત્તે સુજાત ચરણામ્બુરુહં સ્તનેષુ ભીતાઃ શનૈઃ પ્રિય દધીમહિ કર્કશેષુ ।
તેનાટવીમટસિ તદ્ વ્યથતે ન કિંસ્વિત કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં નઃ ।।

(ભા. ૧૦/૩૧/૧૯)

વસ્તુતઃ મોટાભાગે લોકો શેષશૈયા પર શયન કરતાં શ્રી વિષ્ણુ વિગ્રહ સમજે છે પરંતુ અહીં આ લીલામાં લક્ષ્મીનારાયણ દંપતિઓનો પ્રવેશ જ નથી.

સૂરદાસજી કહે છે-

કમલાસુખરમ્યાય શેષશયનહેતવે ।
નમઃ કમલકિંજલ્કવાસસે હરયે નમઃ ।।

(કૂર્મ પુરાણ)

લક્ષ્મીના સુખથી રમણીક, શેષનું શયન કરનારા, કમલના પરાગથી યુક્ત વસ્ત્ર ધારણ કરવાવાળા એવા હરિ આપને નમસ્કાર છે અને જે અહીં મહોદધિ કુંડ છે, તે ક્ષીરસાગરનું સ્વરૂપ પ્રસ્તુત કરે છે-

પઞ્ચામૃતસમુત્પન્ન પઞ્ચામૃતમાય તે ।
લક્ષ્મીકૃતાય તીર્થાય નમો મુક્તિમહોદધે ।।

પંચામૃતથી ઉત્પન્ન પંચામૃત રૂપ, લક્ષ્મીથી નિર્મિત મુક્તિ મહાર્ણવ મહાસમુદ્ર રૂપ આપને નમસ્કાર છે.

અહીં શ્રીકૃષ્ણનું નામ શ્રી પ્રૌઢ લક્ષ્મી-નારાયણ છે-

શયનસ્થાય દેવાય લક્ષ્મીસેવાપરાય ચ ।
નમો પ્રૌઢસ્વરૂપાય લક્ષ્મીનારાયણાય તે ।।

(કૌમર્ય)

શયનસ્થળરૂપ દેવ, લક્ષ્મી સેવા પરાયણ, હે પ્રૌઢ લક્ષ્મી નારાયણ! આપને નમસ્કાર છે.

તેથી જ તેમનું નામ પ્રૌઢ લક્ષ્મીનારાયણ રાખવામાં આવ્યું. માહેશ્વરી તંત્રમાં આખ્યાયિકા છે કે લક્ષ્મીજીને ધ્યાનસ્થ વૈકુંઠનાથ પાસે યુગલ રસ (રાધા-કૃષ્ણ) વિશે જાણવાની જિજ્ઞાસા કરી. તેઓએ ગોપનીય હોવાથી ઉત્તર ન દીધો, ત્યારે લક્ષ્મીજીએ કેતુમાળ પર્વત પર જઈ તપસ્યા કરી અને બ્રહ્મા, શિવાદિ દેવોએ વૈકુંઠનાથને પ્રાર્થના કરી કે તેઓ માનવતી લક્ષ્મીને પ્રસન્ન કરે. ''માનવતી તપઃ લીના'' ત્યારે વૈકુંઠનાથ કેતુમાળ પર્વત પર ગયા અને તેઓએ લક્ષ્મીજીને જણાવ્યું-

''હે દેવી! હું શ્રી વૃંદાવન વિહારીની લીલાનું ધ્યાન ધરી રહ્યો હતો, તેથી તે સમયે મૌન રહ્યો.'' આ સાંભળીને લક્ષ્મીજી પણ શ્રી રાધિકાજીના ચરણ-નખની કાંતિની કામના કરવા લાગ્યા. રાધા પ્રેમ રસમાં લોભવતી થઈ પોતાના પ્રેમમાં તેનો અભાવ માની તેઓ કામના કરે છે. તેથી જ 'રાધા સુધા નિધિ'માં-

कान्ताढ्याश्चर्यकांताकुलमणिकमलाकोटिकीम्यैकपादां -
भोजभ्राजन्नखेन्दुच्छविलवविभवा काप्यगम्या किशोरी ।
उन्मर्यादप्रवृद्धप्रणयरसमहाम्भोधिगम्भीरलीला
माधुर्योज्झम्मितांगी मयि किमपि कृपारंगमंगीकरोतु ।।

(રા.સુ.નિ.૯૧)

વ્રજ ગોપીઓએ જ્યારે શ્રીકૃષ્ણના અંતર્ધ્યાન થયા બાદ ફરી પ્રગટ થવા પર પ્રશ્ન કર્યો કે તમે અમને બધાને છોડીને ક્યાં ચાલ્યા ગયા હતા? ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા-

एवं मदर्थोज्झितलोकवेदस्वानां हि वो मय्यनुवृत्तयेऽबलाः ।
मया परोक्षं भजता तिरोहितं मासूयितुं मार्हथ तत प्रियं प्रियाः ।।

(ભા. ૧૦/૩૨/૨૧)

''હે દેવીઓ! તમે મારા માટે લોક-વેદનો સંપૂર્ણરૂપે ત્યાગ કર્યો, તેથી હું પરોક્ષરૂપે તમારું ભજન કરવા માટે અંતર્ધ્યાન થયો હતો. તમે મારા પ્રત્યે દોષદૃષ્ટિ ન કરો કારણ કે મારો પ્રેમ સર્વથા અલૌકિક છે અને તે ''तत् सुख सुखितः'' ના ભાવથી જ ભરેલો છે.

नाहं तु सख्यो भजतोऽपि जन्तून भजाम्यमीषामनुवृत्तिवृत्तये ।
यथाधनो लब्धधने विनष्टे तच्चिन्तयान्यन्निभृतो न वेद ।।

(ભા. ૧૦/૩૨/૨૦)

પ્રેમના બદલે પ્રેમ એ વ્યાપારથી મારો પ્રેમ સર્વથા અચિંત્ય છે. આ બધી ચેષ્ટાઓ પ્રેમાસ્પદના ભજન માટે કરતો રહું છું જેમકે- નિર્ધનને ધન પ્રાપ્તિ બાદ ફરીથી ધનલોપ થવા પર અત્યધિક ઉત્કંઠાની વૃદ્ધિ થાય છે એવી જ રીતે તમે મારી અંતર્ધ્યાન પ્રક્રિયાને સમજો. વસ્તુતઃ મારો પ્રેમ-

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या माभजन दुर्जरगेहश्रृङ्खलाः संवृश्चय तद्वः प्रतियातु साधुना ।।

(ભા. ૧૦/૩૨/૨૨)

જે નિષ્કલંક 'तत्सुख सुखिता' પ્રેમ છે, તેનું ઋણ હું બ્રહ્માજીની આયુ સુધી પ્રયત્ન કરું તો પણ ચુકવી શકું તેમ નથી કારણકે ગૃહાસક્તિ પ્રાણીઓની દુર્જર છે. શવદાહમાં પણ તેનો દાહ નથી થતો. એ દુર્જર ગેહ શ્રૃંખલાને તમોએ અનંતકાળ સુધી કાપી નાખી છે અને ત્યારબાદ મારું સેવન કર્યું, હું એવું નથી કરી શકતો, તમે જેવી રીતે માતા-પિતા

વગેરે સૌને છોડ્યા, હું પોતાના નંદબાબા અને યશોદા મૈયાને નથી છોડી શકતો. હું તમારું અનુકરણ નથી કરી શકતો. તેથી મારી પરોક્ષ ભજનલીલા થઈ અને તમે પૂછ્યું કે મને વિલંબ કેમ થયો, તેનો પણ ઉત્તર આપી રહ્યો છું.

હે ગોપીઓ! પુષ્કર દ્વીપના દધિમણ્ડોદ સમુદ્રની અંદર હંસ નામે એક મહામુનિ અકામ થઈ બે મનવંતરથી મારું તપ કરી રહ્યા હતા. તેને આજે જ એક અડધા યોજન જેટલો મત્સ્યરૂપધારી મહાન અસુર પૌંડ્ર ગળી ગયો હતો. જે મારું અનન્ય ચિંતન કરે છે-

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યામભયુક્તોનાં યોગક્ષમં વહામ્યહમ ।।

(ગીતા. ૯/૨૨)

તેના યોગક્ષેમને ધારણ કરવું એ મારું વ્રત છે કારણ કે મારી ઉપાસના અભય દેનારી છે-

મન્યેઽકુતશ્ચિદ્ભયમચ્યુતસ્ય પાદામ્બુજોપાસનમત્ર નિત્યમ ।
ઉદ્વિગ્નબુદ્ધેરસદાત્મભાવાદ્ધ વિશ્વાત્મમના યત્ર નિવર્તતે ભીઃ ।।

(ભા. ૧૧/૨/૩૩)

મારું આ વ્રત-

સકૃદેવ પ્રપન્નાય તવાસ્મીતિ ચ યાચતે ।
અભયં સર્વભૂતેભ્યો દદામ્યેતદ્ર વ્રતં મમ ।।

(વા.રા.યુદ્ધ.કા. ૧૮/૩૩)

આ વ્રતની રક્ષા માટે મેં જઈ ચક્રથી બંને મત્સ્યોનો વધ કર્યો અને હંસ મુનિને નિરાપદ કરી શ્વેતદીપ ચાલ્યો ગયો હતો-

દુઃખિતા ભવતીર્જ્ઞાત્વા નિદ્રાં ત્યક્ત્તવ પ્રિયાઃ ।
સહસા ભક્તવશ્યોઽહં પુનરાગતવાનિહ ।।

(ગ.સં.વૃ.ખં. ૨૨/૨૩)

અને શેષશૈયા પર શયન કરી અહીં તમને સુખી કરવા આ જ ક્ષણે આવી રહ્યો છું કારણકે હું તો નિષ્કામ ભક્તોને પરાધીન છું અને મારા ભક્ત પણ આ નિરપેક્ષતાના સુખને જાણી શકે છે.''

ત્યારે ગોપીઓએ કહ્યું-

ક્ષીરાબ્ધૌ, શેષપર્યંકે યદ્રૂપં ચ ત્વયા ધૃતમ ।
તદ્રૂપદર્શનં દેહિ યદિ પ્રીતોઽસિ માધવ ।।

(ગર્ગ.સં. વૃ.ખં. ૨૨/૨૫)

ગોપીઓએ કહ્યું- ''હે માધવ! આપ અમોને શેષશયન લીલાના દર્શન કરાવો''-

તથાડસ્તુ ચોક્ત્વા ભગવાન્ગોપીવ્યૂહસ્ય પશ્યતઃ ।
દધારાષ્ટભુજં રુપં શ્રીરાધાપરુમેવ ચ ।।
તત્ર શેષો બિસશ્વેતઃ કુણ્ડલીભૂતસંસ્થિતઃ ।
બાલાર્ક મૌલિસાહસ્રફળાછત્રવિરાજિતઃ ।।
તસ્મિન વૈ શેષપર્યંકે સુખં સુષ્વાપ માધવઃ ।
તસ્ય શ્રીરુપિણી રાધા પાદસેવાં ચકાર હ ।।

(ગર્ગ.સં.વૃં.સં. ૨૨/૨૬,૨૮,૨૯)

શ્રીકૃષ્ણ અહીં અષ્ટભુજા નારાયણ બની ગયા અને રાધારાણી લક્ષ્મી બની ગયા અને ક્ષીરસાગરથી શેષજી પ્રકટ થયા અને તેના પર નારાયણરૂપી માધવ સુખથી શયન કરવા લાગ્યા અને લક્ષ્મીરૂપિણી રાધા તેમના ચરણ સંવાહન કરવા લાગ્યા.
તે કરોડો સૂર્ય સમાન પ્રકાશિત રૂપને જોઈ ગોપીઓ વિસ્મિત થઈ ગઈ.

લઘુશેષશયન વન

તતો લઘુશેષશયન વન પ્રાર્થના મંત્ર :

શેષશયનશ્રીકૃષ્ણસુખાવાસસ્વરુપિણે ।
લક્ષ્મીપાદાંક્તિ સેવ્યાય નમસ્તે કમલાપ્રિયે ।।

શેષશાયી શ્રીકૃષ્ણના સુખાવાસ સ્વરૂપ, લક્ષ્મીથી સેવિત ચરણચિહ્નોથી ચિહ્નિત, લક્ષ્મીના પ્રિય સેવ્ય વનને નમસ્કાર છે.

તતો લક્ષ્મી કુંડ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

કમલાસ્નપનોદ્ભૂતપીતાંભસલિલાય તે ।
નમઃ કૈવલ્યનાથાય ત્રૈવર્ગફલદાયિને ।।

લક્ષ્મીના સ્નાનથી ઉત્પન્ન, પીળા જળવાળા, કૈવલ્યનાથ અને ત્રૈવર્ગિક ફળ દેનારા, આપને! નમસ્કાર છે.



શેષશાયી - ક્ષીરસાગર કુંડ અને લક્ષ્મીનારાયણ મંદિર

અધ્યાય-૨૫

સુપાનો

કંસની ક્રૂરતા કૃપા બની ગઈ અક્રૂર માટે.

બસ! વિચારોનો વેપાર આરંભ થઈ ગયો.

શું તેઓ મને આત્મીય માનશે?

ક્યાંક શત્રુનગરથી આવેલો જાણી શત્રુતા તો નહીં કરી બેસે!

આ તરફ દિવ્યાંગી શ્રીરાધા માટે તો આ રાત્રિ ભયાનક સ્વપ્નનું દાન કરવા લાગી.

કોમળ કમલપત્રોથી નિર્મિત શૈયા પણ ક્લેશકારિણી થઈ ગઈ. હાથની હથેળીનો સહારો લઈને ઉભી થઈ કૃશોદરી.

શ્રીરાધા (શ્રીકૃષ્ણને)- પ્રિયતમ! આ શું જોયું મેં! રત્નમયસિંહાસન પર આસીન મુઝ સુકુમારીનું છત્ર છિનવી લીધું છે એક રોષપૂર્ણ વિપ્રએ. અગાધ સમુદ્રમાં ફેંકી દીધું છે, જ્યાં ભયાનક ચક્રવાતનું રૂપ લઈ એ લહેરો મને ઉછાળી રહી છે, ત્યારે જ શું જોઉં છું કે ચંદ્રમાના કેટલાય ટુકડા થઈ ગયા છે, તે વ્યોમથી ધરા પર પડી રહ્યા છે, ત્યાં સુધી સૂર્ય પણ અવનિ પર આવીને પડ્યો. રાહુએ બંનેને ગ્રસી લીધા છે, ત્યાં સુધી એ ક્રુદ્ધ વિપ્ર મારા પ્રાણપ્રિય નેત્રગત પુરૂષને પકડીને લઈ જઈ રહ્યો છે, આ જોઈને મારા હાથથી ક્રીડાકમળ પડી ગયું. મણિમય દર્પણ પણ છન્ કરતું પડ્યું અને ચૂર-ચૂર થઈ ગયું.

ભીંત પર ચિત્રિત આકૃતિઓ ક્યારેક હસે છે, તાળીઓ પાડે છે, રડે છે તો ક્યારેય નાચે છે. મારો પ્રાણાધિષ્ઠાતા દેવ નિર્દય થઈને બોલ્યો- રાધે! હવે હું વિદાય લઈ રહ્યો છું અહીંથી.

એટલામાં એક કાળી પ્રતિમાં મારું આલિંગન કરી ચુંબન કરવા લાગી. મારો દક્ષિણ ભાગ ફડકવા લાગ્યો અને પ્રાણ તો સ્વપ્નથી બહાર નિકળ્યા બાદ પણ રૂદન કરી રહ્યો છે. આવું કરતા નેત્રોથી અજસ્ત્ર નિર્ઝરિણી જ્યારે પ્રવાહિત થઈ તો કાજળ સાથે ભેળવાઈને કાળી થઈ ગઈ. એ કાળીધારાએ કંચુકીને પણ કાળી કરી દીધી પછી કૃષ્ણ તરફ આગળ વધવા લાગી.

(શ્યામસુંદરે શ્રીરાધિકા રાણીને બંને હાથેથી ઉભા કર્યા)

શ્રીરાધા- હા કાન્ત! આપના વિના હું મૃતતુલ્ય છું. ઘીની આહુતિ પામતાં જેમ અગ્નિ ઊપર ઉઠે છે, તે જ રીતે આપના સંગથી હું દિવ્ય દીપ્તિની માફક ચમકી ઉઠું છું. આ સંગનો ક્યારેય ભંગ ન કરશો.

રૂદન કરતાં હરિચરણોમાં પડી ગયા કમલનયની રાધાજી.

શ્રીકૃષ્ણ- પ્રિયે! શું આપ ભૂલી ગઈ શ્રીદામાનો શાપ?

વ્યથિત થવાની આવશ્યકતા નથી. શાપાવધિ પૂર્ણ થતાં જ વિયોગ બાદ આપણું પુનઃમિલન થશે ત્યારે આપના પૂર્ણ મંડળ સહિત લઈ જઈ ગોલોકગમન કરીશ. હવે મારા દ્વારા આધ્યાત્મિક જ્ઞાન સાંભળો અને ધારણ કરો.

વાયુવત્ સર્વત્ર વિચરવા છતાં હું નિર્લિપ્ત છું. દૂધની ધવલતા જે પ્રકારે અભિન્ન છે તે જ રીતે આપણે બંને અભિન્ન છીએ. હું જ મહાન વિરાટ છું. મહાવિરાટ મારો અંશ છે, ક્ષુદ્ર વિરાટ પણ હું જ છું. વિષ્ણુના રોમકૂપોમાં પણ મારો જ આંશિક નિવાસ છે, આ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પણ મારી કળા છે. હે દેવી! વિશ્વ બ્રહ્માંડથી બહાર વૈકુંઠમાં તમે જ મહાલક્ષ્મી છો અને હું જ ત્યાં ચતુર્ભુજ નારાયણ છું. વરાનને! વૃંદાકાનનને પાવન બનાવવું એ જ આપના મંગલાગમનનો વિશેષ ઉદ્દેશ્ય છે.

હે દેવી! આપણે બંને તો એક-બીજાના દેહ અને આત્મા છીએ, સમાન પ્રકૃતિ-પુરુષ છીએ, નિમિત્તોપાદાન કારણ છીએ, મારા-તમારા વિના સૃષ્ટિ-સૃજનની સંકલ્પના સંભવ નથી. આમ ઘણાં પ્રકારે સમજાવીને પ્રાણપ્રિયા રાધિકાજીને પોતાની છાતીએ લગાડી પ્રિયતમે સમજાવી અને ફરી દૂધના ઉભરા જેવી સફેદ કોમળ શૈયા પર સુખપૂર્વક સૂઈ ગયા. આમ શ્રીકૃષ્ણના મથુરાગમન પૂર્વે શ્રી લાડલીજીએ જે દુઃસ્વપ્નનું દર્શન કર્યું તે સુપાનો ગ્રામની જ લીલા છે.

(બ્રહ્મવૈવર્તપુરાણ અધ્યાય ૬.૬)

ततो स्वप्न वन प्रार्थना मंत्र :

सुस्वप्नदर्शनार्थाय दुःस्वप्नशमनाय ते ।
अक्रूरबरद श्रेष्ठ स्वप्नाख्याय नमो नमः ।।

સુંદર સ્વપ્નના દર્શન માટે અને ખરાબ સ્વપ્નના નાશ માટે અક્રૂરને વરદાન આપનારા હે સ્વપ્ન વન! આપને નમસ્કાર છે.

ततो अक्रूर कुंड प्रार्थना मंत्र :

क्रूराक्रूरकृतार्थाय दुर्बुद्धि शमनाय ते ।
अक्रूरस्त्रपनोद्भुत तीर्थराज नमोस्तुते ते ।।

ક્રૂર અક્રૂરને કૃતાર્થ કરનારા, મંદબુદ્ધિનો નાશ કરનારા, અક્રૂરના સ્નાનથી ઉત્પન્ન તીર્થરાજ! આપને નમસ્કાર છે.

કોસી

કુશલઞ્ચ તતૈત્રવ પુણ્ય પાપહરં શુભમ્ ।
તત્ર સ્નાતો નરો દેવી બ્રહ્મલોકે મહીયતે ।
અપાત્રો મુઞ્ચતે પ્રાણાન્ મમ લોકં સ ગચ્છતિ ।।

(વા.પુ.)

આનું સ્થાન ગોહેતાથી સાડા પાંચ કિ.મી. પશ્ચિમ તરફ છે.

ગર્ગસંહિતાનુસાર

શ્રી કુશવન (કોસી) શ્રીકૃષ્ણની ગોચારણ ભૂમિ છે. જ્યારથી વૃજેન્દ્રનંદન પાંચ વર્ષના થયા છે, વત્સપાલથી ગોપાલ બન્યા છે, ત્યારથી આ પવિત્ર લતા-વલ્લરીઓયુક્ત સુરમ્ય કુશવનમાં પ્રતિદિનનું આવાગામન બની ગયું છે.

''રમ્યે કુશવને સૌમ્યે લતાજાલ સમન્વિતે''

(ગં.સં.વૃ.ખ. ૧૦/૨૦)

અલગ-અલગ ભાવ મતોમાં આનું નામ 'કોષ સ્થળ' છે. એવી લોકવાયકા છે કે અહીં નંદબાબાનો કોષ (ભંડારગૃહ) હતો. આથી તેનું પ્રાચીન નામ 'કોષ સ્થળ' પણ પ્રાપ્ત થાય છે.

વિશેષ વાત-

એકવાર નંદબાબાની ઇચ્છા થઈ, સંપૂર્ણ તીર્થભ્રમણ કરવાની, તો શ્રીકૃષ્ણએ એમને વ્રજની બહાર જવાની ના પાડી અને વ્રજમાં જ સંપૂર્ણ તીર્થોનું આહ્વાન કરી તેમના દર્શન કરાવ્યા, ત્યારબાદ વ્રજમાં જ તેમને વાસ સ્થાન આપી દીધું.

પછી નંદબાબાએ તેમની સ્વર્ણિમ દ્વારિકાના દર્શનનો પણ આગ્રહ કર્યો. દ્વારિકાનું એક નામ- કુશસ્થળી પણ છે, તો એ કુશસ્થળી (દ્વારિકા)ને પ્રભુએ વ્રજમાં આ સ્થાન પર વાસ આપ્યો, સાથે જ દ્વારિકાના ઉચ્ચ રૈવતક પર્વત, ગોમતી અને સમુદ્રને પણ અહીં વાસ આપ્યો. ઉચ્ચ રૈવતક પર્વત હાલમાં પણ અહીં છે જેના પર વર્તમાનમાં વ્રજવાસીગણોનો પ્રવાસ થઈ ગયો છે. રત્નાકર સાગર અને ગોમતીકુંડ પણ અહીં છે, જેનો જીર્ણોદ્ધાર વિગત ૧૩ વર્ષો પૂર્વે 'કૃષ્ણ સંકીર્તન'થી 'શ્રીરાધા માન બિહારી લાલજી' દ્વારા થયો.

ગોમતી તટ પર જ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની બેઠક અને ભગવતી દેવીના મનોરમ દર્શન છે.

સ્યમન્તક મણિ લેવા માટે પ્રભુ જાંબવાનની ગુફામાં પ્રવિષ્ટ થયા. સમસ્ત દ્વારિકાવાસી ગુફાની બાહર પ્રતિક્ષા કરતાં ઉભા દિવસ-રાત ગણી રહ્યા હતા.

૧ દિવસ થયો, ૨ દિવસ થયા, ૩ દિવસ થયા પરંતુ આજે તો ૧૨ દિવસ થઈ ગયા, પ્રભુ આવ્યા નહીં.. શું કારણ છે? ક્યાંક... કાંઈક અનિષ્ટ તો નથી થઈ ગયું? ભયભીત થઈ સૌ ત્રૈલોક્ય મંગલ માટે મંગલકામના કરતા મહાશક્તિ દુર્ગાની શરણમાં ગયા અને તેમની આરાધના કરી-

सत्राजितं शपन्तस्ते दुःखिता द्वारकौकसः ।
उपतस्थुर्महामायां दुर्गां कृष्णोपलब्धये ।।

(ભા. ૧૦/૫૬/૩૫)

ઉપાસનાના ફળસ્વરૂપ થોડી જ વારમાં દ્વારિકાધીશ પોતાના દ્વિતીય પટ્ટમહારાણી સહિત બહાર આવ્યા.

આ એ જ ભગવતી દેવી છે, જેમની આપત્તિ કાળમાં સૌ દ્વારિકાવાસીઓએ આરાધના કરી હતી.

આ કુશસ્થળી અથવા કોષસ્થળનું અપભ્રંશ જ કોસી થયું.

અહીંના પ્રણમ્ય દર્શનીય સ્થળો-

શ્રી વિશાખાકુંડ, શ્રી માનકુંડ, માવઈ કુંડ, શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, શ્રી બિહારીજી મંદિર, શ્રી દાઉજી, શ્રી રામ મંદિર, પંચમુખી હનુમાન મંદિર, રાધા વલ્લભ મંદિર, રાધા માધવ મંદિર, રાધાકન્ત મંદિર, ઋદ્ધિ-સિદ્ધિ મંદિર।

ततो कुशवन प्रार्थना मंत्र (ब्रह्मांडपुराण) :-

पुण्याय पुण्यरुपाय पावनाय नमो नमः ।
अक्षयफलदायैव नमः कुशवनाय ते ।।

હે પરમ પાવન! હે પુણ્ય સ્વરૂપ! હે અક્ષય ફળ પ્રદાયક કુશવન! આપને નમસ્કાર છે.

ततो मानसरः स्नानाचमन प्रार्थना मंत्र :

मानसिकयघनाशाय मुक्तये मुक्तिरुपिणे ।
आह्लादमनसे तुभ्यं नमस्ते मानसाह्वये ।।

હે માનસિક પાપ વિનાશક! હે મુક્તિ સ્વરૂપ માનસરોવર! આપ મનને આહ્લાદ પ્રદાન કરનારા છો, આપને પ્રણામ છે.

ततो गोमती स्नानाचमन प्रार्थना मंत्र :

गोमती मनसोर्थाय सर्वकामप्रदायिने ।
तपसां सिद्धये तुभ्यं तीर्थराज नमोस्तु ते ।।

હે ગોમતી! હે તીર્થરાજ, આપ મનોભીષ્ટ કામનાઓને પ્રદાન કરનાર છો. સમસ્ત તાપસ કર્મોની સિદ્ધિ હેતુ આપને પ્રણામ છે.

ખરોંટ

અહીં કનૈયાજીના ચરણોમાં કાંટો વાગ્યો હતો તેથી આ ગ્રામનું નામ ખરોંટ પડી ગયું.

ફાલેન

ફાલેન ગ્રામમાં ઠાકુરજીએ વ્રજવાસીઓને પ્રહલાદ લીલા બતાવી. જેની અનુકરણ લીલા આજ સુધી ચાલતી આવી છે. અહીં આજે પણ પ્રહ્લાદ મંદિરના પુજારી (પંડાજી) એક મહિના સુધી પ્રહ્લાદ મંદત્રનો જાપ અને ઉપવાસ કરે છે અને માસાન્તે પૂર્ણિમાની રાત્રિએ મંદિરથી નિકળી પ્રહ્લાદ કુંડમાં સ્નાન કરી, શીતલા લગ્નમાં લગભગ ચાર વાગ્યે અહીં ૧૦ ફૂટ ઊંચી હોલિકા બનાવવામાં આવે છે અને અગ્નિ પ્રજ્જ્વલિત કરવામાં આવે છે અને લોકોની સમક્ષ જ જોતજોતામાં પંડાજી ભભૂકતી જ્વાળાથી પસાર થઈ ફરી પ્રહ્લાદ મંદિરમાં ચાલ્યા જાય છે. પ્રહ્લાદ મંત્રના પ્રભાવથી અગ્નિ તેમને બાળી નથી શકતી. આ લીલા જોવા માટે દેશ-વિદેશથી હજારો લોકો આવે છે.





કોસી - ગોમતી ગંગા અને રત્નાકર કુંડ



કોસી - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક અને ફાલેન-પ્રહ્લાદ લીલા



ફાલેન - નરસિંહ મંદિર અને પ્રહ્લાદ કુંડ

અધ્યાય-૨૬

પૈગાઁવ

પય એટલે દૂધ. પૈગાઁવ નાગાજીનું ગ્રામ છે. નાગાજી ઘણા મોટા સિદ્ધપુરુષ થયા છે. એક દિવસમાં પૂરા વ્રજ (૮૪ કોસ વ્રજમંડળ)ની પરિક્રમા કરી લેતા હતા. આજનો માણસ વિશ્વાસ નહીં કરે. આ આવેશ હોય છે. જેમ વિષયાવેશ હોય છે, તેવો જ ભજનાવેશ હોય છે ભક્તિનો. વિષયાવેશમાં મનુષ્ય આંધળો થઈ જાય છે અને ઉચિત-અનુચિતનો વિચાર નથી કરતો. શું ઉચિત છે અને શું અનુચિત છે? ભાગવતમાં ૯મા સ્કંધમાં લખ્યું છે- મા-બહેન, કાંઈ જ નથી જોતો, અંધ થઈ જાય છે. પોતાની પુત્રીને પણ નથી જોતો, વિષયાવેશ એવી ચીજ છે. એવો જ ભજનાવેશ હોય છે. ભજનાવેશમાં એવી શક્તિ આવી જાય છે કે મહાપ્રભુ ચૈતન્ય જ્યારે આવેશમાં નૃત્ય કરતા હતા ત્યારે તેમની આંખોથી પિચકારીઓ છૂટતી હતી, આંસુના ટીપાં નહીં. તેમના અંગોમાં વૃદ્ધિ થઈ જતી. એકવાર ચટક પર્વતને ગિરિરાજજી સમજીને દોડ્યા. એકવાર અથાહ સમુદ્રમાં કૂદી પડ્યા અને ભજનાવેશમાં કાંઈ જ ન થયું, તો આ મહાપુરુષોમાં આવેશ હોય છે, જેને આપણે સમજી નથી શકતા કારણકે આપણે લોકો વિષયી છીએ. વિષયાવેશમાં જેમ આપણે કાંઈ નથી વિચારતા ઉચિત-અનુચિત, એવી જ રીતે ભજનાવેશમાં એવી શક્તિ આવી જાય છે જેવી રીતે હનુમાનજી સમુદ્ર પાર કરી ગયા. જ્યારે સમુદ્ર કિનારે આખી સેના પહોંચી તો જટાયુનો ભાઈ સંપાતિ ગીધ હતો, ગીધના નેત્રોમાં ઘણી શક્તિ હોય છે- **''ગીધહિ દૃષ્ટિ અપાર''.** આકાશથી જ જોઈ લે છે કે ક્યાં ભોજન છે અને ત્યાંથી જ ઉડતાં આવે છે અને ખાઈને જતું રહે છે. સંપાતિએ ત્યાંથી જ જોઈને કહી દીધું- ''જુઓ, સીતા ત્યાં બેઠી છે સમુદ્ર પાર. અશોકવાટિકામાં નીચે બેઠી છે, જેમાં સમુદ્ર પાર કરવાનું સામર્થ્ય હોય, એ જઈ આવે, માતાના દર્શન કરે.'' આ સાંભળઈને સૌ વિચારવા લાગ્યા- હું દસ કોસ કૂદી શકું છું, કોઈ કહે ૨૦ કોસ, કોઈ કહે ૪૦ કોસ, કોઈ ૫૦ કોસ. ૧૦૦ યોજન એટલે ૪૦૦ કોસ થાય છે. અંગદ બોલ્યા- ''હું કૂદીને પાર તો જઈ શકું છું પણ પાછા ફરવા વિશે શંકા છે.'' ૪૦૦ કોસ જવું, ૪૦૦ કોસ આવવું આકાશ માર્ગે ઉડીને. હનુમાનજી ચૂપ બેઠા હતા. જાંબવંતજી સમજી ગયા કે આવેશવાળા જ આવું કામ કરી શકે છે. તેઓએ કહ્યું- **''કા ચુપ સાધિ રહેહુ બલવાના''.** ''અરે પવનપુત્ર! આપ તો વાયુ સમાન છો, આપ ચુપ કેમ બેઠા છો?'' આવેશમાં આવી ગયા હનુમાનજી. શરીરમાં આવેશથી એક વિશેષ શક્તિ આવી ગઈ. જેમ કામી ની અંદર કામાવેશ હોય છે, તેવો જ ભજનાનંદીની અંદર ભજનનો આવેશ હોય છે. હનુમાનજી બોલ્યા, ''કહો તો હું લંકા ઉખાડીને અહીં લાવી મૂકું. લંકા મારી સામે અંજીરના ફળ જેવડું જ છે.'' જાંબવંતે કહ્યું- ''હનુમાનજી, લંકા ઉખાડવાની જરૂર

નથી. આપ માત્ર સીતાજીના સમાચાર લઈ આવો.'' તેઓ બોલ્યા ઠીક છે, એક પર્વત પર ચઢ્યા અને કૂદકો માર્યો, તેમના ભારથી પર્વત પણ પાતાળમાં ચાલ્યો ગયો. આ આવેશની સ્થિતિ હોય છે. નાગાજી આજ આવેશમાં પરિક્રમા કરતા એક વાર કદંબખંડી પહોંચ્યા. કદંબખંડીમાં હીંસની ઝાડીઓ હતી. હીંસમાં કાંટા હોય છે, જે વાંકા હોય છે, તેમની જટામાં આ કાંટા ફસાઈ ગયા તો તેઓ તેને ઉકેલી શકતા હતા. (આ લીલા આ જ ગ્રંથના 'નાગાજીની કદંબખંડી'' અધ્યાય-૭૭માં દ્રષ્ટવ્ય છે.)

બીજી લીલા

લલિતાજીએ દૂધનો કટોરો લઈ શ્યામસુંદરના હાથમાં આપ્યો કારણ કે તે જાણે છે કે પહેલા રાધારાણીના હાથમાં કટોરો આપીશ તો રાધારાણી પહેલા શ્યામસુંદરને પિવડાવશે. આથી કૃષ્ણના હાથમાં આપ્યો જેથી કૃષ્ણના હાથમાં આપવાથી તે પહેલા રાધારાણીને પિવડાવશે. જ્યારે લલિતાજીએ દૂધનો કટોરો આપ્યો તો શ્યામસુંદર હસ્યા, લલિતાજી ઘણી ચતુર છે-

હઁસ હઁસ દૂધ પીવત નાથ ।
કનક કટોરા ભરયો અમૃત દિયો લલિતા હાથ ।

લલિતાજીએ સોનાના કટોરામાં કૃષ્ણને દૂધ આપ્યું પણ તેઓએ શું કર્યું-

''મધુર કોમલ વચન કહિ-કહિ પ્રાણ પ્યારી નાથ''

દૂધનો કટોરો શ્યામે રાધારાણીના હોઠો પર લગાવી દીધો. શ્રીજી ના પાડી રહી છે, ના પહેલા તમે પીઓ, લલિતાએ પહેલા તમને આપ્યું છે. મીઠા વચન બોલી રહી છે. કૃષ્ણ બોલ્યા, નહીં લાડલીજી, પહેલા તો આપે જ પીવું પડશે પછી જ હું પાન કરીશ.

''લાડલી અંચવાય પહલે પાછે આપ અઘાત''

પહેલા રાધારાણીને પિવડાવ્યું પછી પોતે પીધું. આવું કેમ કર્યું? આવું એટલા માટે કર્યું કે કૃષ્ણના મનમાં રાધીજી વસી રહ્યાં છે.

''ચિંતામણિ ચિત બસ્યો સજની નિરખિ પિય મુસ્કાત''

રાધારાણી જોઈને સ્મિત કરી રહ્યા છે કે પ્રેમ હોય તો આમના જેવો હોય.

''શ્યામા શ્યામ કી નવલ છવિ પર રસિક બલિ-બલિ જાત''

આથી પય એટલે દૂધ. આ ગામનું નામ પડ્યું પૈગાંવ (પયગ્રામ).

''ઉહે દેખ પય ગ્રામ શ્રી કૃષ્ણ એ ખાને
પય પાતે કેલા સર્વસખા ગન સને ''

(ભ.ર.)

તતો પૈગાંવ-આહૂતબનપ્રદક્ષિણા પ્રાર્થના મંત્ર (આદિપુરાણ) :-

કૃષ્ણવાક્યસમાહૂત સમાગમવિધાયિને ।
ગોગોપાલસુખારામાહૂતસંખ્યાય તે નમઃ ।।


કૃષ્ણના વાક્યોથી ઉત્પન્ન, સંમિલન કરાવનાર, ગાય અને ગોપાલના સુખનિવાસરૂપ આહૂત નામવાળા વનને નમસ્કાર છે.

તતો ધ્યાનકુંડ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

ગોપીધ્યાનસમાહૂત કૃષ્ણચેષ્ટાવિધાયિને ।
ધ્યાનકુંડ નમસ્તુભ્યં લોકાનામિષ્ટદાયિને ।।

ગોપીઓએ ધ્યાનમાં બોલાવેલ કૃષ્ણની ચેષ્ટાઓનું વિધાન કરનારા, સૌને ઇષ્ટ વસ્તુ દેનારા ધ્યાનકુંડ! આપને નમસ્કાર છે.





પૈગાંવ - નાગાજી મંદિર, નાગાજીના કેશની ગૂંચ છોડતા ઠાકુરજી અને શ્રીજી તથા ગોપાલ કુંડ

અધ્યાય-૨૭

ઉઝાની

બંશીની ધ્વનિથી ન કેવળ વ્રજના જલચર, થલચર અને નભચરોને વિમોહિત કર્યા બલ્કે જડચેતન સુદ્ધાં સ્તંભિત થઈ ગયા. યમુનાનો પ્રવાહ વિપરીત દિશામાં થઈ ગયો. તેનાથી આ ગ્રામનું નામ 'ઉઝાની' પડ્યું. યમુના મહારાણી શ્રીકૃષ્ણનાં પટ્ટરાણી છે. તો એ બંશીની પ્યારી ધુનથી કેમ સ્તંભિત ન થાય?

શ્રી શેરગઢ

વ્રજના ૧૨ અધિવનોમાં શેરગઢની ગણના છે. શેરગઢનું પૌરાણિક નામ ગઢવન અને રસિકોના આધારે તેનું નામ ખેલનવન છે. શેરગઢ નામ હોવાનું કારણ એ છે કે ભારતમાં યવનોના શાસનકાળમાં ઘણાં પરિવર્તનો થયા. તે સમયે શેરશાહ સૂરીની રાજધાની હોવાને કારણે આનું નામ શેરગઢ પડ્યું. રસજ્ઞોએ શ્રી ખેલન વનની લીલાનું વૈવિધ્યપૂર્ણ અતિ સરસ વર્ણન કર્યું છે-

સખી મૈં દોઉન કી રુચિ પાઈ ।
ખેલનવન ખેલત રસભોગી બરસત રંગ મહાઈ ।
મોર પક્ષ મોહન ચુનિલાયે મુકુટ રચત લખ માઈ ।
પ્યારી કે સિર ધરી ચંદ્રિકા અપને હાથ બનાઈ ।

એકવાર રાધા-માધવ બંનેને રમવાની ઇચ્છા થઈ. આમ તો યુગલ સરકાર વૃંદાવનની વાટિકાઓમાં લહેરાતા નિકુંજોમાં રમતાં જ હોય છે પરંતુ અહીં ખેલનવનમાં એક વિશિષ્ટ ખેલ થયો છે. તે સમયે અહીં વ્રજકીલ પર્વત હતો. તે પર્વત પર ઘટાદાર વૃક્ષો-વલ્લરીઓ એક નવીન સજ્જા સાથે ઉપસ્થિત હતી.

જેના પર આરૂઢ મયૂર ભુવન મોહનની રૂપરાશીનું અનિમેષ નયને પાન કરી રહ્યા હતા. દર્શનપાનના આનંદસાગરમાં મસ્ત મયૂરોએ તે વખતે પોતાના રંગીન પીંછા ખરાવ્યા અને એક અદ્‌ભુત લીલાનું સૃજન થયું-

નિર્માય ચારૂ મુકુટં નવચન્દ્રકેણ ગુઞ્જાભિરારચિત હાર મુપાહરન્તી ।
વૃન્દાટવીનવનિકુઞ્જગૃહાધિદેવ્યાઃ શ્રીરાધિકે તવ કદા ભવિતાસ્મિ દાસી ।।

ગોપસુંદરીઓ હંમેશા મયૂરપિચ્છ વણી-વણીને ભેગાં કરી સુંદર મુકુટ બનાવી શ્રીજીને ભેટ આપતી અને શ્રીજી લાલજીને ધારણ કરાવતી હતી પરંતુ આજે તો શ્યામસુંદર મૃગપિચ્છ ઉઠાવી લાવ્યા અને પોતાના હાથોથી મુકુટ બનાવવા લાગ્યા, જ્યારે રાધાજીના પક્ષનો સખી સમુદાય જ હંમેશા લાલજીનો શ્રૃંગાર કરતો હતો. પરંતુ આજનો ખેલ તો કાંઈક અલગ જ હતો, જેવો તાજ મયૂર પોતે ધારણ કરતા હોય છે તેવોજ પીંછાળો તાજ બનાવી શ્યામસુંદરે રાધારાણીને ધારણ કરાવ્યો. વિચિત્ર કૌતુકમય શ્રૃંગાર કર્યો. પ્રેમના રમકડાં છે આ બંને કિશોર-કિશોરી. ત્યારબાદ શ્રીકૃષ્ણ વિચિત્ર ચિકુર-ચંદ્રિકા બનાવી અને શ્રીજીના માથા પર તે પણ ધારણ કરાવી દીધી. ન પૂર્ણ રૂપથી શ્રીજી બનાવ્યા અને ન શ્રીકૃષ્ણ, યુગલરૂપ બનાવી દીધું. આ વિચિત્ર ખેલ અહીં આ વનસ્થળમાં સંપન્ન થયો. તેથી આ વનનું નામ ખેલન વન છે.

બ્રહ્મપુરાણાનુસાર

અહીં જે વજકીલ પર્વત છે, વ્યોમાસુરે તેની સ્થાપના કરી હતી. બલરામજીના વધ માટે તેણે અહીં મહેનત કરી. વ્રજકીલની સ્થાપના કરી તેના કંદરાઓમાં પોતાની હવેલી બનાવી અને આ પર્વતને વજથી ઠોકી દીધું, જેનાથી આનું નામ વજકીલ પડ્યું. શ્રી દાઉજી મહારાજે વ્યોમાસુરનો સંહાર કર્યો. ત્યારબાદ રાધા-માધવનું એ ક્રીડાસ્થળ બની ગયું. તેથી તેની પૂજા પણ થઈ અને 'શ્રી ગર્ગસંહિતાનુસાર' તો શ્રીકૃષ્ણ દ્વારા વ્યોમાસુર વધ થયો. ભવિષ્ય પુરાણ અને બ્રહ્માપુરાણાનુસાર શ્રી બલરામજીએ વધ કર્યો છે. બંને પ્રબળ પ્રમાણ છે, કલ્પભેદના કારણે વિચિત્ર ચરિત્રો થતાં જ રહે થે, જેમકે- જય-વિજય, શાપથી રાવણ બન્યા, જાલંધર પણ રાવણ બન્યો, પ્રતાપભાનુ પણ રાવણ બન્યો, નારદજીના શાપ બાદ રૂદ્રના અનુચર પણ રાવણ બન્યા. સૌ મતો સત્ય છે. શ્રીકૃષ્ણ દ્વારા વ્યોમ વધ, બલરામજી દ્વારા વ્યોમ વધ, બંને જ વાતો સત્ય છે. બલભદ્ર કુંડથી આગળ અહીં બજારમાં શ્રી દાઉજીનું મંદિર પણ છે. દાઉજીના મંદિરની સાથે-સાથે મદન-મોહન જી અને શ્રી રાધા-વલ્લભ લાલના પણ દર્શન છે.

ભવિષ્ય પુરાણાનુસાર

એકવાર વ્યોમ ગોકુળમાં આવ્યો, બલરામજીને પોતાના વિશાળ ખભા પર બેસાડી આકાશમાં લઈ ગયો. બળવાન તો હતો જ, બલરામજીને આકાશમાં ફેરવવા લાગ્યો. બલરામજીએ જ્યારે તેનું વિકરાળ સ્વરૂપ જોયું તો સમજી ગયા કે આ તો અસુર છે. વિકટ-સંકટમાં દાઉજીને જોઈ આ બાજુ સૌ ગોપબાળકો વિલાપ કરવા લાગ્યા પરંતુ

શ્રીકૃષ્ણ મંદ-મંદ હસી રહ્યા હતા કારણ કે એ તો દાઉના પરાક્રમથી સારી રીતે પરિચિત હતા. ભલા સર્વસમર્થ શેષાવતાર પ્રભુનું એક અસુર શું બગાડી શકવાનો? એ તો સ્વયં પોતાની બગડેલી સુધારવા પ્રભુ પાસે આવ્યો છે. ગોપબાળકોને ભયભીત જોઈ બલરામજીએ તેના ખભા પર બેસી બળપૂર્વક એક ધક્કો માર્યો અને વ્યોમ સીધો અહીં આવીને પડ્યો.



શેરગઢ - બલભદ્ર કુંડ

અધ્યાય-૨૮

એંચાદાઉ જી (ઓબે)

અહીંની લીલા શ્રીમદ્ ભાગવતના ૧૦મા સ્કંધના ૬૫મા અધ્યાયમાં એટલે કે ઉત્તરાર્ધમાં લખેલ છે. તેમાં લખ્યું છે કે રથારૂઢ થઈને દાઉજી વ્રજમાં આવ્યા. તેઓ બે મહિના વ્રજમાં રહ્યા. એક દિવસ દાઉજીએ પોતાના જૂથની ગોપીઓની સાથે યમુના કિનારે રાસ કર્યો. યમુના કિનારે આવીને તેમણે યમુનાજીને બોલાવ્યા- ''આપણે જળક્રીડા કરીશું, અહીં આવો'' પરંતુ યમુનાજીએ ધ્યાન ન આપ્યું. યમુનાજી ન આવ્યા, દાઉજી ગુસ્સે થઈ ગયા- ''અરે! મારી આજ્ઞા નથી માનતી, હું હળથી ખેંચીને તારા ટુકડે-ટુકડા કરી નાખીશ.''

હલરેખા કૃતાર્થાય શેષરોષનિરીક્ષક ।
બલદેવસ્થલાયૈવ નમસ્તે ધાન્યવર્દ્ધન ।।

(શ્ર.ભ.વિ.)

અર્થ- શેષનાગના રોષને જોનારા, તેમના આયુધ હળ રેખાથી જેઓ કૃતાર્થ થયા છે, હે બળદેવના લીલા સ્થળ આપને નમસ્કાર છે. આપ ધન્ય વર્ધન કરનાર છો.

અષ્ટાચાર્યોએ શ્રીમદ્ભાગવતની ટીકામાં લખ્યું છે કે આ યમુનાજીનો તિરસ્કાર નથી, કારણકે યમુનાજીના કેટલાય રૂપો છે, જેમાંથી એક રૂપ છે સમુદ્ર પત્ની. દાઉજીએ આ સમુદ્ર પત્નીને જ પોતાના હળથી ખેંચી હતી મૂળ યમુનાને નહીં, યમુના જળમાં કાલિંદી પણ રહે છે. એંચા એટલે કે યમુનાજીને ખેંચ્યા, જેનાથી પ્રવાહ ત્રાંસો થઈ ગયો છે. યમુનાજી સીધા વહેતા જઈ રહ્યા હતા દાઉજીના ખેંચવાથી તે આ બાજુથી વહેવા લાગ્યા. તેથી આ સ્થાનનું નામ એંચા દાઉજી પડી ગયું. અહીં દાઉજીએ જળવિહાર કર્યો. જ્યારે જળવિહાર કરીને બહાર આવ્યા તો લક્ષ્મીજી ત્યાં આવ્યા, તેઓએ દાઉજીને નીલાંબર અને સોનાની માળા ભેટ આપી, દાઉજીનો શ્રૃંગાર થયો. અહીં મધુર ધારા નીકળી હતી, વરૂણે વારૂણી દેવીને મોકલી હતી તેથી અહીં દાઉજીને આજે પણ પ્રતીકરૂપે ભાંગનો ભોગ ધરાવવામાં આવે છે.

તતો વાક્ય વન પ્રાર્થના મંત્ર :

કૃષ્ણ વાક્ય સમુદ્ભૂત બધિરાન્ધવિનાશન ।
સર્વદારોગ્યલાભાય વાક્ય નામ્ને નમોસ્તુતે ।।

(બ્ર.ભ.વિ.)

પર્વતોપરિ સંસ્થિત્ય વાક્યૈઃ કૃષ્ણઃ સમાહ્વયન ।
ગોપાલાંશ્ચ સખીનત્ર વાક્યનામાભવદ્વનમ ।।

શ્રીકૃષ્ણના વાક્યોથી ઉત્પન્ન, બધિરતા, અંધતા વિનાશક, આરોગ્ય લાભ માટે આપને નમસ્કાર છે.

તર્હિ ભગ્નગતયઃ સરિતો વૈ તત્પદામ્બુજરજોઽનિલનીતમ ।
સ્પૃહય તીર્વયમિવાબહુપુણ્યાઃ પ્રેમવેપિતભુજાઃ સ્તિમિતાપઃ ।।

(ભા.૧૦/૩૫/૭)

નદીઓનો પ્રવાહ થંભી ગયો. યમુનાજી શ્રીકૃષ્ણની ચરણરજની અભિલાષા કરી રહ્યા છે. કોઈપણ રીતે શ્રીકૃષ્ણની ચરણરજ મળે કેવી રીતે? યમુના કિનારે 'અનિલનીતમ્' હવા ચાલી રહી છે, જે રજ ઉડાવીને લાવી રહી છે. 'સ્પૃહા' એટલે કે યમુનાજી ઇચ્છા કરી રહ્યા છે કે કૃષ્ણ ચરણરજ મળી જાય 'વયમ્' એટલે કે ગોપીઓ કહે છે, જેવું અમે ઇચ્છીએ છીએ.

પ્રેમવેપિતભુજાઃ - લહેરો થંભી જાય છે અને જ્યારે લહેરો થંભે છે ત્યારે પાણી ઉપર ઉઠે છે. 'સ્તિમિતાપઃ' કહેવાય છે, પાણી ઉપર ગયું એટલે એ યમુનાજીના હાથ છે, તે હાથને ફેલાવી રહ્યાં છે- લાવો કૃષ્ણ, ચરણરજ આપો તો આ કૃષ્ણના શબ્દો (વાક્યો)નો પ્રભાવ છે. કૃષ્ણ ક્યારેક વાંસળી વગાડે છે તો ક્યારેય પોતાના કલપદોથી (બંસીના સૂરોથી) યમુનાજીને બોલાવે છે. તેથી જ નારાયણ ભટ્ટજીએ પણ આને વાક્યવન કહ્યું છે જ્યાં શ્રીકૃષ્ણ અત્યંત મીઠું બોલે છે અને ગાયોને બોલાવે છે.







ઐંચા દાઊજી- યમુનાજી અને દાઊજી મંદિર

અધ્યાય-૨૯

વિહાર વન

અહીં શ્રીકૃષ્ણએ શતકોટિ ગોપીઓ સાથે રાસ કર્યો હતો, તે સૌના મહાન ઉત્સાહભર્યા ઝંકૃત મોહન શબ્દોથી વિમલરૂપ વિહારની રતિથી વિહારવન નામનું સ્થળ બન્યું. તેના મધ્યમાં રાસ કરવાથી સૌભાગ્યવર્ધક રાસમંડલ ત્રિલોકમાં વિખ્યાત થયું.

ततो विहारबन प्रार्थना मंत्र :

गोपिका निर्मितायैव नंदसूनुविहारिणे ।
देवर्षिदुर्लभ श्रेष्ठ वनराज नमोस्तु ते ।।

ગોપિકાથી નિર્મિત નંદલાલના વિહાર માટે દેવર્ષીઓને પણ દુર્લભ શ્રેષ્ઠ વનરાજ! આપને નમસ્કાર છે.

ततो वारुणी कुंड स्नानाचमन प्रार्थना मंत्र :

नमो वरुणरम्याय वारुणीकुंड ते नमः ।
ईन्द्रादिलोकपालानां वरदाय नमोस्तु ते ।।

વરૂણથી રમણીક વારૂણી કુંડ! આપને નમસ્કાર છે. ઈન્દ્રાદિ લોકપાલોને વર દેનારા આપને નમસ્કાર છે.

અથવિહારવનોત્પત્તિમાહાત્મ્યનિરૂપણ (બ્રહ્માંડ)

यत्रैवशतकोटि भिर्गोपीभीरासमाचरेत ।
नन्दसुनुर्महोत्साहैर्झकारखमोहनैः ।।
नानाविमलरुपेण विहारं रति विह्वलं ।
बिहारबनमाख्यातं यस्मान्नाम भविष्यति ।।

તતો શતકોટિગોપિકારાસમંડલ પ્રાર્થના મંત્ર :

ગોપીભ્યો શતકોટીભ્યો સ કૃષ્ણાભ્યો નમોસ્તુ તે ।
દેવાદિપરમોત્સાહ રાસગોષ્ઠિ નમોસ્તુ તે ।।
આગત્ય વરુણો યત્ર વારુણીં મદિરાં કરોત ।
કૃષ્ણપાનાય ગોપીનાં પાનાય મદવિહ્વલાં ।।
વૈહારવિહ્વલાઃ ગોપીઃ કૃષ્ણં વૈહારવિહ્વલં ।
દૃષ્ટ્વા કરોનમહાતીર્થ વારુણીકુંડમુત્તમં ।।
સુરાપાનકૃતો મોહાદ્યત્ર દોષો વિમુચ્યતે ।

અર્થ- શતકોટિ ગોપીઓથી યુક્ત રાસમંડળ! આપને નમસ્કાર છે. દેવોને પણ પરમાનંદ દેનારી રાસગોષ્ઠીને નમસ્કાર છે. વરૂણે ગોપીઓ અને કૃષ્ણના પાન માટે મદથી વિહ્વળ વારૂણી મદિરાનું નિર્માણ કર્યું. વિહારમાં વિહ્વળ ગોપીઓ અને વિહારમાં વિહ્વળ કૃષ્ણને જોઈને ઉત્તમ વારૂણી કુંડ મહાતીર્થનું નિર્માણ કર્યું, જ્યાં મોહથી મદિરાપાન કરનાર મનુષ્ય દોષોથી મુક્ત થઈ જાય છે.

વિવિધ કદંબ, ગુલમોહર, લતા, વૃક્ષોથી આચ્છાદિત વિહારવન નામનું વન છે. અહીં વિહારીજીનું દર્શન, વિહારકુંડ દર્શનીય છે. વિહારવન વિહારની સ્થળી છે જ્યાં અદ્ભુત વિહાર થાય છે, જે વિચિત્ર હોય છે તેનું અનેક રસિકોએ વિવિધ રૂપે વર્ણન કર્યું છે. જેમ શ્રીજીનો પ્રેમ જોઈ શ્યામસુંદર મોહિત થઈ જાય છે. તેમના પ્રેમ પર રીઝવાને કારણે તેઓ વિપરીત પ્રેમલીલા આરંભ કરી દે છે. રાધા કૃષ્ણ બને છે અને કૃષ્ણ રાધા બને છે, કિશોરીજીના આભૂષણ શ્યામસુંદર પહેરે છે અને કિશોરીજી શ્યામના આભૂષણો પહેરે છે. શ્યામસુંદર માનિની બનીને બેસી જાય છે. બધી જ લીલાઓ વિપરીત ઢંગથી થાય છે.

શ્યામસુંદર જે માનિની નાયિકા છે, તેમને શ્રીજી કહે છે-

કહતિ નાગરી શ્યામ સોં તજિ માન હઠીલી ।
હમતે ચૂક કહા પરી તિય ગરબ ગહીલી ।
વૃથા માન નહિં કીજિયે સિર ચરનન ધારતિ ।
પ્યારી હા હા કરત ન માનૈ પુનિ પુનિ ચરણ ગહે ।
કહા કરત યે બોલત નાહિં નાગરી હંસતિ હૃદય ડર ભારી ।
નિરખિ તિય રૂપ પિય ચકિત ભારી નાગરિ હઠ તજો કૃપા કરિ મોહે ભજો ।
‘સૂર’ પ્રભુ નાગરિ રસ વિરહ મગન ભઈ દેખિ છબિ હંસત ગિરિરાજ ધારી ।



વિહાર વન - રાસમંડળ અને વારૂણી કુંડ

અધ્યાય-૩૦

કાસરોટ

કાસરોટ એક પ્રકારની યોગપીઠ છે. યોગપીઠ વિશે કહેવાય છે કે જ્યારે જીવ અહીંથી ભગવાનના ધામમાં જાય છે ત્યારે જે સ્થળે ભગવાનનું મિલન થાય છે તેને યોગપીઠ કહે છે. યોગપીઠનો અવતાર છે કાસરોટ.

ગાંગરોલ

આ ગંગાજીનું ગ્રામ છે, તેને વ્રજવાસીઓ ગાંગરોલી કહે છે. જન્હુ અથવા જાન્હવી વન અથવા જન્હુવન પણ તેના નામો છે. જન્હુ પુત્રી જાન્હવીએ શ્રીકૃષ્ણ માટે અહીં તપ કર્યું. જાન્હવી અથવા ગંગાને ગૌડીય સંપ્રદાયમાં અનંગ મંજરી કહેવામાં આવી છે, જે પૂર્વ કલ્પમાં શ્રીજીની બહેન હતી. તેમનો વિવાહ અંતરંગ લીલામાં શ્રીકૃષ્ણ સાથે થયો હતો.

એકવાર મકરસંક્રાંતિ પર નંદબાબા સ્નાન કરવા ઇચ્છતા હતા ત્યારે શ્રીકૃષ્ણ તેમને ત્યાં લઈ આવ્યા, જ્યાં ગંગાએ કૃષ્ણ દર્શન માટે તપ કર્યું હતું અને કૃષ્ણના ચરણ દર્શન પામીને ગંગા દ્રવીભૂત થયા. નંદબાબાએ અહીં સ્નાન કર્યું, ગાંગરોલ તેનું નામ પડ્યું. વ્રજવાસીઓ એટલું જ જાણે છે કે આ ગર્ગાચાર્યજીનું ગ્રામ છે અને અહીં ગર્ગ મૂનિની એક મૂર્તિ પણ પધરાવવામાં આવેલ છે.

અથ જન્હુવનોત્પત્તિમાહાત્મ્યં (બ્રાહ્મે)

દેવગંધર્વસેવ્યાય નાનાદ્રુમલતાર્ચિત ।
વિકલ્મષાય મોક્ષાય તપસ્થલ નમોસ્તુ તે ।।
નિત્યસ્નાનં ચકારાત્ર જન્હુશ્ચ તપસાંનિધિઃ ।
જન્હુકૂપસમાખ્યાતં ગંગાપાતસમૂદ્ભવં ।।

દેવ ગંધર્વોથી શોભિત વિવિધ પ્રકારના વૃક્ષો, લતાઓથી યુક્ત કલ્મષ નાશક અને મોક્ષ દાતા તપોભૂમિ! આપને નમસ્કાર છે.

ततो जन्हुऋषिकूपस्नानाचमन प्रार्थना मंत्र :

गंगापातसमुद्भूत ! जन्हुतीर्थ नमोस्तु ते ।
सर्वकल्मषनाशाय जन्हुकूप नमोस्तु ते ।।

તપોનિધિ જન્હુ ઋષિના નિત્ય સ્નાનનું સ્થળ છે. ગંગાજીના પડવાથી આ જન્હુકૂપ પ્રસિદ્ધ થયો.

ગંગાના પડવાથી ઉત્પન્ન હે જન્હુ તીર્થ! આપને નમસ્કાર છે, આપ સમસ્ત કલ્મષોનો નાશ કરનાર છો.







કાસરોટ - અક્ષયવટ અને ગાંગરોલ કુંડ

અધ્યાય-૩૧

ચીરઘાટ

વૃત્તિ આવરણનું હરણ એ જ ચીર હરણ છે. શ્રીમદ ભાગવત, શ્રીગર્ગ સંહિતા, શ્રીબ્રહ્મવૈવર્તપુરાણ, સર્વત્ર આ લીલાનું ગાન થયું પરંતુ શ્રી બ્રહ્મવૈવર્તમાં મર્મોદ્‌ભાસક વિલક્ષણ ઉલ્લેખ મળ્યો, જેમાં શ્રીજીની અનુપમ આરાધનાએ અસંભાવ્યની ભાવનાને કોઈ સ્થાન ન આપ્યું એટલે કે હરણ કરેલ વસ્ત્રો ન માગવા પડે, ન લેવા પડે તેથી તે જાતે જ શ્રીજીની પાસે આવી ગયા. બ્રહ્મવૈવર્તાનુસાર- હેમંતના પ્રથમ માસ માગશરમાં ગોપ કુમારિકાઓ વ્રત કરતી, અરૂણ બેલા (સૂર્યોદયથી પહેલાં) કલિંદજાના તીરે જઈને, વસ્ત્રો ઉતારી જળમાં સ્નાન કરતી. સ્નાનોપરાંત તટ સમીપે જ શ્યામ ગૌર સમ્મિલિત વર્ણની કર્પૂર રેણુકાથી બાલુકામયી દેવીની પ્રતિમા બનાવી ચંદન-અત, ધૂપગંધથી તેની અર્ચના અને મનોરથ કરતી-

હે દેવિ જગતાં માતઃ સૃષ્ટિસ્થિત્યન્તકારિણિ ।
નન્દગોપસુતં કાન્તમસ્મભ્યં દેહિ સુવ્રતે ।।

(બ્ર.વૈ.પુ.કૃ.જ.ખં.૨૭/૬)

''હે સૃષ્ટિ, પાલન, સંહારકારિણી જગદંબે! નંદકુલચંદ્ર અમોને કાંત (સ્વામી) રૂપે પ્રાપ્ત હો।'' આદિ સૃષ્ટિમાં શ્રીરોદશાયી શ્રી હરિએ બ્રહ્માજીને આ સ્તોત્રનો ઉપદેશ આપ્યો. તેમના નાભિકમળમાં આસીન બ્રહ્માજી જ્યારે મધુ અને કૈટભ જેવા અસુરોથી પીડિત થયા ત્યારે તેઓએ આ જ સ્તોત્રથી મૂળ પ્રકૃતિ અંબિકાનું સ્તવન કર્યું, ત્યારે સપ્રસન્ન અંબિકાએ 'સર્વરક્ષણ' નામનું આ કૃષ્ણકવચ બ્રહ્માજીને આપ્યું ત્યારબાદ બ્રહ્માજીએ તે મહેશ્વરને આપ્યું. ગોપિકાઓ દ્વારા કરવામાં આવેલ આ સર્વ મંગલ સ્તોત્ર વિઘ્નનાશક અને મનોરથો પૂર્ણ કરનારું છે. તેનાથી જ તેમના પણ મનોરથો સિદ્ધ થયા. માસ પૂર્તિના અવસરે ગોપિકાઓ એક દિવસ નિર્વસ્ત્ર થઈને જળમાં સ્નાન કરી રહી હતી. તે જ સમયે નંદતનય સખાઓ સહિત આવીને નગ્ન ક્રીડાસક્તા ગોપકુમારીઓના શ્વેત, રક્ત, પીત, હરિત રંગીન વસ્ત્રો લઈને કદંબ વૃક્ષ પર ચઢી ગયા. સ્નાનોપરાંત ગોપિકાઓ અહીં-તહીં પોતાના વસ્ત્રો શોધવા લાગી. કંદબની ડાળે બેઠેલા ગોપાલ બોલ્યા- ''ગોપીઓ! જળમાં નગ્ન થઈને તમે દેવ અપરાધ કર્યો છે, તેથી જળદેવ વરૂણના અનુચરો જ તમારા વસ્ત્રો ઉઠાવીને લઈ ગયા છે. જુઓ તમે જે દેવીને પૂજો છો તેણે પણ તમારા વસ્ત્રોની રક્ષા ન કરી. અવશ્ય જ એ તમારાથી પ્રસન્ન નથી.'' આ સાંભળીને ગોપીઓ અત્યંત વિષાદગ્રસ્ત થઈ ગઈ. હાથ જોડીને બોલી- ''શ્યામસુંદર! હવે વધુ ન સતાવો, ઠંડીથી અમારું અંગ થરથરી રહ્યું છે, અમારા વસ્ત્રો તમારી પાસે જ છે, તે આપી દો, જેથી અમે જળની બહાર આવી શકીએ.''

લજ્જા, સંકોચ વગેરે ભક્તિના પરિપંથી તત્વોને તિલાંજલિ આપતાં શ્રીકૃષ્ણએ કહ્યું- ''તમે જાતે જ જળની બહાર આવી પોતાના વસ્ત્રો લઈ લો'' પરંતુ નવ ભામિની રાધા વસ્ત્રો લેવા જળની બહાર ન આવી. જળમાં જ પ્રાણેશ્વરની સ્તુતિ કરવા લાગી. તન-મન-પ્રાણને શ્રીકૃષ્ણમાં અવિચલ ભાવથી સ્થિત કરી દીધાં. શ્રીજી દ્વારા અહીં કૃષ્ણારાધના પ્રકટ થઈ, તે શ્રીજી કૃત આરાધના શક્તિથી બધાં જ વસ્ત્રો સ્વયં તેમના સુધી પહોંચી ગયા. આનાથી શ્રીજીની આરાધના શક્તિ પ્રકટ થઈ છે. રાધા શબ્દની નિષ્પત્તિ દસ ધાતુઓથી થઈ છે- ૧. સંસિદ્ધૌ, ૨. વારાધને, ૩. હિંસાયાં, ૪. વૃદ્ધૌ, ૫. દાને ધારણે, ૬. દ્રોહે, ૭. પર્યાલોચને, ૮. પાકે, ૯. નક્ષત્રે અને ૧૦. ધા ધાવને.

અહીં રાધ્ ધાતુ આરાધના અર્થમાં પ્રયુક્ત છે-

आराधनात्तु कृष्णस्य कृष्णेन आराधनादपि ।
आराधनार्थकाद्धातोः राधो राधेति सिद्यति ।।

અથવા

या वा राधयति प्रियं व्रजमणिं प्रौढानुरागोत्सवै :
संसिद्धयन्ति यदाश्रयेण हि परं गोविन्दसख्योत्सुका : ।
यत्सिद्धिः परमा पदैकरसवत्याराधनान्ते नु सा
श्री राधा श्रुतिमौलिशेखरलतानाम्नी मम प्रीयताम ।।

(રા.સુ.નિ. ૯૭)

ક્યારેક શ્યામસુંદર શ્રીજી દ્વારા આરાધિત થાય છે તો ક્યારેક શ્રીજી શ્યામસુંદર દ્વારા. અહીં રાધ્ ધાતુ આરાધ્ય અર્થમાં પ્રયુક્ત છે. આરાધનાની શક્તિથી લોચન મોચન થતાં શ્રીજીએ જોયું કે નિકટ તટ પર વસ્ત્રો સ્વમેવ આવી પહોંચ્યા છે.

સર્વ મનોરથ સિદ્ધિ હેતુભૂત આ ગૌરીવ્રત વિશેદેવર્ષિ નારદજીને પૂછતાં સ્વયં ભગવાન નારાયણે કહ્યું- ''કુશધ્વજ કન્યા વેદવતીએ પણ પુષ્કર તીર્થમાં આ વ્રત કર્યું અને અંબિકા દેવી પાસે શ્રીકૃષ્ણને વરરૂપે માગ્યા.'' અંબિકાએ કહ્યું- ''જગદંબે! તમે તો સાક્ષાત્ સતી લક્ષ્મી નારાયણ વલ્લભા છો. ત્રેતા યુગમાં સૂર્યવંશમણિ પ્રભુ શ્રીરામરૂપે અવતાર લેશે, તમે મિથિલા જઈ શિશુ રૂપે રાજા જનકની અયોનિજા કન્યા બની જાઓ. ત્યાં તમે સીતા નામથી વિખ્યાત થશો. પ્રત્યેક કલ્પમાં તમે તેમના અર્ધાંગિની બનશો,'' તેથી વેદવતી જ સીતા બની. તરૂણવયે જનકનંદિનીએ આ વ્રત કર્યું અને શ્રીરામજીને પતિ રૂપે પ્રાપ્ત કર્યા.

રાધારાણીએ પણ આ વ્રતથી સમારાધના કરી કૃષ્ણને કાંત સ્વરૂપે પ્રાપ્ત કર્યા. ગોપીઓએ પણ આ વ્રતથી શ્રીકૃષ્ણને પ્રાણપતિ રૂપે પામી લીધાં. વ્રતના ઉદ્યાપનના અવસરે દુર્ગતિનાશિની દુર્ગાજી પ્રકટ થયાં અને તેઓએ શ્રીજીને પોતાના હૃદયસરસા ચાંપી લીધા. ત્યારબાદ ગોપીકાઓએ પ્રણામ કરતાં તેમને આશીષ દીધાં કે તમારા સૌનો મનોરથ સિદ્ધ થશે.

આગળ જતાં સ્વયં પાર્વતીજીએ સર્વલોકારાધ્યા શ્રી રાધારાણીની સ્તુતિ કરતાં કહ્યું- ''હે રાધે! આપ તો શ્રી હરિને પ્રાણથી પણ અધિક પ્રિય છો. આપે આ ગૌરીવ્રત માત્ર લોક શિક્ષા માટે જ કર્યું છે. આપ અમાનવી દેવી છો, માયાથી જ માનવ રૂપમાં પ્રકટ છો. શ્રીકૃષ્ણના અર્ધાંગથી પ્રકટ થયેલ તેમના સમાન જ તેજસ્વિની છો. સમસ્ત દેવાંગનાઓ તમારા અંશ, કલાથી સમુદ્ભૂત છે, છતાં આપ માનવરૂપે કઈ રીતે છો? અવિદ્યાગ્રસ્ત મતિ જ તમને માનુષી માની શકે. આવા મોહાંધ પ્રાણીઓ માટે આપનું સ્વરૂપ સર્વથા અગમ્ય છે. આપ શ્રીહરિ માટે પ્રાણસ્વરૂપા છો અને શ્રીહરિ આપના માટે. પૂર્વકાળમાં સાઈઠ હજાર વર્ષો સુધી તપ કર્યા બાદ પણ બ્રહ્માજી આપના પાદાંબુજોના દર્શન ન પામી શક્યા. વરાનને! આપ સાક્ષાત્ મહાશક્તિ છો, કૃષ્ણાજ્ઞાથી જ ગોપીરૂપે ભૂમિ પર અવતર્યા છો. મનુવંશોત્પન્ન મહારાજ સુયજ્ઞએ આપની જ કૃપાદૃષ્ટિથી ગોલોકમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો. ભૃગુકુલોત્પન્ન પરશુરામજીએ પણ એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રી કરી હતી અને મહેશ્વર પાસેથી આપનો મંત્ર પ્રાપ્ત કરી પુષ્કર પુણ્યતીર્થમાં તેને સિદ્ધ કર્યો હતો, જેની સિદ્ધિથી કાર્તવીર્યાર્જુનનો સંહાર કર્યો હતો અને ગણેશજીનો એક દાંત તોડતાં જ્યારે હું સ્વયં તેમને ભસ્મસાત્ કરવા તૈયાર થઈ તે સમયે હે ઈશ્વરી આપે જ તેમની રક્ષા કરી હતી. હે જગન્માતા! આપનું આ વ્રત લોકહિતાર્થ છે.'' અહીં એ વિચારવા જેવું છે કે સ્વયં ભગવતી દુર્ગા શ્રીજીનું સ્તવન કરતાં ક્યાંક તેમને જગતમાતા કહે છે, તો ક્યાંક ઈશ્વરી. ફળશ્રુતિ એ છે કે શ્રી રાધારાણી શાક્તારાધ્યરાધ્યા છે.''દૂધમાં ધવલતા, અગ્નિમાં દાહકતા, ભૂમિમાં ગંધ અને જળમાં શીતળતા જે રીતે અભિન્ન છે તેવી જ રીતે શ્રીકૃષ્ણમાં તમારી નિત્ય સ્થિતિ છે. દેવાંગના, માનવ કન્યા, ગંધર્વ કન્યા વગેરેમાંથી કોઈ પણ તમારા સૌભાગ્યની બરાબરી ન કરી શકી છે ન કરી શકશે.

રાધિકા સમ નાગરી નવીન કો પ્રવીન સખી ।
રુપ ગુન સુહાગ ભાગ આગરી ન નારિ ।।
વરુન નાગ લોક ભૂમિ દેવલોક કી કુમારિ ।
પ્યારી જૂ કે રોમ ઉપર ડારૌં સબ વારિ ।।
આનન્દકંદ નન્દનન્દન જાકે રસરંગ રચ્યૌ ।
અંગ વર સુધંગ નાંચતી માનતુ હૈ અતિ હારી ।।
તાકે બલ ગર્વ ભરે રસિક 'વ્યાસ' સે ન ડરે ।
લોક વેદ કર્મ ધર્મ છાંડિ મુકુતિ ચારિ ।।

મારા વરદાનથી વિધિ-શિવ વંદ્ય જગદીશ્વર શ્રીકૃષ્ણ પણ તમારા આધીન રહેશે.''

આટલું કહી ભગવતી દુર્ગા તો અંતરધ્યાન થઈ ગયા અને નવ જલધર વર્ણવાળા શ્યામસુંદરના દર્શન થયા. તેઓએ શ્રીજીને વરદાન માગવા કહ્યું. શ્રીજીએ કહ્યું- ''નાથ!

સદા સર્વદા મારું ચિત્ત આપના ચરણાંબુજોમાં લાગેલું રહે અને પરમ દુર્લભ ભક્તિ મને પ્રાપ્ત થાય.''

ગોપિકાઓએ પણ શ્રીહરિ પાસે આ જ વરદાન માગ્યું.

શ્રીકૃષ્ણ બોલ્યા- ''તમે સૌ મારી નિત્ય સિદ્ધા પ્રેયસીઓ છો, રાધા મારી નિત્ય રાગિણી છે. ગોલોકથી લીલા સિદ્ધિ માટે જ મારી સાથે તમારા સૌનું અહીં આગમન થયું છે.''

આ લીલા કથાનક એ વાતની પુષ્ટિ કરે છે કે સમસ્ત મહાશક્તિઓની પણ આદિ શક્તિ છે શ્રી રાધારાણી જે મહાશક્તિઓ દ્વારા વંદિત, સેવિત અને પૂજિત છે તેથી તેઓ જ પરમારાધ્યા છે.

તપોવન

લક્ષ્મી, જેમનું ઐશ્વર્યરૂપી યૌવન દુર્વાસાજીના શ્રાપથી નષ્ટ થઈ ગયું હતું, તે અહીં તપ કરવાથી પુનઃ પ્રાપ્ત થયું-

નષ્ટસંવત્સરોદ્ભૂત લક્ષ્મીગુપ્તપ્રકાશિને ।
નમસ્તે યૌવનાયૈવ સર્વારિષ્ટવિનાશિને ।।

(શ્ર.ભ.વિ.)

નષ્ટ સંવત્સરમાં ઉત્પન્ન, લક્ષ્મીજી દ્વારા ગુપ્ત પ્રકાશવાળા તપોવન, તમામ અરિષ્ટોને નષ્ટ કરનાર! આપને નમસ્કાર છે-

વિષ્ણ્વરિષ્ટકૃતસ્નાન સર્વપાપૌઘનાશિને ।
તીર્થરાજ નમસ્તુભ્યં વિષ્ણુકુંડ વરપ્રદ ।।

હે વિષ્ણુ, અરિષ્ટથી થયેલ સ્નાનકુંડ, આપ પાપનાશક છો, એવા તીર્થરાજ વિષ્ણુકુંડ, આપને મનસ્કાર છે.

(શ્ર.ભ.વિ.)





ચીર ઘાટ અને તપોવન (લક્ષ્મીજીએ અહીં તપ કર્યું હતું)

અધ્યાય-૩૨

નંદઘાટ

એ કવાર નંદબાબા એકાદશી વ્રત કરીને દ્વાદશીની મધ્યરાત્રિમાં યમુના સ્નાન કરવા ચાલ્યા ગયા. ત્યાં વરૂણનો સેવક તેમને પકડીને વરૂણલોકમાં લઈ ગયો. વ્રજવાસીઓમાં કોલાહલ મચી ગયો કે નંદબાબા ડૂબી ગયા. યશોદાજી રડવા લાગ્યા. શ્રીકૃષ્ણએ કહ્યું, ''મૈયા, શા માટે રડે છે?'' યશોદાજી બોલ્યાં, ''અરે કનૈયા, નંદબાબા ડૂબી ગયા અને હું રડું નહીં.'' કૃષ્ણ બોલ્યા, ''મૈયા હું હમણાં જ જઈને નંદબાબાને લઈ આવું છું, બાબા ડૂબી ન શકે.'' શ્રીકૃષ્ણ જાણતા હતા કે આ વરૂણના દૂતોની લીલા છે, સૌને આશ્વાસન આપી શ્રીકૃષ્ણ વરૂણલોકમાં ગયા. વિશાલપુરીના વિશાળ કિલ્લાને શ્રીકૃષ્ણએ જતાં જ ભસ્મ કરી નાખ્યો. ''ભય બિનુ હોઈ ન પ્રીતિ'' વરૂણ હાથ જોડીને આવ્યા અને બોલ્યા, ''શ્રીકૃષ્ણ ને નમસ્કાર છે, અસંખ્ય બ્રહ્માંડોનું પાલન પોષણ કરનાર ગોલોકપતિને નમસ્કાર છે. ચતુર્વ્યૂહના રૂપમ પ્રકટ કૃષ્ણને નમસ્કાર છે. મારા કોઈ મૂર્ખ સેવકે આ અવહેલના કરી છે, આપ મને ક્ષમા કરો। હે ભૂમન્! હું આપની શરણમાં આવ્યો છું.'' શરણાગત વરૂણને જોઈ શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા અને નંદબાબાને જીવિત લઈ વ્રજમંડળમાં પાછા ફર્યા. પરંતુ નંદબાબાએ ત્યાં વરૂણલોકનું મહાન ઐશ્વર્ય નિહાળ્યું હતું અને એ પણ જોયું હતું કે વરૂણ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી રહ્યા છે. જ્યારે નંદબાબા આવ્યા તો સૌ ગ્વાલબાળો એકઠા થઈ ગયા અને કહેવા લાગ્યા-

''અરે! નંદબાબા આવી ગયા, મર્યા નથી, કનૈયો લઈ આવ્યો છે.''

ગ્વાલબાળો નંદબાબાને પૂછી રહ્યા છે- ''તમે ક્યાં જઈ આવ્યા?''

નંદબાબાએ કહ્યું- ''ભાઈઓ, હું તો વરૂણલોક ગયો અને ત્યાં વરૂણે ક્ષમા માગી અને કૃષ્ણની શરણમાં આવ્યા. જ્યારે વરૂણે સ્તુતિ કરી અને કૃષ્ણને ભગવાન બતાવ્યા, આ અમારો લાલો નથી। એવું સમજો કે ભગવાન છે.''

ગ્વાલબાળોએ જ્યારે આ સાંભળ્યું તો સૌ કૃષ્ણની પાછળ પડી ગયા અને બોલ્યા-

''કનૈયા! તને તો ભગવાન કહે છે તો તૂં અમને તારું વૈકુંઠ બતાવ.'' આ વૈકુંઠ દર્શનની કથા ભાગવતમાં પણ આવે છે, 'ગર્ગ સંહિતા'માં વિસ્તારપૂર્વક લખેલ છે.

શ્રીકૃષ્ણ બોલ્યા- ''અચ્છા ગ્વાલબાળો, હું તમને વૈકુંઠ બતાવીશ, આંખો બંધ કરી લો.'' એક ક્ષણમાં તેમને વૈકુંઠ લઈ ગયા. તેઓએ આંખો ખોલી તો સામે દેખાયું વિશાળ વૈકુંઠ. હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ લઈ શેષનાગ પર શ્રીકૃષ્ણ નારાયણરૂપે બિરાજેલા

હતા. ભાગતવમાં આવે છે કે અંધકારથી આગળ, માયાથી પણ આગળ ભગવાનનું ધામ છે વૈકુંઠ, ત્યાં શ્રીકૃષ્ણ તેમને લઈ ગયા. બ્રહ્મહ્રદમાં પ્રવેશ કરાવ્યો ગ્વાલબાળોને, જે અક્રૂરને બતાવ્યું હતું. ભગવાને તે વૈકુંઠધામ આમને બતાવ્યું. ભાગવતમાં તો એટલું જ લખ્યું છે. તેનાથી આગળ 'ગર્ગ સંહિતા'માં લખ્યું છે, ભાગવતનું ભાષ્ય ગર્ગસંહિતા છે. ગ્વાલબાળો ત્યાં ઊભા હતા પરંતુ તે તો અબોધ હતા, તેમની ગ્રામીણ સભ્યતા છે. તેઓ અંદરોઅંદર કાનાફૂસી કરવા લાગ્યા અને બોલ્યા-

''અરે આ લાગે તો છે કાનાનું મુખ પરંતુ તેની ચાર ભુજાઓ છે. કનૈયાની પાસે તો શંખ, ચક્ર, ગદા, પદ્મ છે જ નહીં.'' તેઓ અંદરોઅંદર વાત કરવા લાગ્યા. વૈકુંઠમાં ઘણી મર્યાદા છે, ત્યાંના પાર્ષદ ગ્વાલબાળોને ધમકાવતાં બોલ્યા- ''એ! તમે સૌ અહીં કેમ આવ્યા? તમને ખબર નથી આ અમારું વૈકુંઠ છે? શું વાતો કરી રહ્યા છો, અહીં ભાષણ ન કરો. અહીં તો સાક્ષાત્ વૈકુંઠનાથ છે. હાથ જોડીને ઊભા રહો.'' વ્રજવાસીઓ તો રહ્યા અબોધ. અંદરોઅંદર બોલ્યા, ''ભાઈ ચૂપ રહો, કંઈ ન બોલો, અહીં બોલવાથી ઠપકો મળે છે, આપણે અહીં નીચે ઊભા છે અને કનૈયો ઉપર બેઠો છે. એની પાસે કેવી રીતે જઈએ જો વાત જ ન કરી શકીએ તો તેની પાસે કેવી રીતે જઈશું? આ પાર્ષદ આપણને જવા નહીં દે. ગ્વાલબાળો બોલ્યા, અરે ભાઈ! અમે તો વૈકુંઠમાં આવીને પસ્તાયા. અહીં કનૈયો અમારાથી ઘણો દૂર છે, ચાર ભુજાઓવાળો, તેની સાથે બોલી ન શકીએ, ઉભા ન રહી શકીએ, તેના કરતાં તો અમારું વ્રજ ઘણું સારું છે. કનૈયાની સાથે રમીએ, ઘોડા બનાવીએ, કુશ્તી લડીએ, દડો રમીએ. આ વૈકુંઠનાથ છે કે આફત છે''.

કહા કરોં વૈકુંઠહિ જાય ।
જહાઁ નહીં વંશીવટ યમુના ગિરિગોવર્ધન નન્દ કી ગાય ।।
જહાઁ નહીં યહ કુંજ લતા દ્રુમ મંદ સુગન્ધ બહત નહિં વાય ।
કોકિલ હંસ મોર નહી કૂજત તાકો બસિબો કાહિ સુહાય ।।
જહાઁ નહીં ધુન વંશી કી બાજત કૃષ્ણ ન પુરવત અધર લગાય ।
પ્રેમ પુલક રોમાંચ ન ઉપજત મન વચ ક્રમ આવત નહીં ધાય ।।
જહાઁ નહીં યહ ભુવિ વૃન્દાવન બાબા નન્દ યશોમતિ માય ।
'ગોવિન્દ' પ્રભુ તજિ નન્દ સુવન કો બ્રજ તજિ વહાઁ મેરી બસૈ બલાય ।।

આમ બધા ગ્વાલબાળો ખુબ દુ:ખી થયા, અંદરોઅંદર કહેવા લાગ્યા-

''તેં તો કહ્યું હતું કે વૈકુંઠ બતાવો, અહીં તો આફત આવી ગઈ વૈકુંઠમાં, અહીં ટકવું મુશ્કેલ છે, આમ ઉભા રહો, સીધા રહો, બોલો નહીં.''

જ્યારે શ્રીકૃષ્ણએ ચતુર્ભુજરૂપે જોયું કે ગ્વાલબાળો દુ:ખી થઈ રહ્યા છે તો તરત વૈકુંઠમાંથી વ્રજમાં લઈ આવ્યા. વ્રજમાં આવીને તેઓ ખૂબ પ્રસન્ન થયા.

ગ્વાલબાળો બોલ્યા- ''વાહ ભઈ વાહ! વૈકુંઠમાં જઈ અમે તો પસ્તાયા.''

ભય ગ્રામ (નંદઘાટ)માં વધુ એક લીલા થઈ- ભક્તમાલ અનુસાર જીવ ગોસ્વામીને તેમના ગુરૂ સ્વરૂપ રૂપ ગોસ્વામીજીએ કાઢી મૂક્યા હતા. કોઈ દિગ્વિજયી

પંડિત એક વાર વૃંદાવનમાં આવ્યા અને બોલ્યા કોઈ અમારી સાથે શાસ્ત્રાર્થ કરો. લોકોએ જણાવ્યું કે અહીં સૌથી મોટા પંડિત રૂપ ગોસ્વામી છે. તેમની સામે જીતશો તો વૃંદાવન જીતી લેશો. તેઓ રૂપ ગોસ્વામીજી પાસે આવ્યા. રૂપ ગોસ્વામીજીએ કહ્યું કે અમે હાર-જીતમાં નથી માનતા, અમે વૈષ્ણવ છીએ. દિગ્વિજયીએ કહ્યું તો લખી આપો કે તમે હારી ગયા. રૂપ ગોસ્વામીજીએ લખી આપ્યું 'અમે હાર્યા' કારણકે ચૈતન્ય મહાપ્રભુનો ઉપદેશ છે **'તૃણાદપિ સુનીચેન'.**

આજે જો આ ઉપદેશનું પાલન કરવામાં આવે તો આખો હિંદુ સમાજ જે વિખેરાયેલો પડ્યો છે તે એક થઈ જાય.

રૂપ ગોસ્વામીજી દ્વારા પોતાની પરાજય સ્વીકારાતાં દિગ્વિજયી આખા વૃંદાવનમાં બતાવવા લાગ્યા કે મેં રૂપ ગોસ્વામીને હરાવી દીધા. જીવ ગોસ્વામીજીને આ વાત ઘણી ખરાબ લાગી કે આ અમારા ગુરૂજીની સરળતાનો દુરૂપયોગ કરી રહ્યા છે. તેઓએ દૈન્યમાં પોતાની પરાજય લખી છે. જીવ ગોસ્વામીજીએ દિગ્વિજયીને કહ્યું કે તમે મારી સાથે શાસ્ત્રાર્થ કરો. શાસ્ત્રાર્થમાં દિગ્વિજયીને જીવ ગોસ્વામીજીએ પરાજિત કરી દીધા પરંતુ જ્યારે રૂપ ગોસ્વામીજીને ખબર પડી તો તેઓએ તેં તેમને શાસ્ત્રાર્થમાં કેમ પરાજિત કર્યા? જીવ ગોસ્વામીજી કાંઈ ન બોલ્યા કારણકે તેમણે વિચાર્યું કે જો હું કહીશ કે આપના સમ્માન માટે મેં આમ કર્યું છે તો આ વાત તેમને સારી નહીં લાગે. રૂપ ગોસ્વામી બોલ્યા- ''જીવ! જા હું તારું મોઢું જોવા નથી માગતો.'' તારી અંદર દાસતા નથી, મહાપ્રભુજીએ **'તૃણાદપિ સુનીચેન'** કહ્યું છે. ત્યારથી જીવ ગોસ્વામીજી પરમ વિરક્ત રૂપે વૃંદાવન છોડીને નંદઘાટ (ભય ગ્રામ)માં આવીને રહેવા લાગ્યા. માધુકરી પણ ન માગતા, આત્મરક્ષા માટે, આત્મહત્યા ન કરવી જોઈએ તેથી સૂકા લોટમાં પાણી ભેળવીને ક્યારેક ખાઈ લેતા કે જ્યારે ગુરૂજીએ જ પરિત્યાગ કરી દીધો છે તો જીવવું પણ બેકાર છે અને આત્મહત્યા પણ ન કરવી જોઈએ. તેથી જ ક્યારેક-ક્યારેક ખાઈ લેતા.

સનાતન ગોસ્વામીજી વ્રજમાં ફરતાં રહેતાં. તેઓ માધુકરી વૃત્તિથી જ વ્રજમાં શરીર નિર્વાહ કરતા હતા. એક દિવસ ફરતાં-ફરતાં નંદઘાટ આવ્યા અને એક ઘરમાં ભિક્ષા માગવા ગયા. એક ગોપીએ કહ્યું- ''બાબા! રાહ જુઓ, હમણાં જ રોટલી લઈ આવું છું.'' સનાતનજી ઉભા રહી ગયા પરંતુ થોડી વાર બાદ તેઓ ચાલવા લાગ્યા, માન-સમ્માનની દૃષ્ટિએ નહીં પણ તેમણે વિચાર્યું કે આ બિચારી કામ કરતી હશે, તેની પાસે સમય નહીં હોય. ત્યારે ગોપી બોલી, ''ઓ બાબાજી, તમારા કરતાં તો અમારા ઘાટવાળા બાબાજી સારા છે.'' સનાતનજીએ પૂછ્યું કે ઘાટવાળા બાબા કોણ છે? ગોપી બોલી, ''અરે એ તો સૂકા લોટને પણ ક્યારેક પાણીમાં ભેળવીને ખાઈ લે છે, તમે તો ચાલવા લાગ્યા, મેં કહ્યું ને કે થોડું થોભો.'' સનાતનજી વિચારવા લાગ્યા કે આ ઘાટવાળા બાબા કોણ છે? તેઓ તેને જોવા ગયા, તે ગોપીને પણ સાથે લઈ ગયા. ગોપીએ કહ્યું, ''જુઓ પેલી ગુફામાં'', સનાતનજીએ ગુફામાં જોયું તો અંદર જીવ ગોસ્વામી બેઠા હતા. તેઓએ જોયું કે સનાતનજી આવ્યા છે, તેઓ તેમના ચરણોમાં પડીને અશ્રુ વહાવવા લાગ્યા. બંને ગળે મળી રડવા લાગ્યા. સનાતનજી બોલ્યા- ''જીવ! તું અહીં કેવી રીતે

આવ્યો?'' જીવ બોલ્યા- ''ગુરૂદેવે મારો પરિત્યાગ કરી દીધો છે અને કહ્યું કે તેઓ મારું મોં નહીં જુએ.'' આખું વૃત્તાંત જણાવ્યું કે દિગ્વિજયી પંડિતને મેં શાસ્ત્રાર્થમાં હરાવ્યો હતો. સનાતનજી બોલ્યા- ''ભલે, ચાલો મારી સાથે.'' સનાતનજી જીવ ગોસ્વામીને લઈ વૃંદાવન આવ્યા, સનાતનજી મોટા હતાં અને રૂપજી નાના. તેઓએ રૂપ ગોસ્વામીને કહ્યું- ''રૂપ! સમસ્ત પ્રાણીઓમાં કૃષ્ણ જ છે.'' રૂપજી બોલ્યા ''હા ભાઈ!'' સનાતનજી બોલ્યા, ''શું જીવ ગોસ્વામીમાં કૃષ્ણ નથી?'' રૂપજી ચુપ થઈ ગયા, સનાતનજીએ કહ્યું- ''તેં આવું કેમ કર્યું?'' પછી તેઓએ જીવ ગોસ્વામીને કહ્યું કે તેમના ચરણ પકડો. રૂપજીએ જીવજી ને છાતીસરસા ચાંપી લીધા.

જીવ ગોસ્વામીજીની ભજન ગુફા સને ૨૦૧૧ સુધી તો સૌને માટે દર્શનીય હતી, પરંતુ દુ:ખની વાત છે કે હવે એ સ્થાને નવું મંદિર તો છે પરંતુ તેના પ્રાચીન ચિહ્નો પણ નથી.





નંદઘાટ - નંદ યશોદા અને શ્રી જીવ ગોસ્વામીજીની પ્રાચીન ભજન કુટી

અધ્યાય-૩૩

ઉમરારો

ઉમરાવ એટલે કે મહારાજ. અહીં રાધારાણીની રાજગાદી હતી, શ્રી રાધિકાજીને સિંહાસનારૂઢ કરી સમસ્ત સહચરીઓ તેમને સૌના મહારાજ તરીકે સંબોધિત કરીને કહે છે, ''શ્રીરાધાજી આ રાજ્યની અધિપતિ છે.'' લલિતા સખી તેમનું મંત્રીપદ સંભાળે છે. શ્રીરાધારાણી પોતાની સખીઓને આદેશ આપે છે કે કોણ છે જે અમારા રાજ્ય પર અધિકાર કરવા માગે છે, જાઓ તેને પકડીને અહીં લઈ આવો, ત્યારે સખીઓ હાથમાં પુષ્પલતાઓ લઈને નીકળી અને સુબલ, મધુમંગલ વગેરે કૃષ્ણસખાઓને પકડીને ઉમરાવ અર્થાત્ મહારાજ શ્રી રાધાજીના ચરણોમાં ઉપસ્થિત કર્યા. તેમના દંડવિધાન પર મધુમંગલે કહ્યું કે એવો દંડ આપો કે અમારું પેટ ભરાઈ જાય. ત્યારે શ્રીરાધારાણીએ કહ્યું કે આ તો કોઈ પેટુ બ્રાહ્મણ છે, તેને લાડુ ખવડાવો અને છોડી દો. લોકનાથ ગોસ્વામીજીએ અહીંયા જ ભજન કર્યું હતું. અહીં કિશોરીકુંડથી 'શ્રી રાધા વિનોદ' વિગ્રહ પણ પ્રકટ થયા હતા.

બસઈ

ગોચારણ વખતે નંદબાબા યમુના કિનારે આવી અહીં બસઈ ગ્રામમાં રોકાતા હતાં.

છાતા

ततो छत्र वन प्रदक्षिणा प्रार्थना मंत्र : (कूर्म पुराण) :

गोपिकान्वितकृष्णाय नमस्ते छत्रधारिणे ।
ईन्द्रादिदेवताभ्यस्तु वरदाय नमो नमः ।।

ગોપીઓથી યુક્ત છત્રધારી કૃષ્ણને નમસ્કાર છે. ઇન્દ્રાદિ દેવતાઓને પણ આપ વરદાન દેનારા છો, આપને નમસ્કાર છે.

તતો સૂર્ય્યકુંડસ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

ભાસ્કરાય નમસ્તુભ્યં પ્રતિબિમ્બસ્વરુપિણે ।
રવિપતનસંભૂત તીર્થરાજ વરપ્રદ! ।।

હે સૂર્ય! આપને નમસ્કાર છે, આપ પ્રતિબિંબ રૂપ છો. સૂર્યના પતનથી ઉત્પન્ન થયેલ છો, આપ તીર્થરાજ છો, વરદાન દેનાર છો.

રનવારી

છાતાથી દક્ષિણ પશ્ચિમે ત્રણ માઈલના અંતરે ગ્રામ રનવારી છે, જે સુરત યુદ્ધનું પ્રતીક છે, અહીં સુરત યુદ્ધમાં રાધારાણી વિજયી બન્યા હતાં.



અધ્યાય-૩૪

નરી સેમરી

નરી નારાયણનું પ્રતીક છે, અહીં નારાયણ વન તથા ગોપકુંડ છે. સખી વેષધારી શ્યામસુંદરે હાથમાં વીણા લઈ મધુર સંગીતથી પ્રિયાજીને ચોંકાવી દીધા હતા. તેથી શ્રીજીએ તેમને પૂછ્યું કે તમે આટલું મધુર સંગીત ક્યાં શીખ્યા? શ્યામસુંદરે કહ્યું- ''હું સ્વર્ગની કિન્નરી છું.'' ખુશ થઈને પ્રિયાજીએ પોતાની રત્નમાળ શ્યામલ સખીને આપવા ઇચ્છા ધરાવી. ત્યારે શ્યામલ સખીની ભાવ-ભંગિમા ઓળખી લીધી અને શ્રી શ્યામાનું માન તૂટ્યું અને પરસ્પર મિલન થયું. સાંવરી સખીને કારણે આ ગ્રામનું નામ સેમરી થયું. નજીકમાં જ નરી ગ્રામ છે જે હરિ (નારાયણ) શબ્દનો અપભ્રંશ છે. અહીં પ્રાચીન દેવી વિગ્રહ પણ છે જ્યાં નવરાત્રિમાં મેળો ભરાય છે જેમાં હજારોની સંખ્યામાં દૂર-દૂરથી વ્રજવાસીઓ આવીને દેવીની આરાધના કરે છે.

તતો નારાયણ વન પ્રાર્થના મંત્ર :

નારાયણસુખાવાસ પરમાત્મસ્વરુપિણે ।
નમો નારાયણાખ્યાય વનાય સુખદાયિને ।।

નારાયણના સુખવાસ પૂર્ણ, પરમાત્મા સ્વરૂપ સુખ દેનાર નારાયણ નામના વનને નમસ્કાર છે.

તતો ગોપ કુંડ પ્રાર્થના મંત્ર :

નન્દાદિસ્નપનોદ્ભુતતીર્થ નિર્મલવારિણે ।
ગોપકુંડસમાખ્યાય નમસ્તે મુક્તિદાયિને ।।

નંદાદિના સ્નાનથી ઉત્પન્ન નિર્મલ જળરૂપ મુક્તિ પ્રદાતા ગોપકુંડ નામના તીર્થ! આપને નમસ્કાર છે.

તારા વન

તતો તારા વન પ્રાર્થના મંત્ર :

તારાવન નમસ્તુભ્યં તપઃ સિદ્ધિસ્વરુપિણે ।
દેવયોનિસમુદ્ભૂત કન્યાયૈ વરદે નમઃ ।।

(શેષરામાયણે)

સિદ્ધિ સ્વરૂપી તારાવન (તરોલી), દેવયોનિથી ઉત્પન્ન કન્યાઓને વરદાન દેનાર, આપને નમસ્કાર છે.

તતો તારા કુંડ સ્નાનાચમન મંત્ર :

તારાનિર્મિતતીર્થાય તારાકુંડોભિધાયિને ।
તીર્થરાજ નમસ્તુભ્યં સર્વપાપપ્રણાશન ! ।।

તારા સખીથી નિર્મિત તીર્થરૂપ, તારાકુંડ નામના, સમસ્ત પાપોનો નાશ કરનારા તીર્થરાજ! આપને નમસ્કાર છે.

ચૌમુંહા

ગોવત્સ અને ગ્વાલબાળોનું હરણ કરી જ્યારે બ્રહ્માજીએ જોયું કે જેમનું મેં હરણ કર્યું છે તે તો વ્રજમાં આમ જ નિર્ભય આનંદ કરી રહ્યા છે તો તેમને પોતાના કાર્ય પર પશ્ચાતાપ થયો અને ચતુર્મુખ બ્રહ્મા ભયભીત થઈ પોતાના ચારો મુખોથી સ્તુતિ કરી ક્ષમાયાચના કરે છે.

ઉત્ક્ષેપણં ગર્ભગતસ્ય પાદયોઃ કિં કલ્પતે માતુરધોક્ષજાગસે ।
કિમસ્તિનાસ્તિવ્યપદેશભૂષિતં તવાસ્તિ કુક્ષેઃ કિયદપ્યનન્તઃ ।।

(ભા. ૧૦/૧૪/૧૨)

''ગર્ભસ્થ શિશુવંત્ હું ક્ષમ્ય છું. ।

નારાયણસ્ત્વં ન હિ સર્વદેહિનામાત્માસ્યધીશાખિલલોકસાક્ષી ।
નારાયણોઽઙ્ગં નરભૂજલાયનાત્તચ્ચાપિ સત્યં ન તવૈવ માયા ।।

(ભા. ૧૦/૧૪/૧૪)

આપ જ નારાયણ છો, જેમનાથી મારું પ્રાકટ્ય થયું છે'' આ સ્થળ ચૌમુંહા કહેવાય છે.

અધ્યાય-૩૫

પસોલી

આને સર્પસ્થલી, સપોલી અથવા પસોલી જેવા નામોથી ઓળખવામાં આવે છે. તેનો સંબંધ અઘાસુર લીલા સાથે છે. જ્યારે ગ્વાલબાળોએ વિશાળ ગુફા જેવા મુખને જોયું તો રમણિક માર્ગની જેમ તેમાં પ્રવેશી ગયા જ્યારે શ્રીકૃષ્ણ તેઓને રોકી રહ્યા હતા પરંતુ સખાઓને તો શ્રીકૃષ્ણના બળને કારણે સર્વત્ર નિર્ભયતા જ રહેતી હતી. તેથી તેઓએ તેમની વાત ન સાંભળતાં અઘાસુર સર્પના મુખમાં પ્રવેશ કરી લીધો પરંતુ સૌને પ્રાણાંત કરવાની ઇચ્છા ધરાવનારા અઘાસુરે શ્રીકૃષ્ણની પ્રતિક્ષામાં પોતાનું મુખ બંધ ન કર્યું. ગ્વાલબાળોની સ્થિતિ જોઈ શ્રીકૃષ્ણએ પણ તેમાં પ્રવેશ કરવો પડ્યો, ત્યારે જેવું અઘાસુરે પોતાનું મોં બંધ કરવાનો પ્રયાસ કર્યો તો કનૈયાએ પોતાનું વિશાળ રૂપ પ્રગટ કરી તેનો અંત કર્યો અને પોતાની અમૃતમયી દૃષ્ટિથી ગ્વાલબાળોને જીવન પ્રદાન કર્યું. આ સર્પલીલાને કારણે જ આ સ્થળ સપોલી અથવા પસોલી કહેવાય છે.

બીજી લીલા- મહાભારત અનુસાર સત્યવતીના પુત્ર ચિત્રાંગદે ગંગાપુત્ર ભીષ્મના ચરિત્ર પર સંશય કર્યો હતો, તેના પ્રાયશ્ચિતરૂપે તેમણે પસોલીમાં આત્મદાહ કર્યો હતો.

ભીષ્મએ શાંતનુના મૃત્યુ બાદ સત્યવતીનું મન સ્થિર રહે, તે હેતુથી માતા સત્યવતીને સત્સંગ અને ઉપદેશ આપતા હતા. તેના કારણે જનશ્રુતિને કારણે ચિત્રાંગદને શંકા થઈ. એક દિવસ રાત્રે છુપાઈને તેઓ તેમની ચર્યા જોવા માટે બેસી ગયા. ભીષ્મ માતા સત્યવતીને કથા સંભળાવી રહ્યા હતા. તેઓ સુઈ ગયા, તેમનો એક પગ પલંગની નીચે લટકી રહ્યો હતો. ભીષ્મએ જોયું, પડી જવાની આશંકાથી તેમણે પગને ઉપર મૂકવાની ઇચ્છા કરી પરંતુ મર્યાદા રક્ષણ માટે તેઓ ઉભા થઈ વિચાર કરવા લાગ્યા-

માત્રા સ્વસ્ત્રા દુહિત્રા વા નાવિવિક્તાસનો ભવેત ।
બલવાનિન્દ્રિયગ્રામો વિદ્વાંસમપિ કર્ષતિ ।।

(ભા.૯/૧૯/૧૭)

તેથી તેઓ પલંગની નીચે બેસી ગયા અને માથાથી પગ ફેરવી આપ્યા. આ રીતે મર્યાદાનું પાલન પણ થયું અને માતૃસેવા પણ થઈ ગઈ. આ જોઈને ચિત્રાંગદને પોતાના પ્રત્યે ઘણી ગ્લાનિ થઈ અને બીજા દિવસે તેમણે ભીષ્મને જ પૂછ્યું, જો શ્રેષ્ઠ મહાપુરુષ પ્રત્યે શંકા ઉપજે તો શું પ્રાયશ્ચિત કરવું જોઈએ. કારણ કે ચિત્રાંગદે સ્થિતિનો ચિતાર સ્પષ્ટ કર્યો ન હતો તેથી ભીષ્મએ પણ ઘટનાને પૂરી રીતે સમજ્યા વિના જ નિર્ણય આપી

દીધો કે તુષાગ્નિ અથવા તુલાગ્નિમાં શરીરને ભસ્મ કરી દેવું જોઈએ. આ સાંભળીને ચિત્રાંગદ વ્રજભૂમિમાં આવી ગયા કારણકે તેમને ખ્યાલ હતો કે મહારાજ શાંતનુએ વ્રજમાં શાંતનુકુંડ (સતોહા)માં જ તપસ્યા કરીને ભીષ્મ જેવો પુત્ર પ્રાપ્ત કર્યો હતો તેથી સતોહાથી ૩ કિ.મી. દૂર જ પસોલી છે, જ્યાં આ કુંડ છે, ત્યાં આવીને તેઓએ પોતાના શરીરનો દાહ કર્યો હતો.







ચૌમુંહા - શ્રી બ્રહ્માજી મંદિર અને ચંદ્ર સરોવર, પસોલી - મનસા કુંડ

અધ્યાય-૩૬

આઝઈ

બ્રહ્માજી દ્વારા બાલહરણ પશ્ચાત જ્યારે તેમનો મોહભંગ થયો તો એક વર્ષ બાદ બાળક રૂપે વ્રજમાં આવ્યા અને કહેવા લાગ્યા કે મારા સખા કૃષ્ણએ અઘાસુરનો વધ કર્યો છે. આજથી જ આ ગ્રામનું નામ આઝઈ પડ્યું.

જૈંત

છટીકરાથી ૩ માઈલના અંતરે જૈંત ગ્રામ સ્થિત છે. તે અઘાસુર પર શ્રીકૃષ્ણના વિજયનું પ્રતીક છે. જ્યારે અઘાસુરનો વધ શ્રીકૃષ્ણએ કર્યો ત્યારે આકાશમાં સમસ્ત દેવો પુષ્પવર્ષા કરતાં જયઘોષ કરવા લાગ્યા. તે જયઘોષની સ્મૃતિ તાજી કરાવતું જૈંત ગ્રામ છે. જ્યાં જયકુંડમાં આજે પણ સર્પની પ્રતિમા છે જે ગમે તેટલું પાણી ભરાયા બાદ પણ જળમાં ડૂબતી નથી.

છટીકરા

શ્રીકૃષ્ણની છઠ્ઠીનું પૂજવાને કારણે આ સ્થાનનું નામ છટીકરા પડ્યું.

ગરુડ ગોવિન્દ

અહીં ગ્વાલબાળોના આગ્રહથી ગરૂડને પ્રગટ કરી શ્રીકૃષ્ણ ગરૂડવાહી બન્યા.

વૃંદાવનથી ૬ કિ.મી. પશ્ચિમમાં જે સ્થાન પર શ્રીકૃષ્ણની છઠ્ઠી પૂજા કરવામાં આવી, ત્યાં જ ભગવાનનો બાર ભુજાવાળો દિવ્ય વિગ્રહ છે. જે ગરૂડગોવિંદ નામથી વિખ્યાત છે.

'ગરુડગોવિન્દ' એઈ દેખો શ્રીનિવાસ ।
એથા કરીલેન કૃષ્ણ અદ્ભૂત વિલાસ ।।
શ્રીદામ ગરુડ હૈયા ખેલયે આનન્દે ।
ચતુર્ભુજ ગોવિન્દ ચઢય તાર સ્કન્ધે ।।
ગરુડ ગોવિન્દ દૂહૂ શોભા અતિશય ।
એઈ હેતુ 'ગરુડગોવિન્દ' નામ કય ।।

(ભ.ર.)

સુનરખ

આ સ્થાનને પાવન કર્યું મહર્ષિ સૌભરિના સાંનિધ્યએ. એક વખતે યમુના જળમાં મુનિ તપસ્યારત હતા, ત્યારે એક મત્સ્યને કેટલીય માદા મત્સ્યો સાથે રમણ કરતાં જોયા. મત્સ્યને આ રીતે સંસ્પર્શજ ભોગથી સુખી જોઈ મહર્ષિના મનમાં પણ વિવાહેચ્છા જાગૃત થઈ. તેઓ રાજા માંધાતાની પાસે ગયા.

સૌભરિ- ''મારે તમારી એક કન્યા જોઈએ.''

''રાજન! મહર્ષિનું વૃદ્ધ શરીર, લટકતી ત્વચા, શ્વેત કેશો, ચાલતાં આપના ધ્રુજતા પગો જોઈ હું મારી કઈ કન્યાને અન્યાય કરું, મારો સૌને માટે સમાન પ્રેમ છે. કોણ ચાહશે વૃદ્ધ વરને? જો ઇન્કાર કરું તો મહર્ષિનો કોપ કોણ સહે?''

(રાજાએ ચતુરાઈપૂર્વક કહ્યું)

માંધાતા- ''મહર્ષિ! જે કન્યા આપનું વરણ કરશે તે જ આપની અર્ધાંગિની.''

મહર્ષિ-''લાગે છે રાજા મારા દુર્બળ, રૂપવિહીન દેહને જોઈને આમ કહી રહ્યો છે કે ભલા કઈ રાજકુમારી મારા જેવા વૃદ્ધ ઋષિ સાથે વિવાહ કરશે'', સૌભરિએ વિચાર્યું. બીજી જ ક્ષણે તેમણે એવું સુંદર સુપુષ્ટ શરીર બનાવી લીધું કે જોઈને રાજકુમારી તો શું દેવકન્યાઓ પણ તરસે.

તેઓ પચાસ કન્યાઓ પાસે ગયા. પચાસોમાં ઝઘડો થઈ ગયો કે આ પુરુષ તો મારે માટે જ યોગ્ય છે, ના પહેલા મેં હાથ પકડ્યો છે તેથી મારા અધિકાર છે આ પુરુષ મને ચાહે છે, તેથી હું જ તેની ચિરસંગિની બનીશ.

મહર્ષિએ પચાસે કન્યાઓનું વરણ કર્યું. મહર્ષિ સાથે જ્યારે પચાસે કન્યાઓ અંતઃપુરથી બહાર આવી તો રાજર્ષિ ચકિત થઈ ગયા.

સમર્થ ઋષિએ પચાસે કન્યાઓ માટે જંગલમાં મહેલ ઉભા કરી દીધા. તે વૈભવને જોઈ સપ્તદીપવતી અવનિના સ્થાયી રાજા માંધાતા પણ વિસ્મિત હતાં. માની ગયા કે સૌભરિજી તો સાર્વભૌમ સંપત્તિના શાસક છે. સૌભરિજી પણ ભોગોમાં ભૂલી ગયા ભગવાનને પરંતુ ઘીના ટીપાથી આગ ઓલવાવાને બદલે વધે છે. ભોગોથી સંતોષ તો ન

થયો બલ્કે પૂર્વકૃત ભક્તિને કારણે એક દિન પોતાના આ ભોગી મન પર શોક થયો. ગ્લાનિની આગમાં બળવા લાગ્યા.

અરે! મારું સંપૂર્ણ બ્રહ્મતેજ ભોગોથી સ્ત્રવિત થઈ ગયું. મારું તપોબળ નષ્ટ થઈ ગયું!!

ઇન્દ્રિયોનું મૌન તોડી નાખ્યું આ ચંચળ મને-

સંગ ત્યજેત મિથુનવ્રતિનાં મુમુક્ષુઃ સર્વાત્મના ન વિસૃજેદુ બહિરિન્દ્રિયાણિ ।
એકશ્ચરન રહસિ ચિત્તમનન્ત ઈશે યુંજીત તદ્વતિષુ સાધુષુ ચેત પ્રસંગઃ ।।

(ભા.૯/૬/૫૧)

મુમુક્ષુઓ! ક્ષણભરનો સંગ પર્યાપ્ત છે જીવનના વિનાશ માટે. મનમાં મોહનને સ્થાપી એકાકી રહો. ભોગીનો ભૂલથી પણ સંગ ન કરો, સંગ કરવો જ હોય તો ભગવત ચરણાનુરાગી મહાપુરુષોનો જ કરો.

''આ સાવધાની હટી તો દુર્ઘટના ઘટી''.

પહેલા તો હું એકલો જ હતો પછી ૫૦ થયો અને હવે ૫૦થી સંતાનરૂપે ૫૦૦૦ થઈ ગયો. કેટલાક સમય બાદ ગૃહત્યાગ કરી સંન્યાસ સ્વીકાર કર્યો.

પતિને સંન્યાસ લેતા જોઈ પત્નીઓએ પણ ગૃહત્યાગ કર્યો. વનમાં જઈ મહર્ષિએ ઘોર તપ કરી શરીરનો અંત કર્યો. તે પતિવ્રતાઓ પણ પતિની સાથે સતી થઈ ગઈ.

સંસારને સંયમ શિખવાડવા તેમજ સાવધાન કરવા માટે જ મહર્ષિએ આ બધું કર્યું.





છટીકરા - શ્રી ગરુડ ગોવિંદ મંદિર અને ગરુડ ગોવિંદ કુંડ





સુનરખ - સૌભરિ ઋષિ આશ્રમ અને સૌભરિ ઋષિ



જૈંત - નાગપોખર અને કાલિયા નાગ

અધ્યાય-૩૭

સેઈ

એકવાર શ્યામસુંદરે પોતાના સાથી ગ્વાલબાળો સાથે વૃંદાવનમાં વન્યભોજનનું આયોજન કર્યું, બધાં ગોપબાળો તેમને ચારેબાજુથી ઘેરીને બેસી ગયા. તે સૌએ વિભિન્ન પ્રકારના રંગીન વસ્ત્રો ધારણ કર્યા હતા, સ્વયં વૃંદાવનવિહારી પીતાંબર વસ્ત્ર ધારણ કરી તેમની મધ્યમાં વિરાજિત થયા. તે સમયે ગ્વાલબાળોની વચ્ચે બેસેલા નંદનંદનની શોભા, દેવલોકમાં અનેક દેવોથી ઘેરાયેલા દેવેન્દ્ર સમાન અથવા પાંખડીઓથી ઘેરાયેલા કમળની ડાળી સમાન દેખાઈ રહી હતી. હવે બાળકો પાસે વન્ય ભોજન માટે પાત્રો તો હતાં નહીં એટલે તેઓએ જંગલના પુષ્પો, અંકુરો, પલ્લવો અને પથ્થરોને જ પાત્ર બનાવી ભોજન કરવાનું ચાલુ કર્યું. એક ગોપબાળકે તરત કોળિયો ઉઠાવી કનૈયાના મોંમાં મૂકી દીધો. કાનાએ પણ તે ગ્રાસને પ્રેમપૂર્વક આરોગી સૌની તરફ જોતાં કહ્યું- ''ભાઈઓ! સૌ બાળકો અંદરોઅંદર એકબીજાને પોતાના સુસ્વાદુ વ્યંજનોનું રસાસ્વાદન કરાવો, મને તો સ્વાદમાં કંઈ ખબર પડતી નથી.'' પોતાના નાયકનો પ્રસ્તાવ સાંભળીને સમસ્ત ગોપબાળકો એક સ્વરમાં બોલી ઉઠ્યા- ''એવું જ થાઓ'' અને એકબીજાને પોતાના ભોજનનો કોળિયો આપવા લાગ્યા. હવે પારસ્પરિક હાસ્ય-વિનોદ શરૂ થયો. સુબલે ગોવિંદના મુંખ ફરીથી કોળિયો મૂક્યો પરંતુ તેમાંથી થોડુંક જ ખાઈ તે હસી પડ્યા, જે-જે બાળકે મોંમાં કોળિયો લીધો હતો, તે સૌ અટ્ટહાસ્ય કરવા લાગ્યા. બાળકોએ કહ્યું- ''યશોદાનંદન, અમારી વાત સાંભળો, જેમના નાના મૂર્ખ હોય છે, તેમને સ્વાદનું જ્ઞાન નથી હોતું, તેથી તને સ્વાદનો અનુભવ ન થયો.''

આગળ જતાં શ્રીકૃષ્ણ પોતાના પ્રેમી ગ્વાલબાળોનું એઠું અત્યંત અનુનય-વિનય સહિત માગીને અને તેમના મોંમાંથી કાઢીને ખાવા લાગ્યા-

ગ્વાલન કર તે કૌર છુડાવત ।
જૂઠો લેત સબન કે મુખ તે અપને મુખ લૈ નાવત ।
ખટરસ કે પકવાન ધરે સબ તામે રૂચિ નહિં આવત ।
હા-હા કરકે માઁગ લેત હૈ કહત મોહિ અતિ ભાવત ।
યહ મહિમા વહ પુન જાનત જાહે આપ બતાવત ।
'સૂરશ્યામ' સપનેહુ નહિં દરસત મુનિજન ધ્યાન લગાવત ।

અત્યધિક મોહને કારણે બ્રહ્માજી શ્રીકૃષ્ણની ભગવદતાની પરીક્ષા લેવા માટે ગ્વાલબાળો અને ગોવત્સોનું હરણ કરી બ્રહ્મલોકમાં સંતાડી આવ્યા. આ નવીન લીલાના શ્રીગણેશ કરતાં અને ગોપ બાળકો તથા ગોવત્સોની માતાઓને આનંદિત કરવા માટે શ્યામસુંદર સ્વયં તેમના પુત્ર બની ગયા, આમ વ્રજ ગોપિકાઓ અને ગાયો ગોપાલની માતાઓ બની ગઈ. નંદનંદન સ્વરૂપ પોતાના પતિઓ અને પુત્રો સાથે અસંખ્ય ગોપાંગનાઓ પ્રેમ કરવા લાગી. આ પ્રકારની વત્સ પાલનની લીલા દ્વારા ગોવિંદને પોતાના જ આત્મસ્વરૂપ ગોવત્સો તથા ગોપબાળકોની પોતાના જ ગોપાલક સ્વરૂપથી રક્ષા કરતાં એક વર્ષ વ્યતીત થઈ ગયું. તે સમયે બાળકો અને વાછરડાંઓને બ્રહ્મલોકમાં મૂક્યા બાદ બ્રહ્માજી વ્રજમાં આવ્યા તો તેઓએ ગોવત્સો અને ગોપબાળો સહિત શ્રીકૃષ્ણ અને બલરામને ક્રીડા કરતાં જોયા- ''અરે! જે સ્થાને હું ગ્વાલબાળો અને વાછરડાંઓને સંતાડી આવ્યો હતો, લાગે છે શ્યામસુંદર તેમને ત્યાંથી લઈ આવ્યા છે'' આટલું કહેતાં બ્રહ્માજી ફરી પોતાના નિવાસસ્થાન પર આવ્યા પરંતુ ત્યાં તેમણે બધાંને પહેલાંની જેમ જ મૂર્છિત જોયાં, ફરી વ્રજમાં આવ્યા તો ગોપબાળો અને ગોવત્સોની સાથે નંદનંદનને ક્રીડારત જોઈ બ્રહ્માજી અત્યધિક આશ્ચર્યથી જડ થઈ વિચારવા લાગ્યા કે આ ગોવત્સ અને ગોપ-બાળો સેઈ (સાચાં) છે કે જેમને હું બ્રહ્મલોકમાં સંતાડી આવ્યો છું તે સાચાં છે. આ જ કારણથી તે સ્થળનું નામ સેઈ પડ્યું. બ્રહ્માજીની આ જડતાને જોઈ માયાપતિએ અનુગ્રહવશ પોતાની માયા તિરોહિત કરી તેમને પોતાના ઐશ્વર્ય સ્વરૂપનાં દર્શન કરાવ્યાં, હવે શ્રીકૃષ્ણની ભગવદતાનો અનુભવ કરી ભક્તિવશ બ્રહ્માજીને જ્ઞાનચક્ષુ પ્રાપ્ત થયા. આમ ઐશ્વર્ય દર્શન કરી બ્રહ્મા તો જડવત, નિશ્ચેષ્ટ થઈ ગયા, તેમને આ અવસ્થામાં જોઈ માયાધીશે પોતાની માયાનું આવરણ હટાવી લીધું, ત્યારે બ્રહ્માજી ચેતના પ્રાપ્ત થતાં, નિદ્રામાંથી ઉઠ્યા હોય તેમ, અત્યંત કષ્ટપૂર્વક નેત્રો ખોલી વૃંદાવન-સૌંદર્યને જોવામાં સમર્થ થયા.

તે સમયે તેમને વસંતની સુંદર લતાઓ, કુંજોથી સુશોભિત દિવ્ય વૃંદાવનના દર્શન થયા-

सपद्येवाभितः पश्यन दिशोऽपश्यत पुरः स्थितम ।
वृन्दावनं जनाजीव्यद्रुमाकीर्णं समाप्रियम ।।

(ભા. ૧૦/૧૩.૫૧)

જ્યાં હિંસક સિંહ શાવકો સાથે મૃગ શાવક પ્રેમથી રમી રહ્યા હતા. બાજ અને કબૂતર વચ્ચે, સાપ અને નોળિયા વચ્ચે સ્વાભાવિક વેરભાવ નહોતો-

यत्र नैसर्गदुर्वैराः सहासन नृमृगादयः ।
मित्राणीवाजितावासद्रुतरुट्तर्षकादिकम ।।

(ભા. ૧૦.૧૩.૬૦)

બ્રહ્માજી ગોપાલની સ્તુતિ કરવા લાગ્યા- ''સંકલ્પ-વિકલ્પ ગ્રસિત ચિત્તમાં જ અભિમાનનો ઉદય થાય છે. પંચાનન શિવજી પોતાના પાંચ મુખોથી તથા સહસ્ત્રાનન

શેષજી પોતાના સહસ્ત્ર મુખોથી જેમની સેવા અને સ્તુતિમાં સંલગ્ન રહે છે. વૈકુંઠવાસી વિષ્ણુ શ્રીહરિ અને ધર્મસુત નારાયણ ઋષિ, ગોલોકાધીશ પણ શ્રીકૃષ્ણની સેવા કરે છે. વ્રજલીલા વૈકુંઠલીલાથી પણ શ્રેષ્ઠ છે.

જે મનુષ્ય શ્રીકૃષ્ણની પ્રદક્ષિણા કરે છે, તે જગતના સંપૂર્ણ તીર્થોની યાત્રાનું ફળ પ્રાપ્ત કરે છે અને અંતમાં આપના આનંદમય, ચિન્મય ગોલોકધામમાં પ્રવેશ પામે છે.''





શ્રી રાધારાણી વ્રજયાત્રા યમુના નદી પગપાળા પાર કરતા





સેઈ - જ્ઞાનકુંડ અને શ્રી બ્રહ્મા કુંડ



સેઈ - રાસમંડળ અને બ્રહ્મા બાવડી (વાવ)

અધ્યાય-૩૮

દેવી આટસ

કૃષ્ણની બહેન દેવી એકાંશા જ્યારે રુદન કરવા લાગી તો એ મહામાયાના રુદનને સાંભળી ભયાતુર કંસ કારાગારમાં ગયો અને જોયું કે આઠમો પુત્ર નહીં પુત્રી છે, પરંતુ દેવકી દ્વારા કન્યાનો વધ ન કરવાનું કહેવા છતાં પણ એ આતતાયીએ કન્યાને છીનવી લીધી અને જોરથી પથ્થર પર પટકવાનો પ્રયાસ કર્યો પરંતુ હાથથી છૂટીને તે આકાશમાં અષ્ટભુજાધારી ભગવતી રૂપમાં આવી અટ્ટહાસ્ય કરતાં બોલી- ''મૂર્ખ, તું શું મને મારીશ, તને મારનારો તો વ્રજમાં પેદા થઈ ચૂક્યો છે. અટ્ટહાસ્યને કારણે જ આ સ્થળનું નામ દેવી આટસ પડ્યું.

વ્રજભક્તિ વિલાસાનુસાર- આ વનને અશોક વન કહે છે.

ततो अशोक वन प्रार्थना मंत्र :

क्रीडावानरराभ्याय वृक्षाशोकमनोरमे ।
सीतावास वृक्षश्रेष्ठ सौभ्यरूपाय ते नमः ।

વાનરોની ક્રીડાથી મનોહર! હે અશોક વૃક્ષોથી આચ્છાદિત સીતાજીના આવાસથી શ્રેષ્ઠ સૌભાગ્ય સ્વરૂપ! આપને નમસ્કાર છે.

ततो सीताकुंड प्रार्थना मंत्रः

जानकीस्नानसंभूत तीर्थराजाय ते नमः ।
नीलपीतकल्लोलांभ परमोक्षस्वरुपिणे ।।

હે જાનકીજીના સ્નાનથી સમુદ્ભુત તીર્થરાજ આપ નીલ-પીત વર્ણના જળથી યુક્ત પરમ મોક્ષપ્રદ છો, આપને પ્રણામ છે.

વરાહર

વરાહ લીલાના આવેશમાં એકવાર શ્રીકૃષ્ણએ અહીં લીલા કરી હતી. તેથી જ આ સ્થળનું નામ વરાહર અથવા વરારા પડ્યું.

એઈ બરાહર ગ્રામે વરાહરૂપે તે ।
ખેલાઈલા કૃષ્ણ પ્રિયા સખાર સહિતે ।।

(ભ.ર)

આટસ

વૃંદાવનથી ૪ માઈલના અંતરે આટસ ગ્રામ છે, અહીં અષ્ટાવક્રજીએ વાસ કર્યો હતો. તેમના નામથી જ આટસ ગ્રામ ઓળખાય છે. તેઓએ ભગવાનની મધુર લીલાઓનું આસ્વાદન અહીં કર્યું હતું.

માંટ

કૃષ્ણ લીલાકાળમાં અહીંથી જ યશોદાજી માટે માંટ બનાવીને મોકલવામાં આવતા. માંટ શબ્દનો અર્થ વ્રજમાં પાણી ભરવાના પાત્ર કે દહીં વલોવવા માટે ઉપયોગમાં આવતા માટીના વાસણ માટે પ્રયુક્ત થાય છે, જે અહીં ભરપૂર માત્રામાં બનાવવામાં આવતા હતા.

આ વ્રજના પ્રમુખ વનોમાંથી એક છે, જે દાઉભૈયાનું ગોચારણ ક્ષેત્ર પણ છે.

બંશીવટ બૈઠે હૈં નંદલાલ ।
ભયો હૈ મધ્યાન્હ છાક કી વિરિયાં અપની ગૈયા છૈયા લૈ આવો બ્રજબાલ ।।
ગ્વાલ મંડલી મધ્ય વિરાજત કરત પરસ્પર ભોજન ગોપાલ ।
'આસકરણ' પ્રભુ મોહન નાગર સબ સુખ રસિક રસાલ ।।


છાંહરી

ભાંડીર વનની પાસે જ છાંહરી અથવા બિજૌલી ગ્રામ છે. જ્યારે શ્રીકૃષ્ણ પોતાના બાલસખાઓ સાથે વિવિધ ક્રીડાઓ કરીને થાકી જતાં આરામ કરવાની ઇચ્છા થતી ત્યારે અહીંના ઘટાદાર વૃક્ષોની છાયામાં બેસીને વિશ્રામ કરતા. છાયાથી જ છાંહરી ગ્રામ નામ પડ્યું.

સખા સહ શ્રી કૃષ્ણ ભાંડીરે ખેલાઈયા ।
ભુંજે નાના સામગ્રી એ છાયા યે બસિયા ।
એ હેતુ છાંહરી નામ ગ્રામ એઈ હય ।
યમુના નિકટ ગ્રામ દેખ શોભામય ।।

(ભ.ર.)





દેવી આટસ - મનસા કુંડ / સીતાકુંડ અને શ્રી બલરામજી

અધ્યાય-૩૯

શ્રી ભાંડીર વન

પાપરૂપી કીચડનું શમન કરનારી આ સખ્ય-સૌખ્યની રસીલી લીલાઓ ખરેખર માનવ મનને આનંદમય પ્રભાતથી પ્રસ્ફુટિત થવા ફરજ પાડે છે. હૃદયના ઊંડાણમાં એક અસામાન્ય અક્ષુણ્ણ ઉલ્લાસ તીવ્ર ગતિથી પ્રવાહિત થવા માંડે છે, અહીંની લીલાઓ જ કંઈક એવી છે- અચિંત્ય મહાશક્તિ નિકેતન એવા સ્વયં અજિત પણ અહીં પરાજિત થઈ ગયા-

પરાજિત પણ કોના દ્વારા?

ગોપકિશોરીઓ દ્વારા.

સુગઠિત શરીરધારી ગ્વાલો સાથે મલ્લક્રીડા તો અહીં પ્રતિદિનનો નિયમ જ હતો. એક દિવસ કોણ જાણે શું સૂઝ્યું, ગોપેન્દ્રતનય (શ્રીકૃષ્ણ) અહીં એકલા આવીને મોરલીને અધર સુધાનું પાન કરાવવા લાગ્યા, બસ પછી તો પૂછવું જ શું, ગોપિકાઓને એ કેવી રીતે સહન થાય કે તેમના અધિકારનું અધરામૃત વધુ સમય સુધી કોઈ અન્ય પીએ, એ તો પહોંચી ગઈ ઉજ્જવલ વિલાસિની, નિકુંજ પ્રચારિણી, પરિમલ પ્રસારિણી, કાંતિમતી-કીર્તિ કુમારી સાથે ભાંડીર વનમાં. નિકુંજેશ્વરીનું આગમન થતાં જ તેમના સ્વાગત માટે આમ્ર મંજરીઓની આડમાંથી એક સાથે સેંકડો કોકિલાઓનો કુહૂ-કુહૂ અવાજ ઉમટી પડ્યો. કિશોરીએ પ્રિયતમની સંમુખ આવતાં જ પૂછ્યું- ''આપ અહીં આપના સખાઓ સાથે કઈ-કઈ ક્રીડાઓ કરો છો?'' એવી કઈ ક્રીડાબતાવું, કે રાધા અને તેની પ્રાણોપમ સહચરીઓ તેમાં નિપુણ ન હોય, થોડી વાર વિચાર કરીને કહ્યું- ''મલ્લક્રીડા કરું છું પોતાના સખાઓ સાથે, અને વિસ્મિત ન થશો, આ ક્રીડામાં રોજ હું જ જીતું છું'', સખીઓ તરફ વળીને કહ્યું. ''ઓહ! ત્રિભંગી સીધા ઊભા રહેતાં તો આવડતું નથી, તમે શું મલ્લક્રીડા જાણવાના હતા?'' ક્રીડા ચતુરા લલિતાજીએ કહ્યું. શ્રીકૃષ્ણ બોલ્યા- ''આવું બોલીને તમે લોકો મારું અપમાન ન કરો, ભરોસો ન હોય તો ક્રીડા કરીને જોઈ લો.''

લલિતા- ''હા, હા, અમે એટલા માટે જ આવ્યા છીએ, અમારામાંથી જેની સાથે ઇચ્છો મલ્લક્રીડા કરી શકો છો.''

આમ તો આ વ્રજ રમણીઓ અત્યંત કોમલ દેહધારિણી છે પરંતુ આજે તો લહેંગાની જગ્યાએ બધી જ ગોપ મલ્લ વેષમાં આવી ગઈ, ક્રીડાના પ્રારંભ પૂર્વે એકે તાળીઓ વગાડી. શ્રીજીનો સંકેત મળતાં જ નિપુણ નાયક સાથે ક્રીડા પ્રારંભ થઈ ગઈ, દાવ-પેચ શરૂ થયા. પરિભ્રામણ, ઉત્સર્પણ, ઉત્થાપન, ઉન્નયન, સ્થાપન, અવપાતન..

વગેરે. મોકો મળતાં જ શ્રીકૃષ્ણ પેંતરો બદલી લેતા પરંતુ આજે તો મલ્લ નહીં, મલ્લના દાદાઓ સાથે ભિડંત હતી બિચારાની, વચ્ચે-વચ્ચે ગોપીઓ ઉત્સાહ વધારવા- ''વાહ-વાહ! અતિ સુંદર! કાળા મલ્લને છોડશો નહીં.. શ્રી રાધા રાણીની જય સ્વામિની જૂ ની જય'' વગેરે પ્રકારે જયઘોષ પણ કરતી. એક સાથે નહીં, સૌની સાથે ક્રીડા કરી, પરંતુ બિચારા કૃષ્ણએ સૌની સામે હારવું પડ્યું. જાણે આજે તે હારવા માટે જ અહીં આવ્યા હતા. અજેયને પરાજય પણ સ્વીકાર કરવી પડી, આજે આ ગ્રામ્યાઓ સામે મલ્લ કૃષ્ણ તેમના બાળક જેવા લાગી રહ્યા છે કારણકે-

''तेरे बिरज में गैया बहुत हैं पी पी दूध भई पटिया ।
ब्रज मंडल देस दिखाय रसिया ।।''

શ્રીકૃષ્ણએ હારના માર્યા લક્ષિત થવું પડ્યું. શ્રીજીએ પોતાની સહચરીઓ સહિત શ્રીકૃષ્ણનો પરિહાસ કર્યો. શ્રીપાદ રઘુનાથ દાસ ગોસ્વામીજીએ પોતાના 'વ્રજ વિલાસ સ્તવ' ગ્રંથમાં આ લીલાનો ઉલ્લેખ કરતાં ભાંડીર વનની વંદના કરી છે. વારાહપુરાણ અને ભક્તિ રત્નાકર ગ્રંથમાં પણ શ્રી ભાંડીર વનનું માહાત્મ્ય સવિસ્તાર વર્ણિત છે.

ભાગવતાનુસાર ભાંડીર વન મેં પ્રલમ્બોદ્ધાર -

શ્રીકૃષ્ણ દ્વારા પ્રલમ્બનો પ્રાણોત્સર્ગ પણ અહીં જ થયો.

વનસ્થળીમાં શીતળ મંદ સુવાહિત પવન કલ્હાર, ઉત્પલાદિ અનેક પ્રકારના કમળોની ગંધ સાથે પ્રસરી રહ્યો હતો, પ્રભાકર કન્યા (યમુના) તો કૃષ્ણ જન્મ બાદ પયોનિધિ જેવું સ્વરૂપ લઈ બેઠી. ભીની રેતી પર પથરાયેલા વિશાળ તરૂઓની શ્રેણી નત-અવનત થઈને જાણે યમુના સાથે વાતો કરવા લાગતી. વૃક્ષોની સઘનતા સૂર્યની રશ્મિકિરણોને તો વ્રજરજનો સ્પર્શ પણ ન થવા દેતી. મોર, સસલાં, કોયલ અને ભ્રમર સમુદાય તો પોતાની ભાષામાં ફરી-ફરી કૃષ્ણને વનગમન માટે પોકારી રહ્યા હતા. શ્રીકૃષ્ણ આવ્યા, સખાઓથી ઘેરાયેલા. આ મિત્રોનો સ્નેહ પણ એક પ્રકારનો ખેલ છે, તેઓ માળા-મણિકાઓને ઉતારીને એક તરફ મૂકી દે છે અને વ્રજના રંગબેરંગી ગેરૂ જેવી ધાતુથી શ્રીકૃષ્ણનો શ્રૃંગાર કરે છે અને કંઈ ન મળે તો ફળોની માળા ધારણ કરી લે છે. ''કનૈયા! જો, આ જામફળની માળા છે, દ્રાક્ષના ઝુમખાની ઝાલર છે, એને ધારણ કરી લે, ભૂખ લાગે તો ખાઈ લેજે,

આ વટાણાનો કંદોરો છે''-રક્તકે કહ્યું.

''આ કેળાના વાઘનખ પહેરી લે''-વરુથપ બોલ્યો.

આ વન્ય લીલાને નિહાળવાની ઇચ્છાથી મોટા-મોટા સુરગણો પણ ગોપવેષમાં આવીને આ નાના-નાના ભુલકાંઓમાં છુપાઈને, જગતનિયંતા જગદીશ્વરની સ્તુતિ કરવા લાગતા અને એ જગદીશ્વર સામાન્ય બાળકની જેમ પોતાની મિત્રમંડળી સાથે ભાંડીર વનમાં રસ્સાખેંચ, કુશ્તીક્રીડા, દેડકાકુદ, છુપાછુપી, થપ્પો તથા લાંબી દોડ જેવી રમતો રમી રહ્યા છે. નાના ગોપ મોટા ગોપોની બાહોંમાં લટકી જાય છે, ઝૂલા ઝુલે છે-

એવં તૌ લોકસિદ્ધાભિઃ ક્રીડાભિશ્ચેરતુર્વને ।
નદ્યદ્રિદ્રોળિકુઞ્જેષુ કાનનેષુ સરસ્સુ ચ ।।

(ભા. ૧૦/૧૮/૧૬)

આમ ભાંડીરવનમાં યમુના કિનારે ઊંચી-નીચી ઘાટીઓમાં, કુંજોમાં, સરોવરોમાં ચાલતી આ ક્રીડાઓ વચ્ચે પ્રલંબ પણ આત્મોદ્ધાર માટે આવી પહોંચ્યો. ઊંચુ હૃષ્ટ-પુષ્ટ કાળું શરીર જ તેનું સ્વરૂપ છે, ગ્વાલ વેષમાં પોતાને છુપાવી જ્યારે આવ્યો અને ગ્વાલો સાથે રમવાની ઇચ્છા કરી તો કનૈયાએ ના પાડવાનું તો શીખ્યું જ નહોતું. શ્રીકૃષ્ણ બોલ્યા-

''આજે આપણે બે જૂથમાં રમીશું, એક કૃષ્ણ જૂથ, બીજું દાઉ જૂથ હશે.'' કેટલાક ગ્વાલબાળો પ્રલંબ સાથે કૃષ્ણના જૂથમાં ગયા તો કેટલાક દાઉ ભૈયાના જૂથમાં. શરત એ હતી કે જે જૂથ હારશે તે સવારી બનશે અને વિજયી જૂથ સવાર. પહેલા વૃંદાવનમાં એક એવું વિશાળ વૃક્ષ હતું જેની લાંબી શાખા યમુના પાર કરીને ભાંડીર વન સુધી પહોંચતી હતી, જે ગ્વાલબાળો માટે સેતુનું કાર્ય કરતી-

વહન્તો વાહ્યમાનાશ્ચ ચારયન્તશ્ચ ગોધનમ ।
ભાણ્ડીરકં નામ વટં જગ્મુઃ કૃષ્ણપુરોગમાઃ ।।

(ભા. ૧૦/૧૮/૨૨)

ગ્વાલબાળો રમતાં-રમતાં વૃંદાવન ચાલ્યા જતાં, ક્યારેક વૃંદાવનથી ભાંડીરવનમાં આવી જતા. છેવટે રમતમાં કૃષ્ણનું જૂથ હારી ગયું, દાઉનું જૂથ જીતી ગયું. હવે તો કૃષ્ણજૂથના બધા સખા સવારી અને દાઉ દાદાનું જૂથ સવાર બની ગયું. કનૈયો ભાર તો ઉપાડી શકતો નહીં, એટલે નિર્દિષ્ટ સ્થાન પર પહોંચતા સુધીમાં તો તે સવારને કેટલીય વાર પાડી નાખે છે અને પછી કેટલીય વાર આરામ કરવા માટે સમય માગે છે પરંતુ આ ગ્વાલબાળોને તો કનૈયાની પીઠ પરથી પડવામાં પણ આનંદ આવે છે. કૃષ્ણ પોતાના પીતાંબર જામાને એવી રીતે કમરમાં ખોસી લે છે જાણે હવે આખી સૃષ્ટિનો ભાર વહન કરશે પછી નિતંબ પ્રદેશ પર બંને હાથ મૂકીને દીર્ઘ શ્વાસ લેવા લાગે છે. ''ચાલ, હજી થોડું દૂર છે'', ફરી સવારને બેસાડે છે, આગળ વધે છે. દાનવ પુંગવ પ્રલંબે દાઉ દાદાને પોતાના ખભે બેસાડ્યા છે. દાઉ વધુ શક્તિ સંપન્ન છે. તેને માર્યા બાદ જ કૃષ્ણને મારીશ- પ્રલંબે વિચારી રાખ્યું છે. તે દાઉ દાદાને નિર્દિષ્ટ સ્થાનથી અલગ લઈ જવા લાગ્યો, પરંતુ દાઉનો ભાર સહી ન શક્યો. અરે દૂર ન લઈ જઈ શક્યો, તો આકાશમાં ઉડવા લાગ્યો, ધીરે-ધીરે એ પોતાના કાળા વિકરાળ સ્વરૂપમાં આવી ગયો. તેને જોઈ દાઉ થોડા ગભરાયા જરૂર પણ સ્વરૂપ સ્મરણ થતાં જ તેના મસ્તક પર જોરદાર મુષ્ટિ પ્રહાર કર્યો. બસ આટલું જ પર્યાપ્ત હતું તેના ઉદ્ધાર માટે. તે ચેતનાવિહીન થઈ ધરતી પર પડી ગયો. હવે તો સૌ ગ્વાલબાળો પ્રલંબ પરિત્રાતા દાઉદાદાની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા, ગોદમાં ઉઠાવ્યા, પીઠ થાપડી, આલિંગનમાં લીધા, જયઘોષ કર્યો.

''પ્રલંબ પરિત્રાતા દાઉ દાદા ની જય''

આ સ્થાન ઘણું જ મહત્વપૂર્ણ છે, અહીં 'મત્સ્ય કૂપ' છે.

તતો ભાણ્ડીરવન પ્રાર્થના મંત્ર :

ચતુર્દશાવતારાણાં લીલોદ્ભવસ્વરુપિણે ।
નાનાદ્રવ્યોદ્ભવસ્થાન નમો ભાણ્ડીરસંજ્ઞિકે ।।

(માત્સ્યે)

હે ૧૪ અવતારોની લીલાઓ દ્વારા ઉત્પત્તિ સ્વરૂપ! અનેકાનેક દ્રવ્યોના ઉત્પત્તિ સ્થાન ભાંડીરવન નામના તીર્થ! આપને પ્રણામ છે.

તતો અસિભાંડતીર્થ પ્રાર્થના મંત્ર : (સ્કાન્દે):

મનોર્થવરદે તીર્થે અસિભાણ્ડહ્રદાવ્હયે ।
નમો ગોપ્યજલાલ્હાદે તીર્થરાજ નમોસ્તુ તે ।।

હે મનોવાંછિત વરદાન આપનારા, અભિસાંડ નામના તીર્થ, ગોપ્યજળથી આનંદ પ્રાપ્ત, આપને પ્રણામ છે.

તતો મત્સ્યકૂપસ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

ચતુર્દશાવતારાણાં જન્મન્યુત્સવવર્દ્ધિને
દુગ્ધોફાનમયોદ્ભૂત મત્સ્યકૂપ નમોસ્તુતે ।।

હે ૧૪ અવતારોના જન્મ મહોત્સવ વર્ધન કરનાર, દૂધના ફીણ સ્વરૂપ મત્સ્ય તીર્થ! આપને પ્રણામ છે.

રાધા માધવનો બ્રહ્માજી દ્વારા વિવાહ- આ પુસ્તકના 'વિવાહ લીલા' નામના અધ્યાયમાં દ્રષ્ટવ્ય છે.





શ્રી ભાંડીર વન - બંસીવટ મહારાસ સ્થળ, મત્સ્ય (વેણુ) કૂપ અને ભાંડીર વટ

અધ્યાય-૪૦

ભદ્રવન

કેટલાક લોકો વ્રજમાં ભદ્રવનની ઉપસ્થિતિ તૂમેરા ગ્રામની પાસે માને છે તો કેટલાક લોકો ભદાવલને પણ ભદ્ર વન માને છે. આમ બે ભદ્ર વનો થઈ જાય છે જેમ બે વંશી વટ, બે ચીર ઘાટ અથવા બે કાલીદહની પ્રસિદ્ધિ છે પરંતુ પૌરાણિક પ્રમાણ અનુસાર 'બ્રજભક્તિવિલાસ'માં યમુનાના ઉત્તરમાં ભદ્રવન માનવામાં આવ્યું છે જો કે ત્યાં અત્યારે ફક્ત ગ્રામ છે, વૃક્ષો નથી રહ્યાં.

બ્રજભક્તિવિલાસાનુસાર

ચોર્યાસી કોસ વ્રજમાં અડતાળીસ વનોનું વર્ણન આવેલ છે, જેમાં બાર વન, બાર ઉપવન, બાર પ્રતિવન અને બાર અધિવનો છે.

'પદ્મપુરાણ'માં શ્રી યમુનાજીની ઉત્તર-દક્ષિણ દિશાઓમાં બાર વનોનું વર્ણન મળે છે, આ બાર વનોમાંથી જ એક છે 'ભદ્ર વન'.

આ તમામ વનોના અધિદેવતાઓનું વર્ણન 'બૃહન્નારદીય પુરાણ'માં કરવામાં આવ્યું છે જેમકે- મહાવનના હલાયુધ, કામ્યવનના ગોપીનાથ, કોકિલાવનના નટવર, તાલવનના દામોદર, કુમુદવનના કેશવ, ભાંડીર વનના શ્રીધર, છત્રવનના શ્રીહરિ, ખદિરવનના નારાયણ, લોહવનના ઋષિકેશ, ભદ્ર વનના હયગ્રીવ, બહુલા વનના પદ્મનાભ, બેલવનના જનાર્દન અધિદેવતા છે.

ततो भद्र वन प्रार्थना मंत्र :

भद्राय भद्ररुपाय सदा कल्याणवर्द्धने ।
अमंगलच्छिदे तस्मै नमो भद्रवनाय च ।।

હે ભદ્ર રૂપ ભદ્રવન! આપ સર્વદા કલ્યાણવર્ધક અને અમંગળનાશક છો. આપને પ્રણામ છે.

તતો ભદ્રવન સ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

યજ્ઞસ્જ્ઞાનસ્વરૂ પાય રાજ્યાખંડપદપ્રદ ।
તીર્થ રાજ નમસ્તુભ્યં ભદ્રાખ્યસરસે નમઃ ।।

હે ભદ્ર નામધારી સરોવર! હે તીર્થરાજ! આપ યજ્ઞ તથા દાનસ્વરૂપ છો, આપને પ્રણામ છે.

તતો ભદ્રેશ્વરમહાદેવ પ્રાર્થના મંત્ર :

ભદ્રેશ્વરાય દેવાય સર્વદા શુભદાયિને ।
નમો ભદ્રસ્વરૂપાય વામદેવ નમોસ્તુ તે ।।

હે ભદ્રેશ્વર મહાદેવ! આપ સદા શુભ દેનારા છો. હે શુભ સ્વરૂપ! આપને પ્રણામ છે.

પાત્રવન

દ્વાપરસ્ય યુગસ્યાન્તે રાજા કર્ણોડભવત્સુધીઃ ।
ધાતૂનાંતુ ચતુર્ણા સસ્વર્ણરુકાપ્રભૃતિનાં ।।
તામ્રકાંસ્યદ્વયોશ્ચૈવ પાત્રણિ ચ ચકારહ ।
ધૃતશર્કરગોધૂમતિલપૂર્ણાનિ તૂર્ય ચ ।।
સદ્રુવ્યાણિ દ્વિજાતિભ્યો દદૌ દાનમનુત્તમં ।
અંગિરાત્રિભારદ્વાજકશ્યપેભ્યો પ્રણમ્ય ચ ।।
યસ્માત્પાત્રબનં નામ વિખ્યાતં પ્રથિવીતલે ।।

(શ્ર.ભ.વિ.)

દ્વાપરયુગના અંતમાં પ્રતાપી, દાનવીર રાજા કર્ણએ સુવર્ણ, ચાંદી, તાંબા અને કાંસાના અનેક પ્રકારના પાત્રો બનાવીને તેમાં ઘી, સાકર, ગોધૂમ તથા તલ વગેરે ભરીને અંગિરા, અત્રિ, ભારદ્વાજ અને કશ્યપ વગેરે ઋષિઓની વંદના કરતાં તેમને દાન આપ્યું, તેથી તેનું નામ પાત્રવન પડી ગયું.

તતો પાત્રબન પ્રાર્થના મંત્ર :

સર્વધાતુમયસ્થાન સ્વર્ણ ભૂમિ નમોસ્તુ તે ।
સત્નગર્ભ નમસ્તુભ્યં પાત્રસ્થલં નમોડસ્તુ તે ।।

ઈતિ મંત્રં શતાવૃત્યા નમસ્કારં સમાચરેત ।
પાત્રદાનફલં લેભે પુણ્યં કોટિગુણં ફલં ।।
યથા શક્તયા કરોદ્દાનં ચતુષ્પાત્રં સધાતુકં ।
ચતુષ્પાત્રાદિ ધાન્યં ચ દ્વિજેભ્યો સવિધાનત ।।
સર્વાન્કામાનવાપ્નોતિ સહસ્ત્રગુણિતં ફલં ।।

(શ્ર.ભ.વિ.)

હે સંપૂર્ણ ધાતુમય સ્થાન! હે સ્વર્ણભૂમિ તમને નમસ્કાર કરું છું. હે રત્નગર્ભ! આપને પ્રણામ છે. હે પાત્રસ્થળ આપને નમસ્કાર છે. આ મંત્રનો સો વાર પાઠ કરી પ્રણામ કરવામાં આવે તો પાત્ર દાન કરવાનું ફળ પ્રાપ્ત થાય છે. યથાશક્તિ ૪ પ્રકારની ધાતુઓથી બનેલ પાત્રોને ઘી આદિ ચાર પદાર્થોથી ભરીને યથાવિધિ બ્રાહ્મણોને દાન કરવાથી સમસ્ત મનોકામનાઓ પૂર્ણ થાય છે અને સહસ્ત્રગણું ફળ મળે છે.

यत्र कर्णो महात्यागी नित्यस्नानं चकार ह ।
सुवर्णनिर्मितं कुंडं नीलाम्भः कमलान्वितं ।।
यत्र स्नात्वा करोद्दानं दशभारसुवर्णकं ।
माघकार्तिकयोश्चैव पक्षयोरुभयोरपि ।।
दान कुंडो भवेदत्र पुण्यं कोटिगुणं फलं ।।

(બ્ર.ભ.વિ.)

અહીં મહાત્યાગી કર્ણ, કારતક અને મહા માસના બંને પક્ષોમાં પ્રતિદિન સ્નાન કર્યા બાદ દસ ભાર સ્વર્ણનું દાન કરતા હતા. તેથી આ કુંડનું નામ દાનકુંડ પડ્યું. આ કુંડ સ્વર્ણ દ્વારા નિર્મિત તથા નીલવર્ણના કમળોથી સુશોભિત છે.

ततो दानकुंडस्नानाचमन प्रार्थना मंत्र :

सर्वाक्षयप्रदस्तीर्थ दानकुंड नमोस्तु ते ।
सदेहकर्ण मोक्षाय नमः पापप्रणाशिने ।।
ईति मंत्र दशावृत्या मज्जनाचमनैर्नमन ।
सकलेवरजीवात्मा वैकुंठपदमाप्नुयात् ।।

હે સંપૂર્ણ અક્ષય પ્રદાયક તીર્થ દાન કુંડ! આપને નમસ્કાર છે. આપ કર્ણને મોક્ષ દેનારા તથા પાપોનો નાશ કરનારા છો. આ મંત્રનો દસ વાર પાઠ કરી મજ્જન, આચમન અને પ્રણામ કરવાથી જીવને વૈકુંઠ પદ પ્રાપ્ત થાય છે.

ततो कर्णदर्शन प्रार्थना मंत्र :

कर्णाय दानरुपाय कौरवाय नमोस्तु ते ।
सर्वकल्मषनाशाय मुक्तिदो मुक्तिमूर्तये ।।
ईति मंत्रं समुच्चार्य पञ्चभिः प्रणतिञ्चरेत् ।
मुक्तिभागी भवेल्लोको दर्शनान्नात्रसंशयः ।।

હે દાનવીર કૌરવ કર્ણ! આપને નમસ્કાર કરું છું. આપ સંપૂર્ણ કલ્મષોનો નાશ કરનારા છો, આપ મુક્તિદાતા તથા મૂર્તિમાન મુક્તિરૂપ છો. આ મંત્રનો પાઠ કરતાં પાંચ વાર નમસ્કાર કરવાથી મનુષ્ય દર્શન માત્રથી મુક્તિ લાભ મેળવે છે, તેમાં કોઈ શંકા નથી. આ પ્રકારે પાત્રવનની ઉત્પત્તિ અને માહાત્મ્યનું નિરૂપણ કરવામાં આવ્યું.

બેલવન

નિરંતર નારાયણના વક્ષ પર નિવાસ કરવા છતાં સિંધુસુતા શ્રી લક્ષ્મીજી ગોપીભાવ ભાવિત રસની પ્રાપ્તિ માટે વ્રજરજનો આશ્રય લઈ બેઠાં છે.

યર્હ્યમ્બુજાક્ષ તવ પાદતલં રમાયા દત્તક્ષણં ક્વચિદરણ્યજનપ્રિયસ્ય ।
અસ્પ્રાક્ષ્મ તત્પ્રભૃતિ નાન્યસમક્ષમઙ્ગ સ્થાતું ત્વયાભિરમિતા બત પારયામઃ ।।
શ્રીર્યત્પદામ્બુજજશ્રકમે તુલસ્યા લબ્ધ્વાપિ વક્ષસિ પદં કિલ ભૃત્યજુષ્ટમ્ ।
યસ્યાઃ સ્વવીક્ષણકૃતેઽન્યસુરપ્રયાસસ્તદ્વદ્ વયં ચ તવ પાદરજઃ પ્રપન્નાઃ ।।

(ભા. ૧૦/૨૯/૩૬,૩૭)

લક્ષ્મીજી તો સદા પ્રભુની ચરણરજ પામવા લાલાયિત રહે છે, આ વાતને વારંવાર કહી વ્રજ પુરરમણીઓએ-

ધન્યા અહો અમી આલ્યો ગોવિન્દાઙ્ઘ્રયઙ્ક્રરેણવઃ ।
યાન્ બ્રહ્મેશો રમા દેવી દધુર્મૂધ્નર્યધનુત્તયે ।।

(ભા. ૧૦/૩૦/૨૯)

યુગલચરણારવિંદની ચરણરજ જોઈને કહે છે-

''આ જ છે- આ જ છે વ્રજ રજ, જેને સ્વયં બ્રહ્માજી, શ્રી લક્ષ્મીજી અને ધૂર્જટિ શંભુજી પાપોન્મુકત થવા માટે મસ્તક પર ધારણ કરે છે.'' અરે, દેવાધિદેવમાં પાપ ક્યાંથી આવ્યું?

મહાસતી લક્ષ્મીમાં પાપ!

પાપનાશક શિવમાં પાપ!

સૃષ્ટિ સૃજનકર્તા બ્રહ્મામાં પાપ?

જી હા, તે સૌમાં પાપ છે. બ્રહ્મા અને શિવનું પાપ તેમનું પુરૂષત્વ છે, જ્યાં સુધી શિવ ગોપી નહીં બને, રાસ-રસની પ્રાપ્તિ ન થઈ-

વૃન્દાવન રાસ રચાયો શિવ ગોપી બનકર આયો ।
ભોલે બન ગએ નર તે નાર રટે જા રાધે રાધે ।
રાધે અલબેલી સરકાર રટે જા રાધે રાધે ।

બ્રહ્માજીને પણ દુર્લભ એવી ગોપી ચરણ રજ ના મળી-

ષષ્ટિવર્ષ સહસ્ત્રાણિ પુરા તમં મયા તપઃ ।
ભક્તયા નન્દબ્રજસ્ત્રીણાં પાદરેણૂપલબ્ધયે ।

(બૃહદ વામન પુરાણ)

બ્રહ્માજી ૬૦ હજાર વર્ષો સુધી રસ પ્રાપ્તિ માટે તપમાં સંલગ્ન રહ્યા. કમલાનું પાપ છે- તેનું નૈરસ્ય અને ઐશ્વર્ય. આ પાપોના નિર્મૂલન માટે જ યુગલ ચરણરજને તે સદા પોતાના મસ્તક પર ધારણ કરે છે. ચપલા કમલાએ તો આ રજની પ્રાપ્તિ માટે અહીં શ્રી બેલવનમાં સુદીર્ઘ કાળ સુધી તપ કર્યું. અન્ય સમસ્ત કામનાઓ ત્યાગીને વ્રજરજાશ્રયી બની ગયાં-

જયતિ તેઽધિકં જન્મના બ્રજઃ શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ ।
દયિત દૃશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ।।

(ભા.૧૦/૩૧/૧)

અહીં તેમની તપસ્યા સિદ્ધ થઈ, તેથી 'બેલવન' તેમની સિદ્ધ તપોભૂમિ છે.







બેલવન - શ્રી લક્ષ્મીજી મંદિર અને શ્રી યમુનાજી

શ્રી યમુનાજીનો ઉદ્ધાર દરેક કૃષ્ણ ભક્તનું લક્ષ્ય હજો. આજે યમુનાજી હરિયાણામાં કેદ છે તથા યમુનાજીમાં ફક્કત દિલ્લીનું મળ-મૂત્ર અને કારખાનાઓનું ઝેરી જળ જ વહે છે. એક ભારતવાસી માટે આનાથી મોટું કલંક શું હોઈ શકે? સંપૂર્ણ વિશ્વના કૃષ્ણ ભક્તો જાગો અને યમુનાજી માટે સંઘર્ષ કરો.

અધ્યાય-૪૧

શ્રી માનસરોવર

આ સ્થાન વિશે કેટલીય સરસ કથાઓ છે. રાસોત્સવમાં શિવજીને ગોપી રૂપની પ્રાપ્તિ, માનિનીની માનલીલા અને ફાગ મહોત્સવ. માનસરોવરનું બીજું નામ 'રાધારાણી' પણ છે. આસુરિ મુનિ અને શિવજીને ગોપીરૂપની પ્રાપ્તિ-

નારદ ગિરિ પર કૃષ્ણભક્ત આસુરિ મુનિ યુગલ સરકારના ધ્યાનમાં તલ્લીન હતું, એ તલ્લીનતામાં ૬૦,૬૦૦ વર્ષો વીતી ગયા. તપની શક્તિ અંતર્મુખતાથી અમૃતત્વ છે અને બહિર્મુખતા મૃત્યુ છે. પ્રભુના બે રૂપો છે- ૧. પુરુષ રૂપ અને ૨. કાળરૂપ.

બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિન્દત્યાત્મનિ યત્સુખમ્ ।
સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષયમશ્નુતે ।।

(ગીતા.૫/૨૧)

પ્રભુએ તો ત્યાં સુધી કહી દીધું કે જો તમે અંતર્મુખ થઈ ગયા તો મારૂં જ રૂપ બની જશો એટલે કે સાક્ષાત્ ઈશ્વર બની જશો.

અંતર્મુખી આસુરિ મુનિને ધ્યાનાવસ્થામાં ૬૦,૬૦૦ વર્ષ વીતી ગયા. નિત્યપ્રભુનું દર્શન પ્રાપ્ત થતું. એક રાત્રે તેમણે વારંવાર પ્રયાસ કરવા છતાં ધ્યાનમાં પ્રભુજી ન આવ્યા. તેઓ ઘણાં વ્યાકુળ થઈ ગયા, અને તે વ્યાકુળતામાં જ તેઓ બદ્રિકાશ્રમ ચાલ્યા ગયા પરંતુ ત્યાં તેમને નર-નારાયણના દર્શન ન થયા. તપ પ્રભાવથી લોકાલોક પર્વત તરફ પ્રસ્થાન કર્યું તો તે પણ સહસ્ત્રાનન વિહીન હતું. દ્વારપાળોને પ્રભુનું નામ-ઠેકાણું પૂછ્યું તો તેઓએ પણ અનભિજ્ઞતા જાહેર કરી. હવે તો ક્ષીરસાગરથી શોભિત શ્વેતદ્વીપમાં ગયા પરંતુ આ શું- અહીં પણ શેષશૈયા સૂની છે.

અહીં પણ નારાયણ નથી. વૈકુંઠ પહોંચ્યા તો ત્યાં પણ લક્ષ્મી સહિત નારાયણને ન જોતાં વિસ્મયાન્વિત થઈ ગયા. આરાધનાના બળે તેઓ નિત્યધામ ગોલોક પહોંચ્યા તો ત્યાં પાવન વૃંદાવનની નિકુંજમાં લાડલી લાલ ન મળ્યા તો પાર્ષદોએ કહ્યું- ''હે મુનિ! વ્યાકુળ ન થાઓ, જે બ્રહ્માંડમાં વામનાવતાર થયો, જ્યાં ક્યારેક પૃશ્નિગર્ભ અવતાર પણ થયો હતો ત્યાં જ લાલજી ગયા છે.'' હવે મુનિવર તપોબળથી સીધા કૈલાશ પર આવ્યા તો જુએ છે કે શંભુ તો ધ્યાનસ્થ છે. નિત્ય કૃષ્ણલીલાનું ચિંતન કરી રહ્યા છે.

પ્રણામ કરતાં મુનિજી બોલ્યા- ''હે શંભો! હું આખું બ્રહ્માંડ ફરીને આવ્યો છું પરંતુ મને ક્યાંય પ્રભુ દર્શન પ્રાપ્ત ન થયું. આખરે પ્રભુ ગયા ક્યાં?''

શિવજીએ કહ્યું- ''હે આસુરે! તમે ધન્ય છો! સંસારમાં ધન્ય એ જ છે, જેને કૃષ્ણદર્શનની ઇચ્છા છે. કૃષ્ણ ચર્ચા છોડી અન્ય કામના રાખનાર મૃત છે, પશુ છે. આ સમયે જ્યાં વામનાવતાર થયો છે, પૃશ્નિગર્ભ અવતાર થયો છે, એ બ્રહ્માંડમાં એટલે કે આ જ પાવન સ્થાન પર ષોડ્શ કલા સંપન્ન પ્રભુ રાસક્રીડા કરી રહ્યા છે, તેથી કોઈપણ લોકમાં તેમની પ્રાપ્તિ નથી થઈ રહી. હું પણ હમણાં ત્યાં જ જવાનો વિચાર કરતો હતો, અને ત્યાં સુધીમાં તમારું આગમન થયું.'' આસુરિ મુનિએ પણ સાથે જવાની પ્રાર્થના કરી. કૈલાશથી ચાલતા બંને યમુનાજીના તટ પર આવ્યા. આખો યમુનાતટ અપાર પ્રસન્નતા પામી રહ્યો હતો.

ફુલોથી લદાયેલી સુષમા આ રાસક્રીડાને જોઈ પોતાના જ વખાણ કરી રહી હતી. રાસક્રીડાની રજનીની શુભ્ર જ્યોત્સના સંપૂર્ણ વનપ્રાંતને ઉલ્લાસિત કરી પોતાનું ભાગ્ય ગાઈ રહી હતી. દ્વારપાલિકાઓ હાથમાં સ્વર્ણિમ છડી લઈને આમ-તેમ ફરતી પહેરો ભરી રહી હતી. શિવજી અને આસુરિ મુનિને અંદર પ્રવેશતાં જોઈ દ્વારપાલિકાઓએ રોક્યા, એવું કહીને કે અમે કોટિ-કોટિ ગોપિકાઓ કૃષ્ણાજ્ઞાથી આ વૃંદાવનની રક્ષા કરીએ છીએ. અહીં એકમાત્ર પુરૂષ માત્ર કૃષ્ણ જ છે, તેથી આપ ત્યાં ન જઈ શકો, અહીં તો કેવળ ગોપીઓને જ નિર્દ્વન્દ્વ પ્રવેશ છે, તેથી શિવજી અને આસુરિ મુનિ એક વાર દર્શન પ્રાપ્ત કરવા માટે આજીજી કરવા લાગ્યા. ગોપીઓએ તેનો ઉપાય બતાવતા કહ્યું કે આપ બંને આ માનસરોવરમાં સ્નાન કરો, જેનાથી આપને દિવ્ય ગોપીરૂપની પ્રાપ્તિ થશે અને દર્શન પણ સહજ થઈ જશે. ત્યારે બંનેએ આ જ માનસરોવરમાં સ્નાન કરીને દિવ્ય ગોપી રૂપ પ્રાપ્ત કર્યું. માત્ર પુરાણો જ નહીં બલ્કે વ્રજવાસીઓ પણ આ લીલાનું ગાન કરે છે-

વૃન્દાવન રાસ રચાયો શિવ ગોપી બનકે આયો ।
ભોલે બન ગયે નર તે નાર ભજે જા રાધે રાધે ।
રાધે અલબેલી સરકાર રટે જા રાધે રાધે ।

ગોપી વપુથી શિવજી અને આસૂરિ મુનિ બંનેનો રાસસ્થળમાં પ્રવેશ થયો. માધવી લતાઓનું એ નિકુંજ સદન જે વિવિધ સુગંધી સુમનોથી આચ્છાદિત હતું.

''યમુનારત્નસોપાનતોલિકાભિર્વિરાજિતે''

(ગ.સં.વૃ.ખ.૨૫/૧૦)

તપન-તનયા-યમુનામાં રત્નમય સોપાનની શોભા વિદ્યુચ્છટાને પણ મહાત કરી રહી હતી. નંદનકાનનને પણ હેય બનાવનારા આ ચિન્મય વૃંદાવનધામનું બંનેને નિરાવરણ દર્શન સુખ પ્રાપ્ત થયું. નીલ કલ્લોલિનીનું નિર્મલ જળ તો નીલમણિ સમાન ચમકી રહ્યું હતું. તટ પર સમલંકૃત સખી સમુદાય, મંજરીઓના મંડળથી પરિવૃત રાસ

માટે પ્રસ્તુત હતું. એટલામાં આ બંને નવીન વનિતાઓ રાસેશ-રાસેશ્વરી સમક્ષ પહોંચી. બંનેએ બંનેના અતિશય મૃદુલ અંગ સંસ્થાનના દર્શન પ્રાપ્ત કર્યા. કોઈપણ હૃત્પટલ આ નીલ-પીત દંપતિના અચિન્ત્યાનન્ત માધુર્યના અપાર પારાવારનું એક તણખલું પણ ગ્રહણ કરી લે તો તેનું અહોભાગ્ય છે. નવીન મેઘ સમાન નીલાભ વ્રજરાજ કિશોરનું આ શ્યામલ કલેવર અને તેના પર પિંગલ-દુકૂલની શોભા વિશે કંઈ પણ કહેવું એ તો શ્રુતિ, વાગ્વાદિની અને સહસાનન શેષ માટે પણ સર્વથા અક્ષમ છે. માનસ ભાવાપન્ન-માનસ મોદિની, નિત્ય-નવ નિકુંજવિહારિણી, કનક-દર્પકામોચિની કાન્તિમતી શ્રીરાધાનું અવર્ણનીય મહાલાવણ્ય તો બંનેને અનંત આનંદભાર્ગવના અતલ-તલમાં લઈ ગયું.

વંશીધરં પીતપટં વેત્રપાણિં મનોહરમ્ ।
શ્રીવત્સાંકં કૌસ્તુભિનં વનમાલાવિરાજિતમ્ ।।

(ગ.સં.વૃ.ખ.૨૫/૧૭ઃ

હંસગામિની-રાધા, હંસગમનગતિ-શ્રીકૃષ્ણ રત્નમય રાસમંડળ પર વિરાજમાન છે. સૂર્યસમાન તેજસ્વી કરોમાં મુરલિકા વિધૃત છે. રેશમી પીત-પરિધાન ચમકી રહ્યું છે, બીજા કરમાં મનોહર લકુટ (છડી) છે. વક્ષ પર શ્રીવત્સનું ચિહ્ન છે.

કૌસ્તુભમણિની જોડી તો અત્યંત નિરાળી છે. નીલી ગૌર ગરદનમાં આજાનુલમ્બિની કમનીય વનમાળ ઝૂલી રહી છે.

કણન્નૂપુરમંજીરકાંચિકેયુરભૂષિતમ્ ।
હારકંકણબાલાર્ક્કકુંડલદ્વયમંડિતમ્ ।।

(ગ.સં.વૃ.ખ.૨૫/૧૮)

નૃત્ય મુદ્રામાં ઉભેલા લલિત ત્રિભંગ દેવના ચરણ-સરોજોમાં નુપૂર અને મંજીરા ઝંકૃત છે. એક તરફ નવ જલદ લલ્લા છે તો વામપાર્શ્વમાં દામિની લાલીજી છે. યુગલના અંગ-પ્રત્યંગમાં વિરાજેલા આભૂષણો જાણે વિવિધ વાદ્ય-ધ્વનિ કરી રહ્યા છે. શ્રીજીના પદાંબુજોમાં શબ્દાયમાન નુપૂર કમલકોષમાં ઉડતી ભ્રમરપંક્તિની જેમ ગણગણી રહ્યા છે. કમર પર લટકેલ કરધનનો સમૂહ રાજહંસોના કલરવ સમાન ગૂંજી રહ્યો છે. કરકમળની ચૂડીઓ ખનખન નિનાદ કરી રહી છે.

કારુણ્ય-કલ્લોલનીના નિર્મલ કપોલ પર શ્રુતિમંડનકારી કુંડળ નિર્ભય સંતાકૂકડી રમી રહ્યા છે. પૃથુ-વક્ષોજ પર હાર હાસ્ય વેરી રહ્યો છે. દર્શનાનંદમાં નિમગ્ન આસુરિ મુનિ અને મહાદેવે દિવ્ય સ્તવન કર્યું-

કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન્દેવદેવ જગત્પતે ।।
પુંણ્ડીકાક્ષ ગોવિન્દ ગરુડધ્વજ તે નમઃ ।
જનાર્દન જગન્નાથ પદ્મનાભ ત્રિવિક્રમ ।
દામોદર હૃષીકેશ વાસુદેવ નમોઽસ્તુ તે ।।

(ગ.સં.વૃ.ખ. ૨૫/૨૧.૨૨)

આ સ્થાન પર આ સ્તુતિનો પાઠ અત્યંત ફળદાયી છે, તેથી અવશ્ય કરવો જોઈએ.

ભાવાર્થ- ''હે પ્રભુ! આપ સાક્ષાત્ ભગવાન છો. ભૂમિનો ભાર હરવા માટે અને સજ્જનોના કલ્યાણ માટે આપ નંદસદનમાં પ્રકટ થયા છો.''

સ્તુતિથી પ્રસન્ન થઈ રાસેશ્વરે કહ્યું- ''હે શમ્ભો! હે આસૂરે! તમેં ૬૦,૬૦૦ વર્ષ સુધી નિરપેક્ષ રહીને તપ કર્યું છે. આવા અકિંચન ભક્ત મને પ્રાણોથી પણ વધુ પ્રિય હોય છે, હવે આપ બંને વરદાનરૂપે કંઈક માગો.'' અમિત દયા વર્ષિણી શ્રીજીએ પણ કહ્યું- ''હા, હા, શમ્ભો! આસુરે! શ્યામસુંદર ઠીક કહી રહ્યા છે. તમે કાંઈક માગો.'' ત્યારે બંનેને હાથ જોડીને કહ્યું-

નમોડસ્તુ ભૂમન્યુવયોઃ પદાબ્જે સદૈવ વૃન્દાવનમધ્યવાસ ।
ન રોચતેનોડન્યમતસ્ત્વદંઘ્રેર્નમો યુવાભ્યાં હરિરાધિકાભ્યામ્ ।।

(ગ.સં.વૃં.ખ.૨૫/૩૦)

''હે યુગલ રસરાજ! આપને પ્રણામ છે, આપના ઔદાર્યએ અમને વરદાન માગવા માટે વિવશ કર્યા છે. અમે બંને સદા-સર્વદા માટે વૃંદાવન વાસ ઇચ્છીએ છીએ. કૃપા કરીને વરદાન આપો.''

યુગલ સરકારે તથાસ્તુ કહી તેમને વ્રજવાસ આપ્યો-

નિકુઞ્જેપાર્શ્વે પુલિને વંશીવટસમીપતઃ ।
શિવોડપિ ચાસુરિમુનિર્નિત્યં વાસં ચકાર હ ।।

(ગ.સં.વૃં.ખ.૨૫/૩૨)

તે સમયથી વંશીવટ પાસે મહાદેવજી ગોપીશ્વર રૂપે વિરાજમાન છે. આજે પણ ગોપીશ્વર મહાદેવનું મંદિર દર્શનીય છે. આ જ પ્રાચીન વૃંદાવન છે.

ત્તતો માનસરોવર પ્રાર્થના મંત્ર :

મનોર્થ સિદ્ધિરુપાય સરસે માનસાહ્વયે ।
નમસ્તે તીર્થરાજાય દેવવૈમલ્યરૂપિણે ।।

માનસરોવરમાં શિવજીનો મનોરથ સિદ્ધ થયો. સમસ્ત મનોરથોને પૂર્ણ કરનાર તીર્થરાજ માનસરોવર સ્થાન ઘણું પાવન છે.

માનલીલા

માનસરોવરની માનલીલાને ચાચા વૃંદાવનદાસજીએ આ પદ દ્વારા મુખરિત કર્યું છે.

પુનિ-પુનિ લાલ ભાઁવરે લેત ।
કો જાનૈ ઈહિ માનસરોવર તટ ભૂલે ચિત ચેત ।।

માનસરોવર, શ્રીકૃષ્ણનું અતિ પ્રિય સ્થાન છે. વારંવાર શ્રીકૃષ્ણ માનસરોવર પર આવે છે. ક્યારેક શ્રીજી સાથે ફાગ રમવા માટે તો ક્યારેક તેમને મનાવવા માટે તો ક્યારેક તેમનાં દર્શન પામવા માટે આવે છે.

માનસર સોભા સંઘટ માઈ ।
જહાં કછુ હોત માન કો સંભ્રમ નાગરિ ગહત ભુરાઈ ।
અવની અમલ તહાં પ્રતિબિમ્બિત ગોરે તન પૈ છાઈ ।

એક વાર પ્રિયા-પ્રિયતમ બેઠા હતાં. અહીંની મણી-માણેકથી સમૃદ્ધ ભૂમિમાં શ્રીજીના ગૌર વર્ણ પર લાલજીનું વાદળી પ્રતિબિંબ પડ્યું અને લાલજીના નીલ કલેવર પર શ્રીજીનું ગૌર પ્રતિબિંબ પડ્યું. તે પ્રતિબિંબ જોઈને જ માનિની રિસાઈ ગયા.

સો પિય મુકુર માંહિ જબ લખિયત તબ હઠ કરત મહાઈ ।

શ્રીજી બોલ્યા- ''લાલજી! આ કોણ છે, જે આપના વક્ષ પર બેઠી છે?'' આ ભોળપણ જોઈને લાલજી બોલ્યા- ''પ્યારી જૂ! આ કોઈ અન્ય નાયિકા નથી, તે આપનું જ પ્રતિબિંબ છે, જે મારા વિગ્રહ પર દેખાઈ રહ્યું છે.'' શ્રીજી તો અત્યંત ભોળી છે, બોલ્યા- ''હું કેવી રીતે માનું?'' ત્યારે ઠાકુરજીએ તેમને વિશ્વાસ અપાવવા માટે એક યુક્તિ વિચારી. બોલ્યા- ''જુઓ રાધે! હું આપને આ માળા ધારણ કરાવીશ તો તે માળા અહીં મારા વિગ્રહ પર પણ આવી જશે, ત્યારે તો તમે માનશો કે વક્ષાસીન અન્ય કોઈ નહીં, આપ જ છો.''

શ્રીજી બોલ્યા- ''હા! માની લઈશ.''

તરત લાલજીએ એક વન્ય-સુમનમાળા શ્રીજીને ધારણ કરાવી. માળા પ્રતિબિંબમાં પણ આવી ગઈ. શ્રીકૃષ્ણ બોલ્યા- ''મેં સાચું જ કીધું હતું ને રાધે!''

હવે જોજો હું આપના ગળામાંથી માળા ઉતારીશ તો પ્રતિબિંબ પર પણ માળા નહીં રહે, કહીને માળા ઉતારી લીધી તો પ્રતિબિંબ પણ માળાવિહીન થઈ ગયું. હવે ભોળી રાધાજીએ રૂસણાં છોડી દીધા.

જબ ઉર કુસુમ દામ ઉર મોરત માન ચોર વસિ જાઈ ।

આ તો મારું જ પ્રતિબિંબ છે, એવો જ્યારે શ્રીજીને ભરોસો થઈ ગયો તો શ્રીજીના હત્પ્રાંગણમાંથી માનરૂપી (રિસામણાં) ચોર ભાગી ગયો અને મિલન થઈ ગયું.

તબ રસ રંગ બઢત-બઢત છિન-છિન પ્રતિ કુંજ સુભગ થલ આઈ ।
સર કે તીર લતા નિજ મંદિર કેલિ કરત મન ભાઈ ।
'વૃન્દાવન' હિત રૂપ જાઉં બલિ અલિ દૃગ વાંછિત પાઈ ।

હોળી લીલા

માનસરોવર પર શ્રીકૃષ્ણ સખીરૂપે રાધા-આરાધના કરે છે. આ લીલા રા.સુ. નિધિમાં પણ વર્ણવેલ છે-

कालिन्दीतटकुंजमंदिरगतो योगीन्द्रवद्यत्पदज्योतिर्ध्यानपरः
सदा जपति यां प्रेमाश्रुपूर्णो हरिः ।
केनाप्यद्भुतमुल्लासद्रतिरसानन्देन सम्मोहितः ।
सा राधेति सदा हृदि स्फुरतु मे विद्या परा द्वयक्षरा ।।

(રા.સુ.નિધિ. ૯૫)

યમુનાજીના તટે માનસરોવરની કુંજોમાં શ્રીકૃષ્ણ યોગીઓની જેમ બેઠા છે અને શ્રીજીનું ધ્યાન કરી રહ્યા છે. મુખથી રાધા.. રાધા... રાધા.. નામોચ્ચારણ અને નેત્રોમાં અવિરલ પ્રેમાશ્રુ વહી રહ્યા છે. એ પ્રેમાકર્ષણના અદ્‌ભૂત રસથી સંમોહિત થઈને ગૌરાંગી રાધા અનાયાસ શ્રીકૃષ્ણની સમીપે પહોંચી જાય છે. સંસારમાં જેટલા પણ મંત્રો છે તે સૌમાં રાધા નામ સર્વશ્રેષ્ઠ છે, જેને પરમવિદ્યા કહેવામાં આવી છે. સર્વપ્રથમ રાધા નામનો સતત જાપ કરનારી આરાધિકાનું દર્શન લલિતાજીને થાય છે.

નંદગ્રામ, બરસાનાની વચ્ચે સમાજ ગાયનમાં અહીંની હોરી (હોળી) લીલાનું વર્ણન આવે છે. અહીંની આ ઘણી વિલક્ષણ હોળી લીલા છે. એકાદશી પર માનસરોવરમાં શ્રી રાધાવલ્લભજીનો ગોસ્વામી સમાજ જઈને 'સમાજ ગાયન'માં આ પદ ગાય છે-

(રાસાચાર્ય શ્રી હિતઘનશ્યામજીની વાણીમાં માનસરની હોરી લીલા)

श्री ललित निकुंज बिहारी खेलत कुंज में ।
पिय कियैं सखी कौ रूप सखिनि के पुंज में ।

લાલજીએ છાપેદાર પાયજામો પહેરીને સંપૂર્ણ શ્રૃંગાર ફૂલોથી કર્યો છે. લલિતાજીએ જ્યારે આ નવી ગોપવનિતાને જોઈ, દોડીને શ્રીજી પાસે પહોંચી અને કહ્યું-

''वहि बारम्बार रटै रट राधा मंत्र कौं''

''હે રાધે! એક નવેલી ધ્યાનમાં બેસીને આપના નામનું સપ્રેમ ઉચ્ચારણ કરી રહી છે.''

રાધારાણીએ પૂછ્યું- ''ક્યાં છે એ?''

લલિતાજી બોલ્યાં-

मानसरोवर माँझ अरी सुनि न्हाई कैं ।
राधा कौ जाप जपै पानी में जाई कैं ।

''હે રાધે! માનસરમાં સ્નાન કરીને ત્યાં જ આપનું નામ જપી રહી છે.

તેરી મૂરતિ સોને કી અન્હવાઈ કેં ।
તાકૌ ચરનોદક લૈ ધ્યાન લગાઈ કેં ।।

તેણે આપની સ્વર્ણિમ પ્રતિમા બનાવી રાખી છે, તેને સ્નાન કરાવીને ભાવપૂર્વક આપનું ચરણજળ લે છે. અનેક પ્રકારે તે આપની પ્રતિમાની પૂજા કરે છે. અમૃતવત્ સુસ્વાદુ વ્યંજનોનો ભોગ ધરાવે છે. ભોગ ધરાવ્યા બાદ જ પોતે પ્રસાદ ગ્રહણ કરે છે.

''તેરી પ્રતિમા પહિરે કંઠી મેં પોહિ કેં''

આપની નાનકડી પ્રતિમા તેણે કંઠીમાં પહેરી રાખી છે, જે સદા તેના વક્ષનો સ્પર્શ પામતી રહે છે.

''વંશીધર કી સી નાંઈ બંશી બજાબઈ''

એટલું જ નહીં તે આપણા કાન્હાની જેમ જ બંસી પણ બજાવે છે. તેની બંસીના મધુરસ્યંદી સ્વરથી અચર-સચરના ગુણોમાં વિરોધાભાસ થઈ જાય છે.''

''ધૈનુ ચરેં ન ચલેં ન કરેં ત્રિનુ ખંડલી''

વેણુગીતમાં કહેવાયું છે-

शावाः स्नुतस्तनपयः कवलाः स्म तस्थु ।
गोविन्दमात्मनि दृशाश्रुकलाः स्पृशन्त्यः ।।

(ભા. ૧૦/૨૧/૧૩)

બંસીનો ઉન્માદક નાદ સાંભળીને વાછરડાં ઘાસ ચરવાનું ભૂલી જાય છે, મુખમાં જે દૂધ છે તે ન બહાર કાઢી શકે છે ન પી શકે છે. જડ સ્થિતિમાં આવી ગયા છે.

શ્રીજીએ પૂછ્યું- ''લલિતા! તેની અવસ્થા શું છે?'' તો લલિતાજીએ કહ્યું-

વૈસ કિશોર ઉન્હારિ શ્રી નંદકિશોર કી ।
અઁખિયાં બડડી સુખ દૈની પૈંની કોર કી ।।

''મોટી-મોટી કમળ જેવી ચપળ આંખો છે, જેને જોઈને લાગે છે કે જાણે ખંજન પક્ષી નૃત્ય કરી રહ્યા હોય.

હે લાડલીજી! જો આપ નેત્રસુખ ઇચ્છતા હોય તો એકવાર તેને નિહારી લો.''

જો સુખ ચાહૌ નેંનનિ તૌ સુખ દીજિયે ।
ચલિ પ્રેમ પિયૂષ મયૂષ પિવૌ પી જીજિયે ।।

આ સાંભળીને શ્રીજીના કોમળ ગાત્રો પુલકિત થઈ ઉઠ્યા.

બાત સુને રોમાંચ કિશોરી કે ભયો ।
વૃષભાનુ લલી લલિતાહિ હાર હિય કૌ દયૌ ।।

પ્રસન્નવદના શ્રીજીએ પોતાના ગળાનો હાર ઉતારીને લલિતાજીને આપ્યો.

પ્રેમ ચલે ભરિ નૈંન મેંન રસ મેં સનેં ।
ટપકે અસુવા મનુ કંજનિ ને મોતી જનેં ।।

નેત્રોથી અવિરામ પ્રેમાશ્રુ વહેવા લાગ્યા. એ પ્રેમાશ્રુબિંદુઓ જ્યારે ઉન્નત વક્ષોજ પર પડ્યા તો એવું લાગ્યું જાણે કમળમાંથી મોતી ઉત્પન્ન થઈ રહ્યા છે.

શ્રીજીના નેત્રો કમળ છે અને અશ્રુબિંદુઓ મોતી છે.

''સખી અંશ ભુજા ગતિ હંસ ચલી ગજ ગામિની''

ગજગામિની શ્રીજી રાધારાધિકાના દર્શન મિલન માટે ચાલ્યા. માનસરોવરના તટે આવીને એ આરાધિકાની સાથે શ્રીજીએ હોળીક્રીડા આરંભ કરી દીધી.

''વાલ તમાલનિ બીચ ગુલાલ ઉડાવહીં''

વાદળી-પીળો-લીલો-રતુંબડો જેવા વિવિધ રંગોથી સંપૂર્ણ ગગન રંજિત થઈ ગયું.

'' ચાહતિ બાલ તમાલ લતાનિ ઉઠાઈ કેં ''

તમાલ જે બંનેનું નિરાવરણ મિલન થવામાં બાધા ઉત્પન્ન કરી રહ્યું હતું, શ્રીજીએ તેને પકડીને હટાવી દીધું અને પછી તો બંનેનું એવું મિલન થયું-

''મનુ હેમ લતા લપટી નવ સાઁવલ કંજ સોં''

જાણે કોઈ સ્વર્ણલતા નીલકમલને લપેટાઈ ગઈ હોય. શ્રીજી તેના સ્વરૂપને જોઈને ચકિત હતા.

તેમણે પૂછ્યું-

કૌન તિહારૌ નામ કહાઁ તેરો ગાઁવ રી ।
તેં મેરૌ મન મોહ્યૌ રી સખી સાઁવરી ।।

''અરે સખી! તારું નામ શું છે? તારી ધન્ય જન્મધરા કઈ છે? તારા રૂપે મને યંત્રિત કરી લીધું છે.'' ત્યારે તે બોલી-

સ્યામા મેરૌ નામ ગાઁવ જહાઁ નન્દ કૌ ।
સખિ મેરેં તેરૌ ધ્યાન ચકોર જયોં ચંદ કૌ ।।

''અરે સખી! મારું નામ શ્યામા છે અને ગ્રામ તો એ જ છે, જ્યાં નંદબાબા રહે છે એટલે કે હું નંદગ્રામની છું પરંતુ ચંદ્રચકોરની જેમ મારો તારા પર વિશેષ પ્રેમ છે.''

ત્યારબાદ સખી-સમૂહ બંનેને લઈને બંશીઘાટ પર આવ્યો અને ત્યાં બંશીઘાટ પર બંનેના પીતાંબર-નીલાંબરમાં ગાંઠ લગાવીને સખીઓએ વિવાહગીતો અને ફટાણાં ગાયા.

શ્રી બ્રજનારિ ધમારનિ ગારિનિ ગાવહીં ।
ઠૌરનિ-ઠૌરનિ કૌકિલ ફાગ મનાવહીં ।।
હૌં બલિહારી જાઁઉ વિહારિનિ નામ કે ।
નિત્ય વિહાર કૌ હાર કંઠ 'ઘનશ્યામ' કે ।।

(હિતઘનશ્યામકૃત શ્રૃં.ર.સા.પદ.સં.-૨૪)

પાની ગ્રામ

શેષજીને ફણિ કહેવાય છે. જ્યારે બાલ કૃષ્ણને લઈ વસુદેવજી મથુરાથી ગોકુળ જવા લાગ્યા ત્યારે વરસાદ વરસી રહ્યો હતો. તેમના પર છત્ર ધરાવવા શેષજી અહીંથી જ ચાલ્યા હતા. મથુરાથી છત્ર ધરાવી ગોકુળ તરફ ગયા હતા. ફણિ ગ્રામનો અપભ્રંશ જ પાનીગ્રામ છે. અહીં આજે પણ કેટલાય ઝેરી રોગોની ચિકિત્સા થાય છે, જે પ્રાચીનકાળથી ચાલી આવે છે.





માન સરોવર - માન લીલા

અધ્યાય-૪૨

શ્રી વૃન્દાવન

શ્રીવૃંદાવનધામ-રસસ્વરૂપ, પ્રેમસ્વરૂપ, અપ્રતિમ એવા આ ચિન્મય ધામનું માહાત્મ્ય નિશ્ચિત જ અત્યંત માધુર્યમય, રહસ્યમય અને અનિર્વચનીય છે અને તેથી જ સુરગુરુ બૃહસ્પતિના શિષ્ય, યાદવરાજ સભાના મંત્રી, શ્રીકૃષ્ણના પરમ સખા-ઉદ્ધવ નામથી સુશોભિત થનારને પણ જરૂર પડી વૃંદારણ્યના તરૂ, પુષ્પ, લતા, તૃણ, પત્ર-પાષાણ બનવાની-

આસામહો ચરણરેણુજુષામહં સ્યાં
વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા
ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ।।

(ભા.૧૦/૪૭/૬૧)

એટલું જ નહીં સૃષ્ટિકર્તા ભગવાન નારાયણના નાભિકમળથી સમુદ્ભુત બ્રહ્માજી તો ત્યાં સુધી કહે છે- ''આ વૃંદાટવીમાં કોઈપણ યોનિ પશુ-પક્ષી, કીટ-પતંગ, જડ-વૃક્ષ વગેરેમાં મારો જન્મ થઈ જાય, તે મારા માટે અત્યંત સૌભાગ્યની વાત હશે.''

તદ્ભૂરિભાગ્યમિહ જન્મ કિમપ્યટવ્યાં ।
યદ્ગોકુલેડપિ કતમાઙ્ઘ્રિરજોડભિષેકમ્ ।

(ભા.૧૦/૧૪/૩૪)

વૃન્દાવનસ્ય સંયોગાત્પુનસ્ત્વં તરુણી નવા ।
ધન્યં વૃન્દાવનં તેન ભક્તિર્નૃત્યતિ યત્ર ચ ।।

(ભા.મા.૧/૬૧)

પ્રેમના શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને માધુર્ય- આ તમામ રસોનું સાક્ષાત્ સ્વરૂપ, ધન્ય છે આ ૨૦ કોસીય વૃંદાવન.

અહીંનો વાસ ઉદ્ધવે માગ્યો, બ્રહ્માજીએ માગ્યો, શિવજી તો અહીં આસન જમાવીને બેઠા છે. ક્યાંક ગોપીશ્વર બનીને તો ક્યાંક વ્રજેશ્વર, ક્યાંક આસેશ્વર, ક્યાંક ચકેશ્વર.

કેમ ન હોય, ૨૦ કોસનું આ ક્ષેત્ર જે વૃંદાવનની સંજ્ઞાથી શોભિત છે, સ્વયં કૃષ્ણ-બલરામને પણ અત્યંત પ્રિય છે-

વૃન્દાવનં ગોવર્ધનં યમુનાપુલિનાનિ ચ ।
વીક્ષ્યાસીદુત્તમા પ્રીતી રામમાધવયોર્નૃપ ।।

(ભા.૧૦/૧૧/૩૬)

વ્રજવાસી ગણોનું જ્યારે વૃંદાવન ગમન થયું તો વૃંદાવનનું લીલુંછમ વન, અત્યંત મનોહર ગોવર્ધન પર્વત અને યમુના નદીના સુંદર-સુંદર ભીના તટને જોઈ ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામના હૃદયમાં ઉત્તમ પ્રીતિનો ઉદય થયો. એટલે કે તેમના મનને આ ઘણું જ પ્રિય લાગ્યું.

અરે! સાંભળીને ચોંકી ના જશો, જે સમયે સૃષ્ટિકર્તા બ્રહ્માએ પ્રાર્થના કરી પ્રભુને ભૂતળ પર આવવા માટે, તો લાલજીએ પ્રિયાજીને કહ્યું- આપના વિના તો કોઈપણ લીલાની સિદ્ધિ સંભવ નથી, તેથી આપ પણ પધારો, તો શ્રીજીએ ચોખ્ખી ના પાડી દીધી. કારણ?

કારણ પોતે જ બતાવતાં કહ્યું-

યત્ર વૃન્દાવનં નાસ્તિ યત્ર નો યમુના નદી ।
યત્ર ગોવર્દ્ધનો નાસ્તિ તત્ર મે ન મનઃ સુખમ્ ।।

(ગ.સં.ગો.ખં.૩/૩૨)

જ્યાં વૃંદાવન ન હોય, યમુના ન હોય, ગોવર્ધન ગિરિ ન હોય, ત્યાં મારા મનને સુખ ક્યાંથી મળવાનું હતું? ત્યારે શ્રી ઠાકુરજીએ-

વેદનાગક્રોશભૂમિં સ્વધાસ્મ્નઃ શ્રીહરિ સ્વયમ્ ।
ગોવર્દ્ધનં ચ યમુનાં પ્રેષયામાસ ભૂપરિ ।।

(ગ.સં.ગો.ખં.૩/૩૩)

નિત્યધામથી ૮૪ કોસ વ્રજભૂમિ, ગોવર્ધન પર્વત, શ્રી યમુનાજીને આ ધરાતળ પર મોકલ્યા.

આજે વ્રજને લોકોએ ઘણું સીમિત કરી દીધું છે, બૃહદ્ ગૌતમીય તંત્રમાં વૃંદાવનનું ક્ષેત્ર ૫ યોજન એટલે કે ૨૦ કોસનું દર્શાવવામાં આવ્યું છે- **પઞ્ચયોજનમેવાસ્તિ વનં મે દેહરૂપકમ્**-એટલે કે ૨૦ કોસ વૃંદાવન મારું શરીર સ્વરૂપ છે.

ધ્યાન આપો- શ્રી વૃંદાવન માત્ર તીર્થ નથી, ભગવાનનું નિજધામ કે નિજગૃહ જ નહીં બલ્કે-

વૃન્દાવિપિનરમ્યાય ભગવદ્વાસહેતવે ।
પરમાહ્લાદરૂપાય વૈષ્ણવાય નમો નમઃ ।।

(પ.પુ.)

એ તો શ્રી ભગવાનના પરમ વૈષ્ણવો છે. અત્યંત રમણીય વનો છે. ભગવાનના પૃથ્વી પર અવતારનાં કારણો છે, તેમને માત્ર તીર્થો માની લેવા કે તીર્થની દૃષ્ટિએ જોવાં, તેમનું અપમાન કહેવાશે. આમ પણ શ્રીકૃષ્ણ અને તેમનું ધામ, દેખીતી રીતે અભિન્ન છે

અને તેમાં પણ આ તો વૃંદાવન.. ધન્ય છે... ધન્ય છે જ્યાંના અધિષ્ઠાત્રી દેવી સ્વયં શ્રી લાડલીજી છે. વૃંદાવનનું નામ પડવાના કેટલાંય કારણો છે-

વૃન્દાવન નામ શા માટે ?

કારણ - ૧

બ્રહ્મવૈવર્ત પુરાણ અનુસાર તો સતયુગમાં પરમ ઉદાર યશસ્વી ધર્માત્મા રાજવી થયા છે કેદાર, જેમની કન્યા હતી- વૃંદા. તે લક્ષ્મીજીનો અંશ હતી. મહર્ષિ દુર્વાસાજી પાસેથી તેમણે 'શ્રી હરિમંત્ર' પ્રાપ્ત કર્યો અને ૬૦ હજાર વર્ષો સુધી આ નિર્જન વનમાં તપ કર્યું, જે ઉગ્ર તપના પ્રભાવે તે શ્રીકૃષ્ણ સાથે ગોલોકમાં ગયા અને ત્યાં શ્રી રાધારાણી સમાન શ્રેષ્ઠ સૌભાગ્યશાલિની ગોપી થયાં. વૃંદાએ જ્યાં તપ કર્યું, તે જ આ સ્થાન છે. દીર્ઘકાળ સુધી વૃંદાની તપોભૂમિ રહેવાને કારણે આ સ્થાનનું નામ 'વૃંદાવન' પડ્યું.

કારણ-૨

રાજા કુશધ્વજની કન્યાનું નામ હતું- વેદવતી અને ધર્મધ્વજની કન્યાનું નામ હતું- વૃંદા. બંને ધર્મશાસ્ત્રના જ્ઞાનમાં નિપુણ હતી. વેદવતીએ તપ દ્વારા નારાયણને પ્રાપ્ત કરી લીધા, જે જનકનંદિની સીતા નામથી સર્વત્ર વિખ્યાત છે. શ્રીહરિને પતિરૂપે પામવાની ઉત્કંઠા તો તુલસીને પણ હતી, પરંતુ દુર્વાસાજીના શ્રાપને કારણે તેણે શ્રીહરિને સ્થાને કૃષ્ણ અંશ શંખચૂડને પ્રાપ્ત કર્યો, ત્યારબાદ પરમ મનોહર કમલાકાંત નારાયણ પણ તેને વલ્લભરૂપે પ્રાપ્ત થયા. ભગવાન શ્રીહરિના શ્રાપથી દેવેશ્વરી તુલસી વૃક્ષ સ્વરૂપે પ્રકટ થઈ અને તુલસીના શ્રાપથી શ્રીહરિ શાલિગ્રામ શિલા બની ગયા તેથી એ તુલસીની તપસ્યાનું પણ આ એક સ્થાન છે, તેથી મનીષીગણ તેને વૃંદાવન કહે છે- કારણકે તુલસી અને વૃંદા સમાનાર્થી શબ્દો છે.

કારણ - ૩

અહીંની અધિષ્ઠાત્રી વૃન્દા દેવી છે અને અધિષ્ઠાતા ગોવિંદદેવ છે, તેથી પણ આ વનનું નામ વૃંદાવન પડ્યું-

વૃન્દાદેવી સમેતાય ગોવિન્દાય નમો નમઃ ।
લોક કલ્મષનાશાય પરમાત્મસ્વરૂપિણે ।

(બ્ર.ભ.વિ.)

તે સિવાય- વૃંદ કહેવાય છે 'સમૂહ'ને, પૂજ્ય જીવ ગોસ્વામીજીએ લખ્યું છે કે- 'વૃંદા અવતીતિ' જે સમૂહોનું પોષણ કરે છે, 'સમૂહ'નો અર્થ- ગાયોનો સમૂહ, ગોપોનો સમૂહ, લતા-વૃક્ષોનો સમૂહ. આ વાત ભાગવતમાં પણ સુસ્પષ્ટ છે-

વનં વૃન્દાવનં નામ પશવ્યં નવકાનનમ્ ।
ગોપગોપીગવાં સેવ્યં પુણ્યાદ્રિતૃણવીરુધમ્ ।।

(ભા.૧૦/૧/૨૮)

હવે 'વૃંદકાનન' નામ હોવાનું સુપુષ્ટ અને શ્રેષ્ઠ કારણ કદાચ આ કારણથી વધુ જિજ્ઞાસા ન થાય, તેમાં આ કાનનની ભરપૂર મહિમા નિહિત છે.

કારણ-૪

વૃંદાવન નામ એટલા માટે પડ્યું-

રાધાષોડશનામ્નાં ચ વૃન્દાનામ શ્રુતૌ શ્રુતમ્ ।
તસ્યાઃ ક્રીડાવનં રમ્યં તેન વૃન્દા વનમ્ સ્મૃતમ્ ।।

(બ્ર.વૈ.કૃ.જ.ખ.૧૭/૨૧૭)

શ્રી રાધારાણીના હજારો નામોમાં શ્રેષ્ઠ છે 'ષોડશ નામ' અને એ ષોડશ નામોમાંથી તેમનું એક પવિત્ર નામ છે- વૃંદા, જે શ્રુતિમાં પણ સાંભળવામાં આવેલ છે, તો એ 'વૃંદા'નામધારિણી શ્રી રાધાજીનું આ રમણીય ક્રીડાવન છે, તેથી તેને 'વૃંદાવન'ની સંજ્ઞા આપવામાં આવી છે. પૂર્વકાળમાં શ્રીકૃષ્ણએ પણ રાધાના પ્રેમને ખાતર ગોલોકમાં વૃંદાવનનું નિર્માણ કર્યું, પછી ભૂતલ પર તેમની ક્રીડા માટે તે પ્રકટ થયું.

શ્રીજી વૃંદાવનની અધિષ્ઠાત્રી છે, તેથી ષોડશ નામાવલીમાં તેમનું એક નામ વૃંદાવની પણ છે, અરે કેટલુંક બતાવીએ મત્સ્યપુરાણમાં તો એવો પણ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે-

''રાધા વૃન્દાવનેવને''

એટલે કે રાધા જ વૃંદાવન છે, વૃંદાવન એ જ રાધા છે, પરસ્પર અભિન્ન છે બંને. જ્યારે વૃંદા અને વૃંદાવન અભિન્ન છે, તો હવે ભક્તવૃંદ માટે તેની મહિમા અંગે વધુ કાંઈ જાણવાની આવશ્યકતા રહેતી નથી. શ્રીકૃષ્ણ તો અખિલ ચિદાનંદ રસોથી આપ્લાવિત મધુર વૃંદાવનને છોડીને ક્યારેય અન્યત્ર જવાની ઇચ્છા નથી કરતા-

''વૃન્દાવનં પરિત્યજ્ય પાદમેકં ન ગચ્છતિ''

(પ.પુ.)

અથવા

નારદ ઉવાચ-

तस्मिन वृन्दावने पुण्यं गोविन्दस्य निकेतनम् ।
तत्सेवकसमाकीर्णं तत्रैव स्थीयते मया ।।

(સ્ક.પુ.મ.ખ.)

અથવા

वृन्दावने च गोविन्दं ये पश्यन्ति वसुन्धरे ।
न ते यमपुरं यान्ति यान्ति पुण्यकृतां गतिम् ।।

(આ.વા.પુ.)

શ્રી વૃંદાવન માયાતીત, કાલાતીત ધામ છે. વ્રજરસિક શિરોમણી વ્યાસજીએ કહ્યું-

वृन्दावन की शोभा देखत मेरे नैन सिरात ।
कुँज निकुँज पुँज सुख बरसत हरषत सब के गात ।
राधा मोहन के निजमंदिर महाप्रलय नहिं जात ।
ब्रह्मा ते उपज्यों न अखंडित कबहूँ नाहिं नसात ।
फणि पर रवितर नहिं विराट महँ नहिं सन्ध्या नहिं प्रात ।
माया काल रहित नित नूतन सदा फूल फल पात ।
निर्गुण सगुण ब्रह्म ते न्यारो विहरत सदा सुहात ।
'व्यास' विलास रास अद्भुत गति निगम अगोचर बात ।

આ સંપૂર્ણ વૃંદાવન અમારા કનૈયાનું ક્રીડાસ્થળ છે, તેના ચરણોથી ચિન્હિત છે.

વેણુગીતથી પણ આ જ ભાવ સ્પષ્ટ થાય છે-

वृन्दावनं सखि भुवो वितनोति कीर्तिं ।
यदु देवकी सुत पदाम्बुजलब्धलक्ष्मि ।।

(ભા.૧૦/૨૧/૧૦)

(એક ગોપવધૂટી બીજીને કહી રહી છે) ''અરે સખી! આ વૃંદાવન વૈકુંઠથી પણ વધુ પોતાની કીર્તિને વ્યાપક કરી રહ્યું છે કારણકે યશોદાનંદન શ્રીકૃષ્ણના ચરણકમળોના ચિન્હોને પોતાના અંકમાં ધારણ કરીને અત્યંત સુશોભિત થઈ રહ્યું છે, એટલે કે અહીનો કણ-કણ આપણા કનૈયાના શ્રીચરણોથી ચિન્હિત્ છે, જ્યાં આજે પણ તે નિત્ય નૂતન લીલા કરી રહ્યા છે.''

કાલિય મર્દન લીલા

કાલીદહ-આદિત્ય ટીલા-પ્રસ્કંદન ઘાટ- આજે કનૈયો ન જાણે શું કરશે? રમવા તો ગયો છે ગોપબાળકો સાથે પરંતુ દાઉ ભૈયા પણ સાથે નથી, ગાયો અને ગ્વાલમંડળી સાથે કાલિંદીના તટે લીલા પ્રારંભ થઈ ચૂકી છે, ગ્રીષ્મ ઋતુ, મધ્યાહ્નનો સમય, સૂર્ય પણ સીધો થઈ ગયો છે, કાલિંદી સિવાય ન કોઈ સરોવર છે ન કોઈ ઝરણું. ગાયોને, ગ્વાલબાળોને તરસ લાગી રહી છે. કાલિંદીના આ તટ પર તો માત્ર એક જ કદંબ તરૂ છે-

ગૃહીત્વાડમૃતપાત્રં હિ માર્ગે ગચ્છન્ ગરુત્મતા ।
કદમ્બે કલશં ન્યસ્ય યમુનાતીર ગો વિરાટ્ ।।

(મત્સ્યપુરાણ)

જેના પર ગરૂડે કેટલાક સમય માટે અમૃતકુંભ મૂકી રાખ્યો હતો, તેથી કાલીયના પ્રચંડ વિષથી પણ તે બળ્યો નહીં. આ વૃક્ષ સિવાય અન્ય ક્યાંય છાંયો પણ દેખાતો નથી, ભદ્રએ બૂમ પાડી-'ઘોષ, મધુમંગલ, શ્રીદામા ચાલો યમુનાનું પાણી પીને તરસ છિપાવીએ.'' પાણી પીતાં જ સૌ ગાયો, ગ્વાલો નિષ્પ્રાણ થઈને પડી ગયા.

(શ્રીકૃષ્ણએ જોયું અને બોલ્યા) ''અરે! આ શું... બાળકો નિર્જીવ થઈ ગયા?''

આ તો કાલિંદીમાં રહેનારા કાલિયાના ઝેરની કરતૂત છે, ઠીક છે આજે એ ઝેરી જળને નિર્વિષ કરીને જ જંપીશ.'' એક તરફથી અમૃતમયી દૃષ્ટિ ફેરવી ગાયો, બળદો, વાછરડાંઓ અને ગોપકુમારો પર. બસ પછી શું હતું સૌ એવી રીતે ઉભા થયા જાણે ઉંઘમાંથી ઉઠ્યા હોય. (એકબીજાની તરફ જોતાં) ઓહ! તો અમારા કાનાએ અમને જીવતાં કર્યા છે. વાહ કનૈયા!! વાહ!! કૃષ્ણ વિચારી રહ્યા છે- યમુનાજળનું શોધન કેવી રીતે કરું? કયું બહાનું કરું કે અંદર કૂદી શકું? કોઈને કોઈ બહાનું તો જોઈશે જ (હાથ મસળતાં) અચાનક મુખ પર પ્રસન્નતા ઝળકી ઉઠી અને મુખેથી નિકળ્યું- મળી ગયું બહાનું.

સૂરદાસજી આ બહાનાને અહીં ઉદ્‌ઘાટિત કરી રહ્યા છે-

શ્યામ સખા કો ગેંદ ચલાઈ ।
શ્રી દામા મુરિ અંગ બચાયો ગેંદ પરયો કાલીદહ જાઈ ।।
ધાઈ ગહ્યો તબ ફેંટ શ્યામ કી દેહુ ન મેરી ગેંદ મઁગાઈ ।।
ઔર સખા જિનિ મોકો જાનો મોસોં જિનિ તુમ કરૌ ઢિઠાઈ ।।
જાનિ બૂઝિ તુમ ગેંદ ગિરાયો અબ દીન્હે હી બનૈ કન્હાઈ ।।
'સૂર' સખા સબ હંસત પરસ્પર ભલી કરી હરિ ગેંદ ગિરાઈ ।।

(સૂરસાગર)

મારદડીની રમત શરૂ થઈ ચૂકી છે. સાવધાન રહો... ઘણા થોડા સમય માટે જ ચાલવાની છે. આગળ તો બીજું જ લક્ષ્ય પૂર્ણ કરવાનું છે. એક-બીજા તરફ દડી ફેંકવામાં

આવી રહી છે, હવે કનૈયાનો વારો છે, લે શ્રીદામા! પકડ... (દડી ફેંકી) બિચારો શ્રીદામા પોતાને બચાવવા ગયો, એટલામાં દડી ગઈ કાલિન્દીમાં, બસ પછી તો પૂછવું જ શું... ફેંટ પકડી લીધી કૃષ્ણની- ''લાવ કનૈયા! મારી દડી આપ.. દડી આપ... નહીં આપે?'' (કૃષ્ણ હસતાં-હસતાં) ''દડી શું મારી ફેંટમાં છે તો આપું?'' વિચારી રહ્યા છે- દડી પણ લાવવાની છે અને કાલિન્દીને કાલીયરહિત પણ કરવી છે, બસ ચઢી ગયા કદંબ પર અને ત્યાંથી જ બૂમ પાડી- ''શ્રીદામા! દડી લાવું છું.'' (કદંબની સૌથી ઊંચી ડાળ પર કૃષ્ણને જોઈ સખાઓએ બૂમ પાડી), 'કાન્હા...! કનૈયા...! માધવ...! ગોપાળ! એ બાજુ ન જા, પાછો વળ, કનૈયા! મારે દડી નથી જોઈતી.'' શ્રીદામાએ પણ બૂમ પાડી પરંતુ દડી તો બહાનું માત્ર છે, લક્ષ્ય તો કંઈક બીજું જ છે, એ લક્ષ્યને પૂર્ણ કરવા માટે જેવા કૂદ્યા કે ગ્વાલબાળોના હૃદય ધક્ક કરતાં અટકી ગયા અરેડડડડડ! કનૈયાડડડ!!

કાલિન્દીનું જળ ૪૦૦ હાથ દૂર-દૂર સુધી ફેલાઈ ગયું જાણે કૃષ્ણનું આલિંગન કરવા કાલિન્દી ઉપરની તરફ ઉછળી, પહેલા કૃષ્ણ ઉપર અને કાલિન્દી નીચે હતી, હવે કાલિન્દી ઉપર અને કૃષ્ણ નીચે તેના હૃદયમાં પહોંચી ગયા.

सर्पह्रदः पुरुषसारनिपातवेगसंक्षोभितोरगविषोच्छ्वसिताम्बुराशिः ।
पर्यक् प्लुतो विषकषायविभीषणोर्मिर्धावन् धनुःशतमनन्तबलस्य किं तत् ।।

(ભા.૧૦/૧૬/૦૭)

નિદ્રાધીન કાલીય પર એક ઠોકરનો આઘાત કર્યો, ઉઠ! ફેણ ફુફવતો કાલીય ઉઠ્યો, તેના ક્રોધને જોઈને તો એવું લાગે છે જાણે હવે આખી સૃષ્ટિને પોતાના કોળિયામાં સમાવી લેશે. સો ફેણ છે, વારંવાર કનૈયાના મર્મ અંગો પર ડંખ મારી રહ્યો છે, દુષ્ટ ક્યારેક જકડી લે છે, તો ક્યારેક હુમલો કરવાનો પેંતરો રચે છે, ગાય ગ્વાલો નિષ્પ્રાણ પડ્યા છે પરંતુ ચિંતા નહીં, બંને બરાબરના બળિયા છે. કેટલાક ગ્વાલબાળોની તો આ ભીષણ દૃશ્યને જોઈને શ્વાસગતિ અવરૂદ્ધ થઈ ગઈ છે, કેટલાક પડતાં-ઉઠતા, દોડતા સીધા નંદભવન પહોંચી ગયા છે; બોલવાનો પ્રયાસ કરે છે પરંતુ મુખથી સીધા શબ્દો પણ નથી નીકળી રહ્યા- હું ડ ડ યા, કડ ડ ડ નૈયો, કા..ડ ડ લિન્દી....

हाईहाई करि सखनि पुकारयो ।
गेंद काज यह करी श्री दामा नन्दमहर को ढोटा मारयो ।

(અમંગળ સૂચક અપશુકનો પણ થવા લાગ્યા છે.)

યશુમતિ ચલી રસોઈ ભીતર તબહિ ગ્વાલિ એક છીંકી ।।
ઠિઠકિરહી દ્વારે પર ઠાઢી બાત નહીં કછુ નીકી ।
આઈ અજિર નિકસી નઁદરાની બહુરો દોષ મિટાઈ ।
મંજારી આગે દૈ નિકસી પુનિ ફિરિ આઁગન આઈ ।
વ્યાકુલ ભઈ નિકસિ ગઈ બાહિર કહાઁ ધૌં ગયો કન્હાઈ ।
બાંયો કાગ દહિન ખર સૂકર વ્યાકુલ ધર ફિરિ આઈ ।
ખન ભીતર ખન બાહિર આવતિ ખન આઁગન ઈહિ ભાઁતિ ।
'સૂરશ્યામ' કો ટેરત જનની નેક નહીં મન શાંતિ ।

(સૂરસાગર)

વ્રજરાણી વ્યાકુળ છે કે આજે જેવી હું રસોઈમાં ગઈ, તુંગી તાઈને છીંક આવી ગઈ, હાંડીમાંથી દહીંનું વાસણ નીચે પડી ગયું, આજે સૂર્યનો કઠોર તાપ પણ મલિન થવા લાગ્યો, કૂતરાં રડી રહ્યાં છે, કોઈનું જમણું અંગ ફડકે છે, કોઈનું ડાબું. એક-એક કરીને સૌ વ્રજવાસીગણ નંદભવન તરફ દોડતાં આવે છે અને સૌના મુખ પર એક જ પ્રશ્ન છે- ''આમારો નીલમણિ ક્યાં છે?

નંદરાણી! ઓ નંદરાણી! શું થયું કંઈ બોલતાં કેમ નથી... યુવરાજ ક્યાં છે અરે દાઉ તો અહીં જ છે, તો કનૈયો એકલો ક્યાં ચાલ્યો ગયો? હા-હા, મૈયા કનૈયો ક્યાં છે? અબાલવૃદ્ધ સૌનું મન એક જ જગ્યાએ છે- કૃષ્ણમાં. મૈયા તો કોઈની તરફ જોઈ પણ નથી રહી, બસ ભવનથી નિકળીને સીધી દોડવા લાગી, ક્યાં જઈ રહી છે, એ તો સ્વયંને પણ નથી ખબર, પછી કૃષ્ણના પદચિન્હો જોયા, તેના સહારે જ આંખો બંધ કરીને દોડી રહી છે. કનૈયા.... લાડલા.. લાલ.. કાન્હા... આંખોમાંથી આંસુ વહી રહ્યા છે, બાબા નંદ, દાઉભૈયા અન્ય વ્રજવાસીઓ મૈયાની પાછળ-પાછળ જઈ રહ્યા છે, પદચિહ્નો કાલીય દહની તરફ જઈ રહ્યા છે, સૌના હૃદયના ધબકારા તીવ્ર થઈ રહ્યા છે, આખરે કનૈયાને આજે શું સૂઝ્યું?...!

(દૃશ્ય- કાલીય અને કૃષ્ણનું યુદ્ધ)

હવે તો આંસુ વહેવાના પણ બંધ થઈ ગયા, એકટક દૃષ્ટિ કાલિન્દીના જળ તરફ છે, મૈયા શરીરને હલાવવામાં પણ અસમર્થ છે પરંતુ તે જળમાં કૂદવા તત્પર છે, ગોપીઓએ રોક્યા, સાંત્વના આપી. બાબાએ દાઉભૈયાને રોક્યા, પ્રાણ છે કે નહીં તે પણ જાણવું હવે તો કઠિન થઈ રહ્યું છે. ફરી-ફરી સૌ શરીર હલાવે છે, ઝકઝોડે છે, સચેત કરે છે. આ બાજુ વાત્સલ્યસિંધુથી પણ હવે ન રહેવાયું, કૂદીને ફેણ પર ચઢી ગયા અને એવું નૃત્ય કર્યું કે તાંડવના મહારથી શૂલપાણિ (ભગવાન શિવ)ને પણ અચંભિત-વિસ્મિત-ચકિત કરી દીધાં.

આ લીલાનું એક અન્ય કારણ પણ છે-

એક વાર સ્વામિનીજી શ્યામસુંદરને નૃત્યુ શીખવાડી રહ્યા હતાં કે લાલજી આ ગતિ લો, તે ઘણી મોહક છે, હવે આમ કરો, એ તેનાથી પણ આકર્ષક છે. આ લીલાને રસિકોએ પણ ગાઈ છે-

''લાલ કો નચવત સિખવત પ્યારી''

હવે લાલજી નૃત્ય તો શીખી ગયા, પણ ફુલાઈને શેખી મારવા લાગ્યા તો શ્રીજીએ એક દિવસ કહ્યું, ''કેમ! મારી પાસેથી જ શીખીને મારી સામે જ ફુલાવ છો!''

લાલજી બોલ્યા, ''આ તો મારી ગતિ છે, તમારી પાસે ક્યારે શીખ્યો?''

(વાદ-વિવાદ વધી ગયો)

શ્રીજી બોલ્યા, ''જો ખરેખર મોટા કલાકાર હો, તો કોઈ નવી ગતિ બતાવો.''

લાલજી બોલ્યા- ''પ્યારીજી! જરૂર બતાવીશ.''

તેથી ફેણછત્ર પર એવું તાંડવ નૃત્યુ કર્યું લાલજીએ, જેને જોઈને શિવજી પણ જડવત સ્તબ્ધ થઈ ગયા-

तं नर्तुमुद्यतमवेक्ष्य तदा तदीय ।
गन्धर्वसिद्धसुरचारणदेववध्वः ।।
प्रीत्या मृदङ्गपणवानकवाद्यगीत ।
पुष्पोपहारनुतिभिः सहसोपसेदुः ।।

(ભા.૧૦/૧૬/૨૭)

આ તરફ બ્રહ્માજી, નારદજી વગેરે દેવોએ જ્યારે જોયું કે પ્રભુ નૃત્ય કરવા ચાહે છે તો ગગનથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ગંધર્વરાજ ચિત્રરથે મૃદંગધ્વનિનો વિસ્તાર કર્યો, હૂહૂ ગંધર્વએ ગાયન આરંભ કર્યું, હાહા ગંધર્વએ નગારા સાથે ઢોલ બજાવ્યો. ચારે બાજુથી વાદ્યોની રમઝટ-

અને પછી નૃત્ય આરંભ થયું, સૂરદાસજીના ભાવ જુઓ-

ફન-ફન પ્રતિ નિર્તત નંદનંદન ।
જલ ભીતર યુગયામ રહે કહું મિટયો નહીં તનુ ચન્દન ।।
ઉહૈ કાછની કટિ પીતામ્બર શીશ મુકુટ અતિ સોહત ।
મનુ ગિરિ ઉપર મોર અનંદિત દેખત બ્રજજન મોહત ।।
અમરથ કે અમર લલના સંગ જય જય ધ્વનિ તિહું લોક ।
'સૂરશ્યામ' કાલી પર નિર્તત આવત બ્રજ કી ઓક ।।

જે ફેણ નીચી ના નમે તેના પર પ્રહાર કરી રહ્યા છે, મનોહર નટ વેષથી નટનૃત્ય ચાલુ છે, તાલની સાથે પદવિન્યાસ કરવાથી તેની ફેણો વિખેરાઈ ગઈ અને રક્તની

ઉલ્ટીઓ થવા લાગી. આ કાલીદમનને જોઈ, પોતાના કનૈયાને જીતતાં જોઈ જાણે પ્રાણરહિત દેહમાં પ્રાણ પાછા આવ્યા, સૌ એકાએક ઉભા થઈ ગયા અને ચારે તરફ જયઘોષ કરવા લાગ્યા, બોલો કાલીયમર્દન ભગવાન કી જય ડડડ કાલીય દમન કી જય ડડડડડ. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ રહી છે, મૈયાના સૂકા નેત્રોમાં જાણે પૂર આવી ગયું છે. ફરી એકવાર પ્રસન્નતાની અશ્રુવૃષ્ટિ થઈ, વ્રજવાસીઓનું ઉચ્ચ ગાન પ્રારંભ થયું.

तश्चित्रताण्डवविरुग्णफणातपत्रो ।
रक्तं मुखैरुरु वमन्नृप भग्नगात्रः ।।
स्मृत्वा चराचरगुरुं पुरुषं पुराणं ।
नारायणं तमरणं मनसा जगाम ।।

(ભા.૧૦/૧૬/૩૦)

''કાલીદહ તે નિકસ કૈ આયો રી મેરો બારૌ સો કન્હૈયા''

આખા વર્ષમાં બાર આદિત્ય હોય છે, દ્વાદશ આદિત્યો અહીં લાલાને તપાવવા માટે આવ્યા કે ક્યાંક દીર્ઘકાળ સુધી પાણીમાં રહેવાને કારણે તેને ઠંડી તો નથી લાગી ગઈ. તેથી કાલીદહની પાસે જે ઊંચી ટેકરી છે તેનું નામ દ્વાદશાદિત્ય ટેકરી છે. આદિત્ય ટેકરીની પાસે પ્રસ્કંદન ઘાટ છે. દ્વાદશ આદિત્યોએ જ્યારે બાલગોપાલને પોતાની ઉષ્ણતા પ્રદાન કરી તો શરીરમાંથી પ્રસ્વેદ (પરસેવો) વહેવા લાગ્યો, તેથી પુણ્યમય પ્રસ્કંદન તીર્થ બન્યું-

पुनरन्यत् प्रवक्ष्यामि तच्छृणुत्वं वसुन्धरे ।
क्षे प्रस्कंदनं नाम सर्वपाप हरं शुभम् ।।

વૃંદાવનમાં આવી કેટલીયે લીલાઓ પ્રભુએ કરી અને આ લીલાઓના માધ્યમથી ન કેવળ અધ્યાત્મની શિક્ષા આપી બલ્કે પર્યાવરણ શુદ્ધિનું એક અસમોર્ધ્વ ઉદાહરણ પણ પ્રસ્તુત કર્યું, જેમકે-

- કાલીય મર્દન દ્વારા જલતત્વનું શોધન કર્યું.
- તૃણાવર્ત સંહાર દ્વારા વાયુતત્વનું શોધન કર્યું.
- મૃદા (માટી) ભક્ષણ દ્વારા પૃથ્વીનું શોધન કર્યું.
- વ્યોમાસુરના વધ દ્વારા આકાશતત્વનું શોધન કર્યું.
- દાવાનલ પાન દ્વારા અગ્નિતત્ત્વનું શોધન કર્યું.

જે ભૂમિ આપણા કનૈયાના સંપૂર્ણ શૈશવકાળની લીલાઓનું કેન્દ્ર છે, તે દિવ્ય ભૂભાગનું નામ છે 'શ્રીવૃંદાવન' જ્યાં ન માત્ર કાલીયમર્દન થયું, બલ્કે કેશી પણ અશ્વરૂપ ધારણ કરી વૃંદાવનની રમણીય ભૂમિમાં કૃષ્ણકરો દ્વારા પોતાનો ઉદ્ધાર કરાવવા આવી પહોંચ્યો.

કેશી લીલા

વિશાળકાય પવનવેગી અશ્વરૂપી દૈત્યને જોઈ વ્રજવાસીઓ ભયભીત થઈને આમ-તેમ ભાગી રહ્યા છે. ડરના માર્યા વ્રજવાસીઓને ભયમુક્ત કરવા માટે શ્યામસુંદર સ્વયં એ માનવભક્ષી અસુરની સામે આવી ગયા, હણહણતો તે વેગપૂર્વક આવ્યો અને શ્યામના વક્ષો પર પાછલા પગથી લાતનો પ્રહાર કર્યો, બસ થઈ ગઈ તનાતની પછી માધવે તેને ઉંચકીને એવી રીતે બાજુએ ફેંકી દીધો જાણે બાળક કમંડળને ફેંકે છે. અંતે તેના મોઢામાં પોતાનો હાથ નાખી જ્યાં સુધી તેના ઉદરમાં ન પહોંચ્યો ત્યાં સુધી આગળ વધારતા રહ્યા, કંઠ અવરુદ્ધ થયો, પ્રાણવાયુ થંભ્યો અને કેશીનું શરીર માટીના વાસણની જેમ ફૂટી ગયું. ચારેબાજુ કેશીના કાળ 'કેશવ'ની જય-જયકાર, ગગનમાંથી દેવો દ્વારા પુષ્પવર્ષા પ્રારંભ થઈ ગઈ.

વ્યોમાસુર ઉદ્ધાર

કેશીની જેમ જ ક્રીડાઓ વચ્ચે પ્રભુએ વ્યોમનો પણ ઉદ્ધાર કર્યો. ગોપ રૂપમાં આવેલા વ્યોમનું સ્વાગત કંઈક અલગ ઢંગથી કરવા જઈ રહ્યા છે.

'વ્યોમ ગોપ' માધવની મિત્રમંડળીમાં ભળી ગયો, છે, આજે સંયોગવશ દાઉજી નથી આવ્યા, આ બાજુ માધવ પણ કોઈને ના પાડવાનું તો જાણે શીખ્યા જ નથી.

સરન ગએઁ પ્રભુ તાહુ ન ત્યાગા ।
બિસ્વ દ્રોહ કૃત અઘ જેહિ લાગા ।।

(રા.સુ.કા.૩૯)

અને આમ પણ હજી સુધી ગોપ રૂપધારી વ્યોમે કોઈ ઉત્પાત કર્યો નહોતો. તેણે 'ઘેટાં ચોરી' રમતનો પ્રસ્તાવ મૂક્યો, જે સ્વીકારી લેવામાં આવ્યો. ઘેટાં ચોરી કરવાં છે, વ્યોમ કેટલાક બાળકોને સાથે લઈને ચોર બની ગયો છે, કેટલાક ગોપ શ્રીકૃષ્ણની સાથે રક્ષક અને બાકી સૌ ઘેટાં. શ્રીકૃષ્ણ તો સદૈવ જ બધાંના રક્ષક છે, અહીં પણ રક્ષકની જ ભૂમિકા ભજવી રહ્યા છે. દુષ્ટ વ્યોમ ઘેટાં બનેલ ગોપોને પોતાની સાથે લઈ જાય છે અને થોડી આડશ મળતાં જ તેમને મોહિત કરી એક વિશાળ ગુફામાં મૂકી આવે છે અને ગુફાના દ્વારને મહાકાય શીલાથી બંધ કરી દે છે, ધીરે-ધીરે ગ્વાળોની સંખ્યા એકદમ ઓછી થઈ ગઈ તો સુબલે બૂમ પાડી- ''અરે ભદ્ર! આ નવો મિત્ર ઘેટાંઓને વારે ઘડીએ ક્યાં લઈ જાય છે, હવે તો માત્ર ૨ જ ઘેટાં બચ્યા છે પરંતુ મને તો હવે ચોર પણ નથી દેખાઈ રહ્યો.'' ભદ્ર અને સુબલે આમ-તેમ જોતાં કહ્યું- ''ચાલો કાનાને જણાવીએ.. ચાલો.. ચલા... કાના! ઓ ભાઈ તુ કેવો રક્ષક છે? તારી સામે જ ઘેટાંઓની ચોરી થઈ, ચોરોની પણ ચોરી થઈ ગઈ.'' કાનો- ''અચ્છા, આવવા દો એને'', વ્યોમ આવ્યો, વ્યોમના વ્યામોહભંગનો સમય પણ નજીક આવી ગયો હતો, તેથી પોતાની આસુરી માયા છોડીને

વિકરાળ રૂપમાં પ્રકટ થયો, બસ માધવે તેને પછાડ્યો અને ગળું પકડી લીધું, એટલું જ પૂરતું નહોતું, તેથી થપ્પડ, મુક્કા, લાતોનો વરસાદ થવા લાગ્યો વ્યોમના વિકરાળ દેહ પર, ક્યારે એ કઠોર પ્રહારોથી ખતમ થઈ ગયો ખબર જ ન પડી. કુત્સિત દેહથી મુક્ત કરીને તેને નિત્ય ગોપકુમારનું સ્વરૂપ આપી દીધું. ત્યારબાદ વ્રજકિશોરે ગુફામાં પ્રવેશ કર્યો, બસ ગ્વાલબાળોની મૂર્છા સમાપ્ત થઈ ગઈ. કૃષ્ણને જોઈ સૌ ઉછળી પડ્યા, પરસ્પર આલિંગન કર્યું. તોકે પ્રસન્નતાપૂર્વક સૌને જણાવ્યું- ''આપણા કાનાએ એ દુષ્ટને મારી નાખ્યો.'' નાચતાં-ગાતાં ઉલ્લાસપૂર્વક વ્રજમાં સૌ પાછા આવ્યા. ''વ્યોમાસુરની ગુફા'' નામથી આજે પણ આ સ્થાન કામવન (કામાં)માં દર્શનીય છે.

ગર્ગસંહિતાનુસાર

કાશીના સમ્રાટ ભીમરથે એક વાર પુલસ્ત્ય મુનિનું સન્માન ન કર્યું, તેનાથી ક્રોધિત પુલસ્ત્ય મુનિનો શ્રાપ જ તેનું દૈત્ય બનવાનું કારણ બન્યું, પરંતુ મુનિઓના શાપમાં પણ કલ્યાણનો હેતુ હોય છે. ભીમરથે શરણું લેતાં ઋષિએ કહ્યું- ''દ્વાપરના અંતમાં પવિત્ર વ્રજમંડળમાં યદુવંશ શિરોમણી શ્રીકૃષ્ણ દ્વારા તને યોગીઓને પણ દુર્લભ એવા મોક્ષની પ્રાપ્તિ થશે.'' એ જ ભીમરથ ઋષિ અપરાધને કારણે વ્યોમાસુર બન્યો, તેથી મહદ્અપરાધ (ભક્તાપરાધ)થી તો જીવે હંમેશા સાવધાન રહેવું જોઈએ.

(ગ.સં.મા.ખ. ૨૪)

કૃષ્ણદાસજીએ પણ કહ્યું છે-

યે અપરાધ પરમ પદ હૂ તે ઉતરિ નરક મેં પરિબો ।
હરિ ભક્તન સૌં ગરબ ન કરિબો ।।

પરંતુ શાપરૂપી કૃપાએ આજે વ્યોમને શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરાવવામાં વિલંબ ન કર્યો. આમ આવી અનેક માધુર્યમયી લીલાઓથી આપૂરિત વ્રજ વૃંદાવનમાં અમારા સ્વામીએ પ્રારબ્ધવસાત દાનવ શરીર પ્રાપ્ત દૈત્યોનું દમન પણ કર્યું તો કોઈપણ જાતના અસ્ત્ર-શસ્ત્ર વિના, તેથી શ્રી વલ્લભાચાર્યજીએ કહ્યું- તેમનું તો સર્વસ્વ જ મધુર છે.

''દલિતં મધુરં ફલિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્''

વૃન્દાવનના ઠાકુર

આ તો કેટલીક કૃષ્ણલીલા અંગેની ચર્ચાઓ થઈ, હવે કેટલીક મુખ્ય ચર્ચાઓ થઈ જાય કારણકે વૃંદાવન વિશે તો કેટલાક અંશો પર જ ચર્ચા થઈ શકે છે અન્યથા આ ગ્રંથનું પ્રારૂપ જ બદલાઈ જશે. આ પાવન વસુંધરામાં અમારા અનેક આચાર્યો દ્વારા સેવિત, પ્રકટ વિગ્રહો પણ છે, જેને અમે અર્ચાવતાર કહીએ છે, તે મોટા સિદ્ધ વિગ્રહો છે. જેવા કે-

- સ્વામી હરિદાસજી મહારાજના સેવ્ય - શ્રી બિહારીજી

- હરિવંશજી મહારાજના સેવ્ય - શ્રી રાધાવલ્લભજી
- સનાતનજી મહારાજના સેવ્ય - શ્રી મદનમોહનજી
- રૂપજી મહારાજના સેવ્ય - શ્રી રાધાગોવિંદજી
- ગોપાલ ભટ્ટજી મહારાજના સેવ્ય - શ્રી રાધારમણજી
- મધુ ગોસ્વામીજી મહારાજના સેવ્ય - શ્રી ગોપીનાથજી
- જીવ ગોસ્વામી મહારાજના સેવ્ય - શ્રી રાધા દામોદરજી

આ મહાપુરુષોને આ સિદ્ધ વિગ્રહોની પ્રાપ્તિ કેવી રીતે થઈ, તેની પાછળ ઘણો વિસ્તૃત ઇતિહાસ છે, પરંતુ સંક્ષેપમાં તેની એક ઝલક જોઈએ-

લલિતાવતાર રસિકાચાર્ય સ્વામી શ્રી હરિદાસજી મહારાજના 'બાંકે બિહારી'- વૃંદાવનના રાજા, સ્વામીજીના આરાધ્ય, આ બાંકેબિહારી ખરેખર જ મોટા બંકા છે.

બાંકે શબ્દના બે અર્થ થાય છે-

૧. વાંકા
૨. સુંદર

બાઁકેબિહારીલાલજી (સ્વામી હરિદાસજી)

જે વાંકો (વક્ર) હોય તેના સુંદર હોવા અંગે સંદેહ છે અને જે સુંદર હોય તેના વક્ર હોવા અંગે સંદેહ છે, પરંતુ આ ઠાકુર તો વાંકા પણ છે અને સુંદર પણ, કોણ જાણે મનમાં શું સૂઝ્યું કે આ રીતે પ્રકટ થવાનું વિચાર્યું. જોકે આખું વૃંદાવન પોતાની મહિમાને કારણે પ્રણમ્ય છે, છતાં ન જાણે કેમ નિધિવનની આ નિશ્ચિત સઘન કુંજને પ્રતિદિન શ્રી સ્વામીજી મહારાજ પ્રણામ કરે છે, ફરી એકવાર સજળ નેત્રોથી નિહાળી લે છે, ક્યારેક હસે છે તો ક્યારેક ગાય છે. સેવામાં તત્પર રહેનારા શિષ્યગણો પણ આ ઘટનાક્રમથી વિચારમગ્ન છે. કેટલાકને તો કારણ જાણવાની પણ ઉત્સુકતા છે, ન રહેવાયું તો એક દિવસ સાહસ કરીને જિજ્ઞાસા પ્રકટ કરી જ દીધી. સૌપ્રથમ તો સ્વામીજીએ શિષ્યોને દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી. ત્યારબાદ એ જ લતાકુંજ તરફ જોવા કહ્યું, જેવી તેમની દૃષ્ટિ એ તરફ ગઈ- એ કુંજ પ્રાસાદમાં શ્રી લાડલી લાલનું દિવ્ય લલિત કેલિ-વિલાસ દૃષ્ટિગોચર થયું, બસ પછી તો શું હતું! એ દિવ્ય આનંદાનુભૂતિમાં કોઈને દેહનું ભાન પણ ન રહ્યું. સ્વામીજીએ પોતાના પ્રધાન શિષ્ય વિઠ્ઠલ વિપુલ દેવજીને રંગમહેલમાંથી ઝારી લાવવાની આજ્ઞા આપી. વિઠ્ઠલ વિપુલ દેવજી સ્વર્ણિમ ઝારી લઈને આવ્યા કારણકે સ્વામીજીની ઇચ્છા હતી કે આ લીલા તેમના મસ્તિષ્કમાં માત્ર એક આભાસરૂપે ન રહે, બલ્કે તેઓ તેને પરમ સત્ય અને સાક્ષાત્ સમજે. ઝારી લઈને જ્યારે વિઠ્ઠલ વિપુલ દેવજી બહાર આવ્યા અને ફરી રંગપ્રાસાદ તરફ જોયું તો ત્યાં ન તો કોઈ રંગપ્રાસાદ હતું ન કોઈ લીલા-વિલાસ. ત્યારે સ્વામીજીએ ઉક્ત પદનું ગાન કર્યું-

'' માઈ રી સહજ જોરી પ્રકટ ભઈ જો રંગ કી ગૌર શ્યામ ઘન દામિની જૈસે ''

(કેલિમાલ)

સ્વામીજીના પ્રધાન શિષ્ય શ્રી વિઠ્ઠલદેવજી એ બાંકી ઝાંખીના દર્શન કરીને અત્યંત મોહિત થઈ ગયા, પ્રાર્થના કરી કે હે ગુરુવર! એટલી જ કૃપા જોઈએ કે આ બાંકી ઝાંખીના દર્શન નિત્ય થતાં રહે. ભક્તવત્સલ ગુણનિધાન દયાનિધાન ભગવાને ભક્તની આ શુભાકાંક્ષાનો આદર કર્યો અને તે જ સ્થળી પરથી બિહારીજી ભક્તો પર કૃપા કરવા માટે માગસર સુદ પંચમીના શુભ દિને નિધિવનમાં પ્રકટ થયા, જે વિહાર પંચમી તરીકે ઓળખાય છે. ત્યારબાદ સ્વામીજીની આજ્ઞાથી શ્રેષ્ઠ શિષ્ય શ્રી વિઠ્ઠલ વિપુલ દેવજી બિહારીજીને પોતાના ખોળામાં લઈ બહાર આવ્યા.

નૃપતિ દ્વાર ઠાડે રહેં દર્શન આસા જાસ કી ।
આસુધીર ઉદ્યોતકર રસિક છાપ હરિદાસ કી ।

(ભક્તમાલ)

મોટા-મોટા રાજાઓ, મહારાજાઓ, સંગીત-સમ્રાટ, યોગીઓ, યતિ-સંન્યાસીઓ પણ આપનું દર્શન કરવા કતારમાં ઉભા રહેતા. અકબર સુદ્ધાં આપનું ગાન સાંભળવા પોતાની બાદશાહત છોડીને આવ્યો. એકવાર પર્વતપુરી નામના સંન્યાસી પણ આપની કીર્તિ સાંભળી પરીક્ષા કરવા માટે આપની પાસે આવ્યા. પરીક્ષા લેવા માટે તે આકાર પરિવર્તન કરવા લાગ્યા. ક્યારેક સિંહ બનીને ત્રાડ નાખતા, ક્યારેક સાપ બનીને ફુંફાડો મારી તેમને ભયભીત કરવાનો પ્રયાસ કરતા, પરંતુ આ શું! અહીં તો પર્વતપુરીના તમામ પ્રયાસો નિષ્ફળ થઈ ગયા. સ્વામીજીએ પોતાના શિષ્યને કહ્યું- જુઓ, આ પર્વતપુરી સંન્યાસી છે, ભગવદ કૃપાથી તેઓને નર દેહ પ્રાપ્ત થઈ છે. ઇચ્છાનુકૂળ રૂપ ધારણ કરવાની ક્ષમતાથી તેમણે પોતાનું પતન જાતે જ પસંદ કરી લીધું. જે નર દેહ છોડીને દેવતા બનીને તો ન આવ્યા, પરંતુ પશુ બનીને આવ્યા, વ્યર્થ છે આવી સિદ્ધિઓ જે મનુષ્યના પતનનું કારણ બનતી હોય.'' સ્વામીજીનો પ્રતિદિનનો નિયમ હતો કે તેઓ પોતાના ઠાકુરને ઘણાં લાડ લડાવતા હતા.

ગાનની સાથે ઉત્તમ-ઉત્તમ ભોગો ધરાવતા-

''ઉત્તમ ભોગ લગાય મોર મર્કટ તિમિ પોષે ''

(ભક્તમાલ)

વધેલો ભોગ પ્રસાદ મોર, વાંદરા અને માછલીઓને ખવડાવી દેતા અને પોતે મુઠ્ઠીભર ચણા ખાઈને જીવનયાપન કરતાં. પરીક્ષા લેવા માટે પર્વતપુરીજી પણ સ્વામીજી દ્વારા પ્રસાદ અપાઈ રહ્યો હતો તે મોર સમુદાયમાં મોર બનીને આવી ચડ્યા.

કરૂણાવશ સ્વામીજીના મુખેથી નીકળ્યું-''જુઓ આ નવો મોર આવ્યો છે.'' આજે, સ્વામીજીની કૃપાપૂર્ણ દૃષ્ટિ પડી અને સદ્સ્મૃતિ આવી, સદવિવેકનું ભાન થયું તો ઘડી-ઘડી ચરણોમાં પડી, ક્ષમા માગતાં, પર્વતપુરીજીને પોતાના દુષ્પ્રયાસો પર ગ્લાનિ

થઈ. સ્વામીજીની કરૂણા તો વારંવાર અનાધિકારી પર પણ ઉભરી-ઉભરીને થઈ રહી હતી, તેથી એ કૃપા નદીમાં પર્વતપુરીજી પણ સ્નાન કરીને અભિષિક્ત થયાં. સ્વામીજીએ તેમને પ્રકાશદાસ નામથી સંબોધિત કર્યા. તેમનો આશય, માત્ર એ જ અનુભૂત થાય છે કે વૈષ્ણવતાની સામે તમામ રિદ્ધિ-સિદ્ધિ નગણ્ય છે. સ્વામીજી સામે પોતાની રિદ્ધિ-સિદ્ધિનું પ્રદર્શન કરવું એ સૂરજને દીપક દેખાડવા જેવું હતું. આવા ન જાણે કેટલાય સિદ્ધ, કર્મકાંડીઓને સ્વામીજીની કૃપાથી વૈષ્ણવતાની પ્રાપ્તિ થઈ.

દયારામ સારસ્વત બ્રાહ્મણનો નશ્વર પારસમણિથી મોહ દૂર કરી તેને પ્રિયા-પ્રિયતમના નામ, ગુણ, કથા-કીર્તનરૂપી વાસ્તવિક પારસમાં અનુરક્ત કર્યા. તેથી ભગવત રસિકજી કહે છે-

પારસ સો ધન પરિહરયો સેવક અકબર શાહિ ।
શ્રી સ્વામી હરિદાસ સમ ઔર બતાવૌં કાહિ ।।
ઔર બતાવૌં કાહિ અબ વૈરાગ્ય જ્ઞાન કી ।
ભક્તિ સુમૂરતિમંત પ્રેમ નિધિ દશા ધ્યાન કી ।।
નિત્ય વિહાર આધાર પ્રગટ સેવા નહિં આરસ ।
‘ભગવત રસિક’ અનન્ય મિલે ગુરુ પૂરે પારસ ।।

આપની અનન્યતા, અપરિગ્રહતા, નામનિષ્ઠા, ધામનિષ્ઠાથી પ્રભાવિત થઈ શ્રી હરિરામ વ્યાસજીનું કથન છે-

અનન્ય નૃપતિ સ્વામીશ્રી મહારાજ ।

શ્રી કુંજ બિહારી સેયે બિન જિન છિન ન કરી કાહૂ કી આસ ।
સેવા સાવધાન અતિ જાનિ સુઘર ગાવત દિન રસરાસ ।
એસો રસિક ભયો ન હૈહૈં ભુવ મંડલ આકાસ ।
દેહ વિદેહ ભયે જીવત હી બિસરે વિશ્વ વિલાસ ।
શ્રી વૃન્દાવન રજ તન મન ભજિ તજિ લોક વેદ કી આસ ।
પ્રીતિ રીતિ કીન્હી સબહીં સો કિયે ન ખાસ ખ્વાસ ।
અપનો વ્રત હઠિ ઓર નિવાહ્યો જૌં લૌં કંઠ ઉસાસ ।
સુરપતિ ભૂપતિ કંચન કામિનિ જિનકે ભાયે ઘાસ ।
અબકે સાધુ વ્યાસ હમહૂઁ સે જગત કરત ઉપહાસ ।

આપ ગાયન કલાના મહા ચતુરનાયક હતા-

‘‘ગાન કલા ગંધર્વ સ્યામ સ્યામા કો તોર્યે’’

(ભક્તમાલ)

આપની સમક્ષ ગંધર્વો તો આપના ગાયનની કળા માત્ર પણ નથી, કારણ- ‘આપનું ગાયન માત્ર યુગલ સરકારને રિઝવવા માટે જ હતું, સંસારમાં માન-સમ્માન, ખ્યાતિ-પ્રખ્યાતિની ઉપલબ્ધિ માટે નહીં.’’ રાજા રામ બુંદેલાના પ્રધાન ગાયક તાનસેન પણ

આપના શિષ્ય હતા અને તાનસેનના શિષ્ય હતા બૈજૂ બાવરા. સ્વામીજીની કૃપાથી આ બે સંગીતજગતના મહાન સમ્રાટ થયા. શ્રી સ્વામીજી મહારાજ કાવ્ય, સંગીત, ઉપાસના, સાહિત્ય વગેરે તમામ ક્ષેત્રોમાં અદ્વિતીય છે. કેલિમાલ જેવો અસમોર્ધ્વ ૧૧૦ પદરત્નોના દિવ્ય ગ્રંથનું નિર્માણ કાર્ય આપના સિવાય અન્ય કોઈ માટે સંભવ નહોતું. આપ જ નિકુંજોપાસનાના જન્મદાતા હતા. આપના સંપ્રદાયમાં (સખી સંપ્રદાય, હરિદાસી સંપ્રદાયમાં) સ્તુત્ય ૮ આચાર્યો થયાં છે, જેમની વાણીઓ અષ્ટાચાર્યોના નામથી પ્રખ્યાત થઈ. આપ તો આ આચાર્યોથી અલગ, ઉપાસ્ય કોટિના હતા. આપના પટ્ટશિષ્ય હતા- શ્રી વિટ્ઠલ વિપુલ દેવ રૂપજી, જેઓએ આપની આજ્ઞાથી શ્રી બિહારિનદેવજીને પોતાના શિષ્ય રૂપે સ્વીકાર કર્યા.

તો આ હતો- બિહારાજીના સ્વામીજીનો સંક્ષિપ્ત પરિચય. (વિશેષ માહિતી ભક્તમાલમાં ઉપલબ્ધ છે.)

રાધાવલ્લભ લાલજી

શ્રી હિત હરિવંશજીના લાડલા રાધા વલ્લભ લાલ-

''શ્રી હરિવંશ ગુસાઁઈ ભજન કી રીતિ સકૃત કોઉ જાનિ હૈ ''

(ભક્તમાલ છ. ૬૦)

કોઈ વીરલો જ તે જાણી શકે છે. ગુરૂઆજ્ઞાથી રાધારાણીના અનન્ય ઉપાસક શ્રી હિતજી મહારાજનું નાભાજી જ્યારે ધ્યાન કરવા બેઠા તો તેઓ અંતર્દેશમાં પ્રગટ જ ન થયા, ગુરૂદેવને નિવેદન કર્યું તો રહસ્યોદ્ઘાટન કરતાં ગુરૂએ આજ્ઞા કરી, એ તો શ્રીજીના અનન્ય ભક્ત છે. તેથી તેમના વિશે જાણવા માટે, પહેલા તમારે શ્રીજીને પ્રાર્થના કરવી પડશે ત્યારે સ્વયં શ્રી અગ્રસ્વામીજીએ શ્રીજીના ચરણોની વંદના કરી-

''વન્દૌં શ્રી રાધિકા પદ પદ્મ ''

ત્યારે જઈને શ્રી નાભાજીના માનસ પટલ પર તેમની સ્ફૂર્તિ થઈ, નહીં તો શ્રી નાભાજી જેવા સિદ્ધ સંત માટે પણ તેમની ઉપાસના પદ્ધતિનું રહસ્યમય જ્ઞાન અગમ્ય હતું-

''શ્રી રાધા ચરણ પ્રધાન હૃદય અતિ સુદૃઢ ઉપાસી''

રાધારાણીના દાસ બનવાની આ પ્રબળ અભિલાષાથી કોઈ એવું ન સમજી બેસે કે શ્રી હિતાચાર્યજીની ઉપાસનામાં લાલજીનું કોઈ સ્થાન નથી-

શ્રીહરિવંશ સુરીતિ સુનાઉઁ ।
શ્યામા-શ્યામ એક સંગ ગાઉઁ ।
છિન એક કબહુઁ ન અંતર હોઈ ।
પ્રાન સુ એક દેહ હૈં દોઈ ।।
રાધા સંગ બિના નહિં શ્યામ ।
શ્યામ બિના નહિં રાધા નામ ।।

(સેવક વાણી)

આ નવયુગલ કિશોર-કિશોરીજી, શ્રી હિતજીના આરાધ્ય-સેવ્ય-ઉપાસ્ય છે પરંતુ એટલું અવશ્ય છે કે-

હિત જૂ કી રીતિ કોઉ લાખિન મેં એક જાનૈ ।
શ્રીરાધા હી પ્રધાન માનૈ પાછૈ શ્રીકૃષ્ણ ધ્યાઈયે ।

શ્રી હિત હરિવંશ જી

તેઓ ઉત્તરપ્રદેશના સહારનપુર જિલ્લાના દેવબંદમાં વિરાજતા હતા. યજુર્વેદીય ગૌડ બ્રાહ્મણ દંપતિ શ્રી વ્યાસ મિશ્રજી અને શ્રીમતી તારારાની જેવા દિવ્ય દંપતિને દીર્ઘકાળ સુધી સંતાનસુખ પ્રાપ્ત થયું નહોતું, તેથી એક દિવસ આપે પોતાના અગ્રજ સંન્યાસી નૃસિંહાશ્રમજીને અંતરવેદના સંભળાવી તો તેઓએ તરત કહ્યું- ''જો ભાગ્યમાં હશે તો અનાયાસે તેની પ્રાપ્તિ થશે.'' આટલું સાંભળતાં તારાજીએ કહ્યું કે જો અમારે ભાગ્યના ભરોસે જ રહેવાનું હોય તો આપના ભજન કે આપની કૃપાનું શું મહત્વ રહ્યું? બસ આટલું સાંભળતાં જ અગ્રજ સમાધિરત થઈ ગયા. નેત્રો બંધ છે, પ્રભુને પ્રાર્થના કરી રહ્યા છે પ્રભુએ હૃદયાકાશમાં પ્રગટ થઈને કહ્યું- ''ચિંતા ન કર, વ્યાસ મિશ્રના પાવન ગૃહમાં મારી 'બંસી'નો અવતાર થશે.'' તેથી હિતજી મહારાજને 'બંસી'નો અવતાર કહેવામાં આવ્યા. અગ્રજે આ મંગળ સમાચાર અનુજને આપ્યા પછી તો દિવ્ય આનંદના પારાવારનું તો પૂછવું જ શું? હવે તો વ્યાસ મિશ્રના હૃદયે કહ્યું- ''તારા આ સમયે આપણે બંનેએ વ્રજયાત્રા કરવી જોઈએ.'' એ જ યાત્રાકાળમાં જ્યારે 'બાદ' ગ્રામમાં તેમનું આગમન થયું ત્યારે હિતજીનું આગમન તો અહીં પહેલાથી જ સુનિશ્ચિત થઈ ચૂક્યું હતું. વૈશાખ શુક્લ એકાદશી જેવી પાવન તિથિ, સોમવાર વિ.સં. ૧૫૩૦ના અરૂણોદય સમયે 'શ્રી હિત હરિવંશ મહાપ્રભુજી'નો પ્રાદુર્ભાવ થયો, કેટલોક સમય 'બાદ ગ્રામ'માં નિવાસ કરી પાછા દેવબંદ આગમન થયું. વ્રજમાં એક પ્રાચીન કહેવત છે ''પુત્રના લક્ષણ તો પારણામાં જ દેખાઈ જાય', તેવી જ રીતે હિતજી મહારાજમાં છુપાયેલ અલૌકિક પ્રતિભા બાલ્યકાળથી જ પ્રગટ થવાની આરંભ થઈ ગઈ.

જો ક્યાંક કર્ણપટલ પર રાધાનું નામ પડી જાય તો રાધા-રાધા કહેતાં નૃત્ય કરવા લાગતાં. રાધા નામ પ્રત્યે તેમની આવી સ્વાભાવિક પ્રીતિ હતી. એકવાર પિતા શ્રી વ્યાસ મિશ્રજી શ્યામા-શ્યામનો શૃંગાર કરી રહ્યા હતા, તો વારંવાર શ્રીજી, ઠાકુરજીના રૂપમાં અને ઠાકુરજી શ્રીજીના રૂપમાં દેખાઈ રહ્યા હતા. ક્યાંક મારાથી જ તો શૃંગાર કરવામાં કોઈ ભૂલ નથી રહી ગઈને, આવું વિચારીને વ્યાસ મિશ્રજીએ શ્યામા-શ્યામજીનો ફરી શૃંગાર કર્યો, પરંતુ આ તો ફરી ઠાકુરજ શ્રીજી, અને શ્રીજી ઠાકુરના રૂપમાં દેખાયા, કંઈ સમજાતું નથી. આખરે લીલાવિહારી મારી સાથે કઈ લીલા રમી રહ્યા છે. અચાનક સામેથી જયઘોષ સંભળાયો. બહાર જઈને જોયું કે આ જયધ્વનિ કોણે ઉચ્ચારી? તો જુએ છે કે 'હિતૂ' બે બાળકોને, જેમાંથી ગૌરવર્ણ બાળકને કૃષ્ણ અને શ્યામવર્ણ બાળકને રાધારાણી બનાવીને તેમની સાથે રમી રહ્યો છે. બસ આ જ પરિવર્તન પિતા શ્રી વ્યાસ મિશ્રને મંદિરમાં પ્રત્યક્ષ જોવા મળ્યું, ત્યારે પિતા વ્યાસ મિશ્ર સમજી ગયા કે ઓહ! આ કોઈ સાધારણ બાળક નથી. તેની અસાધારણતા જોતાં તો જણાય છે કે કોઈ અસાધારણ જગતથી તેનું અવતરણ થયું છે. હરિવંશજીને મહાપ્રસાદમાં ઘણી નિષ્ઠા હતી, એવી અનેક મધુરતમ ગાથાઓ તેમના જીવન ચરિત્ર વિશે પ્રાપ્ત થાય છે જેમ કે-

એકવાર શરદપૂર્ણિમાના સુઅવસરે સ્વયં શ્રીજીએ પોતાની ચુંદડી આપને ઓઢાવી, ઝૂલન ઉત્સવ પર લાલજીએ, લાડલીજીએ આપને વસ્ત્રાભૂષણ રાખવા માટે આપ્યા. એકવાર મધ્યરાત્રિએ આપને શ્રીજીએ સ્વપ્નમાં ઉપદેશ આપ્યો કે આપના ઘરની પાસે જે જળહીન કૂપ છે, તેમાં શ્રી રંગીલાલજીનો વિગ્રહ છે. તેથી તેને પ્રકટ કરી આપ તેની સેવાપૂજાનો વિસ્તાર કરો. સવાર પડ્યું, સ્વપ્નની યાદ તાજી જ છે, તરત જ આજ્ઞાનું પાલન કરવું છે. કેટલાક બાળકોને લઈને ચાલી નીકળ્યા અને એ કૂવાની પાસે પહોંચ્યા. જતાં જ પ્રાણોની પરવા કર્યા વગર ઝટથી કૂવામાં કૂદી પડ્યા. ત્યાં તેમનો અતિ મનમોહક વાદળી અને ગૌર તેજનું દર્શન થયું. આ જ હતા શ્રી રંગીલાલજી, તેમને ગોદમાં લઈને જાતે જ ઉપર આવી ગયા. ઘણાં લોકો કૂવાને ઘેરીને ઉભા છે, વ્યાસમિશ્રજી પણ ચિંતાતુર છે પણ જેવા હિતૂલાલને રંગીલાલ સાથે જોયા તો પ્રસન્નતાએ શોકને વિસારી દીધો. તત્પશ્ચાત્ વેદમંત્રોચ્ચારણ સાથે પ્રતિષ્ઠા કરવામાં આવી અને શ્રી નવરંગીલાલ નામ રાખવામાં આવ્યું. આજે પણ દેવબંદમાં આપ વિરાજમાન છો.

૧૬ વર્ષની અલ્પ આયુમાં શ્રી રુક્મણી દેવી સાથે હિતુજીનું પાણિગ્રહણ થયું, જેના ફળસ્વરૂપ શ્રી વનચંદ્રજી, શ્રી કૃષ્ણચંદ્રજી, શ્રી ગોપીનાથજી જેવા ત્રણ ઉત્તમ પુત્રો અને સાહિબદે નામની સુપુત્રી થઈ. આયુષ્યના ૩૨ વર્ષ પૂરા થતાં સ્વયં શ્રીજીએ આપને અત્યંત રસમયી આજ્ઞા આપી કે આપ મારી સેવા તથા નિકુંજધામના કલકેલિ વિલાસોને જગતમાં પ્રકાશિત કરો. આ અભીષ્ટ આજ્ઞા મળતાં જ આપ તરત વૃંદાવન તરફ ચાલી નિકળ્યા. નદી, વન, પર્વતોને પાર કરતાં 'ચટથાવલ ગ્રામ'ની ધરતી ધન્ય કરવા જ્યારે ત્યાં પહોંચ્યા, તો ત્યાનાં સ્થાનીય આત્મદેવ બ્રાહ્મણને પણ સ્વપ્નમાં આદેશ થયો કે આપની બંને કન્યાઓ હિતૂજીને હવાલે કરી દો એટલે કે હિતૂજી સાથે લગ્ન કરાવી દો

અને દહેજ રૂપે મારો રાધાવલ્લભ વિગ્રહ પ્રદાન કરો. આ બાજુ પણ એવો જ આદેશ થયો- ''હિતૂ! આત્મદેવ બ્રાહ્મણ જે કહે, ઇન્કાર ન કરશો.''

સવારે બંનેએ પોતાની શ્રદ્ધા નિષ્ઠાનો પરિચય આપતાં શ્રીજીનું ઇચ્છિત કાર્ય કરી નાખ્યું. હિતજી બંને કૃષ્ણ દાસી અને મનોહરી દાસીને સાથે લઈ રાધાવલ્લભ લાલના અત્યંત મનોહર ચારુ-દર્શનીય શ્રી વિગ્રહને બળદગાડામાં પધરાવી ૨ માસમાં પોતાની યાત્રા પૂર્ણ કરી, શ્રી યમુનાજીની નિકટ 'મદનટેર' સ્થળ પર પહોંચ્યા, જ્યાં ૮ શ્લોકોમાં યમુનાષ્ટક દ્વારા યમુનાજીની સ્તુતિ કરી। આપના કોમળ વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ આપના દર્શનાર્થે વ્રજવાસીઓનો તો જાણે મેળાવડો જામી ગયો. નરવાહન નામના એક વ્યક્તિએ આપને તીર ફેંકવાનું કહી જણાવ્યું કે જ્યાં સુધી આ તીર પહોંચે, તે બધી જ ભૂમિ પર આપનો અધિકાર રહેશે. કહેવાય છે કે તીર સણસણાટ કરતું ચીરઘાટ સુધી પહોંચ્યું, ત્યારે હિતજી મહારાજે ત્યાં જ રાસમંડળ પ્રકાશિત કર્યું. આપની ગૂઢતમ, દુરૂહ નિકુંજોપાસના શ્રૃંગારરસોપાસના અત્યંત સરસ, પ્રશસ્ત અને વંદનીય છે. આપના દ્વારા પ્રચલિત લાડલા રાધાવલ્લભ લાલની પાંચ આરતીઓ ૭ ભોગની સેવા આજ સુધી સુવ્યવસ્થિતરૂપે અવિરત ચાલુ છે. આપના દ્વારા રચિત 'હિત ચતુરાસી' વગેરે અત્યંત અપ્રતિમ ગ્રંથો છે, જેમાં આપની ગુરુ શ્રીલાડલીજીની અંતરંગ, રસમયી, રહસ્યમયી લીલાઓનું ઉદ્ધરણ પ્રાપ્ત થાય છે. શ્રી હરિરામ વ્યાસજી કહે છે-

હુતો રસ રસિકનિ કૌ આધાર ।
બિનુ હરિબંસહિ સરસ રીતિ કૌ કાપે ચલિહૈં ભાર ।।
કૌ રાધા દુલરાવૈ ગાવૈ વચન સુનાવૈ ચાર ।
શ્રીવૃન્દાવન કી સહજ માધુરી કહિહૈં કૌન ઉદાર ।।

(વ્યાસવાણી)

આપના દ્વારા વૃંદાવનમાં માનસરોવર, સેવાકુંજ, રાસમંડળ અને બંશીવટ આ ચાર દિવ્ય સ્થળીઓનું પ્રકટીકરણ થયું.

આપના મહાપ્રયાણ કાળ- વિ.સ. ૧૬૦૯, આસો સુદ પૂનમ. આપના લીલાપ્રવેશોપરાંત જ્યેષ્ઠ પુત્ર શ્રી વનચંદ્રજી મહારાજે સેવાકાર્ય સંભાળ્યું અને આપની રસોપાસનાનો પ્રખર પ્રચાર-પ્રસાર કર્યો.

શ્રી વ્રજ વૃંદાવનના ત્રણ ઠાકુર એવા છે જેમની સાથે શ્રીજીની ગાદીરૂપે સેવા થાય છે.

૧. બાંકેબિહારીજી
૨. રાધાવલ્લભજી
૩. રાધારમણજી

હવે જુઓ 'શ્રી ગોપાલ ભટ્ટજીના રાધારમણજી' ને-

રાધારમણજી (શ્રી ગોપાલ ભટ્ટજી)

શ્રી ગોપાલ ભટ્ટ ગોસ્વામી શ્રીમન ચૈતન્ય મહાપ્રભુજીના અનન્ય અનુગ્રહ પાત્ર રહ્યા. આપનો જન્મ શ્રીરંગમ ક્ષેત્રના બેલગુંડી નામના ગામમાં વિક્રમ સંવત ૧૫૫૭, મહા વદ ત્રીજના રોજ થયો. વેંકટ ભટ્ટજી અને શ્રીમતી સદમ્બાજી ને આપે, આપના માતા-પિતા બનવાનું સૌભાગ્ય પ્રદાન કર્યું. એકવાર શ્રી ચૈતન્ય મહાપ્રભુજી જ્યારે દક્ષિણ ભારતમાં તીર્થાટન કરી રહ્યા હતા ત્યારે આપના પિતા શ્રી વેંકટ ભટ્ટજીની વિનંતીને માન આપી મહાપ્રભુજીએ આપના ઘરને તીર્થતુલ્ય બનવાનું સૌભાગ્ય દાન કર્યું. તે સમયે આપ અલ્પ વયસ્ક હતા. માત્ર ૧૧ વર્ષની ઉંમર પરંતુ આપે એ પ્રથમ દર્શનમાં જ મહાપ્રભુજીને સર્વસ્વ સમર્પિત કરી દીધું. તે સમયે મહાપ્રભુજીનો અગાધ સ્નેહ અને દિવ્યોપદેશ આપને પ્રાપ્ત થયો.

ચાતુર્માસની અવધિ જ્યારે પૂર્ણ થઈ, તો આપે મહાપ્રભુજીની સાથે જવાનો આગ્રહ કર્યો, પરંતુ મહાપ્રભુજીએ આપને તે સમયે આજ્ઞા કરી કે અત્યારે માતા-પિતાની સેવા કરો, ત્યારબાદ વૃંદાવનમાં રૂપ-સનાતનના સાંનિધ્યમાં આવી જજો. હવે તો અક્ષરશઃ આજ્ઞાપાલન થવા લાગ્યું. માતા-પિતાના દેહાવસાન બાદ આપ પોતાને રોકી ન શક્યા અને આ પાવન ભૂમિ વૃંદાવનમાં રૂપ-સનાતનની સંનિધિમાં આવી ગયા. વૃંદાવન જ્યારે આપ આવ્યા તે સમયે આપની સાથે શાલિગ્રામ પ્રભુને લઈ આવ્યા, શ્રીમન્મહાપ્રભુજીના પ્રિય પાર્ષદોમાંથી ષડ્ ગોસ્વામીઓમાં આપની ગણના થઈ. આપની વિદ્વતાની અલૌકિક પ્રતિભા કોઈનાથી કમ નહોતી. છેવટે શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર વેદાંતના પ્રકાંડ વિદ્વાન શ્રી પ્રબોધાનંદ સરસ્વતીજી પાસે આપે શિક્ષા ગ્રહણ કરી, જે આપના કાકા હતા. તેમની પાસેથી આપે ન્યાય, વેદાંત, વ્યાકરણ, સાહિત્ય, દર્શન અલંકારાદિનું તન્મયતાપૂર્વક અધ્યયન કર્યું હતું. નીલાચલમાં વિરાજેલા મહાપ્રભુજીને જ્યારે ગોપાલ ભટ્ટજીનું આગમન સૂચિત થયું, તો એક વૈષ્ણવ દ્વારા તેઓએ પ્રભુપ્રશાદી તુલસીમાળા યોગપટ્ટ અને બહિર્વાસ મોકલાવ્યા, જેને પામીને મહાપ્રભુજીની અપાર અનુકંપાની અનુભૂતિ કરતાં ગોપાલ ભટ્ટજી ગદ્‌ગદ્ થઈ ગયા કારણકે-

''મુખ્યસ્તુ મહત્કૃપયૈવ ભગવદ્કૃપાલેશાદ્વા''

(નારદ ભક્તિ સૂત્ર)

ગોપાલ ભટ્ટજીના પ્રથમ સુસેવ્ય ઠાકુર- શ્રી શાલિગ્રામ પ્રભુ હતા, જેમને તેઓ ગંડકી નદીમાંથી લાવ્યા હતા અને અત્યંત પ્રીતિપૂર્વક સેવા કરતા હતા, પરંતુ જ્યારે રૂપ ગોસ્વામીજીને ગોવિંદદેવને લાડ લડાવતા જોયા, સનાતન ગોસ્વામીજીને મદનમોહનને લાડ લડાવતા જોયા અને મધુ પંડિતને ગોપીનાથને લાડ લડાવતા જોયા તો અનાયાસે જ આપનું મન કહી ઉઠ્યું કે હું મારા શાલિગ્રામને કેવી રીતે લાડ લડાવું? કેવી રીતે તેમનો

શ્રૃંગાર કરું? કેવા વસ્ત્ર ધારણ કરાવું? કઈ રીતે શયન કરાવું? મસ્તિષ્ક કઈ તરફ રાખું અને ચરણ કઈ તરફ રાખું? ખબર નહીં, તે કઈ બાજુથી પોઢે છે, કઈ બાજુથી ખાય છે, કઈ બાજુથી જુએ છે, આવું વિચારીને આપ નિરાશ થઈ જતાં. એક દિવસ એક ભક્ત શેઠ વૃંદાવનમાં આવ્યા અને તમામ મંદિરોમાં શ્રી વિગ્રહો માટે વસ્ત્ર-આભૂષણો આપી રહ્યા હતા, તો ગોપાલ ભટ્ટજી નતમસ્તક થઈને વિચારમાં પડી ગયા કે મારા પ્રભુના તો ન હાથ છે ન પગ, ન ગરદન છે ન કમર, એ તો ગોળમટોળ છે. જો મારા પ્રભુ વિગ્રહ રૂપ હોત તો હું પણ તેમને વસ્ત્ર ધારણ કરાવત, સુંદર-સુંદર પત્રાવલીઓ બનાવત, ગોળમટોળને શું શ્રૃંગાર કરું? રોજ પીળું ચંદન લગાવાતાં પ્રભુ તો બિલકુલ કઢીના પકોડા જેવા દેખાતા.

તેથી તેમણે ગાયું-

ઝૂલૌ ઝૂલૌ મેરે ગણ્ડકિ નન્દન ।
જૈસે કઢી પકોડી ફોરયો એસે લિપટયો ચન્દન ।।
હાથ ન પાઁવ નૈન નહિં નાસા ધ્યાનહિં હોત આનન્દન ।
જાલન્ધર અરુ વૃન્દાવલ્લભ કરત કોટિ હૌં વન્દન ।।

વસ્ત્રાભૂષણ લેવાનો ઈન્કાર કરી દે છે, ક્યાંક બિચારા શેઠ દુઃખી ન થઈ જાય તેનો પણ ભય છે અને જો લઈ લે તો પ્રભુને ધારણ કેવી રીતે કરાવશે? પરંતુ પ્રભુજીનુ પણ પ્રણ છે-

ય યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ।।

(ગીતા ૪/૧૧)

''જાકી રહી ભાવના જૈસી । પ્રભુ મૂરતિ દેખી તિન તૈસી ।।''

જ્યારે આપ નામદેવ માટે બ્રહ્મરાક્ષમાંથી પ્રકટ થઈ શકો છો, પ્રહલાદ માટે થાંભલામાંથી પ્રકટ થઈ શકો છો તો શ્રી ગોપાલ ભટ્ટજી માટે શાલિગ્રામમાંથી આપનું પ્રાકટ્ય કોઈ આશ્ચર્યજનક ઘટના નહોતી. એકવાર પુનઃ નિરાશપૂર્ણ દૃષ્ટિથી પોતાના શાલિગ્રામની તરફ જોતાં વિચાર્યું કે હું આ વસ્ત્રાભૂષણ લઈ પણ લઈશ તો આપને ધારણ કેવી રીતે કરાવીશ? જેવી તે બાજુ દૃષ્ટિ ગઈ તો જોયું કે- નીલોત્પલ, નીલસરોરુહ, નીલમણિ,રાધારમણજી જેમની ત્રિભંગી ગતિ છે, હાથમાં બંસી લઈ ઉભા છે, શ્રીમુખ પર મધુર મુસ્કાન છે, પ્રેમમયી ચિતવન છે અને ગોપાલ ભટ્ટ સમક્ષ કટાક્ષ કરી રહ્યા છે. જાણે કહી રહ્યા હોય કે લે હવે તો મને વસ્ત્ર આભૂષણ ધારણ કરાવ. એટલે ઝટ શેઠજીના હાથમાંથી ગુસાંઈજીએ વસ્ત્રાભૂષણો લીધા અને પ્રભુને ધારણ કરાવી શાંતિનો શ્વાસ લીધો. સેવા પ્રાકટ્ય ગ્રંથાનુસાર સંવત ૧૫૯૯ના એ શુભ દિવસે વૈશાખ માસની પૂર્ણિમા તિથિ હતી, તેથી ત્યારબાદ આ તિથિએ શ્રી રાધારમણજીનો પ્રાકટ્યોત્સવ ઘણાં હર્ષોલ્લાસથી ઉજવવામાં આવે છે. શ્રી ગોપાલ ભટ્ટજી વૃંદાવન વાસ કરતાં ૬૨ વર્ષો સુધી

શ્રી રાધારમણજીની સેવામાં તત્પર રહ્યા. આપની સેવા-પરિચર્યાથી પ્રસન્ન થઈને સ્વયં રાધારમણ પ્રભુએ એક વાર એક વણિકની પાસે જઈ આપને કરજમુક્ત કર્યા. રાધારમણજીનો આ 'દ્વાદશ અંગુલ'નો શ્રીવિગ્રહ પૃષ્ઠ ભાગથી શાલિગ્રામ જેવો જ દેખાય છે.

રાધારમણજીની વિચિત્ર વિશેષતા

ભક્તોનું એવું કથન છે કે રાધારમણજીના દર્શન કરવાથી શ્રી ગોવિંદદેવજી, શ્રી ગોપીનાથજી અને શ્રી મદનમોહનજી ત્રણે ઠાકુરોના દર્શનનો લાભ મળે છે.

શ્રી ગોપાલ ભટ્ટ સ્વામી ઘણાં દૂરદર્શી હતાં, તેથી તેઓએ પોતાના પ્રધાન શિષ્ય ગોપીનાથ દાસજી, જેઓ મોટા વિરક્ત વૈષ્ણવ સંન્યાસી હતા, તેમના અનુજ સદ્‌ગૃહસ્થ દામોદરદાસજીને દીક્ષા આપીને શ્રી રાધારમણલાલની સમસ્ત સેવા-વિધિ સમજાવીને સેવાકાર્યનો ભાર સોંપી દીધો. આજે સમસ્ત ગોસ્વામીગણ દામોદરદાસજીના વંશજોમાં ગોસ્વામી કૃષ્ણચંદ્રજીના વચલા પુત્ર ગોસ્વામી 'મુન્નાજી' સેવા આપી રહ્યા છે. ગોસ્વામી શ્રી ગોપાલ ભટ્ટજી મહારાજ દ્વારા ચલાવવામાં આવેલ એ અખંડ ભોગરાગની વ્યવસ્થા ગોસ્વામીગણો દ્વારા આજ સુધી સુચારુ રૂપે પરંપરાગત ઢંગથી ચાલતી આવી છે.

ગોપીનાથજી

શ્રી મધુ ગોસ્વામી જી કે ગોપીનાથ જી -

આપનું નિવાસ સ્થાન બંગાળ પ્રાંત માનવામાં આવ્યું છે. એકવાર આપના મનમાં કૃષ્ણ દર્શનની તાલાવેલી જાગી, તેથી આપ બંગાળથી વૃંદાવન આવ્યા કારણકે આપે સાંભળ્યું હતું કે શ્રીકૃષ્ણનું કહેવું છે-

''બ્રજ તજિ અનત ન જૈહોં મોહે નન્દ બાબા કી આન''

વ્રજ વૃંદાવન જ એકમાત્ર મારું ઠેકાણું છે.

આજે પણ વૃંદાવનમાં આ રંગીલા-છબીલા ઠાકુરના દર્શન થાય છે. તે સાંભળીને કૃષ્ણ પ્રાપ્તિનો નિશ્ચય કરી બંગાળ છોડીને વૃંદાવનમાં આપ પધાર્યા અને અહીં આવીને કૃષ્ણની શોધ કરવા લાગ્યા. ક્યારેક લતા-વૃક્ષોને પૂછતાં-

કોથાય કૃષ્ણ.... કોથાય કૃષ્ણ. પ્રેમના કસોટી વિરહે આપને પાગલ કરી દીધા છે, મધુ ગોસ્વામીજીને, ક્યારેક કહે છે- ''પેલો જુઓ કૃષ્ણ, એ કદંબના વૃક્ષ પર બેસી પોતાની બંસી સાથે વાત કરી રહ્યો છે.'' (કદંબ તરફ દોડ્યા) અરે અહીંથી ગાયબ થઈ ગયા. ચારે બાજુ નજર દોડાવતાં અચાનક બોલ્યા- ''ઓહ! હવે યમુનામાં ચાલ્યો ગયો, અરે કૃષ્ણ! ડૂબી જઈશ, લહેરો સાથે ન રમ, બહાર આવી જા'' પકડવા દોડે છે. ''કેશવ! ઓ માધવ! અરે આ તો, અહીંથી પણ ગાયબ થઈ ગયો.'' હવે તો ગોસાંઈજી અનાથની જેમ ધરતી પર પડી ગયા, કેટલીક ક્ષણો બાદ એક હાથથી ભૂમિનો સહારો

લઈ ઉઠ્યા, શોધવાનું છોડી દીધું, પૂછવાનું પ્રારંભ કર્યું, 'તુમ્હી કોથાય કાન્હાય ભાય' જે પણ સામું મળે છે, બસ તેનો હાથ પકડે છે અને પૂછે છે ''ભાઈ! એ નવનીત ચોર ક્યાં છે...? ક્યાં છે મારો પ્રાણ વલ્લભ...?'' કોઈ તેમને એક મંદિરમાં મોકલતું, તો કોઈ બીજા મંદિર તરફ સંકેત કરતું, બધે જઈ આવતાં, પણ ક્યાંય સંતોષ ન થતો કારણકે આપ તો આપના ઠાકુર સાથે ખૂબ પ્રણયવાર્તા કરી તેને પોતાના અંકમાં જોવા માગતા હતા. આ ઉત્કટ વિરહ સ્થિતિમાં આપને ટાઢ-તડકો, ભૂખ, તરસનું ક્યારેય ભાન ન રહેતું. એક દિવસ અગાધ વિરહ સમુદ્રમાં ડૂબેલા આપ બંશીવટ પાસે યમુના કિનારે બેસી કૃષ્ણને પોકારી રહ્યા હતા. વિરહની અત્યંત અગાધતા છે, યમુનાજીની અગાધતા પણ કાંઈ કમ નથી, કૃષ્ણ વિરહમાં જાણે તે સમુદ્રનો સંગમ ઇચ્છી રહી છે, યમુનાનું વહેણ ફંટાવા લાગ્યું અને એ જ ભેખડ નીચે પડી જેના પર આપ બેઠા હતા. અનંત જળમાં આપ છપાક કરતાં પડ્યા અને ડૂબવા લાગ્યા, બસ આ જ ક્ષણ હતી શ્રી ગોપીનાથ પ્રભુના પ્રકટ થવાની. પ્રભુએ આપનું અભીષ્ટ પૂર્ણ કરતાં આપને અંકમાં સમાવી લીધા. એ કોમળ, શીતળ સ્પર્શ પામીને આપના નેત્રોએ જોવા ચાહ્યું કે આ દિવ્ય સ્પર્શ કોનો છે? નેત્રો જ્યારે ખુલ્યા તો ઓળખી ગયા- ''અરે! આ તો એ જ છે જેને હું શોધી રહ્યો હતો. વાહ ભાઈ! હું તો આ વાતથી અજાણ જ હતો કે તારા મિલનના ઢંગ પણ નિરાળા છે. કોઈને યમુનામાં પાડીને મળે છે તો કોઈને યમુનાથી કાઢીને.''

ગોપીનાથજી બોલ્યા- ''મધુ! હવે શું ઇચ્છે છે?''

મધુ- ''પ્રભુ! હજી પણ સંદેહ છે આપને? મને સદા આપની આ મનોહર છબિના દર્શન થતાં રહે, આ નટવર રૂપ સદા મારા નેત્રો સામે બન્યું રહે.''

સાંત્વના આપતાં ગોપીનાથ બોલ્યા- ''ઠીક છે, તમારી આ ઇચ્છા હું જરૂર પૂર્ણ કરીશ.'' તે જ સમયે ગોપીનાથજી વિગ્રહ રૂપમાં પરિવર્તિત થઈ ગયા અને કહે છે- ''આમાં તમને મારું સાક્ષાત્ દર્શન થશે.'' જોકે આપણા માટે તો એ સર્વાનુગ્રહકારક રૂપે છે પરંતુ અધિકારી મધુ ગોસ્વામીજી માટે તો એ ભક્તાનુગ્રહકારક, ભક્ત કૃપાળુ પ્રભુ સાક્ષાત્ હતાં. લગભગ ૪૦ વર્ષો સુધી બંસીવટ પાસે મધુ ગોસ્વામીજી સાથે તેમની ઝુંપડીમાં વિરાજ્યા, ત્યારબાદ સન ૧૫૮૯માં અકબર બાદશાહના દરબારી ખંડિયા રાજા રાયસલ શેખાવતે આપના માટે લાલ પથ્થરનું મોટું મનોરમ મંદિર બનાવડાવ્યું, ત્યારે આપ ત્યાં વિરાજમાન થયા પરંતુ તે દિવસોમાં ભારત મુગલો દ્વારા આતંકિત હતું, તેથી આપને વૃંદાવનથી કામ્યવન લઈ જવામાં આવ્યા, ત્યાં ૧૭૪૭ ઈ.માં બંગાળ પ્રાંતના વર્ધમાન જિલ્લામાં રાજા ત્રિલોકચંદ તથા રાણી ભાનુમતીએ ગોપીનાથજી માટે એક ભવ્ય મંદિર બનાવડાવ્યું ત્યારે આપ ૨૮ વર્ષો સુધી ત્યાં પણ વિરાજ્યા પરંતુ જ્યારે કામ્યવન સુધી આતંકની પહોંચ થઈ ગઈ, તો આપ જયપુરની ધરાને પવિત્ર કરવા આવ્યા. કામાં તથા જયપુર સિવાય શ્રી ગોપીનાથજીના રાજસ્થાનમાં અન્ય સાત મંદિરો પણ છે. વર્તમાનમાં આપ જયપુરની ભૂમિ પર જ વિરાજી રહ્યા છો, અહીં શ્રી વૃંદાવનમાં આપના મંદિરના બે ભાગ થઈ ગયા, જેમાં એક ભાગમાં મહાપ્રભુ ચૈતન્યદેવ વિરાજી રહ્યા છે તો બીજા ભાગમાં આપની પ્રતિભૂતિ સમાન વિગ્રહ પ્રતિષ્ઠિત છે.

અન્ય ભાવિકોનો એવો પણ મત છે કે ખરેખર તો શ્રી ગોપીનાથજીનું પ્રાકટ્ય શ્રી પરમાનંદ ભટ્ટાચાર્યજી માટે થયું હતું, આગળ જતાં પોતાના આ વિગ્રહની સેવાનો કાર્યભાર શ્રી મધુ ગોસ્વામીજીને સોંપી દીધો હતો. બધાં જ ભાવ સાચા છે કારણકે-

''ભક્તિયોગો બહુવિધોમાર્ગૈર્ભામિનિ ભાવ્યતે''

(ભા.૩/૨૯/૭)

બસ અહીં પણ એ જ થઈ રહ્યું છે. ગોપીનાથજી વિશે ભાવિકોના ભિન્ન-ભિન્ન કથનો છે. કેટલાક ભાવિકોની માન્યતા છે કે સર્વપ્રથમ ગોપીનાથ મહાપ્રભુને શ્રીમન્ મહાપ્રભુજીએ પુરીથી વૃંદાવન આવતાં સમયે મધુજીના ગુરૂ ગદાધરજીને આ વિગ્રહ બતાવ્યો, આપ તેની ઘણાં જ હેતથી સેવા કરતા રહ્યા. વૃધ્ધાવસ્થામાં આપની પૃષ્ઠભૂમિ પર ખૂંધ નીકળી આવી, અસમર્થ હોવા છતાં આપ પોતાના જ હાથોથી પ્રભુની સેવા કરતા રહ્યા. આપની આ નિષ્ઠા જોઈ ગોપીનાથજી પલાંઠી વાળીને બેસી ગયા આથી શ્રી જગન્નાથપુરીમાં હજી સુધી 'ટોટા ગોપીનાથ' નામથી આપ પ્રખ્યાત છો. આજે આપના ગુરૂવત્ ઠાકુરની સેવા-અર્ચના કરવાની તીવ્ર અભિલાષા મધુ ગોસાંઈજીના મનમાં પ્રસ્ફુટ થઈ, ત્યારે આપની આ પ્રબળ ભાવનાથી મંત્રમુગ્ધ થઈ શ્રી ગોપીનાથજીએ બંસીવટમાં આપને સાક્ષાત્ દર્શન દીધાં.

એકવાર શ્રીમન્ નિત્યાનંદ પ્રભુની પત્ની, જાન્હવી (જાહન્વા)જી ગોપીનાથજીના દર્શન કરવા મંદિરમાં આવી, તો દર્શન કરતાં-કરતાં વિચાર કરવા લાગી, મારા લાલજી તો ઘણાં ઉન્નત છે, શ્રીજી પણ થોડીક ઉન્નત હોત તો આ જોડી વધુ મનભાવન હોત, તો મધ્યરાત્રિએ ગોપીનાથજીએ સ્વપ્નમાં આદેશ આપ્યો કે મારા સમ પ્રિયાજીનું સ્વરૂપ આપ પધરાવો. એવું કહેવાય છે કે જાન્હવીજીએ એક મોટી સુંદર પ્રતિમા પ્રકાશિત કરી, જેમાં તેઓ સ્વયં સમાવિષ્ટ થઈ ગયા અને નિજપરિકરને આજ્ઞા આપી કે આને મંદિરમાં ઠાકુરજી સાથે વિરાજમાન કરી દો. પ્રથમ તો પુજારી આ બાબતે સહમત ન થયા પરંતુ તરત પ્રભુએ આજ્ઞા કરી કે આ વિગ્રહ મારા વામ પાર્શ્વમાં તથા પહેલા વાળું સ્વરૂપ મારા દક્ષિણ પાર્શ્વમાં વિરાજમાન કરી દો, તરત આજ્ઞાનું પાલન થયું. ત્યારથી મધ્યમાં ગોપીનાથજી તથા વામ પાર્શ્વમાં શ્રી જાન્હવી માં, તેમની પાસે જ દેવી વિશ્વેશ્વરીજી તથા દક્ષિણ પાર્શ્વમાં લઘુ સ્વરૂપમાં શ્રી રાધારાણી, લલિતાજી સહિત વિરાજમાન છે, જે પોતાની રૂપમાધુરીથી ભક્તોને પ્રફુલ્લિત, આનંદિત કરી રહ્યા છે.

મદનમોહનજી

શ્રી સનાતન ગોસ્વામીજીના મદનમોહન જી –

ઘણો વિસ્તૃત ઇતિહાસ છે આપનો, કયા વિષયને લઈ ચર્ચા કરવી તે પણ દુષ્કર થઈ રહ્યું છે.

અતિસંક્ષિપ્ત એક અંશ

ષડ્‌ગોસ્વામી ગ્રંથના આધારે આપનું અવતરણ વિ.સં. ૧૫૨૨માં થયું. હજી તો જીવનની કેટલીક ક્ષણો જ વિતાવી હતી અને આપને સહજ વૈરાગ્ય ઉત્પન્ન થયું.

''સંસાર સ્વાદ સુખ વાંત જ્યોં દુહુ રૂ૫-સનાતન ત્યાગ દિયૌ''

વમનવત્‌ નાશવાન અનિત્ય જગતનો આપે ત્યાગ કરી દીધો. બંગાળ પ્રાંતના ગૌડ દેશના શાસક હુસૈન શાહના દરબારમાં આપ પ્રધાન મંત્રી હતાં.

આ રાજ્ય ઐશ્વર્યનો આપે જે પ્રશંસનીય ત્યાગ કર્યો, તે ઘણો દુષ્કર હતો, શ્રી ગૌરાંગ મહાપ્રભુજીની પ્રેરણાથી આપે વૃંદાવન વાસ કર્યો, પરંતુ આપના પહેલા આપના અનુજ શ્રી રૂપજીએ ગૃહત્યાગ કર્યો, રૂપજીના ગૃહત્યાગ બાદ તો આપના માટે ઘરમાં રહેવું એક સંકટ બની ગયું. તેથી આપે પ્રધાનમંત્રી પદનો ત્યાગ કર્યો, જેના પરિણામસ્વરૂપે શાહે આપને કારાગારમાં બંદી બનાવ્યા, પરંતુ એ કૃષ્ણાવેશને કોઈ કારાગારમાં કેદ કરવો અસંભવ હતો. આપે સંપૂર્ણ જીવનનું અર્જીત ધન ૭,૦૦૦ અશરફીઓ કારાગારના અધિક્ષકને આપી, તેણે લોભમાં આવી રાત્રે જ આપને ગંગા પાર કરાવી દીધા. ત્યારબાદ કાશી પહોંચીને ચંદ્રશેખર વૈદ્યના નિવાસે શ્રીમન્‌ મહાપ્રભુજી સાથે આપની મુલાકાત થઈ અને પછી મહાપ્રભુજીની આજ્ઞાથી આપે વૃંદાવન તરફ ગમન કર્યું. સંયોગની વાત એ હતી કે જ્યારે આપ વૃંદાવન પહોંચ્યા તેના પહેલાં જ શ્રી રૂપજી નીલાચલ પ્રસ્થાન કરી ચૂક્યા હતા, તેથી પરસ્પર મિલન શક્ય ન બન્યું. કેટલોક સમય વૃંદાવનની ધરતીને પવિત્ર કરી, પછી ઝારખંડ થઈ નીલાચલ પહોંચ્યા, ત્યાં મહાપ્રભુજીની આજ્ઞાથી આપે એક વર્ષ સુધી નિવાસ કર્યો અને ફરી વૃંદાવનમાં આવ્યા. અહીં આવીને મહાપ્રભુજીના આદેશાનુસાર કેટલાય વિલુપ્ત તીર્થ સ્થળોના જીર્ણોદ્ધારની સાથે-સાથે બૃહદ્‌ ભાગવતામૃત, બૃહદ વૈષ્ણવ તોષિણી, શ્રી લીલાસ્તવ વગેરે અનેક વૈષ્ણવ ગ્રંથોનું પ્રણયન કર્યું.

એક દિવસ આપની સાથે મહાવનમાં એક ઘણી રસમય ઘટના ઘટી, ભગવદ ભજનમાં લીન આપને અચાનક એક શ્યામલ ઉજ્જવળ, લલિત લાવણ્યયુક્ત એક બાર વરસનો બાળક દેખાયો, જે આપની તરફ એક પ્રબળ પ્રભાવકારી સ્મિત રેલાવી રહ્યો હતો. આ સાક્ષાન્મન્મથ-મન્મથના રૂપમાધુર્યએ આપને સુધબુધરહિત કરી દીધાં હતાં. પોતાની એક ઝલક બતાવી એ તો ન જાણે ક્યાં છુપાઈ ગયો? ક્યાં અંતર્નિહિત થઈ ગયો? પરંતુ આપનું

અરણ્યમાં ક્રંદન પ્રારંભ કરાવી ગયો, નેત્રોમાંથી અવિરત અશ્રુપાત થવા લાગ્યો. મુખથી મર્મસ્પર્શી ચિત્કાર નિકળવા લાગ્યો- હા ગોવિંદ!... હા ગોપાલ!.... હા માધવ!... હા કેશવ, કરતાં મૂર્છિત થઈને પડી ગયા છે. હોશ આવતાં ફરી એ જ ચિત્કાર, હા... પ્રાણનાથ!... હા પ્રાણવલ્લભ!... વધુ નહીં તો ફક્ત એકવાર દર્શન આપ અને ફરીથી નિર્બળ નિરાશ થઈને ભૂમિ પર પડી જાય છે. આજે સંપૂર્ણ વૃંદાવન ભૂમિ આપની અશ્રુધારાથી અભિષિક્ત થઈ ગઈ. અશ્રુ વહાવતાં નિદ્રા આવી ગઈ તો એ તંદ્રાવસ્થામાં આપે જોયું કે સૌંદર્યના સમષ્ટિરૂપ એ નાનકડો બાળક બોલ્યો- ''બાબા! રડો નહીં!'' કમળ કરોથી અશ્રુઓનો પ્રવાહ રોકતા આજ્ઞા આપી- ''મથુરા જાઓ, ત્યાં હું શ્રી પરશુરામ ચતુર્વેદીના ઘરમાં છું. મને ત્યાંથી લઈ આવો.'' બસ નિદ્રાભંગ થઈ. સવાર થતાં જ મથુરા તરફ દોડ્યા, મથુરાની એક-એક ગલીમાં જઈને સૌને એક જ સવાલ કરે છે. પરશુરામ ચૌબેનું પાવન ગૃહ ક્યાં છે? કોઈ એક નગરવાસીએ કહ્યું- ''પરશુરામ ચૌબે તો હવે નથી રહ્યા પણ તેમની વૃદ્ધા ગૃહિણી છે, અહીંથી સીધા ચાલ્યા જાઓ તો સામે જે ઉચ્ચ અટાલિકા દેખાય છે, એ જ છે તેમનું ઘર.'' દોડતા-લડખડાતા પરશુરામ ચૌબેના ગૃહદ્વારે પહોંચ્યા અને ઊભા રહી ગયા, કારણકે સામે જ મદનમોહન ઊભા છે અને જાણે ઘણાં જ ધ્યાનથી વૃદ્ધાની વાતો સાંભળી રહ્યા છે, શું વાતો ચાલી રહી હતી વૃદ્ધા સાથે? વૃદ્ધા કહી રહી હતી- ''મદનમોહન! મને તો હવે ઉંમરે જકડી લીધી છે. કોઈક દિવસ મરી જઈ, પણ મારી એક ચિંતાનું નિવારણ કર, મારા ગયા બાદ તને હાલરડું સંભળાવીને, માથે હાથ ફેરવી-ફેરવીને કોણ સંભળાવશે..? કોણ તને ઉબટન લગાવીને સ્નાન કરાવશે? કોણ તને પોતાના હાથથી ખવડાવશે?'' સનાતનજી આ પ્રણય વાર્તાલાપમાં વ્યવધાન બનવા નથી માગતા પરંતુ તેમની સમસ્યાનું સમાધાન કરવામાં સમર્થ છે. તેથી બોલી ઉઠ્યા- ''મૈયા! તું ચિંતા ન કર, હું તેની બધી જ સેવા સુવ્યવસ્થિત રૂપે સંભાળી લઈશ, લાવ તું એ મને આપી દે.'' વૃદ્ધા બોલી- ''અરે બાબાજી! શા માટે તમે પોતાનું સર્વનાશ કરવા માગો છો?

જ્યારથી તે મારા ઘરે આવ્યો છે, મારું તો બધું નાશ થઈ ગયું છે, પહેલા અહીં ધન-ધાન્ય સંપન્ન મોટું કુટુંબ હતું, હવે તો હું એકલી જ રહી ગઈ. આની પાસેથી મને એક જ ઉપલબ્ધિ મળી છે- કે આટલા મોટા ઘરમાં તેના અને મારા સિવાય કોઈ નથી બચ્યું.'' સનાતનજી બોલ્યા- ''મૈયા! તેની મૃગકસ્તુરી જેવી જાળમાં ફસાઈને હું પણ એવી જ દશાને પ્રાપ્ત થયો છું, હવે મારી પાસે પણ આ લંગોટી સિવાય કંઈ જ નથી. હવે તેનાથી વધુ એ મારો શું નાશ કરશે.'' વૃદ્ધા દ્વારા લેવાયેલી મદનમોહન સેવા નિષ્ઠાની પરીક્ષામાં આપ સફળ રહ્યા. તેથી શ્રી મદનમોહન પ્રભુને લઈ આપ વૃંદાવનમાં આવ્યા. આપનું જીવન સાક્ષાત્ વૈરાગ્યમૂર્તિ જેવું હતું, ૨-૪ દિવસમાં ક્યારેક એકવાર માધુકરી કરતાં અને સતત ભજનરત રહેતાં પરંતુ હવે મદનમોહન માટે આપ ઘણાં ચિંતિત રહેવા લાગ્યા. માધુકરીમાં લોટ માગીને લાવતા પણ રાંધવાનું કાર્ય ક્યારેય કર્યું નહોતું એટલે જેવી બને તેવી બાટી બનાવીને ભોગમાં મૂકી દેતા, એક દિવસ મદનમોહનજીએ કહ્યું- ''બાબા! કમસે કમ આ સૂકી બાટીમાં મીઠું તો મેળવો, તેથી બીજા દિવસે લોટની સાથે મીઠું પણ માગવું પડ્યું. મીઠાયુક્ત બાટીનો જ્યારે ભોગ

લગાવ્યો તો પુનઃ શ્રી મદનમોહનજીએ કહ્યું- ''બાબા! થોડું ઘી પણ જો મળી જાય તો આરામથી સુખપૂર્વક ગળામાં ઉતરી જાય.'' સનાતનજી બોલ્યા- ''પ્રભુ! આપ કહો તો હું મારી વૈરાગ્ય વૃત્તિનું પણ ઉલ્લંઘન કરી દઉં પરંતુ ઘી મને કોઈ માગવા છતાં પણ આપવા તૈયાર નહીં થાય અને ભલા આ નિર્જન વનમાં ઘી ક્યાંથી આવે? ભિક્ષાનું અન્ન પણ હું મથુરા જઈને લાવું છું.'' કરૂણાલય પ્રભુએ પોતાની વ્યવસ્થા વિશે જાતે વિચાર કર્યો. પોતાની વ્યવસ્થાનું તો બહાનું માત્ર હતું, ભલા જગદાધાર જગત નિયંતા, જગદીશ્વરને કઈ વસ્તુનો અભાવ નડે? હકીકતમાં આપનું લક્ષ્ય તો સનાતનજીની કીર્તિ પતાકાને લહેરાવવાનું હતું.

તેથી કંઈક વિચિત્ર જ લીલા કરી-

તે દિવસોમાં યમુનાના અગાધ જળમાં જહાજ દ્વારા વેપાર થતો હતો. (ભા. ૧૦/૬/૮) અગાધતોયહૃદની-

હૃદય એટલે પાતાળ સુધી જે જળનો સંબંધ થયેલો હોય છે. પ્રાચીન કાળમાં યમુનાજીમાં અનેક હૃદ હતા, હૃદથી નદીની અગાધતાનો અંદાજ આવે છે, નદીમાં જે ઉત્તાલ લહેરો ઉભરતી, તેનાથી આખું વ્રજ ભીનું થઈ જતું અને એવી સુંદર-સુંદર પુષ્પિત સુગંધી લીલીછમ કોમળ લતાઓની સઘનતા હતી કે લતાઓની એ સઘનતામાં સૂર્યના કિરણો એ આર્દ્ર ભૂમિનો સ્પર્શ કરવામાં પણ અસમર્થ હતા. 'અસૂર્ય પશ્યાઃ રાજદારા' એવી ઊંચી અટ્ટાલિકાઓમાં રાજમહિષિઓ રહેતી તે સૂર્યને જોઈ ન શકતી હતી, તેવી જ રીતે વ્રજગોપીઓ હતી, જે લતાઓની અટ્ટાલિકાઓમાં 'અસૂર્ય પશ્યાઃ' હતી.

ધન્ય છે આ સઘન વૃંદાવન, જ્યાં સૂર્યની કિરણો વ્રજની ધરાનો સ્પર્શ નહોતી કરી શકતી. એવું હતું એ કૃષ્ણકાલીન વ્રજ, જે આજે માત્ર કલ્પના બનીને રહી ગયું છે, તો આ હૃદ શબ્દ વિશે થોડી વધુ ચર્ચા થઈ ગઈ. દૈવી ઇચ્છાથી મુલતાન નિવાસી રામદાસ કપૂર નામના વેપારીના માલથી ભરેલા જહાજ સનાતનજીની ભજનસ્થળી દ્વાદશ આદિત્ય ટેકરી કાલીદહ પાસે જ વાવાઝોડાને કારણે ચક્કર કાપવા માંડ્યા. સઘન વનમાં કોઈ દેખાતું પણ નહોતું જેને જહાજની રક્ષા કરવા માટે પ્રાર્થના કરી શકાય, અચાનક કેટલાક બાળકો રમતાં દેખાયા, તેમાંથી એક પીતાંબરધારી સુંદર બાળક બોલ્યો- ''અરે વેપારી! સનાતન બાબાની આણ આપ, તેમનો જયઘોષ કર, આપોઆપ જહાજની રક્ષા થઈ જશે.'' હવે તો, બચાવો-બચાવોને સ્થાને સનાતન બાબાની જય! સનાતન બાબાની જય! સનાતન બાબાની જય થવા લાગી, થોડી જ વારમાં ડગમગતું જહાજ અચાનક સ્થિર થઈને સુચારુ રૂપે ચાલવા માંડ્યું. આ આર્દ્ર ચમત્કારને જોઈ વ્યાપારી જહાજથી ઉતરીને બહાર આવ્યો, અને ગયો બાળક પાસે, પૂછ્યું- ''બાળક! કોણ છે એ સનાતન બાબા? ક્યાં રહે છે?'' ચહેરા પર અપાર પ્રસન્નતાના ભાવ છે, જલ્દી-જલ્દીમાં શ્વાસ પણ પૂરો નથી લીધો, હાંફતા-હાંફતા પૂછ્યું- ''અરે લાલા! જલ્દી મને સનાતન બાબા પાસે પહોંચાડી દે.'' મંદ-મંદ હાસ્ય વેરતાં બાળકે કહ્યું એ તો ટેકરી પર ભજન કરી રહ્યા છે. સાંભળતાં ક્ષણનીય વાર લગાડ્યા વિના વેપારી ઉપર પહોંચ્યો, જઈને પ્રણામ કરી કહ્યું, ''બાબા! આપની કૃપાથી મારા ડૂબતા જહાજની અને મારી રક્ષા થઈ,

આપ મારે લાયક કોઈ સેવા બતાવો..'' સનાતનજીને તો કાંઈ જ ખબર નથી, તેની ભાષા અને ભાવ સમજવામાં મુશ્કેલી પડી રહી છે. આખરે આ શું કહી રહ્યો છે? અને શું કહેવા માગે છે...? જાણવા માટે તેમણે પૂછ્યું- ''તને આ નિર્જન વનમાં એકમાત્ર મારા નિવાસનું સરનામું કોણે આપ્યું?'' વેપારીએ આખું વૃત્તાંત કહી સંભળાવ્યું બસ સાંભળતાં જ સનાતનજીની સ્થિતિ અવર્ણનીય થઈ ગઈ, બોલ્યા- ''જેમની કૃપાથી તું સુરક્ષિત છે, તેમના માટે એક મંદિરનું નિર્માણ કર અને તેના ભોગ-રાગની વ્યવસ્થા કર'', ત્યારે સન ૧૫૯૨ની આસપાસ વેપારી દ્વારા આ લાલ પથ્થરોવાળા ભવ્ય મંદિરનું નિર્માણ થયું. એવી લોકવાયકા છે કે ઔરંગઝેબ દ્વારા આ મંદિર ધ્વસ્ત કરી નાખવામાં આવ્યું ત્યારે ફરીથી મહારાજ ગુણાનંદે તેનું પુનઃનિર્માણ કરાવ્યું. શ્રી મદનમોહનજીનું પ્રાકટ્ય સાંભળીને ઓરિસ્સાના રાજા પ્રતાપરુદ્રના સુપુત્ર શ્રી પુરૂષોત્તમજાનાએ અપાર શ્રદ્ધા સહિત બે વિગ્રહોને પુરીધામથી વૃંદાવન મોકલ્યા, ત્યારે શ્રી મદનમોહનજીએ પોતાના પુજારીને સ્વપ્નમાં આદેશ આપ્યો કે પુરીથી જે બે વિગ્રહ પધાર્યા છે, તેમાં ઉન્નત વિગ્રહવાળા લલિતાજી છે અને વામન વિગ્રહ મારી પ્રાણાધારા રાધા છે. તેથી રાધા વિગ્રહને મારા વામ પાર્શ્વમાં અને લલિતા વિગ્રહને દક્ષિણ પાર્શ્વમાં વિરાજમાન કરવા. આજ્ઞાનુસાર આજે પણ મધ્યસ્થ મદનમોહનજીના વામ ભાગમાં રાધારાણી, જમણા ભાગમાં લલિતાજી વિરાજમાન છે. પ્રાચીન મંદિરની પાસે જ પશ્ચિમ તરફ શ્રી સનાતન ગોસ્વામીજીની ભજનસ્થળી, પાવન સમાધિ તથા ગ્રંથ સમાધિ અત્યંત મનોરમ અને દર્શનીય છે. વર્તમાનમાં તો આપના સેવ્ય શ્રી મદનમોહનજી કરૌલીમાં પોતાની અલૌકિક રૂપમાધુરીથી ત્યાંના ભક્તસમૂહને આનંદિત કરી રહ્યા છે.

ગોવિન્દદેવજી

શ્રી રૂપગોસ્વામીજીના ગોવિંદદેવજી -

સત્ય જ કહ્યું હતું પરશુરામ દેવાચાર્યજીએ-

संत हरि के बाप हैं संत हरी के पूत ।
परशुराम जो संत न होते रामहू जाते अऊत ।।

વારંવાર આ પવિત્ર ધરાને મલીન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ક્યારેક અહીંના દેવાલયોના ઉન્મૂલન દ્વારા તો ક્યારેક દિવ્ય વિગ્રહો પર કઠોર આઘાત દ્વારા પરંતુ મહાન લોકોનું અવતરણ પણ દુરાત્માઓના દુષ્પ્રયાસોના દમન માટે અહીં થતું રહ્યું છે. એવા જ મહાન આત્માઓમાંથી આપ (શ્રી રૂપ ગોસ્વામીજી) હતાં. ૧૫મી શતાબ્દીમાં આપના દ્વારા ચૌદ વર્ષીય ગોવિંદદેવ પ્રભુનું પ્રાકટ્ય થવું સુનિશ્ચિત હતું.

શાંડિલ્ય મુનિના આદેશાનુસાર પ્રભુના ધામગમન ઉપરાંત શ્રી વ્રજનાભજી દ્વારા કેટલીય લુપ્ત લીલાસ્થળીઓ અને અનેક અર્ચાવતારોનું પ્રકટીકરણ થયું. વજનાભજીની માતા ઉષાજીએ સાક્ષાત્ શ્રીકૃષ્ણ દર્શન કર્યું હતું, તેમનું કહેવું હતું કે શ્રી મદનમોહનજીના શ્રીચરણ, શ્રી ગોપીનાથજીનું વક્ષસ્થળ, શ્રી ગોવિંદદેવજીનું મુખારવિંદ

સાક્ષાત ભગવાન શ્રીકૃષ્ણને મળતું આવે છે તેથી આ તે જ ગોવિંદદેવજી છે. આ શ્રીવિગ્રહ પોણા પાંચ હજાર વર્ષો પૂર્વે દ્વાપર યુગના અંતમાં કૃષ્ણના પ્રપૌત્ર શ્રી વજ્રનાભજી દ્વારા શ્રી વૃંદાવનમાં પધરાવવામાં આવેલા હતા અને કેટલીય વાર આતતાયીઓના આક્રમણથી ભૂમિગત થયા. ૫૦૦ વર્ષ પૂર્વે શ્રી રૂપ ગોસ્વામીજી દ્વારા તેમનું પ્રાકટ્ય થયું.

વાત કંઈક આવી છે- યવનોના અત્યાચાર કાળમાં આપ ભૂગર્ભમાં ચાલ્યા ગયા અને દીર્ઘકાળ સુધી ભૂમિગત રહ્યા. એક દિવસ જનતા જનાર્દન પર આપનું વાત્સલ્ય ઉભરાયું અને આપે શ્રી રૂપ ગોસ્વામીજીને જ આ અનુપમ કાર્યના અધિકારી માન્યા. અર્ધરાત્રિએ સ્વપ્નમાં અનુરોધ કર્યો, ગોવિંદદેવે કહ્યું- ''રૂપ બાબા, અરે રૂપ બાબા! અરે બાબા! હું અહીં ગોમા ટીલાની નીચે દબાયેલો પડ્યો છું. રોજ એક ગાય આવીને તેની અમૃતધારાથી મને પોષિત કરે છે, હવે તમે મને અહીંથી કાઢીને મારી સેવા કરો અને આ સેવા પરિપાટીને આગળ વધારો.'' બસ આટલો આદેશ કરીને એ વાત્સલ્ય સિંધુ લલિત લાલ સ્વપ્નમાં જ ન જાણે ક્યાં છુપાઈ ગયા, ગાયબ થઈ ગયા કે ચાલ્યા ગયા. તંદ્રાનો તાર તૂટતાં જાગૃત અવસ્થામાં આવ્યા, સ્વપ્નનું સ્મરણ મનમાં હતું જ, અરે! આજે મહા સુદ પંચમી છે. કેટલાક વ્રજવાસીઓને આપે એકત્રિત કર્યા, સ્વપ્નનું વૃત્તાંત કહી સંભળાવ્યું, સાંભળતાં જ સૌ આમ તેમ દોડી પડ્યા, કોઈ કોદાળી લઈ આવ્યું, કોઈ છાબડી લાવ્યું અને ખોદકામ શરૂ કરી દીધું, આસપાસની ભૂમિ દૂધની ધારાથી ભીની થઈ ગયેલ હતી, સૌ વ્રજવાસીઓ તે જોઈને વિસ્મિત હતાં. સાથે જ મનમાં ઉત્સુકતા પણ હતી કે ન જાણે કઈ દિવ્ય નિધિ પ્રકટ થવાની છે. થોડા જ સમયમાં ત્રિભુવન મોહન પોતાની રૂપમાધુરીથી સમસ્ત વ્રજવાસી જનોને પ્રફુલ્લિત કરતાં પ્રગટ્યા, હવે તો ચારે તરફથી 'બોલો ગોવિંદદેવજીની જય - ગોવિંદ દેવજીની જય' આ જ જયઘોષ કાનોનો પ્રિય વિષય બની ગયો હતો.

આ શ્રી ગોવિંદદેવજી જ વૃંદાવનના ઈશ્વર, રાજરાજેશ્વર વૃંદાવનેશ્વર થયા. રાજા પ્રતાપરૂદ્રના દત્તક પુત્ર શ્રી પુરૂષોત્તમ જાનાને શ્રીજીએ સ્વપ્નમાં આદેશ કર્યો કે પુરીધામમાં ચક્રબેડ નામના સ્થળે મારા વિગ્રહને લક્ષ્મીજીની માન્યતા આપી જનસમુદાય ખોટી ભ્રાંતિમાં છે, હું તો વ્રજેન્દ્રનંદનકૃષ્ણની પ્રાણવલ્લભા રાધા છું, ગોવિંદદેવના પ્રકટ થવાના આ સ્વર્ણિમ ક્ષણની પ્રતિક્ષા કરી રહી હતી, હવે તેઓ પ્રકટ થઈ ગયા છે, તેથી હવે મને તેમની જ પાસે મોકલી દેવામાં આવે. આદેશનું તરત પાલન થયું. શ્રીજીના સાંનિધ્યથી તો આપની કીર્તિનો વધુ વિસ્તાર થયો, નામ પડ્યું- શ્રીરાધા ગોવિંદ દેવ. સને ૧૫૯૦ માં શ્રી રઘુનાથ ભટ્ટ ગોસ્વામીના શિષ્ય જયપુરના રાજા માનસિંહે લાલ પથ્થરોથી સાત માળનું એક બૃહદ્ ભવન બનાવડાવ્યું. જે સમયે મંદિર, મૂર્તિભંજક ઔરંગઝેબના અત્યાચારોની આંધી વ્રજમાં આવી, વિધ્વંસકારીઓ દ્વારા મંદિરનો ઉપરનો ભાગ ધ્વસ્ત કરવામાં આવ્યો. સને ૧૬૭૦માં ઔરંગઝેબ દ્વારા આ મંદિરનો વિધ્વંસ કરવામાં આવ્યો. ૩ માળ તોડી નાખવામાં આવ્યા, પરંતુ મંદિર વિધ્વંસ થતા પહેલાં જ શ્રી ગોવિંદદેવજી જયપુર પ્રસ્થાન કરી ચૂક્યા હતા. સને ૧૮૦૫માં ગૌડીય

વૈષ્ણવો દ્વારા વિગ્રહ પ્રતિષ્ઠિત થયો. નંદકુમાર વસુ બંગાળી વૈષ્ણવ દ્વારા સને ૧૮૮૭માં મંદિર નિર્માણ થયું જ્યાં આજે પણ વિગ્રહદર્શન થાય છે.

વર્તમાનમાં આપ જયપુરમાં વિરાજમાન છો. આપના સૌંદર્યથી વિસ્મિત ચકિત થઈને રૂપ ગોસ્વામીજી કહે છે-

સ્મેરા ભંગીત્રય પરિચિતાં સાચિવિસ્તીર્ણ
દૃષ્ટિ વંશી ન્યસ્તાધર કિશલયામુજ્જ્વલાંચન્દ્રકેણ ।
ગોવિન્દાખ્યાં હરિતનુમિતઃ કેશિતીર્થોપકણ્ઠે
મા પ્રેક્ષિષ્ઠાસ્તવ યદિ સખે ! બંધુસંગેઽસ્તિરંગઃ ।।

''અરે ભાઈ! જો તમને ગૃહમાં થોડી પણ આસક્તિ હોય, તો કેશીઘાટની પાસે ઈશ્વરીય હાસ્ય યુક્ત, લલિત ત્રિભંગ મધુર બંક અવલોકન તથા જેના રક્ત અધરો પર બંશી સુશોભિત છે, મોરપંખ દ્વારા જે અનંત સૌંદર્ય પ્રસારિત કરી રહ્યા છે, એવા ગોવિંદદેવનું દર્શન ન કરશો, જો તમે આ ઉત્તમ ભૂલ કરી બેઠા તો તમારી આસક્તિ દૂર થઈ જશે અને મન અનાયાસે જ તેમની તરફ આકર્ષિત થશે.''

આપના આ કથનનો આશય- ''જો સાંસારિક સંકટોથી ઉન્મુક્ત થવા ઇચ્છો છો તો અવશ્ય આ ગોવિંદદેવજીના દર્શન કરો.'' જનશ્રુતિ છે કે વીતેલા ૨૭૦ વર્ષોથી આપ જયપુરમાં વિરાજમાન છો. શ્રી રૂપ ગોસ્વામીજી દ્વારા વિરચિત ઉજ્જવલ નીલમણિ, ભક્તિરસામૃત સિંધુ જેવા ભક્તિમય વૈષ્ણવ ગ્રંથો ખરેખર જ તેમની અદ્‌ભુત અલૌકિક આભા-પ્રતિભા દર્શાવે છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુના ગૌડીય ૬ પાર્ષદોમાંથી શ્રી રઘુનાથ ભટ્ટ ગોસ્વામી આ જ મંદિરમાં નિવાસ કરી ભાગવત પાઠ કરતા હતા, જે પીઠ પર વિરાજમાન થઈ આપ પાઠ કરતા હતા, તે પીઠ આપના પટ્ટ શિષ્ય શ્રી ગદાધર ભટ્ટજીને પ્રાપ્ત થઈ જે શ્રી રાધાવલ્લભ મંદિરની સામે ભટ્ટજીના મંદિરમાં સુસજ્જિત સુરક્ષિત રાખવામાં આવેલ છે. વૃંદાવનનો તો કણ-કણ કૃષ્ણ-લીલાથી ભરપૂર છે, જો વૃંદાવનના ભક્ત મંદિરોના જ નામોનો પણ ઉલ્લેખ કરવામાં આવે, તો એક નવીન ગ્રંથ તૈયાર થઈ જાય પરંતુ જો તેમની લીલાઓનું વર્ણન કરવામાં આવે તો મહાવેદ બની જાય અને છતાં પણ તેમાં સંપૂર્ણ લીલાઓનો સમાવેશ ન થઈ શકે. તેથી આપણે સૌ લીલાસ્થળીઓને પ્રણામ કરતાં આગળ વધીશું.

રાધાદામોદરજી (જીવ ગોસ્વામી)

શ્રી પૂજ્યપાદ શ્રી રૂપ ગોસ્વામીજી મહારાજના અનન્ય કૃપાપાત્ર શિષ્ય હતા- શ્રી જીવ ગોસ્વામીજી મહારાજ. આપનું એક અલૌકિક અસાધારણ વૈદુષ્ય હતું, જેનાથી આપ વિદ્વત વૈષ્ણવ રાજ્યના શિરોમણિ કહેવાયા. આપના દ્વારા રચિત ગોપાલ ચંપૂ, હરિનામામૃત વ્યાકરણ, સર્વ સંવાદિની ટીકા, ષટ્ સંદર્ભ જેવા ગ્રંથો જ આપનો પરિચય કરાવવામાં સમર્થ છે. ૯૦ વર્ષની ઉંમરમાં આપે ૪ લાખ શ્લોકો લખ્યા, આપના ગુરૂ શ્રી રૂપ ગોસ્વામીજી પાસેથી આપે શ્રીરાધા દામોદર વિગ્રહ પ્રાપ્ત કર્યો હતો. ૧૨૫ વર્ષ સુધી

પ્રભુએ આપની સેવા લીધી ત્યારબાદ શ્રી રાધાદામોદર જયપુર આવી ગયા, મંદિરમાં સનાતનજી દ્વારા આપવામાં આવેલ ગિરિરાજ શિલા વિરાજમાન છે, જેની પરિક્રમા કરવાથી અનાયાસ ગિરિરાજ પરિક્રમાનું ફળ પ્રાપ્ત થાય છે. આ શિલામાં ઠાકુરજીની બંશી, લકુટ, શ્રી ચરણ અને ગાયોની ખુરી આ ચાર ચિહ્નો સ્પષ્ટ અને દર્શનીય છે, તે સિવાય રાધાદામોદરજીના મંદિરમાં અન્ય સિદ્ધ ઠાકુર પણ વિરાજમાન છે, જયદેવજીના રાધા-માધવજી, કવિરાજ કૃષ્ણદાસજીના રાધાવૃંદાવનચંદ્રજી, ભૂગર્ભજીના છૈલ ચિકનિયાજી વગેરે.

રાધા દામોદર મંદિર સિવાય પણ વૃંદાવનમાં આચાર્યોના પ્રસિદ્ધ ઠાકુર વિરાજમાન છે જેવા કે-

શ્યામાનંદજીના શ્રી રાધા શ્યામસુંદરજી, શ્રી લોકનાથ ગોસ્વામીજીના શ્રી રાધા વિનોદજી, શ્રી હરિરામ વ્યાસજીના શ્રી યુગલ કિશોરજી, ભક્તિમતી મીરાબાઈના ગિરધર ગોપાલ, લાલા બાબુ (કૃષ્ણચંદ્ર)ના સુસેવ્ય શ્રી રાધા કૃષ્ણચંદ્રજી.

વ્રજ ચોર્યાસી કોસમાં વૃંદા વિપિનનું ક્ષેત્ર અત્યંત વ્યાપક છે, જેમ શ્રી રાધા-માધવની લીલાઓ થઈ છે. તેની સંપૂર્ણ સ્થળીઓનું વિસ્તારપૂર્વક વર્ણન કરવું શક્ય નથી પરંતુ જ્યાંથી જે લીલાસ્થળીનો સ્પર્શ થઈ જાય મન ત્યાં જ સ્થિર થઈ જાય છે, એવા રસનું પાવન ક્ષેત્ર છે આ વૃંદાવન. વૃંદાવનમાં આજે ભલે વન ન દેખાતું હોય પરંતુ ભગવાનના રાસરસનું રસાસ્વાદન સમસ્ત વિશ્વના ભક્તજનો કરતાં રહે છે.





કેશી ઘાટ વૃંદાવન - શ્રી યમુનાજી પૂજન



શ્રી રાધા વલ્લભ લાલજી



શ્રી મદનમોહન મંદિર અને શ્રી સનાતન ગોસ્વામી સમાધિ




શ્રી ગોવિંદદેવજી મંદિર અને શ્રી રંગજી મંદિર




શ્રી રાધા ગોપીનાથજી



શ્રી કૃષ્ણ-બલરામ મંદિર (ISKCON) અને શ્રી બાંકેબિહારી મંદિર




શ્રી ગોપેશ્વર મહાદેવ અને સેવાકુંજ



શ્રી રાધારમણ મંદિર અને કાલીદહ



ટટિયા સ્થાન અને બંસીવટ



ઇમલી તલા અને નિધિવન

અધ્યાય-૪૩

ભતરોડ

શ્રીકૃષ્ણ ગ્વાલ-બાળો સાથે અશોકવન પહોંચ્યા. ભાથું સમયસર ન મળતાં ગોચારણ કરતાં-કરતાં સમસ્ત ગ્વાલબાળો ભુખ શાંતિ માટે પોતાના પ્રાણપ્રિય સખા શ્રીકૃષ્ણને જ કહેતાં. આવા જ એક અવસરે તેઓએ વૃંદાવનથી મથુરા તરફ સઘન વનમાં ભૂખથી વ્યાકુળ થઈ શ્રીકૃષ્ણને કહ્યું કે ભાઈ હવે તો ન જાણે પ્રાણ જ નિકળી જશે, ક્યાંકથી ભોજનનો પ્રબંધ કરાવ. તેથી શ્રીકૃષ્ણએ કહ્યું કે નજીકમાં જ બ્રાહ્મણો એક મોટો યજ્ઞ કરી રહ્યા છે, ત્યાં જઈને તેમની પાસેથી ભોજન માગી લાવો. સખાઓ ભોજન લેવા ગયા તો ખરા પરંતુ શ્રીકૃષ્ણની મહિમાથી અજાણ એ યજ્ઞપ્રેમીઓએ તેમને નિરાશ પાછા વળવા માટે વિવશ કરી દીધા અને તેમણે આવીને શ્રીકૃષ્ણને સઘળી બીનાથી વાકેફ કર્યા, ફરી શ્રીકૃષ્ણએ કહ્યું- ''તમે સૌ યજ્ઞ પત્નીઓની પાસે જાવ, તેઓ જરૂર તમારી ઇચ્છા પૂરી કરશે.'' શ્રીકૃષ્ણ રૂપ સુધા રસ માધુરીનું શ્રવણ કરી ચુકેલી એ યજ્ઞ પત્નીઓએ તેમના પતિઓના વિરોધ છતાં વિવિધ રસભર્યા વ્યંજનો લઈ શ્રીકૃષ્ણ દર્શનની લાલસાથી સ્વયં સખાઓ સાથે જવાનો સંકલ્પ કર્યો. શ્રી જીવ ગોસ્વામીજી કહે છે કે તે યજ્ઞ પત્નીઓને મથુરામાં જ વન્ય ફુલો-ફળો વેચનારીઓ પાસેથી શ્રીકૃષ્ણ લીલા સાંભળીને કૃષ્ણ પ્રત્યે મોહ ઉપજ્યો હતો. શ્રવણ માત્રથી જાતાનુરાગા રતિ પ્રાપ્ત થઈ હતી. જ્યારે તેઓએ શ્રીકૃષ્ણ-બલરામને જુએ છે તો પોતાની સુધ-બુધ ખોઈ બેસે છે. શ્રી કૃષ્ણ બોલ્યા- ''હે દેવીઓ! તમારી દર્શનાભિલાષા પૂર્ણ થઈ, હવે પાછા વળો, જેથી વિપ્રગણ યજ્ઞ સંપન્ન કરી શકે.'' પરંતુ એવી કોણ અભાગણ હશે જે શ્રીકૃષ્ણ માધુરી પામ્યા પછી પાછા વળવાની ઇચ્છા ધરાવતી હશે,

શ્રી કૃષ્ણ બોલ્યા-

યુષ્માકં તુ પ્રભાવેણ પતયો વો દ્વિજાતયઃ ।
સદ્યો યજ્ઞફલં પ્રાપ્ય યુષ્માભિઃ સહ નિર્મલાઃ ।।
ગમિષ્યંતિ પરં ધામ ગોલોકં પ્રકૃતેઃ પરમ્ ।
અથ નત્વા હરિ સર્વા આજગ્મુર્યજ્ઞમંડલે ।।

(ગ.સં.મા.ખં.૨૧/૧૮,૧૯)

''તમારી નિર્મલા ભક્તિના પ્રભાવથી તમારા બ્રાહ્મણ પતિ પણ તમારી સાથે પ્રકૃતિથી પર મારા નિત્ય ધામ ગોલોકને પ્રાપ્ત કરશે, જાવો હવે તમે પાછા વળો.'' કૃષ્ણની આજ્ઞાથી અવાંછિત પ્રત્યાગમન જ્યારે થયું તો ઘરે આવીને તેમણે જોયું, તેમના

પતિ સ્વયંને ધિક્કારી રહ્યા છે. કૃષ્ણ દર્શન લબ્ધ ગોપિકાઓના અલૌકિક તેજથી અભિભૂત થઈ તેમના પતિઓ પોતાના ભાગ્યને દોષ દેવા લાગ્યા, કે તેઓ શ્રીકૃષ્ણ દર્શન અને તેમની સેવાથી વંચિત રહી ગયા. આવી પાવન લીલાનું સાક્ષી ભતરોડ પોતાની પ્રાચીનતા દર્શાવતું ભક્તોને દર્શનાનંદ પમાડી રહ્યું છે.

ગ્વાલબાળોની ક્ષુધા અથવા ભોજનની અપ્રાપ્તિના મૂળમાં યજ્ઞપત્નીઓ પર કૃપા કરવી એ જ મૂળ કારણ હતું.

તતો યજ્ઞપત્નીસ્થલ (ભતરોડ) પ્રાર્થના મંત્ર :

બ્રહ્મયજ્ઞાય તીર્થાય યજ્ઞપત્નીકૃતાય ચ ।
યજ્ઞપત્નીમનોરમ્ય સુસ્થલાય નમોઽસ્તુ તે ।।

''હે બ્રહ્મ યજ્ઞ રૂપ તીર્થ! આપ યજ્ઞ પત્નીઓ દ્વારા નિર્મિત છો અને તેમનાથી જ રમણીય છો, આવા સુંદર સંથળને નમસ્કાર છે.''







શ્રી ભતરોડ મંદિર

અધ્યાય-૪૪

અક્રૂર ઘાટ

પ્રાજોન્મત વ્રજ ગોપીઓ અને ગોપકુમારોના પરમ પ્રિય શ્રીકૃષ્ણચંદ્રને કંસના આદેશ પર અક્રૂરજી લેવા માટે વ્રજ પહોંચ્યા અને તેમને મથુરા લઈ જવાની વાત કરી તો જાણે સૌ વ્રજવાસીઓ પ્રાણહીન થઈ ગયા, તેમને લાખો દિલાસાઓ દીધાં પરંતુ પ્રાણનાથ વિના પ્રાણ ક્યાંથી રહેવાના હતા. શ્રીકૃષ્ણને લઈ જતાં મૂર્છિત વ્રજવાસીઓ તો તેની પ્રતિક્ષામાં સમય વ્યતીત કરતા રહ્યા, પેલી બાજુ અક્રૂરજી શ્રીકૃષ્ણને લઈને પતિતપાવની શ્રી યમુના તટે પહોંચીને સ્નાન કરવાની ઇચ્છાથી કાલિંદીમાં પ્રવેશ કર્યો તો આશ્ચર્યચકિત થઈને જુએ છે કે બંને ભાઈઓ બલરામ-કૃષ્ણ યમુના જળમાં દેખાઈ રહ્યા છે. આ બાજુ રથ તરફ જોયું તો ત્યાં પણ શ્રીકૃષ્ણ રથ પર આરૂઢ છે, ભ્રમ માનીને ફરી ડુબકી લગાવી તો ફરી જોયું કે શ્રીકૃષ્ણ ભગવાન જળમાં જ છે. સહસ્ત્ર મુખોવાળા શેષની શૈયા પર વિરાજમાન છે, આખું રહસ્ય સમજાતાં અક્રૂરજી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા-

નમસ્તે વાસુદેવાય નમઃ સંકર્ષણાય ચ ।
પદ્યુમ્નાનિરુદ્ધાય સાત્વતાં પતયે નમઃ ।।

(ભા.૧૦/૪૦/૨૧)

આ સ્થળી અક્રૂર ઘાટ નામથી પ્રસિદ્ધ થઈ.

ततो अक्रूरघाटस्नानाचमन प्रार्थना मंत्र :

विष्णुलोकप्रदस्तीर्थ मुक्ताक्रूरप्रदायितने ।
कृष्णेक्षणप्रसादाय नमस्ते विष्णुरूपिणे ।।

(બ્ર.ભ.વિ.)

અક્રૂરજીને મુક્તિ પ્રદાન કરનાર, હે વિષ્ણુ લોક પ્રદ અક્રૂર તીર્થ! હે વિષ્ણુ સ્વરૂપ! શ્રીકૃષ્ણ દર્શન અને તેમની પ્રસન્નતાના નિમિત્ત આપને નમસ્કાર છે.

લોહવન

અહીંની જે સૌથી પ્રસિદ્ધ લીલા છે, તે એ છે કે આ સ્થાન પર જરાસંધ હાર્યો હતો. તેણે મથુરા પર આક્રમણ કર્યું હતું. મથુરાની બહાર અહીં તેનું કૃષ્ણ-બલરામ સાથે યુદ્ધ થયું હતું. સૂરદાસજીએ લખ્યું છે-

શ્યામ બલરામ કંસ જબ મારયો ।
સુનિ જરાસંધ વૃત્તાંત અસ સુતા તે ।
યુદ્ધ હિત કટક આપનો હંકારયો ।
જોરિ દલ પ્રબલ સો ચલ્યો મધુપુરી ।
સુન્યો ભગવાન જબ નિકટ આયો ।

શ્રીકૃષ્ણએ સાંભળ્યું કે જરાસંધ પાસે આવી ગયો છે તો તે નગરની બહાર બંને ભાઈઓ આવ્યા અને યુદ્ધ શરૂ થયું જેમાં શ્રીકૃષ્ણની જીત થઈ. આ સ્થળને વ્રજવાસીઓ પોતાની નામ સંજ્ઞાથી કંઈક બીજું જ કહે છે પરંતુ તેનું વાસ્તવિક નામ જરાસંધ પરાજય સ્થળ છે અથવા આ કુંડને સૂર્યકુંડ પણ કહે છે.

લોહવનમાં જે કાળી મૂર્તિ છે તે લોહજંઘ ઋષિની છે. ઘણા લોકો તેને લોહાસુર પણ કહે છે. એ ખોટું છે કારણકે લોહવનનું નામ લોહજંઘાન ઋષિના નામ પર રાખવામાં આવ્યું છે. તેઓએ અહીં વ્રજ પ્રાપ્તિ માટે તપ કર્યું હતું. ઘણાં વનો ઋષિઓના નામ પર છે. જેવા કે- મહાવન મહા નામના ઋષિના નામ પર છે, લોધાંગ ઋષિના નામથી લોધોલી ગ્રામ છે, માર્કંડેય ઋષિના નામથી માડવ ગ્રામ છે.

ततो लोहवन प्रार्थना मंत्र (वायु पुराण) :

लोहजंघानसम्भूत कलाकाष्ठास्वरुपिणे ।
सर्ववाधाविमुक्ताय नमस्ते लोहसंज्ञके ।।

લોહજંઘાન ઋષિથી ઉત્પન્ન, કલાઓની પરાકાષ્ઠારૂપ, તમામ વિપદાઓથી મુક્ત થવા માટે આપને નમસ્કાર છે.

ततो जरासंधाक्षौहिणीपराजयस्थान प्रार्थना मंत्र :

कृष्णविजयिने तुभ्यं सूर्यकुंडसमाह्वय ।
नमस्ते तीर्थराजाय सर्वकल्मषनाशने ।।

(ब्र.भ.वि.)

કૃષ્ણના વિજયવાળા સૂર્યકુંડ નામના તીર્થરાજ! આપને નમસ્કાર છે. આપ સૌ ક્લેશોનો નાશ કરનારા છો. આ સ્થળ મહાભારતની લીલાઓને વ્રજ સાથે જોડે છે અને આજ અગ્રિમ દ્વારિકા લીલાઓનું બીજ છે.

લોહજંઘ ઋષિ :

ततो देवाः समाजग्मुः लोहजंघतपस्थलं ।
लोहजंघ ऋषिर्नाम्ना तपश्चक्रेति दीर्घकम् ।।
चतुर्विंशभवैर्वर्षैः कृष्णदर्शनमाचरत् ।
वरदानं समालभ्य वैकुंठमगमत्पदम् ।।
लोहजंघ ऋषेर्मूर्त्ति स्थापयेषुः सुरानघाः ।
ऋषेस्तु दर्शनादेव मुक्तिमागी भवेन्नरः ।।

(રૂદ્રયામલ)

ततो लोहजंघ ऋषिमूर्ति प्रार्थना मंत्र :

लोहजंघ ऋषे तुभ्यं नमामि परमेश्वर ।
विनाशाय यमालोकं सर्वदा कुरु मङ्गलम् ।।
लोहपात्रे घृतं धृत्वा दीपदानं समाचरेत् ।
मंत्रं त्रिधा समुच्चार्य नमस्कारत्रयं चरेत् ।
कदाचिन्नैव तस्यास्ति यमदूतस्य दर्शनं ।
वज्रतुल्यं भवेत् कायस्त्रिलोकविजयी भवेत् ।।

(રૂદ્રયામલ)

પ્રાર્થના મંત્ર- હે લોહજંઘ ઋષિ! હે પરમેશ્વર! હું આપને નમન કરું છું. યમલોકની યાતનાનો વિનાશ કરી સદા-સર્વદા મારું મંગળ કરો. લોખંડના પાત્રમાં ઘી નાખી દીપદાન કરતાં ૩ વાર મંત્રપાઠપૂર્વક ત્રણ પ્રણામ કરવાથી મનુષ્યને ક્યારેય યમદૂતોના દર્શન થતાં નથી. વજ્રતુલ્ય દેહ પ્રાપ્ત કરીને મનુષ્ય ત્રણેય લોકમાં વિજય પ્રાપ્ત કરે છે.

ત્યારબાદ દેવગણો લોહજંઘ નામના તપસ્યા સ્થાન તરફ ગયા. અહીં લોહજંઘ નામના ઋષિએ ચિરકાળ સુધી તપસ્યા કરી હતી. ૨૪ સંવત્સરો બાદ તેઓને ભગવાન શ્રીકૃષ્ણનો દર્શનલાભ અને વરદાન પ્રાપ્ત થતાં વૈકુંઠધામે પ્રયાણ કર્યું. અહીં સ્થિત લોહજંઘ ઋષિની પ્રતિમાને દેવતાઓએ સ્થાપિત કરી. આ ઋષિના દર્શનની પ્રાપ્તિથી જ મનુષ્ય મુક્તિગામી થઈ જાય છે.

તારાપુર

આ ગ્રામ તારા સખીના નામ પર છે, જે મહારાસમાં આવી છે. આમ પણ અહીંથી ગોકૂળ થોડું જ દૂર છે, ગોકુળ નજીક હોવાથી શ્રીકૃષ્ણ અહીં આસ-પાસના ગામોમાં રમવા માટે આવતા રહેતાં, અને અનેક પ્રકારની ક્રીડાઓ કરતાં. અહીં શ્રીકૃષ્ણની અનેક ક્રીડાઓમાંથી એક છે કંદુક ક્રીડા. શ્રીકૃષ્ણએ અહીં એક ગોપીને પોતાના તરફ આકર્ષિત કરી, જો કે એના પર પહેરો હતો, તેની પાસે પહોંચવું કઠિન હતું કારણ કે તે ઉપર ત્રીજા માળે રહેતી હતી. શ્રીકૃષ્ણએ જોયું કે તેના ઉપર પણ કૃપા તો કરવી જ છે. તેની ગલીમાંથી કંદુક ક્રીડા કરતાં ચાલ્યા, ગ્વાલબાળો પણ સાથે છે, કોલાહલ કરતાં આવી રહ્યા છે. કોલાહલ સાંભળીને ગોપી ઉપર ચડીને બહાર આવી, જ્યારે નીચે જોયું તો એક નીલવર્ણી બાળક દડો રમતો આવી રહ્યો છે, અદ્‌ભુત દૃશ્ય છે-

સુંદર બદન સદન કી શોભા નિરખ નયન મન થાક્યો રી થાક્યો ।
હૌં ઠાઢી બીથિન હ્વૈ નિકસ્યો ઉઝકિ ઝરોખન ઝાઁક્યો રી ઝાંક્યો ।
મોહન એક ચતુરાઈ કીન્હી ગેંદ ઉછાર ગગન મિસ તાક્યો ।
વારયો રી લાજ બૈરિન ભઈ મોકૂં મૈં ગંવાર મુખ ઢાંક્યો રી ઢાંક્યો ।
ચિતવન મેં કછુ કર ગયો મો તન મન ન રહત ક્યોં રાખ્યો રી રાખ્યો ।
‘સૂરદાસ’ પ્રભુ સરબસ લૈ ગયે હંસત-હંસત રથ હાંક્યો રી હાંક્યો ।

નંદી-બંદી

આ વ્રજનું પ્રસિદ્ધ ક્ષેત્ર છે પરંતુ વર્તમાન કાળમાં તે દેવી ક્ષેત્ર (શક્તિપીઠ)ના નામથી પ્રસિદ્ધ છે. આ પરિવર્તન ક્યારે થયું, તે અજ્ઞાત છે. પ્રાચીન કાળમાં આ સખીઓનું કેન્દ્રસ્થળ હતું. બંદી અને આનંદી આ બંને શ્રીજીની સખીઓ હતી, ગર્ગ સંહિતાના પ્રમાણ મુજબ ગોવર્ધન પર્વત સ્થિત શ્રૃંગાર શિલા પર એકવાર શ્રીજીનો શ્રૃંગાર થયો. ત્યાં સૌ મહાસખીઓ અને મહાશક્તિઓએ શ્રીજીનો શ્રૃંગાર કર્યો.

તાટંકયુગલં બંદી કુંડલે સુખદાયિની ।
આનન્દી યા સખી મુખ્યા રાધાયૈ ભાલતોરણમ્ ।।

(ગ.સં.વૃ.ખં.૨૦/૧૦)

યમુનાજીએ શ્રીજીના ચરણોમાં ઝાંઝર પહેરાવ્યાં, લક્ષ્મીજીએ કમરદોરો, મધુમાલતીએ હાર, લલિતાજીએ ચોળી, વિશાખાજીએ કંઠાભૂષણ, ગંગાજીએ વીંછીયા, એકાદશીએ કંકણ, શતચંદ્રાનનાએ બાજુબંધ, મધુમતીએ અંગદ પહેરાવ્યા, આ જ સ્થળ પર આનંદી અને બંદી નામની સખીઓએ શ્રીજીને કુંડળ અને ભાલ-તોરણ પહેરાવ્યા હતાં, ભાલ-તોરણ એ માથે પહેરાતું એક ઘરેણું છે જેનાથી મસ્તકની શોભામાં વૃદ્ધિ થાય છે.

આમ આ સ્થાન દ્વાપરયુગમાં રાધારાણીની સખીઓ બંદી અને આનંદીનું જન્મસ્થળ હતું પરંતુ કાળાંતરમાં ક્યારે તે દેવીપીઠ બન્યું, આ પરિવર્તન કેવી રીતે થયું, તેના વિશે શોધ કરવામાં આવે તો ખબર પડી શકે. 'ગર્ગ સંહિતા'ની ભૂમિકા અનુસાર તો આ બંને રાધારાણીની સખીઓ હતી અને તેમનો શૃંગાર કરતી હતી. તે સિવાય વ્રજવાસીઓ અનુસાર આ બંને સખીઓ નંદબાબાની ગમાણમાં છાણાં થાપવાનું કાર્ય કરતી હતી તથા નંદબાબાએ અહીં આવીને આ દેવીઓનું પૂજન કર્યું. આમ આ વિશે વ્રજવાસીઓમાં અનેક કથાઓ પ્રવર્તે છે. જે કંઈ પણ હોય, વર્તમાન સમયમાં અહીં નવરાત્રિનો મેળો પણ ભરાય છે અને કેટલાય શ્રદ્ધાળુ ભક્તો શક્તિપીઠના દર્શન માટે અહીં આવે છે.







શ્રી અક્રૂરજી મંદિર અને શ્રી અક્રૂર ઘાટ



નંદી બંદી આનંદી અને આનંદ કુંડ

અધ્યાય-૪૫

શ્રી દાઉજી

શ્રી નંદનંદન કૃષ્ણના અગ્રજ સંકર્ષણ (બલરામ) જ આ વ્રજ ધરાના અધિષ્ઠાતા દેવ છે, એટલે કે મોટા ભાઈ દાઉદાદા જ વ્રજના રાજા છે. રાજાનું કર્તવ્ય છે સમસ્ત પ્રજાજનો પર પુત્રવત્ સ્નેહ અને દયા દર્શાવે, જે આપનામાં તો ભરપૂર છે જ અને ખરું પૂછો તો એટલા માટે જ આપનું નામ 'દાઉ દયાલ' છે-

''બ્રજ કે રાજા ઈનકો કહિયત દીનદયાલ બડે બલરામ''

તો શું અનુજમાં દયાભાવ ઓછો છે? ના, ઓછો તો નથી પણ એ દયાભાવની ફક્ત ભક્તો પર જ વૃષ્ટિ થાય છે, અભક્તો પર નહીં, અભક્તો માટે તો અનુજનો સિદ્ધાંત અત્યંત નૃશંસ છે-

જો મમ ભક્ત સૌં બૈર કરત હૈ સો બૈરી નિજ મેરો ।
દેખ વિચાર ભક્ત હિત કારણ હાઁકત હૌં રથ તેરૌ ।।

પરંતુ અગ્રજના પ્રેમપાત્ર પાંડવો તો હતા જ, આપે કૌરવોમાં જ્યેષ્ઠ પ્રમત્ત-પાપી દૂર્યોધનને પણ સમાન પ્રેમ કર્યો. તેથી જ તો અનુજે મોટાભાઈનું નવીન નામકરણ કર્યું હતું એટલે કે શ્રીકૃષ્ણએ જ દાઉજીને દયાલ નામ આપ્યું, અન્ય કોઈએ નહીં. જુઓ ભાગવતમાં-

શ્રીકૃષ્ણએ જ દાઉજીને વ્રજ અધિષ્ઠાતા પદ પર પ્રતિષ્ઠિત કર્યા. ગોચારણ કાળમાં શ્રીકૃષ્ણ કહેતાં હતાં-

સ તત્ર તત્રારુણપલ્લવશ્રિયા ફલપ્રસૂનોરુભરેણ પાદયોઃ ।
સ્પૃશચ્છિખાન્ વીક્ષ્ય વનસ્પતીન્ મુદા સ્મયન્નિવાહાગ્રજમાદિપૂરુષઃ ।।

(ભાગવત ૧૦/૧૫/૪)

'સ તત્ર તત્રારુણપલ્લવશ્રિયા'- ''દાદા! જ્યાંથી આપ શીતળ જ્યોત્સનાનો વિસ્તાર કરતાં નીકળો છો, ત્યાંના પત્ર-પુષ્પ-પાષાણ, ચર-અચર સંપૂર્ણ પ્રકૃતિ આપનું સ્વાગત કરે છે.'' પછી કહે છે- ''દાદા! આજથી આપનું એક નવું નામ પડી ગયું છે, તે કયું?

એતેઽલિનસ્તવ યશોઽખિલલોકતીર્થં
ગાયન્ત આદિપુરુષાનુપદં ભજન્તે ।
પ્રાયો અમી મુનિગણા ભવદીયમુખ્યા
ગૂઢં વનેઽપિ ન જહત્યનઘાત્મદૈવમ્ ।।

(ભા.૧૦/૧૫/૬)

અહીં આ શ્લોકમાં અનઘ શબ્દનો પ્રયોગ શ્રીકૃષ્ણએ દાઉજી માટે કર્યો, અનઘનું તાત્પર્ય શું? **'નાસ્તિ વિદ્યતે અઘઃ ભક્તાનાં યસ્મિન્'** એટલી અસીમ દયા છે કે ભક્તોના અપરાધો પર તો ક્યારેય ધ્યાન જતું જ નથી. તેથી અનુજે તો આપને દાઉદયાલ સંબોધન કરી દીધું. આમ તો સંપૂર્ણ વ્રજ વસુંધરા આપના ચરણોથી ચિહ્નિત થઈ, પરંતુ વિશેષ આત્મીયતા પ્રાપ્ત થઈ બલરામ ગ્રામને, મત્સ્યપુરાણ અનુસાર તેનું નામ વિદ્રુમ વન છે કારણ- જે સમયે કંસના અત્યાચારને કારણે રોહિણીજી મહાવનના સૌભાગ્યવર્ધન માટે અહીંની પાવન અવનિ પર વિરાજતાં હતાં, ત્યારે અહીં વિદ્રુમની વેલોથી ઉત્પન્ન મૂંગા અને મણીઓ લેવા અહીં આવતા. તેના સુંદર-સુંદર હાર બનાવીને તેનાથી કૃષ્ણ-બલરામનો શ્રૃંગાર કરતા. વિદ્રુમની બહુલતાને કારણે જ આ ધરાનું નામ વિદ્રુમવન પડ્યું. તપ્તકંચનવર્ણી મૈયા રોહિણીનું સૌભાગ્ય જ એટલું ઉત્કૃષ્ટ છે કે તેમને ગોકુળ, મથુરા, દ્વારકા ત્રણે સર્ગની નિખિલ લીલાનો દર્શનલાભ પ્રાપ્ત થયો. મત્સ્યપુરાણ અનુસાર મૈયાએ અહીં સ્નાન કર્યા બાદ મુક્તાનું દાન કર્યું, તેથી અહીં તેમનો રોહિણી કુંડ પણ છે. મૈયા રોહિણીના કોમળ ચરણોથી ચિહ્નિત, દાઉદાદાના સ્વ-કરોથી લાલન-પાલન થયેલ વિદ્રુમવન વિશે મત્સ્યપુરાણમાં કહેવાયું છે-

વિદ્રુમાર્યાગતા યત્ર રોહિણીભૂષણાય સા ।
સ્નાનં ચકાર શુદ્ધયર્થં મુક્તાદાનં કરોતિ સા ।।

વિદ્રુમોદ્ભવરૂપાય તાલાંકરચિતાય ચ ।
સર્વસૌંદર્યગન્ધાય વનાય ચ નમોસ્તુતે ।।

(મત્સ્યપુરાણ)

અહીં એક વિશાળ કુંડ પણ છે, સ્થાનીય લોકવાયકા પ્રમાણે તેને શ્રીરસાગર કહે છે. વ્રજભક્તિ વિલાસ અને આદિપુરાણ અનુસાર તેને દુગ્ધ કુંડ નામથી પણ ઓળખવામાં આવે છે. તેનું કારણ છે કે જે સમયે શ્રીકૃષ્ણના પુત્ર અનિરુદ્ધે દિગ્વિજય કર્યો, તો તે સમયે તેમનું સમસ્ત યાદવોની વિશાળ સેના સમુદાય સહિત વ્રજ પ્રદેશમાં પણ આગમન થયું, ત્યારે નંદબાબાએ સૌને આમંત્રિત કર્યાં.

ઉત્તમ સર્વગુણ સંપન્ન લાખો-લાખો ગાયોના દુધથી આ કુંડને ભરવામાં આવ્યો, જેનાથી કોટિ યાદવજનોએ એક સાથે ભોજન કર્યું, તેથી તેનું નામ દુગ્ધ કુંડ છે.

તતો દુગ્ધ કુંડ પ્રણામ મંત્ર :

સુધામયપયસ્તુભ્યં હલાયુધવરોદ્ભવ ।
ચિરાયર્વરદાયૈવ દુગ્ધકુંડ નમોસ્તુતે ।।

ભાવાર્થ- અમૃતતુલ્ય જળવાળા શ્રી બલરામજીના હળથી ઉત્પન્ન, આયુવર્ધક દુગ્ધ કુંડને પ્રણામ છે.

આદિ પુરાણ અનુસાર

યત્રૈવ બલદેવસ્તુ યદુપુત્રૈઃ સમન્વિતઃ ।
ભોજનં ક્રિયતે સ્વેચ્છં કૃતદુગ્ધાઢયપાસયમ્ ।।

ભાવાર્થ- અહીં આ પુણ્યમય તીર્થમાં અમારા દાઉ ભૈયાએ તમામ યદુપુત્રો સાથે આ જ સરોવર પર ભોજન કર્યું હતું.

ગોપક્રીડાના ચતુર નાયક - 'દાઉજી'

વ્રજની મર્યાદા જ એવી છે જેની દૃષ્ટિમાં ન કોઈ બ્રહ્મ છે ન પરમાત્મા, અહીંની મર્યાદા માત્ર એટલી જ છે કે બસ અબોધ બની જાવ, એ તો કનૈયો અને દાઉ જન્મ લેતાંની સાથે જ બની ગયા હતા. તેથી જ તો સખ્ય રસની પ્રધાન ગોપ ક્રીડાના ચતુર નાયક બની શક્યા નહીં તો અબોધ બન્યા વિના એ ક્યાંથી સંભવ હતું ? શ્રીકૃષ્ણ-બલરામની ગોપલીલા વિસ્તારથી જુઓ - ભા. ૧૦/૧૧/૩૯, ૪૦ અને ૧૦/૧૨/૪-૧૦.

હવે અબોધોનો ખેલ શરૂ થવા જઈ રહ્યો છે-

કનૈયો- ''દાઉ ભાઈ! આજે આપણે બંને નાચીશું'', દાઉ- ''કનૈયા નાચવાની ઇચ્છા તો મારી પણ છે પણ જ્યાં સુધી કોઈ ગાશે નહીં ત્યાં સુધી મારા તો પગ પણ નહીં ઉપડે', મોહન- ''ભાઈ! એમાં શું મોટી વાત છે લો હું હમણાં જ ગાઉં છું, હું કાંઈ બીજાથી ઓછું ગાઉં છું?'' ગાયન શરૂ થયું, તો દાઉજીએ પણ નૃત્ય આરંભ કર્યું, પછી દાઉજી બોલ્યા- ''કનૈયા! હવે તું તૈયાર થઈ જા'', આમ ક્રીડા ચાલી રહી છે, શ્રીદામા બોલ્યો- ''ભાઈ તમે બંને અલગ-અલગ નાચશો તો સારૂં નહીં લાગે હમે અમે ગાઈશું અને તમે નાચો'', યુગલ નૃત્ય શરૂ થયું. આહા હા! ધન્ય ધન્ય છે આ ઘરા એક તરફ પીતાંબરધારી અને બીજી તરફ નીલાંબરધારી, નૃત્યના બહાને જાણે ઘરાના સમસ્ત નૂતન-પુરાતન મનોરથો સિદ્ધ કરી રહ્યા છે. સૌંદર્ય સિંધુ રસિક શેખરના ખભા સુધી લહેરાતી કેશ-લહેરીઓમાં ગુંથેલું શ્વેત ફૂલ જાણે કાળા આકાશમાં શોભતા ચંદ્ર સમાન છે. તેમનો પગ-વિન્યાસ જુઓ, કમરે બંધાયેલ નાની-નાની ઘંટડીઓનો મધુર નાદ અને તેમના ચરણોનું આલિંગન કરતી ઝાંઝરનો સુમધુર રણઝણાટ તો આખી સૃષ્ટિને વિસ્મિત કરી રહ્યો છે. બંને ભાઈઓની દરેક નૃત્યની ગતિ આંખોમાં ચમક લાવનારી છે,

પરંતુ મિત્રોએ જોયું તો તેઓ સમજી ગયા કે હવે વધુ નેત્રસુખ યોગ્ય નથી. બંને ભાઈઓને ચરણકમળ, મુખકમળ પર થાકની રેખાઓ ઉભરી આવી છે. અચાનક મિત્રો બોલી ઉઠ્યા- ''ઓ કનૈયા! ઓ દાઉ ભૈયા બસ-બસ, હવે અમે પણ નાચીશું, એક તરફ હટી જાઓ'', કૃષ્ણ-બલરામ આઘા થઈ ગયા, ગ્વાલ બાળો- ''લાલાઓ! હવે તમે બંને ગાઓ, અમે હલીશું, એટલે કે નાચીશું'', બંનેએ ગાયન આરંભ કર્યું તો ગંધર્વગણ ગાલે હાથ દઈ બંનેને એક નજરે નિહાળવા લાગ્યા. બંનેનું ગાયન, સેંકડોનું નૃત્ય જ્યારે સંપન્ન થયું તો હવે ઝઘડો થઈ ગયો કે કોણ સારૂં નાચ્યું? હવે ભલા એવું તો કોણ કહે, કે ના મને સારૂં નાચતા નથી આવડતું, સૌ પોતપાતાના પિતાના સ્વમાન માટે લડવા-ઝઘડવા લાગ્યા, હું સારૂં નાચ્યો, ચારે તરફ બસ એક જ કોલાહલ, પણ દાદા દાઉ તો દયાળુ છે. દાઉએ નિર્ણય કર્યો- ''ના ભાઈ! તમે સૌ સારું નાચ્યા છો, સૌ નૃત્યકળામાં પારંગત છો.''

તા તા થેઈયા-થેઈયા નાચે રામ ગોપાલ ।
દાઉ ગાવૈ મોહન નાચૈ મોહન ગાવૈ દાઉ નાચૈ
ઠુમકા દૈ-દૈ નાચૈ દેવૈ હાથન તે કરતાલ ।।
દોઉ ગાવૈં ગ્વાલા નાચૈં ગ્વાલા ગાવૈં દોઉ નાચૈં
નાચેં ગાવૈં હંસૈં હંસાવૈં રંગ રંગીલે ગ્વાલ ।।
હોડા-હોડી ભયી લડાઈ સબ મેં હૈ ગઈ હાથાપાયી
દાઉ ને તબ ન્યાય કરાઈ નાચૈં ગાવૈં સબૈ ભુલાઈ
એસે ખેલૈં ખેલ સબૈ મિલ બછરન કે પ્રતિપાલ ।।

(રસિયા રાસેશ્વરી)

નૃત્યતો ગાયતઃ ક્વાપિ વલ્ગતો યુધ્યતો મિથઃ ।
ગૃહીતહસ્તૌ ગોપાલન્ હસન્તૌ પ્રશશંસતુઃ ।।

(ભા. ૧૦/૧૫/૧૫)

બાળલીલાના બાળકો (કાનો-બલરામ)

બંને અત્યંત ચપળ છે, ક્ષણવારમાં લડે છે, ક્ષણવારમાં એકબીજાને મનાવી પણ લે છે ત્યારે ઉજજ્વળ દંતપંક્તિ ખીલી ઉઠે છે. યશોદા મૈયા દાઉનો પક્ષ લે છે અને મૈયા રોહિણી કૃષ્ણની પક્ષધર છે. કૃષ્ણ જાણે છે કે દાઉજીનો ખટલો રોહિણી મૈયાની અદાલતમાં જ રજૂ કરવો હિતાવહ છે. ત્યાં જ આપણી દાળ ગળશે, યશોદા મૈયા પાસે તો કેસ ઉંધો વળી જશે. દોડીને ગયા નાના-નાના કદમોથી. કાજળભર્યા બંને નયનોમાં આંસુ એટલા ઉભરાયાં છે કે બસ પલક ઝપકાવતાં જ નીચે ટપકી આવશે, હોઠ ફફડી રહ્યા છે. દોડતાં દોડતાં પડી ગયા, મોટી મૈયા રોહિણીની ગોદમાં, રડવાનું શરૂ કરી દીધું. લાંબો શ્વાસ ખેંચી વચ્ચે-વચ્ચે ડુસકાં ભરતાં... બોલવાનો પ્રયાસ કર્યો મૈ ડ ડ ડ યા...

દા ડ ડ ડ ઉ ડ ડ ડ ભૈ ડ ડ યાડ ડ . મૈયા રોહિણી ભયભીત કાનાની ધડકતી છાતી જોઈને પરેશાન છે.

(કનૈયાના વક્ષ પર હાથ મૂકી) ''પુત્ર! કનૈયા! મારા કાના! શું થયું? આજે તને કોણે દુઃખી કર્યો? શું ધૃષ્ટતા કરી દાઉએ? બોલ તો ખરો!''

શ્રીકૃષ્ણ- ''મનૈ ડ ડ યા ડ ડ... મને બીવડાવ્યો ડ ડ ડ''

કાનાએ એક-એક કરીને ક્રમશ- દાઉ ભૈયાની ફરિયાદોનો અંબાર લગાવી દીધો-

દેખ રી રોહિણી મૈયા કૈસે હૈં બલદાઉ ભૈયા ।
યમુના કે તીર મોહે ઝુઝુઆ બતાયો રી ।।
સુબલ શ્રી દામા સાથ હંસ-હંસ પૂછત બાત ।
આપ ડરપૈ ઔર મોહે ડરપાયો રી ।।
જહાઁ-જહાઁ બોલે મોર ચિત રહત તાહી ઓર ।
ભાજો રે ભાજો રે ભૈયા દેખો વહ આયો રી ।।
આપ ગયે તરુ ચઢ મોહિં છાંડયો વાહી તર ।
ધક-ધક છાતી કરે દૌરયો ઘર આયો રી ।।
ઉછંગ સોં લિયે લગાય કંઠ સોં રહે લપટાય ।
વારી રે વારી મેરો હિયો ભર આયો રી ।
'પરમાનન્દ' રાની દ્વિજ બુલાય વેદમંત્ર પઢાય ।
બછિયા કી પૂંછ ગહિ હાથહિ દિવાયો રી ।।

આ પદના માધ્યમથી શ્રી પરમાનંદદાસજીએ અતિ સુંદર સખ્ય લીલાનું નિરૂપણ કર્યું છે. મોટી મૈયાએ તરત વેદજ્ઞ બ્રાહ્મણોને તેડાવીને સ્વસ્તિવાચન પ્રારંભ કરાવ્યું, ગૌભક્તિનું દિગ્દર્શન, તરત મૈયાએ સફેદ ગાય મંગાવી અને કહ્યું-''લાલા! ગૈયાની પૂંછડીને સ્પર્શ કર, એનાથી ક્યારેય તું હારીશ નહીં અને તું ક્યારેય દાઉ સાથે રમવા માટે જંગલમાં ન જતો.''

કાનો- ''મૈયા! હું પોતે તો ક્યારેય જવા નથી માગતો, પણ દાઉએ મને ફોસલાવી દીધો, કે ચાલ કનૈયા વનમાં મોટો તમાશો થઈ રહ્યો છે. મૈયા મને તો દાઉ અને તેમના સખાઓ તમાશો બતાવવાના બહાને જંગલમાં લઈ ગયા, મૈયા! એના સખાઓ પણ એમના જેવા જ ધૂર્ત છે.''

મૈયા નિપટ બુરો બલિદાઉ ।
કહત હૈ વન બડૌ તમાસૌ સબ લરકા જુરિ આઉ ।
મોહૂ કો પુચકર ચલે લૈ જહાઁ બહુત મન ઝાઉ ।
હ્વાં હી તે કહિ છાંડિ ચલે સબ કાટિ ખાઉ રે હાઉ ।
ડરપ કાંપિ કે ઉઠ ઠાડયો ભયો કોઉ ન ધીર ધરાઉ ।
પગ-પગ ગયો ચલ્યો નહિં જાઈ વે ભાગે જાત અગાઉ ।
મોસોં કહત મોલ કો લીનોં આપ કહાવત સાઉ ।
'પરમાનન્દ' બલરામ ચબાઈ તૈસેહિ મિલે સખાઉ ।।

મહાન પરાક્રમી-બલરામજી

અરે આપણા દાઉ દાદા ન હોત તો શું કોઈ ધેનુકને મારી શકવાનું હતું? શું કોઈ પ્રલંબ જોડે બાથ ભીડી શકત? શું કોઈ બલ્વલ સામે બળપ્રયોગ અજમાવી શકત? આપણા નાના ભાઈ કૃષ્ણ કનૈયાએ તો એ કરી બતાવ્યું જે સાધારણ માનવ ન કરી શકે એટલે કે- વિવિધ અમાનુષિક કાર્યો કર્યા અને મોટાભાઈ બલરામજીએ તો એ કરી બતાવ્યું જે તેમના અનુજના વશની વાત ન હતી. તેનું અકાટ્ય પ્રમાણ છે ''ભાગવત ભાષ્ય-ગર્ગ સંહિતા'' જેમાં વિસ્તૃત ઉલ્લેખ પ્રાપ્ત થાય છે દાઉજીના પરાક્રમનો, પરંતુ અહીં ગ્રંથ વિસ્તારના સંકોચને કારણે સંક્ષિપ્ત ચર્ચા કરવી યોગ્ય જણાશે.

એક સમયે યદુવંશીઓએ સમસ્ત સંસાર પર વિજય પ્રાપ્ત કરવાનો ધ્રુવ નિર્ણય કર્યો, વિજય પ્રાપ્તિ બાદ તેમના દ્વારા એક વિશાળ અશ્વમેધ યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો, એ અશ્વમેધ યજ્ઞના વિજયી અશ્વને લઈ રૂક્મણીનંદન અનિરુદ્ધ સર્વત્ર વિચરણ કરી રહ્યા હતા. અનુશાલ્વ, યુવનાશ્વ અને ભીષણ આ ત્રણ અપરાજિત મહાબળવાન રાક્ષસોને જ્યારે તેમણે પરાજિત કર્યા ત્યારબાદ તો કોઈની પણ હિંમત ન થઈ એ અશ્વને રોકવાની. ૬ માસ વીતી ગયા હતા, ૬ માસ બાકી હતા. તે સમયે નૈમિષારણ્યમાં બલ્વલનો નિવાસ હતો, મહાન શક્તિસંપન્ન આ દાનવનો અંત કરવાનું સામર્થ્ય કોઈમાં પણ નહોતું. તેથી યજ્ઞ દૂષિત કરવા છતાં પણ ઋષિગણો મૌન જ રહેતાં. તેને શિવજી પાસેથી વરદાન પ્રાપ્ત હતું, તેથી શ્રીકૃષ્ણ પણ તેને મારી શકતા નહોતા, એ કામ તો અતિશય શક્તિયુક્ત બલરામ ભૈયાએ જ કરવાનું હતું, તેથી સંયોગ પણ બની ગયો, નારદજીએ બલ્વલને કહ્યું- ''તારા ભાઈ શકુનિને યાદવોએ મારી નાખ્યો છે અને તું અમથો જ બળવાન થઈને ફર્યા કરે છે. જો શૌર્ય હોય તો ભાઈના મૃત્યુનો બદલો લે.... અત્યારે યદુવંશીઓ આખા સંસારને જીતવામાં પડ્યા છે અને અશ્વમેધ યજ્ઞના અશ્વને લઈ પડકાર ફેંકતા ફરી રહ્યા છે, નારદજી બોલ્યા- જા.. અત્યારે અશ્વ પ્રયાગમાં પહોંચ્યો છે; ત્રિવેણીમાં જળ પી રહ્યો છે'', આટલું સાંભળતાં જ પોતાનો વિજય નિશ્ચિત જાણી બલ્વલ વાયુવેગે નીકળી પડ્યો અને જઈને અશ્વને પકડી લીધો.

પ્રહાર પર પ્રહાર, આઘાત પર આઘાત થવા લાગ્યા તો દુષ્ટ દાનવ ઘોડા સાથે જ અંતર્ધ્યાન થઈ ગયો. હવે ક્યાં હથિયાર ચલાવવું.... કોને મારવો... કોની સાથે યુદ્ધ કરવું..? બિચારા સૌ ઉદાસ થઈને બેસી ગયા, નારદજી ત્યાં પણ પહોંચ્યા, બોલ્યા- ''તેને તો શિવજીનું વરદાન પ્રાપ્ત છે. ૧૨ વર્ષોની કઠોર તપસ્યા કરી તેણે આ વરદાન મેળવ્યું છે કે આપ સદા મારી સહાયતા કરજો, એટલે પહેલાંથી જ કહું છું, તેની સામે જીતવું એ કાંઈ સરળ કામ નથી.''

યદુવંશી વીરો બોલ્યા- ''જીતાય તો ત્યારે કે જ્યારે એ સામે દેખાય, જ્યારે કોઈ દેખાતું જ નથી તો શું અંદરોઅંદર લડીએ?''

એનું કોઈ ઠામઠેકાણું તો મળે કે એ છે ક્યાં. નારદજી બોલ્યા- ''ઠામઠેકાણું તો હું કહી દઉં, આ સમયે તે સમુદ્રની પેલે પાર પાંચજન્ય ઉપદ્વીપમાં છે'', પણ હવે સમસ્યા એ થઈ કે સમુદ્ર પાર કોણ કરે, તો ઉદ્ધવ, સાત્યકિ જેવા મહાન મહારથીઓની મદદથી ૩૦ યોજન એટલે કે ૪૦૦ કિ.મી.નો પુલ બાણો દ્વારા માત્ર ૪ પ્રહર (૧૨ કલાક)માં બનાવી દીધો, હવે તો આખી સેના પાંચજન્ય દ્વીપ પર પહોંચી ગઈ. મય નામના રાક્ષસે પોપટના રૂપમાં આવીને આ બધું જોયું અને બલ્વલને સમજાવ્યો- ''મહારાજ! આમની સાથે સંધિ કરી લેવામાં જ આપણું કલ્યાણ છે, ભગવાન રામે તો પથ્થરનો પુલ બનાવ્યો અને તેને બનાવતાં કેટલાય દિવસો લાગ્યા હતા, પરંતુ અહીં તો શ્રીકૃષ્ણના વંશજ અનિરુદ્ધની સેનાએ માત્ર ૧૨ કલાકમાં જ બાણોથી પુલ બનાવી દીધો.'' મયની વાત સાંભળીને બલ્વલે એને ડરપોક કહ્યું, બોલ્યો- ''જા, તું પણ વિભીષણની જેમ એ કૃષ્ણની શરણમાં ચાલ્યો જા, હું તો યુદ્ધ કરીશ. ૧ કરોડ દૈત્ય યોદ્ધાઓની સેના સહિત.'' યુદ્ધ શરૂ થયું. સૌ પોત-પોતાની રીતે સમાન યોદ્ધાઓ સાથે લડવા લાગ્યા, બિચારી પ્રકૃતિ થરથરી ઉઠી, એટલું જ નહીં આકાશમાં ઉભા ઇંદ્ર, કુબેર વગેરે દેવો જે યુદ્ધ જોવા આવ્યા હતા, આ ભીષણ યુદ્ધને જોઈ આકાશમાં જ ડામાડોળ થવા લાગ્યા, ચારે તરફથી ભીષણ ચિત્કાર, કર્કશ ધ્વનિઓ, હાથીઓની ગર્જના સંભળાઈ રહી છે, અનિરુદ્ધજીએ યુદ્ધમાં કૌશલ્યનું પ્રદર્શન કરતાં ઉર્ધ્વકેશ, નદ, સિંહ, વૃક, કુશામ્બુદ્ધ જેવા મોટા-મોટા યોદ્ધાઓને સમાપ્ત કરી નાખ્યા. ત્યારે ફરીથી મય દાનવે બલ્વલને કહ્યું- ''હજી પણ સમય છે મહારાજ, આપ તેમની શરણ લઈ લો, આપણા એક-એક કરીને બધા યોદ્ધાઓ માર્યા ગયા'', પરંતુ બલ્વલ ક્યાં માનવાવાળો હતો, તે બોલ્યો-

''હું આ કૃષ્ણને સારી રીતે ઓળખું છું, આ એ જ છે ને જે માખણ ચોરીને ખાતો હતો,
આ એ જ છે ને જે જરાસંધના ભયથી સમુદ્રમાં ભાગી ગયો હતો?''

સૂર્ય અસ્ત થવાની અણીએ હતો, તેથી યુદ્ધ એ દિવસે ત્યાં જ બંધ કરવામાં આવ્યું. બલ્વલે ઘોષણા કરી કે, આપણા આ પાંચજન્ય દ્વીપના સૌ દૈત્યોએ કાલે લડાઈમાં ભાગ લેવાનો છે, જે કાલે યુદ્ધક્ષેત્રમાં મોડો પહોંચશે, તેને હું સમાપ્ત કરી દઈશ.

બીજા દિવસે સેનાપતિ સેન્યપાલના બે દીકરાઓને પહોંચતાં વાર લાગી, બલ્વલની પ્રતિજ્ઞાનુસાર તેમને મારી નાખવામાં આવ્યા, બીજા દિવસે બલ્વલના પુત્ર અને કૃષ્ણભક્ત એવા કુનન્દનને પણ વિલંબ થયો, સેનાપતિએ લાગ જોઈ, ગુસ્સાથી કહ્યું- ''કુનન્દનનો વધ પણ ન્યાય અનુસાર થવો આવશ્યક છે'' વીર પુત્રને મરવા માટે તૈયાર જોઈ બલ્વલની આંખોમાં અશ્રુઓ છલકાઈ આવ્યાં. કુનન્દન બોલ્યો- ''મને મૃત્યુનો ભય નથી પરંતુ એકવાર શ્રીકૃષ્ણની સ્તુતિ કરી લેવા દો, તેમના દર્શનનું સૌભાગ્ય તો મુજ અધમને માટે દુર્લભ જ રહી ગયું.'' આ બાજુ તેને મારવાના વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ તે નિષ્ફળ ગયા, કારણ-

यं च रक्षति श्रीकृष्णस्तं को भक्षति मानवः ।
भक्तं हंतुं चागतो यः स विनश्यति दैवतः ।।

(ગ.સં.અશ્વમેધ ખં.૩૩/૬૦)

''ભગવાન પોતે જેના રક્ષક હોય તેનો કાળ ભલા કોણ હોઈ શકે?'' એટલે કે કોઈ નહીં.

તત્પશ્ચાત્ બલ્વલ પુત્ર કુનન્દન અને કૃષ્ણ પુત્ર સુનન્દન વચ્ચે લડાઈ થઈ, અનિરુદ્ધ દ્વારા મોટા-મોટા અમોઘ શસ્ત્રોનો પ્રહાર કરવામાં આવ્યો જૃમ્ભણાસ્ત્ર, મોહનાસ્ત્ર,... વગેરે. આ બાજુ કુનન્દને જ્યારે મૃત્યુનું વરણ કર્યું, તો ત્યાં વાઘાંબરધારી, આશુતોષ શ્રી શિવ પહોંચી ગયા, બોલ્યા, ''ક્યાં છે સુનન્દન, જેણે મારા ભક્ત કુનન્દનને માર્યો.'' શિવજીના અત્યધિક ક્રોધને કારણે સુનન્દન સમાપ્ત થઈ ગયો, ત્યારે અંતે શ્રીકૃષ્ણ પોતાના સમસ્ત આયુધો સહિત પ્રકટ થયા, ચારેબાજુથી જયધ્વનિ-જયઘોષ થવા લાગ્યો. શિવજીએ પ્રભુને પ્રણામ કરી સ્તુતિ કરી. અપરાધ માટે ક્ષમાયાચના કરી, પ્રભુ બોલ્યા- ''હે શમ્ભો! તમે કાંઈ અનુચિત નથી કર્યું, હું જાણું છું, આપ વરદાનબદ્ધ હતા, તેથી આપના ભક્ત માટે લડી રહ્યા હતા'', ત્યાર પછી શ્રીકૃષ્ણએ પોતાના પુત્ર સુનન્દનને જીવિત કર્યો. બલ્વલનો અંત સમય પણ નજીક આવી રહ્યો હતો, જે દાઉજીના હાથે નિશ્ચિત હતો. જે બલ્વલને અનિરુદ્ધ ન મારી શક્યા, ન શ્રીકૃષ્ણ તો પછી અન્ય કોઈની વાત કરવી જ નકામી છે, એને હવે આપણા હલધર બલરામ જ ધરાશયી કરશે, નૈમિષારણ્યમાં બલ્વલનો આતંક વધી રહ્યો હતો, ઋષિઓ-મહર્ષિઓ બિચારા મૌન ધારણ કરી બેઠા છે. તેમનું ધૈર્ય, તેમની ક્ષમા પણ અસીમ છે. ચારે બાજુ જ્યારે પસ, રક્ત, વિષ્ઠા-મૂત્ર, માંસ-મદિરાની વૃષ્ટિ થઈ રહી હોય ત્યારે, તેની દુર્ગંધમાં શ્વાસ લેવાનું પણ દુષ્કર થઈ જાય છે. એક સપરમા દિવસે એકાએક પ્રચંડ આંધી થવા લાગી, સંપૂર્ણ આકાશ અત્યંત દૂષિત વસ્તુઓની વૃષ્ટિથી છવાઈ ગયું, આકાશમાં અમોઘ ત્રિશુળ સાથે, પહાડ જેવા આકારવાળો, કાજળ સમાન કાળો, લાલચટક દાઢી-મૂંછો વાળો, ગર્જના કરતો તે દેખાયો. દાઉએ પોતાના હળ-મૂસળનું સ્મરણ કર્યું અને તે હાજર થઈ ગયા. બસ પછી ક્યાં વાર લાગવાની હતી. આપણા દાઉ ભૈયાને ધનુષબાણ લઈ ટુક-ટુક કરવાની કળાની ક્યાં જરૂર હતી. એમણે તો બસ હળથી બલ્વલને ખેંચીને મૂસળથી તેની ખોપરી જ ફાડી નાખી, અચાનક જાણે વીજળી ચમકી ઉઠી, રક્તની છોળો માથેથી એવી ઊડી જાણે શિવમસ્તકમાંથી ગંગા. છટપટાઈને તે મૃત્યુ પામ્યો.

વ્રજના રાજા- દાઉદાદા

ગર્ગસંહિતાનુસાર ચાક્ષુષ મન્વંતરમાં ચાક્ષુષ મનુને ત્યાં નાગલક્ષ્મીજી જ્યોતિષ્મતીના રૂપે અવતરિત થયા, વૈવસ્વત મન્વંતરના ૨૭ ચતુર્યુગ પૂરા થતાં બર્હિષ્મતિ રાજા રૈવતને ત્યાં રેવતી સ્વરૂપે અવતર્યા, જેમનું પાણિગ્રહણ આપણા દાઉદાદા સાથે થયું, જેનાથી તેઓ રેવતીરમણ કહેવાયા. બલદેવ ગ્રામના આ મંદિરમાં રેવતી-મૈયા ડાબી તરફ ન રહેતાં સામ-સામે છે, તેનો અર્થ એ થયો કે તેઓ શરમાઈ રહ્યા છે, તેથી ત્યાં ઉભા છે, આ તો પ્રેમ વૈચિત્ર્ય છે, બંને સદાય એકમેકને જોઈ રહ્યાં છે. એક-બીજાને જોવાથી પ્રેમાસક્તિ પ્રાપ્ત થાય છે-

મિલિબો નયનન હી કો નીકો ।
ચારોં નયન ભયે ઈક ઠૌરે ધોકો મિટ ગયો જી કો ।
ખટ્ટી છાછ મને નહિં ભાવૈ 'સૂર' પિવૈયા ધ્યો કો ।

તતો યુગલ સ્વરુપ રેવતી રમણ પ્રણામ મંત્ર :

રેવતીરમણાયૈવ ગોપાનાંવરદાયિને ।
અન્યોન્યસન્મુખાલોક પ્રીતયે નમસ્તુ તે ।।

(આ.વા.પુ.)

રેવતી-રમણ આપનું નામ છે. વ્રજના ગોપોને વરદાન દેનારા છો, પરસ્પર એકબીજાની સામે ઉભા છો. આવા રેવતી-રમણને પ્રણામ છે.

દાઉજીના હોરંગા (હોળી)નો ઇતિહાસ

બરસાનાની રંગીલી હોળી- દાઉજીના હોરંગાનો ઇતિહાસ, રામ-શ્યામના વિવાહોત્સવ રૂપે રાધારમણ, રેવતીરમણ રામ-શ્યામનો વિવાહોત્સવ જ બરસાનામાં હોળી અને દાઉજીના હોરંગા (હોળી) રૂપે ઉજવવામાં આવે છે.

પલ્લે પર ગઈ રંગ મેં રંગ દઈ હોરી ખેલત રસિયા ।
લંહગા સબરો રંગ મેં કર દિયો રંગ દઈ અંગિયા ।
રંગ બિરંગી કર કે છોડી રંગ દઈ ફરિયા ।।
ડફ લૈ હોરી ગાવન લાગ્યો દૈ દૈ હંસિયા ।
હાંસી સુન રિસ લાગૈ બદલો લૂંગી મન બસિયા ।।
રસિયા કી ધોતી પકડી મૈંને મૂઠન કે કસિયા ।
ધોતી ફાડ બનયો કોડા પીટયો મન ભરિયા ।।
પિટ-પિટ કે હૂ ફાગ સુનાવૈ દાઉ કો ભૈયા ।
એસો ભયો હોરંગો બ્રજ મેં ગાવૈ દુનિયા ।।

હોળી વિવાહોત્સવ

બરસાનાની હોળી શ્રીકૃષ્ણના વિવાહોત્સવ રૂપે-

નન્દગાઁવ કૌ પાઁડે બ્રજ બરસાને આયૌ ।
ભરિ હોરી કે બીચ સજન સમધ્યાને ધાયૌ ।।
ભાનુ ભવન ભઈ ભીર ફાગ કૌ ખેલ મચાયૌ ।
સમધ્યાને કી ગારી સુનત શ્રવણ સુખ પાયૌ ।।

બિના વિવાહ કે સમધી સંબન્ધ સંભવ નહીં ।
પીત પિછૌરી તાનિ રંગીલો મંડપ છાયો ।
નવલ આમ કે મોર કો મોરિ મૌર બનાયો ।।
નગ ન્યૌછાવર કીન્હે કીરતિ કલશ ધરાયો ।
મન કી ભાંવરી દીની ચિત્ત ચૌક પુરાયો ।।
હોરી કી અઠવારી કરી દૂલહ દુલરાયો ।
નીકી બની બરાત બરાતિનિ રંગ બઢાયો ।।

વિવાહના ફટાણાં-

હોરી કી ગારી કો શાષા ચારિ પઢાયો ।
નૈનન પિયો પિયૂષ હિતુનિ કો હિયો સિરાયો ।।
તો લૌં હોરી ખેલત ગિરિધર દૂલહ આયો ।
સાંચે સ્વાંગનિ સાજિ સબૈ સમૂહ સુહાયો ।।

દાઉજીના હોરંગા દાઉજીના વિવાહોત્સવ રૂપે-

ખેલૌ બલદાઉ જી સોં હોરી ।
વૈ તો કહિયે બ્રજ કે રાજા ફગુવા લૈન ચલો રી
ફાગુન મેં હિય ઉમગિ મરયો હૈ મન ભાવૈ સોઈ કરૌ રી
લાજ સબ દૂર ધરો રી ।।
ચોવા લાઓ ચન્દન લાઓ અબીર બનાઓ ભર ઝોરી
બૈંયા પકરિ કે યાહિ નચાઓ (યાકિ) મુખ તે લગાય દેઓ રોરી
હાલ એસો હી કરો રી ।।
કહત મુકુંદ બાર નાય કીજૈ પકરિ લેઉ બરજોરી
કોઈ કાજર કોઈ બેંદી લગાઓ (યાકે) સેંદુર માંગ ભરો રી
નીલ પર ધૂરિ ધરો રી ।।

અથવા

પલ્લે પર ગઈ રંગ મેં રંગ દઈ હોરી ખેલત રસિયા ।।
લહંગા સબરો રંગ મેં કર દિયો રંગ દઈ અંગિયા ।
રંગ બિરંગી કર કે છોડી રંગ દઈ ફરિયા ।।
ડફ લૈ હોરી ગાવન લાગ્યો દૈ દૈ કે હંસિયા ।
હાંસી સુન રિસ લાગૈ બદલો લૂંગી મન બસિયા ।।
રસિયા કી ધોતી પકડી મૈંને મૂઠન તે કસિયા ।
ધોતી ફાડ બનાયો કોડા પીટયો મન ભરિયા ।।
પિટ પિટ કે હૂ ફાગ સુનાવૈ દાઉ કો ભૈયા ।
એસો ભયો હોરંગો બ્રજ મેં ગાવૈ દુનિયા ।।

અથવા

બ્રજ જુવતિન કે બસ પરે સુનિયત શ્રી બલરામ
કેસરિ મુખ મંડન કિયૌ ગંડન બિન્દુ લગાય

(બલદેવ વિલાસ)

જ્યાં સુધી વિવાહોત્સવ હોળી લીલા રૂપે ન માનવામાં આવે ત્યાં સુધી શ્રૃંગાર રસ સિદ્ધ નહીં થાય. કારણકે આચાર્યોએ મહારાસ લીલાનો આરંભ હોળી લીલાને જ માન્યો છે.

''વસન્તસમ્ભાવિતહોલિકાદ્યોતનમપિ જ્ઞેયમ્ ।''

(શ્રી રામ નારાયણ કૃત ભાવવિભાવિકા)

તમામ રસિકાચાર્યોએ આ હોળી વિવાહોત્સવ ગાયો-

દિન ડફ તાલ બજાવત ગાવત
ભરત પરસ્પર છિન-છિન હોરી ।।
અતિ સુકુમાર બદન શ્રમ બરસત
ભલૈ મિલૈ રસિક કિસોર કિસોરી ।।
બાતનિ બતબતાત રાગ રંગ રમિ રહ્યૌ
ઈત ઉત ચાહિ ચલત તકિ ખોરી ।।
સુનિ 'હરિદાસ' તમાલ સ્યામ સૌં
લતા લપતિ કંચન કી થોરી ।।

(કેલિમાલ)

અથવા

કનક કપિસ પટ સોભિત સુભગ સાંવરે અંગ ।
નીલ બસન કામિનિ ઉર કંચુકી કસૂંભી સુરંગ ।।
તાલ રબાબ મુરજ ડફ બાજત મધુર મૃદંગ ।
સરસ ઉકતિ-ગતિ સૂચત વર બંસુરી મુખ ચંગ ।।
દોઉ મિલિ ચાઁચર ગાવત ગૌરી રાગ અલાપિ ।
માનસ-મૃગ બલ બેધત ભ્રૂકુટિ ધનુષ દૃગ ચાઁપિ ।।
દોઉ કર તારિનુ પટકત લટકત ઈત ઉત જાત ।
હો-હો-હોરી બોલત અતિ આનંદ કુલકાત ।।
રસિક લાલ પર મેલત કામિનિ બંદનધૂરિ ।
પિય પિચકારિનુ છિરકત તકિ કુમકુમ પૂરિ ।।

(હિત ચતુરાસી)

અથવા

શ્રી રાધા કૃષ્ણ વિવાહ સુખ સરબસ મંગલ મૂલ ।
નિત-નિત રચત સહેલિયાં ભરી પ્રેમ પરફૂલ ।।

પ્યારી મોહન સૌં હઁસિ કહ્યો આવહુ જૂ મિલિ ખેલૈં ફાગ ।
સુનિ મન મુદિત ઉદિત ભયે કો બરને કવિ તિનિ કો ભાગ ।।

(બિહારિન દેવજી)

શ્રીમદ્ રાધાસુધાનિધિમાં વિવાહગાન-

પ્રીતિં કામપિ નામમાત્રજનિતપ્રોદ્દામરોમોદ્નમાં
રાધામાધવયોઃ સદૈવ ભજતોઃ કૌમાર એવોજ્જ્વલામ્ ।
વૃન્દારણ્યનવપ્રસૂનનિચયાનાનીય કું જાન્તરે
ગૂઢં શૈશવખેલનૈર્બતકદા કાર્યો વિવાહત્સવઃ ।।

(રા.સુ.નિ. ૫૬)

ફટાણાં

વિશેષ બાબત- આ વિવાહમાં ફટાણાં ગવાય છે.

હોળી વિવાહોત્સવ જ છે તેથી મહાવાણીમાં વિવાહની સાથે-સાથે ફટાણાં પણ ગાવામાં આવ્યા છે.

નિજ-નિજ અંગ લડાય કે સહચરિ ગાવત ગારિ ।
કહત સબૈ ગોરે તુમહિં દેખૌ મુકર નિહારિ ।।

(મહાવાણી)

શિવ વિવાહમાં પણ ફટાણાં ગવાયા-

ગારી મધુર સ્વર દેહિ સુંદરિ બિગ્ય વચન સુનાવહિ

(રા.બા.કા.૯૯)

રામ વિવાહમાં પણ ફટાણાં ગવાયા-

પંચ કવલ કરિ જેવન લાગે । ગારિ ગાન સુનિ અતિ અનુરાગે ।।

(રા.બા.કા. ૩૨૯)

ફટાણાં વિવાહોત્સવમાં જ ગવાય છે. હોળીમાં પણ ફટાણાં ગવાય છે, ફટાણાં વિના શ્રૃંગાર રસ સિદ્ધ ન થાય.

શ્રીકૃષ્ણને કેટકેટલી ગાળો આપી છે વ્રજની ગોપીઓએ-

મૃગયુરિવ કપીન્દ્રં વિવ્યધે લુબ્ધધર્મા
સ્ત્રિયમકૃત વિરુપાં સ્ત્રીજિતઃ કામયાનામ્ ।
બલિમપિ બલિમત્ત્વાવેષ્ટયદ્ ધ્વાંક્ષવદ્
યસ્તદલમસિતસખ્યૈર્દુસ્ત્યજસ્તત્કથાર્થઃ ।।

(ભા.૧૦/૪૭/૧૭)

શ્રીકૃષ્ણને કાગડાની ઉપમા આપી.

મધુપ કિતવબન્ધો મા સ્પૃશાઙ્ઘ્રિ સપત્ન્યાઃ
કુચવિલુલિતમાલાકુઙ્કુમશ્મશ્રુભિર્નઃ ।
વહતુ મધુપતિસ્તન્માનિનીનાં પ્રસાદં
યદુસદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદૃક્ ।।

(ભા. ૧૦/૪૭/૧૨)

ધુતારો કહ્યો, કપટી કહ્યો. રાસ પંચાધ્યાયીમાં પણ પ્રણય કોપ કર્યો.

પ્રેષ્ઠં પ્રિયેતરમિવ પ્રતિભાષમાણં
કૃષ્ણં તદર્થવિનિવર્તિતસર્વકામાઃ ।
નેત્રે વિમૃજ્ય રુદિતોપહતે સ્મ કિઞ્ચિત્
સંરમ્ભગદ્ગદગિરોઽબ્રુવતાનુરક્તાઃ ।।

(ભા. ૧૦/૨૯/૩૦)

ક્રોધપૂર્વક બોલી છે. આ ભાષા પ્રેમની શોભા છે. પ્રેમની ઓળખ છે-સહિષ્ણુતા. નાયક નાયિકામાં જો સહિષ્ણુતા ન હોય, તો વિવાહના બે-ચાર દિવસ બાદ જ છુટાછેડાના સંજોગો ઉભા થઈ જાય. તેથી જ વિવાહકાળમાં ગાળો (ફટાણાં) ગાવા-સંભળાવવાની પ્રથા છે. ભલે તમે મહાદેવ હો કે શ્રીરામ હો કે શ્રીકૃષ્ણ હો, વિવાહકાળમાં સૌએ ગાળો સાંભળી છે. ગાળ સાંભળવી એ ઘણો મોટો ધર્મ છે. ભાગવતમાં પણ શ્વસુરપક્ષની ગાળોનું વર્ણન છે-

ગૃહીત્વા મૃગશાવાક્ષ્યાઃ પાણિં મર્કટલોચનઃ ।
પ્રત્યુત્થાનાભિવાદાર્હંવાચાપ્યકૃત નોચિતમ્ ।।

(ભા.૪/૨/૧૨)

ગૌરી હમારી મૃગયાનૈની । બન્ના હમારો બન્દર નયના ।।

અથવા

ભોલા આવે રે ભોલા આવે રે
ભોલા મેરો ભંગડ ભારી આક ધતૂરા ખાવે રે ।
તોહૂ ભાંગ ન ચઢી મસ્તી પે કાલકૂટ પી જાવે રે ।।
મોહિની રુપ ધરે નારાયણ ભોલા પીછે ભાગે રે ।
બાવરો ભયો દિગમ્બર ડોલે મોહિની પકડ ન પાવે રે ।।
લજ્જા છોડ દિગમ્બર દૌડે મોહિની પકડ ન પાવે રે ।।

અથવા

દિગમ્બર ભયો ભોલા દિગમ્બર ભયો ભોલા
મોહિનીરૂપ ધરયો નારાયણ દેખ-દેખ ભોલા બાવરો ભયો ।
મોહિની પીછે બાવરો ડોલે નંગો ભયો ભોલા નંગો ભયો ।।

એવું કયું કારણ છે કે ભારતમાં પહેલા છુટાછેડા નહોતા થતા? કારણકે અહીં વિવાહના સમયે જ નાયકને ગાળો દ્વારા સહિષ્ણુ બનાવી દેવામાં આવતો અને એ ઉલટ-તપાસ કરી લેવામાં આવતી કે નાયક સહનશીલ છે કે નહીં. વિદેશોમાં તો પશુવત્ પ્રેમ થાય છે જે રીતે એક કૂતરો અનેક કૂતરીઓને અપનાવે અને છોડે છે અથવા એક કૂતરી અનેક કૂતરાઓને પકડે છે અને છોડે છે, આ પશુ રતિ છે પરંતુ ભારતની સંસ્કૃતિ જુઓ-

જન્મ કોટિ લગિ રગર હમારી ।
બરઉ શંભુ ન ત રહઉં કુઆરી ।।

(રા.બા.કા.૮૧)

આ દૈવી રતિ છે.

રતિના ત્રણ પ્રકાર છે-

૧) દેવ રતિ
૨) મનુ રતિ
૩) પશુ રતિ

રામ, કૃષ્ણ અને મહાદેવજીના વિવાહમાં જે ફટાણાં ગવાયા છે તે દેવ રતિ છે. તેથી જ રૂકમણીજીએ પણ કહ્યું-

તસ્યા સ્યુરચ્યુત નૃપા ભવતોપદિષ્ટાઃ
સ્ત્રીણાં ગૃહેષુ ખરગોશ્વબિડાલભૃત્યાઃ ।
યત્કર્ણમૂલમરિકર્ષણ નોપયાયાદ્ ।
યુષ્મત્કથા મૃડવિરિઞ્ચસભાસુ ગીતા ।।

(ભા. ૧૦/૬૦/૪૪)

પ્રેમની ઓળખ

સંસારમાં પાંચ પ્રકારના પતિ હોય છે-

૧) ગધાજી (ઘરના ભારના વાહક)
૨) બિજાર (સાંઢ)જી (ઘરના વ્યવસાયમાં જોતરાયેલા રહેનાર)
૩) કુત્તાજી (સ્ત્રી દ્વારા તિરસ્કૃત)
૪) બિલાવજી (કંજુસ અને હિંસક)
૫) ક્રીત (સ્ત્રી દાસ)

હતભાગિણી સ્ત્રીને જ આ પાંચ પ્રકારના પતિ મળે છે. તેમનામાં સહિષ્ણુતા નથી, પ્રેમ કરવાની કળા નથી જાણતા તેથી તેમનો નિર્વાહ પણ લાંબો સમય ચાલતો નથી, બે-ચાર વર્ષમાં અથવા બે-ચાર દિવસમાં જ તેમના છુટાછેડા થઈ જાય છે. વિવાહમાં કોળિયા-

પ્રથાએટલા માટે જ ચલાવવામાં આવી હતી જેમાં વર-કન્યાને એકબીજાનું એઠું ખવડાવવાની પ્રથા છે. કપટ દેવ પૂજન થાય છે, જેમાં કન્યાની જૂતીને કપડાથી ઢાંકીને દેવ બનાવીને પૂજવામાં આવે છે. કોળિયા-પ્રથામાં પાર્વતી અને સરસ્વતીજી પણ મદદ કરે છે-

લહકૌરિ ગૌરી સિખાવ રામહિ સીય સન સારદ કહૈં ।

(રા.બા.કા. ૩૨૭)

પ્રેમની ઓળખ છે સહિષ્ણુતા. તેથી જ માનલીલા કરવામાં આવે છે. માન શું છે? અદાક્ષિણ ભાવ એટલે કે અનુદાર નાયિકા દ્વારા ઉદારતાથી રતિદાન ન કરવું એ જ માન છે. માન લીલામાં નાયકે નાયિકાનું માન સહન કરવું પડે છે, આજીજી કરવી પડે છે. જેમ સ્વયં શ્રીકૃષ્ણએ પણ કર્યું-

રેમે તયા ચાત્મરત આત્મારામોઽપ્યખંડિતઃ ।
કામિનાં દર્શયન્ દૈન્યં સ્ત્રીણાં ચૈવ દુરાત્મતામ્ ।।

(ભા.૧૦/૩૦/૩૫)

''કામિન્હ કૈ દીનતા દેખાઈ ।''

(રા.અર.કા.૩૯)

અથવા હિતજી મહારાજે કહ્યું-

પ્રીતિ કી રીતિ રંગીલૌ હી જાનૈ ।
યદ્યપિ સકલ લોક ચૂડામણિ દીન અપનપૌ માનૈ ।।
યમુના નિકટ નિકુંજ ભવન મેં માન માનિની ઠાનૈ ।

(હિત ચતુરાશી)

પ્રેમમાં માન

માનિની જ્યારે માનની પઠ પકડીને બેસી જાય છે ત્યારે માન મનાવવાની સ્થિતિ ઘણી વિચિત્ર થઈ જાય છે-

ચલહિ કિન માનિનિ કુંજ કુટીર ।
તો બિનુ કુંવર કોટિ બનિતા-જુત મથત મદન કી પીર ।।
ગદ-ગદ સુર વિરહાકુલ, પુલકિત શ્રવત વિલોચન નીર ।
કાસિ-કાસિ વૃષભાનુ નંદિની બિલપત વિપિન અધીર ।।
બંશી બિસિખ વ્યાલ માલા વલિ પંચાનન પિક કીર ।
મલયજ ગરલ હુતાસન મારુત સાખામૃગરિપુ ચીર ।।
જય શ્રીહિત હરિવંશ પરમ કોમલ ચિત ચપલ ચલી પિય તીર ।
સુનિ ભયભીત બજ કો પંજર સુરત-સૂર રણવીર ।।

(શ્રી હિત ચતુરાશી ૩૭)

ભાવાર્થ- હે માનિની! આપ કુંજ કુટિરમાં શા માટે નથી આવી રહ્યાં, આપના વિના કૃષ્ણ કરોડો વનિતાઓનો સંગ પામીને પણ મન્મથની પીડાથી ગ્રસ્ત છે. સ્વર ગદ્‌ગદ્‌ થઈ રહ્યો છે, બોલી નથી શકતા, વિરહથી વ્યાકૂળ છે, શરીરમાં દુઃખ અને આંખોમાં આંસુ વહી રહ્યા છે. હે વૃષભાનુ નંદિની! ક્યાં છો- ક્યાં છો, અધીર બનીને વિલાપ કરી રહ્યા છે. બંશી તેમને તીરની જેવી પીડા જેવી અને માળાઓ સર્પ જેવી અપ્રિય લાગી રહી છે. કોયલ અને પોપટ જ્યારે બોલે છે તો સિંહની ત્રાડ જેવું કષ્ટ થાય છે. ચંદન ઝેર સમાન લાગી રહ્યું છે. હવા અગ્નિ જેવી લાગી રહી છે. પીતાંબર ખજુરી જેવું લાગી રહ્યું છે (વાનરને ખજૂરીનો ઘણો ડર લાગે છે કારણ કે તેનાથી પુષ્કળ ખંજવાળ આવે છે). આ બધું સાંભળીને પરમ કોમળ ચિત્તવાળી રાધા ચાલી નીકળી પોતાના પ્રિયતમ પાસે. આ સાંભળીને શ્યામસુંદર જે વજ્રથી પણ વધુ દૃઢ અને શૂરવીર છે તેઓ ભયભીત થઈ ગયા.

અથવા

अप्रेक्षे कृतनिश्चयापि सुचिरं वीक्षेत
दक्कोणतोमौने दार्ढ्यमुपाश्रितापि निगदेत्तामेव याहीत्यहो ।
अस्पर्शे सुधृताशयापि करयोर्धृत्वा बहिर्यापये
द्राधाया ईति मानदुस्थितिमहं प्रेक्षे हसन्ती कदा ।।

(રા.સુ.નિ.૨૩૦)

હાથ પકડીને બહાર કાઢી રહી છે. જે કઠોર માનિનીને પણ મનાવી લે, તે જ સાચો નાયક છે. માન એ કસોટી છે અને પ્રેમ તે સોનું છે. માનની કસોટી પર ઘસાયા વિના પ્રેમ, પ્રણય ન બને. સોનાને કસોટી પર ઘસ્યા વિના તેમાં ચમક નહીં આવે. ખર, સુવર કે શ્વાનમાં એટલું સાહસ નથી કે તેઓ આ કસોટી પર ખરા ઉતરે. શ્રીકૃષ્ણ આ કસોટી પર ખરા ઉતર્યા.

પ્રેમ શું છે? નાયિકા માન માગી રહી છે, વારંવાર મનાવવા છતાં પણ રૂસણાં લઈ બેસે છે જો કે નાયક તો મનાવી જ રહ્યો છે.

सर्वथा ध्वंसरहितं सत्यपि ध्वंसकारणे ।
यद्भावबन्धनं यूनोः स प्रेमा परिकीर्त्तितः ।

(ઉજ્જવલ નીલમણિ ૧૪/૬૩)

માન પછી પ્રણય આવે છે. નાયિકાને વિશ્વાસ છે કે નાયક મનાવશે જ તેથી જ તે માન કરે છે, જે મનાવી ન શકે તે પ્રેમી નહીં અહંકારી છે, આ જ શિખવાડ્યું છે શ્રીકૃષ્ણએ- કામિનાં દર્શયન્ દૈન્યં... દ્વારા જાણીબૂઝીને બતાવ્યું કે પ્રેમ શું છે, પ્રેમી બનવું હોય તો સહન કરતાં શીખો. ધર્મની સ્થાપના માટે જ તો ભગવાન અવતાર લેતાં હોય છે તો અહીં કયો ધર્મ શિખવ્યો? રાસ દ્વારા પ્રેમ ધર્મની શિક્ષા આપી. પ્રેમ રૂપી ધર્મની સ્થાપના કરી. પ્રેમમાં અહમ્ એ જ અધર્મ છે. તેનો નાશ કર્યો-

तासां तत् सौभगमदं वीक्ष्य मानं च केशवः ।
प्रशमाय प्रसादाय तत्रैवान्तरधीयत ।।

(ભા.૧૦/૨૯/૪૮)

તેથી પરીક્ષિતજીએ કહ્યું કે પરદારાભિમર્શન અધર્મ છે, ત્યાં કેમ અધર્મ આચર્યો પ્રભુએ? હકીકતમાં એ અધર્મ નથી, એ તો પ્રભુએ જીવો પર કૃપા કરી છે–

अनुग्रहाय भूतानां मानुषं देहमास्थितः ।
भजते तादृशीः क्रीडा याः श्रुत्वा तत्परो भवेत् ।।

(ભા.૧૦/૩૩/૩૭)

सर्वथा ध्वंसरहितं सत्यपि ध्वंसकारणे ।
यद्भावबन्धनं यूनोः स प्रेमा परिकीर्त्तितः ।

(ઉજ્જવલ નીલમણિ ૧૪/૬૩)

ધ્વંસનું કારણ વિદ્યમાન હોવા છતાં ધ્વંસ નથી થઈ રહ્યો, એ ભાવનું બંધન જ પ્રેમ છે. અનેક પ્રકારે માનિનીની સેવા કરી રહ્યા છે, તેને મનાવી રહ્યા છે.

जहं जहं चरन पडत प्यारी जू तेरे
तहँ तहँ मन मेरो करत फिरत परछाँहि ।

(કેલિમાલ)

માન, પ્રણય, રાગ અને અનુરાગ

આવું માન જ ગાઢ થઈને પ્રણય બને છે, પ્રણય રાગ બને છે, રાગમાં દુઃખ પણ સુખ સમાન પ્રતીત થાય છે–

माई री मोहे यह बदनामी लागे मीठी ।

(મીરા જી)

અથવા

जो मेरो यह लोक जायेगो अरु परलोक नसाअे री ।
नन्द नन्दन को तऊ न छाडों मिलूंगी निसान बजाय री ।।

(પરમાનંદદાસજી)

અથવા

कोटिक हू कलधौत के धाम करील की कुंजन ऊपर वारों ।

(રસખાન)

અથવા

તજિ દેહ કો ગેહ કો નેહ સબૈ બસિયે સુખ સૌં નિત કુંજ ગલી ।
ઉમડી હી રહે જહાઁ શ્યામ ઘટા બરસૈં સરસૈં રસ ભાંતિ ભલી ।
સુખ દુઃખ જહાઁ ઇક રંગ રહેં હૈં કરીલ કે કંટક કુંદ કલી ।
સુધ લેત જહાઁ નિજ દાસન કી બ્રજ ચાઁદ પિયા વૃષભાનુ લલી ।

એ જ રાગ આગળ જતાં અનુરાગ બને છે-

મિલહિં ન રઘુપતિ બિનુ અનુરાગા

(રા.ઉ.કા.૬૧)

અથવા

અનુરાગમાં-

અટતિ યદ્ભવાનહ્નિ કાનનં ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ્ ।
કુટિલકુન્તલં શ્રીમુખં ચ તે તડ઼ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્દૃશામ્ ।।

(ભા.૧૦/૩૧/૧૫)

અથવા

યુગાયિતં નિમેષેણ ચક્ષુષા પ્રાવૃષાયતિમ્ ।
શૂન્યાયિતં જગત સર્વં ગોવિન્દ વિરહેણ મે ।।

(શિક્ષાષ્ટક-૭)

દ્વારિકાવાસીઓએ કહ્યું-

યર્હ્યમ્બુજાપસસાર ભો ભવાન્ કુરુન્ મધૂન્ વાથ સુહૃદ્દિદક્ષયા ।
તત્રાબ્દકોટિપ્રતિમઃ ક્ષણો ભવેદ્ રવિં વિનાક્ષ્ણોરિવ નસ્તવાચ્યુત ।।

(ભા.૧/૧૧/૯)

હે અરવિન્દાક્ષ! જ્યારે આપ પોતાના બંધુ-બાંધવોને મળવા માટે હસ્તિનાપુર કે વ્રજ જતાં રહો છો ત્યારે તે કાળ અમારા માટે અતિ દીર્ઘ થઈ જાય છે, સૂર્યના પ્રકાશ વિના ભટકતી આંખો જેવી અમારી સ્થિતિ થઈ જાય છે.

અનુરાગથી જ ભાવ બને છે, ભાવમાં અનિષ્ટની આશંકા હોય છે. ગોપીઓએ કહ્યું-

યત્તે સુજાતચરણામ્બુરુહં સ્તનેષુ ભીતાઃ
શનૈઃ પ્રિય દધીમહિ કર્કશેષુ ।
તેનાટવીમટસિ તદ્વ્યથતે ન કિંસ્વિત્
કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં નઃ ।।

(ભા.૧/૧૧/૯)

ભાવ અને મહાભાવ

ભાવ અંતિમ અવસ્થામાં પહોંચ્યા બાદ મહાભાવ બને છે. મહાભાવમાં બંશી-વનમાલા પ્રત્યે પણ ઈર્ષ્યા થઈ જાય છે.

गोप्यः किमाचरदयं कुशलं स्म
वेणुर्दामोदराधरसुधामपि गोपिकानाम् ।
भुङ्क्ते स्वयं यदवशिष्टरसं ह्रदिन्यो
ह्रष्यत्त्वचोऽश्रुमुमुचुस्तरवो यथाऽऽर्याः ।।

(ભા.૧૦/૨૧/૯)

પરંતુ આ દ્વેષ નહીં બંશીનું સૌભાગ્ય-ગાન, વનમાલાના સૌભાગ્યની સ્તુતિ જ છે. પ્રેમીઓની ભાષા જ અલગ છે તો પ્રેમની કસોટી છે સહિષ્ણુતા, જેમાં ઉત્તીર્ણ થવા માટે માનિનીને મનાવવી પડશે, ગાળો પણ સહન કરવી પડશે.

હોળીના અવસરે બરસાનામાં નંદગ્રામના લોકો જાનૈયાના ભાવથી આવે છે. વસંતપંચમી લક્ષ્મી-નારાયણ ભગવાનની વિવાહ તિથિ છે અને હોળીનો દાંડો વસંતપંચમીથી જ રોપાઈ જાય છે-

ब्रज खेलत ब्रजराज कुमार । होरी डाडौ रोपियो ।।
पुनि सांडिल्य बुलाई कै लगन महूरत स्याम सुधाई ।।

(વૃંદાવનદાસજી)

પુનશ્ચ

रित वसंत सुख खेलिये हो आयौ फागुन मास ।
होरी डाडौ रोपियौ सब ब्रज जन हिये हुलास ।।

(ગોવિંદસ્વામી)

ફાગણ પૂર્ણિમા જ ગુરૂ પૂર્ણિમા માનવામાં આવે છે. દાઉજીનો હોરંગા એ જ દાઉજીનો વિવાહોત્સવ છે.

दाउ दाउ सब कहैं मैया कहे न कोय ।
दाउ के दरबार में मैया कहे सों होय ।।

જેવી રીતે બરસાનામાં કૃષ્ણ-રાધે કોઈ નથી કહેતું તેવી જ રીતે અહીં પણ મૈયા રેવતીનું નામ જ પહેલા લેવામાં આવે છે, દાઉજીને રેવતીરમણ કહે છે. વિવાહ વિના રેવતીજીનું વ્રજ આગમન સર્વથા અસંભવ જ છે અને રેવતીજી પાર્શ્વમાં ન રહેતાં સંમુખ છે કારણકે અહીં રોહિણી મૈયા દાઉજીની સાથે રહે છે તો મૈયાની સામે વધૂ પતિની બાજુમાં ન બેસી શકે તેથી વ્રજની ઘુંઘટ પ્રથાનું પાલન કરતાં રેવતીજી વામ ભાગમાં ન

રહેતાં સામે જ છે, આમ પણ અહીં પ્રેમનો એટલો પ્રભાવ છે કે બંને એક-બીજાને સદાને માટે જોવા ઇચ્છે છે-

રેવતીરમણાયૈવ ગોપાનાં વરદાયિને ।
અન્યોન્યસન્મુખાલોકપ્રીતયે ચ નમસ્તુ તે ।।

(બ્રજ ભક્તિ વિલાસ)

પ્રેમ, સંબંધ અને વિવાહ

પ્રતીતિ થયા બાદ જ પ્રીતિ સંભવ છે.

જાને બિનુ ન હોઇ તરતીતી । બિનુ પરતીતિ હોઈ નહિં પ્રીતી ।।

(રા.ઉ.કા.૮૯)

પ્રેમ તો સંબંધ થયા બાદ જ થાય છે અને સંબંધ વિવાહ થયા બાદ જ સંભવ છે.

કૃષ્ણ વિવાહ

દ્વારિકામાં શ્રીકૃષ્ણની સ્થાપના થઈ, વ્રજમાં સર્વત્ર શ્રીરાધા-કૃષ્ણની ઉપાસના થઈ, આખરે વૃંદાવનમાં શ્રીજીની ઇષ્ટતાનું કારણ શું છે કારણકે અહીં શ્રીજીની સાથે શ્યામસુંદરનો વિવાહ થયો છે અને દ્વારિકામાં રૂકમણી સાથે, એવી જ રીતે બલદેવમાં દાઉજીની સાથે રેવતીજીની સ્થાપનાનું કંઈક તો કારણ હશે, આચાર્યો દ્વારા આ સ્થાપના વિના કારણે તો ઘોષિત ન જ કરવામાં આવી હોય. સ્થાપનાનું એકમાત્ર કારણ છે ઇષ્ટતા, ઇષ્ટતા ત્યારે જ આવે છે જ્યારે તેનાથી સંબંધિત કોઈ લીલા થઈ હોય. જો રેવતીજીનો વ્રજ સાથે કોઈ સંબંધ સ્વીકારવામાં ન આવે તો ઇષ્ટતા વિના સ્થાપના સિદ્ધ નહીં થાય અને બલદેવમાં તો દાઉજીથી વધુ રેવતી મૈયાની માન્યતા છે. 'દાઉ કે દરબાર મેં મૈયા કહે સો હોય.'

કૃષ્ણ જન્મના અનેક મત છે-

૧) વસુદેવ-દેવકીથી શ્રીકૃષ્ણ થયાં.

૨) નંદ-યશોદાથી શ્રીકૃષ્ણ થયાં.

શ્રીમદ્‌ભાગવતમાં જ આ અદ્‌ભુત બાળકનું પ્રાકટ્ય (ભાગવત ૧૦-૩-૮,૯)માં મૈયા દેવકી દ્વારા બતાવવામાં આવ્યું ત્યારબાદ ભાગવત (૧૦-૫-૧)માં બાળકને નંદાત્મજ કહી દીધો. ભાગવત (૧૦-૧૪-૧)માં પશુપાઙ્‌ગજ કહેવાયો. ભાગવત (૧૦-૮-૧૪)માં તવાત્મજ કહેવાયો. ભાગવત (૧૦-૯-૨૧)માં ગોપિકાસુત કહેવાયો.

આદિપુરાણ વચન-

नन्दपत्न्यां यशोदायां मिथुनं समजायत ।
गोविन्दाख्यपुमान् पुत्र कन्या सा मथुरां गता ।।
वसुदेव समानीते वासुदेवेऽखिलात्मनि ।
लीने नन्दसुते राजन् घने सौदामिनी यथा ।।

રસિકોની વાણીમાં -**યશોદા નાલિન છેદન દૈહોં**- (ટીકા)

હવે અહીં કોઈપણ વચન કાટ્ય ન હોવાથી સૌનો સ્વીકાર કરવો પડશે.

દાઉજી વિવાહ

દાઉજી અને રેવતીજીનો દ્વારિકામાં વિવાહોત્સવ માનનારાઓએ પણ રેવતીજીનો વ્રજલીલા સાથે સંબંધ તો સ્વીકાર કરવો જ પડશે નહીં તો બલદેવમાં આચાર્યો દ્વારા દાઉજી અને રેવતીજીની સ્થાપનાને લોકો નિરાધાર અને કપોળકલ્પિત જ કહેશે. રેવતીજી મૈયાની વ્રજમાં સ્થાપના વ્રજ લીલા સાથે સંબંધ દર્શાવે છે, ભલે પછી તે વિવાહ દ્વારા હોય કે દાઉજી સાથે દ્વારિકાથી વ્રજમાં આવાગામન દ્વારા.

શ્રી હરિવંશ પુરાણ, શ્રી ગર્ગ સંહિતા, શ્રી વિષ્ણુ પુરાણ, શ્રી ગોપાલ ચમ્પૂ- વગેરે અનુસાર દાઉજીનું વિવાહ સ્થળ શ્રી દ્વારિકા છે પરંતુ શ્રી બ્રહ્મવૈવર્ત, વ્રજ ભક્તિ વિલાસ અને રસિકોનું કથન છે કે દાઉજીનું વિવાહ સ્થળ- વિદ્રુમ વન (બલદેવ) છે. શ્રી સુદર્શનસિંહ ચક્રનો પણ આ જ મત છે.

સમન્વય-

''हरि अनन्त हरि कथा अनन्ता ।''

(રા.બા.કા.૧૪૦)

બંને જ મત સત્ય છે.

યથા-

કોઈ જન્મમાં પ્રતાપભાનુના રાવણ બનવાની કથા છે, કોઈ જન્મમાં સનકાદિકથી શાપિત થવાને કારણ જય-વિજયના રાવણ બનવાની કથા પ્રાપ્ત થાય છે તો કોઈ જન્મમાં 'તહઁ જલંધર રાવણ ભયઊ' જલંધરના રાવણ બનવાની કથા છે.

એવી જ રીતે અહીં પણ બલદેવ વિવાહ સ્થળ વિદ્રુમ વન, દ્વારિકા બંનેને જ સ્વીકાર કરવા જોઈએ, એ જ તેનો સમન્વય છે.

જ્યાં-જ્યાં શ્રીકૃષ્ણ વિવાહની ચર્ચા થઈ, ત્યાં-ત્યાં સર્વત્ર સૌએ બલરામ વિવાહનું ગાન કર્યું. કારણકે અગ્રજના રહેતા અનુજનો પહેલા વિવાહ થવો શાસ્ત્ર વિરુદ્ધ છે જેને ''પરિવેત્તા'' દોષ કહેવામાં આવ્યો છે-

शन्तनुर्ब्राह्मणैरुक्तः परिवेत्तायमग्रभुक् ।
राज्यं देह्यग्रजायाशु पुरराष्ट्रविवृद्धये ।।

(ભા.૯/૨૨/૧૫)

શન્તનુ પરિવેત્તા (અગ્રજના રહેતા પહેલા સ્વયં વિવાહ કર્યો) હતો, જ્યારે તેઓ સિંહાસનારૂઢ થયા તો બાર વર્ષો સુધી વર્ષા જ ન થઈ તેથી સૌએ પરિવેત્તા દોષનું ઘણું ધ્યાન રાખ્યું છે. જોકે ભગવાનને શાપ બાધિત નથી કરી શકતો, કોઈ દોષ નથી નડતો-

धर्मव्यतिक्रमो दृष्ट ईश्वराणां च साहसम् ।
तेजीयसां न दोषाय वह्नेः सर्वभुजो यथा ।।

(ભા.૧૦/૩૩/૩૦)

समरथ कहुं नहिं दोषु गोसाई । रबि पावक सुरसरि की नाई ।।

(રા.બા.કા.૬૯)

છતાં પણ ભગવાન જ ધર્મ મર્યાદાના ઉપદેશક અને રક્ષક પણ છે તેથી શ્રીમદ્જીવ ગોસ્વામીજીએ ગોપાલ ચંપૂમાં પહેલા બલરામ વિવાહ ગાયો ત્યારબાદ કૃષ્ણવિવાહનું ગાન કર્યું. 'ગર્ગ સંહિતા'માં પણ પ્રથમ બલરામ વિવાહ છે. 'હરિવંશપુરાણ'માં પણ પહેલા દાઉ વિવાહનું વર્ણન છે. ભાગવતમાં તો શુક મુનિએ પરિવેત્તા દોષ નિવારણાર્થે બે વાર દાઉજીના વિવાહનું ગાન કર્યું ૯/૩/૨૭-૩૬,૧૦ શ્લોકોમાં દાઉજીના વિવાહનું ગાન કર્યું.

ત્યારબાદ દશમ સ્કંધમાં પણ કૃષ્ણ-રુક્મણિ વિવાહના પૂર્વેનો એક શ્લોક-

आनर्ताधिपतिः श्रीमान् रैवतो रैवतीं सुताम् ।
ब्रह्मणा चोदितः प्रादाद्र बलायेति पुरोदितम् ।।

(ભા.૧૦/૨/૧૫)

માં બલરામજીના વિવાહનું વર્ણન કરવામાં આવ્યું છે. વિવાહ ગાન સૌએ કર્યું પરંતુ આ વિવાહોત્સવ ક્યાં થયો, તેનું સ્પષ્ટીકરણ નથી કર્યું. મહાન વિભૂતિ શ્રી સુદર્શન સિંહ 'ચક્ર'એ પણ 'ભગવાન્ વાસુદેવ' ગ્રંથમાં બલરામ વિવાહનું સ્થાન મથુરા મંડળ વ્રજભૂમિને માન્યું પરંતુ વ્રજભૂમિમાં પણ આ વિવાહોત્સવ ક્યાં થયો? 'બ્રહ્મવૈવર્તપુરાણ', 'બ્રજ ભક્તિ વિલાસ' વગેરેથી આ સ્પષ્ટ થયું.

બ્રજ ભક્તિ વિલાસાનુસાર (માત્સ્ય પુરાણ)

विद्रुमोद्भवरूपाय तालांकरचिताय च ।
सर्वसौन्दर्यगन्धाय वनाय च नमोस्तु ते ।।

મૈયા રોહિણીજીને વિદ્રુમ વન (બલદેવ ગ્રામ) અત્યંત પ્રિય હતું, કારણકે દાઉજી મહારાજે આ વનને બનાવ્યું હતું. સુંદર વિદ્રુમ વૃક્ષ ચારે દિશાઓમાં સુંદર-સુગંધિત વેલોથી ઘેરાયેલું રહેતું, તેની ચારે તરફ કદંબ વૃક્ષોની સઘન પંક્તિ ઘણી મનોહર લાગતી, રોહિણીજી સ્વયં અહીં શ્રૃંગાર કરતી, આ શ્રૃંગાર ભૂમિ છે. દેવો, ગંધર્વો, કિન્નરોથી વેષ્ટિત આ વનમાં મૈયા રોહિણી દરરોજ આવતાં અને આભૂષણ બનાવવા માટે વિદ્રુમ લઈને જતાં. તેમાંથી સુંદર-સુંદર આભૂષણો બનાવતી. આ સ્થળને રોહિણીજીએ પોતાનું પ્રિય જાણીને પસંદ કર્યું હતું-

રોહિણી કૃત તીર્થાય નમસ્તે કલ્મષાપહ ।
દેવગન્ધર્વભૂષાય સર્વ સૌભાગ્યદાયક ।।

રોહિણીજી દ્વારા રચિત, પાપોને દૂર કરનાર, દેવતા તથા ગંધર્વોના ભૂષક તમામ સૌભાગ્યો પ્રદાન કરનાર, આ તીર્થને નમસ્કાર છે.

દાઉજીના વિવાહનો અવસર જ્યારે નજીક આવ્યો ત્યારે મૈયાને બલદેવ સ્થાન જ સારું લાગ્યું. સૂર્ય વંશમાં મહારાજ શર્યાતિના ત્રણ પુત્રો થયા- ઉત્તાનબર્હિ, આનર્ત્ત, ભૂરિષેણ. આનર્ત્તના પુત્ર રેવત, રેવતના પુત્ર ક્કુદ્મી, ક્કુદ્મીની પુત્રી રેવતી થયા. કન્યા માટે સુયોગ્ય વર અંગે પૂછવા તેઓ બ્રહ્મલોક ગયા. ત્યાં કેટલોક સમય પ્રતિક્ષા કર્યા પછી બ્રહ્માજીને કન્યા માટે વર અંગે પૂછ્યું.

બ્રહ્માજી બોલ્યા- ''પૃથ્વી પર તો આ સમયે તમારા દોહિત્રો-પૌત્રો કે ગૌત્રોનું કોઈ નામોનિશાન નથી.''

૨૭ ચતુર્યુગ વિતી ચૂક્યા છે, આ સમયે શેષાવતાર શ્રી બલરામજી અવતરિત છે, આ કન્યા સર્વ રીતે તેમના માટે જ યોગ્ય છે તેથી વિવાહમાં વિલંબ ન કરશો. ક્કુદ્મી બ્રહ્માજીની આજ્ઞા લઈ પાછા આવ્યા, કોઈ વંશજ શેષ ન હોવાને કારણે જાન લીધા વિના જ બલદેવ ગ્રામ આવ્યા. વ્રજવાસીઓને તો પોતાના લાલા માટે વધૂ જોઈએ, જાનૈયાઓ સાથે શું લેવાદેવા? વ્રજવાસીઓ પોતે જ જાનૈયા બનીને તમામ પ્રથાઓનો નિર્વાહ કરવા લાગ્યા. આજે પણ હોરંગા-વિવાહોત્સવ સમયે દાઉજીના જ હુરૈયાઓ અને હુરૈયણો હોય છે કારણકે આ વિવાહોત્સવમાં ઘેરૈયા અને જાનૈયા બંને તેઓ જ છે.

બ્રહ્મવૈવર્તાનુસાર

દત્ત્વા કન્યાં વિધાનેન મુનિદેવેન્દ્રસંસદિ ।
ગજેન્દ્રાણાં ત્રિલક્ષં ચ જામાત્રે યૌતુકં દદૌ ।।
દશલક્ષં તુરઙ્ગાણાં રથાનાં લક્ષમેવ ચ ।
રત્નાલંકારયુક્તાનાં દાસીનાં ચાપિ લક્ષકમ્ ।।
મણિલક્ષં રત્નલક્ષં સ્વર્ણકોટિ ચ સાદરમ્ ।
વહ્નિશુદ્ધાંશુકં રમ્યં મુક્તામાણિક્યહીરકમ્ ।।

(બ્ર.વૈ.પુ.કૃ.જ.ખ.૧૦૬/૪,૫,૬)

કકુદ્મીએ દહેજમાં ત્રણ લાખ હાથી, દસ લાખ ઘોડા, એક લાખ રથ, એક લાખ મણિ, એક લાખ રત્નો, એક કરોડ સ્વર્ણ મુદ્રા, સુંદર કાંતિયુક્ત વસ્ત્રો, મોતી-માણેક-હીરાની તો કોઈ ગણતરી જ નહીં. દહેજ આપવાનું સામર્થ્ય બ્રહ્માજીથી પ્રાપ્ત થયું હતું કારણકે બ્રહ્માજીએ જ વિવાહ માટે વર બતાવ્યો હતો અને એમ પણ કહ્યું હતું કે તમારું રાજ્ય સમાપ્ત થઈ જાય તો પણ તમે ઇચ્છિત દહેજ આપવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી લેશો.

દ્વારિકાથી વિવાહોત્સવનો આનંદ લેવા માટે દસ હજાર યદુવંશીઓ પણ આવ્યા છે, જેમના માટે ક્ષીરસાગરમાં ખીર બની, ઘણાં પકવાનો બન્યા. આ તીર્થના પ્રભાવથી તેનું સેવન કરનારને અતુલ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

યત્ર નન્દાદયો ગોપાઃ યદોર્નૈમંત્રઞ્ચરેત્ ।
દશાયુતગવાં દુગ્ધં સમાનીયાત્રપ્રક્ષિપુઃ ।।
દુગ્ધપૂર્ણ પયોકુંડં પ્રચખ્યુર્દુગ્ધકુંડકં ।
નાનામિષ્ટાન્નદ્રવ્યૈસ્તુ સિતાદ્યૈઃ દ્રાક્ષેક્ષુઞ્ચરૈઃ ।।
તંડુલૈઃ પાયસં ચક્રુર્બલદેવસ્ય પ્રીતયે ।
શ્રાવણે ચ સહો માસે પાયસં ચ નિવેદનમ્ ।।
તેષાં ગૃહે વસેત્ લક્ષ્મીર્દુગ્ધપૂર્ણવસુન્ધરા ।
હલિનો વરદાનેન જલં દુગ્ધં પ્રજાયતે ।।

(બ્રજ.ભ.વિ.પ.પુ.)

યત્રૈવ બલદેવસ્તુ યદુપુત્રૈઃસમન્વિતઃ ।
ભોજનં ક્રિયતે સ્વેચ્છં કૃતદુગ્ધાઢયપાયસમ્ ।।
નન્દાદિસકલૈર્ગોપૈર્બહુદુગ્ધવિભૂતયે ।
યત્રૈવ વનયાત્રી ચ નૈવેદ્યં પાયસં ચરેત્ ।।

(બ્રજ.ભ.વિ.આ.પુ.)

અથાન્તરે ચ નિર્બન્ધે સાઙ્ગે મઙ્ગલકર્મણિ ।
રેવતીં વેશયામાસ યોષિતાં કમલાકલામ્ ।।
દેવકી રોહિણી ચૈવ યશોદા નન્દગેહિની ।
અદિતિશ્ચ દિતિઃ શાન્તિર્જયં કૃત્વા ચ મન્દિરમ્ ।।

(બ્ર.વૈ.પુ.કૃ.જ.ખં.૧૦૬/૮,૯)

અહીં દાઉજીએ સમસ્ત યાદવો સહિત ખીર ખાધી હતી, નંદ વગેરે ગોપોએ વિભૂતિ (સમસ્ત યાદવોનું સન્માન વિભૂતિઓથી જ સંભવ છે) તેથી વ્રજની સમસ્ત ગાયોને દોહવામાં આવી. તેથી અહીં વનયાત્રીઓએ પણ નૈવદ્યમાં પાય (ખીર) ચઢાવવી તેમજ પીવડાવવી જોઈએ. આજે પણ પાયસ (રબડી) વગેરે દાઉજીને અવશ્ય સમર્પિત થાય છે, આ પરંપરા ઉક્ત શ્લોકનું પ્રમાણ છે.

માંગલિક કૃત્યો બાદ મૈયા દેવકી, મૈયા રોહિણી, મૈયા યશોદા, અદિતિ, દિતિ, શાંતિ, લક્ષ્મી વગેરેએ રેવતીને જયજયકાર સાથે મંદિરમાં પ્રવેશ કરાવ્યો, આજે પણ મૈયાનો જ જયઘોષ બલદેવમાં થાય છે-

''દાઉ કે દરબાર મેં મૈયા કહે સો હોય''

વિવાહ બાદ અતિશય સંકોચ, લજ્જા ભાવને કારણે મૈયા રેવતી આજે પણ વામ પાર્શ્વમાં નહિં દાઉજીની સંમુખ વિરાજમાન છે. સાસરીયામાં વધૂ પતિની પાસે સંમુખ નથી બેસતી અને પ્રેમ પણ તો એમ જ કહે છે.

મિલિબો નૈનન હી કો નીકો ।
ચારોં નયન ભયે ઇક ઠોરે ધોકો મિટ ગયો જી કો ।।

(સૂરદાસ)

બ્રાહ્મણાન્ભોજયામાસ દદૌ તેભ્યો ધનં મુદ્રા ।
મઙ્ગલં કારયામાસ વસુદેવસ્ય વલ્લભા ।।

(શ્રી.વૈ.પુ.કૃ.જ.ખં.૧૦૬/૧૦)

વિવાહ પશ્ચાત્ રોહિણી મૈયાએ બ્રાહ્મણોને ભોજન કરાવ્યું, ઉચિત દાન આપ્યું, મંગલ આશીષ પ્રાપ્ત કર્યા.

લેખક શ્રીકૃષ્ણદત્ત વાજપેયી, એમ.એ. વિદ્યાલંકાર, અધ્યક્ષ પુરાતત્ત્વ સંગ્રહાલય, મથુરાના અદ્‌ભુત ગ્રંથ 'બ્રજ કા ઇતિહાસ (પ્રથમ ખંડ)'માં પણ આ બાબતનું પૌરાણિક પ્રમાણ છે કે રેવતી રમણનું વિવાહસ્થળ વ્રજમંડળ જ છે.

મૈયા યશોદાનું અહીં વિવાહમાં સામેલ થવું એ બલદેવમાં દાઉજીના વિવાહનું પર્યાપ્ત પ્રમાણ છે. એવું તે શું વિશેષ કારણ છે કે દાઉજી અને બરસાનાની હોળી-હોરંગાનું દર્શન કરવા આખો સંસાર ઉમટી પડે છે ?

કારણઃ રામ-શ્યામનો વિવાહ જ હોળી-હોરંગાનો નિશ્ચિત ઇતિહાસ છે.

રેવતી રહસ્ય

સંકર્ષણ (બલરામ)નો સંગ પામવા નાગલક્ષ્મી રેવતીમાં વિલીન થઈ. સૃષ્ટિના આદિની ઘટના છે- ચક્ષુષ પુત્ર ચાક્ષુશ મનુએ વિશાળ યજ્ઞ કર્યો. તે યજ્ઞકુંડથી જ્યોતિષમતી નામથી વિભૂષિત થનારી કન્યા ઉત્પન્ન થઈ. વિવાહ યોગ્ય થવા પર પિતા દ્વારા પૂછવામાં આવતાં કન્યાએ સર્વાધિક બળવાન પુરુષને પતિ રૂપે પ્રાપ્ત કરવાની ઇચ્છા પ્રકટ કરી. ચાક્ષુષ મનુએ પોતાની કન્યા માટે યોગ્ય વર શોધવાનું આરંભ કર્યું. મૃત્યુલોકમાં તો ચર્ચા જ ન કરી. સીધા સ્વર્ગથી દેવરાજ ઇન્દ્રને તેડાવ્યા, સમ્માન સહિત બેસાડ્યા અને પ્રશ્ન કર્યો- ''દેવરાજ! શું આપથી પણ વધુ કોઈ બળવાન પુરૂષ છે?''

ઇન્દ્ર- ''વાયુદેવની સહાયતાથી જ મારા સમસ્ત કાર્યો સંપન્ન થાય છે. તેથી ખચિત જ તેઓ મારાથી વધુ બળવાન છે.'' વાયુદેવનું આહ્વાન કરવામાં આવ્યું, વાયુદેવે કહ્યું કે મારો વેગ તો પર્વતોને નથી હલાવી શકતો, તેથી નિશ્ચિત જ પર્વત મારાથી વધુ શક્તિસંપન્ન છે. પર્વતે પોતાનાથી અધિક શ્રેષ્ઠ ભૂમંડળને બતાવ્યું, ભૂમંડળને પૂછતાં તેણે પોતાનાથી શ્રેષ્ઠ સંકર્ષણને બતાવ્યા. સંકર્ષણથી વધુ શક્તિયુક્ત કોઈ નથી, જેમના એક મસ્તક પર પર્વત, નદી, સમુદ્ર, વન, અખંડ ભૂમંડળ રાઈના દાણાની જેમ મૂકાયેલું છે અને સંપૂર્ણ ત્રિલોકીને સમાપ્ત કરનારો મહાપાપી પણ જેમના નામ કીર્તનથી કૈવલ્ય પદ પ્રાપ્ત કરી લે છે, તેમનાથી અધિક સંપન્ન અન્ય કોઈ હોઈ ન શકે. બીજી જ ક્ષણે જ્યોતિષમતી પિતાજીની આજ્ઞા લઈ તપ કરવા વિંધ્યાચલ પર્વત પર ગઈ અને ટાઢ-તડકો વેઠતાં કઠોર તપસ્યામાં લીન થઈ ગઈ. તપના તેજથી જ્યોતિષમતીનું મુખમંડળ ચમકી ઉઠ્યું. અનેક દેવગણો જ્યોતિષમતીની પાસે પહોંચ્યા.

ઇન્દ્ર બોલ્યા- ''દેવી! સંકર્ષણ માટે તમે વ્યર્થ જ આટલી તપસ્યા કરી રહ્યા છો, હું દેવરાજ છું, મારું વરણ કરો.''

યમરાજ- ''મારી સાથે વિવાહ કરીને પિતૃ લોકમાં મારી સૌથી શ્રેષ્ઠ પત્ની બનીને સુખેથી રહેશો.''

કુબેર- ''મને અપનાવવાથી તમને ક્યારેય ધનનો અભાવ રહેશે નહીં.''

અગ્નિ- ''મારા જેવો તેજયુક્ત પતિ તો તમને ક્યાંથી મલશે, મારું વરણ કરો.''

સૂર્ય- ''પ્રાણી માત્રની હું આંખ છું, મારાથી શ્રેષ્ઠ કોઈ નહીં મળે.''

ચંદ્ર- ''હું સમસ્ત ઔષધિઓને અધિશ્વર, નક્ષત્રરાજ, અમૃતની ખાણ, બળદાતા છું. તમે મારું જ વરણ કરો.''

મંગળ- ''પોતાનું કલ્યાણ ઇચ્છતા હો તો હું મંગળ કરનાર મંગળ છું. હે મંગલ વામિની! તમે મારું જ વરણ કરો.''

બૃહસ્પતિ- ''હું દેવગુરુ છું, દેવોને છોડીને મારું વરણ કરવું તમારા માટે ઉત્તમ રહેશે.''

શુક્ર- ''હું દૈત્ય ગુરુ છું, જે દૈત્યોના ભયથી દેવતા પણ સંતાવા માટે સ્થાન શોધતાં હોય છે. મારું વરણ કરવાથી તમને કોઈ પ્રકારનો ભય રહેશે નહીં.''

શનિ- ''નર તો શું દેવો પણ મારાથી ગભરાય છે, તેથી મારાથી વધુ શક્તિશાળી કોણ હશે? તમે મારું જ વરણ કરો.''

આ સૌ દેવતાઓની વાતો સાંભળી જ્યોતિષમતીના પ્રચંડ ક્રોધથી ભૂમંડળ સહિત સંપૂર્ણ બ્રહ્માંડ થરથરી ઉઠ્યું. ક્રોધિત જ્યોતિષમતીએ દેવોને શ્રાપ આપ્યો.

જ્યોતિષમતી- ''શનિ! જા તૂં લંગડો થઈ જા, કાળો થઈ જાય. કાળા તલનું તેલ પી અને અડદ ખા. શુક્ર! તું કાણો થઈ જા.

બૃહસ્પતિ! તૂં સ્ત્રીભાવને પ્રાપ્ત થા.

બુધ! તું નિષ્ફળ થઈ જાય (તારા દિવસે જે કાર્ય કરવામાં આવે તે સફળ નહીં થાય.)

મંગળ! તું વાનરમુખ થઈ જા.

ચંદ્ર! તને રાજયક્ષ્મા રોગ થઈ જાય.

સૂર્ય! તૂં દાંત વિનાનો થઈ જા.

વરૂણ! તને જલંધર રોગ થઈ જાય.

અગ્નિ! તું મળાદિ બધું જ (ખાદ્ય+અખાદ્ય) ખાઈશ.

કુબેર! તારું પુષ્પક વિમાન છિનવાઈ જાય.

યમરાજ! તૂં શક્તિશાળી રાક્ષસો સામે પરાજિત થઈ જાય.

ઇન્દ્ર! તું કપટથી મારી પાસે આવ્યો, સંકર્ષણના નિંદક, જા તારી પત્નીનું હરણ થશે. તને સ્વર્ગમાંથી ભગાવી દેવામાં આવશે.

બદલામાં ઇન્દ્રએ પણ જ્યોતિષમતીને શ્રાપ આપ્યો- ''તું સંકર્ષણને પ્રાપ્ત કરીને પણ પુત્રહીન જ રહીશ.''

એટલામાં વિધાતા ત્યાં પહોંચ્યા અને વરદાન માગવા કહ્યું.

જ્યોતિષમતી બોલી- ''મને સંકર્ષણ પતિ રૂપે પ્રાપ્ત થાય, એટલું જ વરદાન જોઈએ.''

વિધાતા- ''સુમુખી! આ દુર્લભ વરદાન હું તને આપું છું. હાલમાં વૈવસ્વત મન્વંતર પ્રારંભ થયો છે, તેના ૨૭ ચતુર્યુગ પૂરા થતાં સંકર્ષણ તારા પતિ બનશે.''

જ્યોતિષમતી- ''હું એટલો દીર્ઘકાળ સુધી રાહ જોઈ ન શકું, મને સંકર્ષણ શીઘ્ર પતિરૂપે પ્રાપ્ત થાય એવું વરદાન આપો નહીં તો હું દેવોની જેમ તમને પણ શ્રાપ આપીશ.''

ભયભીત વિધાતા બોલ્યા- ''હે દેવી! તમે આનર્ત દેશના રાજા રેવતની કન્યા બનો, તેનાથી એક જ જન્મમાં તમારો મનોરથ પૂર્ણ થઈ જશે.''

વરદાન આપીને વિધાતા અંતર્ધ્યાન થઈ ગયા, ત્યારબાદ જ્યોતિષમતીએ રાજા રેવતને ત્યાં જન્મ લીધો, રેવતી નામ પડ્યું. રાજા રેવત કન્યા માટે સુયોગ્ય વર શોધવા બ્રહ્મલોક સુધી ગયા, ત્યારે ત્યાં બ્રહ્માજીએ બલદેવને જ કન્યા માટે સુયોગ્ય વર ઠરાવ્યા. બ્રહ્મલોકમાં તો એક જ ક્ષણ વ્યતીત થઈ, પરંતુ મૃત્યુલોકમાં ૨૭ ચતુર્યુગ વિતી ગયા હતા, તેથી પૃથ્વી પર રાજા રૈવતના પુત્ર, પૌત્ર, સગાં તથા સગોત્ર પણ રહ્યા નહોતા તેથી જાન વિના જ કન્યાનો વિવાહ કરવા આવ્યા.





દાઊજી - ક્ષીરસાગર કુંડ અને બલદેવજી મંદિરમાં રાધારાણી વ્રજયાત્રા



દાઊજીનો હોરંગા અને હોરંગા સમાજ

અધ્યાય-૪૬

ઋણમોચન

અક્રૂરજી સાથે મથુરા ગમન સમયે શ્રીકૃષ્ણ કહે છે- ''અરે! આપણે જઈ રહ્યા છીએ. નંદબાબા અને યશોદા મૈયાએ આપણા માટે બધું સહન કર્યું અને પોતાનો દીકરો સમજી તેમણે બધી ગાળો સાંભળી, તેમનું ઋણ ક્યારેય ચુકવી શકીશું નહીં.'' ઋણમોચન ઘાટ પર શ્રીકૃષ્ણએ સ્નાન કર્યું અને બોલ્યા- ''જે અહીં સ્નાન કરશે તે માતા-પિતાના ઋણથી મુક્ત થઈ જશે.''

ચિન્તાહરણ

આ સ્થાન મહાદેવલીલા સાથે સંબંધિત છે. મથુરાથી નંદલાલ જ્યારે નંદવ્રજ આવ્યા તો નંદમહોત્સવ થયો, એ મહા-મહોત્સવમાં શિવજી પણ પધાર્યા. જન્માષ્ટમીના અવસરે નંદગ્રામમાં જ્યારે નંદોત્સવ ગોસ્વામી-વ્રજવાસી ગણો ઉજવે છે ત્યારે આજે પણ મહાદેવ લીલા થાય છે.

'ગર્ગસંહિતાનુસાર' મહાદેવજીનું આગમન નંદોત્સવથી જ પ્રારંભ થઈ જાય છે. શ્રી નારદજી વર્ણવે છે- ''રાજા બહુલાશ્વ! પુત્ર જન્મોત્સવ પર નંદબાબાએ એક કોસ લાંબી ભૂમિમાં રત્નગિરિ ઉભા કરી દીધાં, જેના સ્વર્ણ શિખર પર પડનારી ઉગતા સૂર્યની કિરણો ક્યાંક-ક્યાંક લાલમણિની સ્ફુરણા કરાવતી હતી. વ્રજ-વસુંધરામાં સર્વત્ર સિંધુસુતાનું સામ્રાજ્ય થઈ ગયું, અલૌકિક ઘટાઓ ઘટી, અગણિત કમળો પ્રસ્ફુટિત થઈ ગયા. ''ષડ્ ઋતુ રહત સદા કર જોરે'' નીલમણિ શિશુની દિવ્ય જ્યોતિ સંપૂર્ણ દિગ્મંડળને વિદ્યોતિત કરવા લાગી. વ્રજપુરવાસીઓના આનંદની છોળોનો ન કોઈ 'અથ' સમજી શકે છે, તો 'ઇતિ'નો તો પ્રશ્ન જ ઉભો થતો નથી. માંગલિક નૃત્ય ગાન આરંભ થયું તો કોણ તરૂણી અને કોણ વૃદ્ધા સૌ ગોપીઓ પોતાની અવસ્થા ભૂલીને નવ-તરૂણીઓની જેમ નાચવા લાગી. **'ગોપી ઝમક ઝમક કે નાચેં ગ્વાલા ગાવૈં મીઠે ગાન.''** નવ નંદ, ઉપનંદ, છ વૃષભાનુઓ સૌ આવ્યા. ગોપીઓ સોનાના થાળમાં મોતીઓ લુટાવતી આવી. આનંદમાં ઉન્મત્ત ગોપી વધૂટીઓએ હાથ પકડીને યશદાયિની યશોદા અને આરોહણકારિણી રોહિણીને નચાવી દીધાં વધુ તો શું કહેવું બસ જડ અને ચેતન સૌ નૃત્ય કરી રહ્યાં છે. ગોપીઓના ઉત્તુંગ વક્ષસ્થળો પર મણિમાળાઓ ઉછળી રહી છે, નિતંબના કંદોરાની ઘૂઘરીઓ મધુર નાદ કરતી કૂદી રહી છે. રત્નગુચ્છ ગુંફિત ચંચળ વેણી તો ઘણો જ આનંદ લઈ રહી છે. આજના દિવ્યાતિદિવ્ય આનંદરસના ફુવારાનું સરોવર કોટિ-

કોટિ રસસમુદ્રોને આંદોલિત કરી રહ્યું છે. એ દિવ્ય રસસિંધુમાં ડુબકી લગાવવા માટે સનકાદિકજી, કર્દમ નંદન પ્રભુ (કપિલ), શુકદેવજી, વ્યાસદેવજી, દત્તાત્રેયજી, પુલસ્ત્યજી સૌ પધાર્યા. નારદજી પણ બ્રહ્માજીની આંગળી પકડીને આવ્યા. **'चतुर्मुखो वेदकर्ता द्योतयन्मंडलं दिशाम्'** ચાર મુખના દેવને જોઈ વ્રજવાસી જનો તો હસી રહ્યા છે. વ્રજમાં ઘણું કુતુહલ છે, એટલામાં તો નંદી પર સવાર થઈ પંચાનન આવી ગયા. **तथा तमनु भूताढ्यो वृषारूढो महेश्वरः।**

ગજારૂઢ થઈ શચિ પતિ ઇન્દ્ર પણ આવી ગયા. તે જ રીતે પોત-પોતાના વાહનો પર સવાર થઈ વાયુદેવ, યમરાજ, કુબેર, અગ્નિ, ચંદ્ર, વરૂણ, કાર્તિકેય વગેરે સમસ્ત દેવગણો આવ્યા. હંસ પર સવાર થઈ દેવી સરસ્વતી પધાર્યા, સિંહ પર સવાર થઈ ભગવતી દુર્ગા, ગૌરૂપ લઈ પૃથ્વી પધાર્યા અને પાલખીઓ પર સવાર થઈ ષોડશ માત્રાઓ આવી, ષષ્ઠી દેવી પણ પધાર્યા. નંદ વ્રજમાં આનંદકંદ નંદનંદનના આગમન પર પ્રેમળ તથા રસિક હૃદયો ચિરવાંછિત અક્ષુણ્ણ આનંદ સરોવરમાં સરાબોર થઈ ગયા. નંદોત્સવ પણ સંપન્ન થઈ ગયો પરંતુ ચંદ્રચૂડ (શિવ) ને કૈલાશમાં ચેન ક્યાંથી? ફરી ચાલી નિકળ્યા નંદાલય તરફ. આ મહાદેવ લીલાનું રસિકાચાર્યોએ વિસ્તારપૂર્વક ગાન કર્યું છે. વિચિત્ર વેષભૂષા વાળા શ્રી શિવ જ્યારે નંદમંદિરની બહાર પહોંચ્યા, દરવાજા પર જોયું, અહીં તો હજી પણ નંદોત્સવ જેવી જ ગોપીઓની ભીડ લાગેલી છે. કોઈ એક કાર્ય કરી રહ્યું છે તો કોઈ બીજું, જાણે નંદ મંદિર હવે તેમનું જ ઘર બની ગયું છે.

(ગ.સં.ગો.ખં.અધ્યાય૧૨)

શિવ સ્વરૂપ-

जटाटवीगलज्जलप्रवाहपावितस्थले
गलेऽवलम्ब्य लम्बितां भुजङ्गतुङ्गमालिकाम् ।
डमड्डमड्डमन्निनादवड्डमर्वयम्
चकारचंड्तांडवं तनोतु नः शिवः शिवम् ।।

(શિવ તાંડવ સ્તોત્ર)

જટાજૂટથી ગંગાજળ વહી રહ્યું છે, ગળામાં સર્પમાળા, મુંડમાળ ધારણ કરી છે, હાથમાં ડમરૂ ઘોષ કરી રહ્યું છે. ઓઘડ રૂપ લઈ મહાદેવ બાબાએ દરવાજે ઉભા રહેતાં જ સાદ કર્યો 'અલખ નિરંજન' (સ્વગત) લાગે છે હજી કોઈએ સાંભળ્યું નથી. ફરી 'અલખ નિરંજન'. મૈયા બહાર આવ્યા. યોગીરાજ- 'भिक्षान्नदेहि'' (રત્નો ભરેલ થાળ આગળ કરતાં)- ''સ્વીકાર કરો બાબા''. યોગીરાજ- ''મારે તો તમારા લાલાના દર્શનની ભિક્ષા જોઈએ.''

મૈયા- ''શું વાત કરો છો બાબાજી, મને તો તમારું ઓઘડ રૂપ જોઈને ડર લાગી રહ્યો છે, તમારા અંગ પર સાપ લટકી રહ્યા છે. મારો લાલો તો હજી નવજાત છે, જોઈને ડરી જશે, હું મારા લાલાના દર્શન આપને નહીં કરાવું.'' મૈયાના વચનો સાંભળી શિવજી

યમુના કિનારે આજ સ્થાન પર (ચિંતાહરણ) આવીને બેસી ગયા, એ ચિંતામાં કે પ્રભુના દર્શન કેવી રીતે થાય, મૈયાએ તો ના પાડી દીધી. આ બાજુ નંદભવનમાં યશોદાનંદનનું રડવાનું ચાલુ થયું. મૈયાએ ઘણો પ્રયાસ કર્યો ચૂપ કરાવવાનો. ક્યારેક રમકડું આપે, ક્યારેક દૂધ પીવડાવે પરંતુ આ ત્રિલોકનો નાથ પણ હઠ કરીને બેઠો છે ત્રિપુરારીને મળવાની. ગોપીજન બોલી- ''મૈયા! મને તો લાગે છે પેલો જોગી જ કંઈ કરીને ગયો છે, નહીં તો લાલો આટલું તો ક્યારેય નથી રડ્યો.'' એવું જ લાગે છે, બધું એ યોગીનું જ કરેલું છે, જાઓ તમે જઈને એમને બોલાવી લાવો. ગોપીઓ ચિંતાહરણ આવી, જ્યાં શિવજી ચિંતિત બેઠા હતા. ગોપીઓ બોલી- ''બાબા ઓ બાબા! શું વિચારી રહ્યા છો, ચાલો જલ્દી...''

યોગીરાજ- ''ક્યાં?''

ગોપીજન- ''નંદભવનમાં''

(મહાદેવજી સમજી ગયા, મારા નાથે મારી વાત સાંભળી લીધી, હવે તો અભીષ્ટ પૂરું થવામાં જ છે, છતાંય થોડો વિનોદ કરી લઈએ)

યોગીરાજ- ''ત્યાંથી તો મૈયાએ મને પાછો કાઢ્યો, હું નહીં આવું.''

ગોપી- ''અરે યોગીરાજ! મૈયાએ જ તમને તેડાવ્યા છે. તમે કોઈ મંત્ર-તંત્ર, દોરા-ધાગા જાણો છો?'' (મહાદેવજી સમજી ગયા કે નાથે આ સ્વાંગ રચ્યો છે તો હું શું કામ ના પાડું?) યોગીરાજ બોલ્યા- ''અરે ગોપીઓ! હું એવો મંત્ર જાણું છું, એવું તાવીજ બનાવી આપીશ કે તમારો લાલો પછી આખો જન્મારો નહીં રડે.''

ગોપીઓ- ''ઠીક છે તો ચાલો જલ્દી હવે.'' અહીં આ સ્થાન પર મહાદેવજીની ચિંતા દૂર થઈ તેથી આ સ્થાનનું નામ ચિંતાહરણ છે. તેમાં વિશેષ તો એ છે કે અહીં જે પણ આવે છે, મહાદેવ તેની પણ ચિંતા દૂર કરી દે છે તેથી ચિંતાહરણ બંને પક્ષમાં છે.

૧. નિજ ચિંતા દૂર થઈ.

૨. જન ચિંતાહરણ થાય છે.

મૈયાએ યોગીરાજને તેડાવ્યા તો ખરા પણ હજી પણ લાલાના દર્શન કરાવવા તૈયાર નથી.

મૈયા- ''બાબા! તમારા અંગેઅંગમાં સાપો લટકી રહ્યા છે, કોઈ આમ ફૂંફાડો મારે છે તો કોઈ અમારી તરફ ફૂંફાડા મારી રહ્યો છે.''

યોગીરાજ પણ વિચારમાં પડી ગયા કે મામલો હજી થાળે પડ્યો નથી. મૈયા એટલા જલ્દી દર્શન નહીં કરવા દે.

ચાચા વૃંદાવનદાસજીના શબ્દોમાં-

રસિક જોગી મચલ્યૌ મેરે આઁગન માનત નહિ સમુઝાયૌ ।
ભિક્ષા લેઈ ન મુખ તેં બોલૈ ઈનકો મતૌ ઉપાયૌ ।।
બૂઢી બડી ભેદ કહૌ યાકૌ મુહિ સંદેહ દબાયૌ ।
પુત્ર ભયે પૈ પહિલૈં કબહૂઁ કાહૂ કૈં હો આયૌ ।।

યોગીરાજ- ''અરે મૈયા! હું તારા લાલાના દર્શન કરવા ગોકુળમાં પહેલા પણ આવી ચૂક્યો છું.''

સુન્યૌ ન દેખ્યૌ એસૌ કબહૂઁ જૈસૌ ભેષ બનાયૌ ।

મૈયા- ''આવો વેશધારી યોગી તો મેં આજસુધી નથી જોયો.''

પલના ઓર ચિત્તૈ કૈં ઈન કછુ આક ધતૂરૌ ખાયૌ ।।

મૈયા- ''મોટા મોટા યોગીઓ આવ્યા, કોઈ માલપુવા ખાય, સારા-સારા સ્વાદિષ્ટ પદાર્થો ખાય અને આ તો ઝેર ખાઈ રહ્યો છે, એકટક પારણા તરફ જોઈ રહ્યો છે.''

દેખિ જટનિ તેં વરષત પાની ગરૈ નાગ લપટાયૌ ।
ચન્દા સૌ ચમકત હૈ માથૈં સબ તન ભસ્મ લગાયૌ ।।
બાઘમ્બર ઓઢૈં યહ સજની ડૌંરુ હાથ બજાયૌ ।
કિલકત હૈ સુનિ કુઁવર કન્હૈયા એસૌ ઈન કછુ ગાયૌ ।।

મૈયા- ''અરે જુઓ તો ખરા, આનો અવાજ સાંભળીને મારો લાલો પ્રસન્ન થઈને કિલકારી કરી રહ્યો છે.''

(સૌ સખીએ પરસ્પર બોલી)- ''ચાલો આ જોગીને પૂછીએ તો ખરા, આ તો ખરેખર મોટો ચમત્કાર છે.''

આવૌ રી આવૌ સબ બૂઝૌ કૌન બાત હઠ લાયૌ ।

ગોપીજન- ''અરે જોગીરાજ! કેમ જીદ કરી રહ્યા છો? દૂરથી જ લાલાને જોઈને ચાલ્યા જાવ.''

જિહિં તિહિં ભાઁતિ ટરૈ મો ઘર તેં દેહુ યાહિ મન ભાયૌ ।।

સૌ બોલી- ''એને એની મનગમતી વસ્તુ આપી દો, પણ ગમે તેમ કરીને એને અહીંથી વિદાય કરો.''

મૈયા બોલી-''મને તો શંકા થઈ રહી છે કારણકે તેના નાગ મારી તરફ જ ફુંફાડા મારી રહ્યા છે.'' સર્પો શિવના પાર્ષદો છે તેથી તેઓ પણ મૈયાના દર્શન કરીને પ્રસન્ન થઈ રહ્યા છે અને માતા તરફ પોતાની ફેણ ફેલાવી રહ્યા છે.

હૌં સંકતિ ધીરજ ધરિ તદ્યપિ તુમકૌં ટેરિ બુલાયૌ ।

''અરે! આ બાબાને જલ્દી ભગાડો અહીંથી, ક્યાંક કનૈયાએ સાપ જોઈ લીધા તો ડરી જશે, રડશે.''

બાલક કી જૌ દૃષ્ટિ પરૈગૌ નિશ્ચૈ જાઈ ડરાયૌ ।।

વૃદ્ધા પૂર્ણમાસી જી આદિ ને કહી જોગી જી ।
જો ચાહિએ સો લૈ લોઔર યહાઁ તે વિદા લ્યો ।।

તબ બોલીં ગોપી સુખ ઓપી મધુરૌ વચન સુનાયૌ ।
કૌન કામ તુમ નાથ હમારી નગરી મન બિરમાયૌ ।।

વૃદ્ધા ગોપી- ''અહીં શું લેવા આવ્યા છો બાબા''.

મૈં તપસી વન ખંડ નિવાસી જનમત જોગ કમાયૌ ।
તાકો ફલ લાગ્યૌ ઈહ નગરી સુધિ પાયેં ઉઠિ ધાયૌ ।।

''અરે મૈયા! હું તો જન્મથી જ જોગ કરી રહ્યો છું. ધ્યાનાવસ્થામાં મને જાણવા મળ્યું કે મારી આજન્મ સાધનાનું ફળ અહીં ગોકુળમાં આવ્યું છે તો તેને લેવા આવ્યો છું.''

ગોપીજનોએ પૂછ્યું-

કૌન વૃક્ષ અરુ બેલ લગ્યૌ ફલ તાકૌ તુમ જુ બતાયૌ ।

'કયા વૃક્ષ કે વેલમાં લાગ્યું છે તમારું ફળ, બાબા! અરે અહીં કોઈ વૃક્ષ નથી આ તો મણિમય ભવન છે, જાઓ કોઈ બગીચામાં જઈને આસન જમાવો, જ્યાં વૃક્ષ હશે ત્યાં જ તમારું ફળ હશે.''

નહિં વન નહીં બાગ હ્યાં બલિ જાઉં આસન જહાઁ જમાયૌ ।।

સાંભળીને મહાદેવજી હસી પડ્યા.

હરહર હઁસે નાથ યહ સુનિ કૈં લાગ્યૌ વચન સુહાયૌ ।

કેટલી ભોળી છે ગોપી, અનંત બ્રહ્માંડના ફળને ઓળખી નથી રહી. બોલ્યા-

કૌન વૃક્ષ કૌ બાગ બતાઉં જસુમતિ ભવન દુરાયૌ ।।
સુકૃત પુઞ્જ કી લતા જસોમતિ પરમ તત્વ ફલ જાયૌ ।

''અરે ગોપીઓ! આ બ્રહ્માંડમાં જેટલા સુકૃતો છે તેની લતા છે યશોદા મૈયા, આ લતામાં જ પરમતત્વરૂપી ફળ આવ્યું છે, નંદભવન રૂપી બાગમાં.''

મોહિ દેખિ મણિ મંદિર રાની મોરિ કપાટ છિપાયૌ ।।

આટલું સાંભળતાં જ મૈયાએ કક્ષના દરવાજા બંધ કરી પોતાના લાલાને છુપાવી દીધો.

યોગીરાજ- ''ગોપીઓ! અમારા સ્વામી અલખ પુરુષ (શ્રીકૃષ્ણ)એ જ અમને અહીં મોકલ્યા છે, તેથી અમને બધી જ ખબર છે.''

અલખ પુરુષ મેરૌ અંતર જામી તિન મોહિ પ્રેરિ પઠાયૌ ।

મહાદેવજીએ વિચાર્યું કે વાત આમ નહીં બને હવે કંઈક સિદ્ધપણું બતાવવું પડશે.

યોગીરાજ- ''ગોપીઓ! જઈને યશોદારાણીને કહો કે મારી પાસે એવું તાવીજ છે કે જે બાળકને પહેરાવી દેશો તે અમર થઈ જશે, જો ઇચ્છા હોય તો પહેરાવું નહીં તો પાછળથી પસ્તાવાનો કોઈ અર્થ નથી. મેં ઘણા શ્રમથી તે બનાવ્યું છે.''

બહુત જતન કરિ જંત્ર મંત્ર સૌં ગંડા ઈક રચિ લાયૌ ।।
પુત્ર જનમ તૈં દાન બહુત દિયૌ સુજસ સકલ જસ છાયૌ ।
તેરે ભૂર ભાગ કી મહિમા બરબસ ચિત્ત જૂ ચુરાયૌ ।।
કાયા અમર કરન તુવ સુત કી મેરૌ મન અકુલાયૌ ।

''મૈયા! હું તો બસ તમારા લાલાને આ તાવીજ પહેરાવીને અમર બનાવવા અહીં આવ્યો, પણ તમે આ તાવીજની મહિમાને સમજી નથી રહ્યા, પાછળથી પસ્તાશો.''

ખોજિ વિકટ ગિરિ વૂટી લાયૌ તૌં આદરુ ન દિવાયૌ ।।
મેરી વાની અમૃતસાની જૌ ન મોદ ઉપજાયૌ ।
તૌ પાછૈં સુધિ કરિ હૈ રાની આગમ તોહિ જતાયૌ ।।

લાલાના અમર થવાની વાતથી મૈયાના મનમાં થોડી લાલચ આવી ગઈ, થોડોક દરવાજો ખોલીને બોલી- ''અરે રોહિણીજી! બાબાજી તો કોઈ ચમત્કારી લાગે છે, ભિક્ષુક નથી.'' પહેલા તો જોગીજીની સામે પણ જોતા નહોતા અને હવે...

ઉઝકિ ઉઝકિ દેખતિ મંદિર તેં જનની મન લલચાયૌ ।
સુનૌ રોહિની રાવલ બાની મહા પુરુષ દરસાયૌ ।।

મહાદેવજીએ વધુ એક ચાલ ચાલી, વિચાર્યું કે મૈયા તો હવે વશ થઈ જ ગયા છે, હવે શ્રીકૃષ્ણને વશમાં કરવાના છે. શ્રીકૃષ્ણને વશમાં કરવા માટે રાધા-રાધા નામનું ગાન કર્યું, બસ રાધાનું નામ સાંભળતાં જ ઠાકુરજી ઉછળકુદ કરવા લાગ્યા.

નાથ સમઝિ સીંગી મેં રુચિ સૌં રાધા નામ સુનાયૌ ।

રા.સુ.નિ.૩ માં પણ આ જ વાત કહેવામાં આવી છે-

''સદ્યો વશીકરણ ચૂર્ણમનંતશક્તિં તં રાધિકાચરણરેણુમનુસ્મરામિ ।।''
પહલે લાલ નૈં ભરયૌ હૂંકરા પુનિ કૈ રુદન કરાયૌ ।

નંદનંદન રાધા નામ સાંભળીને પ્રેમાશ્રુ વહાવવા લાગ્યા.

''રાધા રાધા નામ જો સપનેહુઁ મેં લેત ।
તાકો મોહન લાડલો રીઝ અપન પી દેત ।। ''

રાધા નામસ્મરણ કરનાર પર શ્યામસુંદર પ્રસન્ન થઈને સ્વયંને પણ અર્પિત કરી દે છે. રાધા નામ સાંભળીને શ્યામસુંદર રડતાં-રડતાં બોલ્યા-

કહાઁ કહાઁ યોં કહત શ્યામ ઘન રાવલ મર્મ જનાયૌ ।।
રબકિ પાલનૈં તેં તવ મૈયા ગોદી ધરિ દુલરાયૌ ।

મૈયા ગોદમાં લઈને લાડ લડાવવા લાગ્યા, લાલ કેમ રડી રહ્યો છે.

ગહરે લેત ઉસાસ અતિ લડૌ સમુઝિ નાથ મુસકાયૌ ।।

શ્યામસુંદર પ્રેમમાં લાંબા-લાંબા શ્વાસ લેવા લાગ્યા. આ જોઈને મહાદેવજીના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ વાહ! જાદુ કામ કરી ગયો.

મૈયા જોઈને ગભરાઈ ગઈ, લાલો કેમ લાંબા-લાંબા શ્વાસ લઈ રહ્યો છે.

બોલી-''અરે જોગી! હવે તમે આને તાવીજ બાંધી દો, લાલો ઘણો રડી રહ્યો છે.''

મહિર અધિક સંકિત હ્વૈ જોગી બોલિ હાથ ફિરાયૌ ।

મહાદેવજી બોલ્યા- ''મૈયા! તમે ચિંતા ન કરો, મારી પાસે તંત્ર-મંત્ર, તાવીજ, ભભૂત બધું જ છે.''

મૈયા બોલી- ''તો જલ્દીથી કંઈક કરો.'' મહાદેવજી આગળ વધ્યા અને શ્યામ-સુંદર પર રાધા-રાધા કહીને હાથ પસવાર્યો.

'પદ્મપુરાણ'માં આ વાતનો ઉલ્લેખ છે કે સ્વયં શ્રીકૃષ્ણએ યુગલ મંત્ર-

રાધે કૃષ્ણ રાધે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ રાધે રાધે ।
રાધે શ્યામ રાધે શ્યામ શ્યામ શ્યામ રાધે રાધે ।।

શિવજીને આપ્યો છે. આ મંત્રને તેઓ જપે છે અને આ જ માળા શિવજીએ શ્યામસુંદર પર ફેરવી.

મહા મંત્ર સ્યામા નામાવલિ શિવ રસના સરસાયૌ ।।

સાંભળતાં જ બાળ કૃષ્ણ ફરી હોંકારો ભરવા લાગ્યા.

લાલ અમી શ્રવનનિ પીયો પુનિ-પુનિ હૂંકરા ભરાયૌ ।

મૈયાઓ લાલાને પ્રસન્ન જોઈને પાલવ હટાવી દીધો અને બોલી- ''લો જોગીજી! હવે તમે દર્શન કરી લ્યો, તમે તો મારા લાલાને ચૂપ કરી દીધો.''

તબ રાની અંચલ ઉધારિ કૈં સુત બિધુ બદન દિખાયૌ ।।

અત્યાર સુધી તો મૈયાએ લાલાને પાલવમાં છુપાવી રાખ્યો હતો. જેવા મહાદેવજી અને શિવજીના નેત્રો મળ્યા બસ શિવજી પર પ્રેમ છવાઈ ગયો.

ચિતયે મેં દૃષ્ટિ જોરિ રાવલ તન અન્તર પ્રેમ ઘુમાયૌ ।

યોગીરાજ બોલ્યા- ''મૈયા! હજી એક ચમત્કાર છે મારી પાસે.'' મૈયાને આમ પણ હવે વિશ્વાસ બેસી ગયો હતો, પૂછ્યું- ''બોલો?'' તો બોલ્યા- ''મારી જટા-જૂટમાં એક

યંત્ર છે જો તારો લાલો તેને સ્પર્શ કરી લે તો કોઈ પણ અડચણ તેને સ્પર્શ નહીં કરી શકે. બસ તેના ચરણો મારી જટા પર રાખી દો.''

મહાદેવજી પ્રભુનો ચરણસ્પર્શ ઇચ્છતા હતા બોલ્યા-

माता मेरे सीस तंत्र है यौं कहि चरन धरायौ ।।
वेपथ भये अजिर मैं लोटत नाथ सिंधु सुख न्हायौ ।

બાલગોપાલ પ્રભુના ચરણ સ્પર્શ થતાં જ મહાદેવજી પ્રેમમાં પડી ગયા. વ્રજરજમાં આળોટવા લાગ્યા. મૈયા ગભરાઈ ગઈ- ''અરે! આ જોગીને શું થઈ ગયું છે. આ શું ચક્કર છે ક્યારેક મારા લાલાને કશુંક થઈ જાય છે તો ક્યારેક આ જોગીને કશુંક થઈ જાય છે.

અરે ગોપીઓ! આ જોગીને ઉઠાવો તો ખરા.''

बडी बार मैं चेत्यों रावल गंडा गर पहिरायौ ।।

થોડી ક્ષણો બાદ યોગીરાજની મૂર્ચ્છા દૂર થઈ.

મૈયા- ''અરે જોગી! તમને શું થઈ ગયું?''

જોગીરાજ- ''મૈયા! મને કંઈ નથી થયું, આમ તો હું બધાયને આ તાવીજ નથી આપતો એટલે હું મારા નાથને પૂછી રહ્યો હતો કે તારા લાલાને તાવીજ પહેરાવું કે નહીં. હવે નાથની આજ્ઞા થઈ ગઈ છે.'' સાંભળીને મૈયા પ્રસન્ન થઈ ગઈ.

મહાદેવજીએ અવસર મળતાં જ બાળકૃષ્ણના ચરણો પોતાની હથેળીમાં લઈ લીધા કારણકે હવે તો સિદ્ધપણું જાહેર થઈ ગયું હતું, કોઈ ના પણ ન પાડી શક્યું.

लै कर चरण निहारत पुनि पुनि मन करि माथौ नायौ ।

ખૂબ મન ભરીને મહાદેવજીએ ચરણસ્પર્શ કર્યા. પોતાની ઝોળીમાંથી ભભૂત કાઢી અને બાળગોપાળના ચરણ નખ અને નાભિમાં લગાવી દીધી.

तनक भभूती काढि बटुआ ते नख पुनि नाभि छुवायौ ।

જોગી- ''મૈયા! હવે તારો લાલો અમર થઈ ગયો છે.

माता अमर भयो यह बालक मेरे गुरु लखायौ ।।

મૈયા! અમારા ગુરૂજી અલખ પુરુષે કહી દીધું છે કે તારો બાળક અમર થઈ ગયો છે.''

મૈયા ઘણી પ્રસન્ન થઈ ગઈ.

જોગી- ''જુઓ મૈયા, આ અમારી ધ્વજા છે, હવે તું એની પૂજા કર અને મારું ખપ્પર ભર.''

आदि नाथ की धुजा चढाई पुनि खपरा भरवायौ ।

જોગીઓમાં પોતાનું સિદ્ધપણું જમાવવા માટેનો આ ઢોંગ હોય છે, ધ્વજાની પૂજા કરાવવી, ખપ્પર ભરાવવું વગેરે.

મૈયા- '' જોગી! કઈ વસ્તુથી ખપ્પર ભરું? તમને શું જોઈએ? હીરા લઈ લો, મોતી લઈ લો, વસ્ત્રાભૂષણ લઈ લો.''

જોગીરાજ- ''ના મૈયા ના! તારા લાલાના જન્મ વખતની જે પંજરી (ગોળધાણા) છે, એ ગોળધાણાથી આ ખપ્પર ભરી દો. હું તો જોગી છું, હીરા-મોતીનું શું કરીશ? વસ્ત્રના રૂપમાં લાલાનું પીળું ઝભલું જ આપી દો.''

હઠિ કૈ લઈ પંજીરી ઝંગુલી સીંગી નાદ કરાયૌ ।।

મૈયા- ''અરે બાબા! આ નાનકડા એક વેંતના (લગભગ આઠ ઈંચ) ઝભલાંથી તમારું શું થશે? જે જોઈએ તે લઈ લો.'' પરંતુ યોગીરાજે કંઈ ન લીધું.

જોગીરાજ- ''મૈયા! હવે હું જઈ રહ્યો છું, તમે મારો મનોરથ પૂર્ણ કર્યો, તમારો લાલો જુગ-જુગ જીવે, પ્રસન્ન રહે.''

દેત અસીસ જિયૌ સુત જુગ જુગ મો અભિલાષ પુજાયૌ ।
'વૃન્દાવન' હિત રૂપ ચરિત લખિ ઉર આનન્દ બઢાયૌ ।।

(શ્રૃં.ર.સા.૨૭/૧૩૩)

બ્રહ્માંડ ઘાટ

અહીં કનૈયાએ મૃદા ભક્ષણ (માટી ખાવી) લીલા કરી, મૃદા ભક્ષણ કર્યા બાદ ગ્વાલબાળોએ યશોદાને કહ્યું ''મૈયા! તારો લાલો માટી ખાય છે'' તો કાનો બોલ્યો, ''ના-ના મૈયા! મેં માટી નથી ખાધી-

નાહં ભક્ષિતવાનમ્બ સર્વે મિથ્યાભિશંસિનઃ ।
યદિ સત્યગિરસ્તર્હિ સમક્ષં પશ્ય મે મુખમ્ ।

(ભા.૧૦/૮/૩૫)

આ સૌ ગ્વાલબાળો ખોટું બોલી રહ્યા છે, હું માટી ખાઈ જ ન શકું, મૈયા, જો તને ખોટું લાગતું હોય તો મારું મોં જોઈ લે.'' યશોદાજીએ કહ્યું- ''ઠીક છે, મોં ખોલીને બતાવ.'' શ્રીકૃષ્ણએ મૈયાને મોં ખોલીને બતાવ્યું તો અખિલ બ્રહ્માંડનું દર્શન યશોદાને પોતાના નાનકડા શિશુના મુખમાં થયું. બ્રહ્માંડ જોઈને મહાન આશ્ચર્યમાં ડૂબી ગઈ અને બ્રહ્માંડ વિહારીના ઐશ્વર્યથી પ્રભાવિત થઈ તેમને ભગવાન માનવા લાગી.

હવે તો મૈયાના વાત્સલ્યના ભૂખા યશોદાનંદને વિચાર્યું કે મારી ઐશ્વર્ય લીલાનું મૈયાને જ્ઞાન થવાથી માધુર્યરસ ભરેલી મધુર લીલા તો થઈ જ ન શકે. તેથી તેઓએ મૈયાના હૃદયમાંથી પોતાના ઐશ્વર્ય ભાવને હટાવી પુત્રભાવ ઉત્પન્ન કર્યો.

મો દેખતિ યશોદા તેરે ઢોટા અબહી માટી ખાયી ।
એહિ સુનકે ઉઠકે રિસ ધાઈ બાઁહ પકડ લૈ આયી ।
એક કર સૌં ભુજ ગાઢૈ કર એક કર લીન્હૈ સાઁટી।
મારતિ હૌં તોહે અબહિ કન્હૈયા બેગિ ન ઉગલો માટી ।

શ્યામસુન્દર બોલ્યા-

સબ લરિકા અબ તેરે આગે ઝુઠી કહત બનાઈ ।
મેરે મુખ તૂ કહ નહિં માનત દિખરાઉં બાઈ ।
અખિલ બ્રહ્માંડ કી મહિમા દિખરાયો મુખ માહીં ।

આમ આ બ્રહ્માંડ ઘાટની બ્રહ્માંડ દર્શનલીલા છે.





ઋણમોચન ઘાટ અને ચિંતાહરણ ઘાટ



શ્રી ચિંતાહરણ મહાદેવ અને શ્રી બ્રહ્માંડ ઘાટ

અધ્યાય-૪૭

મહાવન

મધુરાતિમધુર રમણીય વાતાવરણથી ભરેલી આ વ્રજ વસુંધરા ૧૨ વનો, ૧૨ ઉપવનો, ૧૨ પ્રતિવનો, ૧૨ અધિવનો સહિત અડતાળીસ વન સમુદાયથી યુક્ત એક દિવ્ય ગોલોકનો ભાગ છે, જેમાં મહામહિમામય મહાવનની ગણના ૧૨ વનોમાં થાય છે-

કામ કોકિલા કુમુદ ખદિરવન છત્ર તાલ બહુલાવન બેલ ।
ભદ્ર ભાંડીર મહા લોહજંઘ બારહ વન યુગલ સુકેલિ ।।

વ્રજમંડળને ૧૩૭ વનોનો સમૂહ કહેવામાં આવ્યો છે. આ તમામ વન-ઉપવન શ્રી ભગવાનના શ્રી અંગ માનવામાં આવ્યા છે. આમ શ્રી ભગવદંગ સ્વરૂપ આ સમૃદ્ધ વન-સંપદાના ચોર્યાસી કોસનો ભૂ-ભાગ વ્રજમંડળ નામથી આ ભૂતળ પર અવતીર્ણ થયો છે. આ વ્રજમંડળના મહાવન નામના ક્ષેત્રને પોતાની સરસ બાળ-લીલાઓનો આનંદ પમાડવા માટે પ્રભુએ પસંદ કર્યું. ધામ-ધામી બંનેનું પરમ સૌભાગ્ય છે કે ધામને તો ધામીનું દર્શન, સ્પર્શ પ્રાપ્ત થયાં જ અને ધામીને પણ ધામના દર્શન-સ્પર્શ પ્રાપ્ત થયાં અથવા તો એમ કહી શકાય કે લીલાવિહારીને તો લીલા સ્થાન પ્રાપ્ત થયું જ પણ લીલાસ્થાનને પણ લીલાવિહારીનું સાંનિધ્ય પ્રાપ્ત થયું.

હવે સૌથી પહેલો પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે- મહાવન નામ શાથી પડ્યું?

તેનું કારણ 'બૃહદ્ગૌતમીતંત્ર'માં જણાવવામાં આવેલ છે કે 'મહાનમહા' નામના એક ઘણાં મોટા ઋષિ થઈ ગયા. તેઓએ આ વનમાં ખૂબ તપ કર્યું હતું.

તતો મહાવન પ્રણામ મંત્ર :

મહાન્‌મમહાઋષિર્નામ યત્ર તેપે મહાતપઃ ।
વર્ષપંચસહસ્ત્રૈસ્તુ મહાવન નમોસ્તુતે ।।

(બ્ર.ગૌ.ત.)

૫૦૦૦ વર્ષો સુધી મહાનમહા ઋષિએ અહીં તપ કર્યું. દીર્ઘકાળ સુધી આ તેમની તપોભૂમિ રહી. તેથી તેમના નામથી આ સ્થાનનું નામ મહાવન પડ્યું તો આ ભૂમિ તપસ્યાની પીઠ છે. કૃષ્ણ ક્રીડા વર દેનારી અને ત્રિલોકી નું રમણ ક્ષેત્ર છે.

તતો મહાવન પ્રાર્થના મંત્ર :

તપઃ પીઠ નમસ્તુભ્યં કૃષ્ણ ક્રીડા વરપ્રદ ।
ત્રૈલોક્યરમણક્ષેત્ર મહાવન નમોસ્તુતે ।।

(બ્ર.ગૌ.ત.)

ઋષિની તપોભૂમિ છે એ તો ઠીક પરંતુ 'કૃષ્ણ ક્રીડા વરપ્રદ' અને 'ત્રૈલોક્ય રમણક્ષેત્ર' આ બે વિશેષણો તો એટલાં અદ્‌ભુત છે કે આ બે વિશેષણો જ અહીંની સમસ્ત લીલા મહિમાના પરિચાયક છે. આ રસમય દેશમાં અનેક સંત-મહાપુરૂષોએ નિવાસ કર્યો. આ તેમની ભજનસ્થળી, સાધનાસ્થળી રહી છે. જેવા કે- મહારાજ શ્રી આસકરણજી, શ્રી મદનગોપાલ દાસજી, શ્રી ગોવિંદસ્વામી, શ્રી છીતસ્વામી, શ્રી નારાયણદાસ બ્રહ્મચારી, શ્રી જાદવેંદ્ર દાસ કુંભાર, શ્રી જગન્નાથ જોશી, શ્રી બાબા વેણુજી, શ્રી ગોવિંદદાસ ભલ્લા, શ્રી કૃષ્ણદાસજી, શ્રી યાદવેંદ્ર દાસ, શ્રી અલીખાનજી, શ્રી તાજ બીબી. સૌના જીવન ચરિત્રોનો ઉલ્લેખ તો અહીં સ્થાન સંકોચને કારણે સંભવ નથી, પરંતુ એટલું અવશ્ય સમજી લેવું જોઈએ કે મોટી-મોટી હસ્તિઓએ અહીં નિવાસ કર્યો. આ ભૂમિના મહત્વને જાણ્યું, પિછાણ્યું, સૌંદર્ય સંવર્ધન કર્યું અને સાથે જ તેની સુરક્ષા પણ કરી. તેમાંથી કેટલાક મહાનુભવોનું અતિ સંક્ષિપ્ત વિવરણ પ્રસ્તુત છે.

અલીખાન જી

યવન ભક્ત અલીખાનજી ઉંચા હોદ્દા પર પ્રતિષ્ઠિત હતા, ભક્ત પૃથ્વીપતિ પાસેથી તવિસાની હકુમત લઈને મહાવનમાં આવીને રહ્યા અને નિત્ય શ્રી ગુસાંઈજી પાસે કથા સાંભળવા જતા. એક દિવસ કથામાં સાંભળ્યું કે-

વૃક્ષે વૃક્ષે વેણુધારી પત્રે પત્રે ચતુર્ભુજઃ ।
યત્ર વૃન્દાવનં તત્રઃ લક્ષ્યાલક્ષ્ય કથા કૃતઃ ।।

(ચોર્યાસી વૈષ્ણવોની વાર્તા)

અર્થાત્ અહીંના વૃક્ષે-વૃક્ષે શ્રી કૃષ્ણ છે, પાંદડે-પાંદડે શ્રીકૃષ્ણ છે. અહીં આ વૃક્ષની સેવા કરવી અને પેલા વૃક્ષની નહીં, એવો ભેદભાવ ન કરવો. અહીં સર્વ કાંઈ પ્રભુ જ છે. આ શ્લોક સાંભળીને તેઓએ ઘોષણા કરી કે વ્રજના વૃક્ષોનું એક પાંદડું પણ કોઈ તોડશે તો તે દંડને પાત્ર થશે. એક દિવસ એક તેલીએ વૃક્ષની એક ડાળ તોડી લીધી, તો અલીખાને તેનું બધું જ તેલ વૃક્ષના મૂળમાં રેડાવી દીધું, ત્યારથી સૌને એવો ભય પેસી ગયો કે કોઈએ પણ વ્રજ મહાવનના એક પાંદડાને પણ કષ્ટ ન પહોંચાડ્યું.

વ્રજનું સૌંદર્યીકરણ કર્યું આ મહાપુરુષોએ, વ્રજની સેવા કરી, વ્રજની રક્ષા કરી.

નિત્ય ગોકુળમાં શ્રી ગુંસાઈજી કથા કહેતા અને આ મહાભાગ્યશાળી પ્રતિદિન કથા સાંભળવા મધુવનથી ગોકુળ જતાં. તેમની નિષ્ઠાથી પ્રભાવિત થઈને શ્રી ગુસાંઈજી પણ ત્યારે જ કથા આરંભ કરતાં જ્યારે અલીખાનજી આવી જતાં, તો સૌ વૈષ્ણવોએ વિચાર કર્યો કે આ મ્લેચ્છ જ્યારે આવે છે ત્યારે જ ગુસાંઈજી કથા શરૂ કરે છે. એ શું સાંભળતો હશે અને શું સમજતો હશે? તો ગુસાંઈજીએ પોતાના સૌ વૈષ્ણવોના હૃદયની વાત જાણીને તેમને પૂછ્યું કે કાલે કથામાં શું પ્રસંગ હતો? સૌ તે બતાવવામાં અસમર્થ હતાં. હવે અલીખાનજી જ્યારે આવ્યા તો તેમને પૂછવામાં આવ્યું, તો હાથ જોડીને વિનમ્રતાપૂર્વક બોલ્યા- ''આપની આજ્ઞા હોય તો હું કાલની કથા કહું અથવા આજ્ઞા હોય તો જે દિવસથી કથા સાંભળી રહ્યો છું તે બધાં જ દિવસોની કથા કહું.'' આ સાંભળીને ગુસાંઈજી ઘણાં પ્રસન્ન થયા. આવા કૃપાપાત્ર હતા અલીખાનજી કે જેઓ ભગવત કથામાં જે કાંઈ સાંભળતાં તેનો એક અક્ષર પણ ન ભૂલતાં. તેમની વાર્તાનો સાર એ જ છે કે ભગવદ ભક્તિનો માર્ગ જીવમાત્ર માટે ખુલ્લો છે. તેમાં જાતિ-પાતિનો કોઈ ભેદ નથી. જાતિશૂન્ય આ માર્ગમાં તો જેનો પ્રભુમાં જેટલો અગાધ પ્રેમ છે, તે તેટલો જ ઉત્તમ કુળવાન છે.

આમ અલીખાન પઠાણ સમ્રાટ અકબરના વ્રજપ્રદેશના હાકેમ બનીને મહાવનમાં રહેતા હતાં. પોતાની ન્યાયપ્રિયતાથી વ્રજમાં અતિલોકપ્રિય શાસક હતા. તે સિવાય શ્રી ગુસાંઈજીના અમૃતરૂપી વચનામૃતો સાંભળીને ભગવદ્ ચરણોમાં લીન રહેતાં ઉચ્ચ કોટિના પરમ ભગવતીય વૈષ્ણવ થયાં. શ્રી ગોકુળથી રમણરેતી જતાં સમયે ગોપકુવાથી આગળ અલીખાનજીનું સમાધિસ્થળ છે, જે વ્રજયાત્રા અંતર્ગત આવે છે. આ જ મહાવનની ધરતી પર એકવાર અકબરના નવરત્નોમાં શ્રેષ્ઠ ગાયક તાનસેન આવ્યા, સારું તો ગાતા જ હતા, એક દિવસ શ્રી ગુસાંઈજી પાસે ગાવા માટે પહોંચી ગયા. અહીં ગાવા બદલ તેમને ૧૦૦૦૦ મુદ્રાઓ અને એક કાણી કોડી શ્રી ગુસાંઈજીએ પારિતોષિકરૂપે આપી તો તાનસેને વિસ્મિત થઈને પૂછ્યું કે ૧૦૦૦૦ મુદ્રાઓ અને તેની સાથે આ કાણી કોડી? તે આપવાનો શું અભિપ્રાય છે? તો ગુસાંઈજી બોલ્યા- ''૧૦૦૦૦ મુદ્રાઓ' અને તેની સાથે એક કોડી આપવાનો અભિપ્રાય એ છે કે તમે બાદશાહના ગાયક છો તેથી દસ હજાર મુદ્રાઓ, પણ તમારા ગાયનની કિંમત અમારા ગવૈયા સામે કાણી કોડી સમાન છે, ત્યારે તાનસેને કહ્યું- ''હું કેવી રીતે માનું?'' તેમને પોતાના ગાયનનું ગુમાન હતું.

ત્યારે શ્રી ગુસાંઈજીએ ગોવિંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને આજ્ઞા કરી- ''એક પદ ગાઓ'', ત્યારે સારંગ રાગમાં શ્રી ગોવિંદ સ્વામીજીએ એક પદ ગાયું જેને સાંભળીને તાનસેન ચકિત થઈ ગયા, વિચાર કર્યો- ''આમની આગળ મારું ગાયન તો એવું છે જાણે 'મખમલ સામે કંતાન' અને તેથી તેઓએ ૧૦૦૦૦ મુદ્રાઓ સાથે આ કાણી કોડી રાખી. ત્યારબાદ તાનસેને ગોવિંદસ્વામીને પ્રાર્થના કરી, અનુનય-વિનય કર્યો કે આપ મને ગાયન શિખવાડો તો ગોવિંદ સ્વામીનો ઉત્તર હતો- ''અમે તો અન્યમાર્ગીઓ સાથે વાત પણ નથી કરતાં'', ત્યારે તાનસેન શ્રી ગુસાંઈજીના શિષ્ય બન્યા અને ૨૫૦૦૦ મુદ્રાઓ ભેટમાં આપી અને પછી ગોવિંદસ્વામી પાસે ગાયન શીખ્યા. શીખીને શ્રીનાથજી પાસે કીર્તન કરવા લાગ્યા. મહીનામાં એક વાર બાદશાહ પાસે જતાં અને

મોટેભાગે મહાવનમાં જ રહેતાં. એકવાર તેમનું ગાયન સાંભળીને શ્રીનાથજીએ સ્મિત રેલાવ્યું. તે દિવસથી તાનસેને બાદશાહને ત્યાં આવવા-જવાનું છોડી દીધું અને શ્રી ગુસાંઈજી પાસે જ રહેવા લાગ્યા.

તો આ ધરા ઐતિહાસિક પણ રહી છે.

હવે આપણે એ જાણવા માગીશું કે આ વનને 'કૃષ્ણક્રીડાવરપ્રદ' અને 'ત્રૈલોક્ય રમણક્ષેત્ર' શા માટે કહેવામાં આવ્યું?

આહાહા!

શ્રી ગોવિંદની લીલાભૂમિ 'મહાવન' કેટલી મનોહર છે-

'સાક્ષાન્મન્મથમન્મથ' જ્યાં અવતાર લેવા આવી રહ્યા છે તેના દર્શન માત્રથી મન, પ્રાણને પરમાનંદ પ્રાપ્ત થાય છે. ચારે તરફ શીતળ-મંદ-સુગંધ સમીર વહી રહ્યો છે. શુક-પિક-કપોત અને મદમસ્ત મયૂરના કલરવમાં એક અનોખી પ્રસન્નતા ઝળકી રહી છે. ચારેબાજુ જય હો- જય હો, બધાઈ હો- બધાઈ હો-ના મધુર સ્વરનો ગુંજારવ થઈ રહ્યો છે. આખરે શું કારણ છે આ પ્રસન્નતાનું? મહાવનમાં આ પ્રસન્નતાનું કારણ સૂરદાસજી પોતાની વાણીથી મુખરિત કરી રહ્યા છે-

ગોકુલ પ્રગટ ભયે હરિ આઈ ।
અધમ ઉધારન અસુર સઁહારન અંતર્યામી ત્રિભુવનરાઈ ।
માથે પર ધરિ વસુદેવ લ્યાયે નંદમહર ઘરમે પહુઁચાઈ ।
જાગી મહરિ પુત્ર મુખ દેખત પુલક અંગ ઉર મેં ન સમાઈ ।
ગદ્ગદ કંઠ બોલ નહિં આવે હર્ષવંત હ્વૈ નંદ બુલાઈ ।
આવહુ કંત દેવ પરસન ભયે પુત્ર ભયો મુખ દેખૌ ધાઈ ।
દૌરિ નન્દ ગયે સુત મુખ દેખ્યો સો શોભા સુખ બરણિ ન જાઈ ।
'સૂરદાસ' પહિલે યહ માઁગ્યોદૂધ પિઆવન યશુમતિ માઈ ।

આખરે આવી જ ગયા મહાવનની ધરા પર યશોદાની ગોદમાં નંદનંદન! ધન્ય છે!! ધન્ય છે!! આખું મહાવન જાણે મૃદુલ તૃણોથી છવાઈ ગયું છે. લતાઓ 'પુષ્પો'થી અને વૃક્ષ 'ફળો'થી લચી રહ્યાં છે. વનમાં મધપૂડાઓની ભરમાર થઈ ગઈ છે અને મધમાખીઓ મધથી ભરેલા છત્રને છોડી તરત બીજું છત્ર બનાવી લે છે. જાણે આમંત્રણ આપતી હોય કે આને લઈ લો- આને લઈ લો અને અમારો શ્રમ સફળ કરો.

પ્રભાત ઉગ્યું. નંદલાલે સૌથી પહેલાં પોતાની ગોદમાં એક નીલકાંતિ લાલને જોયો. વાત્સલ્ય એવું હિલોળે ચડ્યું, જાણે પૂર આવી ગયું હોય, શું કરું? કોને જણાવું? કોને બતાવું? ''અરે! અરે! બહેન સુનંદા! સાંભળ! જરા વ્રજરાજને બોલાવ.'' દોડતી ગઈ, ન પોતાનું ભાન, ન માર્ગનું. પડતાં-આખડતાં ગમે તેમ પહોંચી ગઈ. લોકલાજ બધું ભૂલી ગઈ. સીધા વ્રજરાજના કાન પર જઈને મોઢું રોકાયું અને ગોકુળનું સૌભાગ્ય

બતાવતાં કહે છે- ''ભાઈ ઘણી-ઘણી વધાઈ! ઉઠો! ઉઠો! યશોદાભાભીએ પુત્ર રત્ન જણ્યો છે.'' બસ આટલું સાંભળતાં જ, વ્રજરાજ યુવરાજને જોવા દોડ્યા- ''અરે ક્યાં છે? ક્યાં છે?'' જ્યાં જુઓ ત્યાં ગોપી-ગોવાળો. આખરે એવું શું થયું નંદભવનમાં? શું થયું? (એ નીલોત્પલને જોઈ)- ''અરે આ તો એ જ છે! અરે એ જ છે! જેને હું બારીમાં બેઠાં-બેઠાં ધ્યાનથી જોઈ રહ્યો હતો.'' નંદરાયજી બધું ભૂલી ગયા.

નંદરાઈ કે નવનિધિ આઈ ।
માથે મુકુટ શ્રવણ મણિ કુંડલ પીતવસન ભુજચારુ સુહાઈ ।
બાજત તાલ મૃદંગ યંત્ર ગતિ ચરચિ અરગજા અંગ ચઢાઈ ।
અક્ષત દૂબ લિએ શિર બંદત, ઘર ઘર બંદનવાર બધાઈ ।
છિરકત હરદ દહી હિય હર્ષત ગિરત અંક ભરિ લેત ઉઠાઈ ।
'સૂરદાસ' સબ મિલત પરસ્પર દાન દેત નહિ નન્દ અઘાઈ ।

હવે દાનનો કાર્યક્રમ શરૂ થયો. દાન માત્ર નંદબાબાએ જ ન આપ્યું. જે પણ બહુમૂલ્ય વસ્તુ હાથમાં આવી રહી છે, જે સામે મળ્યું બસ એને જ ઉપર ઉછાળવા માંડ્યા. કોણ આપી રહ્યું છે? કોને આપી રહ્યું છે? શું આપી રહ્યું છે? એ તો કોણ જાણે.

નન્દો મહામનાસ્તેભ્યો વાસોડલઙ્કારગોધનમ્ ।
સૂતમાગધવન્દિભ્યો યેડન્યે વિદ્યોપજીવિનઃ ।।

(ભા.૧૦/૫/૧૫)

વ્રજરાજ તો છે જ પરમ ઉદાર, તેમણે લૂંટાવવાનું શરૂ કર્યું તો ઋષિઓ-મુનિઓને, બ્રાહ્મણોને અને સારથીઓ, અનુચરોને સુંદર-સુંદર વસ્ત્ર આભૂષણો, ગાયો, રત્નકોષ વગેરે એટલું આપ્યું કે તેમનું ઘર જ નહીં મન પણ ભરી દીધું, હાથ જોડી, પગ પકડી, આજીજી કરીને આપી રહ્યા છે.

અરે આ તો લઈ લો, આ નહીં તો આ તો લઈ લો, કંઈક તો લઈ લો, આ તો લેવું જ પડશે.

કનક માટ મઁગાઈ હરદ દહી મિલાય છિરકૈ પરસ્પર છલબલ ધાઈકે ।

(સૂરસાગર)

સાથે જ ગાયન અને નૃત્યોત્સવ, કોઈ કોઈના મુખ પર માખણ ચોપડી રહ્યું છે, કોઈ હળદરભર્યું પાણી ફેંકી રહ્યું છે, તો કોઈ કોઈની સાથે કોઈની છેડાગાંઠ બાંધી રહ્યું છે. તાળીઓ સાથે હાસ્ય અને ઉચ્ચ મંગળધ્વનિ થઈ રહી છે. આબાલવૃદ્ધ સૌ નાચી રહ્યા છે.

નાચત તરુણ વૃદ્ધ અરુ બાલક ગોરસ કીચ મચાઈ

ઢંઢેરો પીટવામાં આવ્યો છે. આજે કોઈ વનમાં નહીં જાય.

આજુ વન કોઉ જિનિ જાઈ

ગોપીઓ તો પોતપોતાના પતિઓને છોડીને પહેલા જ પહોંચી રહી છે. કોઈ પણ વનમાં નહીં જાય.

બ્રજ ભયો મહર કે પૂત જબ યહ બાત સુની ।
સુની આનંદે સબ લોગ ગોકુલ ગનક ગુનિ ।
પિય પહલે પહુંચિ જાઈ અતિ આનન્દ ભરી ।

(સૂરસાગર)

અરે મોટી-મોટી મહાશક્તિઓ-

લક્ષ્મી સી જહાઁ માલિન બોલૈ બંદન માલા બાંધત ડોલૈ ।

લક્ષ્મીજી માલણ બનીને વ્રજને સજાવતાં આમ-તેમ ફરી રહ્યાં છે, એટલું જ નહીં-

દ્વાર બુહારત ફિરત અષ્ટ નિધિ, કૌરેન સથિયા ચીંતત નવ નિધિ

(સૂરસાગર)

તત આરભ્ય નન્દસ્ય વ્રજઃ સર્વસમૃદ્ધિમાન્ ।
હરેર્નિવાસાત્મગુણૈ રમાક્રીડમભૂન્નૃપ ।।

(ભા.૧૦/૫/૧૮)

વ્રજરાજના વ્રજમાં એ દિવસથી જ સૌ રિદ્ધિ-સિદ્ધિઓ રમવા લાગી. યશોદાનંદનના આગમનથી આ વ્રજકમલાનું ક્રીડાસ્થાન બની ગયું.

ગૃહ ગૃહ તે ગોપી ગાવતી જબ રંગીલી ગલિન બિચ ભીર ભઈ તવ ।
સોવરન થાલ રહી હાથન લસિ કમલન ચઢિ આયે માનો શશિ ।
ઉમંગે પ્રેમ નદી છબિ પાવૈ નન્દ નન્દ સાગર કો ધાવૈ ।
કંચન કલશ જગમગે નગ કે ભાગે સકલ અમંગલ જગ કે ।
ડોલત ગ્વાલ માનો રણજીતે ભયે સબહિ કે મન કે ચીતે ।
અતિ આનન્દ નન્દ રસ ભીને પર્વત સાત રત્ન કે દીને ।
કામધેનુ તે નેક નવીને દ્વૈ લખ ધેનુ દ્વિજન કો દીને ।
નન્દદ્વાર જે યાચક આએ બહુરો ફિરિ યાચક ન કહાએ ।
ઘર કે ઠાકુર કે સુત જાયો 'સૂરદાસ' તબ સબ સુખ પાયો ।

જે પણ યાચક નંદભવનના દ્વારે આવ્યો, તે આજીવન દાતા બનીને ગયો.

આ નંદોત્સવ કોઈ લખવાનો વિષય નથી બલ્કે આનંદાનુભૂતિનો અગાધ સમુદ્ર છે.

મહાવનમાં લાલા ૬ દિવસના થઈ ગયા છે, તો શું આજે ષષ્ઠી મહોત્સવ છે? હા! ચારે તરફ દિવ્ય વાતાવરણ છે. ક્યાંક ઉચ્ચ સ્વરમાં સ્વસ્તિ પાઠ, તો ક્યાંક દેવી ષષ્ઠીનું પૂજન, ક્યાંક યજ્ઞ-હવન, ક્યાંક નવજાત માટે આશીષ પ્રદાન, ક્યાંક ગોપીઓના નાચ-ગાન તો ક્યાંક નંદબાબાનું દાન.

મહોત્સવ સંપૂર્ણ થયો. કંસ દ્વારા પ્રેરિત શિશુઘાતની પૂતનાનું આગમન થયું. (વિચારતાં) ''મહારાજ ચિંતા ન કરશો હું આપના કાળનો કાળ બનીને જઈ રહી છું. જો ન હણું તો મારું નામ પણ પૂતના નહીં'', પૂતના પ્રતિજ્ઞા કરી ચૂકી છે. સાવધાન! અત્યંત સુંદર રૂપ ધર્યું છે. સ્તનાગ્રમાં કાળકૂટ વિષ લગાવીને ચાલી નીકળી છે-

આજુ હૌં રાજકાજ કરિ આઉં ।
બેગિ સઁહારૌં સકલ ઘોષ શિશુ જો મુખ આયસુ પાઉં ।
તૌ મોહન મૂર્છન વશીકરન પઢિ અમિત દેહ બઢાઉં ।
અંગ સુભગ સજિકૈ મધુ મૂરતિ નયનનિ માહઁ સમાઉં ।
ઘસિકૈ ગરલ ચઢાઈ ઉરોજનિ લૈ રુચિસોં પય પ્યાઉં ।
'સૂરદાસ' પ્રભુ જીવત લ્યાઉં તૌ પૂતના કહાઉં ।।

હવે જોવાનું એ છે કે કોની પ્રતિજ્ઞા પૂર્ણ થાય છે, પૂતની કે પૂતનાની.

એ તો પહેલાથી જ સ્પષ્ટ છે કે વિજયનું પાત્ર પવિત્રતા જ છે. કપટની જીત સંભવ નથી. આ પૂતના એ કપટનું પ્રતીક છે. ઊપરથી દેવીનું રૂપ અને પ્રતિજ્ઞા મારવાની, વૃત્તિ હિંસાની.

ગોકુળ

હવે મહાવન-ગોકુલમાં પ્રવેશ થયો. તેના સુંદર રૂપથી સૌ વ્રજવાસીઓ ચકિત છે, પરંતુ વધુ નહીં કારણકે નંદનંદનના જન્મ બાદ તો દેવી-દેવતાઓનું આવાગમન રોજીંદુ થઈ ગયું છે. વ્રજમાં ચપલા કમલા તો પોતાનું ચંચળપણું છોડી આસન જમાવી વ્રજમાં ક્ષેત્ર સંન્યાસ લઈને બેસી ગઈ છે. નહીં જાઊં! નહીં જાઊં! અને નહીં જ જાઊં આ વ્રજભૂમિને છોડીને.

'ઓ હો! તો આ સૌ દેવી-દેવતાઓ પાગલ થઈ ગયા છે જે પોતાનું સ્વર્ગ છોડી-છોડીને અહીં આ ગોબરયુક્ત ગલીઓમાં ફરી રહ્યા છે, નંદભવનને નિહાળતાં. આ પણ કોઈ દેવી હશે, ક્યાં સુધી દેવી-દેવતાઓને જોઈએ. ચાલો ભાઈ, હવે આપણું કામ કરીએ.'' વ્રજવાસીઓએ પૂતનાને જોઈને કહ્યું.

ત્યારબાદ યશોદા-રોહિણીએ જોયું. કૃષ્ણએ તો તેની તરફ જોયું પણ નહીં. તેના આવતા પહેલાં જ પોતાના બંને નેત્રો બંધ કરી લીધા કે આ બાળઘાતનીના દર્શન!! છી-છી-છી! હું ના કરું. વિષાક્ત સ્તન મોંમાં ખોસ્યું- ''લે પી!'' હવે શું પીએ? એ તો કહ્યું જ નહીં - દૂધ પીએ કે વિષ પીએ કે પ્રાણ, વિચારે છે- ''દૂધ પીશ તો વિષ અને પ્રાણ રહી જશે. વિષ પીશ તો દૂધ અને પ્રાણ રહી જશે. જો પ્રાણ જ પી લઉં તો કંઈ બાકી નહીં રહે અને બધું જ પીવાઈ જશે.'' આમ વિચારીને કે પ્રાણપાન જ ઉત્તમ છે, પ્રાણનું

પાન કરી લીધું. બસ થઈ ગઈ પૂતની જીત. બોલો પૂતનોદ્ધારક પૂતની જય.

પણ કંસ ક્યાં હાર માનવાનો હતો? એક બ્રાહ્મણને મોકલ્યો જેનું નામ સિદ્ધર હતું. તેને કહ્યું કે જા અને માર્યા વિના પાછો ન વળીશ. સિદ્ધર બોલ્યો- ''મહારાજ! હું તો આપનો પરમ આજ્ઞાકારી છું, આપ ચિંતા ન કરો.'' ''ઠીક છે, અવિલંબ નિકળો.''કંસે કહ્યું. તે નંદભવન પહોંચ્યો, 'યશોદાજી' કહીને પ્રણામ કર્યા. ''મૈયા, મને ભોજન કરાવ, હું બ્રાહ્મણ છું. ઘણી દૂરથી આવ્યો છું, લાલાના દર્શન કરવા.'' ''ઠીક છે બ્રાહ્મણ, તો આપ અહીં જ બિરાજો. હું યમુના સ્નાન કરીને આવું''- સ્નાન માટે પ્રાર્થના કરે છે. (સિદ્ધર બ્રાહ્મણ આમ-તેમ જોતાં) ''ગઈ! ગઈ! ઘણું સારું થયું.'' આ બાજુ પારણામાં પડ્યા-પડ્યા પૂતના વિજયી વિચારી રહ્યા છે- ''પૂતનાને તો મારી નાખી પણ આ તો બ્રાહ્મણ છે.

તેને મારવો તો ઠીક નથી, પણ તેનો ઇલાજ કરવો પણ જરૂરી છે.'' જેવો બ્રાહ્મણ પાસે આવ્યો, વિચાર કર્યો કે આને અહીં જ ગરદન મરોડીને મારી નાખું.

જબહી બ્રાહ્મણ હરિ ઢિંગ આયો ।
હાથ પકર હરિ તાહિ ગિરાયો ।।

તે બાળકે હાથ પકડીને પટકી દીધો પરંતુ એટલું પૂરતું ન હતું. પગથી દબાવીને તેની જીભ મરોડી નાખી. જીભ વાંકી થઈ ગઈ અને પછી પગથી માટલું ફોડી નાખ્યું અને દહીં લઈને તેના મોં પર લપેટી દીધું. જેનાથી મૈયાને લાગે, કે જાતે જ વધુ પડતું માખણ ખાઈને મરી ગયો પછી પારણામાં આવીને જોર-જોરથી રડવા લાગ્યા. મૈયા ત્યાં સુધીમાં પાણી લઈને આવી, અંદર આવતાં જ જોયું- લાલો રડી રહ્યો છે, મટુકી-માટલાં ફૂટેલાં પડ્યા છે. બ્રાહ્મણના મુખની ચારે બાજુ માખણ ચોંટેલું છે. (પાણીને એક બાજુ મૂકી રોષભર્યા સ્વરમાં) ''અરે! ચોર ઘરમાં ઘુસી આવ્યો. ચાલ નિકળ નંદભવનમાંથી, ન જોયો હોય તો ક્યાંનો બ્રાહ્મણ? દૂધ-દહીં ખાઈ ગયો, મટકી-માટલાં ફોડ્યાં ને મારા લાલને રડાવ્યો.

ચલ-ચલ બહાર નિકળ... નિકળ... નિકળ....'' દુષ્ટ બિચારો બ્રાહ્મણ અ-અ-આ-ઈ-ઈ-ઈ-ઈ-ઊ જાણે મૈયાને અક્ષરજ્ઞાન આપવા લાગ્યો. હવે જીભ હોય તો કહે ને. જનાર્દને તો તેની જીભ જ મરોડી હતી સૌથી પહેલા જેથી તે કોઈને કંઈ કહી ન શકે.

બ્રાહ્મન કો ઘર બાહર કીન્હો ।
ગોદ ઉઠાઈ કૃષ્ણ કો લીન્હો ।।

વ્રજવાસીઓનો નંદભવનમાં દોડતાં-દોડતાં પ્રવેશ-

'પુરવાસી સબ દૌડે આયે સૂરદાસ હરિ કે ગુણ ગાયે''

''અરે! કનૈયો કુશળ તો છે ને?''

''હે પરમેશ્વર! અમારા કનૈયાને ક્યારેય કંઈ ન થાય.'' એક વૃદ્ધા ગોપી- ''લાલા! તું જુગ-જુગ જીવે.'' (એક ગોપી ચુંબન લેતાં)- ''આ બધાં રાક્ષસોને શું નંદભવન જ દેખાય છે?'' કોઈ હાથ જુએ છે, કોઈ ચરણોને જુએ છે. ''ક્યાંક કંઈક કરી તો નથી નાખ્યું આ ચાંડાળ બ્રાહ્મણે.'' (સૌ વ્રજવાસીઓ રાહતનો દમ લેતાં) ''ચાલો બધું સકુશળ છે, કંઈ નથી થયું, કૃપા છે ઈશ્વરની.''

હવે સિદ્ધર (શ્રીધર)ને તો નિપટાવ્યો. હજી કોઈ નંદભવન તરફ આવી તો નથી રહ્યું? શું શ્રીધરના પરાજયથી કંસે પરાજય સ્વીકારી લીધો? ના-ના-ના!!

સુન્યો કંસ પૂતના મારી । શોચ ભયો તાકે જિય ભારી ।।
કાગાસુર કો નિકટ બુલાયો । તાસોં કહિ સબ વચન સુનાયો ।।
મમ આયસુ તુમ માથે ધરૌ । છલ બલ કરિ મમ કારજ કરૌ ।।
ઈહ સુનિકૈ તિન્હ માથો નાયો । સૂર તુરત બ્રજ કો ઉઠિ ધાયો ।।

હવે વારો છે- કાગાસુરનો....

''કાગરૂપ એક અસુર ધરયો''

અત્યંત ઉત્સાહપૂર્વક તે જઈ રહ્યો છે નંદપ્રાસાદ તરફ કે હવે હું તેનો કાળ બનીશ, મને અધિક સમય નહીં લાગે તેને સમાપ્ત કરવામાં. ''ઓહ! તો આ છે નંદસદન, પહેલા થોડું જોઈ તો લઉં, ક્યાં છે કંસનો કાળ કહેવડાનાર? આ રહ્યો! આજ છે એ વાદળી પ્રકાશવાળો, નીલમણિ. સારું છે, યશોદા તો કાર્યરત છે. હું પણ જલ્દી જ મારું કાર્ય સંપન્ન કરી લઉં.'' પોતાની વજ્ર સમાન કડક ચાંચથી જોરદાર પ્રહાર કર્યો કે એક જ પ્રહાર કાફી છે. ''આવ, મને પણ અવસર મળ્યો થોડી ક્રીડા કરવાનો. (આમ વિચારીને ખિલખિલાટ કર્યો) હું પણ કોની સાથે રમું? મૈયા તો આખો દિવસ કામમાં લાગેલી રહે છે, ચાલો તમે લોકો જ એક-એક કરીને રોજ રમવા આવતાં રહો. પણ હું રોજ એક જ રમકડાથી રમવા નથી માગતો. મને તો રોજ નવું રમકડું જોઈએ.'' તેથી જ તો આપ જે રમકડાંથી રમો છો તેને પાછું નથી મોકલતા કે ક્યાંક કંસ ફરી તેને જ ન મોકલી આપે. પરંતુ કાગાસુરને

કંઠ ચાપિ બહુ બાર ફિરાયો ગહિ પરક્યો નૃપપાસ પરયો ।

પોતાના કોમલ કરોથી ગળું દબાવી, ઉપર ઘુમાવતાં, સંસાર દર્શન કરાવતાં, સીધો કંસના સિંહાસન પાસે ફેંકી દીધો.

તુરંત કંસ તેહિ પૂંછન લાગ્યો ક્યોં આયો નાહિ કાજ સરયો ।

'અરે મારીને આવ્યો કે મરીને?' કંસે પૂછ્યું

બીત્યો જામ જવાબ જબ આયો । સુનહુ કંસ તેરો આયુ સરયો ।।
ધરિ અવતાર મહાવન કોઉ । એકહિ કર મેરો ગર્વ હરયો ।।
'સૂરદાસ' પ્રભુ કંસ નિકન્દન । ભક્ત હેતુ અવતાર ધરયો ।।

''મહારાજ! મહારાજ! કંદર્પ દર્પહાએ એક જ વારમાં મારો ગર્વ હરી લીધો છે, તે કોઈ સામાન્ય બાળક નથી. એ તો સાક્ષાત દેવાધિદેવ માલૂમ પડે છે.''

(કંસ કટાક્ષથી હસતાં) ''તો તૂં પણ એ વિદ્યા શીખી આવ્યો.''

કનૈયો- ''બહુ થયું હવે દૈત્ય દમન, કેટલાયની સમસ્યા દૂર કરી મેં. મારી સમસ્યા પણ તો કોઈ દૂર કરો, ચાલો મૈયાને જઈને જ કહું. મૈયા! ઓ મૈયા!'' યશોદા- ''હા લાલા, અહીં આવ કક્ષમાં.'' કનૈયો- ''અરે આવું છું'' (ઉંબરા પર પગ મૂક્યો). સૌની પોતપોતાની સમસ્યાઓ છે. કોઈને પરિવારનું પોષણ કરવાની, કોઈને ધન કમાવવાની. કોઈને કંઈક તો કોઈને કંઈક, પણ તેમને શું ભારે સમસ્યા છે? વાત જ ન પૂછો ઘણી મોટી સમસ્યા આવી પડી છે. જો આપ તેનું નિરાકરણ લાવી શકો તો જરૂર મદદ કરશો આ બાળલીલાવિહારીની. હવે સમસ્યા સાંભળો- હાથમાં ચોટલી પકડીને કહે છે કે મારી ચોટલી ક્યારે વધશે? ચંદ્રનું રમકડું માગ્યુ તો એ તો મૈયાએ ચાલો થાળીમાં જળ ભરીને પ્રતિબિંબ બતાવીને સમસ્યા હલ કરી દીધી, પણ આ ચોટી વાળી સમસ્યાનું નિરાકરણ નથી થઈ રહ્યું. આ મહાન સમસ્યા આ મહાવનમાં જ પેદા થઈ. ચોટલી હાથમાં પકડીને ક્યારેક સ્વયંને જુએ છે, ક્યારેક મૈયાને બતાવે છે, પછી ચોટલી ઝુલાવીને કહે છે કે આને લાંબી કરો. આને દાઉ ભૈયાની ચોટલી કરતાં લાંબી કરો. તેં મને ઘણું દૂધ પીવડાવ્યું પદ્મગંધાનું, સુરભિનું પણ આ તો એવી ને એવી જ છે-

મૈયા કબહિ બઢૈગી ચોટી
કિતી બાર મોહિં દૂધ પિવત ભઈ યહ અજહું હૈ છોટી ।।
તૂ જો કહતિ બલ કી બેની જ્યોં હ્વૈહૈં લાંબી-મોટી ।
કાઢત-ગુહત-ન્હવાવત ઓછત નાગિનિ સી ભુઈ લોટી ।।
કાચો દૂધ પિયાવતિ પચિ-પચિ દેતિ ન માખન-રોટી ।
'સૂરશ્યામ' ચિરજીવ દોઉ ભૈયા હરિ હલધર કી જોટી ।।

હવે આ સમસ્યા કોણ દૂર કરે ભાઈ?

ન દૂર થાય તો ભલે લડવા દો બંને ભાઈઓને.

શ્રીકૃષ્ણ-બલરામે બાળસુલભ ચપળતાની અનેક રસભરી લીલાઓથી આ મહાવનની રમણીય પાવન-રજમાં માતા યશોદાના હૃદયકમળને ન કેવળ આહ્લાદિત કર્યું છે બલ્કે સહજ ક્રીડાઓ દ્વારા કંસના મોટા-મોટા મહાઅસુરોને વધ કરીને વ્રજવાસીઓની પ્રસન્નતા વધારી અને તેમને નિર્ભય બનાવ્યા. આવા મહાવનના મનોહર ક્ષેત્રમાં વનોની પ્રાકૃતિક સુષમાનો તો આજે અવશ્ય અભાવ છે કારણકે ધીરે-ધીરે નવીનીકરણની પ્રવૃત્તિને લીધે અહીનું જ નહીં, આખા વ્રજનું જ સ્વરૂપ નષ્ટ થવા તરફ અગ્રેસર છે, છતાં પણ અહીં ભક્તોને આજે પણ ઘણી સુખદ અનુભૂતિ થાય છે.










ગોકુળ - ઠકુરાની ઘાટ અને શ્રી ગોવિંદ સ્વામીની ટેકરી



ગોકુળ મહાવન - ચોર્યાસી સ્તંભ નંદભવન અને નંદકૂપ



ગોકુળ મહાવન - પૂતના ખાર અને દામોદર લીલા સ્થળ (ઊખલ બંધન)

અધ્યાય-૪૮

રમણ રેતી

રમણરેતીની જે પ્રસિદ્ધ કથા છે, 'ગર્ગસંહિતા'માં તેનું વર્ણન આ પ્રકારે છે- એકવાર મુનિશ્રેષ્ઠ દુર્વાસા ભગવાન શ્રીકૃષ્ણના દર્શન હેતુ વ્રજભૂમિમાં પધાર્યા. રમણરેતીમાં તેઓએ જોયું એક પરમ ચિત્તાકર્ષક બાળગોપાલ પોતાના સાથી ગ્વાલબાળો સાથે ત્યાંની રજમાં રમતાં, પરસ્પર વિભિન્ન પ્રકારની ક્રીડાઓ કરી રહ્યા હતા. દિગંબર વેશમાં નાના-નાના બાળકોની સાથે નંદનંદનને બાલોચિત બાળક્રીડા કરતાં જોઈ દુર્વાસાજીના મનમાં ઘણું આશ્ચર્ય થયું. મનમાં વિચારવા લાગ્યા- ''શું આ એ જ સચ્ચિદાનંદ સ્વરૂપ ઈશ્વર છે? આ બાળકોની સાથે પૃથ્વી પર કેમ આળોટી રહ્યો છે? મને તો આ નંદનો સામાન્ય બાળક જ લાગી રહ્યો છે, ષડ્ઐશ્વર્યયુક્ત શ્રીકૃષ્ણ નથી.'' જ્યારે મુનિવર દુર્વાસા આમ મોહગ્રસિત થઈ ગયા એટલામાં બાળગોપાલ તેમની દૃષ્ટિની સામે આવીને હસવા લાગ્યા, હસતા-હસતા નંદલાલે શ્વાસ લીધો અને દુર્વાસા શ્વાસ દ્વારા તેમના મુખમાં ચાલ્યા ગયા. જઈને તેમણે પરમ અદ્‌ભુત લોક જોયો. ત્યાં એક વિશાળ અરણ્ય હતું, એ અરણ્યમાં વિચરણ કરતી વખતે ઋષિને એક અજગર ગળી ગયો. તેના ઉદરમાં મુનિને એક વિશાળ બ્રહ્માંડનું દર્શન થયું. ત્યાં સ્થિત એક શ્વેત પર્વત પર દુર્વાસાજીએ શતકોટિ વર્ષો સુધી કઠોર તપ કર્યું. કોટિ વર્ષો સુધી તપ કર્યા બાદ ત્યાં પ્રલય આવ્યો. સાતે સમુદ્ર સંપૂર્ણ પૃથ્વીને પોતાનામાં લીન કરીને દુર્વાસાજી પાસે આવ્યા. દુર્વાસાજી એ સમુદ્રના અથાહ વેગમાં વહેવા લાગ્યા, આમ વહેતાં-વહેતાં સહસ્ત્ર યુગો વીતી ગયા, તત્પશ્ચાત્ જળની અંદર તેમને બીજા બ્રહ્માંડના દર્શન થયાં. એ બ્રહ્માંડના હૃદયમાં પ્રવેશ કરીને તેઓ એક અલૌકિક સૃષ્ટિમાં પહોંચી ગયા. ત્યાં સ્થિત લોકોમાં દુર્વાસાજી બ્રહ્માજીની આયુ જેટલાં વર્ષો સુધી વિચરણ કરતાં રહ્યાં. એવામાં એક છિદ્ર જોઈને મુનિ તેમાં પ્રવેશી ગયા. પ્રવેશ કરતાં જ એ બ્રહ્માંડથી બહાર નિકળી આવ્યા. ત્યારબાદ તેમને વિશાળ જળરાશિ નજરે પડી. એ વિશાળ જળરાશિમાં તેમણે ધ્યાનથી જોયું તો ત્યાં તેમને વિરજા નદીના દર્શન થયા. એ દિવ્ય નદીને પેલે પાર પહોંચીને દુર્વાસા મુનિએ સાક્ષાત ગોલોકધામમાં પ્રવેશ કર્યો. ત્યાં મુનિ એક પરમ રમણીય નિકુંજની અંદર ઘુસ્યા તો એમને ત્યાં શ્રી રાધા વલ્લભ શ્યામસુંદરના દર્શન થયા.

તેમને જોઈને શ્રીકૃષ્ણ હસી પડ્યા, હસતી વખતે એમના શ્વાસથી ખેંચાઈને દુર્વાસાજી ભગવાનના મુખમાં પ્રવેશી ગયા અને ફરી બહાર નિકળી આવ્યા. બહાર આવીને એમણે જોયું તો એ જ નાનો બાળક, જે રમણરેતીની મનોહર રેતીમાં બાળકો સાથે ક્રીડા કરી રહ્યો છે. હવે દુર્વાસાજી સમજી ગયા કે આ જ અનંત બ્રહ્માંડ નાયક

સચ્ચિદાનંદ પ્રભુ છે. પછી તો દુર્વાસાજી હાથ જોડીને નંદનંદનની સ્તુતિ કરવા લાગ્યા-

મુનિરુવાચ-

બાલં નવીનશતપત્રવિશાલનેત્રં બિમ્બાધરં સજલમેઘરુચિં મનોજ્ઞમ્ ।
મન્દસ્મિતં મધુરસુંદરમંદયાનં શ્રીનન્દનંદનમહં મનસા નમામિ ।।
મંજીરનૂપુરરણન્નવરત્નકાંચીશ્રીહારકે સરિનખપ્રતિયંત્રસંઘમ્ ।
હૃષ્ટયાડડર્તિહારિમષિબિંદુવિરાજમાનં વંદે કલિંદતનુજાતટબાલકેલિમ્ ।।
પૂર્ણેન્દુસુંદરમુખોપરિ કુંચિતાગ્રાઃ કેશા નવીનઘનનીલનિભાઃ સ્ફુરંતિ ।
રાજંત આનતશિરઃ કુમુદસ્ય યસ્ય નન્દાત્મજાય સબલાય નમો નમસ્તે ।।

(ગ.સં.ગો.ખં.૨૦/૨૪,૨૫,૨૬)

મુનિએ કહ્યું- ''જેમના નયન નવીન વિકસિત શતદલ પંકજની જેમ વિશાળ છે, લાલ અધરો બિંબફળ સમાન અરૂણ તથા શ્યામ અંગ વર્ષાકાલીન મેઘની મનોહર શ્યામ કાંતિને પણ છિનવી લેવાવાળી છે, જેમના મુખકમળ પર મંદ સ્મિતની દિવ્ય છટા વિરાજિત છે અને જે લલિત મધુર મંદગતિથી વિચરણ કરી રહ્યા છે, એ બાલ્યાવસ્થાથી સંપન્ન, મનોજ્ઞ શ્રી નંદનંદનને હું મનથી નમસ્કાર કરું છું. જેમના ચરણ કમળ મંજરી અને ઝાંઝરથી સુશોભિત થઈ રહ્યા છે તથા કટિપ્રદેશમાં ખણખણતો નવીન રત્ન નિર્મિત કંદોરો શોભી રહ્યો છે. જે વાઘનખથી યુક્ત યંત્ર સમુદાય તથા સુંદર કંઠહારથી શોભાસંપન્ન છે, કોઈની નજર ન લાગે, તેથી માતા યશોદાએ મુખકમળ પર કાજળનું ટપકું લગાવ્યું છે તથા જે કલિન્દતનયાના તટ પર બાળોચિત ક્રીડામાં સંલગ્ન છે, એવા શ્રીકૃષ્ણની હું વંદના કરું છું. પૂર્ણ ચંદ્ર સમાન સુંદર મુખ છે, એ મુખ પર જે ઘુઘરાળી લટો લટકી રહી છે, તેની કેવી અદ્‌ભુત શોભા છે, એવું પ્રતીત થાય છે કે વાદળ આવીને એ વાદળી ચંદ્ર પર છવાઈ ગયા છે. જેમનું મસ્તક રૂપી કુમુદ નમેલું છે, આમ જે શોભાયમાન થઈ રહ્યા છે એવા નંદનંદનને અને તેમના અગ્રજ શ્રી બલરામને મારા વારંવાર નમસ્કાર છે.'' જે પ્રાતઃકાળે ઉઠીને આ 'શ્રી નંદનંદન સ્તોત્ર'નો પાઠ કરે છે, તેના નેત્રો સમક્ષ શ્રી નંદનંદન સાનંદ પ્રગટ થાય છે.

અહીંની ઘણી બધી કથાઓ છે. અહીં ભગવદીય આસકરણજીને એક એવી હોળી લીલાના દર્શન થયા હતા, જેને જોઈને તેઓ ૩ દિવસ સુધી ત્યાં જ બેશુદ્ધ ઉભા રહ્યા, એ હોળી અત્યંત પ્રસિદ્ધ છે. રાજા આસકરણજી વલ્લભ સંપ્રદાયમાં અત્યંત પ્રસિદ્ધ ભક્ત થયા છે. રમણરેતી ફક્ત બાળલીલાનું જ સ્થળ નથી, તે શ્રૃંગાર લીલાનું પણ સ્થળ છે પરંતુ આ વાતને ઘણાં ઓછા લોકો જાણે છે.



ગોપ તલૈયા, શ્રી રાધારમણ વિહારી મંદિર અને રમણ રેતી



રમણ રેતી - શ્રી રસખાનજીની સમાધિ અને પ્રાચીન ઐતિહાસિક ટેકરી

અધ્યાય-૪૯

રાવલ

૨ાધા જન્મ બરસાના અથવા રાવલ બંને સ્થાનો પર ગાવામાં આવે છે. તેથી વધાઈમાં બંને સ્થળોના નામ છે. જેમકે- 'બરસાને તે દૌડી નારી એક નંદભવન મેં આઈ જૂ...'(નંદદાસજી) 'આજ સખી મંગલ મેં મંગલ કીરત કન્યા જાઈ'.... 'આજ બરસાને બજત બધાઈ'... (સૂરદાસ), 'આજ રાવલ મેં ભીર ભઈ'.. (રામદાસજી), 'જન્મ બધાઈ કુંવર લલી કી'..., 'આજ રાવલ મેં બજત બધાઈ' (સૂરદાસજી).

જન્મ લિયો વૃષભાન ગોપ કે બૈઠે સબ સિંઘદ્વાર રી ।।
લગ્ન ઘડી બલિ નક્ષત્ર શોધ કે ગુરુજન કિયો વિચાર રી ।।
કંચન મણિ આઁગન આગે રહી બોલત દ્વિજવર બેનરી ।।
કબહુઁક સુધ પાવત સુ ભવન મેં પુત્ર જનમ કે ચેનરી ।।
ઈતને એક સખી આઈ ધાય કે જહાઁ બૈઠે ગ્વાલરી ।।
વેગિ પુકાર કહ્યો મુખ આલી પ્રગટી સુતા લઘુ વાલરી ।।
તબ હઁસિ તારી દે ગુરુજન કો દેખે જનમ વિધાનરી ।।
હમારે કોટિ પુત્ર કી આસા પૂરન કરી વૃષભાનરી ।।
કર ભાજન શ્રૃંગી જૂ ગર્ગ મુનિ લગ્ન નક્ષત્ર બલ શોધરી ।।
ભએ અચરજ ગ્રહ દેખિ પરસ્પર કહત સબન પ્રતિ બોધરી ।।
સુદ ભાદો શુભ માસ અષ્ટમી અનુરાધા કે શોધરી ।।
પ્રીતિ યોગ બલ બાલવ કરન લગ્ન ધનુષ વર બોધરી ।।
પ્રથમ પહર દિન ઉદિત દિવાકર સત્યા સુખદ સુજાતરી ।।
નામ કરન રાધા રતિ રંજન રમા રસિક બહુ ભાંતરી ।।
સુન વૃષભાન સુતા જિન માનો એસી રમા રતિ લોલરી ।।
નાહિન ઓર સુન્દર ત્રિભુવન મેં શ્રી રાધા સમતોલરી ।।
નાહિન સચી રમા ગિરિજા રતિ રોમ રોમ પ્રતિ ઠાનેરી ।।
નવનિધિ ચાર પદારથ કો ફલ આયો સકલ ગ્રહતાનેરી ।।
જબ બ્યાહન શુભ યોગ હોયગો શોભા કહત ન આવેરી ।।
દસ ઓર ચાર લોક કો નાયક સોઈ સુતા વર પાવેરી ।।
તબ હઁસ કહ્યો દુર્વાસા સબન સોં સુનો શ્રુતિ સકલ ગુવાલરી ।।

મેરે હિ ચિત આયો નિશ્ચય નંદ મહર ઘર બાલરી ।।
વૃન્દાવન રસ રાસ રસિકમણિ દમ્પતિ સમ્પતિ માનેરી ।।
સંકેત સ્થલ વિહરત દોઉ સોઈ સકલ યહ જાનેરી ।।
યુવતી યૂથ મધ્ય રસિક શિરોમનિ વલ્લભ કુલ નંદ લાલરી ।।
યહ જોરી જુગ જુગત હોયગી શ્રીરાધારમણ ગોપાલરી ।।
શિવ, વિરંચી જાકી જૂઠન ન પાવત સોઈ ગ્રાસ પરસ્પર દેતરી ।।
કુંજન-કુંજન ક્રીડત અદ્ભુત અગમ નિગમ રસ લેતરી ।।
યહ વિધ કહ્યો દ્વિજરાજ જુગત સોં ગ્વાલ મંડલી જાનેરી ।।
જય જય કાર કરત સુર લોકન બાજત તૂર નિશાનરી ।।
ઘર ઘર તેં સબ ગોપી નિકસી ગાવત મંગલ બાલરી ।।
પિકબેની મૃગનેની સુંદર ચલત સુચાલ મરાલ રી ।।
જો રસ નંદ ભવન મેં ઉમગ્યો તાતે દૂનો હોતરી ।।
હય ગય ધેનુ ઓર મણિ દીની બંદીજન દ્વિજ બોહોત રી ।।
વસન વિચિત્ર સબન પહરાયે સબ શિશુ દેખન જાયરી ।।
મુખ અવલોકિ કહત ચિરજીયો પુલકિ-પુલકિ સચુ પાયરી ।।
સુર મુનિ નાગ ધરની જંગમ કો આગમ અતિ સુખ દેતરી ।।
શશિ ખંજન વિદ્રુમ શુક કે હરિ ઈનકો છિન બલ લેતરી ।।
યહ છવિ નિરખ નિરખ સચુ પાવત પુનિ ડોરત તૃન તોરરી ।।
'સૂરદાસ' ઉર બસો નિરંતર રાધામાધવ જોરરી ।।

આ અનોખી વધાઈ છે, તેમાં ૯ યોગેશ્વર, ગર્ગ, દુર્વાસા વગેરે રાધાષ્ટમી પર આવ્યા છે. નંદભવનથી બમણો ઉત્સવ શ્રીજીની વધાઈમાં થયો છે અને શ્રીજીના સૌંદર્યની તુલનામાં ન લક્ષ્મી, ન પાર્વતી કોઈ પણ મહાશક્તિ નથી. આ વધાઈમાં બરસાના અને રાવલ નામ ન આપતાં ફક્ત એટલું જ કહેવાયું છે કે વૃષભાનુ ભવનના સિંહદ્વાર પર સમસ્ત ઋષિઓ રાધાજન્મની પ્રતીક્ષામાં બેઠા છે અને જેવી સૂચના મળે છે, તેઓ સૌ નામકરણ વગેરે જાતકર્મ સંસ્કારોમાં લાગી જાય છે. વૃષભાનુ મહેલ વ્રજમાં ત્રણ સ્થાનો પર છે બરહાના, બરસાના, રાવલ. જ્યારે ગોકુળ લીલા થાય છે ત્યારે શ્રીજી રાવલમાં રહે છે, નંદગ્રામ લીલામાં શ્રીજી બરસાનામાં વિરાજે છે, જ્યારે નંદબાબા બસઈ રહે છે ત્યારે શ્રીજી બરહાનામાં વિરાજે છે.

સર્વજ્ઞ સર્વવિદ્યા વિશારદ મહર્ષિ ગર્ગાચાર્યજી પાવન યમુના તટ પર શોભાયમાન વૃષભાનુ પુરી રાવલમાં આવ્યા. છત્ર અને દંડ ધારણ કરવાને કારણે તે બીજા ઈન્દ્ર અને ધર્મરાજની માફક શોભી રહ્યા હતા. પુસ્તક અને મેખલાથી સુસજ્જિત મુનિશ્રેષ્ઠ ગર્ગ બીજા બ્રહ્મા જણાઈ રહ્યા હતાં. શુભ્ર વસ્ત્રો ધારણ કરવાને કારણે તેમની આભા ભગવાન વિષ્ણુ જેવી પ્રતીત થતી હતી. ઋષિ કુલચૂડામણિ ગર્ગજીને પોતાના દ્વાર પર આવેલા

જોઈ વૃષભાનુજીએ ઘણાં સમ્માન સાથે તેમના ચરણોની વંદના કરી અને કરબદ્ધ થઈ તેમની સામે ઉભા રહી ગયા. અર્ચના પદ્ધતિના જાણકાર વૃષભાનુ રાયે ગર્ગજીને એક શ્રેષ્ઠ આસન પર વિરાજિત કરી શાસ્ત્રીય વિધિથી એ મહામુનિની ઉપાસના કરી, ત્યારબાદ તેમની પ્રદક્ષિણા કરી શ્રી વૃષભાનુજી બોલ્યા, ''મહાપુરુષોનું આગમન શાંતિ હેતુ હોય છે કારણકે તેનાથી ગૃહસ્થોને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. મનુષ્યોના હૃદયમાં જામેલા અંધકારનો નાશ સંત મહાપુરુષો દ્વારા જ થાય છે ન કે સૂર્ય દ્વારા. મહારાજ, આપના દર્શનોથી અમારી સંપૂર્ણ ગોપજાતિ પરમ પાવન થઈ ગઈ. પૃથ્વી પર આપ સમા મહાપુરુષ પોતાની ચરણરજથી તીર્થોને પણ પવિત્ર કરે છે. ભગવન્! મને એક પરમ મંગલમયી કન્યા રત્નની પ્રાપ્તિ થઈ છે જેનું નામ છે રાધિકા. આપ સારી રીતે મનોયોગપૂર્વક ચિંતન કરી એ બતાવવાની કૃપા કરશો કે તેના અનુરૂપ સુલક્ષણોથી સંપન્ન વર કોણ છે, જેની સાથે તેના પાણિગ્રહણ સંસ્કાર કરવામાં આવે કારણકે આપ સૂર્ય સમાન ત્રિલોકમાં ભ્રમણ કરતા રહો છો, આપ સર્વજ્ઞ છો, તેથી આપના દ્વારા નિર્દિષ્ટ સર્વગુણસંપન્ન વરને જ હું આ મંગલમયી કન્યા અર્પણ કરીશ.''

દેવર્ષિ નારદ કહે છે- ''રાજન્, વૃષભાનુજીની આ અભિલાષા સાંભળીને, ગર્ગજી તરત તેમને નિર્જન યમુના તટ પર લઈ આવ્યા, અહીં એક પરમ રમણીય સ્થળ હતું જે વાદળી યમુનાની નિર્મળ તરંગોની સુમધુર ધ્વનિથી સદાય ગુંજાયમાન રહેતું હતું. ત્યાં ગોપ શિરોમણિ વૃષભાનુજીને વિરાજમાન કરીને સર્વજ્ઞ મુનિ ગર્ગજીએ આ પ્રમાણે કહ્યું.

''વૃષભાનુજી, એક ગોપનીય તથ્ય છે, તે કોઈને બતાવશો નહીં. અનંત બ્રહ્માંડ નાયક, ગોલોકાધિપતિ, પરિપૂર્ણતમ બ્રહ્મ, જેમનાથી શ્રેષ્ઠ અન્ય કોઈ નથી, એવા લીલા પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું નંદબાબાના ગૃહમાં પ્રાકટ્ય થયું છે.''

શ્રી વૃષભાનુજી બોલ્યા- ''મહર્ષિ, નંદજી પરમ ધન્ય અને અવર્ણનીય સૌભાગ્યથી યુક્ત છે. હવે આપ ભગવાન શ્રીકૃષ્ણના અવતરણનું સંપૂર્ણ રહસ્ય મને બતાવવાની કૃપા કરશો.''


મહર્ષિ ગર્ગ બોલ્યા- ''બ્રહ્માજીની પ્રાર્થના અનુસાર ભૂમિનો ભાર હરવા તથા કંસ જેવા નરાધમોનો વિનાશ કરવા માટે ગોલોક પતિ ભગવાન ગોવિંદ આ ધરા પર અવતરિત થયા છે. એજ નંદનંદન પ્રભુની પરમ પ્રેયસી, ગોલોકેશ્વરી શ્રી રાધારાણીનું જ તમારા સદનમાં કન્યા રૂપે પ્રાકટ્ય થયું છે. તમને ભગવાનની આહ્લાદિની શક્તિ શ્રીજીની અતુલનીય મહિમાનું જ્ઞાન નથી.''

શ્રી નારદજીએ કહ્યું- ''તે સમયે ગોપેશ્વર વૃષભાનુના હૃદયમાં આનંદનો સાગર ઉમટી પડ્યો અને તેઓ રોમાંચિત થઈ ઉઠ્યા. તેઓએ રાણી કીર્તિને બોલાવી આ વિષે ગહન વિચાર વિમર્શ કર્યો. ત્યારબાદ રાધા-માધવની અતુલનીય મહિમાને જાણી ગોપેન્દ્ર વૃષભાનુ આનંદાશ્રુ પ્રવાહિત કરતાં ફરી ઋષિવર ગર્ગજી સમક્ષ બોલ્યા- ''વૃષભાનુરાયે કહ્યું- મહામુનિ! એ પરમેશ્વરી શ્રીકૃષ્ણને જ હું મારી આ પદ્માક્ષી બાલિકા સમર્પિત કરીશ. આપે મારું વિલક્ષણ માર્ગદર્શન કર્યું છે. તેથી આપના જ નિર્દેશાનુસાર

આ કન્યાના પાણિગ્રહણ સંસ્કાર સંપન્ન થશે.'' ગર્ગ મુનિ બોલ્યા- ''ગોપવર! શ્રીરાધા અને તેના પ્રાણનાથ માધવના શુભવિવાહ સંસ્કાર હું નહીં કરું. પાવન યમુના તટવર્તી ભાંડીર વનમાં તેમનો શુભ વિવાહ સંપન્ન થશે. હે ગોપેશ્વર! તમે આ શ્રીરાધાને મધુરાધિપતિ શ્યામસુંદરની પ્રાણવલ્લભા સમજો. આ જગતમાં સમ્રાટોના અધિપતિ તમે છો અને સમસ્ત લોકોનું અધિપતિ ગોલોકધામ છે. તમે પોતાની સંપૂર્ણ ગોપજાતિ સહિત ગોલોકધામથી જ આ વસુંધરા પર આવ્યા છો, તેજ રીતે સમસ્ત ગોપાંગનાઓ પણ શ્રીજીની આજ્ઞાનુસાર ગોલોકમાં અવતરિત થઈ છે. મોટા મોટા યજ્ઞ સંપાદન કરવા છતાં પણ દેવતાઓને પણ અસંખ્ય જન્મો સુધી જેમના દર્શન દુર્લભ છે, એ જ ગોલોકેશ્વરી શ્રીકૃષ્ણ વલ્લભા રાધારાણી તમારા ભવનના પ્રાંગણમાં ગુપ્ત રૂપે વિરાજિત છે તથા અસંખ્ય ગોપ અને ગોપિકાઓ તેમના પ્રત્યક્ષ દર્શન પ્રાપ્ત કરે છે.'' શ્રી નારદજીએ કહ્યું- ''હે રાજન્! શ્રી રાધા-માધવની આ અતુલનીય મહિમા શ્રવણ કરી વૃષભાનુ રાય અને રાણી કીર્તિ અત્યંત આશ્ચર્યચકિત અને પરમાનંદથી રોમાંચિત થઈ ગર્ગજીને આ પ્રકારે કહેવા લાગ્યા ''દ્વિજવર, રાધા શબ્દની તાત્વિક વ્યાખ્યા બતાવવાની કૃપા કરશો. મુનિવર! આ પૃથ્વી પર મનના સંશયને નિર્મૂળ કરનાર આપ સમાન કોઈ નથી.'' ગર્ગાચાર્યજીએ કહ્યું- એક સમયની વાત છે, હું ગંધમાદન પર્વત પર ગયો હતો. શિષ્યગણો પણ મારી સાથે હતાં. ત્યાં જ શ્રી નારાયણના મુખારવિંદથી મેં સામવેદનો આ સારાંશ શ્રવણ કર્યો. 'ર'કારથી રમો, 'આ'કારથી ગોપાંગનાઓ, તથા 'ધ'કારથી ધરા અને 'આ'કારથી વિરજા નદીનું ગ્રહણ થાય છે. લીલા પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનું સર્વોત્તમ તેજ ચાર રૂપોમાં વિભાજીત થઈ ગયું. લીલા, ભૂ, શ્રી અને વિરજા, આ ચાર શ્રીકૃષ્ણ પત્નીઓ શ્રીરાધા રાણીના મંગલમય વિગ્રહમાં વિલીન થઈ ગઈ. તેથી મનીષી જન શ્રીરાધિકાને પરિપૂર્ણતમ કહે છે. ગોપરાજ! જે માનવ રાધા-કૃષ્ણના આ નામનું સતત્ કીર્તન કરે છે, તેમના માટે ચારેય પુરુષાર્થો જ નહીં બલ્કે પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર પણ સુગમ થઈ જાય છે.''

શ્રી નારદજીએ કહ્યું- ''રાજન! તે સમયે વૃષભાનુ પત્ની સહિત પરમ આશ્ચર્યચકિત થઈ ગયા. શ્રીરાધા ગોવિંદના અતુલનીય વૈભવને જાણીને તેઓ પરમાનંદની સાકાર પ્રતિમા બની ગયા. ત્યારબાદ શ્રી વૃષભાનુરાયે શ્રી ઋષિ કુળ ચૂડામણિ શ્રી ગર્ગાચાર્યજીની અર્ચના કરી. ત્યારબાદ તત્વજ્ઞ અને ત્રિકાળજ્ઞાની મુનિશ્વર ગર્ગજી પોતાના ગંતવ્ય પર સિધાવી ગયા.''





રાવલ - શ્રી રાધારાણી મંદિર

અધ્યાય-૫૦

બ્રજરજધાની શ્રી મથુરાપુરી

સમસ્ત સંસારનું જે બ્રહ્મજ્ઞાનથી મંથન થાય છે અથવા આખો સંસાર જેમાં અંતર્નિહિત છે, એ બ્રહ્મજ્ઞાનનું જે આધારરૂપ છે, તે જ મથુરા છે એટલે કે મથુરાજી સંપૂર્ણ બ્રહ્મજ્ઞાન, ભક્તિનું કેન્દ્ર છે.

મથ્યતે તુ જગત્ સર્વ બ્રહ્મજ્ઞાનેન યેન વા ।
તત્સારભૂતં યત્તસ્યાં મથુરા સા નિગદ્યતે ।।

(શ્રી ગોપાલ તાપની ઉપનિષદ ઉ.ખ. ૭૨)

ભારત

જેવું કે ગણમાન્ય મહાત્માઓ પાસેથી સાંભળવા મળ્યું, આપણે લોકો ભારતવાસી કહેવાઈએ છીએ તેનો અર્થ છે- 'ભા' એટલે જ્ઞાન, 'રત' એટલે લીન. ભા-રત અર્થાત્ જ્ઞાનમાં લીન.

મથુરા

જ્યાં જ્ઞાન પણ લીન થઈ જાય, **'સા મથુરા નિગદ્યતે'** તેને મથુરા કહે છે.

પદ્મપુરાણાનુસાર

ભારતની પ્રખ્યાત મોક્ષ પ્રદાયિની, પરમ પાવન પ્રાચીનતમ સપ્ત પુરીઓમાં આપણા પ્રિયતમની જન્મ ભૂમિ શ્રેષ્ઠ, શ્રી મથુરાજીની ગણના, શ્લોકના પ્રથમ પદમાં જ થઈ જાય છે-

અયોધ્યા મથુરા માયા કાશી કાંચી અવન્તિકા ।
પુરી દ્વારાવતી ચૈવ સપ્તૈતા મોક્ષદાયિકા ।।

(પ.પુ.)

ધન્ય છે, ધન્ય છે આ પુરી, આ નગરી. આ જે અમારા આશ્રયદાતાની પણ આશ્રયિણી બની તો તેના વૈકુંઠથી પણ ઉત્કૃષ્ટ હોવામાં સંદેહ ક્યાંથી હોય? અટલે કે કોઈ શંકા નથી-

અહો મધુપુરી ધન્યા વૈકુંઠાચ્ચ ગરીયસી ।
દિનમેકં નિવાસેન હરૌ ભક્તિ પ્રજાયતે ।।

(પ.પુ.પા.ખ.)

માત્ર એક દિવસના વાસથી જ પંચમ પુરુષાર્થ 'કૃષ્ણ પ્રેમ'નું હૃદયમાં પ્રસ્ફુટન થવા લાગે છે પછી અન્ય લાભોનું શું પ્રયોજન?

ભૂગોપાલ ચક્રે સપ્તપુર્યો ભવન્તિ તાસાં મધ્યે સાક્ષાત્ ।
બ્રહ્મ ગોપાલપુરરીતિ ચક્રેણ રક્ષિતા હિ વૈ મથુરેતિ ।।

(ગો.તા.ઉપ.)

ભારતના ભૂભાગમાં અયોધ્યા સહિત સપ્ત પુરીઓ છે. આ સપ્ત પુરીઓમાં શ્રીકૃષ્ણની જન્મભૂમિના નામથી 'શ્રી મથુરા'જી જ ગૌરવાન્વિત થઈ. જે ધરા પર ષોડશ કળાસંપન્ન સચ્ચિદાનંદનું આગમન થયું, જે સહસ્ત્રધારીના સહસ્ત્રારથી સદા સુરક્ષિત છે, એવી આ ધરાના અસાધારણ-અપ્રાકૃત, માયાતીત, ગુણાતીત હોવામાં ક્યાંથી સંદેહ હોય? સતયુગ, ત્રેતા, દ્વાપર, કળિયુગ ચારે યુગોમાં તેની ઉપસ્થિતિ રહી છે, જેના કેટલાય પ્રમાણો પણ પ્રાપ્ત થાય છે.

જુઓ-

પુરાકૃતયુગસ્યાન્તે મધુનામાસુરોઽભવત્ ।
ઇન્દ્રાદીન્ સકલાન્ જિત્વા ત્રૈલોક્યધિપતિર્ભવેત ।।
નામ્ના મધુપુરી પ્રશંશાસાસુરેશ્વરઃ ।
તદૈવ પીડિતા દેવાઃ કેશવં શરણં યયુઃ ।।
નમો નારાયણાયૈવ માધવાય નમોસ્તુ તે ।
મધું વિનાશાય સ્વામિન્નસ્માકં પરિપાલય ।।
ઈતિવિજ્ઞાપિતો વિષ્ણુર્યુયુધે મધુનાસહ ।
દશવર્ષપ્રમાણેનાસુરં તત્રાવધીદ્ધરિઃ ।।
સર્વેદેવાઃ સમાગત્ય માધવં નામ ચક્રિરે ।
મધોઃ પુરીં સમુત્પાદ્ય મથુરાં નામ ચક્રિરે ।।

સતયુગના અંતે મધુ નામનો દૈત્ય સમસ્ત અસુરોને જીતીને ત્રિલોકપતિ બની ગયો હતો. મધુના નિવાસકાળમાં આ સ્થાનનું નામ મધુપુરી પડ્યું. દુરાત્માના અત્યાચારોથી ભયાક્રાંત થઈ સમસ્ત સુરગણો પ્રભુની શરણમાં આવ્યા. ૧૦ વર્ષ સુધી પ્રભુ સાથે સંગ્રામ ચાલ્યો, અંત મધુનો પ્રાણાંત થયો. ત્યારબાદ દેવોએ પ્રભુની વંદના કરી અને પ્રભુને નવીન નામથી સંબોધિત કર્યા 'માધવ' અને મધુપુરીનું નામ રાખ્યું- 'મથુરા'.

તે સમયે દેવો દ્વારા અહીં ૮૪ તીર્થો સ્થાપિત કરવામાં આવ્યા.

વાલ્મીકિ રામાયણ, મહાભારત અને હરિવંશ પુરાણ અનુસાર મથુરાનું નામ મધુરા, મધુપુરી પ્રાપ્ત થાય છે. ક્યાંક-ક્યાંક મહુરા, મધુપદ્મા, મધુષિકાદિક નામોલ્લેખ પણ મળે છે.

વિષ્ણુપુરાણાનુસાર

ત્રેતાયુગમાં- શત્રુઘ્નએ મધુપુત્ર લવણાસુરનો વધ કરી મધુવનના સઘન વનને કાપીને મથુરા નગરીની સ્થાપના કરી-

હત્વા ચ લવણં રક્ષો મધુપુત્રં મહાબલમ્ ।
શત્રુઘ્નો મધુરાં નામ પુરીં યત્ર ચકાર વૈ ।।

(વિ.પુ.૧/૧૨/૦૪)

તે સિવાય ભાગવતમાં પણ શુકદેવજીએ વર્ણન કર્યું છે-

શત્રુઘ્નશ્ચ મધોઃ પુત્રં લવણં નામ રાક્ષસમ્ ।
હત્વા મધુવન ચક્રે મથુરાં નામ વૈ પુરીમ્ ।।

(ભા.૦૯/૧૧/૧૪)

શત્રુઘ્નજીએ મધુવનમાં મધુના પુત્ર લવણ નામના રાક્ષસને મારીને અહીં મથુરા નામની નગરી વસાવી.

હરિવંશપુરાણાનુસાર

''છિત્વા વન તત્સૌમિત્રઃ''

(હરિવંશપુરાણ ૧/૫૪/૫૫)

થી જાણવા મળે છે કે શત્રુઘ્નએ મધુવન જંગલને કાપીને આવાસોચિત નવીન નગરી મથુરા વસાવી અને અહીં બાર વર્ષો સુધી રાજ્ય શાસન કર્યું. કેટલાક લોકોનો મત છે કે શત્રુઘ્ન દ્વારા નિર્મિત નગરીનું નામ શૂરસેન નગરી હતું.

દ્વાપરના અંતમાં તો મથુરાનું જ મહત્વ મુખ્યત્વે આપણા સર્વસ્વ શ્રીકૃષ્ણની જન્મભૂમિ, કર્મભૂમિ અને ત્યારબાદ કંસનો કાળ બનવાને કારણે વધ્યું, જે સર્વવિદિત છે અને કળિયુગમાં તેની અવસ્થિતિ વારંવાર નષ્ટ થવા છતાં પણ ઉછળતી રહી, જેનું પ્રમાણ આપણો ઇતિહાસ અને આપણે પોતે છીએ, તેથી આ પુરીની ઉપસ્થિતિ ચતુર્યુગીમાં જે કહેવામાં આવી, તે અકાટ્ય સત્ય છે-

વારાહ ઉવાચ-

વિંશતિર્યોજનાનાં હિ માથુરં મમ મંડલમ્ ।
પદે પદેઽશ્વમેધાનાં ફલં નાત્ર વિચારણા ।।

(આ.વા.પુ.૧૬૮/૯)

વિંશતિર્યોજનાનાં તુ માથુરં મમ મંડલમ્ ।
યત્ર તત્ર નરઃ સ્નાતો, મુચ્યતે સર્વકિલ્બિષૈઃ ।।

(આ.વા.પુ.૧૫૮/૧)

સ્વયં વરાહ ભગવાને કહ્યું- (પૃથ્વીને) ''મારું માથુર મંડળ વિશંતિ યોજન સુધી ફેલાયેલું છે એટલે કે ૮૦ કોસ, ઘણું વ્યાપક ક્ષેત્ર છે.'' અહીં ડગલે ને પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે અને સ્નાનથી સમસ્ત પાપોની નિવૃત્તિ થઈ જાય છે. પુરાણોમાં આ મથુરામંડળ અથવા માથુર મંડળ કહેવાયું. ૬૩૫ ઈ.માં હ્યૂએન સાંગ મથુરા આવ્યો હતો, હ્યૂએન સાંગ અનુસાર મથુરા રાજ્યનો વિસ્તાર ૮૩૩ માઈલ એટલે કે લગભગ ૧૨૩૦ કિ.મી. હતો. આ રાજ્યમાં મથુરા, આગરા, ભરતપુર, કરૌલી, ધૌલપુર તથા ગ્વાલિયર રાજ્યના ઉત્તરનો અડધો ભાગ સંમિલિત બતાવવામાં આવ્યો છે અને મથુરા નગરનો વિસ્તાર તેણે ૫ કિ.મી.નો બતાવ્યો છે. શ્રી પ્રભુની લીલા બાદ આ સ્થાન લુપ્તપ્રાય થઈ ગયું હતું ત્યારે કળિયુગમાં શ્રીમન મહાપ્રભુજીએ અહીં સ્વયં આગમન કરીને તથા લોકનાથ વગેરે ગોસ્વામી ગણો દ્વારા મથુરાજીનું પુનઃ પ્રકટીકરણ કરાવાયું-

''મથુરાર લુપ્ત તીર્થે કરિઅ ઉદ્ધાર''

(ચૈ.ચરિ)

ગર્ગસંહિતાનુસાર

ભાગવત ભાષ્ય 'ગર્ગસંહિતા'- મથુરાખંડ- મથુરા મહાત્મ્યમાં તો નારદજીએ રાજા બહુલાશ્વ સમક્ષ ૩૯ શ્લોકોમાં મથુરાના એક-એક રજકણનું મહાત્મ્ય સમુદ્‌ઘાટિત કરી દીધું. પહેલાં તો રાજા બહુલાશ્વએ પ્રશ્ન કર્યો 'શ્રી મથુરાજીનાં કોણ અધિષ્ઠાતા દેવ છે? કોણ અહીંના રક્ષક છે? કોણ ચારૂ છે? કોણ મંત્રી છે? કોણ સેવન કરે છે?'' ત્યારે શ્રી નારદજીએ કહ્યું-

''સ્વયં હિ મથુરાનાથઃ કેશવ ક્લેશનાશનઃ''

''સ્વયં ક્લેશનાશક કેશવદેવ જ મથુરાના નાથ છે, જેમને વારાહદેવના નામથી પણ ઓળખવામાં આવે છે. સ્વયં ભગવાને પોતાની કેશવદેવજીની મૂર્તિ સર્વપ્રથમ કપિલદેવ બ્રાહ્મણને પ્રદાન કરી- ત્યારબાદ તો તે ભ્રમણશીલ રહી, કપિલદેવથી ઈન્દ્ર પાસે, ઈન્દ્રથી રાવણ, રાવણથી રામ તેને અયોધ્યામાં લઈ આવ્યા અને રામજીની વંદના કરીને તેમની પાસેથી શત્રુઘ્નજી એ શ્રી કેશવ વારાહ પ્રભુજીના વિગ્રહને લઈ આવ્યા, જેની મથુરામાં સ્થાપના કરી, તે જ સાક્ષાત કપિલ વારાહ મથુરાના શ્રેષ્ઠ મંત્રી છે. મથુરાના રક્ષક છે- ભૂતેશ્વર મહાદેવ, જેમને મથુરાના કોટવાળના રૂપમાં જોવામાં આવે છે. તેની પુષ્ટિ 'ગર્ગસંહિતા', 'આદિવારાહ પુરાણ' વગેરે ગ્રંથોમાં મળે છે-

ક્ષત્તા શ્રી મથુરાયાશ્ચ નામ્ના ભૂતેશ્વરઃ શિવઃ ।
દત્ત્વા દંડ પાતકિને ભક્તયર્થાન્મંત્રતાં વ્રજત્ ।।

(ગ.સં.મ.ખ.મથુરા મહત્મ્ય-૨૫/૯)

મથુરાના ક્ષેત્રપાલ શ્રી ભૂતેશ્વર, પાપીઓને દંડ દઈને ભક્તિ માટે તેમને મંત્ર પ્રદાન કરે છે.

મથુરાયાં ચ દેવ ત્વં ક્ષેત્રપાલો ભવિષ્યસિ ।
ત્વયિ દૃષ્ટે મહાદેવ મમ ક્ષેત્રફલં ભવેત્ ।।

(વા.પુ. ૧૬૮/૫.૬)

શ્રીકૃષ્ણએ કહ્યું- ''દેવ! આપ મથુરાના ક્ષેત્રપાળ હશો, હે મહાદેવ! આપના દર્શન કરીને લોકો મારા ધામને પ્રાપ્ત કરશે.'' અહીં આ અવનિ પર પરમપિતા બ્રહ્માને તપ દ્વારા સ્વાયંભુવ જેવો પુત્રરત્ન પ્રાપ્ત થયો, વરૂણને જળ-સ્વામિત્વ પ્રાપ્ત થયું, અંબરીષને મુક્તિ, ધ્રુવને ધ્રુવપદ, સ્વયં પ્રભુ રામને લવણાસુર પર વિજય, રાવણને તમામ દેવો પર જય અને શાંતનુને ભીષ્મ સમાન પુત્ર મળ્યો.

મથુરા મહાત્મ્ય સ્વંય વારાહ પ્રભુએ પૃથ્વીદેવીને સંભળાવ્યું હતું-

બ્રુવઞ્નો નામ ફલં હરેર્લભેચ્છૃણ્વઁલ્લભતેત્કૃષ્ણકથાફલં નરઃ ।
સ્પૃશન્સતાં સ્પર્શનજં મધોઃ પુરિ જિઘ્રંસ્તુલસ્યા દલગંધજં ફલમ્ ।।

(ગ.સં.મથુ.ખ.૨૫/૨૬)

મથુરાનું નામ માત્ર લેવાથી, શ્રીકૃષ્ણનું નામ લેવાનું ફળ મળી જાય છે. મથુરાનું નામ સાંભળવાથી શ્રીકૃષ્ણની કથા શ્રવણનું ફળ મળે છે, સ્પર્શ કરવાથી સંત સ્પર્શનું ફળ અને સૂંઘવાથી તુલસી પત્રનું ફળ, જો મથુરાનું દર્શન થઈ જાય તો આ..હા..હા... સાક્ષાત શ્રીકૃષ્ણના દર્શન થઈ ગયા. મથુરાજીમાં ચૌદ કરોડ વનો છે, જેમાં ચૌદ કરોડ તીર્થો છે.

યન્નામ પાપં વિનહંતિ તત્ક્ષણં ભવત્યલં યાં ગૃણતોડપિ મુક્ત્યઃ ।
વીથીષુ વીથીષુ ચ મુક્તિરસ્યાસ્તસ્માદિમાં શ્રેષ્ઠતમાં વિદુર્બુધાઃ ।।

(ગ.સં.મથુ.ખ.૨૫/૩૨)

અહીં ગલી-ગલીમાં મુક્તિ ફરે છે.

કાશ્યાદિપુર્યો યદિ સન્તિ લોકે તાસાં તુ મધ્યે મથુરૈવ ધન્યા ।

(ગ.સં.મથુ.ખં.૨૫/૩૩)

કાશી વગેરે સાત પુરીઓમાં પણ મથુરાજી જ ધન્ય છે - ધન્ય છે કારણ કે મથુરાજી ૪ પ્રકારની મુક્તિ પ્રદાન કરે છે, મથુરામાં જન્મ હોય કે યજ્ઞોપવીત હોય, મૃત્યુ હોય અથવા અંત્યેષ્ટિ હોય, આમાંથી એક પણ બાબત હોય તો પ્રાણીની મુક્તિ થઈ જાય છે કારણકે અહીં પાપકર્ષણ શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થયું, ૧૧ વર્ષ વ્રજવાસીઓને ગોકુળમાં પોતાની અનુદિત લીલાઓથી આનંદિત કર્યા. ત્યારબાદ મથુરાનું સૌભાગ્ય જાગ્યું. અક્રૂરજી સાથે મથુરામાં આગમન થયું, પીતાંબર-નીલાંબરધારી બંને ભાઈઓ મથુરાની મહિમા વધારવા આવી રહ્યા છે, એ જાણીને નગરની સ્ત્રીઓ ચિરકાળ બાદ બહુશ્રુત રૂપનું દર્શન કરવા એકાએક દોડી પડી. ઊંચી-ઊંચી ગગનચુંબી અટાલિકાઓ પર અટપટી વેષભૂષા ધારણ કરીને ચઢી ગઈ. આજે મણિમંડિત મથુરાની ગલી-ગલી પુષ્પોથી લબાલબ થઈ ગઈ છે, કોણ જાણે કઈ ગલીનું સૌભાગ્ય પહેલા જાગે અને જ્યારે

ગ્વાલબાળોથી ઘેરાયેલા કોટિ મન્મથમન્મથ વિશ્વેશના દર્શનનો લાભ પ્રાપ્ત થયો તો પોતાને જ ભૂલી ગઈ. દૃષ્ટિ કૃષ્ણના મુખાંબુજથી ટસની મસ ન થઈ, બિચારીઓને સંભાળે પણ કોણ? કારણકે સૌની સ્થિતિ આવી જ છે. દીનબંધુની દિવ્ય લીલાઓથી સ્નાત્, અભિષિક્ત આ મથુરા માત્ર સ્થૂળ ચક્ષુગોચર મથુરાજ નથી, બલ્કે દયાધામની દિવ્ય ચિન્મય લીલાઓ સાથે તેનો શાશ્વત સંબંધ છે. અહીની સૌ સ્થળીઓ, ઘાટ, તીર્થો, ભવ્ય ભવનો, અહીંના વાસીઓ, અહીંના પશુ-પક્ષીઓ, અહીંના શ્રી યમુનાજી, સ્થાવર-જંગમ સૌ દિવ્યત્વને પ્રાપ્ત છે પરંતુ આ દિવ્ય પરિકર દિવ્ય દૃષ્ટિ, દિવ્યબુદ્ધિથી જ ગમ્ય છે.

મથુરાપુરીનું વૈશિષ્ટય

ઈદં પદ્મં મહાભાગે સર્વેષાં મુક્તિદાયિ ચ ।
કર્ણિકાયાં સ્થિતો દેવિ કેશવઃ ક્લેશનાશનઃ ।।

(આ.વા.પુ.૧૬૩/૧૫,૧૬)

તેની ઘણી વિસ્મયજનક સૃષ્ટિ છે. મથુરાની આકૃતિ છે- કમલાકૃતિ.

અહીંના અધિષ્ઠાતા દેવ- 'કેશવદેવ' આ નગરની મધ્યકર્ણિકામાં વિરાજે છે. પશ્ચિમ ભાગમાં હરદેવજી (ગિરિરાજજીમાં), ઉત્તર ભાગમાં ગોવિંદદેવજી (વૃંદાવનમાં), દક્ષિણ ભાગમાં શ્રી વારાહ દેવ (મથુરા માં) વિરાજે છે, પૂર્વી ભાગ પર વિશ્રાંતિ નામથી ભગવદ્સ્વરૂપ વિરાજમાન છે. તેથી જ વ્રજમાં કહેવાય છે-

બ્રજ સમુદ્ર મથુરા કમલ વૃન્દાવન મકરન્દ ।
બ્રજ બનિતા સબ કુમુદ હૈ કૈરવ ગોકુલ ચન્દ ।।

વ્રજ તો ભારતની ભક્તિ, શક્તિનું કેન્દ્ર હતું અને છે.

શ્રી કૃષ્ણ જન્મ ભૂમિ

અનેક વાર આપણા આ સાંસ્કૃતિક કેન્દ્રને નષ્ટ કરવાનો પ્રયાસ થયો, મથુરાનગરીના પ્રાચીન આધ્યાત્મિક સ્થળો લુપ્તપ્રાય પણ કરી દેવામાં આવ્યા, પરંતુ આ વ્રજ, આ ધરાનું ગોલોકથી અહીં અવતરણ થયું છે. આ તો સનાતન લીલા ભૂમિ છે આપણા લીલાવિહારીની. તેથી તેને સંપૂર્ણરૂપે કોઈ નષ્ટ નથી કરી શક્યું અને આજે તે ફરીથી પૂર્વવત્ પોતાની કીર્તિનો પ્રકાશ સર્વત્ર ફેલાવી રહ્યું છે. શ્રી ઠાકુરજીના પ્રપૌત્ર શ્રી વજ્રનાભજી મહારાજ દ્વારા શ્રીકૃષ્ણ જન્મભૂમિનું નિર્માણ થયું, ત્યારબાદ સને ૮૦૦ ની આસપાસ વિક્રમાદિત્ય દ્વારા મંદિરનું નિર્માણ થયું. સને ૧૦૦૦ થી ૧૦૨૬ સુધી રાજા જયપાલના શાસનકાળમાં મહમૂદ ગઝનવીએ ભારત પર એકવાર નહીં, ૧૭ વાર આક્રમણ કર્યું. મથુરા પર પણ સર્વપ્રથમ યવન શાસક ગઝનવીએ જ સને ૧૦૧૭-૧૮માં

આક્રમણ કર્યું, કેટલીય લીલાસ્થળીઓને નષ્ટપ્રાય કરી સમ્રાટ વિક્રમાદિત્ય દ્વારા જન્મભૂમિ પર બનાવેલ વિશાળ મંદિરને તોડી પાડ્યું. ભગવાન વાસુદેવના એ મંદિરની ભવ્યતાનું વર્ણન મીર મુંશી અલ-ઉલ્વીએ, જેઓ મહમૂદ ગઝનવીના મંત્રી હતા, તેઓએ ગઝનવીએ ભારત પર સને ૧૦૧૭માં ભારત પર કરેલ આક્રમણની ચર્ચા પોતાના 'તારીખે યામિની' નામના પુસ્તકમાં કર્યું છે કે વાસુદેવ મંદિરને જોઈને સ્વયં સુલતાને કહ્યું હતું કે આ ભવ્ય ઈમારત જો બનાવવી હોય તો દસ કરોડ દિનાર (સુવર્ણ મુદ્રઓ)થી ઓછો ખર્ચ નહીં થાય અને ભલે ગમે તેટલા યોગ્ય અને અનુભવી કારીગરો લગાવવામાં આવે તોપણ ૨૦૦ વર્ષથી ઓછો સમય નહીં લાગે. સુલતાને કહ્યું- ''આ કોઈ મનુષ્યની કારીગરી છે જ નહીં, આને બનાવનાર તો કોઈ દેવ જ હશે અને દેવ નિર્મિત ભવનને કોઈ કારીગર શું બનાવવાનો હતો? ત્યારબાદ સુલતાન મહમૂદે ૨૦ દિવસ સુધી મથુરા શહેરને લૂંટ્યું. સોનું, ચાંદી, બહુમૂલ્ય મૂર્તિઓ તથા મૂલ્યવાન વસ્તુઓ સેંકડો ઊંટો પર લાદીને લઈ ગયો. અલબદાયુંનીએ પોતાના પુસ્તકમાં લખ્યું છે કે તે સમયે સુલતાનની આજ્ઞાથી એક દેવમૂર્તિ તોડવામાં આવી, જેનું વજન ૯૮,૩૦૦ હતું તે શુદ્ધ સોનાની બનેલી હતી. તે સમયે યવનો મથુરાની ઘણી બધી સંપત્તિ લઈ ગયા, એ ગંભીર સ્થિતિથી પસાર થયા બાદ આ મંદિરનું પુનઃનિર્માણ થયું. સને ૧૨૦૭માં કન્નોજના રાજા વિજયચંદ્રના શાસનકાળમાં સંવત ૧૨૦૭માં જજ્જ નામના મહાશયે કૃષ્ણ જન્મસ્થાન પર એક નવું મંદિર બનાવડાવ્યું, સને ૧૫૧૫ની આસપાસ શ્રીમન મહાપ્રભુ ચૈતન્ય દેવ તે મંદિરમાં પધાર્યા હતા.

ગોકુલ દેવિયા આહલા મથુરા નગરે ।
જન્મ સ્થાન દેખિ રહે સેઈ વિપ્ર ધરે ।।

(ચૈ.ચરિ.)

સંવત ૧૪૮૯માં સિંકદર લોધીએ તેને નષ્ટ કર્યું. અહીંના મંદિરો અને મનોરમ ઘાટોને નષ્ટ-ભ્રષ્ટ કરીને મોટી-મોટી મસ્જિદો ઉભી કરી દીધી અને સખત આદેશ કર્યો કે ઘાટી પર કોઈ પણ હિંદુ સ્નાન કરવા ન આવી શકે અને કોઈ હજામ તેમનું ક્ષૌરકર્મ ન કરે.

ત્યારબાદ અકબર બાદશાહનો શાસનકાળ આવ્યો જે સને ૧૫૫૬ થી ૧૬૦૫ સુધી રહ્યો, પરંતુ અકબર ઉદાર વ્યક્તિત્વવાળો હતો. અકબરકાલીન વ્રજમાં હિંદૂ ધર્મનો ખૂબ પ્રચાર-પ્રસાર થયો. વ્રજમંડળમાં ઘણાં ઠાકુરોની વિધિવત સેવા, પૂજા, સંતોનો સમાદર થતો રહ્યો, તે સિવાય અકબરે પોતે પણ શ્રી ગોવિંદ મંદિર, દામોદર મંદિર પાટે ૨૦૦ વીઘા જમીન આપી અને સ્વામી શ્રી હરિદાસજી, રૂપ ગોસ્વામીજી, જીવ ગોસ્વામીજી જેવા મહાન સંતો પાસે તેનું સમય-સમયે દર્શનાર્થે આગમન પણ થતું રહ્યું.

ત્યારબાદ ફરીથી ૧૬૧૫માં ઓરછાના રાજા વીરસિંહ બુંદેલાએ ૩૩ લાખના ખર્ચે કેશવરાયના જીર્ણ-શીર્ણ વિશાળ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. પોતાની ભવ્યતા, નકશીકામ અને અલંકરણની દૃષ્ટિથી તે તત્કાલીન મંદિરોમાં અગ્રગણ્ય રહ્યું.

સને ૧૬૫૦માં જ્યારે ફ્રાંસીસી યાત્રી ટેવર્નિયર અહીં આવ્યો તો તેણે પોતાનો અનુભવ લખ્યો કે જગન્નાથ અને બનારસ બાદ મથુરાનું મંદિર સૌથી વિખ્યાત છે. આ મંદિર સંપૂર્ણ ભારતમાં અત્યંત સુંદર અને ઉત્કૃષ્ટ મંદિરોમાંથી એક છે. ત્યારબાદ સને ૧૬૬૩માં બર્નિયર આવ્યો તો તેણે પણ મથુરાને ઉલ્લેખનીય કહ્યું. અકબરનો શાસનકાળ સને ૧૫૫૬ થી ૧૬૦૫ સુધીનો માનવામાં આવે છે, તેના તરત બાદ ૧૬૦૫ થી ૧૬૨૭ સુધી જહાંગીરનું શાસન રહ્યું. જહાંગીરના ગયા પછી ૧૬૨૮ થી ૧૬૬૮ સુધી ૪૦ વર્ષ શાહજહાં રહ્યો, શાહજહાં બાદ ૧૬૬૯થી ૧૭૦૭ સુધી ઔરંગઝેબે હિંદુઓ પર મથુરાની ધરા પર અપાર પ્રહારો કર્યા. સને ૧૬૬૯માં ફરીથી જન્મભૂમિના મંદિરનો વિધ્વંશ થયો અને તેના સ્થાને એક મસ્જિદ ઉભી કરી દેવાઈ. ઔરંગઝેબે મથુરા પર જે કેર વર્તાવ્યો, તેનાથી મુઘલ સામ્રાજ્યનું આધિપત્ય જલ્દી જ નષ્ટ પામ્યું, સને ૧૭૦૭ થી ૧૭૩૯ ની વચ્ચેના કાળમાં બહાદુરશાહ (ફારૂખશિયર) અને મુહમ્મદશાહ રંગીલા જેવા શાસકો થયા.

સને ૧૭૩૯થી ૧૭૪૪ સુધી નાદિરશાહનું સામ્રાજ્ય રહ્યું, ત્યારબાદ સને ૧૭૪૪થી અંગ્રેજો અને ફ્રાંસીસીઓ વચ્ચે ત્રણ વાર યુદ્ધ થયું, ત્યારબાદ ૨૦૦ વર્ષ સુધી ભારત પર અંગ્રેજી શાસનકાળ આવી ગયો પરંતુ તેમાં આપણા ઠાકુર વિગ્રહો પર કોઈએ આંગળી ન ઉઠાવી. સને ૧૮૦૦ થી ૧૮૫૭ વચ્ચે હિંદુઓમાં કંઈક જાગૃતિ આવી. ૧૮૧૫ માં કાશીનરેશ પટનીમલે જન્મભૂમિની જગ્યાએ એક ભવ્ય મંદિર બનાવવાની ઇચ્છાથી ખરીદી લીધું અને નિર્માણ કરાવવા લાગ્યા. ૧૮૦૪ થી ૧૮૫૭ સુધી એવું કહેવાય છે કે ભારતમાં શાંતિકાળ રહ્યો. આ દરમ્યાન કોઈપણ પ્રકારનો ઘટનાક્રમ પ્રાપ્ત થતો નથી. ૧૮૫૭માં અંગ્રેજી શાસનકાળમાં ભારતનો સ્વતંત્રતા સંગ્રામ થયો. લગભગ એક શતાબ્દી બાદ ૧૯૪૭માં અંગ્રેજો ભારત છોડો ચળવળ ચાલી અને ભારત સ્વતંત્ર થયું, ત્યારબાદ ૧૫ ઓકટોબર સને ૧૯૫૩માં તેઓએ જન્મભૂમિને ખરીદી તો લીધી પરંતુ કૃષ્ણ સ્મારકનું નિર્માણ ન કરાવી શક્યા ત્યારે પટનીમલના ઉત્તરાધિકારી રાયકૃષ્ણ દાસ પાસેથી ૮ ફેબ્રુઆરી ૧૯૪૪માં એ જન્મભૂમિની જમીન ઘનશ્યામદાસ બિરલાના સહયોગથી શ્રી માલવીયજીએ ખરીદી લીધી અને પછી ૧૯૫૧માં શ્રીકૃષ્ણ જન્મભૂમિ ટ્રસ્ટની સ્થાપના થઈ, જેના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માલવંકરને નિયુક્ત કરવામાં આવ્યા. ત્યારબાદ એમ. અનંતશયનમ્ આયંગર આવ્યા. મુસલમાનોએ તેમાં રોડાં પણ ઉભા કર્યા પછી ૧૫ ઓક્ટોબર ૧૯૫૩માં ટ્રસ્ટના યોગ્ય અધ્યક્ષ મહાન સંત શ્રી અખંડાનંદ સ્વામીજી બન્યા, તેની વચ્ચે ૧૯૫૬માં કલ્યાણના પ્રધાન જન્મદાતા શ્રી હનુમાનપ્રસાદ પોદ્દારજી (ભાઈજી) સેંકડો ભક્તો સાથે મથુરા પધાર્યા, ત્યારબાદ તો કાર્ય આપોઆપ પૂર્ણતા તરફ અગ્રેસર થવા લાગ્યું. ૧૯૬૫માં શ્રી ભાઈજી દ્વારા એક ભાગવત ભવનનું નિર્માણ થયું. વ્રજના કણે-કણમાં જેણે પોતાની લલીત લીલાઓનું સૌરસ્ય વિખેર્યું, એ જગદાધાર, જગત નિયંતા, જગદીશ્વરની ભૂમિને આ કળિયુગમાં ઉત્થાન-પતનની કેટલીયે વિષમ પરિસ્થિતિઓથી પસાર થવું પડ્યું. આ સંપૂર્ણ ભારત માટે જાણે 'ધૈર્ય ન ગુમાવો'ની શિક્ષાનો ઉધ્ઘોષ કરી રહ્યું છે.

મથુરાના વનો

'ગર્ગસંહિતાનુસાર' સ્તુત્ય-વંદ્ય-પ્રણમ્ય મથુરાની અંદર ૧૪ કરોડ વનો છે, જેમાં કોટિ-કોટિ તીર્થો છે, તે સૌનું વર્ણન તો લેખન દૌર્બલ્ય, અલ્પબુદ્ધિ, ગ્રંથવિસ્તારના ભય અને વળી આગળની લીલાભૂમિમાં પ્રવેશ કરવાની તાલાવેલી જેવા કારણોથી સંભવ નથી.

પરંતુ તેમ છતાં આપણે સંક્ષેપમાં જરૂર લાલાની લીલાભૂમિના વિષયનું આસ્વાદન કરતાં જ આગળ વધીશું.

કેશવદેવજી

ચતુરશીતિ કોશત્વં મર્યાદં રક્ષ સર્વદા ।
નમસ્તે કેશવાયૈવ નમસ્તે કેશી નાશક ।।

(રુદ્રયામલ)

હે કેશી દૈત્યના નાશક કેશવ! આપને નમસ્કાર છે. આપ મારી ચોર્યાસી કોસની યાત્રાની મર્યાદાની રક્ષા કરો.

કેશવદેવજી- 'ન કેશવ સમો દેવઃ' (વા.પુ.) કેશીને મારીને બન્યા કેશવદેવ (કેશવ સરીખા કોઈ દેવ નહીં) કેશવદેવના સંરક્ષણમાં પાલિત-પલ્લવિત-વિકસિત આ ભૂમિમાં કેટલાય દેવો, મુનિઓ વિરાજી રહ્યા છે. ક્યાંક તીર્થ રૂપે, ક્યાંક વન-ઉપવન રૂપે, ક્યાંક સરોવર-ઘાટ રૂપે. મોટા-મોટા વૈષ્ણવ આચાર્યોએ આ ધરા ધામનો આશ્રય લીધો હતો. શ્રી નિંબાર્કાચાર્ય પ્રભુએ અહીંની શોભા વધારી, પુષ્ટિમાર્ગીય શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજી પણ અહીં પધાર્યા અને વિશાળ વૃક્ષો પર સુકોમળ કિસલય, નીલવર્ણી યમુના, લતા-વલ્લરીઓથી આચ્છાદિત અહીંના ખૂણે-ખૂણા, એવી મથુરા રાજધાનીનું દર્શન કર્યું, ત્યારબાદ કેશવદેવ મંદિરમાં આવ્યા, દર્શન કર્યા અને અહીં શ્રીમદ્‌ભાગવત પારાયણ પણ કર્યું. શ્રીમન મહાપ્રભુ ચૈતન્ય દેવજી આ ધરા પર આવીને પ્રેમના ગંભીર સ્તર સુધી પહોંચી ગયા અને અદ્‌ભુત નૃત્ય કળાના દર્શન પણ કરાવ્યા-

અહેં શ્રી નિવાસ કર કેશવ દર્શન ।
એથા શ્રી ચૈતન્ય કેલ અદ્ભુત નર્તન ।।

(ભ.ર.)

વર્તમાનમાં આપ (કેશવદેવ) કાનપુરના ઓરૈયા તાલુકામાં રસધાન ગ્રામની ધરતીનું સૌભાગ્ય વર્ધન કરી રહ્યા છો.

મથુરામંડળના રક્ષકો

મથુરાની રક્ષા કાજે જેમને સ્વયં પ્રભુએ પ્રસ્થાપિત કર્યા- ચતુર્દિક ચાર મહાદેવ છે.

૧. શ્રી ગોકર્ણ મહાદેવ (ઉત્તર દિશામાં)
૨. શ્રી પીપળેશ્વર મહાદેવ (પૂર્વમાં)
૩. શ્રી રંગેશ્વર મહાદેવ (દક્ષિણમાં)
૪. શ્રી ભૂતેશ્વર મહાદેવ (પશ્ચિમમાં)

શ્રી ભૂતેશ્વર જી

ભૂતાનાં રક્ષણાર્થાય સ્થાપિતો હરિણા સ્વયં ।
સર્વદા વરદો નાથ ભૂતેશાય નમોસ્તુતે ।।

(રૂદ્રયામલ)

આપ ભોજરાજ કંસના ઈષ્ટ, વ્રજનાભજી દ્વારા સ્થાપિત ચાર મહાદેવોમાંથી એક છો, આ સ્થાન શ્રી કૃષ્ણ જન્મભૂમિથી થોડે દૂર દક્ષિણ તરફ સ્થિત છે. આપની પાસે જ પાતાળદેવીનું પણ મનોરમ દર્શન છે.

પોતરા કુંડ

પોતરા કુંડ - લાલાના જન્મસ્થાનની પાસે જ આ સરોવર પોતાના અસાધારણ સૌભાગ્યને દર્શાવી રહ્યું છે કે હું એ જ છું જ્યાં નવજાત બાળકૃષ્ણને જન્મ બાદ પીળા વસ્ત્રો પહેરાવવામાં આવ્યા હતાં.

વિશ્રામ ઘાટ

તીર્થરાજ નમસ્તુભ્યં દેવાનાં હિતકારિણે ।
પરસ્પરરાવિષ્ટ વિશ્રાન્ત્યૈ વરદે નમઃ ।।

(પ.પુ.)

આ રમણીય સ્થાનથી મથુરાની પરિક્રમા પ્રારંભ થાય છે. કંસને હણ્યા બાદ શ્રી વિશ્વેશે અહીં આવીને આરામ કર્યો હતો, હિરણ્યાક્ષનો વધ કર્યા બાદ વારાહ ભગવાને પણ આ જ સ્થાન પર પોતાનો થાક દૂર કર્યો, લવણાસુરને માર્યા બાદ શત્રુઘ્નજીએ પણ અહીં જ વિશ્રામ કર્યો, ગોલોકથી મધુપુરીની યાત્રાથી થાકેલી યમુનાજીને પણ અહીં જ ચેન પડ્યું.

તેથી આ સ્થાન આજે વિશ્રામ ઘાટ નામથી પ્રખ્યાત છે, જે યમુનાના પાવન તટ પર સ્થિત છે-

તીર્થરાજ નમસ્તુભ્યં દેવાનાં હિતકારક ।
કંસવધશ્રમપ્રાપ્તશ્રીકૃષ્ણ શ્રમ હારિન્ ।।

(આ.વા.પુ.)

આ દિવ્ય રમણીય ઘાટ વિષે 'આદિવારાહપુરાણ'નું કથન ઉપર મુજબ છે. સૂર્યોદય કાળમાં વિશ્રામ તીર્થ, મધ્યાહ્ન કાળમાં દીર્ઘ વિષ્ણુ તથા અપરાહ્ન કાળમાં શ્રી કેશવદેવજીમાં વિષ્ણુ તેજ વિશેષ રૂપે વિદ્યમાન રહે છે. શ્રીમદ્ આચાર્ય વલ્લભપ્રભુ જ્યારે અહીં પધાર્યા, તે સમયે લોદી વંશનો શાસનકાળ હતો, લોદીના હિંદુ ધર્મ વિનાશક કાયદાઓને કારણે આ સ્થાન સ્મશાન જેવું થઈ ચૂક્યું હતું, ન કોઈ અહીં સ્નાન કરી શકતું, ન કોઈ ક્ષૌરકર્મ, ન દાન વગેરે, ત્યારે પૂજ્ય આચાર્યજીએ અહીં સર્વપ્રથમ સ્નાન કર્યું અને પોતાની અલૌકિક પ્રતિભાનો પરિચય કરાવતાં, પોતાના ખાસ-ખાસ અનુયાયીઓને લોદી પાસે મોકલ્યા, સાથે કહેવડાવ્યું કે હિન્દુ ધર્મમાં ખલેલ પહોંચાડવાનો તમને કોઈ અધિકાર નથી. તેથી તરત જ પોતાના તમામ નિર્દેશો પાછા ખેંચી લો ત્યારથી આ સ્થળ પહેલાં જેવું જ ખીલવા લાગ્યું. પોતાની પુરાતન પદ્ધતિઓ અનુસાર લોકો સ્નાન, ક્ષૌર વગેરે કર્મો કરવા, કરાવવા લાગ્યા. વિશ્રામ ઘાટ, મથુરાપુરીમાં યમુનાજીનો પૂર્વી ઘાટ માનવામાં આવે છે.

સમીપસ્થ તીર્થ

વસુદેવ-દેવકી મંદિર, મુકુટ મંદિર, કૃષ્ણ બલદેવ મંદિર, અન્નપૂર્ણા મંદિર, યમુનાજી, ધર્મરાજજી, હનુમાનજી, ચર્ચિકા દેવી, ગોવર્ધનનાથજી, સત્યનારાયણ પ્રભુ, સૌ વિરાજમાન છે.

મથુરાના દ્વારિકાધીશ

દ્વારિકાધીશ ગ્વાલિયરમાં નાગા મહાત્માઓના સેવ્ય વિગ્રહ હતા. ગ્વાલિયરમાં શેઠ ગોકુળદાસજી પારીખ તેમના પરમ ભક્ત હતા. તેઓ ગ્વાલિયરના રાજાને ત્યાં હીરાપારખુનું કામ કરતાં. એક વાર સિંધિયા રાજ્યની સેના ઉજ્જૈનનો માલ લૂંટીને ગ્વાલિયર લાવી તો ગ્વાલિયરની મહારાણી બૈજાબાઈ, જે વૈષ્ણવ હતી, તેમણે લૂટનો માલ પોતાના કોષમાં ન મૂક્યો કારણકે તેમાં દેવ મંદિરોનું ધન હોવાની આશંકા હતી તેથી રાણીએ પારીખજીને આજ્ઞા કરી- આપ આ ધનને લઈ જઈને વ્રજના કોઈ પુનિત કાર્યમાં લગાવો. દ્વારિકાધીશે રાત્રે પારીખજીને સ્વપ્નમાં આદેશ આપ્યો- આપ મને પોતાની સાથે વ્રજમાં લઈ ચાલો. સવારે પારીખજીએ નાગાજીઓને પ્રાર્થના કરી કે દ્વારિકાધીશની આવી ઇચ્છા છે. ઠાકુરની ઇચ્છા જાણીને નાગાઓએ તત્કાળ પારીખજીને

કહ્યું- આપ જ્યારે પણ વ્રજમાં જાઓ ત્યારે અમારા પ્રભુને અવશ્ય લઈ જાઓ. વિ.સં. ૧૮૫૦માં દ્વારિકાધીશની સાથે જ પારીખજી વ્રજમાં પધાર્યા. સર્વપ્રથમ દ્વારિકાધીશજીને ગોલપાડામાં સ્થિત જૂના મંદિરમાં પધરાવવામાં આવ્યા. થોડા સમય બાદ મથુરા-વૃન્દાવનના મધ્ય યમુના તટ પર અક્રૂર ઘાટ પાસે જ મંદિર બનાવડાવી (ભતરોડ મંદિર) તેમાં વિરાજમાન કર્યા, પરંતુ ત્યાં પારીખજીનું મન ન લાગ્યું, ન દ્વારિકેશનું તેથી પારીખજીએ મથુરામાં અસકુંડા અને વિશ્રામ તીર્થની વચ્ચે મંદિર બનાવડાવવાનું શરૂ કર્યું, વચ્ચે રોગગ્રસ્ત થતાં તેઓએ પોતાના ઘનિષ્ઠ મિત્ર જે વૈષ્ણવ હતા, ધનના નામે તેમની પાસે કંઈ જ ન હતું, નિર્ધન હતાં, તેમના જ્યેષ્ઠ પુત્ર લક્ષ્મીચંદને પારીખજીએ પોતાની તમામ સંપત્તિના અધિકારી બનાવી દીધા. હજી તો મંદિર નિર્માણનું કાર્ય અધુરું જ હતું અને પારીખજી રોગગ્રસ્ત થઈ ગોલોક ગમન કરી ગયા. શેષ નિર્માણ કાર્ય શેઠ લક્ષ્મીચંદજી દ્વારા સંપન્ન થયું, મંદિરમાં શ્રી દ્વારિકાધીશજીની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ શેઠ લક્ષ્મીચંદજી બાદ તેમના વંશજ શેઠ ગોવિંદદાસજીએ સેવાભાર સંભાળ્યો, તેઓ પુષ્ટિ સંપ્રદાયમાં દીક્ષિત હતાં. વલ્લભકુળના ગોસ્વામી શ્રી ગિરિધરલાલજી મહારાજ (કાંકરોલી)ને જેઠ સુદ ૧૧ વિ.સં. ૧૯૩૦ના રોજ શ્રી દ્વારિકાધીશજીના મંદિરની સેવાપૂજા માટે ભેટ આપવામાં આવ્યા. ત્યારથી આજ સુધી મંદિરનું સેવાકાર્ય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના અધિકારમાં છે. પુષ્ટિ સંપ્રદાય અનુસાર દ્વારિકાધીશના ૮ વાર ઝાંખી દર્શન થાય છે- (૧) મંગલા (૨) શ્રૃંગાર (૩) બાલ (૪) રાજભોગ, આ ચાર ઝાંખીઓ પ્રાતઃકાળની છે અને (૫) ઉત્થાપન (૬) ભોગ (૭) સંધ્યા આરતી (૮) શયન આ ચાર ઝાંખીઓ સાયંકાળની છે. પ્રતિદિન પ્રાતઃકાળે શ્રૃંગાર કર્યા બાદ માખણ-મિશ્રીનો પ્રસાદ અને રાત્રિમાં શયન બાદ મોહનભોગનો પ્રસાદ ભક્તોમાં વિતરિત કરવામાં આવે છે. શ્રાવણ માસમાં હિંડોળા દર્શન, રંગબેરંગી ઘટાઓનું દર્શન, જન્માષ્ટમી, અન્નકૂટ વગેરે અહીંના મુખ્ય મહોત્સવો છે.

અપાર વૈભવસંપન્ન આ રાજાધિરાજ ખરેખર દ્વારિકાધીશ છે, આપનું મધ્ય ભવન ૧૦૮ ફૂટ લાંબી અને ૧૨૦ ફૂટ પહોળી ચોકી પર યમુના કિનારે અસીકુંડા ઘાટ પર સ્થિત છે. ચતુર્ભુજધારી સુકોમળ શ્યામલ શરીરવાળા પ્રભુ, રુક્મણીજી સહિત દર્શન આપે છે. ગ્વાલિયરના ખજાનચી પરમ ભક્ત શ્રી ગોકુળદાસ પારીખજીએ વિ.સં. ૧૮૭૧માં તેનું નિર્માણકાર્ય કરાવીને કાંકરોલીના વલ્લભકુળ ગોસ્વામી ગણોને ભેટમાં આપ્યું હતું.

આપનું શ્યામવર્ણ રૂપ, ચાર દીર્ઘ ભુજાઓ, કમળની પાંદડી સમા નયનો, નિત્ય પ્રફુલ્લિત મુખ છટા, ત્રિભુવન સુંદર આ રૂપ ખરેખર જ અહીંના નાગરિકો જ નહીં, બલ્કે કોઈ પણ જોઈ લે તો આંખો મટકું મારવાનું ભૂલી જાય છે. વસ્તુતઃ નેત્રોનું ફળ પણ તે જ છે જેવું કે ગોપાંગનાઓએ કહ્યું-

અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામઃ સખ્યઃ પશૂનન વિવેશયતોર્વયસ્યૈઃ ।
વક્ત્રં વ્રજેશસુતયોરનવેણુ જુષ્ટં યૈર્વા નિપીતમનુરક્તકટાક્ષમોક્ષમ્ ।।

(ભા.૧૦/૨૧/૦૭)

શ્રી યમુના જૂ

આપનું રૂપ માત્ર તરલ સ્નિગ્ધ જળ માત્ર નથી, દ્વારિકેશની ચતુર્થ પટરાણી, યમરાજની ભગિની, વ્રજના અનેક ક્ષેત્રોને પોતાના મધુર જળથી અભિસિંચિત કરનારી સૌભાગ્યશાલિની દેવી, શ્રીમદ્ વલ્લભ પ્રભુએ યમુનાષ્ટક દ્વારા, ગો.પાદ શ્રી વિઠ્ઠલનાથજીએ યમુના ષટ્પદી અને નંદદાસજી જેવા અનેકો મહત્જનોએ પોતપોતાના ભાવો દ્વારા આપની વંદના કરી છે-

યુવયોર્વત્કૃસંજાતાઃ કેલિશ્રમકણા શુભાઃ ।
અતઃ સંજાયતે નૂનં તટિની કાપિ ચોત્તમા ।।
સર્વૈઃ સખીગણૈઃ પયં ત્વં પ્રસીદ કુરુષ્ય ચ ।
ઈદમેવ પરં પુણ્યં યુવયોઃ કેલિજં જલં ।।

(સ.કૃ.સં.)

રાધા-માધવના સ્વેદ કણ, શ્રમ બિંદુ જ આપનું વાસ્તવિક સ્વરૂપ છે. રાધા-માધવ જ આપનું ઉદ્ગમ સ્થાન છે. એક વખત અકબરના પૂછવાથી શ્રી જીવ ગોસ્વામીજીએ આપને ગંગાથી પણ ઉત્કૃષ્ટ દર્શાવ્યા. ભારતની શોભા વ્રજથી છે. વ્રજની શોભા યમુનાજીથી છે, જોકે આજની યમુનાજીની દર્દનાક સ્થિતિ નિશ્ચિત જ યમુનાપ્રેમી અને વ્રજપ્રેમીઓ માટે અપાર વેદનાપ્રદ છે. પરંતુ શું કરીએ, આપણી આળસ જ છે કે આપણે દીર્ઘકાળથી યમુનાજીને એ દયનીય સ્થિતિમાં જોતાં આવી રહ્યા છીએ. પરંતુ એ વાતનો સાક્ષી તો આપણો ઇતિહાસ પણ છે કે વ્રજ પર, ભારત પર, સનાતન ધર્મ પર જ્યારે-જ્યારે કોઈ સંકટની ઘડી આવી છે ત્યારે-ત્યારે સમય-સમયે સંત, મહાપુરૂષોએ આપણને સુરક્ષિત, સુસજ્જિત કર્યા છે. તેઓએ આપણી સંસ્કૃતિને બચાવી, સજાવી, સંવર્ધિત કરી છે, સૌંદર્યીકરણ જેવા અનેક ક્રિયાકલાપો દ્વારા તેની સેવા કરી છે.

એ જ હારમાળામાં વ્રજસેવાનું એક પ્રશંસનીય, પ્રત્યક્ષ, અપૂર્વ સ્થાન 'શ્રી માનમંદિર સેવા સંસ્થાન'- જુઓ એક નજર- પર્વત ખનન પર સંપૂર્ણ રોક, ગૌ સેવા, ગૌ રક્ષાનો ભરસક પ્રયાસ, સવા લાખ વૃક્ષો બાદ સવા કરોડ વૃક્ષોનો સંકલ્પ, વ્રજના અનેક સરોવરો, કુંડો, ઘાટોનું નિર્માણ જેવા અવર્ણનીય પ્રયાસો બાદ હવે 'શ્રી માનમંદિર', પૂજ્ય શ્રી રમેશ બાબાજીના નિર્દેશનમાં નવો ઇતિહાસ લખવા જઈ રહ્યું છે, તે છે શ્રી યમુનાજીની સુરક્ષા, હરિયાણા ક્ષેત્રમાં કેદ યમુનાજીને મુક્તિ અપાવવા માટે આ સંસ્થા પોતાની સંપૂર્ણ શક્તિ સાથે સતત લાગેલી છે, વિશ્વાસ છે કે અતિશીઘ્ર યમુનાજી કૃપા કરશે અને એ દિવસ આપણા સૌની સમક્ષ જલ્દી જ આવી પહોંચશે, જ્યારે યમુનાજીનું પરમ પવિત્ર જળ પોતાના કલ-કલ મધુર સ્વરો સાથે પ્રવાહિત થશે, બહારથી આવેલ અસંખ્ય યાત્રીઓ આ મધુર જળનું આચમન કરી કૃતાર્થતા અનુભવશે. શ્રી યમુનાજી કૃપા કરે.

ત્રેતામાં શ્રી યમુનાજી, શ્રી સીતાજી દ્વારા સેવિત પૂજિત થયાં-

કાલિન્દીમધ્યમાયાતા સીતા ત્વેનામવન્દત ।
સ્વસ્તિ દેવિ તરામિ ત્વાં પારયેન્મે પતિર્વ્રતનમ્ ।।
યક્ષ્યે ત્વાં ગોસહસ્ત્રેણ સુરાઘટશતેન ચ ।
સ્વસ્તિ પ્રત્યાગતે રામે પુરીમિક્ષ્વાકુપાલિતામ્ ।।

(વા.રા.આયો.કા.૫૫/૧૯,૨૦)

દ્વાપરમાં સ્વયં શ્રીકૃષ્ણએ અનેક વખત યમુનાપૂજન કર્યું, યમુનાજીના સૌંદર્યનું વર્ણન કર્યું-

અગાધતોયહ્રદિનીતટોર્મિભિર્દ્રવત્પુરીષ્યાઃ પુલિનૈઃ સમન્ततः ।
ન યત્ર ચંડાંશુકરા વિષોલ્બણા ભુવો રસં શાદ્વલિતં ચ ગૃહ્યતે ।।

(ભા.૧૦/૧૮/૦૬)

તો પછી કળિયુગમાં આવી સ્થિતિ કેમ? આ વાતને ભૂલ્યા વિના, સંગઠિત થઈ, કાયિક, વાચિક, માનસિક યથાશક્તિ પોતાનું કર્તવ્ય કર્મ સમજીને પૂર્ણ કરીએ. આ કોઈ એક વ્યક્તિ, એક સંપ્રદાય, એક આશ્રમ અથવા એક પ્રાંતનું કાર્ય નથી, બલ્કે પ્રાણીમાત્રનું કર્તવ્ય છે.

ગતાશ્રમ તીર્થ

કંસ વધ બાદ, એવી જનશ્રુતિ છે કે પ્રથમ વખત શ્રમ નિવૃત્તિ માટે શ્રીકૃષ્ણ કેટલીક ક્ષણો અહીં રોકાયા હતા.

વરદોસિ મહારમ્ય નાનાક્લેશનિવારક ।।
ગતશ્રમ મહાસ્થાન નમસ્તે નારદાર્ચિત ।।

(વા.પુ.)

શ્રી નારદજી દ્વારા અર્ચિત, અનેક કષ્ટો દૂર કરનાર વરદાયક ગતાશ્રમ મહાન સ્થાનને પ્રણામ છે.

હવે તમામ સ્થાનોને પ્રણામ કરતાં આપણે પ્રભુની અનન્ય લીલાભૂમિઓમાં પણ પ્રવેશ કરવા ઇચ્છુક છીએ.

મથુરાની ટેકરીઓ

પહેલા અહીંની ટેકરીઓ વિશે જાણીએ- ધ્રુવ ટેકરી, ઋષિ ટેકરી, કલિયુગ ટેકરી, બલિ ટેકરી, કંસ ટેકરી, રજક વધ ટેકરી, અંબરીષ ટેકરી, હનુમાન ટેકરી, ગતાશ્રમ ટેકરી,

અહીંના મહાદેવ- શ્રી ભૂતેશ્વર, શ્રી ગોકર્ણેશ્વર, શ્રી પિપ્પલેશ્વર, શ્રી રંગેશ્વર, શ્રી ગળતેશ્વર, શ્રી કાલિંદીશ્વર, શ્રી સોમેશ્વર, શ્રી રામેશ્વર, શ્રી વીરભદ્રેશ્વર વગેરે.

અહીંની ઉન્નત ટેકરીઓ- ધ્રુવ ટેકરી, ધનુષ ટેકરી, નાગ ટેકરી, ગણેશ ટેકરી, નારદ ટેકરી, સપ્તઋષિ ટેકરી અને કંસ ટેકરી.

મથુરાના કુંડ

અહીંના લીલા સંબંધી કુંડ- શિવતાલ કુંડ, બલભદ્ર કુંડ, પોતરા કુંડ, મહાવિદ્યા કુંડ, સરસ્વતી કુંડ વગેરે.

મથુરાના સ્થળો

અહીંના સ્થળો- રજક વધ સ્થળ, કુવલયાપીડ વધસ્થળ, રંગભૂમિ સ્થળ, કંસ વધ સ્થળ, કુબજા કૂપ (અહીં કુબજાનું ઘર હતું)

મથુરાના ઘાટ

અહીંના ઘાટ- વસુદેવ ઘાટ (આ ઘાટથી જ વસુદેવજી કૃષ્ણને લઈ ગોકુળ ગયા હતા.)

અસકુંડા ઘાટ, મણિકર્ણિકા ઘાટ, કૃષ્ણ ગંગા ઘાટ, ગૌ ઘાટ, દશાશ્વમેધ ઘાટ, શામ્બ ઘાટ, તિન્દુક ઘાટ (બંગાલી ઘાટ), નાગ તીર્થ ઘાટ, સોમતીર્થ ઘાટ, અસ્સી ઘાટ, ધારા પતન, ઘંટા ભરણ, વૈકુંઠ પ્રયાગ, અતિસુક્ત અને કનખલ.

મથુરાના તીર્થો અને મંદિરો

તીર્થ

ગોકર્ણ તીર્થ, તિન્દુક તીર્થ, યમુના તીર્થ, અવિમુક્ત તીર્થ, ગુહ્ય તીર્થ, ચક્ર તીર્થ, મોક્ષ તીર્થ, સંયમન તીર્થ, વોધિતીર્થ, વસુમતિ તીર્થ, ઋષિ તીર્થ, કોટિ તીર્થ આ સૌ દિવ્ય લીલાસ્થળીઓના પ્રણામ મંત્રો શ્રી નારાયણ ભટ્ટ ગોસ્વામીજી દ્વારા વિરચિત શ્રી બ્રજ ભક્તિ વિલાસમાં દર્શનીય છે.

મંદિરો

શત્રુઘ્ન મંદિર- રામજીની આજ્ઞાથી વ્રજની રક્ષા માટે શત્રુઘ્નજીનું અહીં આગમન થયું. મથુરામાં વિરાજમાન શત્રુઘ્નજીને અમે પ્રણામ કરીએ છીએ.

ततो मंदिर श्री पद्मनाभ जी प्रार्थना मंत्र :

नमस्ते कमलाकान्त पद्मनाभ नमोस्तुते ।
माथुर मंडलम् रक्ष प्रदक्षिणा वरप्रद ।।

(विष्णु यामले)

હે લક્ષ્મીકાન્ત પદ્મનાભ પ્રભુ! આપ આ મથુરા મંડળની રક્ષા કરો, આપ પ્રદક્ષિણાકારીઓ માટે વિજયનું વરદાન આપનારા છો.

ततो मंदिर श्री दीर्घ विष्णुजी प्रार्थना मंत्र :

अखंड ब्रजरक्षार्थे दीर्घमूर्ति धरो हरिः ।
सर्वदा वरदो नाथ नमस्ते दीर्घ विष्णवे ।।

અખંડ રૂપે વ્રજની રક્ષા કરવા માટે શ્રી હરિએ દીર્ઘ વિગ્રહ ધારણ કર્યો, દીર્ઘ વિષ્ણુને પ્રણામ છે, આપ ઘીયા મંડીમાં વિરાજમાન છો.

ततो मंदिर श्री चर्चिका देवीजी प्रार्थना मंत्र :

रूपपेशलमाधुर्यहसितालापवीक्षितैः ।
धर्षितात्मा ददौ सान्द्रमुभयोरनुलेपनम् ।।

(ब्र.भ.वि.)

હે દેવી! આપ વૈષ્ણવી છો, વરદાયિકા છો, વૈકુંઠ પ્રાપ્તિ માટે અમે આપને નમસ્કાર કરીએ છીએ.

શ્રી કુબ્જા કૃષ્ણ મંદિર- અહીં કુબ્જા અને શ્રીકૃષ્ણનું રંગશાળામાં જતી વખતે મિલન થયું હતું. આ ઘણું પ્રાચીન મંદિર છે, અહીં કુબ્જા, શ્રીકૃષ્ણના સુકોમલ, શ્યામલ શ્રી અંગ પર મોહિત થઈ ગઈ હતી ત્યારે બંને ભાઈઓએ તેના પર કૃપા કરતાં, તેના નીલ-પીત અંગરાગને પોતાના ગૌર-કજ્જલ વર્ણ પર લગાવ્યું.

रूपपेशलमाधुर्यहसितालापवीक्षितैः ।
धर्षितात्मा ददौ सान्दमुभयोरनुलेपनम् ।।

(भा.१०/४२/०४)

શ્રી કંસ કાલી મંદિર- આ શ્રીકૃષ્ણની ભગિની છે, જે કંસના હાથમાંથી ઉડીને નભમાં અષ્ટભુજા દેવીના રૂપે પ્રકટ થઈ હતી-

સા તદ્ધસ્તાત્સમુત્પત્ય સદ્યો દેવ્યમ્બરં ગતા ।
અદૃશ્યતાનુજા વિષ્ણોઃ સાયુધાષ્ટમહાભુજા ।।

(ભા.૧૦/૪/૦૯)

ચામુંડા દેવી મંદિર- શ્રી બલરામ પ્રભુને માતા દેવકીના ગર્ભમાંથી કાઢી, રોહિણીજીને માતા બનવાનું સૌભાગ્ય પ્રદાન કરનારી અદ્‌ભુ દેવી છે, તેમના આ સત્કાર્યથી પ્રસન્ન થઈ, પ્રભુએ તેમને વરદાન આપ્યું કે આગળ જતાં લોકો આપને અનેક નામોથી ઓળખશે, આરતી પૂજા કરશે. (ભા. ૧૦/૦૨/૧૨)

શ્રી સરસ્વતિ મંદિર- વિદ્યા દેવી, વાક્‌દેવી, અહીં વિરાજી રહ્યા છે, પાસે જ આપનું નિર્મળ જળથી ભરેલ સરોવર પણ છે.

શ્રી મહાવિદ્યા મંદિર- (સિદ્ધ પીઠ) આ વ્રજના ૮ સિદ્ધ પીઠોમાંથી એક છે, આપ શ્રીકૃષ્ણ અને સમસ્ત વ્રજવાસીઓ દ્વારા પૂજિત સેવિત છો. શિવરાત્રિના અવસરે અંબિકા વનમાં સમસ્ત વ્રજવાસીઓ સહિત ગોપાલજીએ આપની પૂજા કરી હતી.

તમપૃચ્છદ્ધૃષીકેશઃ પ્રણતં સમવસ્થિતમ્ ।
દીપ્યમાનેન વપુષા પુરુષં હેમમાલિનમ્ ।।

(ભા.૧૦/૩૪/૧૦)

શ્રી પશુપતિ નાથ મહાદેવ મંદિર- અંબિકા દેવીની સમીપ જ આપ વિરાજી રહ્યા છો, અહીં કૃષ્ણકાળમાં સરસ્વતી નદી પ્રવાહિત થતી હતી, જેનો ઉલ્લેખ ભાગવતમાં પ્રાપ્ત થાય છે, જેમાં સમસ્ત વ્રજવાસીઓએ સ્નાનાદિ કરી ભગવાન પશુપતિનાથ અને ભગવતી અંબિકાની પૂજા કરી હતી, આજે તો એ નદી લુપ્ત થઈને નાળું બની ગઈ છે, જેને વ્રજવાસીજનો 'સરસ્વતી નાલા' (નાળું) કહે છે.

શ્રી પંચમુખી મહાદેવ મંદિર- સુદામા માલીના આપ સેવ્ય છો, આરાધ્ય છો-

તતઃ સુદામ્નો ભવનં માલાકારસ્ય જગ્મતુઃ ।
તૌ દૃષ્ટ્વા સ સમુત્થાય નનામ શિરસા ભુવિ ।।

(ભા.૧૦/૪૧/૪૩)

શ્રી ગર્તેશ્વરમહાદેવ મંદિર- ગર્ત (ખાડા)માંથી ઉદ્‌ભવ થવાને કારણે આપનું નામ ગર્તેશ્વર થઈ ગયું, વ્યાધિ નાશ માટે આપનું દર્શન પ્રશસ્ત છે.

તતો ગર્તેશ્વર મહાદેવ પ્રાર્થના મંત્ર :

ગર્તેશ્વર નમસ્તુભ્યમતિદીર્ઘજ્વરાપહ ।
હરયે શમ્ભવે દેવ ! શરીરારોગ્યમાચર ।।

(બ્ર.ભ.વિ.)

હે પ્રભુ! આપ અમારી દેહને પણ આરોગ્ય પ્રદાન કરો.

ઉપસંહાર :


વ્યાસ સખી –

તીન લોક તે મથુરા ન્યારી ઔર ન દૂજી દીસિયે ।
કેશવરાય ગોવર્દ્ધન ગોકુલ પલ-પલ માંહિ પરીસિયે ।
જમુનાજલ વિશ્રાંત મધુપુરી કોટિ કર્મ જહાઁ નાસિયે ।
નન્દકુમાર સદાવન વિહરત કોટિ રસાયન રાસિયે ।
‘વ્યાસદાસ’ પ્રભુ યુગલ કિશોરી કોટિ કસૌટી કાસિયે ।

ધનિ-ધનિ મથુરા ધનિ-ધનિ મથુરા ધનિ મથુરા કે વાસી હો ।
જીવનમુક્ત સબૈ વિહરત હૈં કેશવરાય ઉપાસી હો ।
માલા તિલક હૃદય અતિ રાજત મુનિજન જ્ઞાન પ્રકાસી હો ।
સ્થાવર જંગમ સબૈ ચતુર્ભુજ કામ ક્રોધ કુલ નાસી હો ।
સુગમ નદી વિશ્રાંત જમુનજલ મજ્જન કાલ વિનાશી હો ।
‘વ્યાસદાસ’ ષટ પુરી દુરી સબ હરિપુર ભયો ઉદાસી હો ।

ધામમાં આજે પણ એ જ ભાવથી પ્રવેશ કરવો કે અહીં શ્રી હરિ વિરાજમાન છે. જે માત્ર દિવ્ય ચક્ષુઓથી જ દૃષ્ટિગોચર થઈ શકે છે.





મથુરા - શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિર



મથુરા - શ્રી દ્વારિકાધીશ મંદિર અને વિશ્રામ ઘાટ



મથુરા - શ્રી ભૂતેશ્વર મહાદેવ, કંકાલી દેવી (યોગમાયા) મંદિર

અધ્યાય-૫૧

સતોહા

આ શાંતનુજીની તપસ્થળી છે, અહીંના તપ પ્રભાવથી જ તેમને ભીષ્મ જેવા પુત્રની પ્રાપ્તિ થઈ. અહીં જ શાંતનુ સરોવર પણ છે.

દેકોહ 'સાતોઆ' ગ્રામ-કુંડ સુનિર્મલ ।
શન્તનુ મુનિર એઈ તપસ્યાસ્થલ ।

(ભ.૨)

મધુવન

આ એ જ પ્રદેશ છે જ્યાં નારદજીએ ધ્રુવને મોકલ્યા હતા. અહીં ધ્રુવ ટેકરી છે. આ ટેકરીની ચારે બાજુ સુંદર સઘન વન અને સુંદર ઝાડીઓ છે. અહીં જે ઊંચી ટેકરી છે, તેના પર ધ્રુવજીએ તપ કર્યું હતું. તે તપના પ્રભાવથી ધ્રુવજીએ કાળ પર વિજય મેળવ્યો હતો-

તત્તાત ગચ્છ ભદ્રં તે યમુનાયાસ્તટં શુચિ ।
પુણ્યં મધુવનં યત્ર સાંનિધ્યં નિત્યદા હરેઃ ।।

(ભા.૪/૮/૪૨)

યયોત્તાનપદઃ પુત્રો મુનિના ગીતયાર્ભકઃ ।
મૃત્યોઃ કૃત્વૈવ મૂર્ધ્નર્યંઘ્રિમારુરોહ હરેઃ પદમ્ ।।

(ભા.૩/૧૪/૫)

તદોત્તાનપદઃપુત્રો દદર્શાન્તકમાગતમ્ ।
મૃત્યોર્મૂર્ધ્નિ પદં દત્ત્વા આરુરોહાદ્ભુતં ગૃહમ્ ।।

(ભા.૪/૧૨/૩૦)

અહીં શ્રીકૃષ્ણ નિત્ય નિવાસ કરે છે. અહીં ધ્રુવજી આવ્યા અને તેઓએ કૃષ્ણ લીલાઓનું ધ્યાન કર્યું, એવી લીલાઓ જે કૃષ્ણ ભવિષ્યમાં કરશે. નારદજીએ તેમને કૃષ્ણ લીલાનો ઉપદેશ આપીને કૃષ્ણ મંત્ર આપ્યો અને તેઓએ આ જ ટેકરી પર બેસીને ભજન કર્યું. કૃષ્ણ સ્મરણ કરતાં ૧ માસ સુધી તેમણે ત્રણ-ત્રણ રાત્રિના અંતરે કોઠાં અને બોર ખાઈને શરીરનું પોષણ કર્યું, ૨ માસમાં છ-છ દિવસ બાદ સૂકી ઘાસ અને પાંદડાં ખાઈને

કૃષ્ણની આરાધના કરી, ત્યારબાદ તપ વધારી દીધું, ૩ મહીનામાં દર નવમા દિવસે ફક્ત પાણી પર જ રહ્યાં. ૪ મહિનામાં ૧૨-૧૨ દિવસના અંતરે શ્વાસ લેવા લાગ્યા. ૫ મહીનામાં તો તેમણે શ્વાસ લેવાનું પણ બંધ કરી દીધું. આખો સંસાર કાંપી ઉઠ્યો. આવી ઉગ્ર તપસ્યા જોઈને ભગવાન સ્વયં ત્યાં આવ્યા. અત્યાર સુધી તો માત્ર ભક્તો જ ભગવાનના દર્શનની ઇચ્છા રાખતાં હોય છે, પરંતુ શુકદેવજી કહે છે કે સામેથી એ બાળકને જોવા માટે સ્વયં ભગવાન આવ્યા કે કેવો અદ્‌ભુત બાળક છે! ચાલો જોઈએ તો ખરાં. ભગવાનને ભક્તના દર્શનની ઇચ્છા થઈ. મધુવનના શેષભાગમાં જે કુંડ છે, તે અહીંનો પ્રસિદ્ધ કુંડ છે, તેને મધુસૂદન કુંડ પણ કહે છે અને આ લવણાસુર વધસ્થળ છે. મધુવન સખ્ય લીલા તથા શ્રૃંગાર લીલાનું પ્રસિદ્ધ સ્થળ છે. સખ્ય લીલાની વાત એવી છે કે જ્યારે અહીં મધુવનમાં શ્રીકૃષ્ણ આવતાં તો નંદરાણી ઘણું બધું ભાથું (છાક) બાંધીને આપતાં. અહીં છાક લીલા થવાથી સખ્ય લીલા ઉત્પન્ન થઈ. શ્રૃંગાર રસની લીલામાં પણ શ્રીકૃષ્ણ મહારાસમાં ફરતાં-ફરતાં અહીં આવે છે. 'ગર્ગ સંહિતા'માં વૃંદાવન ખંડમાં આનું વર્ણન મળે છે કે અહીં ઘણી સુંદર સંગીત સભા થઈ. મધુવનમાં શ્રીકૃષ્ણએ બંશી બજાવી છે કારણકે તે ઘણું મધુર વન છે.

બંસી બાજ રહી મધુવન મેં કૈસે જાઉં મેરી બીર ।
ઔચક સુની મુરલિયા બાજી મેરો મનુઆ હૈ ગયો રાજી ।
સુધ બુધ મેરી ઉતહી ભાજી ।
લોક લાજ કી કૌન સુને મેરો જિયરા ધરે ન ધીર ।

આ એ જ મધુવન છે. આજે પણ અહીં જે લતાઓ નજરે પડે છે, તેમની નીચે આ લીલાઓ થઈ છે. મધુવનમાં શ્રીકૃષ્ણ રાસ રમ્યા હતાં. અહીં તેઓએ આ રાગોનું ગાન કર્યું- ભૈરવ, મેઘ મલ્હાર, દીપક, માલકૌંસ, શ્રી અને હિંડોલ. આ રાગ મધુવનમાં રાધાકૃષ્ણએ ગાયા. આ રાગોનો અલગ-અલગ પ્રભાવ છે. ભૈરવથી ચેતના આવે છે, મેઘ મલ્હારથી વર્ષા થાય છે, દીપકથી જ્યોતિ પ્રજ્વલે છે, માલકૌંસથી ભક્તિ આવે છે, શ્રી થી કલ્યાણ થાય છે તથા હિંડોલથી આનંદ મળે છે. તેથી આ રાગ ભગવાને મધુવનમાં ગાયા અને ત્યારબાદ નૃત્ય કર્યું. અહીં ૮ તાલ, ૩ તાલ અને ૭ સ્વરોનો રાસ થયો. શ્રીકૃષ્ણ અહીં રાસેશ્વરી રાધારાણી સાથે નાચ્યા છે. આ ગ્રંથોમાં લખ્યું છે. રાસેશ્વરી રાધા રાણીએ અહીં રાસેશ્વરને આંગળી પકડીને નચાવ્યા છે.

નાચે નાચે રે કન્હૈયા રાધા રાની રહી નચાય ।
હાથન તે હાથન કૂં પકરેં કબહૂઁ ગલબૈયાઁ મેં જકરે ।
પીતામ્બર ઔર ફરિયા ફહરે ।
ઉડ ઉડ જાવૈ પીરો પટુકા સારી તે લિપટાય ।

તતો મધુવન પ્રાર્થના મંત્ર :

મધુદાનસમુદ્ભૂત સહસ્ત્રગુણિતાર્થદઃ ।
માધવેશાય રમ્યાય નમો મધુબનાય ચ ।।

મધુ દાનથી ઉત્પન્ન, હજાર ગણું ફળ આપનાર, હે માધવ ઈશ આપ રમણીક છો, આવા મધુવનને નમસ્કાર છે.

તતો મધુસૂદન કુંડ પ્રાર્થના મંત્ર :

મધુસૂદનકુંડાય તીર્થરાજ નમોઽસ્તુ તે ।
પીતરક્તસિતસ્યામનિર્મ્મલક્ષીરપૂરિતઃ ।।

હે મધુસૂદન કુંડ તીર્થરાજ! આપને નમસ્કાર છે. પીળા, લાલ, શ્વેત અને નીલ નિર્મળ જળથી ભરેલા તીર્થરાજ આપને નમસ્કાર છે.

અહે શ્રીનિવાસ એહિ દેખો મધુવન ।
સર્વ કામ પૂર્ણ હોય કોરિલે દર્શન ।।

(ભ.ર.)







સતોહા - શ્રી શાંતનુ કુંડ અને કૃષ્ણ કુંડ, મધુવન

અધ્યાય-૫૨

તાલવન

તાલવનમાં ધેનુકાસુર નામનો નરભક્ષી ગર્દભ રહેતો હતો. આ સ્થાનની કથા 'ગર્ગ સંહિતા'માં પણ છે અને 'બ્રહ્મવૈવર્તપુરાણ'માં પણ પરંતુ બંને જગ્યાઓ ભિન્ન-ભિન્ન છે. ભાગવત અને ગર્ગસંહિતાનુસાર તો ધેનુકનો વધ દાઉ દાદાએ કર્યો છે. બ્રહ્મવૈવર્તપુરાણ અનુસાર ધેનુકના વધકર્તા શ્રીકૃષ્ણ છે.

ગર્ગ સંહિતાનુસાર

દેવર્ષિ નારદજી, રાજા બહુલાશ્વને આ કથા સંભળાવી રહ્યા છે-

તાલવનમાં તાડના સુંદર-સુંદર પરિપક્વ ફળો લાગેલાં હતાં. જેની સુગંધ ચારે તરફ ફેલાઈ ગઈ પરંતુ ધેનુકાસુરના ભયથી કોઈ એ વનસ્થળમાં આવતું-જતું નહોતું. ધેનુક કંસનો મિત્ર હતો, તેનામાં કરોડો સિંહોની શક્તિ હતી.

એકવાર ગ્વાલબાળોને ભૂખ લાગતાં તેઓએ તાડના પાકેલાં ફળોની સુગંધ લેતાં રામ-શ્યામને કહ્યું- ''ભાઈ! આજે તો તાડફળ ખાવાની ઇચ્છા થઈ રહી છે.'' દાઉજી નિર્ભય બનીને ગ્વાલબાળોને લઈને ગયા તાલવનમાં. ગ્વાલબાળો પાકાં ફળોને નીચે પાડવા માટે વૃક્ષો હલાવવા લાગ્યાં. ટપોટપ કરતાં ફળો નીચે પડવા લાગ્યા. ફળોનો નીચે પડવાનો અવાજ સાંભળીને ધેનુક જાગી ગયો. ક્રોધથી ભૂંકતો આવ્યો અને આવતાં જ દાઉજીના વક્ષ પર લાત ફટકારી. દાઉજીએ તેના બંને પાછલા પગ પકડી લીધા અને આકાશમાં ઘુમાવતાં વિશાળ તાડવૃક્ષ પર પટકી દીધો. એ ઝાડ જ પડી ગયું પછી ધેનુકે દાઉજીને ૧ યોજન દૂર ધક્કો માર્યો, ત્યારે દાઉજીએ તેને પકડીને એવો ઘુમાવ્યો કે તેનું માથું ફાટી ગયું અને અચેત થઈને પડી ગયો. જોકે ગધેડાને શીંગડાં હોતાં નથી પરંતુ તેણે રાક્ષસી માયાથી ૪ શીંગડા પ્રકટ કર્યા અને ગ્વાલબાળો પર હુમલો કર્યો, ગ્વાલબાળોએ વિચાર્યું કે આવા સમયે કૃષ્ણ-બલરામને એકલાં ન છોડવા જોઈએ. આ ગ્વાલબાળો માત્ર દૂધ-દહીં ચોરવાનું જ નથી જાણતાં, તેઓ બળવાન પણ છે. શ્રીદામાએ ધેનુકને દંડો માર્યો, સુબલે મુષ્ટિપ્રહાર કર્યો. સ્તોક કૃષ્ણએ પાશ દ્વારા, અર્જુને લાત દ્વારા, તેજસ્વીએ તો એની ગરદન જ પકડી લીધી. વરુથપને કાંઈ ન મળ્યું તો તે દડાથી જ મારવા લાગ્યો ત્યાં સુધી શ્રીકૃષ્ણએ તેને ઉંચકીને ગોળ-ગોળ ફેરવતાં ગોવર્ધન પર્વત પર પટકી દીધો. બે ઘડીતો તે મૂર્છિત રહ્યો પછી ક્રોધથી ઉઠ્યો અને કૃષ્ણને ૧ લાખ યોજન ઊપર ઉડાવીને લઈ ગયો, ત્યાં યુદ્ધ કરવા લાગ્યો. પ્રભુએ તેને ત્યાંથી નીચે પટક્યો, ફરી મૂર્છિત થઈ ગયો. હોશમાં આવતાં જ ગિરિરાજ પર્વતને ઉખાડી દડાની જેમ પ્રભુ પર પ્રહાર કર્યો,

ત્યારે ખલ-દલ સંહારી કૃષ્ણએ ગિરિરાજ પર્વતનો તેના મસ્તક પર પ્રહાર કર્યો, તેણે ફરી ફેંક્યો. દડા જેવી રમત ચાલુ થઈ ગઈ. અંતે શ્રીકૃષ્ણએ પર્વતને પોતાની પાસે રાખી લીધો તો તેણે ફરી દાઉજીના વક્ષ પર લાત મારી અને ગર્જના કરવા લાગ્યો. આ વખતે દાઉજીએ તેને જમીન પર પટકી-પટકીને એવો મુષ્ટિ પ્રહાર કર્યો કે તેનું કામ જ તમામ કરી નાખ્યું. મૃત્યુ બાદ તે દિવ્ય દેહ ધારણ કરીને ભગવદધામમાં ચાલ્યો ગયો..

રાજા બહુલાશ્વએ પ્રશ્ન કર્યો- ''નારદજી! આ ધેનુકાસુર પૂર્વ જન્મમાં કોણ હતો? તે પ્રભુ સાથે વેર રાખવા છતાં પણ દિવ્ય દેહે ભગવદ ધામમાં ગયો.'' ત્યારે નારદજીએ કહ્યું- ''રાજન! પ્રહલાદ પુત્ર વિરોચનથી બલિ અને બલિના જ્યેષ્ઠ પુત્રનું નામ હતું- સાહસિક.

એકવાર ૧૦ હજાર સ્ત્રીઓ સાથે ગંધમાદન પર્વત પર વિહાર કરી રહ્યો હતો. પાસે જ એક કંદરામાં દુર્વાસાજી તપ કરી રહ્યા હતા. ભોગવિલાસમાં મનુષ્ય એ ભૂલી જાય છે કે ક્યાં શું કરવું જોઈએ. દુર્વાસાજીના તપમાં ખલેલ પડ્યું. કંદરાથી બહાર આવી ભોગરત સાહસિકને જોતાં તેઓએ ક્રોધિત થઈ તેને શાપ આપી દીધો.

''મૂર્ખ! ગધેડાની જેમ ભોગમાં રત છે. પશુઓમાં પણ ગધેડો સૌથી વધુ ભોગી હોય છે. જા તૂં ગધેડો જ બની જા.'' ક્ષમાયાચના કરતાં દુર્વાસા ઋષિ બોલ્યા- ''૪ લાખ વર્ષો સુધી ગધેડો બન, ત્યારબાદ તાલવનમાં દાઉજીના હાથે તારો ઉદ્ધાર થશે.''

બ્રહ્મવૈવર્તપુરાણાનુસાર :

સ્વયં નારાયણ ભગવાન નારદજીને આ કથા સંભળાવી રહ્યા છે- તાડના પાકાં ફળો પાડવા માટે જ્યારે ગ્વાલબાળોએ વૃક્ષો હલાવ્યા તો ફળો નીચે પડ્યા અને ગ્વાલબાળોએ તે પેટ ભરીને ખાધાં. ત્યાં સુધીમાં ધેનુક ત્યાં પહોંચી ગયો. ગ્વાલબાળો આ ભયાનક વિશાળકાય ગધેડાને જોઈને ગભરાઈ ગયા, રડવા લાગ્યા અને કૃષ્ણ-બલરામને રક્ષા માટે પોકારવા લાગ્યા ત્યારે શ્રીકૃષ્ણએ દાઉજીને કહ્યું- ''ભાઈ! તમે આ બાળકોને દૂર લઈ જાઓ અને આ દુષ્ટ દૈત્યને તો હું એકલો જ જોઈ લઈશ. તે બલિનો પુત્ર સાહસિક છે. સમસ્ત દેવગણો મળીને પણ તેને પરાસ્ત નથી કરી શક્યા.'' ધેનુક મોં ફાડીને આવ્યો. શ્રીકૃષ્ણને ગળી ગયો, પ્રભુએ તેના ઉદરમાં અગ્નિ રૂપ ધારણ કરી લીધું ત્યારે તેણે ફરીથી પ્રભુને મોંની બહાર કાઢ્યા અને પ્રભુનું મધુર સસ્મિત વદન જોઈને તેની દાનવી બુદ્ધિ જતી રહી. તે ઓળખી ગયો કે આ તો ભગવાન છે, સર્વેશ્વર છે પછી તો યુદ્ધના બદલે તે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો- ''હે ભગવાન! આપે જ વામન બનીને મારા પિતા પાસે ભિક્ષા માગી હતી. આપ ભક્તવત્સલ છો. આપે જ મારા પિતાને સુતલ લોકનું રાજ્ય આપ્યું. ભોગને કારણે મારે ગર્દભ બનવું પડ્યું. હવે આપ શીઘ્ર સુદર્શન ચક્રથી મારો વધ કરીને મને આ અનાર્ય યોનિમાંથી મુક્ત કરો અને એવી કૃપા કરો કે પુનર્જન્મ જ ન થાય.'' ધેનુકે જે સ્તુતિ કરી છે, તેનો નિત્ય પાઠ કરવાથી ત્યાં સુધી

કહેવાયું છે કે ભક્તિની પ્રાપ્તિ થઈ જાય છે. તેની સ્તુતિ સાંભળીને પ્રભુએ વિચાર કર્યો આવા ભક્તનો હું વધ કેવી રીતે કરું? ત્યારે પ્રભુએ તેની સ્મૃતિ હરી લીધી. હવે ફરી તે એ જ આસુરી ભાવમાં આવીને બોલ્યો- ''હે મનુષ્યના બાળક! હું હમણાં જ તને યમલોક પહોંચાડું છું.'' કહીને ટૂટી પડ્યો પ્રભુ પર, ભીષણ સંગ્રામ થયો. પ્રભુએ ચક્રથી તેનો શિરચ્છેદ કર્યો. તેના દેહમાંથી એક તેજપૂંજ પ્રકટ થયો અને પ્રભુના ચરણકમળોમાં વિલીન થઈ ગયો. તેના મૃત્યુ પર દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. ગ્વાલબાળો ખુશીથી નાચવા લાગ્યા. નારદજીએ પૂછ્યું- ''પ્રભુ! ધેનુક પૂર્વજન્મમાં કોણ હતો? તેને ગર્દભ યોનિ કેવી રીતે પ્રાપ્ત થઈ?'' નારાયણ ભગવાને જણાવ્યું- ''દેવર્ષિ! એકવાર બ્રહ્માજીએ દરેક જગ્યાએથી તલ જેટલું સૌંદર્ય લઈને તિલોત્તમા નામની સર્વાંગ સુંદર અપ્સરા બનાવી. તે ચંદ્રને મળવા જઈ રહી હતી, માર્ગમાં બલિ પુત્ર સાહસિક પર મોહિત થઈ ગઈ. કુલટાઓ એક પુરુષગામિની નથી હોતી. તેને તો જે મળી જાય તેની સાથે જ રમણ કરવા લાગે છે. તિલોત્તમા સાહસિક સાથે વિહાર કરવા લાગી. બંને ભોગમાં એટલાં અંધ થઈ ગયા કે એ ધ્યાન પણ ન રહ્યું કે પાસે જ દુર્વાસાજી ધ્યાનમગ્ન છે. દુર્વાસાજીએ જ્યારે નેત્રો ખોલ્યા તો ગર્દભની જેમ નિર્લજ્જ ભોગ કરતાં જોઈ તરત શ્રાપ આપ્યો- ''નિર્લજ્જ! તૂ ભક્ત શિરોમણિ બલિનો પુત્ર હોવા છતાં પશુવત્ નગ્ન ભોગ-આચરણ કરી રહ્યો છે. જા ગધેડો થઈ જા!''

તિલોત્તમાની સામે જોતાં બોલ્યા- ''કુલટા! જા તું રાક્ષસી બની જા.'' બંનેનો ભોગ આવેશ ઠંડો થતાં હોશમાં આવ્યા. ક્ષમાયાચના કરવા લાગ્યા, તો ઋષિને દયા આવી ગઈ. દયાવશ બોલ્યા- ''સાહસિક! જા વ્રજમાં ચાલ્યો જા, વૃંદાવનની પાસે તાલવન છે, ત્યાં રહે, ધામવાસથી તારા પાપો નષ્ટ થશે પછી શ્રીકૃષ્ણ દ્વારા કલ્યાણ થશે.'' મહાત્માઓના દંડ, શાપ, ક્રોધ પણ ભગવાન સાથે મિલન કરાવી આપે છે. પછી તિલોત્તમાને બોલ્યા- ''જા! તારું પણ કલ્યાણ થશે, તું બાણાસુરની કન્યા ઉષા બનીશ અને શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ તારું વરણ કરશે.''







તાલ વન - વેત્ર (વૈતરણી) ગંગા અને દાઉજી મંદિર

અધ્યાય-૫૩

કુમુદ વન

ચિન્મયી પ્રકૃતિના ચિન્મય સૌંદર્યથી યુક્ત કુમુદવનમાં જ્યારે શ્રીકૃષ્ણ અને તેમના સખાઓ પહોંચ્યા ત્યારે ત્યાં કુમુદ પુષ્પોને જોઈને તેમને ભોજનની ઇચ્છા થઈ. સુંદર દૃશ્યમાં સુંદર આહાર સરસતા લાવે છે. તે જ સમયે સૌંદર્ય અને લાવણ્યની દેવી શ્રી રાધા પધાર્યા, તેમના કરકમળોમાં પ્રેમપૂરિત દહીંની મટુકીઓ હતી. તેમણે આવીને એકાંતમાં બધું ગોવિંદને અર્પણ કર્યું પરંતુ શ્રીજી વિના તેઓ એકલા કઈ રીતે રસનો આસ્વાદ લઈ શકવાના હતા. તેમણે પોતાના કરકમળોથી વૃષભાનુ નંદિનીના અરૂણ અધરો પર આગ્રહ કરીને દહીંનો એક કોળિયો મૂક્યો, જેને તેઓ મનાઈ ન કરી શક્યા કારણકે મધુરાધિપતિ શ્રીકૃષ્ણના પ્રેમનું માધુર્યથી ભરેલો એ કોળિયો હતો. રસિક શ્રીકૃષ્ણએ પણ માધુર્ય રૂપા શ્રી રાધિકાના અધરામૃતથી યુક્ત એ દહીંને જ્યારે ચાખ્યું તો તેનાથી તેમને અદ્‌ભુત આનંદની પ્રાપ્તિ થઈ અને એ દધિપાત્રને લઈને તે પોતાના સખાઓ તરફ દોડ્યા અને જઈને તે સખાઓ વચ્ચે વહેંચી દીધું. યુગલ સ્વરૂપની માધુરીથી યુક્ત એ દધિ અનાસ્વાદિત હતું, તેનો સ્વાદ પામીને સખાઓ બોલ્યા-

આજ દધિ મીઠો મદન ગોપાલ ।
ભાવત મોહિ તિહારો જૂઠો ચંચલ નયન વિશાલ ।
આને પાત બનાયે દોના દિયે સબન કો બાઁટ ।
જિન નહિં પાયો સુનો રે મેરે ભૈયા મેરી હથેરી ચાટ ।
બહુત દિના હમ બસે કુમુદવન કૃષ્ણ તિહારે સાથ ।
એસો સ્વાદ હમ કબહું ન ચાખ્યો સુન ગોકુલ કે નાથ ।
આપન હંસત હંસાવત ગ્વાલન માનસ લીલા રુપ ।
‘પરમાનન્દ’ પ્રભુ હમ સબ જાનત તુમ ત્રિભુવન કે ભૂપ।

તમામ તીર્થોને પ્રભુએ વ્રજમાં નિવાસ આપ્યો કારણકે તેઓ વ્રજમાં રહેવા ઇચ્છતા હતા. કુમુદવનમાં ભગવાને ગંગાસાગરને નિવાસ આપ્યો. કૃષ્ણલીલા કાળમાં અહીં કુમુદ (રાત્રિકાલીન કમળ)ની બહુલતા હતી. અહીં કપિલજીની મૂર્તિ અને શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક પણ છે.

ગર્ગસંહિતાનુસાર

'ગર્ગસંહિતા' અનુસાર આ કુંડને પદ્મકુંડ કહે છે. શ્રીજીએ અહીં શ્યામસુંદરનો શૃંગાર કર્યો.

શ્યામા-શ્યામ કી છબિ સાધ ।
મુકુટ મંડલ પીત પટ છવિ દેખિ રુપ અગાધ ।
પ્રિયા હા હા કરતિ પુનિ-પુનિ દેહુ પ્રીતમ મોહિ ।
અંગ-અંગ સંવારતિ ભૂષણ રહતિ વહ છવિ જોહિ ।
કાછિ કછની પીત પટ કટિ કિંકિણી અતિ શોભ ।
હૃદય વનમાલા બનાવત દેખિ છવિ મન લોભ ।
કહાઁ લગિ ગાન કરુઁ મૈં મોહન, કાલિંદી થિર નીર બહાઉં ।
બેની શીશ ફૂલ પહનો હરિ તુમ વૃષભાનુ સુતા બન બૈઠો ।
તિહારો આભૂષણ મૈં પહનૂ અપનો તુમહિ પહનાઉં ।
તુમ માનિની માન કર બૈઠો મૈં ગહિ ચરણ મનાઉં ।

આમ અહીં પરસ્પર શૃંગાર લીલાઓ થઈ છે.

ततो कुमुदवन प्रार्थना मंत्र (पाद्मे) :

कुमुदाख्याय रम्याय नानाल्हादविधायिने ।
नानाकुमुदकल्हारुपिणे ते नमो नमः ।।

અર્થાત્- અનેક પ્રકારના આહ્લાદ પ્રદાન કરનાર, આપ વિવિધ પ્રકારના કુમુદ અને કલ્હાર રૂપમાં સુશોભિત છો. હે સુંદર કુમુદવન! આપને નમસ્કાર છે.

ततो पद्मकुंडस्नानाचमनप्रार्थना मंत्र :

ईन्द्रादिदेवगन्धर्व्वैराकीर्ण विमलार्थिने ।
पद्मकुंडाय ते तुभ्यं नानासौख्य प्रदायिने ।।

અર્થાત્- ઇન્દ્રાદિ દેવો અને ગંધર્વોથી વ્યાપ્ત નિર્મળ અર્થ સ્વરૂપ પદ્મકુંડ! વિવિધ પ્રકારના સુખ પ્રદાન કરનાર આપને નમસ્કાર છે.

પ્રાચીન માન્યતા અનુસાર વ્રજવાસીઓ કુમુદવનમાં ભગવાન કપિલનો નિવાસ પણ માને છે. અહીં આજે પણ કુંડના તટ પર મંદિરમાં કપિલ ભગવાનનો શ્રી વિગ્રહ સ્થાપિત છે.

કપિલ ઋષિ

તતો કપિલતીર્થ પ્રાર્થના મંત્ર (ભવિષ્ય પુરાણ) :

ગુપ્તયોગસમાયુક્ત કપિલાધિષ્ઠિતસ્થલે ।
નમો બ્રહ્મણ્યરુપાય દેવહૂતીસુતાય તે ।।

જેમ ગંગાસાગરમાં કપિલજીનું એક જ દિવસ દર્શન થાય છે તેવી જ રીતે અહીં પણ ગુપ્ત યોગથી યુક્ત ઋષિ કપિલથી અધિષ્ઠિત, ગુપ્ત સ્થળરૂપ આપને નમસ્કાર છે. આપ બ્રાહ્મણ દેવ છો, હે દેવહૂતિ પુત્ર! આપને નમસ્કાર છે.





કુમુદ વન - શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની બેઠક, શ્રી કપિલ ભગવાન મંદિર અને ગંગા સાગર (પદ્મ) કુંડ

અધ્યાય-૫૪

શ્રી યમુનાવતો

ચંદ્ર સરોવર પરાસૌલીની પાસે છે- 'યમુનાવતો ગ્રામ'. સારસ્વત કલ્પમાં વ્રજમાં યમુનાજી ત્રણ ધારાઓમાં પ્રવાહિત હતી. ગિરિરાજજીની પૂર્વ દિશામાં વહેનારી ધારાનું નામ યમુના, મથુરામાં વહેનારી ધારાનું નામ કાલિન્દી અને કામવનથી ગોવર્ધન તરફ આવનારી ધારાનું નામ સ્વર્ણરિખા હતું. યમુનાજીના અહીં પ્રવાહિત થવાથી આ ગ્રામનું નામ યમુનાવતો પડ્યું. આજે પણ ખોદકામ કરતાં યમુના રેણુકા અહીંથી નિકળે છે, જે ક્યારેક યમુનાજીના અહીં પ્રવાહિત હોવાની પુષ્ટિ કરે છે.

એક મત એવો પણ છે કે અહીં યમુનાજીએ ગોપીવેશ ધારણ કરીને મહારાસમાં પ્રવેશ કર્યો હતો. તે સમયે ગોપી વિશેષને શ્રીજીએ 'યમુનાવતી' નામથી સંબોધિત કર્યા, તે આધારે પણ આ ગામનું નામ યમુનાવતો કહેવાય છે.

આ ગ્રામ બે-બે મહાપુરૂષોની જન્મભૂમિ હોવાને કારણે પણ મહામહિમામય છે. એક તો શ્રી કુંભનદાસજી અને બીજા તેમના જ સુપુત્ર શ્રી ચતુર્ભુજદાસજી.

શ્રીકુંભનદાસજી

બંને મહાપુરૂષોને સદા શ્રીનાથજીની અપરોક્ષ અનુભૂતિ થતી હતી. વિક્રમ સંવત ૧૫૧૫માં કારતક વદ એકાદશીના દિવસે ગૌરવા ક્ષત્રિય પરિવારમાં પરમ ભાગવત શ્રી કુંભનદાસજી મહારાજનો જન્મ થયો. કૃષિ આપની પૈતૃક વૃત્તિ અને ભગવદ ભક્તિ અક્ષુણ્ણ સંપત્તિ હતી.

વિ.સં. ૧૫૫૦ની આસપાસ મહાપ્રભુ વલ્લભાચાર્યજીનું જ્યારે વ્રજયાત્રા કરતી વેળા શ્રી ગિરિરાજજીમાં આગમન થયું ત્યારે આચાર્યપાદ દ્વારા શ્રી ગોવર્ધનનાથજીની પ્રતિષ્ઠા થઈ અને તે જ સમયે કુંભનદાસજીએ તેમની પાસે શિષ્યત્વ સ્વીકાર્યું. કુંભનદાસજીને સંગીત-વિશારદ જાણી આચાર્યશ્રીએ તેમને શ્રીનાથજીની કીર્તન સેવા સોંપી દીધી. આમ સૂરદાસજીથી પણ પહેલા આપ આ સેવા ઘણી નિષ્ઠાથી કરવા લાગ્યા. ત્યારબાદ શ્રી વિઠ્ઠલેશજી દ્વારા અષ્ટછાપની સ્થાપના થતાં વિ.સં. ૧૬૦૨માં આપની ગણના અષ્ટછાપમાં થઈ ગઈ.

નિત્ય નવીન પદ રચના કરી શ્રીનાથજીને સંભળાવતાં. થોડા જ સમયમાં આપના ગાયનોની પ્રસિદ્ધિ થઈ ગઈ. એકવાર અકબર બાદશાહે કુંભનદાસજીનું ગાયન સાંભળવા

માટે તેમને દરબારમાં તેડાવ્યા. વિશેષ આગ્રહ કરતાં પોતાની સહજ વેષભૂષામાં કુંભનદાસજી ચાલી નિકળ્યા, માથા પર કેટલીયે આંટીવાળી ત્રાંસી પાઘડી, વર્ષો જુનું અંગરખું, જીર્ણશીર્ણ ધોતી, હાથમાં વાંકીચૂકી છડી, પગમાં ઘસાયેલી ચાખડીઓ.

બાદશાહે કુંભનદાસજીની ઘણી આગતા-સ્વાગતા કરી પરંતુ આ રાજાશાહી ઠાઠ તેમને નરકતુલ્ય લાગી રહ્યો હતો. બાદશાહે પદ ગાવા માટે પ્રાર્થના કરી. કુંભનદાસજીએ જોયું, અરે! આ સમયે તો હું ગોવર્ધનનાથજીને પદ સંભળાવું છું, બધો બળાપો કુંભનદાસજીના મુખથી પદરૂપે સરી પડ્યો.

ભગત કો કહા સીકરી કામ ।
આવત જાત પન્હૈયા ટૂટી બિસર ગયો હરિ નામ ।।
જાકો મુખ દેખત દુઃખ ઉપજત તાકો કરન પરી પરનામ ।
'કુમ્ભનદાસ' લાલ ગિરિધર બિનુ સબ ઝૂઠૌ ધનધામ ।।

સ્પષ્ટવાદી કુંભનદાસજીને માન-સન્માન, ધન-ધાન્યનું તો કોઈ પ્રલોભન હતું નહીં અને ન મૃત્યુનો કોઈ ભય હતો, તેથી જે મનમાં આવ્યું તે નિર્ભય બનીને ગાઈ નાખ્યું. ત્યારબાદ બાદશાહે તરત જ આદરસહિત કુંભનદાસજીને વ્રજમાં મોકલી આપ્યા કારણકે તે કુંભનદાસજીની મનોસ્થિતિને સમજી ગયો હતો.

સંવત ૧૬૨૦માં મહારાજ માનસિંહ ગ્રામ યમુનાવતોમાં કુંભનદાસજીના દર્શન કરવા આવ્યા, તે સમયે બાલકૃષ્ણલાલ કુંભનદાસજીની ગોદમાં બેઠા હતા. સખ્યભાવમાં પરોવાયેલા બંને (ભગવન+ભાગવત) બંને વાર્તાલાપ કરી રહ્યા હતા.

બાલકૃષ્ણ- ''કુંભનદાસજી! આપને એક વાત કહું?''

કુંભન- ''કહો ભગવન્!''

(ત્યારે જ રાજા માનસિંહનો કુંભનદાસજીની પર્ણકૂટિમાં પ્રવેશ અને બાલકૃષ્ણનું અંતર્ધ્યાન થવું.)

વિરહ વેદનાની થપાટથી કુંભનદાસજી પ્રાણ રૂદન કરવા લાગ્યા. મુખ પર ઉદાસી છવાઈ ગઈ. પ્રસન્નતા તો દૂર થઈ ગઈ, રાજાને જોઈ મન દુર્ભાગ્ય પર ગાવા લાગ્યું-

''કહાં સે આ ગયા નરેશ?

વાર્તા પૂરી ભી ન હુઈ, ન જાને ક્યા કહતા સર્વેશ...!''

રાજા સવિનય પ્રણામ કરીને એક બાજુ બેસી ગયા.

તિલક સ્વરૂપ કરવા માટે કુંભનદાસજીએ પોતાની ભત્રીજી પાસે આસન અને દર્પણ માગ્યું.

ભત્રીજીએ કહ્યું- ''પિતાજી! ન આસન છે, ન દર્પણ! પતરાળી આસન ખાઈ ગઈ, દર્પણ પી ગઈ. હમણાં બીજું લાવું છું.''

રાજાને કંઈ સમજાયું નહીં.

આસન કોઈ ભક્ષ્ય પદાર્થ નથી અને દર્પણ કોઈ પેય પદાર્થ નથી.

એટલામાં બાલિકા તૃણાસન અને માટીથી બનેલા એક પાત્રમાં પાણી ભરીને લઈ આવી, તૃણાસન પર બેસી, જળમાં મુખ જોઈ શ્રી કુંભનદાસજી મહારાજે તિલક કર્યું, ત્યારે રાજા માનસિંહ પતરાળાના આસન ખાવાનો અને અરીસો પીવાનો મર્મ સમજ્યા. શ્રી કુંભનદાસજીની નિર્ધનતા જોઈને રાજાએ મણિમંડિત સ્વર્ણિમ દર્પણ આપવાનું સાહસ કર્યું, કુંભનદાસજીએ તેનો અસ્વીકાર કર્યો.

૧૦૦૦ સોનામહોરો આપવા ચાહી તો તેની પણ ઉપેક્ષા કરી દીધી. ચાલતાં-ચાલતાં માનસિંહે યમુનાવતો ગ્રામ કુંભનદાસજીને નામે કરવા ઇચ્છા ધરાવી તો કુંભનદાસજી બોલ્યા- ''ગ્રીષ્મમાં ટેટી, શીતમાં ઝાડના બોર એ બંને અમારા શેઠ છે, તેના સહારે સુખેથી જીવનયાપન થઈ જાય છે. કુંભનદાસજીની આ નિષ્કિંચન અપરિગ્રહ વૃત્તિને જોઈ રાજા માનસિંહ વિસ્મયાન્વિત થઈ ગયા.

મહારાજ- ''મારા યોગ્ય કોઈ સેવા હોય તો જણાવશો.'' રાજાએ એકવાર ફરી અનુરોધ કર્યો. તો કુંભનદાસજી બોલ્યા- ''ક્યારેય ન આવશો.''

ભત્રીજી બોલી- ''ઘરમાં કંઈ જ નથી, રાજા પાસેથી ભેટ તો લઈ લેવી હતી.''

કુંભનદાસજી બોલ્યા- ''રાંડ, નાથજી શું કહેશે, લેવાની વાત તો મજાકમાં પણ ન કરવી જોઈએ.''

નિસ્પૃહતા, અપરિગ્રહ અને ઉત્કટ ત્યાગની પરાકાષ્ઠા પર સ્થિત કુંભનદાસજીને પ્રણામ કરીને રાજા પાછા વળ્યા.

રાજાના જતાં જ કુંભનદાસજી ફરી બોલ્યા- ''રાજાના આવવાને કારણે બાલકૃષ્ણ પોતાની વાત પણ પૂરી કરી ન શક્યા. કોણ જાણે શું કહેવાના હતા?''

ત્યાં સુધીમાં બાળકૃષ્ણ આવીને કુંભનદાસજીની ગોદમાં બેસી ગયા.

કુંભનદાસ- ''જય, જય! આપ તે સમયે શું કહેવા માગતા હતા?''

કૃષ્ણ- ''હું એ જ કહેવા માગતો હતો, કે રાજા જે કાંઈ આપે તે લઈ લેજો, ના ન કહેશો અને આપે તો તેને કંઈક આપવાની અભિલાષાથી અહીં આવવાની જ મનાઈ ફરમાવી દીધી.''

કુંભનદાસ- ''જય, જય આપ જ બતાવો વિશ્વેશનો સેવક થઈને, રાજા પાસેથી કંઈ માગું? આપ ત્રિલોકાધિપતિ અને એ બરાક મહીપતિ...''

શ્રી કુંભનદાસજીનું જીવનચરિત્ર અવર્ણનીય નિરપેક્ષતાથી ભરેલું છે, જેનાથી સ્વંય ભગવાન પણ વારંવાર પરાભૂત થઈ ગયા.

આ નિરપેક્ષતા જ હતી, જેના કારણે નાથ સદા કુંભનદાસજી સાથે રહેવા લાગ્યા હતા.

નાથજી- કુંભનદાસજી! ચાલો આજે મારી સાથે પેટપૂજા કરો.

કુંભનદાસજી- જેવી આજ્ઞા નાથ!

(બંને સાથે ચાલી નીકળ્યા)

નાથજી તો એક સૂના ઘરમાં પ્રવેશી ગયા જાણે એ ઘરના માલિક તેઓ જ હોય, કુંભનદાસજીએ પણ તેમની પાછળ-પાછળ ગયા.

નાથજી- ''કુંભનદાસજી! મને આપની પીઠ પર બેસાડી લો.''

કુંભનદાસજીની પીઠ પર ચડીને ઉપર લટકતી મટુકી ઉતારવાનું આસાન થઈ ગયું.

નાથજી- ''હવે વિલંબ ન કરો, જે ભાવે તે ખાઈ લો દૂધ-દહીં, માખણ-મિશ્રી.''

જલ્દી-જલ્દીમાં બંને હાથથી ઉદર ભરવાનો પ્રયાસ હતો, એટલામાં પીતાંબરની ગાંઠ ખુલી ગઈ, ખાવામાં વિક્ષેપ ન પડે તે હેતુથી બે ભુજાઓ પ્રકટ કરવી વધુ યોગ્ય લાગ્યું નાથને. બે ભુજાઓથી નીચે લટકતું પીતાંબર સંભાળ્યું. આ ઠીક થયું, ન ભોજન રોકાયું, ન શરમ ગઈ.

શ્રી કુંભનદાસજીના ભાગ્યનો કુંભ ભરાઈ ગયો, દ્વિભૂજના ચતુર્ભુજ સ્વરૂપનું દર્શન થયું. ત્યાં સુધીમાં વ્રજ સુંદરીઓએ ચોરોને દ્વાર પર ઘેરી લીધા હતા.

કુંભનદાસજીની આર્ત દ્રષ્ટિ નાથના મુખમંડળ પર સ્થિર થઈ ગઈ, એ કહેવા કે કરો તમે અને મરીએ અમે.

નાથજી- ''ના-ના, મરવાનું શા માટે? શસ્ત્ર છોડો.''

કુંભનજી- ''એ કેવી રીતે?''

નાથજી- ''હમણાં બતાવું છું.''

બંનેએ ભેગા મળીને દૂધના ગોળા બનાવ્યા અને દ્વાર પર ઉભેલી વ્રજ સુંદરીઓના નેત્રો પર ફૂઉઉઉ કરતી દૂધની પિચકારી છોડી.

તેઓ પાલવથી આંખો લૂછે એટલો સમય પૂરતો હતો બંનેને ભાગવા માટે, પણ આજે બનેલી આ ઘટનાનું દશ્ય કુંભનદાસજીના નેત્રો સમક્ષ સ્થિર જ રહ્યું. ચતુર્ભુજ રૂપનું ચિંતન કરતાં તેમણે ગાયું-

આનિ હરિ પાયે હો નીકે ।
ચોરિ ચોરિ દધિ માખન ખાયૌ ગિરિધર દિન પ્રતિ હીકે ।
રોક્યો ભવન દ્વારિ બ્રજ સુંદરિ યે ઠાઢે પય પીકે ।
અબ કૈસે જૈયત અપને ઘર ભાજન ફોરિ દૂધ દધિ ઘી કે ।
'કુમ્ભનદાસ' પ્રભુ ભલે પરે ફંદ જાન ન દૈહૌં ભાંવતે જીકે ।
ભરિ ગંડૂષ છીંટ દૈ નૈંનનિ ગિરિધર ધાય ચલે દૈ કીકે ।

સર્વેશના સર્વ અંતરતમ-સરસ-સખ્યના સૌખ્યમાં જ કુંભનદાસજીને સદા સુખ મળતું રહ્યું.

૭ પુત્રો, ૭ પુત્રવધુઓ, ૧ ભત્રીજી, દંપત્તિ- કુલ ૧૭ પ્રાણીઓ હતાં ઘરમાં. નિર્ધનતા દૂર કરવાની દૃષ્ટિથી દયાળુ શ્રી ગુસાંઈજીએ વિચાર કર્યો, જ્યારે આ ભગવાન પાસે કંઈ નથી લેતાં તો ગુરૂના દ્રવ્યનો તો ક્યાંથી સ્વીકાર કરવાના હતા? તેથી વિ.સં. ૧૬૩૧માં ગુસાંઈજીએ કુંભનદાસજીને દ્વારિકા-યાત્રામાં સાથે આવવા જણાવતાં કહ્યું કે વૈષ્ણવોની ભેટથી આર્થિક સ્થિતિ કંઈક અંશે સુધરી જશે. કુંભનદાસજી ગિરિરાજ ગોવર્ધનથી આજીવન બહાર જવા માગતા નહોતા. ગુરૂ અવજ્ઞાનો ભય પણ હતો. તેથી ચાલી તો નિકળ્યા પરંતુ અપ્સરા કુંડ સુધી આવતાં-આવતાં શ્રીનાથજીથી વિયુક્ત થવાનો એવો વિરહ-જ્વર ઉપડ્યો કે હૃદય એકદમ કાંપી ઉઠ્યું. આંખો એ મૃતુલ-નીલ-કલેવરના દર્શનની પિપાસાથી વ્યગ્ર થઈ ઉઠી.

આંખોમાંથી શ્રાવણ-ભાદરવાની જેમ અશ્રુધારા વહેવા લાગી. પરંતુ,

કોણ જાણે આ અંતરવ્યથા?

કોણ જાણે આ પ્રેમની ઉંડાઈ?

હજી એક પ્રહર જ વીત્યો હતો અને આપનું વિરહ-વ્યથિત ચિત્ત ગાઈ ઉઠ્યું-

કિતેક દિન હ્વૈ જુ ગયે બિનુ દેખે ।
તરુણ કિશોર રસિક નન્દનન્દન કછુક ઉઠતિ મુખ રેખેં ।
વહ ચિતવનિ વહ હાસ મનોહર વહ નટવર વપુ ભેખેં ।
વહ શોભા વહ કાન્તિ વદન કી કોટિક ચંદ વિશેષેં ।
શ્યામ સુન્દર સંગ મિલિ ખેલન કી આવતિ જિયરા અપેખેં ।
‘કુમ્ભનદાસ’ લાલ ગિરિધર બિનુ જીવન જનમ અલેખેં ।

ગુસાંઈજીને જ્યારે કુંભનદાસજીની આ સ્થિતિ જ્ઞાત થઈ કે શ્રીનાથજી વિના તો એ પ્રાણ જ છોડી દેશે તો તરત જ શ્રીનાથજીની સેવામાં પાછા ફરવાની આજ્ઞા કરી. એકવાર ગુસાંઈજી ગોકુળ ગયા હતા, તે દિવસે ગુસાંઈજીનો જન્મ દિવસ હતો. નાથજી બોલ્યા- ‘‘આજે જલેબી બનવી જોઈએ.’’ હવે તો વૈષ્ણવોએ જન્મ દિવસ ઉજવવા માટે દ્રવ્ય એકત્રિત કર્યું. કોઈએ ૧ રૂપિયો આપ્યો, કોઈ એ બે, કુંભનદાસજી પોતાના પતરાળા વેચીને ૫ રૂપિયા લઈ આવ્યા. જલેબી બની, મંદિર સજાવવામાં આવ્યું, વૈષ્ણવોએ ઉલ્લાસ સહિત રાજભોગમાં જલેબીનો શ્રીનાથજીને ભોગ ધરાવ્યો. કુંભનદાસજીએ વધાઈનું પદ ગાયું.

શ્રી ગુસાંઈજીએ પૂછ્યું- ‘‘આજે કયો ઉત્સવ છે?’’

સેવકોએ કહ્યું- ‘‘મહારાજ! ...આપનો જન્મદિવસ છે.’’

‘‘જલેબી કોણે બનાવડાવી?’’ ગુસાંઈજીએ આ પ્રકારે પૂછતાં સદૂ પાંડેયે કહ્યું- ‘‘જય જય! આમાં તો સૌ વૈષ્ણવોનું યોગદાન છે.’’

સૌએ એક-એક, બે-બે રૂપિયા આપ્યા, આમ ૨૧ રૂપિયા ભેગા કર્યા. એ ૨૧માંથી ૫ રૂપિયા તો કુંભનદાસજીએ આપ્યા.''

ગુસાંઈજીએ ચકિત થઈને પૂછ્યું- ''કુંભના! તારી પાસે ૫ રૂપિયા ક્યાંથી આવ્યા?''

ગુસાંઈજીએ આમ પૂછતાં કુંભનદાસજી કંઈ ન બોલ્યા. રામદાસજીએ જણાવ્યું- ''જય જય, કુંભનદાસજીએ પોતાના પતરાળા વેચીને ૫ રૂપિયા લાવ્યા.'' ત્યારે કુંભનદાસજી દીનતાપૂર્વક બોલ્યા, ''અમારૂં શરીર, પ્રાણ, ઘર, સ્ત્રી, પુત્ર વેચીને પણ જો આપને કામ લાગી શકીએ તો વૈષ્ણવધર્મ સિદ્ધ થાય. અમારા એવા નસીબ ક્યાં?'' આ સાંભળીને ગુસાંઈજીની હૃદય ભાવોર્મિઓ તરંગિત થઈ ઉઠી. અષ્ટછાપના સુકવિઓમાં આપની સર્વપ્રથમ નિયુક્તિ થઈ અને આપે દીર્ઘકાળ સુધી નાથજીની સેવા પૂર્ણ નિષ્ઠાથી કરી.

૧૧૫ વર્ષની દીર્ઘાયુ પૂર્ણ કર્યા બાદ વિ.સં. ૧૬૪૦ની આસપાસ પરમ પાવન સંકર્ષણ કુંડ પર જ્યારે આપ ઐહિક લીલાનું સંવરણ કરવા લાગ્યા તે સમયે શ્રી ગુસાંઈજીએ પૂછ્યું-''કુંભનદાસજી! આ સમયે આપનું મન કઈ લીલાના ચિંતનમાં છે?''

ત્યારે કુંભનદાસજીએ નંદતનય અને તેમની નિત્ય સંગિની ભાનુતનયાની રૂપ માધુરીનું દિગ્દર્શન કરાવનાર આ પદનું ગાયન કર્યું-

''રસિકની રસ મેં રહત ગડી''

ખરેખર શ્રી કુંભનદાસજી ત્યાગ અને નિરપેક્ષતાના આદર્શ, પરમ ભાગવત અને ભગવદ પ્રસન્ન સદ્‌ગૃહસ્થ હતાં.

શ્રીચતુર્ભુજ દાસ

શ્રી કુંભનદાસજીના સુપુત્ર પરમ ભાગવત શ્રી ચતુર્ભુજદાસજી તો શ્રીકૃષ્ણના 'વિશાલ' સખાના અવતાર હતા.

કુંભનદાસજીની તીવ્ર ઇચ્છા હતી કે તેમને દિવસ-રાત સત્સંગ મળે.

જોકે ભગવાન સ્વયં તેમની સાથે રમતા, નિરાવરણ દર્શન આપતાં, વાર્તાલાપ કરતાં છતાં સતત સત્સંગની કમી તેમના હૃદયને સદા કોરી ખાતી.

આ જ ઇચ્છાની પૂર્તિ માટે પ્રભુએ પરમ ભાગવત પુત્ર શ્રી ચતુર્ભુજદાસ રૂપે તેમને આપ્યા, જે જન્મથી જ તેમની સાથે ભગવદ્‌ ચર્ચા કરવા લાગી ગયા.

એકવાર કુંભનદાસજી પોતાના ખેતર પર ઉદાસ બેઠા હતા.

'કુંભનદાસજી, આજે આપ ઉદાસ કેમ છો?

હું નિત્ય આપની પાસે આવું છું છતાં આપ ઉદાસ...''

નાથજીએ આ પ્રકારે પૃચ્છા કરતાં કુંભનદાસજી બોલ્યા-

''નાથજી! આપ તો આવીને ચાલ્યા જાઓ છો. મને સતત સત્સંગની ખેવના છે, કોઈ ભક્ત મળે તો અહર્નિશ કથા-વાર્તા, સત્ ચર્ચા કરત અને સાંભળત. સતત સત્સંગનો અભાવ જ મારી ઉદાસીનું કારણ છે.''

નાથજી બોલ્યા- ''આપ ચિંતા ન કરો કુંભનદાસજી. હું આપને ભક્ત સંતાન આપીશ, જે આપના આ અભાવને દૂર કરી દેશે.''

૭ પુત્ર હોવા છતાં જ્યારે કોઈ આપને પૂછતું, ''આપના કેટલા પુત્રો છે?''

તો આપ કહેતાં- ''દોઢ.'' ''એ કેવી રીતે?''

છઠા પુત્ર કૃષ્ણદાસજીને આપ અડધો પુત્ર માનતા કારણકે તેમની થોડીઘણી ભજન પ્રવૃત્તિ હતી પરંતુ ચતુર્ભુજદાસજી તો ભક્તિની પુનિત મંદાકિની લઈને જ પેદા થયા હતા. ચતુર્ભુજદાસના જન્મ અવસર પર કુંભનદાસજી નાથજી સાથે ચોરી કરવા કોઈ ગોવાલણના ઘરે ગયા હતા. ચતુર્ભુજદાસજી જ્યારે ૧૧ દિવસના થયા તો કુંભનદાસજીએ તેમને શ્રી ગુસાંઈજીના ચરણકમળમાં મૂકી દીધા. શ્રી ગુસાંઈજીએ તે બાળકનું નામ ચતુર્ભુજદાસ રાખ્યું. વિ.સં. ૧૬૦૨ની આસપાસ ગુસાંઈજી દ્વારા અષ્ટછાપની જ્યારે સ્થાપના થઈ તો તેમાં કુંભનદાસજીની સાથે-સાથે તેમના પુત્ર ચતુર્ભુજદાસજીની પણ નિયુક્તિ થઈ. જન્મથી જ પારણામાં પોઢતાં આપ કુંભનદાસજીને સુંદર-સુંદર કથાનકો સંભળાવતાં, અને તેઓ ઘણાં જ ધ્યાનપૂર્વક (દત્તવિત્ત) સાંભળતાં. પ્રભુની સર્વાતરતમ માધુર્યમયી લીલાઓનો જેવો અનુભવ થતો, તે જ આપ પદ દ્વારા વ્યક્ત કરતાં.

એકવાર શ્રી ઠાકુરજી ચતુર્ભુજદાસજીને મળ્યા- ''ઓ કુંભના ! ચાલ તને મલ્લ બનાવું.''

ચતુર્ભુજદાસ- ''કેવી રીતે પ્રભુ?''

બાલકૃષ્ણ- ''મારી સાથે ચાલ, દૂધ, દહીં, ઘી, માખણ ખાઈએ.''

ચતુર્ભુજદાસ- ''ચાલો પ્રભુ.''

(બંને ચાલી નીકળ્યા.)

પહેલા તો ચકોર નજરથી ચારે તરફ જોયું, ક્યાંય કોઈ છે તો નહીં, પછી એક ઘરમાં પ્રવેશી ગયા. છાશની મટુકી ઉઠાવી ગટ-ગટ-ગટ પી ગયા. ખાલી માટલી એક તરફ ફેંકી દીધી. પછી માખણ ભરેલી માટ ઉઠાવી, જેટલું ખવાય તેટલું ખાધું, વધેલું માખણ મોં પર લપેટી લીધું.

ઉદરપૂર્તિ થયા બાદ ઘરમાં ચારે તરફ દહીં-દૂધ-ઘી ફેલાવી દીધું અને તેમાં છપ-છપ-છપ કરતાં કૂદવા લાગ્યા.

એટલામાં ગૃહસ્વામી આવી ગયા. તેમણે જોયું તો નાથજી તો ભાગી ગયા, માર પડ્યો બિચારા ચતુર્ભુજદાસજીને. માર ખાઈને જ્યારે પાછા આવ્યા તો ધુંધવાઈને કહ્યું- ''વાહ પ્રભુ! પોતે તો ભાગી આવ્યા, મને માર ખવડાવ્યો.''

શ્રી ચતુર્ભુજદાસજી નિત્ય યમુનાવતોથી ગોવર્ધનનાથજીની કીર્તન સેવા અને દર્શન માટે આવતા હતા. ક્યારેક-ક્યારેક ગોકુળમાં નવનીત પ્રિયાના દર્શનાર્થે પણ ચાલ્યા જતાં પરંતુ નાથજીનો વિરહ તેમને અસહ્ય થઈ જતો, નાથજીની કૃપાથી ચતુર્ભુજદાસજીને ઠાકુરજીની નિત્ય લીલાનાં દર્શન થતાં.

એક દિવસ શ્રી ગુસાંઈજી મહારાજ પ્રભુનો શ્રૃંગાર કર્યા બાદ તેમને દર્પણ બતાવી રહ્યા હતા ત્યાં જ ચતુર્ભુજદાસજીએ ગાયું-

સુભગ સિંગાર નિરખિ મોહન કો ।
લે દર્પણ કર પિયહિં દિખાવૈ ।।
આપુન નેક નિહારિએ બલિ જાઉં ।
આજ કી છવિ કછુ કહત ન આવૈ ।।

એક વૈષ્ણવે પૂછી જ લીધું- ''ગુસાંઈજી મહારાજ! નાથજીનો શ્રૃંગાર કરીને આપ નિત્ય અરીસો બતાવો છો તો ચતુર્ભુજદાસે આ કેમ ગાયું?''

આજ કી છવિ કછુ કહત ન આવૈ

ગુસાંઈજીએ સ્વયં સમાધાન ન કરતાં વૈષ્ણવને કહ્યું કે આ પ્રશ્ન તો આપે ચતુર્ભુજદાસને કરવો જોઈએ.

ચતુર્ભુજદાસજી તે પ્રશ્ન સાંભળીને બોલ્યા-

માઈ રી આજ ઔર કાલ ઔર છિન-છિન પ્રતિ ઔર ઔર ।

આ રૂપ તો નિત્ય-નવ નવાયમાન છે તેથી શંકા કેવી.

ચતુર્ભુજદાસજી જન્મસિદ્ધ હતા. લીલારસાનુભૂતિમાં નિમગ્ન શ્રી કુંભનદાસજીએ એક પંક્તિ ગાઈ-

વે દેખો બરત ઝરોખની દીપક હરિ પૌઢે ઉંચી ચિત્રસારી ।

આ લીલાનો અનુભવ કરતાં, બીજી પંક્તિ શ્રી ચતુર્ભુજદાસજીએ ગાઈ-

સુન્દર વદન નિહારન કારન રાખેં હૈં બહુત જતન કરિ પ્યારી ।

ભાવાર્થ- નવ-નીરદ આભ-નીલ શ્રીઅંગની શોભા શ્રીજી નિરખી રહ્યાં છે અને તેથી રાત્રિમાં ઝળહળતા દીવાની વાટ બુઝાવતાં નથી.

ચતુર્ભુજદાસજીના મુખેથી આ પંક્તિ સાંભળીને કુંભનદાસજી સમજી ગયા કે જે અનુભવ મને થાય છે, તે જ જન્મજાત સિદ્ધ ચતુર્ભુજને પણ થાય છે.

એક સમયે ગુસાંઈજી મહારાજ પોતાના અનુયાયીઓ સાથે કોઈ કાર્યથી વ્રજની બહાર જઈ રહ્યા હતા. ચતુર્ભુજદાસજીને પણ સાથે આવવા કહ્યું. એ ચાલી તો નિકળ્યા, પરંતુ વ્રજની બહાર જતાં જ તેમનું ચિત્ત વિરહ-વેદનાથી ભરાઈ ગયું, વાણીના કંઠે ગાન આરંભ કર્યું-

શ્રી ગોવર્દ્ધન વાસી સાંવરે લાલ તુમ-બિન રહ્યૌ ન જાય હો ।
બ્રજરાજ લડૈતે લાડિલે ।
બંક ચિતૈ મુસકાય કેં લાલ સુન્દર બદન દિખાય ।
લોચન તલફૈ મીન જ્યોં લાલ પલ છિન કલ્પ વિહાય ।।
સપ્તક સ્વર બંધાન સોં લાલ મોહન વેણુ બજાય ।
સુરત સુહાઈ બાંધિકે નેંક મધુરે-મધુરે ગાય ।।
રસિક રસીલી બોલની લાલ ગિરિ ચઢ ગૈયાં બુલાય ।
ગાંગ બુલાઈ ધૂમરી નેંક ઉંચી ટેર સુનાય ।।
દૃષ્ટિ પરે જા દિવસ તે લાલ તબ તે રુચે ન આન હો ।
રજની નીંદ ન આવહી મોહિ બિસરો ભોજન પાન હો ।।
દરસન કોં નૈના તપૈ લાલ વચન સુનન કો કાન હો ।
મિલવે કો હિયરા તપૈ મેરે જિય કે જીવન-પ્રાન હો ।।
પૂરણ રાશિ મુખ દેખ કે લાલ ચિત ચોરયો વાહી ઓર ।
રુપ સુધારસ પાન કે લાલ સાદર કુમુદ ચકોર ।।
મન અભિલાષા હૈ રહી લાલ લગત ન નૈન-નિમેષ હો ।
એક ટક દેખે ભાવતે પ્યારો નાગર નટવર વેષ હો ।।
લોક-લાજ કુલ બેદ કી લાલ, છાડે સકલ બિબેક હો ।
કમલ કલી રવિ જ્યોં બઢૈ લાલ છિન-છિન પ્રીતિ વિશેષ હો ।।
કોટિક મન્મથ વારને લાલ દેખત ડગમગી ચાલ ।
યુવતી જનમન ફંદના લાલ અમ્બુજ નયન વિશાલ ।।
કુંજ ભવન ક્રીડા કરો લાલ સુખ નિધિ મદન ગોપાલ ।
હમ શ્રી વૃન્દાવન માલતી તુમ ભોગી ભ્રમર ભુવાલ ।।
યહ રટ લાગી લાડલે લાલ જૈસે ચાતક મોર ।
પ્રેમનીર વરષા કરો લાલ નવઘન નંદ કિશોર ।।
યુગ-યુગ અવિચલ રાખિયે લાલ યહ સુખ શૈલ-નિવાસ હો ।
શ્રીગોવર્દ્ધનધર રૂપ પૈ બલિ જાય 'ચતુર્ભુજદાસ' હો ।।

ત્યારે નાથજીએ ત્યાં જ પોતાનો સાક્ષાત્કાર કરાવ્યો. સાથે જ એમ પણ કહ્યું- ''એક વર્ષ સુધી જે નિત્ય આ પદનું ગાન કરશે, તેને નિઃસંદેહ મારા દર્શન પ્રાપ્ત થશે.'' અંતે, રુદ્રકુંડ પર, આમલીના વૃક્ષ નીચે પંચભૌતિક દેહ છોડી આપે ગોલોક-ગમન કર્યું.

યમુનાવતો ગામમાં 'કુંભનદાસજી કૂપ' છે, ત્યાં અશ્વત્થ-વૃક્ષ છે, જેની નીચે શ્રીનાથજીની ચરણ ચોકી છે. અહીં શ્રીનાથજી કુંભનદાસજીને સાક્ષાત દર્શન આપતા હતાં. અહીં શ્રીનાથજી, કુંભનદાસજીની ખડકી છે, શ્યામા ગાયની બેઠક છે. ગામમાં એક તળાવ છે, જેને 'કુંભન તલાઈ' કહેવામાં આવે છે.









કુંભનદાસજી કૂપ, બેઠક અને શ્રીનાથજીની ચરણ ચોકી

શ્રીનાથજીની ચરણ ચોકી – અહીં શ્રીનાથજી કુંભનદાસજીને સાક્ષાત્ દર્શન આપતા હતા.

અધ્યાય-૫૫

માધુરી કુંડ

જાતી વન મહાત્મ્ય-

આષાઢશુક્લસપ્તમ્યામાગતો બ્રજયાત્રયા ।
રાધા પ્રિયસખી યત્ર માધુરીનામગોપિકા ।।
રાધાકૃષ્ણાર્ચનાર્થાય રચયેન્માલતીબનં ।
નાનાદ્રુમલતાકીર્ણં મથુરામંડલં દ્યુતિં ।।

(નૃસિંહ પુરાણ)

અહીં શ્રીજીની પ્રિય સખી માધુરી નામની ગોપીએ રાધા-માધવની અર્ચના માટે માલતી વનનું સૃજન કર્યું, જે વિભિન્ન પ્રકારની વૃક્ષલતાઓથી આચ્છાદિત તથા માથુર મંડળની શોભાનું દ્યોતક છે.

નૃસિંહ પુરાણ અનુસાર અહીં અષાઢ સુદ સાતમની વ્રજ યાત્રાનું વર્ણન છે.

તતો જાતીબન પ્રાર્થના મંત્ર :

માધુરીનિર્મ્મિતાયૈવ જાતિબન નમોસ્તુતે ।
અતિસૌગંધ્યમોદાય લક્ષ્મીરુપાય તે નમઃ ।।

(નૃસિંહ પુરાણ)

હે માધુરી સખી દ્વારા આરોપિત જાતીવન! આપ અતિશય સુગંધ અને શોભાથી યુક્ત છો, શ્યામસુંદરના મનને આનંદ પ્રદાન કરનારા છો, આપને નમસ્કાર છે.

તતો માધુરીકુંડસ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

માધુરીરચિતં તીર્થં પીતવારિસમાકુલ ।
નમસ્તે માધુરીકુંડ માનરુપ નમો નમઃ ।।
યત્ર રાધાકરોન્માનં માધુર્યા સહ વિહ્વલા ।
કુટિલેક્ષણા દૃષ્ટયા સા શ્રીકૃષ્ણમવલોકયેત્ ।।
બહુભિઃ પ્રાર્થનાભિઃ સા માધુર્યા સુદૃશાભવેત્ ।
વિલાસં કુરુતેઽસૌ સા કૃષ્ણેન સહ મોહિતા ।।
માનપૂર્ણં વિલાસસ્ય માધુરીસ્થલમીરિતં ।

(બ્ર.ભ.વિ.)

હે માધુરી દ્વારા વિરચિત માધુરીકુંડ! આપ પીત વર્ણના જળથી યુક્ત છો. હે માન લીલાના દ્યોતક! આપને નમસ્કાર છે.

અહીં માધુરી ગોપી સાથે વિહ્વળ થઈને શ્રીજીએ માન કર્યું અને વામ નેત્રોથી શ્રીકૃષ્ણને નિરખવા લાગ્યા, ત્યારબાદ માધુરી ગોપીની પ્રાર્થનાથી પ્રસન્ન થઈને શ્યામસુંદરની સાથે વિલાસ કર્યો. અહીં માન પૂર્ણ વિલાસને કારણે એટલે કે પ્રથમ માન ત્યારબાદ વિલાસ કરવાને કારણે આ સ્થળનું નામ 'માનમાધુરી'સ્થળ છે.

ततो मानमाधुरीस्थल प्रार्थना मंत्र :

मानपूर्णनिवासाय राधारमणहेतवे ।
विलासमाधुरीस्थान रतिसौख्याय ते नमः ।।

(બ્ર.ભ.વિ.)

હે રાધા રમણ વિલાસના નિમિત્ત માન વિલાસ માધુરી સ્થળ! આપ અતિશય સૌખ્ય સ્વરૂપ છો. આપ માનપૂર્ણ વિલાસમય સ્થળ છો. આપને નમસ્કાર છે.







અધ્યાય-૫૬

ગણેશારા

અહીં ગંધર્વોએ શ્રીકૃષ્ણ લીલામાં ભાગ લીધો હતો. શ્રીમદ્ ભાગવતના યુગલગીતમાં તેનું વર્ણન આવે છે કે સૌ ગ્વાલબાળોએ શ્રીકૃષ્ણનો શૃંગાર 'કુંદ' ફૂલોથી કર્યો હતો. કુંદના ફુલનો મુગટ, કુંદના ફૂલોના કુંડળ, કુંદના ફૂલોનો હાર, કુંદના ફુલોની કમરવેલ. 'કુન્દદામકૃતકૌતુકવેષો'

કુન્દદામકૃતકૌતુકવેષો ગોપગોધનવૃતો યમુનાયામ્ ।
નન્દસૂનુરનઘે તવ વત્સો નર્મદઃ પ્રણયિનાં વિજહાર ।।
મન્દવાયુરુપવાત્યનુકૂલં માનયન્ મલયજસ્પર્શેન ।
વન્દિનસ્તમુપદેવગણા યે વાદ્યગીતબલિભિઃ પરિવવ્રુઃ ।।

(ભા.૧૦/૩૫/૨૦,૨૧))

અહીં કૌતુકવેષોનો અર્થ વલ્લભાચાર્યજીએ શ્રીમદભાગવતની ટીકા સુબોધિનીમાં કર્યો છે. એવો શૃંગાર કર્યો ગ્વાલબાળોએ કે સૌ હસવા લાગ્યા. કૌતુક વેષ હતો કેમ? શ્રીકૃષ્ણ યમુનાજીના કિનારે ગાયો અને ગ્વાલબાળોથી ઘેરાયેલા છે. ગોપીઓ યશોદાજીને કહી રહી છે- ''હે નિષ્પાપ યશોદા! તમારો પુત્ર ત્યાં પ્રેમીઓની વચ્ચે વિહાર કરી રહ્યો છે.'' યશોદાજી વતી ગોપીઓ થોડી-થોડી વારે સમાચાર આપતી રહેતી જેથી કરીને કોઈ અસુર ન આવી જાય, કોઈ સંકટ ન સતાવે. તેથી દોડીને ગોપીએ કહી રહી છે- ''હે યશોદા! તારો લાલો વિહાર કરી રહ્યો છે. એણે એવો વેષ બનાવ્યો છે કે સૌ હસી રહ્યા છે.'' ગ્વાલ લીલા છે. તે સમયનું દૃશ્ય છે, શીતળ મંદ સુગંધી પવન વહી રહ્યો છે, અ ત્રણે ગુણોથી યુક્ત પવન પૂર્ણ રીતે ગ્વાલબાળોની ક્રીડા માટે ઉપયુક્ત હતો. શીતળ હોવાથી વિહારમાં જે ગર્મી હોય છે તે નથી લાગતી, મંદ હોવાને કારણે ઠંડી નથી લાગતી, સુગંધ હોવાથી રૂચિ પેદા થાય છે. એક આશ્ચર્ય છે! ગંધર્વો ઉપદેવો કહેવાય છે, પરંતુ દેવયોનિમાં હોવા છતાં તેઓ દેવતાથી નીચે હોય છે. ઉપદેવગણ એટલે ગંધર્વગણો. ગંધર્વોનું કામ છે ગાવું-વગાડવું અને અપ્સરાઓનું કામ છે નાચવું. ગંધર્વો આવ્યા છે અનેક પ્રકારના વાદ્ય યંત્રો વગાડી રહ્યા છે. જેમકે વીણા, મહુવર, વાંસળી, સારંગી વગેરે. ગોપીઓ યશોદાની કહે છે કે તારા કાનાને રિઝવવા માટે સૌ ગીત ગાતા આવ્યા છે. એ ગંધર્વો દેવલોકના રહેવાસી છે અને ત્યાંથી જેના પર ભગવાનની કૃપા છે તેને લીલા દેખાઈ રહી છે. શ્રીમદ્ ભાગવતમાં લખવામાં આવ્યું છે, તે સમયે શ્રીકૃષ્ણ ગ્વાલ લીલા કરી રહ્યા હતા, ગ્વાલ લીલા મુખ્યત્વે હાસ્ય પ્રધાન હોય છે અને ગોપીઓની લાલા શૃંગાર રસ પ્રધાન હોય છે. ગ્વાલ-બાળો હસી રહ્યા છે, ચોરી

કરી રહ્યા છે, દહીંની મટુકી લાવી રહ્યા છે, ખાઈ રહ્યા છે અને મોંએ લગાવી રહ્યા છે. આખા મોં પર દહીંનો લેપ કરી દીધો, દહીંથી મૂછ અને દાઢી બનાવી દીધા. આ બધી ગ્વાલલીલા છે. આમ હસી-હસાવી રહ્યા છે, કોઈએ પેટ પર દહીંનું તિલક લગાવી દીધું અને બોલ્યું 'આ પેટુ છે તેના પેટ પર તિલક લાગી રહ્યું છે, માખણ લાગી રહ્યું છે, એટલું ખાધું છે કે માખણ તેના પેટથી બહાર આવી રહ્યું છે.'' આ હાસ્યરસ પ્રધાન ગ્વાલલીલા ગંધર્વોએ જોઈ અને પરસ્પર કહેવા લાગ્યા કે જુઓ આમને અવિનાશી પુરૂષ કહે છે. કોઈ કહે છે કૃષ્ણ અવતાર છે, બ્રહ્મ છે, તે બ્રહ્મ થઈને પેટ પર દહીં અને માખણનું તિલક લગાવી રહ્યો છે અને છિનવી-છિનવીને એકબીજાનું એઠું ખાઈ રહ્યો છે. આ કેવો બ્રહ્મ છે? ગંધર્વોએ કહ્યું- ''ચાલો બ્રહ્માજીને જ પૂછીએ કે શું આ એ જ બ્રહ્મ છે જે આમ હસી રહ્યો છે અને ખાઈ રહ્યો છે.'' ગંધર્વોના મુખથી આવું સાંભળીને બ્રહ્માજીને મોહ થઈ ગયો. તેઓએ આવીને જોયું કે કૃષ્ણ ગોવાળિયાઓ સાથે હસી રહ્યા છે. સૂરદાસજી કહે છે- ''આ રીતે બ્રહ્માજીને જે મોહ થયો તે ગંધર્વોના કુસંગથી થયો.'' આ જ ભાવને સૂરદાસજીએ ગાયો છે-

દેખત ગણ ગન્ધર્વ સકલ સુર પુર કે વાસી ।
આપસ મેં વે કહત હઁસત યે હી અવિનાશી ।।

એટલામાં કૃષ્ણએ કોઈના મોંમાંથી એઠું કાઢીને ખાઈ લીધું તો ગંધર્વો બોલ્યા- ''આ અવિનાશી છે, ભુખ્ખડ'', તે સૌ આશ્ચર્યમાં પડી ગયા કે આ કેવો ભગવાન છે. અહીં જ્યારે ગંધર્વોએ આવું જોયું-

દેખિ સબૈ અચરજ ભયે કહ્યો બ્રહ્મ સોં જાય ।
જાકો અવિનાશી રહત સો ગ્વાલન સંગ ખાય ।।

બોલ્યા- ''ચાલો બ્રહ્માજીને કહીએ કે આ કેવો ભગવાન છે?'' બ્રહ્માજીને જઈ બોલ્યા, ''અરે! એ તો એઠું ખાય છે, કેવો ભગવાન છે?'' બ્રહ્માજી પર કુસંગની અસર થઈ ગઈ. સૂરદાસજી કહે છે- ''બ્રહ્મા તરત વૃંદાવનમાં જોવા આવ્યા કે વાત સાચી છે કે નહીં. આવીને જોયું તો ચારે તરફ કમળ ખિલી રહ્યા છે, આવું વ્રજ હતું. અહીંની છટા જોઈને બ્રહ્માજી આશ્ચર્યમાં પડી ગયા કારણકે બ્રહ્મલોકમાં પણ આટલો આનંદ નથી. તેઓએ જોયું કે અહીં ગોપીઓ ઉભી છે અને કૃષ્ણ માખણ-દહીં ખાઈ રહ્યા છે. હાથમાં માખણનો લોંદો લઈને મોંમાં મૂકી રહ્યા છે, એવું લાગે છે જાણે કમળ ચંદ્રને જે સુધાકર છે તેને ખવડાવી રહ્યા છે. બ્રહ્માજીએ અહીં આવીને જે કાંઈ જેયું તેનાથી તેમને મોહ ઉત્પન્ન થયો. આ મોહલીલા ગંધર્વોથી શરૂ થઈ હતી. આમ અહીં ગણેશરામાં ગંધર્વો દ્વારા આ લીલા થઈ છે.

અધ્યાય-૫૭

ખેચરી

'ખ' એટલે આકાશ, આકાશમાં ચાલવાવાળી માયાવી પુતનાને ખેચરી કહેતા હતા. તેનો મૂળ નિવાસ અહીં જ હતો. પૂતનાની લીલા કોણ નથી જાણતું.

પૂતના જો તારન હારો એસો ઔર કૌન દયા વારો ।.....

રાલ

આ રાલવનનું નામ રાલ એટલા માટે છે કારણકે અહીં હોળી થાય છે. વ્રજમાં અલગ-અલગ પ્રકારની હોળીઓ થાય છે. બરસાના-નંદગ્રામની વિશ્વપ્રસિદ્ધ લટ્ઠમાર હોળી, દાઉજીનો હોરંગા જેમાં કોડા માર હોળી થાય છે, જાવ-બઠેનમાં બાવળની ડાળીઓથી પ્રેમભરી પિટાઈ થાય છે, મુખરાઈનું ચરખુલા નૃત્યુ, ફાલેનમાં પૂર્ણિમાના દિવસે પંડા ધધકતી જ્વાળામાંથી પસાર થાય છે અને અહીં (રાલ)માં ઝંડીની હોળી થાય છે. ધ્વજ કોણ જીતે છે, કોણ હારે છે, એ વાતની રાર (શરત) હોય છે. તેથી પણ તેને રાલ કહે છે. રાલ વનની અંદર જ અતિ પ્રાચીન વિહાર વન છે.

કદમ વન વીથિન કરત વિહાર ।
અતિ રસ ભરે મન મોહન પિય તોરયો પ્રિયા ઉર હાર ।।
કનક ભૂમિ બિખરે ગજ મોતી કુંજ કુટી કે દ્વાર ।
'ગોવિન્દ' પ્રભુ શ્રી હસ્ત કર પોવત સુન્દર બ્રજરાજ કુમાર ।।







રાલ - વિહારવન કુંડ અને વિહારવન

અધ્યાય-૫૮

સૌંખ

શંખચૂડ યક્ષનો અહીં નિવાસ હોવાથી શંખગ્રામ નામ પડ્યું. શંખગ્રામનું અપભ્રંશ રૂપ જ સૌંખ થયું. શંખચૂડનો ઇતિહાસ ભાગવતકારે તો અતિ સૂક્ષ્મ કર્યો છે પરંતુ 'શ્રી ગર્ગ સંહિતા' અને 'શ્રી બ્રહ્મવૈવર્ત પુરાણ'માં તેનું વિશદ વિવેચન ઉપલબ્ધ છે.

બ્રહ્મવૈવર્ત પુરાણના પ્રકૃતિ ખંડમાં ૧૩ થી ૨૦ અધ્યાયોમાં આ કથા વિસ્તારપૂર્વક છે. 'બ્રહ્મવૈવર્ત' અનુસાર સતયુગમાં એક રાજા થયા છે- વૃષધ્વજ. તેઓ પ્રખર શૈવ હતા પરંતુ તેમનામાં એક દોષ હતો કે તેઓ ભગવાન લક્ષ્મી-નારાયણને માનતા નહોતા, જ્યાં પણ લક્ષ્મી-નારાયણની પૂજા થતી, તેઓ બંધ કરાવી દેતા. આ જોઈને ભગવાન સૂર્યએ તેમને શાપ આપી દીધો. મહાદેવજીએ ક્રોધ કર્યો અને ત્રિશૂળ લઈને સૂર્ય પર તૂટી પડ્યા. સૂર્ય પોતાના પિતા કશ્યપજીને સાથે લઈને બ્રહ્માજીની શરણમાં ગયા.

બ્રહ્માજી બોલ્યા- ''શિવજીના ક્રોધને રોકવો કઠિન છે. ચાલો આપણે સૌ ભગવાનની શરણમાં જઈએ.'' ત્રણે વૈકુંઠ ગયા, ત્યાં ભગવાનના નારાયણે બ્રહ્મા, કશ્યપ અને સૂર્ય ત્રણેને અભયદાન આપ્યું. બોલ્યા- ''તમે ગભરાશો નહીં, હું તમારી રક્ષા કરીશ.'' તે સમયે ત્યાં શંકરજી પહોંચી ગયા. આંખો ક્રોધથી લાલ હતી પરંતુ નારાયણને જોઈ તેમને પ્રણામ કર્યા ત્યારે બ્રહ્મા, કશ્યપ અને સૂર્યએ પણ શંકરજીને પ્રણામ કરી તેમની સ્તુતિ કરી. ભગવાન નારાયણ બોલ્યા- ''હે શંભો! આપ શા માટે ક્રોધ કરો છો?''

શિવજી બોલ્યા- ''પ્રભુ! વૃષધ્વજ મારો ભક્ત છે. સૂર્યએ તેને શાપ આપી દીધો, તેથી તેની શ્રી નષ્ટ થઈ ગઈ.''

ભગવાન નારાયણ બોલ્યા- ''વૈકુંઠમાં તો અડધી ઘડી વ્યતીત થઈ છે પરંતુ પૃથ્વી પર ૨૧ યુગો વીતી ચૂક્યા છે. આ સમયે વૃષધ્વજનો પુત્ર રથધ્વજ પણ પૃથ્વી પર નથી. તેના બે પુત્રો ૧. ધર્મધ્વજ અને ૨. કુશધ્વજ છે.

આપ તેમને જઈને કહો કે તેઓ લક્ષ્મીજીની ઉપાસના કરે, તેનાથી તેમની શ્રી પરત આવશે, ત્યારે બંને પુત્રો ધર્મધ્વજ, કુશધ્વજે શ્રીજીની ઉપાસના કરી, ત્યારે કુશધ્વજને ત્યાં એક પુત્રી અવતરી, જેનું નામ વેદવતી હતું. ૧ મન્વંતર (૩૦ કરોડ વર્ષ) તેણે પુષ્કરમાં તપ કર્યું, ભગવાનને પતિ રૂપમાં પ્રાપ્ત કરવા માટે ત્યારે આકાશવાણી થઈ કે ભગવાન તારા પતિ થશે પરંતુ બીજા જન્મમાં. આ સાંભળીને તે રિસાઈ ગઈ કે કોણ

જાણે ક્યારે બીજો જન્મ થશે- ક્યારે ઈષ્ટની સિદ્ધિ થશે..?

મારે તો અત્યારે જ જોઈએ. મારે બીજો જન્મ નથી જોઈતો, મને આ જન્મમાં ભગવાન્ પતિ રૂપે જોઈએ. તે ફરીથી તપ કરવા ચાલી ગઈ. વેદવતી અતિ સુંદર તો હતી જ. એકવાર રાવણ ત્યાં પહોંચ્યો તો તેના રૂપ પર મોહિત થઈ ગયો અને બોલ્યો- ''દેવી! આપ અહીં શા માટે તપ કરી રહ્યા છો? આપના જેવી સુંદરી તો મેં ક્યાંય જોઈ નથી.'' તેણે વેદવતીનો હાથ પકડીને ખેંચવાની ચેષ્ટા કરી. રાવણની આ ચેષ્ટાને જોઈ વેદવતીજીએ તપની શક્તિથી એટલી જોરથી હુંકાર કર્યો કે રાવણ જડ થઈ ગયો. ન હાથ હલ્યા, ન પગ, ન આંગળી, ન આંખ હલી કે ન પાંપણ પલકાવી. એવી વેદવતીજીના તપમાં શક્તિ હતી. તેમના હુંકારથી જ રાવણની સઘળી શક્તિ ક્ષીણ થઈ ગઈ.

આ કથાનો સંકેત 'વાલ્મીકિ રામાયણ'માં પણ મળે છે. ત્યારબાદ રાવણે વેદવતીજીની મનોમન સ્તુતિ કરી કારણકે વાણી તો જડ થઈ ગઈ હતી, તે બોલી તો શકતો નહોતો. મનથી સ્તુતિ કરવા લાગ્યો- ''હે વેદવતી! મને ક્ષમા કરી દો.'' તેની માનસિક સ્તુતિથી વેદવતીજી પ્રસન્ન થઈ ગઈ, પરંતુ છતાં પણ તેમણે તેને શ્રાપ આપી દીધો- ''દુરાત્મા! તેં મારા આ શરીરનો સ્પર્શ કર્યો છે તેથી હવે હું આ શરીરને તો ધારણ નહીં કરું પરંતુ મારા કારણે જ તારો અને તારા બાંધવોનો નાશ થશે.'' આટલું કહીને વેદવતીજીએ શરીરનો ત્યાગ કર્યો ત્યારે રાવણે તેમના શરીરને ગંગાજીમાં પ્રવાહિત કર્યું. રાવણ પશ્ચાતાપ કરવા લાગ્યો- કે મેં આ શું કર્યું, સતી સ્ત્રીનો ક્યારેય સ્પર્શ કરવો જોઈએ નહીં, હું તો અમર હતો.

રાવણની નાભિમાં અમૃતકુંડ હતો, તેને શિવજીનું વરદાન હતું. હજારો મસ્તક કપાયા બાદ પણ મારું મૃત્યુ શક્ય નહોતું. નાની અમથી ભૂલ કરીને મેં મારા મૃત્યુને સ્વયં આહવાન આપ્યું છે. નાનકડી ભૂલ જ મનુષ્યના ભવિષ્યને નષ્ટ કરી દે છે. એ જ વેદવતી આગળ જતાં રાજા જનકની પુત્રી સીતા થઈ, ભગવાન શ્રીરામ તેના પતિ થયા. જ્યારે રાવણ દ્વારા સીતાહરણનો સમય આવ્યો તો માયામયી સીતા (નકલી સીતા) ઉત્પન્ન કરીને, શ્રીરામજીએ વાસ્તવિક સીતાને અગ્નિમાં છુપાવી દીધી હતી. રાવણની મૃત્યુ બાદ અગ્નિએ વાસ્તવિક સીતા રામને પરત કરી પરંતુ જે માયામયી સીતા હતી, તે હવે ક્યાં જાય? તો ભગવાન રામે કહ્યું- ''તું પુષ્કરમાં તપ કર.'' પુષ્કરમાં તપ કર્યા બાદ તે સ્વર્ગની લક્ષ્મી બની ગઈ.

સ્વર્ગની લક્ષ્મી બન્યા બાદ તે જ ફરી દ્રૌપદી બની હતી. દ્રૌપદીનું એક નામ એટલા માટે પણ ત્રિહાયણી છે. તે સતયુગમાં વેદવતી, ત્રેતાયુગમાં છાયાસીતા અને દ્વાપરમાં દ્રૌપદી તરીકે અવતરી. તે કુશધ્વજની પુત્રી હતી અને તેમના ભાઈ ધર્મધ્વજને ત્યાં, તુલસીજીનો જન્મ થયો. તે ગોલોકમાં રહેતી હતી, રાધારાણીના શાપથી તે ધર્મધ્વજની પુત્રી બની. તુલસી નામ તેમનું એટલા માટે પડ્યું કે તેમનું રૂપ અતુલનીય હતું. એકવાર તપ કરવા બદ્રિકાશ્રમ ગઈ, તો તેમના તપથી પ્રસન્ન થઈ બ્રહ્માજી પ્રગટ થયા, વરદાન

માગવા કહ્યું તો તુલસી બોલી- ''હું તો પૂર્વજન્મની ગોલોકની ગોપી છું, રાધારાણીના શ્રાપથી અહીં આવી છું.

શ્રીકૃષ્ણએ મને વરદાન આપ્યું છે કે ભગવાન વિષ્ણુ તો તને પતિ રૂપે નહીં મળે. શ્રીકૃષ્ણનો જ અંશ શંખચૂડ છે, પહેલા તે તને પતિ રૂપે મળશે. (આ શંખચૂડ સાંખીના શંખચૂડથી અલગ છે) પછી નારાયણ તને શ્રાપ આપશે ત્યારે તેમના શ્રાપથી તું વૃક્ષ બનીશ અને તું પણ તેમને શ્રાપ આપીશ, તારા શાપથી તે પાષાણ (શાલિગ્રામ) બનશે. તું વૃંદાવનમાં તપ કરીશ, વૃંદાવન તારા જ નામથી બનશે, બાદમાં તું શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરી લઈશ.'' ત્યારબાદ બ્રહ્માજીએ રાધારાણીનો 'ષોડશાક્ષર મંત્ર' તુલસીજીને આપ્યો. બોલ્યા- ''તેના પ્રભાવથી તું તેમના સમાન જ બની જઈશ.''

શંખચૂડ જે સુદામા ગોપ હતો, શ્રીજીના શાપથી તે શંખચૂડ બન્યો અને પછી તુલસીનો પતિ બન્યો. બ્રહ્માએ તુલસીને કહ્યું- ''દેવી! ભગવાનનું આવું જ વિધાન છે, અત્યારે તારે શંખચૂડ સાથે રહેવું પડશે, આગળ જતાં શ્રીકૃષ્ણ પ્રાપ્તિ પણ થશે.''

એકવાર શંખચૂડે સમસ્ત ત્રિલોકને જીતી લીધું, દેવતાઓને ભિક્ષુક બનાવી દીધા. દેવતા શિવજીની શરણમાં ગયા પરંતુ શિવજી પણ શંખચૂડને મારી શકતા નહોતા કારણકે તેની પાસે એક દિવ્ય કવચ હતું. યુદ્ધ થયું, શિવજી શંખચૂડને મારી ન શક્યા. જોકે તેમની સાથે ભગવતી કાલી, સ્વામી કાર્તિકેય પણ હતા ત્યારે શંખચૂડનું રૂપ લઈ ભગવાને તુલસીનું પતિવ્રત નષ્ટ કર્યું જેના પ્રભાવથી શંખચૂડનો શિવજીના અમોઘ ત્રિશૂળ દ્વારા પ્રાણાંત થયો. તુલસીએ શ્રીહરિને શાપ આપ્યો કે તમે પથ્થર થઈ જાઓ તો તેઓ ભગવાન શાલિગ્રામ બની ગયા. ભગવાને પણ તુલસીને શ્રાપ આપ્યો કે તું વૃક્ષ બની જા. તુલસી, તુલસી વૃક્ષ બની ગઈ ત્યારે તુલસી શાલિગ્રામનો વિવાહ થયો.

શંખચૂડનો ભગવાન શિવજી દ્વારા વધ થયો, ત્યારથી જ શંખ ભગવાનની સેવામાં આવવા લાગી ગયો. આ શંખચૂડનો નિવાસ અહીં જ સૌંખમાં હતો અને તેના જ નામ પર ગામનું નામ સૌંખ છે. આ શંખચૂડ સાંખીવાળા શંખચૂડથી ભિન્ન છે. તે શંખચૂડ યક્ષ હતો અને આ શંખચૂડ કૃષ્ણભક્ત હતો.

જેવી રીતે- માંડવ્ય ઋષિના શ્રાપથી ધર્મરાજને એક જ સમયે ૩ રૂપમાં જન્મ લેવો પડ્યો. ૧. મહારાજ યુધિષ્ઠિર ૨. શ્વપચ વાલ્મીકિ અને ૩. દાસીપુત્ર વિદુર. તેવી જ રીતે સુદામા ગોપ જ બંને શંખચૂડ માનવામાં આવે છે. એક રૂપથી યક્ષ શંખચૂડ જેનો નિવાસ સાંખી ગ્રામમાં હતો. બીજા રૂપથી કૃષ્ણભક્ત શંખચૂડ જેનો નિવાસ સૌંખ ગ્રામમાં હતો.

આ કોઈ સંશયાત્મક વિષય નથી. એક જ લીલા કલ્પભેદમાં અનેક પ્રકારની હોય છે. જેમકે- રામચરિત માનસમાં કોઈ કલ્પમાં પ્રતાપભાનુ રાવણ બને છે તો કોઈમાં

જલંધર.

''તહાઁ જલન્ધર રાવણ ભયઉ''

(રા.બા.કા.૧૨)

કલ્પભેદથી તમામ લીલાઓ સત્ય છે. એવા અનેક ઉદાહરણો આ બાબતોનો સમન્વય કરતાં તથ્યની પુષ્ટિ કરે છે. જેમકે- પ્રભુના વક્ષથી ધર્મ ઉત્પન્ન થયા, એ જ પ્રભુના પૃષ્ઠથી અધર્મ. વેનની જાંઘથી નિષાદ અને ભુજાથી પૃથુ ભગવાન ઉત્પન્ન થયા.

વત્સવન

લીલાધારી બાળકૃષ્ણની ઘણી મનોહારી લીલાઓ હઠપૂર્વક ચિત્તને વશમાં કરી લે છે. એવી જ એક લીલા વત્સચારણ ક્ષેત્ર 'બછ ગાંવ'ની છે. જ્યારે બ્રહ્માજીએ ગ્વાલબાળો અને વાછરડાંઓનું હરણ કરી લીધું ત્યારે એકવર્ષ સુધી તેમને પોતાની પાસે રાખ્યા અને અહીં શ્રીકૃષ્ણએ વત્સ રૂપ ધારણ કરી લીધું હતું. તે સૌને બ્રહ્માજીએ અહીં જ વત્સ વન (બછ ગાંવ)માં લાવીને છોડ્યા હતા. એ સમયે કૃષ્ણરૂપી વત્સ પર પોતાનો અગાધ સ્નેહ દર્શાવ્યો. એક લીલા એ પણ અહીં કરવામાં આવે છે કે ઝકડીને ભૂખ લાગતાં જ્યારે ગ્વાલબાળોએ શ્રીકૃષ્ણ સમક્ષ ભોજનની જિજ્ઞાસા દર્શાવી તો શ્રીકૃષ્ણે મધુર બંશીવાદન કર્યું અને જોતજોતામાં સ્વાદિષ્ટ વ્યંજનોથી ભરેલા પાત્રો સ્વયં ત્યાં એકત્રિત થઈ ગયા. સૌએ પ્રસન્નચિત થઈને ભોજન કર્યું. અહીં જ બાંસુરી કુંડ, રામકુંડ, વિમલકુંડ, શંકર કુંડ, જ્ઞાન કુંડ, સહસ્ત્ર કુંડ, કનક કુંડ જેવા વિભિન્ન કુંડોની પણ સૃષ્ટિ થઈ.

જોકે શ્રદ્ધાળુઓની મનોરૂચિ અનુસાર પરિક્રમાનો માર્ગ પરિવર્તિત થઈ જતાં વ્રજના તમામ ગામોમાં જવું સંભવ નથી થતું. તમામ લીલાસ્થળોથી સંબંધતિ લીલાઓ આસ્વાદનીય છે. આજકાલ પૈંઠા અથવા સીધા આન્યૌર, જતીપુરા, ગોવર્ધન, રાધાકુંડ, કુસુમ સરોવર થઈને લોકો પરિક્રમા કરે છે. તેથી આસપાસના ક્ષેત્રોનો સંક્ષિપ્ત ઉલ્લેખ આવશ્યક છે. પૈંઠા અને સૌંખની આસપાસ નગલા સબલા, નગલા શેરા, નગલા સત્તૂ, ડોમપુરા, કોંથરા જ્યાં કોંથર કુંડ પણ છે. બીજી તરફ સૌંખની આસપાસ મલ્હૂ, નૈનૂ પટ્ટુ, જંગલી નગલા, અહમલ નગલા, નનુ અને તસિયા જેવા ગામો છે. તેવી જ રીતે ગોવર્ધન તરફ, અન્ય કેટલાંક ગામો પણ છે.



અધ્યાય-૫૯

નીમગ્રામ

ગોવર્ધન ગ્રામથી ૪ કિ.મી. ઉત્તર દિશામાં સ્થિત શ્રી નીમગાંવ ચાર વૈષ્ણવાચાર્યોમાં પ્રતિપાદનકર્તા, ભગવાન વાસુદેવના સુદર્શનચક્રના અવતાર શ્રી શ્રી નિમ્બાર્કાચાર્યજીની ભજનભૂમિ છે. આપની અલૌકિક ભક્તિયુક્ત જ્ઞાન-ગરિમાએ સર્વત્ર ભક્તિની પુનીત મંદાકિની પ્રવાહિત કરી દીધી. તેથી વિશદ ટીકાઓ બાદ પણ શાખાચંદ્ર-ન્યાયે આપના જીવન વિશે માત્ર કેટલીક અટકળો જ થઈ શકે છે-

ભગવદ્ રૂપ આચાર્યોનું સ્મરણ માત્ર પણ જીવની ચિત્તભૂમિને પાવન બનાવી દે છે.

કાળની કાલિમા, વાસનાના અંધકારથી આચ્છન્ન મન અને મમતાના મહા મોહપાશમાં બંધાયેલ તાપ-તપ્ત પ્રાણીઓના અંતઃસ્થળને ધવલ બનાવવા માટે જ આપનું અવતરણ થાય છે.

શ્રી નિમ્બાર્કાચાર્ય

શ્રી ભક્તમાળ અનુસાર આચાર્યપાદનો પરિચયઃ-

નિમ્બાદિત્ય આદિત્ય કુહર અજ્ઞાન જુ હરિયા ।

(ભક્તમાળ)

શ્રી નિમ્બાર્કાચાર્યજી અજ્ઞાનરૂપી ધુમ્મસના વિનાશક અને શુદ્ધ ભક્તિના પ્રકાશક હતા.

સર્વત્ર આપનો પ્રવેશ છેઃ-

૧. વાસુદેવના અભિન્ન આયુધોમાં આપ 'સુદર્શન ચક્ર'નો અવતાર છો.

નિમ્બાદિત્યાય દેવાય જગદ્ગન્માદિકારિણે ।
સુદર્શનાવતારાય નમસ્તે ચક્રરુપિણે ।।

(શ્રી નિમ્બાર્કસ્તોત્ર)

૨. નિભૃત-નિકુંજના સહચરી વૃંદમાં 'શ્રીરંગદેવીજી' રૂપે યુગલ રસરાજની અભીષ્ટ સેવાનું સંપાદન કરો છો.

૩. વ્રજલીલામાં નિત્ય સંગી- 'તોષ સખા'ના અવતાર છો.

૪. ગોચારણ લીલાનો આનંદ લેવા- 'ધૂસરિ ગઉ'નો અવતાર છો.
૫. વ્રજ લીલાના આયુધ- 'લકુટ' (છડી)નો અવતાર છો.
૬. શ્રીજીના અલંકારોમાં- શુક-ચંચુને હેય બનાવી દેનારી (પોપટની ચાંચને પણ શરમાવે તેવી) નાકમાં ઝૂલતી 'નથ' છો.
૭. શ્રીજીના શ્રી અંગની અવિચ્છેદ્ય 'અંગ કાંતિ' છો.
૮. અને ભગવદ ભક્તિના પ્રચાર-પ્રસાર હેતુ આચાર્ય રૂપે આપ અવતરિત છો.

વૈષ્ણવ મતાનુસાર- આપ દ્વાપરકાલીન છો.

સંપ્રદાયના કેટલાક સુધી તત્વવેત્તાગણોના મત અનુસાર-

વિક્રમની પાંચમી સદીમાં આપનો આવિર્ભાવ થયો. મહારાષ્ટ્ર (દક્ષિણ કાશી)માં વૈદુર્યપત્તન તીર્થ, જે એકનાથજીની જન્મભૂમિ છે. આજે પૈઠણ નામથી પ્રખ્યાત આ પાવન ધરા પર પિતા શ્રી અરૂણ મુનિના પ્રતાપી તેજપુંજથી માતા શ્રીમતી જયંતીદેવીની કુખે આપે જન્મ ધારણ કર્યો. માતા-પિતા નિયમાનંદ કહીને બોલાવતાં. કેટલાક સમય બાદ પૈઠણ છોડીને તેઓ બાળક સહિત વ્રજમાં શ્રી ગિરિરાજજીની સમીપ એક ગામમાં રહેવા લાગ્યા જે આજે નીમ ગાંવ તરીકે ઓળખાય છે.

બાળક બાલ્યકાળથી જ અદ્‌ભુત પ્રતિભાશાળી હતો. ભગવાન નારાયણે હંસ રૂપે સનકાદિકને જે ઉપદેશ આપ્યો, સનકાદિકે તે જ ઉપદેશ નારદજીને આપ્યો અને નારદજી દ્વારા શ્રી નિમ્બાર્કાચાર્યજી મહારાજે તે ઉપદેશ પ્રાપ્ત કરી તેનું પ્રતિપાદન કર્યું. આચાર્યપાદે બ્રહ્મસૂત્રોના ભાષ્યમાં 'અસ્મદ ગુરવે નારદાય' કહ્યું છે. સાથે જ ગુરૂ પરંપરામાં સનકાદિક મુનીશ્વરોનું પણ સ્મરણ કર્યું છે.

એવી માન્યતા છે કે નારદજીએ શ્રી નિમ્બાર્કાચાર્યજીને 'ગોપાલ મંત્ર'ની દીક્ષા આપી.

એકવાર એક યતિ આપને ત્યાં પધાર્યા, પરસ્પર શાસ્ત્રચર્ચા આરંભ થઈ ગઈ. ચર્ચામાં સંલગ્ન બંને મહાત્માઓને સૂર્યાસ્ત ક્યારે થઈ ગયો તેનું ભાન જ ન રહ્યું. યતિ નિયમાનુસાર સૂર્યાસ્ત થઈ ગયા બાદ ભોજન ગ્રહણ કરતા નહોતા પરંતુ આચાર્ય નહોતા ઇચ્છતા કે કોઈ અભ્યાગત તેમના દ્વારે આવીને ભૂખ્યો રહે.

આચાર્યપાદ કોટિસૂર્ય સમાન પ્રભાવવાળા સુદર્શન ચક્રના અવતાર તો હતાં જ.

તેથી તે જ રૂપમાં આંગણાના લીમડાના ઝાડ પર પ્રગટ થઈ ગયા. ચારે તરફ પ્રકાશ ફેલાઈ ગયો ત્યારે આચાર્યજી બોલ્યા- ''જુઓ, હજી સૂર્યાસ્ત નથી થયો, તેથી આપ ભોજન કરી લો.'' હવે તો યતિ ભોજન કરવા માટે બાધ્ય હતા. યતિ ભોજન કરીને, હાથ-મોં ધોઈ ઉઠ્યા તો ત્યાંથી સૂર્યમંડળ અદૃશ્ય હતું.

નીમ (લીમડાના) ઝાડ પર નિઃસ્તબ્ધ રાત્રિએ પણ આદિત્ય (સૂર્ય) સમાન પ્રકાશ આંખો સમક્ષ પ્રકટ કરવાને કારણે જ આપનું નામ નિયમાનંદમાંથી નિમ્બાદિત્ય અથવા નિમ્બાર્કાચાર્ય પડી ગયું અને આપને એ આશ્રમ પણ નિમ્બગ્રામ તરીકે ઓળખાવા લાગ્યો. નિમ્બગ્રામનું અપભ્રંશ રૂપ જ નીમ ગાંવ છે.

આપ દ્વારા રચિત અનેક ગ્રંથો આપની બહુમુખી પ્રતિભાના પરિચાયક છે.

જેવા કે-

ગીતાભાષ્ય, કૃષ્ણસ્તવરાજ, ગુરુપરંપરા, વેદાંત તત્વ બોધ, રાધાષ્ટક ઐતિહ્યતત્વસિદ્ધાંત, સ્વધર્માધ્વબોધ, વેદાંતકામધેનુદશશ્લોક... વગેરે. વર્તમાનમાં 'વેદાંત-પારિજાત સૌરભ અને વેદાન્તકામધેનુદશશ્લોક' આ બે અતિ સંક્ષિપ્ત ગ્રંથો જ ઉપલબ્ધ છે.

રાધિકા પરદેવતાનું સર્વોચ્ચ સ્થાન છે- શ્રી નિમ્બાર્ક સંપ્રદાયમાં.

अंगे तु वामे वृषभानुजां मुदां विराजमानामनुरुपसौभगाम् ।
सखीसहस्त्रैः परिसेवितां सदा स्मरेम देवीं सकलेष्टकामदाम् ।।

(वेदान्तकामधेनुदशश्लोक)

આપના આ અંતરંગ-ગોપન ભાવોથી અનુસ્યૂત માર્ગ રાધાભિષિક્ત રસવેદી જનો માટે જ ગમ્ય છે.

આપની શિષ્ય પરંપરા-

શ્રી નિમ્બાર્કાચાર્યજીના શિષ્ય થયાં શ્રી નિવાસાચાર્યજી. તેઓએ આચાર્યના બ્રહ્મસૂત્ર ભાષ્ય પર 'વેદાંત કૌસ્તુભ' નામે ગ્રંથ લખી તેની વ્યાખ્યા કરી. આ 'વેદાંતકૌસ્તુભ'ની ટીકા આગળ જતાં કાશ્મીરી કેશવ ભટ્ટાચાર્યજીએ કરી. શ્રી નિવાસાચાર્યજી બાદ શિષ્ય પરંપરાથી અગિયારમા આચાર્ય થયા શ્રી દેવાચાર્યજી.

તેઓએ 'વેદાંત જાહ્નવી' તથા 'ભક્તિરત્નાવલી' નામના બે ગ્રંથો લખ્યા, જેનું સંપ્રદાયમાં અત્યંત સમ્માન છે.

શ્રી દેવાચાર્યજીના બે શિષ્યો થયા- શ્રી સુંદર ભટ્ટાચાર્યજી તથા શ્રી બ્રજભૂષણ દેવાચાર્યજી. આ બંને આચાર્યોની પરંપરા આગળ જતાં વિસ્તીર્ણ થઈ. શ્રી સુંદર ભટ્ટાચાર્યજીની શિષ્ય પરંપરામાં વધુ સત્તર ભટ્ટાચાર્ય આચાર્યો થયાં. તેમાં સોળમા કાશ્મીરી શ્રી કેશવ ભટ્ટાચાર્યજી થયા. કાશ્મીરી કેશવ ભટ્ટાચાર્યજીના શિષ્ય શ્રી ભટ્ટજીએ 'યુગલ શતક'ની રચના કરી. આ ગ્રંથ 'આદિવાણી' કહેવામાં આવે છે. શ્રી ભટ્ટના ભ્રાતૃવંશજ ગોસ્વામી હજી પણ નિમ્બાર્ક સંપ્રદાયની સીધી પરંપરામાં જ છે. શ્રી ભટ્ટજીના મુખ્ય શિષ્ય શ્રી હરિવ્યાસજી થયા. તેમના અનુયાયી આગળ જતાં પોતાને 'હરિવ્યાસી' કહેવડાવવા લાગ્યા. શ્રી હરિવ્યાસજીના બાર શિષ્યો થયા, જેમાં શ્રી શોભૂરામદેવાચાર્ય, શ્રી પરશુરામ દેવાચાર્ય, શ્રી ઘમંડદેવાચાર્ય તથા શ્રી લપરાગોપાલદેવાચાર્ય પોતાની મુખ્ય વિશેષતાઓને કારણે ઉલ્લેખનીય છે. તેમાંથી શ્રી સોભૂરામદેવાચાર્યજીની શિષ્યપરંપરામાં ચતુર ચિંતામણિની પરંપરા અત્યારે દેશમાં વધુ વ્યાપ્ત છે. શ્રી પરશુરામ દેવાચાર્યજી મહારાજની પરંપરા ને જ સર્વેશ્વરની અર્ચા પ્રાપ્ત છે અને નિમ્બાર્ક સંપ્રદાયના પીઠાધિપતિ આ જ પરંપરાના આચાર્ય હોય છે. વ્રજમાં જે રાસલીલાનો વર્તમાન પ્રચાર છે, તે શ્રી ઘમંડ દેવાચાર્યજીની ભાવુકતાથી પ્રાદુર્ભૂત

પરંપરા છે. શ્રી લપરાગોપાલદેવાચાર્યજીના શિષ્ય શ્રી ગિરિધારીશરણ દેવાચાર્યજી જયપુર, ગ્વાલિયર વગેરે અનેક રાજકુળોના ગુરૂ રહ્યા છે. શ્રી હરિવ્યાસદેવજીની આ શિષ્ય પરંપરા છે. તેમના ભ્રાતૃવંશજ પોતાને 'હરિવ્યાસી' નથી ગણાવતા. તેઓ નિમ્બાર્ક-સંપ્રદાયની સીધી પરંપરામાં છે. શ્રી દેવાચાર્યજીના બીજા શિષ્ય શ્રી બ્રજભૂષણદેવાચાર્યજીની પરંપરામાં શ્રી રસિકદેવજી તથા શ્રી હરિદાસજી થયા છે. એવી પણ માન્યતા છે કે મહાકવિ જયદેવજી આ જ પરંપરાના છે. શ્રી રસિકદેવજીના આરાધ્ય શ્રી રસિકવિહારીજી તથા શ્રી હરિદાસજીના પરમ આરાધ્ય શ્રી બાંકેબિહારીજી છે. શ્રી હરિદાસજીના અનુયાયીઓની એક પરંપરાના લોકો પોતાને 'હરિવ્યાસી' કહે છે. તેમનું મુખ્ય સ્થાન વૃંદાવનમાં ટટિયા સ્થાન છે. કૃષ્ણ પ્રણામી અથવા પ્રાણામી સંપ્રદાયના આદ્યાચાર્યોમાં શ્રી પ્રાણનાથજીના જીવનવૃત્તાંતમાં તેમને શ્રી હરિદાસજીના શિષ્ય કહેવામાં આવ્યા છે.આમ કૃષ્ણ-પ્રણામી પરંપરા પણ નિમ્બાર્ક-સંપ્રદાયની હરિદાસજીની પરંપરાની જ એક શાખા છે. આ પ્રણામી-સંપ્રદાયની મુખ્ય પીઠ, પન્ના (બુંદેલખંડ)માં છે.

શ્રી નિમ્બાર્કાચાર્યજી તથા તેમની પરંપરાના મોટાભાગના આચાર્યોની એ વિશેષતા રહી છે કે તેઓએ બીજા આચાર્યોના મતોનું ખંડન નથી કર્યું. શ્રી દેવાચાર્યજીએ જ પોતાના ગ્રંથોમાં અદ્વૈત મતનું ખંડન કર્યું છે. શ્રી નિમ્બાર્કાચાર્યજીએ પ્રસ્થાનત્રયી ના સ્થાને પ્રસ્થાનચતુષ્ટયને પ્રમાણ માન્યું અને તેમાં પણ ચતુર્થ પ્રસ્થાન શ્રીમત્ કૃષ્ણ દ્વૈપાયન મહર્ષિ વેદવ્યાસ પ્રણીત પરમહંસ-સંહિતા 'શ્રીમદ્ભાગવત'નો પરમ પ્રમાણ તરીકે સ્વીકાર કર્યો.

નિમ્બ ગ્રામના દર્શનીય સ્થળો

નિમ્બાર્ક સંપ્રદાય દ્વારા સેવિત યુગલ સરકારનું મંદિર, સુદર્શન મંદિર, ગુરુ પરંપરામાં- શ્રી હંસ ભગવાન, મહર્ષિ સનકાદિક, દેવર્ષિ નારદ, જગદ્ગુરુ શ્રી નિમ્બાર્કાચાર્યજીનો વિગ્રહ દર્શનીય છે. મંદિરની પાસે છે- સુદર્શન કુંડ, કુંડેશ્વર મહાદેવ, પ્રાચીન તપસ્થળી.



નીમ ગ્રામ - શ્રી નિમ્બાર્કાચાર્ય સ્થળ



નીમ ગ્રામ - શ્રી નિમ્બાર્કાચાર્યજી અને શ્રી સુદર્શન કુંડ

અધ્યાય-૬૦

શકરવાગાઁવ

આ ગામ સખીતરાથી ઉત્તર પશ્ચિમે દોઢ માઈલના અંતરે છે. અહીં ઈંદ્રએ કૃષ્ણને સુરભિ ગાયનું દાન આપ્યું હતું. અહીં શક્રકુંડ અને ગ્વાલકુંડ પણ છે.

શ્રીસાઁખી

વ્રજમાં અનેક અસૂરોનો પ્રવાસ હતો.

જેવા કે-

૧. પૂતનાનું ગ્રામ ખેચરી
૨. બકાસુરનું બાકલ
૩. વ્યોમાસુરનું ગઢવન (શેરગઢ)
૪. અઘાસુરનું પસોલી
૫. દંતવક્રનું દતિહા
૬. શંખચૂડ યક્ષનું સાંખી
૭. કૃષ્ણભક્ત શંખચૂડનું સૌંખ (બંને શંખચૂડ અલગ છે)

શંખચૂડ

શ્રીજીના શાપથી સુદામા ગોપ જ શંખચૂડ બન્યા હતા. શાપ વગેરે તો અવતારનું કારણ માત્ર હોય છે.

ગર્ગસંહિતાનુસાર

ગદાયુદ્ધમાં શંખચૂડ યક્ષની ટક્કરનો કોઈ યોદ્ધા સંસારમાં ક્યાંય નહોતો. બાહુબળ જ્યારે અતિશય વધી જાય છે ત્યારે યુદ્ધ વિના ભુજાઓમાં સળવળ (યુદ્ધની તાલાવેલી) લાગેલી રહે છે.

એક દિવસ દેવર્ષિ નારદને તેણે પૂછ્યું-

શંખચૂડ- 'વીણાવાદક! મને કોઈ યોદ્ધા બતાવ.''

નારદ- ''યક્ષરાજ! તમારા સમોવડિયો યોદ્ધા તો માત્ર એક જ છે.''

શંખચૂડ- ''કોણ છે એ પરમવીર?''

નારદ- ''કંસ!''

સાંભળતાં જ ગદાયુદ્ધ વિશારદ શંખચૂડ મથુરા આવી ગયો.

જમણા હાથમાં ૧ લાખ ભારની લોખંડની ગદા લઈ કંસને કહ્યું- ''જુઓ, જો તમે મને હરાવશો તો હું આજીવન તમારું દાસત્વ સ્વીકારીશ અને જો તમે હારો તો તમે મૃત્યુ સીધી મારા દાસ રહેશો.''

શરતને ધ્યાનમાં રાખી, ઘમાસાણ યુદ્ધ શરૂ થઈ ગયું.

બંનેના દેહ વ્રજ સમાન કઠોર હતા. દેહ પર ગદા ટકરાય તો ગદા ચૂર-ચૂર થઈ જતી પણ દેહ પર રક્તની એક રેખા પણ ન ખેંચાતી. સેંકડો ગદાઓ ચૂરો થઈને અખાડામાં વિખેરાઈ ગઈ પછી મુષ્ટિ સંગ્રામ ચાલ્યો. ૨૭ દિવસ થઈ ગયા હતા બંનેને, મરવા-મારવા પર ઉતરી પડ્યા છે. જય-પરાજયનો નિર્ણય તો ઘણો દૂર હતો, કોણ કોનું આધિપત્ય સ્વીકારે તેનો નિર્ણય તેઓ સ્વયં પણ કરી શકતા નહોતા.

કંસે શંખચૂડને બે હાથેથી ઉપર ઉંચકી ૧૦૦ યોજન દૂર ફેંકી દીધો તો શંખચૂડે કંસને ૧૦ હજાર યોજન ઊંચી સેર કરાવી દીધી. આખું આકાશ કંપી ઉઠ્યું. એક-બીજાને ઉંચકવા-પટકવા લાગ્યા તો પૃથ્વી કાંપવા લાગી. તે સમયે ગર્ગ મુનિ ત્યાં પધાર્યા. બંનેએ યુદ્ધ છોડી તેમને પ્રણામ કર્યા.

ગર્ગજીએ વિચાર કર્યો-આ બંનેનું તો કંઈ બગડવાનું નથી, એમને તો વરદાન મળેલું છે. પણ એમના કારણે આખું વિશ્વ નષ્ટ થઈ જશે.

ગર્ગજીએ કહ્યું-''કંસ! તેં માત્ર એક મુષ્ટિ પ્રહારથી ઈન્દ્રના ચતુર્દંત ઐરાવતને ઘુંટણિયે પાડી દીધો હતો.''

તારી એક મુષ્ટિ જ્યારે મુસળની જેમ પડે છે તો મરવું જ વધારે યોગ્ય લાગે છે. તારી એક મુષ્ટિનો પ્રહાર ઝીલવાની તાકાત કોઈમાં નથી તો તને કોઈ પરાભૂત કે મૃત્યોન્મુખ કેવી રીતે કરી શકે? અને જે કરશે એને તો તું જાણે જ છે, એ તારા જ નામની રાશિ છે- ''કૃષ્ણ''.

મોટા-મોટા દૈત્યો તારા મુક્કાના મારથી મોતનો કોળિયો બની ગયા પરંતુ શંખચૂડને તું ધરાશયી નહીં કરી શકે. જીવનભર યુદ્ધ ચાલતું રહે તો પણ તમારા બંને વચ્ચે હાર-જીતનો નિર્ણય અસંભવ છે કારણકે જે તારો કાળ છે તે જ આનો પણ છે.

જે તને મારશે, તે જ એને પણ...

તેથી તમે બંને પરસ્પર મિત્રતા કરી લો.'' ગર્ગજીની સલાહ બંનેને યોગ્ય લાગી, યુદ્ધ છોડીને બંને ગળે ભેટી મિત્ર બની ગયા.

હવે શંખચૂડને માત્ર કૃષ્ણ અને કૃષ્ણના જ વિચાર આવી રહ્યા હતા.

કંસના વિશાળ ખભા પર હાથ મૂકીને બોલ્યો- ''મિત્ર! હવે તમે નિશ્ચિંત રહો, હું હમણાં જ જઈને શત્રુને સમાપ્ત કરી દઉં છું, પરંતુ એ કૃષ્ણ હશે ક્યાં?'' શંખચૂડના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો.

''ચાલો, વીણાવાદક (નારદ) પાસે જ જાઉં એને બધી ખબર હોય છે. કંસ સુધી પહોંચાડ્યો તો કૃષ્ણ સુધી પણ પહોંચાડશે.''

શંખચૂડ- ''વીણાવાદક! કૃષ્ણ ક્યાં છે?''

નારદ- ''આ ચાંદની રાતમાં એ તો રાસ કરી રહ્યા છે.''

શંખચૂડ- ''રાસ એટલે શું?''

નારદ- ''કોટિશઃ ગોપાંગનાઓ સહિત નૃત્ય.''

શંખચૂડ- ''એ યોદ્ધા છે કે નચૈયો?''

શંખચૂડ તરત જ રાસસ્થળે પહોંચ્યો, ત્યાં તેને રાસેશ-રાસેશ્વરીના દર્શન થયા.

શ્રી રાધયાડલંકૃતવામબાહું સ્વચ્છન્દવક્રીકૃતદક્ષિણાંઘ્રિમ્ ।
વંશીધરં સુન્દરમંદહાસં ભ્રૂમંડલૈર્મો હિતકામરાશિમ્ ।।

(ગ.સં.વૃ.ખં.૨૩/૩૦)

યુગલ રસરાજનું એ નિત્ય-નવ-તારૂણ્ય, રાશિ-રાશિ કામનું મર્દન કરી રહ્યું હતું.

ડાબો હાથ ષોડશ વર્ષીય કિશોરીના ખભા પર શોભી રહ્યો છે, જમણા હાથમાં ચિરસંગીની મોરલી છે, જમણા પગને થોડો ત્રાંસો કરી તેના આગળના ભાગનો સહારો લઈ ઉભા છે.

હાસ્યયુક્ત મુખ સુધા-વૃષ્ટિ કરી રહ્યું છે, ભ્રૂ-નર્તન પર રાશિ-રાશિ મદન મોહિત છે. કોટિ-કોટિ મદન મદહારિ ત્રિભુવન-જન-મન-મોહનની સાથે રાસમાં નિપુણ લાવણ્યમયી ગોપિકાઓની ગ્રીવા-ગતિ, કટિ-સ્પંદન, પદ-વિન્યાસ, ગતિ-પરિવર્તનની સામે સમુદ્રસુતા (લક્ષ્મીજી)ની શી વિસાત?

શંખચૂડે જ્યારે સુંદર-સુંદર ગોપીઓને જોઈ તો વિચાર્યું- કેટલી સુંદર-સુંદર સ્ત્રીઓ છે. ચાલો યુદ્ધ તો પછી પણ થઈ જશે, પહેલા આમાંથી એકાદને પકડીને લઈ જાઉં, આવી સુંદર રમણીઓ ફરી ક્યાં મળશે? શંખચૂડે સો ચંદ્રો સમાન ઉજ્જવળ કાંતિ ધરાવતી શતચંદ્રાનના નામની ગોપીકાને ઉઠાવી લીધી અને ભાગવા લાગ્યો.

શ્રી નારદ ઉવાચ -

व्याघ्राननं कृष्णवर्णं तालवृक्षदशोच्छितम् ।
भयंकरं ललज्जिह्वं दृष्टां गोप्योऽति तत्रसुः ।।

(ગ.સં.વૃં.ખં-૨૩/૩૩)

કાળો રંગ, વાઘ જેવું મોં, ૧૦ ઊંચા તાડના વૃક્ષો જેટલો ઊંચે, જીભ બહાર નીકળેલી. વિકરાળ રૂપધારી શંખચૂડને જોઈ ગોપીવૃંદમાં ખલબલ મચી ગઈ, સૌ હા કૃષ્ણ! હા રામ! પોકારવા લાગી. તેમનું કરૂણ ક્રંદન સાંભળીને શ્રીકૃષ્ણ, શાલનું વિશાળ વૃક્ષ ઉખાડી તેનો પીછો કરતાં ભાગ્યા. શંખચૂડે જ્યારે પાછળ ફરીને જોયું તો વિચારવા લાગ્યો- આ માત્ર નચૈયો નથી, પરમવીર પુરુષ લાગે છે. બીકનો માર્યો શંખચૂડ શતચંદ્રાનનાને ત્યાં જ છોડીને ભાગ્યો. એટલી ઝડપથી ભાગ્યો કે ભાગતાં-ભાગતાં હિમાલયની ઘાટીમાં પહોંચી ગયો અને ત્યાં તેણે પણ એક વિશાળ શાલવૃક્ષ ઉખાડી લીધું, પછી કૃષ્ણએ શંખચૂડ પર શાલવૃક્ષનો પ્રહાર કર્યો, શંખચૂડે પણ શ્રીકૃષ્ણ (ઠાકુરજી)ને કેટલાય મુક્કા માર્યા અને ગર્જના કરવા લાગ્યો પછી કૃષ્ણએ તેને પકડીને પૃથ્વી પર પટકી દીધો. પરાક્રમી શંખચૂડે પણ શ્રીકૃષ્ણને પટકી દીધા. યુદ્ધ ચાલતું રહ્યું, પૃથ્વી કંપી ઉઠી તો ઠાકુરજીએ વિચાર્યું વધુ લાંબુ યુદ્ધ ઠીક નથી. પૃથ્વી કાંપી રહી છે તો પ્રભુએ અંતમાં એવો મુક્કો માર્યો કે તેનું મસ્તક ધડથી અલગ થઈ ગયું અને મસ્તક પર જે ચૂડામણિ હતો તેને કાઢી લીધો, એવી જ રીતે જાણે કોઈ પુણ્યાત્મા પુરુષ નિધિ પ્રાપ્ત કરી લે છે. ત્યારબાદ શંખચૂડના શરીરમાંથી એક વિશાળ જ્યોતિ નિકળી અને શ્રીકૃષ્ણ સખા શ્રી દામાની અંદર વિલીન થઈ ગઈ.





શ્રી સાંખી રાસમંડળ અને સરોવર

અધ્યાય-૬૧

સહાર

ततो सारिकावनोत्पत्तिमाहात्म्य-

श्रावणकृष्णपञ्चम्यां ब्रजयात्राप्रसंगतः ।
यत्रैव सारिकानां च क्रीडानं विरुते रतिं ।।
पश्यति परमानन्दो राधयाः संयुतो हरिः ।
यतो नाम समुद्भूतं सारिकावनमुत्तमं ।।

શ્રાવણ વદ પાંચમે સારિકા વનની યાત્રા હોય છે. ત્યાં શ્યામસુંદર શ્રીજીની સાથે મળીને સારિકાઓની ક્રીડા તથા મનોહર શબ્દો સાંભળે છે.

ततो सारिकावन प्रार्थना मंत्र :

सारिकाल्हादसौख्याय नानाश्रुतसुखप्रद ।
युगलाय नमस्तुभ्यं रमारमणनामतः ।।

હે રમા રમણ યુગલ સરકાર, આપ સારિકાઓના સૌખ્યનો વિષય છો, તેમને વિવિધ પ્રકારના સુખ પ્રદાન કરનાર, આપને નમસ્કાર છે.

ईति मंत्र षडावृत्या नमस्कारं समाचरेत् ।
तस्यैव बन्धनो नास्ति सुवाक्यं श्रूयते सदा ।।
दुर्वाक्यं न कदा तस्य श्रवणस्य पथं चरेत् ।

આ મંત્રને સોળવખત બોલી નમસ્કાર કરવાથી બંધનોથી મુક્તિ મળે છે અને નિરંતર પ્રિય વાક્યો સાંભળવા મળે છે. તેને ક્યારેય દુર્વાક્યો સાંભળવા નથી પડતા.

श्री राधाकृष्णयोश्चैव मनसाल्हादसम्भव ।
यतो मानसरो यत्र जायते तन्मनोहरं ।।
नानाहंसवकाकीर्णं कलनिर्ह्राद सारसं ।
देवांगनासमाकार्णं देवगन्धर्वसंकुलं ।।

જ્યાં દેવ, દેવાંગના અને ગંધર્વ સમુદાયથી ઘેરાયેલા, શ્રી રાધાકૃષ્ણના માનસિક આલ્હાદથી ઉદ્‌ભવેલ, મનોહર માનસરોવર છે. ત્યાં અનેક પ્રકારના હંસ, ચક્રવાક, બક, સુંદર અવાજવાળા સારસ વગેરે પક્ષીગણ મનોહર શબ્દોથી ક્રીડા કરે છે.

તતો માનસરોવર પ્રાર્થના મંત્ર :

ભગવન્મનસોદ્ભૂત રાધામંદવિહાસજ ।
તીર્થરાજ નમસ્તુભ્યં શ્રીમાનસરસે નમઃ ।।

અર્થ- માધવના મન અને શ્રીજીના મંદ હાસ્યથી સમુદ્‌ભુત માનસરોવર! આપ તીર્થરાજ છો, આપને નમસ્કાર છે.

નંદબાબાના જ્યેષ્ઠ ભ્રાતા શ્રી ઉપનંદજી સહાર ગ્રામમાં રહેતા હતા. આ ગામ સિવારથી ૫ કિ.મી. દૂર ઉત્તર પશ્ચિમમાં છે.

હાહા વન

હાહા વનનું એક નામ દેવપુરા પણ છે-

તતો હાહા વન દર્શન પ્રાર્થના મંત્ર :

ગોપિકાક્ષોભકૃત્કૃષ્ણનાનાનૃત્યવિધાયિને ।
વિમલોત્સવરુપાય હાહાવન નમોડસ્તુ તે ।।

(ભવિષ્યોત્તરે)

ગોપિકાઓના ક્ષોભક, કૃષ્ણના અનેક પ્રકારના નૃત્ય સ્થળ નિર્મળ ઉત્સવ રૂપ, આપને નમસ્કાર છે.

તતો રતિકેલિકૂપ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

રતિકેલિસખાસ્નાનકૂપતીર્થ નમોડસ્તુ તે ।
ગંગોવેત્રવતીગોદાત્રિધાજલ સ્વરુપિણે ।।

(બ્ર.ભ.વિ.)

રતિ કેલી સખીના સ્નાનથી નિર્મિત, ગંગા, ગોદાવરી અને વેત્ર વતીના જળરૂપ, આપને નમસ્કાર છે.



અધ્યાય-૬૨

ભરના ખુર્દ

સૂર્યપુત્રી યમુનાજીની શ્રીકૃષ્ણ ભક્તિ જોઈ સૂર્યદેવ પણ વ્રજરાજની ભક્તિ કરવા અહીં સ્થિત સૂર્યકુંડ પર આવ્યા હતા. આ જ સ્થળ પર શ્રી કિશોરીજી સૂર્યપૂજા કરવા માટે આવત હતા અને શ્રીકૃષ્ણ પણ પુરોહિત બનીને પુજા કરાવવા અહીં પધારતા હતા. આ રીતે બંનેનું મિલન અહીં થતું.

यमुनाजनकं सूर्यं सर्वरोगापहारकम् ।
मंगलालयरूपं तं वन्दे कृष्णरतिप्रदम् ।।

ગૌડેશ્વર સંપ્રદાયમાં ૪ સિદ્ધ સંતો થયા છે, જેમાંથી એક શ્રી ગોવર્ધન વનમાં, એક શ્રી કામ્યવનમાં, એક રનવારીમાં અને એક છોટે ભરનેમાં. અહીં જે સિદ્ધ સંતો થાય છે, તેઓ એકવાર વિરહમાં સૂર્યકુંડમાં કૂદી પડ્યા તો તેમને શ્રીજીની ચંદ્રિકા-ચિહ્નથી યુક્ત એક પાષાણ શિલા પ્રાપ્ત થઈ. શ્રીજીએ કહ્યું- ''આમાં મારી ચંદ્રિકાની નિશાની છે તેનું દર્શન કરીને તમારો વિરહ શાંત થશે.'' આજે પણ આ શિલા મંદિરમાં દર્શનીય છે.

રાધાકુંડની પાસે જસુમતિ સખીનું ગ્રામ જસોતી તથા વસુમતિ સખીનું ગ્રામ વસોતી છે.

બાટીની પાસે તોષ ગ્રામ છે જે શ્રીકૃષ્ણના પ્રિય સખા તોષનું ગ્રામ છે. તે શ્રીકૃષ્ણને નૃત્ય શિખવતા હતા.

તોષની પશ્ચિમે છે નાખેત ગ્રામ.

બીજી તરફ મથુરા માર્ગ પર અડીંગ ગ્રામ છે, જ્યાં શ્રીકૃષ્ણ ગોપીઓ પાસેથી દાણ લેવા માટે અડી ગયા હતા. તે સિવાય કંસની મૃત્યુ બાદ તેના આઠ ભાઈઓ ભાગીને અહીં આવ્યા હતા, જેમને બલરામે માર્યા હતા.

ડિરાવલીની પાસે ભરના કલા ગ્રામ પણ છે, જ્યાં એક જળ પ્રવાહિત બંધ છે.

પાલી

ભક્તિરત્નાકર અનુસાર-

એઈ દેખો 'પાલિગ્રામ' અપૂર્વ ઉદયાન ।
પાલિતા નામેતે યૂથેશ્વરી-વાસ સ્થાન ।।

'પાલી' ગ્રામમાં આ સુંદર બગીચાને જુઓ- અહીં પાલીતા નામની યૂથેશ્વરીનો નિવાસ હતો.

સિયાનો

અઘાસુર વધ લીલા સાંભળીને વ્રજવાસીઓ ઘણાં પ્રસન્ન થયા અને આશ્ચર્ય કરવા લાગ્યા તથા કહેવા લાગ્યા કે ભાઈ કૃષ્ણ હવે શાણો થઈ ગયો. સિયાનાનો અર્થ છે બુદ્ધિમાન. સિયાનાના નામથી જ આ ગામ ઓળખાય છે.







ભરના ખુર્દ - સૂર્ય મંદિર





ભરના ખુર્દ - સૂર્ય કુંડ અને શ્રીજી ચંદ્રિકા

અધ્યાય-૬૩

કુંજેરા (નવા ગ્રામ)

અહીં કુંજોની સઘનતા હોવાને કારણે તેનું નામ કુંજેરા (વર્તમાનમાં નવાગ્રામ) પડ્યું. અહીં રાધાકુંડના કુંજોની સીમા છે. અહીં ગોપીઓએ મળીને હાથીનો આકાર ધારણ કર્યો હતો તથા કૃષ્ણ તેના પર આરૂઢ થયા હતા. કુંજર ક્રીડાથી કુંજેરા બન્યું. અહીં પ્રાચીન દાઉજીનું મંદિર અને પ્રાચીન છત્રી છે.

અબે લોગ કહે કુંજેરા નામે ગ્રામ ।
ઐથા રાધા કૃષ્ણેર વિલાસ અનુપમ ।।

(ભ.ર.)

અહીં આસપાસના ગ્રામો છે- નગલા કાસોરિયા, ભગોસા, મડોરા, પલસોં.

પલસોં

તાસ્તથા તપ્યતીર્વીક્ષ્ય સ્વપ્રસ્થાને યદૂત્તમઃ ।
સાન્ત્વયામાસ સપ્રેમૈરાયાસ્ય ઈતિ દૌત્યકેઃ ।।

(ભા.૧૦/૩૬/૩૫)

યદુવંશ કુલમણિ શ્રીકૃષ્ણએ જોયું કે મારા મથુરા પ્રસ્થાન કરવાથી વ્રજ ગોપાંગનાઓ અત્યધિક વિહ્વળ થઈ રહી છે, ત્યારે 'હું આવીશ' એવો દૂત દ્વારા આ પ્રેમપૂર્ણ સંદેશ મોકલીને તેમને ધીરજ બંધાવી.

'પરશો' નામ ગ્રામ એઈ દેખહ અગ્રેતે ।
પરશો નામ હૈલ જૈછે કહિ સંક્ષેપતે ।।
રથે ચડિ કૃષ્ણ મથુરાય યાત્રા કૈલા ।
ગોપિકાર દશા દેખિ, વ્યાકુલ હૈલા ।।
લોકદ્વારે કહિલેન શપથ ખાઈયા ।
કાલિ પરમેશ્વર મધ્યે મિલિત આસિયા ।
એ હેતુ પરશો નામ હઈલ ઈહાર ।।

(ભ.ર.)

આગળ આ પરસો (પલસોં) ગ્રામને જુઓ. જ્યારે શ્રીકૃષ્ણ રથમાં બેસીને મથુરા જવા નિકળ્યા, ત્યારે ગોપીઓની દશા જોઈને શ્રીકૃષ્ણ વ્યાકુળ થઈ ઉઠ્યા અને તેઓએ કસમ ખાધી કે કાલે અથવા પરમ દિવસે (પરસોં) પાછા વળશે અને સૌને મળશે. તેથી આ ગ્રામનું નામ પરશો પડ્યું.

સીહ

પરશો-નિકટ એઈ શી નામેતે ગ્રામ ।
સંક્ષેપે કહિયે જૈછે હઈલો શી-નામ ।।
એથા કૃષ્ણ ચન્દ્ર ધૈર્ય ધરિતે ના પારે ।
ગોપિકાર દશા દેખિ કહે વારે વારે ।।
મથુરા હઈતે શીઘ્ર કરિવો ગમન ।
સેઈ હેતુ શીઘ્ર શી કહયે સર્વજન ।।

(ભ.ર.)

પરસો (પલસોં)ની પાસે આ સીહ (શી) ગ્રામ છે. ગોપીઓની દશા જોઈને શ્રીકૃષ્ણથી રહેવાયું નહીં. વારંવાર તેમણે કહ્યું- ''મથુરાથી હું જલ્દી (શીઘ્ર) જ પાછો આવીશ.'' શીઘ્ર પરથી આ ગ્રામનું નામ શી (સીહ) પડ્યું.

કોનઈ ગ્રામ

શ્રી રાધા પ્રતીક્ષામાં વ્યાકુળ શ્રીકૃષ્ણએ એક સખીને મોકલી હતી કે મારી પ્રાણાધ્યા કેમ આજે નથી આવી, જાઓ તેને લઈને આવો. જ્યારે તે પાછી આવી તો જેવું તેણે શ્રી રાધાજીનું નામ લીધું તો તેની પૂરી વાત સાંભળ્યા વિના જ તેને એકલી જોઈને બોલવા લાગ્યા કે કેમ ન આવી, કેમ ન આવી? તેનાથી આ ગ્રામનું નામ કોનઈ પડ્યું.

કૈ ના આઈ દૂતી રે શ્રી કૃષ્ણ પૂછય ।
એ હેતુ ક્યોં નાઈ અબ કોનઈ કહે ।।

(ભ.ર.)

સિવાર

સિવારના હડિયા વનમાં પૂજ્ય બાબા મહારાજજીના સદ્‌ગુરૂ દેવ પૂજ્ય શ્રી પ્રિયાશરણજી મહારાજ નિવાસ કરતા હતા અને મહાવાણીનો પાઠ કરતા હતાં.





કુંજેરા - દાઊજીનું પ્રાચીન મંદિર અને છતરી

અધ્યાય-૬૪

ગોવર્દ્ધન

ગોપ, ગ્વાળોના સંવર્ધન અને રાધામાધવની દિવ્ય લીલાઓના આશ્રયભૂત એવા શ્રી ગિરિરાજજીને વ્રજેન્દ્રનંદન શ્રીકૃષ્ણચંદ્રએ પોતાની પરમ આહ્લાદિની શક્તિ શ્રી રાધાની અભીપ્સિત એકાંત રાસ-રસસ્થળીરૂપે શ્રીગોલોકધામમાં વિરજા તટે પ્રગટ કર્યા, જે અત્યંત વિસ્તૃત અને સેંકડો શિખરોવાળા હતા, તે જ શતશૃંગ, ગિરિરાજજીનું ગોલોકથી ભૂતળ પર અવતરણ થયું. જ્યારે શ્રીકૃષ્ણે રાસ-રસના ઇચ્છુક ઋષિગણ અને અનેક અવતારોમાં શ્રીકૃષ્ણની પ્રેયસી થવાની ઇચ્છા ધરાવનારી લલનાઓની ઇચ્છા ફળીભૂત કરવા અને ભૂમિનો ભાર હરવાના ઉદ્દેશ્યથી ભૂતળ પર આવવાની ઇચ્છા શ્રીજી સમક્ષ વ્યક્ત કરી તો વિયોગની કલ્પનામાત્રથી થી વિહ્વળ થઈ તેઓ સાથે આવવા માટે તૈયાર થયાં, પરંતુ તેઓએ કહ્યું-

''નાથ! જ્યાં જમુનાજી, વૃંદાવન તથા ગિરિરાજજી ન હોય ત્યાં મારા મનને સુખની અનુભૂતિ નહીં થાય.'' ભગવાને ૮૪ કોસ સુધીનો ભૂ-ભાગ જે વિરજા નદી અને ગોવર્ધન પર્વતથી યુક્ત હતો, તેને પૃથ્વી પર મોકલી આપ્યો.

વૈષ્ણવ વાર્તામાં આવે છે કે જે જીવ ગોવર્ધન આવે છે, તેને કૃષ્ણ અવશ્ય મળે છે-

ડગરિ ચલિ ગોવર્દ્ધન કી બાટ ।
ખેલત તહાઁ મિલેંગે મોહન જહાઁ ગોધન કી ઠાટ ।

(સ્વામી પરમાનંદ દાસ)

તો ગોવર્દ્ધન પ્રાર્થના મંત્ર (સ્કન્ધે) :
ગોવર્દ્ધન ગિરે તુભ્યં ગોપાનાં સર્વરક્ષક । **નમસ્તે દેવરૂપાય દેવાનાં સુખદાયિને ।।**

હે ગોવર્ધન ગિરિ! આપને નમસ્કાર! આપ ગોપગણોના રક્ષક છો, દેવરૂપ છો અને દેવતાઓને સુખ દેનારા છો.

શ્રી ગિરિરાજ ગોવર્ધનની ઉત્પત્તિ

ગિરિરાજ ગોવર્ધનની ઉત્પત્તિ અંગે બે લીલાઓ પ્રસિદ્ધ છેઃ-

ગર્ગ સંહિતાનુસાર

જ્યારે પૃથ્વીનો ભાર ઉતારવા માટે સ્વયં શ્રીકૃષ્ણ આ ભૂતળ પર પધારવા લાગ્યા, તો તેઓએ પોતાની પ્રાણવલ્લભા શ્રીરાધાને કહ્યું- ''પ્રિયે! તું મારા વિયોગથી ભયભીત રહે છે, તેથી તું પણ મારી સાથે ભૂતળ પર આવ.'' શ્રીરાધાએ કહ્યું-''જ્યાં વૃંદાવન નથી, જ્યાં યમુના નદી ન હોય, જ્યાં ગોવર્ધન ન હોય ત્યાં મારા મનને સુખ ક્યાંથી મળે.''

યત્ર વૃન્દાવન નાસ્તિ યત્ર નો યમુના નદી ।
યત્ર ગોવર્દ્ધનો નાસ્તિ તત્ર મે ન મનઃ સુખમ્ ।।

(ગર્ગ.સં.ગો.ખં.૩/૩૨)

ત્યારે શ્રી રાધારાણીની પ્રસન્નતા માટે શ્રીહરિએ યમુના, ગોવર્ધનને પૃથ્વી તળ પર મોકલ્યા.

એક વખતે પુલસ્ત્ય ઋષિ નાના તીર્થોમાં ભ્રમણ કરી રહ્યા હતા, તે સમયે તેઓએ દ્રોણાચલના પુત્ર ગોવર્ધનને જોયો, જે માધવી લતાના સુમનોથી ઘેરાયેલો હતો, ત્યાં વૃક્ષો ફળ-ફૂલના ભારથી નમેલાં હતાં, પર્વત પર શાંતિનો વાસ તેને વધુ સુરમ્ય બનાવી રહ્યો હતો, આ દિવ્ય સૌંદર્યથી આકૃષ્ટ થઈને મુનિના મનમાં તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ. તેથી તેઓ દ્રોણાચલની પાસે ગયા. દ્રોણાચલે તેમનો આદર-સત્કાર કર્યો. ત્યારબાદ પુલસ્ત્યજીએ પર્વતને કહ્યું- ''હે દ્રોણ! આપ પર્વતોના સ્વામી છો. હું કાશી નિવાસી મુનિ, આપની પાસે યાચક બનીને આવ્યો છું. આપ મને આપનો પુત્ર આપી દો, કારણકે અહીં અન્ય કોઈ વસ્તુ સાથે મારું કોઈ પ્રયોજન નથી.'' પુલસ્ત્યજીની આ વાત સાંભળીને પુત્રસ્નેહથી વિહ્વળ દ્રોણાચલની આંખોમાં અશ્રુઓ ઉભરી આવ્યા. અવજ્ઞાના ભયથી તેઓ ના પણ પાડી શકતા નહોતા. તેથી બોલ્યા- ''હે શ્રેષ્ઠ મુનિવર! હું પુત્ર સ્નેહથી આકુળ છું. આ પુત્ર મને અત્યંત પ્રિય છે પરંતુ આપના શાપથી ભયભીત થઈને હું તેને આપના હાથોમાં આપું છું.''

ત્યારે ગોવર્ધને મુનિને કહ્યું- ''હે મુનિ! મારું શરીર આઠ યોજન લાંબું, બે યોજન ઊંચું, પાંચ યોજન પહોળું છે. આટલા મોટા પહાડને આપ કઈ રીતે સાથે લઈ જઈ શકશો?''

પુલસ્ત્યજી બોલ્યા- ''બેટા! તું મારી હથેળી પર બેસીને સુખેથી ચાલતો રહે.''

ગોવર્ધને કહ્યું- ''હે મુનિ! મારી એક શરત છે....''

પુલસ્ત્ય- ''એ શું?''

ગોવર્ધન- ''આપ જે સ્થળે મને એકવાર ભૂમિ પર મૂકી દેશો ત્યાંથી હું આગળ નહીં વધું.''

મુનિ- ''મારી પણ પ્રતિજ્ઞા છે કે હું આપને માર્ગમાં ક્યાંય મૂકીશ નહીં.''

ત્યારબાદ ગોવર્ધન પિતાને પ્રણામ કરી મુનિની જમણી હથેળી પર આરૂઢ થયા. તે સમયે ગોવર્ધનજીની આંખોમાં આંસુ ઉભરી આવ્યા.

પુલસ્ત્ય મુનિ ગોવર્ધનને લઈ આગળ વધ્યા. ચાલતાં-ચાલતાં વ્રજમંડળમાં જ્યારે પહોંચ્યા તો ગોવર્ધન પર્વતને યાદ આવ્યું-

દાનલીલાં માનલીલાં હરિરત્ર કરિષ્યતિ ।
તસ્માન્મયા ન ગન્તવ્યં ભૂમિશ્ચેયં કલિન્દજા ॥
ગોલોકાદ્રાધયા સાર્દ્ધં શ્રીકૃષ્ણોઽત્રાગમિષ્યતિ ।
કૃતકૃત્યો ભવિષ્યામિ કૃત્વા તદ્દર્શનં પરમ્ ॥
એવં વિચાર્ય મનસા ભૂરિ ભારં દદૌ કરે ।
તદા મુનિશ્ચ શ્રાન્તોઽભૂદ્ભૂતપૂર્વં ગતસ્મૃતિઃ ॥
કરાદુત્તાયં તં શૈલં નિધાય બ્રજમંડલે ।
લઘુશંકાંજયાર્થં હિ ગતોઽભૂદ્ભારપીડિતઃ ॥

(ગ.સં.વૃ.ખ.૨/૩૮-૪૧)

અહીં વ્રજમાં આપણા સ્વામી શ્રીકૃષ્ણ, પ્રાણેશ્વરી શ્રીરાધા સહિત અવતરિત થઈ ગ્વાલબાળો, ગોપીજનો સાથે અનેક લીલાઓ કરીશું. તેથી મારે અહીંથી અન્યત્ર ક્યાંય જવું ન જોઈએ. એવો મનમાં વિચાર કરીને ગોવર્ધને પોતાનો ભાર અનેકગણો વધારી લીધો. તેથી મુનિ થાકી ગયા અને તેમને પોતાની શરત યાદ ન રહી. તેઓએ ગોવર્ધનને વ્રજમંડળ પર મૂક્યો અને લઘુશંકા કરવા ચાલ્યા ગયા, ત્યારબાદ સ્નાન કરી ફરી ગોવર્ધનને ઉઠાવવા લાગ્યા, પરંતુ આ શું? ગોવર્ધને તો હલવાનું પણ બંધ કરી દીધું. પુલસ્ત્યજી એ ગોવર્ધનને કહ્યું- ''હવે ઉઠો!'' મુનિ બંને હાથોથી ગોવર્ધન ઉઠાવવા લાગ્યા, પરંતુ ઉઠાવી ન શક્યા. મુનિ ગોવર્ધનને બોલ્યા- ''હે ગિરિશ્રેષ્ઠ! ચાલો, ચાલો. હવે વજન ન વધારો. હું સમજી ગયો છું કે તમે રિસાયા છો. જલ્દી બતાવો તમારો અભિપ્રાય શું છે?'' ગોવર્ધન બોલ્યા- ''હે મુનિ! એમાં મારો કોઈ દોષ નથી. આપે જ મને અહીં સ્થાપિત કર્યો છે. હવે હું આપની પ્રતિજ્ઞાનુસાર અહીંથી હટીશ નહીં.'' આ સાંભળીને મુનિ ક્રોધિત થયા અને તેઓએ ગોવર્ધનને શાપ આપ્યો- ''તું ઘણો શઠ છે. તેં મારો મનોરથ સિદ્ધ ન થવા દીધો, તેથી તું રોજ તલ-તલ જેટલો ક્ષીણ થતો જઈશ.'' શાપ આપીને મુનિ કાશી ચાલ્યા ગયા.

આદિવારાહ પુરાણાનુસાર

જ્યારે શ્રીરામ સેતુ બાંધી રહ્યા હતા, તે સમયે શ્રીરામની આજ્ઞાથી વાનરરાજ શ્રી હનુમાનજી ગોવર્ધન પર્વતને ખભે મૂકીને આવી રહ્યા હતા. તે સમયે દેવવાણી થઈ કે સમુદ્રમાં સેતુ બની ગયો છે. હનુમાનજીએ તે સાંભળીને, ગોવર્ધનને અહીં વ્રજમંડળમાં મૂકી દીધો. ત્યારે હરિભક્ત ગોવર્ધનજીએ હનુમાનજીને કહ્યું કે આપે મને ભગવાનના ચરણ ચિહ્નોથી વંચિત કર્યો, તેથી હું આપને શ્રાપ આપીશ. ભયભીત થઈ હનુમાનજીએ કહ્યું- ''હે ગિરિવર! ક્ષમા કરો! દ્વાપરના અંતમાં પ્રભુ ઈન્દ્રનો ગર્વ હરવા માટે તેની પૂજાનું ખંડન કરી આપની જ પૂજા કરાવશે. દ્વાપરના અંતમાં આપની ઇચ્છાની પૂર્તિ થશે.'' આટલું કહીને હનુમાનજી આકાશમાર્ગે શ્રીરામજીની પાસે પહોંચ્યા અને સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું. શ્રીરામજી બોલ્યા- ''હે કપિશ્રેષ્ઠ! આપ ગિરિરાજને જઈને કહો કે સેતુબંધ માટે લાવવામાં આવેલ સૌ પર્વતો મારા ચરણસ્પર્શથી વિમુક્ત થઈ ગયા છે, પરંતુ હું એ ગિરિરાજને મારા હસ્તકમળના સ્પર્શ દ્વારા પવિત્ર કરીશ. હું વસુદેવના કુળમાં ઉત્પન્ન થઈને વ્રજમાં વિવિધ બાળક્રીડાઓ કરીશ અને ગોવર્ધન પર ગોચારણ કરીશ.'' આખું વૃત્તાંત હનુમાનજીએ જઈને ગિરિરાજને સંભળાવ્યું, જે સાંભળીને ગિરિરાજ સંતુષ્ટ થઈ ગયા.

શ્રી ગોવર્ધન મહિમા

ગર્ગસંહિતા

શ્રી નારદજીએ રાજા બહુલાશ્વને ગોવર્ધનની મહિમાનો બોધ કરાવ્યો. પાવન ગોદાવરી તટે વિજય નામે વિપ્ર (બ્રાહ્મણ) રહેતો હતો. કર વસૂલવા એક વાર મથુરા આવ્યો. ઘરે પાછા વળતાં ગોવર્ધન માર્ગે આવ્યો, ગિરિગોવર્ધનની શ્યામલ ઉજ્જવળ કાંતિ જોઈ મન તેના તરફ આકર્ષિત થઈ ગયું. હાથમાં એક નીલ, સ્નિગ્ધ પથ્થર ઉઠાવી માર્ગ વટાવતો જ્યારે વ્રજની બહાર આવ્યો તો એક ભીષણ આકૃતિવાળો રાક્ષસ દેખાયો. તેનું મોં છાતીમાં, ૩ પગ, ૬ ભુજા, ૩ હાથ,લાંબી જીભ, વક્ર દંત, લાલઘુમ આંખો, રક્ત કેશવાળો તે રાક્ષસ વિજય સામે પોતાની ભૂખ મિટાવવા માટે ઉભો થઈ ગયો. બ્રાહ્મણે બીકના માર્યા તેના હાથમાં રહેલો પથ્થર એ રાક્ષસને માર્યો. ગિરિરાજ-શિલાના સ્પર્શ માત્રથી એ રાક્ષસ ભગવાનના સારરૂપને પ્રાપ્ત થયો. હાથમાં બંશી, વક્ષ પર વનમાળ, મસ્તક પર મૃગપિચ્છ, કાનમાં કુંડળ શોભી રહ્યાં હતાં.

હાથ જોડીને આભારવશ બોલ્યો- ''હે માન્યવર! આપ નીલોજ્જવલ પાષાણના સ્પર્શથી તમેં મને આ અનાર્ય યોનિથી મુક્ત કરી દીધો.''

રાક્ષસમાંથી દેવ બનતાં જોઈ, બ્રાહ્મણ આમેય પહેલાંથી જ વિસ્મિત હતો પછી જ્યારે સાંભળ્યું કે ગિરિ-શિલાના સ્પર્શનો જ આ ચમત્કાર છે, તો તેના આશ્ચર્યનો પારાવાર ન રહ્યો.

વિજય- ''હે શુભવ્રત! હું સ્વયં જીજ્ઞાસુ છું, આપ કૃપા કરીને બતાવો કે પાષાણ સ્પર્શનું શું ફળ હોય છે?''

દેવ- ''હે બ્રાહ્મણ! આ કોઈ સાધારણ ગિરિ-પાષાણ નથી-

ગિરિરાજો હરે રૂપં શ્રીમાન્ ગોવર્દ્ધનો ગિરિઃ ।
તસ્ય દર્શનમાત્રેણ નરો યાતિ કૃતાર્થતામ્ ।।

(ગ.સં.ગિ.ખ.૧૦/૧૪)

શ્રી ગિરિરાજ સાક્ષાત શ્રીકૃષ્ણના તન્વંગ છે. તેમના દર્શન માત્રથી મનુષ્ય કૃતાર્થ થઈ જાય છે.

ઋષ્યમૂકસ્ય સહ્યસ્ય તથા દેવગિરેઃ પુનઃ ।
યાત્રાયાં લભતે પુણ્યં સમસ્તાયા ભુવઃ ફલમ્ ।।
ગિરિરાજસ્ય યાત્રાયાં તસ્માત્કોટિગુણં ફલમ્ ।
ગિરિરાજસમં તીર્થં ન ભૂતં ન ભવિષ્યતિ ।।

(ગ.સં.ગિ.ખ.૧૦/૨૨,૨૩)

મોટા-મોટા ઋષ્યમૂક, સહ્યગિરિ, દેવગિરિ વગેરે પર્વતો અને સંપૂર્ણ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાથી મનુષ્યને જે ફળ મળે છે, તેનાથી અનેકગણું ફળ, ગિરિરાજ ગોવર્ધનની પ્રદક્ષિણાથી મળે છે.'' તેથી 'ગર્ગસંહિતા'માં ઘોષણા કરી છેઃ ગિરિરાજ સમાન પ્રશસ્ત તીર્થ ન પહેલા ક્યારેય થયું છે ન ભવિષ્યમાં ક્યારેય થશે-

''ગિરિરાજ સમંતીર્થ ન ભૂતં ન ભવિષ્યતિ''

પછી એ દેવે પોતાનું પૂર્વ ચરિત્ર દર્શાવતાં કહ્યું- ''હે બ્રાહ્મણ દેવ! પૂર્વજન્મમાં હું એક ધનવાન વૈશ્ય હતો. જુગાર, મદિરાનું મને કુત્સિત વ્યસન હતું. અંતે વેશ્યામગામી બની ગયો, માતા-પિતાને ઝેર આપીને મારી નાખ્યા, પત્નીને તલવારની તીક્ષ્ણ ધારથી ખતમ કરી. એક દિવસ વેશ્યાને પણ અંધકૂપમાં ધક્કો મારીને સમાપ્ત કરી, સેંકડો લોકોનો ફાંસી આપીને અંત કર્યો. ધનના લોભમાં આવીને મેં અનેક બ્રહ્મહત્યા, ક્ષત્રિયહત્યા, વૈશ્યહત્યા, શૂદ્ર હત્યાઓ કરી નાખી.

એક દિવસ શિકાર કરવા વનમાં ગયો, ત્યાં એક કાળા સર્પે મને દંશ દીધો અને મારા શરીરનો અંત થયો. યમદૂતોએ મારા જેવા મહાપાપીને એક મન્વંતર સુધી કુંભીપાક નર્કમાં

નાખી દીધો. ત્યાંથી નિકળી એક કલ્પ સુધી તમસૂર્મિ નર્કની યાતનાઓ મેં ભોગવી, ત્યારબાદ ૮૪ લાખ યોનિઓમાં, પ્રત્યેક યોનિમાં એક વર્ષ સુધી કષ્ટ પામતો રહ્યો.

તદનંતર ભારતમાં શૂકર યોનિમાં મારો જન્મ થયો, ત્યારબાદ ૧૦૦ વાર વ્યાઘ્ર બન્યો, ૧૦૦ જન્મોમાં પાડો, સહસ્ત્રો જન્મ સુધી સર્પ યોનિમાં કષ્ટ પામતો રહ્યો, ૧૦ હજાર વર્ષો પશ્ચાત જળરહિત જગલમાં હું મહાખલ વિકરાળ રાક્ષસ બન્યો. શૂદ્રરૂપે વ્રજમાં જવાનો દુષ્પ્રયાસ કર્યો તો પ્રભુના પાર્ષદોએ મને મારી-મારીને ત્યાંથી ભગાડી મૂક્યો અને ત્યારથી જ હું આ ઘોર જંગલમાં રહી રહ્યો છું. ગિરિરાજ-શિલાનો સ્પર્શ પમાડી, તમે મારો ઉદ્ધાર કર્યો.''

ત્યારબાદ તે દેવ આકાશથી અવતરિત રથ પર સવાર થઈ ભગવદધામ ચાલ્યો ગયો. આવી અલૌકિક મહિમાઓથી ભરેલા છે- શ્રી ગિરિરાજ ગોવર્ધન.

આદિવારાહ પુરાણ

સ્મૃશ્યતિ યદિ કદાચ્છિદ્ધયા હેલયા વા ।
સકૃદપિ ગિરિરાજસ્યૈક મૂર્તિ કજિદ્ યઃ ।।
દ્વિજ સુર નરઘાતી તસ્કરોવાન્તકાલે ।
બ્રજતિ સ હરિલોકં સ્વેષ્ટદાસત્વમાપ્ય ।।

(આ.વા.પુ.)

શ્રી ગિરિરાજ અને ગિરિધરમાં ભેદનો અભાવ છે, એટલે કે બંનેમાં સામ્ય છે. જો કઈ મનુષ્ય શ્રદ્ધા અથવા અશ્રદ્ધાપૂર્વક શ્રી ગિરિરાજજીનો સ્પર્શ કરી લે છે, તો તે દેવઘાતી હોય, નરઘાતી હોય કે અત્યંત નિકૃષ્ટ તસ્કર કેમ ન હોય, સીધો પ્રભુના નિત્ય ધામ વૈકુંઠમાં પહોંચે છે. તેનું સૌથી જવલંત ઉદાહરણ છે- એ રાક્ષસ, જે વિજય બ્રાહ્મણ દ્વારા ફેંકવામાં આવેલ હરિદાસવર્ય ગિરિ-પાષાણથી કૃષ્ણલોકને પામ્યો. તેથી ગિરિરાજજીને પ્રેમીજનોએ પ્રિયા-પ્રીતમની 'પ્રીતિ-પ્રતિમા' માન્યા છે.

શ્રી માનસીગંગા

''ગંગા હરિ માનસ સૌ પ્રકટી બ્રજ મેં લહર-લહર લહરાય''

ગંગે દુગ્ધમયે દે વી ભગવન્માનસોદ્ભવે ।
નમઃ કૈવલ્યરુપાઢયે મુક્તિદે મુક્તિભાગિની ।।

(બ્ર.ભ.વિ.)

આપનું આ ધવલ દુગ્ધમય સ્વરૂપ આજે પણ અધિકારીઓને ક્યારેક-ક્યારેક પ્રત્યક્ષ, ચર્મ-ચક્ષુઓ દ્વારા ગોચર થાય છે.

''સ્નાત્વા માનસગંગાયાં દૃષ્ટા ગોવર્ધને પાપાંશોડપિ ન તિષ્ઠતિ ।''

શ્રી ભગવાનના માનસથી પ્રાદુર્ભૂત આ દુગ્ધમયી માનસીગંગામાં સ્નાન કરીને, શ્રી હરિદેવજીના મનોહર દર્શન, અને ગિરિરાજની પરિક્રમા કર્યા બાદ, પાપનો અંશ પણ ક્યાંથી ટકી શકવાનો હતા?

તેથી જ તો ભાવિક સમુદાય લલકારી ઉઠે છે-

માનસીગંગા શ્રી હરિદેવ ગિરિવર કી પરિકમ્મા દેવ ।
કુંડ કુંડ ચિન્નામત લેવ અપનૌ જનમ સફલ કરિ લેવ ।।

'વારાહપુરાણ' અનુસાર માનસી ગંગાના પૂર્વમાં ઇન્દ્ર તીર્થ, દક્ષિણમાં યમતીર્થ, ઉત્તરમાં કુબેર તીર્થ છે.

એકવાર નંદબાબાને સ્નાન કરવાની ઇચ્છા થઈ, પરંતુ નંદનંદન નથી ઇચ્છતા કે બાબા વ્રજથી બહાર જાય, તેથી બાબાની બલવતી ઇચ્છાને પૂર્ણ કરવા માટે કારતક માસની અમાસે નંદતનય શ્રીકૃષ્ણને મનથી કલ્મષનાશિની શ્રી ગંગાજીનો અભ્યુદય કર્યો. તેથી તેનું નામ 'માનસી ગંગા' પડ્યું.

બોલો શ્રી માનસી ગંગા કી ડડડડ જય!

માનસી ગંગાનું ઉજ્જવળ સ્વરૂપ દર્શન કરી વ્રજવાસીઓનું મન આનંદથી ભરપૂર થઈ ગયું, સૌએ નંદબાબા સહિત માનસી ગંગામાં સ્નાન કર્યું અને દીપદાન કર્યું. માનસી ગંગામાં દીપોની જ્યોતિ એવી પ્રતીત થવા લાગે જાણે માર્ગ ભૂલેલા ગગનના તારાઓ ગંગામાં ઉતરી આવ્યા હોય.

ભરતપુર નરેશ સૂરજમલે પણ દિલ્લી પર આક્રમણ કરી પ્રાપ્ત કરેલ અપાર ધન-સંપતિનો વિજયોત્સવ મનાવતાં શ્રી માનસી ગંગામાં દીપદાન કર્યું હતું. આજે પણ દીવાળીની કારતક અમાસે શ્રદ્ધાળુ ભક્તજનો દીપ પ્રજ્વલિત કરી માનસી ગંગાને સજ્જિત શોભિત કરી દ્વાપરકાલીન પ્રાગટ્યોત્સવ ઉત્સાહપૂર્વક ઉજવે છે. માનસીગંગા, બ્રજ-બાહ્ય ગંગાથી વધુ મહિમામયી છે, કારણકે તે 'ચરણ ગંગા' છે અને આ 'માનસી ગંગા'. અહીંની મહત્તા તો છે-

''ગંગા નામ લિયૈ તર જાવૈ ન્હાવે તે પ્રભુ પાય''

અહીં પ્રિયા-પ્રિયતમ વિદગ્ધા સખી સમૂહ સહિત નિત્ય-નવીન લીલાઓનું સંપાદન કરે છે. ક્યારેક જળક્રીડા, તો ક્યારેક નૌકાવિહાર. ગુસાંઈ શ્રી રઘુનાથદાસજીએ આ લલિત-કેલિ વિલાસોનો સાક્ષાત્કાર કર્યો.

પ્રથમ મત

ભયાક્રાંત વ્રજવાસીગણોની રક્ષાર્થે શ્રીકૃષ્ણએ વૃષભાસુરનો વધ કર્યો. ગૌભક્ત ગોપીવૃંદ સ્વામિની શ્રી રાધા સહિત શ્રીકૃષ્ણની ભર્ત્સના કરવા લાગ્યા. તેં વૃષભની હત્યા કરી છે, તેથી અમારાથી દૂર રહે. પરંતુ આ ચપળ-ચકોર, ગૌરચંદ્રસમ રાધાથી અલગ કઈ રીતે રહી શકે?

તરત જ, વૃષભ હત્યાના પાપથી મુક્ત થવા માટે મનથી પાપનાશિની શ્રી માનસી ગંગાને પ્રગટ કરી દીધી.

શ્રી ગિરિરાજજીની સ્નેહયુક્ત ગોદમાં આ પાવની ગંગાને આમેર નરેશ માનસિંહના પિતા રાજા ભગવાનસિંહે પથ્થરો દ્વારા ચારે તરફથી બંધાવી એક વિશાળ તળાવનું રૂપ આપ્યું હતું. ત્યારબાદ રાજા માનસિંહે તેનું નવીનીકરણ કરાવ્યું. ભરતપુરના પ્રતાપી રાજા જવાહરસિંહે ભવ્ય મહેલ અને કલાત્મક છતરીઓ આ સ્થાન પર બનાવડાવી. રાજા સૂરજમલની મહારાણી કિશોરી રાણીનો મહેલ અને તેમના નિકટવર્તી ઠાકુર શ્રી કિશોરી શ્યામજીનું મંદિર આ જ ક્રમમાં બનેલ માનસી ગંગાની તટવર્તી ઈમારતો છે, જેમનું નિર્માણ સ્વયંમાં ગર્વિત થતું દેખાય છે. ગર્ગસંહિતાનુસાર આ શ્રી ગોવર્ધનના યુગલ-નયન છે.

દ્વિતીય મત

એકવાર ગંગાજીના મનમાં ઇચ્છા થઈ, કે મારી અનુજા યમુના કેટલી સદ્‌ભાગ્યા છે, કે સખી-સહચરી સમૂહ સહિત યુગલસરકાર, આ સ્નેહભાજા યમુનાના જળમાં કેલિ કરતાં જ રહે છે. શું મારું ભાગ્ય ક્યારેય જાગશે? ગંગાજીએ અનુજા યમુનાને નિવેદન કર્યું, જો તું ઇચ્છે તો મારો પણ ભાગ્યોદય થઈ શકે છે. કૃષ્ણ પ્રેયસી કાલિંદીએ ગંગાજીની ઇચ્છા પૂર્ણ કરવા માટે શ્રી ઠાકુરજીને પ્રાર્થના કરી. ભક્તવત્સલે ગંગાજીનું મનથી આહ્વાન કરી તેમને અહીં વ્રજમાં બોલાવ્યા અને ચતુરા ગોપીઓ સાથે જળક્રીડા, નૌકા લીલા વગેરે કરી ગંગાજીને પણ સંતુષ્ટ કર્યા.

શ્રી વિશ્વનાથ ચક્રવર્તી પાદે સ્વપ્રણીત 'શ્રી ગોવર્ધનાષ્ટકમ્'માં માનસી ગંગામાં થયેલ નૌકાલીલાનું ઘણું સુંદર વિવેચન કર્યું છે-

યત્રૈવ ગંગામનુનાવિ રાધામારોહ્ય મધ્યે તુ નિમગ્નનૌકઃ ।
કૃષ્ણો હિ રાધાનુગલો બભૌ સ ગોવર્ધનો મે દિશતામભીષ્ટમ્ ।।

(ગોવર્ધન અષ્ટક શ્લોક સં. ૭)

શ્રી ઠાકુરજી નાવિક બનીને નૌકા હંકારી રહ્યા છે, વિદગ્ધ તો છે જ. ક્યારેક-ક્યારેક નૌકાને જાણીજોઈને ડગમગાવે છે, તો રાધારાણી ભીતિવશ આલિંગનબદ્ધ થઈ જાય છે.

અષાઢ પૂર્ણિમા

માનસી ગંગાના પાવન પર્વોમાં અષાઢ પૂર્ણિમાંનો દિવસ ઘણો મહત્વપૂર્ણ છે. વૈષ્ણવ પરંપરામાં આ દિવસ ગુરૂપૂર્ણિમા અથવા વ્યાસપૂર્ણિમા નામથી ખ્યાત છે, જેના બે મુખ્ય કારણો છે-

પ્રથમ- શ્રી ભગવાનના ચોવીસ અવતારોમાં પરિગણિત શ્રીમતશ્રી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસદેવનો જન્મ આ તિથિએ થયો હતો, જેમના દ્વારા રચિત શ્રીમદ્‌ભાગવત મહાપુરાણ સમગ્ર જગત માટે પરમ ઉપાદેય છે. તેથી આજના દિવસને ભક્તજનો આભારસહ વ્યાસપૂજા અર્થાત્ ગુરૂપૂજા કહે છે.

દ્વિતીય- શ્રીમન્ ચૈતન્ય દેવના આજ્ઞાવર્તી શ્રી સનાતન ગુસાંઈજીએ મસ્તક મુંડન કરાવી માનસી ગંગાના ઉત્તર તટવર્તી શ્રી ચકલેશ્વરમાં ભજન કર્યું. તેઓ પ્રતિદિન સવ્રત ગિરિરાજજીની પરિક્રમા કરતાં. આજના દિવસે વિ.સં. ૧૬૧૧માં આપે નિત્યધામ ગમન કર્યું ત્યારે અનુયાયીઓએ માથું મુંડાવી મૃદંગ, ઢોલ, ઝાંઝ અને મંજીરાથી અત્યંત ઉત્સાહ સાથે વિમાનમાં આપના પાર્થિવ દેહને લઈ નૃત્ય કરતાં માનસી ગંગાની પ્રદક્ષિણા કરી હતી. તેથી વ્રજમંડળમાં આ પાવન પર્વ 'મુડિયાપૂનો' નામથી સર્વત્ર ઓળખાય છે. આજે પણ આ પાવન પર્વના અવસરે કાવડમાં શ્રીમન્ મહાપ્રભુ અને શ્રી રૂપસનાતનજીની છબીઓ લઈ ગૌડીય વૈષ્ણવ સમૂહ અતિ ઉદ્દામ વેગે નૃત્ય કરતાં-

હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે ।
હરે રામ હરે રામ રામ રામ હરે હરે ॥

ઉચ્ચ સ્વરથી યુગલ મહામંત્રનું ગાન કરતાં જ્યારે માનસી ગંગાની પરિક્રમા કરે છે તો આખું વાતાવરણ વિશુદ્ધ ભક્તિથી ભરાઈ જાય છે. શ્રી વલ્લભ સંપ્રદાયના અષ્ટ મહાછાપ કવિઓમાં 'ઔર કવિ ગઢિયા નંદદાસ જડિયા' ઉક્તિથી સન્માનિત શ્રી નંદદાસજીએ પણ અહીં શ્રી માનસીગંગાના તટ પર નિર્મિત મનસાદેવીના મંદિરની પાસે અશ્વત્થ વૃક્ષની નીચે પર્ણકૂટિમાં નિવાસ કર્યો હતો. વિલક્ષણાઓથી ભરપૂર આપનું જીવનચરિત જીવોને લક્ષ્ય દેનારું છે. વસ્તુતઃ આ મહાન આત્માઓનો આવિર્ભાવ 'બહુજન સુખાય, બહુજન હિતાય' જ થતો હોય છે.

શ્રી નંદદાસજી

ભોજ સખાના અવતાર- શ્રી નંદદાસજી.

૧૬-૧૭મી શતાબ્દીમાં શ્રી વલ્લભ સંપ્રદાયના અષ્ટ મહાછાપ સુકવિઓમાં આપનું સ્થાન છે. જેમાંથી ૪ રત્નો તો શ્રી વલ્લભ પ્રભુના શિષ્યો અને અન્ય ૪ રત્નો ગુસાંઈ શ્રી વિઠ્ઠલનાથજીના શિષ્યો થયા.

આચાર્યચરણ શ્રી વલ્લભ પ્રભુના- શ્રી સૂરદાસજી, શ્રી કુંભનદાસજી, શ્રી પરમાનંદદાસજી અને શ્રી કૃષ્ણદાસજી. ગુસાંઈ વિઠ્ઠલનાથજીના શ્રી ગોવિંદસ્વામી, શ્રી નંદદાસજી, શ્રી છીતસ્વામીદાસજી અને શ્રી શ્રી ચતુર્ભુજદાસજી.

બહુમુખી પ્રતિભાશાળી, અષ્ટમહાછાપના નાગર કવિતા અને પદાવલી નિર્માતા કવિઓમાં સર્વસન્માનિત સ્વનામધન્ય શ્રી નંદદાસજી મહારાજ છે. આપનો જન્મ વિ.સં. લગભગ ૧૫૧૦માં સનાઢ્ય બ્રાહ્મણ કુળમાં શૂકર ક્ષેત્ર (સોરોં)ની પાસે જિલ્લો એટાના રામપુર ગામમાં થયો હતો. આપની રચનાઓ અતિશય પ્રશંસનીય છે, ફક્ત જન-સામાન્ય જ નહીં, બલ્કે મોટા-મોટા રસિકજનોએ પણ આપના ભક્તિ પ્રધાન કાવ્યોની પ્રવીણતાને ધન્ય-ધન્ય કહી છે-

શ્રી ધ્રુવદાસજીનું કથન-

નન્દદાસ જો કછુ કહ્યો રાગ રંગ સૌ પાગિ ।
અચ્છર સરસ સનેહમય સુનત શ્રવણ ઉઠિ જાગિ ।
રમન દશા અદ્ભુત હુતી કરત કવિત્ત સુઢાર ।
બાત પ્રેમ કી સુનત હી બહુત નૈન જલ ધાર ।।
બાવરો સો રસ મેં ફિરૈં ખોજત નેહ કી બાત ।
આછે રસ કે વચન સુનિ બેગિ વિવસ હ્વૈ જાત ।।

શ્રીનાથજીનું કથન-

શ્રી નન્દદાસ આનન્દ નિધિ રસિકસુ પ્રભુ હિત સંગમગ્ન ।।
લીલા પદરસ રીતિ ગ્રન્થ રચના મેં નાગર ।

આપની ૧૪ રચનાઓ પ્રખ્યાત છે. કેટલાક લોકોના કહેવા અનુસાર તેમાંથી ૧૧ કૃતિઓ આપની તથા ૩ અન્ય કોઈની છે. રાસ પંચાધ્યાયી, સિદ્ધાંત-પંચાધ્યાયી, અનેકાર્થ મંજરી, મનમંજરી, રૂપમંજરી, વિરહ મંજરી, રસ મંજરી, ભ્રમરગીત, શ્યામ સગાઈ, શ્રી ગોવર્ધન લીલા, રૂક્મિણી-મંગલ, શ્રી સુદામા ચરિત્ર, ભાગવત દશમ સ્કંધ અને પદાવલી, આ ૧૪ રત્નોના નિર્માતા આપ જ છો.

રૂપ મંજરી

કૃષ્ણ ભાવ ભાવિતા, ભક્તારૂપ મંજરીના નામ પર જ આપે આ કાવ્યનું પ્રણયન કર્યું. બસો બાવન વૈષ્ણવોની વાર્તા અનુસાર- હિંદુ રાજાની પુત્રી રૂપમંજરીનો વિવાહ અકબર બાદશાહ સાથે થયો. ભક્તા રૂપ મંજરીનું વ્રત હતું, કે હું દેહ સંસ્પર્શ ક્યારેય કરીશ નહીં અને કરવા દઈશ નહીં. તેથી અકબર દૃષ્ટિમાત્રથી તેમનો ઉપભોગ કરતો, સ્પર્શ ક્યારેય ન કરતો. ભક્તા રૂપમંજરીમાં દિવ્ય શક્તિ હતી, પોતાની પ્રગલ્ભ શક્તિના પ્રભાવથી પ્રતિદિન પોતાના મોંમાં એક ગુટિકા મૂકીને શ્રી નંદદાસજી પાસે સત્સંગમાં જતી હતી. તે ગુટિકાના પ્રભાવથી રોજેરોજનું આવાગમન સહજ થઈ જતું. એકવાર અકબરની સંમુખ કોઈએ આ પદ ગાયું-

દેખો દેખો રી નાગર નટ નિરતત કાલિન્દી તટ ।
ગોપિન કે મધ્ય રાજૈ મુકુટ-લટક ।।
કાછિની કિંકની કટિ પીતામ્બર કી ચટક ।
કુંડલન કિરન રવિ રથ કી અટક ।।
તત થેઈ તત થેઈ સબદ સકલ ઘટ ડરપ ।
ઉરપ તિરપ ગતિ પદ કી પટક ।।
રાસ મધ્ય રાધે રાધે મુરલી મેં એક રટ ।
'નન્દદાસ' ગાવૈં તહાઁ નિપટ નિકટ ।।

આ પદ સાંભળતાં જ શંકિત થઈ અકબરે પૂછ્યું- ''શું આ કે જેણે આ ગાયું છે તે લીલામાં ઉપસ્થિત હતો, કે પછી એમ જ કહી દીધું....''

''તે હજી ત્યાં જ વિદ્યમાન છે, તેથી તેમને જ પૂછી લઈએ.'' કોઈકે કહ્યું.

જિજ્ઞાસુ અકબર સપરિવાર વ્રજમાં આવ્યો. નંદદાસજીને બોલાવવા માટે બીરબલને મોકલ્યા, લોકહિતનિરત નંદદાસજીએ એમ કહીને બીરબલને પાછો વાળ્યો કે બે દિવસ બાદ આવીશ. પરંતુ જ્યારે આપે સાંભળ્યું કે ભક્તા રૂપમંજરી પણ આવી છે, તો આપ સીધા બિલ્છુકુંડ પહોંચ્યા, જ્યાં તે એકાંતમાં લાડપૂર્વક પોતાના ઠાકુરજીને ભોગ ધરાવી રહી હતી. ત્યાં આપે એક પદ ગાન કર્યું, ત્યારબાદ આપ બંનેએ પ્રભુપ્રસાદ ગ્રહણ કર્યો.

'મને સદાને માટે ગિરિરાજજી અને માનસી ગંગાનું સાંનિધ્ય સુલભ થઈ જાય'' રૂપમંજરીએ પોતાનું અભીષ્ટ વ્યક્ત કર્યું.

નંદદાસજીએ કહ્યું- ''ઠાકુર ભક્તની તમામ ઇચ્છાઓ પૂર્ણ કરનાર કલ્પતરૂ સમાન છે, ચિંતા ન કરો.''

નંદદાસજી સ્નાન કરવા માટે માનસી ગંગા આવ્યા. બીરબલ સવિનય, સાદર તેમને બાદશાહ અકબર પાસે લઈ ગયો. અકબર જિજ્ઞાસુ હતો. તેથી પૂછ્યું- ''પદમાં

આપે જેવું આપે કહ્યું 'નંદદાસ ગાવૈ તહાં નિપટ નિકટ' શું આ રાસલીલા કાળમાં, આપ ત્યાં હાજર હતા, કે કોરી કલ્પના માત્ર છે?''

''બસ, આટલી નાનકડી વાત, એ તો રૂપમંજરી સ્પષ્ટ કરી દેશે'' નંદદાસજીએ કહ્યું.

બાદશાહે રૂપમંજરી સામે જ્યારે આ શંકા ઉપસ્થિત કરી, બીજી જ ક્ષણે તે સ્વદેહનો ત્યાગ કરી નિત્યલીલામાં પ્રવેશી ગઈ.... અકબરે આવીને નંદદાસજીને આ ઘટનાક્રમ જણાવ્યો અને પોતાની શંકાનું સમાધાન કરવાની ઇચ્છા દર્શાવી.

તે જ ક્ષણે નંદદાસજી પણ પાર્થિવ દેહને છોડી, નિત્ય લીલામાં પ્રવિષ્ટ થઈ ગયા. આશ્ચર્યચકિત-વિસ્મિત થઈ ગયેલા અકબરને બીરબલે સમજાવ્યું- ''પ્રેમ અત્યંત ગુહ્ય છે. શ્રી નંદદાસજી તો સર્વદા 'નિપટ-નિકટ' થઈને જ પદગાન કરતા હતા. આ અવગુંઠિત રહસ્યને અનાધિકારી સામે પ્રકટ કરવાની ઇચ્છા ન હતી, બંનેમાંથી એકેયની. તેથી તેઓએ પ્રાણત્યાગ કર્યો.''

જદપિ અગમ તે અગમ અતિ નિગમ કહત હૈ જાહિ ।
તદપિ રૅંગીલે પ્રેમ તે નિપટ નિકટ પ્રભુ આહિ ।।

(નંદદાસકૃત રૂપમંજરી)

શ્રી સચ્ચિદાનંદ શુક્લના ૨ પુત્રો હતાં-

૧. આત્મારામ
૨. જીવારામ

આત્મારામજીના શ્રી તુલસીદાસજી.

જીવારામજીના શ્રી નંદદાસજી.

આમ માનસના પ્રણેતા ગુસાંઈ શ્રી તુલસીદાસજી મહારાજ આપના પિતરાઈ અગ્રજ હતા. જોકે આ વિશે કેટલાક મત-મતાંતરો છે. આપના પિતા સ્વનામધન્ય શ્રી જીવારામ, માતા શ્રીમતી કમલાદેવી હતાં. વિપ્ર મૂર્ધન્ય અલૌકિક આભા-પ્રભા-પ્રતિભાસંપન્ન એવા આપે કવિવર અષ્ટછાપમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આપની ઉચ્ચતમ કૃતિ ગૂઢ વિષયોથી ભરપૂર પદ્યાત્મક 'રાસપંચાધ્યાયી' પાઠકોના હૃદયમાં ભાવોદ્દીપન કરે છે. જે શબ્દ વાંચો તે જ આંખો સમક્ષ નર્તન કરવા લાગે છે.

આપની રસપ્રચુર, રસોત્કૃષ્ટ, સારગર્ભિત, ભાવપૂરિત કૃતિઓ ભાવિકોના ભગવદ-પરક ભાવોનું ન કેવળ પોષણ કરે છે, બલ્કે તેમના ભાવસરોવરને પ્રફુલ્લિત કરી દે છે. આપની આ જગતસ્તુત્ય, હૃદયસ્પર્શી, ભાવોર્મિઓથી ભરપૂર, આપના અંતર્નિહિત ભાવોને વ્યક્ત કરનારી શ્રેષ્ઠ કૃતિઓ વિશે, ગમે તેટલું કહેવામાં આવે છતાં મનને સંતોષ નથી થતો. આપની ઉચ્ચતમ કૃતિઓ વિશે ભગવદીયોનું કથન છે કે, ''શ્રીનંદદાસજીની વૃત્તિ આચાર્યચરણ શ્રી વલ્લભ પ્રભુની સુબોધિનીજીનો સંક્ષિપ્ત સાર છે.''

આ કથન અતિશયોક્તિ નથી બલ્કે યથાર્થ છે.

આપનું એક વ્યસન

શૂકર ક્ષેત્રની પાસે શ્રી નૃસિંહજીની શાળામાં આપનો પ્રારંભિક અભ્યાસ થયો. ત્યારબાદ આપ કાશી આવી ગયા, અહીં પહેલાથી જ શ્રી તુલસીદાસ મહારાજ, શ્રી શેષ સનાતનજી પાસે ભણી રહ્યા હતા, આપે પણ અભ્યાસ શરૂ કર્યો. તેથી શ્રી તુલસીદાસને પોતાના મોટા ગુરૂભાઈ માનીને આપે કહ્યું-

શ્રીમત્ તુલસી દાસ સ્વગુરૂ ભ્રાતા પર વન્દે ।
શેષ સનાતન વિપુલ જ્ઞાન જિન પાય અનન્દે ।।

આ પદ પરસ્પરમાં અત્યધિક પ્રેમનું પરિચાયક છે.

૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં લખ્યું છે કે શ્રી નંદદાસજી લૌકિક વિષયાસક્ત હતાં પરંતુ પુષ્ટિમાર્ગના આચાર્યોનું તો કથન છે-

''રસિકાઃ કામ વર્જિતાઃ''

કામ વર્જિત જ પરમ રસિક છે. (જીવનના પૂર્વ ભાગમાં વિષયાસક્તિ અને ઉત્તર ભાગમાં કૃષ્ણાસક્તિ તે માત્ર પ્રભુની ઇચ્છાથી જ છે. જય-વિજયને શ્રાપ મળ્યો તેની પાછળ પણ પ્રભુની ઇચ્છા જ મુખ્ય હતી.)

જે વિષય વિદૂષિત હોય, તે રસિક ન હોઈ શકે જ્યારે નંદદાસજી તો પરમરસિક હતાં. આપના ચર્મચક્ષુ સૌંદર્ય-પીયુષ વ્યસની અવશ્ય હતા પરંતુ આ વ્યસન સર્વથા અસામાન્ય હતું. વિષયલિપ્ત મતિથી શ્રી નંદદાસજીના આ રસાસક્ત હાર્દને સમજવું કઠિન છે. રૂપ રસિક નંદદાસજીનો પૂર્વમાં અપૂર્વ રાગ હતો. આપ જ્યાં પણ સુંદરતા નિહાળતા, દૂષણ-વિહીન વૃત્તિથી તેના પ્રત્યે સહજ આકૃષ્ટ થઈ જતાં.

એક વાર ભક્તોનો સમુહ મથુરા-દ્વારિકાની યાત્રા કરતો જઈ રહ્યો હતો, આપની પણ ઇચ્છા થઈ કે હું પણ જઈને મથુરા ભૂમિના દર્શન કરું, ચાલી નીકળ્યા. મથુરાની ધરતી પર જ્યારે પગ મૂક્યો, તો મનમાં આપોઆપ જ ઘનાનંદની અનુભૂતિ થવા લાગી-

''પુણ્યં મધુવનં યત્ર સાન્નિધ્યં નિત્યદા હરેઃ''

(ભા.૪/૦૮/૪૨)

અહીંના કણ-કણમાં આજે પણ રાસેશની અદ્‌ભુત લીલાઓ રૂપાયમાન થઈ રહી છે. ક્ષણ-ક્ષણમાં તેનું મધુર મધુર વદન, મધુર હાસ્ય સાકાર થઈ રહ્યું છે. શીતળ-મંદ-સુગંધ સમીકરણથી તેમની નીલોજ્જવલ ઝાંખી ઝળહળી રહી છે.

દ્વારિકેશના દર્શન પણ કરવા છે, પરંતુ મન, મથુરા જવા તૈયાર હોય તો ને. વ્રજનો જીવ હતા, તેથી અટકી ગયા વ્રજમાં.

વિચાર્યું, ચાલો એકવાર રણછોડરાયના દર્શન કરીને આવું, પછી આખું જીવન વ્રજ વસુંધરામાં જ રહીશ. દ્વારિકા જવા માટે નીકળ્યા, તો માર્ગ ભટકી ગયા. સિંહનદ ગ્રામ જઈ પહોંચ્યા, ત્યાં આપના રૂપ રસ પિપાસુ ચક્ષુ એક ક્ષત્રાણી પર પડ્યા, તે પોતાની અટ્ટાલિકા પર પોતાની સઘન, સુકોમળ, સ્નિગ્ધ કેશશ્રૃંખલાને સૂકવી રહી હતી, તેના પર દૃષ્ટિ પડતાં જ મોહિત થઈ જતાં તેમને લાગ્યું, કે અત્યાર સુધી તો મેં જે રૂપ જોયું તે આભાસ માત્ર હતું પરંતુ આજે તો ભુવન-વિમોહિની સૌંદર્ય-સુધા સિંધુ, સર્વચિત્તાકર્ષક-ચિત્તાકર્ષિણી... આહા હા! દિવ્ય રૂપ-રસનું પાન કર્યું આ આંખોએ! આ રૂપ આ લોકનું હોય, એવું લાગતું નથી. નક્કી જ તે મારા ઈષ્ટના રૂપ સાથે જ સંકળાયેલું છે. કેટલાય દિવસો વીતી ગયાં, ક્ષત્રાણીના મુખનું દર્શન કર્યા બાદ જ તેઓ પાણી ગ્રહણ કરતાં.

ગામમાં જ્યારે આ વાત ચર્ચાનો વિષય બની, તો ઘરના સદસ્યો ક્ષત્રાણીને લઈ વહેલી સવારે ગોકુળ પ્રસ્થાન કરી ગયા કે કેટલાક દિવસો અહીં રહીશું જ નહીં તો જાતે જ પાછો વળી જશે.બપોરે જ્યારે તેઓ યમુનાના તીર સુધી પહોંચ્યા તો પાછળ શું જુએ છે- શ્રીનંદદાસજી પણ પાછળ-પાછળ ચાલતાં આવી રહ્યા છે. ક્ષત્રી પરિવાર ફટાફટ નૈકામાં બેસીને પેલે પાર પહોંચી ગયો અને ૧૦ રૂપિયા વધુ આપીને, નાવિકને મનાઈ ફરમાવી, પરંતુ થોડી જ વારમાં આપનું ચિત્ત વિક્ષિપ્ત થઈ ગયું.

શ્રી યમુનાજીના તટ પર બેઠા તો યમુનાજીની કૃપા આપને પ્રાપ્ત થઈ અને ત્યાં કેટલાક પદો દ્વારા આપે શ્રી યમુનાજીનું સ્તવન કર્યું-

નેહ કારનૈ જમુના જૂ પ્રથમ આઈ ।
ભક્ત કી ચિત્ત વૃત્તિ સબ જાન કૈ તાહી તે અતિ આતુર જો ધાઈ ।।
જૈસી જાકે મન હતી ઈચ્છા તાકી તૈસી સાધ જો પુજાઈ ।
‘નન્દદાસ’ પ્રભુ તાહિ પૈ રીઝત જમુના જૂ કે જસ જો ગાઈ ।।

જો જમુના જમુને જુ ગાવૈ ।
સેસ સહસમુખ ગાવત નિસિદિન પાર ન પાવૈ ।।
સકલ સુખ દેનહાર તાતૈં કરો ।
ઉચ્ચાર કહતે હી બાર બાર ભૂલિ જિન જાવો ।
‘નન્દદાસ’ કી આસ જમુને પૂરણ કરી ।
તાતે કહૂઁ ઘરી-ઘરી ચિત્ત લાવો ।।

પેલી તરફ, ક્ષત્રિય પરિવાર જ્યારે ગોકુળ પહોંચ્યો, રાજભોગનો સમય હતો, શ્રી નવનીત-પ્રિયાજીની ઝાંખીના દર્શન કરી, ગુસાંઈજીએ સૌને માટે પ્રભુ પ્રસાદના આસનિયા લગાવડાવ્યા, એક આસન વધુ લગાવડાવ્યું. ક્ષત્રીએ કહ્યું- ‘‘મહારાજ! અમે તો ત્રણ જણાં, આ એક વધારાનું આસન...’’

ગુસાંઈજી- ''આ એક આસન એ નંદદાસ બ્રાહ્મણનું છે, એ વિપ્ર ક્યાં ભોજન કરવા જશે.'' (ક્ષત્રીની આંખો શરમથી ઝુકી ગઈ)

ગુસાંઈજીએ ક્ષત્રિય પરિવારને સમજાવ્યું કે તે કોઈ વિષયી જીવ નથી અને શ્રીનંદદાસજીને બોલાવડાવ્યા. આવીને તેઓએ જ્યારે એ અચિંત્ય-અનંત-અનિર્વચનીય-અદ્‌ભુત-અલૌકિક-લાવણ્ય-સૌંદર્ય-માધુર્ય-ઐશ્વર્યથી પરિપૂર્ણ યશોદોત્સંગ વ્રજાનંદકંદ નંદનંદનના દર્શન કર્યા પછી ક્યાં બીજું કોઈ સૌંદર્ય શેષ રહ્યું હતું?

''સુન્દરતા તિહુઁ લોક કી લે બ્રજ મેં આની''

અથવા

યા છવિ પે રસખાન અબ વારૌં કોટિ મનોજ ।
જાકી ઉપમા કવિન નહિં પાઈ રહે સો ખોજ ।।

અથવા

જાકી સુંદરતા જગ બરનત ।
સુખ છવિ લખિ દ્યુતિ ચન્દ્ર લજાવૈ ।।

અથવા

જો કોઉ કોટિ જન્મ લગિ જીવે કોટિક રસના પાવે ।
તઉ વહ રુચિર વદનારવિંદ કી શોભા કહત ન આવે ।
દેવલોક ભુવલોક રસાતલ કવિ કુલ મતિ અતિ ડરિયે ।
સહજ માધુરી અંગ અંગ કી કહો કાસોં પર તરિયે ।

ગુસાંઈજીની કૃપા થઈ નંદદાસજી પર. વિ.સં. ૧૬૦૭ની આસપાસ લગભગ બ્રહ્મસંબંધ થયો અને વિષ્ણુદાસ છીપાને સ્થાને અષ્ટસખાઓમાં આપની નિયુક્તિ થઈ ગઈ. હવે શ્રીનાથજીની સંમુખ, પ્રતિદિન આપની કીર્તન સેવા રહેતી. એક માસ આપ ગોવર્ધનમાં શ્રીનાથજીની પાસે રહેતા, એક માસ ગોકુળમાં શ્રી નવનીત પ્રિયાજીની પાસે રહેતાં.

એક દિવસ મનમાં વિચાર આવ્યો, ભક્તની સેવા વિના ભક્તિમાં દૃઢતા ન આવે. તેથી પરાસૌલીમાં આપે છ માસ સુધી સૂરદાસજીનો સંગ કર્યો. શ્રી તુલસીદાસજીને જ્યારે ખબર પડી કે શ્રી નંદદાસજીએ ગુસાંઈ શ્રી વિઠ્ઠલનાથજીનું શિષ્યપદ સ્વીકારી નાથજીની કીર્તન સેવા સંભાળી લીધી છે તો તે ઘણાં પ્રસન્ન થયાં અને એક પત્ર લખીને પાઠવ્યો-

ઘર કૌ પરનૌ પરિહરયો કહૌ કૌન ઉપદેશ ।
તુલસી યાસોં જાનિયે નહીં ધર્મ કો લેશ ।।

અર્થાત્- નંદદાસજ! રામોપાસના છોડીને, આપે બીજી ઉપાસના સ્વીકારી લીધી, આ તો એક સ્ત્રી દ્વારા પોતાનો પતિવ્રતા ધર્મ નષ્ટ કરવા જેવું છે.

ઉત્તરમાં શ્રી નંદદાસજીએ લખી મોકલાવ્યું-

હમ ચાકર શ્રી રઘુનાથ કે જન્મ જન્મ કે દાસ ।
રુપ માધુરી મન હરયૌ ડાર પ્રેમ કી ફાંસ ।।

અર્થાત્- અમારો વિવાહ તો શ્રી રઘુનાથદાસજી સાથે જ થયો હતો પરંતુ અમારા પર અધિકાર શ્રીકૃષ્ણએ કરી લીધો છે. રઘુનાથજી એક પત્નીવ્રત છે, અનેકને ન સંભાળી શકે, પરંતુ શ્રીકૃષ્ણ તો ૧૬ હજાર એકસો આઠ મહીષિઓના પતિ છે એટલે કે અનેકોને સંભાળનારા છે.

૨૫૨ વૈષ્ણવોની વાર્તા અનુસાર-

ગુસાંઈ તુલસીદાસજી શ્રી ગોવર્ધનમાં આવ્યા, નંદદાસજીને મળવા. શ્રી ગોવિંદકુંડ પર બંને મળ્યા, વાતો કરી. વાત-વાતમાં ગો. તુલસીદાસજી બોલ્યા-

ધામ રુચૈ તો રહહુ અયોધ્યા પુરી રુચૈ રહુ કાશી ।
વન રુચૈ રહિયે દંડકવન ગિરિ કામદ અવિનાશી ।।

ઝટ, નંદદાસજી બોલ્યા-

જો ગિરિ રુચૈ તો બસે ગોવર્ધન ગામ રુચૈ તો બસો નઁદગામ ।
નગર રુચૈ તો બસૌ મધુપુરી શોભા સાગર અતિ અભિરામ ।।
સરિતા રુચૈ તો બસૌ શ્રી યમુના તટ સકલ મનોરથ પૂરન કામ ।
'નન્દવાસ' કાનન રુચૈ તો બસૌ ભૂમિ વૃન્દાવન ધામ ।।

આ સાંભળીને તુલસીદાસજીનું કથન હતું-

કહા કમી શ્રી રઘુનાથ કે છાંડી કુલ કી કાનિ ।
મન અનુરાગી હ્વૈ ગયૌ સુનિ મુરલી કી તાન ।

નંદદાસજી બોલ્યા- ''ભાઈ! ભૂલ તો તમે લોકોએ કરી કે મારું નામ નંદદાસ રાખ્યું. નંદદાસ નામ હોવાથી નંદતનયનો અધિકાર મારા પર હોવો સ્વાભાવિક છે. પહેલા જ નામ દશરથ રાખ્યું હોત, તો કદાચ દશરથનંદનનો અધિકાર હોત.''

આ તો માત્ર પ્રેમભરી વાતો હતી.

હકીકતમાં બંને ભક્તો માટે રામ-કૃષ્ણ અભિન્ન હતાં.

નંદદાસજીએ ત્યાં એક પદ પણ ગાયું-

રામકૃષ્ણ કહિયે ઉઠિ ભોર ।
વે અવધેશ ધનુષ કર ધારૈં, યે બ્રજ જીવન માખન ચોર ।।
ઉનકે છત્ર ચઁવર સિંહાસન ભરત શત્રુઘ્ન લછિમન જોર ।
ઈનકૈ લકુટ મુકુટ પીતામ્બર નિત ગાયન સંગ નન્દ કિશોર ।।
ઉન સાગર મેં શિલા તરાઈ ઈન રાખ્યૌ ગિરિ નખ કી કોર ।
'નન્દદાસ' પ્રભુ સબ તજિ ભજિયે જૈસે નિરખત ચન્દ્ર ચકોર ।।

વિ.સં. ૧૬૪૦ની આસપાસ અહીં ગંગા તટે અશ્વત્થ-વૃક્ષ નીચે આપે આ સ્થૂળ દેહનો ત્યાગ કરી નિત્યધામમાં પ્રવેશ કર્યો. માનસી ગંગાના પૂર્વ-દક્ષિણ ખૂણે શ્રી વલ્લભ ઘાટ છે. અહીં છૌંકરના વૃક્ષની નીચે શ્રીમદ્ વલ્લભાચાર્યજીની બેઠક છે. આ જ સ્થાન પર શ્રીમન્મહાપ્રભુ ચૈતન્ય દેવ સાથે આપની મુલાકાત થઈ હતી. બે મહાત્માઓનું મિલન-સ્થળ નિશ્ચિત જ પૂજનીય છે, પ્રણમ્ય છે, મહામહિમાન્વિત છે.

આસપાસના દર્શનીય સ્થળો

માનસી ગંગાની પૂર્વમાં- શ્રી ગિરિરાજ મુકુટ-મુખારવિંદ, પ્રાચીન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, શ્રી કિશોરીશ્યામનું મંદિર, શ્રી ગિરિરાજ મંદિર, શ્રીમન મહાપ્રભુજીની બેઠક, શ્રી રાધાકૃષ્ણ મંદિર.

માનસી ગંગાના પશ્ચિમમાં- શ્રી ગિરિરાજ મહારાજ (સાક્ષી ગોપાલ), શ્રી વિશ્વકર્મા, શ્રી રાધાકૃષ્ણ મંદિર.

માનસી ગંગાની ઉત્તર દિશામાં- શ્રી રાધાવલ્લભ, શ્રી નરસિંહ, શ્રી શ્યામસુંદર, શ્રી બિહારીજી, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રીનાથજી, શ્રી નંદબાબા મંદિર, શ્રી રાધારમણજી નૂતન મંદિર, શ્રી અદ્વૈતદાસ બાબાની ભજનકુટિ, શ્રી રાધાગોવિંદજી ભાગવત ભવન, શ્રી ચકલેશ્વર મહાદેવ, શ્રી મહાપ્રભુ મંદિર, શ્રી રાસકુંડ, ઝૂલન ક્રીડા સ્થાન, સિદ્ધ હનુમાન મંદિર.

માનસી ગંગાના દક્ષિણમાં- શ્રી હરિદેવ મંદિર, શ્રી બ્રહ્મકુંડ મંદિર, શ્રી મનસાદેવી મંદિર, શ્રી ગોરે દાઉજી, શ્રી ગંધેશ્વર મહાદેવ, શ્રી યમુના મોહન, શ્રી બિહારીજી.

શ્રી ગિરિરાજ લીલાઓ

શ્રી ગિરિરાજજીની ભૂમિમાં સખ્ય, દાસ્ય, વાત્સલ્ય, શૃંગાર વગેરે અનેક રસોની અગણિત લીલાઓ થઈ છે.

રસિકોની વાણીમાં સખ્ય રસ-

બોલત કાન્હ બુલાવત ગૈયા ।
ગિરિ ગોવર્ધન ઉપર ઠાઢે કર પીતામ્બર લૈયા ।।
લાગી ભૂખ પિયો ચાહત હૈ યાકો પય મથિ ધૈયા ।
ધાર કર દેત સબ હી ગ્વાલન કૂઁ તબ હી છાક પઠૈયા ।।
તેહિ અવસર ગ્વાલિન વન આઈ દધિ ઓદન વિધિ ઠૈયા ।
ભોજન કરત સુરત જબ કીની પ્રિય 'દયાલ' બલિ જૈયા ।।
ગોચારણ માટે ગયેલા સૌ ગોપબાળોને ભૂખ લાગી.

મધુમંગલ- ''કનૈયા! હવે તો સૂરજ માથે આવ્યો, હજી ભાથું નથી આવ્યું અને આ ભૂખ વારેઘડીએ મોદકની યાદ અપાવે છે; હવે તો તું જ કંઈક કર!''

અંશુ- ''હા ભાઈ! મારું પેટ પણ પચકીને કમર સાથે ચોંટી ગયું છે.'' ક્ષુધાપીડિત ગોપબાળોની ક્ષુધા નિવારણ માટે કૃષ્ણ ગોવર્ધન શિખર પર ચડી ગયા. કંકણ સજ્જિત ડાબો હાથ કમર પર મૂકી પોતાની અરૂણા, તરૂણા, નંદિની, કામદા, કપિલા, પદ્મગંધા..... વગેરે ગાયોને બોલાવી રહ્યા છે. સંકેત મળતાં જ મોટા-મોટા કાળા શિંગડાંઓ વાળી ગાયોએ એકવાર પોતાના શરીરને જોરથી હલાવ્યું અને તેજ ગતિથી દોડતી આવી. તેમના ગળે બંધાયેલી નાનકડી ઘંટીઓ મધુર ધ્વનિ કરતાં નાચવા લાગી. ગાયોમાં જાણે સ્પર્ધા હતી કે કોણ પહેલા ગોપાલ સુધી પહોંચશે...!

સૌથી પહેલા નંદિની પહોંચી, તેનું તો એક જ કામ છે, હંમેશા કનૈયાની પાછળ જઈને ઉભી થઈ જાય છે અને એ આશ્રયદાતા તેના પેટને અડીને ઉભા રહી જાય છેઃ જાણે નંદિનીના આશ્રય વિના તે ઉભા રહેવામાં પણ સક્ષમ નથી.

ગોપાળની પાસે પહોંચીને કેટલીક તો તેમના કોમળ ગાત્રોને ચાટીને થાક દૂર કરવા લાગી, કેટલીક વારંવાર ફરીને પોતાના દુગ્ધ-પૂરિત ભારે થાન તરફ જોતી; પછી કનૈયા તરફ જોતી જાણે કહી રહી હોય- ગોપાલ! અમે આવી ગયા છે હવે દૂધ પી લો.''

કાનાને પણ ગો-દોહન ખૂબ પ્રિય છે, નંદસદનમાં તો ક્યારેય અવસર મળ્યો નહીં. તેથી વનમાં જ પોતાના બધાં મનોરથો પૂર્ણ કરીને ઘરે આવે છે. દોહનકાળમાં શ્રીકૃષ્ણની કોમળ આંગળીઓનો જરાક સ્પર્શ પ્રાપ્ત થતાં જ ગો-સ્તનોમાંથી આપોઆપ દૂધની મોટી ધારા વહેવા લાગે છે. તેમનું દૂધ સમાપ્ત જ નથી થતું, કાનાએ જ પોતાની દોણી નીચેથી હટાવવી પડે છે. ખરેખર તો વાત્સલ્ય જ વસ્તુનો વિસ્તાર કરી દે છે.

કાનો- ''ભદ્ર, તોક! આ લે દૂધ. હવે તેને મથો અને ગોરસ તારવો.'' કાચા દૂધને મથીને બનાવવામાં આવેલું સ્વરૂપ જ ગોરસ છે. બધા ભૂખ્યા ગોપબાળકોએ શ્યામ સાથે મળીને માખણ ખાધું ત્યાં સુધીમાં ભાથું પણ આવી ગયું.

શ્રી દાન ઘાટી લીલા

તમામ આચાર્યોએ અનુપમ અભિવ્યક્તિ કરતાં પોત-પોતાની વાણીમાં દાનની લલિત લીલા ગાઈ છે. 'શ્રૃંગાર રસસાગર'માં તેને લગતાં અનેક પદો મળે છે. ગૌડીય આચાર્યોએ પણ શ્રી દાનકેલિ કૌમુદી અને શ્રી દાનકેલિ ચિંતામણિ ગ્રંથોમાં દાનઘાટી પર થયેલ વ્રજરાજ કુમાર અને ભાનુનંદિની વચ્ચેની રકઝક, રાર-તકરાર, વર્જન-તર્જનથી થયેલ દાનલીલા ગાઈ છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુજી પણ જ્યારે શ્રી ગિરિરાજજી પધાર્યા, તો દાનલીલા વિશે જિજ્ઞાસા કરવા લાગ્યા-

અહે ! શ્રી નિવાસ એઈ દાન ઘાટી સ્થાન ।
રસિકેન્દ્ર કૃષ્ણ એથા સાધે ગવ્યદાન ।।
એઈ ખાને શ્રીચૈતન્ય સંગેર વિપ્રેરે ।
જિજ્ઞાસેન દાન પ્રસંગાદિ ધીરે-ધીરે ।।

(ભ.ર.)

આનંદની અનુભૂતિ કરાવનારી આ અશિષ્ટતા પણ રસથી ભરપૂર છે.

મહાપુરૂષોની વાણીમાં દાનઘાટીની લીલા

શ્રી હરિરાય જી

શ્યામ દર્શન પિપાસુ આ ગોપવનિતાઓ સમૂહ સ્વામિની તપ્ત કંચનવર્ણા શ્રીરાધાને લઈને દધિ વિક્રયના બહાને બહાર નીકળી છે. અંતરમાં અદમ્ય લાલસા છે મોહનમુખ કમળ જોવાની. ગૌરાંગીનાં ગૌર ગાત્રો વસ્ત્રાભરણોને સજ્જિત કરી રહ્યા છે. કમરે લટકતી ઘંટી, શંખના સૌંદર્યને પણ ઝાંખપ પમાડતી ગળામાં ઝૂલતી મુક્તમાળા અને અનેક પ્રકારના મણિઓથી જડેલ ચૂંદડી જાણે દિવસમાં મુખચન્દ્રને દિવસમાં નિકળવાનો નિષેધ કરી રહી છે કીર્તિકુમારીને.

ચન્દ્ર, દિવસમાં તારું શું કામ... ?

માથા પર બે કંચન કળશ મૂકીને અને એક નાનો કનક-કળશ કમર પર મૂકી હાથના સહારે લઈ આગળ વધી રહી છે. ચંચળ આંખો ચારે તરફ જોઈ રહી છે ચતુર ચૂડામણિ કૃષ્ણચંદ્રને જોવા માટે.

આગળ-પાછળ, અગલ-બગલ ચાલી રહેલી એ માનસ મન્થિનીની સખીઓ પણ માટ-મટુકીઓ લઈ શ્રીકૃષ્ણના મુખ સરોજને શોધવામાં વ્યસ્ત છે. ધીરે-ધીરે આગળ વધી રહી છે વ્રજબાળાઓ.

श्री गोवर्धन की शिखर ते मोहन दीनी टेर ।
अंतरंग सों कहत है सब ग्वालिनि राखी घेर ।।

ત્યાં તો ગિરિશિખર પર ચઢેલા ભક્ત-મનોરથ-પૂરક કૃષ્ણએ બૂમ પાડી-

''ભદ્ર, તોક, અંશુ, મનસુખ-ધનસુખ, રક્તક-પત્રક, સુબલ..... ક્યાં છો ડડડ?

અરે દોડો-દોડો, જુઓ પેલી જાય વ્રજ-વામાઓ. તેમના માથા પર અને કમરે રહેલ મટુકીઓ ખાલી તો નહીં જ હોય...

જલ્દી લઈ લો તેમની પાસેથી સ્વાદિષ્ટ ગોરસ.''

સુબલ- ''પણ... એ આપણને શા માટે આપે?''

કૃષ્ણ- ''સુબલ! તને જાતે તો રકઝક કરતા આવડતી નથી, બીજાને પણ નથી કરવા દેતો. હંમેશા જ એવી વાત કરે છે કે સાંભળવાવાળાને ઉંઘ આવી જાય. ક્યારેક દેહ ગરમ કરવાવાળી વાતો પણ કરી લે.''

મનસુખ- ''પણ તું બંને વાતોમાં વાર કેમ લગાડી રહ્યો છે? મારું નાક અને મારું પેટ તો મને વારંવાર મટુકી તરફ ખેંચી રહ્યું છે. જો તેં થોડી પણ વાર લગાડી તો મારું પેટ, મને છોડીને ભાગી જશે.''

(બધા હસી પડ્યા અને દોડ્યા).

સૌથી પહેલા પહોંચ્યો પેટુ વિપ્ર મનસુખ.

એક તરફ શ્રીરાધા છે : વ્રજ-રમાઓ સાથે; બીજી તરફ કૃષ્ણ છેઃ સખા સમૂહ સાથે. એક તરફ હાથમાં રસભરેલી મટુકીઓઃ બીજી તરફ હાથમાં લકુટ.

મનસુખ- ''અરે નવેલીઓ! થોડું માખણ તો આપતા જાવ....''

બધી ગોપીઓ એક સાથે બોલી- ''અમે અહીં વનમાં તમારા જેવા પેટુઓને પંગત કરાવવા નથી આવ્યા, ચાલો હટો રસ્તામાંથી.''

ભદ્ર, તોકે લાકડી આડી કરી તો તેને પણ દૂર કરી ચતુરા આગળ વધી ગઈ.

મનસુખ- ''અમારો સુકુમાર સરદાર પાછળ રહી ગયો છે, એટલે તમે આટલો તોર બતાવી રહી છો. એની આગળ તો તમારી જીભ મોંથી બહાર નથી નીકળતી.''

મનસુખ- ''કનૈયા! જલ્દી આવ. આ હઠીલી નવેલીઓ અમારું સાંભળતી નથી....''

ગ્વાલિનિ રોકી નારિ હૈ ગ્વાલ રહે પચિહાર ।
અહો ગિરિધારી દૌરિયો સો કહ્યો ન માનત ગ્વાર ।।
ચલી જાત ગોરસ મદમાતી મનૌં સુનત નહીં કાન ।
દૌરિ આયે મન ભામતે સો રોકી અંચલ તાન ।।

લો, આવી ગયા આમના સરદાર.

આવતાં જ મોં પર ઢાંકેલી ઓઢણી પકડી લીધી.

બહુત દિના તુમ બચિ ગઈ હો દાન હમારો માર ।
આજ હૌં લૈહૌં આપનો દિન દિન કો દાન સંભાર ।।

(કૃષ્ણ, સખાઓ તરફ તેનું મોં બતાવી)

''અરે! હું કેટલાય દિવસોથી શોધી રહ્યો છું આ ચોરોને, જે આપણા રસ્તા પરથી પસાર થાય છે અને દાણ પણ નથી આપતી. આજે હું ગણી-ગણીને બધા દિવસોનો હિસાબ પૂરો કરીશ.''

વ્રજેશ-તનય આમ પણ ચતુર છે, આવા બધાં કામોમાં-

રસ નિધાન નવ નાગરી નિરખ વચન મૃદુ બોલ ।।
ક્યોં મુરિ ઠાડી હોંત હૌ ઘૂઁઘટ પટ મુખ ખોલ ।।
હરખિ હિય હરિ કરખિ કૈં મુખ તે નીલ નિચોલ ।
પૂરન પ્રગટ્યૌ દેખિયૈ માનૌં ચંદ ઘટા કી ઓલ ।।
લલિત વચન સમુદિત ભયે નેતિ-નેતિ યહ બૈન ।
ઉર આનન્દ અતિહી બઢયૌ સો સુફલ ભયે મિલિ નયન ।।

શ્રીજી મોં મચકોડી, પાલવથી મોં ઢાંકી બાજુ પર ઉભા રહ્યા.

''સુનયના, ગૌર વર્ણા! થોડું મુખચન્દ્ર તો બતાવો'' કહીને શ્રીકૃષ્ણએ પોતાના બંને હાથથી ધીરે રહીને મોં આડો પાલવ દૂર કર્યો. એ ચંદ્રની પરમ ઉજ્જવળ ધવલ જ્યોતિથી આખું કુસુમિત કુંજ, કલ્પતરૂ વન દેદીપ્યમાન થઈ ઉઠ્યું. જાણે પૂર્ણિમાના કરોડો ચંદ્ર એક સાથે ઉદિત થઈ ઉઠ્યા હોય. આ ઉપમા એ અનુપમે-અનિર્વચનીય-અચિંત્ય સૌંદર્ય સાગરનો સૂક્ષ્મતમ અંશ પણ નથી.

ભલા, એ સૌંદર્ય-સમુદ્રને શબ્દોની પરિધિમાં બાંધવો કેવી રીતે સંભવ છે?

લાજથી ભરેલી રાધાના ચંચળ નયનો શ્યામના કમળની પાંદડી જેવા ગોળ નયનો સાથે જઈ ટકરાયાં.

યહ મારગ હમ નિત ગઈ કબહુઁ સુન્યૌ નહિં કાન ।
આજ નઈ યહ હોત હૈ સો માંગત ગોરસ દાન ।।

સૌ સખીઓ એક સ્વરમાં- ''અમે રોજ આ જ રસ્તેથી ગોરસ વેચવા જઈએ છીએ, આજ સુધી તો કોઈએ દાણ નથી માગ્યું, એમાં પણ ગોરસનું દાણ તો અમે ક્યારેય, ક્યાંય સાંભળ્યું નથી. આજે વ્રજમાં આ નવી રીત ક્યાંથી આવી ગઈ?''

તુમ નવીન નવ નાગરી નૂતન ભૂષણ અંગ ।
નયૌ દાન હમ માંગનૌ સો નયો બન્યો યહ રંગ ।।

ચંચળ મોહન- ''તમે નવા છો, તમારા વસ્ત્રો, શ્રીઅંગ બંધું જ નવીન છે, તેથી આજનું દાન, દાનની રીત પણ નવી હોવી જોઈએ'' કહીને ચપળ કનૈયાએ સુમુખીના ઉરોજનો સ્પર્શ કરવા જેવા હાથ આગળ કર્યા તો વિનંતી કરતાં એ ગોપીએ કહ્યું-

ચંચલ નયન નિહારિયે અતિ ચંચલ મૃદુ બૈન ।
કર નહિં ચંચલ કીજિયે તજિ અંચલ ચંચલ નયન ।।

''હે ચંચળ નયન! તેં ચંચળ નેત્રોથી અમને નિહાળ્યા, પછી ચંચળ મીઠા વચનો કહ્યા, પરંતુ હવે આ ચંચળ હાથોને રોકો અને મારો પાલવ છોડો.''

સુંદરતા સબ અંગ કી વસનન રાખી ગોય ।
નિરખ નિરખ છબિ લાડિલી મેરો મન આકર્ષિત હોય ।।

''લાડલી આ દિવ્ય અંગ કાંતિ, જેને તેં આ વસ્ત્રોમાં સમાવી રાખી છે, તેના પર મારું મન સહજ આકૃષ્ટ થઈ ગયું છે.''

એટલામાં તો ચંચળ કૃષ્ણએ પાનની પીક રાધાના પાલવથી લૂંછી લીધી.

પ્રણયકુપિતા બોલી-

નેંક દૂર ઠાડે રહો કછુ ઓર સકુચાય ।
કહા કિયૌ મન ભાવતે મેરે અંચલ પીક લગાય ।।

'' જરાય શરમ ન આવી, મારા પાલવથી પીક લૂંછતા.''

સસ્મિત મુખે, શ્યામ-

કહા ભયો અંચલ લગી પીક હમારી જાય ।
યાકે બદલે ગ્વાલિની મેરે નયનન પીકે લગાય ।।

''કોપ ન કરો, મારી પીક પાલવને લાગી ગઈ તો શું થયું? તમે બદલામાં ખુશ થઈને મારા નેત્રો પર તમારી પીક લગાવી દો (એટલે કે પોતાના હોઠોથી મારા મુખ પર ચુંબન કરો).''

સૂધે વચનન માંગિયે લલાન ગોરસ દાન ।
ભ્રુહન ભેદ જનાઈ કૈં સો કહત આન કી આન ।।

''ગર્વિલા, તારે ગોરસ જોઈએ તો સીધેસીધું કહે ને? તું માગે છે કંઈક અને તારી આંખોમાં કંઈક જુદો જ પ્રલાપ દેખાય છે.''

જૈસે હમ કછુ કહત હૈં એસી તુમ કહિ લેહુ ।
મન માનૈ સો કીજિયે યે દાન હમારો દેહુ ।।

નટખટ નટવર- ''સુસૌરભા! તું પણ, જેવું હું કહું તેવું કરી લે તનથી, મનથી, નયનથી, મને કાંઈ વાંધો નથી પણ મારું દાણ આપ્યા વિના તો હું અહીંથી નહીં જવા દઉં.''

કહા ભરે હમ જાત હૈં દાન જો માંગત લાલ ।
ભઈ અબાર ઘર જાન દૈ સો છાઁડો અટપટી ચાલ ।।

''એવું શું છે અમારી પાસે, તને આપવા યોગ્ય?'' સુકોમલાંગીએ પૂછ્યું-

ભરે જાત હૈ શ્રીફલ કંચન કમલ વસન સૌં ઢાઁક ।
દાન જો લાગત તાહી કો તુમ દેકર જાહિ નિસાઁક ।।

''નીલ-કંચુકીથી આવૃત્ત, તારા વક્ષોજનું દાન આપીને જા એટલે કે તારા યૌવનનું દાન આપતી જા.''

ઈતની વિનતી માનિયે માંગત ઓલી ઓડ ।
ગોરસ કૌ રસ ચાખિયે લાલન અંચલ છોડ ।।
સંગ કી સખી સબૈ ફિર ગઈ સુનિ હૈં કીરતિ માય ।
પ્રીતિ હિયે મેં રાખિયે સો પ્રગટ કિયેં રસ જાય ।।
કાલ્હ બહોરિ હમ આઈ હૈં ગૌરસ લૈ સબ ગ્વારી ।
નીકી ભાંતિ ચખાઈ હૌં મેરે જીવન હૌં બલિહારી ।।

સશંકિત થઈ રાધા- ''લાલન! હવે મારી આટલી વિનંતી માનીને તું પણ મારો પાલવ છોડી દે, મારી સખી-સહચરીઓ ચાલી ગઈ છે, હું એકલી છે. તેઓએ ક્યાંક જઈને મૈયા કીર્તિને કહી દીધું, તો મારો-તમારો પ્રેમ પ્રકટ થઈ જશે. સર્વ-ત્યાગની પૃષ્ઠભૂમિ પર નિર્મિત-પલ્લવિત-પોષિત આ પુનીત પ્રેમપથ જેટલો ગુપ્ત હોય તેટલું જ સારું છે, પ્રકટ થઈ જતાં, તે રસવિહીન થઈ જાય છે. કાલે અમે ફરી આવીશું અને તમારે જે જોઈએ જેટલું જોઈએ ગોરસનું દાન કરીશું.'' પરંતુ ચંચળ લાલો ક્યાં માને એવો હતો-

સુનિ રાધે નવ નાગરી હમ ન કરૈં વિશ્વાસ ।
કર કો અમૃત છાંડિ કૈં કો કરૈ કાલ્હિ કી આસ ।।
તેરૌ ગોરસ ચાખવે મેરો મન લલચાય ।
પૂરન શશિ કર પાય કૈં ચકોર ન ધીર ધરાઈ ।।

''જો! હું કોઈના પર વિશ્વાસ કરતો નથી. હાથમાં રહેલું અમૃત છોડીને હું કાલની આશા શા માટે કરું? જેમ પૂનમના ચંદ્રને જોઈ ચકોર પોતાની ધીરજ ગુમાવી દે છે તેવી જ રીતે તારું ગોરસ જોઈને હું...''

મોહન કંચન કલશિકા લીની સીસ ઉતાર ।
શ્રમ કન બદન નિહારિ કૈં સો ગ્વાલિનિ અતિ સુકુમાર ।।
નવન વિજન ગહિ લાલ જૂ શ્રી કર દેત ઢુરાય ।
શ્રમિત ભઈ ચલૌં કુંજ મેં નેંક પલોટું પાંય ।।
જાનત હૌ યહ કોંન હૈં એસી ઢીઠયોં દેત ।
શ્રી વૃષભાનુ કુમાર હૈં તોહિ બીચ કો લેત ।।

મોહન ન જ માન્યા, માથેથી માખણ ભરેલી કનક-મટુકી વારંવાર ના પાડવા છતાં પણ ઉતારી જ લીધી. આ મીઠી તકરારમાં સુકુમારીના ચહેરા પર સ્વેદબિંદુની પંક્તિ ઉભરી ઉઠી.

શ્રીજીને થાકેલાં જોઈ શ્યામસુંદર સેવા કરવા લાગ્યા, ક્યારેક પંખો ઢોળાવી હવા કરી, તો ક્યારેક પગ દાબવા લાગ્યા.

તરત ગુસ્સે થઈને શ્રીજી-

ગોરે શ્રી નંદરાય જૂ ગોરી જસુમતિ માય ।
તુમ યાહી તે સામરે એસે લચ્છિન પાય ।।
મન મેરૌ તારન બસે ઔર અંજન કી રેખ ।
ચોખી પ્રીતિ હિયે બસે યાતે સાંવલ ભેખ ।।
આપ ચાલ સો ચાલિયે યહૈ બડેન કી રીતિ ।
એસી કબહૂં ન કીજિયે હસૈં લોગ વિપરીતિ ।।
ઠાલે ઠૂલે ફિરત હૌ ઔર કછુ નહિં કામ ।
વાટ ઘાટ રોકત ફિરૌં આન ન માનત સ્યામ ।।

''કંઈ કામ-ધામ તો છે નહીં, અમસ્તો રખડે છે, કાળા કામો કરે છે. નંદરાયજી ગોરા, મૈયા યશોદા ગોરી, તારા શ્યામરંગી હોવા પાછળનું એકમાત્ર કારણ આ જ છે''-

''તારા કાળા કર્મો.''

યહી હમારૌ રાજ હૈ બ્રજ મંડલ સબ ઠૌર ।
તુમ હમારી કુમુદની હમ કમલ વદન કે ભૌંર ।।

''જુઓ રાધે! આખા વ્રજમંડળ પર મારું સ્વતંત્ર સામ્રાજ્ય છે. તું ખીલતી કળી છે અને હું તારા સરોજ ગાત્રનો ભ્રમર છું.''

એસે મેં કોઉ આઈ હૈ દેખે અદ્ભુત રીતિ ।
આજ સબૈ નન્દલાલ જૂ પ્રગટ હોયગી પ્રીતિ ।।

એકાંગિની રાધા- ''જુઓ લાલન! હવે હું જાઉં. કોઈ આવતું હશે. આપણો આ પ્રેમ ગુપ્ત જ રહેવો જોઈએ.''

બ્રજ વૃન્દાવન ગિરિ નદી પશુ પંછી સબ સંગ ।
ઇનસોં કહા દુરાઈયે પ્યારી રાધા મેરો અંગ ।।

''શ્યામા! વ્રજના સચરાચર, સમગ્ર જીવો મારા જ શ્રી અંગ છે, તો તેમનાથી શું છુપાવવાનું?''

અંશ ભુજા ધરિ લૈ ચલૌ પ્યારી ચરન નિહોર ।
નિરખત લીલી રસિક જૂ જહાઁ દાન કી ઠૌર ।।

આ જ છે એ દાનનું સ્થાન, જ્યાં કૃષ્ણ દાનના બહાને વ્રજ લલનાઓને રોકતા અને તેમનો સ્પર્શ કરતાં.

પરસ્પર સુખ-દાનની લાલસાથી નિષ્પન્ન થયેલ આ દાન લીલાને તમામ આચાર્યો મહાપુરૂષોએ ગાઈ છે. વ્રજ પુરવાસિની-ગોપસુંદરીઓ કૃષ્ણદર્શનથી ન થાકે છે, ન ભાન ભૂલે છે.

કૃષ્ણનો સ્પર્શ પામી તેમના અંતરનો અનુરાગ-સિંધુ અનંત, અપરિસીમ, આનંદોર્મિઓથી ભરપૂર થઈ જાય છે.

શ્રી ગોવિન્દ સ્વામી

મહાદાની વૃષભાનુ કિશોરી તુવ કૃપાવલોકન દાન દૈ.....।

શ્રી કૃષ્ણ દાસજી

પ્યારી રાધા દધિ લૈ નિકરી કન્હૈયા નૈં રોકી આનિ હો ।।
શ્રી વૃષભાનુ લડૈતી દાન દૈ હો ।।
લાલા સવઈ સયાને સાથ કે ઔર તુમહુઁ સયાને લાલ હો ।
મોય લિખ્યૌ બતાવૌ સાઁવરે કબ દાન લિયૌ પછિપાલ હો ।।
નંદરાય લલા ઘર જાન દૈ ।।
પ્યારી બહુત દિના બચિ જાતિ હી મેરૌ દાવ બન્યૌ હૈ આજુ હૌ ।
દાન દિયે બિન જાઉંગી હો તો સમઝિ લેઉ સબ કાજ હો ।।
કબ કબ કે દાની ભયે ઔર કબ તુમ લીનૌં દાન હો ।
મેરૌ મારગ છોડૌ સાઁવરે મોહિ જાન દેઉ ઘનશ્યામ હો ।।
લાલા દેસ હમારે બાપ કૌ જાકી બાંહ બસત નંદરાય હો।
હમ ઘાસ રખાઈ સાઁવરે તેરી સબ સુખ ચરતી ગાય હો ।।
તુમ સબ સંકલ્પ્યૌ જા દિના જા દિન પિયરે કિયે તેરે હાથ હો ।
પ્યારી દેસ તિહારે બાપ કૌ સબ સોવે મેં દીનૌ સાથ હો ।

તુમ સબ સંકલ્પયૌ જા દિના જા દિન પિયરે કિયે તેરે હાથ હો ।
પ્યારી હમ દાની બહુ ભાંતિ કે તુમ કાઉ વિધિ ક્યૌ ન દેઉ હો ।
તુમ જૈસી વિધિ સૌં દેઉગી હૌં તૌ તૈસી વિધિ સૌં લૈંઉ હો ।।
લાલા તબઈ તન કારે ભયે તુમ લૈ લૈ એસૌ દાન હો ।
તુમ કૈસેં છુટૌગે ભાર તે કોઉ તીરથ હૂ નહિં ન્હાઉ હો ।।
પ્યારી ગઉ રજ ગંગા મેં ન્હાત હૌં હમ જપત ગઉઅન કે નામ હો ।
હમ પરમ પુનીત સદા રહૈં નહિં દાન લેત સકુચાત હો ।।
લાલા જસુદા બાંધે દામરી અરુ દામોદર ગોપાલ હો ।
તુમ હા હા કરિ પાઁવન પરે તબ હમઈ છુડાયે લાલ હો ।।
તુમ ગરવ કરૌ મતિ બાવરી ઔરુ બૈઠી જમુના ન્હાવ હો ।
ચીર ચોર તરુ પર ચઢયૌ તુમ સબ મિલિ હા હા ખાહ હો ।।
લાલ દાન લૈ દાન લૈ કછુ ગાય બજાય રિઝાય હો ।
હમ દાન ન દૈં હૈં લાડિલે સબ બરસાને કી નારિ હો ।।
પ્યારી નટ હ્વૈ નાચ્યૌ સાઁવરૌ જૈસે વિરદ વખાનત ભાટ હો ।
મહુવરિ મેં મુરલી બજી સો તો મેંટિ કુંવરિ મેરી નાટ હો ।
મિસઈ મિસ ઝગરૌ ભયૌ ઔર યા વૃન્દાવન માઁઝ હો ।
રસિક મિલન દોઉ ભયે કૃષ્ણદાસ બલિ બલિ જાય હો ।।
નંદરાય લલા ઘર જાન દૈ હો ।
વૃષભાનુ લડૈતી દાન દૈ હો ।।

શ્રી નાગરીદાસજી

છાંડિ દૈ રે અંચલ છૈલા ।
ઈતી કરત લઁગરાઈ લલા ક્યોં રોકિ મહી કૌ ગૈલા ।
જાન ન દેત દાન માંગત હઠિ ઠાઢૌ હ્વૈ આડૌ અરેલા ।
સીખે કહાઁ અનોખે નાગર એ જોવન કે ફૈલા ।।

શ્રી નન્દદાસજી

કહો જૂ કૈસો દાન માઁગો ।
હમ તો દેવ ગોવરધન પૂજન આઈ કૌઉ દહ્યૌ કોઊ મહ્યૌ, કોઉ માખન ।
જોરિ-જોરિ આછૌ-અછઁતૌ હી લાઈ તુમ કોં કૈસે દીજેં કાન્હા જૂ ।
તુમ તો સબ વિધી કરત બરિયાઈ ‘નન્દદાસ’ પ્રભુ બાલકપન મેં ।
નિડર ભએ એસે જો કછુ ન ચલાઈ ।।

શ્રી આસકરન જી

ઠાડી રહિ રી ગ્વાલિની તૂ દૈજા મેરૌ દાન ।
ઢિંગ ભઈ આવત નિકસિ જાત હૌ ફોરું તેરી મટુકિયા તાન ।।
યહ મારગ હમ હીં નિત આવૈં કબહું ન દીનૌં દધિ કૌ દાન ।
કાહે કૌં હો રારિ બઢાવતિ મોહન લાજ ન આવત માંગત દાન ।।
લાજ કરૌં યા બ્રજ કૌ બસિબૌ નિપટ અનૌખે પ્રગટે કાન્હ ।
આનિ કાનિ કાહૂ કી ન માનત બરબસ મોસોં ઝગરો ઠાન ।।
કાહે કૌં તુમ હાથ નચાવતિ કાહે કૌં યેતૌ કરત ગુમાન ।
દાન કાજ હૌં બ્રજ મેં આયૌ છાંડિ દિયૌ વૈકુંઠ સૌ ધામ ।।
ઘર-ઘર ડોલત માખન ચોરત સાંકર ખેલત પાયે સુજાન ।
પીછેં તે જબ હી ગહિ લીને તબ તુમ લાગે હા હા ખાન ।।
હા હા ખાત દયા મોહિ આઈ તબ લાગ્યો મઘવા વરષાન ।।
ડિગત દેખિ ગિરિવર કર ધારયૌ હૌં તૌ કરત ગુમાન ।
સોઈ ગિરિવર ડિગન લગ્યૌ તબ ટેક લગાઈ ગિરતૌ જાન ।।

શ્રી માધવદાસ જી

હમારે ગોરસ દાન ન હોય મોહન લાડિલે હો ।
મહા મદ ફિરત ગુવાલ લાલ દઢ છાડિ દૈ હો ।।
કબ કે તુમ દાની ભયે કબ હમ દીનો દાન ।
ગાય ચરાવો નન્દ કી તુમ સુને અનોખે કાન્હ ।।
હમ દાની તિહું લોક કે તુમ ચારયૌં જુગ કી ગ્વાર ।
દાન ન છાંડૌં આપનો તેરૌ રાખૌં ગહને હાર ।।
યે ગૈયા તિહું લોક તારની ચારયૌ જુગ પરમાન ।
દૂધ દેંહિ તિહું લોક કૂં તેરૌ હાર લેહું દશદાન ।।
કાહે કો બાદ કરત હૌ કાહે કરત અતિ સોર ।
જૈસી બાજૈ તેરી બાંસુરી મેરે નેવર કી ઘનઘોર ।।
યા વંશી કી ફૂંક પૈ મૈં પર્વત લિયો ઉઠાય ।
ઢીઠ બહુત યે ગ્વાલિની ઈનકી મટુકી લેહુ છિડાય ।।

શ્રી કુંભનદાસજી

કાહૂ તુમ ચલન ન દેત હો ઈહિ બટિયાઁ ।
રોકત આઈ સ્યામ ઘનસુન્દર નિકસત હીં ગિરિ ઘટિયાઁ ।।
તોરત હાર, કંચુકી ફારત માંગ નિહારત પટિયાઁ ।

પકરત બાઁહ મરોરિ નંદ સુત ગહિ ફોરત દધિ ચટિયાઁ ।।
‘કુમ્ભનદાસ’ પ્રભુ કબ દાનુ લીનોં નઈ બાત સબ ઠટિયાઁ ।
ગિરધર પાંઈ પૂજિયે તુમ્હારે જાનત હો સબ ગટિયાઁ ।।

શ્રી નારાયણ સ્વામીજી

હમરૌ દાન દેહુ બ્રજ નારી ।
મદમાતી ગજ દામિનિ ડોલૈ તૂ દધિ બેચન હારી ।।
રૂપ તોહિ વિધના ને દીયૌ જ્યૌં ચંદા ઉજિયારી ।
મટુકી સીસ કટીલે નયના મોતિન માઁગ સંવારી ।।
હાર હમેલ ગલે મેં રાજૈ અલકૈં ઘૂંઘર વારી ।
યા બ્રજ મેં જેતી સુન્દરિ હૈં સબ હમ દેખી ભારી ।
‘નારાયણ’ તેરી યા છવિ પર નંદ નંદન બલિહારી ।।

સાચું પૂછો તો ભાનુનંદિની સહિત આ હજારો વ્રજપુરવાસી ગોપસુંદરીઓ આ રકઝક કરવા માટે જ આવતી હતી. દધિ વિક્રય તો એક બહાનું માત્ર છે. વ્રજેન્દ્રતનયના હાથનો સ્પર્શ, તેના અરૂણ ઓષ્ઠોનો સ્પર્શ પામી તેમનો પ્રેમસિંધુ ઉચ્છલિત થઈ ઉઠે છે.

તેથી જ તો વારંવાર આ શ્રુતિ સ્વરૂપા શ્યામાભિલાષિની વ્રજરમણીઓ ઉચ્ચ જાતિ પણ નથી ઇચ્છતી, વ્રજ સીમાંત પર પણ રહેવા નથી માગતી, તેમનું તો બસ એક જ અભીષ્ટ છે–

અહો વિધિના તોપૈ અઁચરા પસારિ માગૌં
જનમુ-જનમુ દીજૈ યાહી બ્રજ બસિબૌ ।
અહીર કી જાતિ, સમીપ નંદ ઘર
ઘરી ઘરી સ્યામ હેર હેર હસિવૌ ।।
દધિ કે દાન મિસ બ્રજ કી બીથિન મેં
ઝકઝોરનિ અંગ-અંગ કો પરસિવૌ ।
‘છીત-સ્વામી’ ગિરિધરન શ્રી વિઠ્ઠલ સરદ
રૈનિ રસ રાસ કૌ બિલસબૌ ।।

જાન અજાન વૃક્ષ

પ્રથમ કથા

કૃષ્ણદાસજી કુવામાં પડી જતાં બધે એ વાત ફેલાઈ ગઈ કે કૃષ્ણદાસજી ભૂત બની ગયા છે. વૃંદાવનના રસિકોને પણ મહાન આશ્ચર્ય થયું કે આ કેવી વિડંબણા છે,

કૃષ્ણદાસજી જેવા પરમ અધિકારીનો અ નિકૃષ્ટ યોનિમાં કેવી રીતે પ્રવેશ થયો? સમસ્ત રસિકગણોએ ચકિત થઈ યતિપુરા તરફ પ્રસ્થાન કર્યું કે નાથજી સમક્ષ જ આ જિજ્ઞાસા વ્યક્ત કરીશું. શ્રી વૃંદાવનથી જ્યારે નિકળ્યા તો એક રાત્રિ રાધાકુંડ, ગોવર્ધનમાં નિવાસ કર્યો તેથી રાધાકુંડ પર શ્રી સ્વામી હરિદાસજી મહારાજ, સ્વામી શ્રી હિત હરિવંશજી મહારાજની બેઠક છે, તે સિવાય ત્યાં તેમની બેઠકનો અન્ય કોઈ પ્રસંગ નથી. તે સમયે ગુસાંઈજી શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ, નાથજીની શ્રૃંગાર સેવા કરી રહ્યા હતા, એટલામાં નાથજીએ સ્વયં આદેશ આપ્યો- ''વૃંદાવનથી મહાન રસિકજનો પધારી રહ્યા છે, આપ જઈને તેમનું અભિવાદન કરો.'' તેજ ક્ષણે આદેશાનુસાર શ્રૃંગાર સેવા છોડીને શ્રી ગુસાંઈજી મહારાજ તેમના સ્વાગત માટે નિકળી પડ્યા. આ બાજુથી ગુસાંઈજીનું આગમન થયું, પેલી બાજુથી રસિકોનું આગમન થયું. 'જાન-અજાન' સ્થાન પર સમસ્ત રસિક ગણોનું ગુસાંઈજી દ્વારા સમ્માન કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ મંદિરમાં ગયા અને નાથજીના દર્શન કર્યા, જિજ્ઞાસા રજૂ કરતાં પહેલાં જ એક ગોવાળ આવ્યો અને વિસ્મયથી બોલ્યો- ''ગુસાંઈજી, જય જય! હમણાં જ શ્યામ ઢાકમાં મેં કૃષ્ણદાસ અધિકારીજીને જોયા, તેઓ ઝારી લઈને સેવામાં જઈ રહ્યા હતા, તેઓએ કહ્યું- ''કૂવાની પાળ પર કેટલુંક દ્રવ્ય રાખ્યું છે, તેને ગુસાંઈજી સેવામાં લગાવી દે.'' કૃષ્ણદાસજી ભૂત નથી બન્યા, એ તો નિત્ય સેવામાં અવસ્થિત છે, આ વાત સાંભળીને સૌ મહાપુરૂષોની શંકાનું આપોઆપ સમાધાન થઈ ગયું અને સૌ સંતુષ્ટ થઈને પાછા વળ્યા.

દ્વિતીય કથા

ગોપીમિયૌ પૃષ્ટૌ કૃષ્ણ જ્ઞાતો ચ અજ્ઞાતઃ ।
વૃક્ષૌ તન્નાન્માખ્યાતૌ ચાખ્યાય તૌ દૃષ્ટૌ ।।

(શ્રી વલ્લભ દિગ્વિજય)

રાસમાં શ્રીકૃષ્ણના અંતર્ધ્યાન થઈ જવા પર વ્રજ કામિનીઓ વૃક્ષોને કૃષ્ણનો માર્ગ પૂછવા લાગી.

બાહું પ્રિયાંસ ઉપધાય ગૃહીતપદ્મો રામાનુજસ્તુલસિકાલિકુલૈર્મદાન્ધૈઃ ।
અન્વીયમાન ઈહ વસ્તરવઃપ્રણામં કિં વાભિનન્દતિ ચરન પ્રણયાવલોકૈઃ ।।

(ભા. ૧૦/૩૦/૧૨)

''હે વૃક્ષો! તમને ચોક્કસ કૃષ્ણ માર્ગનું જ્ઞાન હશે, થોડો ઉપકાર કરી અમોને કૃષ્ણનો માર્ગ બતાવો.''

''રસાલ હે તમાલ હે નિવાસ તીર્થથાન મેં''

તમે તીર્થ નિવાસી છો, તેથી કૃષ્ણનો માર્ગ બતાવી અમારા પર થોડો ઉપકાર કરો.'' જાણવા છતાં આ વૃક્ષો અજાણ બની ગયા, તેથી 'જાન-અજાન' નામ પડ્યું.

કૃષ્ણને શોધતી વિરહવેદનાથી ઘેરાયેલી ગોપીઓ કહી રહી છે-

સખી રી હૌં જાન અજાન ભઈ ।
સમ્મુખ પ્રગટ ભયે મનમોહન મો મતિ મોહ લઈ ।
દેખત હૂઁ જૂ ભઈ અનદેખની વૈરિન હૈ રસના જૂ ગઈ ।
કા વિધિ મિલે પ્રાનપ્યારો વહ કર કછુ જુગત નઈ ।

ગુલાલ કુંડ

નામથી જ ખ્યાલ આવે છે કે અહીં શ્રીકૃષ્ણએ હોળી-લીલા કરી-

બસંતી રંગ બરસૈગો, આઈ-આઈ રે બસંત બહાર ।।
લોહરી સૌત ચલૈ મત ઈકલી ચૂનર ઓઢ બસંતી ।
યે બ્રજ હૈ રસિયન કો અખારો તૂ હૈ નઈ લજવંતી ।
શ્યામ રસ પાવૈગો આઈ-આઈ રૈ....।

(રસિયા રાસેશ્વરી)

વૈષ્ણવ વાર્તા અનુસાર અષ્ટછાપના મહાકવિ શ્રી ચતુર્ભુજદાસજીના સુપુત્ર શ્રી રાઘવદાસજીને કિશોર-કિશોરીની હોળીક્રીડાનો અહીં સાક્ષાત્કાર થયો હતો. તે લીલાનું વર્ણન કરતાં તેઓએ આ ધમારનું ગાન કર્યું-

''એ જાય જહાઁ હરિ ખેલે ગોપિન સંગા''

(શ્રૂં.ર.સા.હોરી ધમાર-૩૨)

આ ગાન કરતાં-કરતાં તેમનું દેહાવસાન થઈ ગયું તો ધમાર તેમની પુત્રીએ પુરી કરી.

બિલ્છુ કુંડ

'બિલ્છુ કુંડ' શ્રી રાધા-માધવની એક પ્રાચીન રાસસ્થળી છે. અહીં વિરાજમાન છે એક પ્રાચીન મંદિરમાં 'શ્રી બિછુઆ વિહારી'. બિલ્છુ કુંડ યુગલ સરકારની ખેલભૂમિ છે. એક સમયે સંતાકુકડી રમતાં શ્રીજીના વિંછીયા (પગે પહેરાતું માછલી આકારનું ઘરેણું) અહીં પડી ગયા, ઘણું શોધવા છતાં પણ ન મળતાં શ્રીકૃષ્ણએ પાસેના કુંડમાંથી શ્રીજીના વિંછીયા લાવીને આપ્યા. તેથી આ કુંડ વિછુઆ કુંડ (બિલ્છૂ કુંડ) નામથી પ્રસિદ્ધ થયો. વિલક્ષણ લીલાઓનું પરિવેષણ થવાથી પ્રાચીન પુસ્તકોમાં આ વનપ્રાંતને 'વિલક્ષણ વન'ની સંજ્ઞા પણ આપવામાં આવી છે. વિલક્ષણ વનનું પ્રાચીન સ્વરૂપ ઘણું સઘન હતું. આજે તેનું એ પ્રાચીન સ્વરૂપ સ્થિર નથી. અન્ય કેટલાક મતોમાં યુગલ સંસ્કારની વિલાસ સ્થળી હોવાથી તેને વિલાસ સદન પણ કહે છે. પરમ ભાગવત શ્રી કેશવાચાર્યજીને

વ્રજના પ્રમુખ ચાર દેવોમાં પરિગણિત શ્રી હરિદેવજીનો વિગ્રહ આ જ સ્થાનેથી પ્રાપ્ત થયો હતો.

સઘન વૃક્ષાવળી અને લતા-મંજરીઓથી ભરપૂર વિલક્ષણ વન (બિલ્છુ કુંડ)ની આ ભૂમિ શ્રીનાથજીના મંદિર-અધિકારી અષ્ટછાપના સુકવિ શ્રીકૃષ્ણ દાસજીની નિવાસસ્થળી પણ રહી છે. એકવાર કૃષ્ણદાસજી પૂંછરી ગામની પાસે બની રહેલા કુવાનું નિરીક્ષણ કરતાં, પોતાની લાકડી લપસી જતાં કૂવામાં પડી ગયા અને ત્યાં જ તેમનો દેહાંત થયો. આ કુવો આજે પણ ગોવર્ધન પરિક્રમામાં પૂંછરી સ્થાનની પાસે 'કૃષ્ણદાસનો કુવો' નામથી પ્રસિદ્ધ છે.

શ્રી કૃષ્ણદાસજી

કૃષ્ણદાસજીનો જન્મ વિ.સં. ૧૫૫૪ની આસપાસ ગુજરાત પ્રાંતમાં અમદાવાદની પાસે ચિલોતરા નામના ગામમાં કણબી કુળમાં થયો હતો. તેમના પિતા ન્યાયાધીશ હતા પરંતુ અસદ્‌વૃત્તિઓથી લિપ્ત હોવાને કારણે ચોરો, ડાકુઓનો સહયોગ કરતા હતા. એક દિવસ ગામની પાસે કેટલાક વણઝારાઓ રોકાયા હતા, તેમના પિતાજીએ ચોરોને જાણ કરી તેમનો માલ લૂંટાવી દીધો. ચોરો દ્વારા લૂંટાયેલા ધનમાંથી ૧૨ હજાર તેમણે પોતાની પાસે રાખ્યા અને બે હજાર રૂપિયા ચોરોને આપી દીધા. જ્યારે વણઝારાઓ ન્યાય માગવા માટે તેમની પાસે આવ્યા તો તેમણે ખોટી રીતે વણઝારાઓને જ ઠપકો આપ્યો. શ્રીકૃષ્ણદાસજીને પોતાના પિતાનો આ અન્યાયી વ્યવહાર જોઈને ઘણી ઠેસ પહોંચી, તેથી તેમણે વણઝારાઓને સ્પષ્ટ કહી દીધું કે મારા પિતાએ જ ચોરો દ્વારા આપનું ધન ચોરી કરાવ્યું છે, આપ સૌ બાદશાહ પાસે જઈને પોતાનું દુ:ખ જણાવો, હું સાક્ષી આપવા તૈયાર છું. વણઝારાઓએ બાદશાહને ફરિયાદ કરી, તેણે પિતા-પુત્ર બંનેને કેદ કરી પોતાની સમક્ષ હાજર કરવા હુકમ કર્યો. શ્રીકૃષ્ણદાસજીએ પોતાના પિતા વિરુદ્ધ સત્ય બયાન કરી વણઝારાઓનું ધન તેમને પાછું અપાવ્યું. આ ઘટના બાદ તેમના હૃદયમાં તીવ્ર વૈરાગ્યનો ઉદય થયો. ફળસ્વરૂપે બાલ્યાવસ્થામાં જ ઘર છોડી તીર્થયાત્રા કરતાં મથુરા આવી પહોંચ્યા. અહીં વિશ્રામ ઘાટ પર તેમની મુલાકાત વલ્લભાચાર્યજી સાથે થઈ. આચાર્ય મહાપ્રભુ કૃષ્ણદાસજીને જોતાં જ સમજી ગયા કે આ તો દિવ્ય જગતનો દૈવી જીવ છે તેથી તેના પર પોતાની અસીમ કૃપા વરસાવતાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ દીક્ષા પ્રદાન કરી બ્રહ્મસંબંધ કરાવ્યો. આગળ જતાં આપની દિવ્ય પ્રતિભા શક્તિએ આપને ઠાકુર શ્રીનાથજીની સેવાનો કાર્યભાર અપાવડાવ્યો.

આપના નેતૃત્વમાં શ્રીનાથજીની સેવા-પૂજાની ચહુમુખી પ્રગતિ થઈ. આપનું યશોગાન ગુસાંઈ નાભાજીએ સુપ્રસિદ્ધ કૃતિ ભક્તમાળમાં આ પ્રકારે કર્યું છે-

ગિરિધરન રીઝિ કૃષ્ણદાસ કૌં નામ માઁઝ સાઝૌ દિયૌ ।।
શ્રી વલ્લભ ગુરુદત્ત ભજન સાગર ગુન આગર ।
કવિત નોખ નિર્દોષ નાથ સેવા મેં નાગર ।।
વાની વન્દિત વિદુષ સુજસ ગોપાલ અલંકૃત ।
બ્રજરજ અતિ આરાધ્ય વહૈ ધારી સર્વસુ ચિત ।।
સાન્નિધ્ય સદા હરિદાસવર્ય ગૌરશ્યામ દૃઢ વ્રત લિયૌ ।
ગિરિધરન રીઝિ 'કૃષ્ણદાસ' કૌં નામ માઁઝ સાઝૌ દિયૌ ।।

શ્રી ગોવર્ધનનાથ ગિરિધારીલાલજીએ પ્રસન્નતાપૂર્વક શ્રીકૃષ્ણદાસજીને પોતાના નામમાં ભાગીદારી આપી. તેઓ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રદત્ત ભજનમાર્ગના સાગર અને દિવ્ય ગુણોના નિધિ હતા.

આપના દ્વારા રચિત કાવ્ય અદ્‌ભુત વિશેષતાયુક્ત અને સર્વથા દોષરહિત છે. શ્રીનાથજીની પરિચર્યામાં આપ સંપૂર્ણ દક્ષ હતા. શ્રી ગોવર્ધનધારી ગોપાલજીના ત્રિભુવન મંગળ સુયશથી અલંકૃત આપની વાણીના વિદ્વાનો પણ વખાણ કરતાં રહે છે. કૃષ્ણદાસજી વ્રજરજને જ પોતાનું સારસ્વસ્વ, પોતાનું સર્વોચ્ચ આરાધ્ય માનતાં મનસા, વાચા, કર્મણા તેને જ ધારણ કરી રાખતાં હતાં. આપ સદા શ્રેષ્ઠ ભક્તોની સંગતમાં હરિદાસવર્ય ગિરિરાજની તળેટીમાં નિવાસ કરતાં હતાં. યુગલ શ્રીરાધામાધવની આરાધના કરતાં આપે દૃઢ વ્રતનો અંગીકાર કર્યો હતો.

ભક્તમાળ ટીકાકાર પ્રિયાદાસજી અનુસાર-

એકવાર કૃષ્ણદાસજી આગરાથી નૃત્ય-ગાન-કળામાં પ્રવીણ એક વેશ્યાના અનુગ્રહથી તેને પોતાની સાથે ગોવર્ધન લઈ આવ્યા. સમસ્ત વૈષ્ણવોચિત સંસ્કારોથી તેની આત્યંતિક શુદ્ધિ કરી તેને એક સ્વરચિત પદનું અધ્યયન કરાવી એ પદને શ્રીનાથજી સંમુખ ગાયન કરવા માટે પ્રસ્તુત કર્યું-

મો મન ગિરિધર છબિ પર અટક્યો ।
લલિત ત્રિભંગી અંગનિ પર ચલિ ગયો તહાઁ હી ઠટક્યો ।।
સજલ સ્યામઘન વરન લીન હ્વૈ ફિરિ ચિત્ત અનત ન ભટક્યો ।
'કૃષ્ણદાસ' કિયો પ્રાન નિછાવર યહ તન જગ સર પટક્યો ।।

પદની અંતિમ પંક્તિ 'કૃષ્ણદાસ કિયો પ્રાન નિછાવર યહ તન જગ સર પટક્યો ।।'ને ગાતાં-ગાતાં વેશ્યાએ ખરેખર જ પોતાના પ્રાણો શ્રી ઠાકુરજીના ચરણોમાં ન્યોછાવર કરી દીધાં અને દિવ્ય દેહથી તેમની નિત્ય લીલામાં પ્રસ્થાન કરી ગઈ. ત્યારબાદ આ પદની શેષ પંક્તિને શ્રીકૃષ્ણદાસજીએ પૂર્ણ કરી.

આવી જ રીતે શ્રીનાથજીના કાર્યથી એકવાર કૃષ્ણદાસજી દિલ્લી ગયા હતા, ત્યાં બજારમાં એક દુકાન પર કઢાઈમાં તળાતી જલેબીઓ જોઈ તેમને શ્રીનાથજીના આસ્વાદન

માટે યોગ્ય જાણી દિલ્લીથી જ શ્રીનાથજીને જલેબીનો થાળ ભોગ (માનસિક ભોગ) ધરાવ્યો અને ભક્તભાવગ્રાહી ગિરધરલાલે ગિરિરાજજીથી જ હાથ આગળ કરી તરત તેમના દ્વારા અર્પિત જલેબીઓનો સ્વીકાર કર્યો.

શ્રી હરિદેવજી

શ્રી ગિરિરાજજીના અધિષ્ઠાતા દેવ ગિરિગોવર્ધન ધારણ કરનાર, સાત વર્ષીય શ્રી હરિદેવજી જ છે. આપે જ સાત દિવસ સુધી ગોવર્ધન ધારણ કર્યો. પ્રભુના પ્રપૌત્ર શ્રી વ્રજનાભજી દ્વારા વ્રજમાં ૪ સેવ્ય વિગ્રહો સ્થાપિત કરવામાં આવ્યા, તેમાંથી જ એક શ્રી હરિદેવજી છે.

નમો નમો બ્રજ દેવ જુ ચારિ ।
શ્રી વિગ્રહ કમનીય મહાઈ વજ્રનાભ કે સેવ્ય વિચારિ ।।
શ્રી ગોવિન્દ દેવ પુનિ કેસો હરિદેવ જુ શ્રી બલદેવ નિહારિ ।।
‘વૃન્દાવન’ હિત રુપ અભય પદ દાયક ઈનહિં મજૌદર ડારિ ।।

સમય-સમયે ચારે વિગ્રહો લુપ્ત થયા. શ્રી હરિદેવજી ભૂગર્ભમાં જતાં, શ્રી કેશવાચાર્યજીએ તેમના સેવ્ય વિગ્રહનું પ્રકટીકરણ કર્યું. શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વ્રજનાભજી દ્વારા સ્થાપિત શ્રી હરિદેવ પ્રભુના મંદિરનો જીર્ણોદ્ધાર આમેર નરેશ ભગવાનદાસ દ્વારા વિ.સં. ૧૬૩૭માં સંપન્ન થયો. વિ.સં. ૧૭૩૬માં ઔરંગઝેબ દ્વારા તે નષ્ટ થયો. વિગ્રહને છુપાવી કાનપુર જિલ્લાના ગામ રજધાની બુધૌલીમાં લઈ જવામાં આવ્યો. હરિદેવજીની સાથે અષ્ટધાતુની શ્રીજીની પ્રતિમા પણ હતી, જે મથુરાના પ્રયાગઘાટ મંદિરમાં સ્થાપિત કરવામાં આવી, ખેદની વાત છે કે કેટલાક સમય બાદ તે મૂર્તિ પણ ચોરાઈ ગઈ.

ગ્વાલિયરની પાસે એક ગામના નિવાસી શ્રી મોહન મિશ્રજી અને શ્રી ભગવતી દેવી પરમ ભક્ત સનાઢ્ય બ્રાહ્મણ દંપતિ હતા. અડધી જિંદગી વિતી ગઈ હતી. ૫૫ વર્ષની ઉંમરે દંપતિને એક વંશધર (પુત્ર)ની ઇચ્છા થઈ.

ઈષ્ટ આરાધનાથી જ તમામ અભીષ્ટ સિદ્ધ થાય છે. તેથી માતા અદિતિની જેમ આપે પણ સવિધિ ‘વ્રતં કેશવતોષણમ્’ કેશવતોષક પયોવ્રત કર્યું જેના ફળસ્વરૂપે પરમ ભાગવતી દેવીએ માતૃત્વ ધારણ કર્યું અને યથાસમયે શુભ સંસ્કારયુક્ત બાળકને જન્મ આપ્યો. બાળકને માતા-પિતા કેશવ નામથી જ બોલાવવા લાગ્યા. વિદ્વત પિતા મોહન મિશ્ર પાસેથી બાળપણમાં જ કેશવે સમસ્ત વેદ, શાસ્ત્ર, પુરાણ, ઇતિહાસનું જ્ઞાન મેળવી લીધું, પરંતુ ઈષ્ટવત્ પ્રીતિ શ્રીમદ્ભાગવતમાં જ હતી. બાળકમાં સહજ વૈરાગ્ય વૃત્તિ, કૃષ્ણચરણોમાં દૃઢ પ્રીતિ જોઈને પિતાનું મન ચિંતાથી ઘેરાયેલું હતું. એક દિવસ પરીક્ષા લેવાની ઇચ્છાથી સ્વભાવથી વિપરીત પિતાએ પ્રશ્ન પૂછ્યો.

પિતા-''પુત્ર! આ અવસ્થા વૈરાગ્યની તો નથી જ અને વળી દેવ ઋણ, પિતૃ ઋણ, ઋષિ ઋણથી મુક્ત થયા વિના તું સિદ્ધિ કેવી રીતે પામીશ?''

પુત્ર- ''પિતાજી! આપના દ્વારા શીખવેલ શિક્ષાપ્રદ પ્રહલાદ ચરિત્ર મને સારી રીતે યાદ છે.''

કૌમાર આચરેત્પ્રાજ્ઞો ધર્માન્ભાગવતાનિહ ।
દુર્લભં માનુષં જન્મ તદપ્યધ્રુવમર્થદમ્ ।।

(ભા.૭/૬/૧)

કુમાર અવસ્થા જ વૈષ્ણવ ધર્મના આચરણ માટે છે. ભા. ૧૧/૫/૪૭ યોગેશ્વર કરભાજનજીના કથનાનુસાર- ''જે જીવ સર્વાત્મ ભાવથી ભગવાનનો શરણાગત થઈ ગયો છે, તે સૌ ઋણોથી સર્વદા મુક્ત છે અને પિતાજી! આપે જ મારામાં આ સંસ્કારોનું સિંચન કર્યું છે.'' આવો પરિપક્વ પ્રેમ જોઈ પરમ ભાગવત માતા-પિતાએ પુત્ર કેશવને ભગવદ પ્રાપ્તિના આશીર્વાદ આપ્યા. તરત જ કેશવજીએ માતા-પિતાને પ્રણામ કરી વૃંદાવન તરફ પ્રસ્થાન કર્યું. માર્ગમાં વિચાર કરતાં જઈ રહ્યા હતા, આ ભક્તિમાર્ગ મારા જેવા સાધનહીન માટે તો દુષ્પ્રવેશ્ય છે તેથી ભગવદ પ્રાપ્તિ મારા જેવા અનાથ માટે તો અશક્ય જ છે. સંદેહાત્મક પ્રશ્ન કેશવજીના ઉત્કંઠિત મનને સંકુચિત કરી રહ્યો હતો એટલામાં સાથે ચાલતાં એક યાત્રીએ પાછળ વળીને બૂમ પાડી- ''જલ્દી ચાલો, તમારો મિત્ર બોલાવી રહ્યો છે.'' ભગવદ પ્રેરિત આ વાક્યએ જાણે કેશવજીના અંતરને હચમચાવી નાખ્યું, ''કેશવ! શું તને મારા પર વિશ્વાસ નથી? જલ્દી આવ, હું તારી રાહ જોઈ રહ્યો છું.''

આખા શરીરમાં જાણે સ્ફૂર્તિ આવી ગઈ, મનમાં એક જ અવાજ ગૂંજી રહ્યો હતો, કેશવજી અવિરામ દોડતાં વૃંદાવન આવ્યા. હવે તો ક્ષણનોય વિલંબ યુગ જેવો લાગવા માંડ્યો. વિરહમાં અન્ન-જળ પણ છોડી દીધું.

કેવી દેહ-દુર્બળતા.

માત્ર દર્શનની આશ, પ્રાણોને રોકીને બેઠી છે.

પ્રતિક્ષણ મૂર્ચ્છા.

ભક્તવત્સલને પણ, કેશવનો આ વિયોગ અસહ્ય થવા લાગ્યો ત્યારે પ્રભુપ્રેરિત ગહવર વન નિવાસી મહાત્મા પુરૂષ શ્રી જ્ઞાનદેવજીએ આવીને અચેત પડેલા કેશવજીને ભાનમાં લાવ્યા અને મંત્રદીક્ષા આપીને શ્રી નિભૃત નિકુંજવિહારી લાડલી-લાલનો સાક્ષાત્કાર કરાવ્યો.

શ્રી ગોવર્ધનની તળેટીમાં નિવાસ અને ભજન કરવાની આજ્ઞા આપી. નાગરીદાસજીના શબ્દોમાં-

તરહટી ગોવર્ધન કી રહિયૈ ।
બ્રજબાસિન કે ટૂક-જૂઠ લૈ ગોવિન્દ કુંડ નિત નહિયૈ ।।
તન પુલકિત મન મત્ત મધુપ હ્વૈ બ્રજ-સુબાસ કૌં લહિયૈ ।।
શ્રવન સુનત હરિકથા પ્રેમ-રસ તૃષાવન્ત હ્વૈ જહિયૈ ।।
સ્યામા-સ્યામ સલૌની સૂરત નૈનન માહિં બસહિયૈ ।।

મહારાજ જ્ઞાનદેવજીએ અવશ્યંભાવી ઘોષણા પણ કરી દીધી- અર્ચાવતાર શ્રી હરિદેવજીને પ્રકટ કરવાનું ગૌરવ તને જ પ્રાપ્ત થશે. આ મહાન જગતમાં આરાધ્ય-આરાધક આપ બંનેનો સરખો જ આદર થશે. શ્રી ગુરૂદેવની આજ્ઞા અને કૃપાથી શ્રી ગિરિરાજ પ્રત્યે તેમને અદ્‌ભુત અનુરાગ થઈ ગયો. સ્વરચિત ગોવર્ધન શતકમાં તેણે કહ્યું-

''ગોવર્દ્ધનાત્કિઞ્ચિદહં ન જાને''

નિષ્ઠાની આ પરાકાષ્ઠા જ હતી કે શ્યામસુંદર સદા સાક્ષાત આપની સાથે રમતાં, લીલા દર્શન કરાવતાં, રસમય વિનોદવાર્તા કરતાં.

એક દિવસ અદ્‌ભુત આજ્ઞા કરી, કેશવજીને.

શ્રીકૃષ્ણ- ''કેશવ! મારો એક સેવ્ય વિગ્રહ બિછુવા કુંડની પાસે ખેતરના શેઢામાં છે. તેને પ્રકટ કર.''

(હાથ જોડીને) કેશવ- ''સર્વજ્ઞ, નિખિલ-દિવ્યગુણોના ધામ! આપના એ શ્રી વિગ્રહની સાથે સ્વામિની નથી, હું યુગલ ઉપાસક નિષ્કિંચન વિપ્ર છું.

વ્રજવાસીઓના ઘરેથી મુઠ્ઠીભર માધુકરી લઈ પ્રાણવૃત્તિથી રહું છું.

હે કૃપાસિંધુ! એવી કૃપા કરો કે મારા હૃદયના ભાવ સુરક્ષિત રહે.

૧. મારું નિષ્કિંચન વ્રત ખંડિત ન થાય.

૨. યુગલ ઉપાસનાનું વ્રત ખંડિત ન થાય, કોઈ અપરાધ ન થાય.

શ્રીજી વિનાની એકાકી કૃષ્ણ ઉપાસના પાપ છે, તેથી તે અકરણીય છે.''

શ્રી શિવ કથન-

ગૌર તજો વિના યસ્તુ શ્યામં તેજઃ સમર્ચયેત્ ।
જપેત્ વા ધ્યાયતે વોડપિ સ ભવેત્ પાતકી શિવે ।।

(સમ્મોહન તંત્ર)

શ્રીકૃષ્ણ- ''કેશવ! આજે હું તારી સમક્ષ એક ગુપ્ત રહસ્ય ઉદ્‌ઘાટિત કરી રહ્યો છું, જેને આજ સુધી કોઈ નથી જાણતું. એકવાર શ્રીજીના દર્શનાર્થે હું બરસાના ગયો પરંતુ તે મારા માટે સુલભ ન રહ્યું ત્યારે નીલાંબર ગૌરાંગીના દર્શન કરવા માટે જ મેં ઇન્દ્રયાગ

ભંગ કરાવી શ્રી ગોવર્ધન પૂજા કરાવી, જેનાથી ક્રોધિત થઈ ઇન્દ્રએ પ્રલયંકર વર્ષા કરાવી, ત્યારે વ્રજની રક્ષા કાજે મેં ગોવર્ધન ધારણ કર્યો. સમસ્ત વ્રજ, ગિરિની નીચે આવી ગયું. તેમાં જ અમિત સૌંદર્ય સર્વાકર્ષિકા પ્રાણાધિકા શ્રીરાધા પણ આવી, આ જ (હરિદેવ) વિગ્રહથી અનવરત સાત દિવસ હું તેમનું દર્શન કરતો રહ્યો અને શુભેક્ષણ બળથી જ ગોવર્ધનને ધારણ કરી રાખ્યો.'' આ વાત સ્વરચિત 'ગોવર્ધન મહિમામૃત' ગ્રંથમાં સ્વયં કેશવાચાર્યજીએ લખી છે.

''તેથી મારા આ હરિદેવ વિગ્રહને શ્રીજીથી રહિત ન માની, **દ્વય મિલિત એક પ્રિયા પ્રેમ પ્રતિમા** (પ્રિયાના પ્રેમની પ્રતિમા) **'શ્રીજી સંયુક્ત શ્રીવિગ્રહ'** જ સમજીને પ્રકટ કર, તેની સેવા કર. આમ તારા બંને વ્રતો સુરક્ષિત રહેશે. તારું નિષ્કિંચન વ્રત પણ ખંડિત નહીં થાય, મારા માટે તારે ક્યારેય યાચના કરવી નહીં અને મારી પ્રેરણાથી સ્વતઃ પ્રાપ્ત ભોગનો તિરસ્કાર પણ ન કરીશ, એટલે કે તે સ્વીકારી લેવો.''

કેશવાચાર્યજીએ, પ્રભુનો આ આદેશ સૌ વ્રજવાસીઓને સંભળાવ્યો અને સાથે જ બિછુવા કુંડ પર તે નિશ્ચિત સ્થાન પણ બતાવ્યું, જ્યાંથી શ્રી હરિદેવજીનું પ્રાકટ્ય થવાનું હતું. ખૂબ જ ઝડપથી ખોદકામ શરૂ કરવામાં આવ્યું. થોડી જ વારમાં એક દ્વયમિલિત મૂર્તિ ચારે તરફ દિવ્ય આકર્ષણ પ્રસરાવતી પ્રગટ થઈ. તેનું દર્શન કરતાં જ લોકોના હૃદયમાં લાલચ આવી ગઈ. દરેક તે મૂર્તિ પોતાની પાસે રહે તેમ ઇચ્છતું હતું.

એક- ''આ વિગ્રહ હું મારા ઘરે લઈ જઈશ.''

બીજો- ''વાહ! તું કેમ લઈ જઈશ, મારા ખેતરના શેઢેથી નિકળ્યો છે વિગ્રહ.''

ત્રીજો- ''હટો, હટો, તમારામાંથી કોઈ નહીં, હું અહીંનો જમીનદાર છું, તેથી મૂર્તિ પર મારો સ્વતંત્ર અધિકાર છે.''

અંદરો-અંદર વાદવિવાદ જોઈને, કેશવાચાર્ય એક તરફ હટી ગયા, એટલામાં કોઈ શાણા વ્યક્તિએ કહ્યું- ''જુઓ ભાઈ, ઉચિત તો એ છે કે જેણે આપણને આ વિગ્રહનો ભેદ જણાવ્યો... તે જ તેનો સાચો અધિકારી છે. તેને જ પૂછીને આ વિગ્રહ સંબંધી કોઈ કાર્ય કરો. નહીં તો પરિણામ સારું નહીં આવે.'' આટલું સાંભળતાં જ ૪-૫ અવાજો એક સાથે આવ્યા- ''તને અહીં પંચાત કરવા કોણે કહ્યું, તું કોણ અને સારા-નરસાં પરિણામની દુહાઈ આપનારો. અહીં ઉભા રહેવું હોય, તો મોં બંધ રાખ.''

બિચારો ચૂપ થઈ ગયો.

ત્યારે આકાશવાણી થઈ-

''જે આ વિગ્રહને બાથમાં ભરીને લઈ જશે, તે જ તેની સેવાનો અધિકારી બનશે.''

સૌએ પ્રયાસ કર્યો પ્રતિમાને ઉઠાવવાનો, પરંતુ તે તો હલી સુદ્ધાં નહીં.

હવે સૌએ કેશવાચાર્યજીને પ્રાર્થના કરી. પૂજ્ય આચાર્યજી જેવો વિગ્રહની સામે ઉભા રહ્યા, અને પોતાના બંને હાથ આગળ કર્યા, થોડો સ્પર્શ પામતાં જ,

આ શું!

શ્રી હરિદેવજી સ્વયં કેશવાચાર્યજીની છાતીએ ચોંટી ગયા.

જન સમુદાય (ચારે તરફથી)- ''શ્રી હરિદેવજી મહારાજ કી ડડડડડડડ જય!!''

એ તો સ્પષ્ટ થઈ જ ગયું હતું કે હરિદેવજીનું પ્રાકટ્ય આચાર્યજી માટે જ થયું છે.

હરિદેવજીને અંકમાં સમાવી પૂજ્ય આચાર્યજી પોતાની નાનકડી કુટિમાં લઈ આવ્યા. સેવા શરૂ થઈ ગઈ.

આ ઠાકુર સ્વાદના શોખીન પણ છે અને ખાઉધરા પણ. એક દિવસ બોલ્યા- ''કેશવજી! આજે તો ખીર ખાઈશ.'' આપની આ જીદ પાછળ આપનો એક સ્વાર્થ હતો- ''ભક્તના યશનો પ્રચાર-પ્રસાર કરવો.''

કેશવ- ''હું રહ્યો એક ભિક્ષાજીવી વિપ્ર. ભલા, હું ક્યાંથી ખીર લાવું?''

તે જ રાત્રે હરિદેવજીએ આમેરના રાજા ભગવાનદાસજીને સ્વપ્નમાં આદેશ આપ્યો. સવાર થતાં સુધીમાં તો રાજા કેશવાચાર્યજી પાસે આવી ગયા, ભક્ત, ભગવાનના દર્શન પામીને અત્યંત પ્રભાવિત થયા અને શ્રી હરિદેવજી માટે વિ.સં. ૧૬૩૭માં લાલ પથ્થરનું ભવ્ય મંદિર નિર્માણ કરાવ્યું. ભોગ-રાગની ઉચિત વ્યવસ્થા કરાવી. કેટલાય ગામો સ્વામીજીની સેવામાં સોંપી દીધા.

હવે તો આચાર્યશ્રીનો પ્રભાવ દિવસે-દિવસે વધવા લાગ્યો. યવનોના આક્રમણ-કાળમાં મ્લેચ્છ ઔરંગઝેબની ક્રૂર દૃષ્ટિથી આ મંદિર પણ બચ્યું નહીં. ફળસ્વરૂપે તે પણ તેની બર્બરતાનો શિકાર થયું. શ્રી હરિદેવજીને વિગ્રહને વ્રજથી બહાર લઈ જવામાં આવ્યો. તે દેવપ્રતિમા આજકાલ કાનપુર જિલ્લાના ગામ રજધાન, બુછૌલીમાં વિરાજમાન છે. ભરતપુરના રાજા તરફથી આ દેવ વિગ્રહની સેવા-વ્યવસ્થા માટે ભગૌસા અને લોધીપુરા ગામો અનુદાનમાં આપવામાં આવ્યા છે. સાથે જ ઘણી બધી ધનરાશિ બાંધી રકમ તરીકે પણ આપવામાં આવે છે.

પોતાની વ્રજયાત્રાના અવસરે મહાપ્રભુ ચૈતન્યદેવે શ્રી હરિદેવજીનું દર્શન કરતી પ્રેમાવેશમાં નૃત્ય કર્યું હતું-

પ્રેમ મત્ત આયે જુ ચલિ શ્રી ગોવર્ધન ગ્રામ ।।
શ્રી હરિદેવહિં દેખિ કૈં કરૈ તિન્હૈં પરનામ ।।
હૈ જુ મધુપુરી પદ્મ કે પચ્છિમ દલ જિહિબાસ ।।
નારાયણ હરિદેવજૂ હૈં સો આદિ પ્રકાસ ।।
પ્રેમમત્ત હ્વૈ કૈં જુ પ્રભુ નાચૈં આગૈં તાહિ ।।
આયે દેખન લોગ સબ સુનિ કૈ અચિરજ આહિ ।।

પ્રભુ કૌ પ્રેમ સ્વરુપ લખિ જન અચરજ વિસ્તાર ।।
કિય હરિદેવ જુ પૂજકનિ પ્રભુ કૌ સત્કાર ।।

શ્રીપાદરૂપ ગુસાંઈજી દ્વારા રચિત 'દાનકેલિકૌમુદિ' અનુસાર શ્રી રાધારાણી પોતાની સખી-સહચરીઓ સાથે શ્રી હરિદેવજીના દર્શનાર્થે અહીં આવતી રહેતી. હોળી બાદ ચૈત્ર વદ બીજે તેમના પ્રાકટ્યોત્સવ રૂપે ગોવર્ધન સ્થિત મંદિરથી તેમનો હિંડોળો અહીં લાવવામાં આવે છે અને હોલિકોત્સવ સંપન્ન થાય છે.

બ્રહ્મકુંડ

આ એ જ બ્રહ્મકુંડ છે, જ્યાં ગાયો, વાછરડાં અને ગ્વાલબાળોના અપહરણના અપરાધથી મુક્ત થવા માટે ભગવાનને પ્રસન્ન જોઈ બ્રહ્માજી આવ્યા અને વેદમંત્રો દ્વારા શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો. અભિષેકના એ પવિત્ર જળથી જ બ્રહ્મકુંડનું પ્રાકટ્ય થયું.

મનસા દેવી

સ્વયં યોગમાયા જ મનસા દેવીના રૂપમાં માનસી ગંગાના દક્ષિણ તટ પર વિરાજમાન થયા છે.

શ્રી ચક્રેશ્વર

શ્રી માનસી ગંગાના ઉત્તરમાં શ્રી ચક્રતીર્થ સ્થિત છે, જ્યાં શ્રી રાધા-માધવની દોલ-વિશ્રામ-સ્થળી છે. સતત સાત દિવસ સુધી થયેલ પ્રલયંકારી વરસાદથી વ્રજવાસીઓને બચાવવા માટે ગોવિંદે ગિરિરાજને ધારણ કર્યો અને વરસાદનું પાણી શોષવાની આજ્ઞા આપી સુદર્શન ચક્રને. ૭ દિવસ સુધી ગિરરાજ શિખર પર વિરાજી, ભગવદ આયુધ સુદર્શન ચક્રએ વર્ષાજળનું એક ટીપું પણ ગિરિરાજ પર પડવા દીધું નહીં. વૃષ્ટિ બંધ થયા બાદ જ્યારે ગિરિરાજજીને પૂર્વવત્ પ્રભુએ મૂકી દીધો, તો સુદર્શન ચક્રને પ્રભુએ અહીં જ પ્રસ્થાપિત કર્યું, તેથી આ ચક્ર ચિહ્નિત 'ચક્રતીર્થ' કહેવાયું-

चक्रतीर्थं नमस्तुभ्यं कृष्णचक्रेण लाञ्छितम् ।
सर्वपापच्छिदे तस्मै कृष्णनिर्मलनिर्मितम् ।।

(વાયુપુરાણ)

અહીં વિરાજમાન છે- ચક્રેશ્વર મહાદેવ. વ્રજમાં વજ્રનાભજી દ્વારા સ્થાપિત મહાદેવજીના ચાર સ્વરૂપ છે, જે ઘણાં પ્રખ્યાત છે. વૃંદાવનમાં ગોપેશ્વર મહાદેવ,

કામામાં કામેશ્વર મહાદેવ, મથુરામાં ભૂતેશ્વર મહાદેવ અને શ્રી ગોવર્ધનમાં આપ ચક્રેશ્વર મહાદેવ નામથી વિરાજમાન છો. ચક્રેશ્વરનું નામાંતર જ ચકલેશ્વર છે. ચકલેશ્વર મહાદેવની સામે જ શ્રી સનાતન ગુસાંઈપાદની ભજન કુટિ છે. કેટલોક સમય આપે અહીં ભજન કર્યું. અહીં પ્રવાસ કાળ દરમિયાન રોજ ગિરિરાજ પરિક્રમાનો આપનો નિયમ હતો. બીમાર થવા છતાં પણ આપે તે નિયમ ન તોડ્યો. ધીમે-ધીમે લડખડાતા, આ નિયમો પૂરો કરતાં હતાં. ભક્તવત્સલ માટે આપનું આ કષ્ટ અસહ્ય હતું, તેથી બાળ વેષમાં આવીને કૃષ્ણ ચરણચિહ્નો અને લકુટ ચિહ્નવાળી એક ગિરિરાજ શિલા આપતાં કહ્યું- ''બાબા! આ વૃદ્ધાવસ્થામાં આપ સપ્ત કોસીય પરિક્રમા ન કરતાં, આ ગિરિશિલા-ખંડની જ પરિક્રમા કરી લો. આપને સંપૂર્ણ ગિરિરાજ પરિક્રમાનું ફળ પ્રાપ્ત થશે.'' સનાતનજીએ બંને હાથ આગળ કરી, તે શિલાખંડ લઈ લીધો અને કપાળે લગાવ્યો. બીજી જ ક્ષણે તે બાળક અંતર્ધ્યાન થઈ ગયો.

કોણ હોઈ શકે, એ બાળક...? સ્વયં ગિરધર હતાં. બાળક જ્યાં સુધી દેખાતો રહ્યો સનાતનજી તેને જોતાં જ રહ્યા, જોતાં જ રહ્યા. વચ્ચે કંઈ પણ બોલવું વિઘ્ન સમાન લાગ્યું અને જ્યારે તે અદૃશ્ય થઈ ગયો તો તેમનું અતૃપ્ત ચિત્ત વ્યથિત થઈ ગયું-

શિલા સમર્પિયા કૃષ્ણ હૈલા અદર્શન ।
બાલક ન દેખિ વ્યગ્ર હૈલા સનાતન ।।
સનાતન વ્યાકુલ દેખિયા અદૃશ્યેતે ।
નિજ પરિચય દિલા વિહ્વલ સ્નેહેતે ।।

(ભ.ર)

તે સમય પછી ગો.પાદ સનાતનજીએ તે શિલાખંડની પ્રદક્ષિણા પ્રારંભ કરી દીધી. આજે પણ એ શિલા શ્રીધામ વૃંદાવનના રાધા દામોદર મંદિરમાં દર્શનીય છે.

ચકલેશ્વરની સામે જ સ્થિત છે- શ્રી ગૌર નિત્યાનંદ પ્રભુનું મંદિર. શ્રીમન ચૈતન્યદેવજી અને શ્રીમન નિત્યાનંદ પ્રભુએ શ્રી ગિરિરાજજીની પરિક્રમા કરતી વખતે શ્રી ચક્રેશ્વર મહાદેવના દર્શન કરી અને માનસી ગંગા, પારંગ ઘાટના દર્શન કરી અહીં વિશ્રામ કર્યો હતો. એવી લોકવાયકા છે કે એકવાર, આપે (સનાતન ગો.) અહીં મચ્છરોથી હેરાન થઈ સ્થળાંતર કરવાનો વિચાર કર્યો, ત્યારે સ્વયં ભગવાન ચક્રેશ્વરે આપને આશ્વાસન આપ્યું કે આજ પછી આ સ્થાન પર મચ્છરોનો કોઈ ઉપદ્રવ નહીં રહે, તેથી આપે સ્થળ બદલવાનો પ્રસ્તાવ માંડી વાળ્યો.

ગુસાંઈ પાદની ભજન કુટિની પાસે છે- શ્રી કૃષ્ણદાસજી બાબાની ભજનસ્થળી. શ્રીકૃષ્ણદાસ બાબા ઘણાં મોટા સિદ્ધ પુરૂષ થયા છે. તેમનો જન્મ ઓરિસ્સામાં થયો હતો. ૧૬ વર્ષની તરૂણ વયે જ ઉત્કટ વૈરાગ્ય ઉભરાતાં ગૃહત્યાગ કર્યો. વૃંદાવનમાં આવ્યા, વૃંદાવનથી શ્રી રૂપ ગુસાંઈજી દ્વારા પ્રકટ શ્રી રાધા ગોવિંદ દેવનું સાંનિધ્ય પામવા જયપુર ચાલ્યા આવ્યા. અહીં ૮-૧૦ વર્ષ રહ્યાં, ત્યારબાદ કામ્યવનમાં સિદ્ધ શ્રી જયકૃષ્ણદાસ બાબા પાસે ભજન પદ્ધતિની શિક્ષા ગ્રહણ કરી, નંદગ્રામની પાસે દોમિલ

વનમાં પ્રવાસ કર્યો. કઠોર વૈરાગ્ય, આહાર-નિદ્રા ભૂલાવીને દિવસ-રાત ભજનમાં જ રત રહેતાં. અયુક્ત આહાર-વિહારથી આપની દ્રષ્ટિ નબળી થઈ ગઈ. શ્રીજીની કૃપા થઈ, શ્રીજીએ લલિતાજીને મોકલ્યાં, લલિતાજી એક બાળકીનું રૂપ લઈને સ્વર્ણથાળમાં ભોજન લઈને આવ્યાં, તે દિવ્ય ભોજનથી એક અસામાન્ય તૃપ્તિનો અનુભવ થયો, સાથે જ દિવ્ય અંજન આપ્યું, જેનાથી આપની દ્રષ્ટિનું પુનરાગમન થયું. આ સૌ દિવ્ય અનુભૂતિઓથી બાબાને અનુભવ થઈ ગયો કે તે કોઈ ગ્રામીણ બાલિકા નહોતી, નિશ્ચિત જ કોઈ અપ્રાકૃત શક્તિ હતી. પછી તો બાબાને ફરી તેના દર્શનની ઇચ્છા થઈ. ત્રણ રાતો વીતી ગઈ તેની પ્રતીક્ષા, શોધ કરતાં, ત્યારે સ્વયં શ્રીજી સ્વપ્નમાં આવ્યા, સાંત્વના આપી, આદેશ આપ્યો- ''કૃષ્ણદાસ! હવે તમે ગોવર્ધન ચાલ્યા જાઓ, શેષ જીવન ત્યાં જ વ્યતીત કરતાં લોકો માટે મારી પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત કરો.'' શ્રીજીની આજ્ઞાનુસાર આપ અહીં સનાતન ગુસાંઈજીની ભજન કુટિ પાસે જ ભજનમાં લીન થઈ ગયા. દિવસ-રાત લીલાનુભૂતિમાં અભિભૂત રહેતાં. શ્રીજીની કૃપાથી આપને સ્વયં દિવ્યજ્ઞાન થઈ ગયું. કેટલાય વૈષ્ણવ ગ્રંથોની રચના આપે કરી, જેમાં મુખ્ય છે- પ્રાર્થનામૃત તરંગિણી, સાધનામૃત ચંદ્રિકા, ભાવનાસાર સંગ્રહ વગેરે, આપનું જીવન માનવ મન માટે જ્ઞાન-વિજ્ઞાનપ્રદ અને પ્રેરણાદાયી છે.

મુખારવિંદ

માનસી ગંગાના ઉત્તર તટે મુખારવિંદ છે, જે શ્રી ગિરિરાજજીના વિગ્રહના મુખરૂપે સ્થિત છે. ગોવર્ધનજીનો આકાર બેસેલી ગાય જેવો છે. ગાય પોતાની ગર્દન ઘુમાવીને પેટની પાસે પોતાનું મુખ લઈ લે છે, તેવી જ રીતે અહીં ગિરિરાજજીના મુખની માન્યતા છે. વર્તમાનમાં અહીં ભવ્ય મંદિર બનાવેલું છે.

ઈન્દ્ર ધ્વજવેદી

અહીં ઇન્દ્રપૂજાનો ધ્વજ રોપવામાં આવતો હતો. તે પૂજાને બંધ કરાવી, શ્રીકૃષ્ણએ ગિરિરાજ પૂજા કરાવી હતી. આ સ્થાન ગોવર્ધનની પૂર્વમાં સ્થિત છે.

આન્યૌર ગાઁવ

પરિક્રમા અંતર્ગત દાનઘાટી મંદિરથી ૩ કિ.મી. દૂર આન્યૌર ગામ આવેલું છે. ઇન્દ્રપૂજાથી વિપરીત ગિરિરાજ પૂજા અહીં જ કરવામાં આવી હતી અને ઘણાંય વ્યંજનોનો વ્રજવાસીઓએ શ્રી ગિરિરાજજીને ભોગ ધરાવ્યો હતો. આ જ પર્વત પર સાક્ષાત્ પ્રગટ થઈ એક રૂપથી સમસ્ત દ્રવ્યો ગ્રહણ કર્યા હતા અને વારંવાર ''ઔર આન

ઔર આન'' એટલે કે હજી લાવો, હજી લાવો. તેથી જ આ ગામ આન્યૌર કહેવાયું. શ્રીકૃષ્ણએ પછી સૌને પૂછ્યું કે શું કોઈ દેવતાએ પ્રત્યક્ષ પ્રગટ થઈને દર્શન આપ્યા હતા? જુઓ, ગિરિરાજ બાબા ઘણા દયાળુ છે અને તમારી સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારા છે. વ્રજવાસીઓ પણ ગોવર્ધન પૂજા કરી પોતાને ધન્ય સમજવા લાગ્યા. તે જ ગિરિરાજ પૂજાની પરંપરા આજે પણ આખા દેશમાં પ્રચલિત છે. અન્નકૂટ સ્થળ પર પ્રાકૃતિક રૂપે કટોરા વગેરેના ચિહ્નો છે. પાસે જ બજની શિલા છે જેના પર આંગળીથી પ્રહાર કરતાં સુંદર સ્વર ઉત્પન્ન થાય છે. પાસે જ ગિરિરાજ તળેટીમાં શ્રીનાથજીનું પ્રાકટ્ય સ્થળ છે.

શ્રીનાથજીનું પ્રાકટ્ય સ્થળ

શ્રીનાથજીના દર્શન વિના ચારે નાથનું દર્શન સફળ નથી ગણાતું અને માત્ર શ્રીનાથજીના દર્શનથી ચારે નાથના દર્શનનું ફળ પ્રાપ્ત થાય છે, તેથી 'શ્રીગોવર્ધનનાથજી' નાથોના પણ નાથ છે. બ્રહ્માજીનો ગર્વ ગાળવાને કારણે આપ દેવદમન, ઈન્દ્રના મદનું મર્દન કરવાથી ઇન્દ્રદમન, કાલિયા નાગનું મર્દન કરવાથી આપ નાગદમન કહેવાયા. વલ્લભ સંપ્રદાયની માન્યતા છે કે-

આપનો આવિર્ભાવ સદૂ પાંડેય દ્વારા થયો.

આન્યૌર ગામના નિવાસી સદૂ પાંડે લીલા રાજ્યમાં વૃષભાનુજીના ભાઈ ચંદ્રભાન ગોપ છે અને આપની કન્યા નરો, ભાર્યા ભવાની, તે રામદે, શ્યામદે યશોદાની નણંદ છે, સંવત ૧૫૨૯ ફાગણ સુદ ૧૧ ગુરૂવારના દિવસે શ્રી ગોવર્ધનનાથજીએ દક્ષિણ ઝારખંડમાં આર્ય ચરણ શ્રી વલ્લભ પ્રભુને સાક્ષાત રૂપે પ્રકટ થઈ આદેશ આપ્યો કે ગોવર્ધન પર્વત પર ૩ દમન છે. વામ ભાગમાં નાગ દમન, દક્ષિણમાં ઇન્દ્રદમન, મધ્યમાં દેવદમન છે. આપ જલ્દી આવીને તેમની સેવા પ્રક ટકરો. ગોવર્ધનનાથની આજ્ઞાનુસાર આચાર્યચરણ સંવત ૧૫૪૯ શ્રાવણ સુદ ૧૧ ગુરૂવારના રોજ પહેલા શ્રી ગોકુળમાં પધાર્યા, ત્યારબાદ શ્રી ગોવર્ધન આવ્યા, જ્યાં એક ગાય રોજ તેનું દૂધ એમ જ વહાવી દેતી હતી. આચાર્યશ્રી જ્યારે સદૂ પાંડેને ત્યાં આવ્યા, ત્યારે સદૂ પાંડે, નરો તથા વ્રજવાસીઓ વગેરેની મદદથી તેઓએ આ શ્રૃંગારમંડળથી ભૂપ્રવિષ્ટ સપ્તવર્ષીય દેવદમનનું પ્રકટીકરણ કર્યું.

શ્રી ગૌડેશ્વર સંપ્રદાયના મત અનુસાર શ્રી માધવેન્દ્ર પુરી દ્વારા આપનો પ્રાદુર્ભાવ થયો.

ઉદાર શ્રદ્ધાળુઓ માટે તમામ આચાર્યો ભગવદ સ્વરૂપ છે, તેથી આ વિવાદાત્મક વિષય નથી, અને એવી જ શ્રીહરિની આજ્ઞા પણ છે-

આચાર્યં માં વિજાનીયાન્નાવમન્યેત કર્હિચિત્ ।
ન મર્ત્યબુદ્ધ્યાસૂયેત સર્વદેવમયો ગુરુઃ ।।

(ભા.૧૧/૧૭/૨૭)

અમાનિત્વમદમ્ભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્ ।
આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ ।।

(ગીતા.૧૩/૮)

ભક્તિ રત્નાકર અનુસાર રઘુનાથદાસ ગુસાંઈ, તત્કાલીન વૃંદાવનના આગેવાનો અને સંભવતઃ જીવ ગુસાંઈ પાદ સાથે પરામર્શ કરી ગૌડીય સેવાધિકારીઓએ સ્વયં શ્રીનાથજીની સેવાનો અધિકાર ગુસાંઈ શ્રી વિઠ્ઠલનાથજીને સોંપી દીધો-

શ્રીદાસ ગુસાઁઈ આદિ પરામર્શ કરિ ।
શ્રી વિઠ્ઠલેશ્વર કૈલ સેવા અધિકારી ।

ચરિતામૃત અનુસાર- શ્રી વિઠ્ઠલજીને શ્રી ગોપાલજી (શ્રીનાથજી)ની સેવા સોંપવાનું મુખ્ય કારણ શ્રી વલ્લભાચાર્યજી અને શ્રી ચૈતન્યદેવનો પરસ્પર અતિશય પ્રેમ હતો. તેથી ગૌડીય ભક્તોએ જાતે જ પ્રેમપૂર્વક ગુસાંઈ શ્રી વિઠ્ઠલજીને ગોપાલજી (શ્રીનાથજી)ની સેવા સોંપી દીધી. હાલમાં શ્રી વલ્લભ સંપ્રદાયના ગુસાંઈ પુત્રો જ શ્રીનાથદ્વારામાં વિરાજિત શ્રીનાથજીના સેવાયત છે.

ગૌડીય આચાર્યોએ સ્વયં ગુસાંઈજીની સેવાપદ્ધતિની ઘણી પ્રશંસા કરી છે-

વિવિધ-ભજન-પુષ્પૈરિષ્ટનામાનિ ગૃહ્ણન્ પુલકિત-તનુરિહ શ્રી વિઠ્ઠલસ્યોરુસખ્યૈઃ ।
પ્રણયમણિસરં સ્વં હન્ત તસ્મૈ દદાનઃ પ્રતપતિ ગિરિપટ્ટે સુષ્ઠુ ગોપાલરાજઃ ।।

(શ્રી રઘુનાથદાસ ગુસાંઈ વિરચિત ગોપાલરાજ-સ્તોત્ર-૧૪)

શ્રી જીવ ગુસાંઈજીએ પણ 'વૈષ્ણવ વંદના'માં શ્રી વલ્લભાચાર્યજીની વંદના કરી છે.

શ્રી કવિકર્ણપૂરજીએ પૂર્વ-લીલામાં આચાર્ય ચરણને 'શ્રી શુકદેવ' કહ્યાં છે. તેથી વાસ્તવિકતા એ છે કે સ્વયંભુ પ્રગટ થયેલ શ્રીનાથજી કોઈ વ્યક્તિ વિશેષ, સંપ્રદાય વિશેષ નહીં, બલ્કે સૌના, સર્વસ્વ છે.

સંકીર્ણ વિચાર-વિહીન ઔદાર્ય ધામ તમામ ભાવિકો માટે બંને મતો સત્ય છે, પ્રામાણિક છે. અસંદિગ્ધ ચિત્ત, અતાર્કિક બુદ્ધિથી જ નિખિલ-નિયંતાની લલિત-લીલાઓનું રસાસ્વાદન કરવું જોઈએ. એક શાશ્વત દિવ્ય સત્તા વિષે તર્ક કરવો તે વ્યર્થ અને ભ્રામક છે.

અવિદ્યાથી લિપ્ત મન જ આવા વિવાદાત્મક પ્રપંચોમાં પડે છે, વિવેકી જન નહીં અને આમેય આપણો ઇષ્ટ તો ઘણો ચપળ છે. ક્યારેક તે પોતાનું નાટ્ય સ્વરૂપ પ્રકટ કરી દે છે તો ક્યારેક લુપ્ત. ભૂપ્રવિષ્ટ થઈ ગયા બાદ આ નટખટને પ્રાકટ્યકર્તા જોઈએ, પછી

જેને તે યોગ્ય સમજે છે, તેની જ ગોદમાં આવે છે. તેથી એકદમ સાવધાન રહી, પ્રપંચરહિત થઈને જ તેની સરસ કથાઓનું આસ્વાદન કરવું જોઈએ કારણકે સૂરદાસજીનું કથન છે–

વ્રજ લીલા કોઉ પાર ન પાયે ।
બ્રહ્મા શેષ મહેશ નારાયણ મતિ હી ભુલાયે ॥
વેદ સ્મૃતિ સુનિ હરિ હી મિલન બહુ મારગ બતાયો ।
ગોપીજન નિજ મારગ 'સૂર' ન્યારો દિખરાયો ॥

બાબાશ્રીનો એક નિષ્પક્ષ મત

વૈષ્ણવોની વાર્તામાં ઉલ્લેખ મળે છે, દેવદમને સ્વયં શ્રી વલ્લભ પ્રભુને કહ્યું કે આપ મને પ્રકટ કરો અને ભક્તાનુગ્રહકારક રૂપે તેમને દર્શન પણ આપ્યા, તેથી ઠાકુરજી સ્વયં પ્રકટ થયા છે, કોણે પ્રકટ કર્યા, એ વિવાદને ભૂલાવીને વિચારવું જોઈએ કે પ્રભુ સ્વેચ્છાથી અને સ્વયં પ્રકટ થયા છે, આ જ સર્વોત્તમ વિચાર છે.

આપની પાસે જ શ્રીકૃષ્ણના દ્વાપરલીલાની પાંચેય આંગળીઓના ચિહ્ન છે. ત્યાં લાલાએ દૂધ, દહીં આરોગીને શ્રી ગિરિરાજજી પર પોતાનો હાથ લૂછ્યો હતો. શ્રી ગિરિ-ગોવર્ધન માખણવત થઈ ગયા અને એ ચિહ્નો યથાવત અંકિત થઈ ગયા. આગળ સિંદૂરી શિલા છે, જેના પર આજે પણ આંગળી રગડો તો સિંદૂર નિકળે છે. ભગવાને આ શિલા પર આંગળી રગડીને શ્રી રાધારાણીના સેંથામાં સિંદુર પૂર્યું હતું. આમ શ્રી ગિરિરાજજી પર દ્વાપરકાલીન લીલાઓના અનેક ચિહ્નો અંકિત છે.

દંડોતી શિલા

પર્વતની નીચે આ શિલા દર્શનીય છે. નાથજીના દર્શન માટે ગિરિ પર ચઢતાં પહેલાં આ શિલાને પ્રણામ કરવાનો રિવાજ છે. આ શિલાને પ્રણામ કરવાથી ગિરિ પર પગ મૂકવાનો અપરાધ નથી નડતો. તેની પાસે જ સિંદુરી લીલા દર્શનીય છે.

શ્રૃંગારમંડળ

ગર્ગ સંહિતાનુસાર 'રાસ કાળ'

નીલ-કલ્લોલિની શ્રી યમુનામાં કોટિ-કોટિ સખીઓ સહચરીઓ સાથે કિશોર-કિશોરીએ જળકેલિ કરી. પરસ્પર ખોબામાં પાણી ભરી એકબીજા પર ફેંકતા યુગલની આંખોની પાંપણો પર પાણીના ટીપાં બાઝી ગયાં જે સૂર્યના તાપથી કુંદનની જેમ ચમકવા લાગ્યા. જળક્રીડા કરી યુગલ કિશોર પોતાની પ્રાણોપમ સહચરીઓ સાથે શ્રી ગિરિ ગોવર્ધન પર આવ્યા-

અથ કૃષ્ણો હરિર્વારિલીલાં કૃત્વા મનોહરઃ ।
સર્વૈર્ગોપીગણૈઃ સાર્દ્ધ ગિરિ ગોવર્દ્ધન યયૌ ।।

(ગ.સં.વૃં.ખ-૨૦/૧)

આ રત્નમયી-ધરા પર આવીને રાસેશ-રાસેશ્વરીએ નૃત્ય કર્યું.

ત્યારબાદ ફુલોના થરથી આચ્છાદિત એક પથ્થર (શ્રૃંગાર મંડળ) પર યુગલ સરકાર વિરાજમાન થયું. એવું લાગ્યું જાણે કોઈ પર્વત પર શ્યામ ઘન અને વિદ્યુત-સુંદરી એક સાથે શોભાયમાન થઈ રહ્યાં હોય.

''તડિદ્ઘનાવિવ ગિરૌ રાધાકૃષ્ણૌ વિરેજતુઃ''

(ગ.સં.વૃં.ખ.૨૦/૩)

શ્રૃંગાર કરવામાં કુશળ એવી વ્રજ લલનાઓએ કિશોરીજીનો શ્રૃંગાર કરવાનું શરૂ કર્યું. ગૌર-વર્ણ પર વાદળી અંગરાગ લગાવ્યો, પગની પાનીમાં લાલ રંગથી ચિત્રકારી કરી, માછલી જેવા કાન સુધી ફેલાયેલા નયનો પર કાજળ લગાવ્યું, પગ સુધી લહેરાતી કાળી-સ્નિગ્ધ વેણીમાં રંગબેરંગી વન્ય ફુલોના ગુચ્છા લગાવ્યા, આખા અંગ પર અત્તર, કેશર-કસ્તુરીનો છંટકાવ કર્યો.

સ્વયં તપન-તનયા (યમુનાજી)એ ગૌર-ચરણોમાં નૂપુર પહેરાવ્યાં, જહ્નુનંદિની ગંગાએ મંજીર ધારણ કરાવ્યા, શ્રી રમાએ ગોરી-પાતળી કમરદેહ પર કિંકણી પહેરાવી, પ્રિય લલિતાએ મણિમંડિત કંચુકી, વિશાખાએ કંઠ આભૂષણ, ચંદ્રાનનાએ મુદ્રિકાઓ, શતચંદ્રાનનાએ બાજુબંદ, મધુમતીએ બે અંગદ, બંદીએ બે તાટકં, સુખદાયિનીએ શ્રુતિ-મંડનકારી કુંડળ, આનંદીએ ભાલતોરણ, સતી પદ્માવતીએ નાસારંધ્રમાં શ્વેત મોતીની નથ ધારણ કરાવી, જે ગર્દન આમ તેમ ફરતાં હલવા લાગતી. પદ્માએ બિંદી, ચંદ્રકાંતાએ શીશફુલ, સુંદરીએ ચૂડામણિ, પ્રહર્ષિણીએ રત્નમય વેણી, વૃંદાવનાધીશ્વરીએ વિદ્યુત સમાન ચમકદાર ચંદ્ર-સૂર્ય નામના બે આભૂષણો આપ્યા.

આમ સખીઓ દ્વારા સજ્જિત થઈ જ્યારે શ્રીજીનું નિત્ય નવનવાયમાન, ચિત્તાકર્ષક અપ્રતિમ સૌંદર્ય ચારે દિશામાં પ્રસરિત થયું તો મદનના નયનો પણ લજ્જાવનત થઈ ગયા.

यत्र वै राधया रासे श्रृंगारोडकारि मैथिल ।।
तत्र गौवर्द्धने जातं स्थलं श्रृंगारमंडलम् ।।

(ગ.સં.વૃં.ખં.૨૦/૧૫,૧૬ અને ગ.સં.ગિ.ખં.૭/૨૭)

રાસની વચ્ચે અહીં શ્રીજી પોતાની સખી-સહચરીઓ દ્વારા સજ્જિત થઈ, તેથી શ્રી ગોવર્ધન પર આ સ્થાન, શ્રૃંગાર મંડળ નામથી વિખ્યાત થયું.

રાધા-માધવના દ્વાપરકાલીન મધુરિમામય મંગલાયતન ચરિતોને કારણે તો આ સ્થાન (શ્રૃંગાર મંડળ) વંદનીય છે જ, તે સિવાય તેમની મહામહિમામંડિત મણિ-મુક્તા-માણેકમય ધરતી પરથી જ શ્રી ગોવર્ધનનાથ (શ્રીનાથજી)નું પ્રાકટ્ય થયું. તેનું પ્રમાણ '૮૪ વૈષ્ણવ વાર્તા', 'ગર્ગ સંહિતા' જેવા કેટલાય ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે.

કળિયુગના ૪ હજાર ૮ સો વર્ષ વ્યતીત થતાં શ્રીહરિનું સ્વયંભ સિદ્ધ સ્વરૂપ પ્રકટ થશે.

श्रीनाथं देवदमनं तं वदिष्यन्ति सज्जनाः ।
गोवर्द्धने गिरौ राजन् सदा लीलां करोति यः ।।

(ગ.સં.ગિ.ખં.૭/૩૧)

દેવોના મદનું દમન કરનાર આ વિગ્રહને લોકો'શ્રીનાથજી' કહેશે. કલિકાળમાં જે જીવ તેમનું દર્શન કરશે, તે કૃતાર્થ થઈ જશે. આર્ય ઋષિઓની તપોભૂમિ, શ્રેષ્ઠ ભગવદીયોની ભજનભૂમિ, વિશ્વમનીષાની આદિ ઉદ્‌ગમ-સ્થળી, આ ભારતભૂમિમાં ચાર નાથ છે. પૂર્વમાં જગન્નાથજી, દક્ષિણમાં રંગનાથજી, પશ્ચિમમાં દ્વારિકાનાથજી, ઉત્તરમાં બદ્રીનાથજી અને ભારતની મધ્યમાં છે 'શ્રી ગોવર્ધનનાથજી' (શ્રીનાથજી). આપ પાંચેય નાથ દેવોના પણ દેવ છો-

श्रीनाथं देवदमनं पश्येन्द्रोवर्द्धने गिरौ ।
चतुर्णां भुवि नाथानां यात्रायाः फलमाप्नुयात् ।।

(ગ.સં.ગિ.ખં.-૭/૩૭)

ગોવિન્દ કુંડ

પોતાના દ્વારા કરેલ જળપ્રલયને નિષ્ફળ થતાં જોઈ ઇન્દ્ર ચોંકી ઉઠ્યા. 'અવશ્ય જ આ કોઈ શક્તિશાળી સત્તા છે.''

ઈન્દ્રઃ સુરર્ષિભિઃ સાકં નોદિતો દેવમાતૃભિઃ ।
અભ્યષિઞ્ચત દાશાર્હં ગોવિન્દ ઈતિ ચાભ્યધાત્ ।।

(ભા.૧૦/૨૭/૨૩)

દેવમાતાઓએ ઇન્દ્રને સલાહ આપી- ''પુત્ર! સુરભિ ગાય લઈને જા, તે ગોપાળ છે. ગોદર્શનથી તેનું હૃદય ગદ્‌ગદ્‌ થઈ જશે. સુરભિને સર્વેશ અને સર્વેશને સુરભિ અત્યંત પ્રિય છે.'' સુરભિએ તો કહી પણ દીધું- ''સર્વેશ્વરેશ્વર! અમારા સ્વામી, અમારા ઇન્દ્ર તો આપ જ છો. આપના સિવાય અમે અન્ય કોઈને નથી ઓળખતાં.''

કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન વિશ્વાત્મન્ વિશ્વસમ્ભવ ।
ભવતા લોકનાથેન સનાથા વયમચ્યુત ।।

(ભા.૧૦/૨૭/૧૯)

ત્વં નઃ પરમકં દૈવં ત્વં ન ઈન્દ્રો જગત્પતે ।
ભવાય ભવ ગોવિપ્રદેવાનાં યે ચ સાધવઃ ।।
ઈન્દ્રં નસ્ત્વાભિષેક્ષ્યામો બ્રહ્મણા નોદિતા વયમ્ ।
અવતીર્ણોઽસિ વિશ્વાત્મન્ ભૂમેર્ભારાપનુત્તયે ।।

(ભા.૧૦/૩૭/૨૦,૨૧)

એકલા જવાની હિંમત ન હતી, તેથી ઇન્દ્ર સુરભિ તથા દેવર્ષિઓ સાથે આવ્યા. દૂરથી જોયું, પ્રાણેશ પાષાણ-શિલા પર બેઠાં છે. ઐરાવતથી કૂદીને સોના-ચાંદી કૃષ્ણને અર્પણ કર્યા અને સ્વતન કરી વિધિસર અભિષેક કર્યો. સુરભિ ગો-દુગ્ધથી જ, આ ગોવિંદકુંડ બન્યો અને આકાશગંગાના જલથી જે અભિષેક થયો તેનાથી માનસી ગંગા બની.

સુરભિ સુરપતિ સંગ લિયે નિરખિ કૃષ્ણ મુખ ઈન્દુ ।
કિયો રાજ અભિષેક તહઁ ભયૌ કુંડ ગોવિન્દ ।।

(જગદાનંદજી)

સુરભિના દુગ્ધની ધારાઓથી ગોવિંદે જે સ્નાન કર્યું, તેનાથી આ પર્વત પર 'ગોવિંદ કુંડ' પ્રકટ થયો. જે મોટા-મોટા પાપોને હરનારું પરમ પાવન તીર્થ છે. ગોવિંદ કુંડ ગિરિરાજના અધર છે. અહીં ઇંદ્રએ શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો હતો.

આ સુરમ્ય સ્થળ અનેક સરસ લીલાઓ સમાવીને બેઠું છે.

પ્રથમ કથા

એક દિવસ ગોવિંદ સ્વામી, શ્રીનાથજીની સાથે ગિલ્લી-દંડા રમી રહ્યા હતા.

રામ અને શ્યામ વૃંદાવનની નદી, પર્વત, ઘાટી, કુંજવન અને સરોવરોમાં એ તમામ રમતો રમતાં હતાં, જે સાધારણ બાળકો સંસારમાં રમતાં હોય છે.

પહેલા શ્રીનાથજી ગિલ્લી પર દંડો ફટકારી રહ્યા હતા, ગોવિંદ સ્વામી દોડી-દોડીને ગિલ્લી પાછા લઈ આવતા. એકવાર ગોવિંદસ્વામીએ ગિલ્લી પકડી લીધી, તો શ્રીનાથજીના માથે દાવ આવ્યો. ગોવિંદ સ્વામી બોલ્યા- ''ચલો ગોપાલ! હવે મારો દાવ આપો.'' શ્રીનાથજી વિચારવા લાગ્યા કે હું આખો દિવસ રમું તો પણ એમનો દાવ પૂરો ન કરી શકું. તેથી શ્રીનાથજી દાવ આપ્યા વિના જ મંદિરમાં ભાગી આવ્યા. ગોવિંદસ્વામી તેમની પાછળ ભાગ્યા. શ્રીનાથજીને મંદિરમાં બિરાજેલા જોઈ ગોવિંદસ્વામીએ ગુસ્સે થઈને શ્રીનાથજીને જ ગિલ્લી મારી. પુજારીજીએ જોયું, તેમને આ ભગવાનનું અપમાન લાગ્યું એટલે ગોવિંદસ્વામીને ધક્કા મારીને મંદિરની બહાર કાઢી મૂક્યા. બિચારો પુજારી, આ પ્રેમને ક્યાંથી ઓળખી શકવાનો હતો? બહાર ગયા બાદ, ગોવિંદ સ્વામી, કુંડ (આ જ ગોવિંદકુંડ) ના કિનારે જઈને બેસી ગયા અને વિચારવા લાગ્યા કે આખરે એ શ્રીનાથ આ રસ્તેથી જ નિકળીને રમવા માટે વનમાં જશે. લાગવગ લગાડીને મને ધક્કો મારીને બહાર કાઢી મૂક્યો, હવે આનું ફળ હું તેને જરૂર ચખાડીશ-

પોત લૈકે આયો ભાજિ ગઁવાર ।
ખોલિ કિબાર ધસ્યો ઘર ભીતર સિખે દિયે લગવાર ।।
કબહુઁ તો નિકસૈગૌ બાહર એસી દુઉંગો માર ।
'ગોવિન્દ' પ્રભુ સૌ બૈર અબ કરિકૈ સુખી ન સોવૈ યાર ।।

હવે તો શ્રીનાથજીના મનમાં પણ વિચાર આવ્યો કે આખો દિવસ કેવી રીતે પસાર થશે? મને તો રમ્યા વિના ચાલે નહીં અને આ ગોવિંદ માર્ગમાં જ અડીંગો જમાવી બેઠો છે. એને કેવી રીતે સંતુષ્ટ કરું, એનો દાવ કેવી રીતે આપું? એટલામાં ગુસાંઈ શ્રી વિઠ્ઠલનાથજીએ ઠાકુરજીની સામે ભોગ મૂક્યો, પરંતુ તેઓ ભોગ આરોગી રહ્યા નહોતા. ગુસાંઈજીએ શ્રીનાથજીને પૂછ્યું- ''જય જય! આજે આપ ભોગ આરોગી નથી રહ્યા?'' શ્રીનાથજીએ ગુસાંઈજીને કહ્યું- ''મને તો આ એક પણ વાનગીમાં રસ નથી, જો તમે મને પ્રસન્ન કરવા માગતા હોવ તો પહેલા ગોવિંદ સખાને પ્રસન્ન કરો. મારે તેને દાવ આપવાનો હતો પરંતુ હું દાવ આપ્યા વિના ભાગી આવ્યો એટલે એણે મને ગિલ્લી મારી. એની ભાવનાને પુજારી સમજી ન શક્યા, ઉલટાનું એને અપરાધી માનીને ધક્કા મારીને કાઢી મૂક્યો. હવે એ મને ફાવે તેમ સંભળાવી રહ્યો છે. તમે જઈને એ બ્રાહ્મણને મનાવીને મારી પાસે લઈ આવો ત્યારે જ હું ભોગ આરોગીશ. એ ક્રોધમાં છે. જો હું બહાર નિકળીશ તો એ મને મારશે.'' ગુસાંઈજી ગોવિંદ સખાને મનાવવા માટે નિકળ્યા, તો તેમને પોતાની તરફ આવતા જોઈ ગોવિંદ ભાગવા લાગ્યો. ગુસાંઈજી બોલ્યા- ''અરે ગોવિંદ! ભાગીશ નહીં, તને નહીં મારીએ ભાઈ.'' ગોવિંદ બોલ્યો- ''પહેલા જ મને ધક્કો મારીને બહાર કાઢી મૂક્યો છે.'' ગુસાંઈજી કહે- ''ના, ના ગોવિંદ, હવે તને કોઈ નહીં મારે. જો, નાથજી તારા વિના ભોજન પણ નથી કરી રહ્યા. તારા સખાએ કહ્યું છે કે પહેલા અમે બંને પરસ્પર ગળે મળીશું, પછી જ એકસાથે બેસીને, હળીમળીને જમીશું.'' ગુસાંઈજીએ ગોવિંદને બહુ સમજાવ્યો, અને તે સમજી પણ ગયા.

મંદિર તરફ આવતી વખતે ગોવિંદ સ્વામી મનમાં વિચારવા લાગ્યા કે મને જોઈને શ્રીનાથજી જો માથું નમાવી દે તો હું માફ કરી દઈશ અને જો જરા પણ માથું ઉંચકશે તો માર્યા વિના નહીં છોડું, ભલે પછી કંઈ પણ થઈ જાય. ગોવિંદ સખાના મનની વાત નાથજીએ રાખી. ગોવિંદને જોતાં જ શ્રીનાથજીએ મસ્તક નીચું કરી લીધું, બસ આટલું જોતાં જ- ગોવિંદનો ક્રોધ શાંત થયો અને બંને સાથે મળી ભોગ જમ્યા.

દ્વિતીય કથા

એક દિવસ શ્રીનાથજી અને ગોવિંદ સખા, કાન્હા હરિજન સાથે રમી રહ્યા હતા. રમતમાં કાન્હા ભંગી હારી ગયા, તો પહેલાની શરત મુજબ શ્રીનાથજીએ તેમને ઘોડો બનાવ્યો અને તેમની પીઠ પર ચડી ગયા. જ્યારે રમત પૂરી થઈ અને શ્રીનાથજી મંદિરમાં જવા લાગ્યા તો ગોવિંદ સખાએ કહ્યું- ''જય જય! શ્રી ગુસાંઈજી તો મંદિરમાં આચાર-વિચારનું બહુ પાલન કરે છે અને આપ હરિજનને સ્પર્શ કરી મંદિરમાં પ્રવેશ કરશો, રાજભોગ આરોગશો, એ રીતે આપ મંદિરની મર્યાદા તોડીને ભ્રષ્ટાચાર ફેલાવશો, તે યોગ્ય નથી. મારાથી આ અનીતિ સહન નહીં થાય. હું તો ગુસાંઈજીને તમારી ફરિયાદ કરીશ.'' નાથજીએ કહ્યું- ''ભાઈ જો, હું તારો સખા છું ને. એવું ન કરીશ. મને મન ભરીને મારા સખાઓ સાથે રમવા દે. હું તારા હાથ જોડું છું.'' પરંતુ ગોવિંદ સખાએ એકેય વાત ન માની. તેનું કહેવું હતું કે આપ પહેલા તમામ વસ્ત્રો સહિત આ કુંડ (આ જ ગોવિંદકુંડ)માં સ્નાન કરીને મંદિરમાં પ્રવેશ કરો.

ગોવિંદે કહ્યું- ''ઠીક છે, જો સ્નાન ન જ કરવું હોય તો કમસે કમ કુંડ પર આવી મંત્ર બોલીને બે-ચાર છાંટા તો આ નીલવર્ણી કાયા પર છાંટી લો.'' નાથજીએ ગોવિંદ સખાનો આ પ્રસ્તાવ સહજ સ્વીકારી લીધો. કુંડના કિનારે બેસીને જ્યારે જળ લેવા હાથ આગળ વધાર્યો તો વિનોદી ગોવિંદે ધક્કો મારીને નાથજીને કુંડમાં પાડી દીધા અને પોતે પણ કૂદી પડ્યા. નાથજી ડુબવા લાગ્યા તો ગોવિંદ સખાએ તેમને ખભેથી પકડી બહાર કાઢ્યા અને પછી ગોવિંદ તાળીઓ વગાડતા ઘરે ભાગી ગયા. શ્રીનાથજી મંદિરમાં આવીને બિરાજ્યા. ગુસાંઈજી સેવામાં આવ્યા અને શ્રીનાથજીના ભીના વસ્ત્રો જોતાં પૂછ્યું- ''જય જય! આ કપડાં કેવી રીતે ભીંજાયા?'' શ્રીનાથજીએ મોં મચકોડીને કહ્યું- ''ગોવિંદે ધક્કો મારીને પાડી દીધો, તેથી મારા કપડાં પલળી ગયાં.'' ગુસાંઈજીએ તરત ગોવિંદ સખાને બોલાવ્યા અને ઠપકો આપ્યો. ગુસાંઈજી- ''ગોવિંદ આવી કેવી રમત કે જીવનું જોખમ થઈ જાય?'' ગોવિંદ સખાએ હસીને કહ્યું- ''ગુસાંઈજી, આપનો લાલ હરિજનના દીકરાને ઘોડો બનાવી તેના પર સવારી કરતો હતો. મેં કહ્યું કે સ્નાન કરીને મંદિરમાં ચાલ, પણ એ નહીં માન્યો તેથી હું તેને જેમ-તેમ સ્નાન કરાવીને મંદિરમાં લઈ આવ્યો. જો હું તેમ ન કરત તો આપનો આચાર-વિચાર સમાપ્ત થઈ જાત.'' આ સાંભળીને ગુસાંઈજીનું દિલ ભરાઈ ઉઠ્યું અને કહેવા લાગ્યા કે ધન્ય ગોવિંદ સખા! તારી

સાથે રમ્યા વિના શ્રીનાથજીનું મન નથી લાગતું.

રસખાનજી પણ એ નીલોજ્જવલ કાંતિયુક્ત, સૌંદર્ય સિંધુ શ્યામની છબિ પર આકૃષ્ટ થઈ દર્શન કરવા આવ્યા, તો આ પઠાણ દેહને કોઈએ અંદર ન જવા દીધા, ધક્કા મારીને મંદિરની બહાર કાઢી મૂક્યા. શરીરે અંદર જવાનો પ્રયાસ પડતો મૂક્યો, પરંતુ મન તો મનભાવનના અંજન રંજિત, નિર્મળ કમળલોચનોને જોવા માટે જીદ કરી રહ્યું હતું. રસખાને સાંભળ્યું હતું કે ગોવિંદ કુંડ તેમનું ક્રીડાસ્થળ છે. તેઓ નિત્ય ત્યાં પોતાના સખાઓ સાથે રમવા આવે છે, તેથી તેઓ ગોવિંદ કુંડ તટે આવીને બેસી ગયા. ત્રણ દિવસ થઈ ગયા, અન્ન-જળ લીધાં વિના. શરીર અચેત થઈ રહ્યું હતું પરંતુ પ્રાણ નિકળતાં પણ નહોતા, રહ્યા-રહ્યા હૃદયવીણા નાદ કરી રહી હતી-

દેસ બિદેસ કે દેખે નરેસન રીઝિ કી કોઉ ન બૂઝ કરૈગૌ ।
તાતેં તિન્હેં તજિ જાન ગિરયૌ ગુન સૌં ગુન ઔગુન ગાઁઢિ પરૈગૌ ।।
બાઁસુરી વારૌ બડૌ રિઝવાર હૈ સ્યામ જો નેકુ સુઢાર ઢરૈગૌ ।
લાડલૌ છૈલ વહી તો અહીર કૌ પીર હમારે હિયે કી હરૈગૌ ।।

ચોથા દિવસે ગુસાંઈજી શ્રીનાથજીને સાથે લઈને આવ્યા-

મોહન છવિ 'રસખાન' લખિ અબ દૃગ અપને નાહિં ।
ખૈંચત આવત ધનુષ સે છૂટત શર સે જાહિં ।।

ત્યારબાદ ગોવિંદકુંડમાં સ્નાન કરી રસખાનજી વલ્લભકુળમાં દીક્ષિત થયાં.

રસખાનજીનો વ્રજ પ્રેમ

યા લકુટી અરુ કામરિયા પર રાજ તિહૂ પુર કૌ તજિ ડારૌં ।
આઠહુ સિદ્ધિ નવૌં નિધિ કૌ સુખ નંદ કી ગાય ચરાય બિસારૌં ।।
'રસખાન' સદા ઈન નયનન્હિં સૌં બ્રજ કે બન બાગ તડાગ નિહારૌં ।
કોટિન હૂ કલધૌત કે ધામ કરીલ કી કુંજન ઉપર વારૌં ।।

માનુષ હૌં તો વહી 'રસખાન' બસૌં બ્રજ ગોકુલ ગાઁવ કે ગ્વારન ।
જો પસુ હૌં તો કહા બસ મેરૌ ચરૌં નિત નંદ કી ધેનુ મઁઝારન ।।
પાહન હૌં તો વહી ગિરિ કૌ જો ધરયૌ કર છત્ર પુરંદર ધારન ।
જો ખગ હૌં તો બસેરૌ કરૌં નિત કાલિંદી કૂલ કદમ્બ કી ડારન ।।

રહીમજીની હાલત પણ એવી જ છે. તેઓ પણ સુંદરતાના સાગર શ્યામસુંદરના સૌંદર્ય વિશે સાંભળીને દર્શનાર્થે યતીપુરા (ગોવર્ધન) આવ્યા. પઠાણ વેશ જોઈને

દ્વારપાળોએ ધક્કો મારી બહાર કાઢી મૂક્યા, ધુંધવાઈને મન બોલ્યું- ''આવી સાહ્યબી, આવી બેવકૂફી'' એટલે કે દર્શનનું વ્યસન આપ્યું, તો આ મ્લેચ્છ તન કેમ આપ્યું?

અને મ્લેચ્છ તન આપવું જ હતું તો પછી આ દર્શનની લગની કેમ લગાડી?

હરિ 'રહીમ' એસી કરી જ્યોં કમાન સર પૂર ।
ખૈંચિ અપની ઓર કો છાંડ દિયો અતિ દૂર ।।

બધું છોડીને, ઝલક જોવા આવ્યો, તો નજીક પણ નથી આવવા દેતા. હવે હું નહીં તમે પોતે આવશો, કહીને આવી ગયા અને ગોવિંદ કુંડના ચોતરા પર બેસી ગયા. ગુસાંઈ વિઠ્ઠલનાથજીને જ્યારે ખબર પડી તો તેઓએ પ્રસાદ મોકલ્યો પરંતુ તેનો અસ્વીકાર કરી રહીમ બોલ્યા-

ખૈંચિ ચઢનિ ઢીલી ઢરનિ કહૌ કૌન યહ રીતિ ।
આજ કાલ્હિ મોહન ગહી વંશ દિયા કી રીતિ ।।

કહીને રહીમજીએ નાથજી તરફથી મોં ફેરવી લીધું. નાથજી થાળ મૂકીને અંતર્ધ્યાન થઈ ગયા. એકવાર તેમને જોયા બાદ કોણ તેમના દર્શનથી વધુ સમય માટે વિમુખ થઈ શકે એમ હતું? આંખોને ફરી દર્શન કરવાની ઇચ્છા થતાં પાછળ ફર્યા, પરંતુ ત્યાં સુધીમાં નાથજી અંતર્ધ્યાન થઈ ગયા હતા. હવે તો વિરહના માર્યા વ્યાકુળ થઈ ગયા મદન-મોહનની મંજુલ મૂર્તિને જોવા માટે.

કમલદલ નૈંનનિ કી ઉનમાનિ ।
બિસરત નાહિંં સખી મો મન તે મન્દ-મન્દ મુસ્કાનિ ।।
યહ દસનનિ દુતિ ચપલાહૂઁ તે મહાચપલ ચમકાનિ ।
વસુધા કી બસ કરી મધુરતા સુધા પગી બતરાનિ ।।
ચઢી રહૈ ચિત ઉર વિશાલ કી મુકુતમાલ થહરાનિ ।
નૃત્ય સમય પીતામ્બર હૂ કી ફહરિ-ફહરિ ફહરાનિ ।।
અનુદિન શ્રીવૃન્દાવન બ્રજ તેં આવન આવન જાનિ ।
વે 'રહીમ' ચિત તે ન ટરતિ હૈં સકલ સ્યામ કી બાનિ ।।

મોહન છબિ નૈંનનિ બસી પર છબિ કહાઁ સમાય ।
ભરી સરાય રહીમ લખિ આપ પથિક ફિરિ જાય ।।

અન્તર દાબ લગી રહૈ ધુવાઁ ન પ્રગટૈ કોય ।
કૈ જિય જાનૈ આપનૌ કૈ જો સિર બીતી હોય ।।

એવું લાગ્યું જાણે તન વિયોગાગ્નિમાં તપવા લાગ્યું. પાંપણો ઉપર ઉઠે છે પરંતુ કમલનયનને ન જોતાં ફરી બંધ થઈ જાય છે. આ વ્યાકુળતાએ વાત્સલ્યધામને ફરીથી બોલાવી લીધા, રહીમજી દર્શન કરીને મગ્ન થઈ ગયાં.

પૂંછરી

શ્રી ગિરિરાજજીની સીમાનું આ ગામ રાજસ્થાનમાં પડે છે, પરિક્રમા અહીંથી પશ્ચિમમાં વળે છે. રાસની મધ્યમાં જ્યારે રાસબિહારી અંતર્નિહિત થઈ ગયા તો વિરહથી વ્યાકુળ ગોપાંગનાઓ સચરાચરને પૂછવા માટે અંદરો-અંદર બોલવા લાગી-

''અરે પૂછ ને''

''વીર, પૂછ ને''

તેથી આ સ્થાનનું નામ 'પૂંછરી' થઈ ગયું છે. તેની પાસે જ અપ્સરાકુંડ, નવલકુંડ છે.

ગર્ગસંહિતાનુસાર

ગિરરાજજીના તમામ તીર્થોમાં તેમના અંગોની ભાવના સમાયેલી છે, તે જ ક્રમમાં 'પૂચ્છ કુંડે તથા પુચ્છં' આ સ્થાન પર પૂંછડીની ભાવના કરવામાં આવી છે. નવલકુંડનું પૌરાણિક નામ જ પુચ્છ કુંડ છે. તેથી પણ આ સ્થાન પૂંછરી નામથી વિખ્યાત છે.

(ગ.સં.ગિ.ખ.૮/૧૧)

વ્રજવાસીઓના પોતાના મત મુજબ-

મયૂરાકાર ગિરિરાજજી (કિટલાકની ભાવના અનુસાર ગો-આકાર ગિરિરાજજી)ની પૂંછડીના રૂપમાં તે માનવામાં આવે છે. આ કારણથી જ આ ગામનું નામ પૂંછરી છે. ગિરિરાજજીના દક્ષિણ છેડા પર પૂંછના લૌઠાનું મંદિર છે, તેમાં લાંબો-પહોળો સિંદુર વિગ્રહ દર્શનીય છે. શ્રી કૃષ્ણ જ્યારે દ્વારિકા જવા લાગ્યા તો તેઓએ પોતાના પ્રિય મિત્ર લૌઠાને પણ સાથે આવવા કહ્યું. લૌઠાએ કહ્યું- ''હું વ્રજ છોડીને ક્યાંય નહીં જાઉં પરંતુ તમારા વિના હું અન્ન-જળ પણ ગ્રહણ નહીં કરું.'' તો શ્રીકૃષ્ણ બોલ્યા- ''હું પાછો ન આવું ત્યાં સુધી તું અન્ન-જળ વિના પણ પ્રાણત્યાગ નહીં કરી શકે, ત્યારથી જ તેઓ ત્યાં તપસ્યારત છે, ખાધા-પીધા વિના પણ સ્વસ્થ છે.

અન્ન ખાય નહિં પાની પીવૈ તોઉ તૂ પરયૌ સિલૌટા ।
દૂધ ન છૌડૈ દધિ ન છૌડૈ અરે તૂ તો પી ગયો છાછ કઠૌતા ।।
ધનિ ધનિ પૂંછરી કે લૌઠા ।

કહીને વ્રજવાસીઓ તેમને ઘણું સન્માન આપે છે. ગિરિરાજ મહારાજની 'જયધ્વનિ' સાથે આપનો પણ જયઘોષ વ્રજવાસીઓ કરે છે. બોલો-

'શ્રી ગિરિરાજ મહારાજ કી ડ ડ ડ ડ ડ જય!''

'પૂંછરી કે લૌઠા કી ડ ડ ડ ડ ડ જય!''

વ્રજવાસીઓની વાણીમાં આપનો પરિચય

ગિરિવર કી બગલ મેં રહત આન્યૌર જતિપુર,
યહાઁ કે લોગ બડે મસ્ત જુ સુલૌઠા હૈ ।
માનસી ગંગા ભરી રહૈ દૂધ તે નહામૈ
બ્રજવાસી કાછ-કાછ લંગોટા હૈ ॥
ગૈયન કે સંગ સંગ આવત હૈ સખા વૃન્દ
ઉન્હી મેં ચલત એક નન્દ જૂ કો ઢોટા હૈ ।
હાથ ધરૈં સોટા દૂધ પીવૈ અધોટા
ગિરિવર કી બગલ મેં બૈઠ્યો પૂંછરી કો લૌઠા હૈ ॥

અપ્સરા કુંડ અને નવલ કુંડ

તત્રાગતાસ્તુમ્બુરુનારદાદયો ગન્ધર્વવિદ્યાધરસિદ્ધચારણાઃ ।
જગુર્યશો લોકમલાપહં હરેઃ સુરાઙ્ગનાઃ સંનનૃતુર્મુદાન્વિતાઃ ॥

(ભા.૧૦/૨૭/૨૪)

પરમ સુંદરી રમણીય અપ્સરાઓએ અહીં નૃત્ય કર્યું, જેનાથી આ સરોવરનું નામ ‘અપ્સરા કુંડ’ પડ્યું તથા તેની પાસે જ જેને પહેલા પૂંછરીની નજીક હોવાને કારણે ‘પૂંછ કુંડ’ તરીકે ઓળખવામાં આવતો પરંતુ ભરતપુરની મહારાણી નવલ દ્વારા તેને ‘નવલ કુંડ’ની સંજ્ઞા આપવામાં આવી. આમ પણ નિત્ય નવીન નંદનંદનનો કુંડ હોવાને કારણે તે નવલકુંડ છે. બંને સરોવરોની પાસે સઘન કુંજો અને કદંબ વૃક્ષોથી આચ્છાદિત રાસસ્થળીઓ છે. આ સરોવરોની પાસે જ અપ્સરાવિહારી મંદિર, કુંડેશ્વર મહાદેવ મંદિર તથા રાઘવ પંડિતની ગુફા છે, જેમાં તેઓ ભજનાવિષ્ટ થયા હતા અને ત્યારબાદ સિદ્ધ સંત પંડિત રામકૃષ્ણદાસ બાબાએ પણ અહીં ભજન કર્યું હતું.

સુરભિ કુંડ

એવં કૃષ્ણમુપામન્ત્ર્ય સુરભિઃ પયસાઽઽત્મનઃ ।
જલૈરાકાશગઙ્ગયા ઐરાવતકરોદ્ધૃતૈઃ ॥
ઈન્દ્રઃ સુરર્ષિભિઃ સાકં નોદિતો દેવમાતૃભિઃ ।
અભ્યષિઞ્ચત દાશાર્હં ગોવિન્દ ઈતિ ચાભ્યધાત્ ॥

(ભા.૧૦/૨૭/૨૨,૨૩)

પૂંછરીથી પરિક્રમા માર્ગમાં ચાલતાં-ચાલતાં દાઉજીના મંદિરના ઉત્તર તરફ 'સુરભિ કુંડ'ના દર્શન છે, જ્યાં સુરભિ ગાયે પોતાના દૂધથી શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો, તે અભિષેકના દૂધથી જ આ કુંડ બન્યો. અહીં અષ્ટછાપના મહાકવિ શ્રી પરમાનંદદાસજીએ વિગ્રહ પ્રગટ કર્યો.

શ્રી પરમાનન્દદાસજી

શ્રી પરમાનંદદાસજી તોક સખાના અવતાર હતા. દ્વાપરાંતમાં તો શ્રીકૃષ્ણ માત્ર અગીયાર વર્ષ સુધી જ પોતાના પ્રાણપ્રિય સખાઓને સખ્ય સુખ આપી શક્યા હતા, તેથી એ અતૃપ્ત આત્માઓએ કળિયુગમાં ફરી અવતાર લઈને તેમની સાથે ક્રીડા કરી આત્મતૃપ્તિ કરી. જેમ દ્વાપરમાં વ્રજ ગોપીઓ પ્રેમની ઉન્નત ધ્વજા બની, તે જ રીતે કળિયુગમાં શ્રી પરમાનંદદાસજી પ્રેમની ધ્વજા બન્યા. શ્રી પરમાનંદ સ્વામીજીનો જન્મ કન્નોજમાં કાન્યકુબ્જ બ્રાહ્મણકુળમાં વિ.સં. ૧૫૫૦ના માગશર સુદ સાતમે થયો હતો. ગાયન કળામાં પરમ પ્રવીણ હોવાને કારણે પિતા દ્વારા વારંવાર આગ્રહ કરવા છતાં પણ તેઓએ જીવનમાં ક્યારેય ધનોપાર્જન ન કર્યું. જ્યાં પણ જતાં ત્યાં મધુર ભજન ગાતાં. એકવાર પ્રયાગમાં આવ્યા હતા. અડૈલ ગામમાં આચાર્યપાદનો દર્શનાનંદ પ્રાપ્ત થયો. આચાર્યજીએ સ્વયં કૃપા કરીને તેમને ભગવદ લીલા ગાવાનો આદેશ કર્યો. પરમાનંદદાસજીએ વિરહનું પદ ગાયું. આચાર્યજીએ બાળલીલા ગાવા કહેતાં પરમાનંદજીએ અનભિજ્ઞતા વ્યક્ત કરી ત્યારે આચાર્યશ્રીની કૃપાવર્ષાથી તેમને સર્વ જ્ઞાન પ્રાપ્ત થયું. આચાર્યપાદ શ્રીમદ વલ્લભ પ્રભુનું શિષ્યત્વ સ્વીકાર કરવાથી તેમને નિત્ય લીલાસંસારનો અનુભવ થવા લાગ્યો.

એકવાર જન્મભૂમિ કન્નોજમાં પરમાનંદદાસજીના મુખથી 'હરિ તેરી લીલા કી સુધ આવે' વિરહ ગાન સાંભળીને આચાર્યપાદ ત્રણ દિવસ સુધી અચેતાવસ્થામાં રહ્યા-

હરિ તોરી લીલા કી સુધિ આવતિ ।
કમલ નયન મન મોહન મૂરતિ મન મન ચિત્ર બનાવતિ ।
એક બાર જાઈ મિલત મયા કરિ સો કૈસે બિસરાતિ ।
મૃદુ મુસ્કાનિ બંક અવલોકની ચાલિ મનોહર ભાવતિ ।
કબહુંક નિબિડ તિમિર આલિંગતિ કબહુંક પિક-સ્વર ગાવતિ ।
કબહુંક સંભ્રમ ક્વાસિ-ક્વાસિ કરિ સંગ હી ઉઠિ-ઉઠિ ધાવતિ ।
કબહુંક નૈન મૂંદિ અંતરગતિ બનમાલા પહિરાવતિ ।
'પરમાનન્દ' પ્રભુ શ્યામ ધ્યાન્ કરિ એસેં હી વિરહ ગંવાવતિ ।

ત્યાર પછી આચાર્યચરણની સાથે પરમાનંદદાસજી ગોકુળ આવ્યા. ઘણાં દિવસો સુધી નવનીતપ્રિયાજીની સેવા કરી, ત્યારબાદ નાથજીએ મન આકૃષ્ટ કર્યું તો આચાર્યપાદે

નાથજીની કીર્તન સેવા સોંપી દીધી જે તેમણે આજીવન નિષ્ઠાપૂર્વક સંભાળી. એકવાર શ્રી સૂરદાસજી, શ્રીરામદાસજી, શ્રી કુંભનદાસજી વગેરે ભગવદીય શ્રી પરમાનંદદાસજીના સ્થાન પર પ્રવાસે આવ્યા. વૈષ્ણવદર્શનના અતિશય સુખમાં પરમાનંદદાસજીએ ગાયું-

આપ મેરે નન્દનન્દન કે પ્યારે ।
માલા તિલક મનોહર બાનૌ ત્રિભુવન કે ઉજિયારે ।।

વધુમાં-

''જન સંગ છિનક જો હોઈ''

આ પદનું ગાન કર્યું.

વૈષ્ણવોએ જિજ્ઞાસા પ્રગટ કરી- ''પરમાનંદદાસજી! સર્વોત્કૃષ્ટ પ્રેમ કોનો છે?'' પરમાનંદજીએ તરત ગણતરી કરીને નિર્ણય આપી દીધો-

ગોપી પ્રેમ કી ધુજા બ્રજજન સમ ધર પર કોઉ નાહીં ।

પોતાના જીવનકાળમાં સુરભિ કુંડ પર શ્રી ગુસાંઈજીની છત્રછાયામાં શ્રી પરમાનંદદાસજીએ કેટલાય પદોનું ગાન કર્યું, 'પરમાનંદદાસજી! અત્યારે આપની ચિત્તવૃત્તિ ક્યાં છે?'' ગુસાંઈજી દ્વારા આમ પૂછવામાં આવતાં પરમાનંદદાસજીએ **''રાધા બૈઠીક તિલક સંવારતિ''** પદનું ગાન કર્યું. **''કહા કરૌં બૈકુણ્ઠહિ જાય''** (શું કરું કે જેથી સીધા વૈકુંઠપદ મળે) પંક્તિનો આજીવન નિર્વાહ કર્યો. આમ વિ.સં. ૧૬૪૧ ભાદરવા વદ ૯ તિથિએ બપોરના સમયે આ પાર્થિવ દેહથી મુક્ત થઈ યુગલ સરકારની નિત્ય લીલાનું અનુસંધાન કરતાં તેમાં પ્રવિષ્ટ થઈ ગયાં.

દાઉજી મંદિર

સુરભિ કુંડની પાસે જ ગિરિરાજ પર્વત પર દાઉજી મંદિર છે. મંદિરમાં શ્રૃંગાર શિલા દર્શનીય છે.

ઐરાવત કુંડ

સુંદર કદંબ વૃક્ષોની વચ્ચે ઐરાવત કુંડ છે, જ્યાં ઈન્દ્રના આદેશથી ઐરાવત હાથી પોતાની સૂંઢમાં આકાશગંગાનું જળ શ્રીકૃષ્ણના અભિષેક માટે લઈને આવ્યો હતો. પાસે જ પર્વત પર હાથીના પગના નિશાન પણ છે.

રૂદ્ર કુંડ

પ્રથમ લીલા

૮ યોજન લાંબા, ૫ યોજન પહોળા, ૨ યોજન ઊંચા આ બૃહદ્ ગિરિ ગોવર્ધનની પૂજાના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. ચાર-ચાર વેંત ફલાંગતા આ નાના કૃષ્ણસખાઓ કછોટી બાંધીને દોડતા જઈ રહ્યા છે, માર્ગમાં જે પણ મળે તેની સામે ઉભા રહી ગર્વથી કહે છે-

''અમારા કાનાની આજ્ઞા છે, આજે 'ગોરધન' પૂજા થશે.''

ચલો ઘરે પાછા જાવ, નવાં-નવાં વસ્ત્રો-અલંકાર પહેરીને આવો. પછી ગમાણમાં જઈને પોતાની ગાયો અને વાછરડાંઓને પણ કહ્યું, આ નવીન પૂજા વિશે. તેમના શિંગડાઓ પર રંગબેરંગી ફૂલોની માળા લટકાવી દીધી, ગળામાં મોતીની માળા, મસ્તક પર લાલ તિલક, ખુંધ પર સફેદ, લાલ, પીળા, નીલ જડાઉ વસ્ત્રો અને પોતાના દેહ પર સુંદર ઝાલરદાર માળા લટકાવીને માથે જડાઉ પાઘડી અને તેના પર રંગબેરંગી કલગીઓ લગાવી જ્યારે હજારો ગ્વાળોએ ગિરિરાજ તરફ પ્રસ્થાન કર્યું, તો એવું લાગ્યું, જાણે વ્રજના સૌ ગ્વાળો વરરાજા બનીને જાન લઈને નિકળ્યાં છે.

બીજી તરફ, ગોપીઓનું વૃંદ જોઈને એવું લાગે છે કે આખું વ્રજ આદિશક્તિ-મહાશક્તિઓથી ઉભરાઈ ઉઠ્યું છે. પાર્વતીકાંત શિવ તો વ્રજનો એકેય ઉત્સવ છોડતાં નથી, તેથી આજે પણ અંગોમાં ભભૂતિ લેપ લગાવી, વાઘાંબર પહેરી, ઉતાવળમાં જટા બાંધવાનું ભૂલી ચાલી નિકળ્યા ત્રિશુળ ઉઠાવીને.

હિમાદ્રિ-પુત્રી પાર્વતી એકદમ ચકિત હતાં.

શા માટે જાય છે તે કહેતાં નથી.....!

ક્યારેય સાથે પણ લઈ જતાં નથી....!

હિંમત કરીને પાસે જઈને પૂછી જ લીધું.

શિવા- ''નાથ! ક્યાં ઉત્સવ-રસ પ્રદાન કરવા જઈ રહ્યા છો?''

શિવ- ''દેવી! રસરાજની સામે ભલા હું શું રસ પ્રદાન કરવાનો હતો?''

શિવા- ''હે વામદેવ! આખરે, આપ કહેવા શું માગો છો?''

શિવ- ''સાંભળો, કૈલાશ સિવાય મારું વિશ્રામ સદન એ જ છે જ્યાં મારા સ્વામી છે. કૈલાશ છોડીને હું તેમનું સામીપ્ય મેળવવા જ તો જાઉં છું. આ સમયે તેમની રસમયી લીલાઓ વ્રજધરાના કણ-કણનો અભિષેક કરી રહી છે. મારું સૌભાગ્ય, જે મને

શરૂઆતથી જ તેમના દર્શનનો અવસર મળ્યો. આજે ત્યાં ગિરિ-ગૌ પૂજનની નવીન લીલાનો પ્રાદુર્ભાવ થઈ રહ્યો છે, તેને લગતી તૈયારીઓ વ્રજમાં ચાલી રહી છે.

આજની આ લીલા તેમના અનેક કાર્યો એકસાથે સંપાદિત કરશે; ઇન્દ્રનું માન-મર્દન, વ્રજવાસીઓની ગિરિ-ગૌમાં અપૂર્વ ભક્તિ, નંદબાબાના વધતાં જતાં ધનનો વ્યય, શ્રીહરિના પોતાના સ્વત્વ- શ્રીરાધાના દર્શન. આ અવસરે હું હાજર ન હોઉં તો એ મારું જ નુકશાન હશે.

ઇન્દ્ર દ્વારા થઈ રહેલી અતિવૃષ્ટિની વચ્ચે ગોવર્ધનોદ્ધરણનું દર્શન અતિશય મનોહર હશે...

અચ્છા, તો હું જાઉં...''

શિવા- ''ગંગાધર! આપ કહો છો, ત્યાં પ્રલયંકારી વૃષ્ટિ થશે અને આપ જટા બાંધ્યા વિના જ ચાલી નિકળ્યા. એક તો આમેય ત્યાં પહેલાથી જ પાણી-પાણી હશે, અને આપ જઈને ત્યાં પોતાની ગંગા વહાવશો.

શિવ- ''ગિરિજા! આ સારું કર્યું તમે, મને યાદ કરાવીને.''

ઝટ, જટાઓ બાંધી લીધી.

ગર્ગસંહિતાનુસાર

શ્રુત્વોત્સવં શૈલવરસ્ય મન્મુખાદ્રઙ્ગધરો બદ્ધપર્દમંડલઃ ।
કપાલભૃન્નસ્થિજભસ્મરુચિતઃ સર્પાલિમાલાવલયૈર્વિભૂષિતઃ ।।
ધત્તૂરભઙ્ગાવિષપાનવિહ્વલો હિમાદ્રિપુત્રીસહિતો ગણાવૃતઃ ।
આરુહ્ય નન્દીશ્વરમાદિવાહનં સમાયયૌ શ્રીગિરિરાજમંડલમ્ ।।

(ગ.સં.ગિ.ખં./૧૩,૧૪)

ગિરરાજોત્સવ સાંભળીને શિવજીએ પોતાનો શ્રૃંગાર શરૂ કર્યો, કપાળમાં જે ભભૂત હતી, તે આખા શરીરે લપેટી, ગળામાં રૂંઢ-મુંડમાળ, સાપના બાજુબંધ, સાપના કુંડળઃ અદ્‌ભુત શ્રૃંગાર છે.

ઉત્સવમાં મસ્તી જરૂરી છે.

ધતુરો, ભાંગ અને વિષપાન....

મસ્તી માટે પીસેલી ભાંગ મંગાવડાવી.

ભાંગ (નશાકારક પદાર્થ), ધતૂરો (નશાકારક વિષ) અને તેમાં પણ ઉપરથી વિષ મિશ્રિત ભાંગનું પાન કર્યું, ત્યારે માદકતા છવાઈ; મસ્તીમાં ઝુમવા લાગ્યા શશાંક શેખર-

પાર્વતીજીએ પણ સાથે આવવાની ઇચ્છા ધરાવી.

શિવ- ''ભલે! ભલે! આવો, તમે પણ મારી સાથે નંદી પર સવાર થઈ જાવ.''

(શિવગણો પણ આવવા માટે આતુર હતા, સાહસ કરીને બોલ્યા)

શિવ સદસ્ય- ''મહારાજ! અમે...?''

શિવ- ''હા, હા. તમે પણ આવો, આનંદ કરો. વ્રજેશના ગિરિરાજોત્સવમાં.''

હવે તો કંબંધ, વિકૃતાનન, કુંડ, કુંડક, પિષ્ટમ્ભ, કાકપાદોદર, ચતુર્વક્ત્ર, ષણ્મુખ, ભૃંગી-રિટિ, ચૈત્ર, મધુપંગિ, કેકરાક્ષ, વિકૃત, દુંદુભ અને પર્વતર્ક....

ચોપાઈ-

કોઉ મુખ હીન વિપુલ મુખ કાહૂ । બિનુ પદ કર કોઉ બહુ પદ બાહૂ ।।
બિપુલ નયન કોઉ નયન બિહીના । રિષ્ટપુષ્ટ કોઉ અતિ તનખીના ।।

(રા.બા.કા.૯૩)

કોઈ વક્રમુખી છે, કોઈ અત્યંત કુરૂપ, કોઈ અતિ વિકરાળ છે, તો કોઈનું આખું મુખ જ દાઢી-મૂછથી ભરેલું છે, કોઈનું મુખ પેટમાં છે, તો કોઈને મુખ જ નથી, એકનું મુખ પીઠ તરફ છે, એક મસ્તકહીન છે, એક નેત્રહીન છે, એકના આખા શરીર પર નેત્રો જ છે, એકને કાન નથી, તો એકના અસંખ્ય કાન છે, કોઈના હાથ ઉંધા લટકી રહ્યા છે.

સંપૂર્ણ શિવ સમુદાય આશુતોષ સાથે જવાની આજ્ઞા મળતાં જ ખુશીથી ઉછળી પડ્યો. કોઈ શિંગુ વગાડવા લાગ્યું, કોઈ ગોમુખ, કોઈ ડમરૂ. કોઈ પોતાના વાહન પર ઉલ્ટું બેસી ગયું, ખબર નહીં ક્યાંથી ગિરિરાજ લીલા શરૂ થઈ જાય...! જો પાછળથી થઈ તો કમસે કમ બધાને કહી તો શકું. ભગવાન શિવ-પાર્વતી શિવગણોથી ઘેરાઈ અહીં 'શ્રી રૂદ્રકુંડ' સ્થળ પર આવીને બેસી ગયા-

''આ સારું સ્થાન છે, અહીંથી દર્શન સ્પષ્ટ થશે.

તેથી અહીંથી ગિરિરાજ લીલાના દર્શનનો આનંદ લઈશું.''... શશિધર બોલ્યા. અહીંથી જ્યારે શંભુએ ગિરિધરની ગિરિરાજલીલાના દર્શન કર્યા, તો એકદમ ધ્યાનમગ્ન થઈ ગયા, નેત્રોમાંથી અવિરત અશ્રુધારા વહેવા લાગી, તેથી આ સ્થાનને 'રૂદન કુંડ' પણ કહે છે.

પાસે જ લીલા સ્થળીઓ છે- કૃષ્ણની કંદુક ક્રીડાનું ચોગાન, શ્રીજીની બેઠક, જાન-અજાન વૃક્ષ, પૂજની શિલા વગેરે.

દ્વિતીય લીલા

મહારાસમાં જ્યારે શ્રીજીએ રાસેશ્વરને કહ્યું-

ततो गत्वा वनोद्देशं दृप्ता केशवमब्रवीत् ।
न पारयेऽहं चलितुं नय मां यत्र ते मनः ।।

(ભા.૧૦/૩૦/૩૮)

શ્રીકૃષ્ણએ પ્રિયાજીને કહ્યું, આપ મારા ખભા પર બેસી જાવ-

એવમુક્તઃ પ્રિયામાહ સ્કન્ધ આરુહ્યતામિતિ ।
ततश्चान्तर्दधे कृष्णः सा वधूरन्वतप्यत ।।

(ભા.૧૦/૩૦/૩૯)

તેમના અંતર્ધ્યાન થતાં અહીં પ્રિયાજી માટે વધૂ કહેવામાં આવ્યા છે, ત્રણવાર વધૂ શબ્દનો પ્રયોગ થયો છે.

तैस्तैः पदैस्तत्पदवीमन्विच्छन्त्योऽग्रतोऽबलाः ।
वध्वाः पदैः सुपृक्तानि विलोक्यार्ताः समब्रुवन् ।।

(ભા.૧૦/૩૦/૨૬)

ईमान्यधिकमग्नान पदानि वहतो वधूम् ।
गोप्यः पश्यत कृष्णस्य भाराक्रान्तस्य कामिनः ।।

(ભા.૧૦/૩૦/૩૨)

एवमुक्तः प्रियामाह स्कन्ध आरुह्यतामिति ।
ततश्चान्तर्दधे कृष्णः सा वधूरन्वतप्यत ।।

(ભા.૧૦/૩૦/૩૨)

કારણકે તેઓ અત્યંત પ્રિય હતાં જેમની પાછળ સમસ્ત ગોપીવૃંદોને શ્રીકૃષ્ણએ છોડી દીધાં હતાં તેમના અંતર્ધ્યાન થતાં જ વધૂ રૂદન કરવા લાગી-

हा नाथ रमण प्रेष्ठ क्वासि क्वासि महाभुज ।
दास्यास्ते कृपणाया मे सखे दर्शय सन्निधिम् ।।

(ભા.૧૦/૩૦/૪૦)

શ્રીજીએ અહીં કૃષ્ણ વિરહમાં રૂદન કર્યું તેથી પણ આનું નામ રૂદ્ર કુંડ પડી ગયું, આ સ્થળ એ જ છે.

શ્રી ગિરિરાજ લીલા

नमामि गोवर्द्धनपादपल्लवं, स्मरामि गोवर्द्धनरूपमुज्ज्वलम् ।
वदामि गोवर्द्धन नाथ मंगलं गोवर्द्धनात्किंचिदहं न जाने ।।

(કેશવાચાર્ય કૃત ગોવર્ધન શતક)

छांडि देहु सुरपति की पूजा ।
कान्ह कह्यो गिरि गोवर्धन ते और देव नहिं दूजा ।।
गोपनि सत्य मानि यह लीनी बडे देव गिरि राजा ।
मोहिं छांडि पर्वत पूजत हैं गर्व कियो सुर राजा ।।
पर्वत सहित धोई ब्रज डारौं देउं समुद्र बहाई ।
मेरी बलि औरहि लै पर्वत ईनकी करौं सजाई ।।

રાખૌં નહીં ઈન્હૈં ભૂતલ મેં ગોકુલ દેઉં બુડાઈ ।
'સૂરદાસ' પ્રભુ જાકે રક્ષક સઁગહિ રહાઈ ।।

(સૂરસાગર)

ઇન્દ્રનો ગર્વ ગાળી કનૈયાએ ઇન્દ્રયાગથી તો સૌનું મન દૂર કરી જ દીધું હતું, હવે તો ચારે તરફ જય ગિરિરાજ, જય ગિરિરાજ જ થઈ રહ્યું છે-

બ્રજ ઘર ઘર અતિ હોત કોલાહલ ।
ગ્વાલ ફિરત ઉમઁગે જહઁ તહઁ સબ અતિ આનંદ ભરે જુ ઉમાહલ ।।
મિલત પરસ્પર અંકમ દૈ દૈ શકટનિ ભોજન સાજત ।
દધિ લવની મધુ માટ ધરત લૈ રામ શ્યામ સંગ રાજત ।।
મંદિર તે લૈ ધરત અજિર પર ષટરસ કી જિવનાર ।
ડાલન ભરિ અરુ કલશ નએ ભરિ જોરતહૈં પરકાર ।।
સહસ શકટ મિષ્ટાન્ન અન્ન બહુ નંદમહર ઘરહી કો ।
'સૂર' ચલે સબ લૈ ઘર ઘર તે સંગ સુવન નંદજી કો ।।

ઘરે-ઘરેથી ગાડાં ભરી-ભરીને મણ-મણ સામગ્રીઓ લઈને ગોપ-ગોપીઓ સજી-ધજીને સંગીત છેડતાં નિકળી રહ્યાં છે.

ભાગવતકાર કહે છે- વ્રજની ઉપાસના રસમયી ઉપાસના છે-

સ્વલઙ્કૃતા ભુક્તવન્તઃ સ્વનુલિપ્તાઃ સુવાસસઃ ।
પ્રદક્ષિણં ચ કુરુત ગોવિપ્રાનલપર્વતાન્ ।।

(ભા.૧૦/૨૪/૨૯)

શ્રીકૃષ્ણ કહે છે- ''હે વ્રજવાસીઓ! વિવિધ આભૂષણો ધારણ કરી, ચંદનાદિ લેપ કરી, ઇત્રાદિથી સુવાસિત થઈ સુંદર વસ્ત્રોથી મંડિત થઈ શ્રી ગિરરાજજીની રસમયી પરિક્રમા કરો.''

૨૦ યોજન સુધી કતાર ખંડિત થયેલી નથી દેખાતી-

બહુત જુરે બ્રજવાસી લોગ ।
સુરપતિ પૂજા મેટિ ગોવર્ધન કીનો યહ સંયોગ ।।
યોજન બીસ એક અરુ અગરો ડેરા ઈહિ અનુમાન ।
બ્રજવાસી નર નારિ અંત નહિં માનો સિંધુ સમાન ।।
ઈક આવત બ્રજતે ઈતહિ કો ઈક ઈતતે બ્રજ જાત ।
નંદ લિએ તબ ગ્વાલ 'સૂર' પ્રભુ આઈ ગએ તહાં પ્રાપ્ત ।।

(સૂરસાગર)

નાના બાળકો વૃક્ષની ડાળીઓ ખભે રાખીને ચાલી રહ્યા છે. આગળ-આગળ પુરોહિત મહર્ષિ શાંડિલ્ય પોતાના શિષ્યો સાથે સ્વસ્તિપાઠ કરતાં ચાલી રહ્યા છે,

ત્યારબાદ વંશના મોટેરાં-ઘરડાંઓ એક હાથમાં નવી-નવી છડી લઈ, બીજા હાથથી મૂછો પર તાવ દેતાં, ક્યારેક આગળ જોતાં, ક્યારેક પાછળ એવી રીતે જોતાં ચાલી રહ્યાં છે જાણે આજના 'ગોવર્ધન-યાગ'ના સૌ કર્તા-ધર્તા તેઓ જ હોય. ક્યારેક તેઓ નાના બાળકોને આગળ જતાં રોકે છે. ક્યારેક તેમને ઠપકો આપે છે, તોપણ ઉતાવળા બાળકો તો આગળ જવાનો પ્રયાસ કરે છે ત્યારે ઘરડાંઓ તેમના પર ખિજવાઈ તેમને ફરી પાછળ કરી દે છે, ત્યારે બાળકો ગોપીઓના હાથમાં વાનગીઓથી ભરપૂર રસથાળો તરફ જુએ છે, પછી એકવાર પોતાના પેટ તરફ જોઈ, તેના પર હાથ ફેરવે છે; જાણે સાંત્વના આપી રહ્યા હોય.

(મનમાં જ, સ્વગત)

ન જાણે ગોવર્ધન ક્યારે આવશે...!

ક્યારે ભોગ ચડાવશે.....!

ક્યારે આ પ્રસાદ વહેંચાશે.....!

અને ક્યારે.... તે મારી જીભ પર મૂકતાં જ, પેટમાં ઉતરી જશે...!!

બાળકોની પોતાની ચિંતા;

ગોપ-ગોપીઓના પોતાના મનોરથ....

જલ્દી જ મહર્ષિ શાંડિલ્યએ ગોવર્ધનમાં પ્રવેશ કર્યો, સમસ્ત વ્રજવાસી સમુદાય સહિત.

પહેલાં તો

સમુત્થિતોઽસૌ હરિવક્ષસો ગિરિર્ગોવર્ધનો નામ ગિરીન્દ્રરાજરાટ્ ।
સમાગતો હ્યત્ર પુલસ્ત્યતેજસા યદ્દર્શનાચ્ચન્મ પુનર્ન વિદ્યતે ।।

(ગ.સં.ગિ.ખં.૧/૧૧)

વ્રજવાસીઓએ આનંદપૂર્વક ગિરિ-ગોવર્ધનના દર્શન કર્યા, જેના દર્શનથી આ ભવસાગરમાં ક્યારેય પુનરાગમન નથી થતું. ત્યારબાદ ગાયો તેમજ વિપ્રોનું પૂજન કરવામાં આવ્યું. જ્યેષ્ઠ ગોપની આજ્ઞા મળતાં જ બાળકોએ ગાડાંઓમાંથી અન્નકૂટ ઉતારી ગિરિની ચારે તરફ ગોળાકારમાં સજ્જિત કરી દીધું. બીજી તરફ નાની-નાની ગોપ-બાલિકાઓએ મહર્ષિ સમક્ષ પંચગવ્ય, ધૂપ-દીપ, કંકુ-ચોખા, ફૂલો અને ફુલમાળાઓ, ફળ, દુર્વાદલ.... વગેરે પૂજા સામગ્રીઓ રચી દીધી.

બાળકોને હંમેશા આવાં કામો કરવા માટે ઉત્સુક રહેતાં હોય છે.

પુરોહિત મહર્ષિ શાંડિલ્યના સંરક્ષણમાં બૃહદ્ પૂજા વિધિવત સંપન્ન થઈ.

ગોપન કો સાગર ગિરિ ભયો મંદરચાલ ।
રત્ન ભઈ સબ ગોપિકા શ્યામ બિલોવનહાર ।।
બ્રજ ચૌરાસી કોશ પરે ગોપન કે ડેરા ।
લાવૈં ચૌવન કોશ આજુ બ્રજવાસિન ઘેરા ।।

૫૪ કોસ વ્રજભૂમિમાં વ્રજવાસીઓએ તંબુ તાણ્યા. નંદબાબાએ, પોતાના બંને છેલછબીલાં લાલ કાના-બલરામને માથું ઝુકાવીને પ્રણામ કરાવ્યા, અને ગિરિરાજજીને પ્રાર્થના કરી- ''મહારાજ! આમના પર આપની કૃપા જાળવી રાખશો.... મારી ભૂલ થઈ કે આપની પૂજા છોડીને, હું અન્યત્ર ભટકતો રહ્યો.''

ભોળા વ્રજવાસીઓની ભોળી ભક્તિથી પ્રસન્ન થઈ શ્રી ગિરિરાજજી તેમની સમક્ષ પ્રકટ થઈ ગયા અને બુભુક્ષુ બનીને વ્રજવાસીઓ દ્વારા ધરાવેલ હજારો મણ અન્નકૂટ થોડી જ ક્ષણોમાં આરોગી ગયાં.

મહારાજ વૃષભાનુની દહીં વલોવનારી બદરૌલા

ગિરિવર શ્યામ કી અનુહારિ ।
કરત ભોજન અતિ અધિકાઈ ભુજા સહસ પસારિ ।।
નંદ કો કર ગહે ઠાઢે યહૈ ગિરિ કો રુપ ।
સખી લલિતા રાધિકા સોં કહતિ દેખિ સ્વરુપ ।।
યહૈ કુંડલ યહૈ માલા યહૈ પીત પિછૌરિ ।
શિખર શોભા શ્યામ કી છબિ શ્યામ છબિ ગિરિ જોરિ ।।
નારિ બદરૌલા રહી વૃષભાનુ ઘર રખવારિ ।
તહાં તે ઉહિ ભોગ અર્પેઉ લિયો ભુજા પસારિ ।।
રાધિકા છબિ દેખિ ભૂલિ શ્યામ નિરખી તાહિ ।
'સૂર' પ્રભુવશ ભઈ પ્યારી કોર લોચન ચાહિ ।।

વૃષભાનુજીને ત્યાં દહીં વલોવનારી બદરૌલા એવી અનન્ય નિષ્ઠ હતી કે સમસ્ત વ્રજવાસીગણો ઇન્દ્રની વર્ષાથી બચવા માટે શ્રી ગિરિરાજ ચાલ્યા ગયા હતા પરંતુ તે બરસાના છોડીને ન ગઈ. વ્રજવાસીઓએ જ્યારે શ્રી ગિરિરાજજીને ભોગ ધરાવ્યો તો બદરૌલાએ પણ બરસાનામાં ભોગ ધરાવ્યો, તેની નિષ્ઠાથી પ્રસન્ન થઈ ગિરિરાજજીએ સાત કોસ દૂરથી જ હાથ લંબાવીને તેનો ભોગ આરોગી લીધો. આજે પણ આ બદરૌલા ટેકરી ઊંચા ગ્રામમાં દર્શનીય છે.

પૂજા સમાપ્ત થતાં જ વ્રજવાસીગણો પ્રસાદ લઈ નૃત્ય-ગાન કરતાં, વચ્ચે-વચ્ચે જયઘોષ કરતાં ગિરિરાજજીની પ્રદક્ષિણા કરવા લાગ્યા.

શ્રી ગિરિરાજ મહારાજ કી- ડ ડ ડ ડ ડ જય !

સાત કોસ વારે કી- ડ ડ ડ ડ ડ જય !!

ગિરિરાજ-મહોત્સવમાં સૌએ અપૂર્વ આનંદનો અનુભવ કર્યો.

દેવર્ષિએ સ્વર્ગમાં જઈ દેવરાજ ઈન્દ્રને, ગિરિ-પૂજારંભ અને ઇન્દ્ર-પૂજા બંધના અસહ્ય સમાચાર આપ્યા. ભા. ૧૦/૨૫/૬ ક્રોધમાં અંધ બનેલા ઇન્દ્રએ તરત જ પ્રલયંકારી મેઘમાળાઓને બંધનમુક્ત કરી કઠોર આદેશ કર્યો- ''આખા વ્રજને ગો-ધન સહિત નષ્ટ કરી દો.''

બેગિ જાહુ જહઁ નન્દ કૌ ગોકુલ ।
દૂરિ કરૌ તહઁ તેં સબકૌ કુલ ।।

(નંદદાસજી)

ઇન્દ્રએ ગોધન નષ્ટ કરવાની આજ્ઞા આપીને પોતાની મદાંધતાનો પરિચય આપ્યો. તેથી ભગવાને ઇન્દ્રને કહ્યું-

મામૈશ્વર્યશ્રીમદાન્ધો દંડ પાણિં ન પશ્યતિ ।
તં ભ્રંશયામિ સમ્પદ્ભ્યો યસ્ય ચેચ્છામ્યનુગ્રહમ્ ।।

(ભા.૧૦/૨૭/૧૬)

દેવતાઓ માટે આવી મદાંધતા ઠીક નથી-

ગમ્યતાં શક્ર ભદ્રં વઃ ક્રિયતાં મેઽનુશાસનમ્ ।
સ્થીયતાં સ્વાધિકારેષુ યુક્તૈર્વઃ સ્તમ્ભવર્જિતૈઃ ।।

(ભા.૧૦/૨૭/૧૭)

ઇન્દ્રપૂજા બંધ કરાવી કૃષ્ણએ અને તેથી ઇન્દ્રએ ક્રોધ કર્યો ગોવંશ પર, કારણકે ક્રોધ અંધ બનાવી દે છે.

આ બાજુ, ગિરિરાજ મહોત્સવની ચર્ચા હજી પણ વ્રજમાં ચારે તરફ થઈ રહી હતી! કૃષ્ણાશ્રિત વ્રજવાસીઓ જે રીતે સંપૂર્ણ પૂજા સંપન્ન થઈ તેનાં વખાણ કરી રહ્યા હતા. દિવસના ત્રીજા પહોરમાં, પ્રલયંકારી વાદળોએ આખા વ્રજને ઢાંકી દીધું-

સુનત મેઘવર્તક સાજિ સૈન લૈ આએ ।
જલવર્ત વરિવર્ત પવનવર્ત બ્રજવર્ત આગિવર્તક જલદ સંગ લ્યાએ ।।
ઘહરાત તરતરાત ગરરાત હહરાત ઝહરાત પરરાત માથ નાએ ।
કૌન એસો કાજ બોલે હમ સુરરાજ પ્રલય કે સાજ હમકો બુલાએ ।।
બરષદિન સંયોગ દેત મોકો ભોગ ક્ષુદ્ર મતિ બ્રજ લોગ ગર્વ કીનો ।
મોહિં ગએ બિસરાઈ પૂજ્યો ગિરિવર જાઈ બ્રજ પર ધાઈ આયસુ યે દીનો ।।
કિતક બ્રજ કે લોગ રિસ કરત કિહિં યોગ ગિરિ લિયો ભોગ ફલ તુરત પૈહૈં ।
'સૂર' સુરપતિ સુન્યો બયો જૈસો લુન્યો પ્રભુ કહા ગુન્યો ગિરિસહિત બૈહૈં ।।

વિદ્યોતમાના વિદ્યુદ્ભિઃ સ્તનન્તઃ સ્તનયિત્નુભિઃ ।
તીવ્રૈર્મરુદ્ગણૈર્નુન્ના વવૃષુર્જલશર્કરાઃ ।।
સ્થૂણાસ્થૂલા વર્ષધારા મુઞ્ચત્સ્વભ્રેષ્વભીક્ષ્ણશઃ ।
જલૌઘૈઃ પ્લાવ્યમાના ભૂર્નાદૃશ્યત નતોન્નતમ્ ।।
અત્યાસારાતિવાતેન પશવો જાતવેપનાઃ ।
ગોપા ગોપ્યશ્ચ શીતાર્તા ગોવિન્દં શરણં યયુઃ ।।

(ભા.૧૦/૨૫/૯,૧૦,૧૧)

વાદળાં પરસ્પર ટકરાતાં, ચમકતાં, ભયંકર ગડગડાટ કરતાં સાંબેલાધાર વરસવા લાગ્યાં–

કારી ઘટા ડરાવની આઈ । પાપિની સાઁપિનિ સી થરિ છાઈ ।।
બિજુરી લપકિ લપકિ યો આવૈ । માનૌ ઉરગન જીભ ચલાવૈ ।।
ફન ફુંકાર પવન અતિ તાતે । હરિ ન હોય તૌ સબ જરિ જાતે ।।
ગરજનિ તરજતિ અનુ અનુ ભાઁતિ । ફૂટૈં કાઁન અરુ ફાટૈ છાતી ।।
પરન લગી નાન્હીં બૂઁદ બારી । માટૈ થંભન હૂઁ તૈં ભારી ।।

ચારે તરફ બર્ફીલી હવાની થપાટો હાજાં ગગડાવી દેતી, સતત ઉલ્કા વર્ષા થઈ રહી હતી, કરાં પડી રહ્યા હતા. વ્રજની ભૂમિ તો દેખાતી જ બંધ થઈ ગઈ, ચારે બાજુ અસીમ સમુદ્ર સમાન જળના જ દર્શન થઈ રહ્યાં હતાં. કાંઈ મારગ સૂઝતો નહોતો–

ધિડ ધિડ ધાન ધિત કિટ ધિતિ ધાન ધાન
તત્તડાન તત્તડાન કરત પુકારે હૈં ।
કહૈ નવનીત ચોવ ચપલ ચમકન કી
અર ર ર ર ક્યા ક્યાં ગરજ હંકારે હૈં ।
ધૂઁ ધૂઁ કિટ ધૂઁ ધૂઁ કિટ ધમકત ઘામ
ધસકત પ્રાણ નિર-હીન કે બિચારે હૈં ।
ગ્રીષ્મ ગનીભ તાકો દખલ ઉડાય આજ
બાજત યે ઇંદ્ર મહીપ કે નગારે હૈં ।

ટાઢથી ઠૂંઠવાતા, કંપતા ગાત્રો સાથે સૌ ગોપ-ગ્વાળો પોતાના બાળકોને બાથમાં છુપાવી કરાંથી બચવા માથે કઢાઈ જેવી કઠોર વસ્તુઓ મૂકી ગાયો સહિત ''ગોવિન્દં શરણં યયુ:'' પોતાના એકમાત્ર સંરક્ષક ગોવિંદની શરણમાં આવ્યા. આજીજીભર્યા સ્વરે પ્રાર્થના કરી; રાખ લેહુ.....

અથવા

શરણ રાખિ.....

હે ગોપાલ!.... હે માધવ!..... હે મુકુન્દ! ..... હે મોહન! .....

''ભલે ગમે તેવી વિષમ, મરણાસન્ન સ્થિતિ કેમ ન આવી જાય, અમારા વ્રજનાથ તો આપ જ રહેશો. ઇન્દ્રનું શરણું અમારા માટે સદા અગ્રાહ્ય છે.''

પોતાના સ્વજનોનો આર્ત સ્વર સાંભળીને, ભક્તવત્સલને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી ગઈ,

તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્ ।
ગોપાયે સ્વાત્મયોગેન સોડયં મે વ્રત આહિતઃ ।।

(ભા.૧૦/૨૫/૧૮)

''આ આશ્રિતજનોનું રક્ષણ કરવાનું વ્રત, હું અવશ્ય પૂર્ણ કરીશ.

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम ।।

(વા.રા.યુદ્ધ કાં.૧૮/૩૩)

મારું વ્રત છેઃ જે એકવાર મારી શરણમાં આવીને કહી દે છેઃ 'હું તમારો જ છું'' તેને હું તમામ પ્રકારના ભયથી મુક્ત કરી અભય બનાવી દઉં છું.''

બાદર ઘુમડિ-ઉમડિ આએ બ્રજ પર
વર્ષત કારે ધૂમરે ઘટા અતિ હી જલ ।
ચપલા અતિ ચમચમાતિ બ્રજ જન સબ ડર
ડરાત ટેરત શિશુ પિતા માત બ્રજ ગજ બલ ।
ગર્જત ધ્વનિ પ્રલય કાલ ગોકુલ ભયો અન્ધકાર
ચકૃત ભએ ગ્વાલ બાલ ઘહરત નભ કરત ચહલ ।
પૂજા મેટિ ગોપાલ ઈંદ્ર કરત ઈહૈ હાલ
'સૂર શ્યામ' રાખહુ અબ ગિરિવર બલ ।।

નંદભવનથી નિકળીને વ્રજરાજકુમારે હાથથી ઈશારો કર્યો, ''જરૂરિયાતની બધી વસ્તુઓ ગાડાઓમાં ભરી ગો-ધન સહિત મારી પાછળ આવો.'' વ્રજવાસી સમુદાય શ્રી કૃષ્ણની પાછળ-પાછળ ચાલ્યો. કૃષ્ણ સહિત સૌ ગિરિરાજની તળેટીમાં આવી ગયા. ગિરિશિખરને સર્વવંદિત વિભુએ હાથ જોડી, નતમસ્તક થઈ પ્રણામ કર્યા.

એટલામાં બંને હાથ ઉપર ઉઠાવી, સૌ જન સમુદાયના મુખેથી એક પંક્તિ નિકળી-

गिरिराज धरण हम तेरी शरण !
हम तेरी शरण गिरिराज धरण !!

ગિરિરાજ પણ તો આપણા આ વ્રજરાજ જ છે.

ईत्युत्तवैकेन हस्तेन कृत्वा गोवर्धनाचलम् ।
दधार लीलया कृष्णश्छत्राकमिव बालकः ।।

(ભા.૧૦/૨૫/૧૯)

चलि आएे બ્રજરાજ કુઁવર બર ।
ઝટ દૈ ઉચકિ લિયૌ ગિરિ કર પર ।।
નહિંન કછુ શ્રમ સહજહિં એસૈં ।
સાપ બેસના કૌં સિસુ જૈસૈં ।।

તેથી ડાબા હાથની ટચલી આંગળીના નખની ટોચ પર, ત્રિભુવન રક્ષકે ગિરિ ગોવર્ધનને એવી રીતે ધારણ કર્યો, જાણે બાળક રમત-રમતમાં બિલાડીના ટોપને ઉખાડીને ઊંચકી લેતું હોય.

કાન્હ કુઁવર કે કર પલ્લવ પૈં માનોં ગોવર્ધન નૃત્ય કરૈં ।
જ્યોં જ્યોં તાન ઉઠત મુરલી કી ત્યોં-ત્યોં લાલન અધર ધરૈં ।
મેઘ મૃદંગી મૃદંગ બજાવત દામિની દમક માનૌ દીપ જરૈં ।
ગ્વાલ તાલ દૈ નીકે ગાવત ગાયન કે સુત સુર જુ ભરૈં ।
દેત અસીસ સકલ ગોપીજન બરખા કૌ જલ અમિત ઝરૈં ।
અતિ અદ્ભુત અવસર ગિરિધર કૌ 'નન્દદાસ' કે દુઃખ જુ હરૈં ।

સાથી ગ્વાલ-બાળોએ ફટાફટ પર્વત ફરતે મોટા-મોટા વાંસના ટેકાઓ ઉભા કરી દીધા.

ડાબા હાથે ગિરિ શા માટે ઉઠાવ્યો?

વામ કર હી તે પૂતના કે પ્રાણ સોખે
વામ કર હી તે તૃણાવર્ત મારયો હૈ ।
વામ કર હી તે કેશી કે દશન ઝારે
ભૂપદલ જીતવેં કૂઁ વામ કર બલ હૈ ।
દાહિને હાથ ગિરરાજ ક્યોં ન ધારયો નાથ
જાનત હૌં જી પરસવો ફલ હૈ ।
વામ અંગ શ્રી વૃષભાનુ નન્દિની જૂ કો ધામ
યાહી કે પ્રતાપ તે વામ કર બલ હૈ ।

સાત વર્ષની અલ્પાવસ્થામાં જ સુકુમાર શામળિયાએ સાત દિવસ- સાત રાત્રિ સુધી સતત વ્રજવાસીઓના પ્રાણોની રક્ષા કરવા માટે વિશાળ ગિરિને ધારણ કરી રાખ્યો-

જે વંશી કે ભાર સોં ઝુકે જાત સુકુઁવાર ।
તિન પ્રિય બ્રજજન કે લિએ કર પર ધરયો પહાર ।।

ભક્તવત્સલે જમણા હાથમાં મોરલી લઈ જ્યારે તેને હોઠે લગાડી મધુર તાન છેડી, તો સૌ વ્રજવાસીઓ ગિરિ નીચે નૃત્ય કરવા લાગ્યા. સાત દિવસ સુધી આ નૃત્ય-ગાન ઉત્સવ ચાલ્યો. વ્રજવાસીઓના નેત્ર અને પ્રાણ શ્રીકૃષ્ણમાં જ રત હતાં.

ગિરિવર ધાર લિયો અઁગુરી પૈ સાત બરસ કૌ રસિયા ।।
ઈન્દર ને જબ જુલમ ગુજારે ભેજે બાદર પરલય વારે
બરસે બ્રજ મેં મૂસર ધારે પાની પાની અમ્બર મેં બહ ઉમગી નંદિયા ।
બોલ્યો લાલા નન્દ મહર કૌ કછુ કામ ના નેક ડરન કૌ
ધારું ગિરિવર દુઃખ હરન કૌ ગિરિ કો લિયો ઉખાડ છત્ર તાન્યો બ્રજબસિયા ।
ગિરિવર નીચે સબ બ્રજવાસી ગાય ગોપ ગોપી સુખરાસી
સીંગ દિખાય કરૈ સબ હાઁસી નાચૈં ગાવૈં ઢોલ બજાવૈં બાજૈ બંસિયા ।
ઈન્દર હાર પરયો ચરનન મેં લૈ સુરભિ આયો શરનન મેં ગોવિન્દ નામ ભયો લોકન મેં દૈ
પરિકમ્મા પૂજૈં ગિરિવર સબ દુઃખ નસિયા ।।

(રસિયા રાસેશ્વરી)

ઈહ લીલા સબ કરત કન્હાઈ ।
ઉત જેંવત ગિરિ ગોવર્ધન સંગ ઈત રાધા સોં પ્રીતિ લગાઈ ।।
ઈતગોપન સોં કહત જિમાવહુ ઉત આપુહિ જેંવત મન લાઈ ।
આગે ધરે છવૌં રસ વ્યંજન બદરૌલા કો લિયો મઁગાઈ ।।
અમર બિમાન ચઢે સુખ દેખત જય ધ્વનિ કરિ સુમનનિ બરષાઈ ।
'સૂર શ્યામ' સબકે સુખદાતા ભક્તહેતુ અવતાર સદાઈ ।।

(સૂરસાગર)

ગુણાગ્રગણ્યા લીલા-ઉલ્લાસવર્ધના શ્રીરાધા રાણી તરફ નમેલો તેમનો મોરમુગટ, પવનની હળવી લહેરખીથી કૃષ્ણના વક્ષથી હટતી વનમાળા સીધી રાધારાણીના વક્ષનો સ્પર્શ કરીને શાંત થતી, મીનચક્ષુઓ રાધારૂપી સરોવરમાં પ્રવેશ કરવા ઉતાવળા હતાં, તેમના પીત વસ્ત્રો જાણે શ્રીજીના કંચનવર્ણનો ઉદ્‌ઘોષ કરી રહ્યા હતા, લલિત ત્રિભંગી-ગતિથી ઉભેલા મનમોહનના અરૂણ-ચરણો જ સૌ વ્રજવાસીઓના આશ્રયસ્થાન હતા.

પ્રાણોની તો આમેય કૃષ્ણાશ્રિતોને કોઈ ચિંતા ન હતી, તેથી નિશ્ચિંત થઈ ઉત્સવ ઉજવી રહ્યા હતા. આરાધ્યનું સાંનિધ્ય જ તેમનું સર્વસ્વ બની ચૂક્યું હતું. દિવસો વીત્યા, રાત્રિઓ વીતી પણ એ ભોળા જનોને ખબરેય ન પડી. એનો આભાસ તો ત્યારે થયો જ્યારે સાંવર્તક જેવા મેઘ જળશૂન્ય થઈને ઇંદ્ર સમક્ષ પ્રસ્તુત થયા.

ઇન્દ્ર- ''શું વ્રજ ભૂમિસાત થઈ ગયું?''

મ્લાન વદને મેઘ- ''કોઈ સદ્‌કર્મ આડે આવ્યું... કે અમે શ્રીકૃષ્ણના સહસ્ત્રાર (સુદર્શન)થી ભોંયભેગા ન થયા...!''

ઇન્દ્ર- ''સ્પષ્ટ બોલો, શું કહેવા માગો છો?''

નિરાશ મેઘ- ''અમે જળવિહીન થઈ ગયા, દેવેશ!''

આટલું કહી મેઘોએ ગરદન ઝુકાવી દીધી.

સાંભળીને ઇન્દ્ર ચોંકી ઉઠ્યો! અક્ષમ્ય અપરાધ, અથવા તો પશ્ચાતાપની અગ્નિ; તેને બાળી રહી હતી. એટલામાં, આ બાજુ લાડવાનો ભૂખ્યો મધુમંગલ પેટ પર હાથ ફેરવતાં બોલ્યો- ''કનૈયા! વરસાદ બંધ થઈ ગયો, ભૂખ પણ કકડીને લાગી છે, એટલે ઘરે જઈએ. હજી ઘરમાં ગિરિરાજોત્સવના માલપુડા બચ્યા છે, થોડા એને ઠેકાણે પાડીએ.'' સાંભળીને સૌ હસી પડ્યા.

બરસૈ પ્રલય કે પાની જાત ન કાહૂ પૈ બખાની
બ્રજ હૂ પૈ અતિ ભારી ટૂટત હૈ તરુ-તર ।
તા પર કે ખગ મૃગ ચાતક ચકોર મોર
બૂઁદ ન કાહૂ કે લાગી ભયૌ હૈ કૌતુક ભર ।।
પ્રભુ જૂ કી પ્રભુતાઈ ઈન્દ્ર હૂ કી જડતાઈ

મુનિ હઁસે હેરિ-હેરિ હરિ હઁસે હર-હર ।

(નંદદાસજી)

સુદર્શન ચક્ર ઉપરથી જળ શોષિત કરતું રહ્યું અને શેષજી નીચે કુંડળી મારીને બેસી ગયા, પછી તો એક ટીપુંય પાણી ક્યાં પડવાનું હતું વ્રજવાસીઓ પર....!

વરસાદ બંધ થતાં શ્રીકૃષ્ણ બોલ્યા- ''હવે સૌ ગોધન સહિત ગિરિથી બહાર આવી જાવ.''

ગ્વાલ-બાળો બોલ્યા- ''ના કનૈયા, તૂં નાનો છે, પહેલા તૂં નિકળ; ગિરિરાજની ચિંતા ન કર એ તો અમારી લાઠીઓ પર ટકી રહ્યા છે. જો અમે પહેલા નિકળી જઈશું તો તું એમાં જ દબાઈને મરી જઈશ.''

કૃષ્ણ બોલ્યા- ''ઠીક છે ભાઈ, જેવી તમારી આજ્ઞા.''

પછી જેવો થોડો હાથ હલાવ્યો, જરા અમથા ભારથી સૌ ગબડી પડ્યા.

સૌને એમ જ હતું કે ગિરિરાજ અમારા જ વાંસના ટેકે ટકી રહ્યા છે.

પછી ઘુટણ પર હાથ મૂકતાં ઉઠ્યા અને બોલ્યા-''અરે ભાઈ, ભાગો, આ નંદનો લાલો ઘણો કરામાતી છે, ક્યાંક હાથ હટાવી લેશે, તો આપણાં હાડકાંય શોધ્યા નહીં જડે.''

સૌ ગોધન સહિત બહાર આવી ગયા.

શ્રીકૃષ્ણએ પણ શ્રી ગિરિરાજને પૂર્વવત્ વ્રજધરા પર સ્થિત કર્યા અને એક મોટા પથ્થર પર બેસી ગયા. તેમને એકલા જોઈ, પોતાનું દેવરાજપણું ભુલાવી ઇન્દ્ર, ચતુર્દન્દ ઐરાવત તથા શ્રેષ્ઠ સુરભિ ગાયને લઈને ત્યાં પહોંચ્યા.

કાંઈ બોલવાની હિંમત તો આમેય ન હતી! કાંઈ પણ કહ્યા વિના પોતાનો મુગટ શ્રીકૃષ્ણના ચરણોમાં ધરી દીધો. ઇન્દ્રને અત્યંત ભયભીત થયેલો જોઈને કરૂણાસિંધુએ કૃપા કરતાં, એ અક્ષમ્ય અપરાધી તરફ સસ્મિત વદને જોયું અને ત્યારે જ હાથ જોડી, સવિનય દેવરાજે પોતાના અપરાધ માટે ક્ષમાયાચના કરી. ઉતાવળિયો ઐરાવત પોતાની સૂંઢમાં આકાશગંગાનું જળ લઈ ઉભો હતો, એટલામાં ચતુરા સુરભિએ અવસર મળતાં જ ઐરાવતની આગળ આવી, પ્રભુને પોતાના દૂધથી અભિષિક્ત કર્યા. ત્યારબાદ ઐરાવતે પણ આકાશગંગાના નિર્મળ જળથી પ્રભુને સ્નાન કરાવ્યું. દેવરાજ ઇન્દ્રએ પ્રભુને એક નવા નામથી સંબોધન કર્યું- ''ગોવિંદ''

''ગાः વિન્દતિ ઈતિ ગોવિન્દ''

વસ્તુતઃ ગાયોના સંરક્ષક જ ગોવિંદ છે. યોગ્ય જ સંબોધન કર્યું હતું દેવરાજ ઇંદ્રએ. કૃષ્ણ બોલ્યા- ''પુરંદર! હવે પોતાની હદમાં જ રહેશો, હદની બહાર નિકળવાનો દુષ્પ્રયાસ ન કરશો.''

''હરિ અનંત હરિ કથા અનન્તા''

તેથી જ તો **''મુહ્યન્તિ યત્સૂરય!, મુનીનાં ચ મતિભ્રમઃ''** જેવી ગ્રંથોક્તિઓ પ્રસિદ્ધ છે. આ અનંત કથાઓનો સાર પામવો કે તેની લીલાને સમજવી તે માત્ર કૃષ્ણ કૃપાથી જ સંભવ છે. જુદા-જુદા ગ્રંથોમાં, વિભિન્ન ગ્રંથકારોએ આ ગિરિરાજ લીલાનું ભાવોત્પાદક વિચિત્ર-ચિત્રણ કર્યું છે.

બ્રહ્મવૈવર્તાનુસાર

દીવાળીનો તહેવાર આવ્યો, દરેક વર્ષની જેમ વૃષભાનુપુર અને નંદગ્રામની વચ્ચોવચ નંદબાબાની આજ્ઞા મુજબ એક મોટો વાંસ રોપવામાં આવ્યો, જેને દર વર્ષે 'ઇન્દ્રધ્વજ'ની ઉપમા આપવામાં આવતી. સ્નાનાદિ નિત્ય કર્મોથી પરવારી, ધ્વજની સમક્ષ સ્વર્ણપીઠ પર બાબા નંદે સ્થાન ગ્રહણ કર્યું.

ધ્વજની ચારે તરફ ખીર-પુવા, લાડુ-મોહનથાળ, રસગુલ્લા-ગુલાબજાંબુ, ગુજિયા-ચમચમના પહાડો ઉભા કરવામાં આવ્યા. ૫૪ કોસ ભૂમિમાં તો વ્રજવાસીઓના તંબુ જ લાગેલા હતા.

જૈમિની, ગર્ગ, વેદવ્યાસ ઋષિઓનું આગમન થયું; બાબા નંદજીએ ઉભાં થઈ સૌનું ભૂમિ જળ, પુષ્પમાળથી સ્વાગત કર્યું. તે સમયે માથા પર એક તરફ ઝુકેલો મુગટ, કાનમાં રત્નજડિત કુંડળો, અંગે ચંદનનો લેપ લગાડેલા, પીતાંબર ધોતી પહેરેલા, ફેંટમાં મોરલી, હાથમાં વેણુ લઈ, ગ્વાલબાળોથી ઘેરાયેલા રાજકુમારોઃ રામ-શ્યામ આવી પહોંચ્યા. બધું જાણતા હોવા છતાં અજાણ્યા બનીને મધુર સ્વરે પૂછ્યું- ''બાબા! આજે આપણા ગામમાં ક્યો મેળો છે?''

(બ્ર.વૈ.કૃ.જ.ખ.૧૯)

નંદ- ''પુત્ર! આ મેળો નથી....''

કૃષ્ણ- ''તો પછી, આટલા બધાં લોકો ભેગાં કેમ થયા છે?''

નંદ- ''પુત્ર! આજે ઇન્દ્રયાગ છે.''

કૃષ્ણ- ''કેમ?''

નંદ- ''એમને પ્રસન્ન કરવા માટે. જુઓ કૃષ્ણ! ભગવાન ઇન્દ્ર વર્ષા ન કરે, તો આપણું બધું ગો-ધન નષ્ટ થઈ જાય.''

કૃષ્ણ- ''બાબા! તમને કોણે ભરમાવી દીધા.....?

શ્રી ભગવાનુવાચ
કર્મણા જાયતે જન્તુઃ કર્મણૈવ વિલીયતે ।
સુખં દુઃખં ભયં ક્ષેમં કર્મણૈવાભિપદ્યતે ।।

(ભા.૧૦/૨૪/૧૩)

મનુષ્યને તેના કર્મો અનુસાર જ ફળ મળતું હોય છે- તેમાં દેવતાઓનો હસ્તક્ષેપ ક્યાંથી?

ખરું જુઓ તો, કોઈ દેવ પૂજ્ય નથી, આપણાં શુભ કર્મો જ પૂજ્ય છે.

જહઁ પર ગિર ગોવરધન સોહે । ઈન્દ્ર બરાક યા આગે કો હૈ ।।

(નંદદાસજી)

તેથી આપ

તસ્માદ્ ગવાં બ્રાહ્મણાનામદ્રેશ્ચારભ્યતાં મખઃ ।
ય ઈન્દ્રયાગસમ્ભારાસ્તૈરયં સાધ્યતાં મખઃ ।।

(ભા.૧૦/૨૪/૨૫)

ગાય, બ્રાહ્મણ, ગિરિરાજ આ ત્રણેનું પૂજન કરો.''

(શ્રી.વૈ.કૃ.જ.ખં.૨૧)

''જેણે ભક્ત બ્રાહ્મણની સેવા કરી લીધી; તેણે સૌ દેવોનું પૂજન કરી લીધું. દેવાર્ચન ભલે ન કરો, હરિ ભક્ત વિપ્રનું અર્ચન કરી લો, તો આપોઆપ જ સૌ દેવતાઓની પૂજા થઈ ગઈ અને દેવપૂજનને મોટું માની ભક્ત પૂજનને નાનું માની લીધું, તો આવું દેવપૂજન નિષ્ફળ છે. ભક્ત વિપ્ર મળવા આ સંસારમાં સર્વાધિક દુર્લભ છે. ભક્ત ચરણથી ધરતી પાવન થઈ જાય છે. ભક્ત બ્રાહ્મણ જ સાચા શ્રેષ્ઠ તીર્થ છે અને બાબા! આપણા ગિરિરાજજી તો ભક્તોમાં પણ આર્યભક્ત છે.'' આજ સંમતિ, આ જ કથન, ગોપીઓનું પણ છે- (૧૦/૨૧/૧૮) ગો-ધનનું વર્ધન (વૃદ્ધિ) જ તેમના ગોવર્ધન નામ હોવાનો મુખ્ય હેતુ છે.

કૃષ્ણ- ''આખો દિવસ આપણી ગાયો તેમના પર ચરે છે

તીર્થસ્થાનેષુ યત્પુણ્યં યત્પુણ્યં વિપ્રભોજને ।
સર્વવ્રતોપવાસેષુ સર્વેષ્વેવ તપઃસુ ચ ।।
યત્પુણ્યં ચ મહાદાને યત્પુણ્યં હરિસેવને ।
ભુવઃ પર્યટને યત્તુ સત્યવાક્યેષુ યદ્ભવેત્ ।।
યત્પુણ્યં સર્વયજ્ઞેષુ દીક્ષાયાં ચ લભેન્નરઃ ।
તત્પુણ્યં લભતે પ્રાજ્ઞો ગોભ્યો દત્ત્વા તૃણાનિ ચ ।।

(શ્રી.વૈ.કૃ.જ.ખં.૨૧/૮૯,૯૦,૯૧)

કોઈ આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરે, ચારેય વેદનું અધ્યયન કરી લે, સમસ્ત તીર્થોમાં સ્નાન કરી લે, બ્રાહ્મણોને ભોજન કરાવે, મહાદાન કરે, સૌ યજ્ઞો કરે અને એટલે સુધી કે, ભગવાનની આરાધના કરી લે. આ બધાંનું સમષ્ટિ ફળ, માત્ર ગાયને ઘાસ આપવાથી પ્રાપ્ત થઈ જાય છે.'' કારણકે-

સર્વે દેવા ગવામઙ્ગે તીર્થાનિ તત્પદેષુ ચ ।
તદ્ખુરેષુ સ્વયં લક્ષ્મીસ્તિષ્ઠત્યેવ સદા પિતઃ ।।
ગોષ્પદાક્તમૃદા યો હિ તિલકં કુરુતે નરઃ ।
તીર્થસ્નાતો ભવેત્સદ્યો જયસ્તસ્ય પદે પદે ।।
ગાવસ્તિષ્ઠન્તિ યત્રૈવ તત્તીર્થં પરિકીર્તિતમ્ ।

પ્રાણાંસ્ત્યત્તવા નરસ્તત્ર સદ્યો મુક્તો ભવેદ્ધ્રુવમ્ ।।
બ્રાહ્મણાનાં ગવામઙ્ગં યો હન્તિ માનવાધમઃ ।
બ્રહ્મહત્યાસમં પાપં ભવેત્તસ્ય ન સંશયઃ ।।

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૨૧/૯૬,૯૪,૯૫,૯૬)

(શ્રીકૃષ્ણ, બાબા નંદને કહે છે)

કૃષ્ણ- ''બાબા! ગૌ અંગમાં સૌ દેવોનો નિવાસ, ગાયની ખરીમાં સૌ તીર્થોનો વાસ, ગૌગુહ્યઅંગ (ગોબર)માં સ્વયં શ્રી લક્ષ્મીજીનો નિત્ય વાસ છે. તેથી જ ગોરજનું તિલક કરવાથી તત્કાળ સૌ તીર્થોના સ્નાનનું ફળ પ્રાપ્ત થઈ જાય છે અને ગોરજ ધારણ કરનાર ડગલે ને પગલે વિજયી થાય છે. અને ગૌશાળામાં પ્રાણત્યાગથી તો નિઃશંક મુક્તિ પ્રાપ્ત થઈ જાય છે.

જે અનાર્ય પુરૂષ ગૌ, બ્રાહ્મણના શરીર પર ઘાત કરે છે, તેને નિશ્ચિત જ બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.

નંદ- ''પરંતુ બેટા! ઇન્દ્રની પૂજાથી આપણી આગામી આપદાઓનો નાશ થઈ જાય છે. ઇન્દ્રયાગ એ તો અહીરોની પારંપરિક પૂજા છે.''

કૃષ્ણ- ''બાબા! ઇન્દ્ર કઈ વસ્તુ છે? અરે! શ્રીહરિના એક પલક ઝપકાવતાં સુધીમાં ૧૦૮ બ્રહ્મા બદલાઈ જાય છે, તેમની સામે ઇંદ્ર તો તદ્દન સત્તાહીન છે. તેથી ગોપજાતિ માટે ગિરિપૂજન જ સર્વોત્કૃષ્ટ છે.''

શ્રીકૃષ્ણના આ ઓજસ્વી, પ્રભાવશાળી ભાષણને સાંભળીને સૌ વ્રજવાસીઓના મનમાં અદ્ભૂત ગૌ-વિપ્ર-ગિરિપૂજનની આસ્થા જાગી. હવે તો સૌ વિપ્રગણોને આગળ કરી સૌ વ્રજવાસીઓ કાના-બલરામની સાથે ગિરિ-ગોવર્ધન તરફ નૃત્ય-ગાન કરતાં ઉમંગ સહિત ચાલી નિકળ્યા.

મૈં તો ગોવર્દ્ધન કૂ જાઊં મેરી બીર નાંયે માનૈ.....

પહિલૈં ગોધન પૂજા કીનીં । તબ બલિ લૈ ગોબરધન દીનીં ।
પૂજા કરિ પાઁઈ પિર બિગસે । સૈલ રુપ ધરિ તબ હરિ નિકસે ।

(નંદદાસજી)

ષોડશોપચારપૂર્વક ગિરિપૂજન થયું.

ચારે તરફ અન્નનો કૂટ (પર્વત) દેખાઈ રહ્યો હતો. ત્યારથી જ ગિરિરાજ પૂજનના દિવસે આ અન્નકૂટની પરંપરા શરૂ થઈ. સાક્ષાત્ રૂપે ગિરિરાજજીએ ભોગ ધરાવ્યો અને

અહમ્ હિ પ્રથમો દેવ -

''હું જ પ્રથમ દેવ છું, આપ સૌનું કલ્યાણ કરીશ'' કહી વ્રજવાસીઓની આસ્થા-વિશ્વાસને ઓર મજબુત કરી દીધાં. ગિરિ પૂજનોપરાંત, ઇન્દ્રના ક્રોધની કથાનો ભાવ લગભગ દરેક ગ્રંથોમાં એકસમાન છે, પરંતુ એક મુખ્ય વિચારણીય બિંદુ છે-

સાત વર્ષની બાળવયમાં સાત દિવસ સુધી જ કેમ ગિરિ ગોવર્ધનને ધારણ કર્યો ગિરધરે? જળશોષક સહસ્ત્રારે સમર્થ હોવા છતાં એક જ દિવસમાં જળ કેમ ન પી લીધું?

સમાધાન (બ્રહ્મવૈવર્તે)-

બાબામાં સાત પ્રકારોનો અન્યાશ્રય હતો, એ અન્યાશ્રયની દુર્બળતા જ્યાં સુધી વિલીન ન થઈ ત્યાં સુધી વૃષ્ટિ થતી રહી. પાંચાલીએ જ્યાં સુધી પાંડવો તરફ આશાભરી દૃષ્ટિએ જોયું, ગોવિંદ ન આવ્યા; અંબરાવતાર ન થયો અને જ્યારે દાંતથી પકડેલી સાડી પણ ચિબુકની જેમ સરકી ગઈ, તો ચિત્ત કૃષ્ણાશ્રિત થઈ ગયું અને પ્રભુ આવી ગયા. ભગવાન સિવાય અન્ય કોઈની પણ તરફ આશાથી જોવું એ અન્યાશ્રય છે, પાપ છે.

નંદબાબાને પણ સાત પ્રકારના અન્યાશ્રયો હતાં, જેનું નિરસન કરવા માટે જ સાત દિવસ ગિરિ-ધારણ કરવાનું મુખ્ય કારણ હતું.

પ્રથમ તો દેવાશ્રય-

જ્યારે ઘનઘોર વૃષ્ટિ શરૂ થઈ, તો નંદબાબાએ વિચાર્યું, અબોધ બાળકની વાતોમાં આવીને મેં પણ આંખો બંધ કરીને ગિરિપૂજાની મૂર્ખતા કરી. હવે ઈન્દ્ર દેવતા કોપાયમાન થયા છે, તેમના મનાવવા માટે તેમના શરણે જવું જોઈએ.

પહેલા રોહિણી, યશોદાને બોલાવીને કહ્યું- ''જુઓ, તમે લોકો રામ-કૃષ્ણને લઈ વ્રજની બહાર ચાલ્યા જાઓ. અમે મરી પણ જઈશું, તો કોઈ વાંધો નહીં; પરંતુ રામ-કૃષ્ણને કંઈ ન થવું જોઈએ અને બીજા પણ જે ગોપ-ગોપીઓ અહીંથી ભાગી શકતાં હોય, ભાગી જાઓ કારણકે દેવરાજનો આ પ્રચંડ કોપ છે. જે બળવાન ગોપ મોતની સામે ઝીંક ઝીલી શકે, તે જ મારી સાથે રોકાય.''

આ રીતે નંદબાબાએ ભયાક્રાંત થઈને-

''ઈન્દ્રઃ સુરપતિઃ શક્રો દિતિજઃ પવનાગ્રજઃ''

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૨૧/૧૫૧)

ઈન્દ્રના ૪૬ નામોનો પાઠ કરતાં, રક્ષાની પ્રાર્થના કરવા લાગ્યા.

આ જોઈને કૃષ્ણ ગુસ્સે થઈ ગયા. ''હું સૌને અનન્યાશ્રિત બનાવી રહ્યો છું, જેથી સૌ એકમાત્ર મારી શરણમાં આવી જાય અને બાબાએ પોતાનો એ જ દેવી-દેવતાઓવાળો ધંધો શરૂ કરી દીધો.''

કૃષ્ણ- ''બાબા! આપ એ ક્રૂર શક્રની ઉપાસના કરી રહ્યા છો, જેણે એકવાર પૂજા ન થવાથી અતિવૃષ્ટિ દ્વારા વ્રજનો નાશ કરવાનો સંકલ્પ કરી લીધો?''

પ્રથમ દિવસ

આમ પ્રથમ દિવસે શ્રીકૃષ્ણએ દેવાશ્રયથી મુક્ત કર્યા નંદજીને.

દેવ-દેવી, ગ્રહ-નક્ષત્રનો આશ્રય અન્યાશ્રય છે.

દ્વિતીય દિવસ

નંદજી મોટા-મોટા ઋષિ-મુનિ વૃંદોનું સ્મરણ કરવા લાગ્યા. કનૈયો સાચું જ કહે છે, દેવો તો ઘણાં નૃશંસ છે. તેથી ઋષિ-મુનિઓ જ આપણી રક્ષા કરી શકશે. જ્યારે ઋષિ સ્મરણથી કોઈ કાર્ય સિદ્ધ ન થયું, તો બીજા દિવસે તેમનો એ આશ્રય પણ દૂર થયો.

તૃતીય દિવસ

કુળના મોટેરાંઓના આશીષથી કાર્ય સિદ્ધ થવાની કામના પણ જ્યારે નિષ્ફળ થઈ તો આ આશ્રયથી પણ મુક્ત થયા.

ચતુર્થ દિવસ

પોતાના નાનકડા કાના પર આખા ગિરિનો ભાર જોઈ, વ્રજવાસી ગોપ-ગ્વાળોને કહ્યું- ''અરે ભાઈ! તમે જણ જરા હાથ લગાવો, મદદ કરો.'' અન્ય માનવ-આશ્રય પણ ચોથા દિવસે જતો રહ્યો.

પંચમ દિવસ

પિતૃગણોને રક્ષા માટે પ્રાર્થના કરી રહ્યા હતા, ત્યાંથી પણ નિરાશા સાંપડી.

ષષ્ઠ દિવસ

લોક-નિંદાનો પ્રપંચઃ 'લોકો શું કહેશે? પોતાના દીકરાની વાતને આટલું મહત્વ આપીને બધાંના જીવ સંકટમાં મૂકી દીધા.'' આ આશ્રયથી પણ મુક્ત થયાં.

સપ્તમ દિવસ

પોતાના શરીરનો આશ્રય પણ છૂટી ગયો.

સાત પ્રકારે જીવ ભગવાનથી અલગ થઈ જાય છે. અન્યાશ્રય છૂટતાં નંદજીએ એકાશ્રય લીધો, ''કનૈયા! કોઈ કામ ન આવ્યું: સિવાય તારા. તેં સાત દિવસ ગિરિ ધારણ કર્યો, જેથી અમારા પર અતિવૃષ્ટિનું એક ટીપું ય ન આવ્યું.''

બીજી જ ક્ષણે પ્રલયંકારી મેઘો ઈંદ્રપુરી પાછા વળી ગયા.

બોલો શ્રી ઇન્દ્રદમન કી ડ ડ ડ ડ ડ જય ! !

બોલો ગોવર્ધનનાથ કી ડ ડ ડ ડ ડ જય ! !

બોલો ગિરિરાજ મહામહોત્સવ કી ડ ડ ડ ડ ડ જય ! !

આમ ગાયો, ગોપીઓ અને સમસ્ત વ્રજવાસીઓની રક્ષા કરનારા શ્રી ગિરિરાજજીની ઘણી અદ્‌ભુત લીલાઓ છે. ગોવર્ધનના દર્શનમાત્રથી સહજ, સર્વેશનો સાક્ષાત્કાર થઈ જાય છે.

આ જ ભાવથી ગોવર્ધનમાં પ્રવેશ કરવો જોઈએ. સ્વામી પરમાનંદજી કહે છે-

ડગર ચલ ગોવર્દ્ધન કી બાટ ।
ખેલત તહાઁ મિલેંગે મોહન જહાઁ ગોધન કે ઠાટ ।
ચલ રી સખી ! તોહિ લૈ જુ દિખાઉં સુન્દર બદન સરોજ ।
કમલ નયન કે એક રોમ પર વારોં કોટિ મનોજ ।
પાહુની એક અનૂપમ આઈ આન ગાઁવ કી ગ્વારિ ।
'પરમાનન્દ' સ્વામી કે ઉપર સરબસુ દીજૈ વારિ ।

વ્રજ-ગ્રામમાં એક નવી પરોણી (મહેમાન) આવી, તેને જોઈ એક સખીએ કહ્યું-

''બેન! ચાલ, આપણે બંને ગિરિરાજ જઈએ.''

પરોણી- ''ગિરિરાજજી..... કેમ?''

સખી- ''ગિરિરાજમાં ગોપાળ મળશે.''

પરોણી- ''ગોપાળ... ગોપાળ....''

(કંઈક વિચાર કરે છે)

''એ કેવો હશે? જેનું નામ જ આટલું મધુર છે!''

સખી- ''હવે ચાલ ને!''

પરોણી- ''એકવાર કહી દે.... એ ગોપાળ કેવો છે?''

સખી- ''તેનું શ્રી અંગ ધરતી પર, આકાશમાં અવિરલ રસનો સંચાર કરતું રહે છે. તેના યુગલ નયનો કમળ જેવાં છે... અને વધુ ન પૂછ! તેના એક-એક રોમ સામે કોટિ-કોટિ કામદેવોની પણ કાંઈ વિસાત નથી...!

આગળ જો, સંભાળીને ચાલ! ક્યાંક કઠોર ઠોકર તારા પગની પાનીઓને કષ્ટ ન પહોંચાડે.''

(ગિરિરાજમાં પ્રવેશ પામતાં જ: કૃષ્ણદર્શન)

સખી- ''જો! આ છે ગિરિરાજ: અને આ છે ગોપાળ....''

બંનેએ એ સૌંદર્ય-સારાતિસાર રસિક શેખરના સ્વરૂપને જોયું અને અપલક નિહારતી જ રહી ગઈ-

श्यामं हिरण्यपरिधिं वनमाल्यबर्हधातुप्रवालनटवेषमनुव्रतांसे ।
विन्यस्तहस्तमितरेण धुनानमब्जं कर्णोत्पलालककपोलमुखाब्जहासम् ।।

(ભા.૧૦/૨૩/૨૨)

કાળા-શામળિયા અંગ પર ચમકતું પિતાંબર, તેની લહેરાતી કોર, ગળામાં વનમાળ, માથે મોરમુગટ, શરીર પર રંગબેરંગી ચિત્રકારી, નવીન કળીઓના નાના-નાના ગુચ્છા આમ-તેમ ધારણ કરી નટ વેષ ધારણ કરી રાખ્યા છો. એક હાથ ગોપના ખભા પર, બીજા હાથથી કમળનું પુષ્પ ઘુમાવી રહ્યા છે, કાનોમાં પણ કમળ-કુંડળ ધારણ કર્યા છે. રતુંબડા ગાલ કાળા-ઘુઘરાળા વાળથી ઘેરાયેલા છે. મુખકમળ પર મધુર મંદ સ્મિત રેલાઈ રહ્યું છે. આ સૌંદર્યસિંધુમાં પરોણી એવી ડૂબી કે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી બેઠી એ છલિયાને.

આ ગોવર્ધન લીલાનો સાક્ષાત્કાર મેળવ્યો, પરમાનંદ સ્વામીએ અને તેનું વર્ણન કરતાં ન રોકી શક્યા પોતાને.

સૂરજ કુંડ

જતીપુરાની પૂર્વોત્તર દિશામાં સૂરજ કુંડ છે. ઇંદ્ર દ્વારા વર્ષા કરવામાં આવતાં જ્યારે સૂર્યદર્શન નહોતું થઈ રહ્યું ત્યારે સૂર્યદેવે પોતાના તેજથી વર્ષાનું જળ શોષી લીધું હતું અને ત્યારે સૂર્યદર્શન થયા હતા.

સખીથરા

માનસી ગંગાની ડાબી તરફ સખીથરા ગામ છે. આ ગામ ચંદ્રાવલી સખીનું છે. અહીંના સખી કુંડ અને સખી વન બંને ઘણાં મનોરમ્ય છે. તેની પાસે જ ચૂતરટેકા સ્થાન છે, જ્યાં બેસવાનું વિશેષ મહત્વ છે. શ્રીમન્ મહાપ્રભુજીએ શ્રી નિવાસાદિ પાર્ષદોને આ સ્થાન વિશે અવગત કરાવ્યા.

અહે શ્રીનિવાસ ! એઈ સખી સ્થલી ગ્રામ ।
ચન્દ્રાવલી સ્થિતિ એથે સખી ધરા નામ ।।

બ્રજ ભક્તિ વિલાસાનુસાર

તતો સખા વન (સખીતરા) પ્રાર્થના મંત્ર (બ્રહ્મયામલે) :-

ગોપાલસખિભિરભ્યૈઃ ચેષ્ટિત કૃષ્ણશોભિને ।
નાનાક્રીડામનોજ્ઞાય સખાવન નમોડસ્તુ તે ।।

ગોપાલના સખાઓથી રમણીક, તેમની ચેષ્ટાઓથી યુક્ત, કૃષ્ણની શોભા ધરાવતા, વિવિધ પ્રકારની ક્રીડાઓથી મનોહર વન! તમને નમસ્કાર છે.

શ્રીકૃષ્ણના ૧૮ સખાઓના નામ-

તતો અષ્ટાદશસખિનામનિ મંત્ર (વિષ્ણુયામલે) :-

મધુમંગલઃ શ્રીકૃષ્ણઃ સુબલઃ પદ્મમોદકઃ ।
બલરામઃ સુભદ્રશ્ચ વલ્લભો કમલાકરઃ ।।
મેઘશ્યામઃ કલાકાન્તઃ પદ્માક્ષકૃષ્ણવલ્લભઃ ।
મનોરમો જગદ્રામઃ શુભગો લોકપાલકઃ ।।
કાદર્ચ્યો વિશ્વભોગી ચ નવનીતપ્રિયવલ્લભઃ ।
ઈત્યષ્ટાદશસંખ્યાનાં સખાનાં નામલાંચ્છિતં ।।

તતો લીલાવતીકુંડ સ્નાન પ્રાર્થના મંત્ર :-

કૃષ્ણલીલાસમુત્પન્ન લીલાવતીકૃતાય તે ।
નમસ્તે તીર્થરાજાય સખીહેલોદ્ભવાય ચ ।।

કૃષ્ણની લીલાઓથી ઉત્પન્ન લીલાવતી દ્વારા નિર્મિત સખીઓના હેલાથી ઉત્પન્ન તીર્થરાજ! આપને નમસ્કાર છે.

શ્રી કુસુમ સરોવર

કુસુમનો અર્થ થાય છે- ફુલ. કુસુમ સરોવરનું બીજું નામ પુષ્પવન પણ મળે છે. દિવ્ય રત્નભારણોનો સાજ તજીને અહીં પ્રિયતમજીએ પ્રિયાજીને પુષ્પોથી સજ્જિત કર્યા.

આમ તો શ્રીકૃષ્ણ સતત રાધિકાની ઉપાસના કરતાં જ રહે છે. અડધી ક્ષણ માટે પણ સેવાથી દૂર નથી થતા. એટલું જ નહીં એકાકારથી તૃપ્તિ ન થાય તો એક જ મુહૂર્તમાં અનેક રૂપ ધારણ કરીને સેવા કરે છે-

જહાઁ-જહાઁ ચરણ પરત પ્યારી જૂ તેરે ।
તહાઁ-તહાઁ મન મેરૌ કરત ફિરત પરછાઁહી ।

(કેલિમાલ)

એકાન્તિક સાધના

રાસ પંચાધ્યાયીમાં વર્ણન આવે છે-

હજી હમણાં તો શ્રીકૃષ્ણ કોટિ-કોટિ કિશોરીઓની વચ્ચે બેસીને કોઈના કેશોમાં મલ્લિકા-માળા ગૂંથી રહ્યા હતા, કોઈના પગમાં ઝાંઝર પહેરાવી રહ્યા હતા, કોઈના પગની આંગળીઓમાં વિંછીયા પહેરાવી રહ્યા હતા, કોઈને વસ્ત્રો ધારણ કરાવી રહ્યા હતા. 'કૃષ્ણ' દ્વારા સેવિત, એ કિશોરીઓમાં સૌભાગ્યને લઈ થોડું ઘમંડ આપોઆપ આવી ગયું, આ જોઈ મધુસૂદન એકાંત રાધારાધન કરવા ચાલ્યા આવ્યા. પહેલાં તો શર્મિલી રાધા સાથે તેમણે વિનોદયુક્ત કેલિવિલાસ કર્યો.

ત્યારબાદ તેમની અલગ-અલગ રીતે સેવા પરિચર્યા કરી-

અત્રાવરોપિતા કાન્તા પુષ્પહેતોર્મહાત્મના ।
અત્ર પ્રસૂનાવચયઃ પ્રિયાર્થે પ્રેયસા કૃતઃ ।
પ્રપદાક્રમણે એતે પશ્યતાસકલે પદે ।।

(ભા.૧૦/૩૦/૩૩)

પ્રિયા-પ્રિયતમના પગલાં જોઈને જ ગોપીઓએ શ્રીકૃષ્ણની રાધારાધનાનું અનુમાન લગાવી લીધું-

૧. સખી- ''જો, અહીં સુધી તો આપણી સમૂહ સ્વામિનીને ખભા પર બેસાડી રાખી હતી, અહીંથી પ્રાણેશ્વરે તેને નીચે ઉતારી દીધી.''

૨. સખી- ''ક્યાંક એના કોમળ પગની પાનીઓમાં કઠોર કાંટો ન વાગી જાય... હાય!''

૩. સખી- ''ના, ના... આગળ તો જો. આ એમના પંજાના નિશાન છે. જરૂર પ્રાણેશ્વરી માટે તેણે અહીં ફુલો પસંદ કર્યા હશે.''

કેશપ્રસાધનં ત્વત્ર કામિન્યાઃ કામિના કૃતમ્ ।
તાનિ ચૂડયતા કાન્તામુપવિષ્ટમિહ ધ્રુવમ્ ।।

(ભા.૧૦/૩૦/૩૪)

સખી- ''શ્રૃંગાર રસના નાયકને જુઓ તો, અહીં કેવી રીતે વાળ ઓળ્યા છે.'' આ લીલાનો સાક્ષાત્કાર કરી ગાયન ગર્યું સ્વામી હરિદાસજી મહારાજે **''બેંની ગૂંથિ કહા કોઊં જાને''.**

નાયક કૃષ્ણ-''હે રાધે! આજ તમારી સઘન-સુકોમળ-વાંકડી-કાળી-અલકાવલીને સજાવવાનું સૌભાગ્ય મને પ્રદાન કરો. મારા જેવી વેણી ગૂંથતા કોઈને નથી આવડતું.''

મેરી સી તેરી સોં ।

નાયક કૃષ્ણ- ''તમારા સમ! આજે હું એવી વેણી ગૂંથીશ, જે તારી ચતુર સહેલીઓને પણ નહીં આવડતી હોય.''

નાયિકા રાધા- ''તમને વળી ક્યાંથી આવડે! આખો દિવસ તો ગાયો ચરાવો છો, વનમાં રખડો છો.''

નાયક કૃષ્ણ- ''એક મોકો આપીને તો જુઓ.''

(જેવી રીતે દુકાનદાર ગ્રાહકને કહેતો હોય છે કે એકવાર સેવાનો મોકો આપો, પછી જુઓ, આ જ કળા અહીં શ્રીકૃષ્ણ અપનાવી રહ્યા છે.)

બિચ-બિચ ફૂલ સેત પીત રાતે કો કરિ સકૈ એરી સૌં ।

(કેલિમાલ, ૭૦)

નીલાંબરીના કાળા કેશોમાં જેવા સફેદ ફુલ લગાવ્યા તો એવું લાગ્યું જાણે કાળા વાદળાંમાં તારામંડળની અચિંત્ય શોભા ઉભરી હોય.

સફેદ ફૂલની ઉપર વળી પીળું ફુલ. કેમ?

કારણ કે એ સ્વયં પણ પિંગલ-દુકૂલ ધારી છે.

જાણે પોતાના કાળા વર્ણ (કાળા વાળ) ને પીતામ્બર (પીળું ફૂલ) ધારણ કરાવી દીધું હોય.

બૈઠે રસિક સઁવારત બારન કોમલ કર ककहीं सौं ।

કાંસકીથી નહીં કોમળ હાથની આંગળીઓથી જ વાળ ઓળવા લાગ્યા અને અત્યંત સુંદર વેણી બનાવી દીધી, પછી શ્રૃંગાર કળામાં વધુ એક ચતુરાઈ બતાવી.

શ્રી હરિદાસ કે સ્વામી સ્યામા (નખ-સિખ લૌં બનાઈ) દૈ કાજર નખ હી સોં

ખંજન નયનોમાં નખાગ્રથી એવી અણીયાળી ધાર બનાવી કે જે સુરમાથી પણ ન બની શકે. આ લીલા અહીં જ કુસુમ સરોવર પર થઈ છે.

કુસુમ સરોવર વ્રજના મુખ્ય સરોવરોમાંથી છે. આ સ્થળ યુગલ સરકારની શ્રૃંગાર રસની લીલાનું છે.

ભાગવતજીના ઉત્તર મહાત્મ્ય (સ્કંદપુરાણ)માં કુસુમ સરોવરની અન્ય એક કથા પણ પ્રાપ્ત થાય છે-

ગોલોકાધિપતિના ધામગમનોપરાંત એક સમયે દ્વારિકામાં તેમની હજારો-હજારો મહીષિઓ વિરહ-વેદનાથી વ્યાકુળ હતી પરંતુ કાલિંદી દ્વારિકાનાથના ધામગમન બાદ પણ સદા આનંદસહિત રહેતી હતી.

એક દિવસ અન્ય મહીષિઓએ પૂછી જ લીધું-

''ભગિની કાલિંદી! શું કારણ છે? આ અસહ્ય વિયોગ તને અડી પણ નથી શકતો અને તું અમારી જેમ દુઃખી પણ નથી થતી.''

કાલિંદી- ''કારણકે મારી મનમાં એવો વિચાર જ નથી આવતો કે હું કૃષ્ણથી અલગ છું.

જુઓ-

આત્મારામસ્ય કૃષ્ણસ્ય ધ્રુવમાત્માસ્તિ રાધિકા ।
તસ્યા દાસ્યપ્રભાવેણ વિરહોઽસ્માન્ ન સંસ્પૃશેત્ ।।

(ભા.ઉ.મા.૨/૧૧)

મારા નાથ આત્મારામ છે, સમસ્ત જગતની આત્મા છે તેઓ; પરંતુ તેમની પણ આત્મા છે- શ્રી રાધારાણી.

તેમની સેવાના પ્રભાવથી હું સદા-સર્વદા વિરહમુક્ત રહું છું.

તસ્યા એવાંશવિસ્તારાઃ સર્વાઃ શ્રીકૃષ્ણનાયિકાઃ ।
નિત્યસમ્ભોગ એવાસ્તિ તસ્યાઃ સામ્મુખ્યયોગતઃ ।।

(ભા.ઉ.મા.૨/૧૨)

જુઓ, આપણે સૌ તો એ વૃષભાનુ નંદિનીની અંશભૂતા સેવિકાઓ છીએ. તેમના કૃપાપ્રસાદથી જ આપણે પ્રાણવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રનો દિવ્ય નિત્યસંગ પ્રાપ્ત કરી શકીએ છીએ. પરંતુ આ અભીષ્ટ સિદ્ધિ માટે પ્રેમજ્ઞાની ઉદ્ધવજીનો સત્સંગ પ્રાપ્ત થવો જરૂરી છે.''

કૃષ્ણ મહીષિઓ- ''પરંતુ કૃષ્ણાકાર ઉદ્ધવ મળશે ક્યાં?''

કાલિંદી- ''પાર્થિવ દેહે તેઓ દ્વારિકાધીશની આજ્ઞાથી બદ્રિકાશ્રમ ચાલ્યા ગયા, પરંતુ તેમની એક ઘણી તીવ્ર વાસના હતી-

આસામહો ચરણરેણુજુષામહં સ્યાં
વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા
ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ।।
વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ।।

(ભા.૧૦/૪૭/૬૧,૬૩)

વારંવાર આ રજ-કણિકાની તેઓએ યાચના કરી.

નંદદાસજીના શબ્દોમાં-

કૈસે હૈ રહૌં દ્રુમ ગુલ્મ લતા બેલી બન માહીં ।
આવત જાત સુભાય પરૈ મોપૈ પરછાહીં ।।
સોઉ મેરે બસ નહીં જો કછુ કરૌ ઉપાય ।
મોહન હોહિં પ્રસન્ન જો યહ વર માઁગો જાય ।।
કૃપા કરિ દેહુ જો ।।

કાલિંદી- ''તેથી ભાવદેહે ગોપિકા ચરણ-રેણુ-કણિકાકાંક્ષી ઉદ્ધવ શ્રી ગિરિરાજજીમાં કુસુમ સરોવર પર રહે છે. ત્યાં આપલોગ ભાવમય-કૃષ્ણસંકીર્તિન આરંભ કરો, જેને સાંભળતાં જ તેઓ તમારી સામે પ્રગટ થઈ જશે.''

ગોવર્દ્ધનગિરિનિકટે સખીસ્થલે તદ્વજઃ કામઃ ।
તત્રત્યાંકુરવલ્લીરુપેણાસ્તે સ ઉદ્ધવો નૂનમ્ ।।
આત્મોત્સવરુપત્વં હરિણાં તસ્મૈ સમર્પિતં નિયતમ્ ।
તસ્માત્તત્ર સ્થિત્વા કુસુમસરઃ પરિસરે સવજાભિઃ ।।

(ભા.ઉ.મા.૨/૨૪,૨૫)

કલિન્દ-નંદિની-યમાનુજાની આજ્ઞા અનુસાર સૌ કૃષ્ણ-મહીષિઓ પરીક્ષિત અને વજ્રનાભ સહિત નિર્દિષ્ટ-સ્થાન ગાઢ પાંદડા-ફુલો-પથ્થરથી ઘેરાયેલા શ્રી કુસુમસરોવર પર પહોંચી ગઈ.

ગોવર્દ્ધનાદ્વરેણ વૃન્દારણ્યે સખીસ્થલે ।
પ્રવૃતઃ કુસુમામ્ભોધૌ કૃષ્ણસંકીર્તનોત્સવઃ ।।

(ભા.ઉ.મા.૨/૩૦)

અને અહીં સખી વૃંદે શ્રી કુસુમ સરોવર પર આવીને વાદ્યો સાથે એવું કૃષ્ણ કીર્તન કર્યું કે ત્યાંની હરિત ધરા અને નભ વાદ્ય-ધ્વનિથી ગૂંજી ઉઠ્યું. ત્યાં જ અચાનક એક સઘન-કુંજથી પ્રેમજ્ઞાની ઉદ્ધવ દૃષ્ટિગોચર થયા. મહીષિઓની વચ્ચે બેસી દિવ્ય જ્ઞાનનો ઉપદેશ આપી તેમને વિરહમુક્ત કર્યા અને પ્રભુની નિત્ય લીલાઓ પ્રગટ કરી તેમનો સાક્ષાત્કાર કરાવ્યો.

શ્રી ઉદ્ધવ કુંડ

વિરહ વ્યથિત મહીષિઓને ઉદ્ધવજીએ અહીં કૃષ્ણકથા સંભળાવી, જેનાથી તેમનો વિરહ શાંત થયો. કુસુમ સરોવર સુધીનું સ્થળ ઉદ્ધવજીનું સ્થળ કહેવામાં આવે છે. કુસુમ સરોવરને આ પાર અને પેલે પાર બંને તરફ ઉધ્ધવજીનું મંદિર છે. પાસે જ ઉદ્ધવ કુંડ છે. ઉદ્ધવજી વ્રજમાં એક જ દિવસ માટે આવ્યા હતા કે ગોપીઓ સાથે ચર્ચા કરી પાછા ચાલ્યા જશે પરંતુ આ વ્રજ કેટલું રસમય છે.

સરિદ્વનગિરિદ્રોણીર્વીક્ષન્કુસુમિતાન્દ્રુમાન્ ।
કૃષ્ણં સંસ્મારયન્ રેમે હરિદાસો વ્રજૌકસામ્ ।।

(ભા.૧૦/૪૭/૫૬)

વ્રજનું વનસ્થળ, સ્વર્ગના નંદનવનને પણ શરમાવી રહ્યું છે, કુસુમિત ઉપવનની સુષમા ચારે દિશામાં ફેલાઈ રહી છે, અહીના તરૂઓ, લતા-વલ્લરીઓ સૌ સજીવ અને અકૃત્રિમ છે.

નિત્ય નીત-નવીન થનારા વ્રજના આ વૈભવની અભિવ્યક્તિ શબ્દોમાં કરવી ક્યાંથી સંભવ હોય? ઉદ્ધવજીએ અહીંની કૃષ્ણ પ્રેમમાં વિહ્વળ બનેલી સરિતાઓને જોઈ, ગિરિરાજની સુખ-સંવર્ધના કંદરાઓને, ઘાટીઓને જોઈ, ''કૃષ્ણ સંસ્મારયન્'' કૃષ્ણની સ્મૃતિ કરાવનારી રંગબેરંગી ફૂલોના ભારથી ઝુકેલી લતાઓને જોઈ.

૧ દિવસનો અતિથિ છ માસ સુધી રોકાઈ ગયો, જવાનું નામ પણ નથી લેતો.

પ્રેમથી ભરપૂર આ લીલાઓનું આચાર્યોએ પોતાની ટીકામાં સ્પષ્ટ વર્ણન કર્યું છે.

ગોપીઓને ઉદ્ધવજી પૂછે છે- ''આ ગઈ લીલાથી ગર્વિત સ્થળ છે?

આ ઘાટીમાં શું કર્યું, વ્રજ મયકે?

આ તમાલ વૃક્ષની છાંયામાં પણ શું તે ઉભા રહ્યા હતા...?''

''એક દિન સૌંજ સમીપ એહિ મારગ બેચન જાત દહી રી''

''હું તે દિવસે એકલી હતી અને આ નિર્જન વનથી પસાર થઈ રહી હતી.''

''કેલિ કે મિસ દાન હિત મોહન મેરી બાંહ ગહી રી ।''

''અને... અને.... એ મહામરકત-શ્યામલ સુકુમારે મારો હાથ પકડી લીધો, આ એ જ સ્થળ છે... એ જ સ્થળ છે..''

જિય કી સાધન જિય હી રહી રી ।
''કૃષ્ણં સંસ્મારયન્ રેમે હરિદાસો વ્રજૌકસામ્''

(ભા.૧૦/૪૭/૫૬)

વ્રજકુળચંદ્રની યાદ દેવડાવતાં બૃહસ્પતિના આ શિષ્ય તો વ્રજ-વસુંધરામાં પાગલ થઈને ભટકવા લાગ્યા. જ્ઞાનનો દિવ્ય અંબર ફાટીને ગોદડી સમો થઈ ગયો.

(વૃંદાવનમાં જ્ઞાન-ગુદડી પ્રસિદ્ધ છે.)

વ્રજના કાંકરા અને કાંટાઓ પણ પ્રેમથી પૂરિત છે.

ઉલઝકર વસ્ત્ર સે કાટે, લગે ઉધો કો સમઝાને ।
તુમ્હારા જ્ઞાન પર્દા ફાડ દેંગે પ્રેમ દીવાને ।।

હવે તો ઉદ્ધવજી વ્રજલીલામાં રમણ કરવા લાગી ગયા. ભાગવતકાર કહે છે કે તે સમયે ત્યાં શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ તો નહોતા પરંતુ તેમના લીલા-રસથી સિંચિત-અંકિત ભૂમિ હજી પણ એ જ છટા, એ જ સૌંદર્ય-સુષમા પ્રસારિત કરી રહી હતી.

ઈતસ્તતો વિલડ્ઘદ્ભિર્ગોવત્સૈર્મંડિતં સિતૈઃ ।
ગોદોહશબ્દાભિરવં વેણૂનાં નિઃ સ્વનેન ચ ।।

(ભા.૧૦/૪૬/૧૦)

ઉદ્ધવજીએ જોયું-

સ્થળે-સ્થળે બંશીનો મધુર સ્વર સંભળાઈ રહ્યો છે.

ચારે દિશાઓમાં નાનાં-નાનાં ધોળાં વાછરડાંઓ ઉછળકૂદ કરી રહ્યા છે.

કેટલો રસ છે અહીં!

તેમના ગયા બાદ પણ-

અહીંના પોપટ-કોયલ-કબૂતર અને મદમસ્ત મોર પણ પોતાની ભાષામાં તેમની જ ચર્ચા કરી રહ્યા છે.

ગોપીઓના હૃદય પ્રાંગણમાં તો તે સદાય ક્રીડારત રહે છે.

આ નાનાં વાછરડાંઓની આંખોની કીકીઓ જુઓ, તો એવું લાગે છે દરેકની સાથે બે-બે ગોપાલ છે.

અને ન જાણે હવે શું સૂઝ્યું- અવિરામ, ઝડપથી દોડતાં આવી રહ્યા છે, કૃષ્ણનો સ્પર્શ પામેલ પીઠ પર પૂંછડી ફેરવે છે અને અનિમેષ વિસ્ફારિત નેત્રોથી ચારે બાજુ જોઈ રહ્યાં છે.

''પુનઃ પુનઃ.... શ્રી નિકેતૈ... શક્નુમઃ'' ભા.૧૦/૪૭/૫૦ ઉદ્ધવજીએ જોયું- આખું વ્રજ કૃષ્ણ ચરણોથી મંડિત એવી શોભા વરસાવી રહ્યું છે જાણે કોઈ નવોઢા-નાયિકાની સાડી પર ભરતની છાપ ઉભરાવી હોય.

બસ, આમને આમ છ માસ ક્યારે વ્યતીત થઈ ગયા, ઉદ્ધવજીને ખ્યાલ જ ન રહ્યો.

'હરિદાસૌ વ્રજૌકસામ્'

ઉદ્ધવજી કૃષ્ણ દાસ છે, હરિના દાસ છે પરંતુ જ્યારે સર્વ રસ સમન્વિત વ્રજભૂમિમાં આવ્યા તો તેઓ કૃષ્ણને પણ ભૂલી ગયા.

'ગર્ગ સંહિતા' અને 'બ્રહ્મવૈવર્તપુરાણ'માં વિસ્તૃત ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

એક દિવસ સ્વયં શ્રીજીએ યાદ દેવડાવ્યું-

''ઉદ્ધવ! તમારા સખા તમારી રાહ જોતાં હશે, તમારે જવાનું પણ છે...''

શ્રીજીએ આશીર્વાદ આપ્યા છે, ઉદ્ધવજીને.

શ્રીજીની કૃપા પ્રાપ્ત કરી ઉદ્ધવજી કાળજે હાથ દઈને જઈ રહ્યા છે. વિચાર્યું... એકવાર હજી આ કૃષ્ણપ્રેયસી વ્રજ-રમાઓના દર્શન કરી લઉં. એક ઉંચા ટેકરા પર ચઢી ગયા અને ત્યાંથી જોઈ- એ કૃષ્ણચર્ચામાં લીન વ્રજ-વામાઓને, કે આ જ છે એ પ્રેમ પ્રતિમા, જેમનો સંગ પામીને હું કૃષ્ણને પણ ભૂલી ગયો.

જે વ્રજધરા અને વ્રજ ગોપાંગનાઓનો સંગ પામીને ઉદ્ધવ શ્રીકૃષ્ણને પણ ભૂલી ગયા તે શ્રીકૃષ્ણથી પણ અધિક રસયુક્ત છે, એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

શ્રી પરમાનંદદાસજી કહે છે-

ગોપી પ્રેમ કી ધ્વજા ।
જિન્હ ગુપાલ કિએ અપને બસ, ઉર ધરિ સ્યામ ભુજા ।।
સુક-મુનિ-વ્યાસ પ્રસંસા કીન્હી, ઉધૌ સંત સરાહીં ।
ભૂરિ ભાગ ગોકુલ કી બનિતા અતિ પુનીત ભવ માહીં ।।
કહા ભયૌ વિપ્રકુલ જનમૈ જો હરિ સેવા નાહીં ।।
સોઇ કુલીન દાસ 'પરમાનન્દ', જે હરિ સનમુખ જાહીં ।।

જે રાસ-રસ વિધિ હરિહર, ઉમા-રમા-શારદાને પણ દુર્લભ હતાં તે આ ગોપિકાઓને સહજ પ્રાપ્ત હતા. એ મહાભાગ્યશાળી લલનાઓ તો-

''તાહિ અહીર કી છોહરિયાઁ છછિયા ભર છાછ પૈ નાચ નચાવૈ''

આ ગૌરવપૂર્ણ પ્રેમ મહિમામંડિત વ્યક્તિત્વને જ્યારે ઉદ્ધવજીએ ટેકરી પર ચઢીને જોયું તો તેમને છોડીને જતાં અસહ્ય દુ:ખ થયું. જવું તો પડશે જ કારણકે નિત્ય-નવ-નિકુંજેશ્વરીનો આદેશ પણ છે. તે સમયે ઉદ્ધવજીએ મનમાં એક વિશિષ્ટ કામના કરી-

આસામહો ચરણરેણુજુષામહં સ્યાં વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનાં ।।

(ભા.૧૦/૪૭/૬૧)

કૃષ્ણ સખા હોવાને કારણે તેઓ મારા પ્રત્યે આદર રાખે છે-

પરંતુ તેમની ચરણ-રજ પામવી પણ જરૂરી છે.

આ પ્રેમિકાઓની ચરણરજ વિના પ્રેમ પ્રાપ્તિ નહીં થાય-

જ્ઞાન, વૈરાગ્ય, તપ, ધ્યાનની તો શું વિસાત છે?

આ સાધનોથી ક્યાં પ્રેમ મળવાનો હતો

પ્રેમ તો તેમની ચરણ-રજમાં સ્નાન કરીને જ પ્રાપ્ત થશે.

જો ઝાડ બનું તો ઊંચા હોવાને કારણે તેમની ચરણરજથી વંચિત રહી જવાય.

જો હું કોઈ નાનકડી વેલ-ફૂલ, ઘાસ-ફૂસ, કાંકરો-પથ્થર બની જાઉં તો યોગીઓને પણ દુર્લભ એવી આ ચરણરજ મને સહજ પ્રાપ્ત થઈ જશે.

ભારતેંદુ હરિશ્ચંદ્રનો ભાવ-

બ્રજ કી લતા પતા મોહિ કીજૈ ।
ગોપી પદ પંકજ પાવન કી રજ જામેં સિર ભીજૈ ।।

મારા દેહનો એક-એક અવયવ આ ગોપીઓની ચરણરજથી ખરડાઈ જાય.

આવત જાત કુંજ કી ગલિયન રૂપ સુધા નિત પીજૈ ।

અહીંની લતા બનવામાં ઘણો લાભ છે, આપોઆપ જ આ વ્રજપુરવાસિની-ગોપસુંદરીઓનું દર્શન પણ થઈ જશે.

એવું તે શી વિશિષ્ટતા હશે આ વ્રજલલનાઓમાં જે કૃષ્ણવંશી પરમજ્ઞાની એવા સ્વયં ઉદ્ધવજીએ તેમની ચરણરજની કામના કરી.

તેમનું વૈશિષ્ટ્ય-

યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વાભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ।।

(ભા.૧૦/૪૭/૬૧)

શ્રી રાધા રાધા મુખ યહ વર 'હરિશ્ચન્દ્ર' કો દીજૈ ।।

'યુગલ ગીત'માં લખ્યું છે-

નિજપદાબ્જદલૈર્ધ્વજવજ્ર નીરજાંકુશવિચિત્રલલામૈઃ ।
વ્રજભુવઃ શમયન્ ખુરતોદં વર્ષ્મધુર્યગતિરીડિતવેણુઃ ।।
વ્રજતિ તેન વયં સવિલાસવીક્ષણાર્પિતમનોભવવેગાઃ ।
કુજગતિં ગમિતા ન વિદામઃ કશ્મલેન કબરં વસનં વા ।।

(ભા.૧૦/૩૫/૧૬,૧૭)

પ્રેમની મસ્તી જુઓ- શ્રીકૃષ્ણને જોતાં જ તેમના વસ્ત્રો સરકવા લાગી ગયા છે. જડવત્ થઈ ગઈ છે, કેશપાશ ખૂલી ગયા છે, કમરબંધ ખુલી ગયા, ઓઢણી નીચે પડી ગઈ, હાથ વશમાં નથી. કોણ સંભાળે? પ્રેમને કોઈ નીરસ શું સમજી શકવાનો હતો? એ તો એમ જ કહેશે, આ અતિશયોક્તિ છે.

ઉદ્ધવ પર જે પ્રભાવ પડ્યો હતો તે ગોપીઓની સ્થિતિ જોઈને પડ્યો હતો. તેઓ સમજી ગયા કે મારું જ્ઞાન તો બે કોડીનું પણ નથી. કેમ? કારણકે જ્ઞાની કહે છે કે ચિત્તવૃત્તિ બ્રહ્માકાર હોવી જોઈએ. મોટા-મોટા બ્રહ્મજ્ઞાનીઓ જોયા પરંતુ એવા નથી જોયા જેમને ન પોતાના તનનું ભાન છે, ન કોઈ ક્રિયાના હોશ છે. આ સ્થિતિને જોઈ ઉદ્ધવજી શાંત થઈ ગયા અને વિચારવા લાગ્યા કે કેવો અદ્‌ભુત છે આ રસ? કેવી વિચિત્ર અવસ્થા છે આ.

વિરહિણી ગોપીઓની પ્રેમભરી બૌદ્ધિક શક્તિથી પરાસ્ત થઈ ગયા ઉદ્ધવ.

જ્ઞાનની પોટલી ઉંચકીને કાલિન્દીમાં પ્રવાહિત કરી દીધી. ગોપીઓના ગુણ ગાતા તેમની ચરણધૂલિને નમન કરી મથુરા તરફ વળી ગયા.

મથુરા પહોંચતા જ ઘણો આક્રોશ ઠાલવ્યો શ્રીકૃષ્ણ સામે-

કરુણામયી રસિકતા હૈ તુમ્હરી સબ ઝૂઁઠી ।
જબહિ લૌં કહૌં લખૌ તબહિં લૌં બાઁધિ મૂઁઠી ।।
મૈં જાન્યો બ્રજ જાયકૈ તુમ્હરો નિર્દય રૂપ ।
જે તુમકો અવલમ્બહી તિનકૌં મેલૌ કૂપ ।।

''હે અખિલેશ! કાં તો તમારું નામ બદલાવી નાખો અથવા તો નામને સાર્થક કરો. કરૂણાનિધીનો ખોટો ઇલકાબ લઈને ન ફરો.''

પુનિ-પુનિ કહૈં અહો સ્યામ જાય વૃન્દાવન રહિયૈ ।
પરમ પ્રેમ કો પુંજ જહાઁ ગોપી સંગ લહિયૈ ।।
ઔર સંગ સબ છાઁડિ કૈ ઉન લોગન સુખ દેહુ ।
નાતરુ ટૂટયો જાત હૈ અબહીં નેહ સ્નેહુ ।।

(બ્રજ કોકિલ શ્રી નંદદાસજી)

આ જ ભાવ પરમાનંદદાસજીના શબ્દોમાં-

ઉદ્ધવજી કહે છે-

તુમ બિન કાન્હ કમલ દલ લોચન જૈસે દુલહ બિન જાત બરાત ।।
વેઈ મોર કોકિલ વેઈ વેઈ પપીહા હૈ વન બોલત ।
વેઈ ગ્વાલ ગોપિકા વેઈ વેઈ ગોધન કાનન ડોલત ।।
યહ સબ સમ્પત્તિ નન્દ ગોપ કી તુમ્હારે પ્રસાદ રમા કે નાથ ! ।
'પરમાનન્દ' પ્રભુ એકબાર મિલહુ યહ પતિયાઁ લિખિદીની મેરે હાથ ।।

શ્રી રાધા કુંડ

જે રાધાકુંડના ધરાધામ પર અવતરણ બાદ ગિરિરાજજીની મહિમા અલૌકિક થઈ ગઈ. વસ્તુતઃ શ્રીરાધાકુંડ અને શ્રીરાધા અલગ નથી.

યથા રાધા પ્રિયા વિષ્ણોસ્તસ્યાઃ કુંડ પ્રિયં તથા ।
સર્વગોપીષુ સૈવૈકા વિષ્ણોરત્યન્તવલ્લભા ।।

(પ.પુ. કાર્તિક માહાત્મ્ય)

અર્થાત્- શ્રીકૃષ્ણને જેટલી શ્રીરાધા પ્રિય છે તેટલો જ રાધાકુંડ પણ કારણકે બંને અભિન્ન છે.

વૃષભનો વેશ ધરી અરિષ્ટ નામનો અસુર અહીં રહેતો હતો તેથી પહેલા આ ક્ષેત્રનું નામ અરિષ્ટ વન હતું. જે સમયે શ્રીમન્મહાપ્રભુજી અહીં આવ્યા ત્યાં સુધી આ સ્થાન આરિટ ગ્રામ નામથી ઓળખાતું હતું-

અરિષ્ટાસુરનામાસૌ યત્રૈવ વસતે સદા ।
યદરિષ્ટં વનં નામ બહુ વાનર સકુલં ।।

(આ.વા.પુ.)

અરિષ્ટ વનના નામથી કેટલાય સ્થાન પર સ્કંદપુરાણ અને આદિવારાહપુરાણમાં તેને પ્રણામ કરવાના મંત્રો પણ પ્રાપ્ત થાય છે.

એકવાર અરિષ્ટાસુરના આતંકથી જ્યારે વ્રજવાસીગણો ભયભીત થયા, તો તેમને ભયમુક્ત કવા માટે એ વૃષરૂપ અરિષ્ટાસુરનો શ્રીકૃષ્ણ વધ કરી નાખ્યો, પરંતુ આ સંહારથી વ્રજવાસીઓ પ્રસન્ન ન થયા. કારણકે તે અસુર ગૌવંશના રૂપમાં હતો. સાંઢના રૂપમાં હતો. તેથી ગૌભક્ત ગૌનિષ્ઠ વ્રજવાસીઓએ શ્રીકૃષ્ણનો પરિત્યાગ કરી દીધો-

ततस्तु राधिकात्यक्तो ललितामोहनस्तदा ।
अस्माकं नैव संसर्गो विमोचनं वृषहत्यासमन्वितः ।।

''હે કૃષ્ણ! હે વૃષવધક! હવે અમને અડીશ નહીં, તેં એક વૃષની હત્યા કરી છે. ગૌવંશ પર આઘાત કર્યો છે.'' શ્રીકૃષ્ણ બોલ્યા- ''પરંતુ બાળાઓ! તે એક ભયાનક અસુર હતો. વધ કરવા યોગ્ય હતો.'' ગોપીઓ બોલી- ''એ અસુર હતો કે આસુરી સ્વભાવનો હતો તે અમે સાંભળવા નથી માગતા. તે એક નર ગાય હતો. આ ગૌહત્યા પાપથી મુક્ત થવા માટે તારે પ્રાયશ્ચિત કરવું જોઈએ. જેવી રીતે ઇન્દ્રએ વૃત્રાસુર નામના બ્રાહ્મણની હત્યા કર્યા બાદ કર્યું હતું.'' શ્રીકૃષ્ણએ પૂછ્યું- ''આનું શું પ્રાયશ્ચિત છે?'' ગોપીઓ બોલી- ''તું બધા તીર્થસ્થાનોમાં જઈને સ્નાન કર. તેનાથી જ પવિત્રીકરણ સંભવ છે.'' શ્રીકૃષ્ણ બોલ્યા- '' જો હું બધા તીર્થોમાં સ્નાન કરીને આવું અને છતાં પણ તમે મારો વિશ્વાસ ન કરો તો? એના કરતાં તો હું અહીં જ બધાં તીર્થોનું આહવાન કરું અને તમારી સામે જ તેમાં સ્નાન કરી લઉં.'' તે સમયે ઠાકુરજીએ પોતાની એડીથી ભૂમિ પર પ્રહાર કર્યો અને સમસ્ત તીર્થોનું આહવાન કર્યું કે હે સમસ્ત તીર્થો! કૃપા કરીને આપ અહીં પધારો! ત્યારે બધાં તીર્થો મૂર્તિમંત થઈ ત્યાં ઉપસ્થિત થઈ ગયાં. શ્રીકૃષ્ણ બોલ્યા (ગોપીઓને)- ''જુઓ! હવે તમે બધાં જ તીર્થોના દર્શન કરી લો, નહીં તો પાછા મને ખોટો પાડશો કે તેં વળી ક્યારે અને ક્યાં તીર્થ બોલાવ્યા, તેમાં સ્નાન કર્યું.'' પરંતુ ગોપીઓ તો ગોપીઓ છે, બોલી- ''અમને તો કોઈ તીર્થ દેખાતું નથી.'' ઠાકુરજી વિચારવા લાગ્યા કે આ કેટલી ચતુર છે. સામે સાક્ષાત્ તીર્થો ઉભા છે અને કહે છે કે અમને તો કંઈ દેખાતું નથી તો સૌ તીર્થો હાથ જોડીને પોતાનો પરિચય આપવા લાગ્યા.

પ્રોચુઃ કૃતાઞ્જલિપુટા લવણાબ્ધિરસ્મિ ક્ષીરાબ્ધિરસ્મિ શૃણુતામરદીર્ઘિકાસ્મિ ।

શોણોઽપિ સિન્ધુરહમસ્મિ ભવામિ તામ્રપર્ણી ચ પુષ્કરમહઞ્ચ સરસ્વતી ચ

ગોદાવરી રવિસુતા સરયૂઃ પ્રયાગોરેવાસ્મિ પશ્યત જલં કુરુત પ્રતીતિમ્

(વિશ્વનાથ ચર્કવર્તી પાદ કૃત ટીકા ભા.૧૦/૩૬/૧૫)

''હું લવણસાગર છું, હું ક્ષીરસાગર છું, હું સોન નદી છું, હું તામ્રપર્ણી નદી છું, હું પુષ્કર તીર્થ છું, હું સરસ્વતી નદી છું, હું ગોદાવરી નદી છું, હું યમુના છું, હું અયોધ્યાની સરયુ છું, હું પ્રયાગની સંગમસ્થળી છું, હું રેવા નદી છું.

અમારા નિર્મળ જળ તરફ નજર નાખો અને અમારો વિશ્વાસ કરો.''

ત્યારે ગોપીઓએ કહ્યું- ''ઠીક છે, અમે બધાં તીર્થો જોઈ લીધાં છે, તું હવે તેમાં સ્નાન કર.'' ત્યારે એ તમામ તીર્થોના એકત્રિત જળમાં શ્રીકૃષ્ણ સ્નાન કર્યું અને બોલ્યા- ''જુઓ હવે તો હું પવિત્ર થઈ ગયો છું'' પછી ગૌરવાન્વિત થઈ બોલ્યા- ''જુઓ, મેં એક એવા સરોવરનું નિર્માણ કર્યું જેમાં સમસ્ત તીર્થો મેં પ્રવિષ્ટ કરાવ્યા. મેં અસુરને હણ્યો તો તમે મને ગૌ-હત્યારો કહ્યો, પણ તે તો અસુર વંશનો હતો. અસુરનો પક્ષ લેવાથી તમને પણ પાપ લાગ્યું છે. તમે પણ પ્રાયશ્ચિત કરો.'' ત્યારે ગોપીઓએ શ્રીજીને પ્રાર્થના કરી કે લાલજી આવું કહી રહ્યા છે તો બે જ ક્ષણમાં શ્રીજીએ ગોપીઓની મદદથી એક દિવ્ય કુંડનું નિર્માણ કરી દીધું.

તે કુંડને ગોપીઓએ માનસી ગંગાના જળથી ભરી દીધો-

દિવ્યં સરઃ પ્રકટિતં ઘટિકાદ્વયેન
તાભિર્વિલોક્ય સરસં સ્મરતે સ્મ કૃષ્ણઃ

(વિશ્વનાથ ચક્રવર્તી પાદ કૃત ટીકા ભા.૧૦/૩૬/૧૫)

તે કુંડ જોઈને શ્રીકૃષ્ણ ઘણાં પ્રસન્ન થયા, બોલ્યા- ''હે કમલનયની! તમે ઇચ્છો તો તમારી સખીઓ આ કુંડને મારા કુંડના જળથી ભરી શકે છે.'' તો શ્રીજીએ ના પાડી દીધી, કહ્યું-

રાધા તદા નન્નનેતિ જગાદુ યસ્માત્તવત્કુંડનીરમુરુ ગૌવધપાતકાક્તમ્ ।

(વિશ્વનાથ ચર્કવર્તી પાદ કૃત ટીકા ભા.૧૦/૩૬/૧૫)

''ના-ના, જરાય નહીં. તમે તો આ કુંડમાં ન્હાઈને ગૌહત્યાનું પાપ ધોયું છે. તે પાપથી આ કુંડ દૂષિત છે. હું મારા કુંડને દૂષિત નહીં થવા દઉં. હું મારા આ કુંડને માનસી ગંગાના પવિત્ર જળથી ભરીને તેની કીર્તિ અદ્વિતીય બનાવી દઈશ.'' આ સાંભળીને અને શ્રીકૃષ્ણનો સંકેત મળતાં તેમના કુંડમાંથી સૌ તીર્થસ્થળો પ્રગટ થયા અને શ્રીજીને કરબદ્ધ નતમસ્તક થઈને પ્રણામ કર્યા. આંખોમાંથી ઝર-ઝર અશ્રુધારા વહી રહી છે. બોલ્યા- ''હે મહાશક્તિ! સૌ શાસ્ત્રોના જ્ઞાતા હોવા છતાં પણ જે આપની મહિમા નથી જાણતા, ન બ્રહ્મા, ન શિવ, ન લક્ષ્મી, આપને યથાર્થ રૂપે જાણનારા તો એકમાત્ર શ્રીકૃષ્ણ જ છે. તેઓ પણ આપના સ્વેદબિંદુઓને લૂછી પોતાને ધન્ય માને છે. તેમની જ એડીથી ઉત્પન્ન

આ કુંડમાં અમે શરણું લીધું. પરંતુ જો અમને આપની પણ કૃપાદ્રષ્ટિ પ્રાપ્ત થઈ જાય તો અમારી આશાની કળીઓ ખીલી ઉઠશે. જો આપ અમને આપના કુંડમાં પ્રવેશવાની આજ્ઞા આપો તો અમારૂં જીવન ધન્ય થઈ જશે. આપના આટલા જ વરદાનની અમને અપેક્ષા છે.'' શ્રીજી તો દયાળુ છે જ, દયાથી પરિપૂર્ણ થઈ બોલ્યાં-

''આગચ્છતેતિ, કૃપા કરીને પધારો.'' શ્રીજીનો અનુગ્રહ પ્રાપ્ત થવાથી સૌ તીર્થોએ એ સરોવરને પોત-પોતાના જળથી ભરી દીધું તો શ્યામસુંદર બોલ્યા- ''હે રાધે! મારા કુંડમાં તો મેં સ્નાન કરીને ગૌહત્યાના પાપનું પ્રાયશ્ચિત કર્યું છે. તેથી આપના કુંડની સામે તો મારા આ કુંડમાં કોઈ સ્નાન નહીં કરી શકે અને તે ઉપેક્ષિત થઈ જશે.'' પણ શ્રીજી તો કરૂણામયી છે, બોલ્યા- ''ચિંતા ન કરો, હું એવું નહીં થવા દઉં.'' આટલું કહીને પોતાના હાથની બંગડીના પ્રહારથી બંને કુંડને એક કરી દીધા. આ જ તો લીલા છે રાધા અને શ્યામ કુંડની.

''હે પ્રિયતમે! તમારો આ કુંડ સંસારમાં મારા કુંડથી પણ વધુ મહામહિમામય થાઓ.'' આ એ જ રાધાકુંડ છે જે ગિરિરાજજીની ખ્યાતિ વધારવામાં સહાયક થયો.

''યથા તવમસિ તદ્વદિદં સરો મેં''

(વિશ્વનાથ ચક્રવર્તી પાદ કૃત ટીકા ભા.૧૦/૩૬/૧૫)

''જેવી રીતે તમે મને અત્યંત પ્રિય છો, તેવી જ રીતે આ સરોવર પણ મને હંમેશા પ્રિય રહેશે. મારી દ્રષ્ટિમાં તમારા અને તમારા આ સરોવરમાં કોઈ ભેદ નથી. હું અહીં રોજ જળકેલિ અને સ્નાન કરવા આવતો રહીશે.''

શ્રી રાધા બોલ્યા-''હું પણ સદા મારી સખીઓ સાથે આ સરોવરમાં સ્નાન કરવા આવીશ.''

શ્રી ચૈતન્ય મહાપ્રભુજી જ્યારે અહીં આવ્યા તે સમયે બંને સરોવરો લુપ્તપ્રાય થઈ ગયા હતા. ઘણી ઉપેક્ષિત સ્થિતિમાં હતા. તે સમયે મહાપ્રભુજીએ તેમને ફરી ડાંગરના ખેતરોમાંથી પ્રગટ કર્યા.

એઈમત મહાપ્રભુ નાચિતે-નાચિતે ।
આરિટગ્રામ આસિ બાહ્ય હૈલ આચમ્બિતે ।।
આરિટે રાધાકુંડ-વાર્તા પુછે લોકસ્થાને ।
કેહો નાહિ કહે, સંગેર બ્રાહ્મણ ના જાને ।।
તીર્થ લુપ્ત જાનિ પ્રભુ સર્વજ્ઞ ભગવાન્ ।
કુઈ ધાન્યક્ષેત્ર અલ્પજલે કૈલ સ્નાન ।।
દેખિ સબ ગ્રામ્યલોકર વિસ્મય હૈલ મન ।
પ્રેમેં પ્રભુ કરે રાધાકુંડેર સ્તવન ।।
સબ ગોપી હૈતે રાધા કુષ્ણેર પ્રેયસી ।
તૈછે રાધાકુંડ પ્રિય પ્રિયાર-સરસિ ।।

આમ શ્રીમન્મહાપ્રભુજી નૃત્ય કરતાં-કરતાં આરિટ ગામમાં આવ્યા અને તેમને બાહ્યજ્ઞાન થયું. આરિટ ગામમાં શ્રીમહાપ્રભુએ લોકોને શ્રીરાધાકુંડ વિશે પૂછ્યું કે શ્રીરાધાકુંડ ક્યાં છે? પ્રભુના વચનો સાંભળીને કોઈપણ શ્રીરાધાકુંડ વિશે કાંઈ જણાવી ન શક્યું. કોઈ જાણતું પણ નહોતું. પ્રભુની સાથે જે માથુર બ્રાહ્મણ હતાં તે પણ કંઈ જણાવી ન શક્યા. શ્રીમહાપ્રભુ સમજી ગયા કે શ્રીરાધાકુંડ તીર્થ લુપ્ત થઈ ચૂક્યું છે. પરંતુ તેઓ તો સર્વજ્ઞ ઈશ્વર છે. તરત સમજી ગયા કે ત્યાં જે બે ડાંગરના ખેતરો છે, તે જ સ્થાન પર શ્રીરાધાકુંડ અને શ્રીશ્યામકુંડ છે. પ્રભુની આ લીલાને જોઈ ગ્રામવાસીઓને આશ્ચર્ય થયું પરંતુ શ્રીમહાપ્રભુ ત્યાં પ્રેમપૂર્વક શ્રીરાધાકુંડની સ્તુતિ કરવા લાગ્યા. સૌ ગોપીઓમાં જેમ શ્રીરાધાજી શ્યામસુંદરને સૌથી વ્હાલાં છે, તેવી જ રીતે શ્રીરાધાજીનો શ્રીકુંડ પણ તેમને અતિ પ્યારો છે.

શ્રી શ્રી ચૈતન્ય મહાપ્રભુની બેઠક-

શ્રીકૃષ્ણ ચૈતન્ય વન ભ્રમણ કરિયા ।
એઈ તમાલેર તલે વસિલ આસિયા ।।

(ભ.ર.)

અહીં પાસે જ પરિક્રમાની જમણી તરફ તમાલ વૃક્ષો છે. વ્રજ ભ્રમણ માટે આવેલા શ્રી શ્રીચૈતન્ય મહાપ્રભુજી અહીં આવીને બિરાજ્યા અને વિશ્રામ કર્યો.

ત્યારબાદ શ્રી રઘુનાથ દાસ ગુસાંઈ પાદ દ્વારા આ બંને કુંડોનો જીર્ણોદ્ધાર થયો.

વિમલૌ સર્વપાપઘ્નૌ બ્રહ્મહત્યાવિઘાતકૌ ।
આદૌ સ્નાનં તુ રાધાયાઃ કુંડે સર્વાર્થદાયકં ।।

આ રાધાકુંડ, બ્રહ્મ હત્યા જેવા જઘન્ય પાપને નષ્ટ કરવામાં પણ સર્વસમર્થ છે.

ગ્રામ મુખરાઈ

શ્રી રાધારાણીની માતામહી (નાની) મુખરાજીનું ગામ રાધાકુંડના દક્ષિણ ભાગમાં છે. યશોદાજીને પણ તેઓએ બાલ્યાવસ્થામાં દુગ્ધપાન કરાવ્યું હતું.

પિતૃશ્વરોની માનસપુત્રીઓ ૩ અયોનિજા કન્યાઓ લીલાવતી, રત્નમાલા અને મેનકા એકવાર સનકાદિક મુનિઓને ભૂલવશ પ્રણામ ન કરી શકી. ત્યારે રૂષ્ટ મુનિશ્વરો દ્વારા શાપિત થઈ ત્રણે ભૂતળ પર અવતરી. આ શ્રાપ નહીં બલ્કે વરદાન હતું. જેનાથી તેમને મહાશક્તિઓની જનની બનવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું. જનકજીનું વરણ કરી રત્નમાલા (સુનૈના) સીતાજીની જનની બની. પર્વતરાજ હિમાલયનું વરણ કરી મેનકા (મૈના) પાર્વતીજીની જનની બની. કલાવતીજીએ મનુવંશી રાજા સુચન્દ્રનું વરણ કર્યું. રાજા સુચન્દ્ર અને કલાવતી બંનેએ વિંધ્ય તીર્થમાં આવી ઉગ્ર તપસ્યા કરી, બ્રહ્માજીએ વરદાન માગવા કહ્યું તો રાજા સુચન્દ્રએ મોક્ષ માગ્યો. કલાવતીએ કહ્યું- ''બ્રહ્માજી! જો આપ તેમને મોક્ષ આપી દેશો તો હું કોના સહારે રહીશ, તેથી જો આપે આમને મોક્ષ

આપ્યો તો હું આપને શ્રાપ આપી દઈશ.'' શાપના ભયથી બ્રહ્માજીએ વચલો રસ્તો કાઢ્યો અને કહ્યું- ''ભલે, કેટલોક સમય તમે બંને સ્વર્ગમાં રહો ત્યારબાદ તમારો જન્મ ભારતવર્ષમાં થશે અને મહાશક્તિ શ્રી રાધારાણીના માતા-પિતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે.'' વરદાન અનુસાર રાજા સુચન્દ્રએ ગોકુળમાં સુરભાનુ (મહીભાનુ) અને પદ્માવતીને ત્યાં વૃષભાનુ ગોપના રૂપમાં જન્મ લીધો અને કલાવતી (કીર્તિ)નો જન્મ કાન્યકુબ્જ દેશમાં. રાજા ભનન્દને શુદ્ધ સોનાને પણ શરમાવનારી શિવાંગીને પોતાની રાણી મુખરા (માલાવતી)ની ગોદમાં મૂકી. મુખરાએ સ્નેહથી કલાવતીનું લાલન-પાલન કર્યું. એક દિવસ નંદજીએ આ સોળવર્ષીય ગજગામિનીને જોઈ તો મનમાં ને મનમાં પોતાના પ્રિય મિત્ર વૃષભાનુ સાથે તેના વેવિશાળ કરવાનું નક્કી કર્યું. આ શુભ સંકલ્પ પણ અતિશીઘ્ર સંપન્ન થયો. મુખરા, કન્યા પરના પ્રેમને કારણે કાન્યકુબ્જ છોડીને અહીં ગિરિરાજજીની પાસેના ગ્રામમાં નિવાસ કરવા લાગી. મુખરા નાનીના નામથી જ આ ગ્રામનું નામ મુખરાઈ પ્રસિદ્ધ થયું. આજે પણ અહીં મંદિરમાં લાલી, મૈયા અને નાની ત્રણેના દર્શન છે સાથે જ બાજની શિલાનું પણ દર્શન છે જેનાથી નાની લાલી રાધાને પ્રસન્ન રાખતા હતાં.

(શિવ પુરાણ પાર્વતી ખંડ અધ્યાય ૨)

રત્નસિંહાસન

કુસુમસરોવરના દક્ષિણમાં એક ભવ્ય સ્થળ છે. અહીં એકવાર શિવ ચતુર્દશી બાદ પૂર્ણિમાના દિવસે રામ-કૃષ્ણ વ્રજની ગોપીઓ સાથે પારંપરિક હોળી રમી રહ્યા હતાં ત્યારે શ્રીરાધા રાણી આવીને પાસેના રત્નસિંહાસન પર બિરાજમાન થઈ ગયા, આ એ જ સ્થળ છે.

સૂરસાગરમાં પણ આ લીલા વર્ણિત છે-

ગોવર્દ્ધન ગિરિ રત્ન સિંહાસન દમ્પત્તિ રસ સુખમાન ।
નિબિડ કુઞ્જ જહઁ કોઉ ન આવત રસ બિલસત સુખખાન ।।

(સૂરસાગર)

આ લીલા સ્થળ દિવ્ય-દંપતિની એકાન્તિલ લીલાઓથી ભરપૂર છે.

શ્યામ કુટી

આ સ્થાન રત્નસિંહાસનની પાસે જ છે. શ્યામ રંગની કસ્તૂરીનો પોતાના શરીર પર લેપ લગાવીને શ્રી શ્યામસુંદરે શ્યામ વર્ણના જ વસ્ત્રો ધારણ કર્યા અને અલંકારો પણ શ્યામ રંગના જ પહેર્યા જેથી ગોપીઓ તેમને ઓળખી શકી નહોતી. તેની પાસે જ મધુર નાદ કરનારી બાજની શિલા પણ હતી.

શ્રી ગ્વાલ પોખરા

ગોપકુમારો સાથે તરૂણાવસ્થામાં થયેલ બાળ કૃષ્ણની સખ્યરસની સરસ લીલાઓને સંભારતી, નીલ-મયંકની નીલ જ્યોત્સનાથી નિત્ય-પૂરિત રહે છે આ સઘન વનસ્થળી.

અહીંની અપૂર્વ સુગંધ દસે દિશાઓને મહેકતી રાખે છે, કેટલુંક કહીએ-

સ્વયં શેષ-શારદા પણ આ ભૂમિના ભાગ્યનું સ્વલ્પ ચિત્રણ-વર્ણન કરવામાં અસમર્થ છે, તેથી જ તો ઋષ્યમૂક, સુમેરૂ જેવા મોટા-મોટા પર્વતોએ સ્વયં તિલક કરી દીધું ગોવર્ધનને અને સાથે જ જાહેર પણ કરી દીધું-

''તમે જ સૌ પર્વતોના રાજા - ગિરિરાજ છો' કારણ કે તમારું સૌભાગ્ય

''શેષ સહસ મુખ સકહિં ન ગાઈ ।''

ગિરિરાજને પોતાના કર પર ધારણ કર્યો એ તો માત્ર સાત દિવસની વાત હતી, પરંતુ આનું ઉજ્જવળ ભાગ્ય તો જુઓ વ્રજેન્દ્ર-તનયે તેને પોતાનું ક્રીડાસ્થળ બનાવી લીધું. સંપૂર્ણ બપોર અહીં જ રહે છે મુકુંદ, પોતાની ગાયો અને ગોવાળો સાથે વિવિધ પ્રકારની મૈત્રી-વૈચિત્રીની ચારૂતા સંપાદન કરતાં રહે છે.

ગુણીજનો દ્વારા કથિત સમસ્ત રસોમાં ઉત્કર્ષમય વિશ્રંભ પ્રધાન રસ 'સખ્ય રસ' અહીં ખૂબ વહે છે.

જાકે ગુણ ગણ અમિત અતિ નિગમ ન પાવત છોર ।
સો પ્રભુ ખેલત ગ્વાલ સંગ બંધે પ્રેમ કી ડોર ।।

(વ્રજ વિલાસ)

રસાનંદ સાગરના અતલ ઊંડાણમાં લઈ જનારી આ લલીત-લીલાઓનું કઠન-પઠન, શ્રવણ-સ્મરણ, મનન-ચિંતન કરવાથી ક્યારેય મનને સંતોષ નથી થતો. તેથી ભાગવતકારે તો વારંવાર ગાયું છે આને પોતાની શાશ્વત્ સંહિતા શ્રીમદ્ ભાગવતમાં અને એટલું જ નહીં તરૂણાવસ્થામાં પ્રવેશ પૂર્વે જ ગાવાનું શરૂ કરી દીધું, ચંચળની ચપળતા વિશે.

साकं भेकैर्विलहचन्तः सरित्प्रस्त्रवसम्प्लुताः ।
विहसन्तः प्रतिच्छायाः शपन्नतश्च प्रतिस्वनान् ।।

(ભા.૧૦/૧૨/૧૦)

જુઓ તો, આ નાના-નાના ગોપકુમારો વરસાદના પાણીથી ભરાયેલ આ ખાડાઓને, પાણીની પાતળી ધારાઓને કેવી રીતે પાર કરી રહ્યા છે. પહેલા પોતાની પોતડી કમરમાં ખોસે છે, બાજુબંદ ઉપર ચડાવી દે છે જાણે કોઈ દુર્ગમ ઘાટીને પાર કરવા

જઈ રહ્યા હોય અને પછી ઊંચી છલાંગ મારીને જ્યારે દેડકાંઓની સાથે તેને પાર કરી લે છે, તો હસતા મુખે તાળી વગાડીને ઉછળવા લાગે છે. એ ડ ડ ડ ડ

આ નાનકાઓએ જળમાં પોતાનું પ્રતિબિંબ જોઈ લીધું તો એ જ તેમના માટે મજાક-મસ્તીનો વિષય થઈ ગયો.

કૃષ્ણ- ''મધુમંગલ! જો તો, તારું મોં નાકની નીચે છે.''

સુબલ-''એટલે જ તો એને લાડવાની સુગંધ એને કોસો દૂરથી પણ આવી જાય છે.''

પોતાની મજાક સહન નથી થતી મધુમંગલને.

ઝટ બોલ્યો- ''કાના! તું પોતાની લટકતી, લહેરાતી નાક સંભાળ, ક્યાંક પાણીમાં જ ન પડી જાય. તારાં લગન મારે જ કરાવવાના છે.

હું બ્રાહ્મણ છું. જો તું નકટો થઈ ગયો તો હું તારા માટે નકટી ક્યાંથી લાવીશ.....''

(સૌ ગોપમંડળી હસી પડી)

આ અબુધ બાળકો એટલા નાસમઝ છે કે પોતાના જ અવાજનો પ્રતિધ્વનિ સાંભળી ગાળો આપવા માંડે છે.

''તૂ કોણ છે ડ ડ ડ ડ ડ''

અને ઊંચા અવાજમાં- ''અરે! તું કોણ બોલી રહ્યો છે?''

પ્રતિધ્વનિ- ''અરે! તું કોણ બોલી રહ્યો છે ડ ડ ડ ડ ડ''

રે રે કસ્ત્વં બ્રૂષે ઈતિ સ્વપ્રતિધ્વનિં શ્રુત્વા કુપિતાઃ કિમરે મામેવ
રેરેકારેણાક્ષિપસિ તત્વમદ્યૈવ શીઘ્રં મ્રિયસ્વેતિ
પુનઃ પુનરનવસ્થયા આક્રોશન્તઃ ।।

(વિશ્વનાથ ચક્રવર્તી પાદ કૃત ટીકા ભા. ૧૦/૧૨/૧૦)

''તું મને 'રે-રે' કહીને બોલાવે છે! તારે મરવાની ઉતાવળ છે શું?''

આમ ફરી-ફરી આક્ષેપ કરે છે.

બાળક્રીડામાં મગ્ન વ્રજવાસી બાળકો એટલા મુગ્ધ થઈ જાય છે કે પોતાનો જ પ્રતિધ્વનિ ઓળખી શકતાં નથી.

ભ્રામણૈર્લન્ઘનૈઃ ક્ષેપૈરાસ્ફોટનવિકર્ષણૈઃ ।
ચિક્રીડતુર્નિયુદ્ધેન કાકપક્ષધરૌ કચિત્ ।।

(ભા.૨૦/૧૮/૧૨)

ક્યારેક એક-બીજાનો હાથ પકડીને ફેરવવા લાગે છે, ક્યારેક પરસ્પર આક્ષેપબાજી કરે છે.

એક-બીજાને લલકારે છે-

''માનું દૂધ પીધું હોય તો આવી જા''

''ગાયનું દૂધ પીધું હોય તો આવી જા''

કોનો પથ્થર દૂર સુધી જશે તેની સ્પર્ધા થઈ રહી છે.

ક્યારેક આ નાના-નાના પહેલવાનો હથેળીથી પોતાની ભુજાઓ પર તાલ ઠોકે છે. ક્યારેક બે જૂથ બનાવીને એક-બીજાને ખેંચતા પોતાનું બળ પ્રદર્શન કરે છે.

લાંબા-ગાઢ-કાળાં વાળ શોભી રહ્યાં છે, અગણિત પ્રસ્વેદ બિંદુઓ નાનકડા મુખ પર સામ્રાજ્ય જમાવી બેઠા છે.

પ્રકૃતિથી અલગ અભિનવ-ઉપાદાનોથી નિર્મિત સૌંદર્યનો આ વેશ જ્યારે વિખરાઈ જાય છે ત્યારે એ નાના બાળકોમાંથી કોઈ કમળપત્રથી પંખો ઢોળી રહ્યું છે, કોઈ તેનાં કપડાં અને આભૂષણો ઠીક કરી રહ્યું છે, કોઈ પોતાના કોમળ હાથોથી તેનો પરસેવો લૂંછી રહ્યું છે.

આ જ તો છે- ''સરસ સખ્ય રસ''

પરમાનંદ સ્વામીની વાણીમાં સખ્ય રસ-

ગોપાલ માઈ ખેલત હૈં ચૌગાન
બ્રજકુમાર બાલક સંગ લીને વૃન્દાવન મૈદાન ।

(વૃંદાવન એટલે પાંચ યોજનનું વૃંદાવન)

ચોગાન ક્રીડા શરૂ થઈ-

ચોગાનમાં જેની પાસે દડો જાય, તે તેને મારે છે. સેંકડો સખાઓનો સમૂહ રામ-શ્યામ સાથે રમી રહ્યો છે આ ખેલ.

ચંચલ બાજિ નચાવત આવત હોડ લગાવત યાન ।

આ ઘણો વિચિત્ર ચોગાનનો ખેલ છે. ચંચળ ઘોડા પર બેસી દોડતાં દડાને ફટકારી રહ્યા છે. કંદુક ક્રીડામાં ચતુર યશોદાનંદન એટલામાં ચંચળ ઘોડા પર બેસીને આવ્યા અને જોતજોતોમાં સૌની વચ્ચેથી દડો લઈને ભાગી ગયા.

હવે તો સખામંડળમાં હો-હા થઈ ગઈ. સૌ ગળે હાથ મૂકીને પોતપોતાના બાબાના સમ ખાવા લાગ્યા.

બોલ્યા- ''બાબાના સમ! કૃષ્ણ પાસેથી દડો હું લઈ આવીશ.''

બીજો- ''તું કેવી રીતે લાવીશ, મારો ઘોડો વધુ ઝડપી છે. બાબાના સમ! હું જ દડો લઈ આવીશ.''

સબહિ હસ્ત લૈ ગેંદ ચલાવત કરત બબા કી આન ।

આખો સમૂહ પહોંચી ગયો કૃષ્ણ પાસે અને ખેંચતાણ થવા લાગી. જે હાથમાં આવતું તેની જ ખેંચતાણ થવા લાગતી.

કરત ન શંક નિશંક મહાવલ, હરત નૃપતિ કુલ માન ।

અચાનક, બાળકોના મનમાં થયું કે આ ખેંચતાણમાં આપણા કનૈયાને ક્યાંક ઈજા ન થઈ જાય, એ બિચારો ઘાયલ ન થઈ જાય. આવું વિચારીને ખેંચતાણ બંધ કરી દીધી.

'પરમાનન્દ દાસ' કો ઠાકુર ગુણ આનન્દ નિધાન ।

આ નાના-નાના તરૂણો એક સાથે રમતાં એ વાતનો પણ ખ્યાલ રાખે છે કે કનૈયાને કંઈ થવું ન જોઈએ. કનૈયો જ તેમના માટે સૌથી મોટો ખેલ છે.

વિમુક્તસમ્ભ્રમા યા સ્યાદ્ર વિશ્રમ્ભાત્મા રતિર્દ્વયોઃ ।
પ્રાયઃ સમાનયોરત્ર સા સખ્યં સ્થાયિશબ્દભાક્ ।।

(ભ.ર.સિ. પશ્ચિમ વિભાગ.૩ લહરી શ્લોક ૧૦૫)

ભયશૂન્ય, વિશ્વાસુ સમવયસ્કોની જે રતિ છે, તે જ સખ્યભાવ છે. અનેક ક્રીડાઓ કરીને જ્યારે બાળકો થાક્યા તો સૌથી પહેલા લડ્ડુ-લાડલો મધુમંગલ બોલ્યો- ''કનૈયા! મોદકની યાદ આવી રહી છે. મારા પેટની ધીરજ ખૂટી જતાં તે ઉધમપાત કરી રહ્યું છે, કંઈક કર ભાઈ....''

અંશુ- ''હા દાદા! મને પણ ખૂબ ભૂખ લાગી છે.''

ભદ્રસેન- ''ભાઈ કનૈયા! જોથોડી વારમાં ભાથું નહીં આવે તે મધુમંગલ બેશુદ્ધ થઈને પડી જશે.''

(ભદ્રસેનના કહેતાં જ નટખટ મધુમંગલને નીચે પડતાં વાર ન લાગી)

પેટ પર હાથ ફેરવતો નીચે પડી ગયો મધુમંગલ.

ત્યાં સુધીમાં વાત્સલ્યમયી મૈયા યશોદાએ એક ગોવાલણ સાથે ભાથું મોકલી આપ્યું.

આઈ છાક બુલાયે શ્યામ ।
યહ સુન સખા સબે જુર આયે સુબલ સુબાહુ શ્રીદામ ।।

સુબલ, સુબાહૂ, શ્રી દામ.... સૌ ગ્વાળો આવી ગયા.

અરે! આ શું, મૂર્ચ્છિત મધુમંગલ જાતે જ ઊભો થઈ ગયો!

''ખાવાની સુગંધ આવતાં જ ઊભો થઈ ગયો હું'', મધુમંગલે કહ્યું.

(સૌ હસી પડ્યા)

કમલ પત્ર દોના પલાસ કે સબકે આગે ધાર પરોસત જાત ।

હવે વનમાં તો આવા જ પાત્રો મળે ને.

શતપત્ર કમળના પાંદડાને બધાંની સામે પાથર્યું, કોઈએ કેળાનું પાન, કોઈએ ગિરિરાજના સ્નિગ્ધ પથ્થરોને પાત્ર બનાવી લીધા, કોઈએ નાળિયેરને જ પીવાનું વાસણ બનાવી લીધું.

ભક્ષ્ય, ભોજ્ય, ચોષ્ય, લેહ્ય, પેય બધાં જ પ્રકારના ભોજન છે. પાત્ર ભરાઈ જાય છે, પેટ પણ ભરાઈ જાય છે પરંતુ વાનગીઓ તો દરેક વખતે નવી જ દેખાય છે. એક વાનગીનો ફરી વારો જ નથી આવતો, એટલાં પદાર્થો છે.

ગ્વાલ મંડલી મધ્ય શ્યામઘન સબ મિલ રુચિ કર ખાત ।।

વાંસળી કેડે ખોસી લીધી, પીપોડી અને લાકડીને બગલમાં દબાવી, ડાબા હાથની હથેળી પર માત્ર એક કોળિયો મૂક્યો, આંગળીઓના વેઢામાં દ્રાક્ષ, જમરૂખ, લીંબુ જેવા વિવિધ અથાણાં મૂકી, જમણો હાથ બીજાનું એઠું લૂંટવા માટે સ્વતંત્ર હતો. એ સમયે આ નંદકુળ ચંદ્ર નીલકાંતમણિની જેમ સખા સમુદાયની વચ્ચે શોભી રહ્યો હતો.

એસી ભૂખ માંઝ યહ ભોજન પઠાય દિયે કર યશોદા માત ।
'સૂરસ્યામ' અબ લોં નહિ જેંવત ગ્વાલિન કર તે લૈ લૈ ખાત ।।

પોતાની પાસે બધું જ છે, પણ આ ગોપાલ જ્યાં સુધી સખાઓનું એઠું, વધેલું ન મળે ત્યાં સુધી જમવાનું શરૂ જ નથી કરતો.

આ સ્થાન બાળકૃષ્ણની આવી કેટલીયે સખ્ય રસની વનક્રીડાઓનું સહાયક છે.

વન્ય-ભોજન બાદ અહીં શ્રીકૃષ્ણએ ગૌ-વત્સો(વાછરડાંઓ)ને પાણી પીવડાવ્યું, તેથી આ સ્થળ 'ગ્વાલ પોખરા' નામથી પ્રખ્યાત થઈ ગયું.

શ્રી પ્રિયાશરણજી - સમાધિ સ્થળ

ગ્વાલ પોખરાથી થોડે દૂર પરમ પૂજ્ય બાબા પ્રિયાશરણજી મહારાજનું સમાધિ સ્થળ છે.

ભક્તિ ભક્ત ભગવન્ત ગુરુ ચતુર નામ વપુ એક ।
ઈનકે પગ વન્દન કિયે નાશૈ વિઘ્ન અનેક ।।

પરમ પૂજ્ય શ્રી રમેશબાબા મહારાજના ભક્તિ-મુક્તિ-ત્યાગથી ભરેલા જીવન, વ્રજરજના અનન્ય ઉપાસક, ગૂઢતમ રસિક વાણીઓના સર્વજ્ઞાતા, પરમાતિપરમ પ્રણમ્ય સદ્‌ગુરૂદેવ શ્રી શ્રી પ્રિયાશરણજી મહારાજ. સર્વગુણસિંધુ-સમન્વિત આપનો દિવ્યાતિદિવ્ય આત્મ પરિચય વાણી અને લેખની દ્વારા સર્વથા અસંભવ છે. સીમિતથી અસીમનું વર્ણન કઈ રીતે થઈ શકે...? છતાં પણ લેખનીને પાવન કરવા માટે, અહીં જે કાંઈ લખવામાં આવી રહ્યું છે, તે એક કીડી એવડો જેટલો નાનકડો પ્રયાસ જ છે. વ્રજ પ્રત્યે આપની અનંત પ્રીતિ તથા અવિચળ નિષ્ઠા હતી. આજન્મ વ્રજ ભૂમિને જ પોતાનું

એકાશ્રય બનાવી આપે અહીંની રજમાં પોતાની શતાયુ પૂર્ણ કરી. સંકીર્ણતા-વિહીન, આપ ગૌડેશ્વર સંપ્રદાયના મહાન સૂર્ય પં. બાબા શ્રી શ્રી રામકૃષ્ણદાસજી મહારાજના મુખ્ય સાધકોમાંથી હતાં. ત્રીસ વર્ષ સુધી આપને તેમના સત્સંગનો લાભ મળ્યો. તેમની સદ્પ્રેરણાથી ઈ.સ. ૧૯૨૯માં ગાંધીજી અને લૌહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને પણ પ્રેરણા મળી હતી. જે સમયે આ મહાન દેશભક્તો મહાપુરુષ પં. બાબાની પાસે આવ્યા હતા, તે સમયે પૂજ્ય શ્રી પ્રિયાશરણજી મહારાજ તેમની પાસે જ બેઠાં હતાં. આપ સદા પં. બાબાની અભીષ્ટ સેવા સંપાદન માટે તેમની આસપાસ જ રહેતાં. ગાંધીજીનો પ્રશ્ન હતો (પં. બાબાને) ''૧૮૫૭ પહેલાંથી શરૂ થયેલ ભારત સ્વતંત્રતા સંગ્રામ હજી પણ ચાલી રહ્યો છે, અવિરત પ્રયાસો છતાં હજી સફળતા કેમ દેખાતી નથી?''

પં. બાબાનો ઉત્તર-

''નામ સંકીર્તન વિના સિદ્ધિ સંભવ નથી.''

નામ સંકીર્તન સૌ સાધનોનું પૂરક છે.

મહાપ્રભુજીનું કથન પણ આ જ છે-

''નવવિધા ભક્તિ પૂર્ણ નામ હૈતે હય''

નવધા ભક્તિની પૂર્ણતા પણ નામથી જ છે.

મહાત્માના મુખેથી નીકળેલ આ કથન ગાંધીજીને આત્મસાત થઈ ગયું. વ્રજથી પરત ફરતાં જ 'રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ' કીર્તનનો આરંભ કર્યો અને ૧૯૪૭માં સ્વતંત્રતા આંદોલનની સફળતા દુનિયાએ જોઈ.

આ ચમત્કાર પ્રત્યક્ષ ગોચર થયો, આપની સામે અને પછી આપે જ આ ઘટનાક્રમ પૂજ્ય શ્રી રમેશ બાબા મહારાજને જણાવ્યો. યુગ્મ યુગલ રસતત્ત્વનું વિસ્તૃત વિવેચન કરનાર, અગોચર, અસમોર્ધ્વ રસમય ગ્રંથ છે- ''શ્રી મહાવાણી', જેનો પ્રસાર આપે જ કર્યો.

આપની વાઙ્મય પ્રતિભા એટલી અસાધારણ હતી કે જ્યારે આપ ગૂઢ રસપૂર્ણ વિષયો પર બોલવાનું શરૂ કરતાં, તો મોટા-મોટા એકાંત સાધનારત વિદ્વાનો પણ પોતાની કુટિર છોડીને કર્ણોને શ્રવણાનંદ પમાડવા બાધ્ય થઈ જતા. આપે આપની ભક્તિમયી જ્યોત્સનાથી અસંખ્ય લોકોને આલોકિત કર્યા, આપની ધામ પ્રત્યેની આસ્થાએ અસંખ્યોને આસ્થાવાન બનાવી દીધાં. આપની પ્રત્યેક પ્રવૃત્તિનું ધ્યેય વિશ્વ-માનવના પરમાર્થને ઉન્નત બનાવવાનું જ રહેતું. આપના પ્રેરણાદાયી અને લોકહિતાર્થ દિવ્ય જીવન દ્વારા વ્રજમાં કેટલાય સ્તુત્ય કાર્યો સંપન્ન થયાં.

કેટલાંક કાર્યો દ્રષ્ટવ્ય છે-

શેઠ હરગૂલાલને અધ્યાત્મ માર્ગે આરૂઢ કર્યા અને તેમના દ્વારા આપે જ શ્રીજી મંદિર (બરસાના) બનાવડાવ્યું, સેવા પ્રારંભ કરાવી. પ્રિયાકુંડ (બરસાના) અને માનસી ગંગા (ગોવર્ધન)નો જીર્ણોદ્ધાર પણ ઈ.સ. ૧૯૬૦માં આપના દ્વારા જ સંપન્ન થયો. વ્રજ સેવા સમિતિની સ્થાપના જેના દ્વારા સંત-મહાત્માઓ માટે ધાબળા, વસ્ત્રો વગેરે વિતરિત થતાં રહ્યા. ત્યાગ, સેવા, અપરિમિત જ્ઞાન, એકાંતિક સાધના, આ સૌ ઈશ્વરીય ગુણોનો આપના જીવનમાં અપૂર્વ સંયોગ હતો.

આપની સૌથી મોટી પૂંજી-

'અપરિગ્રહ', આપનું સૌથી મોટું ધન હતું. આપ કહેતાં હતાં- ''લાલા! હું મરીશ તો મારી પાસે ચાર આના પણ નહીં મળે''. આ વ્રતનું આપે આજીવન પાલન કર્યું. એક કટોરો પાણી અને રોટલીના ૨-૪ ટુકડા લઈ ગોવર્ધનથી રાત્રે પાછા વળતાં, બસ આ જ આપનો આહાર હતો, જેના સહારે ૧૬ કલાક આસન પર બેસી ભજન કરતાં. રહેવા માટે આપે ક્યારેય એક ઝુંપડી સુદ્ધાં ન બનાવડાવી, વૃદ્ધાવસ્થામાં પણ આપ કોઈ ધર્મશાળામાં રોકાઈ ગયા, ક્યારેક ક્યાંક વાસ કરીલ ીધો, આપનું સંપૂર્ણ જીવન અસંગ્રહનો અદ્વિતીય આદર્શ હતું.

વિગ્રહ પ્રગટ કરતાં પૂર્વે આપે કહ્યું હતું-

'મારો દેહ પડે, તો મારી સમાધિ ન બનાવડાવતાં' પરંતુ કેટલાક ભક્તગણોએ સમાધિ-સ્થાન બનાવડાવી દીધું. દર વર્ષે 'રાધારાણી વ્રજયાત્રા'ની વચ્ચેથી પૂજ્ય બાબા મહારાજ અહીં આ સમાધિ સ્થળ પર નમન કરવા જાય છે. આપના (શ્રી પ્રિયાશરણ બાબા મહારાજના) પરમ કૃપાભાજક રહ્યા શ્રી બાબા મહારાજ. તેમણે આપને આજીવન અખંડ વ્રજવાસના આશીર્વાદ પ્રદાન કર્યા. એક દિવ્ય સત્તાનો આંશિક પરિચય આપવાનો અહીં પ્રયાસ કર્યો છે કારણકે એક અસીમ સત્તાનો વિષય લેખનબદ્ધ ન જ થઈ શકે. તેથી જેટલું શક્ય બન્યું, તે જ અમારા માટે પરમ ધ્યેય છે.

પાપમોચન કુંડ, ઋણમોચન કુંડ

પાપમોચન કુંડ ગોવર્ધન-ભરતપુર માર્ગ પર ગોવર્ધનની પાસે જ સ્થિત છે. હાલમાં હવે તે નામમાત્ર રહી ગયેલ છે. તેમાં સ્નાન કરવાથી સમસ્ત પાપોનો નાશ થાય છે. તે જ રીતે પરિક્રમા માર્ગમાં ઋણમોચન કુંડ પણ હવે અતિક્રમણને કારણે અસ્તિત્વવિહીન થવા જઈ રહ્યો છે. તેમાં સ્નાન કરવાથી જીવ સમસ્ત ઋણોથી મુક્ત થઈ જાય છે.

પૈંઠા ગ્રામ

પ્રવિષ્ટપુરીનું અપભ્રંશ રૂપ જ પૈંઠા છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે શ્રીકૃષ્ણએ આ જ સ્થાનેથી ગિરિરાજને ધારણ કરવાના સમયે પ્રવેશ કર્યો હતો. તે પારસૌલી ગામથી ૨ કિ.મી. દૂર દક્ષિણ દિશામાં સ્થિત છે.

ભુજાચતુષ્ટયં કાપિ નર્મણા દર્શયન્નપિ ।
વૃન્દાવનેશ્વરીપ્રેમ્ણા દ્વિભૂજઃ ક્રિયતે હરિઃ ।।

(ઉજ્જવલનીલમણિ નાયિકાભેદ પ્રકરણ ૧/૬)

રાસારમ્ભવિધૌ નિલીય વસતા કુઞ્જે મૃગાક્ષીગણૈ-
ર્દૃષ્ટં ગોપયિતું સમુદ્ધરધિયા યા સુષ્ઠુ સંદર્શિતા ।
રાધાયાઃ પ્રણયસ્ય હન્ત મહિમા યસ્ય શ્રિયા રક્ષિતું
સા શક્યા પ્રભવિષ્ણુનાપિ હરિણા નાસીચ્ચતુર્બાહુતા ।।

(ઉજ્જવલનીલમણિ નાયિકાભેદ પ્રકરણ ૧/૭)

શ્રીકૃષ્ણ 'વાસંતીરાસ'માં રાધારાણીને ઈશારો કરીને અંતર્ધ્યાન થઈ ગયા અને ગાઢ ઝાડીઓમાં તેમની પ્રતીક્ષા કરવા લાગ્યા. શ્રીકૃષ્ણને ન જોતાં વ્રજ ગોપિકાઓ કૃષ્ણને શોધતાં-શોધતાં ત્યાં પહોંચી ગઈ, કૃષ્ણ બીજે ન જઈ શક્યા અને ત્યાં જ ચતુર્ભુજ રૂપ ધારણ કરીને બેસી ગયા, તેમને જોઈ ગોપીઓ બોલી- ''આ તો કૃષ્ણ નહીં નારાયણ છે'' અને નારાયણની સ્તુતિ કરી તેમણે શ્રીકૃષ્ણનું મિલન માગ્યું. થોડીવારમાં શ્રીરાધારાણી ત્યાં આવી પહોંચ્યા, શ્રીકૃષ્ણ તેમની હાંસી ઉડાવવા માટે ચતુર્ભુજ રૂપમાં જ રહ્યા પરંતુ શ્રીરાધારાણી સામે આવતાં જ તેમની બે ભુજાઓ અદૃશ્ય થઈ ગઈ. આ શ્રીજીના શુદ્ધ માધુર્યભાવનો અચિંત્ય પ્રભાવ છે, જે ચતુર્ભુજને દ્વિભૂજ કરી દે છે, જે તેમનું સ્વરૂપસિદ્ધ રૂપ છે.

એક અન્ય લીલા

જ્યારે ઇન્દ્ર વ્રજ પર પ્રકોપ વરસાવી રહ્યા હતા તો શ્રીકૃષ્ણએ ગોપકુમારો સમક્ષ એ પ્રસ્તાવ મૂક્યો કે હું ગિરિરાજ પર્વતને ધારણ કરી લઉં છું અને તેની નીચે આવવાથી સૌ વ્રજવાસીઓ, ગાયો અને ગૌવત્સોનું રક્ષણ થઈ જશે. જોકે ગ્વાલબાળો શ્રીકૃષ્ણને અનેક પરાક્રમોથી પરિચિત હતા. પરંતુ બાળમનમાં ઉઠતાં પ્રશ્નોને અનુરૂપ તેમણે કહ્યું કે કનૈયા જો તું આ મોટા કદંબ વૃક્ષને ઉખાડી નાખીશ તો અમે વિશ્વાસ કરીશું કે તું ગિરિરાજ પર્વતને ઉખાડી શકે છે અને બાળકૃષ્ણએ તેમ કરી બતાવ્યું. અલૌકિક પરાક્રમનું અહીં પ્રદર્શન થયું હતું તેથી આ ગામનું નામ પૈંઠા પડ્યું. જે કદંબ વૃક્ષને શ્રીકૃષ્ણએ ઉખાડ્યું હતું તે પૂજ્ય શ્રીબાબા મહારાજની પ્રેરણાથી આજે પણ મંદિરમાં કાચની પેટીમાં સુરક્ષિત અને દર્શનીય છે.

નારદ વન

વ્રજના ૧૨ ઉપવનોમાંથી એક શ્રી નારદ વન (શ્રી નારદકુંડ), સુગંધી પુષ્પોથી આચ્છાદિત અત્યંત રમણીય વન-પ્રાંત છે.

યત્રૈવ મુનિશાર્દૂલો નારદસ્તુ તપશ્ચરેત્ ।
કૃષ્ણસંદર્શનાર્થાય યોગવિદ્યાં ચ પ્રાર્થયન્ ।।
યતો નારદમાખ્યાતં બનં નામ ભુવિ સ્થિતં ।

(બ્ર.ભ.વિ.આ.પુ.)

અહીં દેવર્ષિ નારદ અને શાર્દૂલ મુનિએ શ્રીકૃષ્ણ પ્રાપ્તિ માટે તપસ્યા કરી છે.

યત્ર બ્રહ્મા સમાગત્ય પુત્રાધ્યયન હેતવે ।
સર્વ વિદ્યાસ્થલં જાતં સિદ્ધપીઠં વરપ્રદં ।।

(બૃહન્નારદીયે)

બ્રહ્માજીએ સ્વયં આવીને પોતાના કમંડળમાંથી કાઢીને નારદજીને અહીં સમસ્ત યોગમયી વિદ્યાઓનું અધ્યયન કરાવ્યું અને વિદ્યાની સિદ્ધિ માટે અહીં વીણાધારિણી, વાગ્વાદિની, હંસવાહિની, સિદ્ધિ વિદ્યાસ્વરૂપ ભગવતી સરસ્વતીના વિગ્રહની સ્થાપના કરી અને આગળ બેસીને નારદજીને યોગવિદ્યાનો અભ્યાસ કરાવ્યો, તેથી આ સ્થાન દેવર્ષિ, મનુષ્યો, મુનિઓની પણ પરમ સિદ્ધિનું કારણ છે.

શ્રી વૃન્દાવન લીલામૃત અનુસાર- એક સમયે દેવર્ષિ નારદ આશુતોષ ભગવાન શંભુની પાસે ગયે અને યુગલ સરકારની અષ્ટયામ લીલા સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી.

શંભુએ પોતાને તે બાબતે અનભિજ્ઞ જાહેર કરતાં કહ્યું- ''તમે વૃંદાવનાધીશ્વરી શ્રી વૃંદા દેવી પાસે જતાં રહો, તેમને આનું પૂરતું જ્ઞાન છે.''

રુદ્રની પ્રેરણાથી નારદજી શ્રી વૃંદાદેવી પાસે ગયા. તેમણે સવિનય સ્વેચ્છા વ્યક્ત કરી, વૃંદાદેવીએ નારદજીને તેનું વિસ્તૃત શ્રવણ કરાવ્યું, ત્યારબાદ નારદજી આ પાવન સ્થાન (નારદ કુંડ) પર આવ્યા અને યુગલ સરકારના દર્શનની અદમ્ય ઈચ્છાથી, તેમની અષ્ટકાલીન લીલાનું સ્મરણ કરવા લાગ્યા. એટલામાં જ સખીગણોથી ઘેરાયેલ નીલ-પીતાંબર પ્રકાશપુંજ ઉપસ્થિત થયો. એક તરફ સખીગણોથી સેવિત મહામરકત શ્યામલ સુકુમાર તો બીજી તરફ વામ પાર્શ્વમાં ઉભી છે અસીમ અનુગ્રહ વર્ષિકા સાક્ષાન્મન્મથ માનસ મંથિની- શ્રી રાધા.

નીલ-પીતાંબર દંપતિના યૌવનનું લાસ્ય ચારે દીશાઓમાં સુવર્ણ-ચળકાટ પ્રસરાવી રહ્યું છે.

દેવર્ષિ તો આ અપ્રતિ સૌંદર્યનું અનિર્મે, નયનોથી પાન કરતાં રહી ગયા. દેવિર્ષિના ભજન-પ્રભાવથી જ આ સ્થાનને 'નારદ કુંડ'ની સંજ્ઞા મળી.

બૃહદ નારદીય પુરાણાનુસાર

એકદા નારદો લોકાન્પર્યટન્ભગવત્પ્રિયઃ ।।
વૃન્દારણ્યં સમાસાદ્યઃ તસ્થૌ પુષ્પસરતટે ।
પશ્ચિમોત્તરતો દેવિ માથુરે મંડલે સ્થિતમ્ ।।
વૃન્દારણ્યં તુરીયાંશં ગોપિકેશરહઃસ્થલમ્ ।
ગોવર્ધનો યત્ર ગિરિઃ સખિસ્થલસમીપતઃ ।।

(બૃહ.ના.પુ.ઉ.ખં. વૃંદાવન માહાત્મ્ય અધ્યાય ૮૦/૫,૬,૭)

એકવાર શ્રીકૃષ્ણ લીલાનું રહસ્ય સમજવા માટે દેવર્ષિ, વૃંદાદેવીની તપોભૂમિ કુસુમ સરોવર ક્ષેત્રમાં આવ્યા.

યયૌ વૃન્દાન્તિકં ભદ્રે સંવિધાય તદીપ્સિતમ્ ।।
અથાસૌ નારદસ્તત્ર સન્નિમજ્યોદ્રતસ્તદા ।
દદર્શ નિજમાત્માનં વનિતારુપમદ્ભુતમ્ ।।
તતસ્તુ પરિતો વીક્ષ્ય નારદી સા શુચિસ્મિતા ।।

(બૃહ.ના.પુ.ઉ.ખં. વૃંદાવન માહાત્મ્ય અધ્યાય ૮૦/૨૫,૨૬)

નારદજીની મનોઇચ્છાને પૂર્ણ કરવા માટે વૃંદાદેવીની આજ્ઞાથી તેમની સખી માધવીએ તેમને યુગલ રસરાજના દર્શન કરાવ્યા. અચિંત્યાનન્ત ત્રિભુવન-મોહન રૂપનું દર્શન કરતાં નારદજી દિવ્ય-આનંદ સાગરના ઊંડાણમાં ગરકાવ થઈ ગયા. અભીષ્ટ પૂર્તિ બાદ કુસુમ સરોવરના દક્ષિણ-પશ્ચિમ કુંડમાં પુનઃ સ્નાન કરીને પુરૂષ રૂપને પ્રાપ્ત થઈ ગયા. પદ્મપુરાણ, પાતાળ ખંડ, વૃંદાવન મહાત્મ્યમાં પણ આ પાવન સ્થાનની ચર્ચા છે.

તતો નારદકુંડસ્નાનાચમન પ્રાર્થના મંત્ર (વૃહન્નારદીય):-

બ્રહ્મલોકપ્રદાયૈવ વૈકુંઠપદદાયિને ।
નમઃ નારદકુંડાય તુભ્યં પાપપ્રશાન્તયે ।।

હે વૈકુંઠપદ પ્રદાયક નારદ કુંડ! આપ સમસ્ત પાપોથી નિવૃત્ત કરાવનાર છો, આપને પ્રણામ છે.

તતો નારદબન પ્રાર્થના મંત્ર (આદિપુરાણ) :

ગોવર્ધનમુખાસ્થાય નારદાખ્યવનાય ચ ।
તપસાં રાશયે તુભ્યં નમઃ કૈવલ્યરુપિણે ।।

અર્થઃ- હે કૈવલ્ય સ્વરૂપ નારદ વન! આપ ગિરિરાજ ગોવર્ધનના મુખસ્થળમાં સ્થિત છો, તપોબળ છો, આપને પ્રણામ.

यत्रैव नारदो नित्यं स्त्रानं कृत्वा तपश्चरन् ।
यतो नारदकुंडाख्यं सर्वेष्टफलदायकं ।।

નારદ કુંડમાં સ્નાન કરી નારદ તપસ્યા કરતા હતા, તેથી તેનું નામ નારદ કુંડ છે.

શ્રી ચંદ્રસરોવર

લીલાવિહારીની શ્રૃંગાર લીલા અને સખ્ય લીલા બંને લીલારસોથી ભરપૂર ચંદ્રસરોવર 'ગર્ગસંહિતાનુસાર' **'नासा चन्द्रसरोवरः'** ગોવર્ધનના શ્રી અંગોમાં નાસા-સ્વરૂપ છે. સારસ્વત કલ્પમાં પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુએ અહીં રાસલીલા કરી. તેથી આ સ્થળને 'આદિ વૃંદાવન' માનવામાં આવ્યું છે. ક્યાંક-ક્યાંક વૃંદાવનનું હૃદય હોવાની પણ માન્યતા છે.

ચંદ્ર સરોવર નામ પડવાના ઘણાંય કારણો છે-

પ્રાચીન વૈષ્ણવ ગ્રંથોમાં ચંદ્ર સરોવરનું નામ 'પરમ રાસ સ્થળી' (મહારાસ-સ્થળી) છે. તે રાસેશના વાસંતી-રાસની પાવન-સ્થળી છે. અહીં રાસ મંડળ છે, જેને 'રાસ ચોતરા' કહે છે. પાસે જ કદંબ-વૃક્ષ છે, જેને વંશીવટ કહે છે.

નિજ વાર્તા પ્રસંગ ૩૨માં લખ્યું છે કે સંવત ૧૫૪૮ ફાગણ સુદ ૫, રવિવારના દિવસે આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભ પ્રભુ આદિ વૃંદાવન (ચંદ્રસરોવર-પરાસૌલી)માં પધાર્યા અને ચંદ્રકૂપમાં સ્નાન કરી સૌ વૈષ્ણવોને અહીં રાસ-લીલાનો સાક્ષાત્કાર કરાવ્યો. સ્વરચિત ભગવત્-ટીકામાં શ્રી સુબોધિનીજીમાં આ રાસલીલાને આચાર્યશ્રીએ 'ફલ પ્રકરણ' નામથી સંબોધિત કરી છે.

આ રાસ કાળમાં રાસેશ્વરે રતિ-પતિ-મારનો ગર્વ તો ઓગાળ્યો જ હતો સાથે જ અહીં વિષબંધુ (ચંદ્ર)ની ગતિ પણ વિખેરી નાંખી. ચંદ્રને ઘણોગર્વ હતો પોતાની શુભ્ર-ઉજ્જવલ-ધવલ કાંતિ પર. એ બિચારાને શું ખબર, નીલોદધિ-નંદકુળ ચંદ્રના ચપળ લોચન-યુગલોના બંકિમ ચિતવન પર તેના જેવા કરોડો ચંદ્રોની ઉજ્જવળતા પણ ન્યૂન છે.

રાસેશે જ્યારે રાસોત્સવ આરંભ કર્યો તો ગગનમાં દેવ-વિમાનોની ભીડ ઉભરાઈ ગઈ. સૌ દેવો ભાર્ય સહિત રાસોત્સવના ચિરવાંઇચત દર્શનની ઉત્કટ લાલસાથી ચારે દિશાઓમાં ઉભા થઈ ગયા. મન વશમાં નહોતું એકેયનું.

વારંવાર એક જ પ્રશ્ન ઉભરતો-

''શ્યામસુંદર પોતાના જપાકુસુમ સમાન અરૂણિમ અધરો પર વંશિકાને ધરી ષડ્જ-ઋષભ જેવા સાત સ્વરોથી અલગ કયો સ્વર છેડશે... ?

અને જ્યારે શામળિયાની વાંસળીનો સ્વર પ્રસારિત થયે ચારે તરફ, તો તેના ઉન્માદ-નાદથી મેઘસમૂહો પણ થંભી ગયાં.

મનમોહન કી વંશી બાજી ચંદ્ર સરોવર કે રાસ મેં ।
બ્રહ્મલોક મેં બ્રહ્મા નાચે શિવ નાચે કૈલાશ મેં ।
મનમોહન કી વંશી બાજી ચંદ્ર સરોવર કે રાસ મેં ।
લિએ વિમાન દેવતા ઠાઢે ફૂલ ગિરે આકાશ મેં ।

રાસના સમયે દેવગણોએ અહીં નગારું વગાડ્યું. સ્વર્ગની દિવ્ય દુંદુભિઓ આપોઆપ વાગી ઉઠી. ગંધર્વ ગણો પણ પોતપોતાની પત્નીઓ સાથે ભગવાનના નિર્મળ યશનું ગાન કરવા લાગ્યા. પાષાણ નિર્મિત નગારાઓ આજે પણ અહીં છે અને તેના પર પ્રહાર કરવાથી નગારાંનો અવાજ નિકળે છે. સ્થાનિક નિવાસીઓ તેમને ઇન્દ્રના નગારાં કહે છે, જે દેવેન્દ્રએ મહારાસ વખતે વગાડ્યાં હતા.

રૂપ ગર્વોન્મત શશાંકે જ્યારે એ સૌંદર્ય-સિંધુ-સાર-સ્વરૂપ જોયું તો શરમના માર્યા આંખો આપોઆપ નીચી થઈ ગઈ. રાસેશ્વરે એ સિદ્ધ કરી દીધું કે 'રસો વૈ સઃ' રસ સ્વરૂપ તો હું જ છું.

ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।
પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ।।

(ગીતા.૧૫/૧૩)

હું કૃષ્ણ પોતે જ રસ સ્વરૂપ અર્થાત અમૃતમય ચંદ્ર બનીને સંપૂર્ણ ઔષધિઓને એટલે કે વનસ્પતિઓને પુષ્ટ કરું છું, આમ ચંદ્રનો ગર્વ ઓગળી ગયો.

નારાયણ સ્વામીએ અહીં લીલા ગાઈ પોતાના પદમાં-

દેખુ સખી નવ છૈલ છબીલૌ પ્રાત સમય ઈતતેં કો આવૈ ।
કમલ સમાન બડે દૃગ જાકે શ્યામ સલૌનો મૃદુ મુસુકાવૈ ।।
જાકી સુન્દરતા જગ બરનત મુખ સોભા લખિ ચંદ્ર લજાવૈ ।
'નારાયણ' યહ કિધૌં વહી હૈ જો જસુમતિ કૌ કુઁવર કહાવૈ ।।

ગર્ગ સંહિતાનુસાર

અહીં ચંદ્રએ શ્રીજી-ઠાકુરજીને ચંદ્રકાંતમણિ અને બે સહસ્ત્રદળ કમળ ભેટમાં આપ્યા.

વૃત્તાંત કંઈક આમ છે-

શ્રૃંગાર મંડળ પર દેવી-સ્વરૂપા સરિતાઓ અને ચતુર ગોપાંગનાઓ દ્વારા શ્રીજી અનેક પ્રકારે સજી-ધજીને વ્રજરાજ-કિશોરની સાથે પરાસૌલીના નૈઋત્યકોણમાં સ્થિત ચંદ્ર સરોવર પર આવ્યા અને જળ કેલિ કરી.

અથ કૃષ્ણઃ સ્વપ્રિયાભિર્યયૌ ચન્દ્રસરોવરમ્ ।

(ગ.સં.વૃં.ખં.-૨૦/૧૬)

ત્યારબાદ કદંબ, વડ, આંબો, અશ્વત્થ, બિંબ, પલાશ જેવા મોટા-મોટા વૃક્ષોથી ઘેરાયેલા ચંદ્ર સરોવરના નિર્મળ જળમાં વ્રજાંગનાઓ સાથે મદોન્મત ગજરાજની જેમ શ્રીકૃષ્ણ જળવિહાર કર્યો-

ચકાર તજ્જલે કીડાં ગજીભિર્ગજરાડિવ ।
તત્ર ચન્દ્રઃ સમાગત્ય ચન્દ્રકાન્તૌ મળી શુભૌ ।।
સહસ્રદલપદ્મે દ્વે સ્વામિન્યૈ હરયે દદૌ ।

(ગ.સં.વૃં.ખ.-૨૦/૧૭,૧૮)

ત્યારે સ્વયં રાકા-ચંદ્રએ ઝુકીને અનિંદ્ય-સુંદરી શ્રી રાધારાણી અને મુનિમનમોહન શ્રીકૃષ્ણને શુભ્ર જ્યોતિ ફેલાવનાર ચંદ્રકાંતમણિ અને બે સહસ્રદલ કમળ ભેટમાં આપ્યા.

રાત્રિકાળમાં વિકસિત સરોજ ક્યાંથી આવ્યું? ગોપીઓએ સ્વયં જણાવ્યું-

ભુઙ્ક્તે સ્વયં યદવશિષ્ટરસં હૃદિન્યો
હૃષ્યત્ત્વચોઽશ્રુમુમુચુસ્તરવો યથાઽર્યા : ।

(ભા.૧૦/૨૧/૯)

જ્યારે શ્રીકૃષ્ણ વેણુનાદ કરતાં ત્યારે કમળો સૂર્યના ઉદય કે અસ્તના સમયને ન જોતાં, બસ વિકસિત થઈ ઉઠતાં. રાસ પંચાધ્યાયીમાં પણ વર્ણન આવે છે કે રાત્રિકાળમાં પણ કમળો ખિલેલાં હતાં.

બાહું પ્રિયાંસ ઉપધાય ગૃહીતપદ્મો રામાનુજસ્તુલસિકાલિકુલૈર્મદન્ધૈઃ ।
અન્વીયમાન ઈહ વસ્તરવઃ પ્રણામં કિં વાભિનન્દતિ ચરન્ પ્રણયાવલોકૈઃ ।।

(ભા.૧૦/૩૦/૧૨)

રાત્રે પણ રાસવિહારીના હાથમાં પ્રસ્ફુટિત (ખિલેલું) કમળ હતું.

ચંદ્ર સરોવરનું વર્તમાન રૂપ અષ્ટદલ કમળાકાર છે, જે ઘણું મનમોહક છે. ચંદ્ર સરોવર નામ હોવાનું એક વિશિષ્ટ કારણ તેનો ચંદ્ર જેવો આકાર પણ છે. આ કુંડનું નિર્માણ ભરતપુર નરેશ સૂરજમલના સુપુત્ર જવાહરસિંહ દ્વારા કરવામાં આવ્યું. ઈ.સ. ૧૮૫૪ની આસપાસ આ સરોવરનો જીર્ણોદ્ધાર ભરતપુરની મહારાણી હંસિયા દ્વારા સંપન્ન થયો.

ચંદ્ર સરોવરના નૈઋત્યકોણમાં શ્રૃંગાર મંદિર અને અગ્નિકોણમાં રાસ-ચબૂતરો છે.

ભાવિકોની ભાવના અનુસાર આ સ્થળ શ્રી ચંદ્રાવલીજીનો નિકુંજ પણ માનવામાં આવે છે. તેથી શ્રી ચંદ્રવિહારીજીના મંદિરમાં અહીં શ્રીકૃષ્ણ-બલરામ અને ચંદ્રાવલી સખીના દિવ્ય વિગ્રહો પ્રતિષ્ઠિત હતાં, આજે અહીં શ્રી દાઉજી જ વિરાજમાન છે. પાસે જ છે- શ્રી સંકર્ષણ કુંડ.

વિદ્વાનોનું કથન છે કે-

પલ્લીનો અર્થ છે- પટ્ટી અથવા ગામ.

અહીં પહેલા કેસુડા (પલાશ)ના વૃક્ષોનું બાહુલ્ય હતું, તેથી તેને પલાશ-પલ્લી પણ કહે છે. પલાશ-પલ્લીનું અપભ્રંશ જ પરાસૌલી થઈ ગયું.

બીજું કારણ- પરાશર ઋષિની તપોભૂમિ હોવાને કારણે પણ તે પરાસૌલી નામથી પ્રખ્યાત છે. આ ગામની સીમાઓ પશ્ચિમમાં ગોવર્ધન, ઉત્તરમાં જમનાવતો, દક્ષિણમાં પૈંઠા, પૂર્વ દક્ષિણમાં ભ રતપુર અને પશ્ચિમ-દક્ષિણમાં આન્યૌર સાથે સંકળાયેલી છે. ૧૨૦૦ વીઘાનું આ વિશાળ ક્ષેત્ર ન કેવળ કૃષ્ણ લીલાની પાવન સ્મૃતિ બલ્કે મહાપુરૂષોની સ્મરણીય સ્મૃતિને પણ સંભારીને બેઠું છે. અહીં સરોવરની પાસે જ આચાર્યચરણ શ્રીમદ્વલ્લભ પ્રભુની બેઠક, શ્રી ગુસાંઈજીની બેઠક, ગુસાંઈ હરિરાયજી અને શ્રી ગોકુળનાથજીની ગાદી-સેવા અને એક કૂવો છે જેને ચંદ્રકૂપ અથવા શ્રીનાથજીનો જળધરો કહેવામાં આવે છે. અહીંનું સ્વાદિષ્ટ જળ, નિત્યા શ્રીનાથજીના પાન માટે લઈ જવામાં આવતું.

એક વખતે- આચાર્યચરણના વાસનાશૂન્ય હૃદયમાં પંઢરીનાથના દર્શન કરી પુત્ર પ્રાપ્તિની ઇચ્છા થઈ. એક દિવસ પ્રભુએ જ આદેશ કર્યો- ''આપ વિવાહ કરી લો.''

''જો આપ પુત્ર બનો, તો હું વિવાહ કરૂં''- આચાર્યપાદે કહ્યું.

મનોવાંછા પુર્ણ કરનાર પ્રભુએ તરત હા કહી દીધી અને પછી વિઠ્ઠલેશ રૂપમાં અવતરિત થયા, તે પંઢરીનાથ.

આચાર્યપાદના ૨ પુત્રરત્નો હતા.

૧. શ્રી ગોપીનાથજી

૨. શ્રી વિઠ્ઠલનાથજી

આચાર્યપાદના ધામગમનોપરાંત ગાદીનો અધિકાર જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીને પ્રાપ્ત થયો પરંતુ તેઓ પણ જલ્દી જ લીલામાં પ્રવેશી ગયા. ગોપીનાથજીના પુત્ર શ્રી પુરૂષોત્તમજી તે સમયે અલ્પ વયસ્ક હતા, તેથી સર્વગુણસંપન્ન વિઠ્ઠલેશ પ્રભુએ જ સુચારુ રૂપે કાર્યભાર સંભાળ્યો અને સેવાઓનો વિસ્તાર કર્યો. મંદિરના અધિકારી કૃષ્ણદાસજી ગોપીનાથજીની પત્નીનો પક્ષ લઈ તેમને ગાદીનો અધિકાર અપાવવા માગતા હતા. તેથી સેવામાં ભુલો કાઢીને કે ગુસાંઈજીને વીણાવાદનમાં વધુ રસ છે, આરતીમાં મોડા આવે

છે, તેથી કૃષ્ણદાસ અધિકારીએ ભગવદ રૂપ વિઠ્ઠલેશજી પાસેથી અધિકારી છિનવી લીધો નાથજીના દર્શનનો ઉંબરો બંધ કરાવી દીધો.

ગુસાંઈજીને વળી અધિકારની ક્યાં પડેલી જ હતી, પરંતુ દર્શનની અપ્રાપ્તિ, નાથજીના વિયોગનું અસહ્ય કષ્ટ અવશ્ય થયું. આપ પરાસૌલી ચંદ્રસરોવર પર વિયોગની પીડાથી ઉદ્‌ભવેલ વિક્ષિપ્ત સ્થિતિને પણ ઈશ્વરેચ્છા સમજીને ૬ માસ સુધી અહીં રહ્યા.

નિત્ય પ્રતિદિન મંદિરની ધ્વજાને અહીંથી જ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી લીતેાં. ધ્વજા પર અનિમેષ નજરે જોતાં રહેતાં, અવિરત અશ્રુપ્રવાહ ચાલુ રહેતો.

ગુસાંઈજીના શિષ્ય બીરબલને જ્યારે ખબર પડી તો તેણે અકબરને જાણ કરી. તેથી કૃષ્ણદાસ અધિકારીને કેદખાનામાં પૂરી દેવામાં આવ્યા.

આચાર્ય શિરોમણિ ગુસાંઈજીને જ્યારે ખબર પડી તો તેઓએ સામે એક વિચિત્ર પ્રતિજ્ઞા કરી-

''જ્યાં સુધી અધિકારીજી પાછા ન આવી જાય, હું અન્ન-જળ ગ્રહણ નહીં કરું.''

તરત જ કૃષ્ણદાસજીને કેદખાનામાંથી મુક્ત કરવામાં આવ્યા, પછી પોતાની ભૂલ સ્વીકાર કરતાં, અધિકારીજીએ આપની સવિનય સ્તુતિ કરી.

પરમ કૃપાલુ શ્રી વલ્લભનન્દન કરત કૃપા નિજ હાથ દે માથે ।

વિરહના એ છ મહિના ગુસાંઈજીએ અહીં જ પસાર કર્યા.

તે સમયે જ્યારે શ્રીનાથજી ગોવર્ધન પર વિરાજતા હતાં, ત્યારે અહીં જ ફૂલઘર પણ હતું, તેથી ગિરિરાજજી પરથી માળા માટે જોરથી બૂમ પાડવી પડતી હતી. તે જ પરંપરા અનનુસાર આજે પણ પુષ્ટિમાર્ગીય મંદિરોમાં રાજભોગ બાદ માળા બોલવામાં આવે છે.

ગુસાંઈજીના પરમ સ્નેહી શ્રી રામદાસ ભીતરિયા રોજ ઠાકુરજીના બીડા-પ્રસાદ લઈ ગુસાંઈજીના દર્શને ચંદ્રસરોવર પર અવશ્ય આવતા હતા, ત્યારે ગુસાંઈજી એક યષ્ટિ (છડી)માં ફૂલોની માળા અને માળાની વચ્ચે પોતાના વિપ્રલમ્ભના ઉદ્‌ગાર (શ્લોક સ્વરૂપે) એક પર્ણપત્રમાં લખીને મોકલી આપતા.

નાથજી રોજ આ શ્લોક વાંચતા અને રામદાસજીના હાથે જ સાંત્વનાત્મક સંદેશ મોકલતાં. એક દિવસ નાથજીએ સંદેશમાં કહ્યું-

'મેઘ તો એના સમયે જ વરસશે.''

એટલે કે 'સમય આવવા દો, સૌ સારા વાના થશે.''

તેના જવાબમાં ગુસાંઈજીનું કથન હતું-

''મેઘ તો સમયે જ વરસે છે પરંતુ ચાતક પણ એની જીદ ક્યાં છોડે છે?'' પ્રેમની

ગોપનીયતા તો જુઓ, ગુસાંઈજી દ્વારા પ્રેષિત આ પત્રોને નાથજી વાંચ્યા બાદ ગળે ઉતારી લેતાં જાણે કોઈ પ્રેમિકા પોતાના પ્રેમીને ગુપ્ત પત્ર મોકલે તો પ્રેમી તે વાંચીને તેને બીજાની દૃષ્ટિથી બચાવતો હોય છે.

તેવી જ રીતે નાથજી પણ પ્રેમને કારણે બધાં પત્રો આરોગી જતાં. તેમાંથી ૧૯ પત્રો કોઈક કારણસર બચી ગયાં, જેમને સાચવવામાં આવ્યા અને તે જ 'નવ વિજ્ઞપ્તિ' નામનો ગ્રંથ બન્યો.

નવ-વિજ્ઞપ્તિની કેટલીક રત્ન કણિકાઓ-

यद्दैन्यंत्वत्कृपा हेतुर्न तदस्ति ममाण्वपि ।
तां कृपां कुरु राधेश यया तद्दैन्यमाप्नुयाम् ।।

(વિજ્ઞપ્તિ ૩/૧)

''હે રાધાપતિ! જે દીનતા આપની કૃપાનો હેતુ છે, તેનો મારામાં તો અંશમાત્ર પણ નથી. તેથી હવે આપ એવી કૃપા કરો, જેથી તે દીનતા મને પણ પ્રાપ્ત થાય.''

सर्व साधनशून्योऽहं सर्वसामर्थ्यवान् भवान् ।
श्री गोकुलप्राणनाथ न त्याज्योऽहं कदापि वै ।।

(વિજ્ઞપ્તિ ૧/૧૨)

''હે ગોકુળના સ્વામી! હું સર્વથા સર્વસાધનહીન છું પરંતુ આપ તો સર્વ સામર્થ્યવાન છો તેથી હું કોઈપણ સંજોગોમાં આપના દ્વારા ત્યાજ્ય નથી.''

यदि तुष्टोऽसि रुष्टो वा त्वमेव शरणं मम ।
मारणे धारणे वापि दीनानां नः प्रभुर्गतिः ।।

(વિજ્ઞપ્તિ ૨/૧)

''હે પ્રભુ! આપ ભલે મારા પર પ્રસન્ન હો કે અપ્રસન્ન હો, મારા માટે તો એકમાત્ર આપ જ આધાર છો. મુજ સમ ગરીબને જીવાડનાર કે મારનાર એકમાત્ર પ્રભુ છે અને મને આપનો જ સહારો છે.''

સૂરદાસ જી

આચાર્યપાદની બેઠકની પાસે જ 'સૂર-કુટી' અને 'સૂર-સમાધિ' છે. ૧૦૫ વર્ષની દીર્ઘાયુમાં અંતિમ ૭૦ વર્ષો કવિકુલભૂષણ શ્રી સૂરદાસજીએ અહીં જ વ્યતીત કર્યા હતા.

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના શબ્દોમાં તેઓ 'ભક્તિના સાગર' અને ગુસાંઈ શ્રી વિઠ્ઠલનાથજીના શબ્દોમાં 'પુષ્ટિમાર્ગના જહાજ' હતાં. તેમના સવા લાખ ગેય પદોનો સંગ્રહ 'સૂરસાગર' જેમાં સાહિત્યના ૯ રસો પૈકી ભક્તિ જગતના શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય, શ્રૃંગાર આ પાંચ રસોનો અભૂતપૂર્વક સમાવેશ છે.

હૃદયમાં પ્રેમનું પ્રસ્ફુટન થાય ત્યારે જ ગીતનો પ્રાદુર્ભાવ થાય છે.

પ્રેમના અનંત ગુણોનું ગાયન જ વાણી કહેવાય છે. તેમની આ વાણી 'સૂરસાગર' માત્ર પદની પ્રચુરતા થી જ નહીં બલ્કે તેના અર્થોની વિવિધતાને હિસાબે પણ સાગર જ છે, જેણે માનવ જગતમાં અભિનવ રસ-સુધાનું વિતરણ કર્યું છે.

અષ્ટ મહાછાપના સુકવિઓમાં સૌથી વધુ પદોની રચના આપે કરી.

સત્ય તો એ છે કે સૂરદાસજી સામાન્ય માનવ હતાં જ નહીં, લોકોપકાર અર્થે સ્વયં શ્રી ઉદ્ધવજી જ સૂરદાસ રૂપે અવતર્યા અને મૃત્યુલોક પર આવવા માટે શ્રી લલિતાજી દ્વારા શાપિત થયા.

સૂરદાસ જી જગ વિદિત શ્રી ઉદ્ધવ અવતાર ।
કથા પુરાણાંતર કથિત વર્ણન કરો ઉદાર ।।

વિ.સં. ૧૫૩૫માં વૈશાખ સુદ પાંચમને મંગળવાર સારસ્વત કલ્પમાં દિલ્લીની પાસે સીહી ગામમાં સૂરદાસજીનો જન્મ થયો. તેમના જન્મથી અંધ હોવાને કારણે અને તેમની અલૌકિક પ્રતિભાથી અજાણ હોવાને કારણે માતા-પિતા પોતાને દુર્દૈવગ્રસ્ત માનવા લાગ્યા.

જ્યારે સૂરદાસજી ૬ વર્ષના થયા તો કોઈ ધનવાન યજમાને તેમના પિતાને બે સોનામહોરો આપી, જેને પામીને તેઓ ઘણાં પ્રસન્ન થયા અને તે સુરક્ષિત સ્થાનમાં મૂકી દીધી. ઉંદરો તે સોનામહોર પોતાના દરમાં લઈ ગયા. પિતાને મહોર મળવાની પ્રસન્નતા કરતાં વધુ દુ:ખ તે ગુમાવવાનું હતું. બાળવયના સૂરદાસે પિતાજીને સમજાવ્યા-

''પિતાજી! મહોરોનું આટલું દુ:ખ શા માટે કરી રહ્યા છો?'' પિતાજીએ ઉંદરોનો બધો ગુસ્સો બાળક સૂરદાસ પર ઉતારી દીધો.

પિતાજી- ''આંધળા! તારા આવવાથી જ મારા ઘરનો સર્વનાશ થઈ ગયો.''

સૂરદાસજી- ''પિતાજી! અકારણ ક્રોધ ન કરશો, હું આપની મહોરો તો બતાવી દઈશ, પરંતુ મારી એક શરત છે.''

પિતાજી- ''જલ્દી બોલ, શું શરત છે?''

સૂરદાસજી- ''આપ જાતે જ મારો હાથ પકડીને મને ઘરની બહાર કાઢી મૂકશો અને ફરી મને ક્યારેય પાછો નહીં બોલાવો.''

સોનામહોરોના મોહમાં પિતાએ 'હા' પાડી દીધી. મહોરો પણ મળી ગઈ. શરત અનુસાર સૂરદાસજી ગૃહત્યાગ કરી વનમાં જવા લાગ્યા તો પિતાએ રોકવાનો પ્રયાસ કર્યો. (આ જોઈ સૂરદાસ બોલ્યા)

સૂરદાસજી- ''પિતાજી! આપે મને રોકવાનો પ્રયાસ કર્યો તો આ મહોરો ફરી ખોવાઈ જશે અને જો હવે ખોવાઈ તો ફરી નહીં મળે.'' માતા-પિતાએ ફરી પ્રયાસ ન કર્યો રોકવાનો.

ગૃહત્યાગ કરી સૂરદાસજી ત્યાંથી ૪ કોસ દૂર રહેવા લાગ્યા અને ૧૨ વર્ષ સુધી ત્યાં જ રહ્યા. ધીરે-ધીરે આપનો પ્રભાવ ત્યાં ઘણો વધી ગયો, જે ભગવદ ભજનમાં ખલેલ

ઉભી કરવા લાગ્યો, તેથી ૧૮ વર્ષની ઉંમરમાં આપે તે સ્થાન પણ છોડી દીધું. મથુરા આવ્યા, પછી ત્યાંથી રુનકતા ગામની પાસે ગઉઘાટ પર આપનો પ્રવાસ રહ્યો. અહીં પણ આપનાથી પ્રભાવિત થઈ લોકોએ આપનું શિષ્યત્વ સ્વીકાર્યું. ચારે તરફ આપ 'સ્વામીજી' નામથી પ્રખ્યાત થઈ ગયા.

એક વખત પુષ્ટિ સંપ્રદાયના આદ્યાચાર્ય મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી મહારાજ વિ.સં. ૧૫૬૦ માં વ્રજયાત્રા કરવા નિકળ્યા, ઉત્તર ભારતના જન-જનના માનસ પટલ પર આપનું ગહન ગંભીર વૈદુષ્ય પકડ જમાવી બેઠું હતું. યાત્રાકાળમાં આપનો પડાવ ગઉઘાટ પર પણ થયો. સુકવિ સૂરસ્વામીએ જ્યારે સાંભળ્યું તો દર્શનની ઇચ્છા થઈ. લોકો સૂરસ્વામીને લઈ આવ્યા આચાર્યપાદ સાથે મિલન કરાવવા. આચાર્યજીને મળી સૂરસ્વામીને મહાન સુખની અનુભૂતિ થઈ.

આચાર્યપાદ- ''સૂર! કંઈક ભગવદ્ યશ સંભળાવો.''

સૂરસ્વામીજીએ ગાયું-

'હરિ હૌં સબ પતિતન કો નાયક'
'હરિ હૌં સબ પતિતન કો ટીકો'

આચાર્યપાદ- ''અરે, સૂર હોવા છતાં ખચકાય છે... ભગવદ્ લીલા ગા.''

સૂરસ્વામી- ''આચાર્યચરણ! આ જન્માંધને કાંઈ જ દેખાતું નથી, તો ભગવદ્ લીલા ક્યાંથી ગાઉં?''

આચાર્યપાદ- ''તું મારી સાથે વ્રજમાં ચાલ, હું તને લીલાના દર્શન કરાવીશ.'' અહીં આચાર્યપાદ પાસેથી દીક્ષા લઈ, સૂરસ્વામી તેમની સાથે વ્રજમાં આવી ગયા. સૂરસ્વામીમાંથી સૂરદાસ બની ગયા. સૌપ્રથમ ગોકુળમાં આવીને શ્રી નવનીતપ્રિયાજીના દર્શન કર્યા અને લીલાના સરસ-પદોનું ગાન કર્યું.

સૂરદાસજી ગોવર્ધનમાં આવીને નિત્ય શ્રીનાથજીને પદ સંભળાવવા લાગ્યા. આચાર્ય ચરણે તેમને નાથજીની કીર્તન સેવામાં પ્રધાન કીર્તનકાર તરીકે નિયુક્ત કર્યા. ગોવર્ધન આવ્યા બાદ સૂરદાસજીએ સ્થાયી નિવાસ ચંદ્રસરોવર-પરાસૌલીમાં કર્યો.

અહીંથી રોજ નાથજીના દર્શન કરવા જતાં અને નવા પદનું ગાયન કરતાં. આચાર્યપાદના લીલાપ્રવેશ બાદ ગુસાંઈ વિઠ્ઠલજીએ અષ્ટછાપની સ્થાપના કરી તેને ઘણું સુંદર રૂપ આપ્યું.

વિ.સં. ૧૬૧૩માં નાથજી મથુરામાં વિરાજતા હતાં, તેથી સૂરદાસજી પણ ત્યાં જ તેમની કીર્તન સેવામાં હતા. દિલ્લીપતિ અકબર સૂરદાસજીની બહુમુખી પ્રતિભાથી પ્રભાવિત હતો. કોઈક જરૂરી કામસર તેનું મથુરા આવવાનું થયું અને સૂરદાસજીનો સમાગમ પ્રાપ્ત થયો.

સૂરદાસજીની નિષ્ઠાની પરીક્ષા લેવા માટે અકબરે તેમને પોતાના યશનું ગાન કરવા કહ્યું, તો સૂરદાસજીએ અકબરનું યશોગાન ગાવાનો ઇન્કાર કરતાં કહ્યું-

નાહિન રહયૌ હિય મહઁ ઠૌર ।
નન્દનન્દન અછત કૈસે આનિએ ઉર ઔર ।।

આ સાંભળીને અકબર મૂક થઈ ગયો.

એક વખત ગોકુળમાં શ્રી ગોવિંદરામજી, શ્રી બાળકૃષ્ણજી વગેરે ગુસાંઈ બાળકોએ સૂરદાસજીને પરીક્ષા લેવા માટે ઠાકુરજીને ન વસ્ત્રો ધારણ કરાવ્યા ન આભૂષણ. કમળપુષ્પથી નવનીતપ્રિયાને સજાવ્યા. સૂરદાસજી તો માત્ર બાહ્ય ચક્ષુઓથી હીન હતાં, તેમના અંતરચક્ષુ તો સદાય ઠાકુરજીનો સાક્ષાત્કાર કરતાં. ગુસાંઈ બાળકો જિજ્ઞાસુ હતા કે જોઈએ આજે સૂરદાસ પદમાં શું ગાય છે?

પરદો હટાવતાં સૂરદાસજીએ મંદ-સ્મિત સહિત ગાયન આરંભ કર્યું-

દેખેરી હરિ નંગમ નંગા ।
જલસુત ભૂષણ અંગ વિરાજત વસન હીન છવિ ઉઠત તરંગા ।।
અંગ-અંગ પ્રતિ અમિત માધુરી નિરખત લક્ષ્મિત કોટિ અનંગા ।
કિલકત દધિ સુત મુખ લૈ મન ભરિ 'સૂર' હઁસત બ્રજ યુવતિન સંગા ।।

સાંભળીને સૌ ગુસાંઈ બાળકો વિસ્મય પામી ગયાં. સૂરદાસજીના સાક્ષાત્કાર પર તેમને ભરોસો બેસી ગયો.

સૂરદાસજીનો સવા લાખ પદોની રચનાનો સંકલ્પ પૂર્ણ થવામાં જ હતો. એક લાખ પદોનું સર્જન તેઓ કરી ચૂક્યા હતા, આ બાજુ ગોવર્ધનનાથ નિત્ય લીલામાં આહ્વાન કરી રહ્યા હતાં સૂરદાસજીનું, હવે સંકલ્પ કેવી રીતે પૂર્ણ થાય, સૂરદાસજી ચિંતામગ્ન હતાં, ત્યારે નાથજીએ સ્વયં તેમને કહ્યું- ''સૂરદાસજી! આપના પદોની સંખ્યા સવા લાખ થઈ ચુકી છે.''

સૂરદાસજી- ''એ કેવી રીતે પ્રભુ?''

નાથજી- ''મેં ૨૫ હજાર પદોની રચના કરી તેમાં જોડી દીધાં છે. વિશ્વાસ ન હોય તો ગણતરી કરાવી લો. મારા પદોમાં સૂર-શ્યામની છાપ છે.'' ગણતરી કરવામાં આવી તો ખરેખર પદોની સંખ્યા સવા લાખ નીકળી.

સૂરદાસજી ની વિગ્રહ-સંવરણ લીલા

ગુસાંઈજી, નાથજીના શ્રૃંગારમાં મગ્ન હતાં, અચાનક સૂરદાસજીની યાદ આવતાં કહ્યું કે આજે શ્રૃંગારનું પદગાન કેમ નથી થઈ રહ્યું? સૂરદાસજી ક્યાં છે? નાથજીની તરફ જોયું તો નાથજીની બંને આંખો નમેલી હતી.

ગુસાંઈજી સમજી ગયા, લાગે છે સૂરદાસજી નિત્ય-લીલામાં પ્રવેશ કરવા માગે છે. સૂરદાસજી સૌ વૈષ્ણવો તરફ મુખ કરીને વ્રજધરાને છાતીએ લગાવી ચત્તાપાટ સૂઈ ગયા. લોકોએ પહોંચ્યા, સૌને લાગ્યું કે સૂરદાસજીને કષ્ટ છે, તેમને સીધા કરી દઈએ. સીધા કરવા લાગ્યા તો સૂરદાસજીએ મનાઈ ફરમાવી કે જે વ્રજભૂમિને સદા ઉત્તમાંગ આપ્યું તેને ગમનકાળમાં પીઠ કેવી રીતે બતાવું..... આ એ જ ધરા છે, જ્યાં સ્વયં પૂર્ણ પુરૂષોત્તમ પણ ક્રીડારત છે. આ રજ વૈષ્ણવ ભક્તોને પ્રાણથી પણ વધુ પ્રિય છે. અહીંના કાંટા, અહીંની માટી, અહીંના કષ્ટ સૌ વ્હાલાં લાગે છે. જે આ કષ્ટોથી ગભરાય છે, બરાડે છે, બૂમો પાડે છે તે અભાગિયા છે, નીચ પુરુષ છે, જે આટલાં અમથાં કષ્ટમાં વ્રજભાવને સમજી નથી શકતાં. વ્રજનો અનુરાગી તો કહે છે-

કોટિ મુક્તિ સુખ હોત ગોખુરુ જબે લગત ગડિ પાઁયન ।

વ્રજનો કાંટો જ્યારે વાગે છે ત્યારે તે કરોડો મુક્તિ સમાન સુખ પ્રદાન કરે છે, તેને વ્રજનો ભક્ત કહે છે. રસખાનજીએ લખ્યું છે-

કોટિક હી કલધૌત કે ધામ, કરીલ કી કુંજન ઉપર વારૌં ।

એટલામાં સ્વયં ગુસાંઈજી પણ કુંભનદાસજી વગેરેને સાથે લઈ ત્યાં પહોંચી ગયા. ગુસાંઈજીએ પોતાની ગોદમાં સૂરદાસજીનું માથું રાખ્યું. સૌ ભગવદીયોએ પોત-પોતાની જિજ્ઞાસા પ્રકટ કરી. એક વૈષ્ણવે પૂછ્યું-

''ભગવાનનો સ્વભાવ કેવો છે?'' તો સૂરદાસજીએ જવાબ આપ્યો-

પ્રીતિ કી રીતિ ગોપાલહિ જાનત

ગોપાળ ન જ્ઞાન જુએ છે, ન કર્મકાંડ, ન ધન, ન રૂપ, ન યૌવન. એકમાત્ર પ્રેમ જુએ છે. તમે ચતુરાઈ વાપરો છો, ઈશ્વરનો પ્રેમ પણ જોઈએ અને સાંસારિક ભોગ-ઐશ્વર્ય પણ. આ બધી ઠગવિદ્યા પ્રભુ સારી રીતે જાણે છે અને સમજે છે કે આને તો પોતાના સમ્માન, ભોગ અને દ્રવ્ય પ્રત્યે પ્રેમ છે, તે મારો દીવાનો નથી, મારો પ્રેમી નથી, ઢોંગી છે.

સર્વસ દેત ભોરાઈ હી સોં

જે સીધો-સાદો, ભલો-ભોળો છે, તે સર્વસ્વ આ રજ પર અર્પણ કરી દે છે, આ રજમાં પોતાને મેળવી દે છે, એને જ તો પ્રભુ બધું આપી દે છે, ત્યાં સુધી કે પ્રભુ પોતાને પણ આપી દે છે.

ચતુરન સોં ચતુરાઈ ઠાનત

અને જેઓ ચતુર બનવા જાય છે તે પોતાને જ છેતરી રહ્યા છે. તેઓ વિચારે છે કે આપણે શ્રીકૃષ્ણને ઠગી લઈશું પણ કનૈયો તો ચતુરોમાં પણ ચતુર છે તેથી જ તો ત્રણ સ્થાનેથી વાંકો છે.

ચતુર્ભુજ દાસજીએ પ્રશ્ન કર્યો- ''આપે ભગવદ્ યશના તો લાખો પદોની રચના કરી, પણ આચાર્ય યશ કેમ ન ગાયો?''

સૂરદાસજી- ''આચાર્ય પાદ અને ભગવાનમાં જો મને ભિન્નતા દેખાઈ હોત તો હું અવશ્ય તેમના માટે અલગ પદની રચના કરત પરંતુ તે બંનેમાં ભેદનો અભાવ છે, છતાં પણ તમારી ઇચ્છા છે તો સાંભળો-

ભરોસો દૃઢ ઈન ચરનનિ કૈરૌ ।
શ્રીવલ્લભ નખ ચન્દ્ર છટા બિનુ સબ જગ માહિં અન્ધૈરૌ ।।
સાધન ઔર નહીં યા કલિ મેં જાસોં હોત નિબેરૌ ।
'સૂર' કહા કહૈ દ્વિવિધ આંધરૌ બિના મોલકો ચેરૌ ।।

ગુસાંઈજીએ પૂછ્યું- ''સૂરદાસજી! અત્યારે આપનું મન ક્યાં વિચરી રહ્યું છે?'' ત્યારે સૂરદાસજીએ એક ગોપનીય રહસ્ય ગાઈ સંભળાવ્યું-

બલિ-બલિ હૌં કુંવરિ રાધિકા નન્દ સુવન જાસોં રતિ માની ।
વે અતિ ચતુર તુમ ચતુર શિરોમણિ પ્રીતિ કરી કૈસે હોત હૈ છાની ।।
વે જૂ ધરત તન કનક પીતપટ સો તો સબ તેરી ગતિ ઠાની ।
તે પુનિ શ્યામ સહજ વે શોભા અમ્બરમિસ અપને ઉર આની ।।
પુલકિત અંગ અબહિ હ્વૈ આયો નિરખિ દેખિ નિજ દેહ સયાની ।
'સૂર' સુજાન સખી કે બૂઝે પ્રેમ પ્રકાશ ભયો વિહંસાની ।।

ગુસાંઈજીએ ફરી પૂછ્યું- ''સૂરદાસજી! આપની નેત્રવૃત્તિ ક્યાં છે?'' તો સૂરદાસજીએ ગાયું-

ખંજન નૈન રુપ રસમાતે ।
અતિશય ચારુ ચપલ અનિયારે પલ પિંજરા ન સમાતે ।।
ચલિ-ચલિ જાત નિકટ શ્રવનનિ કે ઉલટિ પલટિ તાટંક ફંદાતે ।
'સૂરદાસ' અંજનગુન અટકે ન તરુ અબહિં ઉડિ જાતે ।।

આમ શ્રી રાધારાણીના ગુણગાન કરતાં સૂરદાસજી પાર્થિવ દેહથી વિલગ થઈ નિત્યધામમાં પ્રવેશ કરી ગયા. આ ક્ષેત્ર નાથજી અને અષ્ટછાપના સખાઓનું ક્રીડાસ્થળ છે. અહીં સખ્ય રસનું એક મહત્વપૂર્ણ સ્થાન છે - ચોગાનપટ્ટી.

ચોગાન પટ્ટી

અહીં શ્રીનાથજી, ગોવિંદ સ્વામી, છીતસ્વામી, પરમાનંદદાસજી વગેરે સાથે ગિલ્લી-દંડો રમતાં હતાં.

પરમાનંદ સ્વામીજીએ તેમના પદોમાં ગાયું પણ છે-

અરી છકિહારી ચાર-પાઁચ આવત મધ્ય બ્રજરાજ લલાકી ।
બહુ પ્રકાર વ્યંજન પરિપૂરણ પટવન બડે ડલાકી ।।
ઠઠક-ઠઠક ટેરત શ્રીગોપાલૈં ચહુઁધા દૃષ્ટિ કરે ।
બાજત વેણુ ધ્વનિ સુન ચલી ચપલગતિ પરાસૌલી કે પરે ।।
'પરમાનંદ' પ્રભુ પ્રેમમુદિત મન ટેર લઈ કર ઉંચી બાઁહ ।
હઁસ-હઁસ કસ-કસ ફેંટા કટિનસોં બાઁટત છાક વન ઢાંકન માઁહ ।।

શ્રી છીત સ્વામી

શ્રી છીત સ્વામી (છીતૂ ચૌબે) સુબલ સખાનો અવતાર હતા. તેમને જન્મ મથુરાના ચતુર્વેદી કુળમાં લગભગ વિ.સં. ૧૫૭૨માં થયો. સૌ તેમને છીતૂ ચૌબે જ કહેતાં. વીર પ્રકૃતિ હતી, કોઈનાથી દબાઈને રહેવાનું તો ક્યારેય શીખ્યા જ નહોતા. તેમના ૪ સાથીઓ હતા, અને તે તેમના સરદાર હતા. આ ટોળીને સૌ ગુંડા પંડા નામથી જ ઓળખતાં. એકવાર ગુસાંઈજી શ્રી વિઠ્ઠલનાથજી સાથે જ ભીડી બેઠા. તેમની પરીક્ષા લેવા એક સૂકું નાળિયેર અને ખોટો રૂપિયો લઈને નિકળ્યા. ''હું જોઉં છું, આની પાસે કેવો જાદુ છે? જે જાય છે તે શિષ્ય બનીને જ પાછો ફરે છે.'' પરંતુ આ શું? ગુસાંઈજીના નેત્રો સાથે નેત્રો મળતાં જ છીતૂ ચૌબેની પ્રકૃતિ બદલાઈ ગઈ. શરણાપન્ન તઈ પગમાં પડી ગયા, પરમ કૃપાળુ ગુસાંઈજીએ પોતાના શિષ્ય છીતૂ ચૌબેને અપનાવી લીધા અને છીતૂ ચૌબેએ ગાન આરંભ કર્યું-

ભઈ અબ ગિરિધર સોં પહચાન
કપટ રુપ ધરિ છલન ગયો હૌં પુરુષોતમ નહિં જાન ।
છોટૌ-બડૌ કછૂ નહિં જાનત છયૌ તિમિર અજ્ઞાન ।
'છીત સ્વામી' દેખત અપનાયૌ શ્રીવિઠ્ઠલ કૃપા નિધાન ।

''એ નાળિયેર ક્યાં છે, જે તું મને ભેટ આપવા માટે લાવ્યો હતો,'' ગુસાંઈજીએ પૂછ્યું. 'એ તો કુટિલતાવશ પરીક્ષા લેવા માટે લાવ્યો હતો' નતમસ્તક છીતૂ ચૌબેએ કહ્યું. ગુસાંઈજીએ તે નાળિયેર મંગાવ્યું અને નવનીત-પ્રિયને ભોગ ધરાવ્યો. ખરેખર તો કોઈ જ વસ્તુ કે જીવ ગુરૂ ગોવિંદને યોગ્ય નથી, ભગવદ અર્પિત થયા બાદ જ તે વસ્તુ યોગ્ય બને છે. શ્રી વિઠ્ઠલનાથજી અને શ્રીનાથજીને આપ અભિન્ન માનતા હતાં. એકવાર આપના યજમાન બીરબલ પાસે દિલ્લી ગયા હતા, ''જય શ્રી વલ્લભ રાજકુમાર'' આ પદનું ગાન કર્યું, અંતિમ પંક્તિ જ્યારે ગાઈ-

''છીત સ્વામી ગિરધિરન શ્રી વિઠ્ઠલ પ્રગટ કૃષ્ણ અવતાર ।।''

આ સાંભળીને શંકિત થઈ બીરબલે કહ્યું-


''આપ શ્રી ગુસાંઈજીને સાક્ષાત્ કૃષ્ણ બતાવી રહ્યા છો, બાદશાહ મ્લેચ્છ છે, આ સાંભળીને તે બખેડો ઉભો કરશે તો આપ શું જવાબ આપશો?'' ધુંધવાઈને છીત સ્વામીએ કહ્યું- ''મારું મન તો કહે છે કે તું વધારે મ્લેચ્છ છે કારણકે તને આ વાત પર અવિશ્વાસ છે તેથી જા હું તારો ત્યાગ કરું છું.'' કોઈપણ પ્રકારની ભેટ સ્વીકાર્યા વિના દિલ્લીથી પાછા આવી ગયા અને ફરી ક્યારેય ન ગયા.

અકબરને જ્યારે આ ખબર પડી તો તેણે કહ્યું- ''બીરબલ! લાગે છે તૂં ભૂલી ગયો, એકવાર હું અને તું નાવમાં બેસીને આગ્રા જઈ રહ્યા હતા, ગોકુળ આવતાં ઠકુરાની ઘાટ પર મેં પણ ગુસાંઈજીને એક બહુમૂલ્ય મણી ભેટમાં આપ્યો હતો. ગુસાંઈજીએ ત્રણ વખત પૂછ્યું હતું- શું આ વસ્તુ મારી છે, મેં પણ કહ્યું- હા, તમારી જ છે. ત્યારે તેમણે એ મણિને યમુનાજીમાં ફેંકી દીધો. મને ઘણું દુઃખ થયું તે જોઈને તેમણે યમુનાજીમાંથી ખોબો ભરીને મણિઓ કાઢીને બતાવી અને કહ્યું કે આમાંથી તમારો મણિ ઓળખી લો. તો બીરબલ! જો તેમનો શિષ્ય તેમને કૃષ્ણાવતાર કહે, તો કંઈ ખોટું નથી બોલી રહ્યો.''

એકવાર જન્માષ્ટમીના અવસરે શ્રી ગુસાંઈજી શ્રી ઠાકુરજીને પારણામાં ઝુલાવી રહ્યા હતા, ત્યારે છીતસ્વામીને ઘણાં અદ્‌ભુત દર્શન થયાં, ક્યારેક ગુસાંઈજી શ્રી ઠાકુરજીને પારણે ઝુલાવતાં તો ક્યારેક શ્રી ઠાકુરજી શ્રી ગુસાંઈજીને-

પ્રિય નવનીત પાલને ઝૂલૈં, વિઠ્ઠલ નાથ ઝુલાવૈં હો ।
કબહુંક આપ સંગ મિલિ ઝૂલૈં કબહુંક ઉતરિ ઝુલાવૈં હો ।।

આપના કાવ્ય વૈભવથી પ્રસન્ન થઈ ગુસાંઈજી મહારાજે અષ્ટછાપમાં આપની નિયુક્તિ કરી શ્રીનાથજીની કીર્તન સેવા સોંપી. ગોવર્ધનમાં રહીને નાથજીની નિષ્ઠાપૂર્વક સેવા સંભાળતા. તેમના લગભગ ૨૦૦ જેટલાં પદ પ્રાપ્ત થાય છે, કેટલાક અપ્રકાશિત છે. ગુરૂદેવ શ્રી વિઠ્ઠલનાથજીના લીલાપ્રવેશ બાદ તેમના વિયોગમાં ''વિહરત સાતોં રૂપ ધરે' આ પદનું ગાન કરતાં પોતાના નિવાસ સ્થાન પૂછરીમાં જ આપે વિ.સં. ૧૬૪૨માં શરીર છોડી નિત્ય લીલામાં પ્રવેશ કર્યો.



કુસુમ સરોવર અને આન્યૌર ગોવિંદ કુંડ



આન્યૌર - શ્રી કુંભનદાસજીની સમાધિ અને સંકર્ષણ કુંડ




પૂંછરી - અપ્સરા કુંડ અને નવલ કુંડ



શ્રી પૂંછરી કા લૌઠા અને શ્રી છીતસ્વામીજીની સમાધિ



જતીપુરા - ઇન્દ્ર પૂજા માનભંગ



જતીપુરા - લુક-લુક દાઊજી અને ઐરાવતના પગના ચિહ્નો



જતીપુરા - સુરભિ કુંડ અને શ્રી પરમાનંદદાસજીની સમાધિ





જતીપુરા - ઐરાવત કુંડ અને હરજી કુંડ




ચરણ શિલા અને ૧૪ છડી શિલા (ગર્ગસંહિતા પ્રમાણ)



મુકુટ શિલા અને શ્રી મુખારવિંદ




જતીપુરા - દંડવતી શિલા અને શ્રીનાથજી મંદિર



જતીપુરા - શ્રીનાથજી મંદિર અને મહાપ્રભુજીની બેઠક



બિલ્છૂ કુંડ અને શ્રી ચક્રેશ્વર મહાદેવ



માનસી ગંગા અને શ્રી સનાતન ગોસ્વામી ભજન કુટી



શ્રી ઉદ્ધવ કુંડ અને શ્રી રાધા કુંડ



શ્રી શ્યામ કુંડ અને લલિતા કુંડ



શ્રી રાધા કુંડ - શ્રી રઘુનાથદાસ ગોસ્વામી ભજન કુટી
અને શ્રી વિશ્વનાથ ચક્રવર્તી ભજન કુટી




શ્રી કૃષ્ણદાસ કવિરાજ ગોસ્વામી ભજન કુટી અને શ્રી ચૈતન્ય મહાપ્રભુજીની બેઠક



શ્યામ કુટી, શ્રી પ્રિયાશરણદાસ બાબાજી સમાધિ અને પારસોલી - સૂરદાસજી બેઠક



નારદ કુંડ અને ગ્વાલ પોખરા




રત્નકુંડ અને શ્રી ગોવર્ધન પર્વત



પારસોલી- શ્રી ચંદ્ર સરોવર, મહાપ્રભુજી, ગિરિરાજજી અને ગુંસાઈજીની બેઠક



પૈંઠા - નારાયણ સરોવર, ઐંઠા કદંબ અને પારસોલી - સૂરદાસજીની સમાધિ



મુખરાઈ - મુખરા સરોવર અને બાજની શિલા





મુખરાઈ - રાધા, કીર્તિ અને ચરખુલા નૃત્ય

અધ્યાય-૬૫

શ્યામઢાક

પૂંછરીની પાસે જ અત્યંત ગાઢ ખાખરા અને કદંબ વૃક્ષોથી આચ્છાદિત વન છે જ્યાં ખાખરાના પાંદડાથી બનેલ પડીયામાં -**'શ્યામઢાક કે દોન દધિ ખાય લૈ શ્યામ સલોના'**. આજે પણ અહીંના કદંબ વૃક્ષોના પાંદડા પડીયાના આકારના હોય છે. શ્રીકૃષ્ણ લીલા કાળમાં અનેક ધારાઓથી શ્રી યમુનાજી અહીં પ્રવાહિત થતા હતાં. અહીં શ્યામઢાકમાં છાક લીલા થઈ છે-

શ્યામ ઢાકતર છાક અરોગત લેકર થારી ઠાડી લલિતા ।
ભોજન વ્યંજન કેલે કે પાતન મેં ચહુઁધા ચપલા સી બ્રજબનિતા ।।
નિરખત અમ્બુજ મોહન કો મુખ લોચન ભયે માનો મૃગ કે સે ચકિતા ।
'શ્રીવિઠ્ઠલ' ગિરિધરન અરોગત નિકટ બહત કાલિંદી સરિતા ।।

અહીં ખાખરાના બધાં જ વૃક્ષો શ્યામ વર્ણના પાંદડાઓથી સુશોભિત છે. અહીં વિઠ્ઠલનાથજીની બેઠક પણ છે. ગોપસામ, ગોપ તલૈયા વગેરે પણ દર્શનીય છે. આની પાસે જ બરોલી ચૌથ અને નગલા દાદૂ ગામ છે.





શ્યામઢાક - શ્યામકુંડ, શ્રી વલ્લભાચાર્ય બેઠક અને શ્રીનાથજી બેઠક

અધ્યાય-૬૬

સૌંકરાઈ

શ્રી કૃષ્ણએ જ્યાં વારંવાર શપથ લીધી કે હું રાધાજી સિવાય બીજું કંઈ નથી જાણતો. શપથ લેવાને કારણે આ ગામનું નામ 'સૌંકરાઈ' પડ્યું. તે ગોવર્ધનથી પશ્ચિમ દિશામાં ૨ માઈલના અંતરે આવેલું છે.

સામઈ ખેરા

આ ક્ષેત્રને 'સૂર્ય પતન વન' કહે છે, અહીં સૂર્યદેવે શ્રીકૃષ્ણની આરાધના કરી હતી તેથી જ અહીં સૂર્યકુંડ છે. તે સિવાય કૃષ્ણએ શ્યામા સખીના રૂપમાં માનિની શ્રી રાધાનું માનભંગ પણ કર્યું હતું. ત્રેતાયુગમાં અહીં રાવણના ભયથી સૂર્યના પડી જવાનો પ્રસંગ આવે છે.

અથ સૂર્યપતનબનોત્પત્તિ માહાત્મ્યનિરૂપણં (આદિત્યપુરાણે)-

રાવણસ્ય ભયં લબ્ધ્વા શ્રી રામશરણાગતઃ ।
યતો સૂર્ય્યપ્રપાતાખ્યં બનં યત્ર પ્રજાયતે ।।

અર્થ- ત્રેતા યુગમાં રાવણથી ભયભીત થઈ સૂર્યદેવ અહીં શ્રીરામજીના ચરણોમાં આવી પડ્યા, તેથી અહીં સૂર્ય પતન વન પ્રકટ થયું.

તતો સૂર્યપતનવન પ્રાર્થના મંત્ર :

ભાસ્કરાય નમસ્તુભ્યં ભુવસ્તલસમાગતઃ ।
નમઃ પ્રત્યક્ષદેવાય તિમિરાન્ધવિનાશિને ।।

ભૂતળ પર સમાગત, ગાઢ અંધકાર વિનાશક હે સૂર્યનારાયણ! આપ પ્રત્યક્ષ દેવ છો, આપને નમસ્કાર છે.

ડીગ

સ્કન્દ પુરાણાનુસાર

જ્યારે વજ્રનાભજી વ્રજમાં આવી વ્રજને વસાવવા નિકળે છે તો ચાર સ્થાનોના નામ આવે છે-

ગોવર્દ્ધને દીર્ઘપુરે મથુરાયાં મહાવને ।
નન્દિગ્રામે બૃહત્સાનૌ કાર્યા રાજ્યસ્થિતસ્ત્વયા ।।

(સ્કં.પુ.વૈ.ખં.ભા.મા.૨/૧/૩૮)

ગોવર્ધન, દીર્ઘપુર (ડીગ), બૃહત્સાનુ (બરસાના) અને મહાવન. આ ચારેયનો ઉલ્લેખ સ્કંદપુરાણના ભાગવત મહાત્મ્યમાં આવે છે. જેમ કે નામથી જ ખબર પડે છે દીર્ઘપુર (ડીગ) મોટું નગર હતું, તેનું અપભ્રંશ ડીગ થઈ ગયું. તે સિવાય લોકો લઠાવન પણ કહેતાં કારણકે અહીં ચારે તરફથી પર્વતમાળાઓનો પ્રારંભ થઈ જાય છે, આ પર્વતમાળાઓ કામ્યવન સુધી ફેલાયેલી છે.

શાંડિલ્ય ઋષિએ વજ્રનાભજીને આદેશ કર્યો કે તમે પોતાના રાજ્યની સ્થિતિ પહેલા આ સ્થાનો પર જઈને જમાવો કારણકે ઠાકુરજીના ગયા પછી આખું વ્રજ વેરાન થઈ ગયું હતું. તેને પુનઃસ્થાપિત કરવા માટે શાંડિલ્યજીએ કહ્યું કે તમે નંદિગ્રામ એટલે કે નંદ ગ્રામ, બૃહત્સાનુ એટલે કે બરસાના, મથુરા, મહાવન, ગોવર્ધન અને દીર્ઘપુર એટલે કે ડીગ આ સ્થાનો પર જઈને પોતાનું રાજ્ય જમાવો. ત્યારે ઠાકુરજીના પ્રપૌત્ર વ્રજનાભજીએ વ્રજને પુનઃ વસાવ્યું. શાંડિલ્ય ઋષિ બતાવતાં ગયાં કે અહીં ગોવર્ધન છે, અહીં દીર્ઘપુર એટલે કે ડીગ છે, અહીં મથુરા છે, અહીં મહાવન છે, અહીં બરસાના છે અને વ્રજનાભજી વ્રજને વસાવતા ગયા એટલે વ્રજના મહત્વપૂર્ણ સ્થળોમાં પણ ડીગ (દીર્ઘપુર) છે. તે સિવાય રાજસ્થાનના મુખ્ય ઐતિહાસિક સ્થળોમાં પણ ડીગ આવે છે. ભરતપુરના રાજાઓના ડીગમાં મહેલો પણ છે. ડીગ રાજધાની પણ હતું પરંતુ એ તો ઘણી પછીની વાતો છે. એના પહેલાં દીર્ઘપુરની શું સ્થિતિ હતી તે જાણવા માટે શાસ્ત્ર જ એકમાત્ર આધાર છે. 'શ્રીમદ્‌ભાગવત' તો ઘણો સંક્ષિપ્ત ગ્રંથ છે. વ્રજની લીલાઓનો વિસ્તૃત ઉલ્લેખ તો 'ગર્ગસંહિતા' અને 'બ્રહ્મવૈવર્ત'માં જ મળે છે.

ગર્ગસંહિતાનુસાર અહીંનું પર્વતીય ક્ષેત્ર પુલિંદ કન્યાઓનું નિવાસ સ્થાન હતું. પુલિંદ કન્યાઓનું વર્ણન વિસ્તારપૂર્વક 'વ્રજાંગનાઓનો વિભિન્ન જૂથો' નામના અધ્યાયમાં વર્ણવેલ છે.

નયન સરોવર

પ્યારે પલ ન બિસાર મોહિ યહ વર માંગે દેહુ ।
પ્રીતિ પ્રગટ રસ જાત હૈ નૈન સરોવર સેહુ ।।

ઘણી વિલક્ષણ લીલા છે અહીંની-

ગોવિંદ ગોપબાળકો સાથે ગાયો ચરાવી રહ્યા હતા ત્યારે જ શ્રીજીનું અચાનક આગમન થયું જેનાથી શ્યામસુંદર ધીરજ ખોઈ બેઠા. આચાર્યોનું કથન છે કે આ લીલા કામ્યવન 'આદિ વૃંદાવન'ની છે. યુગલગીતમાં તેનું વર્ણન મળે છે-

સહબલઃ સ્રગવતંસવિલાસ સાનુષુ ક્ષિતિભૃતો વ્રજદેવ્યઃ ।
હર્ષયન્ યર્હિ વેણુરવેણ જાતહર્ષ ઉપરમ્ભતિ વિશ્વમ્ ।।

(ભા.૧૦/૩૫/૧૨)

શ્રીજીના દર્શનથી શ્રીકૃષ્ણ ગોચારણ ભૂલી ગયા, ગ્વાલબાળોએ સાવધાન કર્યા-

સંકેતકુઞ્જમનુકુઞ્જરમન્દગામિન્યાદાય દિવ્યમૃદુચન્દનગન્ધમાલ્યમ્ ।
ત્વાં કામકેલિરભસેન કદા ચલન્તીં રાધેઽનુયામિ પદવીમુપદર્શયન્તી ।।

(રા.સુ.નિ.૨૨)

કનૈયા! જો ગાય ક્યાં જતી રહી...

સખા ૧- ''લાલા! તારી આવી દશા શીદ થઈ? ચાલ, હવે ઉઠ!''

સખા ૨- ''મૈયા રાહ જોતી હશે''

સખા ૩- ''જો મૈયા અહીં હોત તો જરૂર તને સંભાળી લેત.''

સખા ૪- '' અરે કનૈયા! તારી આંખોમાં આંસૂ ક્યાંથી?''

સખા ૫- ''તને કાંઈ તકલીફ હોય તો જણાવ, તું આમ જમીન પર આળોટી કેમ રહ્યો છે. જો, તારા વિના અમેય નિસ્તેજ થઈ ગયા છે.''

ભોઃ શ્રીદામન્ ! સુબલવૃષભસ્તોકકૃષ્ણાર્જુનાદ્યાઃ !
કિં વો દૃષ્ટં મમ નુ ચકિતા દગ્ગતા નૈવ કુઞ્જે ।
કાચિદ્દેવી સકલ ભુવનાપ્લાવિલાવણ્યપૂરા
દૂરાદેવાખિલમહરત્ પ્રેયસો વસ્તુ સખ્યુઃ ।।

(રા.સુ.નિ.૨૨૭)

કૃષ્ણ બોલ્યા- ''અરે સુબલ, શ્રીદામા, વૃષભ, સ્તોક કૃષ્ણ, અર્જુન ભૈયા! નયન સરોવરના કાંઠે મેં એક ગૌરવર્ણ દેવી જોઈ, તેનું રૂપ ઘણું જ અનુપમ છે, વિલક્ષણ કાંતિ છે. તેણે દૂરથી જ મારું સર્વસ્વ હરી લીધું. આજે તો ચોરની પણ ચોરી થઈ ગઈ. અત્યાર

સુધી તો હું જ વ્રજનો પ્રસિદ્ધ ચોર હતો, આજે એ ચોરના ચિત્તની પણ ચોરી થઈ ગઈ. મુજ ભુવનમોહનને આ ભુવનમોહનમોહિનીએ મોહી લીધો. નયન સરોવરની આ પાર ત્રાંસા ચિતવનથી એવો જાદુ-ટોણો કર્યો કે મારા હાથમાંથી નિત્યસંગીની બંશી પણ પડી ગઈ.

વેણુઃ કરાન્નિપતિતઃ સ્ખલિતં શિખંડં
ભ્રષ્ટં ચ પીતવસનં બ્રજરાજસૂનોઃ ।
યસ્યાઃ કટાક્ષશરપાતવિમૂર્ચ્છિતસ્ય
તાં રાધિકા પરિચરામિ કદા રસેન ।।

(રા.સુ.નિ.૩૮)

આ જ છે નયન સરોવરની રસીલી લીલા. અહીં રસીલી છબીલી કિશોરીજીએ ખરેખર પોતાના નયન સરોવરથી શ્રીકૃષ્ણનું ચિત્ત ચોરી લીધું.



નયન સરોવર

અધ્યાય-૬૭

ગાંઠોલી

હોળી રમ્યા બાદ બંને રાધા-માધવ સિંહાસન પર બેઠા હતાં ત્યારે જ એક સખીએ છુપાઈને બંનેના વસ્ત્રોની ગાંઠ બાંધી દીધી. જ્યારે યુગલ કિશોર સિંહાસનથી ઉઠ્યા તો આ ગાંઠ જોવામાં આવી, અને સૌ સખીઓ હસી પડી અને બંને રાધા-માધવ શરમાઈ ગયા, ભેટ લઈને એક સખીએ ગાંઠ ખોલી આપી. તેથી આ સ્થાન ગાંઠોલી નામથી પ્રસિદ્ધ થયું.

એથા હોલિ ખેલિ દોંહે વૈસે સિંહાસને । સખી દુહું વસ્ત્રે ગાંઠિદિલા સંગોપને ।।
સિંહાસન હૈતે દોંહે ઉઠિલા જખન । દેખયે વસને ગાઁઠિ હાંસે સખીગણ ।।
હઈલ કૌતુક અતિ દોંહે લજ્જા પાઈલા । ફાગુયા લઈયા કેહ ગાઁઠિ ખુલિ દિલા ।।
એ હેતુ ગાંઠોલી એ ગુલાલ કુંડ જલે । એબે ફાગ દેખે લોક વસન્તેર કાલે ।।

(ભ.ર.)

જન્હુ વન (જનૂથર)

તતો જન્હુ વન પ્રાર્થના મંત્ર :

જન્હ્વર્ષિનિર્મ્મિતવાસ રમણીકાયભૂમયે ।
જાન્હવીપાવનાર્થાય વનાય ચ નમોઽસ્તુ તે ।।

જન્હુ ઋષિથી નિર્મિત રમણીય આવાસ સ્થળ આપ ગંગા સમાન પવિત્ર છો, એવા વનરૂપ આપને પ્રણામ છે.

તતો વામન કુંડ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

વામનકૃતતીર્થાય જન્હુપૂજ્યવરપ્રદ ।
સદા પાવનરુપાય તીર્થરાજ નમોઽસ્તુ તે ।।

વામન દ્વારા રચિત હે વરદાયી, જન્હુ દ્વારા પૂજ્ય તીર્થ! આપને નમસ્કાર છે. આ સ્થળ ડીગના દક્ષિણમાં જનૂથર નામથી ઓળખાય છે. ડીગ (દીર્ઘવન)થી પાન્યોહરી થઈ લગભગ ૧૫ કિ.મી.ના અંતરે સ્થિત છે.





ગાંઠોલી - ગુલાલ કુંડ અને ગુલાલ લીલા

અધ્યાય-૬૮

ટોડ કો ઘનો

એ કવાર યવન શાસકના ઉપદ્રવથી ઉત્પીડિત થઈ શ્રી કુંભનદાસજી, શ્રી રામદાસજી ભીતરિયા અને સદૂ પાંડે વગેરેએ શ્રીનાથજીને નિર્જન સ્થાનમાં લઈ જવાનો વિચાર કર્યો. એટલામાં સ્વયં શ્રીનાથજી પોતે બોલી ઉઠ્યા કે 'ટોડ કો ઘનો' અતિ નિર્જન સ્થાન છે, ત્યારે તે સૌ નાથજીને સદૂ પાંડેના પાડા પર બિરાજમાન કરાવી ચાલી નિકળ્યા. કાંટાઓથી ભરેલા એ વનપ્રદેશમાં થોડું કચવાતા મને કુંભનદાસજીએ આ પદનું ગાન કર્યું.

ભાવૈ તોય ટોડ કો ઘનો ।।
કાંટે બહુત ગોખુરુ લાગે ફાટન હૈ સબ તનો ।
આવત જાવત બેલિ નિવારૈ બૈઠત હૈ જહાઁ એક જનો ।
સિંહૈ કહા લોખરી કો ડરુ તૈ છાંડિ દિયૌ ભૌન અપનો ।
તબ બૂડત તેં રાખિ લિયે હૈં સુરપતિ તો તૃનહૂઁ ન ગન્યૌ ।
'કુમ્ભનદાસ' પ્રભુ ગોવર્ધન ધર વહ કૌન ઢેઢિની રાંડ કો જન્યો ।।

વૃક્ષ-લતાઓથી ઘેરાયેલા આ સ્થળમાં શ્રીનાથજીએ વિશ્રામ કર્યો હતો. આ સઘન વન શ્રીનાથજીને અતિ પ્રિય છે, અહીં શ્રીનાથજીની બેઠક પણ છે.

પરમદરા (પરમાનંદ વન)

અથ બનયાત્રાપ્રસંગે પરમાનન્દબનપ્રાર્થના મંત્ર (આદિવારાહ) :

દેવર્ષિમુનિગન્ધર્વલોકાહ્યદસ્વરુપિણે ।
નમસ્તે પરમાનન્દબનસંજ્ઞાય તે નમઃ ।।

દેવર્ષિ, મુનિ, ગંધર્વ, લોક સમુદાય માટે આહ્વાનસ્વરૂપ પરમાનંદ સંજ્ઞક વન! આપને નમસ્કાર છે.

જેવું નામ છે 'પરમાનંદ' તેવું જ તે ઘણું આનંદદાયક સ્થળ છે. 'આદિવારાહ પુરાણ'માં તેનું વર્ણન મળે છે કે આ સુદામા સખાનું સ્થળ છે. આ વ્રજલીલાના

સુદામાજી છે. પરમાનંદ વન નામ એટલા માટે પડ્યું, કારણકે ભાગવત અનુસાર ભીલડીઓને રાધારાણીની કૃપા પ્રાપ્ત થઈ-

''શ્રીકુંકુમેનદયિતાસ્તનમંડિતેન''

નો અર્થ છે કે યુગલ રાધાકૃષ્ણ પ્રેમના સમયે જે કુમકુમ શ્રીકૃષ્ણના ચરણોમાં પહોંચ્યું, તે અહીંની ઘાસ પર ચોંટી ગયું અર્થાત્ યુગલ સરકારની કોઈ અદ્‌ભૂત પરમાનંદ લીલા અહીં થઈ, જેનાથી તે કુમકુમ અહીંની રજમાં, અહીંની ઘાસમાં લાગી ગયું અને તે પ્રાપ્ત કરીને ભીલડીઓ કૃતાર્થ થઈ ગઈ. ધન્ય ગોપીઓ, ધન્ય ભીલડીઓ, ધન્ય રાધારાણી અને ધન્ય છે શ્રીકૃષ્ણ, જેમણે આવો સાર-રસ અહીં વહાવ્યો.

ધન્ય કાન્હ ધન્ય રાધા ગોરી ।
ધનિ વહ ભાગ સુહાગ ધન્ય વહ ।
ધન્ય નવલ નવલા નવ જોરી ।

એ કુમકુમ જે શ્રીજીના વક્ષસ્થળ પર હતું તે અહીંની ભૂમિ પર કેવી રીતે પહોંચ્યું? અષ્ટાચાર્યોએ તેમની ટીકામાં લખ્યું છે- મિલનની કોઈ રતિ વિશેષ મુદ્રામાં શ્રીજીના વક્ષસ્થળ પર લાગેલું કુમકુમ શ્રીકૃષ્ણના ચરણોમાં પહોંચી ગયું, એવી કોઈ મિલનની અવસ્થા હતી એ.

મિલન સમયે બંને એવી રીતે બેઠા કે તે કુમકુમ શ્રીકૃષ્ણના ચરણો પર લાગ્યું અને પછી પહોંચ્યું પરમાનંદ વન (પરમદરા)ની ભૂમિમાં અને ભીલડીઓએ તે ઉંચકી લીધું. એ બેસવું ધન્ય, એ મિલન ધન્ય.

ધનિ વહ મિલન ધન્ય વહ બૈઠનિ ।
ધનિ અનુરાગ નહીં રુચિ થોરી પ્યારી અંગ-અંગ અવલોકનિ ।
નાગરિ છવિ પર રીઝત શ્યામ કબહુંક વારત હૈં પીતામ્બર ।
કબહુંક વારત હૈં કર મુરલી કબહુંક વારત મોહન નામ ।
નિરખિ રુપ મુખ અંત લહત નહીં તન મન વારત પૂરન કામ ।
બારમ્બાર સિહાત 'સૂર' પ્રભુ દેખિ-દેખિ રાધા સી વામ ।
ઈનકો પલક ઓટ નહીં કરિહોં મન યહી કહત વાસ રહૂં યામ ।

શ્યામસુંદર સંકોચથી શ્રીજીના દિવ્ય અંગોને જોઈ રહ્યા છે, સંકોચ શા માટે! કોઈ પોતાનાથી વધુ સુંદર રુપ લાવણ્ય જુએ છે ત્યારે સંકોચમાં પડી જાય છે.

શ્યામ નિરખિ પ્યારી અંગ અંગ ।
સકુચિ રહત મુખ તન નહિં ચિતવત, જેહિ બસ રહત અનંગ અનંત ।
ચપલ નયન દીરઘ અનિયારે લોચન નહિં ઠહરાત શ્યામ કે ।
ઉઠે ઉઠત બૈઠે બૈઠત હૈં ચલે ચલત સુધિ નાહિં ।
'સૂરદાસ' બડભાગિની રાધા મનહિ મનહિ મુસ્કાવહિ ।

શ્યામસુંદર રાધારાણીના આભૂષણો માગવા લાગ્યા અને તે માગવામાં જ કુમકુમ પણ માગી લીધું જે તેમના વક્ષસ્થળ પર હતું. આ કુમકુમનો પોતાના આખા શરીરે લેપ કરી લીધો અને તે ભીલડીઓ સુધી પહોંચી ગયું.

નિરખિ શ્યામ પ્યારી અંગ શોભા મન અભિલાષ બઢાવત હૈ ।
પ્રિયા આભૂષણ માઁગત પુનિ પુનિ અપને અંગ બનાવત હૈ ।
કુંડલતટ તખિન લૈ સાજત નાસા બેસરિ ધારત હૈ ।
બેંદી ભાલ માંગ શિર પારત બેની ગૂઁથિ સઁવારત હૈ ।
પ્યારી નૈનન કો અંજન લૈ અપને લોચન અંજત હૈ ।
પીતામ્બર ઓઢની શીશ દૈ રાધા કો મનરંજત હૈ ।
કંચુકિ ભુજનિ ભરત ઉર ધારત કંઠ હમેલ ભ્રજાવત હૈ ।
‘સૂરશ્યામ’ લાલચ તિયતનુ પર કરિ શ્રૃંગાર સુખ પાવત હૈ ।

જડખોરની ગુફાઓ (સેઉ)

જડખોરની આ વિશાળ કંદરાઓની ચર્ચા શ્રીમદ્ ભાગવતજીમાં છે-

વનૌકસઃ પ્રમુદિતા વનરાજીર્મધુચ્યુતઃ ।
જલધારા ગિરેર્નાદાનાસન્ના દદૃશે ગુહાઃ ।।

(ભા.૧૦/૨૦/૨૭)

શ્યામસુંદર જ્યારે વનમાં જાય છે તો પુલિન્દનીઓનું (ભીલડીઓ) ખુશ થવું સ્વાભાવિક જ છે. તરૂથી મધુધારા વહી રહી છે, પહાડોમાંથી ઝરણાં ઝરમર-ઝરમર વહી રહ્યા છે. આ જ ગિરિ-ગોદમાં કેટલીય વિશાળ ગુફાઓ છે જેમાં વર્ષાના સમયે શ્યામસુંદર પોતાના સમસ્ત ગોધન સાથે ઉભા રહી જાય છે.

તેમની મધુર ચંચળતા ગિરિકંદરાઓમાં પણ બંધ નથી થતી. ત્યાં પણ દૈનિક કાર્યક્રમ ચાલુ જ રહે છે.

કચિદ્ વનસ્પતિકોડે ગુહાયાં ચાભિવર્ષતિ ।
નિર્વિશ્ય ભગવાન્ રેમે કન્દમૂલફલાશનઃ ।।

(ભા.૧૦/૨૦/૨૮)

કંદરામાં જ કંદ-મૂળ-ફળ ખાય છે, ગ્વાલબાળો સાથે રમે છે. આ ગિરિકંદરા ન જાણે પોતાને આટલી વિસ્તૃત કેવી રીતે બનાવી લે છે. સર્વેશનું સાંનિધ્ય જ તેનો વિસ્તાર કરી દે છે. કળિયુગના દુષ્પ્રભાવથી જોકે આજે એ દિવ્ય કંદરાઓ અત્યંત ઉપેક્ષિત છે છતાંય આજે પણ દર્શનીય તો છે જ.

આ ગુફાઓની શોધ માટે પૂજ્ય શ્રી બાબા મહારાજે વ્રજમાં ઘણું ભ્રમણ કર્યું, જતીપુરામાં શ્રીનાથજી મંદિરની નીચે ગુફામાં પ્રવેશ પણ કર્યો, પરંતુ કોઈ સફળતા ન

મળી પછી જીવ ગોસ્વામીજીના ગ્રંથને વાંચીને જડખોરના જંગલોમાં આ ગુફાઓ પ્રાપ્ત થઈ. આ ગુફાઓમાં વરસાદના સમયે ૨૦-૨૫ વ્યક્તિઓ આરામથી બેસી શકે છે.





અધ્યાય-૬૯

સૌગંધિની શિલા

અહીં શ્રીકૃષ્ણએ સોગંદ લીધા હતા કે વ્રજને છોડીને ક્યાંય નહીં જાઉં-

બ્રજવાસી વલ્લભ સદા મેરે જીવન પ્રાણ ।
બ્રજ તજિ અનત ન જાઈહૌં મોહે નંદબાબા કિ આન ।
ભૂતલ ભાર ઉતારિહૌં ધરિ ધરિ રુપ અનેક ।

આ એ જ શિલા છે જ્યાં શ્રીકૃષ્ણ કહે છે- ''હું અનેક રૂપ ધારણ કરી પૃથ્વીનો ભાર ઉતારીશ.'' નંદનંદન વ્રજની બહાર નહીં ગયા, તેમના જ અંશ દેવકીનંદન મથુરા ગયા, દ્વારકા ગયા અને ત્યાં લીલાઓ કરતા રહ્યાં. નયન સરોવરથી આગળ આ પર્વતોનો ગઢ છે, જેને આ ઉપમા આપવામાં આવી છે-

ભ્રુકુટિ પંક ગઢ મધ્ય મેં નયન કોઠરી બન્દ ।
રાધાકૃપા કટાક્ષ બિન મિલે ન ગોકુલ ચંદ ।।

શ્રી કૃષ્ણએ આ શિલા પર બેસીને વ્રજ ન છોડવાના જે સોગંદ લીધા હતા તેને યાદ કરી મથુરા, દ્વારિકામાં વિલાપ કરતા હતા અને કહેતા હતા-

સકલ સખા અરુ નન્દ જશોદા વે ચિત તે ન ટરાહીં ।
રુક્મિણી મોહે બ્રજ બિસરત નાહિં ।।

આ એ જ ગુફાઓ છે, પર્વતની એ જ શિલાઓ છે જ્યાં અમે રમતા હતા-

શ્રી વૃન્દાવન ભૂમૌ નન્દીશ્વરાષ્ટકૂટવરસાનુધવલગિરિ
સુગન્ધિકાદયોબહવોડદ્રયો વર્ત્તન્તે ।

(શ્રીમજ્જીવગોસ્વામીકૃત વૈષ્ણવ તોષિની ટીકા ભા.૧૦/૨૪/૨૫)

શ્રી વૃંદાવન ભૂમિમાં નંદીશ્વર પર્વત, અષ્ટકૂટ પર્વત (અષ્ટ મહાસખીઓનો પર્વત), સખીગિરિ પર્વત ઊંચા ગામમાં, રંકુ પર્વત રાંકોલી ઇંદુલેખાજીનો, સુવર્ણગિરિ પર્વત (સુનહરા ગામ) સુદેવીજીનું, ઇન્દ્રગિરિ ઇન્દ્રોલી ગામ, ધવલગિરિ ઘાટામાં, 'સૌગંધિક પર્વત' જ્યાં સોગંદ લીધા હતાં શ્રીકૃષ્ણએ અને અન્ય ઘણાંય પર્વતો રોહિતાચલ, કનકાચલ, ગન્ધમાદન, વિન્ધ્યાચલ, ત્રિકૂટ, મૈનાક વગેરે.

ગુહાના (ગોદષ્ટિવન)

શાસ્ત્રો અનુસાર આ વનનું નામ ગોદષ્ટિ વન છે, અહીંથી શ્રીકૃષ્ણ ગાયો પર દષ્ટિ રાખતા હતા, આ શ્રીકૃષ્ણની ગોચારણ ભૂમિ છે.

અથ વનયાત્રાપ્રસંગેગોદષ્ટિબનપ્રાર્થના મંત્ર (વામન પુરાણ) :

ગોકુષ્ણેક્ષણસંભૂત ગોદષ્ટયાખ્યવનાય તે ।
ગોપાલ વચનારમ્ય મોક્ષરૂપાય તે નમઃ ।।

શ્રીકૃષ્ણની દષ્ટિથી ઉત્પન્ન, હે ગોદષ્ટિ નામના વન! ગોપાલના વચનથી રમણીય મોક્ષ રૂપ આપને નમસ્કાર છે.

તતો ગોપાલકુંડસ્નાનાચમનપ્રાર્થના મંત્ર :

ગોપાલશ્રમનાશાય ગોપાલવરદાયિને ।
ચિરાયુર્વર્દ્ધનાર્થાય તીર્થરાજ નમોડસ્તુ તે ।।

હે તીર્થરાજ! આપ ગોપાલનો થાક ઉતારનાર છો અને કૃષ્ણને પણ વરદાન આપનારા છો, આયુવર્ધન માટે આપને નમસ્કાર છે.

ખોહ

તાસાં તત્ સૌભગમદં વીક્ષ્ય માનં ચ કેશવઃ ।
પ્રશમાય પ્રસાદાય તત્રૈવાન્તરધીયત ।।

(ભા.૧૦/૨૯/૪૮)

ગોપીનાં શતયૂથાનાં માનં વીક્ષ્ય વ્રજેશ્વરઃ ।
ભગવાન્ રાધયા સાકં તત્રૈવાંતરધીયત ।।

(ગ.સં.મ.ખં.૨૦/૩૬)

અથ ગોવર્દ્ધનાદ્રદૂરે સુન્દરં યોજનત્રયમ્ ।
શ્રીખંડગન્ધસંયુક્તં સ યયૌ રોહિતાચલમ્ ।।

(ગ.સં.મ.ખં.૨૦/૩૭)


જ્યારે શ્રીકૃષ્ણ મથુરા ચાલ્યા ગયા હતા તો ભાગવતમાં માત્ર સંકેત આપવામાં આવ્યો હતો કે ત્યારબાદ પણ શ્રીકૃષ્ણ આવ્યા છે. દ્વારિકાની પ્રજા જ્યારે તેમનું અભિનંદન કરતાં કહે છે, 'હે કૃષ્ણ! તમે ક્યારેક-ક્યારેક મધુપુરી વગેરે સ્થાને જતા રહો છો ત્યારે તમારો વિરહ અસહનીય થઈ જાય છે.' તેથી અહીં તો માત્ર સંકેત છે પરંતુ 'ગર્ગ સંહિતા'માં સ્પષ્ટ લખ્યું છે કે ઉદ્ધવ પ્રતિજ્ઞા કરીને ગયા હતા કે હું શ્રીકૃષ્ણને સાથે લઈને આવીશ અને તેઓ મથુરાથી શ્રીકૃષ્ણને ફરી અહીં લાવે છે. મથુરાથી અહીં

આવતાં ફરી રાસ થાય છે, રાસ થયા બાદ બધા વનો-ઉપવનોમાં શ્રીકૃષ્ણ ફરે છે. ક્યાં-ક્યાં ફરતા રહ્યા તે? આ પ્રસંગ 'ગર્ગસંહિતા, મથુરા ખંડ અધ્યાય ૨૦'માં વિસ્તારથી વર્ણિત છે. શ્રીકૃષ્ણ અનેક વનોમાં ગયા છે જેમ કે ગિરિરાજજીથી આદ્રિબદ્દીનું અંતર ૩ યોજન (૧૨ કોસ) છે, બંને યુગલ સરકાર માનવંતી ગોપીઓને ગુફામાં છોડીને રોહિતાચલ તરફ આગળ વધી જાય છે.

ગોપીઓ રાધા-માધવને ન જોતાં કહે છે... ક્યાં ગયા!!!! ક્યાં ગયા!!!! ખોવાઈ ગયા!!!! ખોવાઈ ગયા. ત્યારથી આ સ્થળનું નામ 'ખો' પડ્યું.







સેઊ - સૌગંધિની શિલા તેમજ જડખોરની ગુફાઓ

અધ્યાય-૭૦

બૂઢે બદ્રી

બૂઢે બદ્રી અને આદિ બદ્રી બંને અલગ છે. બૂઢે બદ્રી તો ગોપાલજીએ વ્રજવાસીઓ માટે પ્રકટ કર્યા અને આદિ બદ્રીને ભગવાન નારાયણ અને લક્ષ્મીજીએ, રાધાકૃષ્ણની સેવા માટે તે પર્વત અને સરોવરને સજાવ્યું.

નંદબાબાએ સૌ વ્રજવાસીઓ પાસે બદ્રીનાથના દર્શનની ઇચ્છા પ્રકટ કરી, સૌ વ્રજવાસીઓ તૈયાર થઈ ગયા, ત્યારે શ્રીકૃષ્ણએ તેમને રોક્યા અને કહ્યું- ''પૃથ્વીના સૌ તીર્થો વ્રજભૂમિ માટે તરસે છે, બદ્રીનાથ પણ અહીં આવી જશે.'' ગોપાલજીએ આ સ્થળ પર બદ્રીનાથજીના દર્શન, નંદબાબા, યશોદામૈયા અને સૌ વ્રજવાસીઓને કરાવ્યા અને અહીં જ અલકનંદાના પણ દર્શન થયા, તેથી તેને બૂઢે બદ્રી કહેવામાં આવે છે.

ततो आनन्दसरोवरस्नानाचमन प्रार्थना मंत्र :

आनन्दरुपिणे तुभ्यं सदानंदप्रदायिने ।
सर्वदुःखहरस्तीर्थ ह्यानंदसरसे नमः ।।

(શ્ર.ભ.વિ.)

અર્થ- હે આનંદરૂપ આનંદ સરોવર! આપ હંમેશા આનંદ પ્રદાનકર્તા અને સમસ્ત દુઃખહર્તા છો, હે તીર્થરાજ! આપને નમસ્કાર છે.

આદિ બદ્રી

શ્રીકૃષ્ણના ધામ જતાં જ ધરતી કળિયુગનો કોળિયો બની ગઈ. કળિયુગના ૩૦ વર્ષો પછી ભાદરવા સુદ નવમી તિથિએ શ્રી શુકદેવ મુનિએ રાજર્ષિ પરીક્ષિતને શ્રીમદ્‌ભાગવતનું શ્રવણ કરાવ્યું.

તેના ૨૦૦ વર્ષો પછી ગોકર્ણજી દ્વારા કથા-કથન થયું છે અને તેના ૩૦ વર્ષો બાદ દેવર્ષિ નારદજીએ જ્યારે ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યને જર્જર અવસ્થામાં જોયા તો તેમણે ભક્તિ મહારાણીને સમજાવ્યું.

વૃથા ખેદયસે બાલે અહો ચિન્તાતુરા કથમ્ ।
શ્રીકૃષ્ણચરણામ્ભોજં સ્મર દુઃખં ગમિષ્યતિ ।।

(ભાગવત માહાત્મ્ય ૨/૧)

કૃષ્ણ સ્મરણ કરો દેવી! આ મૂલ્યવાન અશ્રુઓ ફક્ત પ્રભુપ્રેમમાં જ પડવા જોઈએ, તેમાં જ તેમનું સૌભાગ્ય છે. તેથી શોક ત્યાગ કરીને હરિ સ્મરણ કરો.

પદ્મપુરાણોક્ત માહાત્મ્યાનુસાર

જ્યારે નારદજી વેદ ધ્વનિ, ગીતાપાઠથી પણ જ્ઞાન-વૈરાગ્યની અચેતાવસ્થાને દૂર ન કરી શક્યા તો અહીં બદ્રીવનમાં આવ્યા છે.

ततश्चिन्तातुरः सोऽथ बदरीवनमागतः ।
तपश्चरामि चात्रेति तदर्थं कृतनिश्चयः ।।

(ભાગવત માહાત્મ્ય ૨/૪૩)

હું અહીં તપ કરીશ, તેથી આ તપોવન પણ છે. તપનો નિશ્ચય કરતાં જ, જોયું-

तावद्ददर्श पुरतः सनकादीन्मुनीश्वरान् ।
कोतिसूर्यसमाभासानुवाच मुनिसत्तमः ।।

(ભાગવત માહાત્મ્ય ૨/૪૪)

પુરતઃ- સામે ગંધમાદન પર્વત પર સનકાદિક મુનિવરોનું દર્શન પ્રાપ્ત થયું અને સનકાદિક તથા દેવર્ષિજીનો પરસ્પર જે સંવાદ થયો તે અહીં જ થયો છે. અહીં સનકાદિકો દ્વારા પુરાણ તિલક શ્રીમદ્ ભાગવતની મહિમા પ્રકટ કરવામાં આવી છે. પદ્મપુરાણોક્ત ભાગવત માહાત્મ્યની બીજા અધ્યાયમાં આ સંવાદ દૃષ્ટવ્ય છે. ભાગવત ભાષ્ય શ્રી ગર્ગસંહિતામાં લખ્યું છે-

अथ गोवर्द्धनाद्दूरे सुन्दरं योजनत्रयम् ।
श्रीखंडगंधसंयुक्तं स ययौ रोहितच्चलम् ।।

(ગ.સં.મથુ.ખં.૨૦/૩૭)

શ્રી ગોવર્ધનથી ૩ યોજન દૂર છે- આદિ બદ્રીધામ એટલે કે ૧૨ કોસના અંતરે છે, તો ગિરિરાજથી ૧૨ કોસના અંતરે આ જ આદિ બદ્રીધામ છે, ઉત્તરાંચલવાળું બદ્રીધામ નહીં કારણકે અહીં બદ્રીધામનું એક નિશ્ચિત અંતર દર્શાવવામાં આવ્યું છે અને ઉત્તરાંચલનું બદ્રીનાથ તો ઘણું દૂર થઈ ગયું. વ્રજના બદ્રીને આદિ બદ્રી એટલા માટે જ કહેવામાં આવ્યું છે. વ્રજ ભૂમિ નિત્ય હોવાથી અહીંની પ્રત્યેક લીલાસ્થળી આદિ-અનાદિ છે, તેથી તેને આદિ બદ્રી કહેવામાં આવ્યું. આજે પણ આ લીલાસ્થળ જાગૃત છે.

ઇ.સ. ૧૯૯૪માં દેવસરોવરથી નિકળતી દૂધની ધારનું દર્શન પૂજ્ય બાબા મહારાજે કર્યું હતું. સાથે પં. શ્રી રામજીલાલ શાસ્ત્રી તથા અનેક મહાત્માઓ હતા.

શ્રી ભગવાન્ લોકહિત હેતુ સ્વેચ્છાથી અવતાર ધારણ કરે છે. અવતારમાં શાપ વગેરે તો કારણ માત્ર છે. શાપ સત્ય નથી, ભગવદ્-ઇચ્છા સત્ય છે. સર્વસમર્થ પ્રભુ શાપનું નિવારણ કરવામાં સક્ષમ હોવા છતાં પણ સ્વેચ્છાથી જ શાપનું શમન કરતાં નથી.

''બ્રહ્મતેજઃ સમર્થોઽપિ હન્તું નેચ્છે મતં તુ મે ।''

(ભા.૩/૧૬/૨૯)

શાપથી પણ આગળની વસ્તુ છે- ''ભગવદ્ ઇચ્છા''

અને આ શાપ ભગવદ્ ઇચ્છામાં બાધક નહીં સહાયક હોય છે.

મૃષા હોઉ મમ શ્રાપ કૃપાલા ।
મમ ઈચ્છા કહ દીનદયાલા ।।

(રા.બા.કા.૧૩૮)

પ્રથમ તો વિશ્વમોહિની સાથે વિવાહ ન થવાથી દેવર્ષિ નારદે પ્રભુને શાપ આપી દીધો પરંતુ પછી કહે છે- ''પ્રભુ! મારો આ શાપ અમૃત બની જાય.''

ત્યારે પ્રભુએ સ્વયં કહ્યું- ''દેવર્ષિ! મારી જ ઇચ્છાથી તમે મને શાપ આપ્યો છે.''

ભગવાન સ્વેચ્છાથી શાપ સ્વીકાર કરે છે.

અને આપની ઇચ્છા શું છે?

'' અનુગ્રહાય ભૂતાનાં માનુષં દેહમાસ્થિતઃ ''

(ભા.૧૦/૩૩/૩૭)

અથવા

સોઈ જસ ગાઈ ભગત ભવ તરહીં । કૃપાસિંધુ જન હિત તનુ ધરહીં ।।

(રા.બા.કા.૧૨૨)

પ્રભુની અનંત-અપરિસીમ કૃપા, કરૂણા જ તેમને અવતાર લેવા વિવશ કરે છે. જે સમયે ગોલોકમાં શ્રીદામા (સુદામા)એ શ્રીજીને શાપ આપ્યો કે તમે અહીંથી મર્ત્યલોકમાં જાઓ અને ત્યાં તમને સખી-સમૂહ સહિત શ્રીકૃષ્ણથી ૧૦૦ વર્ષો સુધી વિયોગ પ્રાપ્ત થશે.

શ્રીજીએ પણ શાપ આપી દીધો- ''તમે પણ મૃત્યુલોકમાં જઈને અસુર બની જાઓ.'' શ્રીજી દ્વારા શાપિત થઈ શ્રીદામા (સુદામા) જ્યારે મૃત્યુલોકમાં આવવા લાગ્યા ત્યારે શ્રીજીની આંખો ભરાઈ આવી, ત્યારે શ્રીકૃષ્ણએ સાંત્વના આપી- ''ચિંતા ન કરો, શ્રીદામા જલ્દી જ પાછો આવશે.'' તો શ્રીજીના એ રૂદનનું કારણ શું હતું?

માત્ર કરૂણા, કૃપા, દયા. (બ્ર.વૈ.પ્ર.ખં.અધ્યાય-૪૯)

રામાવતાર જુઓ તો પ્રભુ શ્રીરામે પહેલાં જ કહી દીધું-

સુનહુ પ્રિયા વ્રત રુચિર સુસીલા । મૈં કછુ કરબિ લલિત નરલીલા ।।
તુમ્હ પાવક મહુઁ કરહુ નિવાસા । જૌ લગિ કરૌં નિસાચર નાસા ।।

(રા.અર.કાં.-૨૪)

''હે પ્રાણપ્રિયે! હે પતિવ્રત ધર્મપરાયણ સુશીલે! હવે હું એવી નર-લીલા કરીશ, જેમાં તને મારો વિયોગ પ્રાપ્ત થશે, અસુરગઢમાં આવાસ પ્રાપ્ત થશે. તેથી ત્યાં સુધી તું પાવક (અગ્નિ)માં નિવાસ કર.'' ત્યારબાદ જે છાયાવિગ્રહનું હરણ થયું છે. એટલે કે પ્રભુ શ્રીરામની જ ઇચ્છાથી સીતાહરણ, વિયોગ, વિરહ સૌ કાંઈ થયું. વાલ્મીકિ રામાયણમાં પણ આવે છે- અશોક વાટિકામાં જે સમયે દશાનન શ્રી જાનકીજીને ડરાવવા ગયો તો શ્રી સીતાજી બોલ્યાં-

અસંદેશાત્તુ રામસ્ય તપસશ્ચાનુપાલનાત્ ।
ન ત્વાં કુર્મિ દશગ્રીવ ભસ્મ ભસ્માર્હતેજસા ।।

(બા.રા.સું.કાં. ૨૨/૨૦)

''હે દશાનન! મારું તેજ માત્ર તને ભસ્મસાત કરવા માટે પર્યાપ્ત છે. જો હું ચાહું તો તને આ જ સમયે ભસ્મ કરી દઉં પરંતુ મને મારા સ્વામી શ્રીરામની આજ્ઞા નથી. તેઓ વિયોગલીલા, યુદ્ધલીલા ઇચ્છે છે. બસ, એટલા માટે જ તારા પ્રાણ અત્યારે તારા શરીરમાં છે. પતિવ્રતા પતિની વિરુદ્ધમાં નથી ચાલતી.''

પ્રભુની ઇચ્છાથી શ્રી સીતાજીએ અભિન્ન હોવા છતાં પણ વિપ્રલંભ સ્વીકાર્યો. તેવી જ રીતે અહીં શ્રીરાધા અને શ્રીકૃષ્ણમાં અવિનાભાવ સંબંધ છે. બંને હંમેશા અચ્છેદ્ય છે, પરંતુ શ્રીકૃષ્ણની ઇચ્છાથી શ્રીજીએ વિરહ સ્વીકાર કર્યો. વિરહલીલાની ઇચ્છા શા માટે થઈ શ્રીકૃષ્ણને? કારણકે બ્રહ્માજીએ પ્રાર્થના કરી હતી-

સ્મર સુદામશાપં ચ શતવર્ષનિબન્ધનમ્ ।।
ભક્ત શાપાનુરોધેન્ શતવર્ષ પિયાં ત્યજ ।।
તેન સાર્ધ મધુપુરીં મહાવન ગચ્છ સાંપ્રતમ્ ।।
નિર્માણં દ્વારકાયાશ્ચ ભારાવતરણં ભુવઃ ।।

(શ્ર.વૈ.કૃ.જ.ખં.૬૯/૩૧,૩૨,૩૪,૩૫)

''પ્રભુ! સુદામાના શાપનું સ્મરણ કરી ૧૦૦ વર્ષની વિયોગ લીલા પ્રકટ કરો. તેની ભૂમિકા પણ તૈયાર થઈ ચૂકી છે. અક્રૂરજી આવ્યા છે, આપ તેમની સાથે જઈ મથુરા, દ્વારિકા લીલા સંપન્ન કરો.'' ત્યારે દેવોની પ્રાર્થનાથી આ લીલા થઈ. તે સિવાય શ્રીકૃષ્ણની ઇચ્છા તો હતી જ કે પ્રકટ લીલામાં વિરહ દર્શાવવાની. ભાગવતકારે પણ આ વાતને માની છે. શ્રીકૃષ્ણના મથુરા, દ્વારિકા ચાલ્યા ગયા બાદ ગોપીઓને અસહ્ય વિરહ થયો.

શ્રી ભગવાને સ્વયં કહ્યું-

ઈશો યદ્યપિ શક્તોઽહં નિષેકં ખંડિતું પ્રિયે ।
તથાઽપિ ન ક્ષમો રત્ને નિયતેર્ન કરોમ્યહમ્ ।।

(બ્ર.વૈ.કૃ.જ.ખં.-૬૯/૮૩)

''ઈશતા (દૈવત્વ) તો મારા કર (હાથમાં) છે જ. હું ચાહું તો હમણાં સુદામાનો શાપ નષ્ટ કરી દઉં, પરંતુ હું સ્વયં નથી ઇચ્છતો કારણકે આ સમયે વિરહલીલા કરવાની મારી ઇચ્છા છે.'' અહીં પણ ભગવાને એક ઘણી મોટી મર્યાદા સ્થાપિત કરી. સર્વસમર્થ હોવા છતાં પણ શાપ નષ્ટ ન કર્યો. તેના માટે તેઓએ વિરહ લીલા પણ કરી અને વ્રજની બહાર પણ ક્યારેય ન ગયા. પ્રભુ સ્વયં કહે છે-

''સંશ્લેષઃ સંતતં સ્વપ્ને મદ્વરેણ ભવિષ્યતિ''

(બ્ર.વૈ.કૃ.જ.ખં.-૬૯/૮૬)

''વિયોગ તો માત્ર જાગૃત અવસ્થામાં રહેશે. સુષુપ્તિમાં તો મારો સંયોગ સતત રહેશે.'' ભલા શ્રીકૃષ્ણ વ્રજથી બહાર ક્યારેય જઈ શકે છે? જડખોરના જંગલોમાં સૌગંધિની શિલા છે, જ્યાં શ્રીકૃષ્ણએ કહ્યું હતું-

''બ્રજ તજિ અનત ન જૈહોં મોહિ નન્દ બાબા કી આન''

વિરહ પણ અને નિત્ય સંગ પણ, એ કેવી રીતે સંભવ છે?

તેનો સમન્વય એ છે કે-

''મિલે હી રહત માનો કબહુઁ મિલે ન''

જાગૃતમાં તો વિયોગની અનુભૂતિ થાય અને નિદ્રામાં નિત્ય સંગની.

પ્રકટલીલામાં પણ તેમણે મથુરા, દ્વારિકા ગમન બતાવ્યું તો વારંવાર વ્રજ આગમન પણ દર્શાવ્યું. ભાગવતકારે આ વાતનું વર્ણન કર્યું છે. જે સમયે પ્રભુ હસ્તિનાપુરથી દ્વારિકા આવ્યા તો સ્વયં દ્વારિકાવાસીઓ બોલ્યા-

યર્હ્યમ્બુજાક્ષપસસાર ભો ભવાન્ કુરુન્ મધુન્ વાથ સુહૃદ્દિદક્ષયા ।
તત્રાબ્દકોટિપ્રતિમઃ ક્ષણો ભવેદ્ રવિં વિનાક્ષ્ણોરિવ નસ્તવાચ્યુત ।।

(ભા.૧/૧૧/૯)

''અમારી એક-એક પળ કરોડો-કરોડો વર્ષની જેમ વ્યતીત થાય છે પરંતુ ક્યારે? જ્યારે આપ વ્રજ ચાલ્યા જાઓ છો.'' એટલે કે પ્રભુ મથુરા અને દ્વારિકાથી વારંવાર વ્રજમાં આવ્યા છે.

'ભાગવતભાષ્ય શ્રી ગર્ગસંહિતાજી' માં તો મથુરા, દ્વારિકાથી ૪ વાર આગમન અને ૩ વાર મહારાસ કર્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

એકવાર 'ગર્ગસંહિતા'ના 'વૃંદાવન ખંડ'માં, બીજી વાર 'મથુરા ખંડ'માં ઉદ્ધવજી સહિત વ્રજમાં આવ્યા છે, ત્રીજી વાર 'અશ્વમેધ ખંડ'માં પ્રભાસમિલન સમયે અને ચોથી વાર આ જ ખંડના અનિરુદ્ધ-દિગ્વિજય બાદ પાછાં ફરતી વખતે, આમ કેટલીય વાર સવિસ્તાર

રાસલીલાનું વર્ણન કર્યું છે. બ્રહ્મવૈવર્તમાં પણ ચર્ચા છે કે મથુરાનાથ તથા દ્વારિકાનાથ શ્રીકૃષ્ણએ વારંવાર વ્રજમાં આવીને રાસેશ્વરી શ્રી રાધારાણીની સાથે મહારાસ લીલા કરી છે અને તેથી જ વ્રજમાં મહારાસ લીલાના ઘણાંય સ્થળ છે. મહારાસના વિશાળ ક્ષેત્રમાં જ આ 'શ્રી આદિબદ્રી ધામ' પણ આવે છે. 'આદિ' શબ્દ દર્શાવે છે કે જે હિમાલયમાં 'બદ્રીધામ' છે, તેનાથી પણ પ્રાચીન છે આ 'શ્રી આદિબદ્રી ધામ' કારણકે તેનો સંબંધ રાધા-માધવની લીલા સાથે છે, જે અનાદિકાળથી ચાલતી આવી છે.

ગર્ગસંહિતાનુસાર- બદ્રિકાશ્રમનું જે સાધ્ય છે- વૈકુંઠ ધામ, ત્યાંના ઈશ ભગવાન લક્ષ્મી-નારાયણ 'રાધા-માધવ' માટે વિહાર-સ્થળ સજાવવા સીધા વૈકુંઠથી અહીં આવ્યા હતા, તેથી તેને 'આદિબદ્રી' કહેવામાં આવ્યું. એકવાર શ્રીકૃષ્ણએ એવી બંશી બજાવી કે તેનો આખા બ્રહ્માંડ પર પ્રભાવ પડ્યો. બ્રહ્માંડને ચીરતી બંશી વૈકુંઠમાં પહોંચી ગઈ.

रुन्धन्नम्भ्भृतश्चमत्कृतिपरं कुर्वन्मुहुस्त्वंबरं ।
ध्यानाद्धतनयन्सनन्दनमुखान्विस्मेरयन्वेधसम्
औत्सुक्याद्वलिभिर्बलिं चटुलयन्भोगेन्द्रमाधूर्णयन्भिंद-
न्नंडकटाहभित्तिमभितो बभ्राम वन्शीध्वनिः ।

(ગર્ગ.સં.અ.ખ.૪૨/૩)

બંશીનું વહેણ બ્રહ્માંડની બહાર પણ ગયું. બંશીનો ધ્વનિ જ્યારે ચાલ્યો તો વાદળાં રોકાઈ ગયા. ગંધર્વો મોહિત થયા, સનકાદિકોનું ધ્યાન ભંગ થયું. 'विस्मेरयन्वेधसम्' બ્રહ્માજી તેને સાંભળીને ચકિત થઈ ગયા. મહારાજ બલિ પણ આશ્ચર્યમાં પડી ગયા. 'भोगेन्द्रमाधूर्णयन' શેષજી પણ તેને સાંભળીને ઝૂમવા લાગ્યા. 'भिन्दन अण्डकटाह भित्तिं' બ્રહ્માંડને ચીરતી બંશી આગળ નિત્યધામોમાં પહોંચી ગઈ. આ જ લીલા વિશે સૂરદાસજીએ પોતાના પદમાં કહ્યું-

''हरषित वेणु बजायो छैल ।''

શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે-

कृष्णविक्रीडितं वीक्ष्य मुमुहुः खेचरस्त्रियः ।
कामार्दिताःशशाङ्कश्च सगणो विस्मितोऽभवेत् ।।

(ભા.૧૦/૩૩/૧૯)

શશાંક એટલે કે ચંદ્ર, તારાગણો સૌ સ્તબ્ધ થઈ ગયા. એ ધ્વનિથી સમસ્ત બ્રહ્માંડ પ્રભાવિત થયું. 'खेचरस्त्रियः' દેવાંગનાઓ પણ મોહિત થઈ ગઈ, આ વિશે સૂરદાસજી કહે છે-

''चन्द्रहिं बिसरी नभ की गैल''

ચંદ્ર આકાશમાં રસ્તો ભૂલી ગયો. એવું શાથી થયું? તો કહે છે-

ब्रह्मरात्र उपावृत्ते वासुदेवानुमोदिताः ।
अनिच्छन्त्यो ययुर्गोप्यः स्वगृहान् भगवत्प्रियाः ।।

(ભા.૧૦/૩૩/૩૯)

એક કલ્પની રાત બની ગઈ હતી, તેથી આખું બ્રહ્માંડ સ્તબ્ધ થઈ ગયું. સૌની ગતિ સ્તબ્ધ થઈ ગઈ.

''તારાગણ મન મેં લજ્યો''

સમસ્ત તારાઓ, નક્ષત્રોની ગતિ થંભી ગઈ. તેથી જ તો ૧ કલ્પની રાત બની! આ બધું ભગવાનની યોગમાયા શક્તિથી થાય છે, તેથી રાસ પંચાધ્યાયીમાં સૌથી પહેલા પ્રભુએ યોગમાયાનો આશ્રય લીધો છે.

'યોગમાયામુપાશ્રિતાઃ'' યોગમાયા અઘટિત ઘટનાઓ ઘટનારી છે. આદિબદ્રીમાં મંદિર પહેલાં જ ડાબી તરફ 'માલતીવન' છે જેમાં ભગવતી યોગમાયાનું મંદિર પણ છે.

'મુરલી ધુનિ વૈકુંઠ ગઈ' આ આદિબદ્રીનો મૂળ મંત્ર છે. વૈકુંઠમાં લક્ષ્મી-નારાયણ ભગવાન પરસ્પર વાતો કરી રહ્યા છે કે ચાલો વ્રજમાં જઈએ, રાધા-માધવની સેવા કરીશું. અહીંના આરાધ્ય રાધા-માધવ છે, જે બદ્રીનાથજીમાં વિરાજી રહ્યા છે મંદિરમાં, તે આરાધ્ય નથી, તેઓ તો યુગલ સરકારની સેવા કરવા માટે અહીં આવ્યા છે.

''મુરલી ધુનિ વૈકુંઠ ગઈ ।
નારાયણ કમલા સુનિ મોહે અતિ રુચિ હૃદય ભઈ ।।''

''હરષિત વેણુ બજાયો છૈલ ।''

ભગવાન વૈકુંઠનાથજીએ લક્ષ્મીજીને કહ્યું- ''હે દેવી! આ બંશી સાંભળો-

કહત વચન કમલા જૂ સુનૌં

જુઓ, ભગવાન કુંજવિહારી રાધા-માધવ રાસ કરી રહ્યા છે.

શ્રી કુંજબિહારી વિહરત દેખિ,
જીવન જનમ સફલ કરિ લેખિ ।

આ સુખ અહીં વૈકુંઠમાં પણ નથી, એ તો કેવળ વૃંદાવનની રજમાં, વ્રજની ધૂળમાં જ છે.

ચાલો આપણે પણ ત્યાં જઈએ.

''એહિ સુખ તિહું પુર હૈ કહાઁ''

આ સુખ ન ઉર્ધ્વલોકોમાં છે, ન માયાના લોકોમાં છે. સમસ્ત ત્રિલોકમાં ક્યાંય નથી.''

''શ્રી વૃન્દાવન હમતે દૂર''

આ રસ માત્ર વ્રજરજમાં જ મળી શકે છે. તેથી જ વ્રજરજ માટે તો લક્ષ્મીજી પણ તરસે છે.

''श्रयत ईन्दीरा शश्वदत्रहि''

ઉદ્ધવજીએ કહ્યું છે-

नायं श्रियोऽङ्ग उ नितान्तरतेः प्रसादः स्वर्योषितां नलिनगन्धरुचां कृतोऽन्याः ।
रासोत्सवेऽस्य भुजदंडगृहीतकंठ लब्धाशिषां य उदगाद्व्रजबल्लवीनाम् ।।

(ભા.૧૦/૪૭/૬૦)

''લક્ષ્મીજી પણ આ વ્રજરજ મેળવવાની લાલસા રાખે છે. ભગવાનના વક્ષસ્થળ પર નિત્ય વાસ હોવા છતાં પણ તેમને વ્રજરજ ન મળી તો સ્વર્ગની દેવીઓને ક્યાંથી મળવાની હતી? પરંતુ એ રજ, વ્રજની અબુધ ગોપીઓને મળી ગઈ. 'પદ્મપુરાણ'માં કથા આવે છે- એકવાર નારદજીએ જોયું કે ઋષિઓ તપસ્યા કરી રહ્યા છે અને તેમની બાજુમાં તેમની અસ્થિઓનો પહાડ લાગ્યો છે. નારદજી વૈકુંઠ ગયા, ભગવાનને પૂછ્યું- ''પ્રભુ! આજે તો ઘણી વિચિત્ર ચીજ જોવા મળી'' પૂછ્યું શું? તો બોલ્યા- ''સાત ઋષિઓ તપસ્યા કરી રહ્યા છે અને બાજુમાં તેમની અસ્થિઓનો પહાડ ખડકેલો છે, આવું કેમ?''

ભગવાન બોલ્યા- ''તેમને તપસ્યા કરતાં-કરતાં એટલા યુગો વીતી ગયા છે કે એ તપના પ્રભાવથી તેમની અસ્થિઓ પણ અમોઘ થઈ ગઈ છે.'' નારદજીએ પૂછ્યું- ''તો તેમનું લક્ષ્ય શું છે?''

ભગવાન બોલ્યા- ''વ્રજરજ પ્રાપ્તિ.''

નારદજી બોલ્યા- ''તો આપ કેમ આપતાં નથી?''

ઠાકુરજી બોલ્યા- ''એ સામર્થ્ય મારી અંદર નથી, એ તો માત્ર વૃંદાવનેશ્વરી શ્રીરાધારાણી જ આપી શકે છે.'' તેથી નારાયણ ભગવાને કહ્યું-

''એહિ સુખ તિહું પુર હૈ કહાઁ, શ્રીવૃન્દાવન હમતે દૂર''

''આ વ્રજરસ તો માત્ર વ્રજની રજમાં યુગલ સરકારની ઉપાસના કરવાથી જ મળી શકે છે.''

''કૈસે ધૌં ઉડિ લાગૈ ધૂર''

કોઈપણ રીતે અહીંની માટી શરીર પર લાગી જાય. આ રજની મહિમા બ્રહ્મા પણ ન જાણી શક્યા.

રાસ રસિક ગુણ ગાઈહૌં, હરષિત વેણુ બજાયો છૈલ ।
જો સુખ શ્યામ કરત વૃન્દાવન સો સુખ તિહું પુર ન્યાઈ હો ।

ભગવાન નારાયણ કહી રહ્યા છે-

''હમકો કહાઁ મિલત રજ ઉનકી, યહ કહકૈ અકુલાઈહૌં''

ભગવાન નારાયણ અને લક્ષ્મીજી કહી રહ્યા છે- 'અમોને તેની રજ ક્યાંથી મળી શકે છે?''

એટલે કે શ્રી લક્ષ્મી-નારાયણ પણ વ્રજ પ્રાપ્તિની લાલસા રાખે છે, તે વાતમાં સંશય ન કરવો જોઈએ. કૃષ્ણ વિરહિણી વ્રજાંગનાઓ કહે છે-

ધન્યા અહો અમી આલ્યો ગોવિન્દાઙ્ઘ્રયજરેણવઃ ।
યાન્ બ્રહ્મેશો રમા દેવી દધુર્મૂર્ધ્ન્યધનુત્તયે ।।

(ભા.૧૦/૩૦/૨૯)

''શ્રી રાધા-માધવની ચરણરજ ધન્ય છે. સાક્ષાત્ બ્રહ્મા, શિવ અને લક્ષ્મી આદિ પણ જેને પોતાના પાપોની નિવૃત્તિ માટે એટલે કે વ્રજ રસની પ્રાપ્તિમાં પ્રતિબંધક તત્વોના (ઐશ્વર્ય, અધિકાર વગેરે) નિવારણ માટે આદર સહિત પોતાના શીશ પર ધારણ કરે છે.''

''સુનહુઁ પ્રિયા શ્રી સત્ય કહત હૌં, મોતે ઔર ન કોઈ હૌં''

ભગવાન નારાયણ બોલ્યા- ''લક્ષ્મી! જુઓ ઐશ્વર્યની દૃષ્ટિએ મારાથી મોટું કોઈ નથી, પરંતુ રાસરસ આપણી પાસે પણ નથી.''

''નંદકુમાર રાસરસ મુખ બિન વૃન્દાવન નહિં હોઈહૌં''

એ તો કેવળ વૃંદાવનમાં જ મળી શકે છે. આમ તો હું અનંત બ્રહ્માંડ બનાવું છું, હું જ મહાવિષ્ણુ છું.

''કર્તા કો પ્રભુ મૈં હી''

આખી સૃષ્ટિને હું જ બનાવું છું, હું જ બગાડું છું.

પરંતુ, આ **સુખ તો મારા માટે પણ ન્યારું છે.**

આ જે મધુર રસ છે, તે આપણાથી અલગ છે, ત્યાં આપણો અધિકાર નથી.''

'' 'સૂર' ધન્ય રાધાવર ગિરિધર ધનિ સુખ નન્દ દુલારે હો''

'ગર્ગસંહિતા'માં લખ્યું છે કે લક્ષ્મી-નારાયણ ભગવાને આખા રોહિતાચલ પર્વતને સજાવ્યો કારણકે શ્રી રાધારાણી ત્યાં વિહાર કરશે.

''તતત્ર દેવસરોવરમ્યં બદ્રીનાથેનં નિર્મિતં'' સ્વયં બદ્રીનાથ ભગવાને યુગલ સરકાર માટે દેવ સરોવર બનાવડાવ્યું. 'ખોહ'માં 'ઠાકુર-શ્રીજી' અંતર્ધ્યાન થયા હતા અને ગોપીઓને છોડીને અહીં રોહિતાચલ પર્વત પર આવી ગયા, જેના કારણે 'ખો' ગ્રામનું નામ પડ્યું. તે ગોવર્ધનથી ૩ યોજન દૂર છે. આ રોહિતાચલ પર્વત, બદ્રીનાથ ભગવાન લક્ષ્મી-નારાયણે શ્રીજી ઠાકુરજી માટે સજાવ્યો હતો. તેમાં ઘણી સુંદર-સુંદર કુંજો હતી. સોનેરી લતાઓ હતી, 'કાંચિની' એટલે કે રાધારાણીના રંગની સોનેરી લતાઓ હતી, તેથી તેને કનકાચલ પર્વત કહે છે. તે લતાઓ પીળો પ્રકાશ ફેંકી રહી હતી. એ દેવસરોવરમાં ઘણી સુંદર-સુંદર માછલીઓ, કાચબા અને અન્ય જળજીવો પણ હતાં.

સહસ્રદલપદ્મૈશ્ચ મંડિતં તદિતસ્ततः ।
ભ્રમરધ્વનિસંયુક્તં પુંસ્કોકિલરુતવ્રતમ્ ।।

(ગ.સં.મ.ખં. ૨૦/૪૦)

તેમાં હજારો પાંખડીઓવાળા કમળ હતા. ચારે બાજુ અસંખ્ય ભ્રમરો ગુંજારવ કરી રહ્યા હતા. બારે માસી ત્યાં કોયલો ટહુકતી હતી, કમળની સુગંધથી આખું સરોવર ભર્યું રહેતું હતું. તેના કિનારે મીઠો-મીઠો વાયુ વહી રહ્યો હતો.

વિકસત્પદ્મગન્ધાઢયં तत्तीरं मन्दमारुतम् ।
રમયા રાધયા સાર્દ્ધં માધવો નિષસાદ હ ।।

(ગ.સં.મ.ખં.૨૦/૪૧)

તે સરોવરના કિનારે રાધા-માધવ બંને બેસી ગયા. વૈકુંઠથી પણ સુંદર સરોવર હતું. આખરે તો બદ્રીનાથજી એ શ્રીજી-ઠાકુરજી માટે જ બનાવડાવ્યું હતું. ત્યાં શ્રીજીની સાથે ઠાકુરજીનું રમણ કરતાં બેસી ગયા. ત્યારબાદ જ્યારે તેઓ આગળ વધ્યા તો ત્યાં 'રિભુ'નામના એક ઋષિ તપ કરી રહ્યા હતા.

तत्तीरं प्रतपस्यंतं ऋभुं नाम महामुनिम् ।
પદૈકેન સ્થિતં શશ્વચ્છીકૃષ્ણધ્યાનતત્પરમ્ ।।

(ગ.સં.મ.ખં.૨૦/૪૨)

એક પગે ઉભા રહીને ભગવાનનું ધ્યાન કરી રહ્યા હતા.

ભગવાનનું ધ્યાન ધરતાં તેમને

ષષ્ટિવર્ષસહસ્રાણિ ષષ્ટિવર્ષશતાનિ ચ ।
નિરન્નં નિર્જલં શાન્તં શ્રીકૃષ્ણાસ્તં દદર્શ હ ।।

(ગ.સં.મ.ખં.૨૦/૪૩)

સાઠ હજાર છસો વર્ષ એક પગે ઉભા રહી તપસ્યા કરતાં વીતી ગયા, ખાવાનું તો દૂર, પાણી સુદ્ધાં ન પીધું. કૃષ્ણચરણધ્યાનની શક્તિથી આટલા સમય સુધી એક પગે ઉભા રહ્યા. જ્યારે ઠાકુર-શ્રીજીએ જોયું તો શ્રીજીએ પૂછ્યું- ''આ કોણ છે? ઘણાં મોટા ભક્ત માલુમ પડે છે. આપના આ ભક્તનું મહાત્મ્ય જણાવો.'' શ્રીજી ઘણી કૃપારૂપિણી છે. ઠાકુરજી બોલ્યા- ''હે રાધે! આ રિભુ ઋષિ છે.'' ઠાકુરજીએ રિભુ ઋષિને કહ્યું- ''હે ઋભો!'' પરંતુ સમાધિની ચરમ અવસ્થામાં પહોંચવાને કારણે તેઓ ભગવદ્ વાણીને ન સાંભળી શક્યાં, ત્યારે ભગવાને જેના ધ્યાનની શક્તિ પર તેઓ ઉભા હતાં, તે મનોહર છબિને ખેંચી લીધી. રિભુ ઋષિએ ગભરાઈને પોતાની આંખો ખોલી દીધી અને સામે રાધા-માધવનું દર્શન થતાં એવું લાગ્યું જાણે શ્રીકૃષ્ણ વાદળ છે અને તેમાં શ્રીજીની કાંતિ વિદ્યુતની જેમ દીપાયમાન થઈ રહી છે. ઉઠીને બંનેની પ્રદક્ષિણા કરી અને પ્રણામ કરતાં ચરણોમાં પડી ગયા, પછી બંનેની સ્તુતિ કરી-

નમઃ કૃષ્ણાય કૃષ્ણાયૈ રાધાયૈ માધવાય ચ ।
પરિપૂર્ણતમાયૈ ચ પરિપૂર્ણતમાય ચ ।।

(ગ.સં.મ.ખં.૨૦/૪૯)

'એટલે કે રાધા-માધવ જ પરિપૂર્ણ તત્ત્વ છે.''

ઘનશ્યામાય દેવાય શ્યામાયૈ સતતં નમઃ ।
રાસેશ્વરાય સતતં રાસેશ્વર્યૈ નમો નમઃ ।।
ગોલોકાતીતલીલાય લીલાવત્યૈ નમો નમઃ ।
અસંખ્યાંડાધિદેવ્યૈ ચાસંખ્યાંડનિધયે નમઃ ।।

(ગ.સં.ભ.ખં. ૨૦/૫૦,૫૧)

''અનંત બ્રહ્માંડોના શ્રીકૃષ્ણ જ ઈશ્વર છે અને રાધારાણી અનંત બ્રહ્માંડોની ઈશ્વરી છે.'' ત્યારબાદ રિભુ ઋષિએ બંનેને પ્રણામ કરતાં પોતાના પ્રાણ ત્યાગી દીધા. તેમના શરીરથી એક જ્યોતિ નિકળી અને શ્રીકૃષ્ણના ચરણોમાં વિલીન થઈ ગઈ. હવે ઠાકુરજી રિભુ ઋષિના વિરહમાં રડવા લાગ્યા. રિભો-રિભો કહીને બૂમો પાડવા લાગ્યા. ઠાકુરજીના ચરણોથી રિભુ ઋષિ નિકળ્યા. તેમની કાંતિ દિવ્ય હતી, ઠાકુરજીની જેમ કરોડો ગંધર્વોથી પણ સુંદર હતા તે. પ્રભુની આજ્ઞાથી વિમાન આવ્યું અને એ વિમાન પર બેસીને રિભુ ઋષિ ચાલ્યા ગયા. ત્યારબાદ રાધારાણીએ પૂછ્યું- ''શા માટે રડો છો?''

શ્રીકૃષ્ણ બોલ્યા- ''મારો ભક્તો પર ઘણો પ્રેમ હોય છે.''

શ્રીજી બોલ્યા- ''અસ્ય દેહ ક્રિયાંકર્તું યોગ્યોડસિ વૃજિનાર્દન'' ''જો આટલો જ પ્રેમ હોય તો તમે તેમની શરીરનો દાહ-સંસ્કાર કરો.'' એટલામાં તેમનું શબ એક દિવ્ય પવિત્ર નદી બની ગયું, તે પાપનાશિની ગંગા હતી.

શ્રીજીએ પૂછ્યું- ''એ જળરૂપ કેવી રીતે બની ગયા?''

ઠાકુરજી બોલ્યા- ''એકવાર મારું પણ શરીર દ્રવિત થયું હતું, આ બધી પ્રેમની સ્થિતિઓ હોય છે.''

રાધારાણીએ પૂછ્યું- ''આપનું શરીર કેવી રીતે જળ બની ગયું?''

ઠાકુરજીએ જણાવ્યું- ''હે રાધે! એકવાર જ્યારે નારદ ઉત્પન્ન થયા હતા તો તેઓ મારું નામકિર્તન કરતાં ઘૂમતા રહેતાં. એક દિવસ બ્રહ્માજીએ કહ્યું- ''હે નારદ! ફક્ત કિર્તન કરતાં રખડતો રહે છે, અરે વિવાહ કર અને સૃષ્ટિ વધાર.'' બ્રહ્માજી બોલ્યા- ''પિતાજી! વિવાહ કરીને સૃષ્ટિ વધારવામાં કાંઈ નથી રાખ્યું, આ બધું વ્યર્થનું ચક્કર છે. આપ પણ એક તંબુરો લઈ લો અને કીર્તન કરો.'' આ સાંભળીને બ્રહ્માજીને ક્રોધ ચડ્યો અને બોલ્યા- ''અચ્છા! મને જ શીખવાડે છે?'' ગુસ્સામાં તેમના હોઠ ફડકવા લાગ્યા, બોલ્યા- ''હંમેશા ગાતો જ રહે છે, જા ગંધર્વ બની જા. તું કહે છે કે આ શરીર ભોગ માટે નથી તો જા હવે તું કામી બનીને ૫૦ સ્ત્રીઓ સાથે ભોગ કરીશ, રમણ કરીશ.''

નારદજી બોલ્યા- ''આપ મને શાપ આપીને ભલે કાંઈ પણ બનાવી દો, પરંતુ હું પોતાની ઇચ્છાથી તો ક્યારેય વિવાહ નહીં કરું.'' ગંધર્વ બન્યા અને ૫૦ પત્નીઓ સાથે રહેવા લાગી ગયા.

એક દિવસ નારદજી પોતાની પચાસેય પત્નીઓને લઈ ક્યારેક કોઈના ખભા પર હાથ મૂકતાં, ક્યારેક કોઈને ગળે મળતાં અને લૌકિક ગીતો ગાતાં બ્રહ્મલોક પહોંચી ગયા. બ્રહ્માજીએ જોયું તો ગુસ્સે થયાં, ''અરે! આ તો અહીં આવીને આવી ધૃષ્ટતા કરી રહ્યો છે. બ્રહ્મલોકની મર્યાદાને પણ નથી સમજતો. જા શૂદ્ર બની જા.'' શૂદ્ર બની ગયા, દાસી પુત્ર બની ગયા પરંતુ તેઓએ પોતાની હઠ ન છોડી. દાસી પુત્ર બન્યા તો સંતોની સેવાનો અવસર મળ્યો, સત્સંગ મળ્યો. ૧ હજાર ચતુર્યુગી બાદ ફરી તેઓ બ્રહ્મપુત્ર બન્યા પરંતુ ફરી વાર બ્રહ્માજીએ નારદજીને વિવાહ માટે ન કહ્યું. એકવાર નારદજી ભગવદ યશ ગાતાં-ગાતાં ઇલાવ્રત ખંડ ગયા. ત્યાં વેદનગર હતું. ત્યાં ઘણાં સુંદર-સુંદર સ્ત્રી-પુરૂષો હતાં પરંતુ સૌ અપંગ હતા. કોઈને હાથ નહોતો, કોઈને નાક નહોતું, કોઈના દાંત નહોતા. નારદજીએ તેમને આનું કારણ પૂછ્યું. સૌ બોલ્યા- ''અમે રાગ-રાગિણી છીએ. એક નારદ નામનો ઋષિ છે તે સૂર-તાલ વિનાની રાગ-રાગિણી ગાય છે, તેને સ્વર-તાલનું જ્ઞાન નથી. સવારનો રાગ રાત્રે ગાય છે, રાત્રિનો રાગ બપોરે. તેથી અમે હાથ-પગ વિનાના થઈ ગયા છીએ, જો નારદ વ્યવસ્થિત ઢંગથી ગાય તો અમે ઠીક થઈ જઈશું.'' નારદજી વિચારવા લાગ્યા- ''વાત તો સાચી છે, મેં તો ક્યારેય આ બાબતો પર ધ્યાન જ નથી આપ્યું.'' રાગ-રાગિણી બોલ્યા- ''જો એ નારદ સરસ્વતીજીની પાસે જઈને સંગીતની ક્રમબદ્ધ શિક્ષા લે તો ઠીક ગાઈ શકે છે અને અમે પણ બરાબર થઈ જઈશું.'' નારદજીએ વિચાર્યું- ''હવે અહીંથી વહેલાં નીકળવું જોઈએ.'' ત્યારબાદ નારદજી શ્વેત શુભ્રગિરિ પર ગયા અને ત્યાં તેઓએ ૧૦૦ દિવ્ય વર્ષો સુધી અન્ન, જળ છોડીને તપ કર્યું. તેમના ત્યાં તપ કરવાથી એ પર્વતનું નામ નારદ પર્વત પડી ગયું. ત્યાં સરસ્વતીજી આવ્યા, નારદજીને વીણા આપી અને એક ક્ષણમાં પદ્ કોટિ ગ્રામની શિક્ષા આપી. એ દિવ્ય સંગીતની શિક્ષા પામીને નારદજી ગંધર્વ લોક ગયા અને ત્યાં સ્વર્ગ ગાયક તુમ્બુરુ ગંધર્વને પોતાનો શિષ્ય બનાવ્યો, પછી તુમ્બુરુને આખું વૃત્તાંત સંભળાવ્યું કે અમે સરસ્વતીજી પાસેથી સંગીતની શિક્ષા મેળવીને આવ્યા છીએ પરંતુ આ સંગીત કોને સંભળાવીએ? સૌથી પહેલા નારદજી સ્વર્ગમાં ગયા, ત્યાં જોયું ઇન્દ્ર ભોગમાં રત છે અપ્સરાઓ સાથે, તો તેઓ વિચારવા લાગ્યા કે સંગીત વિષયાસક્તને ન સંભળાવવું જોઈએ કારણકે ભોગી વ્યક્તિ સંગીતને વિષ બનાવી દે છે. ત્યારબાદ સૂર્યદેવ પાસે ગયા તો જોયું તેઓ પોતાના રથ પર જઈ રહ્યા હતા, વિચાર્યું આ તો આખો સમય ચાલતાં જ રહે છે, સંગીતની શિક્ષા બેસીને લેવાય. ત્યારબાદ તેઓ કૈલાશ ગયા તો જોયું શિવ ધ્યાનમગ્ન બેઠાં છે. વિચારવા લાગ્યા કે આ પણ અધિકારી નથી. ત્યારબાદ બ્રહ્મલોક ગયા તો જોયું- બ્રહ્મા પોતાની સૃષ્ટિના વ્યાપારમાં લાગેલા છે. વિચારવા લાગ્યા કે આમને તો પોતાના ભક્તોમાંથી જ સમય નથી મળતો. પ્રકૃતિથી પર વિરજા નદીને પાર કરી ગોલોકમાં પહોંચ્યા, જ્યાં દિવ્ય વૃંદાવન છે. ત્યાં દ્વાર પર જ સખીઓએ રોકી લીધા- ''તમે કોણ છો?''

નારદજી બોલ્યા- ''હું નારદ છું, મારું સંગીત સંભળાવવા આવ્યો છું.''

સખીઓએ જઈને રાધારાણીને કહ્યું- ''નારદજી તેમનું સંગીત સંભળાવવા આવ્યા છે. તેમને પોતાના સંગીત માટે કોઈ યોગ્ય શ્રોતા નથી મળ્યા.'' રાધારાણી બોલ્યા- ''બોલાવી લાવો.'' સખીઓ બોલાવી લાવી. નિકુંજની અંદર ગયા. યુગલ સરકારને પ્રણામ કર્યા અને પોતાનું સંગીત સંભળાવવાનું શરૂ કર્યું. સંગીતને સાંભળીને ઠાકુરજીએ કહ્યું- ''હે રાધે! હું દ્રવિત થઈ ગયો, મારા દિવ્ય શરીરથી જળ પ્રકટ થયું અને હું જળરૂપ થઈ ગયો. જેને 'બ્રહ્મદ્રવ' કહે છે, જેમાં અનંત બ્રહ્માંડ ગબડતાં રહે છે, તે બ્રહ્માંડનું નામ પૃશ્નિગર્ભ છે. વામન ભગવાનના ચરણથી તેનું ભેદન થયું હતું, તે છિદ્રમાંથી બ્રહ્મદ્રવ જ્યારે આવ્યું તો ગંગા બની ગયું. તે ગંગાની ૩ ધારાઓ બની. એક તો પાતાળમાં, બીજી સ્વર્ગ અને ત્રીજી પૃથ્વી લોકમાં. તેનું સ્વર્ગલોકમાં મંદાકિની નામ પડ્યું. પૃથ્વીલોકમાં તેનું નામ ભાગીરથી પડ્યું અને નીચે પાતાળમાં તેનું નામ ભોગવતી પડ્યું, તેથી હે રાધે! તમારે આશ્ચર્ય ન કરવું જોઈએ. વિરજા પણ જળરૂપ બની ગઈ હતી. વિરજાના સાતેય પુત્રો જળરૂપ બની ગયા હતા, જે સાત સમુદ્ર બન્યા. ભગવાન વિષ્ણુ પણ કૃષ્ણા નદી બની ગયા હતા. શંકરજી પણ વેણી નામની નદી બન્યા હતા. બ્રહ્મા પણ ક્કુમ્નિની ગંગા બની ચુક્યા છે, આ જ રીતે રિભુ ઋષિ પણ પાપનાશિની ગંગા બની ગયા.'' આવું શ્રીજીને માટે પણ કહેવામાં આવ્યું છે-

પ્રેયઃ સંગસુધાસદાનુભવની ભૂયો ભવદ્દ્રાવિની ।
કારુણ્યદ્રવભાવિની કટિતટે કાઞ્ચીકલારાવિણી ।।

(રા.સુ.નિ.૧૮૧)

શ્રીજી એટલી કરૂણામયી છે કે કરૂણામાં શ્રીજી દ્રવ્યરૂપ બની જાય છે. આ આદિબદ્રી ધામ એ બદ્રિકાશ્રમનું મૂળ છે કારણકે અહીં તો રાસ થઈ જ ન શકે અને અહીં રાધા-માધવે વિહાર કર્યો છે. અહીં કેટલાય દર્શનીય સ્થળો છે. વ્રજમાં મોટા-મોટા તીર્થસ્થાનો, મોટા-મોટા પર્વતો સૌ નિવાસ ઇચ્છતા હતા, તેથી પ્રભુએ સૌને અહીં વાસ આપ્યો. રોહિતાચલ પર્વત પર સ્વયં શ્રી રાધા-માધવે આવીને કેલીવિલાસ કર્યો. તે સમયે આ પર્વતખંડ પુષ્પોથી ભરેલી લતાઓથી એવો સજ્જિત હતો કે તેની શોભા વર્ણવવી અનિર્વચનીય હતી. અહીં સ્વયં બદ્રીનાથ ભગવાને શ્રીજી અને ઠાકુરજીના વિહાર માટે દેવસરોવરનું નિર્માણ કર્યું. તેમાં સહસ્ત્રદલ વાળા કમળો ખિલેલા હતાં, દિવ્ય કોકિલાઓ કૂંજન કરતી રહેતી હતી. શીતળ-મંદ-સુગંધી વાયુ પ્રસરી રહ્યો હતો. દીર્ઘકાળથી ગુપ્ત આ સરોવરનો શ્રી રાધારાણી વ્રજયાત્રા દ્વારા પુનરુદ્ધાર થયો. અહીં પાંચ વનો છે. દેવસરોવરથી ઉપર તરફ ચંદનવન, મંદિરની સામે રોડ પર માલતી વન છે, વિવિધ વનોમાં કૃષ્ણને શોધતી ગોપીઓ જ્યારે માલતી વનમાં આવી તો અહીં તેમને શ્રીકૃષ્ણ મળી ગયાં. મંદિરની ઉપરની તરફ બદ્રીવન, જ્યાં દેવસરોવર છે, શાંતિવન, રોહિતાચલ પર્વતની જમણી બાજુ તપોવન અને ડાબી તરફ હિરન ખોઈ છે. હિરનખોઈની કથા ભાગવતમાં ગાવામાં આવી છે. અહીં પહેલા ઘણાં હરણ રહેતા હતાં. રાસમાં શ્રીકૃષ્ણના અંતર્ધ્યાન થવા પર ગોપાંગનાઓએ હરણ અને હરણીઓને તેમનો માર્ગ પૂછ્યો-

અપ્યેણપત્ન્યુપગતઃ પ્રિયયેહ ગાત્રૈસ્તન્વન્ દૃશાં સખિ સુનિર્વૃતિમચ્યુતો વઃ ।।
કાન્તાઙ્ગસઙ્ગકુચકુઙ્કુમરઞ્જિતાયાઃ કુન્દસ્રજઃ કુલપતેરિહ વાતિ ગન્ધઃ ।।

(ભા.૧૦/૩૦/૧૧)

''હરણીઓ! શું તમે અમારા પ્રાણપ્યારાને જોયા છે? તમારા નેત્રો તો જણાવી રહ્યા છે કે તમે શ્રીકૃષ્ણને જોયા છે. અવશ્ય શ્રીકૃષ્ણ આ તરફથી જ ગયા છે કારણકે તેમના વક્ષસ્થળ પર લટકતી કુંદમાળની સુગંધ આવી રહી છે અને તેમાં શ્રી રાધાના વક્ષસ્થળનું કુમકુમ છે, તે પોતાની વિદ્યુતછટા છલકાવી રહ્યું છે.'' હિરનખોઈની જમણી બાજુ નર પર્વત છે, જ્યાં દેવદ્વાર છે, તેનું નિર્માણ અહીંના મહંત શ્રઈ ગોપીદાસજીએ કરાવ્યું હતું. દેવદ્વારથી કેટલુંક આગળ જતાં કૃષ્ણકાલીન કદંબતરૂ છે, જેની રક્ષા માટે 'શ્રીમાન મંદિર' દ્વારા ચાર દીવાલો અને ચબૂતરાનું નિર્માણ કરવામાં આવ્યું. ડાબી તરફ નારાયણ પર્વત છે, નારાયણ પર્વતથી થોડું આગળ ત્રિકૂટ પર્વત છે, તેના ત્રણ શિખરો છે. નર પર્વતની પાસે નીલ ઘાટી છે, વ્રજના પર્વતોમાં બે નીલ ઘાટીઓ છે, એક આદિબદ્રી અને બીજી નાગાજીની કદમખંડીમાં છે. નીલ ઘાટી એટલે કે અહીંની શિલાઓ વાદળી છે, તેના પર ચાલવાથી પગનો રંગ પણ વાદળી થઈ જાય છે. હિરન ખોઈની ડાબી તરફ ગંધમાદન પર્વત છે. ગંધમાદન પર્વતની પાછળ એક પર્વતમાળા છે, તે વિંધ્યાચળ પર્વત છે. વિંધ્યાચળ પર્વત ત્યાં છે, જ્યાં ચિત્રકૂટના કામદ વગેરે તીર્થો રહે છે, તે સૌને પ્રભુએ અહીં નિવાસ આપ્યો. વિંધ્યાચળ પર્વતના પશ્ચિમમાં કનકાચલ પર્વત છે, જ્યાં ચંદન વન છે. કનકાચલ પર્વતથી થોડે દૂર મૈનાક પર્વત છે અને પશ્ચિમોત્તરમાં દ્રોણગિરિ છે, ધવલગિરિ છે-

શ્રી વૃન્દાવન ભૂમૌ નન્દીશ્વરાષ્ટકૂટવરસાનુધવલગિરિ
સુગન્ધિકાદયોબહવોડદ્રયો વર્ત્તન્તે ।

(શ્રીમજ્જીવગોસ્વામી કૃત વૈષ્ણવ તોષિની ટીકા ભા.૧૦/૨૪/૨૫)

પાપનાશિની ગંગાથી આગળ વધો તો લક્ષ્મણ ઝૂલા છે, તેની ચઢાઈ થોડી કઠિન છે. લક્ષ્મણ ઝૂલાની જમણી બાજુ ગંગોત્રી અને યમુનોત્રી છે. અહીં ૩ ધારાઓ છે. ગંગોત્રી, યમુનોત્રી અને પાપનાશિની ગંગા (રિભુ ઋષિના શરીર દ્વારા ઉત્પન્ન)થી આગળ વધતાં ગજ-ગ્રાહ શિલા આવે છે. ભગવાને વ્રજવાસીઓના આગ્રહથી ગજગ્રાહ ઉદ્ધારની લીલાનું અહીં દર્શન કરાવ્યું હતું. તેનાથી આગળ હરિદ્વાર છે, અહીં હરકી પૌઢીની સીડીઓ પણ બનેલી છે. આ સૌ અત્યંત દુર્લભ તીર્થસ્થાનો છે. પ્રભુએ કૃપા પરવશ આ બધાંને અહીં નિવાસ આપ્યો.

'રાધોપનિષત્'માં ૨૪ વનોના વર્ણનમાં ગન્ધમાદન વનનું પણ વર્ણન આવેલ છે.

અથાનન્તરં
ભદ્રલોહભાંડીરમહાતાલખદિરવકુલકુમુદકામ્યમધુવૃન્દાવનાનિ દ્વાદશવનાનિ કાલિન્દ્યાઃ પશ્ચિમે સમવનાનિ પૂર્વસ્મિન્ પઞ્ચવનાનિ ઉત્તરસ્મિન્ ગુહ્યાનિ સન્તિ । મથુરાવનમધુવનમહાવનખદિરવન ભાંડીરવનનન્દીશ્વર વનનન્દવનાનન્દવનખાંડવનપલાશવનશોકવનકેતક વનદ્રુમવનગન્ધમાદનવનસેષશાયીવનશ્યામાયુવનભુજ્યુવનદધિવનવૃષભાનુ વનસંકેતવનદીપવનરાસવનક્રીડાવનોત્સુકવનાન્યેતાનિચતુર્વિંશતિવનાનિનિ ત્યસ્થલાનિનાનાલીલયાધિષ્ઠાય કૃષ્ણઃ ક્રીડાતિ ।

(રાધોપનિષત્ તૃતીય પ્રપાતકઃ)

તપ્ત કુંડ


એક વખત અગ્નિદેવે મહર્ષિ સભામાં જઈને પૂછ્યું- ઋષિઓ! ''કૃપા કરી મને સર્વભક્ષક પાપમાંથી મુક્ત થવાનો કોઈ ઉપાય બતાવો.'' ઋષિશ્રેષ્ઠ શ્રી વ્યાસજી મહારાજે કહ્યું- ''અગ્નિદેવ! આનો તો એક જ ઉપાય છે. આપ બદ્રીયાત્રા કરી લો. ભગવાનનું આ પાવન નિવાસસ્થાન છે.'' તાત્કાલિક અગ્નિદેવ બદ્રિકાશ્રમમાં ગંધમાદન પર્વત પર ગયા અને ત્યાં ઉત્તરાભિમુખ થઈ ભગવદ્ ધ્યાન કરવા લાગ્યા. પ્રભુએ પ્રસન્ન થઈ પોતાનો સાક્ષાત્કાર કરાવ્યો અને કહ્યું- ''હે અગ્નિદેવ! મારા આ ક્ષેત્રનું દર્શન માત્ર પાપનિવૃત્તિ માટે પર્યાપ્ત છે. આપે અહીં આવીને મારું સ્મરણ કર્યું, તેનાથી આપ પૂર્ણ રીતે પાપમુક્ત થઈ ચૂક્યા છો, ત્યારથી અગ્નિદેવ પૂતાત્મા થઈ બદ્રીનાથમાં તપ્ત જળના રૂપમાં અવસ્થિત છે. આ પાવન તીર્થ 'શ્રી તપ્ત કુંડ'ને પણ શ્રી ઠાકુરજીએ વ્રજવાસ આપ્યો. તપ્તકુંડમાં સ્નાન માત્રથી અનાદિકાળની સંચિત પાપરાશિ નષ્ટ થઈ જાય છે.







બૂઢે બદ્રી અને અલકનંદા કુંડ



આદિ બદ્રી મંદિર અને તપ્ત કુંડ



નર અને નારાયણ પર્વત અને મૈનાક, દ્રોણાચલ અને કનકાચલ પર્વત



ત્રિકુટ પર્વત અને વિંધ્યાચલ પર્વત



આદિ બદ્રી - ગંધમાદન પર્વત અને ધવલગિરી પર્વત



પાપનાશિની ગંગા, ગંગોત્રી અને યમુનોત્રી અને માલતી વન



માલતી વન- યોગમાયા મંદિર અને હરિદ્વાર હર કી પૌડી



દેવ સરોવર અને ગજગ્રાહ શિલા

અધ્યાય-૭૧

શ્રી કેદારનાથ

ભગવાન નારાયણે સ્વયં આ કથા નારદજીને સંભળાવી છે. સતયુગમાં પરમ પરાક્રમી ધર્માત્મા રાજા કેદાર થયા છે. તેઓએ ફળની ઇચ્છા વિના વિધિપૂર્વક ૧૦૦ યજ્ઞો કર્યા. પરમ નિર્વાસનિક હૃદય (કામનાશૂન્ય હૃદય) રાજાએ ઇન્દ્રપદ પણ ત્યાગી દીધું હતું. પ્રત્યેક કાર્ય ભગવદ્ પ્રિત્યર્થ કરતા હતા. એકવાર જૈગીષવ્ય મુનિ પાસેથી પરમાર્થ તત્ત્વનો બોધ પ્રાપ્ત કરી ભગવદ્પ્રાપ્તિની તીવ્ર ઇચ્છાથી વનમાં તપ કરવા ચાલ્યા ગયા. શ્રીહરિના અનન્ય ભક્ત હતા. તેથી સદા સુદર્શન ચક્ર તેમની રક્ષા માટે પાસે જ રહેતું હતું. ઉત્કટ તપના પ્રભાવથી રાજા કેદારને નિત્ય ધામ ગોલોકની પ્રાપ્તિ થઈ. જ્યાં તેઓએ તપ કર્યું હતું, તે સ્થાન કેદારક્ષેત્ર થયું.

અહીં પ્રાણ ત્યાગ થવાથી જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ કેદારક્ષેત્ર શ્રી ભગવાનને ઘણું પ્રિય છે, તેથી જ કેદાર ક્ષેત્રને પ્રભુએ કામવનની પાસે વ્રજમાં વાસ આપ્યો.

કામવનને 'આદિવૃંદાવન' કહેવામાં આવે છે. જીવ ગોસ્વામીજીએ તેમની ટીકામાં કામવનને વૃંદાવનની અંતર્ગત જ માન્યું છે.

શ્રી વૃન્દાવને કાનનેષુ તદન્તર્ગતેષુ
કામ્યકવનાદિષુ તત્ર તયોર્વિહારો વેષવિશેષશ્ચોક્તઃ

(શ્રી મચ્છીવગોસ્વામી કૃત વૈષ્ણવતોષિણી ૧૦/૧૮/૧૬)

અહીંની સ્નિગ્ધ શ્વેત શિલાઓ દર્શાવે છે કે અહીં કેદારનાથનું કૈલાશ છે. બ્રહ્મવૈવર્ત પ્રકૃતિ ખંડ, અધ્યાય-૨ માં લખ્યું છે-

''આ મહેશ વિશ્વેશના વામપાર્શ્વથી પ્રકટ થયા છે. જ્યારે પ્રકટ થયા તો સ્ફટિક મણિની કાંતિથી યુક્ત એવા એક અબજ સૂર્યોની માફક ચમકી રહ્યા હતા.''

પંચમુખી ત્રિલોચનના કરકમળમાં ત્રિશુળ હતું. પ્રકટ થઈને તેઓ પોતાના મૂળઅંશી શ્રીકૃષ્ણની સમક્ષ કરબદ્ધ સ્તુતિ કરવા લાગ્યા-

જયસ્વરૂપં જયદં જયેશં જયકારણમ્ ।
પ્રવરં જયદાનાં ચ વંદે તમપરાજિતમ્ ।।
વિશ્વં વિશ્વેશ્વરેશં ચ વિશ્વેશં વિશ્વકારણમ્ ।

વિશ્વાધારં ચ વિશ્વસ્તં વિશ્વકારણકારણમ્ ।।
વિશ્વરક્ષાકારણં ચ વિશ્વન્ઘં વિશ્વજં પરમ્ ।
ફલબીજં ફલાધારં ફલં ચ તત્ફલપ્રદમ્ ।।
તેજઃ સ્વરુપં તેજોદં સર્વતેજસ્વિનાં વરમ્ ।

(બ્ર.વૈ.બ્રહ્મ.ખં.૩/૨૪,૨૫,૨૬,૨૭)

નેત્રોમાંથી પ્રેમાશ્રુ વહી રહ્યા હતા અને દૃષ્ટિ ઇષ્ટના મુખામ્બુજ પર અપલક કેન્દ્રિત હતી. ત્યારબાદ શ્રીહરિના વામપાર્શ્વથી બ્રહ્મા, મહાવિષ્ણુ પ્રકટ થયા. મતિથી ઈશ્વરીય દુર્ગા અને મનથી રમા પ્રકટ થયાં. પ્રભુએ સૌ દેવોને શક્તિ પ્રદાન કરી. વિધિને સાવિત્રી, ધર્મને મૂર્તિ, કામદેવને રતિ અને મહાદેવને મહાશક્તિ દુર્ગા આપી તો મહાદેવ બોલ્યા- ''પ્રભુ! ભુક્તિ, મુક્તિ, સિદ્ધિ, બ્રહ્મપદ, રુદ્રપદ, ત્યાં સુધી કે પરમપદની પણ મને કોઈ કામના નથી કારણકે આ સૌ ભગવદ્ સેવાના ૧૬મા અંશની પણ બરાબરી કરી શકે તેમ નથી. હું તો માત્ર આપની સેવાનો ઇચ્છુક છું.''

આ સાંભળીને પ્રભુ બોલ્યા- ''હે શશાંકશેખર! તમે ૧૦૦ કરોડ કલ્પ સુધી મારી સેવા કરીને મૃત્યુને જીતી મૃત્યુંજય બની જશો, ત્યારબાદ શિવા ગ્રહણ કરશો. જેવી રીતે એક મા શિશુનું પાલન કરે છે તે જ રીતે સતી સ્ત્રી ભોગથી ઉપર ઉઠી પોતાના પતિનું પાલન કરે છે. તેથી હે શિવ! તમે શિવાનો તિરસ્કાર ન કરશો, તે વૈષ્ણવી છે, તે તમારું પાલન અને તેજ-વર્ધન કરશે.''

ત્યારબાદ દુર્ગતિનાશિની દુર્ગાને કહ્યું- ''હે દુર્ગે! તમે મારી સાથે ગોલોકમાં આવો. સમય આવતાં શિવને પતિ રૂપમાં પ્રાપ્ત કરી લેશો.'' કાળાંતરમાં ભગવદ્ આજ્ઞાથી મહાદેવે ભગવતીનું વરણ કર્યું અને ત્રૈમાસિક વ્રત દ્વારા રાધા-માધવ યુગલ સરકારની ઉપાસના કરાવી.

આ વ્રત વિધિપૂર્વક સૌથી પહેલા ભગવાન નારાયણે દેવર્ષિ નારદને સંભળાવ્યું હતું. આ જ વ્રતના ફળસ્વરૂપે ભગવતીએ ગણેશ, કાર્તિકેય જેવા દિવ્ય પુત્રરત્નો પ્રાપ્ત કર્યા.

ભગવાન રુદ્રના ઉપદેશથી દેવી ભગવતીએ વિધિપૂર્વક આ વ્રત કર્યું.

ભગવાન રુદ્રએ કહ્યું- ''દેવી! વૈશાખ માસમાં આ વ્રત આરંભ કરવું જોઈએ. પછી યજુર્વેદની માધ્યન્દિન શાખામાં વર્ણિત શ્રીજીના રૂપનું ધ્યાન ધરવું જોઈએ.

ધ્યાયેત્ તદા રાધિકાં ચ ધ્યાનં માધ્યન્દિને રિતં ।
રાધાં રાસેશ્વરીં રમ્યાં રાસોલ્લાસરસોત્સુકામ્ ।।

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૧૬/૮૫)

રાસમંડળ પર બિરાજીત રાસેશ્વરી, રાસોત્સવ ઉલ્લાસિની શ્રી રાધારાણી રાસની અધિષ્ઠાત્રી છે. તેમની કૃપા વિના રાસમાં પ્રવેશ વર્જિત છે.

હે દેવી! મને (શિવ) પણ આ જ શ્રી રાધારાણીની કૃપાથી રાસમાં પ્રવેશ પ્રાપ્ત થયો.

રસિકપ્રવરાં રમ્યાં રમાં ચ રમણોત્સુકામ્ ।
શરદ્રાજીવરાજીનાં પ્રભામોચનલોચનામ્ ।।

(બ્રહ્મવૈ.કૃ.જ.ખં.૧૬/૮૭)

વિકસિત વિશાળ કમલદલની શોભાને પણ શરમાવનારા તેમના કાન સુધી લંબાયેલ, અત્યંત મનોહારી અંજન દ્વારા રંજિત નયન-યુગ્મ, કામદેવના બાણને પણ હેય બનાવનાર બંકિમ ભ્રૂ-વિલાસ, શરદ પૂર્ણિમાની રાશિ સમ મધુર-સ્મિત-વિભૂષિત મુખ અને નવીન દર્પણનો ગર્વ ગાળનારા ગોળ ગાલો પર પત્રાવલીની અપૂર્વ શોભા છે. ચરણકમળોમાં શબ્દાયમાન નુપૂર કમળ-કોશમાં ઉડતી ભ્રમર-પંક્તિની જેમ નાદ કરી રહ્યા છે. ઝગમગતા હારથી યુગલ-વક્ષોજ ચળકી રહ્યા છે.

'' બ્રહ્માદિમિશ્ચ સેવ્યેન શ્રીકૃષ્ણેનૈવ સેવિતામ્''

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૧૬/૯૨)

બ્રહ્માદિથી સેવિત શ્રીકૃષ્ણ સ્વયં સેવક બનીને એ સર્વેશ્વરીની પાદ-સંવાહન સેવા કરે છે.

હે દુર્ગે! આવી કૃષ્ણ-કર્ષિણી, કરૂણા વર્ષિણી શ્રીજીની હું આરાધના કરું છું. તેથી તમે પણ આ ત્રૈમાસિક વ્રત દ્વારા શ્રીજીની ઉપાસના કરો.

ષોડશોપચારથી શ્રીજીની પૂજા કરો.

૧૦૮ દિવ્ય કમળ નિત્ય શ્રીજીને ચઢાવો. 'કૃષ્ણાય-સ્વાહા' આ મંત્રોચ્ચારણ સાથે તેમને આહૂતિ આપો. રોજ ૧૦૮ બ્રાહ્મણોને ભોજન કરાવો અને સતત શ્રીકૃષ્ણ સંકીર્તન કરો. જે દિવસે વ્રતનું ઉદ્યાપન કરવાનું હોય તે દિવસે ૧૦ હજાર કમળોની આહુતિ આપવી. ૯ હજાર બ્રાહ્મણોને ભોજન કરાવવું.

પછી ૯૦ ફળોનું દાન કરવું. આ વ્રતના પ્રભાવથી ૧૦૦ જન્મો સુધી નારી વિધ્વા નથી થતી અને અખંડ પુત્રવતી બની રહે છે. તમે પ્રત્યેક જન્મમાં મને પ્રાપ્ત કરવા ઇચ્છતાં હો, સુંદર પુત્ર ઇચ્છતાં હો તો આ ત્રૈમાસિક વ્રત દ્વારા શ્રીજીની ઉપાસના કરો.'' આ સાંભળીને પાર્વતીજી બોલ્યા- ''યજ્ઞ કરવો, દાન કરવું, વેદાધ્યયન કરવું, તીર્થ સેવન કરવું, આખી પૃથ્વીની પરિક્રમા કરવી- આ બધું ભગવાન શ્રીકૃષ્ણની આરાધનાનો ૧૬મો અંશ પણ નથી. ભગવાનની આરાધના સૌથી મોટું તપ, સૌથી મોટું જપ છે, જેની અંદર ભગવાનની ભક્તિ છે તેમના દર્શનથી જ જીવ મુક્ત થઈ જાય છે.

હે નાથ! હે શંભુ! બ્રહ્મા, વિષ્ણુ, ધર્મ, શેષનાગ, આપની અંદર અને ગણેશમાં જે તેજ છે, તે બધું એ રાધા-માધવના ચિંતનનો જ પ્રભાવ છે. કૃષ્ણકૃપાથી જ મને આપ સમાન પતિ અને ગણેશ-કાર્તિકેય સમાન પુત્રો મળ્યા.'' પાર્વતીજીની વાત સાંભળીને મહાદેવજી અતિ પ્રસન્ન થયા અને બોલ્યા- ''હે દુર્ગે! તમે સાક્ષાત્ મહાલક્ષ્મીરૂપા છો. તમારા માટે કોઈ પણ વસ્તુ અસાધ્ય નથી. તમે તો સર્વસંપતસ્વરૂપા અનંત શક્તિરૂપિણી

છો. હું, બ્રહ્મા, વિષ્ણુ તમારા પ્રત્યે ભાવ રાખવાને કારણે જ સૃષ્ટિનું નિર્માણ, પાલન અને સંહાર કરવામાં સમર્થ બન્યા. અમે સૌ તમારી સહાયતાથી જ કાર્ય કરીએ છીએ. તમે આદ્યા શક્તિ છો. તમે રાધારાણીની ઉપાસના કરો. આ વ્રતમાં સનતકુમાર તમારા પુરોહિત હશે. યજ્ઞમાં જેટલાં પણ સાધનોની જરૂરિયાત પડશે, કમળ, દ્રવ્ય વગેરેનો પ્રબંધ હું કરીશ. તમારા આ વ્રતનો દાનાધ્યક્ષ પણ હું પોતે જ રહીશ. ભગવતી લક્ષ્મી ધનની વ્યવસ્થા કરશે. અગ્નિદેવ સ્વયં વેદપાઠ કરશે. અગ્નિનું નામ છે હવ્યવાટ. યજ્ઞનું ભોજન દેવતાઓ સુધી તે જ પહોંચાડે છે. તે અગ્નિદેવ તમારા વ્રતમાં વેદપાઠ કરવામાં સહયોગ કરશે. યક્ષો સામગ્રી લાવવા-લઈ જવામાં મદદ કરશે. સ્કંદ સ્વામી કાર્તિકેય એ સામગ્રીના અધ્યક્ષ રહેશે. આ વ્રતમાં સાફ-સફાઈનું કામ વાયુદેવતા સંભળાશે, કારણકે આ શ્રીજીની ઉપાસના છે. પિરસવાનું કાર્ય ઇંદ્રદેવ કરશે. ચંદ્ર આ વ્રતના અધિષ્ઠાતા રહેશે. સૂર્યદેવ દાનની વહેંચણી કરશે અને તમે અસંખ્ય બ્રાહ્મણોને ભોજન કરાવો.'' ભગવાન શંકરે આ પ્રમાણે પાર્વતીજીને ત્રિમાસિક વ્રતનું અનુષ્ઠાન કરાવ્યું જેના કારણે તેમને ગણેશ, કાર્તિકેયની પ્રાપ્તિ થઈ. ભગવાન શિવે આવી ભક્તિ કરી છે રાધા-માધવ યુગલ સરકારની. શ્રીજીએ પૂછ્યું ઠાકુરજીને- 'ભગવાન શંકર અસ્થિમાળ શાથી ધારણ કરે છે? ઝેર, આકડો, ધતુરો કેમ ખાય છે?''

ત્યારે ભગવાન કૃષ્ણ બોલ્યા- ''હે રાધે! એકવાર મહાદેવજીએ ૬૦ હજાર યુગો સુધી મારું ભજન કર્યું, ત્યારબાદ હું પ્રકટ થયો. મારા એ રૂપને જોઈ તેમની આંખો તૃપ્ત ન થઈ, તેઓએ વિચાર્યું કે બે જ આંખોથી આ સ્વરૂપને કેમ જોઉં? એક જ મુખથી તેમની શું સ્તુતિ કરું? આ વાત શિવજીએ ૪ વખત કહી એટલે તેમના વધુ ૪ મુખ પ્રકટ થઈ ગયા. એક તો પહેલાંથી હતું જ, આમ તેમના પાંચ મુખો થઈ ગયા, પાંચો મુખોના દર્શન ચક્રેશ્વર (ગોવર્ધન)માં છે. એક-એક મુખમાં ૩-૩ નેત્રો થઈ ગયા, આમ કુલ ૧૫ નેત્રો થયાં, કૃષ્ણ રૂપ જોવા માટે. હે રાધે! સતીજીના અસ્થિસમૂહને તેઓ પોતાના હૃદયમાં ધારણ કરે છે. તેમની જ રાખને શરીર પર લગાવે છે. જ્યાં-જ્યાં સતીજીના અંગો પડ્યા હતાં તે સ્થાન સિદ્ધ પીઠ બની ગયાં. અવશિષ્ટ શરીરને લઈ શિવજી મૂર્છિત થઈ ગયા હતા. હે રાધે! ત્યારે હું સ્વયં મહાદેવની પાસે ગયો અને ગોદમાં લઈને મેં શિવજીને ઉપદેશ આપ્યો. ત્યારે શિવજીએ કાળ દ્વારા પોતાની પ્રિયાને પ્રાપ્ત કરી. તેમના શીશ પર જે જટાઓ છે તે તપસ્યા સમયની છે, જ્યારે તેઓએ ૬૦ હજાર યુગો સુધી તપ કર્યું હતું, ત્યારે તે જટાઓ બની ગઈ હતી. તે ચંદન અને કીચડમાં સમાન ભાવ ધરાવે છે.'' ''તે સાપ કેમ ધારણ કરે છે?'' શ્રીજીએ પૂછ્યું, શ્રીહરિ બોલ્યા-

''એકવાર ગરૂડના ભયથી સર્પ તેમની શરણમાં ગયા તો તેમની રક્ષા માટે તેમણે સાપોને પોતાના શરીર પર ધારણ કર્યા અને વૃષભ પર એટલા માટે બેસે છે કારણકે તેમના ભારનું વહન અન્ય કોઈ કરી શકે તેમ નથી. હું જ વૃષ રૂપે તેમના ભારનું વહન કરું છું.'' ''આકડો-ધતુરો કેમ ખાય છે?'' રાધારાણીએ પૂછ્યું. ઠાકુરજી બોલ્યા- ''જ્યારે પાર્વતીજીને તેમણે ત્રિમાસિક વ્રત દ્વારા આપની આરાધના કરાવી હતી ત્યારે પારિજાત પુષ્પ, ચંદન, સારા-સારા સુગંધિત પદાર્થો સૌ તેમણે મને અર્પિત કરી દીધાં હતાં.

સમર્પિત વસ્તુઓનો તે સ્વીકાર કરતાં નથી, તેથી જ શિવજી ધતુરો, ગંધહીન પુષ્પો ધારણ કરે છે.

મને બધું અર્પણ કરવાને કારણે તેઓ સ્વયં કોઈ સારી વસ્તુ ગ્રહણ નથી કરતાં.'' ભગવાન શ્રીકૃષ્ણ અને રાધારાણીનો આ ગુપ્ત સંવાદ 'બ્રહ્મવૈવર્ત પુરાણ'માં વર્ણિત છે.

જય મહાદેવ – જય મહાદેવ જય મહાદેવ – જય મહાદેવ ।
શ્રી રાધા ને પૂછા હરિ સે શિવ મુંડ ભસ્મ ક્યોં રમાતે ।
હરિ બોલે શિવ પ્રેમી હૈં અપના પ્રેમ નિભાતે ।
શિવ હિત કાયા ભસ્મ કિયા થા ।
સતી પિતા કે યજ્ઞ કુંડ મેં ।
પ્રિયા શીશ માલા કો ધરકર ઉસી ભસ્મ કો ધરતે તન મેં ।
પૂછા શ્યામા ને ક્યોં શંકર આક ધતૂરા ખાયા કરતે ।
હરિ બોલે સબ મધુર મુઝે દે આક ધતૂરા ખાયા કરતે ।
પંચ વદન ક્યોં મમ દર્શન હિત સાઠ હજાર વર્ષ હર તપ કર ।
બ્રહ્મવૈવર્ત રાસ માન મેં શ્રીજી સે યહ બોલે ગિરિધર ।
જય મહાદેવ – જય મહાદેવ ।

યુગલ સરકારમાં ભગવાન શિવની પ્રીતિ

'બ્રહ્મવૈવર્ત પુરાણ'માં આવે છે કે ગર્ગાચાર્યજી, જે મહાદેવજીના શિષ્ય છે, તેઓએ કહ્યું હતું કે મેં શિવજી પાસે જ રાધા-નામ મહિમાની શિક્ષા પ્રાપ્ત કરી છે. ભગવાન શિવે જ અમને દિવ્ય જ્ઞાન આપ્યું હતું.

''રેફો હિ કોટિજન્માધં કર્મભોગં શુભાશુભમ્''

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૧૩/૧૦૬)

રાધા નામ લેવાથી ર-કાર ના ઉચ્ચારણથી કરોડો જન્મોના પાપો બળીને નષ્ટ થઈ જાય છે. આ ભગવાન કેદારેશ્વરના ઉપદેશની અમૃતલહેરી છે. તેઓ જ શ્રીજીના નામની મહિમા જાણે છે. તેઓએ જ ગર્ગાચાર્યજીને આ શિખવ્યું હતું અને આ ગર્ગાચાર્યજીના જ શ્લોક છે, પરંતુ તે 'ગર્ગ સંહિતા'માં નથી, 'બ્રહ્મવૈવર્ત'માં છે.

''આકારો ગર્ભવાસં ચ, મૃત્યું ચ રોગમુત્સૃજેત્''

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૧૩/૧૦૭)

ર માં જે દીર્ઘ 'આ' છે, જેનાથી 'રા' બન્યું છે, તે 'આ'કારથી જન્મ અને મૃત્યુના ફેરા ટળી જાય છે. ફક્ત 'રા' કહેનારે પણ ક્યારેય ફરી માતાના ગર્ભમાં આવવું નથી પડતું.

આધો નામ તારિહૈં શ્રી રાધા ।
ધકાર આયુષો હાનિમાકારો ભવબન્ધનમ્ ।

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૧૩/૧૦૭)

''શ્રવણસ્મરણોક્તિભ્યઃ પ્રણશ્યતિ ન સંશયઃ ''

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૧૩/૧૦૮)

'ધ' નો ઉચ્ચાર કરવાથી આપણું આયુષ્ય જે રોજ ઘટતું જતું હોય છે, તે રોકાઈ જાય છે. 'ધ' એટલે ધારણ કરવું. 'ધ' માં જે 'આ' છે તે ભવરોગથી મુક્તિ આપે છે. 'બ્રહ્મવૈવર્ત પુરાણ'માં તો ત્યાં સુધી લખ્યું છે કે-

''રોગશોકમૃત્યુયમા વેપન્તે નાત્ર સંશયઃ''

(બ્ર.વૈ.કૃ.જ.ખં.૧૩/૧૧૧)

જ્યારે કોઈ રાધા નામ લે છે તો રોગ, શોક, મૃત્યુ અને યમરાજ સુદ્ધાં થરથરવા લાગે છે અને તેઓએ એ પણ કહ્યું છે કે એવું ન સમજવું જોઈએ કે શ્રીકૃષ્ણ વ્રજથી ચાલ્યાં ગયા. ભગવાન વ્રજમાંથી ક્યાંય નથી જતાં. તો પ્રશ્ન છે કે મથુરા, દ્વારિકાની લીલાઓ કેવી રીતે થઈ? તો ઉત્તર આપતાં કહે છે કે ભગવાન શ્રીકૃષ્ણના અવતાર વખતે તેમનામાં જ નારાયણ, વિષ્ણુ, મહાવિષ્ણુ સૌ લીન થઈ ગયા હતાં. નારાયણ અંશ વાળા કૃષ્ણને ભગવાન દ્વારિકા મોકલે છે, સ્વયં નથી જતાં. જે રાધિકાનાથ શ્રીકૃષ્ણ છે, તે વ્રજથી બહાર નથી જતાં પરંતુ આ રહસ્યને ઘણાં ઓછાં લોકો જાણે છે. રાધારાણીને સાથે લઈ ગોલોક જાય છે, તેથી જ વ્રજવાસીઓએ કહ્યું હતું- ''હમારો મુરલી વારો શ્યામ''.

અમારો તો બંશી વાળો શ્રીકૃષ્ણ જ એકમાત્ર સર્વસ્વ છે. દ્વારિકા, મથુરા વાળા કૃષ્ણને અમે નથી જાણતાં.

રાધા નામ વિશે તો ત્યાં સુધી કહ્યું છે-

ચક્રં ચક્રી શૂલમાદાય શૂલીપાશં પાશી વજમાદાય વજી ।
ધાવન્ત્યગ્રે પૃષ્ઠતો બાહ્યતશ્ચ રાધા રાધા વાદિનો રક્ષણાય ।।

જે રાધા-રાધા કહે છે, તેની રક્ષા માટે વિષ્ણુ ભગવાન ચક્ર લઈ, ઇન્દ્ર વજ લઈ, મહાદેવ ત્રિશૂળ લઈ, આ સૌ રાધા નામ સ્મરણ કરનારની આગળ-પાછળ તેની રક્ષા માટે ફરતાં હોય છે.

મહાદેવજીએ 'ગોપાલ સહસ્ત્રનામ'માં વધુ વિસ્તારથી જણાવ્યું છે, તે સિવાય 'રાધાકૃપાકટાક્ષ' સ્તોત્રમાં 'ઊર્ધ્વામ્નાય તંત્ર શિવગૌરીસંવાદે'માં મહાદેવજીએ ભગવતી દુર્ગાને શિખવ્યું હતું, તે સાધારણ નથી, એવું પણ મહાદેવજી દ્વારા ગાવામાં આવ્યું છે. તેમાં કહેવાયું છે-

''અનન્ત-કોટિ-વિષ્ણુલોક-નમ્રપદ્મ જાર્ચિતે''

અનંતકોટિ વિષ્ણુ ધામ છે, કોઈ મહાવૈકુંઠ છે, કોઈ શ્વેત વૈકુંઠ છે, કોઈ શ્વેત દ્વીપ છે, કોઈ રમા વૈકુંઠ છે. આ બધામાં જેટલી પણ પદ્મજા લક્ષ્મીઓ છે, તે સૌ રાધારાણીની ઉપાસના કરે છે.

''હિમાદ્રીજા-પુલોમજા-વિરંચિજાવરપ્રદે''

હિમાદ્રિજા એટલે કે અનંત પાર્વતીઓ, પુલોમજા એટલે કે અનંત ઇન્દ્રાણીઓ, વિરંચિજા એટલે કે અનંત સરસ્વતીઓ શ્રી રાધારાણીની ઉપાસના કરે છે.

રાધારાણીના ચરણોમાં અનંત સમૃદ્ધિઓ છે-

અપાર સિદ્ધિવૃદ્ધિદિગ્ધ સત્પદાઙ્ગુલીનખે ।
કદા કરિષ્યસીહ માં કૃપાકટાક્ષ ભાજનમ્ ।।

શ્રીજીની ઉપાસના વિશે આ મહાદેવજીનો દૃષ્ટિકોણ હતો.

તે સિવાય મહાદેવજીએ પુણ્યક વ્રત દ્વારા શ્રીજીની મહિમાને વધુ સ્પષ્ટ કરી. દેવી પાર્વતીએ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્તિ માટે પુણ્યક વ્રત કર્યું, આ વ્રતમાં સ્વયં સનકાદિક બ્રાહ્મણ બન્યા અને દક્ષિણા રૂપ મહાદેવજીને માગ્યા. પાર્વતીજીએ ના પાડી દીધી. ત્યારે સમસ્ત દેવી-દેવગણોએ આવીને પાર્વતીજીને સમજાવ્યાં અને તેઓ મહાદેવજીને દક્ષિણારૂપે આપવા માટે સંમત થયા. હવે દાન આપી દીધા પછી એવું થયું કે મહાદેવજીના બરાબર ગૌદાન કરવાથી મહાદેવજીને પુનઃ પ્રાપ્ત કરી શકે છે પરંતુ સનકાદિક અસ્વીકાર કરતાં બોલ્યા- ''અમે આવો વિનિમય નહીં કરીએ, અમે તો દિગંબરની સાથે જ અતીત અટન કરીશું.'' આ સાંભળીને પાર્વતીજી પ્રાણત્યાગ કરવા તૈયાર થઈગ યાં. તે જ ક્ષણે એક તેજપૂંજ પ્રગટ થયો, પાર્વતીજીએ સ્તવન કર્યું તદોપરાંત શ્રીકૃષ્ણ પાર્વતીજીને પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવ્યાં. પાર્વતીજીએ તે સ્વરૂપને જોઈ તેવા જ પુત્રની ઇચ્છા પ્રકટ કરી અને તત્ક્ષણ તેમને તેવું વરદાન પ્રાપ્ત થઈ ગયું. તેજસ્વરૂપ શ્રીકૃષ્ણ ત્યાં આવેલ સૌ દેવોની અભિલાષા પૂર્ણ કરી અંતર્ધ્યાન થઈ ગયાં ત્યારબાદ એ કૃપાળુ દેવોએ જ સનતકુમારોને સમજાવીને પાર્વતીજીના શિવ પાછા અપાવ્યા. આગળ જતાં ગણેશજીના રૂપમાં શ્રીકૃષ્ણએ જ અવતાર લીધો.

રુદ્ર વન

અથ બ્રજયાત્રાપ્રસંગેરુદ્રબનપ્રાર્થના મંત્ર (ભવિષ્યોત્તરે) :

તપઃ સમાધિસમ્ભૂત રુદ્રસિદ્ધિપ્રદાયિને ।
નમો રુદ્રબનાખ્યાય પરિપૂર્ણકલાત્મને ।।

અર્થ- ''તપસ્યા અને સમાધિથી ઉત્પન્ન થયેલ! હે રુદ્ર સિદ્ધિ દાતા! સંપૂર્ણ કળાઓના પરિપૂર્ણ રુપ હે રુદ્ર વન! આપને નમસ્કાર છે.'' રુદ્ર વન એ જ કેદારનાથ છે.

વૈશાખ વદ બારસે મહારુદ્ર વનમાં જવું.

તતો ગદાધરકુંડસ્નાનાચમનપ્રાર્થના મંત્ર :


ગદાધર વિભુસાક્ષાદ્રુદ્રાર્થવરદાયિને ।
તીર્થરાજ નમસ્તુભ્યં ગદાધરસમાહ્વય ।।

વ્યાપક સાક્ષાત્ રુદ્રજીને વરદાન આપનાર ગદાધર તીર્થરાજ! આપને નમસ્કાર છે.






શ્રી કેદારનાથ, શેષનાગ અને ગરૂડ શિલા



કેદારનાથની ગુફા અને નંદીજી



કેદારનાથ મંદિરનો રસ્તો અને ગૌરીકુંડ



કેદારનાથ - વ્રજલીલા ચિત્રણ અને શેષનાગ મુખ

અધ્યાય-૭૨

કામ્ય વન (કામાં)

શ્રી રાધામાધવની પરમ પાવની લીલાસ્થળીઓને પોતાની સીમાઓમાં સમાવતું તથા આજે પણ વન, સરોવર, વાવ, તળાવ અને વિવિધ ગિરિશિખરો તથા તેમની સુરમ્ય કંદરાઓથી આચ્છાદિત કામ્યવન (કામાં) વ્રજની પશ્ચિમ દિશામાં સ્થિત છે. વ્રજના બાર વનોમાં ચોથું વન કામવન છે, જેના વિશે કહેવત છે કે 'કામ વનમાં જતાં જ કામ થઈ જાય છે.'' કામ અર્થાત્ સમસ્ત મનોકામનાઓને પૂર્ણ કરનારું આ કામવન છે, જે શ્રીકૃષ્ણની દિવ્ય કામનાઓને પણ પૂર્ણ કરે છે. અહીં શ્રીરાધાકૃષ્ણના અપ્રાકૃત પ્રેમની અભિવ્યક્તિ થઈ છે.

ચતુર્થ કામ્યકવનં વનાનામ્ વનમુત્તમમ્ ।
તત્ર ગત્વા નરો દેવિ મમ લોકે મહીયતે ।।

(આ.વ.પુ.૧૫૩/૩૭)

કામ્યવનની મહત્તા એટલાથી જ પ્રતિપાદિત થઈ જાય છે કે ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના માતા-પિતાની તીર્થયાત્રાની કામનાને આ જ કામ્યવનમાં ભારતના સમસ્ત મુખ્ય તીર્થોનો નિવાસ કરાવીને પૂર્ણ કરી, તેથી જ તો કામ્યવનમાં આદિબદ્રી, કેદારનાથ, પ્રયાગ, ગયા, લંકા, સેતુબંધરામેશ્વર, કાશી વગેરે અનેક તીર્થ આજે ભક્તોની આસ્થાના કેંદ્ર બન્યા છે. કામ્યવનની પરિક્રમા ૨૧ કિલોમીટર અંતર્ગત છે. વિષ્ણુપુરાણ અનુસાર અહીં ચોર્યાસી કુંડ, ચોર્યાસી તીર્થ, ચોર્યાસી મંદિર અને ચોર્યાસી સ્તંભ છે. વ્રજના પ્રસિદ્ધ ઠાકુર શ્રી રાધાગોવિંદ, રાધાગોપીનાથ, શ્રી રાધામદનમોહન, શ્રી રાધાદામોદર, શ્રી રાધામાધવ અને શ્રી ગોવિંદદેવજીએ પણ ઔરંગઝેબના અત્યાચાર સમયે જયપુર જતાં અહીં કેટલોક સમય વિશ્રામ કર્યો હતો. વૃંદાદેવી તો કામ્યવન આવીને ક્યાંય ગયા જ નહીં. તે સિવાય મહાભારતકાળમાં પાંડવોના અજ્ઞાતવાસના સમયે પાંડવોએ કામ્યવનમાં પણ ઘણાં દિવસો સુધી નિવાસ કર્યો હતો. આજે પણ તેમના નામથી ધર્મકુંડ, ભીમકુંડ, પંચતીર્થ (પાંચ પાંડવોના પાંચ કુંડ), યજ્ઞકુંડ, ધર્મરાજ સિંહાસન વગેરે અનેક સ્થળો છે. ભીમપત્ની હિડિમ્બાનું પણ સ્થાન ગામ અંગરાવલીમાં પર્વતકિનારે સ્થિત છે.

વ્રજમાં મહાભારતના અનેક પાત્રોનું આગમન સિદ્ધ થયું છે જેમકે રંકુ વનમાં સુભદ્રા કુંડ. કૃષ્ણની બહેન અથવા અર્જુનની પત્ની સુભદ્રાજી આવ્યા છે અને તેમના નામનો કુંડ પણ અહીં છે. શ્રી 'ગર્ગસંહિતા' વૃંદાવન ખંડમાં ભીષ્મએ મહારાજ પાંડુને વ્રજની મહિમાનું વર્ણન કર્યું હતું.

કોકિલા વન અને બહેનની વચ્ચે પાંડવગંગા છે. હોડલમાં પણ પાંડુ વન છે અને પાત્ર વનમાં કર્ણનું આગમન થયું હતું, ત્યાં તેના નામનો કુંડ પણ છે. વ્રજની પતિતપાવની રમણીય ભૂમિ પ્રત્યે માત્ર પાંડવોની જ ભક્તિ હતી એવું નથી બલ્કે પાંડવ પત્નીએ પણ ચીરહરણ સમયે કોઈ લક્ષ્મીનારાયણને યાદ ન કરતાં ગોપીજન પ્રિય, વ્રજનાથાર્તિનાશન અને ગોવિંદ શબ્દથી જ તેમનું આહવાન કર્યું હતું.

ગોવિન્દ દ્વારકાવાસિન્ કૃષ્ણ ગોપીજનપ્રિય ।।
કૌરવૈઃ પરિભૂતાં માં કિ ન જાનાસિ કેશવ ।
હે નાથ હે રમાનાથ વ્રજનાથાર્તિનાશન ।
કૌરવાર્ણવમગ્નાં મામુદ્ધરસ્વ જનાર્દન ।।
કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન્ વિશ્વાત્મન્ વિશ્વભાવન ।
પ્રપન્નાં પાહિ ગોવિન્દ કુરુમધ્યેઽવસીદતીમ્ ।।

(મહા.સભા(દ્યૂત)પર્વ.૬૮/૪૧,૪૨,૪૩)

આમ વ્રજભૂમિ પાંડવોની પ્રિય રહી છે.

અને જૂથની ગોપીઓ જેમની ભગવદ્ મિલનની કામના રામાવતારમાં પૂર્ણ ન થઈ તેઓ પણ આ ક્ષેત્રમાં આવીને રાસમાં શ્રીકૃષ્ણને મળી. આદિ વૃંદાવન નામથી ખ્યાતિપ્રાપ્ત કામ્યવન આજે પણ પોતાના કુદરતી સૌંદર્યને કેટલીક સીમા સુધી સમાવીને બેઠું છે, છતાં પણ ભીષણ વિનાશથી પસાર થયેલું, ભૌતિક જગતની ભોગવાદી દૃષ્ટિ અને કળિયુગના પ્રભાવથી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યો પ્રત્યે અનાસ્થાને કારણે આ ક્ષેત્ર તેનું મૂળસ્વરૂપ ગુમાવી રહ્યું હતું પરંતુ જગતના મંગળની કામના જ જેમના અવતારનું કારણ છે, એવા પરમવિરક્ત સંત શ્રી રમેશબાબા મહારાજના પ્રયાસથી તેને પુનઃ નવજીવન પ્રાપ્ત થયું છે, અહીંના અનેક સરોવરો, વનો અને દિવ્ય પર્વતોની રક્ષા મહારાજશ્રીએ કરી. ખનનકર્તાઓએ ઇન્દ્રસેન જેવા અનેક પર્વતોને તો નષ્ટ કરી જ નાખ્યા હતા, છતાં પણ તેનો ૫૨૩૨ હેક્ટર ભૂભાગ માફિયાઓ સાથેના કઠોરસંઘર્ષ બાદ આરક્ષિત કરાવીને બચાવી લેવામાં આવ્યો. તે સિવાય ગામે-ગામ હરિનામ પ્રભાતફેરીઓના માધ્યમથી હરિનામ સંકીર્તન અને ધામ મહિમાની ચેતના જાગૃત થઈ અને જે લુપ્ત થવા જઈ રહ્યું હતું, એ જ વ્રજના આજે ભક્તોને પાવન દર્શન થઈ રહ્યા છે. બરસાનાની પહાડી સુધી વિસ્તરેલા વિસ્તૃત ભૂભાગમાં ભગવાનની અનેક લીલાઓ થઈ છે. ક્યાંક રાસ-મહારાસ તો ક્યાંક છાક લીલા અને ક્યાંક સંતાકુકડીની રમત, આવી પાવન ભૂમિની મહિમાનું કોઈ શું વર્ણન કરી શકે છતાં પણ કેટલાક સ્થળોનું સંક્ષિપ્ત વિવરણ અહીં પ્રસ્તુત છે.

તતો વિમલ કુંડ સ્નાનાચમનમંત્ર (વૃહદ્રૌતમીયે) :

વૈમલ્યરુપિણે તુભ્યં નમસ્તે જલશાયિને ।
દેશવાય નમસ્તુભ્યં તીર્થરાજ નમોઽસ્તુ તે ।।

વિમલતા રૂપધારી, જળમાં શયન કરનાર કેશવ આપને નમસ્કાર છે, હે તીર્થરાજ આપને પણ નમસ્કાર છે.

સમસ્ત તીર્થોમાં અગ્રણી વિમલકુંડ વિશે લોકવાયકા અનુસાર એવું કહેવાય છે કે એકવાર જગતના સૌ તીર્થો વ્રજમાં પધાર્યા, પરંતુ તીર્થરાજ પુષ્કર ત્યાં ન આવ્યા. કારણકે શ્રીકૃષ્ણને કામ્યવનનું આ લીલાક્ષેત્ર અત્યંત પ્રિય હતું અને તીર્થરાજ પુષ્કરની ઉપેક્ષા દૃષ્ટિ તેમને ગમી નહીં, તેથી તેઓએ યોગમાયાનું સ્મરણ કર્યું અને તે જ ક્ષણે પૃથ્વીમાંથી એક જળપ્રવાહ ઉદ્‌ભૂત થયો અને એ નિર્મળ જળથી એક પરમ સુંદરીનું પ્રાકટ્ય થયું, જેની સાથે શ્રીકૃષ્ણએ એ જ જળપ્રવાહમાં વિવિધ પ્રકારે જળવિહાર કર્યો. એ અદ્‌ભુત કિશોરીએ પણ પોતાની નિર્મળ પ્રેમમયી ભાવનાથી શ્રીકૃષ્ણને સંતૃપ્ત કર્યા.

તતો વિમલ કુંડ પ્રાર્થના મંત્ર :

વિમલસ્ય ચ કુંડે તુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।
યસ્તત્ર મુઞ્ચતે પ્રાણાન્મમ લોકં સ ગચ્છતિ ।।

(આ.વા.પુ.૧૫૩/૩૮)

શ્રીકૃષ્ણએ એ નવયૌવના પર પ્રસન્ન થઈ તેને વરદાન આપ્યું કે આ સરોવર વિમલકુંડ તારા નામ 'વિમલા' થી પ્રખ્યાત થશે અને તેમાં સ્નાન કરવાનું ફળ, પુષ્કરરાજમાં સ્નાન કરવાથી મળતાં ફળ કરતાં સાત ગણું હશે. આ સરોવરને કિનારે મોટા-મોટા ઋષિ-મહર્ષિઓએ શ્રીકૃષ્ણ પ્રાપ્તિ માટે નિવાસ કર્યો.

તે સિવાય માધુર્ય ખંડ (ગર્ગસંહિતા) અનુસાર અધ્યાય ૫-૬ માં પણ વિમલ કુંડનું વર્ણન મળે છે. શ્રીકૃષ્ણાવતાર પહેલાં સિંધુ દેશ જ્યાં આજે પાકિસ્તાન છે, ત્યાં ઘણાં મહાન વૈષ્ણવો થયાં છે, પરંતુ કળિયુગના પ્રભાવથી આજે ત્યાં એ રસિકતા નથી રહી. પહેલા ત્યાં ચંપક નામની નગરી હતી, જ્યાં વિમલ નામના રાજા રાજ કરતા હતા, જે પ્રહલાદજી જેવા જ મોટા ધર્માત્મા અને પ્રતાપી રાજા હતા. તેમની ૬૦૦૦ રાણીઓ હતી પરંતુ સંતાનહીનતાને કારણે તેઓ ઘણાં દુઃખી રહેતાં હતાં. યાજ્ઞવલ્ક્ય ઋષિએ તેમને સાંત્વના આપતાં કહ્યું કે તમારા ભાગ્યમાં પુત્ર તો નથી પરંતુ કન્યાઓ ઘણી છે, જેમને તમે શ્રીકૃષ્ણને સમર્પિત કરશો અને એ પણ બતાવ્યું કે ૧૧૫ વર્ષો બાદ શ્રીકૃષ્ણાવતાર મથુરામાં થશે. તેમના વક્ષસ્થળ પર શ્રી વત્સનું ચિહ્ન હશે. તે જ પરમ પરમેશ્વરને પોતાની સમસ્ત કન્યાઓ ભેટમાં આપી સમસ્ત ઋણોથી મુક્ત થઈ તમે ભગવદ્ ધામ પ્રાપ્ત કરશો. રાજા વિમલે મથુરા આવીને પૂછ્યું તો કંસના ભયથી કોઈ કંઈ જણાવી ન શક્યું તો વૃંદાવનમાં નીલવર્ણ એ શ્યામના દર્શન કર્યા અને દિગ્વિજય માટે નિકળેલા ભીષ્મએ રાજાને ગોકુળમાં રહેતાં શ્રીકૃષ્ણાવતારની સંપૂર્ણ કથા સંભળાવી.

ગોકુળમાં દૂત મોકલીને પ્રાર્થના કરાવી કે તેઓ રાજા વિમલની લાખો કન્યાઓનો સ્વીકાર કરે, શ્રીકૃષ્ણ ત્યાં આવ્યા અને સમસ્ત કન્યાઓ ભગવાનના અલૌકિક રૂપ પર ઓવારી ગઈ. કન્યાઓને કૃષ્ણાર્પિત કરી રાજા વિમલે દહેજમાં પોતાનું આખું રાજ્ય પણ આપી દીધું. સ્વયં દેહ ત્યાગ કરી સારૂપ્ય પ્રાપ્ત કરી ધામ ચાલ્યા ગયા. તે સૌ કન્યાઓને પ્રભુ આકાશમાર્ગે કામવન ક્ષેત્રમાં લાવ્યા અને રાસવિલાસ કર્યો, તેમની આંખોથી જે અશ્રુપાત થયો તેનાથી જ આ વિમલ સરોવર બન્યું. વિમલની કન્યાઓ પૂર્વ જન્મમાં અયોધ્યાની નારીઓ હતી પરંતુ ચાહવા છતાં પણ શ્રીરામના રૂપથી આકર્ષિત થઈ તેઓ રામનું વરણ કરી શકી નહોતી, તેમને જ શ્રીકૃષ્ણ રૂપે ભગવાને ગ્રહણ કરી હતી.

ચરણ પહાડી

ततो विष्णुपादचिन्हस्थल प्रार्थना मंत्र :

विष्णुपादतलोत्कीर्ण चिन्हरम्यांगभूमये ।
नमस्ते विश्वरुपाय कलाकांत नमोस्तुते ।।

(विष्णुपुराण)

વિષ્ણુ ચરણતલથી ઉત્પન્ન ચિહ્ન હે રમણીય ભૂમિવાળા! આપને નમસ્કાર છે. આપ વિશ્વરૂપ છો અને કલાઓથી મનોહર છો.

વ્રજમાં કેટલીય ચરણ પહાડીઓ છે. શ્રીકૃષ્ણ જ્યારે લુકલુક કુંડમાં છુપાઈને ઘણો સમય સુધી બહાર ન નિકળ્યા પછી પશ્ચિમની નજીકની પહાડી પર પહોંચીને એવી મનોરમ બંશી બજાવી કે, તેનાથી ન કેવળ વ્રજવાસીઓનાં હૃદય પીગળી ગયાં, બલ્કે પર્વત શિલાઓ પણ દ્રવ્ય રૂપ થવા લાગી અને શ્રીકૃષ્ણના ચરણ ત્યાં અંકિત થઈ ગયાં, ત્યાં પહોંચીને ગોપીઓએ તેમને પામી લીધાં. કામવનના રાસમાં બંશી એવી વાગી હતી કે વ્રજ ગોપીઓ મૂર્છિત થઈ ગઈ, જડ-ચેતન સૌ બંશીના પ્રભાવમાં આવી ગયાં. નદીઓનાં વહેણ થંભી ગયાં, પર્વતો ઓગળવા લાગ્યાં. આવા પાવન લીલાસ્થળને પણ તોડવામાં આવી રહ્યું હતું પરંતુ 'માન મંદિર સેવા સંસ્થાન'ના લાંબા સંઘર્ષ અને આંદોલનોને કારણે આ સૌની રક્ષા થઈ.

આ જ પર્વત પર ઉભા રાધા-માધવની અદ્‌ભુત છબિનો વૃંદાવનદાસજીએ ઉલ્લેખ કર્યો છે.

ઠાડે રી મોહન ચરણ પહાડી ।।
પીતામ્બર ફહરાત પવન બસ મુકુટ લટક છવિ ન્યારી ।।
પુનિ કીરતિ કી લલી ભલી છવિ તા ગ્રીવા ભુજ ડારી ।
જાકે રુપ રંગ બસ હૈ વન વન નચત વિહારી ।।

ઉન્મદ મદન રહત નિશિવાસર સંગ લલિત લલનારી ।
વૃન્દાવન હિત વિમલકુંડ તટ કેલિ વિલમ વિસ્તારી ।।

સેતુબંધ

વ્રજવાસી અને ગ્વાલબાળોને પરસ્પર આમોદ-પ્રમોદ અને હાસ્યની વચ્ચે સેતુબંધ લંકા તીર્થના દર્શન કરવાની ઇચ્છા થઈ તો શ્રીકૃષ્ણ કૃપાથી આ સમગ્ર લીલાનો અહીં જ સાક્ષાત્કાર થયો. તે સ્થળ સેતુબંધ નામથી વિખ્યાત છે. આજે પણ ત્યાંનું મનોહારી દૃશ્ય વર્ષાઋતુમાં તેવું જ પ્રતીત થાય છે.

તતો સમુદ્રસેતુબંધકુંડસ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

દેવાનાં સિદ્ધિરુપાય સેતુબંધ નમોઽસ્તુ તે ।
નમસ્તે સકલેષ્ટાય તીર્થરાજ નમોઽસ્તુ તે ।।

(બ્ર.ભ.વિ.)

હે સેતુબંધ દેવતાઓના સિદ્ધિ સ્વરૂપ! આપને નમસ્કાર છે. સૌ ઇષ્ટ પદાર્થો દેનારા તીર્થરાજ! આપને નમસ્કાર છે.

જ્યારે સેતુ પાર કરીને ભગવાન રામ લંકામાં જાય છે, તે જ લંકા દ્વીપની સ્થિતિ અહીં પણ છે, જેની વચ્ચે લંકાદહનનાં પણ ચિહ્નો છે. જ્યારે વર્ષાઋતુમાં ચારે તરફ પાણી ભરાઈ જાય છે ત્યારે ચારે બાજુ જળ હોવાને કારણે સમુદ્રમાં આવેલ લંકા જેવું પ્રતીત થાય છે.

વિહ્વળ કુંડ

શ્રીકૃષ્ણના બંશી નિનાદે જાણે વ્રજબાળાઓને આમંત્રિત કરી છે. તો પછી કોઈ કૌટુંબિક બંધનમાં તે રોકાઈ રહે તે ક્યાંથી સંભવ હતું? તે પ્રિયતમને મળવા આતુર થઈ ઉઠે છે. વિહ્વળતામાં બંશીના સ્વરનું અનુમાન લગાવતાં કુંજ-નિકુંજોથી પસાર થતી તરફડવા લાગે છે, તેમની વિહ્વળતા શ્યામથી કેમ છુપી રહે તેથી તે પણ તેમની સમીપ આવી ગયા. એ જ મિલન સ્થળ વિહ્વળ કુંડ છે. આ વિહ્વળ કુંડની પાસે જ લલિતા કુંડ, વિશાખા કુંડ, શ્યામકુંડ, બલભદ્ર કુંડ, માનકુંડ અને મોહિની કુંડ પણ છે.

કામસરોવર

શ્રીકૃષ્ણને સમર્પિત વ્રજરમણીઓ જેમનો દિવ્ય પ્રેમ ભૌતિક કામથી પર છે, જેમાં સ્વસુખની અભિલાષા લેશમાત્ર પણ નથી. સદા શ્રીકૃષ્ણ સુખની જ તેને જિજ્ઞાસા હોય છે. ગોપીઓનું પ્રત્યેક કાર્ય શ્રીકૃષ્ણ માટે જ હતું, તેમાં ન શારીરિક સુખ હતું ન કોઈ ગૃહાસક્તિ. સ્વયં નંદનંદ ગોપીઓના આ નિર્મળ પ્રેમના ઋણી બનીને રહી જાય છે. કૃષ્ણ અને વ્રજરમણીઓનું વિશુદ્ધ કામસ્થળ જે કામ સરોવર નામથી વિખ્યાત છે. તે સરોવરમાં સ્નાન કરવાથી સમસ્ત કામનાઓ પૂર્ણ થાય છે–

तत्र कामसरो राजन् ! गोपिकारमणं सरः ।
तत्र तीर्थसहस्राणि सरांसि च पृथक-पृथक ।।

(સ્ક.પુ.મ.ખં.)

વૃન્દાદેવી

વૃંદાદેવીજી, વૃંદાવનમાં લુપ્ત હતી. તેમનું ફરીથી પ્રાગટ્ય શ્રી રૂપ ગોસ્વામીજીએ કર્યું. બ્રહ્મકુંડથી પ્રગટ કરી તેમને ગોવિંદદેવજીના વામ ભાગમાં સ્થાપિત કર્યા. જ્યારે ગોવિંદદેવજીને વ્રજથી બહાર લઈ જવા લાગ્યા તો કામવન સુધી વૃંદાદેવી પણ સાથે આવ્યા અને સ્વપ્નમાં કહ્યું કે હું અહીંથી નહીં જાઉં, તેથી વૃંદાદેવી કામ્યવનમાં જ રહી ગઈ. ગોવિંદદેવજી જયપુર આવ્યા ગયા.

તથા વૃન્દાન્વિતગોવિંદાલોક પ્રાર્થના મંત્ર (વિષ્ણુયામલે) :

वृन्दादेवीसमेताय गोविन्दाय नमो नमः ।
मुक्तिरुपाय कृष्णाय वासुदेवाय केलिने ।।

વૃંદાદેવી સહિત ગોવિંદને નમસ્કાર છે. મુક્તિરૂપ કૃષ્ણ વાસુદેવ કેલિ રૂપ આપને નમસ્કાર છે.

શ્રી કુંડ

શ્રીકુંડ પર જ ભગવાન કામેશ્વરે મહાશક્તિ દુર્ગાને રાધાતત્વનું શ્રવણ કરાવી તેમના અભીષ્ટની પૂર્તિ અને પુણ્યક વ્રત દ્વારા શ્રીજીની ઉપાસના કરવા કહ્યું હતું. વિપ્ર સુતપા દ્વારા પ્રાપ્ત રાધા મંત્ર દ્વારા સૃષ્ટિમાં પ્રથમ રાધા ઉપાસના સમ્રાટ સુયજ્ઞએ કરી છે. પ્રથમ આવરણમાં શ્રીકૃષ્ણએ શ્રીરાધાનું પૂજન કર્યું અને મહોત્સવ ઉજવ્યો. રાધા કવચ પોતાના કંઠ અને જમણી ભુજામાં ધારણ કર્યું. દ્વિતીય આવરણમાં ધર્મ, બ્રહ્મા, શિવ, વાસુકિ,

સૂર્ય, ચંદ્ર વગેરેએ રાધાની આરાધના કરી. તૃતીય આવરણમાં સપ્તદીપના સમ્રાટ સુયજ્ઞએ, ભારતમાં તેઓ પ્રથમ રાધા-આરાધક થયાં છે.

બ્રહ્મવૈવર્ત્તાનુસાર રાજા સુયજ્ઞ દ્વારા રાધા-આરાધના

શિવ- દેવી! ચૌદ મનુઓમાં પ્રથમ સ્વાયંભુવ છે. સ્વાયંભુવથી ઉત્તાનપાદ, તેનાથી ધ્રુવ અને ધ્રુવથી ઉત્કલ થયા. એક વખત નારાયણ ભક્ત ઉત્કલે પુષ્કરમાં ૧૦૦૦ રાજસૂય યજ્ઞોનું અનુષ્ઠાન કર્યું, ઘણું બધું દાન આપ્યું. 'સુંદર યજ્ઞ' હોવાને કારણે દેવ સભામાં બ્રહ્માએ ઉત્કલનું નામ સુયજ્ઞ રાખી દીધું. તેઓ રોજ ૧૦-૧૨ લાખ ગાયો દાન કરતાં. ૧ લાખ રસોઈયાઓને ભોજન આપતાં. યજ્ઞમાં ૩૬ લાખ કરોડ બ્રાહ્મણોએ ભોજન કર્યું. યજ્ઞની સમાપ્તિ સમયે સભા ભરાઈ હતી, રાજા સુયજ્ઞ બેઠાં હતાં. સભામાં વસુ, ચંદ્ર, ઇન્દ્ર, નારદ સૌ બેઠા હતાં, ત્યાં સુધીમાં કશ્યપ વંશજ વિરૂપ પુત્ર શિવ શિષ્ય સુતપા નામના બ્રાહ્મણ સભામાં પહોંચ્યા. રાજાએ પ્રણામ કર્યા પરંતુ પોતાના સ્થાન પરથી ઉઠ્યા નહીં. ક્રોધિત થઈ વિપ્ર સુતપાએ શ્રાપ આપી દીધો. ''પામર! તું ગલિત કુષ્ઠરોગથી ગ્રસિત થઈ જા.'' આવું કહીને તેઓ ચાલ્યા ગયા તો રાજા ભયભીત થઈને તેમની પાછળ-પાછળ દોડવા લાગ્યો. રાજાની પાછળ-પાછળ વિશ્વામિત્ર, કશ્યપ, કપિલ, કર્દમ, દક્ષ, બાલખિલ્ય, જૈગીષવ્ય, જમદગ્નિ, ગર્ગ, દેવલ, આસુરિ, શાકલ્ય, અત્રિ, અગસ્ત્ય, ચ્યવન, ભરદ્વાજ, વાલ્મીકિ, ચ્યવન, ઓર્વ, પરાશર, નર-નારાયણ, સનકાદિક, પાણિનિ, જાજલિ, કણાદ, કણ્વ, માર્કણ્ડેય, લોમશ, દુર્વાસા, ગૌતમ, બૃહસ્પતિ, વશિષ્ઠ, મરીચિ, અંગીરા, ભૃગુ, પુલહ, પુલસ્ત્ય, કૌત્સાદિ મુનિગણ, અગ્નિ વગેરે દેવગણો સૌ પાછળ-પાછળ ચાલી નિકળ્યા અને ઉચિત નીતિની વાતો કરી બ્રાહ્મણને સમજાવ્યો. રાજા સુયજ્ઞએ ચરણોમાં પડીને ક્ષમા યાચના કરી. ત્યારબાદ પ્રસન્ન થઈ સુતપાએ રાજા સુયજ્ઞને ગલિત કુષ્ઠ રોગતથી મુક્ત થવા માટે એક હજાર વર્ષ સુધી ભક્ત વિપ્રનું ચરણોદક સેવન અને મહાવિષ્ણુની જનની શ્રી રાધારાણીની ઉપાસના કરવા કહ્યું. તેનાથી શીઘ્ર ગોલોકની પ્રાપ્તિ થઈ જશે. ભક્ત વિપ્ર સુતપાના કથનાનુસાર રાજા સુયજ્ઞએ પુષ્કરમાં જઈને દુષ્કર તપ આદર્યું. સો દિવ્ય વર્ષો સુધી ષડ અક્ષરધારી 'ૐ રાધાયૈ સ્વાહા' આ રાધા મંત્ર દવારા શ્રીજીની ઉપાસના કરી. તેના ફળસ્વરૂપે તેમને આકાશમાં વિમાન પર વિરાજમાન કૃપાકટાક્ષ સુવર્ષિણી શ્રીજીના દુર્લભ દર્શન પ્રાપ્ત થયા, જેનાથી તેમના સમસ્ત પાપો-તાપો ક્ષીણ થઈ ગયાં. રાધિકારાણી કૃપા વરસાવી મણિમંડિત વિમાન દ્વારા રાજા સુજ્ઞયને પોતાની સાથે ગોલોકમાં લઈ ગયા અને ત્યાં પોતાના પ્રાણેશ્વર શ્રીકૃષ્ણના દર્શન કરાવ્યા. પાર્વતીજીએ પ્રશ્ન કર્યો- ''શંભો! રાજા સુયજ્ઞએ કૃષ્ણોપાસના ન કરતાં રાધોપાસના કેમ કરી?'' રૂદ્રએ કહ્યું- ''દેવી! રાજા સુયજ્ઞએ વિપ્ર સુતપાને પૂછ્યું હતું કે હું કોની આરાધનાથી શીઘ્ર ગોલોક પ્રાપ્ત કરી શકીશ?'' ત્યારે સુતપાએ જણાવ્યું કે કૃષ્ણોપાસનાથી ગોલોક પ્રાપ્તિમાં વિલંબ થશે, પરંતુ કૃષ્ણની પ્રાણાધિષ્ઠાત્રિ દેવી, હરિ સ્તુતા શ્રી રાધાની ઉપાસનાથી અવિલંબ ગોલોકની પ્રાપ્તિ થઈ જશે એટલે કે શ્રીકૃષ્ણોપાસનાથી પણ વધુ અસરકારક છે શ્રીજીની ઉપાસના. તેથી રાજા સુયજ્ઞએ પૂર્વકાળમાં શ્રીકૃષ્ણ દ્વારા કરવામાં આવેલ રાધા-આરાધના અનુસાર જ સામવેદોક્ત તેમના દિવ્ય સ્વરૂપનું ધ્યાન ધરતાં

રાધામંત્રનો જાપ કરતાં રાધોપાસના કરી. શ્રીજીની ઉપાસનાથી રાજા સુયજ્ઞની ખ્યાતિ કૃષ્ણ ભક્ત ધ્રુવથી પણ વધુ ઉન્નત થઈ. તેમના યજ્ઞમાં મોટાં-મોટાં વેદજ્ઞો-શાસ્ત્રજ્ઞો, યોગીન્દ્ર-મુનીન્દ્ર, ઋષિ-મહર્ષિઓ પધાર્યા જે પરાશર, માર્કંડેય, બૃહસ્પતિ વગેરે ધ્રુવને ત્યાં પણ ક્યારેય આવ્યા નહોતા, ત્યાં સુધી કે સ્વયં નર-નારાયણ ભગવાન પણ આવ્યા. આ સૌના મંગલાગમનનું મૂળ કારણ એકમાત્ર સુયજ્ઞ દ્વારા શ્રીજીની ઉપાસના હતું. આ સ્થાન (શ્રીકુંડ) શ્રીજીની અમિત મહિમાઓને સમાવતું અદ્વિતીય છે. અહીં આચાર્યપાદ શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુની બેઠક છે. સમસ્ત વલ્લભકુળના વૈષ્ણવો અહીંની રજ નિજ મસ્તક પર અવશ્ય લગાવે છે કારણકે આ સ્થાન અષ્ટછાપના મહાકવિઓના લીલાપ્રવેશમાં તેમના માનસ-ધ્યાનનો વિષય રહ્યું છે. જે સમયે પરમ ભગવદીય શ્રી કુંભનદાસજી મહારાજ ધામગમન કરી રહ્યા હતા તો ગોસાંઈજીએ પૂછ્યું- આપની ચિત્તવૃત્તિ ક્યાં છે'', કુંભનદાસજીએ ઉત્તર આપ્યો હતો-

રસિકની રસ મેં રહત ગઢી ।
કનક બેલિ વૃષભાનુ નન્દિની સ્યામ તમાલ ચઢી ।
વિહરત લાલ સંગ રાધા કે કૌને ભાંતિ ગઢી ।
'કુમ્ભનદાસ' લાલ ગિરધર સંગ રતિ-કસ કેલિ બઢી ।।

ધામગમન કાળમાં ગોસાંઈજીએ પૂછતાં મહાન ભગવદીય શ્રી સૂરસાદજીની ચિત્તવૃત્તિ-

બલિ-બલિ હૌ કુંવરિ રાધિકા નન્દ સુવન જાસોં રતિ માની ।
વે અતિ ચતુર તુમ ચતુર શિરોમણિ, પ્રીતિ કરી કૈસે રહત હૈ છાની ।
વે જૂ ધરત તન કનક પીત-પટ સો તો સબ તેરી ગતિ ઠાની ।
તે પુનિ શ્યામ સહજ વે શોભા અમ્બરમિસ અપને ઉર આની ।
પુલકિત અંગ અબહિં હ્વૈ આયો નિરખિ રુપ નિજ દેહ સયાની ।
સૂર સુજાન સખી કે બૂઝે પ્રેમ પ્રકાશ ભયો વિહઁસાની ।।

ધામગમન કાળમાં શ્રી પરમાનંદદાસજીની ચિત્તવૃત્તિ

રાધે બૈઠી તિલક સઁવારતિ ।
મૃગનૈની કુસુમાયુધ કે ડરુ સુભગ નંદ સુત રુપ વિચારતિ ।।
દરપન હાથ સિંગાર બનાવતિ બાસર-જામ જુગુતિયોં ડારતિ ।
અન્તર પ્રીતિ સ્યામસુન્દર સૌં પ્રથમ સમાગમ-કેલિ સંભારતિ ।
બાસર ગત રજની બ્રજ આવત મિલત લાલ ગોવરધનધારી ।
'પરમાનંદ' સ્વામી કે સંગમ રતિ-રસ-મગન મુદિત બ્રજનારિ ।।

લુકલુક કુંડ

નામથી જ ખબર પડી જાય છે કે આ સ્થાન સંતાકુકડીનું છે.

ગચ્છ દેવિ વ્રજં ભદ્રે ગોપગોભિરલઙ્કતમ્ ।
રોહિણી વસુદેવસ્ય ભાર્યાઽઽસ્તે નન્દગોકુલે ।।

(ભા.૧૦/૨/૭)

વ્રજની સંપૂર્ણ વસુંધરા ગોપ અને ગોપી અર્થાત સખ્ય અને માધુર્યમયી લીલાઓથી પૂરિત છે. લુકલુક કુંડ શ્રીકૃષ્ણની નવકિશોરાવસ્થાનું ક્રીડાસ્થળ છે. ગોપાલ લાલની પાસે સખાઓની તો કોઈ કમી હતી જ નહીં. સેવાભાવી 'કનિષ્ઠ સખાઓ'- વિશાલ, વૃષભ, દેવપ્રસ્થ, વરુપથ... વગેરે, 'પીઠમર્દ'- શ્રીદામા, સુદામા, તોક-કૃષ્ણ, ભદ્રસેન... વગેરે. 'પ્રિય નરમ સખા'- સુબલ, અર્જુન, વસંત, ઉજ્જવલ... વગેરે. 'વિદૂષક સખા'- મધુમંગલ, હંસ, પુષ્પાંક... વગેરે. આ સૌ પરિહાસવાળા સ્વભાવના હતા. 'વિટ સખા'- ભારતી, કડાર... વગેરે. તેઓ વાક્ચાતુર્યમાં પ્રવીણ હતાં.

કચિદ્ બિલ્વૈઃકચિત્ કુમ્ભૈઃ ક ચામલકમુષ્ટિમિભઃ ।
અસ્પૃશ્યનેત્રબન્ધાદ્યૈઃ કચિન્મૃગખગેહયા ।।

(ભા.૧૦/૧૮/૧૪)

ક્યારેક તેઓ કોઈના પર બીલાં (બિલ્વફળ) ફેંકે છે તો ક્યારેક નિશાન સાધીને જાયફળ, આમળા વગેરે ફળો ફેંકે છે પછીપ્રિય ખેલ સંતાકૂકડી તો આખો દિવસ ચાલતો જ રહે છે. આ રમતમાં તો તે એટલા નિપુણ છે કે જો કોઈ ભેંકાર સ્થાનમાં જઈને સંતાઈ જાય તો કોઈ દેવતા પણ ન શોધી શકે, પરંતુ આ જ ક્રીડાકુશળ શ્રીકૃષ્ણ શ્રીજીની સાથે તો આ ખેલ રમતાં જ નથી, અને જો રમે પણ છે તો રમતાં પહેલાં જ હાર સ્વીકારી લે છે.

કારણ- શ્રીજીના આકર્ણ વિલંબિત નયનો હાથની હથેળીથી છુપાતાં જ નથી, તેઓ નયનોની ધારથી જ બધું જોઈ લે છે-

કાનન લૌં અઁખિયાઁ હૈ તિહારી, હથેરી હમારી કહાઁ તક ફૈલિ હૈં ।
મૂંદહૂઁ તૈં તુમ દેખતિ હૌ યહ કોર તિહારી કહાઁ તક સકેલિ હૈં ।।
કાન્હર હૂઁ કહઁ ખ્યાલ ઈહૈ તિનકૌં હમ હાથન હો પર ઝેલિ હૈં ।
રાધે જૂ ! માનૌં ભલૌ કૈ બુરૌ આંખ મૂદનૌં સંગ તિહારે ન ખેલિ હૈં ।।
કચિચ્ચ દર્દુરપ્લાવૈર્વિધૈરુપહાસકૈઃ ।
કદાચિત્ સ્પન્દોલિકયા કર્હિચિન્નૃપચેષ્ટયા ।।

(ભા.૧૦/૧૮/૧૫)

ક્યારેક લુકલુક કુંડમાં દેડકા-કુદ રમે છે, ક્યારેક એકબીજાની હાંસી ઉડાવે છે.

''જો, તારા મોં પર નાક છે...''

''અને તારે?''

આમ એકબીજાની મશ્કરી કરતાં ક્યારેક વૃક્ષની ડાળો પર લટકીને ઝુલવા લાગે છે.

આમ તો તે તેમના ઊંચા સખાઓના ખભે લટકીને પણ ઝુલી લે છે.

ક્યારેક રાજા બનીને દાણ લેવા ઉભા રહી જાય છે.

જોકે આજે લુકલુક કુંડ જ નહીં કામવદના બધા જ કુંડોની ભૂમિ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓના મેળાપીપણાથી ખાતે ચઢી ગઈ છે. આ કુંડને બચાવવા માટેનો પ્રયાસ પણ 'શ્રીમાન મંદિર સેવા સંસ્થાન' કરી રહ્યું છે. કેટલાય તીર્થોની ભૂમિ લોકો પાસેથી ખરીદવામાં આવી છે, એવો જ પ્રયત્ન આ કુંડ માટે પણ કરવામાં આવી રહ્યો છે જેથી તેને ફરીથી ભગવાનની લુકા-છિપી (સંતાકુકડી) રમતની લીલાનું દ્યોતક બનાવી શકાય.

સ્ખલિની (ખિસલની) શિલા

તતો સ્ખિલિનીશિલા પ્રાર્થના મંત્ર (પુરાણસમુચ્ચય) :

કૃષ્ણગોપાલરુપાય લલિતાબલ્લભાય ચ ।
નમો ગોપીભીરમ્યાય શિલાતીર્થસ્ખલાય ચ ।।

કૃષ્ણ ગોપાલ રૂપ, લલિતાજીના પ્રિય, ગોપીઓના રમણીય સ્થળ! ખિસલની શીલા આપને નમસ્કાર છે.

સ્ખલિની શિલા પર શ્રીકૃષ્ણ સખાઓ સાથે લપસણી રમતાં, ગ્વાલ ક્રીડા કરતાં, ક્યારેક હારી જતાં, ક્યારેક જીતતા હતાં, જ્યારે હારી જતાં ત્યારે ઘોડો પણ બનવું પડતું.

ઉવાહ કૃષ્ણો ભગવાન્શ્રીદામાનં પરાજિતઃ ।
વૃષભં ભદ્રસેનસ્તુ પ્રલમ્બો રોહિણીસુતમ્ ।।

(ભા.૧૦/૧૮/૨૪)

સર્વશક્તિમાન હોવા છતાં અહીં ગ્વાલબાળો સામે હારી જાય છે, આવું માત્ર વ્રજલીલામાં જ થયું છે, અન્ય કોઈ અવતારમાં કે વૈકુંઠાદિમાં આવી વિચિત્ર લીલા નથી થઈ.

એસો ચટક મટક કો ઠાકુર તીનો લોકન હૂઁ મેં નાય ।।
તીન ઠૌર તે ટેઢૌ દીખે ।
નટ કી સી ચલગત યે સીખે ।
ટેઢી સૈન ચલાવૈ તીખે ।
સબ દેવન કો દેવ તઉ યે બ્રજ મેં ઘેરે ગાય ।।
બ્રહ્મા મોહ કિયો પછતાયો ।
ગર્વ ઈન્દ્ર કો દૂર ભગાયો ।

દર્શન કો શિવ બ્રજ મેં આયો ।
એસો વૈભવ વારો તો ભી બ્રજ મેં ગારી ખાય ।।
બડે બડે અસુરન કો મારયો ।
નાગ કાલિયા પટક પછારયો ।
સાત દિના તક ગિરિવર ધારયો ।
એસો બલી તઉ ગ્વાલન પૈ ખેલત મેં પિટ જાએ ।।
રુપ છબીલો હૈ બ્રજ સુન્દર ।
બિના બુલાયે ડોલે ઘર ઘર ।
પ્રેમી બ્રજ ગોપિન કો ચાકર ।
એસો પ્રેમ બંધ્યો માખન કી ચોરી કરવે જાયે ।।

(રસિયા રાસેશ્વરી)

ભોજન થાલી

રમત વન દુલહિન નવલ બિહારી
લલિતા વિવિધ પાક રુચિ લાઈ જેવત ભોજનથાલી
ધોય શિલા પર પરસત રુચિસૌં ગ્રાસ લેત પિય પ્યારી
બિચ બિચ ચોજ બઢાવત વચનન તુંગવિદ્યા હિતકારી
લાલ પ્રેમ સૌં પ્રિયહિ કૌર લૈ દેત કરત મનુહારી
બહુત સ્વાદ સૌં આપુન પાવત જો મુખ ધારયો સુકુમારી
સરવર નીર આચમન લૈ કે મુદિત હોત અતિ ભારી
'વૃન્દાવન' હિત રુપ જાઉં બલિ વિપુલ કેલિ વિસ્તારી

કેચિત્પુષ્પૈર્દલૈઃ કેચિત્પલ્લવૈરઙ્કુરૈઃ ફલૈઃ ।
શિગ્મિસ્ત્વગ્મિર્દધદ્ભિશ્ચ બુભુજુઃ કૃતભાજનાઃ ।।

(ભા.૧૦/૧૩/૯)

ભોજન થાલી પર માત્ર સખાઓની સાથે છાક-લીલા જ નથી થઈ, બલ્કે રાધારાણી અને શ્રીકૃષ્ણએ ભોજન પણ કર્યું છે, એ પથ્થરની શિલાને ધોઈ છે, વચ્ચે-વચ્ચે તુંગવિદ્યાજી પરિહાસ પણ કરી રહી છે. શ્રીકૃષ્ણ રાધારાણીના મુખમાં કોળિયો આપી રહ્યા છે, શર્મિલી રાધા જાતે ખાઈ નથી રહી, રાધારાણીના સ્વભાવ અંગે રસિકોએ લખ્યું છે- **''મેરી સુહાગિન લાડલી બોલત હુ અલસાય.''**

સંકોચવશ ઘણું જ ઓછું બોલે છે, એવું જ અહીં પણ છે. એક-એક કોળિયો ખવડાવવામાં કેટકેટલુંય મનાવવું પડે છે, ''હે લાડલીજી! થોડી ખીર તો ખાઈ લો, થોડું આ તો લઈ લો.'' શ્રીજીને ભોજન કરાવતી વખતે તેમના મુખ સુધી કોળીયો લઈ જઈ ઠાકુરજી ખવડાવે છે. અહીં નિર્મળ જળનું સરોવર વહી રહ્યું છે, તેથી તે પણ ભોજન થાલીની લીલા છે. આ સ્થળ પર પથ્થરના વાસણો શ્રીકૃષ્ણની ભોજન લીલાને આજે પણ દર્શાવી રહ્યાં છે.

ततो भोजनस्थल प्रार्थना मंत्र (विष्णुधर्म्मोत्तरे):

अष्टवर्षस्वरुपाढय कृष्णपाणितलांकित ।
नमोऽस्तु भोजनस्थल सर्वदा भोगवर्द्धन ।।

આઠ વર્ષીય કૃષ્ણના હસ્ત તલથી ચિહ્નિત ભોગને વધારનાર હે ભોજન સ્થળ! આપને નમસ્કાર છે.

કામેશ્વર મહાદેવ

આખરે કામેશ્વર નામ શાથી પડ્યું? તેમના અનેક નામ છે- નીલકંઠ, ચંદ્રમૌલિ, ગંગાધર, શમ્ભો, શંકર પરંતુ કામેશ્વર નામ હોવા પાછળ વિશેષ કારણ છે- કારણકે પાર્વતીજીએ ભગવાન શંકર પાસેથી દુર્લભ કામનાઓ પ્રાપ્ત કરી હતી, જે આજ સુધી અપૂર્ણ હતી તે કામવનમાં જ પૂર્ણ થવાને કારણે કામેશ્વર નામ પડ્યું. એ દુર્લભ ભાવના હતી- કૃષ્ણપ્રાપ્તિ. લક્ષ્મીજીએ કહ્યું છે-

स वै पतिः स्याद्दकुतोभयः स्वयं समन्ततः पाति भयातुरं जनम् ।
स एक एवेतरथा मिथो भयं नैवात्मलाभादधि मन्यते परम् ।।

(भा.५/१८/२०)

''જે કર્મ, કાળને આધીન છે તે પતિ નથી કારણકે તે બીજાની રક્ષા નથી કરી શકતો. સર્પના મોંમાં રહેલો દેડકો બીજાની શું રક્ષા કરી શકવાનો હતો?''

બ્રહ્મવૈવર્તાનુસાર

પાર્વતીજીએ ભગવાન શંકર સમક્ષ રાધા તત્ત્વ વિશે જિજ્ઞાસા પ્રકટ કરી, આ કથા ભગવાન નારાયણે નારદજીને સંભળાવી હતી. ભગવાન શંકર સનતકુમારને રાસનો પ્રસંગ સંભળાવી રહ્યા હતા. સનતકુમાર અને પાર્વતીજી બંને પ્રેમથી સાંભળી રહ્યા હતાં. પાર્વતીજીએ જિજ્ઞાસા કરી કે કંઈક રાધાતત્વ વિશે જણાવો, પહેલાં તો શંકરજીએ કંઈ ન બતાવ્યું, તેથી હવે ડરતાં-ડરતાં પૂછી રહ્યાં છે. ''શ્રુતિઓમાં કણ્વ શાખામાં યુગલ સરકારની પ્રશંસા છે, જે વ્યાસજીએ ગાઈ છે, તે આપ અમને બતાવો.'' કામેશ્વરે આ પ્રશ્ન સાંભળીને મસ્તક નત કરી લીધું અને ધ્યાનમગ્ન થઈ પ્રભુને પ્રાર્થના કરી- ''પ્રભુ!

અતિ ગૂઢ જિજ્ઞાસા કરી બેઠાં છે પાર્વતી. એકવાર આપના કહેવાથી મેં ના પાડી દીધી, હવે કહું કે નહીં?'' સપ્રેમ પ્રભુએ આજ્ઞા આપતાં કહ્યું- ''શંભુ! જ્યારે તેઓ સતી હતાં, ત્યારે હું જાણતો હતો કે તેઓ દેહત્યાગ કરશે. હવે પાર્વતી બન્યા છે, હવે કોઈ ભય નથી, સંભળાવી દો.'' શંકરજીએ પાર્વતીજીને કહ્યું- ''એ તત્વ હું, શેષ, બ્રહ્મા, સનતકુમારો જ જાણીએ છીએ બીજું કોઈ નહીં. હે દુર્ગે! ધ્યાનપૂર્વક સાંભળો- રાધારાણીને રાધા કેમ કહે છે. 'રા' 'ધા'. 'રા' એટલે રસ, 'ધા' એટલે દોડવું. શ્રીકૃષ્ણની તરફ દોડી તેથી દોડવાની ગતિને કારણે રાધા નામ પડ્યું. 'રાસે સમ્ભૂયે ગોલોક' કૃષ્ણ પ્રાણાધિષ્ઠાત્રિ દેવી હોવાથી પણ તેમને રાધા કહેવામાં આવે છે. રાધારાણી વિના સંસિદ્ધિ સંભવ નથી. 'રા' શબ્દના ઉચ્ચારણથી નિશ્ચિત મુક્તિ મળે છે. 'ધા' શબ્દના ઉચ્ચારણથી કૃષ્ણ પ્રાપ્તિ થઈ જાય છે. 'રા' નો અર્થ છે પામવું, 'ધા' નો અર્થ છે નિર્વાણ. રાધા-કૃષ્ણમાં પરસ્પર આરાધ્ય-આરાધકનો સંબંધ છે. મહાલક્ષ્મી પણ તેનો આશ્રય લે છે.

''જયતિ તેઽધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દીરા શશ્વદત્ર હિ''

(ભા.૧૦/૩૧/૧)

લક્ષ્મીજીને આ રસ અપ્રાપ્ય હતો. મહાવિષ્ણુની જનની છે શ્રીરાધા.

ધન્યા અહો અમી આલ્યો ગોવિન્દાઙ્ઘ્રયઞ્જરેણવઃ ।
યાન્ બ્રહ્મેશો રમા દેવી દધુર્મૂર્ધ્ન્યધનુત્તયે ।।

(ભા.૧૦/૩૦/૨૯)

શ્રીજીની ચરણરજને લક્ષ્મીજી પોતાના પાપનાશ માટે મસ્તક પર ધારણ કરે છે. તે રાધાવલ્લભ જ પરમતત્વ છે, તમે તેની ઉપાસના કરો, તેથી તેઓ કામેશ્વર કહેવાયા. આ તો પ્રથમ કામનાની પૂર્તિ હતી. દ્વિતીય કામના હતી પુત્ર પ્રાપ્તિની. વિવાહોપરાંત પ્રથમ પુત્ર કાર્તિકેય થયા. એક વાર શંભુ-દુર્ગા વિહાર ચાલી રહ્યો હતો, કોઈક કારણસર દેવોએ તે રોકવાની પ્રાર્થના કરી, ત્યારે મહાદેવનું શુક્ર પૃથ્વી પર પડ્યું, પૃથ્વીથી તે સહન ન થતાં તે અગ્નિને આપી દીધું, અગ્નિ પણ સહન ન કરી શકી, તેણે તેને છોડવામાં ફેંકી દીધું ત્યારે કૃત્તિકાઓ દ્વારા પાલન થવાને કારણે બાળકનું કાર્તિકેય નામ પડ્યું પરંતુ પાર્વતીજીને તેનાથી સંતુષ્ટિ ન થઈ તેથી પ્રાર્થના કરી- ''આપ મને એવો પુત્ર આપો જે સંસારમાં આજ સુધી કોઈને પ્રાપ્ત થયો ન હોય'', ત્યારે કામેશ્વરે કહ્યું- ''તમે પુણ્યક વ્રત કરો, તેનાથી જ મનુને પ્રિયવ્રત, ઉત્તાનપાદ જેવા પુત્રો અને તેમના વંશમાં ધ્રુવ થયા. દેવહૂતિને કપિલ, અદિતિને વામન, કુબેરને નલકુબેર, સૂર્યને મનુ, અત્રિને ચંદ્રમા, અંગીરાને બૃહસ્પતિ પ્રાપ્ત થયા, શિવ આટલું જણાવીને ચાલ્યા ગયા. પાર્વતીજી આ વ્રત કરવા માટે તૈયાર થઈ ગયા. સનકાદિકને પુરોહિત બનાવ્યા, એક વર્ષ સુધી વ્રતચાલ્યું. મોટા-મોટા દેવો મૂર્તિમાન યજ્ઞમાં આવ્યા. ભગવાન વિષ્ણુએ કહ્યું- ''શંભો! આ પુણ્યક વ્રત હજારો રાજસૂય યજ્ઞોથી શ્રેષ્ઠ છે. તેનાથી સ્વયં શ્રીકૃષ્ણ તમારે ત્યાં ગણેશના રૂપમાં જન્મ લેશે.'' યજ્ઞમાં એક લાખ લોકોને પાર્વતીજીએ ભોજન કરાવ્યું. ધર્મમાં ઘણી શક્તિ છે. યજ્ઞ બાદ સ્નાન કરીને સનકાદિકે દક્ષિણારૂપે શિવજીને માગ્યા, તો પાર્વતીજી મૂર્છિત થઈ ગયા પછી બોલ્યા એક લાખ ગાય લઈ લો, બોલ્યા

'ના, હું તેમની સાથે ત્રિલોકમાં ફરીશ.'' દુર્ગા શરીર છોડવા રાજી થઈ ગયાં. તે સમયે શ્રીકૃષ્ણ પ્રકટ થયાં. સનકાદિકે શિવજીને પરત કર્યા. તે સમયે શ્રીકૃષ્ણ શિશુ રૂપ ધરીને પાર્વતીજીની શૈયા પર સૂઈ ગયાં. કરોડો ચંદ્રોને શરમાવનારું તે રૂપ હતું તેથી પ્રથમ દેવ ગણેશ થયા કારણ કે તે શ્રીકૃષ્ણ જ છે. તેથી તેમની સૌથી પહેલાં પૂજા થાય છે. અહીં કામના પૂરી થવાને કારણે કામામાં પ્રભુ કામેશ્વર થયા કારણકે સૌની ઇચ્છા પૂરી કરનારી આદિ શક્તિની બે અદ્‌ભુત કામનાઓ તેમણે પૂર્ણ કરી હતી.

તતો કામેશ્વરમહાદેવ પ્રાર્થના મંત્ર (લિંગ પુરાણ) :

કામેશ્વરાય દેવાય કામનાર્થ પ્રદાયિને ।
મહાદેવાય તે તુભ્યં નમસ્તે મુક્તિદો ભવ ।।

હે કામેશ્વર! કામનાઓ અને અર્થ દેનાર મહાદેવ આપને નમસ્કાર છે. હે મુક્તિ દાન દેનાર મહાદેવ! આપને નમસ્કાર છે.

તતો ગયાકુંડસ્નાનાચમન પ્રાર્થના મંત્ર (ભવિષ્ય પુરાણ) :

તારણે દિવ્યતોયાઢય દેવદેવાંગસંભવ ।
નમસ્તે તીર્થરાજાય ફલ્ગુતીર્થસમાહ્વય ।।

ઉદ્ધાર કરવામાં દિવ્ય જળથી પૂર્ણ દેવતાગણોથી ઉત્પન્ન ફલ્ગુ નામથી વિખ્યાત તીર્થરાજ! આપને નમસ્કાર છે.

યજ્ઞાન્તે પાંડવાઃ શ્રેષ્ઠાઃ સ્ત્રાનં ચક્રર્વિધાનતઃ ।
યુધિષ્ઠિરાદિપઞ્ચાનાં પંચતીર્થસરાંસિ ચ ।।

મહાભારતે (માત્સ્યે)

યજ્ઞના અંતમાં શ્રેષ્ઠ પાંડવોએ વિધિપૂર્વક સ્નાન કર્યું અને યુધિષ્ઠિર આદિ પાંચેય પાંડવોના નામથી પાંચ તીર્થ ઉત્પન્ન થયાં.

તતો પંચમસરસ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

ધર્મરૂપ નમસ્તુભ્યં વાયુપુત્ર નમોસ્તુ તે ।
શક્રાત્મજ નમસ્તુભ્યમશ્વિન્યાસ્તનયૌ નમઃ ।।

હે ધર્મરૂપ! આપને નમસ્કાર છે,વાયુપુત્ર! આપને નમસ્કાર છે, ઇંદ્રપુત્ર! આપને નમસ્કાર છે, અશ્વિનીકુમારના બંને પુત્રો! આપને નમસ્કાર છે.

તતો ગોમાસુરગુફા પ્રાર્થના મંત્ર (મહાભારતે) :

કૃષ્ણકૃતાર્થરુપાય સખિરુપાય તે નમઃ ।
મુક્તિ ગોમાસુરસ્થાન ઘોરકલ્મશનાશન ।।

કૃષ્ણ દ્વારા કૃતાર્થ થયેલ કૃષ્ણ-સખા રૂપ! આપને નમસ્કાર છે, આપ ભયાનક ક્લેષોના નાશક છો.

તતો સીતાકુંડસ્નાનાચમન પ્રાર્થના મંત્ર (વાયુપુરાણ) :

સીતાસ્નપનરમ્યાય વિશ્વકર્મ્મવિધાયિને ।
તીર્થરાજ નમસ્તુભ્યં સર્વદા પુણ્યવર્દ્ધન ।।

સીતાજીના સ્નાનથી રમણીક વિશ્વકર્મા રચિત તીર્થરાજ! આપને નમસ્કાર છે. પુણ્ય વધારનારા તીર્થરાજ! આપને નમસ્કાર છે.

તતો દ્રોપદીસંહિતાનાં પંચપાંડવાનામાલોક પ્રાર્થના મંત્ર (વાયુપુરાણ) :

ધર્મપુત્રાદિરુપેભ્યો પાંડવેભ્યો નમોડસ્તુતે તે ।
દ્રોપદીસહિતેભ્યસ્તુ તપઃ સિદ્ધિસ્વરુપિણઃ ।।

ધર્મપુત્ર (યુધિષ્ઠિર) વગેરે પાંડવોને નમસ્કાર છે. દ્રૌપદી સહિત તપસ્યા અને સિદ્ધિરૂપ વાળા તીર્થ આપને નમસ્કાર છે.

તતો રાધાવલ્લભાલોક પ્રાર્થનામંત્ર (બ્રાહ્મે)

રાધાવલ્લભરુપાય વિષ્ણવે વ્રજકેલિને ।
નમઃ પ્રગલ્ભકાન્તાય સર્વાર્થસુખદાયિને ।।

રાધા વલ્લભસ્વરૂપ વિષ્ણુમૂર્તિ, હે વ્રજકેલિ પરાયણ પ્રગલ્ભતાથી મનોહર સૌ અર્થો અને સુખો પ્રદાન કરનાર! આપને નમસ્કાર છે.

તતો ગોપીનાથાવલોકપ્રાર્થના મંત્ર (માત્સ્યે) :

સદા રાસોત્સવક્રીડાવિમલાય કૃતાર્થિને ।
ગોપીનાથાય દેવાય નમસ્તે વ્રજકેલિન ।।

રાસોત્સવમાં વિમલ ક્રીડાવાળા, કૃતાર્થ રૂપ ગોપીનાથ દેવ! વ્રજના પરાયણ! આપને નમસ્કાર છે.

તતો યશોદા કુંડ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર (ધૌમ્ય સંહિતાયાં) :

કામસેનિસુતે તુભ્યં નમામિ વિમલાત્મકે ।
તીર્થરુપ નમસ્તુભ્યં સર્વદા પુત્રવત્સલે ।।

કામસેનીની પુત્રી યશોદાજી (જેઓ અહીં નિત્ય સ્નાન કરતા હતા) વિમલાત્મા સ્વરૂપ આપને નમસ્કાર છે. હે તીર્થરૂપા પુત્ર વત્સલા! આપને નમસ્કાર છે.

તતો પરમોક્ષ કુંડ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર (શૌનકીય) :

મોક્ષાય મુક્તિરુપાય મુક્તિતીર્થ નમોસ્તુ તે ।
નમઃ કૈવલ્યનાથાય સર્વદા મોક્ષદાયિને ।।
યત્રૈવ મુક્તિમાપ્નોતિ નન્દગોપાદયો મતાઃ ।
કુંડ મોક્ષામિધં જાતં કામસેનિવિનિર્મિતં ।।

જ્યાં નંદ વગેરે ગોપોએ મુક્તિ પ્રાપ્ત કરી, તે મોક્ષ નામનો કુંડ યશોદાજી દ્વારા નિર્મિત છે.

મોક્ષ માટે મુક્તિરૂપ વાળા તીર્થ! આપને નમસ્કાર છે. આપ કૈવલ્યના નાથ છો, સદા મોક્ષ દેનાર છો.

તતો મણિકર્ણિકા કુંડ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર (વામન પુરાણ) :

નમસ્ત્રિભુવનેશાય વ્યાપિને પરમાત્મને ।
તીર્થરાજ નમસ્તુભ્યં મનિકર્ણિ નમોસ્તુ તે ।।

હે ત્રિભુવનના ઈશ, હે વ્યાપક પરમાત્મા મણિકર્ણિકા નામના તીર્થરાજ! આપને નમસ્કાર છે.

સહસ્ત્ર તીર્થ સરોવર

પૃથ્વીના સમસ્ત તીર્થોની ઇચ્છા ભગવાને કામ્યવનમાં પૂર્ણ કરી.

તતો સહસ્ત્ર સરોવર તીર્થ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર (બ્રહ્માંડ) :

સહસ્ત્રગુણપુણ્યાય પાવનાય મહાત્મને ।
નમો સહસ્ત્રતીર્થાય નૈર્મલ્યવરરુપિણે ।।

સહસ્ત્ર ગુણ પુણ્યરૂપ હે પાવન સ્વરૂપ મહાત્મા! સહસ્ત્ર તીર્થ સરોવર આપને નમસ્કાર છે. આપ નિર્મલ વરદાન દેનાર છો.

વ્રજમાં સનાતન ઋષિઓ પણ આવ્યા છે–

મેધાતિથિર્દેવલ આર્ષ્ટિષેણો ભારદ્વાજો ગૌતમઃ પિપ્પલાદઃ ।
મૈત્રેય ઔર્વઃ કવષઃ કુમ્ભયોનિર્દ્વૈપાયનો ભગવાન્નારદશ્ચ ।।

(ભા. ૧/૧૯/૧૦)

ભારદ્વાજજી

પ્રસિદ્ધ મુનિ ભારદ્વાજજી, જેમના સંવાદથી રામાયણ પ્રગટ થઈ-

ભારદ્વાજ મુનિ બસહિ પ્રયાગા । તિન્હહિ રામ પદ અતિ અનુરાગ ।।
તાપસ સમ દમ દયા નિધાના । પરમારથ પથ પરમ સુજાના ।।

(રા.બા.કા.૪૪)

જાગબલિક મુનિ પરમ બિબેકી । ભારદ્વાજ રાખે પદ ટેકી ।।

(રા.બા.કા.૪૫)

સુનિ રિધિ સિધિ અનિમાદિક આઈ ।
આયસુ હોઈ સો કરહિં ગોસાઈ ।।

(રા.અયો.કા.૨૧૩)

તતો ભારદ્વાજ કૂપ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર (ભારદ્વાજ સંહિતા) :

તપસાં સિદ્ધિરુપાય સદા દુગ્ધમયાય ચ ।
ભારદ્વાજકૃતસ્નાનકૂપતીર્થ નમોસ્તુ તે ।।

તપસ્યાની સિદ્ધિ રૂપ દુગ્ધમય ભારદ્વાજ કૂપ તીર્થ! આપને નમસ્કાર છે, ભારદ્વાજના સ્નાનથી નિર્મિત તીર્થ! આપને નમસ્કાર છે.

તતો પિપ્લાદાશ્રમ પ્રાર્થના મંત્ર (ભારદ્વાજ સંહિતા) :

સર્વદા મુક્તિરુપાય સર્વક્લેશાપહારિણે ।
સંકટમોચનાર્થાય પિપ્પલાદર્ષયે નમઃ ।।

સદા મુક્તિરૂપ ક્લેશોનું હરણ કરનારા, સંકટોથી મુક્તિ માટે પિપ્લાદ ઋષિને નમસ્કાર છે.


દધીચિ ઋષિના પુત્ર પિપ્લાદ, જેમને તેમની માતા સુવર્ચાએ સતી થવા માટે ગર્ભથી જ અલગ કરી, શિવજી દ્વારા ના પાડવા છતાં સતી થઈ ગઈ, એ સતી સુવર્ચાના પુત્ર પિપ્લાદ, જેમનું પાલન પીપળના વૃક્ષોએ કર્યું હતું.

અહો દૈન્યમહો કષ્ટં પારક્યૈઃ ક્ષણભઙ્ગુરૈઃ ।
યન્નોપકુર્યાદસ્વાર્થૈર્મર્ત્યઃ સ્વજ્ઞાતિવિગ્રહૈઃ ।।

(ભા.૬/૧૦/૧૦)

પોતાના પિતાના આદેશાનુસાર ૬ ઋષિઓ (ભારદ્વાજના પુત્ર સુકેશા, શિવિકુમાર સત્યકામ, ગર્ગ ગોત્રજ સૌર્યાયિણી, કૌશલદેશી આશ્વલાયન, વિદર્ભ નિવાસી ગાર્ગ્ય, કત્ય ઋષિના પ્રપૌત્ર કબંદી)ના જિજ્ઞાસારૂપી કષ્ટને દૂર કર્યું.





કામેશ્વર મહાદેવ અને શ્રી વિમલ કુંડ



ઇંદ્રની આંખો, ક્ષીરસાગર કુંડ અને શ્રીકુંડ



શ્રી લંકા અને સેતુબંધ



અશોકવાટિકા અને ચરણ પહાડી (કૃષ્ણ પદ ચિહ્ન)



ભોજન થાળી, દહીંનો કટોરો અને દૂધનો કટોરો





ચોર્યાશી થાંભલા અને ફિસલની શિલા



વ્યોમાસુરની ગુફા તથા હિડિમ્બા અને ભીમનું મંદિર





ગયા કુંડ અને લુકલુક કુંડ

અધ્યાય-૭૩

મુક્તિ વન

તતો મુક્તિવન પ્રાર્થના મંત્ર (આદિ પુરાણ) :

મુક્તયે મુક્તિરુપાય મુક્તિસંગવનાય તે ।
દેવગન્ધર્વલોકાનાં મુક્તિદાયનમો નમઃ ।।

હે મુક્તિ સ્વરૂપ! મુક્તિ વન (ઈસાપુર) આપને નમસ્કાર છે, દેવતા અને ગંધર્વ લોકોને મુક્તિ પ્રદાન કરનાર છો.

તતો મધુમંગલ કુંડ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

મધુમંગલકુંડાય કૃષ્ણકેલિવિધાયિને ।
ગોપીશ્રમવિનિર્ધૌત પીતાંભાય નમોઽસ્તુ તે ।।

કૃષ્ણલીલાનું વિધાન કરનાર, ગોપીઓના થાકને દૂર કરનાર, પીળા જળથી ભરેલા, હે મધુમંગલ કુંડ! આપને નમસ્કાર છે.

તિલક વન

તતો તિલક વન (તિખારો) પ્રાર્થના મંત્ર (વામન પુરાણે) :

મૃગાવત્યાપ્સરા યત્ર શ્રૃંગારતિલકં કરોત્ ।
ગોપીનાં સુકુમારીણાં કૃષ્ણવેષાભિધાયિનાં ।।

મૃગવતી અપ્સરાએ જ્યાં કૃષ્ણ વેશધારી સુકુમારી ગોપીઓનું શ્રૃંગાર તિલક કર્યું હતું.

બહુતિલકવૃક્ષાણાં રોપણં રમણં કરોત્ ।
તિલકાખ્યં વનં જાતં સર્વ સૌભાગ્યવર્ધનં ।।

ઘણાંય તિલક વૃક્ષોનું રોપણ અને રમણ કર્યું, તેથી તિલક વન સૌભાગ્ય વધારનારું છે.

તતો તિલક વન (તિરવારો) પ્રાર્થના મંત્ર (વૃહદ્રૌતમીયે) :

શ્રૃંગારતિલકાભ્યસ્તુ ગોપિકાભ્યો નમો નમઃ ।
વનાય તિલકાખ્યાય વનરાજ નમોસ્તુ તે ।।
મૃગાવતીકૃતં સ્નાનં ગોપિકાભિઃ સમન્વિતા ।
યતો મૃગાવતીકુંડં વિખ્યાતં પૃથિવીતલે ।।

શ્રૃંગાર તિલકવાળી ગોપીઓને નમસ્કાર છે, તિલક વન વનરાજ! આપને નમસ્કાર છે.

જ્યાં મૃગાવતી ગોપીઓ સાથે સ્નાન કર્યું હતું, તે પૃથ્વી તળ પર મૃગાવતી કુંડ પ્રખ્યાત થયો.

તતો મૃગાવતી કુંડ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

મૃગાવતીકૃતાર્થાય તીર્થરાજ નમોસ્તુ તે ।
તામ્રવર્ણપયોદ્ભૂત બ્રહ્મહત્યાદિઘાતક ।।

મૃગાવતીથી ઉત્પન્ન તીર્થ, તામ્ર વર્ણના જળથી પૂર્ણ, બ્રહ્મ હત્યાનો નાશ કરનાર આવા તીર્થરાજને નમસ્કાર છે.

નન્દેરો

કામાં સતવાસ માર્ગથી ૪ કિ.મી. દૂર સ્થિત છે નંદેરો ગામ.

તતો નન્દકૂપવન પ્રાર્થના મંત્ર : (વિષ્ણુ પુરાણ) :

નન્દકૂપવનાયૈવ ગોપાનાં વરદાયિને ।
તાપાર્ત્તિહરયે તુભ્યં નમસ્ત્વાલ્હાદવર્દ્ધિને ।।

ગોપોને વર દેનાર, હે નંદકૂપ વન! તાપોનું હરણ કરનારા, આહ્લાદ દેનાર આપને નમસ્કાર છે.

તતો દીર્ઘનન્દકૂપ સ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

અતિવિસ્તૃતકૂપાય નન્દાદિરચિતાય ચ ।
તીર્થરાજ નમસ્તુભ્યં સર્વદા તૃટ્-પ્રશાન્તયે ।।

નંદ આદિ દ્વારા નિર્મિત અત્યંત વિશાળ કૂપ! જે તૃષ્ણાની શાંતિ કરનાર છે, આપને નમસ્કાર છે.

તતો ગો ગોપાલ પ્રાર્થના મંત્ર :

ગોગોપાલ સમેતાય કૃષ્ણાય વરદાયિને ।
નાનાસુખોપવેષ્ટાય નમઃ કેલિસ્વરુપિણે ।।

ગાય અને ગ્વાલબાળો સહિત વર દેનાર કૃષ્ણ, આપ આહ્લાદ સ્વરૂપ, કેલિ સ્વરૂપ છો, આપને નમસ્કાર છે.

ઈન્દ્રોલી

તતો ઈન્દ્ર વન પ્રાર્થના મંત્ર :

દેવન્ધર્વરમ્યાય નમઃ શક્રવનાય તે ।
ત્રેલોક્યમોહરુપાય સર્વકામાર્થદાયિને ।।

દેવતાઓ અને ગંધર્વોથી રમણીય ત્રિલોકીને મોહિત કરનારા સૌ પદાર્થોના દાતા, હે ઇન્દ્રવન! આપને નમસ્કાર છે.

તતો દેવતા કુંડ પ્રાર્થના મંત્ર :

ઈન્દ્રાદિદેવતાસ્નાનસંભવાય નમોડસ્તુ તે ।
દેવતાકુંડ તીર્થાય ચિરાયુઃ સૌખ્યદાયિને ।।

સમસ્ત દેવતાઓના સ્નાનથી ઉત્પન્ન, હે દેવતાકુંડ નામના તીર્થ, આપને નમસ્કાર છે.

કનવારા

તતો કર્ણબન પ્રાર્થના મંત્ર (સ્કાન્દે) :

કર્ણાવાસાય રમ્યાય યશઃ કીર્તિસ્વરુપિણે ।
નમઃ કર્ણબનાયૈવ પુણ્યાખ્યાય વરપ્રદ ।।

કર્ણના આવાસથી રમણીય યશ અને કીર્તિ રૂપવાળા પુણ્ય રૂપ વર દેનારા કનવારા (કર્ણ વન)ને નમસ્કાર છે.

'કણ્વ ઋષિ'નું નિવાસ હોવાને કારણે પણ તેને કણ્વ વન કહેવામાં આવ્યું. વ્રજવાસીઓની ગાથા અનુસાર કનૈયાનો 'કર્ણ-છેદન-સંસ્કાર' પણ અહીં જ થયો હતો.

તતો દાનકુંડસ્નાનાચમન પ્રાર્થના મંત્ર :

દશભારસુવણાઢ્ય કૃતદાનસ્વરુપિણે ।
નમસ્તે દાનતીર્થાય કર્ણદાન સમાપ્નુયાત્ ।।

અર્થ- દસ ભાર સુવર્ણથી સંપન્ન, હે દાનરૂપી દાન તીર્થ! આપને નમસ્કાર છે.

કર્મ મહાદાની હતો. મહાભારતમાં એ વાત પ્રસિદ્ધ છે કે ભગવાન સૂર્યના ના પાડવા છતાં પણ કર્ણએ માતા કુંતીને કવચ કુંડળનું દાન કર્યું હતું જોકે કવચ કુંડળમાં જ તેના જીવનની સુરક્ષા હતી. શ્રીમદ્‌ભાગવતમાં પણ કર્ણના દાનની પ્રશંસા છે-

ગુરુશુશ્રૂષણે જિષ્ણુઃ કૃષ્ણઃ પાદાવનેજને ।
પરિવેષણો દ્રુપદજા કર્ણો દાને મહામનાઃ ।।

(ભા.૧૦/૭૫/૫)

કર્ણને દાનમાં મહામના કહેવામાં આવ્યો છે. અહીં પણ આ કર્ણ વનનું નામ કર્ણને જ કારણે રાખવામાં આવ્યું છે અને તેના જ ગુણોને આધારે દાન કુંડનું નિર્માણ થયું અને અહીં દાનની મહિમા પણ છે.

કદમ્બખંડી

સુનહરા ગ્રામની પાસે જ એક વિશાળ કદંબખંડી છે. કદંબખંડીમાં નાગાજીની ભજનસ્થળી છે. આ એટલા પરાક્રમી મહાત્મા હતા કે ૮૪ કોસની વ્રજ પરિક્રમા એક જ દિવસમાં કરી લેતા હતાં. મંગળા 'ગોવિંદદેવજી'ની કરતાં અને શ્રૃંગાર આરતી 'કેશવદેવજી'ની મથુરામાં કરતા હતા. ત્યાંથી ચાલતાં-ચાલતાં રાજભોગ 'બરસાના'માં કરતા હતા. નંદગ્રામથી થઈ, પરત રાધાકુંડ થઈ ચાલ્યા આવતાં.

કોઈની પાસે કાંઈ માગતાં નહોતાં. માગ્યા વિના, જો દૂધ મળી જાય તો, પી લેતાં. એકવાર ત્રણ દિવસ સુધી નાગાજીને કંઈ ન મળ્યું તો, ત્રીજા દિવસે સ્વયં શ્રીકૃષ્ણ એક બાળકરૂપે દૂધ લઈને પહોંચી ગયા અને પોતાના હાથોથી દૂધ પિવડાવ્યું. તેઓએ પાણી માગ્યું તો ન આપ્યું. સ્વપ્નમાં ઠાકુરજીએ કહ્યું હું માત્ર દૂધ જ આપું છું, પાણી નહીં. એટલે કે લૌકિક રસ નહીં, ફક્ત દિવ્ય રસ જ આપું છું.

જ્યારે નાગાજીની જટા ઝાડીમાં ફસાઈ ગઈ હતી, તો ત્રણ દિવસ ભોજન કર્યા વિના અને પાણી વિના ઉભા રહ્યા કે, જેણે જટા ફસાવી છે તે જ ઉકેલી પણ કાઢશે. શ્રીકૃષ્ણ એક બાળક રૂપે આવ્યા અને પૂછ્યું કે હું ઉકેલી આપું?-

તો નાગાજી બોલ્યા- ''ના, જેણે ફસાવી છે તે જ ઉકેલશે''

તો શ્રીકૃષ્ણ બોલ્યા- ''કોણે ફસાવી છે?''

નાગાજી બોલ્યા- ''શ્રીકૃષ્ણએ.''

તો શ્રીકૃષ્ણ બોલ્યા- ''એ શ્રીકૃષ્ણ તો હું જ છું.''

નાગાજી જેમ-જેમ બોલતાં ગયાં કે ''ના ના, તું કૃષ્ણ કેવી રીતે હોઈ શકે? તારી પાસે ન તો મોરમુગટ છે, ન કુંડળ છે, ન વાંસળી છે.'' તેમ-તેમ શ્રીકૃષ્ણએ મોરમુગટ, કુંડળ અને વાંસળી પ્રગટ કર્યાં.

શ્રીકૃષ્ણ જ્યારે જટાઓ ઉકેલવા લાગ્યા તો નાગાજીએ ફરી ના પાડી દીધી અને કહ્યું કે જ્યાં સુધી રાધારાણી આવીને નહીં કહે કે આ જ અમારા કાન્ત છે, ત્યાં સુધી તમે મને હાથ ન લગાવી શકો. તે જ સમયે રાધારાણીએ પ્રગટ થઈને સાક્ષી પૂરી, હા, આ જ અમારા કાન્ત છે, પછી બંને રાધા-માધવે ભેગા મળીને જટા ઉકેલી અને નાગાજીનું નામ પડ્યું 'ચતુર નાગાજી'. શ્યામસુંદરે નાગાજીને હૃદયથી લગાવી લીધા અને કહ્યું કે ધન્ય છે તમારી પ્રીતિ, 'રાધારાણી' પર તમારો અનન્ય પ્રેમ છે.

યાત્રા સમાપન

આ એ જ વ્રજ રજ છે જેના વિશે સ્વયં શ્રી નારાયણે લક્ષ્મીજીને કહ્યું હતું- ''હે પ્રિયે! આ રજ આપણા માટે પણ દુર્લભ છે-

મુરલી ધુનિ વૈકુંઠ ગઈ ।
નારાયણ કમલા સુનિ દંપતિ અતિ રુચિ હૃદય ભઈ ॥
સુનહુ પ્રિયા યહ વાણી અદ્ભુત વૃન્દાવન હરિ દેખ્યો ।
ધન્ય-ધન્ય શ્રીપતિ મુખ કહિ-કહિ જીવન વ્રજ કો લેખ્યો ॥
રાસ વિલાસ કરત નન્દ નંદન સો હમ તે અતિ દૂર ।
ધનિ વન ધામ ધન્ય વન ધરની ઉડિ લાગે જ્યોં ધૂર ॥
યહ સુખ તિહૂઁ ભુવન મેં નાહી જો હરિ સંગ પલ એક ।
'સૂર' નિરખિ નારાયણ ઈકટક ભૂલે નૈન નિમેક ॥

આ રજ રાધારાણીની કૃપાથી સૌને પ્રાપ્ત થઈ-

યદ્ર રાધાપદકિઙ્કરીકૃહૃદા સમ્યગ્ભવેદ ગોચરં
ધ્યેયં નૈવ કદાપિ યદ્ર ધૃદિ વિના તસ્યાઃ કૃપાસ્પર્શતઃ ।
યત્ પ્રેમામૃતસિન્ધુસાર૨સદં પાપૈકભાજામપિ
તત્ વૃન્દાવનદુષ્પ્રવેશમહિમાશ્ચર્યં હૃદિ સ્ફૂર્જતુ ॥

(રા.સુ.નિ. ૨૬૫)

તેથી તેમની કૃપાની અનુભૂતિપૂર્વક આપણે સૌ યાત્રા સમાપ્ત કરીને જઈ રહ્યા છીએ એ અગ્રિમ કૃપાની આશા અને વિશ્વાસ સાથે વ્રજભૂમિનું સ્મરણ અવિરત થતું ચાલતું રહે. ન આપણે વ્રજને ભૂલીએ અને ન વ્રજ આપણને ભૂલે, આપણે બાબાને ન ભૂલીએ અનેબાબા આપણને ન ભૂલે.





કદમ્બખંડી અને શ્રીનાગાજીની સમાધિ



શ્રી નાગાજીની ઝાડી અને પાછોલ કુંડ

અધ્યાય-૭૪

પરસ્પર સંકીર્ણતાથી ધામ પર પ્રહાર

વૃંદાવન માત્ર પાંચ કોસનું જ છે, એ વાતને વ્યર્થ બકવાસ સિવાય બીજું શું કહી શકાય જ્યારે સૌ રસિકાચાર્યોએ વ્યાપક વૃંદાવનને પાંચ યોજનનું જ ઘોષિત કર્યું છે. શું ધામને સંકુચિત કરવું એ જ શ્રીવૃંદાવન રસોપાસનાની નિષ્ઠા પદ્ધતિ છે? રસોપાસનાની મૂળ ભિત્તિનું ભેદન કરીને કોઈ રસિક કેવી રીતે બની શકે? સંકીર્ણ લોકોની ભ્રાંત મતિ માત્ર અન્ય સંપ્રદાયના આચાર્યો વિશે જ ઉપદ્રવ મચાવી રહી છે એવું નથી બલ્કે પોતાના સંપ્રદાયના સ્વરૂપને પણ આ લોકો અત્યંત આશ્ચર્યજનક અને અશાસ્ત્રીય સ્વરૂપે પ્રસ્તુત કરી રહ્યા છે, આવા લોકોને અનન્ય ન જ માની શકાય, તેઓ માત્ર વ્યક્તિગત પ્રતિષ્ઠા સંબંધી નિકૃષ્ઠ ધારણાઓ પર જ આધાર રાખતાં જોવા મળે છે. આજે જરૂર છે શુદ્ધ ચર્ચા, વાસ્તવિકતા પરિવેષણ તથા સાંપ્રદાયિક સંકીર્ણતા રહિત વૈષ્ણવ ધર્મોનો પ્રચાર-પ્રસાર. તેના અનુપાલનથી જ વૈષ્ણવાચાર્યોની પ્રતિષ્ઠા, આત્મકલ્યાણ, સમાજ અને રાષ્ટ્રનું કલ્યાણ શક્ય છે, અન્યથા કદાપિ નહીં.

વૃન્દાવનનું વાસ્તવિક સ્વરૂપ

પઞ્ચયોજનમેવાસ્તિ વનં મે દેહરૂપકમ્ ।
કાલિન્દીયં સુષુમ્ણાખ્યા પરમામૃતવાહિની ।।

(બૃ.ગૌ.તં)

ભગવદ્ વાક્ય છે આ! શ્રી ભગવાન કહી રહ્યા છે- ''આ પંચયોજનાત્મક વન મારો દેહ છે, જેમાં કાલિંદીનું સ્થાન સુષુમ્ણા નાડીની જેમ અત્યંત મહત્વપૂર્ણ છે. આજે સંકીર્ણ વિચારધારાઓએ ધામને સંકુચિત કરી દીધું છે, શાસ્ત્રીય વચન અને ભગવદ્ વાક્યોનું જ ખંડન કરી દીધું. જો શ્રી વૃંદાવન પંચયોજનાત્મક છે, તેને સંકુચિત કરતાં-કરતાં માત્ર એક શહેર રૂપે સ્વીકારી લીધું જે ખરેખર પંચયોજન એટલે કે ૨૦ કોસ (૬૦ કિ.મી.) જેટલું છે-

શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે-

એવં તૌ લોકસિદ્ધાભિઃ ક્રીડાભિશ્ચેરતુર્વને ।
નદ્યદ્રિદ્રોણિકુઞ્જેષુ કાનનેષુ સરઃસુ ચ ।।

(ભા.૧૦/૧૮/૧૬)

વૃંદાવન એક એવું વન છે જેની અંદર કેટલાય વનો છે, પર્વતો છે, સરોવરો છે, નદીઓ છે. જુઓ શ્રીમદ્ જીવગોસ્વામીકૃત વૈષ્ણવ તોષિણીમાં-

''શ્રી વૃન્દાવને કાનનેષુ તદન્તર્ગતેષુ કામ્યકવનાદિષુ...''

શ્રી વૃંદાવનમાં કામ્યક વન (કામા) વગેરે અનેક વનો આવે છે.

શ્રી વૃન્દાવન ભૂમૌ

નન્દીશ્વરાષ્ટકૂટવરસાનુધવલગિરિ સુગન્ધિકાદયોબહવોડદ્રયો વર્ત્તન્તે ।

(શ્રીમજ્જીવગોસ્વામી કૃત વૈષ્ણવ તોષિની ટીકા. ભા.૧૦/૨૪/૨૫)

શ્રી વૃંદાવન ભૂમિમાં નંદીશ્વર પર્વત, અષ્ટકૂટ પર્વત (અષ્ટમહાસખીઓના પર્વત), સખિગિરિ પર્વત ઊંચા ગામમાં, સુવર્ણગીરી પર્વત (સુનહરા ગામ) સુદેવીજીનો, રંકુ ગિરિ રાંકોલી ઇન્દુલેખાજીનો, ઇન્દ્રગિરિ ઇન્દ્રોલી ગામ, ધવલગિરી ઘાટામાં, સૌગંધિક પર્વત જ્યાં સોગંદ લીધા હતા શ્રીકૃષ્ણએ અને અન્ય ઘણાંય પર્વતો રોહિતાચલ, કનકાચલ, ગંધમાદન, વિંધ્યાચલ, ત્રિકૂટ, મૈનાક જેવા ઘણાંય પર્વતો છે, તેથી જ તો વૃંદાવનનું સ્વરૂપ ૬૦ કિ.મી.માં છે. ઘણાંય અજ્ઞાનીઓ ગિરિરાજને વૃંદાવનમા ન માનવાની મોટી ભૂલ કરે છે, આવી નવીન કલ્પિત માન્યતાઓનો ત્યાગ કરીને કેટલા શાસ્ત્ર વચનો પર પણ ધ્યાન આપવું જોઈએ-

''અહો વૃન્દાવનં રમ્યં યત્ર ગોવર્દ્ધનો ગિરિ''

(સ્કન્દ પુરાણ)

ધન્ય છે આ રમણીય વૃંદાવન, જ્યાં શ્રી ગિરિરાજ ગોવર્ધન છે, શ્રી હરિવંશ પુરાણમાં પણ આ જ ભગવદ્ વાક્ય છે.

શ્રૂયતે હિ વનં રમ્યં પર્યાપ્તતૃણસંસ્તરમ્ ।
નામ્ના વૃન્દાવનં નામ સ્વાદુવૃક્ષફલોદકમ્ ।।
તત્ર ગોવર્દ્ધનો નામ નાતિદૂરે ગિરિર્મહાન્ ।
ભ્રાજતે દીર્ઘશિખરો નન્દન્સ્યેવ મન્દરઃ ।।
તત્ર ગોવર્દ્ધનં ચૈવ ભંડીરં ચ વનસ્પતિમ્ ।
કાલિન્દીં ચ નદીં રમ્યાં દ્રક્ષ્યાવશ્ચરતઃ સુખમ્ ।।

(હરિવંશ પુરાણ વિષ્ણુ પર્વ ૮/૨૨,૨૫,૨૮)

ભાગવતમાં શ્રી ઠાકુરજીના વત્સપાલથી ગોપાલ બનીને વૃંદાવન પ્રવેશનું વર્ણન મળે છે-

''વૃન્દાવનં પુણ્યમતીવ ચક્રતુઃ''

ગોપાલ લાલે વૃંદાવનમાં પ્રવેશ કર્યો, કેવો હતો? તે ઉપાસનામય હતો. અહીંના કણ-કણ રામ-શ્યામની ઉપાસના કરે છે. ગોપાલજી બોલ્યા- ''દાઉ દાદા! જુઓ તો અહીંની લતાઓ, હરણીઓ, વૃક્ષ સૌ કેટલાં સ્વાગતોત્સુક છે.''

ધન્યેયમદ્ય ધરણી તૃણવીરુધસ્ત્વત્
પાદસ્પૃશો દ્રુમલતાઃ કરજાભિમૃષ્ટાઃ ।
નદ્યોઽદ્રયઃ ખગમૃગાઃ સદયાવલોકૈ
ર્ગોપ્યોઽન્તરેણ ભુજયોરપિ યત્સ્પૃહા શ્રીઃ ।।

(ભા.૧૦/૧૫/૮)

આપની દૃષ્ટિમાત્રથી વૃંદાવનની નદીઓ, પર્વતો, પશુ-પક્ષી સૌ કૃતાર્થ થઈ રહ્યાં છે. શુકદેવજીએ તો સંકીર્ણ વિચારો માટે કોઈ સ્થાન જ નથી છોડ્યું. નદી, વન, ગિરિ, સરોવરોનું વર્ણન કરતાં ત્યાં સુધી કહી દીધું કે ઉપરોક્ત વર્ણન કોઈ અન્ય સ્થાનનું નહીં બલ્કે વૃંદાવનનું અને વૃંદાવનની અંદર શ્રી ગિરિરાજજીનું જ છે.

એવં વૃન્દાવનં શ્રીમત્કૃષ્ણઃ પ્રીતમનાઃ પશૂન્ ।
રેમે સઞ્ચારયન્નદ્રેઃ સરિદ્રોધસ્સુ સાનુગઃ ।।

(ભા.૧૦/૧૫/૯)

આ પ્રકારે પરમ રમણીય વૃંદાવનને જોઈ શ્યામસુંદરને અતિ આનંદ થયો. સખાસમૂહ સહિત શ્રી ગિરિરાજની તળેટીમાં ગોચારણ કરતાં વિભિન્ન ક્રીડાઓ કરવા લાગ્યા. વૃંદાવનના વર્ણનમાં સરિતા શબ્દ આવે તો મન પોતે જ સમજી જાય છે કે તે શ્રી યમુનાજી જ છે. આમ ગિરિ, દ્રોણી અથવા સાનુષી શબ્દ શ્રી ગિરિરાજજીનો જ ઉદ્‌ઘોષ કરે છે. સ્પષ્ટ રૂપે વૃંદાવનમાં ગિરિરાજજીનું નામ લીધું. કેટલાક સંકીર્ણ લોકોએ આચાર્યવાણીને ટૂંકી કરી વૃંદાવનનો માત્ર એક શહેરના રૂપમાં સ્વીકાર કરી લીધો, તેમની દૃષ્ટિમાં શ્રી ગિરિરાજજી, શ્રી બરસાના,શ્રી નંદગ્રામ, શ્રી કામ્યકવન... વગેરે વૃંદાવનમાં નથી તો શું શ્રીમદ્ જીવ ગોસ્વામીજીની વાણી અસત્ય છે?

અથવા

એમ કહેવાય કે ભગવાનની સૃષ્ટિમાં કેટલાક એવા પણ પ્રાણીઓ છે જેમને બપોરના પ્રચંડ સૂર્યના અતિશય જ્વલંત આલોકમાં પણ ચારેકોર અંધારું જ દેખાય છે, આપ સૌ જાણો જ છો કે એવું કયું પ્રાણી હોય છે, તે જણાવવાની જરૂર લાગતી નથી.

શુકદેવજીએ હઠવાદીઓને કેટલીય જગ્યાએ સાવધાન કર્યા છે કે શ્રીવૃંદાવનમાં ગિરિ (ગિરિરાજજી), (નંદીશ્વર), (બ્રહ્માચલ ઘાટી) છે. શ્રી વૃંદાવનમાં નદી (યમુના) છે, શ્રીવૃંદાવનમાં વન (કામ્યક વન) વગેરે છે, શ્રી વૃંદાવનમાં કુંજવનો (ગહવર વન વગેરે) છે-

એવં તૌ લોકસિદ્ધાભિઃ ક્રીડાભિશ્ચેરતુર્વને ।
નદ્યદ્રિદ્રોણિકુઞ્જેષુ કાનનેષુ સરસ્સુ ચ ।।

(ભા.૧૦/૧૮/૧૬)

આમ રામ-કૃષ્ણ શ્રી વૃંદાવનની નદી, પર્વત, ઘાટીઓ, કુંજ, વન અને જળાશયોમાં સામાન્ય બાળકોની સૌ ક્રીડાઓ કરતાં વિચરણ કરવા લાગ્યા.

શ્રીમદ્ ભાગવતના યુગલ ગીતમાં વર્ણન છે-

સહબલઃ સ્રગવતંસવિલાસઃ સાનુષુ ક્ષિતિભૃતો વ્રજદેવ્યઃ ।
હર્ષયન્યહિં વેણુરવેણ જાતહર્ષ ઉપરમ્ભતિ વિશ્વમ્ ।।

(ભા.૧૦/૩૫/૧૨)

હે વ્રજદેવીઓ! કનૈયો કુસુમિત કુંડળ ધારણ કરીને દાઉજીની સાથે (સાનુષુનો અર્થ અહીં આચાર્યોએ ઘણાંય પર્વતો એવો કર્યો છે) ગિરિરાજજીના શિખર પર ચઢીને વાંસળી વગાડે છે.જો રસિક બનીને સંકીર્ણ બનો છો તો જુઓ પૂર્વ રસિકાચાર્યોના ગ્રંથો અને મત-

'રાધા સુધા નિધિકાર' શું કહે છે-

અહો તેમી કુંજાસ્તદનુપમરાસસ્થલમિદં
ગિરિદ્રોણી સૈવ સ્ફૂરતિ રતિરંગે પ્રણયિની ।
ન વીક્ષે શ્રીરાધાં હરહર કુતોપીતિ શતધા
વિદીર્યેન્ત પ્રાણેશ્વરિ મમ કદા હંત હૃદયમ્ ।।

(રા.સુ.નિ.૨૦૯)

ઈહૈવાભૂત્કું જે નવરતિકલામોહનતનો
રહો અત્રૈવાનૃત્યદધિતસહિતા સા રસનિધિઃ ।
ઈતિ સ્મારંસ્મારં તવ ચરિતપીયુષલહરીં
કદા સ્યાં શ્રીરાધે ચકિત ઈહ વૃન્દાવનભુવિ ।।

(રા.સુ.નિ.૨૧૦)

શ્રી ગોવર્દ્ધન એક એવ ભવતા પાણૌ પ્રયત્નાદ્ધૃતઃ
શ્રીરાધાતનુહેમશૈલયુગલે દૃષ્ટોડપિ તે સ્યાદ્ભયમ્ ।
તદ્રોપેન્દ્રકુમાર ! મા કુરુ વૃથા ગર્વ પરીહાસતઃ
કર્હ્યે વં વૃષભાનુનન્દિનિ ! તવ પ્રેયીસમા ભાષયે ।।

(રા.સુ.નિ.૨૨૩)

આ એ જ કુંજો છે, એ જ દિવ્ય રાસ-મંડળ છે, રાધા-માધવના રતિ રંગોને પ્રેમ કરનાર એ જ શ્રી ગોવર્ધન પર્વતની કંદરાઓ છે (ગોવર્ધન વૃંદાવનમાં જ છે) જેમાં યુગલે રાસ-વિલાસ કર્યો. વ્રજ વૃંદાવનનો એક-એક પર્વત યુગલ સરકારની રતિ રંગ લીલાથી ભરપૂર છે અને તેને વૃંદાવનથી અલગ માનવું તે મહા-અપરાધ છે. આચાર્યોએ કહ્યું છે કે વૃંદાવનના આ પર્વતો પર બલરામજી સાથે સખ્ય રસની અને શ્રીજી સાથે શ્રૃંગાર રસ ક્રીડાઓ સંપન્ન થઈ છે.

આચાર્ય શ્રીમિશ્ર રામકૃષ્ણ કૃત પ્રેમમંજરી ટીકામાં જુઓ-

''શ્રી વૃન્દાવન ક્રીડા દ્વિવિધા''

વૃંદાવનની લીલા બે પ્રકારની છે-

''એકા રહોવિહારાત્મિકા દ્વિતીયા ગોપાललीलात्मिका''

શ્રીજી સાથેની રતિરંગલીલા જ **'રહોવિહારત્મિકા'** (શૃંગાર રસ લીલા) છે.

શ્રી દાઉજી સાથે સખ્ય રસની લીલા જ 'ગોપાललीलात्मिका' (સખ્ય રસ લીલા) છે. કૃષ્ણયામલ ગ્રંથમાં પણ ઉલ્લેખ છે-

એકેન વપુષા ગોપપ્રેમબદ્ધો રસામ્બુધિઃ ।
અન્યેન વપુષા વૃન્દાવને ક્રીડતિ રાધયા ।।
ગોપવેષધરો ગોપૈર્ગોપીભીરસવિગ્રહઃ ।
શ્રૃઙ્ગરોચિતવેષાદ્યઃ શ્રીમાન્ ગોપાલનારતઃ ।।
એવં પ્રકાશદ્વૈવિધ્યે સ્થિતે નિત્યવિહારિણામ્ ।।

(કૃષ્ણ યામલ ગ્રંથ)

શ્રી કૃષ્ણની સાથે શ્રીરાધારાણી વૃંદાવનના એક-એક વન, એક-એક ગિરિ, એક-એક કુંજ-નિકુંજ, નિભૃત નિકુંજમાં અંતરંગ રાસ-વિલાસ કરીને પાછા ફરતા. વેણુ ગીતના અક્ષણ્વતાં ફલમિદં (ભા.૧૦/૨૧/૭)

તૃતીય ચરણ વક્ત્રં વ્રજેશસુતયોઃ નો આચાર્યોએ કૃષ્ણ-બલરામ એવો અર્થ નથી કર્યો-

''વ્રજેશો નન્દઃ વ્રજેશો વૃષભાનુ વ્રજેશશ્ચ વ્રજેશાવિત્યેકશેષઃ પુનઃ સુતશ્ચ સુતા ચ સુતૌ પુનઃ ષષ્ઠીતત્પુરુષઃ યથાસંખ્યતયા વ્રજેશસુતયોરતિ કૃષ્ણરાધયોવ્રક''

(શ્રીમજ્જીવ ગોસ્વામી કૃત વૃહત્ક્રમસંદર્ભ ટીકા)

વ્રજેશ શ્રી નંદબાબા પણ છે અને શ્રી વૃષભાનુજી પણ છે તો વ્રજેશ નંદજીના સુત (કૃષ્ણ) અને વ્રજેશ વૃષભાનુજીની સુતા (શ્રીરાધા) **વ્રજેશ સુતયોઃ**- દ્વિવચન હોય તો એક તો શ્યામસુંદર અને બીજો અર્થ અહીં જીવગોસ્વામીજીએ રાધારાણી એવો કર્યો છે. વક્ત્રં એક વચન એટલા માટે કહ્યું કારણકે વિશાખા વગેરે સખીઓને યુગલમાં પણ **'શ્રીરાધાવક્ત્રવિશેષણમ્'** માત્ર પોતાની લાડલી કિશોરીજી જ દેખાઈ રહી છે તો વ્રજના પ્રત્યેક ગિરિ, વન, સરોવર પ્રતિદિન યુગલ સરકારની આંતરિક લીલાનો દર્શનાનંદ પ્રાપ્ત કરે છે. આ અંતરંગ લીલાભૂમિને છોડીને વૃંદાવનને માત્ર એક શહેરરૂપમાં સંકુચિત કરવું શું નાસ્તિકતા નથી? આ સંકીર્ણતાથી ધામના સ્વરૂપનો નાશ થયો, સમાજનો હ્રાસ થયો, ધામની ઉપાસનાનો હ્રાસ થયો. આવા સંકીર્ણતાવાદી લોકો ધામોપાસક તો નથી જ, ધામનાશક જરૂર છે.

સંકીર્ણતાને કારણે થયો વૃંદાવનના પર્વતોનો નાશ

કેટલાય પર્વતોના તો લોકોને નામ પણ ખબર નહીં હોય. પૂજ્ય ગુરૂદેવ ૬૦ વર્ષો પહેલાં જ્યારે વ્રજમાં આવ્યા હતાં તો ખેલન વન (શેરગઢ)માં યમુના કિનારે વજ્રકીલ

પર્વત હતો, ત્યાં વ્યોમાસુરનો પ્રવાસ હતો, એ પર્વતના નામ-રૂપ-આકારને સંકીર્ણતા ખાઈ ગઈ, પરિણામે આજે એ પર્વતનું દર્શન જ નથી.

કુશ વન (કોસી)માં રૈવતક પર્વત હતો, તે પણ સંકીર્ણતાનો ગ્રાસ બની ગયો, આજે એ પર્વતના સ્થાને માત્ર આલીશાન ઈમારતોના જ દર્શન થાય છે. લૈહસરથી ચરણપહાડીની વચ્ચે સ્થિત સંપૂર્ણ પર્વતને જ ભૂ-માફિયાઓએ સમાપ્ત જ કરી દીધો છે. આ જ પ્રકારે સુવર્ણાચલ પર્વતનો પણ ઘણો હિસ્સો સમાપ્ત કરી દીધો, નીલગિરિ, સખિગિરિ- એવા કેટલાય પર્વતોના મહત્તમ ભાગ સમાપ્ત કરી દીધાં, જે અવશિષ્ટ વધ્યાં છે તે પણ 'શ્રીમાન બિહારી'લાલની કૃપાથી. આચાર્યોની વાણી અનુસાર આ સૌ પર્વતો વૃંદાવનમાં છે, વૃંદાવનના જ છે. આચાર્યોના કથનનું પાલન ન કરી તેમને વૃંદાવનથી અલગ માનવાને કારણે જ તેમની સુરક્ષાને ઘેરો આઘાત પહોંચ્યો. 'શ્રીમાન મંદિર સેવા સંસ્થાન' જે પ્રપૂજ્ય ગુરૂદેવ શ્રી શ્રી રમેશબાબાજી મહારાજના સંરક્ષણમાં ચાલી રહ્યું છે, તેના નિર્દેશથી સંસ્થાએ જાનના જોખમે પર્વતોની સુરક્ષાનું બીડું ઉઠાવ્યું. પચાસ વર્ષો સુધી સંઘર્ષ કર્યા બાદ આખરે વિજયી થયા. વૃંદાવન માત્ર પાંચ કોસનું જ છે એ સંકીર્ણ કથને શહેરરૂપ વૃંદાવનને છોડી વૃંદાવનના અન્ય સ્થાનોને અત્યંત ઉપેક્ષિત કરી દીધાં.

શ્રી વ્યાસજીની વાણીમાં વૃન્દાવન

શ્રીવૃન્દાવન મેં મંજુલ મરિવૌ ।
જીવન્મુક્ત સબૈ બ્રજવાસી પદ રજ સૌં હિત કરિવૌ ।।
જહાઁ શ્યામ બછરા હ્વૈ ગાયન ચૌંખિ તૃણનિ કૌ ચરિવૌ ।
હરિ બાલક ગોપિન પય પીવત હરિ આંકો ભરિ ચલિવૌ ।।
સાત રાત દિન ઈન્દ્ર રિસાનોં ગોવર્દ્ધન કર ધરિવૌ ।
પ્રલયમેઘ મઘવાહિ વિમદ કરિ કહિ સબસોં નહિ ડરિવૌ ।।
અઘ બક બકી વિનાશિ રાસ રચિ સુખ સાગર મેં તરિવૌ ।
કુંજભવન રતિ પુંજ ચયન કરિ રાધા કે વશ પરિવૌ ।।
એસે પ્રભુહિ પીઠ દૈ લોભરતિ માયા જીવન જરિવૌ ।
શ્રી ગુરુ સુકલ પ્રતાપ વ્યાસ રસ પ્રેમસિન્ધુ ઉર ભરિવૌ ।।

શ્રી વૃંદાવનમાં જ ગિરિરાજ લીલા થઈ છે, બ્રહ્મ મોહ લીલા થઈ છે, પૂતના, વત્સ, બક, અઘ વગેરેનો ઉદ્ધાર થયો છે, 'ગર્ગસંહિતા'નું પણ આ જ કથન છે. આ વ્રજમહિમા સર્વપ્રથમ ભીષ્મએ પાંડુને સંભળાવી, તે સમયે સનન્દે પણ ત્યાં બેસીને તેનું શ્રવણ કર્યું-

સખી હૌં વૃન્દાવન બસિયે ।
તીન લોક તે ન્યારી મથુરા ઔર ન દૂજી દિસિયે ।
કેશવરાય ગોવર્ધન ગોકુલ પલ-પલ માંહિ પરસિયે ।
નન્દકુમાર મહાવન વિહરત કોટિ રસાયન રસિયે ।
'વ્યાસદાસ' પ્રભુ યુગલ કિશોરી કોટિ કસૌટી કસિયે ।।

અર્થાત્- વ્યાસજીના મતે પણ શ્રી ગોવર્ધન ગિરિરાજ, શ્રી મથુરાજી, શ્રી ગોકુળ સૌ વૃંદાવન અંતર્ગત જ છે-

વૃન્દાવનં ગોવર્ધનં યમુનાપુલિનાનિ ચ ।
વીક્ષ્યાસીદુત્તમા પ્રીતી રામમાધવયોર્નૃપ ।।

(ભા.૧૦/૧૧/૩૬)

નમો વૃન્દાવનાંકાય તુભ્યં ગોલોકમૌલિને ।
પૂર્ણબ્રહ્મતપત્રાય નમો ગોવર્દ્ધનાય ચ ।।

(ગર્ગ.સં.વૃ.ખ.૨/૧૫)

સંનન્દજી કહી રહ્યા છે- ''નન્દજી! આ ગિરિરાજજી વૃંદાવનની ગોદમાં રહે છે. વૃંદાવનના ચિહ્ન સ્વરૂપ છે, ગોલોકના મુકુટ, બ્રહ્મના છત્ર અથવા બ્રહ્મ જેના છત્રવત રક્ષક છે.'' શ્રીજીએ પણ કહ્યું હતું- ''હું એવી ભૂમિ પર નહીં જાઉં જ્યાં વૃંદાવન ન હોય.'' કયું વૃંદાવન?

યત્ર વૃન્દાવનં નાસ્તિ યત્ર નો યમુના નદી ।
યત્ર ગોવર્દ્ધનો નાસ્તિ તત્ર મે ન મનઃ સુખમ્ ।।

(ગ.સં.ગો.ખં.૩/૩૨)

જેમાં ગિરિરાજજી નથી, યમુનાજી નથી તો ગિરિરાજજીથી જ વૃંદાવનની ઓળખાણ છે. વૃંદાવન ઘણું વ્યાપક છે જેના અંક-પર્યંકમાં વિવિધ વનો, સરોવરો, કુંજ, નદીઓ વગેરે છે. ભાગવતમાં જુઓ-

વૃન્દાવનં ગોવર્ધનં યમુનાપુલિનાનિ ચ ।
વીક્ષ્યાસીદુત્તમા પ્રીતી રામમાધવયોર્નૃપ ।।

(ભા.૧૦/૧૧/૩૬)

જે સમયે વ્રજવાસીઓ સહિત રામ-શ્યામે વૃંદાવનમાં પ્રવેશ કર્યો તો મનને અગ્રિમ ચિન્મય લીલાઓ માટે આ જ સ્થાન ઉપયુક્ત લાગ્યું અને આવતાંની સાથે જ અઘનો વધ પણ કરી દીધો.

રાજન્નાજગરં ચર્મ શુષ્કં વૃન્દાવનેઽદ્ભુતમ્ ।
વ્રજૌકસાં બહુતિથં બભૂવાક્રીડગહ્વરમ્ ।।

(ભા.૧૦/૧૨/૩૬)

તેથી જ તો વ્યાસજીએ પણ કહ્યું-

''અઘ બક બકી વિનાશિ રાસ રચિ સુખ સાગર મેં તરિબો''

(વ્યાસ વાણી)

જ્યાં ગિરિરાજજી છે ત્યાં જ વૃંદાવન છે. 'ગર્ગસંહિતા'માં વર્ણન છે કે રાસની વચ્ચે શ્રીકૃષ્ણ અંતર્ધ્યાન થયાં. ગોવર્ધનથી ૩ યોજન (૧૨ કોસ) દૂર છે આદિબદ્રી, ખો.. વગેરે ક્ષેત્રો. તેથી તે સૌ વૃંદાવનના અંતર્ગત જ છે.

ભાગવતજીમાં ઘણાં સ્થળોએ શ્રીકૃષ્ણની સખ્ય લીલાઓનું વર્ણન છે, જેમકે સંતાકુકડીની રમત રમી રહ્યા છે-

કચિદ્ર બિલ્વૈઃ કચિત્ કુમ્ભૈઃ ક ચામલકમુષ્ટિભિઃ ।
અસ્પૃસ્યનેત્રબન્ધાદ્યૈઃ કચિન્મૃગખગેહયા ।।

(ભા.૧૦/૧૮/૧૪)

સંતાકુકડીની રમત ચાલી રહી છે લુકલુક કુંડ 'કામ્ય વન'માં, તો તે પણ વૃંદાવનના અંતર્ગત જ છે. ક્યારેક સેતુબંધની લીલા રમી રહ્યા છે. સેતુબંધ સ્થાન પણ કામ્ય વનમાં છે. આ ત્રેતાકાલીન સેતુ તો છે જ તે સિવાય દ્વાપરમાં પણ અહીં સેતુબંધ લીલા થઈ છે, ભાગવત પણ કહે છે-

એવં વિહારૈઃ કૌમારૈઃ કૌમારં જહતુર્વ્રજે ।
નિલાયનૈઃ સેતુબન્ધૈર્મર્કટાત્પ્લવનાદિભિઃ ।।

(ભા.૧૦/૧૪/૬૧)

દ્વાપરમાં પણ અહીં કામ્ય વનમાં શ્રીકૃષ્ણએ સેતુબંધ ક્રીડા કરી છે. આ બધું જ વૃંદાવનની અંદર આવેલ વનો (કામ્ય વન વગેરે)ની જ લીલા છે-

ગાયન્ત્ય ઉચ્ચૈરમુમેવ સંહતા વિચિક્યુરુન્મત્તકવદ્વનાદ્વનમ્ ।
પપ્રચ્છુરાકાશવદન્તરં બહિર્ભૂતેષુ સન્તં પુરુષં વનસ્પતીન્ ।।

(ભા.૧૦/૩૦/૪)

વૃંદાવનમાં ચાલી રહેલ રાસની વચ્ચેથી જ્યારે શ્રીકૃષ્ણ અંતર્ધ્યાન થયા તો ત્યાં એક વનમાં ગોપીઓએ શોધ્યાં, એવું શુકદેવજીએ નથી કહ્યું 'વનાદ્વનમ્' એટલે કે વન-વનાંતરમાં ગોપાંગનાઓએ શોધખોળ કરી-

વનં વૃન્દાવનં નામ પશવ્યં નવકાનનમ્ ।
ગોપગોપીગવાં સેવ્યં પુણ્યાદ્રિતૃણવીરુધમ્ ।।

(ભા.૧૦/૧૧/૨૮)

વૃંદાવનમાં અનેક નાનાં-નાનાં વનો છે. ત્યાંની ઘાસ, ત્યાંના પર્વતો અને નવી-નવી લીલીછમ વનસ્પતિઓ ગોધન માટે ઘણી હિતકારી છે, ગોપ-ગોપી અને ગાયો માટે તે ઘણું અનુકૂળ સ્થાન છે. કયા વનો છે એ?

શ્રીધર સ્વામીજીની વાણીમાં વૃંદાવન

શ્રીધર સ્વામીજી મહારાજે પણ કહ્યું છે 'ભાવાર્થ દીપિકા'માં-

''नवानि काननान्यवान्तराणि विद्यन्ते यस्मिंस्तत्'' ।

વૃંદાવન એ સમષ્ટિ છે જેમાં અનેક વ્યષ્ટિ વનો છે.

कश्चित्कुरबकाशोक नागपुन्नागचम्पकाः ।
रामानुजो मानिनीनामितो दर्पहरस्मितः ।।

(ભા.૧૦/૩૦/૬)

कश्चित्तुलसि कल्याणि गोविन्दचरणप्रिये ।
सह त्वालिकुलैर्बिभ्रदृष्टस्तेऽतिप्रियोऽच्युतः ।।

(ભા.૧૦/૩૦/૭)

અહીં જે પુષ્પોનાં નામ આપવામાં આવ્યા છે તે એક-એક વનના દ્યોતક છે.

શ્રી પ્રબોધાનંદજીની વાણીમાં વૃંદાવન

શ્રી પ્રબોધાનંદ સરસ્વતીજી મહારાજે 'વૃન્દાવન શતક' ગ્રંથમાં કહ્યું-

जाति-कानन यूथिका वन नवप्रोत्फुल्लमल्लीवनै
र्वासन्ती-नवकेतकीवन-नवश्रीमालतीकाननैः ।
जीवन्तीवनझिण्टिका-नव-लसच्छेफालिका काननैः
रुन्मीलन्नवमालिका-नववनैः सुस्वर्णयूथीवनैः ।।

(શતક ૩/૧૦૧)

વૃંદાવન મહિમામૃતકારે તો પોતાના સત્તર શતકોમાંથી લગભગ દરેક શતકમાં વૃંદાવનની ઓળખ પર્વતો, સરોવરો, નદીઓ, કુંજો, પુષ્કરિણીઓ, વાવો, પુષ્પવાટિકાઓથી દર્શાવી છે-

श्रीमद्वृन्दावनेऽस्मिन् कति कति नु सरः सिन्धु वापी तडागा
राधाकृष्णांगरागाञ्चितमधुरजला दिव्यदिव्या न सन्ति ।
आश्चर्याः केलिसाराः कति कति न मणिस्वर्णभूभृत्किशोराः
प्रोङ्खन्भन्ते न भासः क्षितिषु कति महामोद-मेदस्विनीषु ।।

(શતક ૩/૭૫)

મહામધુર ગુલ્મકદ્રુમલતા-મહામાધુરી
ધુરીણ-ધરણીતલં સુમધુરાલિ પિત્સમ્મૃગમ્ ।
મહામધુરતા ધુરોઽધુરસવઃ સરિદ્ધુધરં
મહામધુરભાવદં મધુરિમૈવ વૃન્દાવનમ્ ।।

(શતક ૫/૩૪)

પ્રેમાનન્દરસાતિવિહ્વલતમે નાનાચમત્કારભૂદ્ર
દિવ્યાનેકમણિસ્થલે બહુલસદ્વલ્લી દ્રુ ગુલ્માદિકે ।
દિવ્યૈ પક્ષિમૃગૈઃ સરોવરસરિચ્છૈલાદિભિશ્ચાદ્ભુતે
શ્રીવૃન્દાવિપિને કદાનુ લલિતૈકાત્મયં કિશોરં ભજે ।।

(શતક ૬/૧૦)

ચિઙ્મયોતિર્મયભૂમિ ચિન્મયલતાવલ્લિદ્રુમં ચિદ્ઘન
સ્ફુર્જત્પક્ષિમૃગં ચિદેકરસવાર્યાપૂર્ણફુલ્લત્સરઃ ।
ચિદ્રૂ પાદ્રિ-નદિ તડાગ-મણિ-ધાત્વમ્ભોધરન્તુસ્ફુર
ન્નાના-મઞ્જુ-નિકુંજ પુંજમિહ ચિદ્ધામૈવ વૃન્દાવનમ્ ।।

(શતક ૬/૨૬)

દિવ્યશ્રીપારિજાતાદ્યતિરુચિરવનૈઃ શોભમાનામનન્તૈ
રશ્રાન્તસ્ત્વં લુ સઞ્ચિન્તય હરિચરણૈકાંતભાવં વહદ્ભિઃ ।
શ્રીમદ્વૃન્દાટવીં તાં સકલસુરગણૈર્વન્દિતામિન્દુકોટિ
જ્યોત્સ્ત્રૈકામ્ભોધિ - મગ્નામુરુભિરુપનિષદ્વૃન્દ વૃત્તાપ્યગમ્યામ્ ।।

(શતક ૬/૯૪)

નીરન્ધ્રં તૃણગુલ્મપાદપ - લતાદ્યાનન્દસઞ્ચિદ્ઘનૈ :
શ્રીરાધારતિકેલિકુંજનિકરૈરાનન્દપુઞ્જૈર્વૃતમ્ ।
દિવ્યાનેકસરઃ સરિદ્ગિરિવરં દિવ્યૈર્વિહંગૈર્મૃગૈ
શ્ચિત્રં મંજુલગઞ્જભૃંગપટલં પશ્યામિ વૃન્દાવનમ્ ।।

(શતક ૮/૯૩)

નાનાવર્ણમણિચ્છટામ્બુધિધનં બલ્લિદ્રુમૈઃ શોભિતં
શાખાપલ્લવપત્રગુચ્છમુકુલૈઃ પુષ્પૈઃ ફલૈશ્ચાદ્ભુતૈઃ ।
નાનારત્નમયૈઃ ખગૈર્મૃગકુલૈઃ કીરૈર્મયૂરઃ પિકૈ
ર્ગુઞ્જદ્ભૃગગણૈઃ સરોવર - સરિચ્છૈલાદિભિશ્ચાદ્ભુતમ્ ।।

(શતક ૯/૪૯)

સન્તાનકલ્પદ્રુપારિજાત મન્દારકાનાં હરિચન્દનસ્ય ।
દિવ્યૈ વનૈશ્ચિન્તય ચારુ વૃન્દાવનં મહાચિદ્રસચન્દ્રિકૌધમ્ ।।

(શતક ૧૪/૧૧)

જયતિ જયતિ વૃન્દારણ્યમાનન્દ સિન્ધો
રનુપમમિવ સારં શારદાકોટ્યકથ્યૈઃ ।
ખગ મૃગ તરુ વલ્લીકુઞ્જ વાપીતડાગ
સ્થલગિરિ હ્રદિનીનામદ્ભુતૈઃ સૌભગાદ્યૈઃ ।।

(શતક ૧૭/૬)

શાખીન્દ્રૈઃ કોટિકલ્પલ્પદ્રુમ પરમમહાવૈભવૈઃ સાત્વત
શ્રુત્યુદ્ગ ાનોન્મત્ત કીર પ્રમુખ ખગકુલૈઃ કૃષ્ણરંગૈઃ કુરંગૈઃ ।
દિવ્યૈર્વાપી તડાગૈરમૃતમય સરઃ સત્સરિદ્રત્નશૈલૈઃ
કુઞ્જૈરાનન્દપુઞ્જૈરિવ કલય મહામઞ્જુ વૃન્દાવનં ભોઃ ।।

(શતક ૧/૪૫)

પ્રોદઞ્ચત્ પિકપઞ્ચમં પ્રવિલસદ્ વંશીસુસંગીરકં
શાખાખંડ શિખંડિ તાંડવકલં પ્રોલ્લાસિવલ્લીદ્રુમમ્ ।
ભ્રાજન્મઞ્જુ નિકુઞ્જુકં ખગકુલૈશ્ચિત્રં વિચિત્રં મૃગૈ
ર્નાનાદિવ્યસરઃ સરદ્રિ ગિરિવરં ધ્યાયામિ વૃન્દાવનમ્ ।।

(શતક ૧/૭)

વાપીકૂતપડાગ કોટિભિરહો દિવ્યામૃતાભિર્યુતં
દિવ્યાદ્યત્ફલ-પુષ્પવાટિકમનન્તાશ્ચર્યવલ્લીદ્રુમમ્ ।
દિવ્યાનન્તપતન્ મૃગં વનભુવાં શોભાભિરત્યદ્ભુતં
દિવ્યાનેક નિકુઞ્જમઞ્જુલતરં ધ્યાયામિ વૃન્દાવનમ્ ।।

(શતક ૧/૧૮)

પ્રથમ શતકનો આ ૧૮મો શ્લોક ઘણો વિલક્ષણ છે, તેમાં ગ્રંથકાર કહે છે કે શ્રી વૃંદાવન એ કોટિ-કોટિ સરોવરો, કૂપો, તળાવો અને પુષ્પવાટિકાઓનો જ સમૂહ છે. વૃંદાવન શહેર માત્રની સ્વીકૃતિથી આટલા સરોવર ક્યાં દર્શાવશો? એટલા વનો ક્યાંથી બતાવશો. શ્રીજીના કરથી નિર્મિત ગહવર વગેરે વાટિકા-

''નિત્યકેલિ વિલાસેન નિર્મિતં રાધયા સ્વયમ્''

જે સ્વયં શ્રીજીએ પોતાના હાથોથી બનાવી, તે સૌનો સ્વીકાર ન કરવામાં આવે તો વૃંદાવનનું સ્વરૂપ શું માત્ર ઈમારતો, આલીશાન કોઠીઓથી જ માની લેવાશે?

આટલા પર્વત, આટલા સરોવર, આટલી કુંજો માત્ર પાંચ કોસની સંકુચિત ભૂમિમાં કઈ રીતે સંભવ છે? તેથી આ સૌનું સમાયોજન શાસ્ત્રીય મત પંચ યોજનાત્મક વૃંદાવન જ કરશે સંકીર્ણ વિચાર નહીં. આ જ રસિકાચાર્યોની માન્યતા છે, ભાગવતજી તેમજ અન્ય શાસ્ત્રોનો પણ આ જ મત છે અને તે જ સંપૂર્ણ સત્ય છે. બાકી બધું સૌ કપોળ કલ્પના અને હઠવાદિતા છે.

કેવી વિડંબણા છે! સંકીર્ણ માનસિકતા આચાર્ય વાણી પર આક્ષેપ કરવા લાગી છે.

પ્રાચીન રસિકોમાં પરસ્પર કેટલો પ્રેમ હતો, તેનો આનાથી ખ્યાલ આવે છે જેમકે શ્રી વ્યાસજી મહારાજે શ્રી પ્રબોધાનંદ વિશે સ્વયં ગાયું-

''શ્રી પ્રબોધાનંદ સે કવિ થોરે''

શ્રી પ્રબોધાનંદજીએ રાધાવલ્લભ લાલનું યશગાન કર્યું.

''જિન રાધાવલ્લભં કી લીલા રસ મેં સબ ધોરે''

એક જ સિદ્ધાંત, એક જ ભજન પરિપાટી આ એકમતથી જ પ્રેમ પ્રકટ થયો, પ્રસારિત થયો પરંતુ અણસમજુઓએ ભગવદ વિગ્રહોમાં જ ભેદ ઉભો કરી દીધો, આચાર્યોની વાણીમાં જ ભેદ પેદા કરી દીધો, કેવી વિડંબણા છે.

શ્રી હિતાચાર્યજીની વાણીમાં વૃન્દાવન

''દેખ સખી રાધા પિય કેલિ ।
યે દોઉ ખોર ખિરક ગિરિ ગહવર વિહરત કુમર કંઠ ભુજ મેલિ ।।''

શ્રી હરિદાસજીની વાણીમાં વૃંદાવન

''હમારો દાન મારયો ઈન ।
રાત બિરાત કાહૂ કી બેટી ।।''

(કેલિમાલ,૬૨)

દિવ્યાતિદિવ્ય શ્રી વૃન્દાવન

તદનંતર બ્રહ્મમોહ પણ વૃંદાવનમાં થયો.

સપદ્યેવાભિતઃ પશ્યન્ દિશોડપશ્યત્ પુરઃસ્થિતમ્ ।
વૃન્દાવનં જનાજીવ્યદ્રુમાકીર્ણં સમાપ્રિયમ્ ।।

(ભા.૧૦/૧૩/૫૯)

વિધિના વ્યામોહને ભંગ કરવા માટે દિવ્ય વૃંદાવનનું દર્શન કરાવ્યું જેમાં હરિ ઐશ્વયનું ધ્યાન ધરી કરીને ક્રીડા કરી રહ્યા હતા. જેવું ઐશ્વર્ય પ્રકટ થયું-

ઈતીરેશેડતર્કયે નિજમહિમનિ સ્વપ્નમિતિકે
પરત્રાજાતોડતન્નિરસનમુખબ્રહ્મકમિતૌ ।
અનીશેડપિ દ્રષ્ટું કિમિદમિતિ વા મુહ્યતિ સતિ
ચચ્છાદાજો જ્ઞાત્વા સપદિ પરમોડજાજવનિકામ્ ।।

(ભા.૧૦/૧૩/૫૭)

વિધિ તો મૃતપ્રાય થઈ ગયા

ततोऽर्वाक् प्रतिलब्धाक्षः कः परेतवदुत्थितः ।
कृच्छादुन्मील्य वै दृष्टीराचष्टेदं सहात्मना ।।

(ભા.૧૦/૧૩/૫૮)

મહામુશ્કેલીથી જીવંત થયા, નેત્રો ખોલી શક્યા પછી દિવ્યાતિદિવ્ય વૃંદાવનનું દર્શન થયું. કેવું છે આ વૃંદાવન?

श्रीशुक उवाच
एवं वृन्दावनं श्रीमत् कृष्णः प्रीतमना पशून् ।
रेमे सञ्चारयन्नद्रेः सरिद्रोधस्सु सानुगः ।।

(ભા.૧૦/૧૫/૯)

આ વૃંદાવનમાં લીલાવિહારીની લલિત લીલાઓ પ્રકાશી રહી છે.

धन्येयमद्य धरणी तृणवीरुधस्त्वत्
पादस्पृशो द्रुमलताः करजाभिमृष्टाः ।
नद्योऽद्रयः खगमृगाः सदयावलोकै -
र्गोप्योऽन्तरेण भुजयोरपि यत्स्पृहा श्रीः ।।

(ભા.૧૦/૧૫/૮)

આ દિવ્ય વૃંદાવનમાં ઘણાંય પર્વતો છે. સંકીર્ણ મતાવલંબીઓ! તમે એક સીમિત સ્થાનમાં ઘણાંય પર્વતોને કઈ રીતે સિદ્ધ કરશો? સિદ્ધિ માટે જીવ ગોસ્વામીજી વગેરેનો મત સ્વીકારવો જ પડશે. વૃંદાવનને વ્યાપક માનવું જ પડશે.

स च वृन्दावनगुणैर्वसन्त ईव लक्षितः ।
यत्रास्ते भगवान् साक्षाद्रामेण सह केशवः ।।

(ભા.૧૦/૧૮/૩)

શુકદેવજી કહે છે- ''આ વૃંદાવન (નંદગ્રામ, ગોકુળ)માં શ્રીકૃષ્ણ રહ્યા, સમસ્ત ગોપક્રીડાઓ કરી, હવે જુઓ, શ્રીકૃષ્ણ અહીં નૃત્ય કરી રહ્યાં છે''.

गोपजातिप्रतिच्छन्नौ देवौ गोपालरूपिणः ।
ईडिरे कृष्णरामौ च नटौ ईव नटं नृप ।।

(ભા.૧૦/૧૮/૧૧)

કૃષ્ણની કૃપાના અધિકારી એવા દેવગણો ગોવાળનો વેષ ધરીને આવે છે, રામ-શ્યામનું પૂજન કરે છે.

सोऽम्भस्यलं युवतिभिः परिषिच्यमानः प्रेम्णेक्षितः प्रहसतीभिरितस्ततोऽङ्ग ।
वैमानिकैः कुसुमवर्षिभिरीड्यमानो रेमे स्वयं स्वरतिरत्र गजेन्द्रलीलः ।।

(ભા.૧૦/૩૩/૨૪)

રાસલીલા કાળમાં પણ આ દેવવૃંદ આવ્યું છે અને અવિરત પુષ્પવર્ષા કરી છે.

દેવોના આગમનનું વર્ણન તો ઠેકઠેકાણે મળે છે.

વ્યોમયાનવનિતાઃ સહ સિદ્ધૈર્વિસ્મિતાસ્તદુપધાર્ય સલઙ્કાઃ ।
કામમાર્ગણસમર્પિતચિત્તાઃ કશ્મલં યયુરપસ્મૃતનીવ્યઃ ।।

(ભા.૧૦/૩૫/૩)

સવનશસ્તદુપધાર્ય સુરેશાઃ શક્રશર્વપરમેષ્ઠિપુરોગાઃ ।
કવય આનતકન્ધરચિત્તાઃ કશ્મલં યયુરનિશ્ચિતતત્ત્વાઃ ।।

(ભા.૧૦/૩૫/૧૫)

યુગલ ગીતમાં પણ ચર્ચા પ્રાપ્ત થાય છે, દેવોની ત્રણ ટોળીઓ આવી છે.

આચાર્ય વાણી-

શક્રપુરોગાસ્તત્સહિતલોકપાલાદયો દેવજાતયઃ શર્વપુરોગાસ્તત્સહિત-
દેવીસ્કન્દગણેશાદયસ્તદ્ગણાઃ
પરમેષ્ઠિપુરોગાસ્તત્સહિતચતુઃ સનનારદસપ્તર્ષિપ્રજાપતિગણાદય : ।

પરમેષ્ઠી ટોળી- સનકાદિક, નારદજી, સપ્તર્ષિ, પ્રજાપતિ ગણો વગેરે.

શક્ર ટોળી- અન્ય દેવો અને લોકપાલ વગેરે.

શર્વ ટોળી- પાર્વતીજી, કાર્તિકેયજી, ગણેશ તથા અન્ય ગણો વગેરે.

વૃન્દાવનં સખિ ભુવો વિતનોતિ કીર્તિં યદ્ દેવકીસુતપદામ્બુજલબ્ધલક્ષ્મિ ।
ગોવિન્દવેણુમનુ મત્તમયૂરનૃત્યં પ્રેક્ષ્યાદ્રિસાન્વપરતાન્યસમસ્તસત્ત્વમ્ ।।

(ભા.૧૦/૨૧/૧૦)

કૃષ્ણં નિરીક્ષ્ય વનિતોત્સવરૂપશીલં શ્રુત્વા ચ તત્ક્વણિતવેણુવિવિક્તગીતમ્ ।
દેવ્યો વિમાનગતયઃ સ્મરનુન્નસારા ભ્રશ્યત્પ્રસૂનકબરા મુમુહુર્વિનીવ્યઃ ।।

(ભા.૧૦/૨૧/૧૨)

વેણુ ગીતમાં પણ ચર્ચા છે-

આ જ વૃંદાવનમાં શ્રીકૃષ્ણએ આંખમિચોલીની રમત રમી જેમાં કામ્યવનમાં લુકલુક કુંડનો ઉલ્લેખ આવે છે. ક્યારેક રાજાનો વેશ ધરવાની ક્રીડા કરે છે, ક્યાંક ઝૂલા ગીત- તો આ બધી લીલાઓ ક્યાં થઈ છે ?

અગાધતોયહ્રદિનીતટોર્મિભિર્દ્રવત્પુરીષ્યાઃ પુલિનૈઃ સમન્ततः ।
ન યત્ર ચંડાશુકરા વિષોલ્બણા ભુવો રસં શાદ્વલિતં ચ ગૂહતે ।।

(ભા.૧૦/૧૮/૬)

કુંજોમાં, કાનનોમાં, નદી તટે, ગિરિ શિખરો પર. જો વૃંદાવનથી વિસ્તૃત વ્રજની કલ્પના ન કરો તો આ બધી લીલાસ્થળીઓને ક્યાં દર્શાવશો? શ્રીકૃષ્ણે સ્વયં કહ્યું-

ન નઃ પુરો જનપદા ન ગ્રામા ન ગૃહા વયમ્ ।
નિત્યં વનૌકસસ્તાત વનશૈલનિવાસિનઃ ।।

(ભા.૧૦/૨૪/૨૪)

બાબા! અમારી પાસે ન ગ્રામ છે ન જનપદ. અમે તો વનો અને પર્વતોના નિવાસી છીએ. સીમિત વૃંદાવનમાં ક્યાં છે પર્વત? ક્યાં છે એ અનેક વનો જેમાં સખ્ય, શ્રૃંગારાદિ લીલાઓ થઈ?

સુદૃઢ ભવમાં ફસાયેલ સંકીર્ણ બુદ્ધિ

આજે સુદૃઢ ભવમાં ફસાયેલ સંકીર્ણ બુદ્ધિએ રસિક મહાપુરૂષોની વાણી પર ધ્યાન આપવાનું છોડી દીધું છે.

પૂજ્ય બાબા મહારાજ શરૂઆતમાં જ્યારે વ્રજમાં નવા-નવા આવ્યા હતા ત્યારે તેમના પૂજ્ય ગુરૂદેવ બાબા શ્રીશ્રી પ્રિયાશરણજી મહારાજે કહ્યું-

'ત્રણ પ્રકારના ભવ હોય છે-

૧. ભવ- ગૃહત્યાગ કરીને સાધુ બની ગયા તો ભવથી મુક્ત થઈ ગયા.

૨. દૃઢ ભવ- દેહાભિમાનનો ત્યાગ, કામાદિ વિકારોથી મુક્તિ એ દૃઢ ભવથી મુક્તિ છે.

૩. સુદૃઢ ભવ- રાગ-દ્વેષ અને સાંપ્રદાયિક સંકીર્ણતાથી મુક્ત થવું એ જ સુદૃઢ ભવથી મુક્ત થવું છે.

મુક્ત થવાની વાત તો દૂર રહી, આ વિવાદ એટલો વધી જાય છે કે સંકીર્ણ બુદ્ધિ આચાર્યો પર પણ આક્ષેપ કરવા માંડે છે. આજે અનન્યતાની આડમાં માત્ર આલોચના-પ્રતિઆલોચના, પરસ્પર સાંપ્રદાયિક દ્વેષનું જ નર્તન-દર્શન થઈ રહ્યું છે. તેથી જ પ્રાચીન મહાપુરૂષોએ ધુંધવાઈને અપશબ્દો (ગાળો)નો પ્રયોગ સંકીર્ણ બુદ્ધિ પ્રત્યે કર્યો છે-

જગત મેં પૈસન હી કી માંડ ।
પૈસન બિના ગુરુ કો ચેલા ખસમૈં છૌડે રાંડ ।।

ધીરજ ધર્મ વિવેક સૌચતા દઈ પંડિતન છાંડ ।।
સંત મહંત ગામ કે આમિલ કરત પ્રજા કો દાંડ ।
'ભગવત રસિક' સંગ બિન સબકી કીન્હીં કલિજુગ ભાંડ ।।

(ભગવત રસિકજી)

કળિયુગનો પ્રભાવ

કળિયુગના પ્રભાવથી આજે ધામનું સ્વરૂપ વિકૃત દેખાઈ રહ્યું છે જેમકે મહાપુરૂષોએ કહ્યું હતું-

જેતે હરિ કે ધામ કામ ક્રોધ ક્રીડા કરેં ।
ભગવત યા કલિકાલ મેં કહો જીવ કૈસે તરેં ।।

ભાગવત માહત્મ્યમાં પણ કહ્યું છે-

અત્યુગ્રભૂરિકર્માણો નાસ્તિકા રૌરવા જનાઃ ।
તેઽપિ તિષ્ઠન્તિ તીર્થેષુ તીર્થસારસ્તતો ગતઃ ।।

(ભા.મા.૧/૭૨)

તીર્થોમાં એવા અતિ ઉગ્ર અને ખરાબ કર્મો કરનારાઓનો નિવાસ છે કે તેમને જોવાં કે તેમની સાથે બોલવું પણ ભયકારક છે-

સદ્યોગીન્દ્રસુદૃશ્યસાન્દ્રરસદાનન્દૈકસન્મૂર્તય :
સર્વેપ્યદ્ભુતસન્મહિમ્નિ મધુરે વૃન્દાવને સંગતા ।
યે ક્રૂરા અપિ પાપિનો ન ચ સતાં સમ્ભાષ્યદ્રશ્યાશ્ચ યે
સર્વાન્વસ્તુતયા નિરીક્ષ્ય પરમ સ્વારાધ્યબુદ્ધિર્મમ ।।

(રા.સુ.નિ.૨૬૪)

ધન ધન વૃન્દાવન કે બામન ।
'અભયરામ' યે હૂ બડભાગી બામન હૈ કિ રાવન ।।

પ્રાચીન સંતોનું એવું કથન છે કે વ્રજમાં વ્રજવાસી, વ્રજ હાંસી, વ્રજનાશી અને વ્રજ ફાંસી આ ચાર પ્રકારના વ્રજના લોકો પહેલાં પણ હતાં અને આજે પણ છે. દ્વાપરમાં વ્રજ હાંસી, વ્રજનાશી, વ્રજ ફાંસી તો કંસ, પૂતના, અઘ, બક, વત્સ, પ્રલંબ, ધેનુકાદિક અસુરો હતા અને વર્તમાનમાં જે તેમના અનુગામીઓ છે તે વ્રજનાશી, વ્રજ હાંસી અને વ્રજ ફાંસી છે. સાચાં વ્રજવાસીઓ તો કંઈક ઓર જ છે.

આવી સ્થિતિમાં ધામોપાસક ધામમાં રહીને પોતાની સાધના કઈ રીતે કરે જ્યારે વર્તમાન કાળમાં જ નહીં પ્રહલાદજીના સમયમાં પણ ધર્મ પોતાના સૌ અંગો સહિત વ્યાપાર બની ગયો હતો-

મૌનવ્રતશ્રુતતપોઽધ્યયનસ્વધર્મ વ્યાખ્યારહોજપસમાધય આપવર્ગ્યાઃ ।
પ્રાયઃ પરં પુરુષ તે ત્વજિતેન્દ્રિયાણાંવાર્તા ભવન્ત્યુત ન વાત્ર તુ દામ્ભિકાનામ્ ।।

(ભા.૭/૯/૪૬)

વર્તમાનમાં પણ સર્વત્ર ધનની જ મહત્તા દૃષ્ટિગોચર થાય છે તેથી વ્યાસજીએ કહ્યું કે આવી રીતે વૃંદાવનમાં રહેવાથી શો લાભ-

કહા ભયો વૃન્દાવનહિ બસૈ ।
જૌલગિ વ્યાપતમાયા તૌ લગિ કહ ઘરતેં નિકસૈ ।।
ધન મેવા કૌ મંદિર સેવત કરત કોઠરી વિષૈ રસૈ ।
કોટિ કોટિ દંડવત કરૈ કહ ભૂમિ લિલાટ ઘસૈ ।।
મુઁહ મીઠે, મન સીઠે કપટી વચન રચન નૈનનિ વિહસૈ ।
મંત્ર ઠગોરી કબહુઁ ન તંત્ર ગદ માનત વિષય ડસૈ ।।
કઞ્ચન હાથ ન છુવત કમંડલ મૈ મિલાય વિલસૈ ।
'વ્યાસ' લોભ રતિ હરિ હરિદાસનિ પરમારથહિ ખસૈ ।।

ધનનો ધર્મ પર પ્રભાવ

ભાગવતનો પ્રથમ સિદ્ધાંત છે-

ધર્મસ્ય હ્યાપવર્ગ્યસ્ય નાર્થોઽર્થાયોપકલ્પતે ।
નાર્થસ્ય ધર્મૈકાન્તસ્ય કામો લાભાય હિ સ્મૃતઃ ।।

(ભા.૧/૨/૯)

ધર્મનું લક્ષ્ય ધન નથી, માત્ર ધનને જ લક્ષ્ય માનીને ચાલનાર ન વક્તા છે, ન શ્રોતા છે. ભાગવત કથન અને શ્રવણની શરત છે-

કૃષ્ણાર્થીતિ ધનાર્થીતિ શ્રોતા વક્તા દ્વિધા મતઃ ।
યથા વક્તા તથા શ્રોતા તત્ર સૌખ્યં વિવર્ધતે ।।

(સ્ક.પુ.ભા.મા.૪/૩૯)

વક્તા પણ કૃષ્ણાર્થી હોય અને શ્રોતા પણ કૃષ્ણાર્થી હોય ત્યારે જ ભાગવત રસ પ્રવાહિત થશે. આજે રસના સ્થાને સાંપ્રદાયિક સંકીર્ણતા ખાસ કરીને અશેષ-વિશેષ રસનિધિમાં વિષનું મિશ્રણ કરી રહી છે. જે વિષમ ગતિથી પ્રતિસ્પર્ધા, દ્વંદ્વ અને પોતાને શ્રેષ્ઠ રસિક જન સિદ્ધ કરવા માટે તમામ કુરીતિઓનો આશ્રય લેવાઈ રહ્યો છે તેનાથી સ્થિતિ એવી થઈ ગઈ છે કે-

વ્યાસજીનું પદ છે-

કહત સુનત બહુતૈ દિન બીતે ભગતિ ન મન મેં આઈ ।
શ્યામ કૃપા બિનુ સાધુ સંગ બિનુ કહિ કૌને રતિ પાઈ ।।
અપને-અપને મત મદ ભૂલે કરત આપની ભાઈ ।
કહ્યૌ હમારૌ બહુત કરત હૈં બહુતન મેં પ્રભુતાઈ ।।
મૈં સમઝી સબ કાહૂ ન સમઝી મૈં સબ હિત સમઝાઈ ।
ભોરે ભગત હતે સબ તબકે હમરે બહુ ચતુરાઈ ।।
હમહી અતિ પરિપક્વ ભયે ઔરનિ કે સબૈ કચાઈ ।
કહનિ સુહેલી રહનિ દુહેલિ બાતનિ બહુત બડાઈ ।।

હરિ મંદિર માલા ધરિ ગુરુ કરિ જીવન કે સુખદાઈ ।
દયા દીનતા દાસ ભાવ બિનુ મિલૈં ન 'વ્યાસ' કન્હાઈ ।।

આ જ દુર્દશા સર્વત્ર જોવા મળી રહી છે-

શ્રી સૂરદાસજીએ પણ કહ્યું-

''કિતે દિન હરિ-સુમિરન બિન ખોએ ।
તિલક લગાય ચલે સ્વામી હૈ વિષયિનિ કે મુખ જોએ ।।''

ગોસ્વામી શ્રી તુલસીદાસજી મહારાજે કહ્યું-

''તુલસી દેખ સુબેષુ ભૂલહિ મૂઢ ન ચતુર નર''

(રા.બા.કા.૧૬૧ખ)

સ્વામી શ્રી હરિદાસજીએ સાવધાન કરતાં કહ્યું છે-

લોગ તૌં ભૂલૈં ભલેં તુમ જિનિ ભૂલૌ માલાધારી ।
અપનોં પતિ છાંડિ ઔરનિ સોં રતિ જ્યૌં દારનિ મેં દારી ।।
સ્યામ કહત તે જીવ મોતે બિમુખ ભયે સોઉ કૌન જિન દૂસરી કરિ ડારી ।
કહિ (શ્રી) 'હરિદાસ' જગ્ય દેવતા પિતરનિ કોં સ્રદ્ધા ભારી ।।

શ્રી કબીરદાસજી મહારાજે તો પોતાના પ્રત્યેક પદમાં 'કહત કબીર સુનો ભઈ સાધો' નું જ સંબોધન રાખ્યું.

કળિયુગના આધુનિક રસ

શ્રેષ્ઠ રસિક બનવાની હોડ મચી છે વૃંદાવનમાં. તેથી જ વ્યાસજીએ લખ્યું-

'ભોરે રસિક હુતે પહલે કે, હમરે અધિકચતુરાઈ.'' પૂર્વ રસિકાચાર્યોને ભોળા દર્શાવે છે અને સ્વયંને ચતુર અને તેની સિદ્ધિમાં વ્રજ લીલા, નિકુંજલીલામાં જે જેટલી ઊંચી દિવાલ ચણે છે તે તેટલો જ મોટો રસિક મનાય છે. કેટલા આશ્ચર્યની વાત છે કે રસિકોની વાણી પર પણ આક્ષેપ કરવા માંડ્યા.

મત્કંઠે કિં નખરશિખયા દૈત્યરાજોસ્મિ નાહં
મૈવં પીડાં કુરુ કુચતટે પૂતના નાહમસ્મિ ।
ઈત્થં કીરૈરનુકૃતવચઃ પ્રેયસા સંગતાયાઃ
પ્રાતઃ શ્રોષ્યે તવ સખિ કદા કેલિકુંજે મૃજંતી ।।

(રા.સુ.નિ.૧૬૩)

અહીં ગ્રંથકારે પૂતના લીલા, તૃણાવર્ત લીલાનો સ્વીકાર કર્યો છે અને શ્રીજી કહી પણ રહી છે છતાં લોકોની હઠધર્મિતા જળવાઈ રહી છે.

સ્વામી શ્રીહરિદાસજીએ સ્પષ્ટ રીતે સાંકરી ખોર, ગહવર વન, બરસાનાની લીલા ગાઈ છે-

હમારો દાન મારયો ઈન અથવા પ્યારી જૂ આગે ચલ ગહવરવન ભીતર જહાં બોલે કોઈલ રી

શ્રી હિતાચાર્યજીએ પણ ગાયું- **''ચલો વૃષભાનુ ગોપ કે દ્વાર'' ''યે દોઉ ખોર ખિરક ગિરિ ગહવર વિહરત કુંવરિ કંઠ ભુજ મેલિ''**

પોતાને શ્રેષ્ઠ રસિક માનનાર માટે આચાર્યોના આ કથનનું કોઈ મહત્વ નથી રહ્યું.

શ્રી ગોવર્દ્ધન એક એવ ભવતા પાણૌ પ્રયત્નાદ્ધૃતઃ
રાધાવર્ષ્મણિ હેમશૈલયુગલે દૃષ્ટેઽપિ તે સ્યાદ્ભયમ્ ।
તદ્રોપેન્દ્રકુમાર મા કુરુ વૃથા ગર્વં પરીહાસતઃ
કર્હ્યેવં વૃષભાનુનન્દિની તવ પ્રેયાંસમાભાષયે ।।

(રા.સુ.નિ.૨૨૩)

હિતાચાર્યજીએ ગિરિરાજ લીલા ગાઈ, સ્ફુટ વાણીમાં પણ પ્રાપ્ત થાય છે-

''લાલ કી છવિ દેખ સખી...''

સંકીર્ણ લોકોએ ધામ ભગવાનના હાથ-પગ અલગ કરી દીધાં, ધામ ભગવાનનું સ્વરૂપ જ બગાડી નાખ્યું. ધામ ભગવાનના એક-એક અંગ સંસ્થાનનું વર્ણન છે 'બ્રજભક્તિ વિલાસ'માં, તેને ન માનવું એટલે પ્રભુના અંગને છિન્ન-ભિન્ન કરવું જ કહેવાય. આ જ ઉપેક્ષાને કારણે વ્રજના કેટલાય પર્વતો નષ્ટ થઈ ગયા.

બરસાના એ વૃંદાવનથી અલગ નથી

બરસાના અલગ છે, વૃંદાવન અલગ છે, આ 'નિકુંજ લીલા' વાળાનું છે, આ 'ભવન દ્વાર લીલા' વાળાનું છે. 'નિગમ કલ્પતરોર્ગલિતં' રસમય ફળ શ્રીમદ્ ભાગવતમાં વર્ણિત ભાગવત ધર્મથી વિરુદ્ધ જેમના વિચારો છે, તેમના માટે વિભિન્ન નિષ્ઠાઓ અંતર્ગત રસવૈચિત્રીનું સ્વરૂપ કે રસોપાસના તો ઘણી દૂરની વસ્તુ છે, રસના શાબ્દિક અર્થનું પણ જેમને જ્ઞાન નથી, તેઓ કૂપમંડૂકની જેમ પોતાની નિરાધાર ધારણાઓમાં સંકોચાઈને ઉપાસનાના કોઈ એક અંશરૂપી ચોખાના દાણાને લઈ પોતાને ધન્નાશેઠ પણ માની શકે છે, ખરેખર તો જેમનામાં રસ લેશમાત્ર પણ નથી, તેમના મગજમાં સંકીર્ણ વિચારોનો ઉપદ્રવ થવો તે સ્વાભાવિક જ છે.

સૌ વ્રજપ્રેમીઓને વિનંતી છે કે આવા હિતશત્રુઓથી સાવધાન રહેવું જેઓ ધામ ભગવાનને જ ખંડિત કરવામાં લાગેલા છે, તેમની પાસે ન ઉપાસનાનો કોઈ આધાર છે, ન તેમનો કોઈ શાસ્ત્ર સંમત સિદ્ધાંત, ન શાસ્ત્રીય વચનોનું અનુપાલન છે. હા, તેઓ એક કાર્ય અવશ્ય કરે છે, જે તેમની આજીવિકાનું સાધન છે- અનન્યતાની આડમાં તે દરેક પ્રકારના દાવપેચ લડાવીને ધામ-સ્વરૂપનું ખંડન કરશે, પોતાના જેવા લોકોની ભીડ વધારવી, સીધી-સાદી જનતાને ભ્રમિત કરવી બસ આ જ તેમનું કાર્ય છે.

સાધુતાનું વાસ્તવિક સ્વરૂપ

પ્રશ્ન એ છે કે વર્તમાન સ્થિતિને જોતાં ધામમાં રહીને ઉપાસના કેવી રીતે થાય અને સાધુતાનું વાસ્તવિક સ્વરૂપ શું છે?

રાધા સુધા નિધિકાર અને રસકુલ્યાકારે આનો સુંદર જવાબ આપ્યો છે.

યે ક્રૂરા અપિ પાપિનો ન ચ સતાં સમ્ભાષ્યદૃશ્યાશ્ચ યે ।
સર્વાન્ વસ્તુતયા નિરીક્ષ્ય પરમસ્વારાધ્યબુદ્ધિર્મમ ।।

(રા.સુ.નિ. ૨૬૪)

જે અત્યંત ક્રૂર છે, પાપી છે, અસંભાષ્ય છે, અસંદૃશ્ય છે (જોવા કે વાત કરવા યોગ્ય પણ નથી) આવા લોકોમાં પણ પરમ સ્વારાધ્ય બુદ્ધિ ધારણ કરીને વ્રજમાં ઉપાસના કરવી પડશે. વ્રજનો કણ-કણ રાધા-કૃષ્ણમય, આપણો ઇષ્ટ છે. રસકુલ્યાકારનું કથન છે કે 'સ્થાપના બળ'ની શ્રદ્ધા રાખવી પડશે. ધૈર્યથી જ વ્રજ-ઉપાસના થશે, શ્રીમદ્ ગીતાજીમાં ભગવાને પણ આમ જ કહ્યું છે-

યં હિ ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ ।
સમદુઃખસુખં ધીરં સોઽમૃતત્વાય કલ્પતે ।।

(ગીતા ૨/૧૫)

દરેક સ્થિતિમાં જે સમાન છે તે જ ધીર છે, કાલિદાસજીનું પણ આ જ કથન છે-

''વિકાર હેતૌ સતિ વિક્રિયન્તે । યેષાં ન ચેતાંસિ તયેવ ધીરઃ''

વિકારનો હેતુ સોમ હોવા છતાં વિકાર ઉત્પન્ન ન થાય, તે જ સાચો ધીર છે.
બસ આ જ ધૈર્યથી ધામોપાસના અને અંતિમ લક્ષ્ય 'કૃષ્ણ'ને પ્રાપ્ત કરી શકાય છે.

અધ્યાય-૭૫

વ્રજરક્ષા અને ગૌ રક્ષાથી થશે દેશ અને વિશ્વની રક્ષા

ગોચર (ગો ખિરક)ને જ વ્રજ કહેવામાં આવ્યું. વ્રજનું એક નામ ગોકુળ પણ છે. આ ગોકુળે જ કનૈયાને ગોપાલ બનાવ્યો, ગોવિંદ બનાવ્યો. ગો-ચર્ચા એ વ્રજચર્ચાની પૂરક છે તેથી તેની અતિ આવશ્યક ચર્ચા અહીં કરવામાં આવી રહી છે.

''यत्र गावो भूरिश्रृंगाः अयासः''

(ઋગ્વેદ ૧/૧૫)

જ્યાં ગાય છે ત્યાં જ વ્રજ છે.

''व्रजन्ति गावो यस्मिन् स व्रजः ।''

ભૂમિના સાત આધારસ્તંભોમાંથી પ્રથમ સ્તંભ છે- ગાય માતા.

गोभिर्विप्रैश्च वेदैश्च सतीभिः सत्यवादिभः ।
अलुब्धैर्दानशीलैश्च सप्तभिर्धार्यते मही ।।

(સ્ક.પુ.૪/૨/૯૦)

આ ભૂમિનો આધાર છે- શ્રી ગૌ માતા.

જાણી લો, કે આ આધાર પર જ પ્રથમ પ્રહાર કર્યો હતો કળિયુગે. આ કળિયુગનું દમન તો કરી દીધું પરીક્ષિતજીએ પરંતુ હવે કળિયુગના કેટલાય બાપ-દાદાઓ આવી ગયા છે જે આ આધારસ્તંભને નષ્ટ કરવા માટે અવધ્યા ગાયનું વંદન કરવાને સ્થાને નિર્મમતાથી હનન કરી રહ્યા છે.

શ્રીકૃષ્ણ અવતારથી માત્ર ભારત જ નહીં બલ્કે સંપૂર્ણ વિશ્વની રક્ષા થઈ હતી. ગોપીઓ કહે છે-

व्रजवनौकसां व्यक्तिरङ्ग ते वृजिनहन्त्र्यलं विश्वमंङ्गलम् ।
त्यज मनाक् च नस्त्वस्पृहात्मनां स्वजनहृद्रुजां यन्निषूदनम् ।।

(ભા.૧૦/૩૧/૧૮)

કૃષ્ણ! આપના આવવાથી વિશ્વ મંગળ થયું. કેવી રીતે? તમે ગૌ સેવા કરી. ગોપાલક જ ગોપાલનો બાળક છે. સંપૂર્ણ સંસાર જાણે છે કે ગવામૃતથી શુદ્ધ-બુદ્ધિ, પવિત્ર ચરિત્રનું નિર્માણ થાય છે. બુદ્ધિ જો શુદ્ધ હોય તો રાગ-દ્વેષ, કલહ-વિષાદ આપોઆપ સંસારમાંથી નષ્ટ થઈ જાય, પ્રેમનો સંચાર થઈ જાય. જો આજે અવધ્યા ગૌ-વધ બંધ થઈ જાય તો ભારત એક સશક્ત રાષ્ટ્ર બની જાય. ગો-ગોપાલનો સેવક ક્યારેય અભદ્ર ન હોઈ શકે.

કોણે નથી કરી ગો-સેવા?

વિધિ-હરિ-હરે સ્વયં ગો-સ્તવન કર્યું. મહદપરાધ થવાથી ઋષિઓ દ્વારા શાપિત થતાં શિવજીએ ગોલોક જઈને સુરભિનું સ્તવન કર્યું. સુરભિએ સ્નેહપૂર્વક શિવજીને ગર્ભસ્થ કરી લીધાં. દેવગણો શોધતાં આવી ગોલોકમાં સ્થિત સુરભિને પ્રાર્થના કરી, ત્યારે સુરભિએ એક વત્સને જન્મ આપ્યો જે નીલવૃષભ કહેવાયાં. આ જ પંચાનન હતાં. શ્રીરામજીના જન્મ પૂર્વે મહારાજ દશરથે દસ લાખ ગાયોનું દાન કર્યું.

''ગવાં શત સહસ્ત્રાણિ દશ તેભ્યો દદૌ નૃપ''

(વા.રા.૧/૧૪/૫૦)

આ ગોદાનથી અગ્નિદેવ યજ્ઞમાં પ્રસાદ લઈને પ્રકટ થયા. રામ જન્માવતાર બાદ ફરી મહારાજ દશરથજીએ અનેક ગાયોનું દાન કર્યું.

''હાટક ધેનુ બસન મનિ નૃપ બિપ્રન્હ કહઁ દીન્હ''

(રા.બા.કા.૧૯૩)

વિવાહના અવસરે ફરી ચાર લાખ ગાયોનું દાન કર્યું.

''ગવાં શતસહસ્ત્રાણિ ચત્વારિ પુરુષર્ષભઃ''

(વા.રા.૧/૭૨/૨૩)

ચારિ લચ્છ બર ધેનુ મગાઈ ।
કામ સુરભિ સમ સીલ સુહાઈ ।।

(રા.બા.૩૩૧)

ફરી વનયાત્રા કાળમાં પણ ગોદાન કર્યું.

''બિપ્ર ધેનુ સુર સંત હિત લીન્હ મનુજ અવતાર''

(રા.બા.કા.૧૯૨)

ગૌ રક્ષક રામભક્ત છે, ગૌનાશક રાવણના વંશજ છે કારણકે રાવણનો આદેશ હતો-

જેહિં જેહિં દેસ ધેનુ દ્વિજ પાવહિં ।
નગર ગાઉ પુર આગિ લગાવહિં ।।

(રા.બા.કા.૧૮૩)

રાજ્યાભિષેકના અવસરે રામજીએ એક લાખ દૂધાળી ગાયોનું દાન કર્યું. રામચરિત માનસમાં ઉલ્લેખ છે કે રામજીએ કોટિ-કોટિ અશ્વમેધ યજ્ઞો કર્યા.

''કોટિન્હ બાજિમેધ પ્રભુ કીન્હે''

(રા.ઉ.કા.૨૪)

આ યજ્ઞો ગવામૃત વિના થતા નહોતા. ગૌ યજ્ઞનું મૂળ છે. તેથી શ્રીરામજીની રાજકીય ગૌશાળાઓમાં અસંખ્ય ગાયોની સેવા થતી હતી અને ત્યારે તે ગાયો મનોવાંછિત દૂધ આપતી હતી.

''મનભાવતો ધેનુ પય સ્ત્રવહીં''

(રા.ઉ.કા.૨૩)

આ તો રામજીની ગોભક્તિ હતી અને ગોપાલની ગોભક્તિ તો વાણીનો વિષય જ ન બની શકે. જ્યારે ચાલવાનું શીખ્યા તો સર્વપ્રથમ વત્સનો જ આશ્રય લીધો-

યર્હ્યડ્ઘ્રાદર્શનીયકુમારલીલા વન્તરર્વ્રજે તદબલાઃ પ્રગૃહીતપુચ્છૈઃ ।
વત્સૈરિતસ્તત ઉભાવનુકૃષ્યમાણૌ પ્રક્ષન્ત્ય ઉજ્ઝિઝતગૃહા જહૃષુર્હસન્ત્યઃ ।।

(ભા.૧૦/૮/૨૪)

વત્સની પૂંછડી પકડીને બાળકે ઉભા રહેતાં શીખ્યું. ગોબરનો લેપ લગાવતા અને ગોમૂત્રથી સ્નાન કરતાં. શેષ ઇચ્છાઓ ગોચારણમાં પૂરી થઈ જતી, જ્યારે સઘન કેશરાશિ ગોધૂલિથી ભરાઈ જતી. ગોપીઓએ કહ્યું છે-

ઉત્સવં શ્રમરુચાપિ દશીનામુન્નયન્ ખુરરજશ્છુરિતસ્ત્રક્ ।
દિત્સયૈતિ સુહૃદાશિષ એષ દેવકીજઠરભૂરુડુરાજઃ ।।

(ભા.૧૦/૩૫/૨૩)

હજી તો દૂધના દાંત પણ નથી પડ્યા અને વાછરડાં ચરાવવી જીદ પકડી બેઠા. નંદ દંપતિએ વિચાર કર્યો-

યદિ ગોપસડ્ગવસ્થાનં બિના ન સ્થાતું પારય તસ્તહિં વ્રજસદેશદેશે
વત્સાનેવ તાવત્સઞ્ચારયતામિતિ ।

(ગોપાલ ચમ્પૂ ૧૦/૧૧)

ઘણાં ચંચળ છે બંને. ગો-દર્શન વિના રહી જ નથી શકતા.

આગે ગાય પાછે ગાય ઈત ગાય ઉત ગાય ।
ગોવિન્દ કો ગાયન મેં બસવો હી ભાવે ।।

(છીત સ્વામી)

ઠીક છે, વત્સ ચારણ માટેનું તિલક તો કરી દઈએ. પાંચમું વર્ષ પૂરું થતાં-થતાં તો ગોચારણ માટે ઉત્સુક થઈ બેઠાં.

શ્રીશુક ઉવાચ
તતશ્ચ પૌગંડવયઃશ્રિતૌ વ્રજે બભૂવતુસ્તૌ પશુપાલસમ્મતૌ ।
ગાશ્ચારયન્તૌ સખિભિઃ સમં પદૈ વૃન્દાવનં પુણ્યમતીવ ચક્રતુઃ ।।

(ભા.૧૦/૧૫/૧)

કારતક સુદ આઠમે આ સ્વીકૃતિ પણ મળી ગઈ મૈયા-બાબા તરફથી. પછી એક દિવસ ગો-દોહનની હઠ કરી બેઠા.

ગોપાલાનં સ્વધર્મ્મો નસ્તાસ્તુ નિશ્છત્ર-પાદુકાઃ ।
યથા ગાવસ્તથા ગોપાસ્તર્હિ ધર્મ્મઃ સુનિર્મ્મલઃ ।।
ધર્મ્માદાયુર્યશોવૃદ્ધિર્ધર્મ્મો રક્ષતિ રક્ષિતઃ ।
સ કથં ત્યજ્યતે માતર્ભીષુધર્મ્મઃ સુનિર્મ્મલઃ ।।

(ગોવિંદ લીલામૃત. ૫/૨૮,૨૯)

ઉપર જણાવ્યું છે કે ગોચારણકાળમાં ક્યારેક પગરખાં પણ નથી પહેર્યાં.

કેવી વિચિત્ર છે ગોપાળની ગો-ભક્તિ?

શ્રી સૂરદાસજીના શબ્દોમાં-

દે મૈયા રી દોહિની દુહિ લાઉં ગૈયા ।
માખન ખાય બલ ભયો તોહિ નન્દ દુહૈયા ।।
સેંદુર કાજર ધુમરી ધૌર મેરી ગૈયા ।
દુહિ લાઉં તુરતહિ તબ મોહિ કર દૈ ધૈયા ।।
ગ્વાલન કે સંગ દુહત હોં બૂઝો બલ ભૈયા ।
'સૂર' નિરખ જનની હઁસી તબ લેત બલૈયા ।।

આવા એક નહીં સેંકડો પદ મળે છે- ગોચારણ લીલા, ગો-દોહન લીલા સંબંધી ગોભક્તિના.

દાન લીલામાં મળે છે-

વ્રજાંગનાએ કહ્યું- ''લાલા તારા પાપ કેવી રીતે ધોવાશે, કોઈ તીર્થમાં તેં સ્નાન નથી કર્યું.'

શ્રીકૃષ્ણએ કહ્યું- ''પ્યારી ગૌરજની ગંગામાં સ્નાન કરું છું અને ગાયનું નામ જાપ કરું છું. વૃષભાનની લાડલી દાણ આપો.''

વ્રજાંગના બોલી- ''નંદરાય લાલા ઘરે જવા દો.''

ગોપાલાઽગ્રણ કર્દમે વિહરસે વિપ્રાધ્વરે લજ્જસે ।
બ્રૂષે ગોસુત હુંકૃતૈઃ સ્તુતિપદૈર્મૌનં વિધત્સે સતાં ।।

(કૃષ્ણ કર્ણામૃત)

મોટા-મોટા યોગીન્દ્રો-મુનીન્દ્રોના મંત્રો દ્વારા આહવાન કરવા છતાં પણ બોલતાં નથી અને અહીં વાછરડાંઓને પૂછે છે- ''ધોળીના, તારી માએ દૂધ પાયું કે નહીં?''

વાછરડું- ''હૂઁ ડડડડ!''

રામ-કૃષ્ણએ જેની વંદના કરી એ ગૌમતાની સાચી સેવા જ રાષ્ટ્રસેવા અને સાચી ભગવદ આરાધના છે.

આ ભગવદ સંપદા (ગૌ) પૃથ્વી માટે વરદાન અને ભારતીય સંસ્કૃતિનો મેરુદંડ છે. ઐહિક હોય કે અલૌકિક, ગૌસેવા શ્રેય સિદ્ધિકારક છે.

શ્રી વશિષ્ઠજીની ગૌસેવા ઘણી પ્રસિદ્ધ છે, તેઓ ગૌ તત્વવેત્તાઓના આચાર્ય કહેવાયા. મહાભારતમાં રાજા સૌદાસને તેમણે ગૌસેવાનો ઉપદેશ આપ્યો-

ગાયોનું કીર્તન કર્યા વિના સૂવું નહીં અને તેમનું સ્મરણ કરીને જ સવારે ઉઠવું.

નાકીર્તયિત્વા ગાઃ સુપ્યાત્ તાસાં સંસ્મૃત્ય ચોત્પતેત્ ।
સાયંપ્રાતર્નમસ્યેચ્ચ ગાસ્તતઃ પુષ્ટિમાપ્નુયાત્ ।।

(મહા.ભા.અનુ.૭૮/૧૬)

ગાશ્ચ સંકીર્તયેન્નિત્યં નાવમન્યતે તાસ્તથા ।
અનિષ્ટં સ્વપ્નમાલક્ષ્ય ગાં નરઃ સમ્પ્રકીર્તયેત્ ।।

(મહા.ભા.અનુ.૭૮/૧૮)

જે વેદવ્યાસજીનું ઉચ્છિષ્ટ છે સંપૂર્ણ વૈદિક સાહિત્ય 'વ્યાસોચ્છિષ્ટ જગત્સર્વમ્' તેમણે પણ સમગ્ર સાહિત્યમાં ગૌસેવાને જ પ્રમુખ માની છે, ભલે તે સ્કંદપુરાણ હોય, ભવિષ્ય પુરાણ હોય, પદ્મપુરાણ હોય, અગ્નિપુરાણ અથવા મહાભારત હોય સર્વત્ર ગૌ-ગરિમાનું જ વર્ણન છે. ચ્યવન ઋષિએ તો રાજા દ્વારા એક ગાય આપવામાં આવતાં કહ્યું- ''મહારાજ! આપે મને ખરીદી લીધો.''

મહારાજ ઋતમ્ભરે અપૂર્વ ગૌસેવા કરી, જાબાલપુત્ર સત્યકામને ગૌસેવાથી જ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ, મહારાજ દિલીપે ગૌભક્તિથી રઘુ જેવા પરમ યશસ્વી પુત્ર પ્રાપ્ત કર્યો, જેનાથી વંશનું નામ જ રઘુવંશ પડી ગયું, નામદેવે મૃત ગાયને જીવિત કરી. કેવો વિલક્ષણ હતો એમનો ગૌ-પ્રેમ. કલિકાળમાં પણ વીર બાળક શિવાજી તો તરૂણાવસ્થાથી જ ગૌભક્ત હતાં. ગાય પર થનારા અત્યાચારોને તેઓ સહી શકતાં નહોતા. ગૌપ્રાણરક્ષા માટે તેમણે અનેક વાર કસાઇઓ સાથે એકલાં બાથ ભીડી. ગૌહત્યારાઓને હણી પણ નાખ્યા.

સમસ્ત સમસ્યાઓનું નિદાન ગૌસેવાથી

આર્થિક સમૃદ્ધિનો મુખ્ય સ્ત્રોત છે-ગાય. દેશની લગભગ ૮૦% જનતા કૃષિ જીવી છે, તે કૃષિ સંપૂર્ણ રીતે ગાય પર અવલંબે છે. ગોમય (છાણ)થી પૃથ્વીની ઉત્પાદક શક્તિ વધે છે. ગોબરના ખાતરથી ઉત્પન્ન અન્નથી માત્ર શરીર જ નહીં બલ્કે મન, બુદ્ધિ, ઇન્દ્રિયો પણ શુદ્ધ, સ્વચ્છ અને શક્તિસંપન્ન થાય છે.

''અન્નશુદ્ધૌ સત્વશુદ્ધિ, સત્વશુદ્ધૌ ધ્રુવાસ્મૃતિ....''

આજે પણ ગૌવંશની ઉપેક્ષા ન કરતાં તેનાથી જ કૃષિ કાર્ય સંપાદન કરવામાં આવે તો ન ગૌહત્યા થાય ન જનહત્યા. આજની મોંઘવારીએ જનહત્યા વધારી દીધી છે. ડીઝલ, પેટ્રોલની મોંઘવારી રોજે-રોજ વધતી જ જાય છે, શું જરૂર છે ડીઝલ, પેટ્રોલની? ગોબર ગેસથી જ એ બધાં કાર્યો ન થઈ શકે? ગોબર ગેસથી સંચાલિત વાહનના

ઉપયોગથી પ્રદૂષણ પર પણ લગામ લાગશે પરંતુ દેશદ્રોહીઓને ન પોતાનો લાભ દેખાય છે ન દેશનો.

આપણી ભૂમિનો મહત્તમ ભાગ વેરાન દેખાય છે. તેમાં ધીરે-ધીરે એવી સ્થિતિ આવી જશે કે પ્રજા અન્નના દાણેદાણા માટે તરસી જશે. ચારે તરફ દુષ્કાળ જ દુષ્કાળની સ્થિતિ હશે.

કલિ બારહિં બાર દુકાલ પરૈ । બિનુ અન્ન દુખી સબ લોગ મરૈ ।।

(રા.ઉ.કા. ૧૦૧)

એક તો અન્ન સંકટ, ઉપરથી લૂંટારા શાસકોનો વધતો કરવેરો.

ભાગવતમાં જુઓ ભવિષ્યવાણી-

નિત્યમુદ્વિગ્નમનસો દુર્ભિક્ષકરકર્શિતા ।
નિરન્ને ભૂતલે રાજન્નનાવૃષ્ટિભયાતુરાઃ ।।

(ભા.૧૨/૩/૩૯)

વાસોઽન્નપાનશયનવ્યવાયસ્નાનભૂષણૈઃ ।
હીનાઃ પિશાચસન્દર્શા ભવિષ્યન્તિ કલૌ પ્રજાઃ ।।

(ભા.૧૨/૩/૪૦)

હવે એ સમય આવી જ ગયો છે. જાહેર જનતા માટે સુવા માટેની પણ જગ્યા નથી.

શૂદ્રાઃ પ્રતિગ્રહીષ્યન્તિ તપોવેષોપજીવિનઃ ।
ધર્મં વક્ષ્યન્ત્યધર્મજ્ઞા અધિરુહ્યોત્તમાસનમ્ ।।

(ભા.૧૨/૩/૩૮)

કળિયુગમાં આજે લોકો માત્ર અને માત્ર પોતાના સ્વાર્થમાં અને ધનોપાર્જનમાં લાગેલા છે. પ્રજાના સુખ-દુઃખ સાથે ભલા તેમને શું લેવા-દેવા?

જે અપકારી ચાર તિન્હ કર ગૌરવ માન્ય તેઈ ।
મન ક્રમ બચન લબાર તેઈ બકતા કલિકાલ મહુઁ ।।

(રા.ઉ.કા.૯૮ખ)

અથવા

બહુ દામ સઁવારહિં ધામ જતી ।
વિષયા હરિ લીન્હિ ન રહિ બિરતી ।।

(રા.ઉ.કા. છં-૧૦૧)

સાધુ વેષમાં પણ એવા લોકોનો પ્રવેશ થઈ ગયો છે જેમના ઘરમાં કંઈ નથી તો ચાલો સાધુ જ બની જઈએ.

નારિ મુઈ ગૃહ સંપતિ નાસી ।
મૂડ મુડાઈ હોહિં સન્યાસી ।।

(રા.ઉ.કા.૧૦૦)

ન પ્રજા ભક્ષક રાજા દેશનું કલ્યાણ કરી શકે છે, ન શિષ્ય ભક્ષક ગુરૂ.

''સ્વશાન્તિં ન જાનાતિ પરશાન્તિં કરોતિ કિમ્''

જે રાજા પ્રજાનું રક્ત પીને તુષ્ટ-પુષ્ટ થવા ઇચ્છે છે તે પ્રજાનું શું ભલું કરશે?

પહેલા રાક્ષસો નરભક્ષી હતા, આજના રાજાઓ એક-બે નરના નહીં પૂરી પ્રજાના જ ભક્ષી બની બેઠા છે. એ રાજા નહીં, લૂંટારા છે.

એતાં દૃષ્ટિમવષ્ટભ્ય નષ્ટાત્માનોઽલ્પબુદ્ધયઃ ।
પ્રભવન્ત્યુગ્રકર્માણઃ ક્ષયાય જગતોઽહિતાઃ ।।

(ગીતા.૯૬/૯)

તેઓ મંદબુદ્ધિ નહીં, અપકારી છે. આવા ક્રૂર કર્મ કરનારને શું શાસક કહીશું? તેઓ માત્ર જગતના હત્યારાઓ છે.

એક તરફ સામાન્ય જગતના રાજા (શાસક) બીજી તરફ અધ્યાત્મ જગતમાં એવા લોકોનો પ્રવેશ જેઓએ ધર્મ અને દેશ બંનેને પાયમાલ કરી દીધાં.

ઉપદેસનિ કૌં ગુરુ ગુસાંઈ આચરનૈં અધમાઈ ।

અથવા

જાકે મન બસૈ કામ-કામિની ધન ।
તાકૈં સ્વપ્નૈ હૂં નહિં સમ્ભવ આનંદકંદ સ્યામઘન ।।

અથવા

મત્સર બાઢયૌ ભટ્ટ ગુસાંઈન સ્વામી વ્યાસ કહ્યો ।

(વ્યાસવાણી)

જે સ્વયં મત્સર ન ત્યાગી શકે તે ક્યાંથી ધર્મજ્ઞ હોય?

ગોસ્વામીજીના શબ્દોમાં-

દમ દાન દયા નહિં જાનપની ।
જડતા પરબંચનતાતિ ઘની ।।

(રા.ઉ.કા.૧૦૨૬)

ન ઇન્દ્રિયવિજય છે, ન દાનની પ્રવૃત્તિ, ન દયાનો સ્વભાવ છે અને વિવેક તો ઘણાં દૂરની વાત છે. નરી મૂર્ખતા અને ધૂર્તતાથી બીજાઓને છેતરવું એ જ સ્વભાવ રહી ગયો છે.

ધૂર્તોની આ પાખંડલીલા ભોળી જનતાને કૃષ્ણોન્મુખ તો નહીં પરંતુ કૃષ્ણવિમુખ જરૂર બનાવી રહી છે.

शूद्राः प्रतिग्रहीष्यन्ति तपोवेषोपजीविनः ।
धर्मं वक्ष्यन्त्यधर्मज्ञा अधिरुह्योत्तमासनम् ।।

(ભા.૧૨/૩/૩૮)

લોકો પાખંડના પ્રચારક થઈ ગયા છે. તેથી ધર્મ સારહીન થયો અને દેશ પણ નિસ્સાર થઈ ગયો.

त्वङ्मांसरुधिरस्नायुमेदोमज्जास्थिसंहतौ ।
विण्मूत्रपूये समतां कुमीणां कियदन्तरम् ।।

(ભા.૧૧/૨૬/૨૧)

શ્રીભગવાન કહી રહ્યા છે- ''જે માત્ર વિષયોનો અનન્ય રસિક છે તે માત્ર અને માત્ર વિષ્ઠા-મૂત્ર વાળો કીડો, બેક્ટેરીયા (જીવાણુ) છે.''

देह गेह सम्पति सुत दारा ।
अधर गंड भग उरज उपासी ।।

(વ્યાસવાણી)

જેની અંદર કામાદિ વિષયોનું દ્વન્દ્વ ચાલી રહ્યું છે તે રસિક તો નથી જ, ભક્ત પણ નથી.

व्यास रसिक वासों कहैं कटें माया फंद ।
हरिजन सौं हिल मिल रहैं कबहूँ व्यापै न द्वन्द ।।

(વ્યાસજી)

અર્થ અને વિષયલોલુપ વક્તા અથવા ગુરૂ શાબ્દિક જ્ઞાન તો આપી દે છે પરંતુ પરિણામમાં તેમની પોતાની જ નારકીય ગતિ થાય છે.

हरई सिष्य धन शोक न हरई ।
सो गुर घोर नरक महुँ परई ।।

(રા.ઉ.કા.૯૯)

गुरुवः बहवः सन्ति शिष्य वित्ताप हारकाः ।
तदेकं दुर्लभं मन्ये शिष्य चित्तापहारकाः ।।

શિષ્યનું ધન લૂંટનારા ગુરૂ તો ઘણાં મળી જશે પરંતુ ચિત્તનો તાપ હરનારા કોઈ વીરલા જ હશે.

प्रायेणार्थाः कदर्याणां न सुखाय कदाचन ।
ईहा चात्मोपतापाय मृतस्य नरकाय च ।।

(ભા.૧૧/૨૩/૧૫)

ધનનો સંગ્રહ કરનારને ક્યારેય ગુરૂ ન મળી શકે. જીવિત અવસ્થામાં તે સદાય ધનની રક્ષાની ચિંતાથી ગ્રસ્ત રહેશે. મૃત્યુ પછી તો નર્ક નિશ્ચિત જ છે. મર્યા બાદ ક્યાં જશે જ્યારે પોતાનું જ ઠેકાણું નક્કી ન હોય તો શિષ્યનું શું કરશે? સત્યવ્રત મનુએ કહ્યું- સૌથી સારૂં એ છે કે આવી સ્થિતિમાં ભગવાનને જ ગુરૂ માની લઈએ.

જનો જનસ્યાદિશતેઽસતીં મતિં યયા પ્રપદ્યેત દુરત્યયં તમઃ
ત્વં ત્વવ્યયં જ્ઞાનમમોઘમઞ્જસા પ્રપદ્યતે યેન જનો નિજં પદમ્ ।।

(ભા.૮/૨૪/૫૧)

કમસે કમ ગાઢ અંધકારમાં પ્રવેશ કરવાથી તો બચી જઈશું. રામચરિત માનસમાં સ્વયં ભગવાને કહ્યું-

ગુરુ પિતુ માતુ બંધુ પતિ દેવા ।
સબ મોહિ કહઁ જાનૈ દઢ સેવા ।।

(રા.અર.કા.૧૬)

ભગવાન કહી રહ્યા છે- મને જ ગુરૂ માની લેવા આવી સ્થિતિમાં.

મહાદેવજીનો પણ મત છે-

ઉમા રામ સમ હિત જગ માહીં । ગુરુ પિતુ માતુ બંધુ પ્રભુ નાહીં ।।

(રા.કિ.કાં.૧૨)

જીવ ગોસ્વામીજીનો મત-

''વૈષ્ણવ દ્વેષી ગુરુરપિ ત્યાજ્યઃ''

વૈષ્ણવ પ્રત્યે દ્વેષ શિખવનાર ગુરૂનો પરિત્યાગ કરી દો, જેનાથી સમાજમાં દ્વેષનો દુષ્પ્રચાર ન થાય. આવા ગુરૂજનોને ત્યાગી દેવામાં જ ભલાઈ છે.

વિષય રસાસ્વાદી, ભગવદ્ રસાસ્વાદી ક્યારેય ન હોઈ શકે.

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્ ।।

(ગીતા.૧૬/૨૧)

કામ, ક્રોધ, લોભને પ્રભુએ નરકનું દ્વાર કહ્યું, તેનાથી આજ સુધી કોઈને સુખ નથી મળ્યું.

વિહારિન દાસ સુખ વિષય કો વિમુખ હૃદય ઘર બાત ।
લોહૂ અપને ગાલ કો ચાટ શ્વાન ઈતરાત ।।

તેથી વિષયોથી બચો, વિષયી સંગાથીઓથી બચો નહીં તો અંધકારના દ્વારમાં ધકેલી દેશે આ વિષયી પુરુષ.

મહત્સેવાં દ્વારમાહુર્વિમુક્તેસ્તમોદ્વારં યોષિતાં સઙ્ગિંસઙ્ગમ્ ।
મહાન્તસ્તે સમચિત્તાઃ પ્રશાન્તા વિમન્યવઃ સુહૃદઃ સાધવો યે ।।

(ભા.૫/૫/૨)

ઋષભદેવજીએ કહ્યું- વિષયીનો સંગ ક્યારેય ન કરવો.

''વિષઈન કો સંગ ભૂલ ન કરિયે''

જેમની સ્થિતિ

''બન મેં રહત ગહત કામિનિ કુચ સેવત પીન ઉતઙ્ગ''

અથવા

''તન પોષત કામિનિ મુખ જોવત લાગિ કામ કી સાટ''

વિષયીને ગુરૂ બનાવીને વિષય ન શીખશો.

માલા તિલક સ્વાંગ ધરિ હરિ કૌ ।
નામ બેચિ ધન લાવત ।।
શ્યામહિ છાઁડત કામ વિવશ હ્વૈ કામિનિહિ લગી ધાવત ।

(વ્યાસવાણી)

આપણે વિશુદ્ધ ભાવથી ગૌસેવા કરવી જોઈએ. તે માટે મેળવેલ ધનનો દુરૂપયોગ આપણને નર્કના દ્વારે લઈ જશે. ગાય જ્યારે પોતાના દૂધ પ્રત્યે સ્વાર્થ નથી રાખતી તો આપણે ગૌસેવાના ધનથી પોતાના સ્વાર્થની પૂર્તિ કરીએ તે યોગ્ય નથી.

'ગાવો વિશ્વસ્ય માતરઃ'' ગાય કોઈ વ્યક્તિ વિશેષની નહીં બલ્કે સંપૂર્ણ વિશ્વની માતા છે તેથી સંપૂર્ણ રાષ્ટ્રનો પરમ ધર્મ છે ગૌવધ નિર્મૂલન અને ગૌસેવા. કૌટિલ્યએ પોતાના અર્થશાસ્ત્રના ૨/૨૬માં ગૌરક્ષા પર રાજાને સંપૂર્ણ ધ્યાન આપવાનો નિર્દેશ કર્યો છે. અશોકના શિલાલેખોમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ દ્રષ્ટવ્ય છે.

બદાયુંનીએ લખ્યું છે કે હિંદુઓ તથા જૈનોના પ્રભાવથી અકબરના રાજ્યમાં કોઈપણ ગૌ-વધ કરી શકતું નહોતું. બી.એ. સ્મિથે પોતાના ઇતિહાસ પ્ર.-૧૦૧ માં જહાંગીર વિશે તો ત્યાં સુધી લખ્યું છે કે તે જાણે-અજાણે પણ ગૌ-હત્યારાઓને ફાંસી પર લટકાવતાં ખચકાતો નહોતો. મહાત્મા ગાંધી, સ્વામી કરપાત્રીજી, પ્રભુદત્ત બ્રહ્મચારીજી, હનુમાનપ્રસાદ પોદ્દારજી (ભાઈજી)એ પણ પ્રયાસો કર્યા ભારતમાં પૂર્ણ રીતે ગૌવધ બંધ કરાવવાના પરંતુ આ દેશનું દુર્ભાગ્ય છે કે અંધ શાસકો પોતાનો લાભ ન જોઈ શકવાને કારણે વિનાશ તરફ આગળ વધી રહ્યા છે. ગૌરક્ષકના નામે ગૌભક્ષક બની રહ્યા છે. આવી સ્થિતિમાં પવિત્રાચાર, શ્રી, ઐશ્વર્ય અને શાંતિની સ્થાપના દેશમાં ક્યારેય શક્ય નથી. જ્યાં સુધી ભારતમાં ગાયનો આદર હતો, દૂધ-દહીંની નદીઓ વહેતી હતી, દેશમાં શાંતિ હતી, દેવતાઓ પણ અહીં જન્મ લેવા ઉત્સુક રહેતાં હતાં. સ્વર્ગની સર્વશ્રેષ્ઠ અપ્સરા ઉર્વશી તો માત્ર ઘૃતપાન કરવા માટે જ પુરરવા સાથે ભારતમાં ઘણાંય દિવસો સુધી રહી. રાજા મરૂતના યજ્ઞમાં સ્વયં દેવગણો પિરસવાનું કાર્ય કરતાં,

વિશ્વદેવ સદા સભાસદ બનીને રહેતાં. ગૌસેવક ગોવિંદને સર્વાધિક પ્રિય હોય છે તે તો નક્કી જ છે.

૧૦મી શતાબ્દી સુધી ભારત દેશ ગૌવંશ માટે સ્વર્ગ સમાન હતો. મહમૂદ ગઝનવીના આક્રમણથી (ઈ.સ. ૯૯ થી ૧૦૩૦) પહેલાં મુસલમાન સૂફી સંતો ભારતમાં આવીને સાધના કરવા લાગ્યા હતા. ગાયોને ઘણોં આદર આપતાં. બાબર (૧૫૨૬ થી ૧૫૩૦)ની બહુસંખ્યક સમાજની આ બદ્ધમૂળ ભાવનાને સમજી. ઇસ્લામ પણ આ ધર્મની વિરુદ્ધ નથી તેથી ભારતમાં ગૌહત્યા બંધ કરાવી.

અકબરે (૧૫૪૨-૧૬૦૫) પણ ગૌવધ બંધ કરાવ્યો. ૧૮મી શતાબ્દીથી કાયદાઓ કંઈક બદલાવા લાગ્યા. ૧૯મી શતાબ્દીમાં માંસ ભક્ષણને સ્થાયિત્વ આપ્યું વિજ્ઞાને. તેના કારણે ગૌવધ ઉત્તરોત્તર વધવા લાગ્યો. ૧૯૦૫માં ગૌરક્ષાનો પ્રશ્ન ઉદ્‌ભવ્યો તો એવું કહેવાયું કે અંગ્રેજો માંસભક્ષી છે, તેમને જલ્દી દેશની બહાર હાંકવામાં આવે. તે સમયે ગાંધીજીએ ત્યાં સુધીકહ્યું- અમે સ્વતંત્રતા માટે હજી પ્રતીક્ષા કરી શકીએ છીએ પરંતુ ગૌહત્યા અમને એક દિવસ પણ સહન નહીં થાય. આજે ભારત દેશ સ્વતંત્ર થઈ ગયો છે પરંતુ ગૌવધ બંધ થયો નથી. જો ભારતીયો જ ગૌવધ કરશે તો તેને રોકવા માટે કોઈ ઇટાલિયન કે અમેરિકી નહીં આવે. ભારત 'સોને કી ચીડીયા' હતો અને ફરીથી બની શકે છે કારણકે ભારત જેવી કનક ઉર્વરા ભૂમિ અન્યત્ર નથી.

'ગાવો વિશ્વસ્ય માતરઃ' વેદોમાં ગાયને સમસ્ત સંસારની માતા કહેવામાં આવી છે. શા માટે? કારણકે દરેક વ્યક્તિની માતા અલગ-અલગ હોય છે. દરેકની જન્મદાત્રી તમામ યોનિઓમાં અલગ-અલગ હોયછે અને તે પોતાના દૂધથી તેના શિશુનું પોષણ કરે છે. જન્મદાત્રીને જનની કહેવામાં આવી છે એ જનની જન્મદાત્રી હોવા છતાં પણ માત્ર થોડા જ દિવસો સુધી પોતાના દૂધથી શિશુનું પાલન કરે છે. થોડાં દિવસો બાદ તેનું દૂધ સુકાઈ જાય છે અને પ્રાણીમાત્રને પોષણ માટે ગૌમાતાનો આશ્રય લેવો પડે છે, જેનું દૂધ ક્યારેય નથી સુકાતું. મનુષ્ય જીવનના અંતિમ શ્વાસ સુધી ગૌ માતાના દૂધથી પોષણ પામે છે. જન્મ દેનારી મા સદા પોષણ નથી કરી શકતી, માત્ર પોતાનાથી ઉત્પન્ન સિશુનું પાલન થોડા દિવસ કરી શકે છે પરંતુ ગૌ માતા સંસારના સમસ્ત પ્રાણીઓનું પોષણ કરે છે. માતા પોતાના બાળક પાસેથી સેવાનો સ્વાર્થ પણ રાખે છે પરંતુ ગૌમાતા તો નિઃસ્વાર્થ ભાવે દૂધ દાન કરે છે. આવી સંસારની જનની ગૌ માતાને મારવી એ સેંકડો જનનીઓની હત્યાથી પણ ઘૃણિત છે. માતૃભક્તિની દૃષ્ટિએ જ નહીં પરંતુ કૃતજ્ઞતાની દૃષ્ટિએ પણ ગૌહત્યા એ મહાપાપ છે. પોતાની મા (જન્મદાત્રી)ના મળમૂત્ર ક્યારેય પૂજ્ય નહીં હોઈ શકે અને તે મળ રોગકારક અને વિષાક્ત હોય છે. તેમાં ઘાતક રોગાણુઓની ભરમાર હોય છે. પરંતુ ગૌમાતાનું ગોબર મળ નથી બલ્કે શ્રેષ્ઠ જંતુનાશક, રોગનાશક છે. કોઈને ખંજવાળ આવતી હોય તો ગોબરમાં ગોમૂત્ર મેળવીને લેપ લગાવી તડકામાં બેસી જાઓ, તમામ ખંજવાળના બેક્ટેરીયા નષ્ટ થઈ જશે. યોગ્ય રીતે સેવન કરવામાં આવે તો વિશ્વના તમામ રોગો પર ગોબર-ગોમૂત્રથી ઉપચાર થઈ શકે છે. ગોબરથી બનેલ ખાતરથી ધરતીની ઉત્પાદન ક્ષમતા એટલી વધી જાય છે કે પ્રાચીન

ભારતને 'સોને કી ચીડીયા' એટલા માટે જ કહેવામાં આવતું. ભારત સોનાની ચીડીયા હતું અને ફરી તે બની શકે છે કારણકે ભારત સમાન સોનું ઉપજાવનારી ભૂમિ અન્યત્ર ક્યાંય નથી.

ભારતમાં આજે પણ એટલી શક્તિ છે કે ભારત એકલું જ આખા વિશ્વને શુદ્ધ અન્ન પૂરું પાડી શકે છે. નીચેનું માળખું જુઓ-

દેશ	કુલ ભૂમિ (હેક્ટરમાં)	ઉપજાઉ ભૂમિ (હેક્ટરમાં) (%માં)	વેરાન ભૂમિ (હેક્ટરમાં) (%માં)
રશિયા	૧ અબજ ૭૦ કરોડ ૮૦ લાખ	૧૨ કરોડ ૬૦ લાખ (૭.૩૮%)	૧ અબજ ૫૮ કરોડ ૨૦ લાખ (૯૨.૬૨%)
અમેરિકા	૯૩ કરોડ ૬૦ લાખ	૧ કરોડ ૭૦ લાખ (૧.૮૨%)	૯૧ કરોડ ૯૦ લાખ (૯૮.૧૮%)
બ્રાઝિલ	૮૫ કરોડ ૧૦ લાખ	૫ કરોડ ૩૦ લાખ (૬.૨૩%)	૭૯ કરોડ ૮૦ લાખ (૯૩.૭૭%)
ચીન	૯૬ કરોડ	૧૨ કરોડ ૪ લાખ (૧૨.૯૨%)	૮૩ કરોડ ૬ લાખ (૮૭.૦૮%)
ભારત	૩૨ કરોડ ૮૦ લાખ	૧૯ કરોડ (૫૭.૯૩%)	૧૩ કરોડ ૮૦ લાખ (૪૨.૦૭%)

વિશ્વની વસ્તી ૬૦૦ કરોડ છે.

૧ વર્ષ માટે આખા વિશ્વને લાગનારું અનાજ = ૬૦૦ કરોડ ક્વિંટલ

ભારતમાં, ૧ હેક્ટર ભૂમિમાં ૬૦ ક્વિંટલ અનાજ પેદા થાય છે.

ભારતની ૧૯ કરોડ હેક્ટર ભૂમિમાં ૧૧૪૦ કરોડ ક્વિંટલ અનાજ પેદા થઈ શકે છે.

આખા વિશ્વને ૬૦૦ કરોડ ક્વિંટલ અનાજ ખવડાવ્યા બાદ પણ ભારતની પાસે ૫૪૦ કરોડ ક્વિંટલ શેષ વધે છે.

બ્રિટીશ સામ્રાજ્યની કૂટનીતિ

અંગ્રેજો જેમણે ભારત પર રાજ કર્યું હતું તેમની બે આશ્ચર્યજનક વાતો આ મુજબ છે.

૧. ભારતીય ગુરુકુળ વ્યવસ્થા ૨. ભારતીય કૃષિ વ્યવસ્થા.

બ્રિટીશ રાજ્યપાલ 'રોબર્ટ ક્લાઈવ'એ ભારતની કૃષિ વ્યવસ્થા પર વિસ્તૃત શોધ કરી હતી. આ શોધ અને બ્રિટીશ નીતિઓથી જે પરિણામ થયા તે નીચે જણાવેલ છે-

૧. ભારતની કૃષિમાં ગાયની પ્રથમ પ્રધાનતા છે અને ગાયની મદદ વિના ભારતીય કૃષિનું સંપાદન થઈ શકે નહીં.

૨. ભારતીય કૃષિનો મૂળ આધાર છે ગાય, તેનું વિલોપન કરવું જરૂરી છે.

૩. ભારતમાં સૌથી પહેલું કતલખાનું ૧૭૬૦માં શરૂ થયું હતું, જ્યાં ૩૦,૦૦૦ ગાયોને રોજ મારી નાખવામાં આવતી અને લગભગ ૧ કરોડ ગાયો ૧ વર્ષની અંદર નષ્ટ થઈ ગઈ.

૪. તેણે અનુમાન લગાવ્યું હતું કે બંગાળમાં ગાયની સંખ્યા માણસોથી વધુ છે અને આવી જ સ્થિતિ ભારતના અન્ય હિસ્સાઓમાં પણ હતી.

૫. ભારત દેશમાં અસ્થિરતા લાવવાના વિચારથી કતલખાના શરૂ કરવાનું એક ઘણું મોટું ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

૬. એકવાર જો ગાયને નષ્ટ કરવામાં આવે તો ત્યાં ગોબરથી બનેલ ખાતર નહીં રહે અને ઘણાંય રોગોનો વિનાશ કરનારું ગોમૂત્ર પણ નહીં રહે. દેશ છોડતાં પહેલા રોબર્ટ ક્લાઈવે ભારતમાં સેંકડો કતલખાનાઓ ખોલાવડાવ્યા હતા.

કતલખાના વિના ભારતીય કૃષિની સ્થિતિની અદ્‌ભુત કલ્પના સમજો.

૧. ૧૭૪૦માં તામિલનાડુના આકોટ જિલ્લામાં ૫૪ ક્વિંટલ ચોખાનું ઉત્પાદન એક એકર ભૂમિમાં થયું જ્યાં સાધારણ ખાતર અને રસાયણ જેવા ગાયના મૂત્ર અને ગોબરનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૨. ૧૯૯૦ સુધી ૩૫૦ કતલખાનાઓ દિવસ-રાત લાગેલા હતા, તેથી ભારતમાંથી ગાયો લગભગ નષ્ટ થઈ ગઈ હતી અને ભારતે ઈંગ્લેન્ડના દરવાજા ખટખટાવવા પડ્યા.

૩. આઝાદી બાદ હરિત કાંતિ (ભોજનની આત્મનિર્ભરતાના નામે) ભારતમાં રાસાયણિક ખાતરનો વધુ પડતો ઉપયોગ થયો.

૪. અંગ્રેજોએ ભારત છોડતા પહેલાં એક દૈનિક સમાચારપત્રના સંપાદકે મહાત્મા ગાંધીનો સાક્ષાત્કાર કર્યો. એક પ્રશ્નના ઉત્તરમાં મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે જે દિવસે ભારતને સ્વતંત્રતા મળશે તે દિવસથી બધાં જ કતલખાનાઓ બંધ કરાવી દેવામાં આવશે.

૫. ૧૯૨૯માં એક જનસભામાં નહેરૂજીએ કહ્યું હતું કે જો તેઓ ભારતના વડાપ્રધાન બનશે તો સૌથી પહેલું કાર્ય કતલખાનાઓ બંધ કરાવવાનું કરશે.

૬. પરંતુ ૧૯૪૭ની ઘટના બાદ કતલખાનાઓ ૩૫૦થી વધીને ૩૬૦૦૦ થઈ ગયા.

૭. આજે કસાઈખાનાના વેપાર હેઠળ માત્ર આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રના અલ-કબીર અને દેવનારમાં જ એક સમયે ૧૦,૦૦૦ ની સંખ્યામાં ગાયોને કતલ કરવામાં આવે છે. હવે તો આ કતલખાનાઓની સંખ્યા વધીને ન જાણે કેટલી થઈ ગઈ હશે, વર્તમાનના આંકડાઓ નથી લખવામાં આવ્યા. પરંતુ તેમાં રોજેરોજ વધારો તો થઈ જ રહ્યો છે તે નક્કી છે.

આ અવસરે ભારતને જાગૃત કરવા માટે આ સાંકેતિક ચેતવણી છે. અહીં કોઈની ટીકા કરવાનો દૃષ્ટિકોણ નથી. ભારતમાં ગૌ-ભક્તો અને ભગવદ્-ભક્તો છે જ નહીં, એવું નથી. ભારતીય સનાતન સંસ્કૃતિમાં મહાપુરૂષો સદાય રહ્યા જ છે તેથી જ તો ધર્મની ધ્વજા આજ સુધી લહેરાઈ રહી છે. પૃથ્વી ધરાતલ પર સ્થિત હોવા છતાં સમગ્ર રાષ્ટ્રને ગૌ-ભક્તિ અને ભગવદ્ ભક્તિમાં સંલગ્ન ન જોઈને હૃદય દુઃખથી દ્રવી ઉઠે છે.

પુનઃ, આ લેખમાં ગૌભક્તિ, સમાજ-સંસારના કલ્યાણની ભાવના રાખવામાં આવેલ છે. વિવેકીજનો દ્વારા જ તેનું સમ્માન થશે, પરંતુ તેનાથી વિપરીત ભાવનાવાળાઓ માટે તો કબીરદાસજીએ કહ્યું જ છે-

''હાથી અપની ગૈલ ચલત હૈ, કુકર ભુસત વાકો ભુસવા દે''

માતાજી ગૌશાળા

૨૨ હજાર ગાયોનું માતૃવત્ પોષણ કરી રહેલા પૂજ્ય ગુરૂદેવ શ્રી બાબા મહારાજનું કથન છે કે વાસ્તવમાં અમે ગાયોને પોષતા નથી બલ્કે અમે પોતે જ ગાયો દ્વારા પોષિત થઈ રહ્યા છીએ. ગૌમાતાના ઉપકારોને જોવા જઈએ તો તે ખરેખર અનંત છે. ગૌમાતા અને ગૌમૂત્રનું મહત્વ જો જાણી લેવામાં આવે તો ગાય જ નહીં વાછરડાં અને બળદો, જે ઉપેક્ષિત છે, સંપૂર્ણ ગૌવંશ આ ઉપેક્ષાથી બચી જાય. બળદ દ્વારા ચાલિત જનરેટરથી વિદ્યુત શક્તિનો ઘરે-ઘરમાં ઉપયોગ થશે. ઉપેક્ષાથી બચી જશે ગૌવંશ. આ ઉપયોગથી વિદ્યુત શક્તિ તો બચશે જ સાથે જ દેશની અર્થવ્યવસ્થામાં પણ ડીઝલનો ભાર ઓછો થઈ જશે. ગૌવંશનો અડધો ભાગ જેનો કોઈ ઉપયોગ નથી તેને લોકો કતલખાને મોકલી આપે છે. વાછરડાંના જન્મ પર હિંદુ દુઃખી થઈ જાય છે. આજે 'શ્રી માન મંદિર'ની માતાજી ગૌશાળામાં લૂલી-લંગડી, અસહાય ગૌવંશનું માત્ર પોષણ જ નહીં બલ્કે હરિનામ સંકીર્તન દ્વારા પૂજન પણ થઈ રહ્યું છે.

સૌભાગ્યવશ શ્રીમાતાજી ગૌશાળા એ જ સ્થાન પર છે જ્યાં વૃષભાનુજીની ગાયો બાંધવામાં આવતી હતી.

અથ દોહની કુંડ મંત્ર :

રક્તનીલસિતાધૂમ્રાપીતાગોદોહનપ્રદ ।
વૃષભાનુકૃતસ્તીર્થ નમસ્તુભ્યં પ્રસીદ મેં ।।

આ દોહની કુંડ, મહારાજ વૃષભાનુની લાખો ગાયોના રહેવાનું સ્થાન છે, અહીં ગૌદોહન સંપન્ન થતું હતું; એટલે કે વૃષભાનુ બાબાએ લાલ, સફેદ, કાજળવર્ણી અને પીળી ગાયોને દોહીને, આ સ્થળને તીર્થ બનાવી દીધું. દોહની કુંડ આપને નમસ્કાર છે. આપ મારા પર પ્રસન્ન થઈને કૃપા કરો.

અહીં ગૌદોહન માટે શ્રીકૃષ્ણ આવતા હતા.

આ સ્થળ માટે તરસતી રહી ઈંદિરા.

કમલા હૂ તરસત રહી હમ ન ભઈ બ્રજગાય ।
રાધા લેતી દોહની મોહન દુહતે ગાય ।।

હરિસો ધેનુ દુહાવત પ્યારી ।

કરતિ મનોરથ પૂરણ મન વૃષભાનુ મહર કી બારી ।।
દૂધધાર મુખ પર છબિ લાગતિ સો ઉપમા અતિભારી ।।
માનો ચંદ કલંકહિ ધોવત જહઁ તહઁ બૂંદ સુધારી ।।
હાવભાવ રસ મગન હ્વૈ દોઉ છવિ નિરખતિ લલિતા રી ।।
ગૌદોહન સુખ કરત 'સૂર' પ્રભુ તીનિહુઁ ભુવન કહા રી ।।

શ્રીકૃષ્ણ અહીં શ્રીજીની ગૈયા દોહતા તેથી આનું નામ દોહની કુંડ છે.



ઉત્તિષ્ઠ ભારત

કુંભકર્ણ અવસ્થામાં સ્થિત હે હિંદુ જાગ - ગાય અને વૃષોની રક્ષા કર. આ દુર્લભ વૃંદાવનને બનાવવામાં સહયોગ કર જેનું દર્શન વિધિને પણ દુર્લભ રહ્યું છે. ઐશ્વર્ય દર્શન કરાવ્યા બાદ શ્રીહરિએ વિધિને મધુર વૃંદાવનનું દર્શન કરાવ્યું.

सपद्येवाभितः पश्यन्दिशोऽपश्यत्पुरः स्थितम् ।
वृन्दावनं जनाजीव्य द्रुमाकीर्णं समाप्रियम् ।।

(ભા.૧૦/૧૩/૫૯)

જ્યાં વિવિધ નિવિડ નિકુંજો છે ત્યાં જ છે વૃંદાકાનન! આ જ પ્રયાસમાં 'શ્રીમાનમંદિર'થી સવા લાખ વૃક્ષારોપણનું અભિયાન વ્રજમાં આરંભ કરવામાં આવ્યું જે આજે પણ ચાલુ છે. આગળનું અભિયાન છે દેશવ્યાપી સવા કરોડ વૃક્ષારોપણનું. દેશવ્યાપી થયા બાદ તે નિશ્ચિત જ વિશ્વવ્યાપી પણ બનશે. આજે જરૂર છે વિશ્વવ્યાપી યોજનાઓનો આરંભ કરવાની અને તે વ્રજમાં શરૂ થઈ ચૂકી છે. વ્રજ જગદગુરૂ છે, સંપૂર્ણ વિશ્વને જ્ઞાન આપે છે. વ્રજ ગોપીઓએ કૃષ્ણાવતારનું આ જ તો રહસ્ય સમજાવ્યું છે-

व्रजवनौकसां व्यक्तिरङ्ग ते वृजिनहन्त्र्यलं विश्वमङ्गलम् ।
त्यज मनाक्च नस्त्वस्पृहात्मनां स्वजनहृदुजां यन्निषूदनम् ।।

(ભા.૧૦/૩૧/૧૮)

આ મધુર વૃંદાવનમાં કોઈ રાગ-દ્વેષ નથી.

यत्र नैसर्गदुर्वैराः सहासन् नृमृगादयः ।
मित्राणीवाजितावासद्रुतरुद्वर्षकादिकम् ।।

(ભા.૧૦/૧૩/૬૦)

કુદરતી વેરભાવ ધરાવતા પ્રાણીઓ જેવા કે- સિંહ-હરણ, સાપ-નોળિયો, બાજ-કબૂતર વગેરે વન્ય પશુ-પક્ષીઓ અને મનુષ્ય જેમનું પરસ્પર કુદરતી વેર છે તે આ દિવ્ય વૃંદાવનમાં નથી કારણકે પ્રભુના નિત્યધામમાં 'અચિતાવાસ દ્રુતરૂટ્' રૂટ્ એટલે ક્રોધ, તર્ષા (તૃષા) એટલે કે તરસ (રાગ) નથી। જ્યાં રાગ-દ્વેષ નથી ત્યાં જ છે વાસ્તવિક વૃંદાવન. તેથી યુગલને પ્રાર્થના કરીએ છીએ કે અમને શક્તિ આપો, જેથી અમે વૃંદાવનને વૃંદાવન બનાવીએ, તેની સુંદરતા, મધુરતાનો પરસ્પર વેરભાવથી નાશ ન કરીએ.

શ્રીજી આપણને સૌને દ્વન્દ્વરહિત બનાવે, એ જ યાચના છે.

અધ્યાય-૭૬

મહત્ સમર્હણ

મહત્ સમર્હણમાં આપણે સમ્યક સક્ષમ થઈ શકીએ તે જ રસીલી વ્રજયાત્રાના પઠન-સેવનની ફળશ્રુતિ છે.

મહત્ સમર્હણ શું છે?

નિજ ઇષ્ટની ઉત્કૃષ્ટ ઇજ્યા (સૌથી મોટી પૂજા) જ મહત્ સમર્હણ છે. આ પંક્તિ વૈષ્ણવ સમાજ માટે વેદ્ય-વસ્તુ (જાણવાયોગ્ય સિદ્ધાંત) છે. આજે વૈષ્ણવ સમાજમાં તે ન કેવળ મતિગ્રહીત થવું જોઈએ બલ્કે જો ક્રિયાત્મક રૂપે અવતરિત થઈ જાય તો શંકાને કોઈ સ્થાન નથી કે વૈષ્ણવ જગત અને સંપૂર્ણ ભારત અદ્‌ભુત બળથી સંપન્ન થઈ જશે. એ બળ પણ એવું છે કે જેની સામે ત્રિલોકવિજયી હિરણ્યકશિપુ પણ નિસાર અને મૃત થઈ ગયો અને વળી ઇષ્ટ આજ્ઞા પણ તો એ જ છે- **''समत्वं योग उच्यते''.**

સમભાવ જ મહત્ સમર્હણ (પોતાના ઈષ્ટની પૂજા) છે.

અને

વિષમતા એ જ આસુરી ભાવ છે.

પ્રહલાદનું ત્રિલોકવિજયી પ્રત્યે સમત્વનું જ્ઞાન

જહ્યાસુરં ભાવમિમં ત્વમાત્મનઃ સમં મનો ધત્સ્વ ન સન્તિ વિદ્વિષઃ ।
ઋતેઽજિતાદાત્મન ઉત્પથસ્થિતાત્ તદ્ધિ હ્યનન્તસ્ય મહત્ સમર્હણમ્ ।।

(ભા.૭/૮/૧૦)

આસુરી ભાવ છોડી દો પિતાજી! વિષમ મન જ અસુર છે, જેના કેલિ-કલહે આપને પણ અસુર બનાવી દીધા છે. ખરેખર મન ને સમત્વમાં સમાહિત કરવું એ જ ઇષ્ટની શ્રેષ્ઠ પૂજા છે.

મનુનું ધ્રુવ પ્રત્યે સમત્વનું જ્ઞાન

પુત્ર! સમ દર્શન શીખી લે પછી તો કાંઈ રહેતું જ નથી.

તિતિક્ષયા કરુણયા મૈત્र્યા ચાખિલજન્તુષુ ।
સમત્વેન ચ સર્વાત્મા ભગવાન્ સમ્પ્રસીદતિ ।।

(ભા.૪/૧૧/૧૩)

પ્રિય બની જઈશ તું પ્રભુનો, મોટેરાં પ્રત્યે સહિષ્ણુ, દીન પર દયા, સમવયસ્કો સાથે સમાન અને અખિલ જીવો સાથે સમતાના વ્યવહારથી.



શ્રી કપિલ દેવનું સમત્વનું જ્ઞાન

તિતિક્ષવઃ કારુણિકાઃ સુહૃદઃ સર્વદેહિનામ્ ।
અજાતશત્રવઃ શાન્તાઃ સાધવઃ સાધુભૂષણાઃ ।।

(ભા.૩/૨૫/૨૧)

તિતિક્ષા (સહનશીલતા) છે, કરૂણા છે, પ્રતિઉપકારની ઇચ્છા રહિત સૌહાર્દ છે સૌ પ્રાણીઓ પ્રત્યે જેમાં, વેર સાથે પણ વેર ન કરનારા અજાતશત્રુઓ છે, આવા શાંતચિત્ત સંત જ ખરેખર સંત સમાજની શોભા છે, ભાગવત ભૂષણ છે. આવા ભાગવત ભૂષણ હતા પૃથુજી–

પૃથુના પ્રભુ પ્રત્યેના વચનોઃ

વરં ચ મત્કઞ્ચન માનવેન્દ્ર વૃણીષ્વ તેઽહં ગુણશીલયન્ત્રિતઃ ।
નાહં મખૈર્વૈ સુલભસ્તપોભિ ર્યોગેન વા યત્સમચિત્તવર્ત્તી ।।

(ભા.૪/૨૦/૧૬)

રાજન! ઇચ્છિત વરદાન માગી લો મારી પાસેથી કારણ કે તમારા ભેદવિહીન ગુણભાવોએ મને વશીભૂત કરી લીધો છે.

યજ્ઞ, તપ અને યોગ વગેરે દ્વારા મારી પ્રાપ્તિ કંઈક અંશે અસંભવ જ છે, કારણ કે હું સમચિત્તવર્તી છું.

વિષમતા દોષને કારણે સનકાદિકથી શ્રાપિત થઈને જય-વિજય પૃથ્વી પર આવી પડ્યા હતા.

જય-વિજય કે પ્રતિ સનકાદિક કે વચન

કો વામિહૈત્ય ભગવત્પરિચર્યયોચ્ચૈ સ્તદ્ધર્મિણાં નિવસતાં વિષમઃ સ્વભાવઃ ।
તસ્મિન્ પ્રશાન્તપુરુષે ગતવિગ્રહે વાં કો વાઽઽત્મવત્કુહકયોઃ પરિશઙ્કનીયઃ ।।
ન હ્યન્તરં ભગવતીહ સમસ્તકુક્ષા વાત્માનમાત્મનિ નભો નભસીવ ધીરાઃ ।
પશ્યન્તિ યત્ર યુવયોઃ સુરલિઙ્ગિનોઃ કિં વ્યુત્પાદિતં હ્યુદરભેદિ ભયં યતોઽસ્ય ।।
તદ્વામમુષ્ય પરમસ્ય વિકુંઠભર્તુઃ કર્તું પ્રકૃષ્ટમિહ ધીમહિ મન્દધીભ્યામ્ ।
લોકાનિતો વ્રજતમન્તરભાવદૃષ્ટયા પાપીયસસ્ત્રય ઈમે રિપવોઽસ્ય યત્ર ।।

(ભા. ૩/૧૫/૩૨,૩૩,૩૪)

શ્રી ભગવાનની મહાન સેવાના ફળસ્વરૂપે જે કોઈ આ વૈકુંઠમાં નિવાસ પ્રાપ્ત કરે છે તેનો સ્વભાવ નિશ્ચિત જ ભગવાન જેવો સમદર્શી થઈ જાય છે. પછી જ્યારે ભગવાન સાથે કોઈ વિરોધ નથી, વિષમતા નથી તો તમારી અંદર આ કપટ કેવી રીતે આવ્યું? કપટ શું છે? ભેદભાવ, વિષમતા, સંકીર્ણ વિચાર એ જ તો કપટ છે. પ્રત્યેક ભેદ-પ્રચારક કપટી છે, સંસારનો વિનાશક છે, હત્યારો છે.

જનો જનસ્યાદિશતેઽસતીં મતિં યયા પ્રપદ્યેત દુરત્યયં તમઃ ।
ત્વં ત્વવ્યયં જ્ઞાનમમોઘમઞ્જસા પ્રપદ્યતે યેન જનો નિજં પદમ્ ।।

(ભા. ૮/૨૪/૫૧)

આ કપટ દુરત્યય તમ છે, આસુરી ભાવ છે.

ભલે તે વ્યક્તિગત કલ્યાણની ભાવનાવાળું હોય કે સામાજિક કલ્યાણની ભાવનાવાળું હોય.

અથવા સાર્વભૌમ કલ્યાણની ભાવનાવાળું હોય, કપટનું નાટક જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી રસ કે રસેશની પ્રાપ્તિ તો થશે નહીં, આસુરી ભાવને પ્રાપ્ત કરી અસુર અવશ્ય બની જશો. ભગવાનના ઉદરમાં તમામ જીવો એક સાથે સ્થિત છે, તે સૌનું ઉદ્‌ગમ સ્થાન, લય સ્થાન, નિમિત્તોપાદન (ઈશ્વર) બધું જ સમાન હોય તો પછી પરસ્પર વિષમતાના દુરાગ્રહને ક્યાં સ્થાન જ બાકી રહે છે?

સનકાદિક બોલ્યા-

વૈકુંઠનાથના પાર્ષદ પદને પ્રાપ્ત કરવા છતાં તમારી આ મંદબુદ્ધિ વિષમતા દોષથી ગ્રસિત છે, તેથી જાઓ એ યોનિઓમાં પડો જ્યાં કામ, ક્રોધ, લોભનું પ્રચંડ તાંડવ થઈ રહ્યું છે. એટલે કે ભેદભાવ, વિષમમતિ આ સૌનું એકાન્તિક પરિણામ છે- નારકીય ગતિ.

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ।।

(ગીતા ૧૬/૨૧)

तात तीनि अति प्रबल खल काम क्रोध अरु लोभ ।
मुनि बिज्ञानधाम मन करहिं निमिष महुँ छोभ ।।

(રા.અર.કા. ૩૮૬)

કામ, ક્રોધ, લોભ નરકના ત્રણ દ્વાર છે, કલ્યાણકામીએ નિશ્ચિત જ આ ત્રણેનો ત્યાગ કરવો જોઈએ.

આજે વૈષ્ણવ સમાજમાં કામ, ક્રોધ, લોભનું જે નગ્ન-નૃત્ય દૃષ્ટિગોચર થઈ રહ્યું છે તેનું એકમાત્ર કારણ છે- ભેદબુદ્ધિ, વિષમ મતિ જે આજે ભક્તાપરાધ, મહદાપરાધનું રૂપ લઈ રહી છે.

ગોસ્વામીજીના શબ્દોમાં-

''જે અપરાધુ ભગત કર કરઈ । રામ રોષ પાવક સો જરઈ ।।''

(રા.અયો.કા. ૨૧૮)

સૂરદાસજીના શબ્દોમાં-

શ્રી પતિ દુખિત ભક્ત અપરાધે ।
મમ ભક્તન સૌં બૈર કરત હૈ સકલ સિદ્ધિ મોહિ સોં સાધે ।।
સંતન દ્વેષ દોહિતા કરકે આરત સહિત મોહિ આરાધે ।
સુનો સકલ વૈકુંઠ નિવાસી સાઁચી કહૌં જિન માનો ખેદ ।।
તિન પર કૃપા કરૌં કૈસી વિધિ પૂજત પાંય કંઠ કો છેદ ।
જન સૌં બૈર પ્રીતિ મોસોં કર મેરો નામ નિરન્તર લૈહૈં ।
'સૂરદાસ' ભગવંત વદત હૈં મોહે ભજે પૈ જમપુર જૈહૈં ।।

રસિકોનો પણ આ જ મત છે-

એક સામાન્ય ભક્તના અપરાધથી પણ ડરો-

''ભક્ત સાધારન કે અપરાધહિ કાઁપત ડરનિ હિયો''

આજ વિષમતાઓથી આજે આખો સમાજ ઘેરાયેલો છે, જેણે માત્ર ધર્મને જ નહીં બલ્કે દેશ અને સમગ્ર સંસારને પણ દુર્બળ બનાવી દીધો છે.

સુદૃઢ બનાવો, સશક્ત બનાવો સ્વધર્મને, સમાજને, સંસ્કૃતિને, દેશને, વિશ્વને. વિષમતાઓનું વિષ ન પીઓ ન પીવડાવો.

ભાગવતના વાક્ય પર શંકા ન જ સંભવે-

યસ્ય પ્રસન્નો ભગવાન્ ગુણૈમૈત્ર્યાદિભિર્હરિઃ ।
તસ્મૈ નમન્તિ ભૂતાનિ નિશ્નમાપ ઇવ સ્વયમ્ ।।

(ભા. ૪/૯/૪૭)

જળ સ્વભાવથી જ અધઃ પ્રવાહી હોય છે, આપે જોયું પણ હશે કે નદી હંમેશા નીચેની તરફ વહે છે. એ જ રીતે મૈત્રી (સમભાવ) જેવા મહત્તમ ગુણોને કારણે પ્રભુ જેના પર પ્રસન્ન થઈ ગયા તેની સમક્ષ સર્વ ભૂતોનું નત થવું કુદરતી જ છે.

વિધિના વચન

નાતિપ્રસીદતિ તથોપચિતોપચારૈ રારાધિતઃ સુરગણૈર્હૃદિ બદ્ધકામૈઃ ।
યત્સર્વભૂતદયયાસદલભ્યયૈકો નાનાજનેષ્વવહિતઃ સુહૃદન્તરાત્મા ।।

સર્વભૂતશાલિની દયા અને શ્રદ્ધાથી જ પ્રભુ પ્રસન્ન થાય છે. વિપુલ સામગ્રી (૫૬ ભોગ (કુનવાડા), ૧૦૮ ભોગ), ફૂલ, બંગલા, ષોડષોપચાર પૂજા વગેરેથી નહીં, જો તે આ બધી સામગ્રીઓથી જ પ્રસન્ન થતા હોત તો મોટેભાગે ધનવાનોને જ ભગવદ્ દર્શન થાત અને આજ સુધી બધા ધનાઢ્યો ભગવદ્ પ્રાપ્તિ કરી ચૂક્યા હોત. સર્વેશની સમીપે જવાનો સાચો રસ્તો તો એ જ છે કે જીવમાત્ર પર દયા કરો, સમદર્શનની ભાવના સ્થાપિત કરો.

રાજર્ષિ ચિત્રકેતુ દ્વારા શેષ-સ્તવનમાં સમત્વની શિક્ષા

વિષમમતિર્ન યત્ર નૃણાં ત્વમહમિતિ મમ તવેતિ ચ યદન્યત્ર ।
વિષમધિયા રચિતો યઃ સ હ્યવિશુદ્ધઃ ક્ષયિષ્ણુરધર્મબહુલઃ ।।

(ભા.૬/૧૬/૪૧)

જ્યાં હું-મારું, તું-તારુંનું વૈષમ્ય દોષારોપણ થઈ ગયો ત્યાં ધર્મ ન રહ્યો. એ ધર્મ અધર્મથી ભરપૂર અશુચિ અને ક્ષયિષ્ણુ (નાશવાન) જરૂર થઈ જાય છે. આજે ધર્મના

મૂળમાં જ ભેદ રેખા ખેંચીને આપણે સંસારને માત્ર અધર્મ, નાશવાન્ ધર્મ અને અશુદ્ધ ધર્મની જ તો શિક્ષા આપી છે. કારણ કે ભાગવત ધર્મ તો એટલો વિશુદ્ધ છે કે ત્યાં વિષમ બુદ્ધિ (મારું-તારું)ના આગ્રહને કોઈ સ્થાન જ નથી.

કઃ ક્ષેમો નિજપરયોઃ કિયાનર્થઃ સ્વપરદ્રુહા ધર્મેણ ।
સ્વદ્રોહાત્ તવ કોપઃ પરસમ્પીડયા ચ તથાધર્મઃ ।।

(ભા.૬/૧૬/૪૨)

આવો ભેદોત્પાદક ધર્મ પોતાને માટે તો ખરો જ, બીજાને માટે પણ દુઃખદાયી છે.

તેનાથી હિત સિદ્ધિ ન થઈ શકે. આવા અધર્મયુક્ત ધર્મથી ધર્મીનું મન પીડિત થાય છે અને હે પ્રભુ! આપ કુપિત થઈ જાઓ છો. આપણા આવા ધર્મથી જો બીજાં પણ દુઃખી થતાં હોય તો એ ધર્મ જ ક્યાં રહ્યો? એ તો પૂર્ણ અધર્મ છે.

ઘણો સુક્ષ્મ છે આ વિષય!

એને સમજવો કઠિન છે!

ક્યાંક આપણે ધર્મની ધૂરાથી કૂદીને અધર્મના ખાબોચિયામાં તો નથી તરી રહ્યા!

વૈષ્ણવ સમાજ દ્વારા અજાણે પણ અધર્મનો પ્રચાર ન થાય તે માટે પૂર્વાચાર્યોએ વારે-વારે સાવધાન કર્યા.

શ્રી હિત દ્વારા સમત્વની શિક્ષા

''સેવક વાણી મેં કાચે ધર્મ્મી પ્રકરણ, પાકે ધર્મ્મી પ્રકરણ''[૧]

કહેવાનો અર્થ એ છે કે આપણે ધર્મ-અધર્મને સમ્યક્ રૂપે સમજવો રહ્યો.

''નિરભિમાન નિર્વૈર નિરુપમ નિષ્કલંક જુ સર્વદા ।''

(સેવક વાણી)

આવા મહાપુરુષની રસ-રીતિ, ભજન-પદ્ધતિ અને શિક્ષા તો આટલી જ છે-

શ્રી હરિવંશ જૂ કહી શ્યામ શ્યામા પદ કમલ સંગી શિર નાયૌ- જે પણ યુગલનો સંગી સાથી છે તેની અગળ નત મસ્તક થઈ જાઓ અને અમારી સ્થિતિ કંઈક આવી છે-

---

[૧] શ્રી બાબા મહારાજ પ્રત્યેક વૈષ્ણવ સંપ્રદાયના ગૂઢ ભક્તિ સિદ્ધાંતોનું નિરૂપણ સરળ ભાષામાં પ્રમાણ સહિત આપે છે. આપણે સૌના જીવનમાં સમત્વ આવે એ જ વ્રજયાત્રાનું ફળ છે.

''તે ન વચન માનત ગુરુદ્રોહી નિશદિન કરત આપનૌ ભાયૌ ।''

રસમાં જ અઢળક દુઃખો પેદા કરી દે છે.

ગ્રન્થ પ્રમાન કૈ જો સમુઝાઈયે ।
તૌ તબ ક્રોધ-રારિ ફિર માંડત ।।

(સેવક વાણી)

તચ્છિન કેશ ગહત મુષ્ટિ હનિ સાકત શુદ્ધ બચાવત ડોલત ।
તચ્છિન બોલૈ તૂ પ્રે તૂ રાક્ષસ ફેરિ પરસ્પર જાતિ પ્રમાનત ।।

(સેવક વાણી)

ક્રોધની અધિકતામાં પ્રેમ-રસ તો વિલુપ્ત જ થઈ જાય છે. પ્રેમનું સ્થાન પ્રેત અને રસનું સ્થાન રાક્ષસ લઈ લે છે.

શ્રી હિત શિક્ષાનો સાર

સબસૌં હિત નિષ્કામ મત વૃન્દાવન વિશ્રામ ।
રાધાવલ્લભ લાલ કો હૃદય ધ્યાન મુખ નામ

અથવા

''જો પૈ ધરમ્મી મરમ્મી હૌ તૌ ધરમ્મિન સોં કટ અન્તર પારત ।''

આ અંતરના અંતરાનો જ્યાં સુધી અંત ન થાય ત્યાં સુધી આત્યંતિક ધર્મ સિદ્ધ નહીં થાય. જિન શ્રી હિતજીએ કલિ કાલુષ્યનો નાશ કર્યો-

હરી સબ કલિકાલ કી ભય ।
કૃપા રૂપ જૂ વપુ ધર્યો ।।

આજે આપણે ભેદભરમ ઊભા કરીને ઝગડાઓ કરીને કલિ-કાલુષ્ય વધારીએ છીએ તો તે આચાર્યોનું અનુસરણ તો નથી જ. ક્લેશ-ક્રોધના રૂપમાં જ કલિ છે.

કલેર્દુર્વિષહઃ ક્રોધસ્તમસ્તમનુવર્તતે ।
તમસા ગ્રસ્યતે પુંસશ્ચેતના વ્યાપિની દ્રુતમ્ ।।

(ભા.૧૧/૨૧/૨૦)

તેથી એકાંતિક મન, સદ-અસદ્ને પારખનારી સાત્વિક બુદ્ધિ દ્વારા નિર્ણિત સિદ્ધાંત પર જ ચાલવું.

શ્રી સ્વામીજી (હરિદાસ) દ્વારા સમત્વની શિક્ષા

સ્વામી હરિદાસ સંપ્રદાયાચાર્ય શ્રી વિહારિન દેવજીની વાણી-

અબ હૌં કા સૌં બૈર કરૌં ।
ઐસે કહત પુકારૈં શ્રી મુખ ઘટ-ઘટ હૌં બિહરૌં ।।
તૌ કહિયત અપરાધી જન જો અગ્યાં પગ ન ધરૌં ।
દૂસરી કરૈં બહુત બિગૂચે હોહૂં નર્ક પરૌં ।।
પ્રાની સબ સમાન અવલૌકૌં ભક્તનિ અધિક ડરૌં ।।
‘શ્રીબિહારીદાસ’ હરિદાસ કૃપા તેં નિત નિરભૈ વિચરૌં ।।

આ વિષમ મતિને દૂર કરો નહીં તો ભક્તાપરાધના દોષી ઠરશો.

‘‘ભક્ત સાધારન કે અપરાધહિ કાઁપત ડરનિ હિયૌ’’

એક સામાન્યમાં સામાન્ય અપરાધ પણ મહા-અનિષ્ટકારી થઈ શકે છે.

વ્રજલીલા અને નિકુંજલીલામાં ભેદ-મહાપરાધ

આ વિષમ મતિ લીલામાં પણ વિષમતાનું વિષ વિતરણ કરે છે કે વ્રજ લીલા અને નિકુંજલીલા બંને અલગ-અલગ છે.

પુજ્યાચાર્યોનો મત

શ્રી વિહારિનદેવજીની વાણીમાં વ્રજ વર્ણન-

બ્રજ રજ કાજ કિયે રજ રાખી ।
ઉદ્ધવ આદિ બ્રહ્માદિત દુર્લભ પરી પ્રવાન જુહી શુક ભાખી ।
જાકૌ સુજસ બખાઁનત શ્રી મુખ શ્યામા શ્યામ સહજ મુખ સાખી ।।
‘શ્રીવિહારીદાસ’ બિસ્વાસ તિહૌં બલ ઉમંડિ મૈંડ મરજાદા નાસી ।
રહ્યો ન મન ભૈ ભ્રમ ક્રમ શ્રમ કછુ બ્રજ રજ કાજ કિયો રજ રાખી ।।

શ્રી વિહારિન દેવજી દ્વારા નિકુંજ લીલાનું વર્ણન-

વિહરત દોઉ અતિરંગ ભારે ।
અંસનિ પર ભુજ દિયેં બિલોકત બદન
જોતિ રતિ હોત પરસ્પર નિરખિ કોટિ મદન-મન હારે ।।
અતિ અનુરાગ સુહાગ ભયે બસ રહિ ન સકત નિમુષ ન ન્યારે ।
‘શ્રીબિહારીદાસ’ દંપતિ રાજત મંદિર નિકુંજ નિત સુંદર સુધર સુકુંવારે ।।

આમ છતાં જો ભેદ કે જુદાપણું દેખાય તો સ્થિતિ આ છે-

બાતેં કહત વિહાર કી ગરે પર્‌યો જંજાલ ।
મહલ ટહલ તૈં જાનિયૈ કહા બજાયૈ ગાલ ।।

ભેદ-બુદ્ધિ (અલગ કરનારી બુદ્ધિ)નું તો આચાર્યોએ સર્વત્ર ખંડન કર્યું છે-

અચ્યુત ગોત બખાનિયે ભગતુ ભગતિ કી જાતિ ।
પૂછનહારે નારકી જે ભક્તહિં પૂછૈ જાતિ ।।

ભેદ રહિત ધર્મ જ વિશુદ્ધ છે.

એ જ સાચું મહત સમર્હણ એટલે કે ઇષ્ટની ઇચ્છા છે.

આપણો સર્વત્ર સમભાવ રહે એ જ બાંકે બિહારીલાલજીની સાચી આરાધના છે.

એ જ શ્રી રાધાવલ્લભ લાલની અર્ચના છે.

એ જ બાલકૃષ્ણ પ્રભુ (વલ્લભ કુળ)ની પૂજા છે.

અને એ જ રાધારમણ લાલ (ગૌડેશ્વર)ની સાચી સેવા-પૂજા છે.

એ સત્યને સમ્યક્ રૂપે સમજીએ તો આપણું સ્વત્વ.

અન્યોને સમજાવો તો આપના દ્વારા જીવ-જગતનું કલ્યાણ!

ન પણ સમજો તો આગળ જતાં સમજાય એવી યુગલ સરકારને પ્રાર્થના!

આજે ધાર્મિકોના સમાજમાં દીનતાને ત્યજી માનની ખેવના ઉત્તરોત્તર વધી રહી છે. પ્રત્યેક વ્યક્તિ જગદ્‌ગુરુ બનવા ઇચ્છે છે. ખરેખર તો આવી ઉપાધિઓથી વિધિ પોતે પણ ગભરાય છે.

તસ્મૈ નમો ભગવતે વાસુદેવાય ધીમહિ ।
યન્માયયા દુર્જયયા માં બ્રુવન્તિ જગદ્‌ગુરુમ્ ।।

(ભા.૨/૫/૧૨)

કેવી વિડંબના છે! જગત તો એક જ છે અને એમાં જગદ્‌ગુરુઓની બટાલિયન બની ગઈ, કેવી રીતે ઉદ્ધાર થશે આ જગતનો?

અનાયકા વિનશ્યન્તિ વિનશ્યન્તિ બહુનાયકાઃ ।
કનાયકા વિનશ્યન્તિ તરિષ્યન્તિ સુનાયકાઃ ।।

(શ્રીજી)

ઉપસંહાર

લેખિકા, નિર્દેશક અને સમસ્ત માનમંદિરના આરાધકોનું ઉપસંહારરૂપી લક્ષ્ય-.

યદ્ગોવિંદકથાસુધારસહૃદે ચેતો મયા જૃમ્ભિતં
યદ્વા તદ્ગુણકીર્તનાર્ચનવિભૂષાદ્યૈર્દિનં પ્રાપિતમ્ ।
યદ્યત્પ્રીતિરકારિ તત્પ્રિયજનેષ્વાત્યંતિકી તેન મેં
ગોપેંદ્રાત્મજજીવનપ્રણયિની શ્રીરાધિકા તુષ્યત ।।

થોડા-ઘણા ગોવિંદ કથામૃત રસમાં પુસ્તક લેખન દ્વારા જે હૃદય સ્નિગ્ધ બન્યું છે અથવા કૃષ્ણ ગુણ-કીર્તન, ચરણાર્ચન અને શ્રૃંગાર વગેરેમાં દિવસો વ્યતીત થયા છે અથવા શ્રીહરિના પ્રિયજનો અને સમસ્ત આચાર્યોમાં આત્યંતિક નિષ્પક્ષ અને અસંકીર્ણ પ્રીતિ થઈ છે, તે સૌના પરિપાકરૂપે કૃષ્ણ સહૃદયા શ્રી રાધિકા મહારાણી લાડલીજી અતિ પ્રસન્ન થાય।



પરિશિષ્ટ

સાંકેતિક નામો

આ ગ્રંથ (રસીલી વ્રજયાત્રા)માં લીલાસ્થળીઓના પ્રમાણ, શાસ્ત્રાનુસાર, આચાર્યો, મહાપુરુષો અને સંતોની વાણીઓમાંથી લેવામાં આવ્યા છે. એ બાબતે પુરતી કાળજી લેવામાં આવી છે કે દરેક શ્લોક સંખ્યા અને મહાપુરુષોના પદ લખવામાં ત્રુટિ ન રહે. આ પરિશિષ્ટમાં તે શાસ્ત્રો અને ગ્રંથોનો ઉલ્લેખ છે, જેનો સંદર્ભ લેવામાં આવેલ છે.

સંક્ષિપ્ત નામ	**પૂર્ણ નામ**
આ.પુ.	આદિ પુરાણ
આ.વા.પુ.	આદિ વારાહ પુરાણ
ઈશા ઉપ.	ઈશોપનિષદ
કશ્ચિદ રસિક	કશ્ચિદ રસિક
કૂર્મ પુરાણ	કૂર્મ પુરાણ
કૌમર્ય	કૂર્મ પુરાણ
ગ.સં.ગિ.ખ.	ગર્ગ સંહિતા ગિરિરાજ ખંડ
ગ.સં.ગો.ખ.	ગર્ગ સંહિતા ગોલોક ખંડ
ગ.સં.મ.ખ.	ગર્ગ સંહિતા મથુરા ખંડ
ગ.સં.મા.ખ.	ગર્ગ સંહિતા માધુર્ય ખંડ
ગ.સં.અ.ખ.	ગર્ગ સંહિતા અશ્વમેઘ ખંડ
ગ.સં.વૃ.ખ.	ગર્ગ સંહિતા વૃંદાવન ખંડ
ગ.સં.વૃ.ખ.	ગર્ગ સંહિતા વૃંદાવન ખંડ
ગીતા.	શ્રીમદ્ ભગવદ્ ગીતા
ગો.તા.ઉપ.	ગોપાલ તાપની ઉપનિષદ્
ગોપાલ ચમ્પૂ (ઉત્તર) પૂર્ણ	ગોપાલ ચમ્પૂ (ઉત્તર) પૂર્ણ
ચૈ.ચરિ.મ.લી.	ચૈતન્ય ચરિતામૃત મધ્ય લીલા
છા.ઉપ.	છાન્દોગ્ય ઉપનિષદ્
તૈત્તી. ઉપ.	તૈત્તીરીય ઉપનિષદ્
પ.પુ.પા.ખ.	પદ્મ પુરાણ પાતલ ખંડ
પ.પુ.	પદ્મ પુરાણ
બૃહ.ના.પુ.ઉ.ખ.	બૃહન્નારદીય પુરાણ ઉત્તર ખંડ

संक्षिप्त नाम	पूर्ण नाम
બૃહ.ઉપ.	બૃહદારણ્ય ઉપનિષદ્
બ્ર.ભ.વિ.	બ્રજ ભક્તિ વિલાસ
બ્ર.ભા.મા.	બ્રજ ભાવ માલિકા
બ્ર.વિ.	બ્રજ વિલાસ
બ્ર.વૈ.પુ.	બ્રહ્મવૈવર્ત પુરાણ
બ્ર.વૈ.પ્ર.ખ.	બ્રહ્મવૈવર્ત પ્રકૃતિ ખંડ
બ્ર.વૈ.બ્રહ્મ ખ.	બ્રહ્મવૈવર્ત બ્રહ્મ ખંડ
બ્ર.વૈ.કૃ.જ.ખ.	બ્રહ્મવૈવર્ત કૃષ્ણ જન્મ ખંડ
બ્ર.સં.	બ્રહ્મ સંહિતા
બ્ર.પ્રે.સા.	બ્રજ પ્રેમાનંદ સાગર
બ્ર.વૈ.કૃ.જ.ખં.	બ્રહ્મવૈવર્ત કૃષ્ણજન્મ ખંડ
બ્ર.વૈ.ગ.ખ.	બ્રહ્મવૈવર્ત ગણપતિ ખંડ
ભ.ર.	ભક્તિ રત્નાકર
ભ.ર.સિ.	ભક્તિ રસામૃત સિંધુ
ભવિષ્યોત્તર પુરાણ	ભવિષ્યોત્તર પુરાણ
ભા.	શ્રીમદ્ભાગવતમ પુરાણ
ભા.મા.	ભાગવત માહાત્મ્ય
ભા.ઉ.મા.	ભાગવત ઉત્તર માહાત્મ્ય
ભા.સ્ક.પુ.મા.	ભાગવત સ્કન્દ પુરાણ માહાત્મ્ય
મહા.ભા.અનુ.પર્વ	મહાભારત અનુશાસન પર્વ
મહા.ભા.સભા.પર્વ	મહાભારત સભા પર્વ
ર.વ્યુ.	રઘુવંશ
રસિયા રસેશ્વરી	રસિયા રસેશ્વરી
રા.અયો.કા.	રામાયણ અયોધ્યાકાંડ
રા.ર.કા.	રામાયણ અરણ્યકાંડ
રા.ઉ.કાં.	રામાયણ ઉત્તરકાંડ
રા.કિ.કા.	રામાયણ કિષ્કિંધાકાંડ
રા.બા.કા.	રામાયણ બાલકાંડ
રા.સુ.કા.	રામાયણ સુંદરકાંડ
રા.સુ.નિ.	રાધા સુધાનિધિ
રાધોપનિષદ	રાધોપનિષદ
વા.પુ.	વાયુપુરાણ
વા.રા.અયો.કા.	વાલ્મીકિ રામાયણ અયોધ્યાકાંડ
વા.રા.સુ.કા.	વાલ્મીકિ રામાયણ સુંદરકાંડ
વા.પુ.	વામન પુરાણ

સંક્ષિપ્ત નામ	પૂર્ણ નામ
વિ.પુ.	વિષ્ણુ પુરાણ
વૃ.ગૌ.તં.	વૃહદ્ ગૌતમીય તંત્ર
વૃ.પુ.શ.	વૃષભાનુપુર શતક
વ્યા.વા	વ્યાસ વાણી (હરિરામ વ્યાસજી).
વ્યા.વા.વૃ.મહિ.	વ્યાસવાણી વૃન્દાવન મહિમા
શ્રૃં.ર.સા.	શ્રૃંગાર રસ સાગર
શ્રી વલ્લભદિગ્વિજય	શ્રી વલ્લભદિગ્વિજય
શ્રી વિશ્વનાથ ચક્રવર્તી પાદ	શ્રી વિશ્વનાથ ચક્રવર્તી પાદ
શ્રી હિત ચતુરાસી	શ્રી હિત ચતુરાશી
શ્રૃં.ર.સા.	શ્રૃંગાર રસ સાગર
સ.કુ.સં.	સનત કુમાર સંહિતા
સુબાલોપનિષદ	સુબાલોપનિષદ્
સૂ.વિ.પ.	સૂર વિનય પત્રિકા
સૂ.સા.	સૂરસાગર
સૌપર્ણ સંહિતાયામ્	સૌપર્ણ સંહિતાયામ્
સ્ક.પુ.	સ્કન્દ પુરાણ
સ્ક.પુ.મ.ખ.	સ્કન્દ પુરાણ મથુરા ખંડ
સ્ક.પુ.વૈ.ખ.	સ્કન્દ પુરાણ વૈષ્ણવ ખંડ

અનુક્રમણિકા

અંગરાવલી.....૭૮૪
અક્રૂર ઘાટ.....૪૫૧
અઘાસુર.....૨૦૬
અઘાસુર લીલા.....૩૬૯
અડીગ.....૫૮૯
અનિરુદ્ધ.....૫૪૯
અંજપુર.....૧૫૪
અપ્સરા કુંડ.....૬૪૬
અંબરીષ ટેકરી.....૫૩૫
અરિષ્ટ વન.....૬૮૦
અલકનંદા.....૭૪૯
અવિમુક્ત તીર્થ.....૫૩૬
અશોક વન.....૩૮૩, ૪૪૮
અશ્વત્થ-વૃક્ષ.....૫૬૩
અશ્વત્થામાનું મંદિર.....૨૧૨
અષ્ટભુજા નારાયણ.....૩૨૯
અષ્ટસખી કવિત્ત.....૧૭૧
અષ્ટાવક્રજી.....૩૮૪
અસકુંડા ઘાટ.....૫૩૬
અસુર પોંડ્રે.....૩૨૮
અસ્સી ઘાટ.....૫૩૬
અહમલ નગલા.....૫૭૫
આકાશ ગંગા.....૨૧૨
આઝઈ.....૩૭૨
આટસ.....૩૮૪
આદિ બદ્રી.....૭૪૯, ૭૮૪
આદિત્ય ટેકરી.....૪૧૨
આદિવૃંદાવન.....૭૭૨
આનંદઘન બાબા.....૨૨૫
આનંદી.....૪૫૪
આન્યૌર.....૬૩૫
આરિટ ગ્રામ.....૬૮૦
આસુરી મુનિ.....૩૯૭
આસેશ્વર.....૨૫૨
આહ્લાદિની શક્તિ.....૫૧૯
ઇન્દ્રતીર્થ.....૬૦૨
ઉઝાની.....૩૪૩
ઉદ્ધવ કુંડ.....૬૭૪
ઉદ્ધવ ક્યાર.....૨૩૩
ઉમરારો.....૩૬૫
ઊંચું ગ્રામ.....૫૩, ૧૪૯
ઋણમોચન.....૪૮૭
ઋણમોચન કુંડ.....૬૯૧
ઋષિ ટેકરી.....૫૩૫
ઋષિ તીર્થ.....૫૩૬
એંચા દાઉજી.....૩૪૬
ઐરાવત કુંડ.....૬૪૯
કંકણપુર.....૧૬૫
કંસ ટેકરી.....૫૩૫
કંસવધ સ્થળ.....૫૩૬
કણ્વ વન.....૮૧૨
કથા
કાકભુશુંડિ.....૩૬
મહામંત્ર.....૪૫
યુગલ મંત્ર.....૪૬
શંકરાચાર્ય.....૪૦
શ્રીવલ્લભાચાર્યજી ...૪૧,૮૪
કદંબ ખંડી.....૩૪૦
કદંબ ખંડી.....૮૧૩
કદલીવન.....૨૦૧
કનક કુંડ.....૫૭૫
કનવારા.....૮૧૨
કન્ખલ.....૫૩૬
કમઈ ગ્રામ.....૧૬૮
કરહલા.....૧૫૯
કરહલા ગ્રામ.....૧૬૫
કલિયુગ ટેકરી.....૫૩૫
કાગરૂપ.....૫૦૭
કાજલ કુંડ.....૨૩૭
કાનપુર ઓરૈયા
તાલુકો.....૫૩૦
કામર.....૩૦૦
કામવન.....૭૮૪
કામાં.....૭૮૪
કામેર ગ્રામ.....૩૦૨
કામેશ્વર મહાદેવ.....૬૩૩,૭૯૫
કાલિંદી.....૫૫૫
કાશી.....૭૮૪
કાસરોટ.....૩૫૨
કાસોરિયા.....૫૯૩
કિશોરી અલીજી.....૧૧૭
કિશોરી કુંડ.....૩૬૫
કુંજર ક્રીડા.....૫૯૩
કુંજેરા.....૫૯૩
કુબેર તીર્થ.....૬૦૨
કુબ્જા કૂપ.....૫૩૬
કુમુદવન.....૫૫૧
કુંભન તલાવડી.....૫૬૩
કુંભનદાસજી કૂપ.....૫૬૩
કુવલયાપીડ વધ સ્થળ.....૫૩૬
કુશ વન.....૩૩૩
કુશસ્થળી.....૩૩૩
કુસુમ સરોવર.....૬૭૦
કૃષ્ણકુંડ.....૩,૨૫૦,૨૫૧
કૃષ્ણ ગંગા ઘાટ.....૫૩૬
કૃષ્ણદાસનો કુવો.....૬૨૬
કૃષ્ણક્રીડાવરપ્રદ.....૫૦૨
કેદારક્ષેત્ર.....૭૭૨
કેદારનાથ.....૭૮૪
કેશવદેવજી.....૫૩૦
કોંથરકુંડ.....૫૭૫
કોંથરા.....૫૭૫
કોકિલા વન.....૨૮૮, ૭૮૫
કોટવન.....૩૦૮
કોટિ તીર્થ.....૫૩૬
લક્ષ્મણ હોળી.....૫૭૦
કોનઈ.....૫૯૪
કોષ સ્થળ.....૩૩૩
કોસી.....૩૩૩
ક્ષીરસાગર.....૪૫૯
ક્ષુણહાર કુંડ.....૨૪૮

ક્ષુણહાર સરોવર.....૨૨૩
ખદેડ વન.....૨૦૬
ખરોંટ.....૩૩૫
ખિસલની શલિા.....૭૯૩
ખૂંટો.....૨૩૭
ખેચરી.....૫૭૦, ૫૮૨
ખેલન વન.....૩૪૩
ખો.....૭૪૭
ગઢવન.....૩૪૩
ગઢવન.....૫૮૨
ગણેશ ટેકરી.....૫૩૬
ગણેશરા.....૫૬૯
ગતાશ્રમ.....૫૩૫
ગતાશ્રમ ટેકરી.....૫૩૫
ગન્ધમાદન પર્વત.....૫૪૮
ગયા.....૭૮૪
ગયા કુંડ.....૩
ગરુડ ગોવિંદ.....૩૭૨
ગર્ગાચાર્ય.....૩૦૨, ૩૫૨
મહવર વન.....૫૮
ગાંગરોલ.....૩૫૨
ગાંગરોલી.....૩૫૨
ગાંઠોલી.....૭૩૯
ગાડીહ.....૨૮૧
ગિરીશ કુંડ.....૨૧૦
ગીતા
૦૨.૧૫.....૮૩૭
૦૪.૧૧.....૪૨૭
૦૪.૧૯.....૧૫૬
૦૫.૨૧.....૩૯૭
૦૯.૧૩.....૪૯
૦૯.૨૨.....૩૨૮
૦૯.૨૭.....૪૪
૧૩.૦૮.....૬૩૭
૧૩.૦૯.....૮૪૪
૧૬.૨૧.....૮૪૬
૧૭.૨૩.....૫૦
૧૮.૪૮.....૫૨
૧૮.૬૮,૬૯.....૧૪
ગુલાબ સખી.....૧૧૭
ગુલાબકુંડ.....૬૨૫
ગુહ્યતીર્થ.....૫૩૬
ગો સેવા
અકબર.....૮૪૭
પોદ્દારજી.....૮૪૭
મહારાજ દિલીપ.....૫૯
શ્રી વશિષ્ઠજી.....૮૪૨
ગોકર્ણ તીર્થ.....૫૩૬
ગોકુળ.....૫૦૫
ગોપકુંડ.....૩૬૭
ગોપાલ કુંડ.....૩
ગોપાલ ચમ્પૂ.....૪૩૬
ગોપાષ્ટમી.....૨૨૯
ગોપી કુંડ.....૩૦૧
ગોપેશ્વર મહાદેવ.....૬૩૩
ગોમતી કુંડ.....૩૩૩
ગોમતી ગંગા.....૩
ગોવર્ધન મહિમા.....૫૯૯
ગોવર્ધન યુગલ-નયન.....૬૦૩
ગોવિંદ કુંડ.....૬૪૧
ગૌ ઘાટ.....૫૩૬
ગોચારણ ભૂમિ.....૩૦૮
ગ્વાલ પોખરા.....૬૮૯
ગ્વાલ કુંડ.....૫૮૨
ઘંટા ભરણ.....૫૩૬
ઘીયા મંડી.....૫૩૭
ચક્રતીર્થ.....૫૩૬, ૬૩૩
ચક્રેશ્વર મહાદેવ.....૬૩૩
ચન્દ્રકૂપ.....૬૯૮
ચન્દ્ર સરોવર.....૬૯૫
ચમેલી વન.....૩૨૦
ચરખુલા નૃત્ય.....૫૭૦
ચરણ પહાડી.....૨૩૮
ચિકસૌલી.....૧૬૬
ચિત્રાંગદ કથા.....૩૬૯
ચિન્તાહરણ.....૪૮૭
ચિલ્લી.....૨૦૬
ચીરઘાટ.....૩૫૫
ચોગાનપટ્ટી.....૭૦૫
ચૌમુંહા.....૨૦૬,૩૬૮
ચોર્યાસી કુંડ.....૭૮૪
છટીકરા.....૩૭૨
છાંહરી.....૩૮૪
છાક લીલા.....૭૩૩
છાશ કુંડ.....૨૫૦
છાતા.....૩૬૫
છાયાસીતા.....૫૭૩
નાની બહેન.....૨૬૪
નાના ભરના.....૫૮૬
જંગલી નગલા.....૫૭૫
જડખોર ગુફાઓ.....૭૪૩
જતિપુરા.....૬૨૪
જનૂથર.....૭૩૬
જન્હુ ઋષિ.....૩૫૩
જન્હુ વન.....૩૫૨, ૭૩૬
જરાસંધ.....૪૫૨
જસોતી.....૫૮૬
જ્ઞાન-અજ્ઞાન.....૬૨૪
જીવ વટ.....૨૭૦, ૨૭૪
જીવ ગોસ્વામી.....૩૬૧
જૈંત.....૩૭૨
જ્ઞાન કુંડ.....૫૭૫
જ્ઞાન ગોદડી.....૨૩૫
ઝંડીની હોળી.....૫૨૨
ઝૂલણ ક્રીડા સ્થાન.....૫૭૦
ટેરકદંબ ખીર લીલા.....૬૧૨
ટોટા ગોપીનાથ.....૨૫૩
ટોડ કો ઘનો.....૪૩૦
ડભારા ગ્રામ.....૭૪૧
ડિરાવલી.....૧૬૬
ડોમપુરા.....૫૮૬
તડાગ તીર્થ.....૫૭૫
તપોવન.....૨૨૩
તપ્ત કુંડ.....૩૫૮
તરોલી.....૩૬૮
તસિયા.....૫૭૫
તારાપુર.....૪૫૪
તારા સખી.....૩૬૮
તાલવન.....૫૪૭
તિન્દુક ઘાટ.....૫૩૬
તિન્દુક તીર્થ.....૫૩૬
તિલોત્તમા.....૫૪૬
તૂમેરા ગ્રામ.....૩૬૧
તોષ.....૫૮૬
ત્રૈલોક્ય રમણક્ષેત્ર.....૫૦૨
દંડોતી શિલા.....૬૩૮
દતિહા.....૫૮૨

દધિ કુંડ.....૩૧૧
દધિહારી દેવી ૩૧૧
દધીચિ ૮૦૦
દશાશ્વમેઘઘાટ ૫૩૬
દાઊજી.....૪૫૮
દાઊજી મંદિર.....૩૪૪, ૬૪૯
દાન કી ઠૌર.....૬૨૦
દીર્ઘપુર.....૭૩૬
દુગ્ધકુંડ ૪૫૯
દુર્વાસા ૩૦૨
દુર્વાસાની ઝાડી.....૩૦૧
દુર્વાસા મંદિર ૩૦૧
દેવપુરા.....૫૮૮
દેવશીર્ષ.....૨૦૨
દેવી આટસ.....૩૮૩
દોમિલ વન.....૨૩૧
દોસેરસ ૨૦૨
દ્રૌપદી.....૫૭૩
દ્વાદશાક્ષર મંત્ર.....૪૭
દ્વારિકાધીશ.....૫૩૩
ધનુષ ટેકરી.....૫૩૬
ધમસીંગા.....૨૮૧
ધમાર
ગોવર્ધનેશજી ૭૦
માધવદાસજી ૭૦
રસિક નરહરિયા.....૬૯
રાધાકૃષ્ણ વિવાહ.....૬૮
શ્રી વિઠ્ઠલદાસ.....૭૦
શ્રી શ્યામદાસ.....૭૦
હોરી લીલા.....૧૮૩
ધર્મકુંડ.....૭૮૪
ધારા પતન ૫૩૬
ધેનુકાસુર ૫૪૭
ધ્રુવ ટેકરી.....૫૩૫, ૫૪૩
નંદી-બંદી.....૪૫૪
નગલા ૫૯૩
નગલા શેરા ૫૭૫
નગલા સત્તૂ.....૫૭૫
નગલા સબલા.....૫૭૫
ननु ૫૭૫
નંદઘાટ.....૩૬૦
નંદબાબાનો કોષ.....૩૩૩
નંદ બેઠક ૨૩૭
નંદગ્રામ ૨૧૫
નંદગ્રામના ૫૬ કુંડ ૨૫૫
નંદદાસજી ૫૩૪
નંદનંદન સરોવર.....૩૨૨
નંદીશ્વર પર્વત.....૨૧૫
નંદેરો ગ્રામ ૮૧૧
નયન સર.....૭૩૮
નયન સરોવર ૩
નરસિંહ મેહતા ૮૬
નવલકુંડ ૬૪૬
નવું ગ્રામ ૫૯૩
નાખેત ૫૮૯
નાગ ટેકરી.....૫૩૬
નાગતીર્થ ઘાટ ૫૩૬
નાગલક્ષ્મી ૪૬૫
નાગાજીની
ભજનસ્થળી.....૮૧૩
નારદ કુંડ ૬૯૩
નારદ વન ૬૯૩
નારાયણ પર્વત ૭૬૨
નારાયણ વન ૩૬૭
નીમ ગ્રામ ૫૭૬
નૈનૂ પટ્ટૂ ૫૭૫
પં. બાબા શ્રીરામકૃષ્ણ
દાસજી.....૨૫
પદ
કૃષ્ણદાસ.....૨૨૦
ગહવર વનની લીલા.....૮૨
ગોવિંદસ્વામી.....૩૩
છીતસ્વામીજી ૩૩
ધ્રુવદાસ ૨૨૨
નંદદાસ ૨૨૦
નાગરિદાસ.....૧૨૦
પરમાનંદ ૨૨૦
બઠેનની લીલા.....૨૯૫
બરસાના હોળી.....૭૪
બાલ અને શ્રૃંગારલીલા ..૮૨
મહાવાણી.....૨૨૧
શ્રી અભયરામજી ૫૫
શ્રી ગરીબદાસ.....૨૧૫
શ્રી ચતુરબિહારી.....૨૧૧
શ્રી ધ્રુવદાસજી ૧૬૧
શ્રી સૂરદાસજી ૮૪૧
શ્રી હરિદાસજી ૫૩
સાંકડી ખોર ૮૯
સૂરદાસ.....
૨૨૦, ૨૩૩, ૨૩૪
૨૮૩, ૨૮૪
સ્વામી હરિદાસજી.....૫૮
હોળીની જાન.....૭૫
પદ્મકુંડ.....૫૫૨
પનઘટ કુંડ ૨૩૯
પનિહારી કુંડ.....૨૩૯
પરકીયા લીલા.....૨૭૪
પરખમ.....૨૦૬
પરમદરા.....૭૪૨
પરશો ૫૯૪
પરાસૌલી ૫૫૫
પલસોં ૫૯૩, ૫૯૪
પલાશ-પલ્લી.....૬૯૮
પસોલી.....૨૦૬,૩૬૯,૫૮૨
પાંડવગંગા.....૩૦૦
પાની ગ્રામ.....૪૦૫
પાન્યોહરી.....૭૩૯
પાપમોચન કુંડ ૬૯૧
પાલી.....૫૯૦
પાવન સરોવર.....૨૪૨,૨૪૩
પિપાસા વન.....૨૧૦
પિસાયા વન.....૨૧૨
પીરી પોખર ૧૦૩
પુલસ્ત્ય ઋષિ ૫૯૭
પુષ્ટિમાર્ગના જહાજ.....૭૦૦
પુષ્પવન.....૬૭૦
પૂંછ કુંડ.....૬૪૭
પૂંછરી ગ્રામ.....૬૪૬
પૂતના.....૫૭૦
પૂર્ણમાસીજી ૨૩૨
પૈઠા.....૬૯૨
પૈગાંવ.....૩૩૯
પોતરા કુંડ ૫૩૧, ૫૩૬
પૌઢાનાથ.....૩૨૫
પ્રયાગ.....૫૩૬, ૭૮૪
પ્રલમ્બ.....૪૬૩
પ્રલમ્બનો પ્રાણોત્સર્ગ.....૩૮૭
પ્રવિષ્ટપુરી.....૬૯૨
પ્રસ્કંદન ઘાટ.....૪૧૨

પ્રહલાદ લીલા.....૩૩૫
પ્રાચીન વૃંદાવન.....૪૦૦
ગન્ધર્વ ગણ.....૨૮૩
ચંપકલતા.....૧૬૦
પ્રેમસરોવર ૧૧૧
માન મંદિર.....૯૮
વિવાહસ્થળ ૧૬૧
હિંડોલ ૧૬૦
પ્રાર્થના મંત્ર
અક્રૂર કૂંડ.....૩૩૨
અક્રૂર ઘાટ ૪૫૧
અંજનપુરવન ૧૫૬
અશોક વન ૩૮૩
અષ્ટાદશસખિનામનિ ...૬૭૦
અસિભાંડતીર્થ ૩૮૯
આનંદ સરોવર.....૭૪૯
આહૂતવન.....૩૪૧
ઇન્દ્રવન ૮૧૨
કદંબખંડ.....૧૬૦
કદલીવન.....૨૦૨
કર્ણવન.....૮૧૨
કામરુવન.....૩૦૧
કામસર.....૨૮૬
કામેશ્વર.....૭૯૭
કિશોરીકુંડ ૨૭૪
કિશોરીકુંડસ્નાનાચમન
.....૧૫૬
કીર્તિ સરોવર ૧૦૬
કુમુદવન.....૫૫૨
કુશવન ૩૩૪
કૃષ્ણાન્વિત
કિશોરીદર્શન.....૧૫૭
કોકિલા વન.....૨૮૮
ખદિરવન.....૨૦૩
ખદિરવન.....૨૦૪
ગદાધરકુંડ ૭૭૯
ગયાકુંડ ૭૯૭
ગહવરવન ૮૦
ગાનવન ૮૦
ગિરીશકુંડ ૨૧૦
ગો ગોપાલ ૮૧૨
ગોદૃષ્ટિ વન.....૭૪૬
ગોપકુંડ ૩૬૭
ગોપાલકુંડ ૭૪૬
ગોપીનાથ ૭૯૮
ગોમતી.....૩૩૪
ગોમાસુરગુફા ૭૯૭
ગોવર્ધન ૫૯૬
જન્હુઋષિકુપ સ્નાના
ચમન.....૩૫૩
જાતીવન.....૫૬૬
ટેર કદંબ વન ૨૫૨
તારાકુંડ.....૩૬૮
તારાવન.....૩૬૮
તિલકવન.....૮૧૦
તિલકવન.....૮૧૧
દધિ માટ ૨૩૭
દાનકુંડ ૮૧૩
દાનગઢ.....૧૦૧
દીર્ઘ વિષ્ણુ ૫૩૭
દીર્ઘનંદન કૂપ ૮૧૧
દુગ્ધકુંડ ૪૬૦
દેવતા કુંડ ૮૧૨
દોહની કુંડ ૯૭
દ્રૌપદી પંચપાંડવ ૭૯૮
ધ્યાનકુંડ ૩૪૧
નંદકૂપવન ૮૧૧
નંદનવન.....૩૨૨
નંદભવન.....૨૨૪
નારદકુંડ ૬૯૪
નારદવન ૬૯૪
નારાયણવન.....૩૬૭
પંચસર ૭૯૭
પદ્મકુંડ.....૫૫૨
પદ્મનાભ ૫૩૭
પરમાનંદ સંજ્ઞક વન ૭૪૧
પરમોક્ષ કુંડ ૭૯૯
પિપ્લાદ ૮૦૦
બ્રજેશ્વર મહાદેવ ૧૦૬
ભદ્ર સરોવર ૩૯૨
ભદ્રવન.....૩૯૧
ભદ્રેશ્વર.....૩૯૨
ભાંડીરવન.....૩૮૯
ભારદ્વાજ ૮૦૦
મંદાકિની ૨૧૨
મણિકર્ણિકા.....૭૯૯
મત્સ્યકૂપ ૩૮૯
મધુમંગલ કુંડ.....૮૧૦
મધુવન ૫૪૫
મધુસૂદન કુંડ ૨૩૭
મધુસૂદન કુંડ ૫૪૫
મયૂરકૂટી દર્શન ૭૯
મહાવન ૪૯૯
માધુરીકુંડ ૫૬૭
માન સરોવર.....૩૩૪
માનમાધુરી ૫૬૭
માનસરોવર ૪૦૦
માનસરોવર ૫૮૮
માહેશ્વરી સરોવર.....૯૭
મુક્તિવન.....૮૧૦
મૃગાવતી કુંડ ૮૧૧
મૃગાવતી કુંડ ૮૧૧
યજ્ઞપત્નીસ્થળ.....૪૪૯
યશોદાકુંડ.....૨૩૬
યશોદાકુંડ.....૭૯૯
રતિકેલિ કૂપ ૫૮૮
રત્નાકર સરોવર ૨૮૯
રાધાકૃષ્ણ દર્શન.....૬૨
રાધાવલ્લભ ૭૯૮
રાધાસરસ્નાનાચમન ૮૨
રાસ મંડળ.....૮૨
રાસમંડળ.....૨૧૨
રાસસ્થળ.....૨૮૯
રુદ્રવન.....૭૭૯
રેવતી રમણ ૪૬૬
લક્ષ્મીકુંડ ૩૨૯
લઘુશેષશયન વન.....૩૨૯
લલિતાકુંડ ૨૩૧
લલિતા સરોવર
(કરહવન) ૧૬૦
લીલાવતી કુંડ.....૬૭૦
લોહાંગ વન ૨૧૦
વાક્ય વન ૩૪૭
વામન કુંડ.....૭૩૯
વારુણી કુંડ.....૩૪૯
વિમલ કુંડ ૭૮૬
વિલાસગઢ ૧૦૦
વિશ્વેશ્વર કુંડ.....૩૦૧
વિષ્ણુચરણ.....૭૮૭

વિહારવન.....૩૪૯
વૃષભાનુકુંડ.....૧૦૪
વૃષભાનુપુર દર્શન.....૬૨
વૃષભાનુપુરોત્પત્તિ.....૫૯
શતકોટિગોપિકા-
રાસમંડળ.....૩૪૯
શિક્ષા વન.....૨૮૬
સહસ્ર તીર્થ સરોવર....૭૯૯
સાંકરી ખોર.....૮૮
સારિકા વન.....૫૮૭
સીતા કુંડ.....૩૮૩
સીતા કુંડ.....૭૯૮
સૂર્ય કુંડ.....૪૫૩
સૂર્યપતનવન.....૭૩૫
સ્વપ્નવન.....૩૩૨
હાઊ.....૨૩૬
હાહાવન.....૫૮૮
પ્રાર્થનામૃત તરંગિણી.....૬૩૫
પ્રેમ વૈચિત્રી.....૮૦,૩૧૧,૪૬૫
ફણિ ગ્રામ.....૪૦૫
ફાલેન.....૩૩૫
બછ ગ્રામ.....૫૭૫
બજની શિલા.....૬૩૬
બજ્જકીલ પર્વત.....૩૪૩
બજ્જવારી.....૨૬૭
બઠેન.....૨૯૪, ૭૮૫
બઠેનની હોળી.....૨૯૫
મોટી બઠેન.....૨૯૫
બદ્રીનાથ.....૭૪૯
બન્દી.....૪૫૪
બરસાના.....૫૭
રંગીલી હોળી.....૭૧
સૂર્યકુંડ.....૧૧૬
બલભદ્ર કુંડ.....૫૩૬,૭૮૮
બલિ ટેકરી.....૫૩૫
બસઈ ગ્રામ.....૩૬૫
બહુલાશ્વ.....૫૨૫, ૫૪૮
બાંસુરી કુંડ.....૫૭૫
બાકલ.....૫૮૨
બાજના.....૨૦૬
બાલહારા.....૨૦૬
બિછુઆ કુંડ.....૩
બિજૌલી.....૩૮૪
બિલ્છૂ કુંડ.....૬૦૬,૬૨૫
બૂઢે બદ્રી.....૭૪૯
બૃહદ વ્રજ ગુણોત્સવ.....૬૭
બેલ વન.....૩૯૫
વૈકુંઠ.....૫૩૬
વ્રજ દીપિકા.....૬૭
વ્રજ પ્રકાશ.....૬૭
વ્રજ મહોદધિ.....૬૭
વ્રજભક્તિ વિલાસ.....૬૭
વ્રજોત્સવ ચંદ્રિકા.....૬૭
વ્રજોત્સવ હ્લાદિની.....૬૭
બ્રહ્મકુંડ.....૬૩૩
બ્રહ્માંડઘાટ.....૪૯૬
ભગવદ્ પ્રીતિ.....૧૪
ભગોસા.....૫૯૩
ભગૌસા.....૬૩૨
ભતરોડ.....૪૪૯
ભદાવલ.....૨૧૨, ૩૯૧
ભદ્રવન.....૩૯૧
ભય ગ્રામ.....૩૬૧
ભરના કલા.....૫૮૯
ભાંડીર કૂપ.....૫૩
ભાંડીર વન.....૩૮૭, ૫૨૦
ભાંડીર વન.....૧૪૪
ભાનુગઢ.....૬૨
ભારતવર્ષનો અર્થ.....૫૨૨
ભાવનાસાર સંગ્રહ.....૬૩૫
ભીમકુંડ.....૭૮૪
ભૂતેશ્વર મહાદેવ....૫૨૫, ૬૩૪
ભોજન થાળી.....૭૯૪
ભ્રમર રહસ્ય.....૩૦૪
મડોરા.....૫૯૩
મણિકર્ણિકા ઘાટ.....૫૩૬
મત્સ્ય કૂપ.....૩૮૮
મથુરા.....૫૨૨
મથુરાની આકૃતિ.....૫૨૭
મધુપદ્મા.....૫૨૩
મધુપુરી.....૫૨૩
મધુવન.....૨૦૫, ૫૪૩
મધુષિકાદિક.....૫૨૩
મનસા દેવી.....૬૩૩
મનોહર કુંડ.....૨૪૦
મંદાકિની કુંડ.....૨૧૨
મયૂરકુંડ.....૨૫૦
મલ્હૂ.....૫૭૫
મહરાના.....૨૮૪
મહર્ષિ સૌભરિ.....૩૭૩
મહાનમહા ઋષિ.....૪૯૯
મહારાસ સ્થળ.....૩૧૫
મહારાસ સ્થળી.....૨૦૫
મહારુદ્રવન.....૭૭૯
મહાવન.....૪૯૯
મહાવિદ્યા કુંડ.....૫૩૬
મહુરા.....૫૨૩
માંટ.....૩૮૪
માડવ ગ્રામ.....૪૫૨
માંડવ્ય ઋષિ.....૫૭૪
માથુર મંડલ.....૫૨૫
માધવ કુંડ.....૨૦૪
માધુરી કુંડ.....૫૬૬
માન કુંડ.....૭૮૮
માનગઢ.....૬૮
માનસરોવર.....૩૯૭, ૪૨૫
માનસીગંગા.....૬૦૨
માર્કંડેય ઋષિ.....૪૫૨
માર્કંડેયજી.....૩૦૨
માવઈ કુંડ.....૩૩૪
મુખરાજી.....૬૮૩
મુખરાઈ.....૬૮૪
મુખારવિંદ.....૬૩૫
મુડસેરસ.....૨૦૨
મડિયાપૂનો.....૬૦૪
મુનિશીર્ષ.....૨૦૨
મેંહદલા કુંડ.....૩
મોક્ષ તીર્થ.....૫૩૬
મોતી કુંડ.....૨૪૮
મોહન કુંડ.....૨૫૧, ૩૦૧
મોહિની કુંડ.....૭૮૮
યજ્ઞ કુંડ.....૭૮૪
યમતીર્થ.....૬૦૨
યમુનાવતો.....૫૫૫
યમુના તીર્થ.....૫૩૬
યશોદા કૂપ.....૨૪૨
યાત્રા નિયમ.....૧૨
યોગ પીઠ.....૩૫૨
રંગભૂમિ સ્થળ.....૫૩૬

રંગીલી ગલી ૬૮
રંગીલી હોળી.....૨૧૮
રજક વધ ટેકરી.....૫૩૫
રજક વધ સ્થળ ૫૩૬
રત્નકુંડ.....૩
રત્ન સિંહાસન.....૬૮૪
રત્નાકર સરોવર ૨૮૯
રત્નાકર સાગર ૩૩૩
રનવારી ૩૬૬
રમણરેતી.....૫૧૩
રસધાન ગ્રામ ૫૩૦
રાંકોલી.....૧૫૮
રાઘવપંડિતની ગુફા ૬૪૭
રાજધાન, બુછૌલી.....૬૩૨
રાજા સુયજ્ઞની
રાધારાધના.....૭૯૦
રાધા-અર્થ ૫૨૦
રાધા કુંડ.....૬૭૯
રાધા જન્મ વધામણી.....૫૧૭
રાધારાણી
વિવાહ લીલા.....૧૦૩
રાધારાણીની રાજગાદી ૩૬૫
રાધા વિનોદ.....૩૬૫
રાધા શબ્દની નિષ્પત્તિ.....૩૫૬
રાધા સુધા નિધિ
૦૦૧ .....૫૭
૦૨૨.....૭૩૭
૦૨૬ .....૫૭
૦૨૯.....૨૧૯
૦૩૦.....૩૪૩
૦૩૭ .....૯૫
૦૩૮.....૭૩૮
૦૪૦ .....૬૨
૦૪૬.....૧૧૧
૦૬૫.....૩૯, ૫૪
૦૬૮.....૨૧૯
૦૯૫.....૪૦૨
૦૯૭.....૩૫૬
૧૧૪.....૮૬૩
૧૬૩.....૮૩૫
૧૮૧.....૭૬૧
૨૦૫.....૨૭૩
૨૦૯, ૨૧૦ .....૨૧૭
૨૨૩.....૮૨૧
૨૨૩.....૮૩૬
૨૨૫ .....૬૩
૨૨૭.....૭૩૭
૨૩૨ .....૬૧
૨૬૨ .....૫૬
૨૬૪ .....૩૪
૨૬૪ .....૫૪
૨૬૪.....૮૩૩
૨૬૫ .....૩૫
૨૬૫.....૮૧૪
૨૬૬.....૨૧૭
રાબડવન ૧૦૭
રામકુંડ ૫૭૫
રામપુર ગ્રામ, એટા ૬૦૫
રામલ.....૫૭૦
રાલવન ૫૭૦
રાવલ.....૫૧૭
રાસમંડળ.....૨૮૯
રાસમંડળ.....૪૨૫
રાસમંડળ.....૨૧૨
રાસલીલાસ્થળ.....૩૧૪
રાસોલી ૩૧૪
રીઠોરા ૧૩૮
રુદ્રકુંડ.....૬૫૨
રૂપ ગોસ્વામી
ભજનસ્થળી.....૨૫૩
રૂપમંજરી.....૬૦૬
રેણુકા ૫૫૫
રૈવતક પર્વત ૩૩૩
લંકા.....૭૮૪
લઘુવિશ્રામ સ્થળી ૨૬૪
લક્ષ્મણ હોળી ૫૭૦
લઠાવન ૭૩૬
લલિતાકુંડ.....૩,૨૫૧,૭૮૮
લાલ કુંડ ૩
લીલાવર્ણન
કંદુક ક્રીડા.....૪૫૪
કાળી કામળી ચોરી.....૩૦૦
કાલીદહ.....૪૧૨
કેશી લીલા ૪૧૭
કોકિલાવન ૨૬૦
ખદિરવન.....૨૦૩
ગંધર્વ લીલા ૫૬૮
ગોવર્ધન ઉત્પત્તિ ૬૯૭
ગૌચારણ.....૨૨૬, ૨૩૦
ચિંતાહરણ ૪૮૭
ચીરહરણ ૩૫૫
દધિ વિક્રય.....૩૧૦
દાનલીલા ૮૪૧
દાનગઢ ૧૦૧
દૂધની પિચકારી.....૫૫૮
પાડર વન.....૧૦૭
પૂતના.....૫૦૫
પૈગાંવ.....૩૪૦
પ્રેમ સરોવર ૧૦૮
ફુલવારી કુંડ ૨૪૪
બ્રહ્માંડ દર્શન.....૪૯૬
મયૂરપિચ્છ ૩૪૪
મલ્લક્રીડા.....૩૮૬
મહરાના.....૨૮૪
માનમંદિર ૭૧
માનલીલા.....૪૦૦
મોર કુટી ૫૮
મોહગ્રસિત દુર્વાસા.....૫૧૩
યજ્ઞ પત્ની ૪૪૯
લલિતાકુંડ ૨૩૧
વિશાખાજી ૧૫૫
વૈકુંઠ દર્શન.....૩૬૦
વ્યોમાસુર ૪૧૭
શનૈશ્ચર.....૨૯૧
સંકેત.....૧૧૨
સંગીત ગોષ્ઠી ૨૮૧
સાંકરી ખોર.....૮૮,૯૧
સેઈ જૂઠન લીલા.....૩૭૮
લુકલુક કુંડ ૭૯૨
લોકનાથ ગોસ્વામી ૫૨૫
લોધાંગ ઋષિ ૨૧૦,૪૫૨
લોધીપુરા.....૬૩૨
લોધોલી.....૪૫૨
લોધૌલી.....૨૧૦
લોહજન્ધ ૪૫૨
લોહવન.....૨૧૦, ૪૫૨
લોહાંગ.....૨૧૦
લૌધાંગ ઋષિ.....૩૦૨
બંશીવટ ૧૪૬,૪૨૫,૬૯૫

વત્સવન.....૫૭૫
વત્સવન.....૨૦૬
વરકોટા ૨૦૫
વરારા.....૩૮૩
વરાહર ૩૮૩
વસુદેવ ઘાટ ૫૩૬
વસુમતી તીર્થ.....૫૩૬
વસૌતિ.....૫૮૯
વારુણીકુંડ ૩૫૦
વિદ્યુન્નગર ૨૬૯
વિમલકુંડ ૫૭૫, ૭૮૬
વિલક્ષણ વન ૬૨૫
વિવાહ લીલા.....૨૨૧
વિશાખા કુંડ ૭૮૮
વિશાલ સખા.....૫૬૦
વિશ્રામઘાટ.....૫૩૧
વિષ્ણુકુંડ ૩૫૮
વિહાર કુંડ.....૯૭,૩૫૦
વિહાર વન ૩૪૯, ૫૭૦
વિહ્વલ કુંડ ૭૮૮
વૃક્ષ-નંદ છોંકર ૨૪૪
વૃન્દા દેવી.....૨૪૦
વૃન્દાદેવી.....૭૮૯
વૃન્દાવનના ઠાકુર
શ્રી ગોપીનાથજી ૪૧૯
શ્રી બિહારીજી ૪૧૮
શ્રી મદનમોહનજી.....૪૧૯
શ્રી રાધાગોવિંદજી ૪૧૯
શ્રી દામોદરજી ૪૧૯
શ્રી રાધારમણજી.....૪૧૯
શ્રી રાધાવલ્લભજી ૪૧૯
વૃન્દાવનધામ.....૪૦૭
વૃષધ્વજ.....૫૭૨
વૃષભાનુ ભવન.....૬૩
બોધિ તીર્થ ૫૩૬
વ્યાસ કુંડ ૩૦૨
વ્યોમાસુર સંહાર સ્થળી ૩૪૪
શંકર કુંડ.....૫૭૫
શંખચૂડ ૫૭૨, ૫૮૨
શંખચૂડ કથા.....૫૭૨
શક્તિપીઠ ૪૫૪
શક્ર કુંડ ૫૮૨
શત્રુઘ્ન મંદિર.....૫૩૭
શાંતનુ કુંડ ૩૭૦
શાંતનુજીની
તપસ્થળી.....૫૪૩
શાંતનુ સરોવર.....૫૪૩
શામ્બ ઘાટ ૫૩૬
શિવતાલ કુંડ.....૫૩૬
શીતલ કુંડ ૩૦૮
શુક કુંડ ૩૦૨
શૂકર ક્ષેત્ર.....૬૦૫
શૂરસેન નગરી ૫૨૪
શેરગઢ ૩૪૩, ૫૮૨
શેષશાયી.....૩૨૫
શ્યામ કુંડ ૭૮૮
શ્યામ ઢાક ૬૨૪
શ્યામ ઢાક ૭૩૩
શ્યામા ગાયની બેઠક.....૫૬૩
શ્રદ્ધા બળ ૫૪
શ્રી અંજનવન.....૧૫૨
શ્રી અલીખાનજી.....૫૦૦
શ્રી આશકરણજી.....૫૦૦
શ્રી કુંડ.....૭૮૯
શ્રી કુબ્જા કૃષ્ણા.....૫૩૭
શ્રી કુંભનદાસજી ૫૫૫, ૬૦૫
શ્રી કૃષ્ણદાસજી.....૫૦૦, ૬૦૫
શ્રી ગર્તેશ્વર મહાદેવ ૫૩૮
શ્રી ગોકર્ણ મહાદેવ.....૫૩૧
શ્રી ગોપાલ ભટ્ટ ગોસ્વામી..૪૨૬
શ્રી ગોવર્ધનાષ્ટકમ્.....૬૦૩
શ્રી ગોવિંદ સ્વામી ..૫૦૦, ૬૦૫
શ્રી ગોવિંદદાસ ભલ્લા.....૫૦૦
શ્રી ચતુર્ભુજદાસજી.....૫૫૫,
૫૬૦, ૬૦૫
શ્રી છીતસ્વામી ૫૦૦
શ્રી છીતસ્વામીજી.....૬૦૫
શ્રી જગન્નાથ જોસી.....૫૦૦
શ્રી જાદવેંદ્ર દાસ કુંભાર.....૫૦૦
શ્રી જીવ ગોસ્વામી ૧૪૬
શ્રી જ્ઞાનદેવજી ૬૨૯
શ્રી નંદદાસજી ૬૦૪
શ્રી નંદદાસજી ૬૦૫
શ્રીનાથજીની બેઠક ૩૦૮
શ્રી નારાયણદાસ બ્રહ્મચારી...૫૦૦
શ્રી નિમ્બાર્કાચાર્ય ૧૪૯
શ્રી નિમ્બાર્કાચાર્યજી.....૫૭૬
શ્રી પંચમુખી મહાદેવ.....૫૩૮
શ્રી પરમાનંદદાસજી.....૬૦૫
શ્રી પશુપતિનાથ મહાદેવ...૫૩૮
શ્રી પિપ્લેશ્વર મહાદેવ ૫૩૧
શ્રી પ્રિયાશરણજી.....૨૪, ૧૨૦
શ્રી વજ્રનાભજીની
સમાધિ.....૧૬૫
શ્રી બાબા વેણુજી ૫૦૦
શ્રી બિછુઆ બિહારી.....૬૨૫
શ્રી ભૂગર્ભ ગોસ્વામી.....૨૦૮
શ્રી ભૂતેશ્વર મહાદેવ.....૫૩૧
શ્રી મદનગોપાલદાસજી ૫૦૦
શ્રી મધુ ગોસ્વામીજી ૪૨૮
શ્રી માન કુંડ.....૩૩૪
શ્રી મૌનીજી મહારાજ ૧૧૯
શ્રી યાદવેન્દ્ર દાસ ૫૦૦
શ્રી રંગેશ્વર મહાદેવ ૫૩૧
શ્રી રમેશ બાબાજી.....૧૪, ૧૯
શ્રી રૂપ ગોસ્વામીજી.....૪૩૪
શ્રી લોકનાથ સ્વામી.....૨૦૭
શ્રી વિશાખા કુંડ.....૩૩૪
શ્રી વિશ્વકર્મા.....૬૧૨
શ્રી શનિદેવ.....૨૯૦
શ્રી શુક રહસ્ય ૩૦૩
શ્રી સનાતનજી.....૪૩૧, ૬૦૪
શ્રી સૂરદાસજી ૬૦૫
શ્રી હરિશ્ચંદ્રજી ૧૧૮
શ્રી હિતઘનશ્યામ ૪૦૨
શ્રીકૃષ્ણની નવમી સખી ૧૮૪
શ્રીકૃષ્ણ પત્નીઓ.....૫૨૦
શ્રીજી મંદિર ૬૯૧
શ્રીજીવ ગોસ્વામીજી ૪૩૬
શ્રી તાજબીબી.....૫૦૦
શ્રીનાથજી ૬૪૦
શ્રીનાથજીનો જળધોધ.....૬૯૮
શ્રીનારાયણભટ્ટ ગોસ્વામી ...૬૪
શ્રીમદ્ ભાગવત
૦૧.૦૨.૦૯ .....૮૩૪
૦૧.૦૩.૨૮ .....૪૮
૦૧.૦૫.૨૨ .....૪૪
૦૧.૦૭.૧૦ .....૩૦૨
૦૧.૦૮.૩૧ .....૧૪૪

૦૧.૧૧.૦૯ .....૬૮, ૭૫૩
૦૧.૧૧.૩૫ .....૩૧૮
૦૨.૦૬.૧૭ .....૪૪
૦૨.૦૬.૩૬ .....૩૨૫
૦૨.૦૬.૪૦ .....૩૮, ૩૨૫
૦૨.૦૯.૧૦ .....૪૭
૦૨.૦૯.૩૧ .....૩૩
૦૩.૦૯.૧૩ .....૪૪
૦૩.૦૯.૧૫ .....૫૦
૦૩.૧૪.૦૫ .....૫૪૩
૦૩.૧૫.૩૨ .....૮૫૬
૦૩.૧૫.૩૩ .....૮૫૬
૦૩.૧૫.૩૪ .....૮૫૬
૦૩.૧૬.૨૯ .....૭૫૧
૦૩.૨૫.૨૧ .....૮૫૫
૦૪.૦૩.૨૩ .....૪૭
૦૪.૦૮.૪૨ .....
.....૪૮, ૫૪૩, ૬૦૮
૦૪.૦૮.૫૭ .....૪૮
૦૪.૦૮.૬૨ .....૪૮
૦૪.૦૯.૦૬ .....૧૦
૦૪.૦૯.૧૭ .....૩૭
૦૪.૦૯.૪૭ .....૮૫૮
૦૪.૧૨.૩૦ .....૫૪૩
૦૪.૧૯.૧૩ .....૮૫૫
૦૪.૩૧.૧૪ .....૪૯
૦૫.૦૫.૦૨ .....૮૪૬
૦૫.૧૮.૨૦ .....૮૧૪
૦૬.૧૦.૧૦ .....૮૦૦
૦૬.૧૬.૪૧ .....૮૫૮
૦૬.૧૬.૪૨ .....૮૫૯
૦૭.૦૬.૦૧ .....૬૨૯
૦૭.૦૭.૧૭ .....૩૨૫
૦૭.૦૮.૧૦ .....૮૫૪
૦૭.૦૯.૪૬ .....૮૩૩
૦૭.૧૫.૧૭,૧૮ ..... ૮૬
૦૮.૧૯.૨૫,૨૬ .....૮૬
૦૮.૨૨.૦૪ .....૫૧
૦૮.૨૩.૧૬ .....૪૫
૦૮.૨૪.૫૧ .....૮૪૬, ૮૫૬
૦૯.૦૬.૫૧ .....૩૭૪
૦૯.૧૧.૧૪ .....૫૨૪
૦૯.૧૯.૧૭ .....૩૬૯
૧૦.૦૫.૧૮ .....૩૨
૧૦.૦૮.૨૨ .....૪૧
૧૦.૦૮.૨૪ .....૮૪૦
૧૦.૦૮.૩૧ .....૧૪૪
૧૦.૦૮.૪૩ .....૩૨૪
૧૦.૦૯.૨૦ .....૩૨૪
૧૦.૦૯.૨૧ .....૧૫૫, ૩૨૪
૧૦.૧૧.૨૮ .....૪૧૦, ૮૨૫
૧૦.૧૧.૩૬ .....૪૦૭, ૮૨૪
૧૦.૧૧.૫૦ .....૨૦૬
૧૦.૧૧.૫૧ .....૨૦૬
૧૦.૧૨.૩૬ .....૮૨૫
૧૦.૧૩.૦૯ .....૭૬૪
૧૦.૧૩.૫૭ .....૮૩૦
૧૦.૧૩.૫૯ .....૩૭૯, ૮૨૯
૧૦.૧૩.૬૦ .....૩૭૯
૧૦.૧૪.૧૨ .....૩૬૮
૧૦.૧૪.૧૪ .....૩૬૮
૧૦.૧૪.૩૨ .....૨૮૩
૧૦.૧૪.૩૪ .....૬૨, ૪૦૭
૧૦.૧૪.૪૧ .....૩૭
૧૦.૧૪.૬૧ .....૮૨૫
૧૦.૧૫.૦૧ .....૨૨૭, ૮૪૦
૧૦.૧૫.૦૩ .....૪૨
૧૦.૧૫.૦૮ .....૮૧૯, ૮૩૦
૧૦.૧૫.૦૯ .....૮૨૦, ૮૩૦
૧૦.૧૬.૦૭ .....૪૧૩
૧૦.૧૬.૨૭ .....૪૧૫
૧૦.૧૬.૩૦ .....૪૧૬
૧૦.૧૬.૩૬ .....૫૧
૧૦.૧૮.૦૬ .....૮૩૧
૧૦.૧૮.૧૧.....
.....૬૯, ૨૮૧, ૮૩૦
૧૦.૧૮.૧૪ .....૮૨૫
૧૦.૧૮.૧૬ .....૮૧૮, ૮૨૦
૧૦.૧૯.૦૨ .....૨૨૮
૧૦.૨૧.૦૭ .....૮૨૨
૧૦.૨૧.૧૦.....
.....૩૯, ૪૧૧, ૮૩૧
૧૦.૨૧.૧૨ .....૮૩૧
૧૦.૨૧.૧૪ .....૩૦૧
૧૦.૨૧.૧૭ .....૧૯૬
૧૦.૨૨.૦૪ .....૧૮૯
૧૦.૨૨.૧૫ .....૧૬૦
૧૦.૨૩.૨૨ .....૬૬૯
૧૦.૨૪.૧૩ .....૬૬૩
૧૦.૨૪.૨૪ .....૮૩૨
૧૦.૨૪.૨૫ .....૬૬૪, ૮૧૯
૧૦.૨૫.૦૯,૧૦,
૧૧ .....૬૫૮
૧૦.૨૫.૧૯ .....૬૫૯
૧૦.૨૫.૮ .....૨૩૮
૧૦.૨૭.૧૬ .....૬૫૭
૧૦.૨૭.૧૭ .....૬૫૭
૧૦.૨૭.૧૯,૨૦,
૨૧ .....૬૪૧
૧૦.૨૯.૧૧ .....૧૮૬
૧૦.૨૯.૩૬,૩૭ .....૩૯૪
૧૦.૨૯.૪૮ .....૭૪૬
૧૦.૩૦.૦૪ .....૮૨૫
૧૦.૩૦.૦૬ .....૮૨૬
૧૦.૩૦.૦૭ .....૮૨૬
૧૦.૩૦.૦૮ .....૩૨૦
૧૦.૩૦.૧૧ .....૭૬૧
૧૦.૩૦.૨૩ .....૧૪૪
૧૦.૩૦.૨૬ .....૬૫૩
૧૦.૩૦.૨૬,
૩૨, ૩૯ .....૧૦૩
૧૦.૩૦.૨૬,૩૨,
૩૯,૪૦ .....૨૧૯
૧૦.૩૦.૨૯ .....૩૯૪, ૭૫૭
૧૦.૩૦.૩૨ .....૬૫૩
૧૦.૩૦.૩૩ .....૬૭૧
૧૦.૩૦.૩૪ .....૬૭૨
૧૦.૩૦.૩૮ .....૬૫૨
૧૦.૩૦.૩૯ .....૬૫૩
૧૦.૩૧.૦૧.....
.....૩૩, ૩૯૫, ૭૯૬
૧૦.૩૧.૧૮ .....૮૩૮
૧૦.૩૧.૧૯ .....૩૨૫
૧૦.૩૧.૨૯ .....૭૯૬
૧૦.૩૨.૦૨ .....૩૧૮
૧૦.૩૨.૨૦ .....૩૨૭
૧૦.૩૨.૨૧ .....૩૨૭
૧૦.૩૨.૨૨ .....૩૨૭
૧૦.૩૩.૦૪, ૧૯, ૨૪ .....૬૯

૧૦.૩૩.૧૧ .....૧૯૧
૧૦.૩૩.૧૯ .....૭૫૪
૧૦.૩૩.૨૪ .....૮૩૦
૧૦.૩૩.૨૬ .....૮૧
૧૦.૩૩.૩૭ .....૭૫૧
૧૦.૩૩.૩૭ .....૩૬
૧૦.૩૩.૩૯ .....૭૫૪
૧૦.૩૫.૦૩ .....૮૩૧
૧૦.૩૫.૧૨ ...૭૩૭, ૮૨૧
૧૦.૩૫.૧૫.....૬૯, ૮૩૧
૧૦.૩૫.૨૦, ૨૧ ....૫૬૮
૧૦.૩૫.૨૩ .....૮૪૦
૧૦.૩૮.૨૪,૨૫ ....૨૩૮
૧૦.૩૮.૨૫ .....૨૩૮
૧૦.૩૯.૩૨ .....૨૬૮
૧૦.૩૯.૩૩ .....૨૬૭
૧૦.૩૯.૩૬ .....૨૬૭
૧૦.૩૯.૩૭ .....૨૬૭
૧૦.૪૦.૨૧ .....૪૫૧
૧૦.૪૭.૧૨ .....૧૧૮
૧૦.૪૭.૨૧ .....૨૧૯
૧૦.૪૭.૪૯ .....૨૩૪
૧૦.૪૭.૫૦ .....
.....૪૨, ૨૩૪, ૨૩૯
૧૦.૪૭.૫૪ .....૨૩૩
૧૦.૪૭.૫૬ .....
.....૨૩૩, ૬૭૪, ૬૭૫
૧૦.૪૭.૬૧.....
૪૦૭, ૬૭૩, ૬૭૭,
૬૭૮
૧૦.૪૭.૬૩ .....૬૭૩
૧૦.૫૬.૩૫ .....૩૩૪
૧૦.૭૫.૦૫ .....૮૧૩
૧૦.૮૬.૧૮ .....૩૦૨
૧૧.૦૧.૧૧ .....૩૦૨
૧૧.૦૨.૩૩ .....૩૨૮
૧૧.૦૫.૪૧ .....૧૯૨
૧૧.૧૭.૨૭ .....૬૩૬
૧૧.૧૭.૪૧ .....૮૬
૧૧.૨૧.૨૦ .....૮૬૦
૧૧.૨૩.૧૫ .....૮૪૫
૧૧.૨૬.૨૧ .....૮૪૫
૧૨.૦૩.૩૮ .....૮૪૩
૧૨.૦૩.૩૯ .....૮૪૩
૧૨.૦૩.૪૦ .....૮૪૩
શ્રી સંકર્ષણ કુંડ.....૬૯૮
શ્રૃંગાર મંડળ ૬૪૦
ષટ્ સંદર્ભ ૪૩૬
સંયનન તીર્થ.....૫૩૬
સકરવા.....૨૦૨
સખીતરા.....૫૮૨
સખીથરા.....૬૬૯
સતોહા.....૩૭૦, ૫૪૩
સદુ પડિય ૬૩૬
સનાતનજી ભજન
સ્થળી.....૨૪૩
સપોલી.....૩૬૯
સપ્ત ઋષિ ટેકરી.....૫૩૬
સપ્તપુરીઓ ૫૨૩
સરસ્વતી કુંડ.....૫૩૬
સર્પસ્થળી ૨૦૬, ૩૬૯
સર્વ સંવાદિની ટેકરી.....૪૩૬
સહસ્ર કુંડ.....૫૭૫
સહાર ૫૮૮
સાંકરી ખોર ૮૬
સાંખી.....૫૮૨
સાંખી ગ્રામ.....૫૭૪
સાંચોલી.....૨૮૬
સાક્ષી ગોપાલ ૬૧૨
સાધનામૃત ચન્દ્રિકા ૬૩૫
સિદુરી શિલા.....૬૩૮
સિદ્ધર.....૫૦૬
સિયાનો.....૫૬૦
સિવાર ૫૮૮, ૫૬૬
સીહ ૫૬૪
સીહી ૭૦૧
સુદામા ગોપ.....૫૭૪
સુનરખ.....૩૭૩
સુનહરા ગ્રામ.....૮૧૩
સુભદ્રા કુંડ ૭૮૪
સુરભિ કુંડ ૬૪૮
સુરભિ ગાયનું દાન.....૫૮૨
સૂર-કૂટી ૭૦૦
સૂરજ કુંડ ૬૬૬
સૂર્ય કુંડ.....૩૦૮, ૩૬૬, ૪૫૨
સૂર્ય પતન વન ૭૩૫
સૂર્યકુંડ.....૫૮૬
સેઈ ૨૦૬, ૩૭૬
સેતુબંધ.....૭૮૮
સેતુબંધરામેશ્વર ૭૮૪
સેમરી.....૩૬૭
સેવાકુંજ ૪૨૫
સોમતીર્થ ઘાટ ૫૩૬
સાંકરાઈ.....૭૩૫
સાંખ.....૫૭૨
સૌગન્ધિક પર્વત ૭૪૫
સ્વપ્ન વન.....૩૩૨
સ્વાણરિખા ૫૫૫
હડિયા વન ૫૬૩
હનુમાન ટેકરી ૫૩૫
હરિકુંડ ૩૦૧
હરિનામામૃત વ્યાકરણ.....૪૩૬
હાથિયા ગ્રામ.....૨૦૧
હિડિમ્બાનું મંદિર ૩૦૦
હોડલ ૭૮૫
હોળી લીલા.....૪૦૨









ગોવર્ધન પર્વત





રાધા કુંડ - શ્યામ કુંડ













Raseeli Braj Yatra Book Launch Festival

રસીલી વ્રજયાત્રા



''....સૂરદાસજી નિત્ય-લીલામાં પ્રવેશ કરવા ઇચ્છે છે. સૂરદાસજી સમસ્ત વૈષ્ણવો તરફ મુખ કરી વ્રજધરાને વક્ષ પર લગાવી સૂઈ ગયા. લોકો પહોંચ્યા તો વિચાર્યું કે સૂરદાસજીને કષ્ટ થતું હશે, તેમને ચત્તા કરી દઈએ. જેવા તેમને સીધા કરવા ગયા કે સૂરદાસજીએ ના પાડી દીધી અને કહ્યું કે જે વ્રજભૂમિએ સદા ઉત્તમાંગ દીધું, તેને ગમનકાળે પીઠ કેવી રીતે બતાવી શકું? આ એ જ ભૂમિ છે જ્યાં સ્વયં પૂર્ણ પુરૂષોત્તમ પણ ક્રીડારત છે. આ રજ વૈષ્ણવ ભક્તોને પ્રાણથીયે પ્યારી છે. અહીંના કાંટા, અહીંની માટી, અહીંના કષ્ટ સૌ પ્યારા છે. અહીંના કષ્ટોથી ડરી જનાર અભાગી છે- એ વ્રજભાવને સમજી શકતા નથી.

જે વ્રજનો અનુરાગી હોય છે એ તો કહે છે-

કોટિ મુક્તિ સુખ હોત ગોખુરૂ
જબ લગત ગડિ પાંયન ।

વ્રજનો કાંટો જ્યારે લાગે છે ત્યારે તે કરોડો મુક્તિઓ સમાન સુખ પ્રદાન કરે છે, એને વ્રજનો ભક્ત કહેવાય છે.

રસખાનજીએ પણ લખ્યું છે-

કોટિક હી કલધૌત કે ધામ,
કરીલ કી કુજન ઊપર વારૌ ।

કરોડો સોનાના મહેલ પણ આ કરીલની કાંટાળી કુંજો પર ન્યોચ્છાવર છે.

ISBN 978-81-928073-0-0

http://www.maanmandir.org

આજથી ૭૦ વર્ષ પહેલા યાત્રાઓમાં ૩૦-૩૦ હજાર યાત્રીગણો ચાલતા હતા, જેથી કૂવાઓ જળવિહીન થઈ જતા હતા. એ સમયે વ્રજ યાત્રાઓની જે મહાનતા હતી તે આજે નથી રહી. પદયાત્રાને સ્થાને કાર યાત્રાઓ રહી ગઈ. તેનું કારણ શારીરિક દુર્બળતા જ નહીં, બલ્કે ભાવનાઓની ક્ષીણતા પણ છે. **શ્રી રાધારાણી વ્રજયાત્રા** માત્ર ૩૦ વર્ષ જુની જ છે, પરંતુ રસાળતાની સાથે-સાથે સર્વપ્રવૃદ્ધ થઈ ગઈ જોકે અહીં યાત્રીઓને ભગવદ્ નામ સાથે જોડેલા રાખવામાં આવે છે. નિષ્કામ કર્મની તુલનામાં સકામ કર્મ નિશ્ચિત જ ઘણું નિમ્ન છે. ફલાકાંક્ષી કૃપણ મનુષ્યો દ્વારા મુખ દર્શન પણ મહાપાપ છે. કામના ત્યાગ વાળો જીવ જ સ્થિતપ્રજ્ઞ છે. કામના મનને ચંચળ બનાવે છે. કામના ત્યાગથી કર્મ શક્તિસંપન્ન થઈ જાય છે. પરંતુ કામનાનો પ્રવેશ થવાથી, પારસ્પરિક વૈષ્ણવ સમાજનું વિઘટન અને રાજસ વધવાને કારણે હવે એ વાત નથી રહી. રજોગુણથી વ્રજરજનું સત ચાલ્યું જાય છે.

રજ છાંડિ રજ પાઈએ
રજ રાખે રજ જાઈ ।
રજ સો રજહિ પિછોન લૈ
રજ સો રસિક કહાઈ ।

શ્રી રાધારાણી વ્રજયાત્રા સંપૂર્ણરૂપે નિઃશુલ્ક, સાંપ્રદાયિક ભેદભાવ રહિત અને સતત ભગવદ્નામની સંગતને કારણે લોકોત્તર સ્તર સુધી પહોંચી ગઈ છે. બ્રહ્મજ્ઞાની મોક્ષાર્થીઓનું કાર્ય ફલાકાંક્ષા ત્યાગ કરીને ભગવદ્નામથી આરંભ થાય છે, જે આપને ''રસીલી વ્રજયાત્રા''માં પ્રાપ્ત થશે.